
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

ધર્મપરીક્ષા

શબ્દશઃ વિવેચન


ભાગ-૧



અકલ અલખ શ્રી વીરપ્રભુ

ઉપાધ્યાય
યશોવિજયજી મ.સા.

अनन्तसंसारतायामनुगतं नियामकमित्याह-
संसारानन्तताया:
कारणं भिन्न एवानुगतोऽध्यवसायस्तीव्रत्वसंज्ञित:
केवलिना निश्चीयमानोऽस्तीति गम्यम् ।
यस्य संग्रहादेशात् स्वातंत्र्येणैव तस्यामनुगतं हेतुत्वम्,
व्यवहारादेशाच्च क्रियाविशेषे सहकारित्वं घटकत्वं वा ।



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ધર્મપરીક્ષા ભાગ-૧

શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

લઘુહરિભદ્ર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

* સંકલનકારિકા *

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તિની
પૂ. સાધ્વી શ્રી જ્ઞાનરસાશ્રીજી મ.ના શિષ્યા સા. વિરાગદર્શનાશ્રીજી

❖ પ્રકાશક ❖



શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ધર્મપરીક્ષા ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૭ વિ. સં. ૨૦૬૭

આવૃત્તિ : પ્રથમ નકલ : ૨૫૦


મૂલ્ય : રૂ. ૩૫૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

એક સદ્‌ગૃહસ્થ તરફથી

અમદાવાદ.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :





શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❖ મુદ્રક ❖

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

✣ મુંબઈ :

શ્રી નિકુંજભાઈ આર. ભંડારી

વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

શ્રી લલિતભાઈ ધરમશી

૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ Bangalore :

Shri Vimalchandji

C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
☎ (080) (O) 22875262, (R) 22259925

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફ્તરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્‌ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. જૈનશાસન સ્થાપના
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. પ્રશ્નોત્તરી

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો (ગુજ.)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. सेवो पास संखेसरो (હિન્દી)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન

૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨

૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર શબ્દશઃ વિવેચન
૮૬. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૮૯. ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

ધર્મપરીક્ષાની સંકલના

ધર્મની પરીક્ષા કરવા માટે નિશ્રા-ઉપશ્રા રહિત=રાગ-દ્વેષના પરિણામ રહિત, મધ્યસ્થતાપૂર્વક જિનવચનાનુસાર, યુક્તિ અને અનુભવાનુસાર પદાર્થનો નિર્ણય કરવા માટે જે યત્ન કરાય તેને ધર્મપરીક્ષા કહેવાય છે, તેથી ધર્મપરીક્ષામાં મધ્યસ્થભાવની જ આવશ્યકતા છે.

જે સાધુ કે શ્રાવક મધ્યસ્થ હોય તે અનિશ્રિતવ્યવહારી હોય છે અને તેને ગુણનો પક્ષપાત હોય છે. જ્યારે જે નિશ્રિત અને ઉપશ્રિત વ્યવહારી છે તેનું વચન પ્રમાણભૂત નથી. આમ છતાં અમધ્યસ્થ એવા કેટલાક સાધુઓ સ્વમતિઅનુસાર જિનવચનને સ્થાપન કરનારા હોય છે. તેઓ કહે છે કે ઉત્સૂત્રભાષણથી જે અનંતસંસાર થાય છે તે અન્યદર્શનમાં રહેલાને થાય છે; કેમ કે તેઓ ભગવાનના શાસનને અપ્રમાણભૂત કહે છે, તેથી સંપૂર્ણ જિનશાસનને અપ્રમાણભૂત કહેનારા તેઓ અનંતસંસારી છે.

વળી સ્વદર્શનમાં રહેનારા ભગવાનના વચનને પ્રમાણ સ્વીકારનારા પણ કેટલાક ભગવાનના વચનને વિપરીતરૂપે કહે છે, તેઓ ભગવાનના વચનનો એક દેશ વિપરીત કહે છે, તેથી તેઓને ભગવાનના વચનમાં ઘણે અંશે રુચિ છે અને કોઈક અંશમાં વિપરીત રુચિ છે માટે તેમને અનંતસંસાર થઈ શકે નહિ. આ પ્રકારનો અવિચારક જૈનશાસનનો પક્ષપાત કરનારા જેઓ કહે છે તેઓ મધ્યસ્થ નથી; કેમ કે કર્મબંધ અધ્યવસાય અનુસાર થાય છે, તેથી ભગવાનના એક વચનનો અપલાપ કરનારને પણ તીવ્ર અધ્યવસાયવાળો પરિણામ હોય તો અનંતસંસાર થાય છે.

અન્યદર્શનમાં પણ જેઓ તત્ત્વના અર્થી છે, કદાગ્રહ વગરના છે અને અજ્ઞાનને કારણે ભગવાનનું વચન 'અનેકાંત'ને સ્વીકારનાર છે તે સંગત નથી તેવો ભ્રમ જેઓને થયેલો હોય છતાં પ્રજ્ઞાપનીય હોય તેઓને ભગવાનના વચનની વિપરીત રુચિ દૃઢ નથી માટે તેઓને અનંતસંસાર થતો નથી.

વળી, ભગવાનના સર્વ વચનોને પ્રમાણ માનવા છતાં કોઈક સ્થાનમાં કોઈક મહાત્માને વિપરીત રુચિ થાય અને તે તીવ્ર અધ્યવસાયપૂર્વક થાય તો સાવદ્યાચાર્યની જેમ અનંતસંસારનું કારણ બને છે. વળી ભગવાનના વચનથી વિપરીત રુચિ કોઈક એક અક્ષરમાં પણ હોય તો નિયમા મિથ્યાત્વનો ઉદય હોય છે અને તે મિથ્યાત્વના ઉદયકાળમાં અનંતાનુબંધીકષાયનો ઉદય હોય છે. અનંતાનુબંધી કષાય અવશ્ય અનંતસંસારનું કારણ છે, છતાં જેઓને ભગવાનના વચનથી વિપરીત રુચિ કોઈક રીતે થયેલી છે તેવા ઉત્સૂત્રભાષણ કરનાર મંદ અધ્યવસાયવાળા જીવો સોપક્રમકર્મ બાંધે છે જ્યારે તીવ્ર અધ્યવસાયવાળા જીવો નિરુપક્રમકર્મ બાંધે છે, તેથી ભગવાનના વચનથી વિપરીત પ્રરૂપણા કરનારા મહાત્માને નિરુપક્રમ અનંતાનુબંધી કર્મ બંધાય તો અવશ્ય અનંતસંસારની પ્રાપ્તિ થાય છે અને જેઓએ ઉત્સૂત્રભાષણ કરેલ છે

તે વખતે અનંતાનુબંધી કષાયનું અર્જન કર્યું છે છતાં તે વિપરીત રુચિ મંદ હોય તો તેવા જીવોમાંથી કેટલાક મહાત્માઓ તે જ ભવમાં શુદ્ધિ કરીને અનંતસંસારથી પોતાનું રક્ષણ કરે છે.

કેટલાક મહાત્માઓ પરિમિત ભવો પછી અન્ય ભવોમાં તે પાપની શુદ્ધિ કરે છે, તેથી ઉત્સૂત્રભાષણથી અન્યદર્શનવાળાને નિયમા અનંતસંસાર થાય અને જૈનદર્શનમાં રહેલાને અનંતસંસાર ન થાય તે પ્રકારનું વચન યુક્તિયુક્ત નથી, તેની વિષદ ચર્ચા કરીને જીવના અધ્યવસાય અનુસાર જ સંસારની વૃદ્ધિ હાનિની પ્રાપ્તિ છે, તેમ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં સ્થાપન કરેલ છે. આના બળથી ઉત્સૂત્રભાષણ કરનારા પણ કેટલાક એકાવતારી છે, કેટલાક વીર ભગવાનની જેમ કોટાકોટી સંસારની વૃદ્ધિ કરનારા છે, તો કેટલાક સાવદ્યાચાર્યની જેમ અનંતસંસારને પણ પ્રાપ્ત કરનારા છે, તે સર્વમાં કઈ રીતે અધ્યવસાય ભેદનિયામક છે ? તેનો બોધ પ્રસ્તુત ગ્રંથથી થાય છે.

વળી પાંચ પ્રકારના મિથ્યાત્વમાંથી અભવ્યને કયા મિથ્યાત્વ હોય છે ? ભવ્ય જીવોને કયા મિથ્યાત્વ હોય છે ? અને તે મિથ્યાત્વોનું વિશેષ સ્વરૂપ શું છે ? તેની ચર્ચા ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે.

વળી બાદરનિગોદને અવ્યવહારરાશિ સ્વીકારનાર મતની યુક્તિઓ બતાવીને બાદરનિગોદને વ્યવહાર-રાશિ સ્વીકારનાર મતનું સ્થાપન અનેક યુક્તિઓથી અને અનેક શાસ્ત્રવચનોથી ગ્રંથકારશ્રીએ કરેલ છે.

વળી મિથ્યાત્વની મંદતાને કારણે અનાભિગ્રહીકમિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ યોગની પ્રથમ ચાર દૃષ્ટિઓની પ્રાપ્તિ છે તેની વિસ્તારથી ચર્ચા પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ કરેલ છે.

વળી અન્યદર્શનમાં રહેલા જીવોને પણ ભગવાનની ભાવાજ્ઞાની પ્રાપ્તિનું કારણ એવી દ્રવ્યાજ્ઞાની પ્રાપ્તિ છે તેમ બતાવીને તેઓ પણ મોક્ષમાર્ગમાં છે તેમ ગ્રંથકારશ્રીએ બતાવેલ છે.

વળી મિથ્યાત્વગુણસ્થાનકમાં પણ ભદ્રકપ્રકૃતિવાળા જીવોને ગુણશ્રેણીનો સંભવ છે અને તેઓ પણ બીજાધાન કરીને સંસાર પરિમિત કરે છે તેની વિશદ ચર્ચા પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે.

વળી દેશઆરાધક-દેશવિરાધક, સર્વઆરાધક-સર્વવિરાધકની ચતુર્ભંગી બતાવીને કેવા પ્રકારના જીવો મોક્ષમાર્ગમાં છે ? અને કેવા પ્રકારના જીવો મોક્ષમાર્ગથી બહાર છે ? અને અન્યદર્શનમાં પણ કેવા જીવો મોક્ષમાર્ગમાં છે ? અને સ્થૂલથી જૈનદર્શનમાં રહેલા પણ કદાગ્રહી જીવો પરમાર્થથી જૈનદર્શનની બહાર છે, તેની વિશદ ચર્ચા પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે.

વળી કેવા પ્રકારની અનુમોદના કરવી ઉચિત છે ? ને કેવા પ્રકારની અનુમોદના કરવી ઉચિત નથી ? અને અનુમોદના અને પ્રશંસાનો વિષયભેદથી કેટલાક ભેદ કરે છે તે ઉચિત નથી તેની વિશદ ચર્ચા પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે.

વળી વિષયશુદ્ધઅનુષ્ઠાન, સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન અને અનુબંધશુદ્ધઅનુષ્ઠાનનું બતાવીને તે ત્રણેય અનુષ્ઠાનમાં રહેલા માર્ગાનુસારી ભાવોની અનુમોદના અને પ્રશંસા કરવી ઉચિત છે તેમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કરેલ છે.

પ્રસ્તુત ગ્રંથમાં બતાવાયેલા સર્વ વિષયોમાં શાસ્ત્રવચનોનો અર્થ સ્વમતિઅનુસાર કરનારાના વચનોની પરીક્ષા કરીને શાસ્ત્રવચનનો અર્થ કઈ રીતે કરવો ઉચિત છે ? અને કઈ રીતે કરવો ઉચિત નથી ? તેની વિસ્તારથી ચર્ચા કરેલ હોવાથી યોગ્ય જીવોને શાસ્ત્રોના ઉચિત અર્થો કરવાની માર્ગાનુસારી બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

આસો સુદ-૧૦, વિ. સં. ૨૦૬૬,
તા. ૧૭-૧૦-૨૦૧૦, રવિવાર
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

ગાથા નં.	વિષય	પાના નં.
૧	મંગલાચરણ અને ધર્મપરીક્ષા વિધિને કરવાની પ્રતિજ્ઞા.	૧-૬
૨	ધર્મપરીક્ષાનું સ્વરૂપ.	૬-૧૦
૩	ધર્મપરીક્ષકનું લક્ષણ.	૧૦-૧૨
૪	ધર્મપરીક્ષામાં નિશ્રિત દોષનું સ્વરૂપ.	૧૨-૧૪
૫	તીર્થોચ્છેદની જેમ સૂત્રનો ઉચ્છેદ પણ અનંતસંસારનું કારણ. ભાવના ભેદથી સંસારવૃદ્ધિમાં ભેદ.	૧૫-૩૦
૬	નિયતઉત્સૂત્રથી અનંતસંસારની પ્રાપ્તિના એકાંતનો અભાવ. અધ્યવસાય અનુસાર સંસારની વૃદ્ધિમાં ભેદ.	૩૧-૪૪
૭	અનંતસંસારની પ્રાપ્તિમાં કારણીભૂત તીવ્ર પરિણામનું સ્વરૂપ.	૪૪-૫૬
૮	અનંતસંસારના કારણભૂત અશુભ અનુબંધનું કારણ. મિથ્યાત્વ અને તેના પાંચ ભેદોનું સ્વરૂપ.	૫૭-૬૯
૯	અભવ્યોને આભિગ્રહિક મિથ્યાત્વના ૬ વિકલ્પોની પ્રાપ્તિની સ્થાપક યુક્તિ, બાદરનિગોદને વ્યવહારરાશિ કે અવ્યવહારરાશિમાં સ્વીકાર વિષયક પૂર્વપક્ષ ઉત્તરપક્ષની દીર્ઘવિચારણા.	૬૯-૧૧૮
૧૦	અનાભિગ્રહિક મિથ્યાત્વના આશયના ભેદથી અનેક ભેદો. આભિગ્રહિક અને આભિનિવેશિક મિથ્યાત્વમાં ગુણસ્થાનકની અપ્રાપ્તિ. શેષ ત્રણ મિથ્યાત્વમાં ગુણસ્થાનકની પ્રાપ્તિ.	૧૧૮-૧૨૨
૧૧	મિથ્યાત્વની મંદતાથી મધ્યસ્થપણાની પ્રાપ્તિ અને તેના કારણે સદંધન્યાયથી તે પ્રકારની અસત્ પ્રવૃત્તિનો અભાવ.	૧૨૩-૧૨૯
૧૨	અનાભિગ્રાહિક મિથ્યાત્વમાં યોગમાર્ગની પૂર્વ સેવાની પ્રાપ્તિ.	૧૨૯-૧૪૫
૧૩	અનાભિગ્રહિક મિથ્યાત્વમાં યોગની ચાર દૃષ્ટિઓની પ્રાપ્તિ.	૧૪૫-૧૫૧
૧૪	અનાભિગ્રાહિક મિથ્યાદૃષ્ટિ કોઈ પણ દર્શનમાં રહેલા હોવા છતાં ભાવથી જિનના ઉપાસક.	૧૫૧-૧૬૦
૧૫	અનાભિગ્રાહિક મિથ્યાદૃષ્ટિમાં ભગવાનની દ્રવ્યાજ્ઞાનો સંભવ.	૧૬૧-૧૭૦

ગાથા નં.	વિષય	પાના નં.
૧૬	જિનવચનાનુસાર ક્રિયા નહિ હોવા છતાં પણ અન્યદર્શનાનુસાર ક્રિયા કરનારમાં ભગવાનની ભાવાજ્ઞાના કારણીભૂત પ્રધાન દ્રવ્યાજ્ઞાના સંભવની સ્થાપક યુક્તિ.	૧૭૦-૧૭૯
૧૭	માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિનો કાળ. ભવાભિનંદી દોષના વિગમનથી ગુણની વૃદ્ધિ. ચરમાવર્તમાં થતા યોગદૃષ્ટિના ભાવોના કાળમાં ચરમયથાપ્રવૃત્તિકરણના ભાવોની પ્રાપ્તિ હોવાથી અનેક વખત ચરમયથાપ્રવૃત્તિકરણની પ્રાપ્તિની યુક્તિ.	૧૭૯-૨૨૦
૧૮	આરાધક-વિરાધક ચતુર્ભંગીનું સ્વરૂપ.	૨૨૦-૨૨૫
૧૯	આરાધક-વિરાધક ચતુર્ભંગીના પ્રથમ ભાંગાનું સ્વરૂપ. આરાધક-વિરાધકમાં પ્રથમ ભાંગા વિષયક પૂર્વપક્ષીનો મત.	૨૨૫-૨૩૦
૨૦	જૈનદર્શનમાં રહેલાને જ દેશઆરાધક સ્વીકારી શકાય અન્યદર્શનમાં રહેલાને દેશઆરાધક સ્વીકારી શકાય નહિ તે પ્રકારના મતનું નિરાકરણ.	૨૩૦-૨૩૭
૨૧	જૈનશાસનની ક્રિયાથી જ દેશઆરાધક સ્વીકારવામાં અભવ્યોને સર્વ આરાધક સ્વીકારવાની આપત્તિ.	૨૩૭-૨૪૦
૨૨	જૈનદર્શનની ક્રિયાથી જ દેશઆરાધક સ્વીકારવામાં આવે તો નિહ્નવોને પણ સર્વઆરાધક સ્વીકારવાની આપત્તિ.	૨૪૧-૨૫૨
૨૩	માર્ગાનુસારી ક્રિયાથી જિનવચનાનુસાર ક્રિયાની પ્રાપ્તિ. અપ્રમાદસાર ભગવાનનો અનેક પ્રકારનો ઉપદેશ.	૨૫૩-૨૫૭
૨૪	અન્યદર્શનમાં રહેલા વચનોને અવલંબીને પ્રવૃત્તિ કરનારા જીવોમાં પણ અર્થથી જિનવચનાનુસાર પ્રવૃત્તિ હોવાને કારણે દેશઆરાધકપણાની પ્રાપ્તિ.	૨૫૭-૩૧૮
૨૫	જૈનદર્શનમાં રહેલા દેશઆરાધક જીવોનું સ્વરૂપ.	૩૧૮-૩૨૫
૨૬	લૌકિત મિથ્યાત્વથી લોકોત્તર મિથ્યાત્વને એકાંતે મહાપાપ સ્વીકારનાર પક્ષનું નિરાકરણ.	૩૨૫-૩૩૧
૨૭	ગીતાર્થનિશ્રિત પણ દેશઆરાધકનું સ્વરૂપ.	૩૩૧-૩૩૮
૨૮	દેશવિરાધકનું સ્વરૂપ.	૩૩૮-૩૪૫
૨૯	સર્વવિરાધક અને સર્વઆરાધકનું સ્વરૂપ.	૩૪૫-૩૪૭

ગાથા નં.	વિષય	પાના નં.
૩૦	નિશ્ચયનયને અભિમત મોક્ષને અનુકૂળ પરિણામના સર્વથા સ્પર્શ વગરના આચાર પાળનારા જીવોનો સર્વવિરાધકરૂપે સ્વીકાર.	૩૪૭-૩૫૨
૩૧	સર્વથા મોક્ષને અનુકૂળ ભાવરહિત ક્રિયામાં આરાધકત્વનો અભાવ, મોક્ષને અનુકૂળ થોડા પણ ભાવથી બોધિબીજની પ્રાપ્તિ.	૩૫૩-૩૫૭
૩૨	આરાધક-વિરાધકચતુર્ભંગીમાંથી ત્રણ ભંગોની અનુમોદનીયતા અને સંયમની ક્રિયા કરનારામાં પણ મોક્ષને અનુકૂળ ભાવના અભાવમાં તે ક્રિયાની અનનુમોદનીયતા.	૩૫૭-૩૫૮
૩૩	અનુમોદનીય વિષયની અનુમોદનાનો ત્રણે યોગોથી સંભવ.	૩૫૯-૩૬૩
૩૪	અનુમોદનાના અને પ્રશંસાના વિષયના ભેદને સ્વીકારનાર મતનું નિરાકરણ.	૩૬૪-૩૭૧
૩૫	કઈ કઈ વસ્તુની અનુમોદના અને પ્રશંસા કરવી ઉચિત છે ? અને કયા કયા કૃત્યોની અનુમોદના અને પ્રશંસા વર્જ્ય છે ? તેની વિસ્તારથી વિચારણા.	૩૭૧-૩૮૪

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વિરચિત સ્વોપજ્ઞ વૃત્તિ યુક્ત

ધર્મપરીક્ષા ભાગ-૧

શબ્દશઃ વિવેચન

ટીકાકારનું મંગલાચરણ :-

ऐन्द्रश्रेणिकिरीटकोटिरनिशं यत्पादपद्मद्वये,

हंसालिश्रियमादधाति न च यो दोषैः कदापीक्षितः ।

यद्गीः कल्पलता शुभाशयभुवःसर्वप्रवादस्थिते-

र्ज्ञानं यस्य च निर्मलं स जयति त्रैलोक्यनाथो जिनः ।।१।।

यन्नाममात्रस्मरणाज्जनानां प्रत्यूहकोटिः प्रलयं प्रयाति ।

अचिन्त्यचिन्तामणिकल्पमेनं शङ्खेश्वरस्वामिनमाश्रयामः ।।२।।

नत्वा जिनान् गणधरान् गिरं जैनीं गुरूनपि ।

स्वोपज्ञां विधिवद् धर्मपरीक्षां विवृणोम्यहम् ।।३।।

ટીકાર્થ :-

ऐन्द्रश्रेणि ..... विवृणोम्यहम् ।। જેઓના ચરણરૂપી કમળદ્વયમાં હંમેશાં ઇન્દ્રોની શ્રેણીના કોટિ મુગટ હંસની હારમાળાની શોભાને ધારણ કરે છે અને જે દોષો વડે ક્યારે પણ જોવાયા નથી; શુભાશયની ભૂમિ=ઉત્પત્તિસ્થાનરૂપ, સર્વપ્રવાદોની સ્થિતિની કલ્પલતા જેની વાણી છે, અને જેનું જ્ઞાન નિર્મલ છે તે ત્રૈલોક્યના નાથ જિન જય પામે છે. ।।૧।।

જેમના નામમાત્રના સ્મરણથી લોકોમાં સેંકડો અનર્થો પ્રલયને પામે છે, અચિંત્ય ચિંતામણિ સમાન એવા શંખેશ્વર સ્વામીને અમે આશ્રય કરીએ છીએ=ઉપાસ્યરૂપે સ્વીકારીએ છીએ.

જિનોને, ગણધરોને, જિનસંબંધી વાણીને અને ગુરુને પણ નમસ્કાર કરીને પોતાના વડે રચના કરાયેલ એવી ધર્મપરીક્ષાને વિધિપૂર્વક=શાસ્ત્રમર્યાદાથી, વર્ણન કરું છું.

ભાવાર્થ :-

ભગવાન ચાર અતિશયવાળા છે. તે ચાર અતિશયો ગ્રંથકારશ્રીએ પ્રથમ શ્લોકમાં બતાવેલ છે. જેનાથી વિવેકીને ઉપસ્થિત થાય છે કે ભગવાન સંપૂર્ણ રાગાદિ વગરના છે, માટે તેવા ગુણવાળા ભગવાનની ઉપાસના કરવાથી આપણે ભગવાન તુલ્ય થઇએ છીએ. વળી ભગવાનનું જ્ઞાન પૂર્ણ છે માટે ભગવાન જે માર્ગ બતાવે છે તે પરિપૂર્ણ શુદ્ધ માર્ગ છે તે ભગવાનના જ્ઞાનાતિશયથી જણાય છે. ભગવાન વચનાતિશયવાળા છે માટે ભગવાનનું વચન જગતના જીવોને અત્યંત ઉપકારનું કારણ બને છે. સંસારવર્તી જીવોમાં ગુણના પ્રકર્ષવાળા ભગવાન છે માટે ઇન્દ્રોથી પણ પૂજાય છે જેનાથી પૂજાતિશય જણાય છે. આવા ભગવાનની સ્તુતિ કર્યા પછી મહાપ્રભાવશાળી શંખેશ્વરમાં રહેલ શંખેશ્વર પ્રભુની સ્તુતિ ત્રીજા શ્લોકમાં કરે છે. તે સ્તુતિ કર્યા પછી યોગમાર્ગને આપનારા તીર્થંકરો, ગણધરો, ગુરુ ભગવંતો અને ભગવાનની વાણીને નમસ્કાર કરીને શાસ્ત્રવિધિ અનુસાર ધર્મપરીક્ષા નામના ગ્રંથની ટીકાનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરી છે.

अवतरणिका :-

इह हि सर्वज्ञोपज्ञे प्रवचने प्रविततनयभङ्गप्रमाणगम्भीरे परममाध्यस्थ्यपवित्रितैः श्रीसिद्धसेनहरिभद्रप्रभृतिसूरिभिर्विशदीकृतेऽपि दुःषमादोषानुभावात् केषांचिद् दुर्विदग्धोपदेशविप्रतारितानां भूयः शङ्कोदयः प्रादुर्भवतीति तन्निरासेन तन्मनोनैर्मल्यमाधातुं धर्मपरीक्षानामायं ग्रन्थः प्रारभ्यते, तस्य चेयमादिगाथा –

અવતરણિકાર્થ :-

અહીં=જગતમાં, પરમમાધ્યસ્થ્યગુણથી પવિત્રિત એવા સિદ્ધસેનદિવાકરસૂરિ, હરિભદ્રસૂરિ આદિ આચાર્યોથી વિશદ કરાયેલ પણ વિસ્તૃત નયભંગી, પ્રમાણથી ગંભીર એવા સર્વજ્ઞ પ્રવચનમાં દુઃષમાઆરાના દોષના અનુભાવથી દુર્વિદગ્ધના ઉપદેશથી ઠગાયેલા કેટલાક જીવોને ફરી શંકાના ઉદયનો પ્રાદુર્ભાવ થાય છે. એથી તેના નિરાસ વડે=કેટલાક જીવોને થયેલી શંકાના નિરાસ કરવા વડે, તેઓના મનની નિર્મલતાને આધાન કરવા માટે=તત્ત્વના અર્થી જીવોને કોઇકના વચનથી થયેલી શંકાને કારણે થયેલી મનની અનિર્મલતાને દૂર કરવા માટે, ધર્મપરીક્ષા નામના આ ગ્રંથનો પ્રારંભ કરાય છે. અને તેની આ પ્રથમ ગાથા છે.

ભાવાર્થ :-

સર્વજ્ઞ વડે રચાયેલ આગમ જીવોના માટે સંસારમાં એકાંતે હિતનું કારણ છે. તે પ્રવચન વિસ્તારવાળા નય, ભાંગા અને પ્રમાણરૂપ હોવાથી અતિ ગંભીર છે. તેથી કલ્યાણના અર્થી પણ વિશિષ્ટ મતિના અભાવવાળા જીવો ભગવાનના પ્રવચનને જાણવા યત્ન કરે તોપણ તેના પરમાર્થને પ્રાપ્ત કરી શકે નહિ. તેથી પોતાનાથી મંદમતિવાળા જીવોના ઉપકારાર્થે સિદ્ધસેનદિવાકરસૂરિ. હરિભદ્રસૂરિ વગેરે આચાર્યોએ તે ભગવાનના વચનને આગમમાંથી ગ્રહણ કરીને વિસ્તાર કર્યો છે. તેથી જેઓ આગમમાંથી શાસ્ત્રના ભાવોને પ્રાપ્ત કરી શકે તેવી પટુ પ્રજ્ઞાવાળા નથી તેઓને સિદ્ધસેનદિવાકરસૂરિ આદિનાં વચનોથી આગમના પદાર્થોનો બોધ થઈ શકે છે.

વળી સિદ્ધસેનદિવાકરસૂરિ આદિ આચાર્યો અત્યંત મધ્યસ્થ પરિણતિવાળા હતા તેથી આગમમાંથી ભગવાનના વચનના પરમાર્થને જાણ્યા વગર સ્વમતિ દ્વારા કંઈ કહેલ નથી; પરંતુ સર્વના વચનમાંથી તે ગંભીર ભાવોને યથાર્થ રીતે જાણ્યા પછી પોતાનાથી મંદબુદ્ધિવાળા જીવોના ઉપકારાર્થે વિસ્તૃત કર્યા છે જેથી યોગ્ય જીવોને તેનાથી ભગવાનના વચનના પરમાર્થની પ્રાપ્તિ થાય. આમ છતાં દુઃષમાકાળના દોષને કારણે ઘણા અર્ધવિદ્વાન ઉપદેશકો સિદ્ધસેનદિવાકરસૂરિ આદિનાં વચનોના સ્વમતિ અનુસાર અર્થ કહીને કેટલાક યોગ્ય જીવોને ભગવાનના વચનમાં વિપરીત બોધ કરાવે છે, તેથી તેઓને ફરી આગમના વચનમાં શંકા થઈ શકે છે. પરિણામે કલ્યાણના અર્થી જીવો જાણવા માટે યત્ન કરવા છતાં પણ ભગવાનના વચનના તત્ત્વને પામી શકતા નથી. તેથી તેઓને થયેલી શંકાનો નિરાસ કરવા માટે=તેઓને ભગવાનના વચનનો યથાર્થ બોધ થાય તે માટે, ધર્મપરીક્ષા નામના આ ગ્રંથનો આરંભ કરાય છે.

ગાથા :-

पणमिय पासजिणिंदं धम्मपरिक्खाविहिं पवक्खामि ।
गुरुपरिवाडीसुद्धं आगमजुत्तीहिं अविरुद्धं ।।१।।

છાયા :-

प्रणम्य पार्श्वजिनेन्द्रं धर्मपरीक्षाविधिं प्रवक्ष्ये।
गुरुपरिपाटीशुद्धम् आगमयुक्तिभ्यामविरुद्धम्।।१।।

અન્વયાર્થ :-

पासजिणिंदं=પાર્શ્વનાથ ભગવાનને, पणमिय=પ્રણામ કરીને, गुरुपरिवाडीसुद्धं=ગુરુ પરિપાટીથી શુદ્ધ, आगमजुत्तीहिं=આગમ અને યુક્તિથી अविरुद्धं=અવિરુદ્ધ એવી, धम्मपरिक्खाविहिं=ધર્મપરીક્ષાવિધિને, पवक्खामि=હું કહીશ. ।।૧।।

ગાથાર્થ :-

પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કરીને ગુરુ પરિપાટીથી શુદ્ધ, આગમ અને યુક્તિથી અવિરુદ્ધ એવી ધર્મપરીક્ષાવિધિને હું કહીશ. ।।૧।।

ટીકા :-

पणमियत्ति । प्रणम्य=प्रकर्षेण भक्तिश्रद्धाऽतिशयलक्षणेन नत्वा, पार्श्वजिनेन्द्रम्, अनेन प्रारिप्सित-प्रतिबन्धकदुरितनिरासार्थं शिष्टाचारपरिपालनार्थं च मङ्गलमाचरितम्, धर्मस्य=धर्मत्वेनाभ्युपगतस्य, परीक्षा विधिं अयमित्थंभूतोऽनित्थंभूतो वेति विशेषनिर्द्धारणप्रकारं प्रवक्ष्ये । प्रेक्षावत्प्रवृत्त्युपयोगि-विषयाभिधानप्रतिज्ञेयम् । प्रयोजनादयस्तु सामर्थ्यगम्याः धर्मप्रतिपादकस्यास्य ग्रन्थस्य धर्मशास्त्र-प्रयोजनादिभिरेव प्रयोजनादिमत्त्वादिति । किंभूतं धर्मपरीक्षाविधिम् ? गुरुपरिपाटीशुद्धम्=अविच्छिन्न-पूर्वाचार्यपरम्परावचनानुसरणपवित्रम्, तथा आगमयुक्तिभ्यां=सिद्धान्ततर्काभ्यामविरुद्धं=अबाधितार्थम्, एतेनाभिनिवेशमूलकस्वकपोलकल्पनाशङ्का परिहृता भवति । इयं हि ज्ञानांशदुर्विदग्धानामैहिकार्थ-मात्रलुब्धानां महतेऽनर्थाय । यावानेव ह्यर्थः सुविनिश्चितस्तावानेवानेन निरूपणीयः, न तु कल्पनामात्रेण यत्तदसंबद्धप्रलापो विधेय इति मध्यस्थाः, अत एव चिरप्ररूढमप्यर्थं कल्पनादोषभीरवो नाहत्य दूषयन्ति गीतार्थाः । तदुक्तं धर्मरत्नप्रकरणे (९९) –

जं च ण सुत्ते विहियं ण य पडिसिद्धं जणंमि चिररूढं ।
समइविगप्पिअदोसा तं पि ण दूसंति गीयत्था ।।

ततश्च माध्यस्थ्यमेव धर्मपरीक्षायां प्रकृष्टं कारणमिति फलितम् ।।१।।

ટીકાર્થ :-

प्रणम्य ..... फलितम् ।। 'पणमियत्ति' પ્રતીક છે. પાર્શ્વ જિનેન્દ્રને પ્રણામ કરીને=ભક્તિ અને શ્રદ્ધાના અતિશયરૂપ પ્રકર્ષથી નમસ્કાર કરીને, આના દ્વારા=પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કર્યો એના દ્વારા, પ્રારંભ કરવાની ઇચ્છા કરાયેલા ગ્રંથરચનામાં પ્રતિબંધક એવા પાપના નાશ માટે અને શિષ્ટાચારના પરિપાલન માટે મંગલનું આચરણ કરાયું. ધર્મની=ધર્મપણારૂપે સ્વીકારેલા ધર્મની, પરીક્ષા વિધિને=આ "આ પ્રકારનો છે કે આ પ્રકારનો નથી" એ રીતે વિશેષ નિર્ધારણવાળા પ્રકારની વિધિને, હું કહીશ. પ્રેક્ષાવાન્ની પ્રવૃત્તિમાં ઉપયોગી એવા વિષયના અભિધાનની આ પ્રતિજ્ઞા છે=ધર્મવિધિને કહેવાની પ્રતિજ્ઞા છે. વળી પ્રયોજનાદિ સામર્થ્યથી ગમ્ય છે; કેમ કે ધર્મ પ્રતિપાદક એવા આ ગ્રંથના ધર્મશાસ્ત્રના પ્રયોજનાદિ વડે જ પ્રયોજનાદિમાનપણું છે. 'इति' શબ્દ પ્રયોજનાદિ ચારની કથનની સમાપ્તિ સ્વરૂપ છે.

કેવા પ્રકારના ધર્મપરીક્ષાની વિધિને ગ્રંથકારશ્રી કહેશે ? તે કહે છે –

ગુરુ પરિપાટીથી શુદ્ધ=તીર્થંકરથી માંડીને અવિચ્છિન્ન એવા પૂર્વાચાર્યની પરંપરાના વચનના અનુસરણથી પવિત્ર, અને આગમયુક્તિ દ્વારા અવિરુદ્ધ=સિદ્ધાંત-તર્ક દ્વારા અબાધિત અર્થવાળી, ધર્મપરીક્ષા વિધિને કહીશ તેમ અન્વય છે. આનાથી=ગુરુ પરિપાટીથી શુદ્ધ, આગમ-યુક્તિથી અવિરુદ્ધ ધર્મપરીક્ષાની વિધિને કહીશ એ પ્રમાણે ગ્રંથકારશ્રીના વચનથી, અભિનિવેશમૂલક એવી પોતાની કપોલકલ્પનાની શંકાનો પરિહાર થાય છે. અને ઐહિક અર્થમાત્રમાં લુબ્ધક=આ લોકના માન પ્રતિષ્ઠાદિ કાર્યમાત્રમાં આસક્ત એવા જ્ઞાનાંશ દુર્વિદગ્ધોની=શાસ્ત્ર ભણીને કંઈક શાસ્ત્રના અર્થોનો બોધ કર્યો છે છતાં શાસ્ત્રના પરમાર્થને યથાર્થ જાણ્યો નથી તેવા જ્ઞાનાંશવાળા અર્ધપંડિતોની, આ=અભિનિવેશમૂલક સ્વકપોલકલ્પના, મહાન અનર્થ માટે છે.

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાનાંશ દુર્વિદગ્ધ અર્ધપંડિતો સ્વકલ્પનાથી જે પદાર્થો કહે છે તેમાં પણ ભગવાને કહેલા પદાર્થોનું કંઈક અંશે નિરૂપણ છે, તેથી તેઓની કરાયેલી કલ્પના મહાઅનર્થ માટે કેમ છે ? તેથી કહે છે –

જેટલો જ અર્થ સુનિશ્ચિત છે તેટલો જ આના દ્વારા=ગ્રંથરચના કરવા દ્વારા, નિરૂપણ કરવો જોઈએ, પરંતુ કલ્પના દ્વારા યત્ તદ્નો અસંબદ્ધ પ્રલાપ કરવો જોઈએ નહિ. એ પ્રમાણે મધ્યસ્થ પુરુષો કહે છે. આથી જ=સુનિશ્ચિત અર્થની જ પ્રરૂપણા કરવી જોઈએ આથી જ, ચિરપ્રરૂઢ પણ અર્થને કલ્પના દોષના ભીરુ એવા ગીતાર્થો આહત્ય=સહસા=યથાર્થ નિર્ણય કર્યા વગર, દૂષિત કરતા નથી.

ધર્મરત્ન પ્રકરણમાં તે=કલ્પના દોષમાં ભીરુ એવા ગીતાર્થો, ચિર રૂઢ પણ અર્થને દૂષિત કરતા નથી, એમ જે પૂર્વમાં કહ્યું તે, કહેવાયું છે.

"અને જે સૂત્રમાં વિહિત નથી અને પ્રતિષિદ્ધ પણ નથી, લોકમાં ચિર રૂઢ છે તેને પણ સ્વમતિવિકલ્પિતદોષના ભયવાળા એવા ગીતાર્થો દૂષિત કરતા નથી." **(ધર્મરત્નપ્રકરણ ગાથા-૯૯)**

અને તેથી જ=જેટલો અર્થ નિર્ણીત હોય તેટલું જ નિરૂપણ કરવું જોઈએ એમ પૂર્વમાં કહ્યું તેથી જ, માધ્યસ્થ્ય જ ધર્મપરીક્ષામાં પ્રકૃષ્ટ કારણ છે એ પ્રમાણે ફલિત થયું. ॥૧॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ ગાથાના પૂર્વાર્ધમાં મંગલાચરણ કરેલ છે અને ધર્મપરીક્ષા ગ્રંથની રચના કરવાની પ્રતિજ્ઞા કરેલ છે. તથા ગાથાના ઉત્તરાર્ધથી તે ધર્મપરીક્ષાની વિધિ સ્વમતિકલ્પનાથી બતાવવાના નથી પરંતુ ગુરુ પરિપાટીથી શુદ્ધ અને આગમ-યુક્તિથી અવિરુદ્ધ ધર્મપરીક્ષા વિધિને કહેશે તેની સ્પષ્ટતા કરેલી છે. જો ગ્રંથકારશ્રી અત્યંત પ્રામાણિક હોય તો જે પ્રતિજ્ઞા કરેલી છે તે પ્રતિજ્ઞાનુસાર જ ગ્રંથની નિષ્ઠા સુધી યત્ન કરશે, તેવો નિર્ણય શ્રોતાને આ કથનથી થાય છે. આમ છતાં કોઈ ગ્રંથકારશ્રીએ પોતાના ગ્રંથમાં મંગલાચરણ

કરીને આ પ્રકારે જ પ્રતિજ્ઞા કરેલ હોય આમ છતાં ગ્રંથરચનાકાળમાં સ્વમતિ અનુસાર પદાર્થ લખે તો તે ગ્રંથ પ્રતિજ્ઞા અનુરૂપ નથી તેવો નિર્ણય બુદ્ધિમાન્ શ્રોતા કરી શકે. ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરેલી છે તેનું સ્મરણ રાખીને પ્રસ્તુત ગ્રંથ તે પ્રતિજ્ઞાને અનુરૂપ કઇ રીતે છે ? તેવું માર્ગાનુસારી ઊહ કરવાથી શ્રોતાને પણ પ્રસ્તુત ગ્રંથમાં દરેક સ્થાને પરિપાટીથી શુદ્ધ અને આગમયુક્તિથી અવિરુદ્ધ ધર્મપરીક્ષા વિધિને બતાવવા માટે આ ગ્રંથ રચાયો છે તેવો યથાર્થ નિર્ણય થાય. તેથી જે શ્રોતા ગ્રંથઅધ્યયનકાળમાં કઈ રીતે આ ગ્રંથ આગમયુક્તિથી અવિરુદ્ધ છે. તે પ્રકારના ઊહપૂર્વક પ્રયત્ન કરે તો ગ્રંથની નિષ્ઠા સુધી ગ્રંથકારશ્રીએ જે પ્રકારે આગમયુક્તિથી પદાર્થો બતાવ્યા છે તે પ્રકારે જ યથાર્થ બોધ કરી શકે. ગ્રંથકારશ્રીના સર્વ વચનો આગમાનુપાતી છે તેવો સ્થિર નિર્ણય થવાથી ભગવાનના આગમ તુલ્ય ગ્રંથકારશ્રીનાં વચનમાં પણ ભક્તિ વિશેષ થાય છે.

અહીં ટીકામાં અંતે કહ્યું કે માધ્યસ્થ્ય જ ધર્મપરીક્ષામાં પ્રકૃષ્ટ કારણ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે ધર્મના અર્થી જીવો ધર્મને જાણવા માટે યોગીઓ પાસે જાય, ધર્મનું શ્રવણ કરે, ધર્મશાસ્ત્ર ભણે તે સર્વ તો ધર્મપરીક્ષામાં કારણ છે, વળી પોતાની બુદ્ધિપ્રતિભા પણ ધર્મપરીક્ષામાં કારણ છે; આમ છતાં ધર્મના અર્થી પણ જીવો સ્વદર્શનમાં પક્ષપાતી હોય તો યથાર્થ ધર્મપરીક્ષા કરી શકે નહિ. પરંતુ જો તે મધ્યસ્થતા ગુણવાળા હોય તો ધર્મના યથાર્થ નિર્ણયમાત્રમાં જ પક્ષપાતને ધારણ કરીને ધર્મને જાણવા માટે ઉદ્યમ કરી શકે. તેઓના મધ્યસ્થતા ગુણને કારણે જ તેઓને યથાર્થ ધર્મની પ્રાપ્તિ થાય છે. માટે ધર્મપરીક્ષામાં અન્ય સર્વગુણો કરતાં માધ્યસ્થ્ય જ પ્રકૃષ્ટ કારણ છે. અર્થાત્ ધર્મની પ્રાપ્તિમાં પ્રકૃષ્ટ કારણ છે. **॥૧॥**

અવતરણિકા :-

एतदेवाह –

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વગાથાની ટીકાના અંતમાં કહ્યું કે ધર્મપરીક્ષાથી ધર્મની પ્રાપ્તિમાં મધ્યસ્થપણું જ પ્રકૃષ્ટ કારણ છે. એને જ કહે છે –

ગાથા :-

सो धम्मो जो जीवं धारेइ भवण्णवे निवडमाणं ।
तस्स परिक्खामूलं मज्झत्थत्तं चिय जिणुत्तं ।।२।।

છાયા :-

स धर्मो यो जीवं धारयति भवार्णवे निपतन्तम्।
तस्य परीक्षामूलं मध्यस्थत्वमेव जिनोक्तम्।।२।।

અન્વયાર્થ :-

સો ધમ્મો=તે ધર્મ છે, જો ભવણ્ણવે=જે ભવાર્ણવમાં, નિવડમાણં=ડૂબતા એવા, જીવં=જીવને, ધારેઇ=ધારણ કરે છે=રક્ષણ કરે છે. તસ્સ=તેની, પરિક્ખામૂલં=પરીક્ષાનું મૂલ, મજ્ઝત્થત્તં=મધ્યસ્થપણું, ચિય=જ, જિણુત્તં=જિન વડે કહેવાયેલું છે. ।।૨।।

ગાથાર્થ :-

તે ધર્મ છે, જે ભવાર્ણવમાં ડૂબતા એવા જીવને ધારણ કરે છે=રક્ષણ કરે છે. તેની પરીક્ષાનું મૂલ મધ્યસ્થપણું જ જિન વડે કહેવાયેલું છે. ।।૨।।

ટીકા :-

सो धम्मोत्ति । यो भवार्णवे निपतन्तं जीवं क्षमादिगुणोपष्टम्भदानेन धारयति स धर्मो भगवत्प्रणीतः श्रुतचारित्रलक्षणः, तस्य परीक्षामूलं मध्यस्थत्वमेव जिनोक्तम्, अज्ञातविषये माध्यस्थ्यादेव हि गलित-कुतर्कग्रहाणां धर्मवादेन तत्त्वोपलम्भप्रसिद्धेः । ननु सदसद्विषयं माध्यस्थ्यं प्रतिकूलमेव, तदुक्तं –

सुनिश्चितं मत्सरिणो जनस्य म नाथ ! मुद्रामतिशेरते ते ।

माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धाः ।। **(अयोगव्य. द्वा. २७)**

इति कथं तद् भवद्भिः परीक्षानुकूलमुच्यते? इति चेत्? सत्यं, प्रतीयमानस्फुटातिशयशालिपर-विप्रतिप्रत्तिविषयपक्षद्वयान्यतरनिर्द्धारणानुकूलव्यापाराभावलक्षणस्य माध्यस्थ्यस्य परीक्षाप्रतिकूल-त्वेऽपि स्वाभ्युपगमहानिभयप्रयोजकदृष्टिरागाभावलक्षणस्य माध्यस्थ्यस्य तदनुकूलत्वात् ।।२।।

ટીકાર્થ :-

यो भवार्णवे ..... तदनुकूलत्वात् ।। 'सो धम्मोत्ति' પ્રતીક છે. ભવાર્ણવમાં પડતા એવા જીવને ક્ષમાદિ ગુણના ઉપષ્ટંભના દાનથી=ક્રોધાદિ ૪ કષાયોના પ્રતિપક્ષ એવા ક્ષમાદિ ગુણોના આલંબનની પ્રાપ્તિથી, જે ધારણ કરે=જે જીવનું રક્ષણ કરે, તે ભગવાન વડે કહેવાયેલ શ્રુત-ચારિત્રરૂપ ધર્મ છે. તેની=તે ધર્મની પરીક્ષાનું મૂલ મધ્યસ્થપણું જ જિન વડે કહેવાયેલું છે.

કેમ પરીક્ષાનું મૂલ મધ્યસ્થપણું જ છે ? તેથી કહે છે –

અજ્ઞાત વિષયમાં મધ્યસ્થપણાથી જ ગળી ગયેલા કુતર્કના ગ્રહવાળા જીવોને ધર્મવાદથી=યોગ્ય ઉપદેશકાદિ સાથે ધર્મની ચર્ચાથી, તત્ત્વના ઉપલંભની પ્રસિદ્ધિ છે=પારમાર્થિક ધર્મના સ્વરૂપની પ્રાપ્તિની પ્રસિદ્ધિ છે.

'ननु'થી શંકા કરે છે –

સદ્-અસદ્ વિષયવાળું માધ્યસ્થ્ય પ્રતિકૂલ જ છે=પરીક્ષા કરીને તત્ત્વની પ્રાપ્તિમાં માધ્યસ્થ્ય

પ્રતિકૂલ જ છે. તે=સદ્-અસદ્ વિષયમાં મધ્યસ્થપણું પ્રતિકૂલ જ છે તે, કહેવાયું છે –

"હે નાથ ! માધ્યસ્થને સ્વીકારીને જે પરીક્ષકો મણિમાં અને કાચમાં સમાન અનુબંધવાળા=સમાન પરિણામવાળા, છે. તેઓ મત્સરી લોકોની મુદ્રાને=તત્ત્વ પ્રત્યે મત્સરવાળા જીવોની પ્રકૃતિને, સુનિશ્ચિત ઓળંગતા નથી." **(અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા શ્લોક-૨૭)**

એથી કેવી રીતે તેને=મધ્યસ્થપણાને, તમારા વડે અનુકૂળ કહેવાયું ? એ પ્રમાણે પૂર્વપક્ષ કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત સાચી છે.

છતાં મધ્યસ્થપણું કેમ પરીક્ષાને અનુકૂલ છે ? તે સ્પષ્ટ કરે છે –

કેમ કે પ્રતીયમાન સ્ફુટ=સ્પષ્ટ, અતિશયશાલી એવા પર વિપ્રતિપત્તિ વિષયવાળા પક્ષદ્વયમાંથી અન્યતર પક્ષ, તેના નિર્ધારણને અનુકૂલ=સ્પષ્ટ અતિશયશાલી પક્ષના નિર્ધારણને અનુકૂલ, વ્યાપારના અભાવરૂપ માધ્યસ્થ્યનું પરીક્ષાને પ્રતિકૂલપણું હોવા છતાં પણ પોતાના વડે સ્વીકારાયેલા પક્ષની હાનિના ભયનું પ્રયોજક એવા દૃષ્ટિરાગના અભાવ લક્ષણ માધ્યસ્થ્યનું તદ્ અનુકૂલપણું છે=પરીક્ષા દ્વારા તત્ત્વની પ્રાપ્તિનું અનુકૂલપણું છે. ॥૨॥

ભાવાર્થ :-

ધર્મ એ જીવનો મૂળભૂત સ્વભાવ છે. તે ધર્મ સિદ્ધ અવસ્થામાં પૂર્ણ છે. સંસારાવસ્થામાં જે ધર્મનું સેવન થાય છે તે સિદ્ધ અવસ્થામાં રહેલા ધર્મની પ્રાપ્તિનું કારણ છે. સંસારાવસ્થામાં જીવો જે ધર્મને સેવે તે શ્રુત-ચારિત્રરૂપ છે. શ્રુત-ચારિત્રરૂપ સેવાયેલો ધર્મ દુર્ગતિમાં પડતા સંસારી જીવોનું રક્ષણ કરે છે.

કઈ રીતે સેવાયેલો ધર્મ દુર્ગતિમાં પડતા જીવોનું રક્ષણ કરે છે ? તેથી કહે છે –

ક્ષમાદિ ગુણોના આલંબનના દાનથી ધર્મ જીવનું રક્ષણ કરે છે.

આશય એ છે કે ચારિત્ર ક્ષમાધર્મ આદિ દશ ગુણોસ્વરૂપ છે. તેનો સમ્યગ્ બોધ શ્રુતજ્ઞાનથી થાય છે. જે જીવો શાસ્ત્રનું અધ્યયન કરીને સમ્યગ્-શ્રુતજ્ઞાન મેળવે છે, તેઓને ક્ષમાદિ દશ પ્રકારના પારમાર્થિક ધર્મના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. જેમ જેમ અધિક અધિક શ્રુત અધ્યયન કરે છે તેમ તેમ ક્ષમાદિ ગુણ વિષયક સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ થાય છે. જેમ જેમ સમ્યગ્ બોધ થાય છે તેમ તેમ તે ક્ષમાદિ ગુણો પ્રત્યે સૂક્ષ્મ સૂક્ષ્મતર રુચિ થાય છે, જે શ્રુતધર્મના સેવનરૂપ ક્ષમાદિ ગુણોની પ્રાપ્તિ છે; કેમ કે સમ્યગ્ બોધરૂપે અને સમ્યગ્ રુચિરૂપે ક્ષમાદિગુણો તે જીવમાં શ્રુતઅધ્યયનથી પ્રગટ થાય છે. વળી જે મહાત્મા તે બોધાનુસાર ઉચિત ચારિત્રાચારના પાલન દ્વારા ક્ષમાદિ ગુણોની આત્મામાં વિશેષ વિશેષતર પરિણતિને પ્રગટ કરે છે તે ચારિત્ર ધર્મરૂપ ક્ષમાદિ ગુણો છે. આ રીતે જે જે અંશથી ક્ષમાદિ ગુણો જીવમાં પ્રગટ થાય છે, તે તે અંશથી તે જીવ દુર્ગતિમાં પડવાથી રક્ષિત બને છે. આથી જ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ ક્ષમાદિ દશ પ્રકારના ચારિત્રના પરિણામવાળો નથી તોપણ સમ્યગ્શ્રુત અને સમ્યગ્રુચિના અંશથી ક્ષમાદિ પરિણામને કારણે દુર્ગતિમાં જતો નથી.

વળી, શ્રુત-ચારિત્રરૂપ ધર્મની પરીક્ષાનું મૂલ મધ્યસ્થપણું છે એમ સર્વજ્ઞ કહે છે. આશય એ છે કે ભગવાનના વચનના બળથી કોઈક જીવે શ્રુતજ્ઞાન પ્રાપ્ત કર્યું તે શ્રુતજ્ઞાન સર્વજ્ઞના વચનને અનુપાતી હોય તો સમ્યગ્ શ્રુતજ્ઞાન બને અને ભગવાનના વચનને અનુપાતી ન હોય તો મિથ્યાશ્રુત બને. તેથી તત્ત્વના અર્થી જીવો કોઈ મહાત્મા દ્વારા કહેવાયેલા વચનની અને તે વચન અનુસાર સેવાતી આચરણાની પરીક્ષા કરવા માટે યત્ન કરે છે, આમ છતાં જો તેમનામાં મધ્યસ્થભાવ ન હોય તો તે પરીક્ષા દ્વારા તેમને તત્ત્વની પ્રાપ્તિ થાય નહીં. તેથી શ્રુત-ચારિત્રરૂપ ધર્મની પરીક્ષા માટે સમ્યગ્ પ્રકારનો યત્ન, બુદ્ધિની પટુતાદિ આદિ અનેક કારણો છે, તોપણ પ્રકૃષ્ટ કારણ મધ્યસ્થપણું જ છે; કેમ કે મધ્યસ્થતાપૂર્વક ધર્મવાદમાં કરાયેલા યત્નથી અજ્ઞાત વિષયમાં તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે પરીક્ષા દ્વારા તત્ત્વની પ્રાપ્તિમાં મૂળ કારણ મધ્યસ્થપણું છે. તેથી અન્ય પ્રકારના માધ્યસ્થ્યને ગ્રહણ કરીને કયા પ્રકારનું મધ્યસ્થપણું તત્ત્વપ્રાપ્તિમાં મૂળ કારણ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે કેટલાક જીવો સર્વ દર્શનો પ્રત્યે મધ્યસ્થભાવને ધારણ કરે છે પરંતુ "આ અસત્, આ સત્ છે" તેવો નિર્ણય કરીને સત્ પ્રત્યે પક્ષપાત કરતા નથી, તેવું મધ્યસ્થપણું જે જીવોમાં હોય તે જીવો ધર્મને જાણવા માટે યત્ન કરે તોપણ તત્ત્વને કહેનારા અને અતત્ત્વને કહેનારા સર્વ દર્શનોના વચનો પ્રત્યે મધ્યસ્થભાવને ધારણ કરે છે. તેવું મધ્યસ્થપણું તત્ત્વને પ્રતિકૂલ હોવા છતાં અર્થાત્ સદ્-અસદ્ વિષયમાં મધ્યસ્થપણું પરીક્ષા દ્વારા તત્ત્વની પ્રાપ્તિમાં પ્રતિકૂલ હોવા છતાં જે જીવોને દૃષ્ટિરાગ નથી=પોતાના કોઈ પક્ષ પ્રત્યે રાગ નથી, કેવલ તત્ત્વના રાગથી તત્ત્વને જાણવા માટે શક્તિના પ્રકર્ષથી યત્ન કરાવે તેવું મધ્યસ્થપણું છે, તેવું મધ્યસ્થપણું તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે અનુકૂલ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે મધ્યસ્થભાવ બે પ્રકારનો છે : (૧) દોષરૂપ મધ્યસ્થભાવ અને (૨) ગુણરૂપ મધ્યસ્થભાવ.

(૧) દોષરૂપ મધ્યસ્થભાવ :-

જે જીવો તત્ત્વની પરીક્ષા કરવા માટે પ્રવૃત્ત થયેલા હોય, અને તેના માટે કોઈની સાથે વાદ કરતા હોય, અથવા કોઈની પાસે જાણવા યત્ન કરતા હોય, આમ છતાં તે બેના વક્તવ્યમાં કોઈ વક્તવ્ય અતિશયશાલી હોય તોપણ તે બંને પક્ષમાંથી કયો પક્ષ અતિશયશાલી છે ? તેના નિર્ધારણને અનુકૂલ મનોવ્યાપાર કરતા ન હોય, પરંતુ કાચતુલ્ય અને મણિતુલ્ય એવા આ બંને પક્ષો સુંદર છે તે પ્રકારે સમાન ભાવ રાખતા હોય તેવો મધ્યસ્થભાવ પરીક્ષા દ્વારા તત્ત્વની પ્રાપ્તિમાં પ્રતિકૂલ છે; કેમ કે તત્ત્વ પ્રત્યેના અપક્ષપાતરૂપ મિથ્યાત્વના ઉદયસ્વરૂપ હોવાથી દોષરૂપ છે.

(૨) ગુણરૂપ મધ્યસ્થભાવ :-

જેઓ તત્ત્વની પ્રાપ્તિ અર્થે કોઈક પાસે તત્ત્વ સમજવા પ્રયત્ન કરતા હોય કે તત્ત્વની પ્રાપ્તિ અર્થે કોઈની સાથે વાદ કરતા હોય, ત્યારે તત્ત્વને જાણવા માટે કરાતા યત્ન દરમિયાન કે વાદ દરમિયાન પોતે જે

સિદ્ધાંતને સ્વીકારેલો છે તે સિદ્ધાંતને હાનિ થશે એ પ્રકારના ભયનો પ્રયોજક એવો દૃષ્ટિરાગનો પરિણામ નથી તેથી તેઓ તત્ત્વનિર્ણય માટે એ પ્રકારે યત્ન કરે છે જેથી પૂર્વમાં પોતે જે વિપરીત સ્વીકારેલું, તત્ત્વરૂપે ભાસતું હતું તેનો ત્યાગ થાય, અને તત્ત્વની પ્રાપ્તિકૃત પ્રમોદ થાય. આ પ્રકારનો માર્ગાનુસારી ઊહ જેઓમાં છે તેઓમાં ગુણના પક્ષપાતરૂપ મધ્યસ્થભાવ છે. ॥૨॥

અવતરણિકા :-

अथ मध्यस्थः कीदृग्भवति? इति तल्लक्षणमाह –

અવતરણિકાર્થ :-

હવે મધ્યસ્થ કેવો હોય છે ? એથી તેના લક્ષણને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે શ્રુત-ચારિત્રરૂપ ધર્મની પરીક્ષા દ્વારા તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે મધ્યસ્થપણું મુખ્ય કારણ છે. તેથી હવે તેવા મધ્યસ્થભાવવાળો પુરુષ કેવો હોય છે ? તેનો બોધ કરાવવાર્થે મધ્યસ્થ પુરુષનું લક્ષણ કહે છે –

ગાથા :-

मज्झत्थो अ अणिस्सियववहारी तस्स होइ गुणपक्खो ।
णो कुलगणाइणिस्सा इय ववहारंमि सुपसिद्धं ।।३।।

છાયા :-

मध्यस्थश्चानिश्रितव्यवहारी तस्य भवति गुणपक्षः।
नो कुलगणादिनिश्रा इति व्यवहारे सुप्रसिद्धम्।।३।।

અન્વયાર્થ :-

मज्झत्थो अ=અને મધ્યસ્થ, अणिस्सियववहारी=અનિશ્રિત વ્યવહારી છે, तस्स=તેને=મધ્યસ્થને, गुणपक्खो होइ=ગુણનો પક્ષ હોય છે=ગુણનો પક્ષપાત હોય છે, णो कुलगणाइणिस्सा=કુલ ગણાદિની નિશ્રા હોતી નથી. इय=એ, ववहारंमि=વ્યવહારસૂત્ર નામના આગમમાં, सुपसिद्धं=સુપ્રસિદ્ધ છે. ॥૩॥

ગાથાર્થ :-

અને મધ્યસ્થ અનિશ્રિત વ્યવહારી છે. તેને=મધ્યસ્થને, ગુણનો પક્ષ હોય છે=ગુણનો પક્ષપાત હોય છે, કુલ ગણાદિની નિશ્રા હોતી નથી. એ વ્યવહારસૂત્ર નામના આગમમાં સુપ્રસિદ્ધ છે. ॥૩॥

ટીકા :-

मध्यस्थश्चानिश्रितव्यवहारी स्यात्, उपलक्षणत्वादनुपश्रितव्यवहारी च, तत्र निश्रा रागः, उपश्रा च द्वेष इति रागद्वेषरहितशास्त्रप्रसिद्धाऽऽभाव्यानाभाव्यसाधुत्वासाधुत्वादिपरीक्षारूपव्यवहारकारीत्यर्थः, अत एव तस्य=मध्यस्थस्य, गुणपक्षो='गुणा एवादरणीयाः' इत्यभ्युपगमो भवति, न तु कुलगणादिनिश्रा निजकुलगणादिना तुल्यस्य सद्भूतदोषाच्छादनयाऽसद्भूतगुणोद्भावनया च पक्षपातरूपा, तथा कुलगणादिना विसदृशस्यासद्भूतदोषोद्भावनया सद्भूतगुणाच्छादनयाऽपि चोपश्राऽपि न भवति इत्यपि द्रष्टव्यम्, इति एतद् व्यवहारग्रन्थे सुप्रसिद्धम्, निश्रितोपश्रितव्यवहारकारिणः सूत्रे महाप्रायश्चित्तोपदेशात् ।।३।।

ટીકાર્થ :-

मध्यस्थश्चानिश्रित ..... महाप्रायश्चित्तोपदेशात् ।। અને મધ્યસ્થ અનિશ્રિત વ્યવહારી છે. ઉપલક્ષણથી અનુપશ્રિત વ્યવહારી છે. ત્યાં=નિશ્રા અને ઉપશ્રામાં, નિશ્રા રાગ છે, ઉપશ્રા દ્વેષ છે. એથી રાગ-દ્વેષ રહિત શાસ્ત્રપ્રસિદ્ધ આભાવ્ય-અનાભાવ્ય, સાધુત્વ-અસાધુત્વાદિ પરીક્ષારૂપ વ્યવહારને કરનાર મધ્યસ્થ છે.

આથી જ=મધ્યસ્થ પુરુષ રાગદ્વેષ રહિત પરીક્ષારૂપ વ્યવહારને કરનાર છે આથી જ, તેને=મધ્યસ્થને, ગુણનો પક્ષ છે=ગુણ જ આદરણીય છે, એ પ્રકારનો સ્વીકાર છે; પરંતુ નિજકુલ-ગણાદિથી તુલ્યના સદ્ભૂત દોષના છાદન વડે અર્થાત્ વિદ્યમાન દોષને છુપાવવા વડે અને અસદ્ભૂત ગુણના ઉદ્ભાવન વડે પક્ષપાતરૂપ કુલ-ગણાદિની નિશ્રા હોતી નથી, અને કુલ-ગણાદિથી વિસદૃશના અવિદ્યમાન દોષના ઉદ્ભાવનથી અને વિદ્યમાન ગુણના છાદનથી પણ ઉપશ્રા પણ થતી નથી. એ પ્રમાણે પણ જાણવું, આ વ્યવહારગ્રંથમાં સુપ્રસિદ્ધ છે; કેમ કે નિશ્રિત ઉપશ્રિત વ્યવહાર કરનારાને સૂત્રમાં= વ્યવહારસૂત્રમાં, મહા પ્રાયશ્ચિત્તનો ઉપદેશ છે. ।।૩।।

ભાવાર્થ :-

સમ્યગ્દૃષ્ટિ જીવ સુપરીક્ષાપૂર્વક તત્ત્વનો નિર્ણય કરનાર હોય છે. તેવો જીવ રાગ-દ્વેષ રહિત સાધુના આભાવ્ય-અનાભાવ્યની વિચારણા કરે છે અને "આ વચન સાધુ છે, અને આ વચન અસાધુ છે" તે પ્રકારે પરીક્ષા કરીને નિર્ણીત પદાર્થને અનુસાર વ્યવહાર કરે છે. વળી આવા મધ્યસ્થ સાધુઓ ગુણના જ પક્ષપાતવાળા હોય છે. તેથી પોતાના કુલ-ગણના સાધુઓમાં કોઈ વિદ્યમાન દોષ હોય તેને છુપાવીને અને અસદ્ ગુણનું ઉદ્ભાવન કરીને પોતાના પક્ષ પ્રત્યે રાગ ધારણ કરતા નથી.

વળી, પોતાના પક્ષથી વિરુદ્ધ પક્ષવાળા જીવો પ્રત્યે તેમના અવિદ્યમાન દોષોને બતાવીને વિદ્યમાન પણ ગુણોને ઢાંકતા નથી. આ પ્રકારની દ્વેષની પ્રવૃત્તિ મધ્યસ્થ પુરુષને હોતી નથી. કેમ આવી નિશ્રા-ઉપશ્રા-

વાળી પ્રવૃત્તિ મધ્યસ્થ પુરુષોને નથી ? તેમાં યુક્તિ આપે છે કે વ્યવહાર સૂત્રમાં નિશ્રિત-ઉપશ્રિત વ્યવહારને કરનારા સાધુઓને મહાપ્રાયશ્ચિત્ત કહેલું છે. તેથી અર્થથી ફલિત થાય છે કે સંયમજીવનમાં મધ્યસ્થ પરિણામથી જેઓ વિચારે છે તેઓ જેમ પરીક્ષા કરીને શુદ્ધ વ્યવહારને કરનારા છે તેમ સ્વપક્ષ અને પરપક્ષના પક્ષપાત રહિત પણ વ્યવહાર કરનારા હોય છે. ॥૩॥

अवतरणिका :-

इत्थं च मध्यस्थस्यानिश्रितव्यवहारित्वाद् यत्कस्यचिदभिनिविष्टस्य पक्षपातवचनं तन्मध्यस्थैर्नाङ्गीकरणीयमित्याह –

અવતરણિકાર્થ :-

અને આ રીતે=ગાથા-૩માં કહ્યું એ રીતે, મધ્યસ્થનું અનિશ્રિત વ્યવહારીપણું હોવાથી, કોઈ અભિનિવિષ્ટનું જે પક્ષપાત વચન છે તે મધ્યસ્થ પુરુષોએ સ્વીકારવું જોઈએ નહિ એ પ્રમાણે કહે છે –

ગાથા :-

तुल्लेवि तेण दोसे पक्खविसेसेण जा विसेसुत्ति ।
सा णिस्सियत्ति सुत्तुत्तिण्णं तां बिंति मज्झत्था ।।४।।

છાયા :-

तुल्येऽपि तेन दोषे पक्षविशेषेण या विशेषोक्तिः।
सा निश्रितेति सूत्रोत्तीर्णां तां ब्रुवते मध्यस्थाः।।४।।

અન્વયાર્થ :-

तेण=તે કારણથી=મધ્યસ્થ પુરુષને કુલાદિના પક્ષપાતનો અભાવ હોય છે તે કારણથી, तुल्लेवि दोसे=તુલ્ય પણ દોષમાં=સમાન પણ ઉત્સૂત્રરૂપ દોષમાં, पक्खविसेसेण जा विसेसुत्ति=પક્ષવિશેષથી જે વિશેષનું કથન છે, सा णिस्सियत्ति=તે નિશ્રિત છે. એથી तां=તેને, मज्झत्था=મધ્યસ્થ પુરુષો, सुत्तुत्तिण्णं=સૂત્રઉત્તીર્ણ, बिंति=કહે છે. ॥૪॥

ગાથાર્થ :-

તે કારણથી=મધ્યસ્થ પુરુષને કુલાદિના પક્ષપાતનો અભાવ હોય છે તે કારણથી, તુલ્ય પણ દોષમાં=સમાન પણ ઉત્સૂત્રરૂપ દોષમાં, પક્ષવિશેષથી જે વિશેષનું કથન છે તે નિશ્રિત છે. એથી તેને મધ્યસ્થ પુરુષો સૂત્રઉત્તીર્ણ કહે છે. ॥૪॥

ટીકા :-

तुल्लेवित्ति । तेन=मध्यस्थस्य कुलादिपक्षपाताभावेन तुल्येऽपि उत्सूत्रभाषणादिके दोषे सति पक्षविशेषेण या विशेषोक्तिः 'स्वपक्षपतितस्य यथाछन्दस्याप्यपरमार्गाश्रयणाभावान्न तथाविधदोषः, परपक्षपतितस्य तून्मार्गाश्रयणान्नियमेनानन्तसंसारित्व'मिति सा=विशेषोक्तिः निश्रिता=पक्षपातगर्भा, इति तां सूत्रोत्तीर्णां= आगमबाधितां ब्रुवते मध्यस्थाः । आगमे ह्यविशेषेणैवान्यथावादिनामन्यथाकारिणां च महादोषः प्रदर्शितस्तत्कोऽयं विशेषो यत्परपक्षपतितस्यैवोत्सूत्रभाषिणोऽनन्तसंसारित्वनियमो न स्वपक्षपतितस्य यथाछन्दादेरिति ।।४।।

ટીકાર્થ :-

तेन ..... यथाछन्दादेरिति ।। 'तुल्लेवित्ति' પ્રતીક છે. તે કારણે=મધ્યસ્થ પુરુષને કુલાદિના પક્ષપાતનો અભાવ હોવાને કારણે તુલ્ય પણ ઉત્સૂત્રભાષણાદિ દોષ હોતે છતે પક્ષ વિશેષથી જે વિશેષની ઉક્તિ છે=સ્વપક્ષમાં રહેલા યથાછંદને પણ અપર માર્ગના આશ્રયનો અભાવ હોવાથી તેવા પ્રકારનો દોષ નથી અર્થાત્ પરપક્ષમાં રહેલા ઉત્સૂત્ર-ભાષણ કરનારને જેવા પ્રકારનો દોષ છે તેવા પ્રકારનો દોષ નથી. વળી પરપક્ષમાં પતિતને ઉન્માર્ગનો આશ્રયણ હોવાથી નિયમથી અનંતસંસારીપણું છે. એ પ્રકારની જે વિશેષ ઉક્તિ છે, તે વિશેષ ઉક્તિ નિશ્રિત છે=પક્ષપાત ગર્ભ છે. એથી તેને=પક્ષપાતગર્ભ એવી વિશેષ ઉક્તિને, મધ્યસ્થ પુરુષ સૂત્રઉત્તીર્ણ=આગમબાધિત, કહે છે.

પૂર્વમાં કહ્યું કે તુલ્ય દોષમાં પક્ષવિશેષથી જે ભેદ કરવામાં આવે તે ઉત્સૂત્ર છે તેમ મધ્યસ્થ કહે છે. તેને સ્પષ્ટ કરવા માટે કહે છે –

આગમમાં અવિશેષથી=સ્વપક્ષ-પરપક્ષના ભેદ વગર અન્યથા બોલનારાઓને=સર્વજ્ઞના વચનથી અન્યથા બોલનારાઓને અને સર્વજ્ઞના વચનથી અન્યથા કરનારાઓને મહાદોષ બતાવાયો છે. તે કારણથી આ વિશેષ પક્ષપાત શું છે અર્થાત્ કોઈ વિશેષ પક્ષપાત યુક્ત નથી, જે પરપક્ષમાં રહેલા જ ઉત્સૂત્રભાષીને અનંતસંસારીત્વનો નિયમ છે, સ્વપક્ષમાં રહેલા યથાછંદીઓને અનંતસંસારીત્વનો નિયમ નથી, એ પ્રકારનો વિશેષ પક્ષપાત યુક્ત નથી એમ અન્વય છે. ।।૪।।

ભાવાર્થ :-

મધ્યસ્થ પુરુષો પક્ષપાતવાળું વચન સ્વીકારતા નથી. તેથી ગાથામાં કહ્યું તે પ્રકારનું પક્ષપાત વચન મધ્યસ્થને સ્વીકારવું ઉચિત નથી. ગાથામાં પક્ષપાતવાળું વચન કેવું છે ? તે સ્પષ્ટ કરતાં ટીકાકાર કહે છે – કેટલાક લોકો એમ માને છે કે જૈનદર્શન કરતાં અન્યદર્શનમાં રહેલા જે ઉત્સૂત્રભાષણ કરે છે તેનાથી તેઓને અનંતસંસાર થાય છે; કેમ કે અન્યદર્શનવાળા ભગવાનના વચનથી વિપરીત એવા ઉન્માર્ગનો આશ્રય કરનારા છે માટે તેઓને અનંતસંસાર જ થાય. અને જૈનદર્શનમાં રહેલા યથાછંદને અનંતસંસાર

થઈ શકે નહિ; કેમ કે ભગવાનના વચનનો આશ્રય કરીને ક્રિયા કરનારા છે અને ભગવાનના વચનને પ્રમાણ માનનારા છે. આમ છતાં કોઈક સ્થાને જ પોતાની સ્વચ્છંદ મતિથી ભગવાનના વચનથી વિપરીત કરે છે. માટે ભગવાનના વચનને ઘણા અંશે સ્વીકારનારા છે અને કોઈક અંશથી ભગવાનના વચનથી વિપરીત સ્વીકારનારા છે, તેથી અનંતસંસાર થઈ શકે નહિ. આ પ્રકારનો સ્વદર્શનનો પક્ષપાત કરીને જેઓ ઉત્સૂત્રભાષણાદિથી સંસારની વૃદ્ધિ સ્વીકારે છે, તેઓનું તે વચન મધ્યસ્થ પુરુષોએ સ્વીકારવું જોઈએ નહિ; કેમ કે આ પ્રકારનું વચન સ્વદર્શન પ્રત્યેના પક્ષપાત અને પરદર્શન પ્રત્યેના દ્વેષથી બોલાયેલું છે.

અહીં પ્રશ્ન થાય કે સ્વદર્શનમાં રહેલા યથાછંદ કરતાં પરદર્શનમાં રહેલા ઉન્માર્ગની પ્રવૃત્તિ કરનારામાં ભેદ છે, તો આ પ્રકારનો વિભાગ પક્ષપાતવાળો છે તેમ કેમ કહી શકાય ? એથી કહે છે –

આગમમાં કોઈ પ્રકારના વિભાગ કર્યા વગર ભગવાનના વચનથી વિપરીત કહેનારાને અને ભગવાનના વચનથી વિપરીત આચરનારાને મહાદોષ કહ્યો છે. તેથી પરદર્શનમાં રહેલા જેમ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરે છે તેમ સ્વદર્શનમાં રહેલા યથાછંદ પણ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરનારા છે. માટે પરપક્ષમાં રહેનારા પોતાની વિપરીત પ્રવૃત્તિને ઉચિત પ્રવૃત્તિરૂપે સ્થાપના કરીને ઉત્સૂત્રભાષણ કરે છે. તેમ સ્વદર્શનમાં રહેલા યથાછંદ પણ પોતાની વિપરીત પ્રવૃત્તિને ઉચિત પ્રવૃત્તિરૂપે સ્થાપન કરીને ઉત્સૂત્રભાષણ કરે છે. માટે સ્વપક્ષના અને પરપક્ષના ઉત્સૂત્રભાષણને સમાનરૂપે મહાન દોષની પ્રાપ્તિ છે. છતાં સ્વદર્શનના પક્ષપાતથી જેઓ પરપક્ષ અને સ્વપક્ષનો ભેદ કરે છે તેને મધ્યસ્થ પુરુષોએ સ્વીકારવું જોઈએ નહિ.

અહીં વિશેષ એ છે કે જૈન સાધુ વેશમાં હોય, જૈન શ્રાવકના આચાર પાળનારા હોય, અવિરતસમ્યગ્દૃષ્ટિ હોય કે સંસારી જીવો હોય તે સર્વ જીવોને સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને ઉત્તર ઉત્તર ભૂમિકાના યોગમાર્ગનો સંચય કરવાની ભગવાનની આજ્ઞા છે. તે પ્રમાણે જેઓ કરે છે તેઓ ભગવાનના વચનથી અન્યથાકારી નથી અને આ સર્વ જીવોમાંથી કોઈ પણ જીવ પ્રમાદને વશ પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત કૃત્ય ન કરે તે અન્યથા પ્રવૃત્તિ છે અને પોતાની તે અન્યથા પ્રવૃત્તિને ઉચિત પ્રવૃત્તિ કહેવી તે ઉત્સૂત્રભાષણ છે. માટે ઉત્સૂત્રભાષણ માત્ર સાધુને આશ્રયીને નથી પરંતુ શ્રાવકો કે અન્ય સંસારી જીવો પણ કે જેઓ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરે છે અને ભગવાનના વચનને માનતા નથી તે સર્વને જે કંઈ સંસારની વૃદ્ધિ થાય છે તે ઉત્સૂત્ર પ્રવૃત્તિથી કે ઉત્સૂત્રભાષણથી થાય છે. ॥૪॥

અવતરણિકા :-

નન્વસ્ત્યયં વિશેષો યત્પરપક્ષગતસ્યોત્સૂત્રભાષિણો 'વયમેવ જૈના અન્યે તુ જૈનાભાસા' ઇત્યેવં તીર્થોચ્છેદાભિપ્રાયેણ પ્રવર્ત્તમાનસ્ય સન્માર્ગનાશકત્વાન્નિયમેનાનન્તસંસારિત્વમ્, સ્વપક્ષગતસ્ય તુ વ્યવહારતો માર્ગપતિતસ્ય નાયમભિપ્રાયઃ સંભવતિ, તત્કારણસ્ય જૈનપ્રવચનપ્રતિપક્ષભૂતાપરમાર્ગસ્યાઙ્ગીકારસ્યાભાવાદ્, ઇત્યત આહ –

અવતરણિકાર્થ :-

'ननु'થી કોઈક કહે છે – આ વિશેષ છે પરપક્ષગત ઉત્સૂત્રભાષણ કરનારા=દિગંબરાદિ પક્ષમાં રહેનારા, ઉત્સૂત્રભાષણ કરનારા, "અમે જ જૈનો છીએ, બીજાઓ વળી જૈનાભાસો છે." એ પ્રમાણે તીર્થના ઉચ્છેદના અભિપ્રાયથી પ્રવર્તમાનનું સન્માર્ગનાશકપણું હોવાથી નિયમથી અનંતસંસારીપણું છે. વળી સ્વપક્ષમાં રહેલા વ્યવહારથી માર્ગમાં આવેલા જીવોનો આ અભિપ્રાય=તીર્થના ઉચ્છેદનો અભિપ્રાય, સંભવતો નથી; કેમ કે તેના કારણ એવા=તીર્થના ઉચ્છેદના અભિપ્રાયના કારણ એવા, જૈન પ્રવચનના પ્રતિપક્ષભૂત અપર માર્ગના અંગીકારનો અભાવ છે. આથી કહે છે –

ભાવાર્થ :-

'ननु'થી કોઈક શંકા કરે છે કે શ્વેતાંબરસંપ્રદાયના જૈનદર્શનથી અન્યદર્શનમાં રહેલા દિગંબરાદિ માને છે કે અમે જૈનો છીએ, અન્ય જૈનાભાસો છે. તેથી તેઓની માન્યતાનુસાર તેઓથી અન્ય જે શ્વેતાંબર છે અને જેઓ શુદ્ધ ભગવાનના વચનાનુસાર ચાલનારા છે તેઓની તે પ્રવૃત્તિને પણ તેઓ મિથ્યા પ્રવૃત્તિ કહે છે. તેથી જિનવચનાનુસાર શ્વેતાંબરસાધુની પ્રવૃત્તિ જે તીર્થ સ્વરૂપ છે તેના ઉચ્છેદના અભિપ્રાયવાળા પરપક્ષગત દિગંબરાદિ છે. માટે તેઓ સન્માર્ગના નાશક છે. તેથી તેઓ અનંતસંસારી છે. અને સ્વપક્ષમાં રહેલા વ્યવહારથી શ્વેતાંબરમાર્ગને અનુસરનારા એવા યથાછંદાદિ સાધુઓને આવો અભિપ્રાય સંભવી શકતો નથી; કેમ કે તેઓ શ્વેતાંબર સંપ્રદાયના માર્ગને સ્થૂલથી પણ માર્ગરૂપે સ્વીકારે છે. તેથી તેઓ જે કાંઈ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરે છે તેટલા અંશમાં જ તેઓને ઉત્સૂત્રભાષણ સંભવે. માટે તેઓને અનંતસંસાર થઈ શકે નહિ. આ પ્રકારનો ભેદ કોઈક બતાવે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

तित्थुच्छेओ व्व मओ सुत्तुच्छेओवि हंदि उम्मग्गो ।
संसारो अ अणंतो भयणिज्जो तत्थ भाववसा ।।५।।

છાયા :-

तीर्थोच्छेद इव मतः सूत्रोच्छेदोऽपि हंदि उन्मार्गः।
संसारश्चानन्तो भजनीयस्तत्र भाववशात्।।५।।

અન્વયાર્થ :-

तित्थुच्छेओ व्व=તીર્થના ઉચ્છેદની જેમ, सुत्थुच्छेओवि हंदि=સૂત્રનો ઉચ્છેદ પણ, उम्मग्गो मओ=ઉન્માર્ગ કહેવાયો છે. अ तत्थ=અને ત્યાં=તીર્થના ઉચ્છેદમાં કે સૂત્રના ઉચ્છેદમાં, भाववसा=ભાવના વશથી, अणंतो संसारो=અનંત સંસાર भयणिज्जो=ભજનીય છે. ।।૫।।

ગાથાર્થ :-

તીર્થના ઉચ્છેદની જેમ સૂત્રનો ઉચ્છેદ પણ ઉન્માર્ગ કહેવાયો છે. અને ત્યાં=તીર્થના ઉચ્છેદમાં કે સૂત્રના ઉચ્છેદમાં, ભાવના વશથી અનંતસંસાર ભજનીય છે. ।।૫।।

ટીકા :-

तित्थुच्छेओत्ति । तीर्थोच्छेद इव सूत्रोच्छेदोऽपि 'हंदि' इत्युपदर्शने उन्मार्ग एव मतः, तथा चोन्मार्गपतितानामुत्सूत्रभाषणं यदि तीर्थोच्छेदाभिप्रायेणैवेति भवतो मतं तदोत्सूत्राऽऽचरणप्ररूपणप्रवणानां व्यवहारतो मार्गपतितानां यथाछन्दादीनामुत्सूत्रभाषणमपि सूत्रोच्छेदाभिप्रायेणैव स्याद्, विरुद्धमार्गाश्रयणस्येव सूत्रविरुद्धाश्रयणस्यापि मार्गोच्छेदकारणस्याऽविशेषात्, तथा च द्वयोरप्युन्मार्गः समान एव, संसारस्त्वनन्तस्तत्र भावविशेषाद् भजनीयः, अध्यवसायविशेषं प्रतीत्य संख्याताऽसंख्याताऽनन्तभेदभिन्नस्य तस्यार्हदाद्याशातनाकृतामप्यभिधानात् । तथा च महानिशीथसूत्रं– जे णं तित्थकरादीणं महतिं आसायणं कुज्जा, से णं अज्झवसायं पडुच्च जाव णं अणंतसंसारिअत्तणं लभिज्जत्ति ।। **इत्थं चोत्सूत्रभाषिणां नियमादनन्तः संसार इति नियमः परास्त । किञ्च कालीदेवीप्रमुखाणां षष्ठाङ्गे–'**अहाछंदा अहाछंदविहारिणी(उ)त्ति' **पाठेन यथाछन्दत्वभणनादुत्सूत्रभाषित्वं सिद्धम्,**

उस्सुत्तमायरंतो उस्सुत्तं चेव पण्णवेमाणो ।

एसो अहाछंदो इच्छा छंदुत्ति एगट्ठा ।। **इत्यावश्यकनिर्युक्ति वचनात् () ।**

तासां चैकावतारित्वं प्रसिद्धमिति नायं नियमो युक्तः ।

ટીકાર્થ :-

तीर्थोच्छेद इव ..... नियमो युक्तः । 'तित्थुच्छेओत्ति' પ્રતીક છે. તીર્થોચ્છેદની જેમ સૂત્રોચ્છેદ પણ ઉન્માર્ગ જ મનાયો છે. અને તે રીતે=સૂત્રોચ્છેદ અને તીર્થોચ્છેદ ઉન્માર્ગ છે તે રીતે, ઉન્માર્ગમાં રહેલાનું ઉત્સૂત્રભાષણ જો તીર્થોચ્છેદના અભિપ્રાયથી જ છે, એ પ્રમાણે તને સંમત છે તો વ્યવહારથી ઉત્સૂત્ર આચરણામાં અને પ્રરૂપણામાં પ્રવણ એવા માર્ગપતિત યથાછંદાદિનું ઉત્સૂત્રભાષણ પણ સૂત્રોચ્છેદના અભિપ્રાયથી જ થાય; કેમ કે વિરુદ્ધ માર્ગના આશ્રયણની જેમ સૂત્ર વિરુદ્ધ આશ્રયણ પણ માર્ગોચ્છેદના કારણનો અવિશેષ છે. અને તે રીતે=વિરુદ્ધ માર્ગનું આશ્રયણ અને સૂત્ર વિરુદ્ધનું આશ્રયણ માર્ગોચ્છેદના કારણરૂપે સમાન છે તે રીતે, બંનેનો પણ=વિરુદ્ધ માર્ગનું આશ્રયણ અને સૂત્ર વિરુદ્ધનું આશ્રયણ બંનેનો પણ, ઉન્માર્ગ સમાન જ છે. વળી, ત્યાં=ઉન્માર્ગના આશ્રયણમાં અનંતસંસાર ભાવવિશેષથી ભજનીય છે; કેમ કે અધ્યવસાય વિશેષને આશ્રયીને સંખ્યાત, અસંખ્યાત, અનંત ભેદથી ભિન્ન એવા તેનું=સંસારનું, અરિહંતાદિની આશાતના કરનારાઓને પણ અભિધાન છે=કથન છે. અને તે

રીતે=અરિહંતાદિની આશાતના કરનારાઓને પણ સંખ્યાતાદિ ભેદોથી ભિન્ન સંસારની વૃદ્ધિ છે તે રીતે, મહાનિશીથ સૂત્ર છે –

તીર્થંકરાદિની મહાન આશાતના જે કરે અધ્યવસાયને આશ્રયીને તે યાવત્ અનંતસંસારીપણું પ્રાપ્ત કરે છે.

અને આ રીતે-ટીકામાં અત્યાર સુધી સ્પષ્ટ કર્યું એ રીતે, ઉત્સૂત્રભાષણ કરનારાઓને નિયમથી અનંતસંસાર જ છે, એ નિયમ પરાસ્ત થયો.

વળી, ઉત્સૂત્રભાષણ કરનારાઓને નિયમથી અનંતસંસાર નથી તેની પુષ્ટિ કરવા અર્થે કિઞ્ચથી સમુચ્ચય કરે છે –

વળી, કાળી દેવી વગેરેને છટ્ઠા અંગમાં 'યથાછંદ, યથાછંદવિહારિણી' **એ પ્રમાણે પાઠથી યથાછંદપણાનું કથન હોવાથી ઉત્સૂત્રભાષીપણું સિદ્ધ છે; કેમ કે** "ઉત્સૂત્રની આચરણા કરતો અને ઉત્સૂત્રની પ્રરૂપણા કરતો આ યથાછંદ છે. ઇચ્છા અને છંદ એ એકાર્થક છે." **એ પ્રકારે આવશ્યકનિર્યુક્તિનું વચન છે. અને તેઓનું કાલીદેવી વગેરેનું એકાવતારીપણું પ્રસિદ્ધ છે. એથી આ નિયમ યુક્ત નથી=ઉત્સૂત્રભાષી નિયમથી અનંતસંસારી હોય એ નિયમ યુક્ત નથી.**

ભાવાર્થ :-

અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહેલ કે અન્યદર્શનવાળા એવા દિગંબરાદિ તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા છે અને શ્વેતાંબર સંપ્રદાયના સાધુઓ પ્રમાદી હોય તોપણ ભગવાનના કોઈક વચનને વિપરીત કહેનારા છે તેથી દિગંબરાદિને તીર્થોચ્છેદના અભિપ્રાયથી અનંતસંસાર થઈ શકે, શ્વેતાંબર સાધુને અનંતસંસાર થઈ શકે નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – તીર્થોચ્છેદની જેમ સૂત્રોચ્છેદ પણ ઉન્માર્ગ છે. તેથી દિગંબરાદિ તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા હોવાથી ઉન્માર્ગમાં છે તેમ તપગચ્છમાં રહેતા પણ સૂત્રોચ્છેદના અભિપ્રાયવાળા હોવાથી ઉન્માર્ગમાં જ છે. અને ઉન્માર્ગમાં જેઓ પ્રવૃત્તિ કરે છે તેઓને સન્માર્ગ પ્રત્યેનો ઉપેક્ષાનો ભાવ કે ઉન્માર્ગ પ્રત્યે રાગનો પરિણામ જેટલા અંશમાં દૃઢ-દૃઢતર છે, તે પ્રમાણે તેઓના ભાવના ભેદથી સંખ્યાત-અસંખ્યાત કે અનંતસંસાર થઈ શકે છે. જેમ કોઈ તીર્થંકરાદિ આશાતના કરે તેઓને તે આશાતના કાળમાં જેટલો તીવ્ર પરિણામ તે પ્રમાણે સંસારની વૃદ્ધિ થાય છે, તેમ ઉત્સૂત્ર આચરણ કે ઉત્સૂત્ર પ્રરૂપણા કરતા તીર્થોચ્છેદનો કે સૂત્રોચ્છેદનો અભિપ્રાય હોય તે સર્વને તેના ભાવના પ્રકર્ષ-અપકર્ષ પ્રમાણે પોતાનામાં વિદ્યમાન સંસારની વૃદ્ધિ થાય છે. આ રીતે ઉત્સૂત્રભાષીને નિયમથી અનંતસંસાર છે તે પ્રમાણે નિયમ કોઈક કહે છે તેનું નિરાકરણ થાય છે.

વળી, ઉત્સૂત્રભાષણ કરનારને અનંતસંસાર નથી તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે – છટ્ઠા જ્ઞાતાધર્મકથાસૂત્રરૂપ આગમમાં કાલીદેવી વગેરેને યથાછંદ કહ્યા છે. યથાછંદ નિયમા ઉત્સૂત્રભાષી છે તેમ સિદ્ધ છે; કેમ કે આવશ્યકનિર્યુક્તિમાં ઉત્સૂત્રની આચરણા કરતો અને ઉત્સૂત્રને બોલતો આ યથાછંદ છે તેમ કહ્યું છે. ત્યાં યથાછંદમાં 'છંદ' શબ્દ ઇચ્છા અર્થમાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે યથાછંદ હોય તે પોતાની ઇચ્છા પ્રમાણે

સંયમના આચારો પાળે છે, પરંતુ જે સંયમ પોતાને પાળવું છે તેની વિધિ ભગવાને શું બતાવી છે ? તેનો યથાર્થ નિર્ણય કરીને તે પ્રમાણે આચરવાની વૃત્તિવાળા નથી. શાસ્ત્રમાં કહેલ સાધ્વાચારને ગ્રહણ કરીને પોતાની ઇચ્છાનુસાર યોજન કરીને આચાર પાળનારા છે. માટે તેઓ ઉત્સૂત્રઆચરણ કરનારા છે અને પોતે જે આચરણ કરે છે તે ઉચિત છે તેમ માનીને પ્રરૂપણા કરે છે. તેથી કાલી દેવી વગેરે ઉત્સૂત્રભાષી છે તે પ્રમાણે સિદ્ધ છે. છતાં તેઓ શાસ્ત્રમાં એકાવતારી તરીકે પ્રસિદ્ધ છે. માટે ઉત્સૂત્રભાષણ કરનારને અનંતસંસાર જ થાય તેવો એકાંત નિયમ નથી.

ટીકા :-

यत्तु उन्मार्गमाश्रितानामाभोगवतामनाभोगवतां वा नियमेनानन्तः संसारः, प्रतिसमयं तीर्थोच्छेदाभिप्रायेण साम्यात् यथाछन्दस्तु क्वचिदंशेऽनाभोगादेवोत्सूत्रभाषी स्यात्, तस्यानाभोगोऽपि प्रायः सम्यगागमस्वरूपाऽपरिणते, न च तस्य तदुत्सूत्रभाषणमनन्तसंसारहेतुः, तीर्थोच्छेदाभिप्रायहेतुकस्यैव तस्याऽनन्तसंसारहेतुत्वाद् इति तदसंबद्धं, एतादृशनियमाभावात् । न ह्युन्मार्गपतिताः सर्वेऽपि तीर्थोच्छेदपरिणामवन्त एव, सरलपरिणामानामपि केषांचिद्दर्शनात् न च यथाछन्दादयोऽनाभोगादेवोत्सूत्रभाषिणः, जानतामपि तेषां बहूनां सुविहितसाधुसमाचारप्रद्वेषदर्शनात् । यस्त्वाह-यथाछन्दत्वभवनहेतूनां पार्श्वस्थभवनहेतूनामिव नानात्वेनागमे भणितत्वाद् यथाछन्दमात्रस्योत्सूत्रभाषित्वनियमोऽप्रामाणिकः इति तदरमणीयं, आगम एव यथाछन्दस्योत्सूत्रप्ररूपणाया नियतव्यवस्थाप्रदर्शनात् तदुक्तं व्यवहारभाष्ये-

अहछंदस्स परूवण उस्सुत्ता दुविह होइ णायव्वा ।
चरणेसु गइंसु जा तत्थ चरणे इमा होइ ।।१।।
पडिलेहणि मुहपोत्तिय रयहरण निसिज्ज पायमत्तए पट्टे ।
पडलाइ चोल उण्णादसिआ पडिलेहणापोत्तं ।।२।।
दंतच्छिन्नमलित्तं हरियट्ठिय पमज्जणा य णिंतस्स ।
अणुवाइ अणणुवाई परूवणं चरणे गतीसुंपि ।।३।।
अणुवाइत्ति नज्जइ जुत्तीपडियं खु भासए एसो ।
जं पुण सुत्तावेयं तं होइ अणणुवाइत्ति ।।४।।
सागारिआइ पलियंक णिसिज्जासेवणा य गिहिमत्ते ।
णिग्गंथिचिट्ठणाई पडिसेहो मासकप्पस्स ।।५।।
चारे वेरज्जे वा पढमसमोसरण तह णितिएसु ।
सुण्णे अकप्पिए अ अणाउंछे य संभोगे ।।६।।

किंवा अकप्पिएणं गहियं फासुंपि होइ उ अभोज्जं ।
अन्नाउंछं को वा होइ गुणो कप्पिए गहिए ।।७।।
पंचमहव्वयधारी समणा सव्वे वि किं ण भुंजंति ।
इय चरणवितथवादी इत्तो वुच्छं गईसुं तु ।।८।।
खेत्तं गओ अडविं इक्को संचिक्खए तहिं चेव ।
तित्थयरो पुण पियरो खेत्तं पुण भावओ सिद्धित्ति ।।९।।

एतासां गाथानामयं संक्षेपार्थः—अहछंदस्सत्ति । यथाछन्दस्य प्ररूपणोत्सूत्रा=सूत्रादुत्तीर्णा द्विविधा भवति ज्ञातव्या । तद्यथा—चरणेषु=चरणविषया, गतिषु=गतिविषया । तत्र या चरणे=चरणविषया सा इयं=वक्ष्यमाणा भवति ।।१।।

तामेवाह—पडिलेहणित्ति, मुखपोतिका=मुखवस्त्रिका सैव प्रतिलेखनी=पात्रप्रत्युपेक्षिका पात्रकेसरिका, किं द्वयोः परिग्रहेण? अतिरिक्तोपधिग्रहणदोषादेकयैव मुखपोतिकया कायभाजनोभयप्रत्युपेक्षण-कार्यनिर्वाहेणापरवैफल्यात् । तथा रयहरणणिसिज्जत्ति, किं रजोहरणस्य द्वाभ्यां निषद्याभ्यां कर्त्तव्यम्? एकैव निषद्याऽस्तु । पायमत्तएत्ति, यदेव पात्रं तदेव मात्रकं क्रियतां, मात्रकं वा पात्रं क्रियतां, किं द्वयोः परिग्रहेण? एकेनैवान्यकार्यनिष्पत्तेः । भणितं च—'यो भिक्षुस्तरुणो बलवान् स एकं पात्रं गृह्णीयाद्' **आचारांग इति । तथा पट्टएत्ति य एव चोलपोट्टकः स एव रात्रौ संस्तारकस्योत्तरपट्टः क्रियतां किं पृथगुत्तरपट्टग्रहेण? तथा पडलाइं चोलत्ति, पटलानि किमिति पृथग् ध्रियन्ते? चोलपट्टक एव भिक्षार्थं हिण्डमानेन द्विगुणस्त्रिगुणो वा कृत्वा पटलस्थाने वा निवेश्यताम् । उण्णादसिय त्ति, रजोहरणस्य दशाः किमित्युर्णमय्यः क्रियन्ते, क्षौमिकाः क्रियन्ताम्, ता ह्यूर्णमयीभ्यो मृदुतरा भवन्ति । पडिलेहणा-पोत्तंति=प्रतिलेखनावेलायामेकं पोतं प्रस्तार्य तस्योपरि समस्तवस्त्रप्रत्युप्रेक्षणां कृत्वा तदनन्तरमुपा-श्रयाद् बहिः प्रत्युपेक्षणीयम्, एवं हि महती जीवदया कृता भवतीति ।।२।।**

दंतच्छिन्नमिति । हस्तगताः पादगता वा नखाः प्रवृद्धा दन्तैश्छेत्तव्याः न नखरदनेन, नखरदनं हि ध्रियमाणमधिकरणं भवति । तथा अलित्तंति, पात्रमलिप्तं कर्त्तव्यं, लेवे बहुदोषसंभवान्न पात्रं लेपनीयमिति भावः । हरियट्ठियत्ति, हरितप्रतिष्ठितं भक्तपानादि डगलादि च ग्राह्यम्, तद्ग्रहणे हि तेषां हरितकायजीवानां भारापहारः कृतो भवति । पमज्जणा य णिंतस्सत्ति, यदि छन्ने जीवदयानिमित्तं प्रमार्जना क्रियते ततो बहिरच्छन्ने क्रियतां, दयापरिणामाविशेषात् । ईदृशी यथाछन्दस्य प्ररूपणा चरणेषु, गतिषु चानुपातिन्य-ननुपातिनी च भवति ।।३।।

अनुपातिन्यननुपातिन्योः स्वरूपमाह–अणुवाइत्ति । यद्भाषमाणः स यथाछन्दो ज्ञायते, यथा खु निश्चितं युक्तिपतितं=युक्तिसंगतमेव भाषते तदनुपातिप्ररूपणम् । यथा-यैव मुखपोतिका सैव प्रतिलेखनिकेत्यादि । यत्पुनर्भाष्यमाणं सूत्रापेतं प्रतिभासते तद्भवत्यननुपाति, यथा चोलपट्टः पटलानि क्रियन्तामिति, षट्पदिकापतनसंभवेन सूत्रयुक्तिबाधात् । अथवा सर्वाण्येव पदान्यगीतार्थप्रतिभासापेक्षयाऽनुपातीनि, गीतार्थप्रतिभासापेक्षया त्वननुपातीनीति ।।४।।

इदं चान्यत्तत्प्ररूपणम्–सागारियाइत्ति, सागारिकः=शय्यातरस्तद्विषये ब्रूते शय्यातरपिण्डग्रहणे नास्ति दोषः प्रत्युत शय्यातरस्य महालाभ इति । आदिशब्दात्स्थापनाकुलेष्वपि प्रविशतो नास्ति दोषः, प्रत्युत भिक्षाशुद्धिरित्यादि ग्राह्यम् । पलिअंकत्ति, पर्यङ्कादिषु मत्कुणादिरहितेषु परिभुज्यमानेषु न कोऽपि दोषः, प्रत्युत भुमावुपविशतो लाघवादयो दोषाः । निसेज्जासेवणत्ति गृहिनिषद्यायां न दोषः, प्रत्युत धर्मकथाश्रवणेन लाभ इति । गिहिमत्तेत्ति, गृहिमात्रके भोजनं कस्मात्र क्रियते? न ह्यत्र दोषः, प्रत्युत सुन्दरपात्रोपभोगात् प्रवचनानुपघातलक्षणोऽन्यपात्रभाराऽवहनलक्षणश्च गुण इति । निग्गंथिचेट्ठणाइत्ति, निर्ग्रन्थीनामुपाश्रयेऽवस्थानादौ को दोषः? यत्र तत्र स्थितेन शुभं मनः प्रवर्त्तितव्यं, तच्च स्वायत्तमिति । तथा मासकल्पस्य प्रतिषेधस्तेन क्रियते, यदि दोषो न विद्यते तदा परतोऽपि तत्र स्थेयमिति ।।५।।

चारेत्ति, चारश्च चरणं गमनमित्यर्थस्तद्विषये ब्रूते–वृष्ट्यभावे चातुर्मासकमध्येऽपि गच्छतां को दोषः? इति तथा वेरज्जत्ति, वैराज्येऽपि ब्रूते साधवो विहारं कुर्वन्तु, परित्यक्तं हि तैः शरीरं, सोढव्याः खलु साधुभिरुपसर्गा इति । पढमसमोसरणं=वर्षाकालस्तत्र ब्रूते-किमिति प्रथमसमवसरणे शुद्धं वस्त्रादि न ग्राह्यम्? द्वितीयसमवसरणेऽपि ह्युद्गमादिदोषशुद्धमिति गृह्यते, तत्कोऽयं विशेषः? इति । तह णिइएसुत्ति, तथा नित्येषु=नित्यवासिषु प्ररूपयति-नित्यवासे न दोषः, प्रत्युत प्रभूतसूत्रार्थग्रहणादिलक्षणो गुण इति । तथा सुन्नत्ति, यद्युपकरणं न केनापि ह्रियते ततः शून्यायां वसतौ को दोषः? अकप्पिये अत्ति, अकल्पिकः=अगीतार्थस्तद्विषये ब्रूते-अकल्पिकेनानीतमज्ञातोञ्छं किं न भुज्यते? तस्याज्ञातोञ्छतया विशेषतः परिभोगार्हत्वात् । संभोएत्ति, संभोगे ब्रूते-सर्वेऽपि पञ्चमहाव्रतधारित्वेन साधवः सांभोगिका इति ।।६।।

अकप्पिए अत्ति विशिष्य विवृणोति । किं वत्ति, किंवत्=केन प्रकारेणाकल्पिकेन=अगीतार्थेन गृहीतं प्रासुकमज्ञातोञ्छमपि अभोज्यं=अपरिभोक्तव्यं, भवति को वा कल्पिकेन, अत्र गाथायां सप्तमी तृतीयार्थे, गृहीते गुणो भवति? नैव कश्चिद्, उभयत्रापि शुद्ध्यविशेषात् ।।७।।

संभोएत्ति व्याचष्टे–पंचमहव्वयधारित्ति, पञ्चमहाव्रतधारिणः सर्वे श्रमणाः किं नैकत्र भुञ्जते? यदेके सांभोगिका अपरे चासांभोगिकाः क्रियन्ते इति । इत्येवमुपदर्शितप्रकारेणानालोचितगुणदोषो यथाछन्दश्चरणे=चरणविषये वितथवादी । अत उर्ध्वं तु गतिषु वितथवादिनं वक्ष्यामि ।।८।।

खेत्तं गओ यत्ति । स यथाछन्दो गतिष्वेवं प्ररूपणां करोति–'एगो गाहावई तस्स तिण्णि पुत्ता, ते सव्वेवि खित्तकम्मोवजीविणो पियरेण खित्तकम्मे णिओइया, तत्थेगो खित्तकम्मं जहाणत्तं करेइ, एगो अडविं गओ देसं देसेण हिंडइ इत्यर्थः, एगो जिमिउं देवकुलादिसु अच्छति, कालंतरेण तेसिं पिया मओ, तेहिं सव्वंपि पितिसंतियं ति काउं समं विभत्तं, तेसिं जं एक्केणं उवज्जिअं तं सव्वेसिं सामन्नं जायं, एवं अम्हं पिया तित्थयरो तस्संतिओवदेसेणं सव्वे समणा कायकिलेसं कुव्वंति, अम्हे ण करेमो जं तुब्भेहिं कयं तं अम्हं सामन्नं, जहा तुब्भे देवलोगं सुकुलपच्चायातिं वा सिद्धिं वा गच्छह तहा अम्हे वि गच्छिस्सामोत्ति ।' एष गाथाभावार्थः । अक्षरयोजनिका त्वियं–एकः पुत्रः क्षेत्रंगतः, एकोऽटवीं देशान्तरेषु परिभ्रमतीत्यर्थः । अपर एकस्तत्रैव संतिष्ठते, पितरि च मृते धनं सर्वेषामपि समानम्, एवमत्रापि मातापितृस्थानीयस्तीर्थकरः क्षेत्रं=क्षेत्रफलं=धनं पुनर्भावतः=परमार्थतः सिद्धिस्तां यूयमिव युष्मदुपार्जनेन वयमपि गमिष्याम इति ।।९।।

तदेवं यथाछन्दस्याप्युत्सूत्रप्ररूपणाव्यवस्थादर्शनात् कथमेवमवांग्दृशा निर्णीयते यदुत–'मार्गपतितस्य यथाछन्दस्य कस्यचिदनाभोगादेवोत्सूत्रभाषणं, तच्च नानन्तसंसारकारणं, उन्मार्गपतितानां तु सर्वेषामाभोगवतामनाभोगवतां वा तदनन्तसंसारकारणमेव, तीर्थोच्छेदाभिप्रायमूलत्वादिति', साध्वाचारोच्छेदाभिप्रायस्य यथाछन्देऽप्यविशेषात् ।

टीकार्थ :-

यत्तु ..... यथाछन्देऽप्यविशेषात् । જે વળી ઉન્માર્ગાશ્રિત આભોગવાળાને કે અનાભોગવાળાને=પોતે ઉન્માર્ગનો આશ્રય કર્યો છે તેમ જાણતા એવા અથવા પોતે ઉન્માર્ગનો આશ્રય કર્યો છે એવું નહિ જાણતા એવા જીવોને નિયમથી અનંતસંસાર છે; કેમ કે પ્રતિસમય તીર્થોચ્છેદના અભિપ્રાયનું સામ્યપણું છે. વળી, યથાછંદ કોઈક અંશમાં અનાભોગથી જ ઉત્સૂત્રભાષી થાય છે અને તેનો અનાભોગ પણ પ્રાયઃ સમ્યગ્ આગમ સ્વરૂપની અપરિણતિમાં છે. અને તેનું ઉત્સૂત્રભાષણ અનંતસંસારનું હેતુપણું નથી; કેમ કે તીર્થોચ્છેદના અભિપ્રાયના હેતુક જ તેનું=ઉત્સૂત્રભાષણનું, અનંતસંસારનું હેતુપણું છે. 'इति' શબ્દ 'यत्तु'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. તે અસંબદ્ધ છે='यत्तु'થી કરાયેલું કથન અસંબદ્ધ છે; કેમ કે આવા પ્રકારના નિયમનો અભાવ છે=તીર્થોચ્છેદના અભિપ્રાયવાળાને અનંતસંસાર છે, અને અન્ય ઉત્સૂત્રભાષીને અનંતસંસાર નથી. એવા પ્રકારનો નિયમનો અભાવ છે.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે 'ઉન્માર્ગ આશ્રિત બધા તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા છે', એ કથન ઉચિત નથી અને 'યથાછંદ અનાભોગથી જ ઉત્સૂત્રભાષણ કરે છે' તે કથન પણ ઉચિત નથી, તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ઉન્માર્ગમાં રહેલા સર્વ પણ તીર્થોચ્છેદના પરિણામવાળા જ હોતા નથી; કેમ કે સરલ પરિણામવાળા પણ કેટલાકનું દર્શન છે. અને યથાછંદાદિ અનાભોગથી જ ઉત્સૂત્રભાષી નથી; કેમ કે જાણવા છતાં પણ=પોતે શાસ્ત્ર વિરુદ્ધ બોલે છે તેમ જાણવા છતાં પણ, બહુ એવા તેઓને સુવિહિત સાધુ સમાચારનો પ્રદ્વેષ દેખાય છે. જે વળી કહે છે – પાર્શ્વસ્થ થવાના હેતુઓના અનેકપણાની જેમ યથાછંદત્વ થવાના હેતુઓનું અનેકપણું આગમમાં કહેલું હોવાથી યથાછંદમાત્રને ઉત્સૂત્રભાષીપણાનો નિયમ અપ્રમાણિક છે. 'ઇતિ' શબ્દ 'યત્તુ આહ'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે.

તે અરમણીય છે. 'યત્તુ'થી કરાયેલું પૂર્વપક્ષીનું કથન અરમણીય છે; કેમ કે આગમમાં યથાછંદની ઉત્સૂત્ર-પ્રરૂપણાની નિયત વ્યવસ્થાનું પ્રદર્શન છે. તે=યથાછંદ નિયત ઉત્સૂત્રભાષી છે તે, વ્યવહારભાષ્યમાં કહેવાયું છે.

યથાછંદની ઉત્સૂત્ર પ્રરૂપણા બે પ્રકારની જ્ઞાતવ્ય છે. ચરણમાં અને ગતિમાં. ત્યાં=બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણામાં, જે ચરણ વિષયક છે તે આ છે. ।।૧।।

પ્રતિલેખની=મુહપત્તિ પાત્રકેસરિકા જ છે, રજોહરણની એક નિષદ્યા, પાત્ર જ માત્રક, પટ્ટો=ચોલપટ્ટો જ ઉત્તરપટ્ટો, ચોલપટ્ટો જ પલ્લા કરાય, ઊનની દશીઓ કેમ ? ક્ષૌમની=રેશમની, દશી કરાવવી જોઈએ, વસ્ત્ર ઉપર પડિલેહણા કરવી જોઈએ. ।।૨।।

દંતથી જ નખો છેદવા જોઈએ, પાત્રનો લેપ કરવો જોઈએ નહિ, વનસ્પતિ ઉપર રહેલ ભક્ત-પાનાદિ ગ્રહણ કરવા જોઈએ. જતાંને પ્રમાર્જના=બહાર જતાંને પ્રમાર્જના, અનુપાતી-અનનુપાતી પ્રરૂપણા ચરણ અને ગતિમાં=ગમનમાં, છે. ।।૩।।

અનુપાતી=બોલતો એવો આ યુક્તિસંગત બોલે છે તેવું જણાય તે. જે વળી સૂત્રથી રહિત છે તે અનનુપાતી છે. ।।૪।।

સાગારિકાદિ=શય્યાતર અને સ્થાપનાકુલાદિમાંથી ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ, પલ્યંક-પલંગ વગેરે વાપરવામાં સાધુને દોષ નથી. ગૃહસ્થની નિષદ્યામાં સાધુને બેસવામાં દોષ નથી. ગૃહસ્થના ભાજનમાં ભોજન કરવામાં દોષ નથી. સાધ્વીજીઓના ઉપાશ્રયમાં રહેવામાં દોષ નથી. માસકલ્પનો પ્રતિષેધ. ।।૫।।

ચાર=ગતિ વિષયક કહે છે. વૈરાજ્યે=ખરાબ રાજ્યના વિષયમાં, કહે છે, પ્રથમ સમવસરણ= ચોમાસામાં, શુદ્ધ વસ્ત્રો કેમ ગ્રહણ ન થાય?, નિત્યવાસમાં દોષ નથી, શૂન્ય વસતિ રાખવામાં શું દોષ છે ? અકલ્પિતના=અગીતાર્થના, અજ્ઞાતઉંછમાં કહે છે, સંભોગના વિષયમાં કહે છે. ।।૬।।

અથવા અકલ્પિતથી=અગીતાર્થથી, ગૃહીત પ્રાસુક પણ અજ્ઞાતઉંછ અભોજ્ય કેમ થાય ? કલ્પિકથી=ગીતાર્થથી, ગ્રહણ કરાયેલ એવું જ ગ્રાહ્ય કેમ થાય ? ।।૭।।

પંચમહાવ્રતધારી સર્વે શ્રમણો છે, તો કેમ એક ઠેકાણે ભોજન ન કરે ? આ પ્રમાણે ચરણ વિષયમાં વિતથવાદી છે=યથાછંદ વિતથવાદી છે. આના પછી ગતિના વિષયમાં ગતિ વિષયમાં=પરભવની ગતિ વિષયમાં કહીશું. ॥૮॥

એક પિતાના ત્રણ પુત્રો. (૧) ક્ષેત્રમાં રહેલો (૨) અટવીમાં રહેલો (૩) ત્યાં જ રહેલો. તીર્થંકર વળી પિતા, ક્ષેત્ર=ક્ષેત્રનું ફળ ધન એ પરમાર્થથી સિદ્ધિ છે. ॥૯॥

આ ગાથાઓનો આ સંક્ષેપ અર્થ છે. યથાછંદની પ્રરૂપણા ઉત્સૂત્ર=સૂત્રથી ઉત્તીર્ણ બે પ્રકારની જ્ઞાતવ્ય છે. તે આ પ્રમાણે – ચરણમાં=ચારિત્ર વિષયક, ગતિમાં-પરભવમાં ગમન રૂપ=ગતિ વિષયક. ત્યાં જે ચારિત્ર વિષયક ઉત્સૂત્ર પ્રરૂપણા છે તે આ=આગળ કહેવાશે તે છે. ॥૧॥

તેને જ=ચારિત્ર વિષયક ઉત્સૂત્ર પ્રરૂપણાને જ, કહે છે. મુખપોતિક=મુખવસ્ત્રિકાને જ પ્રતિલેખિની= પાત્રપ્રત્યુપેક્ષિકા=પાત્રકેસરિકા કરવી જોઈએ. બેના પરિગ્રહથી શું?=સાધુએ મુહપત્તી અને પાત્રકેસરિકા બેને રાખવાથી પરિગ્રહની વૃદ્ધિ થાય છે.

કેમ બેનો પરિગ્રહ સાધુએ કરવો જોઈએ નહિ ? તેમાં યુક્તિ બતાવે છે –

અતિરિક્ત ઉપધિના ગ્રહણના દોષને કારણે એક જ મુહપત્તિ વડે કાયા અને ભાજન ઉભયની પ્રત્યુપેક્ષણનું કાર્ય નિર્વાહ થવાથી અપરનું વિફલપણું છે=પાત્રકેસરિકા ગ્રહણ કરવી નકામી છે. રજોહરણના બે નિષદ્યા કેમ કરવા જોઈએ ? એક જ નિષદ્યા રહો. જે પાત્ર છે તે જ માત્રક કરાઓ અથવા જે માત્રક છે તે જ પાત્ર કરાઓ. બેના પરિગ્રહ વડે શું ? કેમ કે એક વડે=પાત્ર-માત્રકમાં એક વડે જ અન્યના કાર્યની નિષ્પત્તિ છે. અને આચારાંગમાં કહેવાયું છે – "જે ભિક્ષુ તરુણ બલવાન છે તે એક પાત્ર ગ્રહણ કરે". અને પટ્ટ=જે ચોલપટ્ટો છે તે જ રાત્રિમાં સંથારાનો ઉત્તરપટ્ટો કરાઓ. પૃથગ્ ઉત્તરપટ્ટા વડે શું ? તથા પટલ-ચોલ છે, પલ્લા કેમ પૃથગ્ રખાય છે ? ચોલપટ્ટો જ ભિક્ષા માટે ફરતા એવા સાધુએ બે ગણો-ત્રણ ગણો કરીને પલ્લાને સ્થાને નિવેશ કરાવો. રજોહરણની દશીઓ કેમ ઊર્ણમય કરાય છે ? રેશમની કરાઓ. ઊર્ણમયથી તે= રેશમની દશીઓ, મૃદુતર થાય છે. પ્રતિલેખના વેળામાં એક વસ્ત્રનો વિસ્તાર કરીને તેની ઉપર બધાં વસ્ત્રોની પ્રત્યુપેક્ષણા કરીને ત્યાર પછી ઉપાશ્રયની બહાર પ્રત્યુપેક્ષણ કરવી જોઈએ=તે વસ્ત્રની પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ. આ રીતે મોટી જીવદયા કરાયેલી થાય છે. ॥૨॥

હાથગત તથા પગગત વધેલા નખો દાંતથી જ છેદવા જોઈએ. નખ કાપવાના સાધનથી નહીં. જેથી નખ કાપવાનું સાધન ધારણ કરાતાં અધિકરણ થાય છે. અને પાત્ર અલિપ્ત રાખવું જોઈએ. લેપમાં બહુદોષનો સંભવ હોવાથી પાત્રનો લેપ કરવો જોઈએ નહિ. વનસ્પતિ ઉપર રહેલું ભક્ત-પાનાદિ કે ડગલાદિ ગ્રહણ કરવું જોઈએ. તેના ગ્રહણમાં તે વનસ્પતિકાયના જીવોનો ભાર અપહાર કરાયેલો થાય છે. જો ઢંકાયેલા સ્થાનમાં જીવદયા નિમિત્તે પ્રમાર્જના કરાય છે તો ખુલ્લા સ્થાનમાં પ્રમાર્જના કરાય. દયાનો પરિણામ અવિશેષ છે=જે પ્રમાણે ઢંકાયેલા સ્થાનમાં દયાનો પરિણામ છે તે પ્રમાણે ખુલ્લા સ્થાનમાં પણ છે. આવા પ્રકારની યથાછંદની પ્રરૂપણા ચારિત્ર વિષયક અને ગતિ

વિષયક અનુપાતી=યુક્તિને અનુસરનારી, અને અનનુપાતી=યુક્તિ રહિત, હોય છે. ॥૩॥

અનુપાતી-અનનુપાતીના સ્વરૂપને કહે છે – જેને બોલતો તે યથાછંદ જણાય છે.

શું જણાય છે ? તે સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે નિશ્ચિત યુક્તિ સંગત જ બોલે છે તે અનુપાતી પ્રરૂપણા છે. જે પ્રમાણે જે જ મુખપોતિકા છે તે જ પ્રતિલેખનિકા છે, ઇત્યાદિ. જે વળી બોલતો સૂત્રથી અપેત=સૂત્રથી બહાર નિરપેક્ષ, પ્રતિભાસે છે, તે અનનુપાતી=યુક્તિને નહિ અનુસારનાર થાય છે. જે પ્રમાણે ચોલપટ્ટો જ પલ્લા કરાઓ.

કેમ યુક્તિ અનનુપાતી છે ? તેમાં હેતુ કહે છે –

ચોલપટ્ટાને પલ્લા કરવાથી જૂના પતનનો સંભવ હોવાને કારણે સૂત્રની યુક્તિનો બાધ છે. અથવા સર્વ જ પદો=યથાછંદ વડે બોલાયેલાં બધાં જ પદો, અગીતાર્થના પ્રતિભાસની અપેક્ષાએ અનુપાતી છે=યુક્તિને અનુસરનારાં છે. ગીતાર્થના પ્રતિભાસની અપેક્ષાએ અનનુપાતી છે=યુક્તિને અનુસરનારાં નથી. ॥૪॥

અને આ તેની અન્ય પ્રરૂપણા છે. સાગારિક=શય્યાતર, તેના વિષયમાં કહે છે. શય્યાતરને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરવામાં દોષ નથી, ઊલટું શય્યાતરને મહાલાભ છે. આદિ શબ્દથી સ્થાપનાકુલોમાં પ્રવેશ કરતાં દોષ નથી, પરંતુ ભિક્ષાની શુદ્ધિ છે, ઇત્યાદિનું ગ્રહણ કરવું. માંકડ આદિથી રહિત પરિભોગ કરાતા પલ્યંકાદિમાં કોઈ દોષ નથી. પરંતુ ભૂમિમાં બેસવાથી લાઘવાદિ દોષો છે. ગૃહસ્થની નિષદ્યામાં કોઈ દોષ નથી. ઊલટું ધર્મકથાના શ્રવણ વડે લાભ છે. ગૃહસ્થના ભાજનમાં ભોજન કેમ ન કરાય ? અહીં-ગૃહસ્થના ભાજનમાં, ભોજન કરવામાં દોષ નથી, પરંતુ સુંદર પાત્રનો ઉપભોગ કરવાથી પ્રવચનનો અનુપઘાતરૂપ અને અન્ય પાત્ર ભારના અવહનરૂપ ગુણ છે. સાધ્વીના ઉપાશ્રયમાં અવસ્થાનાદિમાં શું દોષ છે ? કોઈ દોષ નથી.

કેમ દોષ નથી ? તે સ્પષ્ટ કરે છે –

જ્યાં ત્યાં રહેલા સાધુએ શુભ મન પ્રવર્તાવવું જોઈએ અને તે સ્વને આધીન છે. અને માસકલ્પનો પ્રતિષેધ તેના વડે=યથાછંદ વડે, કરાય છે. જો દોષ વિદ્યમાન ન હોય તો માસકલ્પ પછી પણ ત્યાં રહેવું જોઈએ.॥૫॥

ચારના વિષયમાં=ગમનના વિષયમાં, કહે છે – વરસાદના અભાવમાં ચાતુર્માસ મધ્યમાં વિહાર કરવામાં શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. અને વૈરાજ્યના વિષયમાં કહે છે. સાધુઓ વૈરાજ્યમાં પણ વિહાર કરો. જે કારણથી તેઓએ શરીર ત્યાગ કર્યું છે. તેથી તેઓએ ઉપસર્ગો સહન કરવા જોઈએ. પ્રથમ સમવસરણમાં=વર્ષાકાલ વિષયક બોલે છે. પ્રથમ સમવસરણમાં શુદ્ધ વસ્ત્રાદિ કેમ ન ગ્રહણ કરાય ? બીજા સમવસરણમાં=ચાતુર્માસ સિવાયના માસકલ્પાદિ વિહારમાં ઉદ્ગમાદિ દોષ

શુદ્ધ છે. તેથી એ ગ્રહણ કરાય છે. તો આ શું વિશેષ છે ? અને નિત્યવાસમાં પ્રરૂપણા કરે છે. નિત્યવાસમાં દોષ નથી. ઊલટું ઘણા સૂત્રાર્થગ્રહણાદિ સ્વરૂપ ગુણ છે. અને શૂન્ય વસતિના વિષયમાં કહે છે – જો ઉપકરણનું કોઈના વડે હરણ ન થાય તો શૂન્ય વસતિ હોતે છતે=કારણે બધા સાધુ પોતાની ઉપધિ મૂકીને બહાર ગયા હોય તો શું દોષ છે ? અકલ્પિકના=અગીતાર્થના, વિષયમાં કહે છે. અકલ્પિક વડે લવાયેલું અજ્ઞાતઉંછ કેમ ગ્રહણ કરાતું નથી ? અર્થાત્ સાધુઓએ તે આહાર ગ્રહણ કરવો જોઈએ; કેમ કે તેનું અજ્ઞાતઉંછપણું હોવાને કારણે=અગીતાર્થ સાધુ વડે લવાયેલા આહારનું અજ્ઞાતઉંછપણું હોવાને કારણે, વિશેષથી પરિભોગ યોગ્યપણું છે. સંભોગમાં બોલે છે – સર્વ પણ પાંચ મહાવ્રતધારીઓ સાંભોગિક જ છે. ॥૬॥

અકલ્પિકના વિષયમાં વિશેષ કરીને વર્ણન કરે છે – ગાથા-૬માં અકલ્પિક અજ્ઞાત ઉંછનું વર્ણન કરેલું તેને જ વિશેષ કરીને વર્ણન કરે છે. કયા કારણથી અકલ્પિક=અગીતાર્થ વડે ગ્રહણ કરાયેલું પ્રાસુક અજ્ઞાતઉંછ પણ અભોજ્ય થાય છે. અથવા કલ્પિક વડે શું=કલ્પિક વડે ગૃહીતમાં શું ગુણ છે ? કોઈ ગુણ નથી જ. ઉભયમાં પણ=કલ્પિક અને અકલ્પિક ગૃહીત પ્રાસુક અજ્ઞાતઉંછમાં પણ, શુદ્ધિ અવિશેષ છે. ॥૭॥

સાંભોગિકના વિષયમાં વિશેષ કહે છે – પંચમહાવ્રતધારી સર્વે શ્રમણો છે, તેથી એક સાથે કેમ વાપરતા નથી ? જેથી એક સાંભોગિક અને અન્ય અસાંભોગિક એમ વિવરણ કરાય છે ? ઉપરમાં બતાવેલા પ્રકારથી અનાલોચિત ગુણ-દોષવાળો યથાછંદ ચારિત્રના વિષયમાં વિતથવાદી છે. આના પછી ગતિમાં વિતથવાદને અમે કહીએ છીએ. ॥૮॥

તે યથાછંદ ગતિમાં આ પ્રમાણે પ્રરૂપણા કરે છે – એક ગાથાપતિ=મુખી, તેના ત્રણ પુત્રો છે. ક્ષેત્રકર્મ ઉપજીવિક=ખેતીથી જીવનાર, એવા તે સર્વ પણ ક્ષેત્રકર્મમાં પિતા વડે નિયોજિત કરાયા. ત્યાં=તે ત્રણ પુત્રોમાં, એક ક્ષેત્રકર્મ જે પ્રમાણે કહેવાયું તે પ્રમાણે કરે છે, એક અટવીમાં ગયો અને દેશ-દેશાંતરમાં ભમે છે, એક જમીને દેવકુલાદિમાં રહે છે. કાલાંતરે તેના પિતા મૃત્યુ પામ્યા. તેઓ વડે સર્વ પણ પિતાની મૂડી છે, તેથી કરીને સમાન વિભક્ત કરાઈ. તેઓમાં જે એક વડે=પ્રથમ પુત્ર વડે જે ઉપાર્જિત કરાયું તે સર્વને સમાન રીતે પ્રાપ્ત થયું. તે રીતે આપણા બધાના પિતા તીર્થંકર છે. તેમના ઉપદેશ વડે સર્વે શ્રમણો કાયક્લેશને કરે છે. અમે કરતા નથી. જે તમારા વડે કરાયું તે અમારું સામાન્ય છે. જે રીતે તમે દેવલોકને, સુકુલના આગમન અને સિદ્ધિને પામશો તે રીતે અમે પણ પામીશું.

આ ગાથાનો ભાવાર્થ છે. આ અક્ષર યોજનિકા વળી આ છે. એક પુત્ર ક્ષેત્રમાં ગયો=પોતાના ક્ષેત્રમાં ઉચિત કૃત્યો કર્યાં, એક અટવીમાં દેશાંતરમાં પરિભ્રમણ કરે છે. બીજો એક ત્યાં જ રહે છે. પિતા મર્યે છતે સર્વેનું પણ ધન સમાન છે તે રીતે અહીં પણ માતાપિતાના સ્થાને તીર્થંકર છે. ક્ષેત્ર=ક્ષેત્રનું ફળ એવું ધન વળી ભાવથી=પરમાર્થથી સિદ્ધિ છે. તેને તમારી જેમ=અન્ય સાધુઓની જેમ, તમારા ઉપાર્જનથી=અન્ય સાધુઓના સંયમના પાલનથી, અમે પણ પ્રાપ્ત કરીશું. ॥૯॥

વ્યવહાર ભાષ્યના ઉદ્ધરણ પૂર્વે કહેલ કે આગમમાં જ યથાછંદને ઉત્સૂત્રપ્રરૂપણાનું નિયત દર્શન છે. માટે યથાછંદ નિયમથી ઉત્સૂત્રભાષી જ હોય. તેમાં વ્યવહારભાષ્યની સાક્ષી આપી. તેનાથી નક્કી થયું કે યથાછંદની ચરણ અને ગતિ વિષયક ઉત્સૂત્ર પ્રરૂપણા હોય છે. હવે તે સર્વ વચનનું નિગમન કરતાં કહે છે –

આ રીતે યથાછંદની પણ ઉત્સૂત્ર પ્રરૂપણાની વ્યવસ્થાનું દર્શન હોવાથી; કેવી રીતે આ પ્રમાણે=આગળ કહેવાય છે તે પ્રમાણે, છદ્મસ્થ દ્વારા નિર્ણય કરાય ? તે આ પ્રમાણે –

માર્ગપતિત એવા કોઈક યથાછંદને અનાભોગથી જ ઉત્સૂત્રભાષણ છે અને તે અનંતસંસારનું કારણ નથી. વળી, ઉન્માર્ગપતિત બધાને=આભોગવાળા અને અનાભોગવાળા બધાને, તે=ઉત્સૂત્રભાષણ, અનંતસંસારનું કારણ જ છે; કેમ કે તીર્થોચ્છેદના અભિપ્રાયનું મૂળપણું છે.

આ કથન છદ્મસ્થ કહે છે તે ઉચિત નથી. તેમાં હેતુ કહે છે –

સાધ્વાચારના ઉચ્છેદનું અભિપ્રાયનું યથાછંદમાં પણ સવિશેષ છે.

ભાવાર્થ :-

'यत्तु'થી કોઈ પૂર્વપક્ષીએ કહેલ કે આભોગવાળા અથવા અનાભોગવાળા ઉન્માર્ગમાં રહેલા જીવોને નક્કી અનંતસંસાર પ્રાપ્ત થાય છે. અને શ્વેતાંબર સંપ્રદાયમાં રહેલા યથાછંદો ઉત્સૂત્રભાષણ કરે છે તે કોઈક અંશમાં કરે છે. તેથી તેઓને ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર થઈ શકે નહિ. વળી કોઈકે કહેલું કે યથાછંદ માત્ર નિયમથી ઉત્સૂત્રભાષી હોય તેવો પણ નિયમ નથી. તે સર્વનું ખંડન કરતાં ગ્રંથકારશ્રીએ યથાછંદ કેવા પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે તે સર્વ આગમ વચનથી બતાવીને સ્પષ્ટ કર્યું કે યથાછંદ નિયમથી ઉત્સૂત્રભાષણ કરનારા છે. તેઓ અનાભોગથી ઉત્સૂત્રભાષણ કરે તેવો એકાંત નિયમ નથી. વળી, તેઓને ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર ન જ થાય તેવો એકાંત નિયમ નથી. પરંતુ ઉન્માર્ગમાં રહેલા હોય કે સન્માર્ગમાં રહેલા યથાછંદ હોય તેઓને તેઓના અધ્યવસાય પ્રમાણે ઉત્કૃષ્ટથી અનંતસંસાર થઈ શકે છે.

ટીકા :-

अथ

उम्मग्गमग्गसंपट्ठिआण साहूण गोअमा नूणं ।

संसारो अ अणंतो होइ य सम्मग्गणासीणं ।।३१।।

इति गच्छाचारप्रकीर्णकवचनबलादुन्मार्गपतितानां निह्नवानामनन्त एव संसारो ज्ञायते न तु यथाछन्दानामपि, अपरमार्गाश्रयणाभावादिति चेत्? उन्मार्गपतितो निह्नव एवेति कथमुद्देश्यनिर्णयः? साधुपदेन शाक्यादिव्यवच्छेदेऽपि यथाछन्दादिव्यवच्छेदस्य कर्त्तुमशक्यत्वात्, गुणभेदादिनेव क्रियादि-

विपर्यासमूलकदालम्बनप्ररूपणयाऽप्युन्मार्गभवनाविशेषाद् । न हि 'मार्गपतित' इत्येतावता शिष्टाचार-नाशको यथाछन्दादिरपि नोन्मार्गगामी ।

अथ यथाछन्दादीनामप्युन्मार्गगामित्वमिष्यत एव, न त्वनन्तसंसारनियमः, तन्नियमाभिधायकवचने उन्मार्गमार्गसंप्रस्थितपदेन तीर्थोच्छेदाभिप्रायवत एव ग्रहणादिति चेद्? अहो किंचिदपूर्वं युक्तिकौशलम् ! यदुक्तवचनबलात्तीर्थोच्छेदाभिप्रायवतां निह्नवानामनन्तसंसारनियमसिद्धौ पदविशेषतात्पर्यग्रहः, तस्मिंश्च सति तत्सिद्धिरित्यन्योन्याश्रयदोषमापतन्तं न वीक्षसे । संप्रदायादीदृशोऽर्थो गृहीत इति न दोष इति चेद्? न, संप्रदायादध्यवसायं प्रतीत्य निह्नवानामपि संख्यातादिभेदभिन्नस्यैव संसारस्य सिद्धत्वाद्, उन्मार्गमार्गसंप्रस्थितानां तीव्राध्यवसायानामेव ग्रहणे बाहुल्याभिप्रायेण वा व्याख्याने दोषाभावाद् । न चेदेवं तदा 'वयमेव सृष्टिस्थित्यादिकारिणः' इत्याद्युत्सूत्रभाषिणोऽनवच्छिन्नमिथ्यात्वसन्तान-परमहेतोस्तीर्थोच्छेदाभिप्रायवतो बलभद्रजीवस्याप्यनन्तसंसारोत्पत्तिः प्रसज्येत, न चैतदशास्त्रीयं वचनम्, त्रिषष्टीयनेमिचरित्रेप्येवमुक्तत्वात् । तथा हि –

'प्रतिपद्य तथा रामो जगाम भरतावनौ ।
तथैव कृत्वा ते रूपे दर्शयामास सर्वतः ।।
एवमूचे च भो लोकाः ! कृत्वा नौ प्रतिमाः शुभाः ।
प्रकृष्टदेवताबुद्ध्या यूयं पूजयतादरात् ।।
वयमेव यतः सृष्टिस्थितिसंहारकारिणः ।
वयं दिव इहायामो यामश्च स्वेच्छया दिवम् ।।
निर्मिता द्वारकास्माभिः संहता च यियासुभिः ।
कर्त्ता हर्त्ता च नान्योऽस्ति स्वर्गदा वयमेव च ।।
एवं तस्य गिरा लोकः सर्वो ग्रामपुरादिषु ।
प्रतिमाः कृष्णहलिनोः कारंकारमपूजयन् ।।
प्रतिमार्चनकर्त्तृणां महान्तमुदयं ददौ ।
स सुरस्तेन सर्वत्र तद्भक्तोऽभूज्जनोऽखिलः ।।' **इति ।।५।।**

टीकार्थ :-

अथ ..... इति ।। 'अथ'थी पूर्वपक्षी कहे छे – "ઉન્માર્ગસંપ્રવૃત્ત સન્માર્ગના નાશ કરનારા એવા સાધુને હે ગૌતમ ! ખરેખર અનંતસંસાર થાય છે." **એ પ્રકારે ગચ્છાચાર પ્રકીર્ણકના બળથી ઉન્માર્ગપતિત એવા**

નિહ્નવોને અનંત જ સંસાર જણાય છે. પરંતુ યથાછંદાદિને પણ અનંતસંસાર જણાતો નથી; કેમ કે અપર માર્ગના આશ્રયણનો અભાવ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – ઉન્માર્ગપતિત નિહ્નવ છે તે રીતે ઉદ્દેશ્યનો નિર્ણય કેવી રીતે થયો ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે સાધુ પદથી=ગચ્છાચાર પ્રકીર્ણકના ઉદ્ધરણમાં રહેલા સાધુ પદથી બૌદ્ધાદિ સંન્યાસીઓનો વ્યવચ્છેદ થવા છતાં પણ યથાછંદાદિના વ્યવચ્છેદને કરવા માટે અશક્યપણું છે.

અહીં પ્રશ્ન થાય કે યથાછંદનો વ્યવચ્છેદ કેમ ન થઈ શકે ? તેમાં હેતુ કહે છે –

ગુણભેદાદિની જેમ=નિહ્નવો જે ગુણભેદાદિ કરે છે તેની જેમ ક્રિયાદિ વિપર્યાસમૂલ કદાલંબનની પ્રરૂપણાથી પણ ઉન્માર્ગના ભવનનો અવિશેષ છે=યથાછંદને ઉન્માર્ગની પ્રાપ્તિ અવિશેષથી છે. કેમ ઉન્માર્ગ ભવન નિહ્નવોની જેમ યથાછંદને સમાન છે ? તેથી કહે છે – માર્ગપતિત છે તેટલાથી શિષ્ટાચારનો નાશક યથાછંદાદિ પણ ઉન્માર્ગગામી નથી એમ નહીં.

અથથી પૂર્વપક્ષ કહે છે કે યથાછંદાદિઓને પણ ઉન્માર્ગગામીપણું ઇચ્છાયું જ છે. પરંતુ અનંતસંસારનો નિયમ નથી=યથાછંદાદિઓને અનંતસંસાર પ્રાપ્ત થાય એવો નિયમ નથી; કેમ કે તેના નિયમના અભિધાયક વચનમાં=અનંત સંસારના નિયમના અભિધાયક એવા ગચ્છાચાર પ્રકીર્ણકના વચનમાં, ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિતપદથી તીર્થોચ્છેદના અભિપ્રાયવાળાનું જ ગ્રહણ છે, એ પ્રમાણે જો પૂર્વપક્ષ કહે તો ગ્રંથકારશ્રી કહે છે – અહો ! કંઈક અપૂર્વ યુક્તિનું કૌશલ્ય તારું છે અર્થાત્ યુક્તિ રહિત તારું વચન છે.

કેમ યુક્તિ રહિત છે ? તે સ્પષ્ટ કરે છે –

જે કારણથી ઉક્ત વચનના બલથી=ગચ્છાચાર પ્રકીર્ણકમાં કહેલા વચનથી, તીર્થોચ્છેદ અભિપ્રાયવાળા નિહ્નવોને અનંતસંસારના નિયમની સિદ્ધિ થયે છતે પદવિશેષના તાત્પર્યનું ગ્રહણ થાય=ઉન્માર્ગ સંપ્રસ્થિત પદનો વિશેષ તાત્પર્ય ગ્રહ થાય=ગચ્છાચાર પ્રકીર્ણકમાં કહેલ ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત પદનો તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા ગ્રહણ કરવાના છે એ પ્રકારના વિશેષ તાત્પર્યનો ગ્રહ થાય. અને તે હોતે છતે=પદના વિશેષ તાત્પર્યનો ગ્રહ હોતે છતે, તેની સિદ્ધિ છે=ગચ્છાચાર પ્રકીર્ણક ગ્રંથના વચનના બળથી તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા નિહ્નવોને અનંતસંસારના નિયમની સિદ્ધિ છે, એ પ્રકારે અન્યોન્યાશ્રયદોષને આવતા તું જોતો નથી. અહીં પૂર્વપક્ષ કહે કે સંપ્રદાયથી આવો અર્થ=ગચ્છાચાર પ્રકીર્ણકના ઉન્માર્ગ સંપ્રસ્થિત-પદનો આવો અર્થ, ગ્રહણ કરાયો છે, એથી દોષ નથી=અન્યોન્યાશ્રયદોષ નથી. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે તારી વાત બરાબર નથી; કેમ કે સંપ્રદાયથી=સુવિહિતના સંપ્રદાયથી, અધ્યવસાયને આશ્રયીને નિહ્નવોને પણ સંખ્યાતાદિ ભેદથી ભેદાયેલા જ સંસારનું સિદ્ધપણું છે. અથવા ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત તીવ્ર અધ્યવસાયવાળાઓના ગ્રહણમાં= ગચ્છાચાર પ્રકીર્ણકમાં કહેલ ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત એવા તીવ્ર અધ્યવસાયવાળાઓને

જ ઉન્માર્ગ સંપ્રસ્થિત પદથી ગ્રહણ કરવામાં, અથવા બાહુલ્યાભિપ્રાયથી વ્યાખ્યાનમાં=ઉન્માર્ગરૂપ-માર્ગસંપ્રસ્થિત બહુલતાએ અનંતસંસારી થાય છે એ પ્રકારના વ્યાખ્યાનમાં, દોષનો અભાવ છે. અને જો આમ ન સ્વીકારો તો=અધ્યવસાયને આશ્રયીને જ નિહ્નવોને અનંતસંસાર છે એમ ન સ્વીકારો તો, "અમે જ સૃષ્ટિ અને સ્થિતિ આદિને કરનારા છીએ" ઇત્યાદિ ઉત્સૂત્રને બોલનારા અનવચ્છિન્ન મિથ્યાત્વના સંતાનના પરમ હેતુ=સતત મિથ્યાત્વના પ્રવાહના પરમ કારણ, તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા બલભદ્રના જીવને પણ અનંતસંસારની ઉત્પત્તિ થાય.

આ=બલભદ્રના જીવે અનવચ્છિન્ન મિથ્યાત્વના સંતાનના પરમ હેતુ એવા ઉત્સૂત્રભાષણને કરેલું છે એ, અશાસ્ત્રીય વચન નથી; કેમ કે ત્રિષષ્ટિના નેમિચરિત્રમાં પણ આ પ્રમાણે=આગળ કહેવાય છે એ પ્રમાણે, ઉક્તપણું છે.

અને તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે – "તે પ્રમાણે સ્વીકારીને=કૃષ્ણ મહારાજાનું વચન તે પ્રમાણે સ્વીકારીને રામ=બલભદ્રનો જીવ ભરતાવનિમાં=ભરતક્ષેત્રમાં, ગયા. તે પ્રમાણે જ કરીને=જે પ્રમાણે નરકના જીવ એવા કૃષ્ણ સાથે પોતાના અપયશ નિવારવા માટે કથન કરાયું તે પ્રમાણે જ કરીને, સર્વથી તે બે રૂપો=બલભદ્ર અને કૃષ્ણનાં બે રૂપો બતાવાયાં અને આ પ્રમાણે કહેવાયું. હે લોકો ! અમારા બેની સુપ્રતિમા કરીને પ્રકૃષ્ટ એવા દેવતાની બુદ્ધિથી આદરપૂર્વક તમે પૂજો. જે કારણથી અમે જ સૃષ્ટિની સ્થિતિના અને સૃષ્ટિના સંહારને કરનારા છીએ. અમે જ દેવમાંથી અહીં=પૃથ્વીમાં, આવીએ છીએ અને સ્વઇચ્છાથી દેવમાં જઈએ છીએ. અમારા વડે દ્વારિકા નિર્માણ કરાઈ અને જવાની ઇચ્છાવાળા એવા અમારા વડે દ્વારકા સંહરણ કરાઈ. કર્તા=જગતના કર્તા, હર્તા=જગતનો નાશ કરનાર, અન્ય નથી અને અમે જ સ્વર્ગના દેનારા છીએ. આ રીતે તેની વાણીથી=બલભદ્રના જીવ એવા રામની વાણીથી, સર્વ લોક ગામ, નગરાદિમાં કૃષ્ણ અને બલભદ્રની પ્રતિમાને કરી કરીને પૂજવા લાગ્યા અને તે સુરે=બલભદ્રના જીવ એવા દેવે પ્રતિમા અર્ચન કરનારાઓને મોટા ઉદયને આપ્યું. તે કારણથી સર્વત્ર તેનો ભક્ત અખિલ લોક થયો."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ।।૫।।

ભાવાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી ગચ્છાચારના વચનના બળથી ઉન્માર્ગપતિત નિહ્નવને અનંતસંસાર છે, યથાછંદને નથી તેમ સ્થાપન કરે છે તેને ગ્રંથકારશ્રી કહે છે – ગચ્છાચાર પ્રકીર્ણકમાં ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત શબ્દથી નિહ્નવનું જ ગ્રહણ છે તેવો નિર્ણય થઈ શકતો નથી; કેમ કે ગચ્છાચાર પ્રકીર્ણકમાં 'સાધુ' શબ્દથી અન્યદર્શનના સંન્યાસીઓનો વ્યવચ્છેદ થઈ શકે. પરંતુ યથાછંદાદિનો વ્યવચ્છેદ થઈ શકે નહીં.

કેમ યથાછંદનો વ્યવચ્છેદ થઈ શકે નહિ ? તેમાં યુક્તિ બતાવતાં કહે છે –

જેમ નિહ્નવાદિ ભગવાને કહેલા કોઈક પદાર્થનો ભેદ કરે છે તેથી ભગવાનના વચનથી અન્યથા કથનરૂપ ગુણના ભેદની પ્રાપ્તિ થાય છે તેમ યથાછંદાદિ જીવો જે ક્રિયાદિનો વિપર્યાસ કરે છે, તેનાથી પણ કદાલંબનની પ્રરૂપણા થાય છે. માટે તે ઉન્માર્ગસ્વરૂપ જ છે. તેથી ગચ્છાચારના વચનથી જેમ જૈનશાસનમાં રહેલા નિહ્નવોનું ગ્રહણ થઈ શકે છે તેમ જૈનશાસનમાં રહેલા યથાછંદનું પણ ગ્રહણ થઈ શકે; કેમ કે

ભગવાનના માર્ગમાં રહેલો છે એટલામાત્રથી યથાછંદ શિષ્ટ એવા ભગવાને બતાવેલ સાધ્વાચારનો નાશક હોવાથી ઉન્માર્ગગામી નથી એમ નથી. માટે ઉન્માર્ગગામી એવા યથાછંદને પણ તેના પરિણામના ઉત્કર્ષથી અનંતસંસાર થઈ શકે છે.

અહીં પૂર્વપક્ષી કહે કે યથાછંદાદિ જીવોને અમે ઉન્માર્ગગામી સ્વીકારીએ છીએ. પણ તેઓને અનંતસંસારનો નિયમ નથી; કેમ કે અનંતસંસારના નિયમને કહેનારા ગચ્છાચાર પ્રકીર્ણકના વચનમાં ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત પદથી તીર્થના ઉચ્છેદના અભિપ્રાયવાળાનું જ ગ્રહણ છે. આ પ્રકારના પૂર્વપક્ષીય વચનમાં કટાક્ષથી ગ્રંથકારશ્રી કહે છે – "આ તારું અપૂર્વ યુક્તિકૌશલ છે." કેમ તેની યુક્તિ ઉચિત નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે કે ગચ્છાચારના વચનથી તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા નિહ્નવોને અનંતસંસારની સિદ્ધિ છે તેમ સિદ્ધ થાય તો ઉન્માર્ગ સંપ્રસ્થિત પદ દ્વારા વિશેષ તાત્પર્યનું ગ્રહણ કરાય. અર્થાત્ ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત પદ દ્વારા તીર્થોચ્છેદના અભિપ્રાયવાળાનું જ ગ્રહણ છે તેવું વિશેષ તાત્પર્યનું ગ્રહણ થાય=ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત પદ દ્વારા વિશેષ તાત્પર્યનું ગ્રહણ થાય, તો ગચ્છાચારના વચનથી તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા નિહ્નવોને અનંતસંસારના નિયમની સિદ્ધિ થાય. આ પ્રકારે અન્યોન્યાશ્રયદોષને પૂર્વપક્ષી જોતો નથી. તેથી તેનું વચન યુક્તિ રહિત છે એમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું.

ત્યાં અન્યોન્યાશ્રય દોષના પરિહાર અર્થે પૂર્વપક્ષી કહે કે ગચ્છાચારના વચનમાં ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત પદથી તીર્થોચ્છેદના અભિપ્રાયવાળાનું ગ્રહણ સંપ્રદાયથી થાય છે, માટે દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે ભગવાનના શાસનમાં સુવિહિતોના સંપ્રદાયમાં અધ્યવસાયને આશ્રયીને જ નિહ્નવ હોય કે બીજા કોઈ પણ હોય તે સર્વને સંખ્યાત, અસંખ્યાત કે અનંતસંસારની પ્રાપ્તિ થાય છે. તેથી ઉન્માર્ગ સંપ્રસ્થિત તીવ્ર અધ્યવસાયવાળાને જ ગ્રહણ કરીને ગચ્છાચાર પ્રકીર્ણકનું વ્યાખ્યાન કરવામાં આવે તો દોષ નથી. અથવા 'ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત જીવોને બહુલતાએ તીવ્ર અધ્યવસાય થાય છે' તેને આશ્રયીને તેઓને અનંતસંસાર કહેલો છે, તેમ સ્વીકારવામાં આવે તો દોષ નથી; પરંતુ નિહ્નવોને નિયમા અનંતસંસાર છે તેવું કથન ગચ્છાચાર પ્રકીર્ણકના વચનથી સિદ્ધ થઈ શકે નહિ.

કેમ સિદ્ધ થઈ શકે નહિ ? તેની પુષ્ટિ કરવા અર્થે લખે છે –

જો ઉન્માર્ગરૂપમાર્ગસંપ્રસ્થિત એવા નિહ્નવોને અનંતસંસાર સ્વીકારીએ તો બલભદ્રના જીવે જે ઉત્સૂત્રભાષણ કર્યું છે તે સતત મિથ્યાત્વના સંતાનનું પરમ હેતુ છે અને તીર્થોચ્છેદના અભિપ્રાયવાળું છે; કેમ કે ભગવાનના તીર્થ કરતાં વિપરીત તીર્થની સ્થાપના કરી છે માટે તેમને અનંતસંસારની પ્રાપ્તિ થવી જોઈએ. વસ્તુતઃ બલભદ્રના જીવને ઉત્સૂત્રભાષણ કર્યા પછી પણ દેવભવના પછીના ભવમાં મોક્ષની પ્રાપ્તિ છે. માટે ઉત્સૂત્રભાષણ કર્યા પછી ઉત્સૂત્રભાષણકાળમાં વર્તતા મિથ્યાત્વના પરિણામની અનિવૃત્તિના આધારે સંસારની વૃદ્ધિ હાનિની પ્રાપ્તિ છે. આથી જ બલભદ્રના જીવને ઉત્સૂત્રભાષણકાળમાં પ્રાપ્ત થયેલું મિથ્યાત્વ એ ભવમાં કે ઉત્તરના ભવમાં સામગ્રીને પામીને નિવર્તન પામે છે. તેથી અનંતસંસારની પ્રાપ્તિ નથી. ॥૫॥

અવતરણિકા :-

ननु बलभद्रस्योत्सूत्रवचनमिदं न स्वारसिकमतो न नियतं, नियतोत्सूत्रं च निह्नवत्वकारणं अत एवापरापरोत्सूत्रभाषिणां यथाछन्दत्वमेव, नियतोत्सूत्रभाषिणां च निह्नवत्वमेव । तदुक्तमुत्सूत्रकन्द-कुद्दालकृता –

तस्मादनियतोत्सूत्रं यथाछन्दत्वमेषु न ।

तदवस्थितकोत्सूत्रं निह्नवत्वमुपस्थितम् ।। **इति ।**

एतदेव च नियमतोऽनन्तसंसारकारणम् । अत एव 'यः कश्चिद् मार्गपतितोऽप्युत्सूत्रं भणित्वा-ऽभिमानादिवशेन स्वोक्तवचनं स्थिरीकर्त्तुं कुयुक्तिमुद्भावयति न पुनरुत्सूत्रभयेन त्यजति, स ह्युन्मार्गपतित इवावसातव्यः, नियतोत्सूत्रभाषित्वात्, तस्यापरमार्गाश्रयणाभावेऽपि निह्नवस्येवासदाग्रहत्त्वाद्' इत्यस्मन्मतम् । इत्याशङ्कायामाह –

અવતરણિકાર્થ :-

'ननु'થી પૂર્વપક્ષ કહે છે કે બલભદ્રનું આ ઉત્સૂત્રવચન સ્વારસિક નથી=કૃષ્ણના વચનથી થયું છે. સ્વાભાવિક પોતાના વચનથી થયું નથી, આથી નિયત નથી=સદા તે પ્રકારે વિપરીત પ્રરૂપણા કરવાનો અધ્યવસાય નથી. નિયત ઉત્સૂત્ર નિહ્નવત્વનું કારણ છે. આથી જ=નિયત ઉત્સૂત્રભાષણ નિહ્નવત્વનું કારણ છે આથી જ, અપર-અપર ઉત્સૂત્રભાષણ કરનારાઓનું યથાછંદપણું જ છે અને નિયત ઉત્સૂત્રભાષણ કરનારાઓનું નિહ્નવત્વ જ છે. તે=પૂર્વમાં કહ્યું કે અપર ઉત્સૂત્રભાષણનું યથાછંદપણું છે અને નિયત ઉત્સૂત્રભાષણનું નિહ્નવત્વ છે તે, ઉત્સૂત્રકંદકુદ્દાલકૃત એવા ધર્મસાગરજી વડે કહેવાયું છે – 'તે કારણથી અનિયત ઉત્સૂત્રરૂપ યથાછંદપણું આમનામાં નથી. તે કારણથી અવસ્થિત ઉત્સૂત્રરૂપ નિહ્નવત્વ ઉપસ્થિત છે. **'इति' શબ્દ ઉત્સૂત્રકંદકુદ્દાલકૃતના વચનના સમાપ્તિ માટે છે. અને આ જ=અવસ્થિત ઉત્સૂત્રરૂપ નિહ્નવત્વ જ, નિયમથી અનંતસંસારનું કારણ છે.**

આથી જ=નિયત ઉત્સૂત્રભાષણ નિયમથી અનંતસંસારનું કારણ છે આથી જ, જે કોઈ માર્ગપતિત પણ=માર્ગમાં રહેતો પણ, ઉત્સૂત્રભાષણ કરીને અભિમાનાદિના વશથી પોતાના કહેવાયેલા વચનને સ્થિર કરવા માટે કુયુક્તિનું ઉદ્ભાવન કરે છે પરંતુ ઉત્સૂત્રના ભયથી ત્યાગ કરતો નથી=પોતાનું વચન ત્યાગ કરતો નથી તે ઉન્માર્ગમાં રહેલાના જેવો જ જાણવો; કેમ કે નિયત ઉત્સૂત્રભાષીપણું છે.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનના માર્ગને જેઓએ આશ્રય કર્યો નથી તેઓને ઉન્માર્ગપતિત કેમ કહેવાય ? તેથી બીજો હેતુ કહે છે –

તેનું=પોતાના ઉત્સૂત્રભાષણને સ્થિર કરનારનું, અપર માર્ગના આશ્રયણનો અભાવ હોવા છતાં પણ નિહ્નવની જેમ અસદ્ આગ્રહપણું છે, માટે ઉન્માર્ગપતિત જેવો છે એમ સંબંધ છે. આ પ્રમાણેનો અમારો મત છે. એ પ્રકારની પૂર્વપક્ષની આશંકામાં કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં અંતે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે તીર્થોચ્છેદના અભિપ્રાયવાળાને અનંતસંસાર સ્વીકારવામાં આવે તો બલભદ્રના જીવને પણ અનંતસંસારની પ્રાપ્તિ થાય. તેનું સમાધાન કરીને પોતાનો અભિપ્રાય બતાવતાં પૂર્વપક્ષી કહે છે કે બલભદ્રના જીવે કૃષ્ણના કહેવાથી પોતાની હીનતાના પરિહાર માટે નવા માર્ગની સ્થાપના કરી, પરંતુ તે માર્ગ પ્રત્યે પોતાને સ્વરસ નથી તેથી તે નવા માર્ગની સ્થાપના કર્યા પછી તે જ માર્ગ તત્ત્વ છે તેવી રુચિ તેઓને નથી. માટે બલભદ્રના જીવનું ઉત્સૂત્રભાષણ નિયતઉત્સૂત્રભાષણ નથી. જેઓ નિયતઉત્સૂત્રભાષણ કરે છે તેઓ ભગવાનના વચનનો અપલાપ કરનાર હોવાથી નિહ્નવ છે, તેઓને નિયમથી અનંતસંસારની પ્રાપ્તિ થાય. વળી જેઓ ભગવાનના શાસનમાં રહેલા છે અને ઉત્સૂત્ર બોલ્યા પછી તેને સ્થિર કરવા પ્રયત્ન કરે છે તેઓ પણ ઉન્માર્ગમાં રહેલા જીવો જેવા જ છે. તેથી તે સર્વને અનંતસંસાર જ થાય. આ પ્રકારે નિયતોત્સૂત્ર સાથે અનંતસંસારની વ્યાપ્તિને સ્વીકારીને અધ્યવસાયને આશ્રયીને અનંતસંસારને નહીં સ્વીકારનાર પૂર્વપક્ષીના મતને બતાવીને તેનું નિરાકરણ કરતાં કહે છે –

ગાથા :-

णियउस्सुत्तणिमित्ता संसाराणंतया ण सुत्तुत्ता ।
अज्झवसायोऽणुगओ भिन्नो च्चिय कारणं तीसे ।।६।।

છાયા :-

नियतोत्सूत्रनिमित्ता संसारानन्तता न सूत्रोक्ता ।
अध्यवसायोऽनुगतो भिन्न एव कारणं तस्याः ।।६।।

અન્વયાર્થ :-

णियउस्सुत्तणिमित्ता=નિયતોત્સૂત્ર નિમિત્ત, संसाराणंतया=અનંત સંસારતા, सुत्तुत्ता ण=સૂત્રમાં કહેવાઈ નથી. अज्झवसायोऽणुगओ=અધ્યવસાય અનુગત, भिन्नो च्चिय=ભિન્ન જ तीसे=તેનું=સંસારની અનંતતાનું, कारणं=કારણ, છે. ।।૬।।

ગાથાર્થ :-

નિયતોત્સૂત્ર નિમિત્ત અનંતસંસારતા સૂત્રમાં કહેવાઈ નથી. અધ્યવસાય અનુગત ભિન્ન જ તેનું=સંસારની અનંતતાનું, કારણ છે. ।।૬।।

ટીકા :-

णियउस्सुत्तति । नियतोत्सूत्रं निमित्तं यस्यां सा तथा, संसारानन्तता न सूत्रोक्ता, नियतोत्सूत्रं विनाऽपि मैथुनप्रतिसेवाद्युन्मार्गसमाचरणतद्वन्दनादिनाऽप्यनन्तसंसारार्जनेन व्यभिचारात् । न चोत्सूत्र-

भाषणजन्येऽनन्तसंसारार्जने नियतोत्सूत्रभाषणस्यैव हेतुत्वान्न दोषः, तादृशकार्यकारणभावबोधक-नियतसूत्रानुपलम्भाद्, 'उस्सुत्तभासगाणं बोहीणासो अणंतसंसारो' **इत्यादिवचनानां सामान्यत एव कार्यकारणभावग्राहकत्वाद् । उत्तरकालं तत्र नियतत्वाख्यो विशेषः कल्प्यते इति चेद्? नैतदेवम्, तथा सति यथाछन्दस्य कस्याप्यनन्तसंसारानुपपत्तिप्रसक्तेः, तस्य त्वदभिप्रायेणापरापरभावेन गृहीत-मुक्तोत्सूत्रस्य नियतोत्सूत्रभाषित्वाभावात् । तथा च –**

सव्वप्पवयणसारं मूलं संसारदुःखमुक्खस्स ।

संमत्तं मइलित्ता ते दुग्गइवड्ढया हुंति ।।

इत्यादिभाष्यवचनविरोधः । अथ यथाछन्दस्यापि यस्यानन्तसंसारार्जनं तस्य क्लिष्टाध्यवसाय-विशेषादेव, उन्मार्गपतितस्य निह्नवस्य तु नियतोत्सूत्रभाषणादेवेति न दोष इति चेद्? न, एवं सत्यनियतहेतुकत्वप्रसङ्गाद्, 'अनियतहेतुकत्वं अहेतुकत्वं नाम' **इति व्यक्तमाकरे (स्याद्वादरत्नाकरे) । तथा च 'विप्रतिपन्न उन्मार्गस्थोऽनन्तसंसारी, नियतोत्सूत्रभाषित्वाद्' इत्यत्राप्रयोजकत्वम् ।**

टीकार्थ :-

नियतोत्सूत्रं ..... इत्यत्राप्रयोजकत्वम् । 'णियउस्सुत्तति' प्रतीक छे. नियत उत्सूत्र निमित्त छे जेने ते, तेवुं छे=नियतोत्सूत्रनिमित्त छे, अने नियतउत्सूत्रनिमित्त संसारनी अनंतता सूत्रोक्त नथी; केम के नियतोत्सूत्र वगर पण मैथुन प्रतिसेवादि उन्मार्गनुं आचरण, अने तद्वंदनादि द्वारा पण=उन्मार्गनुं आचरण करनारा साधुने वंदनादि द्वारा पण, अनंतसंसारनुं अर्जन होवाने कारणे व्यभिचार छे=नियतोत्सूत्रभाषण अनंतसंसार प्रत्ये व्यभिचारी कारण छे. उत्सूत्रभाषणजन्य अनंतसंसारना अर्जनमां नियतोत्सूत्रभाषणनुं ज हेतुपणुं होवाथी दोष नथी='नियतोत्सूत्रभाषणने अनंतसंसारनुं हेतु छे एम स्वीकारवामां दोष नथी', एम न कहेवुं; केम के तेवा प्रकारना कार्य-कारणभावना बोधक एवा नियतसूत्रनो अनुपलंभ छे.

अहीं कोऽक कहे के "उत्सूत्रभाषक जीवोने बोधिनाश अने अनंतसंसार थाय छे" तेवुं वचन छे, तेना बळथी नियतोत्सूत्रभाषण अनंतसंसारनुं कारण छे तेम स्वीकारी शकाशे. तेना निराकरण माटे ग्रंथकारश्री हेतु कहे छे --

"उत्सूत्रभाषक जीवोने बोधिनो नाश अने अनंतसंसार थाय छे." **ईत्यादि वचनोनुं सामान्यथी ज= नियतोत्सूत्रना विभाग-अनियतोत्सूत्र ईत्यादि विभाग वगर सामान्यथी ज, कार्यकारणभावनुं ग्राहकपणुं छे.**

अहीं पूर्वपक्षी कहे के त्यां=सामान्यथी उत्सूत्रने कहेनारा अनंतसंसारना वचनमां, उत्तरकाले नियतत्व नामनो विशेष कल्पाय छे=नियत उत्सूत्रभाषण अनंतसंसारनो हेतु छे एम प्रमाणे विशेष

કલ્પાય છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

એ=પૂર્વપક્ષી કહે છે એ, આ પ્રમાણે=પૂર્વપક્ષી કહે છે એ પ્રમાણે, નથી.

કેમ પૂર્વપક્ષી કહે છે એ પ્રમાણે નથી ? તેમાં હેતુ કહે છે –

તે પ્રમાણે હોતે છતે=પૂર્વપક્ષી કહે છે એ પ્રમાણે હોતે છતે, કોઈ પણ યથાછંદની અનંતસંસારની અનુપપત્તિનો પ્રસંગ છે; કેમ કે તારા અભિપ્રાયથી=પૂર્વપક્ષીના અભિપ્રાયથી, અપર-અપર ભાવથી ગૃહીત અને મુક્ત ઉત્સૂત્રવાળા એવા તેનો=જે યથાછંદે જે ઉત્સૂત્રભાષણ ગ્રહણ કરેલું છે તેને પાછળથી મૂકી દે છે અને અન્ય ઉત્સૂત્રભાષણ કરે છે તેવા યથાછંદનો, નિયત ઉત્સૂત્રભાષીપણાનો અભાવ છે. અને તે રીતે=યથાછંદ નિયત ઉત્સૂત્રભાષી નહીં હોવાના કારણે અનંતસંસારની અનુપપત્તિનો પ્રસંગ પૂર્વપક્ષી સ્વીકારી લે તે રીતે, "સર્વ પ્રવચનનો સાર, સંસારના દુઃખના મોક્ષનું મૂલ એવા સમ્યક્ત્વને મલિન કરીને તેઓ=યથાછંદો દુર્ગતિના વર્ધક થાય છે." **ઇત્યાદિ ભાષ્યવચનનો વિરોધ છે. 'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે જે યથાછંદને પણ અનંતસંસારનું અર્જન છે તેને ક્લિષ્ટ અધ્યવસાય વિશેષથી જ છે=મિથ્યાત્વની પરિણતિવાળા ક્લિષ્ટ અધ્યવસાયથી જ, છે, વળી ઉન્માર્ગપતિત એવા નિહ્નવને નિયત ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર છે. એથી દોષ નથી=નિયતોત્સૂત્ર ભાષણને અનંતસંસારનું કારણ સ્વીકારવામાં દોષ નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે="તારી વાત બરાબર નથી" કેમ કે આમ હોતે છતે=નિયત ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર નિહ્નવોને થાય છે અને ક્લિષ્ટ અધ્યવસાય વિશેષથી અનંતસંસાર યથાછંદને થાય છે એમ હોતે છતે, અનિયતહેતુકત્વનો પ્રસંગ છે=અનંતસંસારના અર્જન પ્રત્યે નિયત હેતુ નથી. તેમ માનવાનો પ્રસંગ છે, અહીં પૂર્વપક્ષી કહે છે અનંતસંસાર પ્રત્યે અનિયત હેતુને હેતુ તરીકે સ્વીકારીએ તો શું વાંધો ? તેથી ગ્રંથકારશ્રી કહે છે** – "અનિયત હેતુપણું એ અહેતુપણું છે". **એ પ્રમાણે આકરમાં=સ્યાદ્વાદરત્નાકરમાં, વ્યક્ત છે. અને તે રીતે=યથાછંદને ક્લિષ્ટ અધ્યવસાય વિશેષથી અનંતસંસાર થાય છે. અને નિહ્નવને નિયત ઉત્સૂત્રભાષણથી જ અનંતસંસાર થાય છે. એમ સ્વીકારવાથી અનિયત હેતુકત્વનો પ્રસંગ છે તે રીતે, "વિપરીત રીતે સ્વીકારનાર ઉન્માર્ગમાં રહેતા, અનંતસંસારી છે; કેમ કે નિયત ઉત્સૂત્રભાષીપણું છે." એ પ્રકારના આમાં=અનુમાનમાં, અપ્રયોજકપણું છે=હેતુનું અપ્રયોજકપણું છે.**

ભાવાર્થ :-

ગાથાના પૂર્વાર્ધમાં ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષને ઉત્તર આપતાં કહ્યું કે નિયત ઉત્સૂત્ર નિમિત્તક સંસારની અનંતતા સૂત્રોક્ત નથી. તે કથનને અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કર્યું છે. અને ત્યાં યુક્તિ આપેલી કે મૈથુન પ્રતિસેવાદિ, ઉન્માર્ગની આચરણા, શિથિલાચારી સાધુને વંદનાદિથી પણ અનંતસંસારનું અર્જન છે. માટે નિયતઉત્સૂત્રભાષિત્વરૂપ હેતુ વ્યભિચારી છે. જે વ્યભિચારીહેતુ હોય તેનાથી સાધ્યની સિદ્ધિ થાય નહિ. તે વ્યભિચારદોષ નિવારવા માટે પૂર્વપક્ષીએ યુક્તિ આપી કે ઉત્સૂત્રભાષણજન્ય જે અનંતસંસાર થાય છે તેના પ્રત્યે નિયતઉત્સૂત્રભાષણ જ હેતુ છે. તેમ કહેવાથી તે પ્રાપ્ત થયું કે અનંતસંસારની પ્રાપ્તિ મૈથુન

પ્રતિસેવાદિથી પણ થાય છે અને ઉત્સૂત્રભાષણથી પણ થાય છે અને ઉત્સૂત્રભાષણથી જે અનંતસંસાર થાય છે તે અન્ય ઉત્સૂત્રભાષણથી થતું નથી પરંતુ નિયત ઉત્સૂત્રભાષણથી જ થાય છે.

આ કથનમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે નિયત ઉત્સૂત્રભાષણથી જ અનંતસંસાર થાય છે, અન્ય ઉત્સૂત્રભાષણથી નહિ, એવો અર્થ બતાવનાર કોઈ સૂત્ર પ્રાપ્ત થતું નથી. માટે નિયત ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર થાય છે તેવો નિયમ બાંધી શકાય નહિ. ત્યાં પૂર્વપક્ષીએ કહ્યું કે "ઉત્સૂત્રભાષણ કરનારને બોધિનો નાશ અને અનંતસંસાર છે." ઇત્યાદિ વચનોમાં જે સામાન્ય કાર્યકારણભાવ બતાવાયો છે, ત્યાં તે સૂત્રના અર્થમાં નિયતત્વ નામની વિશેષ કલ્પના કરાય છે. તેથી નિયત ઉત્સૂત્રભાષણ અનંતસંસારનો હેતુ છે તેવો અર્થ સિદ્ધ થશે.

તેનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે જો નિયત ઉત્સૂત્રભાષણ કરનારને અનંતસંસાર છે તેમ સ્વીકારવામાં આવે તો કોઈ પણ યથાછંદને અનંતસંસારની પ્રાપ્તિ થઈ શકે નહિ તેમ માનવું પડે; કેમ કે પૂર્વપક્ષના અભિપ્રાયથી યથાછંદ નિયત ઉત્સૂત્રભાષી નથી અને કોઈ યથાછંદને અનંતસંસાર નથી તેમ સ્વીકારીએ તો "સર્વ પ્રવચનનો સાર" ઇત્યાદિ ભાષ્યવચનનો વિરોધ આવે. તે ભાષ્ય વચનમાં કહ્યું છે કે યથાછંદ સાધુ સર્વ પ્રવચનનો સાર અને સંસારના દુઃખથી મોક્ષનું કારણ એવું સમ્યક્ત્વ મલિન કરીને દુર્ગતિ વર્ધક થાય છે. તેથી ફલિત થાય કે યથાછંદ સમ્યક્ત્વને મલિન કરીને દુર્ગતિની વૃદ્ધિ કરે છે અને સમ્યક્ત્વ મલિન થવાથી અનંતાનુબંધીનો ઉદય થાય છે. અને અનંતાનુબંધીના ઉદયકાળમાં મિથ્યાત્વના ઉદયથી અનંતસંસારનું અર્જન થઈ શકે છે. માટે કોઈ પણ યથાછંદને ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર નથી એવું કહી શકાય નહિ.

આ દોષના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે યથાછંદને અનંતસંસારનું અર્જન ક્લિષ્ટ અધ્યવસાયથી થાય છે. માટે "સર્વ પ્રવચનનો સાર" ઇત્યાદિ ભાષ્યવચનનો વિરોધ થશે નહિ અને ઉન્માર્ગપતિત નિહ્નવને નિયત ઉત્સૂત્રભાષણથી જ અનંતસંસાર થાય છે તેમ સ્વીકારી શકાશે. આ કથન પણ પૂર્વપક્ષીનું યુક્ત નથી; કેમ કે આમ સ્વીકારવાથી અનંતસંસારની પ્રાપ્તિ પ્રત્યે કોઈ નિયત હેતુ છે તેવો અર્થ પ્રાપ્ત થાય નહિ. પરંતુ ભિન્ન ભિન્ન અધ્યવસાયથી અનંતસંસાર થાય છે તેમ માનવું પડે. વાસ્તવિક રીતે નિયત કાર્ય પ્રત્યે નિયત જ હેતુ હોઈ શકે અને નિયત કાર્ય પ્રત્યે અનિયત હેતુને હેતુરૂપે સ્વીકારી શકાય નહિ તેમ 'આકર'માં= સ્યાદ્વાદરત્નાકરમાં કહ્યું છે. આનાથી એ ફલિત થાય કે કોઈ પણ બાહ્ય પ્રવૃત્તિ કરતી વખતે અનંતસંસારની પ્રાપ્તિ થાય છે. તે અનંતસંસારની પ્રાપ્તિ પ્રત્યે તેને અનુરૂપ ક્લિષ્ટ અધ્યવસાય બધાને સમાન જ હોય છે; કેમ કે સમાન અનંતસંસારની પ્રાપ્તિ પ્રત્યે તેને અનુકૂળ ક્લિષ્ટ અધ્યવસાય અસમાન સ્વીકારીએ તો જેવો અધ્યવસાય છે તેવું જ ફળ મળે છે તેવો નિયમ રહે નહિ. કર્મબંધ પ્રત્યેની કાર્યકારણભાવની વ્યવસ્થામાં સમાન અધ્યવસાયથી સમાન જ કાર્ય થાય. તે પ્રકારે કાર્યકારણભાવ સ્વીકારાય છે. ફક્ત મૈથુન પ્રતિસેવના કરનાર જીવ અને ઉત્સૂત્રભાષણ કરનાર જીવ સમાન અનંતસંસારનું અર્જન કરે તે વખતે અનંતસંસારના અર્જન પ્રત્યે મિથ્યાત્વના ઉદયરૂપ ક્લિષ્ટતા બંનેની સમાન છે અને ઉત્સૂત્રભાષણકાળમાં જે માનાદિ કષાય છે અને મૈથુન પ્રતિસેવનાકાળમાં જે રાગાદિભાવો છે તેને અનુરૂપ અન્ય પ્રકારના પાપબંધમાં પરસ્પર વિલક્ષણતા પ્રાપ્ત થાય.

આ સર્વ કથનથી શું ફલિત થયું ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષ અનુમાન કરે છે કે વિપરીત માર્ગમાં રહેલા અને વિપરીત માર્ગ સ્વીકારનારા અનંતસંસારી છે; કેમ કે નિયત ઉત્સૂત્રભાષી છે. આ કથનમાં ગ્રંથકારશ્રી કહે છે કે નિયત ઉત્સૂત્રભાષિત્વરૂપ હેતુ અનંતસંસારનો પ્રયોજક નથી; કેમ કે અનંતસંસારની પ્રાપ્તિ, તેને અનુરૂપ ક્લિષ્ટ અધ્યવસાયવિશેષથી જ થાય છે. પરંતુ નિયત ઉત્સૂત્રભાષણથી થતી નથી.

ટીકા :-

किं तर्हि अनन्तसंसारतायामनुगतं नियामकमित्याह–तस्याः=संसारानन्ततायाः कारणं भिन्न एवानुगतोऽध्यवसायस्तीव्रत्वसंज्ञितः केवलिना निश्चीयमानोऽस्तीति गम्यम् । यस्य संग्रहादेशात् स्वातंत्र्येणैव तस्यामनुगतं हेतुत्वम्, व्यवहारादेशाच्च क्रियाविशेषे सहकारित्वं घटकत्वं वा, शब्दमात्रानुगततीव्राध्यवसायसहकृतायास्तत्पूर्विकाया वा पापक्रियाया अनन्तसंसारहेतुत्वव्यवहारात् स च तीव्राध्यवसाय आभोगवतामनाभोगवतां वा शासनमालिन्यनिमित्तप्रवृत्तिमतां रौद्रानुबन्धानां स्याद्, अनाभोगेनापि शासनमालिन्यप्रवृत्तौ महामिथ्यात्वार्जनोपदेशात् । तदुक्तमष्टकप्रकरणे(२३-१-२)

यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्त्तते ।

स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिनां ध्रुवम् ।।

बध्नात्यपि तदेवालं परं संसारकारणम् ।

विपाकदारुणं घोरं सर्वानर्थनिबन्धनम् ।।

शासनमालिन्यनिमित्तप्रवृत्तिश्च निह्नवानामिव यथाछन्दादीनामप्यविशिष्टेति कोऽयं पक्षपातः ? यदुत निह्नवानामनन्तसंसारनियम एव, यथाछन्दादीनां त्वनियम इति, अनाभोगेनापि विषयविशेषद्रोहस्य विषमविपाकहेतुत्वाद्, अनियतोत्सूत्रभाषणस्य निःशङ्कताभिव्यञ्जकतया सुतरां तथाभावात् । यथाह्याभोगेनोत्सूत्रभाषिणां रागद्वेषोत्कर्षादतिसंक्लेशस्तथाऽनाभोगेनोत्सूत्रभाषिणामप्यप्रज्ञापनीयानां मोहोत्कर्षादयं भवन्ननिवारित एव । अत एव तेषां भावशुद्धिरप्यप्रमाणम्, मार्गाननुसारित्वात्, तदुक्तमष्टकप्रकरणे-(२२/१-२-३)

भावशुद्धिरपि ज्ञेया यैषा मार्गानुसारिणी ।

प्रज्ञापनाप्रियात्यर्थं न पुनः स्वाग्रहात्मिका ।।

रागो द्वेषश्च मोहश्च भावमालिन्यहेतवः ।

एतदुत्कर्षतो ज्ञेयो हन्तोत्कर्षोऽस्य तत्त्वतः ।।

तथोत्कृष्टे च सत्यस्मिन् शुद्धिर्वै शब्दमात्रकम् ।

स्वबुद्धिकल्पनाशिल्पनिर्मितं नार्थवद् भवेत् ।। **इति ।।**

ટીકાર્થ :-

કિં તર્હિ ..... ઇતિ ।। ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે – તો અનંતસંસારતામાં અનુગત નિયામક શું છે ? તેથી કહે છે – તેનું સંસારની અનંતતાનું કારણ ભિન્ન જ=ઉત્સૂત્રભાષણ, મૈથુન પ્રતિસેવનાદિ કૃત્યોથી ભિન્ન જીવ અનુગત અધ્યવસાય=ઉત્સૂત્ર ભાષણાદિ સર્વ કૃત્યોમાં અનુસરનારો એવો અધ્યવસાય તીવ્રત્વ સંજ્ઞાવાળો છે. "કેવલીથી નિશ્ચય કરાતો છે" એ અધ્યાહાર છે, જેનું=તીવ્રત્વ સંજ્ઞિત, કેવલી વડે જણાતા એવા અધ્યવસાયનું, સંગ્રહના આદેશથી=સંગ્રહ નયની દૃષ્ટિથી સ્વતંત્રપણા વડે જ= ઉત્સૂત્ર ભાષણાદિ કૃત્યોથી સ્વતંત્રપણા વડે જ, તેમાં=અનંત સંસારની પ્રાપ્તિમાં અનુગત હેતુપણું છે. અને વ્યવહારના આદેશથી=વ્યવહારનયની દૃષ્ટિથી ક્રિયાવિશેષમાં=અનંત સંસારનું કારણ એવી ઉત્સૂત્રભાષણાદિ ક્રિયાવિશેષમાં, સહકારીપણું છે અથવા ઘટકપણું છે=અનંત સંસારના કારણીભૂત એવા તીવ્ર અધ્યવસાયનું સહકારીપણું છે અથવા ઘટકપણું છે; કેમ કે શબ્દમાત્ર અનુગત તીવ્ર અધ્યવસાયથી સહકૃત એવી અથવા તત્પૂર્વકની=તીવ્ર અધ્યવસાયપૂર્વકની, પાપક્રિયાનું અનંતસંસારના હેતુત્વનો વ્યવહાર છે. અને તે તીવ્ર અધ્યવસાય આભોગવાળા અથવા અનાભોગવાળા શાસનમાલિન્યની નિમિત્ત એવી પ્રવૃત્તિ કરનારા રૌદ્ર અનુબંધવાળા જીવોને થાય.

અહીં પ્રશ્ન થાય કે તે તીવ્ર અધ્યવસાય આભોગવાળાને થઈ શકે પણ અનાભોગવાળાને કેમ થાય ? તેમાં હેતુ કહે છે –

અનાભોગથી પણ શાસનમાલિન્યની પ્રવૃત્તિમાં મહામિથ્યાત્વના અર્જનનો ઉપદેશ છે. અષ્ટક પ્રકરણમાં, તે કહેવાયું છે=અનાભોગથી પણ શાસનમાલિન્યની પ્રવૃત્તિમાં મહામિથ્યાત્વનું અર્જન છે એમ પૂર્વે જે કહ્યું તે કહેવાયું છે.

"શાસનના માલિન્યમાં અનાભોગથી પણ જે પ્રવર્તે છે. તે તદ્=તેના વડે=શાસનમાલિન્ય વડે અન્ય પ્રાણીઓના ધ્રુવ મિથ્યાત્વનું હેતુપણું હોવાથી, પ્રકૃષ્ટ સંસારનું કારણ, વિપાકમાં દારુણ, ઘોર, સર્વ અનર્થનું કારણ એવું અત્યંત તે જ=મિથ્યાત્વ જ બાંધે પણ છે."

વળી યથાછંદ આદિને ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર થઈ શકે છે. તે સ્પષ્ટ કરવા માટે અન્ય યુક્તિ બતાવે છે –

અને શાસનમાલિન્યમાં નિમિત્તની પ્રવૃત્તિ નિહ્નવોની જેમ યથાછંદાદિને પણ અવિશિષ્ટ જ છે એથી આ શું પક્ષપાત છે ? જે નિહ્નવોને અનંતસંસારનો નિયમ જ છે, યથાછંદાદિને વળી અનિયમ છે=અનંત સંસારનો અનિયમ છે. અર્થાત્ આ પ્રકારનો પક્ષપાત યુક્ત નથી; કેમ કે અનાભોગથી પણ વિષયવિશેષના દ્રોહનું=મહા કલ્યાણના કારણરૂપ એવા ભગવાનના શાસનરૂપ વિષયવિશેષના દ્રોહનું, વિષમ વિપાકનું હેતુપણું છે.

વળી યથાછંદાદિને અનંતસંસાર થવાની ઘણી સંભાવના છે એ સ્પષ્ટ કરવા અર્થે અન્ય હેતુ કહે છે –

અનિયત ઉત્સૂત્રભાષણનું=યથાછંદ જે અનિયત ઉત્સૂત્રભાષણ કરે છે તેનું, નિઃશંકતાનું અભિવ્યંજકપણું હોવાથી=ભગવાનના શાસનથી વિપરીત કથન દ્વારા ભગવાનના શાસનનો વિનાશ થશે તેના પ્રત્યે નિઃશંકતાનું અભિવ્યંજકપણું હોવાથી, અત્યંત તથાભાવ છે=અનંત સંસારના પ્રત્યે કારણભાવ છે.

પૂર્વમાં કહ્યું કે નિહ્નવોની જેમ યથાછંદાદિને પણ અનંતસંસાર થઈ શકે છે. કેમ થઈ શકે છે ? તે વિશેષથી સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે પ્રમાણે આભોગથી ઉત્સૂત્રભાષીઓને=આ ભગવાનના વચનથી વિરુદ્ધ છે તેમ જાણવા છતાં પોતાના માનાદિ કષાયને વશ ઉત્સૂત્રભાષીઓને, રાગ-દ્વેષના ઉત્કર્ષથી અતિ સંક્લેશ થાય છે, તે રીતે અનાભોગથી ઉત્સૂત્રભાષી પણ અપ્રજ્ઞાપનીય જીવોને મોહના ઉત્કર્ષથી થતો આ=રાગદ્વેષનો ઉત્કર્ષ, અનિવારિત જ છે. આથી જ=ઉત્સૂત્રભાષીઓને થતો રાગદ્વેષનો ઉત્કર્ષ છે આથી જ, તેઓની= ઉત્સૂત્રભાષીઓની, ભાવશુદ્ધિ પણ=બાહ્ય સંયમના પાલનથી થતી ભાવશુદ્ધિ પણ, અપ્રમાણ છે=કલ્યાણનું કારણ નથી; કેમ કે માર્ગાનનુસારીપણું છે. તે અષ્ટક પ્રકરણમાં કહેવાયું છે=માર્ગાનનુસારી જીવોની ભાવશુદ્ધિ અપ્રમાણ છે એમ પૂર્વમાં કહેવાયું છે, તે કહેવાયું છે –

"ભાવશુદ્ધિ પણ જાણવી, જે આ માર્ગાનુસારી, અત્યંત પ્રજ્ઞાપનાપ્રિય છે, પરંતુ સ્વાગ્રહાત્મિકા નહીં. રાગ, દ્વેષ અને મોહ ભાવ માલિન્યના હેતુઓ છે. તેના ઉત્કર્ષથી=રાગ, દ્વેષ અને મોહના ઉત્કર્ષથી, ખરેખર તત્ત્વથી આનો=ભાવ-માલિન્યનો, ઉત્કર્ષ જાણવો. અને તે પ્રકારે આ ઉત્કૃષ્ટ હોતે છતે=ભાવમાલિન્યનું કારણ બને તે પ્રકારે રાગ, દ્વેષ અને મોહ ઉત્કૃષ્ટ હોતે છતે, શુદ્ધિ=બાહ્ય સંયમ ક્રિયાના પાલનથી થતી શુદ્ધિ, શબ્દમાત્રક સ્વબુદ્ધિ કલ્પના શિલ્પથી નિર્મિત્ત, અર્થવાળી=કલ્યાણનું કારણ, થાય નહિ".

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે નિયતોત્સૂત્રની નિમિત્તતા અનંતસંસારનું કારણ નથી. તેથી જિજ્ઞાસા થાય કે અનંતસંસારતામાં અનુગત કારણ શું છે ? તે ગાથાના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરતાં કહે છે – કોઈ જીવો ઉત્સૂત્રભાષણ કરતા હોય, તો વળી કોઈ મૈથુન પ્રતિસેવનાદિ કરતા હોય કે કોઈ તેવી અનુચિત આચરણા કરતા હોય તે સર્વ આચરણામાં અનુગત એવો તીવ્રત્વ સંજ્ઞાવાળો અધ્યવસાય સંસારની અનંતતાનું કારણ છે. તેથી તે ફલિત થાય કે કોઈ પણ અનુચિત પ્રવૃત્તિકાળમાં તીવ્ર સંક્લેશના કારણભૂત એવો અધ્યવસાય થયો હોય તો તે અધ્યવસાય અનંતસંસારની પ્રાપ્તિ પ્રત્યે કારણ છે. આ કથનમાં સંગ્રહનય અને વ્યવહારનયના અભિપ્રાયને સ્પષ્ટ કરે છે –

સંગ્રહનય ઉત્સૂત્રભાષણાદિ સર્વ પ્રવૃત્તિઓમાં અનુગત એવો તીવ્ર સંક્લેશ છે તેને સ્વતંત્રથી જ અનંતસંસારનું કારણ કહે છે; કેમ કે સંગ્રહનય સંગ્રહ કરનાર છે. તેથી ઉત્સૂત્રભાષણ આદિ ક્રિયાઓને અનંતસંસારના હેતુ તરીકે સ્વીકારતો નથી પરંતુ તે સર્વ પ્રવૃત્તિકાળમાં રહેલ તીવ્ર સંક્લેશને એકરૂપે સંગ્રહ કરીને અનંતસંસાર પ્રત્યે કારણ કહે છે.

વળી વ્યવહારનય ઉત્સૂત્રભાષણાદિ ક્રિયાઓને અનંતસંસારનું કારણ કહે છે અને ઉત્સૂત્રભાષણાદિ ક્રિયામાં વર્તતા તીવ્ર સંક્લેશને અનંતસંસારની પ્રાપ્તિ પ્રત્યે સહકારી કહે છે. અથવા ઉત્સૂત્રભાષણાદિ ક્રિયાના ઘટકરૂપે તીવ્ર સંક્લેશને સ્વીકારે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ભગવાનની પૂજાની ક્રિયામાં જિનગુણના પ્રણિધાનના સહકારથી ભાવચારિત્રની પ્રાપ્તિની કારણતા છે. તેમ ઉત્સૂત્રભાષણાદિ ક્રિયામાં તીવ્ર સંક્લેશના સહકારથી અનંતસંસારની કારણતા છે. અથવા જેમ ભગવાનની પૂજાની ક્રિયાનું ઘટક જિનગુણ પ્રણિધાન છે અર્થાત્ ભગવાનની પૂજાની ક્રિયાનું જિનગુણ પ્રણિધાન એક અંગ છે તેમ ઉત્સૂત્રભાષણાદિ ક્રિયાનું એક અંગ તીવ્ર સંક્લેશ છે. તેથી જેમ ભગવાનની પૂજાની ક્રિયામાં અંગભૂત જિનગુણ પ્રણિધાન ન હોય તો તે પૂજાની ક્રિયા ભાવસ્તવનું કારણ બનતી નથી. તેમ ઉત્સૂત્રભાષણાદિ ક્રિયાના એક અંગભૂત તીવ્ર સંક્લેશ ન હોય તો તે ઉત્સૂત્રભાષણ અનંતસંસારનું કારણ બનતું નથી અને તે ઉત્સૂત્રભાષણના અંગભૂત એવો તીવ્ર સંક્લેશ હોય તો તે ઉત્સૂત્રભાષણાદિની ક્રિયા અનંતસંસારનું કારણ બને છે.

અહીં પ્રશ્ન થાય કે જેમ સંગ્રહનયે અનંતસંસાર પ્રત્યે તીવ્ર સંક્લેશને સ્વતંત્ર કારણ તરીકે સ્વીકાર કર્યો તેમ વ્યવહારનયે તીવ્ર સંક્લેશને અનંતસંસારનું કારણ સ્વીકારવાને બદલે તીવ્ર સંક્લેશના સહકારવાળી કે તીવ્ર સંક્લેશના ઘટકવાળી તે તે ક્રિયાને અનંત સંસારનો હેતુ કેમ કહે છે ? તે બતાવતાં કહે છે –

વ્યવહારનય તીવ્ર અધ્યવસાયના સહકારવાળી કે તીવ્ર અધ્યવસાયપૂર્વક કરાયેલી પાપક્રિયા જ અનંતસંસારનો હેતુ છે તેમ વ્યવહાર કરે છે. જેથી વિવેકી લોકો તેવી બાહ્ય ક્રિયાનો પરિહાર કરીને સંસારની વૃદ્ધિથી પોતાનું રક્ષણ કરી શકે.

આ રીતે સંગ્રહનયથી અને વ્યવહારનયથી અનંતસંસારનો નિયામક શું છે ? તે સ્પષ્ટ કર્યા પછી અનંતસંસારનું કારણ એવો તીવ્ર અધ્યવસાય કેવા જીવોને થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થ કહે છે –

જે જીવો જાણવા છતાં કે અજાણતાં પણ શાસનના માલિન્યના નિમિત્ત એવી પ્રવૃત્તિઓ કરે છે તેઓને ભગવાનના શાસનના નાશ પ્રત્યેના ઉપેક્ષાના પરિણામરૂપ રૌદ્ર અનુબંધવાળો તીવ્ર અધ્યવસાય છે તેથી તેવા જીવો અનંતસંસારનું અર્જન કરે છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનના શાસનનું માલિન્ય થાય છે તેવું જાણવા છતાં જેઓ તેવી પ્રવૃત્તિ કરે છે તેઓને રૌદ્ર અધ્યવસાય થઈ શકે, પણ જેઓને પોતાની પ્રવૃત્તિથી શાસનનું માલિન્ય થાય છે તેવું જ્ઞાન નથી તેઓને પણ તેવો તીવ્ર રૌદ્ર અધ્યવસાય કેમ થાય છે ? તેથી કહે છે –

અનાભોગથી પણ શાસનમાલિન્યની પ્રવૃત્તિમાં મહામિથ્યાત્વનું અર્જન થાય છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે. તેથી એ પ્રાપ્ત થાય કે પોતાની પ્રવૃત્તિથી શાસનમાલિન્ય ન થાય તે રીતે અત્યંત યતનાપૂર્વક જેઓ પ્રવૃત્તિ કરતા નથી તેઓને ભગવાનના શાસના માલિન્ય પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ છે અને જો અનાભોગથી પણ શાસનમાલિન્ય કરનારા અત્યંત અપ્રજ્ઞાપનીય હોય તો તેઓનો ઉપેક્ષાનો પરિણામ મહામિથ્યાત્વરૂપ છે; કેમ કે પોતાનામાં અત્યંત મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે અને અન્યને મિથ્યાત્વની પ્રાપ્તિનું પ્રબલ કારણ છે.

વળી શાસનમાલિન્યની પ્રવૃત્તિ નિહ્નવોને અને યથાછંદાદિને સમાન જ છે માટે અનંતસંસારની પ્રાપ્તિ જેમ નિહ્નવોને થઈ શકે છે તેમ યથાછંદાદિને પણ થઈ શકે છે; કેમ કે શાસનમાલિન્યના કાળમાં અનાભોગથી કે આભોગથી મહાકલ્યાણના કારણીભૂત ભગવાનના શાસન પ્રત્યેનો દ્રોહનો પરિણામ વર્તે છે. જેના ફળરૂપે સંસારની વૃદ્ધિ નિહ્નવોને કે યથાછંદાદિને થઈ શકે છે. વળી યથાછંદાદિ અનિયત ઉત્સૂત્રભાષી હોવાથી ભગવાનના વચનના વિનાશ પ્રત્યે નિઃશંકતાના પરિણામવાળા છે. તેથી તેઓને તો વિશેષથી અનંતસંસારની પ્રાપ્તિ થવાની સંભાવના છે. વળી જેઓ આભોગથી ઉત્સૂત્રભાષણ કરે છે તેઓને પણ રાગદ્વેષના ઉત્કર્ષથી અતિ સંક્લેશ થાય છે. તેમ અનાભોગથી પણ ઉત્સૂત્રભાષણ કરનારાઓમાં અપ્રજ્ઞાપનીયતા હોય તો મોહનો ઉત્કર્ષ થઈ શકે છે. માટે યથાછંદાદિ અનાભોગવાળા હોય તોપણ અનંતસંસારની પ્રાપ્તિ કરી શકે છે. આથી જ શાસનના માલિન્ય કરનારા જીવોની તપાદિ ક્રિયા દ્વારા જે ભાવશુદ્ધિ વર્તે છે તે પણ કલ્યાણનું કારણ નથી; કેમ કે શાસનમાલિન્યના બલવાન દોષથી તે હણાયેલી છે.

ટીકા :-

किंच – पार्श्वस्थादीनां नियतोत्सूत्रमप्युद्युक्तविहारिणामपवादलक्षणं द्वितीयबालतानियामकमस्त्येव । यदाचारसूत्रे–सीलमंता उवसंता संखाए रीयमाणा असीला अणुवयमाणस्स बितिया मन्दस्स बालया । णिअट्टमाणा वेगे आयारगोयरमाइक्खंति नाणभट्ठो दंसणलूसिणोत्ति ।।

एतद्वृत्तिर्यथा-शीलमष्टादश शीलाङ्गसहस्रसंख्यं, यदि वा, महाव्रतसमाधानं पञ्चेन्द्रियजयः कषायनिग्रहस्त्रिगुप्तिगुप्तता चेत्येतच्छीलं विद्यते येषां ते शीलवन्तः, तथोपशान्ताः, कषायोपशमाद् अत्र शीलवद्ग्रहणेनैव गतार्थत्वात् 'उपशान्ताः' इत्येतद्विशेषणं कषायनिग्रहप्राधान्यख्यापनार्थम् । सम्यक् ख्याप्यते=प्रकाश्यतेऽनयेति संख्या=प्रज्ञा, तया रीयमाणाः=संयमानुष्ठानेन पराक्रममाणाः, कस्यचिद्विश्रान्तभागधेयतया 'अशीला एते' इत्येवमनुवदतो अनु=पश्चाद् वदत=पृष्ठतोऽपवदतः, अन्येन वा मिथ्यादृष्ट्यादिना कुशीलाः इत्येवमुक्तेऽनुवदतः पार्श्वस्थादेर्द्वितीयैषा मन्दस्य=अज्ञस्य बालता=मूर्खता, एकं तावत्स्वतश्चारित्रापगमः पुनरपरानुद्युक्तविहारिणोऽपवदतीत्येषा द्वितीया बालता । यदि वा 'शीलवन्त एते, उपशान्ता वा' इत्येवमन्येनाभिहिते 'क्वैषा प्रचुरोपकरणानां शीलवत्तोपशान्तता वा' इत्येवमनुवदतो हीनाचारस्य द्वितीया बालता भवतीति । अपरे तु वीर्यान्तरायोदयात्स्वतोऽवसीदन्तोऽप्यपरसाधुप्रशंसान्विता यथावस्थितमाचारगोचरमावेदयेयुरिति । एतद्दर्शयितुमाह – णिअट्टमाणा इत्यादि । एके कर्मोदयात्संयमान्निवर्त्तमाना लिङ्गाद्वा 'वा' शब्दादनिवर्त्तमाना वा यथावस्थितमाचारगोचरमाचक्षते – 'वयं तु कर्त्तुमसहिष्णवः आचारस्त्वेवम्भूत' इत्येवं वदतां तेषां द्वितीयबालता न भवत्येव । न पुनर्वदन्ति 'एवंभूत एव आचारो योऽस्माभिरनुष्ठीयते, साम्प्रतं दुःषमानुभावेन बलाद्यपगमान्मध्यमभूतैव वर्त्तिनी श्रेयसी नोत्सर्गावसरः' इति । उक्तं हि –

'नात्यायतं न शिथिलं यथा युञ्जीत सारथिः ।

तथा भद्रं वहन्त्यश्वा योगः सर्वत्र पूजितः ।।'

અપિ च –'जो जत्थ होइ भग्गो ओगासं सोपरं अविन्दंतो ।

गंतुं तत्थ वयंतो इमं पहाणं ति घोसेइ ।।' (आ.नि.-११७४) इत्यादि ।

किंभूताः पुनः? एतदेव समर्थयेयुरित्याह – नाणभट्ठा । सदसद्विवेको ज्ञानं, तस्माद् भ्रष्टा ज्ञानभ्रष्टाः तथा दंसणलूसिणोत्ति । सम्यग्दर्शनविध्वंसिनोऽसदनुष्ठानेन स्वतो विनष्टाः, अपरानपि शङ्कोत्पादनेन सन्मार्गाच्च्यावयन्तीति ।। **तथा च संविग्नपाक्षिकातिरिक्तस्य पार्श्वस्थादेरपि द्वितीयबालतानियामकनियतोत्सूत्रसद्भावात्, तस्यानन्तसंसाराऽनियमान्निह्नवस्यापि तदनियम एव, भवभेदस्य भावभेदनियतत्वाद् इति प्रतिपत्तव्यम् ।।६।।**

टीकार्थ :-

किंच ..... प्रतिपत्तव्यम् ।। वळी, पार्श्वस्थादिनुं उद्युक्तविहारी એवा साधुओनी निंदारूप नियत उत्सूत्र पण द्वितीय बालतानुं नियामक छे ज. जे प्रमाणे आचारांगसूत्र छे=आचारांगसूत्रमां कहुं छे –

'शीलवाळा, उपशांत, प्रज्ञाथी पराक्रम करता એवा साधुओने "अशील" એ प्रमाणे बोलता એवा मंदनी द्वितीय बालता छे. अथवा निवर्तमान એवा એक पार्श्वस्थ आचार गोचर कहे छे.

કોણ આચાર ગોચર કહેતા નથી ? તે સ્પષ્ટ કરે છે –

જ્ઞાનભ્રષ્ટ અને સમ્યગ્દર્શનનો નાશ કરનાર આચાર ગોચર કહેતા નથી, એમ અન્વય છે.

આની વૃત્તિ આ પ્રમાણે છે – शील=અઢાર હજાર शीलांगनी संख्यावाळुं अथवा महाव्रतनुं समाधान=महाव्रतना पालनथी थयेलुं चित्तनुं समाधान, पांच ઈन्द्रियोनो जय, कषायनो निग्रह अने त्रण गुप्तिथी गुप्तता એ शील, छे विद्यमान जेमने, ते शीलवाळा छे. अने कषायना उपशमथी उपशांत छे. अहीं=आचारांगना उद्धरणमां, 'शीलवत्' शब्दथी उपशांतनुं ग्रहण होवाने कारणे गतार्थपणुं होवाथी=उपशांत शब्दनो अर्थ प्राप्त थतो होवाथी, उपशांत એ विशेषण कषायोना निग्रहना प्राधान्यना ख्यापन माटे छे. सम्यग् ख्यापन कराय छे=प्रकाशन कराय छे आना वडे એ संख्या=प्रज्ञा, तेना वडे रीयमाण=संयमानुष्ठानथी पराक्रम करता, એवा साधुओने कोઈक जेमनुं भाग्य नाश पामेलुं छे तेना कारणे 'आ अशीलवाळा छे.' ते प्रमाणे बोलताने=ते साधुओनी पाछळ बोलताने, बीजी बालता छे, એम अन्वय छे.

વળી अनुवदतःनो અર્થ અન્ય રીતે કરે છે –

અથવા અન્ય એવા મિથ્યાદૃષ્ટિ આદિ દ્વારા 'કુશીલ છે' એ પ્રમાણે કહેવાયે છતે અનુવાદ કરતા=તેના કથનનું સમર્થન કરતા, મંદ=અજ્ઞ, એવા પાર્શ્વસ્થાદિને આ બીજી બાલતા=મૂર્ખતા, છે.

કઈ રીતે બીજી બાલતા છે ? તે સ્પષ્ટ કરે છે –

એક પોતાનાથી ચારિત્રનો અપગમ છે તેની બાલતા છે. વળી, અપર એવા ઉદ્યત વિહારીની નિંદા કરે છે તે બીજી બાલતા છે. અથવા "શીલવાળા એવા આ ઉપશાંત છે." એ પ્રમાણે અન્ય વડે કહેવાયે છતે=એ પ્રમાણે સુસાધુને

ઉદ્દેશીને અન્ય વડે કહેવાયે છતે, "પ્રચુર ઉપકરણવાળા એવા આમને શીલવાનપણું અને ઉપશાંતતા ક્યાં છે?" એ પ્રમાણે બોલતા હીન આચારવાળા પાર્શ્વસ્થની બીજી બાલતા થાય છે. વળી, વીર્યાંતરાયના ઉદયથી=સંયમની ક્રિયાઓ અપ્રમાદભાવથી શાસ્ત્રવિધિ અનુસાર કરવામાં પ્રતિબંધક એવા વીર્યાંતરાયકર્મના ઉદયથી, પોતે સીદાતા છતાં પણ બીજા સાધુની પ્રશંસાથી યુક્ત એવા બીજા પ્રમાદવાળા પાર્શ્વસ્થાદિ સાધુ યથાવસ્થિત આચારના વિષયને કહે છે=સંયમના સાધ્વાચારને યથાસ્વરૂપ યોગ્ય જીવોને કહે છે. એને બતાવવા માટે કહે છે=આચારાંગસૂત્રના ઉદ્ધરણમાં 'નિવર્તમાના' ઈત્યાદિથી કહે છે – એક-કર્મના ઉદયથી સંયમથી નિવર્તમાન અથવા લિંગથી નિવર્તમાન યથાવસ્થિત આચારના વિષયને કહે છે. સૂત્રમાં રહેલા 'વા' શબ્દથી અનિવર્તમાનનું ગ્રહણ છે.

કેવા પ્રકારનું આચાર વિષયક યથાવસ્થિત કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

"વળી અમે કરવા માટે અસમર્થ છીએ"=ભગવાને જે પ્રમાણે સંયમના આચારો કહ્યા છે તે પ્રમાણે કરવા માટે અમે અસમર્થ છીએ. "વળી આચાર આવા પ્રકારનો છે=જે પ્રમાણે આ સુસાધુઓ કરે છે એવા પ્રકારનો છે." એ પ્રમાણે કહેતા, તેઓની=સંવિગ્નપાક્ષિકરૂપ પાર્શ્વસ્થોની, બીજી બાલતા થતી જ નથી.

વળી તેઓ કેવું બોલતા નથી ? તે સ્પષ્ટ કરે છે –

'વળી આવા પ્રકારનો આચાર છે, જે અમારા વડે સેવાય છે. વર્તમાનમાં દુઃષમાકાળને કારણે બલાદિનો અપગમ થયો હોવાથી મધ્યમભૂત માર્ગ જ શ્રેયકારી છે, ઉત્સર્ગનો અવસર નથી.' એ પ્રમાણે કહેતા નથી=એ પ્રકારે સંવિગ્નપાક્ષિક પ્રમાદી સાધુઓ કહેતા નથી.

પૂર્વે કહ્યું કે શિથિલાચારવાળા સાધુઓ કહે છે કે વર્તમાનમાં મધ્યમભૂત માર્ગ જ શ્રેયકારી છે, ઉત્સર્ગનો અવસર નથી. તે કથનમાં 'उक्तं हि'થી સાક્ષી આપે છે –

"અતિ આયાત નહિ=લગામને અતિ ખેંચેલુ નહીં, અને શિથિલ નહિ=અતિ ઢીલી નહિ. જે પ્રમાણે સારથિ યોજે છે અને અશ્વને ભદ્ર=ઉચિત રીતે, ચલાવે છે. તે પ્રમાણે યોગો સર્વત્ર પૂજિત છે=તે પ્રમાણે સંયમના મધ્યમ યોગો સર્વત્ર હિતકારી છે, વળી," જે સાધુ જ્યાં ભગ્ન હોય=જે આચારમાં શિથિલ હોય, બીજા અવકાશને નહિ પ્રાપ્ત કરતો એવો તે=પોતાની હીનતાને કહેવાના અવકાશને નહિ પ્રાપ્ત કરતો એવો તે, ત્યાં જવા માટે=હીન પ્રવૃત્તિને કરવા માટે, યત્ન કરતો "આ પ્રધાન છે." એ પ્રમાણે કહે છે. ઈત્યાદિથી આવા અન્ય ઉદ્ધરણનો સંગ્રહ છે.

આચારાંગસૂત્રનો અવશિષ્ટ અંશ સ્પષ્ટ કરતાં કહે છે –

કેવા પ્રકારના વળી સાધુઓ આને જ=પોતાના પ્રમાદથી સેવાયેલા અનુષ્ઠાનને જ, સમર્થન કરે ? એને કહે છે=આચારાંગસૂત્રમાં 'नाणभट्ठा' શબ્દથી કહે છે તેનો અર્થ સ્પષ્ટ કરે છે. સદ્-અસદ્નો વિવેક જ્ઞાન છે, તેનાથી ભ્રષ્ટ થયેલા જ્ઞાનભ્રષ્ટ છે. અને દર્શનનો નાશ કરનારા=સમ્યગ્દર્શનને નાશ કરનારા, છે. અર્થાત્ અસદ્ અનુષ્ઠાનથી સર્વત્ર વિનષ્ટ બીજાને પણ શંકાના ઉત્પાદન દ્વારા સન્માર્ગથી નાશ કરે છે.

'इति' શબ્દ આચારાંગસૂત્રના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

'किञ्च'થી પ્રારંભ કરાયેલા અને તેમાં આચારાંગસૂત્રની સાક્ષી આપી તે સર્વનું નિગમન કરતાં ટીકાકારશ્રી કહે છે –

અને તે રીતે=અત્યાર સુધી ટીકામાં જે વર્ણન કર્યું તે રીતે, સંવિગ્નપાક્ષિકથી અતિરિક્ત એવા પાર્શ્વસ્થાદિનું પણ દ્વિતીય બાલતાનું નિયામક નિયત ઉત્સૂત્રનો સદ્ભાવ હોવાથી તેને=સંવિગ્નપાક્ષિકથી અતિરિક્ત પાર્શ્વસ્થાદિને, અનંતસંસારનો અનિયમ હોવાથી=ઉત્સૂત્ર ભાષણ કરવા છતાં અનંતસંસારનો અનિયમ હોવાથી, નિહ્નવને પણ તેનો અનિયમ જ છે=અનંત સંસારની પ્રાપ્તિનો અનિયમ જ છે; કેમ કે ભવભેદનું=સંસારની વૃદ્ધિરૂપ ભવભેદનું, ભાવભેદથી નિયતપણું છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. ॥૬॥

ભાવાર્થ :-

વળી જેમ નિહ્નવ નિયત ઉત્સૂત્રભાષણ કરનારા છે તેમ પાર્શ્વસ્થાદિ પણ નિયત ઉત્સૂત્રભાષણ કરનારા છે.

કેવા પ્રકારનું નિયતોત્સૂત્ર ભાષણ પાર્શ્વસ્થ કરે છે ? તે સ્પષ્ટ કરે છે –

જે સાધુઓ ભગવાનના વચનનું સ્મરણ કરીને સ્વવિવેકાનુસાર સર્વ આચાર સેવનારા છે તેઓ ઉદ્યત વિહારી છે. તે ઉદ્યત વિહારી આગળ પોતે લોકમાં હીન ન દેખાય તે માટે સંયમમાં પ્રમાદી એવા પાર્શ્વસ્થ તે મહાત્માની નિંદા કરે છે જે નિયતોત્સૂત્રભાષણરૂપ છે અને પાર્શ્વસ્થની તે નિંદા બીજા પ્રકારની બાલતાનું નિયામક છે. અર્થાત્ (૧) તેઓ ચારિત્રના પરિણામ વગર છે એ પ્રથમ બાલતા છે અને (૨) સંયમમાં અપ્રમાદી સાધુની નિંદા કરે છે તે દ્વિતીય બાલતા છે.

તેમાં આચારાંગ સૂત્રની સાક્ષી આપે છે – "જે સાધુઓ શીલવાળા, ઉપશાંત અને પ્રજ્ઞાથી સંયમના અનુષ્ઠાનમાં પરાક્રમ કરનારા છે તેઓ ઉદ્યતવિહારવાળા છે." આનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુઓ સદા ઇન્દ્રિયોમાં સંયમ રાખીને, ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે, તેથી શીલવાળા છે. ભગવાનના વચનથી સતત ભાવિત થઈને આત્માને વીતરાગભાવ તરફ લઈ જવા યત્ન કરે છે, તેથી કષાયના નિગ્રહવાળા છે, માટે ઉપશાંત છે. જિનવચનના પરમાર્થને યથાર્થ ભણીને સંયમના ઉચિત અનુષ્ઠાનોમાં પરાક્રમ કરનારા છે. આવા સાધુઓ એકાંતે જિનવચનથી સર્વપ્રવૃત્તિ કરે છે. છતાં જે પાર્શ્વસ્થ પોતાની લોકમાં હીનતા ન દેખાય તે માટે તેવા સુસાધુની નિંદા કરે છે તે, તેઓની બીજી બાલતા છે.

વળી કેટલાક પાર્શ્વસ્થ સાધુઓ સંયમનાં દુષ્કર અનુષ્ઠાનો અપ્રમાદથી કરવા માટે અલ્પ વીર્યવાળા હોવાથી અસમર્થ છે, છતાં સુસાધુના ગુણોની પ્રશંસા કરનારા છે. તેઓ ભગવાને બતાવેલા ચારિત્રના માર્ગને યથાર્થ જ કહેનારા છે, તેઓ સંવિગ્નપાક્ષિક છે.

તે સંવિગ્નપાક્ષિક કેવા છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

સંયમના પરિણામથી નિવર્તનમાન છે, તેથી કેટલાક લિંગવાળા છે, તો કેટલાક લિંગને પણ છોડીને ગૃહસ્થવેશને સ્વીકારનારા છે. જેઓ લિંગવાળા છે તેઓ સંવિગ્ન સાધુઓનો પક્ષપાત કરનારા હોવાથી સંવિગ્નપાક્ષિક કહેવાય છે. જેઓ લિંગને છોડી દે છે તે સુસાધુઓનો પક્ષપાત કરીને સ્વશક્તિ અનુસાર

શ્રાવકાચાર પાળે છે. તથા તેઓ ભગવાને કહેલ સંયમના આચારો યથાર્થ જ કહે છે અને લોકોને કહે છે કે "અમે સંયમના આચાર પાળવા સમર્થ નથી, પરંતુ સુસાધુ જેવો આચાર પાળે છે તેવો સંયમનો આચાર છે." તેવા સંવિગ્નપાક્ષિક સાધુઓમાં કે લિંગથી નિવર્તન પામેલા શ્રાવકમાં બીજી બાલતા નથી અને જેઓ 'પોતે જે આચારો પાળે છે તે જ આચાર ઉચિત છે, વર્તમાનકાળમાં ઉત્સર્ગનો અવસર નથી' ઇત્યાદિ કહીને પોતાના શિથિલાચારનું સમર્થન કરે છે, તેઓ જ્ઞાનભ્રષ્ટ છે અને સ્વ-પરના દર્શનનો નાશ કરનારા છે.

આ સર્વ કથનથી શું ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

સંવિગ્નપાક્ષિક પણ પાર્શ્વસ્થસાધુ છે અને તેને છોડીને જે અન્ય પાર્શ્વસ્થ સાધુ છે તેઓમાં બીજી બાલતાનું નિયામક નિયતોત્સૂત્ર ભાષણ છે. છતાં તેવા પણ પાર્શ્વસ્થ સાધુ નિયમથી અનંતસંસાર પ્રાપ્ત કરે છે તેવો નિયમ નથી. માટે તેવા પાર્શ્વસ્થની જેમ નિયત ઉત્સૂત્રભાષણ કરનાર નિહ્નવને પણ નિયમા અનંતસંસાર થાય તેવો નિયમ નથી; કેમ કે સંસારના સંખ્યાત-અસંખ્યાત કે અનંત કાળની વૃદ્ધિ પ્રત્યે જીવમાં વર્તતો વિપર્યાસભાવનો ભેદ જ નિયામક છે. અર્થાત્ વિપર્યાસરૂપ ભાવ જેટલો અધિક અનિવર્તનીય તેટલા અધિક સંસારની પ્રાપ્તિ થાય. **॥૬॥**

अवतरणिका :-

ननु कर्म तावदुत्कर्षतोऽप्यसंख्येयकालस्थितिकमेव बध्यते, तत्कथं तीव्राध्यवसायवतामप्युत्सूत्र-भाषिणामनन्तसंसारित्वं स्याद् ? इत्याशंकायामाह –

અવતરણિકાર્થ :-

કર્મ ઉત્કર્ષથી પણ અસંખ્યાતકાળ સ્થિતિક જ બંધાય છે. તેથી તીવ્ર અધ્યવસાયવાળા ઉત્સૂત્રભાષી જીવોને અનંતસંસારપણું કેવી રીતે થઈ શકે ? એ પ્રમાણેની આશંકામાં કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૫-૬માં યુક્તિથી સ્થાપન કર્યું કે ઉત્સૂત્રભાષણ કરનારા જીવોને જે અનંતસંસાર થાય છે તે નિયત કે અનિયત ઉત્સૂત્રભાષણથી થતો નથી પરંતુ ઉત્સૂત્રભાષણકાળમાં વર્તતા તીવ્ર અધ્યવસાયથી થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે ઉત્સૂત્રભાષણ કાળમાં ગમે તેટલો તીવ્ર અધ્યવસાય થાય તોપણ બંધાતું કર્મ અસંખ્યાતકાળ સ્થિતિક જ બંધાય છે, અનંતકાળ સ્થિતિવાળું કર્મ બંધાતું નથી તેથી અનંતસંસારની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે ? એ પ્રકારની શંકાના સમાધાનમાં કહે છે –

ગાથા :-

कम्मं बन्धइ पावं जो खलु अणुवरयतिव्वपरिणामो ।
असुहाणुबन्धजोगा अणंतसंसारिआ तस्स ।।७।।

છાયા :-

कर्म बध्नाति पापं यो खल्वनुपरततीव्रपरिणामः ।
अशुभानुबन्धयोगादनन्तसंसारिता तस्य ।।७।।

અન્વયાર્થ :-

खलु अणुवरयतिव्वपरिणामो=ખરેખર અનુપરત તીવ્ર પરિણામવાળો, जो=જે જીવ, पावं कम्मं=પાપકર્મ, बन्धइ=બાંધે છે, तस्स=તે જીવના, असुहाणुबन्धजोगा=અશુભ અનુબંધના યોગના કારણે, अणंतसंसारिआ= અનંતસંસારિતા થાય છે. ।।૭।।

ગાથાર્થ :-

ખરેખર અનુપરત તીવ્ર પરિણામવાળો જે જીવ પાપકર્મ બાંધે છે તે જીવના અશુભ અનુબંધના યોગના કારણે અનંતસંસારિતા થાય છે. ।।૭।।

ટીકા :-

कम्मंति । कर्म बध्नाति पापं यः खल्वनुपरततीव्रपरिणामः=अविच्छिन्नतथाविधसंक्लिष्टाध्यवसायः स्वेच्छानुरोधान्नियतास्रवप्रवृत्तो वाऽनियतास्रवप्रवृत्तो वा नियतोत्सूत्रभाषी वाऽनियतोत्सूत्रभाषी वाऽप्राप्तानुशयः, तस्याशुभानां=ज्ञानावरणीयादिपापप्रकृतीनां, अनुबन्धस्य उत्तरोत्तरवृद्धिरूपस्य बध्यमानप्रकृतिषु तज्जननशक्तिरूपस्य वा योगात्=संबन्धादनन्तसंसारिता भवति, ग्रन्थिभेदात्प्रागप्यनन्तसंसारार्जनेऽशुभानुबन्धस्यैव हेतुत्वात् प्राप्तसम्यग्दर्शनानामपि प्रतिपातेन तत एवाऽनन्तसंसारसंभवात्, तदुक्तं उपदेशपदे –

"गंठीइ आरओ विहु असईबंधो ण अन्नहा होइ ।
ता एसो वि हु एवं णेओ असुहाणुबंधोत्ति" ।।३८६।।

ततश्च बन्धमात्रान्नानन्तसंसारिता किन्त्वनुबन्धादिति स्थितम् ।

ટીકાર્થ :-

कर्म ..... स्थितम् । 'कम्मंति' प्रतीक छे. અનુપરત તીવ્ર પરિણામવાળો=અવિચ્છિન્ન તેવા પ્રકારના સંક્લિષ્ટ અધ્યવસાયવાળો સ્વ ઇચ્છાના અનુરોધથી નિયત આશ્રવમાં પ્રવૃત્ત હોય અથવા અનિયત આશ્રવમાં પ્રવૃત્ત હોય, નિયત ઉત્સૂત્રભાષી હોય, આવા અનિયત ઉત્સૂત્રભાષી હોય તેવો અપ્રાપ્ત પશ્ચાત્તાપવાળો જે જીવ પાપકર્મ બાંધે છે તેની=તે જીવની, અનંતસંસારિતા અશુભ એવા જ્ઞાનાવરણ આદિ પાપપ્રકૃતિઓના અનુબંધના યોગથી=ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ અથવા બધ્યમાન પ્રકૃતિઓમાં ઉત્તરોત્તર

વૃદ્ધિના જનનની શક્તિરૂપ અનુબંધના સંબંધથી, થાય છે; કેમ કે ગ્રંથિભેદના પૂર્વે પણ અનંતસંસારના અર્જનમાં અશુભ અનુબંધનું હેતુપણું હોવાથી પ્રાપ્તસમ્યગ્દર્શનવાળા જીવોને પણ પ્રતિપાત વડે તેનાથી જ=સમ્યક્ત્વના પ્રતિપાત વડે અશુભ અનુબંધથી જ, અનંતસંસારનો સંભવ છે.

તે=પૂર્વે કહ્યું કે ગ્રંથિભેદ પૂર્વે પણ અશુભ અનુબંધથી અનંતસંસાર થતો હતો અને સમ્યક્ત્વથી પાત થયા પછી પણ અશુભ અનુબંધથી અનંતસંસાર થાય છે એમ જે કહેવાયું તે, ઉપદેશપદ ગાથા-૩૮૬માં કહેવાયું છે –

"ગ્રંથિના ભેદ પૂર્વે પણ અસકૃદ્બંધ=જ્ઞાનાવરણીયાદિ કર્મોનો અનંત વાર બંધ અન્યથા થતો નથી=અશુભ અનુબંધ વગર થતો નથી. તેથી આ પણ=સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યક્ત્વથી પાત થવાને કારણે જે જ્ઞાનાવરણીયાદિનો અસકૃદ્=અનંત વાર બંધ થાય છે એ પણ, આ રીતે અશુભ અનુબંધથી જાણવો."

અને તેથી=પૂર્વે યુક્તિથી સ્થાપન કર્યું કે અશુભ અનુબંધથી અનંતસંસારિતા થાય છે તેથી, બંધ માત્રથી અનંત સંસારિતા નથી પણ અનુબંધથી છે એ પ્રમાણે સ્થિત છે.

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે જીવ સંક્લેશથી કર્મ બાંધે તે પણ બંધ ઉત્કર્ષથી અસંખ્યાત કાળ સુધીની સ્થિતિવાળો હોય છે, અનંતકાળની સ્થિતિવાળું કર્મ બંધાતું નથી. તેથી તીવ્ર અધ્યવસાયવાળા જીવો ઉત્સૂત્રભાષણ કરે તેનાથી અનંતસંસાર કઈ રીતે થઈ શકે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – જે જીવો અવિચ્છિન્ન તેવા પ્રકારના ક્લિષ્ટ અધ્યવસાયવાળા હોય છે, અર્થાત્ જે ક્લિષ્ટ અધ્યવસાય થાય તે અનંતકાળ સુધી વિચ્છેદ ન થાય તેવા ક્લિષ્ટ અધ્યવસાયવાળા હોય છે. તેઓ પોતાની ઇચ્છા અનુસાર નિયત આશ્રવમાં પ્રવૃત હોય અર્થાત્ મોહધારાની વૃદ્ધિને અનુકૂળ નિયત કર્મબંધમાં પ્રવૃત્ત હોય અથવા મોહધારાની વૃદ્ધિને અનુકૂળ અનિયત આશ્રવમાં પ્રવૃત્ત હોય અથવા જિનવચનથી વિપરીત નિયત ઉત્સૂત્રભાષી હોય કે અનિયત ઉત્સૂત્રભાષી હોય અને તે પાપપ્રવૃત્તિ કર્યા પછી પશ્ચાત્તાપનો પરિણામ ન પ્રાપ્ત કરે તેવા હોય તેઓ જે પાપકર્મ બાંધે છે તે પાપકર્મકાળમાં અશુભ અનુબંધનો યોગ હોય છે જેનાથી અનંતસંસારની પ્રાપ્તિ થાય છે.

અશુભ અનુબંધનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે –

જ્યારે જીવ ક્લિષ્ટ પરિણામવાળો હોય છે ત્યારે જ્ઞાનાવરણીયાદિ પાપ પ્રકૃતિઓના અનુબંધના યોગથી અનંતસંસાર કરે છે. અર્થાત્ જે જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ બાંધે છે તે પાપપ્રકૃતિ ભોગવાઈને જેટલી ક્ષય થાય તેના કરતાં નવી નવી તેવી પાપપ્રકૃતિ બાંધીને અનંત કાળ સુધી તે ચાલે તેવા અનુબંધથી અનંતસંસાર કરે છે. અથવા બંધાતી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓમાં ક્લિષ્ટ અધ્યવસાયથી તેવી શક્તિ પેદા કરે છે કે જેનાથી પાપપ્રકૃતિઓમાં ફરી ફરી ક્લિષ્ટ અધ્યવસાય કરીને નવી નવી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ બાંધે તેનાથી અનંતસંસાર થાય છે.

અહીં પ્રશ્ન થાય કે જે જીવો સમ્યક્ત્વ પામ્યા છે અને ઉત્સૂત્રભાષણાદિ કોઈક પાપપ્રવૃત્તિથી અનંતસંસાર કરે છે ત્યાં પણ કોણ કારણ છે ? તેથી કહે છે –

ગ્રંથિભેદથી પૂર્વે જે અનંતસંસારનું અર્જન થતું હતું તે અશુભ અનુબંધથી જ થતું હતું તેમ સમ્યક્ત્વ પામ્યા પછી પણ કોઈ જીવ સમ્યક્ત્વથી પાત પામે ત્યારે તે જીવને અશુભ અનુબંધી જ અનંતસંસાર પ્રાપ્ત થાય છે. તેથી એ ફલિત થાય કે કર્મબંધ માત્રથી અનંતસંસાર થતો નથી પરંતુ તે બંધાયેલાં કર્મો ફરી ફરી ક્લિષ્ટ પરિણામ કરાવીને નવા નવા બંધને કરાવે છે. અને તે નવા નવા બંધના પ્રવાહરૂપ અનુબંધથી અનંતસંસાર પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ એ છે કે મોહનીય કર્મના ઉદયથી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ બંધાય છે. અને મોહનીય કર્મનો ઉદય દસમા ગુણઠાણા સુધી સર્વજીવોને હોય છે. તેથી દસમા ગુણઠાણા પૂર્વે અપ્રમત્તમુનિઓ, સુસાધુઓ કે સુશ્રાવકો કે સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વ સ્વ ભૂમિકાને અનુસાર મોહના પરિણામને અનુરૂપ જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ બાંધે છે. આમ છતાં સમ્યક્ત્વની પ્રાપ્તિથી જીવ આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણીને તેને પ્રગટ કરવાને માટે જિનવચનાનુસાર ઉદ્યમ કરે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો સતત મોહની હાનિ માટેના ઉદ્યમવાળા છે. જેમ જેમ મોહનીયની હાનિ થાય છે તેમ તેમ જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ પૂર્વ-પૂર્વ કરતાં અલ્પ બંધાય છે. તેથી સમ્યગ્દૃષ્ટિથી માંડીને દસમા ગુણઠાણા સુધીના જીવોની જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ ક્રમસર અલ્પ-અલ્પતર બંધાય છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ વર્તમાનમાં જે જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ બાંધે છે તેના કરતાં ઉત્તરમાં અલ્પ સ્થિતિવાળી જ્ઞાનાવરણીય આદિ પાપપ્રકૃતિઓ બાંધે છે.

વળી સમ્યક્ત્વ પામ્યા પછી કોઈ જીવ કોઈક રીતે ઉત્સૂત્રભાષણાદિ પ્રવૃત્તિ કરે તે વખતે તેનો અનિવર્તનીય તીવ્ર પરિણામ જેટલો હોય તે પરિણામને અનુરૂપ તેની જિનવચનથી વિપરીત તીવ્ર રુચિ છે. તેથી તેની વિપરીત રુચિને અનુસાર પૂર્વમાં સમ્યક્ત્વ પ્રાપ્તિકાળથી જ્ઞાનાવરણીયાદિ કર્મો હીન-હીનતર થતાં હતાં તે હવે મિથ્યાત્વની પ્રાપ્તિકાળમાં વિશેષ પ્રકારનાં બંધાય છે. વળી ઉત્તર-ઉત્તરમાં અધિક-અધિક જ્ઞાનાવરણીયાદિ પાપ કર્મો બાંધે તેવી અનુબંધ શક્તિ મિથ્યાત્વના ઉદયકાળમાં વર્તતા અનંતાનુબંધી કષાયના ઉદયથી થાય છે. તેથી જેમ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે મિથ્યાત્વના ઉદયકાળમાં વર્તતા અનંતાનુબંધી કષાયના ઉદયથી અનંતસંસારનું અર્જન થતું હતું તેમ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી પણ સમ્યક્ત્વથી પાત પામેલા જીવને અનંતાનુબંધી કષાયના ઉદયથી અનંતસંસારનું અર્જન થાય છે.

વળી, આ અનંતાનુબંધી કષાય ચરમાવર્ત પૂર્વના જીવોમાં અધિક તીવ્ર હોય છે અને જેમ જેમ દૂર દૂરના પુદ્ગલપરાવર્તમાં જીવ હોય છે તેમ તેમ અધિક તીવ્ર હોય છે. તેથી તે અનંતાનુબંધી કષાયની તીવ્રતાના કારણે જીવ સંસારમાં ચરમાવર્તની પ્રાપ્તિ પૂર્વે અનંત પુદ્ગલપરાવર્તને પસાર કરે છે. અને ચરમાવર્તમાં આવેલા જીવને તે અનંતાનુબંધી કષાય પૂર્વ કરતાં કંઈક મંદ થયેલ છે તેથી તે જીવને ઉપદેશાદિની સામગ્રી મળે અને જો તે જીવ તત્ત્વને અભિમુખ થાય તો સમ્યક્ત્વની પ્રાપ્તિના પૂર્વકાળ સુધી તે અનંતાનુબંધી કષાય

અનંતસંસારનું કારણ હોવા છતાં અલ્પ-અલ્પતર સંસારનું કારણ બને છે; કેમ કે સમ્યક્ત્વને અભિમુખ પરિણામ હોવાથી વિશુદ્ધ અધ્યવસાય હોવાને કારણે અનંતાનુબંધી કષાયની અનુબંધ શક્તિ ઘટે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી અનંતાનુબંધી કષાય નહીં હોવાથી અનંતસંસારનું અર્જન નથી, છતાં સમ્યક્ત્વથી પાત પામીને ફરી અનંતાનુબંધી કષાયને કારણે અનંતસંસારનું અર્જન થાય છે.

ટીકા :-

अत एवाभोगादनाभोगाद्वोत्सूत्रभाषिणामपीह जन्मनि जन्मान्तरे वाऽऽलोचितप्रतिक्रान्ततत्पातकानामनुबन्धविच्छेदान्नानन्तसंसारिता, केवलमनन्तभववेद्यनिरुपक्रमकर्मबन्धे तन्निःशेषतां यावत्प्रायश्चित्तप्रतिपत्तिरेव न स्याद्, अध्यवसायविशेषाद् नियतोपक्रमणीयस्वभावकर्मबन्धे चेह जन्मनि जन्मान्तरे वा प्रायश्चित्तप्रतिपत्तिः स्यात्, अत एव जमालिशिष्यादीनां भगवत्समीपमुपगतानां तद्भव एवोत्सूत्रभाषणप्रायश्चित्तप्रतिपत्तिः । कालीप्रभृतीनां च 'तस्स ठाणस्स अणालोइअ अपडिक्कंता कालमासे कालं किच्चा०' **इत्यादि वचनात्, तद्भावानालोचितपार्श्वस्थत्वादिनिमित्तपापानां भवान्तर एव प्रायश्चित्तप्रतिपत्तिः ।** 'काली णं भंते । देवी ताओ देवलोगाओ अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिति? कहिं उववज्जिहिति? गोयमा । महाविदेहवासे सिज्झिहिति' **(२.१.१-) इत्यादिवचनात्तासां भवान्तर एव पूर्वभवाचीर्णपार्श्वस्थत्वादिजातपापकर्मप्रायश्चित्तभणनात् ।** 'सव्वा वि हु पव्वज्जा पायच्छित्तं भवंतरकडाणं पावाणं कम्माणं ।' **( ) इत्यादिपूर्वाचार्यवचनात्प्रव्रज्याया एव भवान्तरकृतकर्मप्रायश्चित्तरूपत्वाद् । एतेन** 'कृतस्य पापस्य प्रायश्चित्तप्रतिपत्तिस्तस्मिन्नेव भवे भवति न पुनः जन्मान्तरेऽपि इति वदंस्तत्र 'जावाउ सावसेसं०" **(उपदेशमाला-२५८) इत्यादि सम्मतिमुद्भावयन् व्यक्तामसंलग्नकतामनवगच्छन्निरस्तो बोध्यः ।**

अथ पूर्वभवकृतपापपरिज्ञानाऽभावात्कुतस्तदालोचनम्? कुतस्तरां च तत्प्रायश्चित्तम्? इति चेत्? न, एतद्भवकृतानामपि विस्मृतानामिव पूर्वभवकृतानामपि पापानां सामान्यज्ञानेनालोचनप्रायश्चित्तसम्भवात् । अत एव मिथ्यात्वहिंसादेः पारभविकस्यापि निन्दागर्हादिकम् –

इहभवियमन्नभवियं मिच्छत्तपवत्तणं जमहिगरणं ।

जिणपवयणपडिकुट्ठं दुट्ठं गरिहामि तं पावं ।। **(चतु० प्रकी० ५०)**

'इह भवे अन्नेसु वा भवग्गहणेसु पाणाइवाओ कओ वा काराविओ वा कीरंतो वा परेहिं समणुण्णाओ तं निंदामि गरिहामि' **इत्यादि चतुःशरणप्रकीर्णकपाक्षिकसूत्रादावुक्तम् ।**

पापप्रतिघातगुणबीजाधानसूत्रे (त्रवृत्तौ) हरिभद्रसूरिभिरप्येतद्भवसम्बन्धि भवान्तरसम्बन्धि वा पापं यत्तत्पदाभ्यां परामृश्य मिथ्यादुष्कृतप्रायश्चित्तेन विशोधनीयमित्युक्तम् । तथाहि–'सरणमुवगओ अ एएसिं गरिहामि दुक्कडं । जण्णं अरहंतेसु वा सिद्धेसु वा आयरिएसु वा उवज्झाएसु वा साहूसु वा साहुणीसु

वा अन्नेसु वा धम्मट्ठाणेसु माणणिज्जेसु पूअणिज्जेसु तहा माईसु वा पिईसु वा बन्धूसु वा मित्तेसु वा उवयारिसु वा ओहेण वा जीवेसु मग्गट्ठिएसु वा अमग्गट्ठिएसु वा मग्गसाहणेसु वा अमग्गसाहणेसु वा जं किंचि वितहमायरिअं अणायरिअव्वं अणिच्छिअव्वं पावं पावाणुबंधि सुहुमं वा बायरं वा मणेणं वा वायाए वा काएणं वा कयं वा कारविअं वा अणुमोइअं वा रागेण वा दोसेण वा मोहेण वा इत्थं व जम्मे जम्मन्तरेसु वा गरहियमेयं दुक्कडमेयं उज्झियव्वमेअं वियाणिअं मए कल्लाणमित्तगुरुभगवंतवयणाओ एवमेअंति रोइअं सद्धाए अरहंतसिद्धसमक्खं गरहामि अहमिणं दुक्कडमेअं उज्झियव्वमेअं इत्थ मिच्छामि दुक्कडं ३।।'

एतद्व्याख्या यथा—चतुःशरणगमनानन्तरं दुष्कृतगर्होक्ता, तामाह – शरणमुपगतश्च सन् एतेषां=अर्हदादीनां, गर्हे दुष्कृतं किं विशिष्टं? इत्याह–जण्णं अरहंतेसु वा इत्यादि अर्हदादिविषयं, ओधेन वा जीवेषु मार्ग-स्थितेषु=सम्यग्दर्शनादियुक्तेषु, अमार्गस्थितेषु=एतद्विपरीतेषु, मार्गसाधनेषु=पुस्तकादिषु, अमार्गसाधनेषु=खड्गादिषु, यत्किंचिद्वितथमाचरितं=अविधिपरिभोगादि, अनाचरितव्यं क्रियया, अनेष्टव्यं मनसा, पापं पापकारणत्वेन, पापानुबन्धि तथाविपाकभावेन, गर्हितमेतद् कुत्साऽऽस्पदं, दुष्कृतमेतद् धर्मबाह्यत्वेन, उज्झितव्यमेतद् हेयतया, विज्ञातं मया कल्याणमित्रगुरुभगवद्वचनाद् एवमेतद् इति रोचितं श्रद्धया तथाविधक्षयोपशमजया, अर्हत्सिद्धसमक्षं गर्हे कथं? इत्याह–दुष्कृतमेतद् उज्झितव्यमेतद् । अत्र व्यतिकरे 'मिच्छामि दुक्कडं' वारत्रयं पाठः ।

अथ-हिंसादिकस्य पापस्य पारभविकस्यापि प्रायश्चित्तप्रतिपत्तिः स्यात्, न तूत्सूत्रभाषणजनितस्य, उत्सूत्रभाषिणो निह्नवस्य क्रियाबलाद्देवकिल्बिषिकत्वप्राप्तावपि तत्र निजकृतपापपरिज्ञानाभावेन दुर्लभबोधित्वभणनाद् । यदागमः (दशवै० ५/२/४७-४८) –

लद्धूण वि देवत्तं उववन्नो देवकिब्बिसे ।
तत्थ वि से न याणाइ किं मे किच्चा इमं फलं ।।
तत्तो विसे चइता णं लब्भि ही एलमूअगं ।
णरगं तिरिक्खजोणिं वा बोही जत्थ सुदुल्लहा ।।

एतद्वृत्तिर्यथा—'लद्धूण वित्ति, लब्ध्वापि देवत्वं तथाविधक्रियापालनवशेनोपपन्नो देवकिल्बिषनिकाये, तत्राप्यसौ न जानाति विशुद्धावध्यभावात्, किं मम कृत्वेदं फलं किल्बिषिकदेवत्वमिति । अस्य दोषान्तरमाह तत्तो वित्ति, ततोऽपि देवलोकादसौ च्युत्वा लप्स्यते एडमूकतां=अजभवानुकारिमनुष्यत्वं तथा नरकं तिर्यग्योनिं वा पारम्पर्येण लप्स्यते । बोधिर्यत्र सुदुर्लभा सकलसम्पत्तिनिबन्धना यत्र जिनधर्मप्राप्तिर्दुरापा । इह 'प्राप्नोत्येडमूकताम्' इति वाच्ये असकृद्भवप्राप्तिख्यापनार्थं 'लप्स्यते' इति भविष्यत्कालनिर्देशः' **इति चेत्? मैवम्, न हि तत्र निह्नव एवाधिकृतः किन्तु तपःस्तेनादिः** 'तवतेणे वयतेणे' **(दशवै० ५-२-४९) इत्यादिपूर्वगाथैकवाक्यत्वात् तस्याप्युत्कृष्टफलप्रदर्शनमेतत्, न तु सर्वत्र सादृश्यनियमः, अध्यवसायवैचित्र्यात् । किंचैवं**—'इय से परस्स अट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण संमूढे विप्परियासमुवेइ' **इत्याचाराङ्गवचनात्**

(द्वितीयाध्य० तृतीयोद्देशक) क्रूराणि कर्माणि परस्यार्थाय कुर्वतो हिताहितबुद्ध्यादिविपर्यासवतो हिंसादिदोषस्यापि भवान्तरे प्रायश्चित्तानुपपत्तिरेव स्यात् । अथ सर्वस्यैव पापस्य प्रमादेन कृतस्य विपर्यासाधायकत्वाद्विपर्यासजलसिच्यमानानां क्लेशपादपानां चानुबन्धफलत्वाद् भवान्तरेऽपि तथाभव्यताविशेषात्कस्यचिद्विपर्यासनिवृत्त्यैवानुबन्धनिवृत्तेर्हिंसादिप्रायश्चित्तोपपत्तिरिति चेत्? तदिदमुत्सूत्रप्रायश्चित्तेऽपि तुल्यम् । न चैवमुत्सूत्रभाषिणामनन्तसंसारानियमनात्ततो भयानुपपत्तिरिति शङ्कनीयम्, एकान्ताभावेऽपि बाहुल्योक्तफलापेक्षया हिंसादेरिवोत्सूत्रादास्तिकस्य भयोपपत्तेः, आस्तिक्यं ह्यसत्प्रवृत्तिभयनिमित्तमिति दिग् ।।७।।

ટીકાર્થ :-

अत एवाभोगाद ..... निमित्तमिति दिग् ।। આથી જ=અનુબંધથી જ અનંતસંસારનું અર્જન થાય છે આથી જ, આભોગથી કે અનાભોગથી ઉત્સૂત્રભાષી આ જન્મમાં અથવા જન્માંતરમાં આલોચિત પ્રતિક્રાંત તે પાપવાળા જીવોને અનુબંધનો વિચ્છેદ થવાથી અનંતસંસારિતા નથી. કેવળ અનંત ભવભોગ્ય નિરુપક્રમ કર્મબંધ થયે છતે=ઉત્સૂત્રભાષણ દ્વારા અનંત ભવ ભોગ્ય નિરુપક્રમ કર્મબંધ થયે છતે, તેની નિઃશેષતા સુધી=નિરુપક્રમ કર્મના નાશ સુધી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ જ થતી નથી; કેમ કે અધ્યવસાયવિશેષ છે=ઉત્સૂત્રભાષણકાળમાં નિરુપક્રમ કર્મબંધને અનુકૂળ એવો અધ્યવસાયવિશેષ છે, અને નિયત ઉપક્રમણીય સ્વભાવવાળા કર્મબંધમાં આ જન્મમાં કે જન્માંતરમાં પ્રાયશ્ચિત્તનો સ્વીકાર થાય છે. આથી જ=નિયતઉપક્રમણીય સ્વભાવવાળા કર્મબંધમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે આથી જ, ભગવાનની પાસે આવેલા જમાલીના શિષ્યોને તે ભવમાં જ ઉત્સૂત્રભાષણના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ. અને "તે સ્થાનના અનાલોચિત અપ્રતિક્રાંત એવી કાલી દેવી કાલ માસે કાલ કરીને" ઇત્યાદિ શાસ્ત્રવચનથી તેને=ઉત્સૂત્રભાષણના પાપને, ભાવથી અનાલોચિત પાર્શ્વસ્થાદિ નિમિત્ત પાપવાળી એવી કાલીદેવી વગેરેને ભવાંતરમાં જ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.

કેમ કાલી વગેરેને ભવાંતરમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે ? તેથી કહે છે –

"હે ભગવંત ! કાલી દેવી તે દેવલોકથી અનંતર ઉદ્વર્તન કરીને ક્યાં ક્યાં જશે ? ઉત્પન્ન થશે ? તેને ભગવાન ઉત્તર આપે છે – હે ગૌતમ ! મહાવિદેહવાસમાં સિદ્ધ થશે." ઇત્યાદિ વચનથી તેણીને=કાલીદેવીને, ભવાંતરમાં જ પૂર્વભવોમાં આચીર્ણ પાર્શ્વસ્થાદિપણાથી થયેલ પાપકર્મના પ્રાયશ્ચિત્તનું કથન છે.

અહીં પ્રશ્ન થાય કે કાલીદેવી મહાવિદેહમાં ઉત્પન્ન થઈને સિદ્ધ થશે તે વખતે પૂર્વભવમાં કરાયેલાં પાપને સ્મૃતિમાં લાવીને તેનું પ્રાયશ્ચિત્ત કરશે તેવું વચન નથી, તેથી કાલીદેવીને ભવાંતરમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે તેવું કેવી રીતે નક્કી થાય ? તેમાં હેતુ કહે છે –

"સર્વ પણ પ્રવ્રજ્યા ભવાંતરકૃત પાપકર્મનું પ્રાયશ્ચિત્ત છે."

ઈત્યાદિ પૂર્વાચાર્યના વચનથી પ્રવ્રજ્યાનું જ ભવાંતરકૃત પાપકર્મના પ્રાયશ્ચિત્તરૂપપણું છે. આના દ્વારા=પ્રવ્રજ્યાનું ભવાંતરકૃત પાપકર્મના પ્રાયશ્ચિત્તરૂપપણું છે એમ પૂર્વે કહ્યું એના દ્વારા, કરાયેલા પાપના પ્રાયશ્ચિત્તનો સ્વીકાર તે જ ભવમાં થાય છે પણ જન્માંતરમાં નહિ એ પ્રમાણે બોલતો ત્યાં=પોતાના કથનમાં, "जावाउ सावसेसं" ઈત્યાદિ **ઉપદેશમાલાની સંમતિનો ઉદ્ભાવન કરતો વ્યક્ત અસંલગ્નતાને નહીં જાણતો=આ ભવમાં કરાયેલા પાપના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ જન્માંતરમાં થાય નહિ એ પ્રકારના કથનમાં વ્યક્ત અસંલગ્નતાને નહીં જાણતો, નિરસ્ત જાણવો.**

અહીં પૂર્વપક્ષી કહે કે પૂર્વભવમાં કરાયેલા પાપના પરિજ્ઞાનનો અભાવ હોવાથી કેવી રીતે તેનું આલોચન થાય ? અર્થાત્ કેવી રીતે પૂર્વભવમાં કરાયેલા પાપનું જન્માંતરમાં આલોચન થાય ? અને કેવી રીતે તેનું પ્રાયશ્ચિત્ત થાય ? તેને ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે આ ભવમાં કરાયેલા પણ વિસ્મૃત પાપની જેમ પૂર્વભવમાં પણ કરાયેલાં પાપોનું સામાન્ય જ્ઞાનથી=જે કોઈ આવા પ્રકારનાં પાપો કર્યાં હોય એ પ્રકારના સામાન્ય જ્ઞાનથી, આલોચનાનો અને પ્રાયશ્ચિત્તનો સંભવ છે. આથી જ=પૂર્વભવમાં કરાયેલાં પાપોનુ આલોચન અને પ્રાયશ્ચિત્ત સંભવ છે આથી જ, મિથ્યાત્વ હિંસાદિ, પારભવિક પણ પાપોની નિંદા, ગર્હાદિક કરાય છે. તેમાં ચતુઃશરણપયન્નાની સાક્ષી આપે છે – "ઈહભવિક-અન્યભવિક મિથ્યાત્વના પ્રવર્તનરૂપ જે દુષ્ટ અધિકરણ જિનપ્રવચનથી પ્રતિકુષ્ટ છે, તે પાપની હું ગર્હા કરું છું". ॥૫૦॥

"આ ભવમાં અથવા અન્ય ભવગ્રહણોમાં પ્રાણાતિપાત કરાયો હોય, કરાવાયો હોય, પર વડે કરાતો સમનુજ્ઞાત હોય તેની નિંદા કરું છું, ગર્હા કરું છું." **ઈત્યાદિ ચતુઃશરણ પ્રકીર્ણક અને પાક્ષિકસૂત્રાદિમાં કહેવાયું છે.**

પાપપ્રતિઘાતગુણબીજાધાનસૂત્રની વૃત્તિમાં હરિભદ્રસૂરિ વડે આ ભવ સંબંધી અથવા પરભવ સંબંધી પાપને 'યત્-તત્' પદ દ્વારા પરામર્શ કરીને મિથ્યાદુષ્કૃતપ્રાયશ્ચિત્તથી વિશોધન કરવું જોઈએ, એ પ્રમાણે કહેવાયું છે. તે આ પ્રમાણે –

અને આમના=તીર્થંકરાદિના, શરણને પામેલો હું દુષ્કૃતની ગર્હા કરું છું. જે અરિહંતના વિષયમાં, સિદ્ધના વિષયમાં, આચાર્યના વિષયમાં, સાધુના વિષયમાં, સાધ્વીના વિષયમાં, અથવા અન્ય ધર્મસ્થાનના વિષયમાં, માનનીય-પૂજનીયના વિષયમાં, તથા માતાઓ-પિતાઓના વિષયમાં, બંધુઓના-મિત્રોના વિષયમાં, ઉપકારીના વિષયમાં, ઓઘથી=સામાન્ય જીવોના વિષયમાં, માર્ગસ્થિત જીવોના-અમાર્ગસ્થિત જીવોના વિષયમાં, માર્ગના સાધનના-અમાર્ગના સાધનના વિષયમાં, જે કાંઈ વિપરીત આચરણ કરાયું હોય, તે અનાચરણીય, અનિચ્છનીય છે, પાપ છે, પાપાનુબંધી છે, તે સૂક્ષ્મ કે બાદર મનથી, વચનથી, કાયાથી, રાગથી, દ્વેષથી, મોહથી કર્યું, કરાવ્યું અનુમોદ્યુ હોય, આ જન્મમાં કે જન્માંતરમાં કર્યું, કરાવ્યું હોય, એ ગર્હનીય છે. આ દુષ્કૃત છે, આ ત્યાગ કરવા યોગ્ય છે. મારા વડે કલ્યાણમિત્ર અને ગુરુ ભગવંતના વચનથી વિજ્ઞાત છે, આ આમ જ છે એ પ્રમાણે શ્રદ્ધાથી રોચિત છે. અરિહંત અને સિદ્ધ સમક્ષ આની ગર્હા કરું છું. આ દુષ્કૃત છે, આ ત્યાગ કરવા યોગ્ય છે. અહીં ત્રણ વખત મિચ્છામિ દુક્કડં બોલવું.

આની વ્યાખ્યા—આ પ્રમાણે-ચતુઃશરણગમન અનંતર દુષ્કૃત ગર્હા કહેવાઈ. તેને કહે છે – અરિહંતાદિના શરણને પામેલો છતો દુષ્કૃતની હું ગર્હા કરું છું. કેવું વિશિષ્ટ દુષ્કૃત ? તેથી કહે છે – જે અરિહંતાદિ વિષયક છે, અથવા ઓઘથી જીવ વિષયક છે, સમ્યગ્દર્શનાદિ યુક્ત માર્ગસ્થિત જીવો વિષયક છે. સમ્યગ્દર્શનાદિ રહિત એવા અમાર્ગસ્થિત જીવો વિષયક, પુસ્તકાદિ માર્ગસાધન વિષયક, ખડ્ગાદિ અમાર્ગસાધન વિષયક, જે કાંઈ વિપરીત આચરણ કર્યું હોય=અવિધિ-પરિભોગાદિરૂપ વિપરીત આચરણ કર્યું હોય, તે ક્રિયાથી અનાચરવા યોગ્ય છે. મનથી અનિચ્છનીય છે. પાપનું કારણ હોવાથી પાપ છે. તે પ્રકારના વિપાકભાવથી પાપઅનુબંધીવાળું છે. આ=સેવાયેલું પાપ ગર્હિત=કુત્સાનું સ્થાન છે. આ દુષ્કૃત છે; કેમ કે ધર્મ બાહ્યપણું છે. આ ત્યાગ કરવા યોગ્ય છે; કેમ કે હેય છે. કલ્યાણમિત્ર અને ગુરુ ભગવંતના વચનથી આ મારા વડે વિજ્ઞાત છે, આ=દુષ્કૃત, આ પ્રમાણે છે=પૂર્વમાં કહ્યું એ રીતે ત્યાજ્ય છે, એ પ્રમાણે શ્રદ્ધાથી રોચિત છે=દુષ્કૃત પ્રત્યે જુગુપ્સા થાય તેવા પ્રકારના દર્શનમોહનીય ક્ષયોપશમથી જન્ય શ્રદ્ધાથી રોચિત છે. અરિહંત-સિદ્ધ સમક્ષ હું ગર્હા કરું છું.

કેવી રીતે ગર્હા કરું છું ? તેથી કહે છે –

આ દુષ્કૃત છે, આ ત્યાગ કરવા યોગ્ય છે, એ પ્રકારના અધ્યવસાયથી ગર્હા કરું છું. આ પ્રસંગમાં=દુષ્કૃત-ગર્હાના પ્રસંગમાં, 'મિચ્છામિ દુક્કડમ્' એ પાઠ ત્રણ વાર બોલવો.

હવે પૂર્વપક્ષી કહે કે પારભવિક પણ હિંસાદિ પાપના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય, પરંતુ ઉત્સૂત્રભાષણ-જનિત પાપના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય નહીં; કેમ કે ઉત્સૂત્રભાષી એવા નિહ્નવોને ક્રિયાના બળથી=સંયમની ક્રિયાના બળથી, દેવ-કિલ્બિષિકપણાની પ્રાપ્તિ થવા છતાં પણ ત્યાં=દેવભવમાં, પોતાના કરાયેલા પાપના પરિજ્ઞાનનો અભાવ હોવાના કારણે=પૂર્વભવમાં જે ઉત્સૂત્રભાષણરૂપ પાપ પોતે કર્યું તે પાપનું જ્ઞાન વિભંગજ્ઞાનથી તેઓને નહીં થતું હોવાને કારણે, દુર્લભબોધિપણું કહેલ છે. અર્થાત્ નિહ્નવો દેવભવમાં દુર્લભબોધિ છે તેમ શાસ્ત્રમાં કહેલ છે. જે પ્રમાણે આગમ છે. "દેવત્વને પામીને પણ દેવ કિલ્બિષિકમાં ઉત્પન્ન થયેલો એવો આ ત્યાં પણ જાણતો નથી. શું કૃત્ય કરીને આ ફળ=કિલ્બિષિકપણાનું ફલ છે ? ત્યાંથી પણ ચ્યવીને આ=તે દેવ એડમૂકતાને પામશે. નરકને અથવા તિર્યંચ યોનિને પામશે. જ્યાં બોધિ સુદુર્લભ છે.

આ વૃત્તિ છે=દશવૈકાલિકસૂત્રના પાઠની આ વૃત્તિ છે. જે આ પ્રમાણે – દેવત્વને પામીને પણ એવા પ્રકારની ક્રિયાના પાલનના વશથી=દેવગતિનું કારણ બને એવી સંયમની ક્રિયાના પાલનના વશથી, દેવ કિલ્બિષિક નિકાયમાં ઉત્પન્ન થયેલો ત્યાં પણ=દેવભવમાં પણ, આ જીવ વિશુદ્ધ અવધિજ્ઞાનના અભાવને કારણે "શું મારા કૃત્યને કરીને આ કિલ્બિષિકદેવત્વરૂપ ફળ છે ?" એ જાણતો નથી. આના=તે દેવના, દોષાંતરને કહે છે=અન્ય અશુભ ફળને કહે છે. ત્યાંથી પણ=દેવલોકથી પણ, ચ્યવીને આ દેવ એડમૂકતાને પ્રાપ્ત કરશે=બકરાની જેમ બેં બેં કરે એવા મૂંગા મનુષ્યભવને પ્રાપ્ત કરશે અને નરક અથવા તિર્યંચને પરંપરાએ પ્રાપ્ત કરશે, જ્યાં=જે સકલ ભવોમાં, બોધિ સુદુર્લભ છે=જે સકલ ભવોમાં સકલ સંપત્તિનું કારણ એવા જિનધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. અહીં=ઉદ્ધરણની ગાથામાં, એડમૂકતાને પ્રાપ્ત કરે છે એ પ્રમાણે વાચ્ય હોતે છતે વારંવાર ભવની પ્રાપ્તિને બતાવવા માટે ભવિષ્યકાળમો નિર્દેશ કર્યો છે.

એ પ્રમાણે='અથ'થી જે કહ્યું એ પ્રમાણે, જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એ પ્રમાણે કહેવું નહિ. કેમ એ પ્રમાણે કહેવું નહીં ? તેમાં હેતુ કહે છે – ત્યાં=દશવૈકાલિકસૂત્રના ઉદ્ધરણમાં નિહ્નવ જ અધિકૃત નથી પરંતુ તપસ્તેનાદિ અધિકૃત છે; કેમ કે તપસ્તેન અને વચનસ્તેન ઈત્યાદિનું પૂર્વગાથાની સાથે એકવાક્યપણું છે. તેનું પણ=તપસ્તેનાદિનું પણ, ઉત્કૃષ્ટ ફલપ્રદર્શન આ છે= દશવૈકાલિકસૂત્રની ગાથા-૪૮માં બતાવ્યું એ છે.

અહીં શંકા થાય કે ઉત્સૂત્રભાષણ કરનાર અને તપસ્તેનાદિને દશવૈકાલિકસૂત્રની ગાથામાં કહ્યું એ ઉત્કૃષ્ટ ફલને આશ્રયીને છે, સર્વને આશ્રયીને નથી. તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

વળી સર્વત્ર=ઉત્સૂત્ર ભાષણ કરનાર, તપસ્તેનાદિ સર્વત્ર સાદૃશ્યનો નિયમ નથી=દશવૈકાલિકસૂત્રની ૪૭-૪૮મી ગાથામાં બતાવ્યું તેવા ઉત્કૃષ્ટ ફલની પ્રાપ્તિરૂપ સાદૃશ્યનો નિયમ નથી; કેમ કે અધ્યવસાયનું વિચિત્રપણું છે=ઉત્સૂત્રભાષણ કરનારા, તપસ્તેનાદિ કરનારા સાધુઓમાં સંસારની વૃદ્ધિના કારણભૂત મિથ્યાત્વના પરિણામરૂપ અધ્યવસાયની તરતમતારૂપ વિચિત્રતા છે.

'અથ'થી પૂર્વપક્ષે કહેલ કે પરભવના હિંસાદિ પાપનું પ્રાયશ્ચિત્ત થઈ શકે, પરંતુ પારભવિક ઉત્સૂત્રભાષણ-જનિત પાપનું પ્રાયશ્ચિત્ત થઈ શકે નહિ. તેનું અત્યાર સુધી નિરાકરણ કર્યું. વળી પૂર્વપક્ષી કહે છે તેમ સ્વીકારવામાં અન્ય શું દોષ પ્રાપ્ત થાય ? તે 'किञ्च'થી બતાવે છે –

વળી આ રીતે=પૂર્વપક્ષી કહે છે એ રીતે, 'इय से' એ પ્રકારના આચારાંગસૂત્રના વચનથી પરના માટે ક્રૂર કર્મોને કરતા હિતાહિતબુદ્ધિ આદિના વિપર્યાસવાળા પુરુષના હિંસાદિ દોષના પ્રાયશ્ચિત્તની પણ ભવાંતરમાં અનુપપત્તિ જ થાય.

'इय से' આચારાંગસૂત્રના વચનનો અર્થ આ પ્રમાણે છે –

'આ રીતે તે=પુરુષ જે પરના માટે ક્રૂર કર્મોને કરતો એવો બાલ તે, દુઃખથી સંમૂઢ વિપર્યાસને પ્રાપ્ત કરે છે.'

'અથ'થી પૂર્વપક્ષી કહે કે પ્રમાદથી કરાયેલાં સર્વ પાપનું વિપર્યાસ આધાયકપણું હોવાથી અને વિપર્યાસરૂપી પાણીથી સિંચન કરાતાં ક્લેશરૂપી વૃક્ષોનું અનુબંધ ફલપણું હોવાથી ભવાંતરમાં પણ તથાભવ્યત્વના વિશેષથી કોઈક જીવના વિપર્યાસની નિવૃત્તિથી જ અનુબંધની નિવૃત્તિ થવાને કારણે હિંસાદિ પાપના પ્રાયશ્ચિત્તની ઉપપત્તિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તે આ=પૂર્વપક્ષીએ હિંસાદિ પાપના પ્રાયશ્ચિત્તની ભવાંતરમાં ઉપપત્તિ માટે જે યુક્તિ બતાવી તે આ, ઉત્સૂત્રના પ્રાયશ્ચિત્તમાં પણ સમાન છે. અને આ રીતે=ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી યુક્તિઓથી સ્થાપન કર્યું કે ઉત્સૂત્રભાષી બધાને અનંતસંસાર થાય તેવો નિયમ નથી તે રીતે, ઉત્સૂત્રભાષીના સંસારના અનિયમને કારણે તેનાથી=ઉત્સૂત્રભાષણથી, ભયની અનુપપત્તિ થશે. એ પ્રમાણે શંકા ન કરવી; કેમ કે એકાંતના અભાવમાં પણ=ઉત્સૂત્રભાષણથી અનંતસંસારની પ્રાપ્તિના એકાંતના અભાવમાં પણ, બહુલતાએ

ઉક્ત ફલની અપેક્ષાએ હિંસાદિની જેમ ઉત્સૂત્રથી આસ્તિક્યને ભયની ઉપપત્તિ છે. જે કારણથી આસ્તિક્ય અસત્ પ્રવૃત્તિમાં ભયનું નિમિત્ત છે. ॥૭॥

ભાવાર્થ :-

ગાથા-૭માં કહ્યું કે કર્મના બંધથી અનંતસંસારની પ્રાપ્તિ નથી પરંતુ અશુભ અનુબંધથી અનંતસંસારની પ્રાપ્તિ છે. અને તે ગાથાના અર્થને સ્પર્શનારી ટીકા અત્યારસુધી સ્પષ્ટ કરી. હવે તેને જ દૃઢ કરવા અર્થે કહે છે કે બંધાયેલાં કર્મોમાં મિથ્યાત્વને કારણે જે અનુબંધ શક્તિ છે તેના કારણે અનંતસંસારની પ્રાપ્તિ થાય છે. આથી જ કોઈક મહાત્મા આભોગથી કે અનાભોગથી ઉત્સૂત્રભાષણ કરે અને આ જન્મમાં કે જન્માંતરમાં તે થયેલા પાપની સમ્યગ્ આલોચના કરે અને તે આલોચનાના દ્વારા થયેલા પાપનું પ્રતિક્રમણ તીવ્ર પશ્ચાત્તાપના પરિણામથી કરે તો બંધાયેલા પાપમાં અનુબંધ શક્તિનો વિચ્છેદ થાય છે. તેથી તે મહાત્માને અનંતસંસારની પ્રાપ્તિ થતી નથી. જો કોઈ મહાત્મા ઉત્સૂત્રભાષણ કરતી વખતે અનંત ભવો સુધી વેદન થાય તેવા અનુબંધ શક્તિવાળાં નિરુપક્રમ કર્મો બાંધે તો તે અનંત ભવો સુધી દુર્ગતિઓના ક્રમથી વેદન થયા પછી જ તેને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ શકે પરંતુ ત્યાં સુધી તેને પ્રાયશ્ચિત્તનો પરિણામ થાય જ નહિ; કેમ કે ઉત્સૂત્રભાષણ કરતી વખતે તેવો તીવ્ર અધ્યવસાય થયેલો છે, તેથી તે જીવને થયેલા પાપની શુદ્ધિનું કારણ બને તેવા પ્રકારના નિર્મલ પરિણામનું કારણ એવો પ્રાયશ્ચિત્તનો પરિણામ થતો નથી.

વળી, જે મહાત્માઓ ઉત્સૂત્રભાષણ કરતી વખતે તેવા તીવ્ર અધ્યવસાયવાળા નહીં હોવાથી નિયત ઉપક્રમણીય સ્વભાવવાળું કર્મ બાંધે છે. અર્થાત્ નિયત કાળ પછી તેઓના તે પાપ પ્રત્યે તેઓને પશ્ચાત્તાપ થાય તેમાં પ્રતિબંધક ન બને તેવાં કર્મો બાંધે છે. અને તેવા જીવોમાંથી કેટલાકને આ જન્મમાં પ્રાયશ્ચિત્તનો પરિણામ થાય છે. તો કેટલાકને જન્માંતરમાં પ્રાયશ્ચિત્તનો પરિણામ થાય છે. જેના કારણે ઉત્સૂત્રના ભાષણથી થયેલી સંસારની વૃદ્ધિ પ્રાયશ્ચિત્તના પરિણામથી નિવર્તન પામે છે. આથી જ ભગવાનના પાસે આવેલા જમાલીના શિષ્યોને તે જ ભવમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ. અને કાલીદેવી વગેરેને ભવાંતરમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ; કેમ કે કાલીદેવી ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં સિદ્ધ થશે. તેથી મહાવિદેહમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરશે ત્યારે તેમનો પ્રવ્રજ્યાનો પરિણામ પૂર્વભવમાં કરાયેલાં સર્વપાપોથી વિરુદ્ધ વીતરાગતા તરફ જનારો હોવાથી સર્વ પાપોની શુદ્ધિનું કારણ બનશે. તેથી કાલીદેવીએ ઉત્સૂત્રભાષણ કરેલું તે વખતે જે નિયત ઉપક્રમણીય સ્વભાવવાળું કર્મ બંધાયું તે કર્મ ભાવથી પ્રવ્રજ્યાના પરિણામને કારણે નિવર્તન પામશે.

વળી, કેટલાક કહે છે કે કરાયેલા પાપના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ તે જ ભવમાં થઈ શકે, જન્માંતરમાં થઈ શકે નહિ-તેમાં ઉપદેશમાલાની સાક્ષી આપે છે. ઉપદેશમાલામાં કહ્યું છે કે "જ્યાં સુધી સાવશેષ આયુષ્ય છે, જ્યાં સુધી થોડો પણ પ્રયત્ન કરવાની શક્તિ છે, ત્યાં સુધી આત્મહિત કરવા યત્ન કરવો જોઈએ. તેથી પાછળથી શશી રાજાની જેમ પસ્તાવો થાય નહિ." આ કથનથી પૂર્વપક્ષી એ અર્થ કાઢે છે

કે આ ભવમાં કરાયેલા પાપની શુદ્ધિ આ ભવમાં જ કરવી પડે; કેમ કે જો પરભવમાં આ ભવના પાપની શુદ્ધિ થતી હોત તો ઉપદેશમાલામાં એમ કહેત નહિ કે જ્યાં સુધી આયુષ્ય છે ત્યાં સુધી આત્મહિત કરી લેવું જોઈએ.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે આ પ્રકારનો અર્થ કરવામાં વ્યક્ત જ અસંલગ્નતાને નહિ જાણતો પૂર્વપક્ષી નિરસ્ત જાણવો.

કેમ પૂર્વપક્ષી અસંલગ્નતાને જાણતો નથી ? તે બતાવે છે –

જો આ પ્રકારનો અર્થ કરવામાં આવે તો કાલીદેવી યથાછંદા થઈને બીજા ભવમાં મોક્ષમાં જાય છે તે સંગત થાય નહિ, તેથી "કાલીદેવી મહાવિદેહમાં સિદ્ધ થશે" એ વચન સંગત કરવા માટે પૂર્વપક્ષીએ ઉપદેશમાલાનો અર્થ સ્વમતિ અનુસાર લઈને આ ભવમાં કરાયેલા પાપનું પ્રાયશ્ચિત્ત જન્માંતરમાં થતું નથી તેમ કહેવું ઉચિત નથી.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વભવમાં કરાયેલાં પાપોનું સ્મરણ આ ભવમાં થઈ શકે નહીં. તેથી તેની શુદ્ધિ કઈ રીતે કરી શકાય ? તેના સમાધાન માટે ગ્રંથકારશ્રી કહે છે –

આ ભવમાં કરાયેલાં પાપો વિસ્મૃત થયેલાં હોય છતાં જે આરાધક મહાત્મા આ ભવના સ્મરણમાં આવતાં સર્વ પાપોની આલોચના કરીને, સામાન્યથી આલોચના કરે છે કે આ સિવાયનાં અન્ય પણ જે કોઈ પાપ મારાથી થયાં હોય જેનું મને સ્મરણ થતું નથી તેવાં સર્વ પાપોનું હું આલોચન કરું છું. તેનાથી જેમ તે મહાત્માની શુદ્ધિ થાય છે. તે રીતે પરભવમાં પણ જે કોઈ હિંસાદિ પાપો મેં કર્યાં હોય તેમ સામાન્યથી ઉપસ્થિત કરીને તેની આલોચના જે મહાત્મા કરે છે ત્યારે તે આલોચનાથી થયેલ પાપ પ્રત્યેનો જુગુપ્સાનો પરિણામ તે મહાત્માને જેટલો પ્રકર્ષવાળો તેને અનુસાર જન્માંતરનાં પાપો નાશ પામે છે. વળી, પારભવિક પાપની શુદ્ધિ થાય છે આથી જ, શાસ્ત્રોમાં પરભવમાં કરાયેલાં મિથ્યાત્વ હિંસાદિ પાપોની નિંદા-ગર્હાદિને કહેનારાં સૂત્રો છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે પરભવના પાપનું પ્રાયશ્ચિત્ત કહેનારાં શાસ્ત્રવચનો હોવાથી પરભવનાં હિંસાદિ પાપોનું પ્રાયશ્ચિત્ત થઈ શકે પરંતુ ઉત્સૂત્રભાષણથી થયેલી અનંતસંસારની શુદ્ધિનું પ્રાયશ્ચિત્ત પરભવમાં થઈ શકે નહિ તેથી ઉત્સૂત્રભાષણની શુદ્ધિ તો આ જ ભવમાં કરવી જોઈએ. અને તેમાં દશવૈકાલિકની સાક્ષી આપતાં પૂર્વપક્ષી કહે છે કે ઉત્સૂત્રભાષણ કરનારાને બીજા ભવમાં પોતાના પાપનું પરિજ્ઞાન થતું નથી માટે તે દુર્લભબોધિ છે એ પ્રકારનો અર્થ દશવૈકાલિકસૂત્રમાંથી પ્રાપ્ત થાય છે. માટે ઉત્સૂત્રભાષણનું પ્રાયશ્ચિત્ત અન્યભવમાં સ્વીકારી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે કે દશવૈકાલિકસૂત્રનું વચન માત્ર ઉત્સૂત્રભાષણ સાથે સંલગ્ન નથી પરંતુ તપસ્તેન એવા સાધુને પણ તેવું ઉત્કૃષ્ટ ફળ મળી શકે છે તે બતાવે છે. અર્થાત્ કોઈ મહાત્માએ વિશિષ્ટ તપ કરેલો હોય અને કોઈ શ્રાવક કોઈ અન્ય સાધુને પૂછે છે કે તે તપસ્વી સાધુ કોણ છે ? તે વખતે માનકષાયને વશ તે અન્ય સાધુ કહે કે "સાધુઓ તપસ્વી જ હોય છે" તે સાંભળીને તે

શ્રાવકને થાય કે આ જ તે તપસ્વી સાધુ છે. આવું બોલનાર તે સાધુ તપસ્તેન કહેવાય છે. અને તેવા સાધુ પણ ઉત્કૃષ્ટ સંક્લેશ પામે તો દશવૈકાલિકસૂત્રમાં કહ્યા પ્રમાણે દેવ કિલ્બિષિક ભાવોને પામે છે.

આનાથી એ ફલિત થાય કે ઉત્સૂત્રભાષણ કરતાં ઉત્કૃષ્ટ સંક્લેશ થાય કે તપસ્તેનાદિના પ્રસંગે ઉત્કૃષ્ટ સંક્લેશ થાય કે અન્ય કોઈ પ્રવૃત્તિ કરતાં ઉત્કૃષ્ટ સંક્લેશ થાય તો તે વખતે વર્તતા મિથ્યાત્વના તીવ્ર પરિણામને અનુસાર સંસારની વૃદ્ધિ થાય છે અને કિલ્બિષિકાદિ ભાવોની પ્રાપ્તિ થાય છે.

વળી પૂર્વપક્ષી કહે છે તેમ દશવૈકાલિકસૂત્રના પાઠના બળથી ઉત્સૂત્રભાષણનું પ્રાયશ્ચિત્ત પરભવમાં ન થાય તેમ સ્વીકારવામાં આવે તો આચારાંગમાં કહ્યું છે કે "કેટલાક જીવો પરના માટે ક્રૂર કર્મો કરીને તે દુઃખથી સંમૂઢ થયેલા વિપર્યાસને પામે છે." તે વચનને અનુસાર હિંસાદિ પાપ કરનાર પણ દુર્લભબોધિ બને છે માટે હિંસાદિ પાપ કરનારને પણ ભવાંતરમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ શકે નહિ તેમ સ્વીકારવું પડે.

આ સર્વ દોષોને સાંભળીને પૂર્વપક્ષી કહે કે પ્રમાદથી કરાયેલાં સર્વ પાપો વિપર્યાસનાં આધાયક બને છે અને વિપર્યાસ જલથી સિંચન કરાતાં ક્લેશરૂપી વૃક્ષો અનુબંધ ફળવાળાં હોય છે. તેથી સર્વ પાપોથી દીર્ઘ સંસારની પ્રાપ્તિ થઈ શકે છે છતાં જીવની તેવી યોગ્યતાવિશેષને કારણે કોઈક જીવનો તે વિપર્યાસ પાછળથી નિવર્તન પામે છે, તેથી અનુબંધવાળાં પણ તે કર્મોમાંથી અનુબંધશક્તિ નિવર્તન પામે છે, તેથી પૂર્વભવમાં કરાયેલાં હિંસાદિ પાપોની શુદ્ધિ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – જે નિયમ પૂર્વપક્ષી હિંસાદિ પાપ માટે સ્વીકારે છે તે નિયમ પ્રમાણે જ ઉત્સૂત્રભાષણથી થયેલા પાપમાં રહેલી અનુબંધશક્તિ કોઈક જીવમાંથી નિવર્તન પામી શકે છે. તેથી ઉત્સૂત્રભાષણના પાપની શુદ્ધિ પણ જન્માંતરમાં થઈ શકે છે.

અહીં કોઈને શંકા થાય કે આ પ્રમાણે સ્થાપન કરવાથી ઉત્સૂત્રભાષણ કરનારાઓને અનંતસંસારની પ્રાપ્તિ નિયમથી છે તેમ કહી શકાય નહીં. આવું સ્વીકારવાથી ઉત્સૂત્રભાષણ પ્રત્યેનો જે ભય છે તે થશે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – ઉત્સૂત્રભાષણથી અનંતસંસારનો એકાંત નિયમ ન હોવા છતાં બહુલતાએ અનંતસંસારની પ્રાપ્તિ છે તે અપેક્ષાએ આસ્તિક જીવને ભયની પ્રાપ્તિ થઈ શકે છે. જેમ હિંસાદિની પ્રવૃત્તિમાં પણ આસ્તિક જીવને ભય થાય છે કે આ પાપોથી મને નરકની પ્રાપ્તિ થશે.

આશય એ છે કે વંકચૂલ જેવા કેટલાક જીવોએ જીવનના પૂર્વાર્ધમાં ઘણી હિંસા કરેલી હોય છે અને પાછળથી વિવેક સંપન્ન થવાને કારણે આરાધના કરીને દેવભવમાં જાય છે. તેઓને તે હિંસાનું ફળ પ્રાપ્ત થતું નથી તોપણ હિંસાદિ કરનાર જીવો બહુલતાએ નરકમાં જાય છે તેવો નિયમ હોવાથી જેને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે તેવા આસ્તિક જીવોને હિંસાદિ પાપોથી દુર્ગતિની પ્રાપ્તિનો ભય વર્તે છે અને તેથી જ તેઓ હિંસાદિ પાપો કરતા નથી. તેમ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા એવા આસ્તિકને પણ જણાય છે કે ઉત્સૂત્રવચનથી બહુલતાએ અનંતસંસારની પ્રાપ્તિ છે તેથી ઉત્સૂત્રભાષણથી સદા ભય પામેલા તેઓ ક્યારેય ઉત્સૂત્રભાષણ કરતા નથી. **॥૭॥**

અવતરણિકા :-

અનન્તસંસારિતાऽશુભાનુબન્ધયોગાદિત્યુક્તં, અથાશુભાનુબન્ધસ્ય કિં મૂલમ્? કે ચ તદ્ભેદાઃ? इत्याह –

અવતરણિકાર્થ :-

અનંતસંસારિતા અશુભ અનુબંધના યોગથી થાય છે એ પ્રમાણે કહેવાયું=પૂર્વની ગાથામાં સ્થાપન કરાયું. હવે અશુભ અનુબંધનું શું મૂળ છે ? અને તેના ભેદો=અશુભ અનુબંધના કારણના ભેદો, કયા છે ? તે કહે છે –

ગાથા :-

तम्मूलं मिच्छत्तं आभिग्गहिआइ तं च पंचविहं ।
भव्वाणमभव्वाणं आभिग्गहिअं वणाभोगो ।।८।।

છાયા :-

तन्मूलं मिथ्यात्वमाभिग्रहिकादि तच्च पञ्चविधम् ।
भव्यानामभव्यानामाभिग्रहिकं वाऽनाभोगः ।।८।।

અન્વયાર્થ :-

तम्मूलं=તેનું મૂળ=અશુભ અનુબંધનું કારણ, मिच्छत्तं=મિથ્યાત્વ છે, च भव्वाणं=અને ભવ્યોને, तं=તે=મિથ્યાત્વ, आभिग्गहिआइ पंचविहं=આભિગ્રહિકાદિ પાંચ પ્રકારનું છે. अभव्वाणं=અભવ્યોને, आभिग्गहिअं वणाभोगो=આભિગ્રહિક અથવા અનાભોગ છે. ।।૮।।

ગાથાર્થ :-

તેનું મૂળ=અશુભ અનુબંધનું કારણ, મિથ્યાત્વ છે અને ભવ્યોને તે=મિથ્યાત્વ, આભિગ્રહિકાદિ પાંચ પ્રકારનું છે. અભવ્યોને આભિગ્રહિક અથવા અનાભોગ છે. ।।૮।।

ટીકા :-

तम्मूलंति । तस्यानन्तसंसारहेत्वशुभानुबन्धस्य मूलं मिथ्यात्वं, उत्कटहिंसादिदोषानामपि मिथ्यात्वसहकृतानामेव तद्धेतुत्वात् अन्यथा दोषव्यामूढताऽनुपपत्तेः, तच्चाभिग्रहिकादिकं पञ्चविधं=आभिग्रहिकमनाभिग्रहिकमाभिनिवेशिकं सांशयिकमनाभोगं चेति पञ्चप्रकारम्, यद्यपि जीवादिपदार्थेषु तत्त्वमिति निश्चयात्मकस्य सम्यक्त्वस्य प्रतिपक्षभूतं मिथ्यात्वं द्विविधमेव पर्यवस्यति–(१) जीवादयो न तत्त्वमिति

विपर्यासात्मकं, (२) जीवादयस्तत्त्वमिति निश्चयाभावरूपानधिगमात्मकं च । तदाह वाचकमुख्यः() 'अनधिगमविपर्ययौ च मिथ्यात्वं' इति, तथापि 'धर्मेऽधर्मसंज्ञा' इत्येवमादयो दश भेदा इवोपाधिभेदात्पञ्चैते भेदाः शास्त्रप्रसिद्धाः ।

तत्राभिग्रहिकं-अनाकलिततत्त्वस्याप्रज्ञापनीयताप्रयोजकस्वस्वाभ्युपगतार्थश्रद्धानम्, यथा बौद्धसाङ्ख्यादीनां स्वस्वदर्शनप्रक्रियावादिनाम्, यद्यपि वैतण्डिको न किमपि दर्शनमभ्युपगच्छति तथाऽपि तस्य स्वाभ्युपगतवितण्डावादार्थमेव निबिडाग्रहवत्त्वादाभिग्रहिकत्वमिति नाव्याप्तिः, 'अनाकलिततत्त्वस्य' इति विशेषणाद् यो जैन एव धर्मवादेन परीक्षापूर्वं तत्त्वमाकलय्य स्वाभ्युपगतार्थं श्रद्धत्ते तत्र नातिव्याप्तिः, यस्तु नाम्ना जैनोऽपि स्वकुलाचारेणैवागमपरीक्षां बाधते तस्याभिग्रहिकत्वमेव, सम्यग्दृशोऽपरीक्षितपक्षपातित्वायोगात् तदुक्तं हरिभद्रसूरिभिः (लोकतत्त्वनिर्णय १३२) –

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।। इति ।

यश्चागीतार्थो गीतार्थनिश्रितो माषतुषादिकल्पः प्रज्ञापाटवाभावादनाकलिततत्त्व एव स्वाभिमतार्थं जैनक्रियाकदम्बकरूपं श्रद्धत्ते तस्य स्वाभ्युपगतार्थश्रद्धानं नाऽप्रज्ञापनीयताप्रयोजकं, असद्ग्रहशक्त्यभावात् किन्तु गुणवदाज्ञाप्रामाण्यमूलत्वेन गुणवत्पारतन्त्र्यप्रयोजकमित्यप्रज्ञापनीयताप्रयोजकत्वविशेषणान्न तत्रातिव्याप्तिः १।।

स्वपराभ्युपगतार्थयोरविशेषेण श्रद्धानमनाभिग्रहिकम् । यथा सर्वाणि दर्शनानि शोभनानि इति प्रतिज्ञावतां मुग्धलोकानाम् । यद्यपि परमोपेक्षावतां निश्चयपरिकर्मितमतीनां सम्यग्दृष्टीनां स्वस्वस्थाने सर्वनयश्रद्धानमस्ति, शिष्यमतिविस्फारणरूपकारणं विनैकतरनयार्थनिर्द्धारणस्याऽशास्त्रार्थत्वात् । तदाह सम्मतौ सिद्धसेनः–

णिययवयणिज्जसच्चा सव्वणया परवियालणे मोहा ।

ते पुण न दिट्ठसमयो विभयह सच्चेव अलिए वा ।

तथाऽपि स्वस्वस्थानविनियोगलक्षणेन विशेषेण तेषां सर्वनयश्रद्धानमस्तीति नातिव्याप्तिः २।।

विदुषोऽपि स्वरसवाहिभगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानमाभिनिवेशिकम्, स्वस्वशास्त्रबाधितार्थश्रद्धानं विपर्यस्तशाक्यादेरपीति तत्रातिव्याप्तिवारणाय भगवत्प्रणीतत्वं शास्त्रविशेषणम्, भगवत्प्रणीतशास्त्रे बाधितार्थश्रद्धानमिति सप्तमीगर्भसमासान्नातिव्याप्तितादवस्थ्यम्, तथाप्यनाभोगात्प्रज्ञापकदोषाद्वा वितथश्रद्धानवति सम्यग्दृष्टावतिव्याप्तिः, अनाभोगाद् गुरुनियोगाद्वा सम्यग्दृष्टेरपि वितथश्रद्धानभणनात् । तथा चोक्तमुत्तराध्ययननिर्युक्तौ (१६३) –

सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ ।

सद्दहइ असब्भावं अणाभोगा गुरुणिओगा वा ।। इति ।।

तद्वारणाय स्वरसवाहीति, सम्यग्वक्तृवचनाऽनिवर्त्तनीयत्वं तदर्थः, अनाभोगादिजनितं मुग्धश्राद्धादीनां वितथश्रद्धानं तु सम्यग्वक्तृवचननिवर्त्तनीयमिति न दोषस्तथापि जिनभद्रसिद्धसेनादिप्रावचनिकप्रधान-विप्रतिपत्तिविषयपक्षद्वयान्यतरस्य वस्तुतः शास्त्रबाधितत्वात्तदन्यतरश्रद्धानवतोऽभिनिवेशित्वप्रसङ्ग इति तद्वारणार्थं विदुषोऽपीति=शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानवत इत्यर्थः, सिद्धसेनादयश्च स्वस्वाभ्युपगतमर्थं शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायापि पक्षपातेन न प्रतिपन्नवन्तः, किन्त्वविच्छिन्नप्रावचनिकपरम्परया शास्त्रतात्पर्यमेव स्वाभ्युपगतार्थानुकूलत्वेन प्रतिसन्धायेति न तेऽभिनिवेशिनः, गोष्ठामाहिलादयस्तु शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायैवान्यथा श्रद्धते इति न दोषः ३।।

भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्तः शास्त्रार्थसंशयः सांशयिकम्, यथा 'सर्वाणि दर्शनानि प्रमाणं कानिचिद्वा', 'इदं भगवद्वचनं प्रमाणं न वा' इत्यादि संशयानानाम्, मिथ्यात्वप्रदेशोदयनिष्पन्नानां साधूनामपि सूक्ष्मार्थसंशयानां मिथ्यात्वभावो मा प्रासाङ्क्षीदिति भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्तत्वं विशेषणम्, ते च नैवंभूताः, किन्तु भगवद्वचनप्रामाण्यज्ञाननिवर्त्तनीयाः, सूक्ष्मार्थादिसंशये सति 'तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं' **(श्रा० प्र० ५९) इत्याद्यागमोदितभगवद्वचनप्रामाण्यपुरस्कारेण तदुद्धारस्यैव साध्वाचारत्वात्, या तु शङ्का साधूनामपि स्वरसवाहितया न निवर्त्तते सा सांशयिक-मिथ्यात्वरूपा सत्यनाचारापादिकैव, अत एव काङ्क्षामोहोदयादाकर्षप्रसिद्धिः ४।।**

साक्षात्परम्परया च तत्त्वाऽप्रतिपत्तिरनाभोगम्, यथैकेन्द्रियादीनां तत्त्वातत्त्वानध्यवसायवतां मुग्ध-लोकानां च, यद्यपि माषतुषादिकल्पानां साधूनामपि साक्षात्तत्त्वाऽप्रतिपत्तिरस्ति, तथापि तेषां गीतार्थनिश्रितत्वात्तद्गततत्त्वप्रतिपत्तिः परंपरया तेष्वपि सत्त्वान्न तत्रातिव्याप्तिः, तत्त्वाप्रतिपत्तिश्चात्र संशयनिश्चयसाधारणतत्त्वज्ञानसामान्याभाव इति न सांशयिकेऽतिव्याप्तिरिति दिक् ५।।

टीकार्थ :-

तस्यानन्तसंसार ..... व्याप्तिरिति दिक् । 'तम्मूलंति' प्रतीक छे. तेनुं=अनंत संसारना हेतु एवा अशुभ अनुबंधनुं, कारण मिथ्यात्व छे.

અહીં પ્રશ્ન થાય કે ઉત્કટ હિંસાદિ દોષોથી પણ અનંતસંસાર થાય છે. તેથી અનંતસંસારનું હેતુ માત્ર મિથ્યાત્વ છે તેમ કેમ કહી શકાય ? તેના નિવારણ માટે હેતુ કહે છે –

ઉત્કટ હિંસાદિ દોષોનું પણ મિથ્યાત્વ સહકૃત એવા તેઓનું જ અશુભ અનુબંધમાં હેતુપણું છે. અન્યથા=મિથ્યાત્વ સહકૃત ન હોય તો, હિંસાદિ દોષમાં વ્યામૂઢતાની અનુપપત્તિ છે. તે=મિથ્યાત્વ,

આભિગ્રહિક આદિ પાંચ પ્રકારનું છે=આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક, અનાભોગ એમ પાંચ પ્રકારનું છે. જોકે જીવાદિ પદાર્થોમાં તત્ત્વ એ પ્રમાણે=આ જીવાદિ પદાર્થો તત્ત્વો છે એ પ્રમાણે, નિશ્ચયાત્મક સમ્યક્ત્વના પ્રતિપક્ષભૂત એવું મિથ્યાત્વ બે પ્રકારમાં જ પર્યવસાન પામે છે.

તે બે પ્રકાર સ્પષ્ટ કરે છે –

(૧) જીવાદિ તત્ત્વ નથી એ પ્રકારે વિપર્યાસાત્મક અને (૨) જીવાદિ તત્ત્વ છે તેવા નિશ્ચયના અભાવરૂપ=નિર્ણયના અભાવરૂપ, અનધિગમાત્મક. તેને=મિથ્યાત્વ બે ભેદવાળું છે તેને, વાચકમુખ્ય=ઉમાસ્વાતિ મહારાજા, કહે છે - 'अनधिगम અને વિપર્યય મિથ્યાત્વ છે.' 'इति' શબ્દ સાક્ષીની સમાપ્તિ માટે છે. તોપણ ધર્મમાં અધર્મ સંજ્ઞા વગેરે દશ ભેદોની જેમ, ઉપાધિના ભેદથી=જુદા જુદા પ્રકારના પરિણામરૂપ ઉપાધિના ભેદથી, મિથ્યાત્વના પાંચ ભેદો શાસ્ત્રપ્રસિદ્ધ છે.

ત્યાં=પાંચ પ્રકારના મિથ્યાત્વમાં, અનાકલિત તત્ત્વવાળા જીવને=અતીન્દ્રિય પદાર્થના વિષયમાં યથાર્થ નિર્ણય થયો નથી એવા જીવને, અપ્રજ્ઞાપનીયતાનું પ્રયોજક એવું સ્વ સ્વ સ્વીકારાયેલા અર્થના શ્રદ્ધાનરૂપ આભિગ્રહિકમિથ્યાત્વ છે. જે પ્રમાણે સ્વ-સ્વ દર્શનની પ્રક્રિયાવાદી એવા બૌદ્ધ-સાંખ્યાદિને આભિગ્રહિકમિથ્યાત્વ છે. જોકે વિતંડાવાદવાળો કોઈ પણ દર્શનને સ્વીકારતો નથી તોપણ તેને=વિતંડાવાદવાળાને, સ્વથી સ્વીકારાયેલા વિતંડાવાદ માટે જ અત્યંત આગ્રહપણું હોવાથી આભિગ્રહિકપણું છે. એથી અવ્યાપ્તિ નથી=વિતંડાવાદમાં આભિગ્રહિકમિથ્યાત્વના લક્ષણની અવ્યાપ્તિ નથી. આભિગ્રહિકમિથ્યાત્વના લક્ષણમાં 'અનાકલિત મિથ્યાત્વવાળાને' એ પ્રમાણે વિશેષણ હોવાથી જે જૈન જ ધર્મવાદ દ્વારા પરીક્ષાપૂર્વક તત્ત્વને જાણીને પોતાના વડે સ્વીકારાયેલા અર્થમાં શ્રદ્ધા કરે છે, તે શ્રદ્ધાવાળા જૈનમાં અતિવ્યાપ્તિ નથી=આભિગ્રહિકમિથ્યાત્વના લક્ષણમાં અતિવ્યાપ્તિ નથી. વળી, જે નામથી જૈન પણ=જૈન ધર્મને સ્વીકારેલ વ્યક્તિ પણ, પોતાના કુલાચારથી જ આગમની પરીક્ષાનો બાધ કરે છે=પોતે જૈનકુળમાં જન્મેલી છે માટે આપણો ધર્મ સર્વજ્ઞકથિત છે તેથી પ્રમાણ છે, તેમ સ્વીકારીને આગમવચનો કઈ રીતે તત્ત્વનાં પ્રતિપાદક છે ? અને કયું આગમ સર્વજ્ઞ વચનાનુસાર છે ? ઇત્યાદિ પરીક્ષાને કરતો નથી, પરંતુ પોતાનો સ્વીકારાયેલો ધર્મ જ તત્ત્વ છે તેમ માને છે એવા જૈનને આભિગ્રહિકપણું જ છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનનું વચન સર્વજ્ઞનું વચન છે. અને તેની પરીક્ષા કર્યા વગર તેને પ્રમાણ સ્વીકારે તેમાં મિથ્યાત્વ છે, તેમ કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે –

સમ્યગ્દૃષ્ટિને અપરિક્ષિત પક્ષપાતિત્વનો અયોગ છે=સમ્યગ્દૃષ્ટિ પરીક્ષા કરીને જે વચન અનુભવ અને યુક્તિથી સંગત હોય તેનો જ પક્ષપાત કરે, અન્યનો નહિ. તે=સમ્યગ્દૃષ્ટિને પરીક્ષા કર્યા વગર પક્ષપાત નથી તે, હરિભદ્રસૂરિ મહારાજ વડે (લોકતત્ત્વનિર્ણય-૧૩૨માં) કહેવાયું છે – "મને વીર ભગવાનમાં પક્ષપાત નથી, કપિલાદિમાં દ્વેષ નથી; જેનું વચન યુક્તિવાળું છે, તેનો સ્વીકાર કરવો જોઈએ."

વળી અગીતાર્થ ગીતાર્થનિશ્રિત માષતુષાદિ સમાન એવો જે પ્રજ્ઞાપાટવના અભાવને કારણે અનાકલિત તત્ત્વવાળો જ જૈન ક્રિયાના સમૂહરૂપ સ્વાભિમત અર્થની શ્રદ્ધા કરે છે, તેનું સ્વાભ્યુપગત અર્થનું શ્રદ્ધાન એ અપ્રજ્ઞાપનીયતાનું પ્રયોજક નથી; કેમ કે અસદ્ગ્રહની શક્તિનો અભાવ છે. પરંતુ ગુણવાનની આજ્ઞાના પ્રામાણ્યનું મૂલપણું હોવાના કારણે=ગુણવાનની આજ્ઞાને પ્રમાણરૂપે સ્વીકારવાનું કારણપણું હોવાને કારણે, ગુણવાનના પારતંત્ર્યનું પ્રયોજક છે, એથી અપ્રજ્ઞાપનીયતા પ્રયોજકત્વ વિશેષણ આપવાથી=આભિગ્રહિકમિથ્યાત્વના લક્ષણમાં અપ્રજ્ઞાપનીયતાપ્રયોજકત્વરૂપ વિશેષણ આપવાથી ત્યાં=માષતુષાદિ જેવા જીવોમાં, અતિવ્યાપ્તિ નથી=આભિગ્રહિકમિથ્યાત્વના લક્ષણની અતિવ્યાપ્તિ નથી. ॥૧॥

સ્વપર અભ્યુપગત અર્થનું=પોતે જે દર્શનનો સ્વીકાર કરેલો હોય અને પોતાનાથી અન્યદર્શનવાળા જે સ્વીકારતા હોય તે બંને અર્થને અવિશેષથી-સામાન્યથી, શ્રદ્ધાન=સ્વીકાર, એ અનાભિગ્રહિકમિથ્યાત્વ છે. જે પ્રમાણે સર્વદર્શન સુંદર છે. એ પ્રકારની પ્રતિજ્ઞાવાળા=એ પ્રમાણે કહેનારા, મુગ્ધ લોકોને અનાભિગ્રહિકમિથ્યાત્વ છે. જોકે પરમ ઉપેક્ષાવાળા, નિશ્ચયથી પરિકર્મિત મતિવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવોને સ્વ-સ્વ સ્થાનમાં સર્વ નયોનું શ્રદ્ધાન છે. (તેથી સ્વ-પર દર્શનના સર્વ નયોના વચનમાં શ્રદ્ધાન હોવાથી સર્વ દર્શનોના યુક્તિયુક્ત પદાર્થોમાં અવિશેષથી શ્રદ્ધાન છે.)

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવોને સ્વ સ્વ સ્થાનમાં સર્વનયોનું શ્રદ્ધાન કેમ છે ? તેમાં હેતુ કહે છે –

શિષ્યમતિવિષ્ફુરણરૂપ કારણ વગર એકતરનયના અર્થના નિર્ધારણનું અશાસ્ત્રાર્થપણું છે. અર્થાત્ ઉભય નયના પદાર્થનું જ નિર્ધારણ કરવું તે શાસ્ત્રાર્થ છે. માટે સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વ-સ્વ સ્થાને સર્વ નયોનું અનુસંધાન કરે છે, તેમ સંબંધ છે. તેને=ઇતર નયના અર્થનું નિર્ધારણ અશાસ્ત્રાર્થ છે તેને, સંમતિમાં સિદ્ધસેન દિવાકરસૂરિજી કહે છે – "પોતપોતાના વચનીય વિષયમાં સર્વનયો સત્ય છે, પરની વિચારણામાં નિષ્ફળ છે. તેઓને=તે નયોને વળી, દૃષ્ટસમયવાળો સત્ય અથવા અલિક એમ વિભાગ કરતો નથી". તોપણ, સ્વ-સ્વ સ્થાન વિનિયોગરૂપ વિશેષણથી તેઓનું સર્વ નય શ્રદ્ધાન છે તેથી અતિવ્યાપ્તિ નથી=અનાભિગ્રહિકમિથ્યાત્વના લક્ષણમાં અવિશેષથી શ્રદ્ધાન ગ્રહણ કરેલ હોવાને કારણે વિશેષથી સર્વનયોમાં શ્રદ્ધાનવાળા સમ્યગ્દૃષ્ટિમાં અનાભિગ્રહિકમિથ્યાત્વના લક્ષણની અતિવ્યાપ્તિ નથી. ॥૨॥

વિદ્વાનનો પણ સ્વરસવાહી=સ્વાભાવિક પોતાની રુચિથી, ભગવત્પ્રણીત શાસ્ત્રમાં બાધિત અર્થનું શ્રદ્ધાન આભિનિવેશિકમિથ્યાત્વ છે. સ્વ-સ્વ શાસ્ત્રબાધિત અર્થમાં શ્રદ્ધાન વિપર્યસ્ત શાક્યાદિને પણ છે=પોતાના શાસ્ત્રના વિપરીત બોધવાળા એવા બૌદ્ધદર્શનવાદી આદિને પણ છે, એથી ત્યાં=વિપર્યસ્ત શાક્યાદિમાં, અતિવ્યાપ્તિના વારણ માટે ભગવત્પ્રણીતપણું શાસ્ત્રનું વિશેષણ છે. ભગવત્પ્રણીત શાસ્ત્રમાં બાધિત અર્થનું શ્રદ્ધાન એ પ્રમાણે સપ્તમીગર્ભ સમાસને કારણે અતિવ્યાપ્તિ તાદવસ્થ્ય નથી=વિપર્યસ્ત શાક્યાદિમાં જે પૂર્વમાં અતિવ્યાપ્તિ હતી તે ભગવત્પ્રણીતત્વ વિશેષણથી દૂર થતી

નથી એમ નથી, તોપણ અનાભોગથી કે પ્રજ્ઞાપકના દોષથી=ઉપદેશકના દોષથી, વિપરીત શ્રદ્ધાવાળા સમ્યગ્દૃષ્ટિમાં અતિવ્યાપ્તિ છે=આભિનિવેશિકમિથ્યાત્વના લક્ષણની અતિવ્યાપ્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દૃષ્ટિને અનાભોગથી અને ઉપદેશકના દોષથી વિપરીત શ્રદ્ધાન કેમ થાય ? તેમાં હેતુ કહે છે –

અનાભોગથી અથવા ગુરુના નિયોગથી=ગુરુ દ્વારા નિયોજન કરાયેલા અર્થના બોધથી, સમ્યગ્દૃષ્ટિને પણ વિપરીત શ્રદ્ધાન શાસ્ત્રમાં કહેલ છે. તે રીતે=સમ્યગ્દૃષ્ટિને અનાભોગાદિથી વિપરીત શ્રદ્ધાન થાય છે તે રીતે, ઉત્તરાધ્યયનની નિર્યુક્તિ ગાથા-૧૬૩માં કહેલ છે –

"સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદિષ્ટ પ્રવચનની=ભગવાન વડે ઉપદેશ કરાયેલા પ્રવચનની, શ્રદ્ધા કરે છે. અનાભોગથી અથવા ગુરુના નિયોગથી અસદ્ભાવની=ભગવાને કહેલા ભાવોથી વિપરીત ભાવોની શ્રદ્ધા કરે છે."

તેના વારણ માટે=વિપરીત શ્રદ્ધાવાળા સમ્યગ્દૃષ્ટિમાં અતિવ્યાપ્તિના વારણ માટે, 'સ્વરસવાહી' એ પ્રમાણે વિશેષણ છે.

સ્વરસવાહીનો અર્થ સ્પષ્ટ કરે છે –

'સમ્યગ્વક્તૃના વચનથી અનિવર્તનીયપણું' તેનો અર્થ છે=સ્વરસવાહી શબ્દનો અર્થ છે. વળી મુગ્ધ શ્રાદ્ધાદિનું=શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયેલા ન હોય અને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોય અને શક્તિ અનુસાર ભગવાનના શાસ્ત્રને જાણવા ઉદ્યમ કરતા હોય તેવા મુગ્ધ શ્રદ્ધાદિવાળા જીવોનું, અનાભોગાદિ જનિત વિપરીત શ્રદ્ધાન સમ્યગ્ ઉપદેશકના વચનથી નિવર્તનીય છે, એથી દોષ નથી=સ્વરસવાહી વિશેષણને કારણે આભિનિવેશિકનું લક્ષણ અનાભોગાદિવાળા સમ્યક્ત્વમાં જતું નથી માટે દોષ નથી, તોપણ જિનભદ્રગણિ-સિદ્ધસેન દિવાકરસૂરિ આદિ પ્રાવચનિક પ્રધાન એવા પુરુષોની વિપ્રતિપત્તિના વિષયરૂપ પક્ષદ્વય, તેમાંથી અન્યતરનું વસ્તુતઃ શાસ્ત્રબાધિતપણું હોવાથી તે બેમાંથી અન્યતર શ્રદ્ધાનવાળાને=તે બેમાંથી જેનું વચન શાસ્ત્રબાધિત હોય તેવા મહાત્માને અભિનિવેશિત્વનો પ્રસંગ છે=આભિનિવેશિકમિથ્યાત્વને સ્વીકારવાનો પ્રસંગ છે, એથી તેના વારણ માટે=તે બંને મહાત્માઓમાંથી કોઈનામાં મિથ્યાત્વનું લક્ષણ ન જાય તેના વારણ માટે, 'વિદુષોઽપિ' એવું વિશેષણ છે.

'વિદુષોઽપિ'નો અર્થ સ્પષ્ટ કરે છે –

"શાસ્ત્રતાત્પર્યના બાધના પ્રતિસંધાનવાળા" તેવો વિદુષાનો અર્થ છે.

'વિદુષોઽપિ' વિશેષણથી આભિનિવેશિકમિથ્યાત્વનું લક્ષણ જિનભદ્ર-સિદ્ધસેનાદિમાં કેમ જતું નથી ? તે સ્પષ્ટ કરવા કહે છે –

અને સિદ્ધસેન દિવાકરસૂરિજી આદિ સ્વ-સ્વ અભ્યુપગતાર્થને શાસ્ત્રતાત્પર્યના બાધવાળું પ્રતિસંધાન કરીને પણ પક્ષપાતથી=સ્વમાન્યતા પ્રત્યેના પક્ષપાતથી, સ્વીકારતા ન હતા=પોતાની માન્યતાનો

સ્વીકાર કરતા ન હતા, પરંતુ અવિચ્છિન્ન પ્રાવચનિક પરંપરાથી શાસ્ત્રના તાત્પર્યને જ પોતાના સ્વીકારાયેલા અર્થના અનુકૂલપણા વડે પ્રતિસંધાન કરીને પોતાનો પક્ષ સ્વીકારતા હતા, એથી તેઓ=સિદ્ધસેનદિવાકરસૂરિજી આદિ, આભિનિવેશવાળા નથી. વળી ગોષ્ઠામાહિલાદિ શાસ્ત્રતાત્પર્યના બાધનું પ્રતિસંધાન કરીને અન્યથા શ્રદ્ધા કરે છે. તેથી દોષ નથી=તેથી આભિનિવેશનું લક્ષણ ગોષ્ઠામાહિલાદિમાં સ્વીકારવામાં દોષ નથી. ॥૩॥

ભગવાનના વચનના પ્રામાણ્યના સંશયપ્રયુક્ત શાસ્ત્રના અર્થમાં સંશય એ સાંશયિકમિથ્યાત્વ છે. જે પ્રમાણે સર્વ દર્શનો પ્રમાણ છે કે કોઈક દર્શન ? અથવા આ ભગવાનનું વચન પ્રમાણ છે કે નહિ ? ઈત્યાદિ સંશયવાળા જીવોને સાંશયિકમિથ્યાત્વ છે. સૂક્ષ્મ અર્થના સંશયવાળા મિથ્યાત્વના પ્રદેશના ઉદયથી નિષ્પન્ન એવા સાધુઓને પણ મિથ્યાત્વનો ભાવ પ્રાપ્ત ન થાઓ, એથી ભગવાનના વચનના પ્રામાણ્યના સંશયપ્રયુક્તપણું વિશેષણ છે. અને તેઓ=સૂક્ષ્માર્થની શંકાવાળા સાધુઓ આવા નથી=ભગવાનના વચનના પ્રામાણ્યની શંકાવાળા નથી, પરંતુ ભગવાનના વચનના પ્રામાણ્યના જ્ઞાનથી નિવર્તનીય છે=સૂક્ષ્મ શંકાથી નિવર્તનીય છે.

કેમ નિવર્તનીય છે ? તેમાં હેતુ કહે છે –

સૂક્ષ્મ અર્થાદિનો સંશય હોતે છતે "તે જ સત્ય છે, નિઃશંક છે, જે જિનેશ્વરોએ કહ્યું છે." (શ્રાવકપ્રજ્ઞપ્તિ) ઈત્યાદિ આગમમાં કહેવાયેલ ભગવાન વચનના પ્રામાણ્યના પુરસ્કારથી તેના ઉદ્ધારનું જ=સંશયના ઉદ્ધારનું જ, સાધ્વાચારપણું છે=સાધુનો આચાર છે. જે શંકા સાધુને પણ સ્વરસવાહિપણાથી નિવર્તન પામતી નથી. તે=તે શંકા, સાંશયિકમિથ્યાત્વરૂપ છતી અનાચાર આપાદિકા જ છે. આથી જ=સૂક્ષ્માર્થમાં સાધુને સંશય થાય અને "तमेव सच्चं–" ઈત્યાદિ વચન દ્વારા તે શંકાનો ઉદ્ધાર સાધુ ન કરે તો સમ્યક્ત્વના અતિચારની પ્રાપ્તિ છે આથી જ, કાંક્ષામોહના ઉદયથી આકર્ષની પ્રસિદ્ધિ છે=સાધુને આકર્ષ દ્વારા મિથ્યાત્વની પ્રાપ્તિ છે એ પ્રમાણે શાસ્ત્રમાં પ્રસિદ્ધિ છે. ॥૪॥

સાક્ષાત્ અથવા પરંપરાથી તત્ત્વની અપ્રતિપત્તિ અનાભોગમિથ્યાત્વ છે. જે પ્રમાણે એકેન્દ્રિય આદિને અને તત્ત્વાતત્ત્વના અનધ્યવસાયવાળા મુગ્ધલોકોને તત્ત્વની અપ્રતિપત્તિરૂપ અનાભોગમિથ્યાત્વ છે. જોકે માષતુષાદિ જેવા સાધુઓને પણ સાક્ષાત્ તત્ત્વની અપ્રતિપત્તિ છે તોપણ તેઓનું ગીતાર્થ નિશ્રિતપણું હોવાથી=ગીતાર્થના વચનથી નિયંત્રિત યોગમાર્ગમાં પ્રવૃત્તિ હોવાથી, તદ્ગત તત્ત્વની પ્રતિપત્તિ=ગીતાર્થગત તત્ત્વનો નિર્ણય, પરંપરાએ તેઓમાં પણ હોવાથી=માષતુષાદિ સાધુઓમાં પણ હોવાથી, ત્યાં=ભાવથી સાધુ એવા માષતુષાદિ સાધુઓમાં, અતિવ્યાપ્તિ નથી=અનાભોગમિથ્યાત્વના લક્ષણની અતિવ્યાપ્તિ નથી અને તત્ત્વની અપ્રતિપત્તિ અહીં=અનાભોગના લક્ષણમાં સંશય-નિશ્ચય સાધારણ તત્ત્વજ્ઞાનસામાન્યના અભાવરૂપ છે, એથી સાંશયિકમિથ્યાત્વમાં અતિવ્યાપ્તિ નથી=અનાભોગના લક્ષણની અતિવ્યાપ્તિ નથી. એ પ્રમાણે દિશાસૂચન છે=અત્યાર સુધી પાંચ મિથ્યાત્વનું વર્ણન કર્યું. એ પ્રમાણે મિથ્યાત્વના સ્વરૂપ વિષયક દિશાસૂચન છે. ॥૫॥

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે અનંતસંસારનું કારણ જે અશુભ અનુબંધ છે. તે અશુભ અનુબંધનું મૂળ શું છે ? તેથી અશુભ અનુબંધનું મૂળ મિથ્યાત્વ છે તેમ બતાવે છે –

અહીં પ્રશ્ન થાય કે પૂર્વે કહેલ કે ઉત્કટ હિંસાદિ દોષો કે ઉત્સૂત્રભાષણાદિ દોષોથી અનંતસંસાર થાય છે અને અહીં કહ્યું કે અનંતસંસારનું કારણ એવા અશુભ અનુબંધનું મૂળ મિથ્યાત્વ છે. તેથી સ્થૂલથી દેખાતા વિરોધના પરિહાર અર્થે કહે છે –

મિથ્યાત્વના સહકૃત જ ઉત્કટ હિંસાદિ દોષોનું અશુભ અનુબંધનું હેતુપણું છે; કેમ કે મિથ્યાત્વનો સહકાર ન હોય તો દોષમાં વ્યામૂઢતાની પ્રાપ્તિ થાય નહિ અને દોષમાં વ્યામૂઢતાની પ્રાપ્તિથી જ અશુભ અનુબંધની પ્રાપ્તિ છે. માટે અશુભ અનુબંધનું કારણ મિથ્યાત્વ જ છે. તે મિથ્યાત્વ આભિગ્રહિકાદિ પાંચ ભેદવાળું છે. વળી અપેક્ષાથી વિચારીએ તો જીવાદિ પદાર્થોમાં 'તત્ત્વ' એ પ્રમાણે નિશ્ચયાત્મક સમ્યક્ત્વના પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ બે પ્રકારનું જ પ્રાપ્ત થાય છે. "જીવાદિ તત્ત્વ નથી" એ પ્રમાણે વિપર્યાસાત્મક મિથ્યાત્વ અને "જીવાદિ તત્ત્વ છે" એ પ્રમાણે નિશ્ચયના અભાવરૂપ મિથ્યાત્વ વળી, આ બે ભેદને આશ્રયીને જ વાચકવર ઉમાસ્વાતિજી મહારાજાએ અનધિગમ અને વિપર્યયરૂપ મિથ્યાત્વ કહેલ છે. આમ છતાં મિથ્યાત્વનો વિશદ બોધ કરવા અર્થે ધર્મમાં અધર્મસંજ્ઞા એ વિગેરે રૂપ ૧૦ ભેદો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તે રીતે મિથ્યાત્વના આભિગ્રહિક, અનાભિગ્રહિક આદિ ૫ ભેદો પણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. માટે ગ્રંથકારશ્રીએ અશુભ અનુબંધના કારણરૂપ મિથ્યાત્વના ૫ ભેદો અહીં બતાવેલ છે.

(૧) આભિગ્રહિકમિથ્યાત્વ :-

તે પાંચ મિથ્યાત્વમાં આભિગ્રહિકમિથ્યાત્વનું સ્વરૂપ બતાવે છે. જે જીવોએ માર્ગાનુસારી પ્રજ્ઞાથી તત્ત્વાતત્ત્વને જાણવા માટે યત્ન કર્યો નથી તેઓ કોઈપણ શાસ્ત્રને સ્વીકારતા હોય આમ છતાં શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવથી પદાર્થનો વિચાર કરીને તત્ત્વનો નિર્ણય કર્યો નથી તે સર્વ જીવો અનાકલિત તત્ત્વવાળા છે. અને પોતપોતાની માન્યતાથી પોતપોતાને અભિમત પદાર્થને સ્વીકારે છે. આમ છતાં કોઈક યોગ્ય ઉપદેશક યુક્તિ અને અનુભવ અનુસાર તે પદાર્થ તત્ત્વ નથી તેમ બતાવે તોપણ સ્વમત પ્રત્યેની રુચિને કારણે જે જીવો અપ્રજ્ઞાપનીય હોય તેઓમાં આભિગ્રહિકમિથ્યાત્વ છે. જેમ અન્યદર્શનમાં રહેલા જીવો એકાંતવાદને સ્વીકારે છે. તે વસ્તુતઃ તત્ત્વ નથી છતાં સ્વદર્શનના રાગથી યોગ્ય ઉપદેશક દ્વારા પણ તત્ત્વને પામે તેવા નથી તેઓને આભિગ્રહિકમિથ્યાત્વ છે. જૈનદર્શનમાં રહેલા પણ જેઓ શાસ્ત્રવચનથી જાણીને યુક્તિ અને અનુભવ અનુસાર તત્ત્વનો નિર્ણય કરવા અર્થે કોઈ યત્ન કરતા નથી પરંતુ આપણું દર્શન સર્વજ્ઞ કથિત છે માટે તે જ તત્ત્વ છે તેમ માને છે તેઓમાં પણ આભિગ્રહિકમિથ્યાત્વ છે.

જેઓ શાસ્ત્રવચનથી તત્ત્વને જાણીને યુક્તિ અને અનુભવ અનુસાર આ જ તત્ત્વ જિનવચનથી પ્રરૂપિત છે, એકાંત નિરવદ્ય છે, મોક્ષનું પરમ કારણ છે તેવો સ્થિર નિર્ણય કરીને પોતાના સ્વીકારાયેલા અર્થમાં

શ્રદ્ધા કરે છે. તેઓમાં આભિગ્રહિકમિથ્યાત્વ નથી. પરંતુ તત્ત્વની સ્થિર રુચિરૂપ સમ્યક્ત્વ છે. અને આવો તત્ત્વનો નિર્ણય ગીતાર્થ પુરુષો જ કરી શકે; કેમ કે ભગવાનના વચનાનુસાર તત્ત્વને જાણીને ભગવાને બતાવેલી આ સર્વ પ્રવૃત્તિઓ આ રીતે સેવવાથી સેવનાર પુરુષ ક્રમે કરીને વીતરાગ તુલ્ય થાય છે તેવો સ્થિર નિર્ણય શાસ્ત્રના સૂક્ષ્મ બોધથી થયેલો છે. વળી, જેઓ ગીતાર્થ નથી તેવા માષતુષાદિ સાધુઓ આ રીતે તત્ત્વનો નિર્ણય કરી શકતા નથી તોપણ આત્માનું સુંદર સ્વરૂપ મુક્તાવસ્થામાં જ છે; કેમ કે અંતરંગ રીતે મોહની આકુળતા નથી અને બહિરંગ રીતે દેહકર્માદિ કૃત કોઈ ઉપદ્રવ નથી અને તે અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય વીતરાગે બતાવેલો માર્ગ જ છે તેવો જે સ્થિર નિર્ણય છે, તેથી તેવા સાધુઓએ વીતરાગે બતાવેલા માર્ગમાં ચાલનારા ગીતાર્થ સાધુની પરીક્ષા કરીને 'આ ગુરુ આશ્રયણીય છે' તેવો યથાર્થ બોધ કર્યો છે અને તેઓના વચનાનુસાર ચાલવાથી મને પણ મોક્ષની પ્રાપ્તિ થશે તેવી સ્થિર શ્રદ્ધા છે તેવા માષતુષાદિ જીવોમાં ભગવાનના વચનમાં રુચિ છે તેનાથી તેઓમાં સમ્યક્ત્વ વર્તે છે, પણ આભિગ્રહિકમિથ્યાત્વ નથી.

(૨) અનાભિગ્રહિકમિથ્યાત્વ :-

વળી કેટલાક જીવોમાં અનાભિગ્રહિકમિથ્યાત્વ હોય છે. તેઓ સંસારની પ્રવૃત્તિને છોડીને ધર્મની પ્રવૃત્તિની રુચિવાળા હોય છે છતાં સર્વ દર્શનકારો અહિંસાદિ ધર્મને બતાવનારા છે એમ વિચારીને સૂક્ષ્મબુદ્ધિપૂર્વક તત્ત્વાતત્ત્વનો વિભાગ કર્યા વગર સર્વદર્શનના આચારોને જોઈને વિચારે છે કે આ દર્શનો સુંદર છે તેઓને અનાભિગ્રહિકમિથ્યાત્વ છે.

વળી જે મુનિઓ નિશ્ચય અને વ્યવહારનયના પરમાર્થને જાણનારા છે અને નિશ્ચયનય પરમ ઉપેક્ષાને જ મોક્ષનું કારણ કહે છે તેવો જેમને બોધ છે તેઓ સર્વ ઉચિત વ્યવહારોને પરમ ઉપેક્ષાનું કારણ બને તે રીતે યોજન કરીને જીવનમાં સેવે છે અને તે વ્યવહારના સેવનથી પરમ ઉપેક્ષાના ભાવોમાં વર્તે છે. તેઓ નિશ્ચયપરિકર્મિતમતિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો છે. આવા મહાત્માઓ ભગવાનના શાસનના દરેક નયો સ્વ-સ્વસ્થાને યોજન કરીને સર્વ નયોમાં શ્રદ્ધાનવાળા છે અને અન્ય સર્વ દર્શનો પણ કોઈક નય ઉપર ચાલનારા છે. તેથી તે તે દર્શનના તે તે નયને ઉચિત સ્થાને યોજીને સર્વ નયોમાં તે મહાત્માઓને શ્રદ્ધા છે. તેથી તે મહાત્માઓને તે તે નયની અપેક્ષાએ સર્વદર્શનોમાં શોભનતાની બુદ્ધિ છે; તોપણ મુગ્ધ જીવોની જેમ વિશેષનો નિર્ણય કર્યા વગર તેઓનું સર્વ નયોમાં શ્રદ્ધાન નથી. માટે તેવા મહાત્માઓને અનાભિગ્રહિકમિથ્યાત્વ નથી.

(૩) આભિનિવેશિકમિથ્યાત્વ :-

કેટલાક જીવો ભવથી વિરક્ત થઈને જિનવચનાનુસાર સંયમ પાળનારા શાસ્ત્રની સ્થિર રુચિવાળા હોય છે. આવા જીવોને પણ કોઈક નિમિત્તથી ભગવાનના વચનથી વિપરીત અર્થમાં રુચિ ઉત્પન્ન થાય છે અને તે રુચિ પ્રત્યેનો પક્ષપાત પેદા થાય છે. જેથી પોતાને ખ્યાલ આવે કે હું જે સ્વીકારું છું, તે સર્વજ્ઞના વચનથી વિરુદ્ધ છે, તોપણ પોતાના દ્વારા કહેવાયેલા તે વચનના રાગને કારણે ભગવાનના વચનાનુસાર તેનો

સ્વીકાર કરતા નથી, તેવા જીવોને આભિનિવેશિકમિથ્યાત્વ છે. જેમ ગોષ્ઠામાહિલનિહ્નવ આદિને ભગવાનના વચનથી વિપરીત પદાર્થમાં રુચિ થયા પછી આ વચન સર્વજ્ઞના વચનથી વિપરીત છે તેવો નિર્ણય થવા છતાં પણ પોતાના બોલાયેલા વચનમાં આગ્રહ હતો જે આભિનિવેશિકમિથ્યાત્વ છે.

વળી સમ્યગ્દૃષ્ટિ જીવોને ભગવાનના વચનમાં સ્થિર રુચિ હોય છે. તેથી સ્વશક્તિ અનુસાર સદા વિશેષ-વિશેષ જાણવા માટે અને જાણીને સ્થિર કરવા માટે ઉદ્યમ કરે છે. છતાં કોઈક સ્થાનમાં અનાભોગથી જિનવચનથી વિપરીત અર્થ આ જિનવચનાનુસાર છે તેવો ભ્રમ થાય અથવા તે શાસ્ત્રવચનનું યોજન અનાભોગ આદિથી ઉપદેશક અન્યથા કરે અને તેના કારણે સમ્યગ્દૃષ્ટિને પણ જિનવચનથી વિપરીત અર્થ જિનવચનાનુસાર છે તેવો ભ્રમ થાય તોપણ તેઓની સ્વરસવાહિ રુચિ ભગવાનના વચનમાં છે, અન્યમાં નથી, માટે તેઓમાં આભિનિવેશિકમિથ્યાત્વ નથી.

વળી કેવળજ્ઞાન-કેવળદર્શન વિષયક જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અને સિદ્ધસેન દિવાકરસૂરિ આદિ જેવા પ્રવચનપ્રભાવક પુરુષોમાં પણ પરસ્પર મતભેદ હતો અને તે સર્વના વચનોમાંથી કોઈક એકનું વચન શાસ્ત્રસંમત છે છતાં તે સર્વ મહાત્માઓને તે પ્રકારનો નિર્ણય હતો કે જે અમે અર્થ કરીએ છીએ તે જ સર્વજ્ઞ સંમત છે. તેથી તેઓમાં આભિનિવેશિકમિથ્યાત્વ ન હતું પરંતુ સમ્યક્ત્વ હતું; કેમ કે તે સર્વમાંથી જેમનું વચન શાસ્ત્રથી બાધિત સિદ્ધ થાય તે વચનમાં શાસ્ત્રના તાત્પર્યનું પ્રતિસંધાન તે મહાત્માને નહીં હોવાથી તે સ્થાનની અપેક્ષાએ તે મહાત્મા વિદ્વાન નથી. વળી જેઓને પોતે સ્વીકારેલા વચનમાં શાસ્ત્રના તાત્પર્યનો બાધ છે તેવો નિર્ણય છે તેઓ તે સ્થાનમાં વિદ્વાન હોવા છતાં કષાયને પરવશ જેઓને ભગવાનના વચનથી સ્વરસવાહી વિપરીત રુચિ છે તેવા જમાલી આદિને આભિનિવેશિકમિથ્યાત્વ છે.

(૪) સાંશયિકમિથ્યાત્વ :-

કોઈ મહાત્મા શાસ્ત્રના કોઈ પદાર્થનો અર્થ યુક્તિથી અને અનુભવથી નિર્ણય ન કરી શકે અને તેના કારણે સંશય થાય કે ભગવાને કહેલું આ વચન યુક્તિ યુક્ત છે કે નહીં અને તે સંશયના કારણે શાસ્ત્રના કોઈ પદાર્થમાં સંશય થાય તે સાંશયિકમિથ્યાત્વ છે. જેમ કોઈને વિચાર આવે કે સર્વ દર્શનો પ્રમાણ છે ? કે કોઈ એક દર્શન પ્રમાણ છે ? અથવા જેમ સર્વ દર્શનોનાં વચનો પરસ્પર વિરોધી હોવાથી સર્વ દર્શનોનાં વચનો પ્રમાણભૂત નથી તેમ ભગવાનનું આ વચન પણ યુક્તિસંગત જણાતું નથી તેથી પ્રમાણ છે કે નહિ ? તે પ્રમાણે સંશય થાય તે સાંશયિકમિથ્યાત્વ છે.

વળી, મિથ્યાત્વના પ્રદેશના ઉદયવાળા એવા સુસાધુઓને પણ શાસ્ત્રના કોઈક સૂક્ષ્મ અર્થમાં સંશય થાય તો ભગવાનના વચનમાં સંશય નહીં હોવાથી મિથ્યાત્વની પ્રાપ્તિ નથી અને આથી જ ભગવાનના વચનના સૂક્ષ્મ અર્થમાં સંશય થાય ત્યારે મહાત્માઓ વિચારે છે કે જે ભગવાને કહ્યું છે તે જ સત્ય છે, નિઃશંક છે, ફક્ત મારી સૂક્ષ્મ પ્રજ્ઞાના અભાવને કારણે આ શાસ્ત્રના ગંભીર અર્થનો ભગવાને જે અર્થ કર્યો છે તે કયો અર્થ છે ? તેનો નિર્ણય અત્યારે હું કરી શકતો નથી, છતાં અવસરે સામગ્રી મળશે ત્યારે નિર્ણય થશે. આ પ્રમાણે પ્રામાણિક સમાલોચનથી તે મહાત્માને ભગવાનના વચનમાં સ્થિર રુચિ થાય છે.

જે મહાત્માઓ સૂક્ષ્મ અર્થમાં સંશય થયા પછી "तमेव सच्चं" દ્વારા પોતાની રુચિને જિનવચન પ્રત્યે સ્થિર કરવા યત્ન ન કરે અને તે સૂક્ષ્મ પદાર્થમાં થયેલો સંશય સ્વરસવાહી બને તો સાધુને પણ સાંશયિકમિથ્યાત્વરૂપ અનાચારની પ્રાપ્તિ થાય. આથી જ જે સાધુઓ શાસ્ત્રીય પદાર્થોના સૂક્ષ્મ અર્થમાં થયેલા સંશયનું નિવર્તન ન કરે તો કાંક્ષામોહના ઉદયથી આકર્ષની સિદ્ધિ છે=આકર્ષ દ્વારા તે સાધુને મિથ્યાત્વની પ્રાપ્તિ છે.

(૫) અનાભોગમિથ્યાત્વઃ-

વળી જે જીવોને સાક્ષાત્ કે પરંપરાએ સર્વજ્ઞે કહેલું તત્ત્વ સર્વજ્ઞે કહ્યું તે પ્રમાણે છે તેવો નિર્ણય થયો નથી, તે જીવોને તત્ત્વના વિષયમાં નિર્ણયને અભિમુખ ઉપયોગના અભાવરૂપ અનાભોગમિથ્યાત્વ છે. જેમ એકેન્દ્રિયાદિ જીવો ભગવાનના બતાવેલા તત્ત્વના વિષયમાં કોઈ વિચારણા કરતા નથી તેથી અનાભોગમિથ્યાત્વ છે. કેટલાક જીવો ધર્મની પ્રવૃત્તિઓ કરે છે છતાં આત્મા માટે પારમાર્થિક હિતાહિત શું છે ? હિતના ઉપાય, અહિતના ઉપાય શું છે ? તે વિષયમાં કોઈ વિચાર કરતા નથી. આવા તત્ત્વાતત્ત્વના વિષયમાં અનવધ્યવસાયવાળા મુગ્ધ જીવોને અનાભોગમિથ્યાત્વ છે.

વળી માષતુષ જેવા કેટલાક સાધુઓને આત્માની સુંદર અવસ્થા મોક્ષ છે, તેની પ્રાપ્તિનો ઉપાય અસંગભાવ છે તેવો સામાન્યથી તત્ત્વનો નિર્ણય હોવા છતાં મારી ભૂમિકાને અનુરૂપ "આ પ્રવૃત્તિ આ સ્વરૂપે સેવવાથી ઉત્તર-ઉત્તરના ગુણોની પ્રાપ્તિ થશે" એ પ્રકારે ગીતાર્થ સાધુને જેવો નિર્ણય હોય છે તેવો નિર્ણય નથી. તેથી સાક્ષાત્ તેઓને તે પ્રકારના સૂક્ષ્મ તત્ત્વની પ્રાપ્તિ નથી તોપણ 'ભગવાનના વચનના પરમાર્થને જાણનારા આ મહાત્માના વચનને પરતંત્ર હું જે કાંઈ પ્રવૃત્તિ કરીશ તે ઉત્તર ઉત્તરના સંયમની વૃદ્ધિ દ્વારા અસંગ ભાવની પ્રાપ્તિનું કારણ બનશે', તેવો સ્થિર નિર્ણય હોવાથી ગીતાર્થના વચનને આધીન તેઓને પણ તત્ત્વની પ્રાપ્તિ છે. માટે તેઓમાં અનાભોગમિથ્યાત્વ નથી.

સાંશયિકમિથ્યાત્વમાં તત્ત્વની અપ્રતિપત્તિ છે અને અનાભોગમિથ્યાત્વમાં સંશય-નિશ્ચય સાધારણ એવા તત્ત્વજ્ઞાનસામાન્યનો અભાવ હોય છે; જ્યારે સાંશયિકમિથ્યાત્વમાં સામાન્ય તત્ત્વજ્ઞાનનો અભાવ નથી પરંતુ કંઈક તત્ત્વને અભિમુખ એવી સંશયવાળી દશા હોય છે. માટે સાંશયિકમિથ્યાત્વ અને અનાભોગમિથ્યાત્વનો ભેદ છે.

ટીકા :-

एतच्च पञ्चप्रकारमपि मिथ्यात्वं भव्यानां भवति, अभव्यानां त्वाभिग्रहिकमनाभोगो वेति द्वे एव मिथ्यात्वे स्याताम्, न त्वनाभिग्रहिकादीनि त्रीणि, अनाभिग्रहिकस्य विच्छिन्नपक्षपाततया मलाल्पतानिमित्तकत्वाद्, आभिनिवेशिकस्य च व्यापन्नदर्शननियतत्वाद्, सांशयिकस्य च सकंपप्रवृत्तिनिबन्धनत्वाद्, अभव्यानां च बाधितार्थे निष्कम्पमेव प्रवृत्तेः, अत एव भव्याभव्यत्वशङ्कापि तेषां निषिद्धा । तदुक्तमाचारटीकायां 'अभव्यस्य भव्याभव्यत्वशङ्काया अभावाद्' **इति ।।८।।**

ટીકાર્થ :-

एतच्च ..... इति ।।

ગાથાના પૂર્વાર્ધની ટીકા પૂરી કરી. હવે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કરે છે –

અને આ પાંચ પ્રકારનું પણ મિથ્યાત્વ ભવ્યોને હોય છે. વળી અભવ્યોને આભિગ્રહિક અને અનાભોગ એ બે જ મિથ્યાત્વ હોય છે, પરંતુ અનાભિગ્રહિકાદિ ત્રણ મિથ્યાત્વો નથી.

અભવ્યોને અનાભિગ્રહિકમિથ્યાત્વ કેમ નથી ? તેમાં હેતુ કહે છે –

અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિને વિચ્છિન્ન પક્ષપાતપણું હોવાને કારણે=યોગમાર્ગનો ઉપદેશ આપનારાં સર્વ દર્શનો સંબંધી વિશેષ બોધનો અભાવ હોવાથી યથાર્થ તત્ત્વને કહેનારા સર્વજ્ઞના વચન પ્રત્યે પક્ષપાતનો અભાવ હોવાને કારણે, મલની અલ્પતા નિમિત્તકપણું છે. તેથી અભવ્યોને મલની અલ્પતા નહીં હોવાથી અનાભિગ્રહિકમિથ્યાત્વ નથી એમ અન્વય છે. વળી, આભિનિવેશિકમિથ્યાત્વનું સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી સમ્યક્ત્વથી પાતના સાથે નિયતપણું છે, તેથી આભિનિવેશિકમિથ્યાત્વ અભવ્યને નથી, એમ અન્વય છે.

વળી અભવ્યોને સાંશયિકમિથ્યાત્વ કેમ નથી ? તેમાં હેતુ કહે છે –

સાંશયિકમિથ્યાત્વનું સકંપપ્રવૃત્તિનું કારણપણું હોવાથી અને અભવ્યોને બાધિત અર્થમાં=ભગવાને કહેલા વચનથી બાધિત એવી પ્રવૃત્તિમાં, નિષ્કંપ જ પ્રવૃત્તિ છે, માટે અભવ્યને સાંશયિકમિથ્યાત્વ નથી, એમ અન્વય છે. આથી જ=અભવ્યોને સાંશયિકમિથ્યાત્વ નથી આથી જ, ભવ્યાભવ્યત્વની શંકા પણ તેઓને નિષિદ્ધ છે=અભવ્યોને નિષિદ્ધ છે. તે=ભવ્યાભવ્યત્વની શંકા અભવ્યોને ન થાય તે, આચારાંગની ટીકામાં કહ્યું છે – "અભવ્યને ભવ્યાભવ્યત્વની શંકાનો અભાવ હોવાથી." 'इति' શબ્દ આચારાંગસૂત્રના સાક્ષીપાઠની સમાપ્તિમાં છે. ॥૮॥

ભાવાર્થ :-

પૂર્વમાં પાંચ પ્રકારનાં મિથ્યાત્વનું વર્ણન કર્યું એ પાંચે પ્રકારનાં મિથ્યાત્વ ભવ્ય જીવોને હોય છે. અભવ્યને આભિગ્રહિક અને અનાભોગિક એ બે જ મિથ્યાત્વ હોય છે, પરંતુ અનાભિગ્રહિક, આભિનિવેશિક અને સાંશયિક એ ત્રણ મિથ્યાત્વ હોતા નથી.

કેમ અભવ્યોને અનાભિગ્રહિક આદિ ત્રણ મિથ્યાત્વ હોતા નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

અનાભિગ્રહિકમિથ્યાત્વવાળા જીવોને ધર્મ પ્રત્યે પક્ષપાત હોય છે અને કોઈ દર્શનનો વિશેષ બોધ ન હોવાથી કોઈ દર્શનના પક્ષપાત વગર સર્વ દર્શન સારાં છે; કેમ કે આત્મહિતને અનુકૂળ એવા અહિંસાદિને બતાવનાર છે, આ પ્રકારની બુદ્ધિ અનાભિગ્રહિકમિથ્યાત્વવાળા જીવોને હોય છે. તેથી પક્ષપાત રહિત સર્વ દર્શનની પ્રત્યે સુંદરતાની બુદ્ધિ મલની અલ્પતા નિમિત્તે છે. અભવ્યના જીવોને તત્ત્વ પ્રત્યે વલણ થાય તેવા પ્રકારનો મલ લેશ પણ અલ્પ થયેલ નથી, માટે અભવ્યને અનાભિગ્રહિકમિથ્યાત્વ હોતું નથી.

આભિનિવેશિકમિથ્યાત્વ અભવ્યને કેમ હોતું નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે જીવો સમ્યક્ત્વને પામ્યા છે તે જીવોને ત્યાર પછી કોઈક નિમિત્તથી જિનવચનથી વિપરીત તત્ત્વમાં પક્ષપાત થવાથી આભિનિવેશિકમિથ્યાત્વ પ્રાપ્ત થાય છે. અભવ્યો સમ્યક્ત્વ પામતા નથી, તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી પાત થયેલાને થનારું એવું આભિનિવેશિકમિથ્યાત્વ અભવ્યને થતું નથી.

સાંશયિકમિથ્યાત્વ અભવ્યને કેમ નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે જીવોને તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત થયો છે. આમ છતાં ભગવાનના વચનમાં કોઈક સ્થાને સંશય થવાથી તેઓની સંયમમાં પ્રવૃત્તિ નિષ્કંપ થતી નથી. પરંતુ સંદેહને કારણે સકંપ પ્રવૃત્તિ થાય છે અને અભવ્યોને ભગવાને જે નિષેધ કર્યો છે તેવા બાધિત અર્થમાં નિષ્કંપ જ પ્રવૃત્તિ હોય છે. આથી જ આલોક-પરલોકની આશંસાથી ભગવાને ધર્મ કરવાનો નિષેધ કર્યો છે છતાં મોક્ષ પ્રત્યેનું લેશ પણ વલણ નહીં હોવાથી અભવ્યો આલોક-પરલોકાર્થે નિષ્કંપ પ્રવૃત્તિ કરે છે. અને ભગવાને આલોક પરલોકાર્થે ધર્મ કરવાનો નિષેધ કર્યો તેના વિષયમાં અભવ્યને નિષ્કંપ જ પ્રવૃત્તિ હોય છે. આથી જ ભવ્યાભવ્યત્વની શંકા પણ તેઓને થતી નથી એમ શાસ્ત્રકારોએ કહ્યું છે; કેમ કે મોક્ષનું વર્ણન સાંભળીને 'ચાર ગતિના ભ્રમણથી પર એવો મોક્ષ છે, જ્યાં ભોગના સંક્લેશો નથી પરંતુ કેવલ શુદ્ધ આત્મા છે અને તે સુખમય આત્માનું સ્વરૂપ છે' તેવું સાંભળીને, જેઓને મોક્ષ મેળવવાની ઇચ્છા થાય છે અને તેના કારણે જેને શંકા થાય છે કે મોક્ષમાં જવાને યોગ્ય હું ભવ્ય છું કે અભવ્ય છું ? તેવા જીવો ચરમાવર્તને પામેલા છે અને તેઓ નિયમા મોક્ષગામી છે. અને અભવ્યને મોક્ષમાં જવા પ્રત્યેની ઇચ્છા જ થતી નથી આથી જ તેઓને ભવ્યાભવ્યત્વની શંકા થતી નથી તેમ શાસ્ત્રકારો કહે છે. **॥૮॥**

અવતરણિકા :-

नन्वभव्यानामन्तस्तत्त्वशून्यानामनाभोगः सार्वदिको भवतु, आभिग्रहिकं तु कथं स्याद्? इति भ्रान्तस्याशङ्कामपाकर्त्तुमाभिग्रहिकभेदानुपदर्शयति –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે કે તત્ત્વથી શૂન્ય એવા અભવ્યોને સદા અનાભોગમિથ્યાત્વ હો, પણ આભિગ્રહિકમિથ્યાત્વ કેવી રીતે હોય ? એ પ્રકારની ભ્રાન્ત મનુષ્યની શંકાને દૂર કરવા આભિગ્રહિકમિથ્યાત્વના ભેદોને બતાવે છે –

ભાવાર્થ :-

જીવ માટે 'તત્ત્વ' ભવના ઉપદ્રવથી રહિત એવી કર્મરહિત અવસ્થા જ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય એ તત્ત્વ છે. અભવ્યના જીવોને સંસારમાં નરકાદિ ખરાબ ભાવો અસાર જણાય છે અને ભોગવિલાસમય ભવ સાર જણાય છે. પરંતુ ભોગના સંક્લેશ રહિત એવી મુક્તાવસ્થા સાર જણાતી નથી. તેથી અભવ્યના જીવો સદા તત્ત્વશૂન્ય છે. માટે તત્ત્વના વિષયમાં કોઈ પ્રકારના વિચારના અભાવરૂપ જે અનાભોગ એકેન્દ્રિય આદિ જીવોને છે તેવું અનાભોગમિથ્યાત્વ અભવ્યને હોઈ શકે પરંતુ આભિગ્રહિકમિથ્યાત્વ

અભવ્યને કઈ રીતે સંભવે ? એ પ્રકારના ભ્રમવાળા પુરુષની શંકાને દૂર કરવા માટે આભિગ્રહિકમિથ્યાત્વના ભેદોને બતાવે છે –

ગાથા :-

णत्थि ण णिच्चो ण कुणइ कयं ण वेएइ णत्थि णिव्वाणं ।
णत्थि य मोक्खोवाओ आभिग्गहिअस्स छ विअप्पा ।।९।।

છાયા :-

नास्ति न नित्यो न करोति कृतं न वेदयति नास्ति निर्वाणम् ।
नास्ति च मोक्षोपाय आभिग्रहिकस्य षड् विकल्पाः ।।९।।

અન્વયાર્થ :-

णत्थि=नास्ति=આત્મા નથી, णिच्चो ण=નિત્ય નથી, कुणइ ण=કર્તા નથી, कयं ण वेएइ=કરાયેલા કર્મનું વેદન કરતો નથી, णिव्वाणं णत्थि=નિર્વાણ નથી, य मोक्खोवाओ णत्थि=અને મોક્ષનો ઉપાય નથી. आभिग्गहिअस्स छ विअप्पा=આ આભિગ્રહિકમિથ્યાત્વના છ વિકલ્પો છે. ॥૯॥

ગાથાર્થ :-

નાસ્તિ=આત્મા નથી, નિત્ય નથી, કર્તા નથી, કરાયેલા કર્મનું વેદન કરતો નથી, નિર્વાણ નથી, મોક્ષનો ઉપાય નથી. આ આભિગ્રહિકમિથ્યાત્વના છ વિકલ્પો છે. ॥૯॥

ટીકા :-

णत्थित्ति । नास्त्येवात्मा, न नित्य आत्मा, न कर्त्ता, कृतं न वेदयति, नास्ति निर्वाणं, नास्ति मोक्षोपायः, इत्याभिग्रहिकस्य चार्वाकादिदर्शनप्रवर्त्तकस्य परपक्षनिराकरणप्रवृत्तद्रव्यानुयोगसारसम्मत्यादि ग्रन्थप्रसिद्धाः षड्विकल्पाः, ते च सदा नास्तिक्यमयानामभव्यानां व्यक्ता एवेति कस्तेषामाभिग्रहिकसत्त्वे संशय इति भावः ।

ટીકાર્થ :-

नास्त्येवात्मा ..... इति भावः । 'णत्थित्ति' પ્રતીક છે. (૧) આત્મા નથી જ. આત્મા છે તેમ સ્વીકાર્યા પછી (૨) આત્મા નિત્ય નથી અર્થાત્ ક્ષણિક છે. આત્મા નિત્ય સ્વીકાર્યા પછી (૩) આત્મા કર્તા નથી અને (૪) કરાયેલા કર્મના ફળને વેદન કરનાર નથી. આત્માને કર્તા અને કરાયેલા કર્મના ફળને વેદન કરનાર સ્વીકાર્યા પછી (૫) મોક્ષ નથી. મોક્ષ સ્વીકાર્યા પછી (૬) મોક્ષનો ઉપાય નથી આ પ્રકારના

ચાર્વાકાદિ દર્શનના પ્રવર્તક આભિગ્રહિકમિથ્યાત્વના, પરપક્ષના નિરાકરણમાં પ્રવૃત્ત એવો દ્રવ્ય અનુયોગ છે પ્રધાન જેમાં એવા સંમતિતર્કપ્રકરણ આદિ ગ્રંથમાં પ્રસિદ્ધ, છ વિકલ્પો છે. અને તે=પૂર્વે બતાવ્યા તે છ વિકલ્પો, સદા નાસ્તિકમય એવા અભવ્યોને વ્યક્ત જ છે. એથી તેઓને=અભવ્યોને, આભિગ્રહિકના સત્ત્વમાં=આભિગ્રહિકમિથ્યાત્વના સત્ત્વમાં, શું સંશય હોય ? અર્થાત્ સંશય નથી. એ પ્રકારનો ગાથાનો ભાવ છે.

ભાવાર્થ :-

ચાર્વાકદર્શનવાળા આત્મા નથી તેમ કહે છે. કેટલાક દર્શનકારો આત્માને માને છે, તેમ બૌદ્ધ પણ શરીરથી અતિરિક્ત આત્માને માને છે, છતાં આત્મા નિત્ય નથી પરંતુ ક્ષણિક છે તેમ કહે છે. કેટલાક દર્શનકારો શરીરથી અતિરિક્ત નિત્ય આત્મા સ્વીકારે છે. તેમ વેદાંતી આદિ દર્શનકારો આત્માને શરીરથી અતિરિક્ત નિત્ય માને છે. છતાં આત્મા કૂટસ્થનિત્ય છે તેમ કહે છે. અર્થાત્ આત્મા કર્મનો કર્તા અને કરાયેલા કર્મનો વેદન કરનાર નથી, તેમ માને છે. કેટલાક દર્શનકારો શરીરથી અતિરિક્ત નિત્ય આત્મા સ્વીકારે છે અને કર્મનો કર્તા, કરાયેલા કર્મના ફળનું વેદન કરનાર આત્મા સ્વીકારે છે. અર્થાત્ તે આત્માને ચાર ગતિઓમાં પોતાના કર્મ પ્રમાણે ફળને ભોગવનાર માને છે. પરંતુ સર્વ કર્મોથી રહિત એવી નિર્વાણ અવસ્થા નથી તેમ માને છે. કેટલાક દર્શનકારો આત્માને નિર્વાણની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકારે છે. પરંતુ નિર્વાણરૂપ મોક્ષપ્રાપ્તિનો કોઈ ઉપાય નથી, પણ જે દિવસે કેવળીએ કેવળજ્ઞાનમાં તેનો મોક્ષ જોયો છે તે દિવસે તેને મોક્ષની પ્રાપ્તિ થશે તેમ માને છે. આ પ્રકારના ચાર્વાકાદિ દર્શનના પ્રવર્તક છ વિકલ્પો પરપક્ષના નિરાકરણ માટે રચાયેલા દ્રવ્યાનુયોગ છે પ્રધાન જેમાં એવા સમ્મતિતર્કપ્રકરણ આદિ ગ્રંથમાં પ્રસિદ્ધ છે.

આશય એ છે કે સમ્મતિતર્ક નામનો ગ્રંથ અન્ય સર્વ એકાંતવાદનો નિરાસ કરીને સ્યાદ્વાદ જ તત્ત્વવાદ છે તે બતાવવા માટે રચાયો છે. તેમાં પણ ભગવાનના શાસનના પદાર્થો ચરણકરણાનુયોગાદિ ચાર અનુયોગને બતાવનારા છે તેમાંથી જે દ્રવ્યાનુયોગને કહેનાર વચનો છે તે વચનો પ્રધાનરૂપે સમ્મતિ આદિ ગ્રંથમાં કહેલાં છે.

આ સમ્મતિ આદિ ગ્રંથમાં આભિગ્રહિકમિથ્યાત્વના આ છ વિકલ્પો બતાવાયા છે. આ છ વિકલ્પોમાંથી કોઈને કોઈ વિકલ્પો નાસ્તિકમય એવા અભવ્યને વ્યક્ત જ હોય છે. તેથી જ્યારે અભવ્યનો જીવ એકેન્દ્રિય આદિ અવસ્થામાં હોય કે મનુષ્યપણામાં પણ મુગ્ધપણાને કારણે તત્ત્વાતત્ત્વના વિવેકથી શૂન્ય હોય, ત્યારે અનાભોગમિથ્યાત્વ હોય છે અને આત્મા નથી ઇત્યાદિ કોઈ વિકલ્પ પ્રવર્તતો હોય ત્યારે આભિગ્રહિકમિથ્યાત્વ હોય છે. વળી અભવ્યના જીવોને મોક્ષ નામનું તત્ત્વ અભિમત નથી, તેથી પ્રાયઃ મોક્ષ નથી તેમ માને છે. અને મોક્ષ છે તેવું શાસ્ત્રવચનથી સ્વીકાર થાય તોપણ મોક્ષ જીવની સુંદર અવસ્થા નથી તેમ માને છે. માટે નિર્વાણ નથી અથવા નિર્વાણ સુંદર નથી તેવો વિકલ્પ અભવ્યોને સ્થિર હોય છે. માટે તેઓમાં વ્યક્ત આભિગ્રહિકમિથ્યાત્વ પ્રાપ્ત થાય છે.

टीका :-

इत्थं च –

लोइअमिच्छत्तं पुण सरूवभेएण हुज्ज चउभेअं ।

अभिगहिअमणभिगहिअं संसइअं तह अणाभोगं ।।

तत्थ वि जमणाभोगं अव्वत्तं सेसगाणि वत्ताणि ।

चत्तारि वि जं णियमा सन्नीणं हुति भव्वाणं ।।

इति नवीनकल्पनां कुर्वन्नभव्यानां व्यक्तं मिथ्यात्वं न भवत्येवेति वदन् पर्यनुयोज्यः । ननु भोः ! कथमभव्यानां व्यक्तमिथ्यात्वं न भवति ? नास्त्यात्मेत्यादिमिथ्यात्वविकल्पा हि व्यक्ता एव तेषां श्रूयन्ते ।

अभव्याश्रितमिथ्यात्वेऽनाद्यनन्ता स्थितिर्भवेत् ।

सा भव्याश्रितमिथ्यात्वेऽनादिसान्ता पुनर्मता ।।९।।

एतद्वृत्तिर्यथा–अभव्यानाश्रित्य मिथ्यात्वे सामान्येन व्यक्ताव्यक्तमिथ्यात्वविषयेऽनाद्यनन्ता स्थितिर्भवति । तथा सैव स्थितिर्भव्यजीवान् पुनराश्रित्याऽनादिसान्ता मता । यदाह-

मिच्छत्तमभव्वाणं तमणाइमणंतयं मुणेयव्वं ।

भव्वाणं तु अणाइसपज्जवसियं तु सम्मत्ते ।।

इति गुणस्थानक्रमारोहसूत्रवृत्त्यनुसारेणाभव्यानां व्यक्तमपि मिथ्यात्वं भवतीत्यापातदृशापि व्यक्तमेव प्रतीयते ।

किञ्च स्थानांगानुसारेणाप्यभव्यानामाभिग्रहिकमिथ्यात्वं व्यक्तं प्रतीयते । तदुक्तं तत्र द्वितीयस्थानके प्रथमोद्देशके–'आभिग्गहियमिच्छदंसणे दुविहे पण्णत्ते, तंजहा-सपज्जवसिए चेव अपज्जवसिए चेवत्ति' ।

एतद्वृत्तिर्यथा–'आभिग्गहिए इत्यादि, आभिग्रहिकमिथ्यादर्शनं सपर्यवसितं=सपर्यवसानं सम्यक्त्वप्राप्तौ, अपर्यवसितं अभव्यस्य, सम्यक्त्वाऽप्राप्तेः, तच्च मिथ्यात्वमात्रमप्यतीतकालनयानुवृत्त्याऽऽभिग्रहिकमिति व्यपदिश्यते ।' **इति ।**

नन्वेवं 'एवं अणभिग्गहियमिच्छादंसणेवि' **इत्यतिदेशादनाभिग्रहिकमिथ्यात्वमप्यभव्यानां प्राप्नोतीति** 'अभव्यानामाभिग्रहिकाऽनाभोगलक्षणे द्वे एव मिथ्यात्वे' **इति भवतां प्रतिज्ञा विलुप्येतेति चेत् ? न,**'मिच्छादंसणे दुविहे पण्णत्ते-आभिग्गहियमिच्छादंसणे चेव अणभिग्गहियमिच्छादंसणे चेव' **त्तिप्रथमसूत्रे सकलभेद-संग्रहार्थमनाभिग्रहिकपदेनाभिग्रहिकातिरिक्तस्यैव ग्रहणात्, तदुक्तं तद्वृत्तौ-**'अभिग्रहः कुमतपरिग्रहः,

स यत्रास्ति तदाभिग्रहिकं, तद्विपरीतमनाभिग्रहिकमिति' । **किञ्च यदनाभिग्रहिकमभव्यानां प्रतिषिध्यते तदादि-धर्मभूमिकारूपमेवेति स्वरुचिकल्पितानाभिग्रहिकस्याभव्येषु सत्त्वेऽपि न क्षतिः, एवमाभिनिवेशिकमपि तेषु सम्यक्त्वपूर्वकमेव प्रतिषिध्यते, इत्याभिग्रहिकमपि द्रव्यलिंगवतां तेषामाभिनिवेशिकत्वेन क्वचिदुच्यमानं न दोषायेति सुधीभिर्भावनीयम् ।**

ટીકાર્થ :-

इत्थं च ..... सुधीभिर्भावनीयम् । અને આ રીતે=પૂર્વે ગ્રંથકારશ્રીએ સમ્મતિ આદિ ગ્રંથથી સ્થાપન કર્યું કે આભિગ્રહિકમિથ્યાત્વના છ વિકલ્પો છે અને અભવ્યમાં તે વિકલ્પો વ્યક્ત જ છે એ રીતે, "વળી લૌકિક મિથ્યાત્વ સ્વરૂપના ભેદથી ચાર ભેદવાળું છે. આભિગ્રહિક, અનાભિગ્રહિક, સાંશયિક, અનાભોગ." ત્યાં પણ=ચાર પ્રકારના મિથ્યાત્વમાં પણ, જે અનાભોગ છે તે અવ્યક્ત છે. શેષ=શેષ ત્રણ, વ્યક્ત છે. જે કારણથી ચારે પણ=આભિગ્રહિક, અનાભિગ્રહિક, સાંશયિક, અનાભોગ ચારે પણ, નિયમથી સંજ્ઞી ભવ્યોને થાય છે. **એ પ્રમાણે નવિન કલ્પનાને કરતો અભવ્યને વ્યક્ત મિથ્યાત્વ નથી જ, એમ બોલનારને પ્રશ્ન કરવો જોઈએ.**

તે પ્રશ્ન જ સ્પષ્ટ કરે છે –

કેવી રીતે અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ નથી ? જે કારણથી તેઓને=અભવ્યોને, આત્મા નથી ઇત્યાદિ મિથ્યાત્વના વિકલ્પો વ્યક્ત સંભળાય છે=શાસ્ત્રમાં સંભળાય છે.

તે શાસ્ત્રપાઠ બતાવે છે –

"અભવ્યોને આશ્રિત મિથ્યાત્વમાં અનાદિ અનંત સ્થિતિ છે. વળી ભવ્યોને આશ્રિત મિથ્યાત્વમાં તે=સ્થિતિ, અનાદિ સાંત મનાઈ છે."

આની વૃત્તિ=ગુણસ્થાનકમારોહની ટીકા, આ પ્રમાણે છે – અભવ્યને આશ્રયીને મિથ્યાત્વમાં=સામાન્યથી વ્યક્ત-અવ્યક્ત મિથ્યાત્વના વિષયમાં, અનાદિ અનંત સ્થિતિ છે. અને તે સ્થિતિ ભવ્ય જીવોને આશ્રયીને વળી અનાદિ સાંત મનાઈ છે. જે કારણથી કહેવાયું છે –

"અભવ્યોનું તે મિથ્યાત્વ અનાદિ અનંત જાણવું, વળી ભવ્યોનું સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે અનાદિ સાંત જાણવું" **એ પ્રમાણે ગુણસ્થાનકમારોહસૂત્રની વૃત્તિના અનુસારથી અભવ્યોને વ્યક્ત પણ મિથ્યાત્વ થાય છે. એ પ્રમાણે સ્થૂલ દૃષ્ટિવાળાને પણ વ્યક્ત જ પ્રતીત થાય છે.**

વળી સ્થાનાંગસૂત્ર અનુસારથી પણ અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ વ્યક્ત પ્રતીત થાય છે. તે=અભવ્યોને, આભિગ્રહિકમિથ્યાત્વ છે તે, ત્યાં=સ્થાનાંગમાં, બીજા સ્થાનમાં પ્રથમ ઉદ્દેશામાં કહેવાયું છે –

"આભિગ્રહિકમિથ્યાદર્શન બે પ્રકારે કહેવાયું છે : તે આ પ્રમાણે – સપર્યવસિત અને અપર્યવસિત".

આની વૃત્તિ=સ્થાનાંગના ઉદ્ધરણની વૃત્તિ, આ પ્રમાણે છે –

"આભિગ્રહિક મિથ્યાદર્શન સપર્યવસિત=સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સપર્યવસન છે. અભવ્યને અપર્યવસન છે; કેમ કે સમ્યક્ત્વની અપ્રાપ્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે અભવ્યને પણ અનાભોગ અને આભિગ્રહિક બે મિથ્યાત્વ હોય તો અભવ્યને સદા આભિગ્રહિકમિથ્યાત્વ છે તેમ કહી શકાય નહિ; કેમ કે એકેન્દ્રિયાદિ ભવોમાં અભવ્યોને પણ અનાભોગમિથ્યાત્વની પ્રાપ્તિ છે. તેથી અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ અપર્યવસિત કહી શકાય નહિ. તે શંકાના નિવારણ અર્થે સ્થાનાંગવૃત્તિના ટીકાકાર કહે છે –

અને તે=અભવ્યોનું અપર્યવસિત મિથ્યાત્વ, મિથ્યાત્વમાત્ર પણ અતીતકાલનયની અનુવૃત્તિથી= ભૂતકાળમાં આભિગ્રહિક થયા પછી અનાભોગ થાય તોપણ અતીત કાલમાં થયેલા આભિગ્રહિકમિથ્યાત્વની અનુવૃત્તિના સ્વીકારથી, આભિગ્રહિક એ પ્રમાણે વ્યપદેશ કરાય છે."

'ઇતિ' શબ્દ સ્થાનાંગ ટીકાની સમાપ્તિ માટે છે.

'નનુ'થી નવીન કલ્પના કરનાર શંકા કરે છે – આ રીતે=સ્થાનાંગની વૃત્તિના અનુસારે અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ છે એ રીતે, "આ પ્રમાણે=સ્થાનાંગમાં આભિગ્રહિકમિથ્યાત્વ સપર્યવસિત અને અપર્યવસિત છે એમ કહ્યું એ પ્રમાણે, અનાભિગ્રહિકમિથ્યાદર્શનમાં પણ જાણવું", **એ પ્રકારે સ્થાનાંગમાં અતિદેશ હોવાના કારણે, અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ અભવ્યને પ્રાપ્ત થશે. અર્થાત્ તમે સ્થાનાંગ અનુસાર અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારશો તો સ્થાનાંગમાં બતાવેલા અતિદેશથી અભવ્યોને અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ પ્રાપ્ત થશે. તેથી અભવ્યોને આભિગ્રહિક અને અનાભોગ એ બે જ મિથ્યાત્વ છે એ પ્રમાણેની તમારી પ્રતિજ્ઞા=પ્રસ્તુત ગ્રંથના ૮મા ગાથામાં ગ્રંથકારશ્રી વડે કરાયેલી પ્રતિજ્ઞા, વિલોપ પામશે. તે પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી.**

કેમ બરાબર નથી ? તેમાં યુક્તિ બતાવતાં કહે છે –

મિથ્યાદર્શન બે પ્રકારનું છે. આભિગ્રહિકમિથ્યાદર્શન અને અનાભિગ્રહિકમિથ્યાદર્શન. એ પ્રમાણે પ્રથમ સૂત્રમાં=સ્થાનાંગમાં આભિગ્રહિકમિથ્યાત્વનું કથન કર્યું તેના પૂર્વે જે પ્રથમ સૂત્રમાં છે તેમાં, સકલ ભેદના સંગ્રહ માટે=મિથ્યાત્વના બધા ભેદોના સંગ્રહ માટે, અનાભિગ્રહિક પદથી આભિગ્રહિકથી અતિરિક્તનું જ ગ્રહણ છે. તેથી અનાભિગ્રહિકપદથી અનાભોગનો પણ સંગ્રહ થાય છે. માટે અનાભિગ્રહિક મિથ્યાદર્શનના અતિદેશથી અભવ્યોને અનાભિગ્રહિક મિથ્યાદર્શન સ્વીકારવામાં કોઈ વિરોધ નથી; કેમ કે ગ્રંથકારશ્રીએ અનાભિગ્રહિકથી ભિન્ન અનાભોગને સ્વીકારીને અભવ્યોને બે મિથ્યાત્વ સ્વીકારેલ છે અને સ્થાનાંગમાં અનાભોગનો અનાભિગ્રહિકમાં સંગ્રહ કરીને બે મિથ્યાત્વ સ્વીકારેલ છે. તેની વૃત્તિમાં=સ્થાનાંગની વૃત્તિમાં, તે કહેવાયું છે=અનાભિગ્રહિક પદથી આભિગ્રહિકથી ઇતર સર્વ મિથ્યાત્વનો સંગ્રહ છે એમ જે પૂર્વે કહેવાયું તે કહેવાયું છે, "અભિગ્રહ=કુમતનો પરિગ્રહ, તે જેમાં છે=કુમતનો પરિગ્રહ જે મિથ્યાત્વમાં છે તે આભિગ્રહિકમિથ્યાત્વ છે. તેનાથી વિપરીત અનાભિગ્રહિક છે."

'ઇતિ' શબ્દ સ્થાનાંગની વૃત્તિની સમાપ્તિ માટે છે.

પૂર્વે નવીન કલ્પના કરનાર કોઈક પૂર્વપક્ષી અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારતો નથી તેનું નિરાકરણ કરવા માટે સ્થાનાંગના વચનથી અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ છે તેમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. વળી સ્થાનાંગમાં મિથ્યાત્વના પાંચ ભેદને બદલે આભિગ્રહિક, અને અનાભિગ્રહિક એમ બે જ ભેદ સ્વીકારીને તે બંને ભેદો અભવ્યોને હોય છે તેમ સ્થાપન કર્યું. હવે ગ્રંથકારશ્રી કહે છે કે અમે અભવ્યને આભિગ્રહિક અને અનાભોગ બે જ મિથ્યાત્વ છે તેમ જે સ્થાપન કર્યું અને અન્ય ત્રણ મિથ્યાત્વ અભવ્યોને નથી તેમ જે સ્થાપન કર્યું તે ભિન્ન અપેક્ષાએ છે અને તેનાથી અન્ય પ્રકારે અનાભિગ્રહિક આદિ મિથ્યાત્વનો અર્થ કરીએ તો અભવ્યમાં પાંચે મિથ્યાત્વ સ્વીકારવામાં કોઈ દોષ નથી, તે બતાવવા માટે કહે છે –

વળી જે અનાભિગ્રહિક અભવ્યોને પ્રતિષેધ કરાય છે=ગ્રંથકારશ્રી વડે પ્રતિષેધ કરાય છે, તે આદ્યધર્મભૂમિકારૂપ જ=તત્ત્વને સન્મુખ થયેલા પ્રથમ જ દૃષ્ટિવર્તી જીવોમાં='સર્વ દર્શનો સુંદર' એ પ્રકારની બુદ્ધિવાળા જીવોમાં, વર્તતું આદ્યધર્મભૂમિકા રૂપ જ, મિથ્યાત્વ છે. તેથી સ્વરુચિ કલ્પિત અનાભિગ્રહિકનું=આદ્યધર્મ ભૂમિકા વગરના જેઓ-'બધાં દર્શન સારાં છે' એમ માનનારા છે.તેવા જીવોને આશ્રયીને સ્વરુચિ કલ્પિત અનાભિગ્રહિકમિથ્યાત્વનું, અભવ્યોમાં સત્ત્વ હોવા છતાં પણ ક્ષતિ નથી=ગ્રંથકારશ્રીએ અભવ્યોને આભિગ્રહિક નથી એમ કહ્યું એ કથનમાં દોષ નથી. એ રીતે=જે રીતે અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ સ્વરુચિ કલ્પિત અભવ્યોમાં છે એ રીતે, આભિનિવેશિક પણ તેઓમાં= અભવ્યોમાં, સમ્યક્ત્વપૂર્વક જ પ્રતિષેધ કરાય છે આથી=સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી પાતથી થયેલા મિથ્યાત્વમાં આભિનિવેશિક સ્વીકારીને પ્રતિષેધ કરાય છે એથી, આભિગ્રહિક પણ=આભિગ્રહિકમિથ્યાત્વ પણ, દ્રવ્યલિંગવાળા તેઓનું=સાધુવેશમાં રહેલા અભવ્યોનું, ક્વચિદ્ આભિનિવેશિકપણાથી કહેવાતું દોષ માટે નથી. એ પ્રમાણે બુદ્ધિમાનોએ વિચારવું જોઈએ.

ભાવાર્થ :-

પૂર્વે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે આભિગ્રહિકમિથ્યાત્વના "નાસ્તિ આત્મા" ઇત્યાદિ ૬ વિકલ્પો અભવ્યોમાં પણ સંભવે છે. માટે અભવ્યોનું આભિગ્રહિકમિથ્યાત્વ છે. એ રીતે ગ્રંથકારશ્રીએ કહ્યું ત્યાં કોઈક નવીન કલ્પના કરનાર અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ નથી તેમ કહે છે. તેમનો મત બતાવતાં ગ્રંથકારશ્રી બતાવે છે કે નવીન કલ્પના કરનાર કહે છે કે લૌકિક મિથ્યાત્વ ચાર ભેદવાળું છે. તેથી નવીન કલ્પના કરનાર આભિનિવેશિકમિથ્યાત્વને લોકોત્તર મિથ્યાત્વમાં ગ્રહણ કરીને આભિગ્રહિક, અનાભિગ્રહિક, સાંશયિક અનાભોગને લૌકિક મિથ્યાત્વ કહે છે. તે વચન ગ્રંથકારશ્રીને સંમત છે. પરંતુ ત્યાર પછી નવીન કલ્પના કરનાર કહે છે કે ચાર મિથ્યાત્વમાં અનાભોગ અવ્યક્ત મિથ્યાત્વ છે અને શેષ ત્રણ મિથ્યાત્વ વ્યક્ત છે. આ ચારે મિથ્યાત્વ સંજ્ઞી ભવ્યોને થાય છે. તેથી અભવ્યને આ ચારે મિથ્યાત્વ થઈ શકે નહિ, માત્ર અવ્યક્ત એવું અનાભોગમિથ્યાત્વ જ થઈ શકે. એમ જે નવીન કલ્પના કરનાર કહે છે તેને ગ્રંથકારશ્રી પૂછે છે કે અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ કેમ થતું નથી ? અર્થાત્ "નાસ્તિ આત્મા" આદિ વિકલ્પો તેઓમાં વ્યક્ત

સંભળાય છે, માટે તેઓમાં આભિગ્રહિકમિથ્યાત્વ પણ સ્વીકારવું જોઈએ. વળી, ગુણસ્થાનક્રમારોહસૂત્રની વૃત્તિ અનુસાર પણ અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ છે. માટે પણ નવીન કલ્પના કરનારે અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારવું જોઈએ.

અહીં નવીન કલ્પના કરનાર શંકા કરતાં કહે છે કે સ્થાનાંગમાં આભિગ્રહિકમિથ્યાત્વ સપર્યવસિત અને અપર્યવસિત છે એમ બતાવ્યા પછી અતિદેશ કરતાં કહ્યું છે કે અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ સપર્યવસિત અને અપર્યવસિત જાણવું. તેથી જો સ્થાનાંગવૃત્તિને અનુસાર અભવ્યોને અપર્યવસિત આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારવામાં આવે તો તે પ્રમાણે અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ અપર્યવસિત સ્વીકારવું જોઈએ. જો આવું સ્વીકારવામાં આવે તો ગ્રંથકારશ્રીએ પૂર્વની ગાથામાં કહ્યું કે અભવ્યોને આભિગ્રહિક અને અનાભોગ એ બે જ મિથ્યાત્વ હોય છે તે વચનનો લોપ થશે; કેમ કે સ્થાનાંગવૃત્તિ અનુસાર અભવ્યોને ત્રીજા અનાભિગ્રહિક-મિથ્યાત્વની પણ પ્રાપ્તિ છે. આ પ્રકારના નવીન કલ્પના કરનાર દ્વારા અપાયેલા દોષનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે ઠાણાંગના પ્રથમસૂત્રમાં "બે પ્રકારનું મિથ્યાત્વ છે : (૧) આભિગ્રહિકમિથ્યાત્વ અને (૨) અનાભિગ્રહિકમિથ્યાત્વ." તેમ કહ્યું છે. તેથી અનાભિગ્રહિકમિથ્યાત્વથી આભિગ્રહિકમિથ્યાત્વ સિવાયના સર્વભેદોનો સંગ્રહ થાય છે. માટે ઠાણાંગની વૃત્તિમાં અતિદેશથી અનાભિગ્રહિકમિથ્યાત્વ અભવ્યોને પ્રાપ્ત થાય તોપણ દોષ નથી; કેમ કે ગ્રંથકારશ્રીએ અનાભિગ્રહિકથી અનાભોગને પૃથક્ કરીને અભવ્યોને બે મિથ્યાત્વ કહેલ છે. અને ઠાણાંગમાં અનાભિગ્રહિકથી અનાભોગનો સંગ્રહ કરીને અભવ્યોને અનાભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકાર્યું છે. તેથી પદાર્થની દૃષ્ટિએ ઠાણાંગ સાથે ગ્રંથકારશ્રીના કથનનો કોઈ વિરોધ નથી.

વળી ગ્રંથકારશ્રીએ આભિગ્રહિક અને અનાભોગ બે મિથ્યાત્વ અભવ્યોને સ્વીકાર્યા અને ઠાણાંગ પ્રમાણે આભિગ્રહિક અને અનાભિગ્રહિક બે મિથ્યાત્વ અભવ્યોને છે તે સ્થાપિત થયું તે અર્થથી એક જ પદાર્થ છે. તેમ સ્થાપના કર્યા પછી અનાભિગ્રહિકમિથ્યાત્વ કે આભિનિવેશિકમિથ્યાત્વનો અર્થ કોઈક અન્ય પ્રકારે કરે અને તે રીતે અભવ્યમાં આભિગ્રહિક, અનાભોગ, આભિનિવેશિક, અનાભિગ્રહિક એમ ૪ મિથ્યાત્વની પ્રાપ્તિ થાય તોપણ ગ્રંથકારશ્રીના વચન સાથે વિરોધ નથી. તે આ રીતે –

ગ્રંથકારશ્રીએ સ્વ-સ્વ દર્શનમાં કદાગ્રહવાળાને આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારેલ છે. આથી જ જૈનદર્શનમાં રહેલ પણ તત્ત્વની પરીક્ષા કરવા માટે ઉપેક્ષાવાળાને આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારેલ છે. અને જે જીવો યોગમાર્ગની પ્રથમ ચાર દૃષ્ટિમાં આવેલા છે તેવા જીવો સર્વ દર્શનની વિચારણા કરે ત્યારે તેઓને જણાય કે સર્વ દર્શનકારો મોક્ષ પ્રાપ્ત કરવા જેવો છે તેમ કહે છે. તેની પ્રાપ્તિના ઉપાયરૂપે અહિંસાદિ કહે છે અને અંતરંગ રીતે સર્વથા અસંગભાવથી મોક્ષ થાય છે તેમ કહે છે. માટે યોગમાર્ગને કહેનારાં સર્વ દર્શન સુંદર છે. તેઓમાં આદ્યધર્મની ભૂમિકા છે અને તેઓને અનાભિગ્રહિકમિથ્યાત્વ છે.

તેના બદલે કોઈક આભિગ્રહિકમિથ્યાત્વનો અર્થ એ કરે કે ભગવાનના દર્શનથી વિપરીત દર્શનવાળાને આભિગ્રહિકમિથ્યાત્વ છે અને બધાં દર્શન સુંદર છે એવું જેઓ માને તેઓમાં અનાભિગ્રહિકમિથ્યાત્વ છે.

આવું અનાભિગ્રહિકમિથ્યાત્વ તત્ત્વ પ્રત્યેના સર્વથા વિમુખભાવવાળા જીવોને પણ થઈ શકે છે. આથી જ જેઓ કાચ તુલ્ય અન્યદર્શનો અને મણિ તુલ્ય જૈનદર્શન પ્રત્યે સમાન બુદ્ધિવાળા છે, તેઓ ભગવાન પ્રત્યે મત્સરી છે એમ હેમચંદ્રસૂરિ મહારાજ કહે છે. આવું અનાભિગ્રહિકમિથ્યાત્વ અભવ્યોમાં પણ સંભવી શકે. પરંતુ યોગની ભૂમિકાને પામેલ જીવોમાં જેવું અનાભિગ્રહિકમિથ્યાત્વ ગ્રંથકારશ્રી સ્વીકારે છે તેવું અનાભિગ્રહિકમિથ્યાત્વ અભવ્યોમાં નથી.

વળી, આભિનિવેશિકમિથ્યાત્વ પણ સમ્યક્ત્વને પામ્યા પછી પાતને પામેલા જમાલી આદિને ગ્રંથકારશ્રી સ્વીકારે છે. તેને બદલે જેઓ સમ્યક્ત્વ પામ્યા નથી અને સાધુના વેશમાં છે તેથી દ્રવ્યથી સમ્યક્ત્વ ઉચ્ચરાવેલ છે અને ભગવાનના વચનાનુસાર ધર્માનુષ્ઠાન સેવનારા હોવા છતાં ભગવાનના વચનથી વિપરીત કોઈક સ્થાનમાં આભિનિવેશિકવાળા બને તેઓને પણ આભિનિવેશિકમિથ્યાત્વ છે. તેવો અર્થ કોઈક કરે તો અભવ્યને પણ આભિનિવેશિકમિથ્યાત્વ સ્વીકારવામાં વિરોધ નથી; કેમ કે અભવ્ય પણ સાધુવેશ ગ્રહણ કરી કોઈક નિમિત્તે અભિનિવેશવાળો બની શકે છે.

ટીકા :-

अपि च पालकसङ्गमकादीनां प्रवचनार्हत्प्रत्यनीकानामुदीर्णव्यक्ततरमिथ्यात्वमोहनीयोदयानामेव समुद्भूता नानाविधाः कुविकल्पाः श्रूयन्ते । किञ्च–मोक्षकारणे धर्म एकान्तभवकारणत्वेनाधर्मश्रद्धानरूपं मिथ्यात्वमपि तेषां लब्ध्याद्यर्थं गृहीतप्रव्रज्यानां व्यक्तमेव । यत्पुनरुच्यते–'तेषां कदाचित्कुलाचारवशेन व्यवहारतो व्यक्तमिथ्यात्वे सम्यक्त्वे वा सत्यपि निश्चयतः सर्वकालमनाभोगमिथ्यात्वमेव भवति' **इति तदभिनिवेशविजृम्भितं, शुद्धिप्रतिपत्त्यभावापेक्षया निश्चयेनानाभोगाभ्युपगमे आभिग्रहिकादिस्थलेऽपि तत्प्रसङ्गाद्, बहिरन्तर्व्यक्ताव्यक्तोपयोगद्वयाभ्युपगमस्य चापसिद्धान्तकलङ्कदूषितत्वाद् ।**

अथ यदेकपुद्गलावशेषसंसारस्य क्रियावादित्वाभिव्यञ्जकं धर्मधिया क्रियारुचिनिमित्तं तन्मिथ्यात्वं व्यक्तम् । यदुक्तं-

तेसुवि एगो पुग्गलपरिअट्टो जेसिं हुज्ज संसारो ।
तहभव्वत्ता तेसिं केसिंचि होइ किरियरुई ।।
तीए किरियाकरणं लिंगं पुण होइ धम्मबुद्धीए ।
किरियारुईणिमित्तं जं वुत्तं वत्तमिच्छत्तंति ।।

ततोऽन्यच्चाव्यक्तं मिथ्यात्वम् । न चाभव्यस्य कदाप्येकपुद्गलपरावर्त्तावशेषः संसार इति सदैव तस्याव्यक्तं मिथ्यात्वमवस्थितमिति चेद्? मैवं, एवं सति चरमपुद्गलपरावर्त्तातिरिक्तपुद्गलपरावर्त्त-वर्त्तिनां भव्यानामप्यव्यक्तानाभोगमिथ्यात्वव्यवस्थितावाभिग्रहिकमिथ्यात्वोच्छेदप्रसङ्गात् । किञ्च,

एवं-' अनाभोगमिथ्यात्वे वर्त्तमाना जीवा न मार्गगामिनो न वोन्मार्गगामिनो भवन्ति, अनाभोगमिथ्यात्वस्यानादिमत्त्वेन सर्वेषामपि जीवानां निजगृहकल्पत्वाद् । लोकोऽपि निजगृहे भूयःकालं वसन्नपि न मार्गगामी न वोन्मार्गगामीति व्यपदिश्यते, किन्तु गृहान्निर्गतः समीहितनगराभिमुखं गच्छन् मार्गगामी, अन्यथा तून्मार्गगामीति व्यपदिश्यते, एवं तथाभव्यत्वयोगेनानादिमिथ्यात्वान्निर्गतो यदि जैनमार्गमाश्रयते तदा मार्गगामी, जैनमार्गस्यैव मोक्षमार्गत्वाद्, यदि च शाक्यादिदर्शनं जमाल्यादिदर्शनं वाऽऽश्रयते तदोन्मार्गगामीति व्यपदिश्यते, तदीयदर्शनस्य संसारमार्गत्वेन मोक्षं प्रत्युन्मार्गभूतत्वादि**'ति स्वकल्पितप्रक्रियापेक्षयाऽचरमपुद्गलपरावर्त्तवर्त्तिनः शाक्यादयोऽपि नोन्मार्गगामिनः स्युरिति** 'कुप्पवयणपासंडी सव्वे उम्मग्गपट्ठिया' **इत्यादिप्रवचनविरोधः ।**

किञ्च, एवं धर्मधिया विरुद्धक्रियाकरणादुन्मार्गगामित्वं यथा व्यक्तमिथ्यात्वोपष्टम्भाच्चरमपुद्गलपरावर्त्त एव तथा धर्मधिया हिंसाकरणाद्धिंसकत्वमपि तदैवेत्यचरमपुद्गलपरावर्त्तेषु हिंसकत्वादिकमपि न स्यादिति सर्वत्र त्रैराशिकमतानुसरणे जैनप्रक्रियाया मूलत एव विलोपापत्तेर्महदसमञ्जसम्, तस्मादभव्यानामपि दूरभव्यानामिव योग्यतानुसारेणाभिग्रहिकव्यक्तमिथ्यात्वोपगमे न दोष इति मन्तव्यम् ।

टीकार्थ :-

अपि च ..... इति मन्तव्यम् ।

નવીન કલ્પના કરનાર અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારતો નથી તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

વળી પ્રવચન અને અરિહંતના પ્રત્યનીક અને ઉદીર્ણ થયેલો છે વ્યક્તતર મિથ્યાત્વ મોહનીયનો ઉદય જેને એવા જ પાલક-સંગમાદિને સમુદ્ભૂત થયેલા નાના વિકલ્પો સંભળાય છે=શાસ્ત્રમાં સંભળાય છે. વળી, મોક્ષના કારણ એવા ધર્મમાં એકાંત ભવના કારણપણારૂપે અધર્મના શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ પણ લબ્ધિ આદિ માટે ગ્રહીત પ્રવ્રજ્યાવાળા તેઓને=અભવ્યોને, વ્યક્ત જ છે. માટે તેઓને વ્યક્ત મિથ્યાત્વ પણ સંભવે છે. જે વળી કહેવાય છે=નવીન કલ્પના કરનાર દ્વારા કહેવાય છે કે "તેઓને=અભવ્યોને, ક્યારેક કુલાચારના વશથી વ્યવહારથી વ્યક્ત મિથ્યાત્વ કે સમ્યક્ત્વ હોવા છતાં નિશ્ચયથી સર્વકાલ અનાભોગમિથ્યાત્વ જ છે." इति શબ્દ નવીન કલ્પના કરનારની સમાપ્તિ માટે છે.

તે=નવીન કલ્પના કરનારે અભવ્યોને નિશ્ચયથી સર્વકાલ અનાભોગમિથ્યાત્વ છે એમ કહ્યું તે, અભિનિવેશથી વિજૃમ્ભિત છે=કદાગ્રહથી કહેવાયેલું છે; કેમ કે શુદ્ધિ અને પ્રતિપત્તિના અભાવની અપેક્ષાએ=અન્યદર્શનનો સ્વીકાર કરે છે ત્યારે વ્યક્ત મિથ્યાત્વ હોવા છતાં શુદ્ધિની અપેક્ષાએ, અને જૈનદર્શનની ક્રિયા કરે છે ત્યારે વ્યવહારથી સમ્યક્ત્વ હોવા છતાં પ્રતિપત્તિના અભાવની અપેક્ષાએ, નિશ્ચયથી અનાભોગનો સ્વીકાર કરાયે છતે આભિગ્રહિક સ્થલમાં પણ=ભવ્ય જીવોને નવીન કલ્પના કરનાર આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારે છે તે સ્થલમાં પણ, તેનો પ્રસંગ છે=નિશ્ચયથી અનાભોગમિથ્યાત્વ

સ્વીકારવાનો પ્રસંગ છે. અને બહિ અન્તર વ્યક્ત-અવ્યક્ત ઉપયોગ દ્વયના સ્વીકારનું=અભવ્યને બહિ ઉપયોગથી વ્યક્ત મિથ્યાત્વ કે સમ્યક્ત્વ સ્વીકારવું અને અંતરંગ ઉપયોગથી અવ્યક્ત મિથ્યાત્વ સ્વીકારવું એ રૂપ ઉપયોગ દ્વયના સ્વીકારનું, અપસિદ્ધાંત કલંકથી દૂષિતપણું છે. અર્થાત્ જિનવચનના સિદ્ધાંતથી વિરુદ્ધ છે.

'અથ'થી પૂર્વપક્ષી અભવ્યને અવ્યક્ત મિથ્યાત્વ સ્વીકારવા માટે યુક્તિ બતાવે છે.

એક પુદ્ગલ અવશેષ સંસારવાળા જીવને ધર્મબુદ્ધિથી ક્રિયારુચિનું નિમિત્ત એવું ક્રિયાવાદીનું અભિવ્યંજક જે મિથ્યાત્વ છે તે મિથ્યાત્વ વ્યક્ત છે. જે કારણથી કહેવાયું છે – "તેઓમાં પણ-આ પાઠની પૂર્વમાં જે જીવોની વિવક્ષા કરી છે તેઓમાં પણ, જેઓને એક પુદ્ગલપરાવર્ત સંસાર છે, તે કેટલાક જીવોને તથાભવ્યત્વને કારણે=તેવા પ્રકારની યોગ્યતાને કારણે ક્રિયારુચિ થાય છે. વળી ધર્મબુદ્ધિથી ક્રિયાનું કરણ તેનું=ક્રિયારુચિનું, લિંગ છે. જે ક્રિયારુચિનું નિમિત્ત એવું વ્યક્ત મિથ્યાત્વ કહેવાયું છે." **અને તેનાથી અન્ય=વ્યક્ત મિથ્યાત્વથી અન્ય અવ્યક્ત મિથ્યાત્વ છે. અને અભવ્યને ક્યારે પણ એક પુદ્ગલપરાવર્ત સંસાર અવશેષ નથી. એથી સદા જ તેને=અભવ્યને, અવ્યક્ત મિથ્યાત્વ અવસ્થિત છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે આમ હોતે છતે=એક પુદ્ગલપરાવર્તવાળા જીવોને જ વ્યક્ત મિથ્યાત્વ છે એમ પૂર્વે પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું એમ હોતે છતે, ચરમ પુદ્ગલપરાવર્તથી અતિરિક્ત પુદ્ગલપરાવર્તવર્તી એવા ભવ્યોને પણ અવ્યક્ત એવું અનાભોગમિથ્યાત્વ વ્યવસ્થિત થયે છતે આભિગ્રહિકમિથ્યાત્વના ઉચ્છેદનો પ્રસંગ આવશે.**

વળી પૂર્વપક્ષે ચરમાવર્ત બહારના જીવોને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે તે સ્થાપન કરવા માટે અન્ય યુક્તિ આપે છે તે બતાવીને તે પણ સંગત નથી. તે બતાવતાં 'કિઞ્ચ'થી ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે=પૂર્વમાં 'અથ'થી પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે ધર્મબુદ્ધિથી ક્રિયારુચિનું નિમિત્ત એવું વ્યક્ત મિથ્યાત્વ ચરમ પુદ્ગલપરાવર્તવાળા જીવોને થાય છે એ રીતે, અનાભોગમિથ્યાત્વમાં વર્તમાન જીવો માર્ગગામી અથવા ઉન્માર્ગગામી નથી; કેમ કે અનાભોગમિથ્યાત્વનું અનાદિમાનપણું હોવાને કારણે સર્વ પણ જીવોના નિજગૃહ કલ્પપણું છે. લોકમાં પણ પોતાના ઘરમાં ઘણો કાળ વસતો પણ માર્ગગામી નથી કે ઉન્માર્ગગામી નથી એ પ્રમાણે કહેવાય છે. પરંતુ ઘરથી નીકળેલો પોતાને ઈચ્છિત નગરે જતો માર્ગગામી કહેવાય છે. અન્યથા=પોતાના ઈચ્છિત નગરથી અન્યથા, જતો હોય તો ઉન્માર્ગગામી કહેવાય છે. એ રીતે=જે રીતે દૃષ્ટાંતમાં બતાવ્યું એ રીતે, તથાભવ્યત્વના યોગથી અનાદિ મિથ્યાત્વથી નીકળેલો જો જૈનમાર્ગનો આશ્રય કરે તો માર્ગગામી છે; કેમ કે જૈનમાર્ગનું જ મોક્ષમાર્ગપણું છે. અને જો શાક્યાદિ દર્શન અથવા જમાલી આદિનું દર્શન આશ્રય કરે તો ઉન્માર્ગગામી છે એ પ્રમાણે વ્યપદેશ કરાય છે; કેમ કે તેઓના દર્શનનું=શાક્યાદિ કે જમાલી આદિના દર્શનનું, સંસારમાર્ગપણું હોવાને કારણે મોક્ષ પ્રત્યે ઉન્માર્ગભૂતપણું છે. આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, સ્વકલ્પિત પ્રક્રિયાની અપેક્ષાએ=પૂર્વપક્ષે જે માર્ગગામી અને ઉન્માર્ગગામીને પોતાની કલ્પિત પ્રક્રિયા બતાવી

તેની અપેક્ષાએ, અચરમપુદ્ગલપરાવર્તવર્તી શાક્યાદિ પણ ઉન્માર્ગગામી ન થાય એથી "કુપ્રવચન પાખંડી સર્વ ઉન્માર્ગ પ્રસ્થિત છે" **ઇત્યાદિ પ્રવચનનો વિરોધ છે.**

વળી 'किञ्च'થી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને અન્ય દોષ આપે છે –

વળી આ રીતે ધર્મબુદ્ધિથી વિરુદ્ધ ક્રિયાના કરણને કારણે ઉન્માર્ગગામીપણું જે પ્રમાણે વ્યક્ત મિથ્યાત્વના ઉપષ્ટમ્ભથી ચરમ પુદ્ગલપરાવર્તમાં જ છે, તે પ્રમાણે ધર્મબુદ્ધિથી હિંસા કરણને કારણે હિંસકપણું પણ ત્યારે જ છે=ચરમ પુદ્ગલપરાવર્તમાં જ છે. એથી અચરમ પુદ્ગલપરાવર્તમાં હિંસકપણું આદિ પણ નહીં થાય. એથી સર્વત્ર ત્રૈરાશિક મતના અનુસરણમાં=નિજગૃહ, ઉન્માર્ગગામી અને માર્ગગામિત્વરૂપ અને હિંસકત્વ, અહિંસકત્વ, હિંસક-અહિંસક ઉભયના અભાવરૂપ ત્રૈરાશિકના મતમાં જૈન પ્રક્રિયાના મૂલથી જ વિલોપની આપત્તિ હોવાથી અત્યંત અસમંજસ છે. તે કારણથી=પૂર્વપક્ષી કહે તે કથન અત્યંત અસમંજસ છે તે કારણથી, દુર્ભવ્યોની જેમ અભવ્યોને યોગ્યતાનુસારથી આભિગ્રહિક વ્યક્ત મિથ્યાત્વના સ્વીકારમાં દોષ નથી. એ પ્રમાણે માનવું જોઈએ.

ભાવાર્થ :-

નવીન કલ્પના કરનાર પૂર્વપક્ષી અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ સ્વીકારતો નથી. તેને દોષ આપતાં ગ્રંથકારશ્રી 'अपि च'થી કહે છે –

પાલક પ્રવચનનો પ્રત્યનીક અને અભવ્ય જીવ છે અને સંગમ અરિહંતનો પ્રત્યનીક અને અભવ્યનો જીવ છે. આવા જીવોને તે પ્રકારના નિમિત્તને પામીને વ્યક્તતર મિથ્યાત્વનો ઉદય ઉદીરણાને પામે છે. તેથી તેઓને જુદા જુદા પ્રકારના વિકલ્પો થયેલા તેમ શાસ્ત્રમાં સંભળાય છે. માટે અભવ્યને વ્યક્ત મિથ્યાત્વ છે તેમ સ્વીકારવું જોઈએ.

આશય એ છે કે જે જીવો તત્ત્વના વિષયમાં કોઈ વિકલ્પ કરતા નથી અને મુગ્ધ છે તેઓને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે કે એકેન્દ્રિયાદિ જીવોને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે. જ્યારે પાલકને તો સુસાધુ પ્રત્યેના દ્વેષરૂપ કુવિકલ્પો વ્યક્ત વર્તી રહ્યા છે, તેથી પાલકમાં વ્યક્ત મિથ્યાત્વ છે અને ઈન્દ્ર મહારાજાએ વીર ભગવાનના સત્ત્વની પ્રશંસા કરી ત્યારે મનુષ્યનું આવું સત્ત્વ સંભવે નહિ એમ કહીને તેમને ધ્યાનથી ચલાયમાન કરવા માટે સંગમ વ્યક્ત કુવિકલ્પ કરે છે માટે પાલક, સંગમાદિ જીવોને વ્યક્ત મિથ્યાત્વ છે તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

અહીં પાલક અને સંગમને ઉદીર્ણ વ્યક્તતર મિથ્યાત્વ મોહનીયના ઉદયવાળા કહ્યા તેથી એ પ્રાપ્ત થાય કે પાલકને કે સંગમને જ્યારે તેવા નિમિત્તની પ્રાપ્તિ ન હતી ત્યારે મિથ્યાત્વ મોહનીયનો ઉદય વર્તતો હતો. અને તે પ્રકારની નિમિત્ત સામગ્રીને પામીને તેઓમાં સત્તામાં રહેલું મિથ્યાત્વ ઉદીરણાને પામે છે તેથી મિથ્યાત્વના પોષક કુવિકલ્પો વ્યક્તતર બને છે. જેના કારણે પાલક સુસાધુઓને ઉપસર્ગ કરે છે અને સંગમ વીર પ્રભુને ઉપસર્ગ કરે છે. વળી અભવ્ય જીવો મોક્ષના કારણભૂત એવા ધર્મમાં પ્રવૃત્તિ કરે છે તે વખતે આ

લોક અને પરલોકની આશંસાથી પ્રવૃત્તિ કરે છે. જે આલોક અને પરલોકની આશંસા અધર્મરૂપ છે તેથી ધર્મમાં અધર્મના શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ તેઓમાં પ્રવ્રજ્યા કાળમાં વ્યક્ત વર્તે છે. માટે અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ ન હોય એમ પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી.

વળી પૂર્વપક્ષી અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ ન હોય તે સ્વીકારવા માટે યુક્તિ આપે છે કે અભવ્યના જીવો ક્યારેક પોતે જે કુળમાં જન્મ્યા હોય તેના વશથી પોતાના દર્શનની ક્રિયા કરતા હોય ત્યારે મિથ્યાદર્શનની ક્રિયા કરતા હોય તો વ્યવહારથી વ્યક્ત મિથ્યાત્વ દેખાય અને જૈનદર્શનના આચાર પાળતા હોય તો વ્યવહારથી સમ્યક્ત્વ દેખાય. તોપણ નિશ્ચયથી તેઓમાં સર્વકાલ અનાભોગ જ વર્તે છે. તેથી અનાભોગમિથ્યાત્વ જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે અભવ્યને અન્યદર્શનના સેવનના કાળમાં તત્ત્વને અનુકૂળ શુદ્ધિ નથી માટે નિશ્ચયથી અનાભોગ છે અને જૈનદર્શનના પાલનકાળમાં ભગવાનના વચનની પ્રતિપત્તિ નથી માટે નિશ્ચયથી અનાભોગ છે. એમ સ્વીકારીને અભવ્યને વ્યક્ત મિથ્યાત્વ નથી એમ જો પૂર્વપક્ષી કહે તો આભિગ્રહિકાદિ મિથ્યાત્વ સ્થલમાં પણ શુદ્ધિ અને પ્રતિપત્તિના અભાવને કારણે અનાભોગ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. અને તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો ભવ્ય જીવોને આભિગ્રહિક આદિ ૪ મિથ્યાત્વ હોય છે એમ જે પૂર્વપક્ષી કહે છે તેનો વિલોપ થાય અને બધા જ જીવોને અવ્યક્ત મિથ્યાત્વ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

અહીં વિશેષ એ છે કે અભવ્યના જીવમાં જ્યારે વ્યક્ત મિથ્યાત્વ વર્તતું હોય ત્યારે તત્ત્વના વિષયમાં તત્ત્વને સન્મુખ થઈ શકે તેવી શુદ્ધિનો અભાવ હોય છે તેથી તત્ત્વના વિષયમાં નિશ્ચયથી અનાભોગ વર્તે છે. જૈન સાધુપણું ગ્રહણ કરીને સાધ્વાચાર પાળે છે ત્યારે પણ ભગવાને મોક્ષ પ્રાપ્ત કરવા માટે આ યોગમાર્ગ બતાવ્યો છે તેને હું "તે રીતે સેવું" એ પ્રકારના પ્રતિપત્તિનો=સ્વીકારનો, અભાવ હોવાથી તત્ત્વના વિષયમાં નિશ્ચયથી અનાભોગ વર્તે છે અને જેમ અભવ્યના જીવોમાં શુદ્ધિનો અને પ્રતિપત્તિનો અભાવ પ્રાપ્ત થાય છે તેમ આભિગ્રહિકાદિ મિથ્યાત્વ કાળમાં ભવ્ય જીવોને પણ શુદ્ધિ અને પ્રતિપત્તિનો અભાવ પ્રાપ્ત થાય છે. માટે પૂર્વપક્ષીને ભવ્ય જીવોને પણ આભિગ્રહિકાદિ મિથ્યાત્વનો પણ અસ્વીકાર કરીને અનાભોગમિથ્યાત્વ જ સ્વીકાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. વળી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષને અન્ય દોષ બતાવતાં કહે છે કે અભવ્યના જીવો પરદર્શનનો સ્વીકાર કરે છે ત્યારે વ્યવહારથી વ્યક્ત મિથ્યાત્વ છે અને જૈનદર્શનનો સ્વીકાર કરે છે ત્યારે વ્યવહારથી વ્યક્ત સમ્યક્ત્વ છે તેમ માનવામાં આવે તો તે વખતે અભવ્યોને બહિરંગ વ્યક્ત ઉપયોગ છે તેમ પ્રાપ્ત થાય અને નિશ્ચયથી અનાભોગ સ્વીકારવામાં આવે તો અંતરંગ અવ્યક્ત ઉપયોગ છે તેમ પ્રાપ્ત થાય અને એક કાળમાં તત્ત્વ વિષયક બહિરંગ વ્યક્ત ઉપયોગ અને અંતરંગ અવ્યક્ત ઉપયોગ એમ બે ઉપયોગ માનવા એ અપસિદ્ધાંત છે. માટે અભવ્ય જીવો પણ જ્યારે અન્યદર્શન સ્વીકારે છે ત્યારે વ્યક્ત મિથ્યાત્વ છે અને જૈનદર્શન સ્વીકારે છે ત્યારે પણ મોક્ષના કારણભૂત ધર્મને ભવના કારણરૂપે સ્વીકારવારૂપ અધર્મનું શ્રદ્ધાન હોવાથી વ્યક્ત મિથ્યાત્વ છે, તેમ માનવું જોઈએ. પરંતુ નિશ્ચયનયથી અભવ્યોને અનાભોગ છે માટે અવ્યક્ત મિથ્યાત્વ છે તેમ માની શકાય નહીં.

અહીં નવીન કલ્પના કરનાર અભવ્યને અવ્યક્ત મિથ્યાત્વ સ્થાપન કરવા અર્થે કહે કે ધર્મબુદ્ધિથી ક્રિયારુચિનું નિમિત્ત જે ક્રિયાવાદીનું અભિવ્યંજક છે તે વ્યક્ત મિથ્યાત્વ છે અર્થાત્ શાસ્ત્રમાં કહ્યું છે કે જે જીવોને આત્મકલ્યાણ અર્થે ધર્મની રુચિ થઈ છે અને તેના કારણે ધર્મના અનુષ્ઠાનરૂપ ક્રિયાની રુચિ થઈ છે, તેઓ કોઈ પણ દર્શનમાં હોય તો તેઓ ક્રિયાવાદી છે. અને ક્રિયાવાદી જીવોને ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્ત જ સંસાર હોય. તેનાથી વધારે નહિ. તે પ્રકારે શાસ્ત્રવચનથી સિદ્ધ થાય છે કે ચરમાવર્તમાં રહેલા જીવોને જ વ્યક્તમિથ્યાત્વ છે, તેનાથી અન્ય સર્વ જીવોને અવ્યક્ત મિથ્યાત્વ છે. અને અભવ્ય જીવને ક્યારેય એક પુદ્ગલપરાવર્ત શેષ સંસાર નથી. માટે તેને અવ્યક્ત મિથ્યાત્વ સ્વીકારવું જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે કે સાક્ષી પાઠનો અર્થ આ પ્રમાણે પૂર્વપક્ષી સ્વીકારે તો ચરમાવર્તથી અધિક સંસારવાળા ભવ્ય જીવોને પણ અવ્યક્ત મિથ્યાત્વની પ્રાપ્તિ થાય અને તેમ સ્વીકારવાથી આભિગ્રહિક આદિ મિથ્યાત્વના ઉચ્છેદની પ્રાપ્તિ થાય અર્થાત્ ચરમાવર્ત બહારના જીવોમાં ક્યારેય આભિગ્રહિક આદિ મિથ્યાત્વ નથી તેમ માનવાનો પ્રસંગ આવે.

અહીં પૂર્વપક્ષી અભવ્યને અવ્યક્ત મિથ્યાત્વ સ્વીકારવા માટે યુક્તિ આપે છે કે જેમ કોઈ જીવ પોતાના ઘરમાં રહેલો હોય તો તે માર્ગગામી કે ઉન્માર્ગગામી કહેવાતો નથી પરંતુ ગૃહથી નીકળીને કોઈ ઇષ્ટ નગર તરફ જતો હોય અને તે નગરના માર્ગમાં હોય તો માર્ગગામી કહેવાય. અને તે નગરના માર્ગમાં ન હોય પણ ભ્રમથી અન્ય માર્ગમાં હોય તો ઉન્માર્ગગામી કહેવાય. એ રીતે જે જીવો અનાદિના મિથ્યાત્વમાં વર્તતા હોય તે જીવો પોતાના ગૃહ તુલ્ય અનાદિના મિથ્યાત્વમાં વર્તે છે. અને જ્યારે તે જીવો અનાદિના ગૃહ તુલ્ય અનાદિ મિથ્યાત્વનો ત્યાગ કરીને મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરે છે ત્યારે માર્ગગામી કહેવાય છે અને જ્યારે મોક્ષમાર્ગથી વિરુદ્ધ મિથ્યામાર્ગનો સ્વીકાર કરે છે ત્યારે ઉન્માર્ગગામી કહેવાય છે. આ પ્રકારે પોતાની કલ્પના કરાયેલ પ્રક્રિયા દ્વારા પૂર્વપક્ષી સ્થાપના કરે છે કે અભવ્યના જીવોએ ક્યારેય મિથ્યાત્વને છોડ્યું નથી માટે તેઓ માર્ગગામી કે ઉન્માર્ગગામી નથી પરંતુ અનાભોગમિથ્યાત્વવાળા જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે આ પ્રકારના સ્વકલ્પિત દૃષ્ટાંતના બળથી અભવ્યને અનાભોગમિથ્યાત્વ સ્વીકારવામાં આવે તો અચરમાવર્તમાં રહેલા શાક્યાદિ પણ ઉન્માર્ગગામી નથી તેમ પ્રાપ્ત થાય. જો આવું સ્વીકારવામાં આવે તો "કુપ્રવચનના પાખંડી સર્વ ઉન્માર્ગગામી છે." એ પ્રકારના ઉત્તરાધ્યયનમાં વચનનો વિરોધ થાય.

અહીં વિશેષ કહે છે કે પરમાર્થથી મુક્ત અવસ્થા જીવના ગૃહ તુલ્ય છે; કેમ કે પોતાના ગૃહમાં રહેલો જેમ સુખપૂર્વક રહી શકે છે તેમ સિદ્ધના જીવો નિજ સ્વભાવરૂપ પોતાના સ્થાનમાં રહેલા છે. અને જેઓ મોક્ષપ્રાપ્તિને અનુકૂળ એવા ઇષ્ટમાર્ગમાં પ્રવૃત્ત છે તેવા સર્વ યોગીઓ માર્ગગામી છે. આથી જ અન્યદર્શનમાં પણ ભદ્રકપ્રકૃતિવાળા યોગની દૃષ્ટિને પામેલા જીવો માર્ગગામી છે. અને જે જીવો મોક્ષમાર્ગમાં પ્રસ્થિત નથી કે દૂરદૂરવર્તી પણ મોક્ષમાર્ગને અભિમુખ ગમન કરતા નથી તેવા અન્યદર્શનમાં રહેલા કે જૈનદર્શનમાં રહેલા કે અભવ્યના જીવો કે એકેન્દ્રિયમાં વર્તતા જીવો સર્વ ઉન્માર્ગગામી જ છે; કેમ કે મોક્ષને અનુકૂળ નિર્જરાના માર્ગને છોડીને મોક્ષથી વિરુદ્ધ એવા ભવના માર્ગને અનુકૂળ કર્મબંધનો આશ્રય કરનારા છે.

વળી પૂર્વપક્ષ અભવ્યને આ રીતે સ્વકલ્પિત દૃષ્ટાંતના બળથી નિજગૃહમાં સ્વીકારીને અનાભોગમિથ્યાત્વવાળા છે તેમ સ્થાપન કરે તો ત્રિરાશિક મતના સ્વીકારની આપત્તિ આવે એમ ગ્રંથકારશ્રી બતાવે છે – જેમ ધર્મબુદ્ધિથી વિરુદ્ધ ક્રિયા કરવાને કારણે ઉન્માર્ગગામિત્વ ચરમ પુદ્ગલપરાવર્તમાં જ છે. તે પ્રમાણે ધર્મબુદ્ધિથી હિંસા કરવાને કારણે હિંસકપણું પણ ચરમાવર્તમાં જ છે તેમ માનવું પડે. અને અચરમાવર્તવાળા અભવ્યના કે દુર્ભવ્યોના જીવો વિરુદ્ધ ક્રિયા કરતા હોય છતાં ઉન્માર્ગગામી નથી એમ જો પૂર્વપક્ષીના વચન પ્રમાણે સ્વીકારવામાં આવે તો અચરમાવર્તમાં જીવો હિંસાદિ પાપો કરતા હોય તોપણ હિંસકાદિ નથી, તેમ માનવું પડે. જો આવું સ્વીકારીએ તો નિજગૃહમાં વસવારૂપ એક રાશિ, ઉન્માર્ગમાં ગમનરૂપ બીજી રાશિ અને માર્ગગમનરૂપ ત્રીજી રાશિ પ્રાપ્ત થાય. આ રીતે હિંસાદિ સર્વ પાપસ્થાનકોમાં પણ અચરમાવર્તવર્તી જીવોમાં પણ હિંસા-અહિંસાદિના અભાવરૂપ એક રાશિ, ચરમાવર્તી જીવો હિંસાદિ કરતા હોય ત્યારે તેઓમાં હિંસાની પ્રાપ્તિ થાય એ બીજી રાશિ અને ચરમાવર્તી જીવો અહિંસાનું પાલન કરતા હોય ત્યારે તેઓમાં અહિંસાદિ કૃત ત્રીજી રાશિ પ્રાપ્ત થાય. આ રીતે સર્વ કૃત્યોના ત્રિરાશિક મતના અનુસરણમાં જૈન પ્રક્રિયાનો મૂળથી જ વિરોધ થાય. માટે દુર્ભવ્યોની જેમ અભવ્ય જીવોને પણ તેઓની પ્રવૃત્તિને અનુસાર આભિગ્રહિક એવું વ્યક્ત મિથ્યાત્વ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

અહીં વિશેષ એ છે કે જે જીવો મોક્ષમાં છે તે નિજસ્વભાવમાં છે, તેથી તેઓ માર્ગગામી પણ નથી અને ઉન્માર્ગગામી પણ નથી. અને જે જીવો મોક્ષમાર્ગમાં પ્રસ્થિત છે તેઓ માર્ગગામી છે અને જેઓ મોક્ષમાર્ગથી વિપરીત માર્ગમાં પ્રસ્થિત છે તેઓ ઉન્માર્ગગામી છે. એ પ્રમાણે ત્રણ રાશિ સ્વીકારવામાં કોઈ દોષ નથી. પરંતુ જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર તે ત્રણ રાશિ છે. વળી જૈનદર્શનમાં જીવ-અજીવ બે જ પદાર્થો સ્વીકાર્યા છે છતાં જીવ-અજીવ બે રાશિ છોડીને સ્વમતિકલ્પનાનુસાર જીવ-અજીવ-નો જીવ એ ત્રિરાશિમતની કલ્પના થઈ, તેમ સંસારવર્તી જીવો એક માર્ગગામી છે અને અન્ય ઉન્માર્ગગામી છે એમ બે રાશિ જ જૈનદર્શન સ્વીકારે છે. છતાં તે બે રાશિમાંથી જ ઉન્માર્ગગામીને સ્વકલ્પનાના બળથી નિજગૃહમાં કેટલાક છે અને કેટલાક ઉન્માર્ગગામી છે તેમ ભેદ કરીને ત્રણ રાશિરૂપે પૂર્વપક્ષી સ્થાપન કરે છે. જે અનુચિત છે અને તેમ સ્વીકારવાથી હિંસાદિ સર્વ પાપસ્થાનકોમાં પણ હિંસાદિ પાપસ્થાનક અને અહિંસાદિ ધર્મસ્થાનકરૂપ બે રાશિ છે ત્યાં પણ ત્રણ રાશિની કલ્પનાની પ્રાપ્તિ થાય જેથી જૈન સિદ્ધાંતના અપલાપનો પ્રસંગ આવે.

ટીકા :-

अथ 'अभव्या अव्यक्तमिथ्यात्ववन्तः, अव्यवहारित्वात् संप्रतिपन्ननिगोदजीववद्' इत्यनुमानात्तेषामव्यक्तमिथ्यात्वसिद्धिः, अव्यवहारित्वं च तेषामनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वात्सिध्यति, व्यावहारिकाणामुत्कृष्टसंसारस्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तमानत्वात् । तदुक्तं कायस्थितिस्तोत्रे –

अव्वहारियमज्झे भमिऊण अणंतपुग्गलपरट्टे

कहवि ववहाररासिं संपत्तो नाह तत्थवि य ।।

उक्कोसं तिरियगईअसण्णिएगिंदिवणणपुंसेसु ।

भमिओ आवलिअअसंखभागसमपुग्गलपरट्टो ।।

अत एवोत्कृष्टो वनस्पतिकालोऽपि प्रवचने व्यावहारिकापेक्षयैवोक्तः । तथाहि –

'वणस्सइकाइआणं पुच्छा, जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतकालं-अणंता उस्सप्पिणिओसप्पिणीओ कालओ, खित्तओ अणंता लोगा=असंखेज्जा पुग्गलपरिअट्टा' **इति । इदमेव चाभिप्रेत्यास्माभिरुक्तं –**

ववहारीणं णियमा संसारो जेसिं हुज्ज उक्कोसो ।

तेसिं आवलिअअसंखभागसमपोग्गलपरट्टा ।।

इत्यस्मन्मतमदुष्टमिति चेत्? नायमप्येकान्तः, अनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वेनाव्यवहारित्वासिद्धेः, व्यावहारिकाणामप्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तान्तरितभूयोभवभ्रमणेनानन्तपुद्गलपरावर्त्तावस्थानस्यापि संभवात् । तदुक्तं संग्रहणीवृत्तौ – 'एते च निगोदे वर्त्तमाना जीवा द्विधा-सांव्यवहारिका असांव्यवहारिकाश्च । तत्र ये सांव्यवहारिकास्ते निगोदेभ्य उद्वृत्य शेषजीवराशिमध्ये समुत्पद्यन्ते, तेभ्य उद्वृत्य केचिद् भूयोऽपि निगोदमध्ये समागच्छन्ति, तत्राप्युत्कर्षत आवलिकाऽसंख्येयभागगतसमयप्रमाणान् पुद्गलपरावर्त्तान् स्थित्वा भूयोऽपि शेषजीवेषु मध्ये समागच्छन्ति, एवं भूयो भूयः सांव्यवहारिकजीवा गत्यागतीः कुर्वन्ति ।' **इति । यत्पुनरत्र – 'भूयोभूयः परिभ्रमणेऽप्युक्तासंख्येयपुद्गलपरावर्त्तानतिक्रम एव, आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तानामसंख्यातगुणानामप्यसंख्यातत्वमेवेति प्रतीतौ कुतो 'भूयोभूयः' शब्दाभ्यामानन्त्यकल्पनाया गन्धोऽपि, तेन भूयोभूयः परिभ्रमणेऽप्यसंख्यातत्वं तदवस्थमेव । अत एव तावता कालेन व्यावहारिकाणां सर्वेषामपि सिद्धिर्भणिता' इति परेण स्वमतं समाहितं, तदपि नैकान्तरमणीयं,** 'एवं विकलेन्द्रियैकेन्द्रियेषु गतागतैरनन्तान् पुद्गलपरावर्त्तान् निरुद्धोऽतिदुःखितः' **इत्यादिना** 'अन्यदा च कथमपि नीतोऽसावार्यदेशोद्भवमातङ्गेषु, तेभ्योऽप्यभक्ष्यभक्षणादिभिर्नरकपातादिक्रमेण रसगृद्ध्यकार्यप्रवर्त्तनाभ्यामेव लीलयैव व्यावृत्त्य विधृतोऽनन्तपुद्गलपरावर्त्तान्' **इत्यादिना च महता ग्रन्थेन भुवनभानुकेवलिचरित्रादौ व्यावहारिकत्वमुपेयुषाऽपि संसारिजीवस्य विचित्रभवान्तरिततयाऽनन्तपुद्गलपरावर्त्तभ्रमणस्य निगदसिद्धत्वात् । तथा योगबिन्दुसूत्रवृत्तावपि नरनारकादिभावेनानादौ संसारेऽनन्तपुद्गलपरावर्त्तभ्रमणस्वाभाव्यमुक्तम् । तथाहि –**

अनादिरेष संसारो नानागतिसमाश्रयः ।

पुद्गलानां परावर्त्ता अत्रानन्तास्तथागताः ।।

एतद्वृत्तिः–'अनादिरविद्यमानमूलारंभ, एष=प्रत्यक्षतो दृश्यमानः संसारो=भवः कीदृशः? इत्याह–नानागति-

समाश्रयः=नरनारकादिविचित्रपर्यायपात्रं वर्त्तते । ततश्च पुद्गलानामौदारिकादिवर्गणारूपाणां सर्वेषां परावर्त्ता ग्रहणमोक्षात्मकाः, अत्र संसारे अनन्ता अनंतवारस्वभावाः, तथा=तेन समयप्रसिद्धप्रकारेण, गता=अतीताः ।।'

केषाम्? इत्याह –

सर्वेषामेव सत्त्वानां तत्स्वाभाव्यनियोगतः ।

नान्यथा संविदेतेषां सूक्ष्मबुद्ध्या विभाव्यताम् ।।

एतद्वृत्तिः –'सर्वेषामेव सत्त्वानां=प्राणिनां, तत्स्वाभाव्यं=अनंतपुद्गलपरावर्त्तपरिभ्रमणस्वभावता, तस्य नियोगो=व्यापारस्तस्माद् । अत्रैव व्यतिरेकमाह न=नैव अन्यथा=तत्स्वाभाव्यनियोगमन्तरेण संविद्=अवबोधो घटते एतेषाम्=अनन्तपुद्गलपरावर्त्तानां सूक्ष्मबुद्ध्या विभाव्यतां=अनुविचिन्त्यतामेतद् ।' **इति व्यावहारिकत्वेऽप्यनन्तपुद्गलपरावर्त्तभ्रमणसंभवात्, तेनाभव्यानामव्यावहारिकत्वसाधनमसङ्गतमिति द्रष्टव्यम् ।**

टीकार्थ :-

अथ अभव्याः ..... द्रष्टव्यम् ।

'अथ'थी पूर्वपक्षी अभव्यने अव्यक्त मिथ्यात्व स्थापन करवा अर्थे अनुमान करे छे –

अभव्यो अव्यक्त मिथ्यात्ववाळा छे; केम के अव्यवहारीपणुं छे=अभव्योमां अव्यवहारराशिपणुं छे.

तेमां दृष्टांत कहे छे –

संप्रतिपन्न निगोदना जीवोनी जेम=सम्यक् रीते अनादिकाळथी प्राप्त करेलो छे निगोदभाव जेमणे एवा अनादि निगोदना जीवोनी जेम, ए प्रकारना अनुमानथी तेओने=अभव्योने अव्यक्त मिथ्यात्वनी सिद्धि छे.

अहीं प्रश्न थाय के 'अव्यवहारीपणुं' ए રૂપ हेतु अभव्यमां सिद्ध थाय तो अभव्यमां अव्यक्तરૂપ साध्यनी सिद्धि थई शके, परंतु अभव्यमां अव्यवहारित्वરૂપ हेतु ज सिद्ध नथी. तेथी पूर्वपक्षी कहे छे –

अने अव्यवहारीपणुं तेओनुं=अभव्योनुं अनंत पुद्गलपरावर्तकाळस्थायीपणाथी सिद्ध थाय छे; केम के व्यवहारिकोना=व्यवहारराशिमां रहेला जीवोना, उत्कृष्टसंसारनुं आवलिकाना असंख्य भाग प्रमाण पुद्गलपरावर्तमानपणुं छे. कायस्थितिस्तोत्रमां ते=व्यवहारराशिवाळा जीवोनुं असंख्यभाग प्रमाण पुद्गलपरावर्तमानपणुं छे ते, कहेवायुं छे – "अव्यवहारराशिमां अनंत पुद्गलपरावर्त भमीने हे नाथ ! कोईक रीते व्यवहारराशिमां हुं संप्राप्त थयो. अने त्यां पण तिर्यंचगति, असंज्ञी, એકેન્દ્રિય, वनस्पतिमां, नपुंसकमां आवलिकाना असंख्यभाग समान पुद्गलपरावर्त सुधी उत्कृष्टथी हुं भम्यो." **आथी ज=व्यवहारराशिवाळा जीवो आवलिकाना असंख्यभाग प्रमाण पुद्गलपरावर्त उत्कृष्टथी भमे छे अधिक नहि आथी ज,**

ઉત્કૃષ્ટવનસ્પતિનો કાલ પણ પ્રવચનમાં વ્યાવહારિક જીવોની અપેક્ષાથી જ કહેવાયો છે. તે આ પ્રમાણે –

"વનસ્પતિકાયિકોના વિષયમાં પૃચ્છા–જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ=કાલથી અનંતા ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ, ક્ષેત્રથી-અનંતા લોકાકાશ પ્રમાણ=અસંખ્ય પુદ્ગલપરાવર્તકાળ.' **આને જ આશ્રયીને=વનસ્પતિનો કાળ અને વ્યવહારરાશિવાળા જીવોનો કાળ ઉત્કૃષ્ટ અસંખ્ય પુદ્ગલપરાવર્ત છે એને જ આશ્રયીને, અમારા વડે=નવીન કલ્પના કરનાર પૂર્વપક્ષી વડે, કહેવાયું છે –**

"વ્યવહારરાશિના જે જીવોનો સંસાર ઉત્કૃષ્ટ હોય તેઓને નિયમથી આવલિકાના અસંખ્યભાગ સમાન પુદ્ગલપરાવર્ત જેટલો હોય છે." **એ પ્રકારનો અમારો=પૂર્વપક્ષીનો, મત અદુષ્ટ જ છે.**

આ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – આ પણ=વ્યવહારરાશિવાળા જીવોને આવલિકાના અસંખ્યાત ભાગ સમાન પુદ્ગલપરાવર્ત ઉત્કૃષ્ટથી સંસાર હોય છે એ પણ, એકાંતે નથી; કેમ કે અનંત પુદ્ગલપરાવર્તકાળ સ્થાયીપણાથી=જે જીવો અનંત પુદ્ગલપરાવર્તકાળ સુધી સંસારમાં રહેનારા છે તે સ્વરૂપે, અવ્યવહારિત્વની અસિદ્ધિ છે=તે જીવો અવ્યવહારી છે તેની અસિદ્ધિ છે.

અહીં પ્રશ્ન થાય કે જેઓ અનંત પુદ્ગલપરાવર્તકાળ સંસારમાં રહે છે તેઓ વ્યવહારી નથી, તે કથન તો કાયસ્થિતિ સ્તોત્રના વચનથી સિદ્ધ થાય છે, તેથી તેઓમાં અવ્યવહારિત્વની સિદ્ધિ નથી તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

વ્યાવહારિક જીવોને પણ આવલિકાના અસંખ્ય પુદ્ગલપરાવર્તથી અંતરિત ઘણા ભવોના ભ્રમણ દ્વારા અનંત પુદ્ગલપરાવર્તનો પણ સંભવ છે. સંગ્રહણીની વૃત્તિમાં તે=અસંખ્યભાગ પુદ્ગલપરાવર્તથી અંતરિત ઘણા ભવોના ભ્રમણ દ્વારા અનંત પુદ્ગલપરાવર્તપરિભ્રમણ વ્યવહારરાશિવાળા જીવોને થઈ શકે છે. તે, કહેવાયું છે –

"નિગોદમાં વર્તતા આ જીવો બે પ્રકારના છે. સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક. ત્યાં=નિગોદમાં, વર્તતા બે પ્રકારના જીવોમાં, જેઓ સાંવ્યવહારિક છે તેઓ નિગોદથી નીકળીને શેષ જીવરાશિમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી=શેષ જીવરાશિમાંથી, ઉદ્વર્તન કરીને કેટલાક ફરી પણ નિગોદમાં આવે છે. ત્યાં પણ=નિગોદમાં આવે છે ત્યાં પણ, ઉત્કર્ષથી આવલિકાના અસંખ્યભાગ ગત સમય પ્રમાણ પુદ્ગલપરાવર્ત રહીને ફરી પણ શેષ જીવોમાં આવે છે. આ રીતે=પૂર્વે કહ્યું કે નિગોદમાંથી નીકળીને ફરી અસંખ્ય પુદ્ગલપરાવર્તકાળ નિગોદમાં રહે છે એ રીતે, ફરી ફરી સાંવ્યવહારિક જીવો ગતિ-આગતિ કરે છે." **'इति' શબ્દ સંગ્રહણીની વૃત્તિના કથનની સમાપ્તિ માટે છે.**

જે વળી અહીં=સંગ્રહણીની વૃત્તિના કથનમાં પર વડે કહેવાયું કે ફરી ફરી પરિભ્રમણમાં પણ ઉક્ત અસંખ્ય પુદ્ગલપરાવર્તનો અતિક્રમ નથી જ=અવ્યવહારરાશિમાંથી નીકળીને કોઈ જીવ ફરી નિગોદમાં જાય અને ત્યાં ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત ભ્રમણ કરે અને શેષ ભવોમાં આવે અને ફરી ફરી તે રીતે પરિભ્રમણ કરે તોપણ તે જીવનું વ્યવહારરાશિમાં આવ્યા પછી

સંસારમાં પરિભ્રમણ આવલિકાના અસંખ્યભાગ સમય પ્રમાણ પુદ્ગલપરાવર્તનો અતિક્રમ નથી જ; કેમ કે આવલિકાના અસંખ્યભાગ પુદ્ગલપરાવર્તોના અસંખ્યગુણોનું પણ અસંખ્યાતપણું છે એ પ્રમાણે પ્રતીતિ હોતે છતે 'भूयो भूयः' શબ્દો દ્વારા આનન્ત્યની કલ્પનાની ગંધ પણ ક્યાંથી હોય ? તેથી 'भूयो भूयः' પરિભ્રમણમાં પણ અસંખ્યાતપણું તદવસ્થ જ છે=વ્યવહારરાશિવાળા જીવોનું અસંખ્યાતપણું તદવસ્થ જ છે. આથી જ તેટલા કાળ વડે=અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવ્યા પછી આવલિકાના અસંખ્યાતભાગ સમય પ્રમાણ પુદ્ગલપરાવર્તરૂપ તેટલા કાળ વડે, સર્વ વ્યાવહારિકોની સિદ્ધિ કહેવાઈ છે. એ પ્રમાણે પર વડે=નવીન કલ્પના કરનાર એવા પર વડે, સ્વમતનું સમાધાન કરાયું છે. તે પણ એકાંત રમણીય નથી.

કેમ એકાંત રમણીય નથી ? તેમાં હેતુ કહે છે –

"આ રીતે=નિગોદમાંથી નીકળીને વ્યવહારરાશિમાં આવ્યા પછી ફરી ફરી નિગોદમાં જવું અને અન્ય ભવોમાં આવવું જીવ કરે છે એ રીતે, વિકલેન્દ્રિય, એકેન્દ્રિયમાં જવા-આવવા વડે અનંત પુદ્ગલપરાવર્ત અતિ દુઃખિત સંસાર નિરોધ કરાયો" **ઇત્યાદિ દ્વારા** "અને અન્યદા કોઈ પણ રીતે આર્યદેશમાં ઉદ્ભવ માતંગાદિમાં લઈ જવાયો=કર્મ પરિણામ દ્વારા લઈ જવાયો, ત્યાંથી પણ અભક્ષ્ય ભક્ષણાદિ દ્વારા નરક પાતાદિના ક્રમથી રસગૃદ્ધિ અને અકાર્યના પ્રવર્તન દ્વારા જ લીલાથી જ પસાર કરીને અનંત પુદ્ગલપરાવર્ત સંસારમાં ધારણ કરાયો." **ઇત્યાદિ દ્વારા મોટા ગ્રંથ વડે=મોટા વિસ્તાર વડે ભુવનભાનુકેવલિચરિત્રાદિમાં વ્યાવહારિકત્વને પામેલા પણ સંસારી જીવની વિચિત્ર ભવના અન્તરિતપણાથી અનંત પુદ્ગલપરાવર્તના પરિભ્રમણનું પ્રગટ સિદ્ધપણું છે. અને યોગબિંદુસૂત્રવૃત્તિમાં પણ નર-નારકાદિભાવથી અનાદિ સંસારમાં અનંતપુદ્ગલપરાવર્તના ભ્રમણનું સ્વભાવપણું કહેવાયું છે. તે આ પ્રમાણે –**

"નાનાગતિના સમાશ્રયવાળો અનાદિનો આ સંસાર છે. અહીં=સંસારમાં, પુદ્ગલોના પરાવર્તો અનંતા તે પ્રકાર પસાર કરાયા."

યોગબિંદુની ટીકા આ પ્રમાણે છે –

"અનાદિ=અવિદ્યમાન મૂલ આરંભવાળો, આ પ્રત્યક્ષથી દેખાતો સંસાર=ભવ, કેવો છે ? એને કહે છે – નાનાગતિનો=જુદી જુદી ગતિનો, આશ્રય છે=નર-નારકાદિ વિચિત્ર પર્યાય પાત્ર વર્તે છે. અને તેથી ઔદારિકાદિ વર્ગણારૂપ સર્વ પુદ્ગલોનું ગ્રહણ અને મોક્ષરૂપ પરાવર્તો, અહીં=સંસારમાં, અનંત=અનંત વાર સ્વભાવવાળા, તે પ્રકારે પસાર થયા=શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા પ્રકારથી પસાર થયા."

કોને પસાર થયા ? તેથી કહે છે –

"તત્સ્વભાવપણાના નિયોગથી=અનંત પુદ્ગલપરાવર્તના પરિભ્રમણના સ્વભાવપણાના વ્યાપારથી સર્વ જ જીવોને આમની=અનંત પુદ્ગલપરાવર્તોની, સંવિત્=સંવેદન, ઘટે છે. અન્યથા નહીં. તે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ."

આની ટીકા આ પ્રમાણે છે –

"સર્વ જ જીવોના તત્સ્વભાવપણાના નિયોગથી=અનંતપુદ્ગલપરાવર્તપરિભ્રમણના સ્વભાવપણાના વ્યાપારથી, એઓની=અનંતપુદ્ગલપરાવર્તનોની, સંવિદ્ ઘટે છે તેમ નીચે સાથે અન્વય છે. અહીં જ=અનંતપુદ્ગલપરાવર્તના પરિભ્રમણના સ્વભાવના વિષયમાં જ, વ્યતિરેકને કહે છે – અન્યથા નહીં જ=અનંતપુદ્ગલપરાવર્ત પરિભ્રમણના સ્વભાવપણા વગર નહીં જ, એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ."

એથી=યોગબિંદુ સૂત્રની વૃત્તિમાં ચારગતિના પરિભ્રમણરૂપે સર્વ જીવો અનંત પુદ્ગલપરાવર્ત પસાર કરે છે એમ કહ્યું એથી, વ્યાવહારિકપણામાં પણ=વ્યવહારરાશિની પ્રાપ્તિમાં પણ, અનંત પુદ્ગલપરાવર્તનો સંભવ હોવાથી તેના દ્વારા=અનંત પુદ્ગલપરાવર્તના પરિભ્રમણ દ્વારા અભવ્યોના અવ્યવહારિકત્વનું સાધન અસંગત છે એમ જાણવું.

ભાવાર્થ :-

નવીન કલ્પના કરનાર અભવ્યને અવ્યક્ત મિથ્યાત્વ માને છે. તેનું તે કથન અસંગત છે તેમ ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી અનેક રીતે સ્થાપન કર્યું. ત્યાં નવીન કલ્પના કરનાર અભવ્યોમાં અવ્યક્ત મિથ્યાત્વ સ્વીકારવા માટે અનુમાનનો પ્રયોગ કરે છે. ત્યાં 'અભવ્યને' પક્ષ કરે છે, 'અવ્યક્ત મિથ્યાત્વવાળા' એ સાધ્ય અને 'અવ્યવહારિત્વ'ને હેતુ કરે છે, 'સંપ્રતિપન્ન નિગોદના જીવની જેમ' એ દૃષ્ટાંત કહે છે. આ પ્રકારના અનુમાનમાં અવ્યવહારિકત્વરૂપ હેતુની સિદ્ધિ શાસ્ત્રવચનથી કરે છે. તેથી જો શાસ્ત્રવચનથી અનાદિ નિગોદના જીવોની જેમ અવ્યવહારિત્વ અભવ્યમાં સિદ્ધ થાય તો જેમ અવ્યવહારરાશિવાળા નિગોદના જીવો અવ્યક્ત મિથ્યાત્વવાળા છે તેમ અભવ્ય પણ અવ્યક્ત મિથ્યાત્વવાળા છે તેમ સિદ્ધ થાય.

અભવ્યના જીવો અવ્યવહારી છે તેને સ્થાપન કરવા માટે પૂર્વપક્ષીએ કાયસ્થિતિસ્તોત્રનું ઉદ્ધરણ આપ્યું. તે સ્તોત્રમાં ભગવાન પાસે સ્તુતિ કરતાં કોઈક મહાત્માએ ઉત્કૃષ્ટથી ૪ ગતિમાં વ્યવહારરાશિવાળા જીવો જે ભમે છે તેઓને ગ્રહણ કરીને ભગવાનની સ્તુતિ કરેલ છે. પરંતુ તે ઉત્કૃષ્ટ ભ્રમણ પછી તેઓ ફરી ફરી મનુષ્યાદિ ભાવો પામીને અનંતપુદ્ગલપરાવર્ત પસાર કરી શકે છે. માટે ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યભાગ પુદ્ગલપરાવર્ત પછી વ્યવહારરાશિવાળા નિયમા મોક્ષે જાય તેવી વ્યાપ્તિ પૂર્વપક્ષી બાંધે છે, તે ઉચિત નથી. તેમાં સંગ્રહણીની વૃત્તિનો આધાર આપીને, તેમ જ ભુવનભાનુકેવલિચરિત્રનો આધાર આપીને, ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે વ્યવહારરાશિમાં આવેલા સંસારી જીવો વિચિત્ર અનેક ભવોથી યુક્ત અનંત પુદ્ગલપરાવર્ત પરિભ્રમણ કરી શકે છે. આ પ્રકારનો સ્પષ્ટ પાઠ ભુવનભાનુકેવલિચરિત્રનો છે. વળી યોગબિંદુવૃત્તિ અનુસાર પણ ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં વ્યવહારરાશિવાળા જીવો અનંતપુદ્ગલપરાવર્ત પસાર કરે છે. માટે વ્યવહારરાશિમાં આવેલા જીવો પણ અનંતપુદ્ગલપરાવર્ત પસાર કરી શકે છે તે શાસ્ત્રસિદ્ધ હોવાથી જે અનંતપુદ્ગલપરાવર્ત પસાર કરે તે અવ્યવહારરાશિવાળા જ હોય તેમ સ્વીકારીને અભવ્યોને અવ્યવહાર-રાશિવાળા સિદ્ધ કરવું સંગત નથી અને અભવ્ય અવ્યવહારરાશિવાળા નથી તેમ સિદ્ધ થાય તો હેતુની અસિદ્ધિ થવાને કારણે "અભવ્યને અવ્યક્ત મિથ્યાત્વ છે" એ પ્રકારના સાધ્યની સિદ્ધિ પૂર્વપક્ષી કરે છે તે સિદ્ધ થઈ શકે નહિ.

ટીકા :-

ननु प्रज्ञापनावृत्तौ व्यावहारिकाणामुत्कर्षतोऽप्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तस्थितिः, तत ऊर्ध्वं चावश्यं सिद्धिरिति स्फुटं प्रतीयते । तथा च तद्ग्रन्थः 'ननु यदि वनस्पतिकालप्रमाणमसंख्येयाः पुद्गलपरावर्त्तास्ततो यद् गीयते सिद्धान्ते 'मरुदेवाजीवो यावज्जीवभावं वनस्पतिरासीद्' इति तत्कथं स्यात्? कथं वा वनस्पतीनामनादित्वम्? प्रतिनियतकालप्रमाणतया वनस्पतिभावस्यानादित्वविरोधात् । तथाहि-असंख्येया; पुद्गलपरावर्त्तास्तेषामवस्थानमानं; तत एतावति कालेऽतिक्रान्ते नियमात्सर्वेऽपि कायपरावर्त्तं कुर्वते, यथा स्वस्थितिकाले सुरादयः । उक्तं च (विशेषणवती-४६/४७/४८)

जइ पुग्गलपरिअट्टा संखाईआ वणस्सइकालो ।

तो अच्चंतवणस्सइ जीवो कह नाम मरुदेवी ।।

हुज्ज व वणस्सईणं अणाइअत्तमत एव हेऊओ?

जमसंखेज्जा पोग्गलपरिअट्टा तत्थवत्थाणं ।।

कालेणेवइएणं तम्हा कुव्वंति कायपल्लट्टं ।

सव्वेवि वणस्सइणो ठिइकालंते जह सुराई ।।

किञ्च, एवं यद्वनस्पतीनां निर्लेपनमागमे प्रतिषिद्धं तदपीदानीं प्रसक्तं, कथम्? इति चेत्? उच्यते-इह प्रतिसमयमसंख्येया वनस्पतिभ्यो जीवा उद्वर्त्तन्ते, वनस्पतीनां च कायस्थितिपरिमाणमसंख्येयाः पुद्गलपरावर्त्ताः, ततो यावन्तोऽसंख्येयेषु पुद्गलपरावर्त्तेषु समयास्तैरभ्यस्ता एकसमयोद्वृत्ता जीवा यावन्तो भवन्ति तावत्परिमाणमागतं वनस्पतीनाम् । ततः प्रतिनियतपरिमाणतया सिद्धं निर्लेपनं, प्रतिनियतपरिमाणत्वात्, एवं च गच्छता कालेन सिद्धिरपि सर्वेषां भव्यानां प्रसक्ता, तत्प्रसक्तौ च मोक्षपथव्यवच्छेदोऽपि प्रसक्तः, सर्वभव्यसिद्धिगमनानन्तरमन्यस्य सिद्धिगमनायोगात् । आह च (विशेषणवती-५०/४९) -

कायठिइकालेणं तेसिमसंखिज्जयावहारेणं ।

णिल्लेवणमावण्णं सिद्धीवि य सव्वभव्वाणं ।।

पइसमयमसंखिज्जा जेणुव्वट्टंति तो तदब्भत्था ।

कायठिईए समया वणस्सइणं च परिमाणं ।।

न चैतदस्ति, वनस्पतीनामनादित्वस्य-निर्लेपनप्रतिषेधस्य-सर्वभव्यासिद्धेः- मोक्षपथाऽव्यवच्छेदस्य च तत्र तत्र प्रदेशे सिद्धान्तेऽभिधानात् ।

उच्यते- इह द्विविधा जीवाः-सांव्यावहारिका असांव्यावहारिकाश्च, तत्र ये निगोदावस्थात उद्वृत्त्य पृथिवीकायिकादिभवेषु वर्त्तन्ते ते लोकेषु दृष्टिपथमागताः सन्तः पृथिवीकायिकादिव्यवहारमनुपतन्तीति सांव्यावहारिका उच्यन्ते,

ते च यद्यपि भूयोऽपि निगोदावस्थामुपयान्ति तथाऽपि ते सांव्यावहारिका एव, संव्यवहारे पतितत्वात्, ये पुनरनादिकालादारभ्य निगोदावस्थामुपगता एवावतिष्ठन्ते ते व्यवहारपथातीतत्वादसांव्यवहारिकाः । कथमेतदवसीयते द्विविधा जीवाः सांव्यवहारिका असांव्यवहारिकाश्चेति ? उच्यते, युक्तिवशात् । इह प्रत्युत्पन्नवनस्पतीनामपि निर्लेपनमागमे प्रतिषिद्धं, किं पुनः सकलवनस्पतीनां तथा भव्यानामपि? तच्च यद्यसांव्यवहारिकराशिनिपतिता अत्यन्तवनस्पतयो न स्युस्ततः कथमुपपद्यते ? तस्मादवसीयते अस्त्यसांव्यवहारिकराशिरिति यद्गतानां वनस्पतीनामनादिता । किञ्च, इयमपि गाथा गुरूपदेशादागता समये प्रसिद्धा (विशेषणवति ५३) –

अत्थि अणंता जीवा जेहिं ण पत्तो तसाइपरिणामो ।
तेवि अणंताणंता णिगोअवासं अणुहवंति ।।

तत इतोऽप्यसांव्यवहारिकराशिसिद्धिः ।

उक्तं च (विशेषणवति ५१/५२) –

ण य पच्चुप्पन्नवणस्सईणं णिल्लेवणं न भव्वाणं ।
जुत्तं होइ ण तं जइ अच्चंतवणस्सई नत्थि ।।

एवं चाणाइवणस्सईणमत्थित्तमत्थओ सिद्धं ।
भण्णइ इमावि गाहा गुरूवएसागया समए ।।

अत्थि अणंता जीवा इत्यादि' **१८ पदे । ततोऽभव्या अव्यावहारिका एव, अन्यथाऽसंख्येय-पुद्गलपरावर्त्तकालातिक्रमे तेषां सिद्धिगमनस्याव्यवहारित्वभवनस्य वा प्रसङ्गात् ।**

टीकार्थ :-

ननु प्रज्ञापनावृत्तौ ..... प्रसङ्गात् । 'ननु'थी नवीन કલ્પના કરનાર કહે છે – પ્રજ્ઞાપનાવૃત્તિમાં વ્યાવહારિકરાશિમાં આવેલા જીવોનું ઉત્કૃષ્ટથી પણ આવલિકાના અસંખ્યાતભાગ પુદ્ગલપરાવર્ત સ્થિતિ છે અને ત્યાર પછી અવશ્ય સિદ્ધિ છે એ પ્રમાણે સ્પષ્ટ પ્રતીત થાય છે. અને તે પ્રમાણે=પૂર્વે કહ્યું તે પ્રમાણે, તેનો=પ્રજ્ઞાપનાવૃત્તિનો, ગ્રંથ છે –

'ननु'थी પ્રજ્ઞાપનાવૃત્તિમાં પૂર્વપક્ષી શંકા કરે છે – જો વનસ્પતિકાયના કાલ પ્રમાણ અસંખ્યાત પુદ્ગલપરાવર્ત છે તો સિદ્ધાંતમાં જે કહેવાય છે, "મરુદેવીનો જીવ યાવજ્જીવ કાલ વનસ્પતિ હતો તે કેવી રીતે સંગત થાય ? અથવા વનસ્પતિનું અનાદિપણું કેવી રીતે થાય ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે પ્રતિનિયતકાલપ્રમાણપણું હોવાને કારણે=પૂર્વે કહ્યું એ પ્રમાણે પ્રતિનિયત એવા અસંખ્યાત પુદ્ગલપરાવર્તકાલપ્રમાણપણું હોવાને કારણે, વનસ્પતિ ભાવના અનાદિત્વનો વિરોધ છે. તે આ પ્રમાણે –

અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત તેઓનું અવસ્થા પરિમાણ છે. તેથી આટલો કાલ અતિક્રાંત થયે છતે નિયમથી સર્વ પણ વનસ્પતિના જીવો કાયપરાવર્તન કરે છે, જે પ્રમાણે સ્વસ્થિતિકાળમાં સુરાદિ=દેવતાદિ કાયનું પરાવર્તન કરે છે. અને વિશેષણવતીમાં કહેવાયું છે –

"જો સંખ્યાતીત પુદ્ગલપરાવર્ત=અસંખ્યાત પુદ્ગલપરાવર્ત, વનસ્પતિનો કાળ છે=વનસ્પતિનો કાયસ્થિતિનો કાળ છે, તો અત્યંત વનસ્પતિનો જીવ મરુદેવી કેવી રીતે હોય ? અથવા કેવી રીતે વનસ્પતિનું અનાદિપણું થાય ? અર્થાત્ થાય નહિ.

કેમ થાય નહીં ? તે સ્પષ્ટ કરે છે –

આ જ હેતુથી=વનસ્પતિનો કાયસ્થિતિકાળ ઉત્કૃષ્ટથી અસંખ્યાત પુદ્ગલપરાવર્તો છે એ જ હેતુથી, વનસ્પતિનું અનાદિત્વ ન થાય, એમ અન્વય છે. જે કારણથી અસંખ્યાતા પુદ્ગલપરાવર્તો ત્યાં=વનસ્પતિમાં, અવસ્થાન છે તે કારણથી આટલા કાળ વડે સર્વ પણ વનસ્પતિના જીવો સ્થિતિકાળના અંતે કાયપલટને કરે છે=વનસ્પતિકાયથી અન્ય કાયને પ્રાપ્ત કરે છે, જે પ્રમાણે સુરાદિ. વળી, આ રીતે=વનસ્પતિનો ઉત્કૃષ્ટ કાળ અસંખ્યપુદ્ગલપરાવર્ત છે એ રીતે, વનસ્પતિ જીવોનું આગમમાં નિર્લેપન પ્રતિષિદ્ધ છે=વનસ્પતિ જીવો સર્વ વનસ્પતિમાંથી નીકળીને અન્ય કાયમાં જાય તે પ્રકારનું નિર્લેપન પ્રતિષિદ્ધ છે તે પણ હવે પ્રસક્ત છે.

કેવી રીતે વનસ્પતિનું નિર્લેપન હમણાં પ્રસક્ત છે ? એ પ્રમાણે કોઈ કહે તો જવાબ આપે છે –

અહીં=સંસારમાં, પ્રતિસમય વનસ્પતિથી અસંખ્યાતા જીવો ઉદ્વર્તન પામે છે=વનસ્પતિકાયથી અન્ય કાયમાં જાય છે અને વનસ્પતિના જીવોની કાયસ્થિતિનું પરિમાણ અસંખ્યાત પુદ્ગલપરાવર્ત છે. તેથી અસંખ્ય પુદ્ગલપરાવર્તના જેટલા સમયો છે. તે સમયોથી અભ્યસ્ત=ગુણાકાર કરાયેલા, એક સમયમાં નીકળેલા જીવો=વનસ્પતિમાંથી એક સમયમાં નીકળેલા જીવો, જેટલા થાય છે તેટલું પરિમાણ=તેટલી સંખ્યા પ્રમાણ, વનસ્પતિ પ્રાપ્ત થાય. તેથી પ્રતિનિયત પરિમાણપણું હોવાથી=વનસ્પતિના જીવોનું અનંત સંખ્યા હોવા છતાં પણ પ્રતિનિયત પરિમાણપણું હોવાથી, નિર્લેપન સિદ્ધ છે=વર્તમાનમાં રહેલા વનસ્પતિના જીવોનું સર્વ વનસ્પતિમાંથી નીકળીને અન્ય કાયમાં જવારૂપ નિર્લેપન સિદ્ધ છે; કેમ કે પ્રતિનિયત પરિમાણપણું છે=વનસ્પતિના જીવોનું પ્રતિનિયત પરિમાણપણું છે. આ રીતે જતાકાળથી સર્વ ભવ્યોની સિદ્ધિ પણ પ્રસક્ત છે અને તેની પ્રસક્તિમાં=સર્વ ભવ્ય જીવોની સિદ્ધિની પ્રસક્તિમાં, મોક્ષમાર્ગનો વ્યવચ્છેદ પણ પ્રસક્ત છે; કેમ કે સર્વ ભવ્ય જીવોના સિદ્ધિગમન પછી અન્યના સિદ્ધિગમનનો અયોગ છે.

અને વિશેષણવતીમાં કહ્યું છે – "કાયસ્થિતિના કાળથી=વનસ્પતિકાયના જીવોની કાયસ્થિતિના કાળથી, તેઓનું=વનસ્પતિના જીવોનું, અસંખ્યેયતાના અપહારથી=પ્રતિસમય વનસ્પતિના જીવોનું અન્ય કાયસ્થિતિમાં ગમનરૂપ અસંખ્યેયતાના અપહારથી, નિર્લેપન પ્રાપ્ત થયું. અને સર્વ ભવ્યોની સિદ્ધિ પણ છે." "પ્રતિસમય અસંખ્યાતા જે કારણથી ઉદ્વર્તન પામે છે=વનસ્પતિના જીવો પ્રતિસમય અસંખ્યાતા વનસ્પતિભાવને છોડીને અન્ય ભાવને પામે છે. તે કારણથી તેનાથી અભ્યસ્ત=પ્રતિસમય ઉદ્વવર્તન પામતા અસંખ્યાતની સંખ્યાથી ગુણિત, કાયસ્થિતિના સમયો વનસ્પતિનું પરિમાણ છે." અને આ નથી=વનસ્પતિનો ઉત્કૃષ્ટ કાળ અસંખ્યકાળ સ્વીકારવાને કારણે જે દોષો બતાવ્યા તે પ્રમાણે સ્વીકાર નથી; કેમ કે વનસ્પતિના અનાદિત્વનું, નિર્લેપનના પ્રતિષેધનું, સર્વભવ્યની અસિદ્ધિનું અને મોક્ષપથના અવ્યવચ્છેદનું સિદ્ધાંતમાં તે તે સ્થાનમાં અભિધાન છે.

પૂર્વના શંકાકારના કથનથી એ ફલિત થયું કે વનસ્પતિનો ઉત્કૃષ્ટ કાળ આવલિકાના અસંખ્યાત ભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત સ્વીકારીએ તો જે શંકા કરી તે સર્વ દોષોની આપત્તિ છે અને વનસ્પતિનું અનાદિપણું

આદિ શાસ્ત્રમાં સ્વીકૃત છે માટે વનસ્પતિનો ઉત્કૃષ્ટ કાલ આવલિકાના અસંખ્યાત ભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત સ્વીકારવો સંગત નથી એ પ્રકારનો અર્થ શંકાથી ફલિત થાય છે.

તેનો ઉત્તર આપતાં પ્રજ્ઞાપનાવૃત્તિમાં 'उच्यते'થી કહે છે –

અહીં=સંસારમાં બે પ્રકારના જીવો છે : સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક. ત્યાં=બે પ્રકારના જીવોમાં, જે નિગોદના અવસ્થાનથી ઉદ્વર્તન પામીને પૃથ્વીકાયાદિ ભવોમાં વર્તે છે. તેઓ લોકોમાં દૃષ્ટિપથમાં આવેલા છતાં પૃથ્વીકાયાદિ વ્યવહારમાં અનુપાતને પામે છે. એથી સાંવ્યવહારિક કહેવાય છે. તેઓ જોકે ફરી પણ નિગોદ અવસ્થાને પ્રાપ્ત કરે છે તોપણ તેઓ સાંવ્યવહારિક જ છે; કેમ કે સંવ્યવહારમાં પતિતપણું છે=સંવ્યવહારમાં એક વખત આવેલા છે. વળી જેઓ અનાદિ કાળથી માંડીને નિગોદ અવસ્થાને પામેલા જ રહેલા છે તેઓ વ્યવહારપથથી અતીત હોવાથી અસાંવ્યવહારિક કહેવાય છે.

કેવી રીતે આ જણાય છે ? બે પ્રકારના જીવો છે ? સંવ્યવહારિક અને અસંવ્યવહારિક. તેનો જવાબ આપે છે –

યુક્તિવશથી જણાય છે.

હવે તે યુક્તિ સ્પષ્ટ કરે છે –

અહીં=સંસારમાં, પ્રત્યુત્પન્ન વનસ્પતિનું પણ=વર્તમાન ક્ષણમાં જે જીવો વનસ્પતિરૂપે ઉત્પન્ન થઈ રહ્યા છે તે વર્તમાન ક્ષણમાં ઉત્પન્ન થતાં વનસ્પતિના જીવોનું પણ, નિર્લેપન=વનસ્પતિમાંથી બહાર નીકળીને અન્ય ભવમાં જવારૂપ નિર્લેપન, આગમમાં પ્રતિષિદ્ધ છે, તો વળી સકલ વનસ્પતિનું અને ભવ્યોનું પણ નિર્લેપનનું શું કહેવું ? અર્થાત્ સકલ વનસ્પતિના જીવો અને ભવ્યોના જીવો વનસ્પતિમાંથી નીકળીને અન્ય ભવોમાં જવારૂપ નિર્લેપનને પ્રાપ્ત કરતા નથી. અને તે=આગમમાં સકલ વનસ્પતિનું નિર્લેપન પ્રતિષિદ્ધ છે તે, જો અસાંવ્યવહારિકરાશિમાં રહેલા અત્યંત વનસ્પતિ ન હોય તો કેવી રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહીં, તેથી જણાય છે કે અસાંવ્યવહારિકરાશિ છે. એથી તેમાં રહેલા વનસ્પતિ જીવોની અનાદિતા છે.

વળી આ પણ ગાથા ગુરુના ઉપદેશથી આવેલા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે –

"અનંતા જીવો છે જેઓના વડે ત્રસાદિ પરિણામ પ્રાપ્ત કરાયો નથી. તે પણ અનંતાનંત નિગોદવાસને અનુભવે છે." તેથી આનાથી પણ=ગુરુના ઉપદેશથી પ્રાપ્ત થયેલી ગાથાથી પણ, અસાંવ્યવહારિક રાશિની સિદ્ધિ છે.

અને કહેવાયું છે – "પ્રત્યુત્પન્ન વનસ્પતિનું નિર્લેપન નથી, ભવ્યોનું નિર્લેપન નથી તે=પ્રત્યુત્પન્ન વનસ્પતિ અને ભવ્યોનું નિર્લેપન નથી તે, જો અત્યંત વનસ્પતિ નથી તો યુક્ત થાય નહિ=ઘટે નહિ. અને એ રીતે અનાદિ વનસ્પતિનું અસ્તિત્વ અર્થથી સિદ્ધ થયું."

આ પણ ગાથા શાસ્ત્રમાં ગુરુ ઉપદેશથી આવેલી છે. "અનંતા જીવો છે." ઇત્યાદિ ૧૮મા પદમાં કહેવાયું છે=નનુથી પ્રારંભ કરાયેલું આખું કથન ૧૮મા પદમાં છે. **તેથી=પ્રજ્ઞાપનાવૃત્તિના કથનથી સિદ્ધ થયું કે સંવ્યવહારિકવાળા જીવો આવલિકાના અસંખ્યાત ભાવ પ્રમાણપુદ્ગલપરાવર્તવાળા છે ત્યાર બાદ અવશ્ય સિદ્ધિ પામે છે તેથી, અભવ્યો અવ્યવહારિક જ છે. અન્યથા=અભવ્યને અવ્યવહારી ન સ્વીકારવામાં આવે તો, અસંખ્ય પુદ્ગલપરાવર્તના કાળમાં તેઓના સિદ્ધિગમનનો અથવા અવ્યવહારિત્વ ભવનનો પ્રસંગ છે.**

ભાવાર્થ :-

નવીન કલ્પના કરનાર પૂર્વપક્ષીએ અભવ્યને અવ્યવહારી સ્વીકારીને અભવ્યને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે તેમ સ્થાપન કરવા માટે પૂર્વે અનુમાન કરેલ. તેમાં ગ્રંથકારશ્રીએ દોષો આપીને કહ્યું કે વ્યવહારરાશિવાળા પણ જીવો અનંત પુદ્ગલપરાવર્ત સંસારમાં રહી શકે છે. તેમ શાસ્ત્રથી સિદ્ધ થાય છે. માટે સંસારમાં અનંત પુદ્ગલપરાવર્ત રહેનાર હોવાથી અભવ્યો અવ્યવહારરાશિવાળા છે તેમ કહી શકાય નહિ.

ત્યાં 'ननु'થી પૂર્વપક્ષી કહે છે – પ્રજ્ઞાપનાવૃત્તિમાં સ્પષ્ટ અક્ષર છે કે 'વ્યવહારરાશિવાળા જીવોનો ઉત્કૃષ્ટ કાળ આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત છે, ત્યાર પછી તેઓ અવશ્ય સિદ્ધ થાય છે'. અભવ્યના જીવો આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારવાળા છે; કેમ કે અભવ્યના જીવો મોક્ષમાં ક્યારેય જતા નથી, માટે અનંત પુદ્ગલપરાવર્ત સંસારમાં રહે છે. તેથી અભવ્યને અવ્યવહારરાશિવાળા જ સ્વીકારવા જોઈએ. જો અભવ્યને અવ્યવહારરાશિવાળા ન સ્વીકારીએ તો પ્રજ્ઞાપના-વૃત્તિના પાઠ પ્રમાણે અસંખ્ય પુદ્ગલપરાવર્તકાળ પસાર કર્યા પછી અભવ્યનું સિદ્ધિગમન થાય છે તેમ સ્વીકારવું પડે. જો અસંખ્યપુદ્ગલપરાવર્ત પછી પણ તેઓ મોક્ષમાં ન જાય તો વ્યવહારરાશિવાળા એવા અભવ્યો ફરી અવ્યવહારરાશિવાળા થવા જોઈએ અને વ્યવહારરાશિવાળામાં આવેલા જીવો અવ્યવહારરાશિવાળા થઈ શકે નહિ. તેથી અભવ્યોને અવ્યવહારરાશિવાળા સ્વીકારવા જોઈએ અને અભવ્યના જીવો અવ્યવહારરાશિવાળા સિદ્ધ થાય તો પૂર્વપક્ષીએ પૂર્વમાં અનુમાન કરેલ કે અભવ્યો અવ્યક્ત મિથ્યાત્વવાળા છે; કેમ કે અવ્યવહારી છે. તે અનુમાનથી પૂર્વપક્ષને સંમત એવું અવ્યક્ત મિથ્યાત્વ અભવ્યમાં સિદ્ધ થાય.

અહીં પ્રશ્ન થાય કે પ્રજ્ઞાપનાવૃત્તિના આપેલા પાઠમાં ક્યાંય એવું કહ્યું નથી કે વ્યવહારરાશિવાળા જીવો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત સ્થિતિવાળા છે અને ત્યાર પછી અવશ્ય મોક્ષને પામે છે. તેથી પૂર્વપક્ષીએ પ્રજ્ઞાપનાવૃત્તિના પાઠમાંથી તેવો અર્થ કઈ રીતે ગ્રહણ કર્યો ?

તેનું તાત્પર્ય એ છે કે પ્રજ્ઞાપનામાં વનસ્પતિનો ઉત્કૃષ્ટ કાળ કેટલો છે ? એ બતાવતાં કહ્યું કે વનસ્પતિનો ઉત્કૃષ્ટ કાળ આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત છે. તે વચનમાં પ્રજ્ઞાપનાની વૃત્તિમાં ननुથી શંકા કરી કે આ રીતે સ્વીકારવાથી મરુદેવા માતા, મરુદેવાના ભવ પૂર્વે સદા વનસ્પતિભાવમાં હતાં ઇત્યાદિ સર્વ કથનો શાસ્ત્રમાં સંભળાય છે તે સંગત થશે નહિ. તેના ઉત્તરરૂપે પ્રજ્ઞાપનાની વૃત્તિમાં કહ્યું કે જીવો બે પ્રકારના છે : સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક. જેઓ અસંવ્યવહારિક છે તેઓ અનાદિકાળથી વનસ્પતિમાં જ છે. માટે મરુદેવાદિ અત્યંત વનસ્પતિ હતાં ઇત્યાદિ કથનનો વિરોધ આવશે નહિ. પ્રજ્ઞાપનામાં જે વનસ્પતિના જીવોમાં ઉત્કૃષ્ટકાળ આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત કહેલ છે તે સાંવ્યવહારિકરાશિની અપેક્ષાએ છે એ પ્રકારે અર્થથી ફલિત થાય છે. તેને ગ્રહણ કરીને પૂર્વપક્ષીએ નક્કી કરેલ છે કે વ્યવહારરાશિવાળા જીવો અસંખ્ય પુદ્ગલપરાવર્ત સુધી સંસારમાં રહે છે ત્યાર પછી અવશ્ય સિદ્ધિને પામે છે.

ટીકા :-

अत एव बादरनिगोदजीवा अप्यव्यावहारिकराशावभ्युपगन्तव्याः, अन्यथा बादरनिगोदजीवेभ्यः सिद्धानामनन्तगुणत्वप्रसङ्गात् । यावन्तो हि सांव्यावहारिकराशितः सिध्यन्ति, तावन्त एव जीवा असांव्यवहारिकराशेर्विनिर्गत्य सांव्यावहारिकराशावागच्छन्ति । यत उक्तं (विशेषणवती-६०) –

सिज्झंति जत्तिया किर इह संववहारजीवरासीओ ।

इंति अणाइवणस्सइमज्झाओ तत्तिया चेव ।।

एवं च व्यवहारराशितः सिद्धा अनंतगुणा एवोक्ताः, तत्र यदि बादरनिगोदजीवानां व्यावहारिकत्वं भवति (?भवेत्) तर्हि बादरनिगोदजीवेभ्यः सिद्धा अनंतगुणाः संपद्येरन्, सन्ति च सिद्धेभ्यो बादरनिगोदजीवा अनंतगुणाः, तेभ्यः सूक्ष्मजीवा असंख्येयगुणाः । यदागमः (पन्नवणा ३ पदे) – 'एएसिं णं भंते! जीवाणं सुहुमाणं बायराणं णोसुहुमाणं णोबायराणं कयरे कयरेहिंतो अप्पा वा बहुआ वा तुल्ला वा विसेसाहिआ वा? गोयमा! सव्वथोवा जीवा णोसुहुमा णोबायरा, बायरा अणंतगुणा सुहुमा असंखेज्जगुणा ।' **इति । एतद्वृत्तिर्यथा –** 'एएसिं णं भंते! जीवाणं सुहुमाणमित्यादि । सर्वस्तोकाजीवा णोसुहुमा णोबायरा सिद्धा इत्यर्थः, तेषां सूक्ष्मजीवराशेर्बादरजीवराशेश्चानन्ततमभागकल्पत्वात् । तेभ्यो बादरा अनंतगुणाः, बादरनिगोदजीवानां सिद्धेभ्योऽनंतगुणत्वात् । तेभ्यश्च सूक्ष्मा असंख्येयगुणाः, बादरनिगोदजीवेभ्यः सूक्ष्मनिगोदजीवानामसंख्येयगुणत्वाद्' **इति । तत एवमागमबाधापरिहारार्थं बादरनिगोदजीवा अव्यावहारिकाः स्वीकर्त्तव्याः । प्रयोगाश्चात्र (१) बादरनिगोदजीवा न व्यवहारिणः, तेषां सिद्धेभ्योऽनन्तगुणत्वात्, यथा सूक्ष्मनिगोदजीवाः; तथा (२) अनादिमन्तः सूक्ष्मा बादराश्च निगोदजीवा अव्यवहारिण एव, अन्यथा व्यवहारित्वभवनसिद्धिगमनयोरपर्यवसितत्वानुपपत्तेः । अपर्यवसितत्वं च** 'सिज्झंति जत्तिया किर....' **इत्यादिना सिद्धम् । तथा (३) सांव्यवहारिका जीवा सिध्यन्त्येव आवलिकाऽसंख्येयभाग-पुद्गलपरावर्त्तसमयपरिमाणत्वेन परिमितत्वाद् । व्यतिरेके सिद्धा निगोदजीवाश्च दृष्टान्ततया वाच्या इति ।**

ननु 'सर्वे जीवा व्यवहार्यव्यवहारितया द्विधा, सूक्ष्मा निगोदा एवान्त्याः, तेभ्योऽन्ये व्यवहारिणः' **इति योगशास्त्रवृत्तिवचनाद् बादरनिगोदजीवानां व्यवहारित्वसिद्धेः कथमव्यवहारित्वमिति चेत् ? न, तत्र** 'सूक्ष्मनिगोदा एवान्त्याः' **इति पाठस्यापि दर्शनात् तत्र सूक्ष्माश्च निगोदाश्चेतीतरेतरद्वन्द्वकरणेऽसंगति-गन्धस्याप्यभावाद्, सूक्ष्मपृथिव्यादिजीवानां चाव्यवहारित्वं प्रज्ञापनावृत्त्यभिप्रायेण स्फुटमेव प्रतीयते, लोकदृष्टिपथमागतानामेव पृथिव्यादिजीवानां व्यवहारित्वभणनाद्, अन्यथा** 'प्रत्येकशरीरिणो व्यावहारिकाः' **इत्येव वृत्तिकृदवक्ष्यत्, यच्च केवलं निगोदेभ्य उद्वृत्त्य पृथिवीकायिकादिभवेषु वर्त्तन्त इत्यादि भणितं,**

तत्सूक्ष्मपृथिव्यादिजीवानामसंख्येयत्वेनाल्पत्वाद्, अवश्यंभाविव्यवहारित्वाद्वाऽविवक्षणादिति सम्भाव्यते, सम्यग्निश्चयस्तु बहुश्रुतगम्य इति । एवं चासांव्यवहारिका जीवाः सूक्ष्मपृथिव्यादिषु निगोदेषु च सर्वकालं गत्यागतीः कुर्वन्तीति सम्पन्नम्, इत्थं च तत्र येऽनादिसूक्ष्मनिगोदेभ्य उद्वृत्त्य शेषजीवेषूत्पद्यन्ते (ते) पृथिव्यादिविविधव्यवहारयोगात्सांव्यवहारिकाः, ये पुनरनादिकालादारभ्य सूक्ष्मनिगोदेष्वेवावतिष्ठन्ते (ते) तथाविधव्यवहारातीतत्वादसांव्यवहारिका इति । प्रवचनसारोद्धारवृत्तावपि 'अनादिसूक्ष्मनिगोदजीवा अव्यवहारिणः' इत्यत्र सूक्ष्मा पृथिव्यादयश्चत्वारो, निगोदाश्च (?सूक्ष्म) बादरसाधारणवनस्पतयः, न विद्यते आदिर्येषां तेऽनादयः=अप्राप्तव्यवहारराशय इत्यर्थः । तथा च सूक्ष्माश्च निगोदजीवाश्चेति द्वन्द्वः, अनादयश्च ते सूक्ष्मनिगोदजीवाश्चेति कर्मधारय इति समासविधिर्द्रष्टव्यः, सर्वत्रापि कर्मधारयकरणे बादरनिगोदजीवानां व्यवहारित्वसम्पत्तावुक्तागमबाधप्रसङ्गादिति चेत्?

ટીકાર્થ :-

અત એવ ..... બાધપ્રસङ્गાદિતિ चेत् ? આથી જ=વ્યવહારરાશિવાળા જીવો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત સંસારમાં હોય છે આથી જ, બાદરનિગોદના જીવો પણ અવ્યવહારરાશિવાળા સ્વીકારવા જોઈએ. અન્યથા=બાદરનિગોદના જીવોને અવ્યવહારરાશિવાળા ન સ્વીકારવામાં આવે અને વ્યવહારરાશિવાળા છે તેમ કહેવામાં આવે તો, બાદરનિગોદના જીવોથી સિદ્ધના જીવોને અનંતગુણ માનવાનો પ્રસંગ આવે. हि=જે કારણથી, જેટલા વ્યવહારરાશિથી સિદ્ધ થાય છે તેટલા જીવો અસંવ્યવહારરાશિથી નીકળીને સાંવ્યવહારિક રાશિમાં આવે છે. જે કારણથી કહેવાયું છે –

"અહીં=સંસારમાં જેટલા જીવો સંવ્યવહારરાશિથી સિદ્ધ થાય છે તેટલા જ અનાદિવનસ્પતિમાંથી આવે છે."

અને આ રીતે=જેટલા વ્યવહારરાશિમાંથી મોક્ષમાં જાય છે તેટલા અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે એ રીતે, વ્યવહારરાશિથી સિદ્ધો અનંતગુણા જ કહેવાયા, ત્યાં=વ્યવહારરાશિ-અવ્યવહારરાશિની વિચારણામાં, જો બાદરનિગોદ જીવોનું વ્યવહારીપણું હોય=વ્યવહારરાશિમાં હોય તો બાદરનિગોદ જીવોથી સિદ્ધના જીવો અનંતગુણા પ્રાપ્ત થાય અને સિદ્ધના જીવોથી બાદરનિગોદના જીવો અનંતગુણા છે અને તેનાથી=બાદરનિગોદના જીવોથી, સૂક્ષ્મ જીવો અસંખ્યાત ગુણા છે. જે કારણથી આગમ છે –

"હે ભગવંત ! આ જીવોમાં સૂક્ષ્મજીવોનો, બાદરજીવોનો, નોસૂક્ષ્મ-નોબાદરજીવોનો કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે?" "હે ગૌતમ ! સહુથી થોડા જીવો નોસૂક્ષ્મ-નોબાદર=સિદ્ધના જીવો, છે. બાદર જીવો અનંતગુણા છે=સિદ્ધના જીવો કરતાં અનંતગુણા છે, સૂક્ષ્મજીવો બાદરજીવો કરતાં અસંખ્યાતગુણા છે." इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

આની વૃત્તિ=આગમના ઉદ્ધરણની ટીકા, આ પ્રમાણે છે –

"સર્વ થોડા જીવો નોસૂક્ષ્મ-નોબાદર=સિદ્ધ, છે; કેમ કે સિદ્ધના જીવોનું સૂક્ષ્મ જીવરાશિથી અને બાદર જીવરાશિથી અનંતતમ ભાગ કલ્પપણું છે=અનંતમા ભાગનું છે. તેનાથી=સિદ્ધના જીવોથી, બાદર જીવો અનંતગુણા છે; કેમ કે બાદરનિગોદના જીવોનું સિદ્ધથી અનંતગુણપણું છે. તેનાથી=બાદર જીવોથી, સૂક્ષ્મ અસંખ્યાતગુણા છે; કેમ કે બાદરનિગોદ જીવોથી સૂક્ષ્મનિગોદ જીવોનું અસંખ્યપણું છે." **इति શબ્દ આગમની વૃત્તિના કથનની સમાપ્તિ માટે છે.**

તેથી જ=સિદ્ધના જીવો કરતાં બાદરનિગોદના જીવો અનંતગુણા છે તેથી જ, આગમની બાધાના પરિહાર માટે બાદરનિગોદના જીવો અવ્યવહારરાશિવાળા સ્વીકારવા જોઈએ. અને અહીં=બાદરનિગોદના જીવોને અવ્યવહારરાશિવાળા સ્વીકારવામાં, અનુમાનનો પ્રયોગ છે. પ્રથમ અનુમાન બતાવે છે – બાદરનિગોદના જીવો વ્યવહારરાશિવાળા નથી; કેમ કે તેઓનું=બાદરનિગોદના જીવોનું, સિદ્ધોથી અનંતગુણપણું છે, જે પ્રમાણે સૂક્ષ્મનિગોદના જીવો. અને બીજું અનુમાન બતાવે છે – અનાદિમાન એવા સૂક્ષ્મ-બાદર એવા નિગોદના જીવો અવ્યવહારી જ છે, અન્યથા=અનાદિમાન સૂક્ષ્મ-બાદરનિગોદના જીવોને અવ્યવહારી ન સ્વીકારવામાં આવે તો, વ્યવહારિત્વભવનના અને સિદ્ધિગમનના અપર્યવસિતત્વની=અનંતપણાની અનુપપત્તિ છે. અને અપર્યવસિતપણું=વ્યવહારિત્વભવન અને સિદ્ધિગમનનું અપર્યવસિતપણું "सिज्झंति जत्तिया किर..." ઇત્યાદિ શાસ્ત્રવચનથી સિદ્ધ છે. અને ત્રીજું અનુમાન બતાવે છે – સાંવ્યવહારિક રાશિવાળા જીવો સિદ્ધ જ થાય છે; કેમ કે આવલિકાના અસંખ્યભાગ પુદ્ગલપરાવર્ત પરિમિત છે. વ્યતિરેકમાં સિદ્ધો અને નિગોદના જીવો દૃષ્ટાંત તરીકે કહેવા જોઈએ.

'ननु'થી કોઈ શંકા કરે કે 'સર્વ જીવો વ્યવહારી અને અવ્યવહારીપણાથી બે પ્રકારના છે અને સૂક્ષ્મ એવા નિગોદના જીવો જ અંત્ય છે. અને તેનાથી અન્ય=સૂક્ષ્મનિગોદના જીવોથી અન્ય, વ્યવહારી છે' **એ પ્રમાણે યોગશાસ્ત્રવૃત્તિનું વચન હોવાથી બાદરનિગોદના જીવોના વ્યવહારિત્વની સિદ્ધિ હોવાને કારણે કેવી રીતે અવ્યવહારીપણું છે=બાદરનિગોદના જીવોનું કેવી રીતે અવ્યવહારીપણું છે ? અર્થાત્ અવ્યવહારીપણું નથી એ પ્રમાણે કોઈ કહે તો તેને નવીન કલ્પના કરનાર પૂર્વપક્ષી કહે છે – તારી વાત બરાબર નથી. ત્યાં=યોગશાસ્ત્રની વૃત્તિના પાઠમાં, સૂક્ષ્મનિગોદ જ અંત્ય છે. એ પ્રકારે સૂક્ષ્મ અને નિગોદ શબ્દના સમાસના પાઠનું પણ દર્શન હોવાથી તારી વાત બરાબર નથી, એમ અન્વય છે. અને ત્યાં=સૂક્ષ્મ અને નિગોદ શબ્દના સામાસિક પાઠમાં સૂક્ષ્મ અને નિગોદ એ પ્રમાણે ઇતરેતરદ્વન્દ્વસમાસના કરણમાં અસંગતિની ગંધનો પણ અભાવ છે. અર્થાત્ સૂક્ષ્મજીવો અને નિગોદના જીવો અવ્યવહારી છે તેવો અર્થ પ્રાપ્ત થવાથી બાદરનિગોદના જીવોને અવ્યવહારી સ્વીકારવામાં અસંગતિની અપ્રાપ્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે સૂક્ષ્મનિગોદ શબ્દનો સમાસ કરીને ઇતરેતરદ્વન્દ્વસમાસ કરવામાં આવે તો સૂક્ષ્મ જીવો અને બધા નિગોદના જીવો અવ્યવહારી સિદ્ધ થાય, પરંતુ સૂક્ષ્મ શબ્દથી નિગોદથી અન્ય એવા સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ જીવો અવ્યવહારી પ્રસિદ્ધ નથી. તેના નિરાકરણ અર્થે પૂર્વપક્ષી કહે છે –

અને સૂક્ષ્મપૃથ્વીકાયાદિ જીવોનું અવ્યવહારીપણું પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયથી સ્પષ્ટ જ પ્રતીત થાય છે; કેમ કે લોકદૃષ્ટિપથમાં આવેલા જ વ્યવહારી જીવોના વ્યવહારિત્વનું કથન છે=પ્રજ્ઞાપનાવૃત્તિમાં કથન છે. અન્યથા=લોકદૃષ્ટિપથમાં આવેલા પૃથ્વી આદિ જીવોનું વ્યવહારીપણું ન હોય તો પ્રત્યેકશરીરીઓ વ્યવહારી છે. એ પ્રમાણે જ વૃત્તિકાર કહેત. અને જે કેવલ નિગોદ જીવોથી નીકળીને પૃથ્વીકાયાદિમાં વર્તે છે ઇત્યાદિ કહેવાયું=પ્રજ્ઞાપનાવૃત્તિમાં કહેવાયું, તે સૂક્ષ્મ પૃથ્વી આદિ જીવોનું અસંખ્યપણું હોવાથી અલ્પપણું હોવાથી=અવ્યવહારરાશિના જીવો કરતાં અલ્પપણું હોવાથી અથવા અવશ્યંભાવિ વ્યવહારીપણું હોવાથી=નજીકમાં વ્યવહારી થનારા હોવાથી, એ પ્રમાણે સંભાવના કરાય છે, વળી સમ્યગ્ નિશ્ચય બહુશ્રુત ગમ્ય છે.

અને આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ અને નિગોદના જીવો અવ્યવહારરાશિવાળા છે એ રીતે, અસાંવ્યવહારિક જીવો સૂક્ષ્મ પૃથ્વીમાં અને નિગોદમાં સર્વકાલ ગતિ-આગતિ કરે છે તે પ્રમાણે પ્રાપ્ત થયું. અને આ રીતે=સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ અને નિગોદના જીવો અવ્યવહારરાશિવાળા છે એમ પૂર્વમાં સિદ્ધ કર્યું એ રીતે, ત્યાં જે અનાદિ સૂક્ષ્મનિગોદથી નીકળીને શેષ જીવોમાં ઉત્પન્ન થાય છે તેઓ પૃથ્વી આદિ વ્યવહારના યોગવાળા હોવાથી સાંવ્યવહારિક છે. જેઓ વળી અનાદિકાળથી માંડીને સૂક્ષ્મનિગોદમાં જ રહે છે તેઓ તેવા પ્રકારના વ્યવહારથી અતીત હોવાથી અસંવ્યવહારિક છે. એ પ્રકારે પ્રવચનસારની વૃત્તિમાં પણ અનાદિ સૂક્ષ્મ જીવો અવ્યવહારી છે. એ પ્રકારના કથનમાં સૂક્ષ્મ એવા પૃથ્વી આદિ ચાર અને નિગોદ સૂક્ષ્મ-બાદર સાધારણ વનસ્પતિ, આદિ વિદ્યમાન નથી જેઓને તે અનાદિ=અપ્રાપ્ત, વ્યવહારરાશિવાળા છે એ પ્રકારનો અર્થ છે. અને તે રીતે=નવીન કલ્પના કરનાર પૂર્વપક્ષીએ અનાદિ સૂક્ષ્મનિગોદનો જે સમાસ બતાવ્યો તે રીતે સૂક્ષ્મ અને નિગોદના જીવો એમ દ્વન્દ્વ અને અનાદિ એવા સૂક્ષ્મનિગોદના જીવો એમ કર્મધારયસમાસ વિધિ જાણવી; કેમ કે સર્વત્ર પણ=અનાદિ સૂક્ષ્મનિગોદ જીવો એ સામાસિક પદમાં સર્વત્ર કર્મધારયસમાસ કરવામાં બાદરનિગોદના જીવોની વ્યવહારિત્વની પ્રાપ્તિમાં ઉક્ત આગમના બાધનો પ્રસંગ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે.

ભાવાર્થ :-

નવીન કલ્પના કરનારે અભવ્ય જીવોને અવ્યવહારરાશિવાળા સ્વીકાર્યા છે અને તેના સ્થાપન માટે પ્રજ્ઞાપનાવૃત્તિનો પાઠ આપીને સ્થાપન કર્યું કે વ્યવહારરાશિવાળા જીવો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત સંસારમાં રહે છે, ત્યાર પછી અવશ્ય સિદ્ધ થાય છે. અભવ્યો અનંત પુદ્ગલપરાવર્ત સુધી સંસારમાં જ રહેનાર છે માટે વ્યવહારરાશિવાળા નથી. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

વ્યવહારરાશિવાળા જીવો આવલિકાના અસંખ્યભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત પછી અવશ્ય સિદ્ધ થાય છે. આથી જ બાદરનિગોદના જીવોને અવ્યવહારરાશિવાળા સ્વીકારવા જોઈએ. જો બાદરનિગોદના જીવોને અવ્યવહારરાશિવાળા ન સ્વીકારવામાં આવે તો બાદરનિગોદના જીવોથી સિદ્ધના જીવોને અનંતગુણા માનવાનો પ્રસંગ આવે. અહીં પ્રશ્ન થાય કે બાદરનિગોદના જીવોને વ્યવહારરાશિવાળા સ્વીકારીએ તો

બાદરનિગોદના જીવોથી સિદ્ધના જીવોને અનંતગુણ માનવાનો કેમ પ્રસંગ થાય ? તેમાં યુક્તિ આપે છે કે જેટલા સંવ્યવહારિક રાશિથી સિદ્ધ થાય છે તેટલા જ જીવો અસંવ્યવહારિક રાશિથી નીકળી સંવ્યવહારિક રાશિમાં આવે છે. તેથી એ ફલિત થાય કે વર્તમાનમાં જે સંવ્યવહારિક રાશિવાળા જીવો છે તે, સર્વ સિદ્ધમાં ગયેલા જીવોથી વ્યવહારરાશિમાં આવેલા છે. વળી સિદ્ધમાં ગયેલા જીવો પણ કોઈક સિદ્ધથી નીકળેલા છે માટે વર્તમાનમાં જે વ્યવહારરાશિના જીવો છે તેનાથી સિદ્ધના જીવો અનંતગુણા છે તેમ સિદ્ધ થાય. બાદરનિગોદના જીવોને વ્યવહારરાશિમાં સ્વીકારીએ તો બાદરનિગોદના જીવોથી સિદ્ધના જીવો અનંતગુણા છે તેમ માનવું પડે. વસ્તુતઃ સિદ્ધના જીવો કરતાં બાદરનિગોદના જીવો અનંતગુણા છે. તે પ્રજ્ઞાપનાના વચનથી સિદ્ધ છે. માટે પ્રજ્ઞાપના આગમના બાધાના પરિહાર માટે બાદરનિગોદના જીવોને અવ્યવહારરાશિવાળા સ્વીકારવા જોઈએ એ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે.

પોતાના પક્ષની પુષ્ટિ કરવા માટે નવીન કલ્પના કરનાર પૂર્વપક્ષી ત્રણ અનુમાન બતાવે છે : બાદરનિગોદના જીવો વ્યવહારરાશિવાળા નથી; કેમ કે બાદરનિગોદના જીવો સિદ્ધ કરતાં અનંતગુણા છે. તેમાં દૃષ્ટાંત આપે છે : જેમ સૂક્ષ્મનિગોદના જીવો વ્યવહારરાશિવાળા નથી.

આ અનુમાનથી એ સિદ્ધ થાય કે ગ્રંથકારશ્રી બાદરનિગોદના જીવોને વ્યવહારરાશિવાળા સ્વીકારે છે તે ઉચિત નથી; કેમ કે બાદરનિગોદના જીવો સૂક્ષ્મનિગોદના જીવોની જેમ સિદ્ધ કરતાં અનંતગુણા છે. વસ્તુતઃ સિદ્ધમાં ગયેલા જીવોથી અલ્પ વ્યવહારરાશિમાં આવેલા જીવોને સ્વીકારી શકાય પરંતુ સિદ્ધમાં ગયેલા સિદ્ધ કરતાં અનંતગુણા સ્વીકારી શકાય નહિ અને બાદરનિગોદના જીવો સિદ્ધ કરતાં અનંતગુણા છે. માટે તેઓ વ્યવહારરાશિવાળા છે તેમ કહી શકાય નહિ.

વળી, સ્વસિદ્ધાંત અનુસાર અવ્યવહારરાશિવાળા જીવો કોને સ્વીકારી શકાય ? તે સ્થાપન કરવા માટે પૂર્વપક્ષી બીજું અનુમાન કરે છે – અનાદિવાળા સૂક્ષ્મ-બાદરના જીવો અવ્યવહારી જ છે; કેમ કે અનાદિવાળા સૂક્ષ્મ-બાદરના જીવોને અવ્યવહારી ન સ્વીકારીએ તો વ્યવહારિત્વભવન અને સિદ્ધિગમનનું જે અપર્યવસિતપણું= અનંતપણું, જે શાસ્ત્રમાં કહેવાયું છે તેની અનુપપત્તિ છે. સંસારી જીવો અવ્યવહારરાશિમાંથી સદા વ્યવહારરાશિમાં આવે છે અને સિદ્ધિગમન સદા રહે છે. જે सिज्झंति जत्तिया किर-એ શાસ્ત્રવચનથી સિદ્ધ છે. આ બીજા અનુમાનથી પૂર્વપક્ષી એ સ્થાપન કરે છે કે ગ્રંથકારશ્રી અનાદિ એવા સૂક્ષ્મનિગોદના જીવોને જ અવ્યવહારરાશિવાળા કહે છે. અને બાદરનિગોદના જીવોને વ્યવહારરાશિવાળા સ્વીકારે છે તે ઉચિત નથી. પરંતુ અનાદિ એવા સૂક્ષ્મનિગોદના અને બાદરનિગોદના જીવો અવ્યવહારરાશિવાળા છે તેમ સ્વીકારવું જોઈએ. અને તેમ સ્વીકારવા માટે પૂર્વપક્ષી યુક્તિ આપે છે કે શાસ્ત્રમાં જેટલા સિદ્ધ થાય છે તેટલા વ્યવહારરાશિમાં આવે છે. તે વચનાનુસાર સિદ્ધિમાં ગમન સદા ચાલુ છે અને સિદ્ધિમાં જેટલા જીવો જાય છે તેટલા જ જીવો વ્યવહારરાશિમાં આવે છે. તેથી વ્યવહારરાશિમાં આવવાનું સદા સ્વીકારવું હોય અને સિદ્ધિગમન સદા સ્વીકારવું હોય તો બાદરનિગોદના જીવોને અવ્યવહારરાશિવાળા સ્વીકારવા પડે. તેથી માનવું જોઈએ કે જેઓ અનાદિ કાળથી સૂક્ષ્મ અને બાદરનિગોદમાં વર્તે છે તેઓ અવ્યવહારરાશિવાળા જ છે.

વળી પૂર્વપક્ષી પોતાના પક્ષની પુષ્ટિ અર્થે ત્રીજું અનુમાન કરે છે. સાંવ્યવહારિક જીવો સિદ્ધ જ થાય છે; કેમ કે આવલિકાના અસંખ્યભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્તોના સમયની સંખ્યા પ્રમાણ છે માટે પરિમિત સંખ્યાવાળા છે. તેમાં અન્વય દૃષ્ટાંત નહીં હોવાથી વ્યતિરેક દૃષ્ટાંત બતાવે છે : જેમ સિદ્ધના જીવો અને નિગોદના જીવો અપરિમિત સંખ્યાવાળા છે માટે સિદ્ધ થતા નથી. આનાથી પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે વ્યવહારરાશિવાળા જીવો અનંત છે તોપણ સંખ્યાથી પરિમિત છે; કેમ કે આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્તના સમયો અનંત હોવા છતાં તેટલો કાળ પૂરો થાય છે અને તેટલી સંખ્યા પ્રમાણ વ્યવહારરાશિવાળા જીવો છે. તેથી સંવ્યવહારરાશિવાળા જીવો પરિમિત અનંત સંખ્યાવાળા હોવાથી અવશ્ય સિદ્ધ થાય છે. અને જેઓ અપરિમિત સંખ્યાવાળા હોય તેઓ સિદ્ધ થતા નથી. જેમ અપરિમિત સંખ્યાવાળા સિદ્ધના જીવો સિદ્ધ થઈ ગયા હોવાથી સિદ્ધ થતા નથી જેમ નિગોદના જીવો અપરિમિત સંખ્યાવાળા હોવાથી સિદ્ધ થતા નથી.

આ પ્રકારના પૂર્વપક્ષીના અનુમાનથી વ્યવહારરાશિવાળા જીવો સિદ્ધ થાય છે તેમ સિદ્ધ થાય તો અભવ્ય સંવ્યવહારરાશિમાં નથી તેમ સિદ્ધ થાય છે; કેમ કે અભવ્ય ક્યારેય સિદ્ધ થતો નથી અને અભવ્ય અસંવ્યવહારરાશિવાળા છે તેમ સિદ્ધ થાય તો પૂર્વપક્ષીએ અનુમાન કરીને અભવ્યને અવ્યક્ત મિથ્યાત્વ સ્થાપન કરેલ તે સંગત થાય છે.

વળી પૂર્વપક્ષી પોતાના કથન સાથે યોગશાસ્ત્રવૃત્તિના વચનનો વિરોધ દેખાવાથી તે વિરોધનો પરિહાર કરતાં કહે છે – યોગશાસ્ત્ર વૃત્તિમાં કહેલું છે કે સર્વ જીવો વ્યવહારી અને અવ્યવહારી એમ બે ભેદવાળા છે. અને સૂક્ષ્મનિગોદના જીવો અંત્ય=અવ્યવહારી છે અને તેનાથી અન્ય જીવો વ્યવહારી છે. આ પ્રકારના વચનથી સૂક્ષ્મનિગોદના જીવો જ અવ્યવહારી છે તેમ સિદ્ધ થાય છે અને બાદરનિગોદના જીવો વ્યવહારી છે તેમ સિદ્ધ થાય છે. તેના સમાધાન માટે પૂર્વપક્ષી "सूक्ष्मनिगोदा एवान्त्याः" એ પ્રમાણે સામાસિક પદ ગ્રહણ કરીને અર્થ કરે છે કે સૂક્ષ્મ અને નિગોદના જીવો બંને અવ્યવહારરાશિવાળા છે. અને તે પ્રમાણે અર્થ કરવાથી સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ અને સૂક્ષ્મ-બાદર બંને નિગોદો અવ્યવહારરાશિવાળા છે તેમ સિદ્ધ થાય અને સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ જીવોને અવ્યવહારરાશિવાળા સિદ્ધ કરવા અર્થે પૂર્વપક્ષી પ્રજ્ઞાપનાવૃત્તિનું આલંબન લે છે. પ્રજ્ઞાપનાવૃત્તિમાં લોકદૃષ્ટિમાં આવેલા જ પૃથ્વી આદિ જીવોને વ્યવહારી કહેલ છે. માટે સૂક્ષ્મ પૃથ્વીને અવ્યવહારી સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. વળી, પ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં પણ અનાદિ સૂક્ષ્મનિગોદના જીવો અવ્યવહારી છે તેમ કહ્યું છે ત્યાં પણ અનાદિ એવા સૂક્ષ્મના જીવો અને નિગોદના જીવો અવ્યવહારી છે એ પ્રમાણે સમાસ કરીને સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ અને સૂક્ષ્મ-બાદર સર્વ નિગોદને અવ્યવહારી પૂર્વપક્ષી સ્થાપન કરે છે. તેમ સ્થાપન કરીને વ્યવહારરાશિવાળા પરિમિત સંખ્યાવાળા હોવાથી અવશ્ય સિદ્ધ થાય છે. અને અભવ્ય જીવો સિદ્ધ થતા નથી માટે અવ્યવહારરાશિવાળા છે, તેમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકારશ્રી 'उच्यते'થી કહે છે –

टीका :-

उच्यते–यदेवं प्रज्ञापनावृत्त्यभिप्रायमनुसृत्याभव्यानामव्यावहारिकत्वं व्यवस्थाप्यते तत्किं व्यावहारिकलक्षणायोगादुत परिभाषान्तराश्रयणात्? नाद्यो, लोकव्यवहारविषयप्रत्येकशरीरवत्त्वादितल्लक्षणस्याभव्येष्वपि सत्त्वात्, अनंतद्रव्यक्रियाग्रहणपरित्यागवतां तेषामव्यावहारिकराशिविनिर्गतत्वेन व्यावहारिकत्वस्योपदेशपदप्रसिद्धत्वाच्च । तथा च तद्ग्रन्थः –

जं दव्वलिंगकिरियाणंतातीया भवंमि सगलावि ।

सव्वेसिं पाएणं ण य तत्थवि जायमेअंति ।।

एतद्वृत्तिः–'जमित्यादि, यद्=यस्माद् द्रव्यलिङ्गक्रिया=पूजाद्यभिलाषेणाव्यावृत्तमिथ्यात्वादिमोहमलतया द्रव्यलिङ्गप्रधानाः शुद्धश्रमणभावयोग्याः प्रत्युपेक्षणाप्रमार्जनादिकाश्चेष्टाः, किम्? इत्याह-अनन्ताः=अनंतनामकसंख्याविशेषानुगताः, अतीताः=व्यतिक्रान्ताः, भवे=संसारे, सकला अपि=तथाविधसामग्रीवशात्परिपूर्णा अपि सर्वेषां भवभाजां प्रायेण अव्यावहारिकराशिगतानल्पकालतन्निर्गतांश्च मुक्त्वेत्यर्थः । ततोऽपि किम्? इत्याह-नच=नैव तत्रापि=तास्वपि सकलासु द्रव्यलिङ्गक्रियासु जातमेतद्=धर्मबीजमित्यादि ।' **अथ 'पृथिव्यादिव्यवहारयोगेन तेषां व्यावहारिकत्वेऽप्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्ताधिकसंसारवत्त्वेन न व्यावहारिकत्वमिति परिभाषान्तरमाश्रीयते' इति द्वितीयः पक्षः परिगृह्यते इति चेत्? परिगृह्यतां यदि बहुश्रुता प्रमाणयन्ति, नैवमस्माकं कापि क्षतिः, मुख्यव्यावहारिकलक्षणपरित्यागेन तेषामव्यक्तमिथ्यात्वनियमाभ्युपगमादिविरुद्धप्रक्रियाया असिद्धेः, न हि परिभाषा वस्तुस्वरूपं त्याजयतीति ।**

एतेन बादरनिगोदजीवानां व्यावहारिकत्वनिषेधोऽपि प्रत्युक्तः, परिभाषामात्रेण लक्षणसिद्धस्य व्यावहारिकत्वस्य निषेद्धुमशक्यत्वात्, पृथिव्यादिविविधव्यवहारयोगित्वलक्षणस्य तस्य, प्राप्तसूक्ष्मनिगोदेतरत्वपर्यवसितस्यानुगतस्यानादिसूक्ष्मनिगोदेतरसर्वजीववृत्तित्वात् । चक्षुर्ग्राह्यशरीरत्वं तूपलक्षणं न तु लक्षणमित्यावयोः समानं, अन्यथाऽस्माकं सूक्ष्मपृथिवीकायिकादिष्वव्याप्तेरिव तव मते बादरनिगोदेऽतिव्याप्तेरपि प्रसङ्गात् । किं च प्रज्ञापनावृत्त्यभिप्रायेणापि बादरनिगोदजीवानां व्यवहारित्वमेव प्रतीयते, 'ये पुनरनादिकालादारभ्य निगोदावस्थामुपगता एवावतिष्ठन्ते ते व्यवहारपथातीतत्वादसांव्यवहारिका' इति वचनादनादिवनस्पतीनामेवाव्यावहारिकत्वाभिधानात्, 'तत्रेदं सूत्रं सांव्यावहारिकानधिकृत्यावसेयं, न चासांव्यवहारिकान्, विशेषविषयत्वात्सूत्रस्य । न चैतत्स्वमनीषिकाविजृम्भितं', यत आहुर्जिनभद्रगणिक्षमाश्रमणपूज्यपादाः (विशेषणवती ५९) –

तह कायठिईकालादओवि सेसे पडुच्च किर जीवे ।

नाणाइवणस्सइणो जे संववहारबाहिरिया ।।

अत्रादिशब्दात्सर्वैरपि जीवैः श्रुतमनन्तशः स्पृष्टमित्यादि, यदस्यामेव प्रज्ञापनायामेव वक्ष्यते, प्रागुक्तं च तत्परिग्रहस्ततो न कश्चिद्दोषः' इत्यग्रेव्यक्तमेवानादिवनस्पत्यतिरिक्तानां व्यावहारिकत्वाभिधानाच्च । अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेवाभिधानं, न तु बादरनिगोदानामिति । ग्रन्थान्तरेऽप्ययमेवाभिप्रायो ज्ञायते ।

उक्तं च लघूपमितभवप्रपञ्चग्रन्थे श्रीचन्द्रसूरिशिष्यश्रीदेवेन्द्रसूरिभिः (६७-७४) –

अस्त्यत्र लोके विख्यातमनन्तजनसंकुलम् ।
यथार्थनामकमसंव्यवहाराभिधं पुरम् ।।
तत्रानादिवनस्पतिनामानः कुलपुत्रकाः ।
वसन्ति च तत्र कर्मपरिणाममहीभुजा ।।
नियुक्तौ तीव्रमोहोदयात्यन्ताबोधनामकौ ।
महत्तमबलाध्यक्षौ तिष्ठतः स्थायिनौ सदा ।।
ताभ्यां कर्मपरिणाममहाराजस्य शासनात् ।
निगोदाख्यापवरकेष्वसंख्येयेषु दिवानिशम् ।।
क्षिप्त्वा संपिण्ड्य धार्यन्ते सर्वेऽपि कुलपुत्रकाः ।
प्रसुप्तवन्मूर्छितवन्मत्तवन्मृतवच्च ते ।। युग्मम् ।।
ते स्पष्टचेष्टाचैतन्यभाषादिगुणवर्जिताः ।
छेदभेदप्रतीघातदाहादीन्नाप्नुवन्ति च ।।
अपरस्थानगमनप्रमुखो नापि कश्चन ।
क्रियतेऽन्योऽपि तैर्लोकव्यवहारः कदाचन ।।
संसारिजीवसंज्ञेन वास्तव्येन कुटुंबिना ।
कालो निर्गमित पूर्वं तत्रानन्तो मयापि हि ।।

तथा अत्रैव कियदन्तरे-(२६-३३)

तत्रैकाक्षनिवासाख्ये नगरे प्रथमं खलु ।
अमीभिरस्ति गन्तव्यमर्थनं युवयोश्च तत् ।।
ताभ्यामपि तथेत्युक्ते ते सर्वे तत्पुरं ययु ।
तस्मिंश्च नगरे सन्ति महान्तः पञ्चपाटकाः ।।

एकं पाटकमङ्गुल्या दर्शयन्नग्रतः स्थितम् ।
मामेवमथ तन्वङ्गि तीव्रमोहोदयोऽब्रवीत् ।।
त्वमत्र पाटके तिष्ठ भद्र! विश्वस्तमानसः ।
पाश्चात्यपुरतुल्यत्वाद् भाव्येष धृतिदस्तव ।।
यथाहि तत्र प्रासादगर्भागारस्थिता जनाः ।
सन्त्यनन्ता पिण्डिताङ्गास्तथैवात्रापि पाटके ।।
वर्त्तन्ते किन्तु ते लोकव्यवहारपराङ्मुखाः ।
मनीषिभिः समाम्नातास्तेनाऽसांव्यवहारिकाः ।।
गमागमादिकं लोकव्यवहारममी पुनः ।
कुर्वन्ति सर्वदा तेन प्रोक्ताः सांव्यवहारिकाः ।।
अनादिवनस्पतय इति तेषां समाभिधा ।
एषां तु वनस्पतय इति भेदो यथापरः ।।

वृद्धोपमितभवप्रपञ्चग्रन्थेप्येवमेवोक्तमस्ति, तथाहि 'अस्तीह लोके आकालप्रतिष्ठमनन्तजनसंकुलमसंव्यवहारं नाम नगरम्, तत्र सर्वस्मिन्नगरेऽनादिवनस्पतिनामानः कुलपुत्रकाः प्रतिवसन्ति' **इत्यादि** । 'उक्तौ च भवितव्यतया महत्तमबलाधिकृतौ-यदुत मया युवाभ्यां चामीभिः सह यातव्यं यतो भर्तृदेवता नारीति न मोक्तव्यो मया संसारी जीवः, यच्चास्ति युवयोरपि प्रतिजागरणीयमेकाक्षनिवासं नाम नगरं, तत्रामीभिर्लोकैः प्रथमं गन्तव्यम्, ततो युज्यते युवाभ्यां सह चामीषां तत्रासितुं नान्यथा, ततो यद्भवती जानातीत्यभिधाय प्रतिपन्नं तद्वचनं महत्तमबलाधिकृताभ्याम्, प्रवृत्ताः सर्वेऽपि, समागतास्तदेकाक्षनिवासं नगरम् । तत्र नगरे महान्तः पञ्च पाटका विद्यन्ते, ततोऽहमेकं पाटकं कराग्रेण दर्शयता तीव्रमोहोदयेनाऽभिहितः-भद्र! संसारिजीव! तिष्ठ त्वमत्र पाटके, यतोऽयं पाटकोऽसंव्यवहारनगरेण बहुतरं तुल्यो वर्त्तते, भविष्यत्यत्र तिष्ठतो धृतिरित्यादि । ततोऽहं यदा तत्राऽसंव्यवहारनगरेऽभूवं, तदा मम जीर्णायां जीर्णायामपरां गुटिकां दत्तवती, केवलं सूक्ष्ममेव मे रूपमेकाकारं सर्वदा तत्प्रयोगेण विहितवती, तत्र पुनरेकाक्षनिवासनगरे समागता तीव्रमोहात्यन्ताबोधयोः कुतूहलमिव दर्शयन्ती तेन गुटिकाप्रयोगेण ममानेकाकारं स्वरूपं प्रकटयति स्मेत्यादि ।'

समयसारसूत्रवृत्त्योरप्युक्तं-'अहवा संववहारिया य असंववहारिया य ।'

तद्वृत्तिः—अथवेति द्वैविध्यस्यैव प्रकारान्तरोद्द्योतने । एतदेव स्पष्टयन्नाह-'तत्थ जे अणाइकालाओ आरब्भ सुहुमणिगोएसु चिट्ठंति न कयाइ तसाइभावं पत्ता ते असंववहारिया, जे पुण सुहुमणिगोएहिंतो निग्गया सेसजीवेसु उप्पन्ना ते संववहारिआ, ते अ पुणोवि सुहुमणिगोअत्तं पत्तावि संववहारिअच्चिय भण्णंति ।।' इदमत्र हृदयं-

सर्वसंसारिणां प्रथममनादिकालादारभ्य सूक्ष्मनिगोदेष्वेवावस्थानं, तेभ्यश्च निर्गताः शेषजीवेषूत्पन्नाः पृथिव्यादिव्यवहारयोगात्सांव्यवहारिकाः, ते च यद्यपि कदाचिद् भूयोऽपि तेष्वेव निगोदेषु गच्छन्ति, परं तत्रापि सांव्यवहारिका एव, व्यवहारपतिततत्वात्, ये न कदाचित्तेभ्यो निर्गताः,

अत्थि अणंता जीवा जेहिं ण पत्तो तसाइपरिणामो ।

तेवि अणंताणंता णिगोअवासं अणुहवंति ।।

इति (विशेषणवति) वचनात्तत्रैवोत्पत्तिव्ययभाजस्ते तथाविधव्यवहारातीतत्वादसांव्यवहारिका इति । तत्रैवाग्रेऽप्युक्तं – तेरसांवहा जीवा जहा एगे सुहुमणिगोअरूवे असंववहारभेए । बारस संववहारिआ ते अ इमे-पुढवी-आऊ-तेउ-वाउ-णिगोआ, सुहुमबायरत्तेण दुदु भेआ पत्तेअवणस्सई तसा य ।।' **सांव्यवहारिकाऽसांव्यवहारिकत्वेन जीवानां द्वैविध्यं प्राग् दर्शितम् । तत्राऽसांव्यवहारिको राशिरेक एव, सूक्ष्मनिगोदानामेवाऽसांव्यवहारिकत्वात्, सांव्यवहारिकभेदास्तु द्वादश, ते च इमे पृथिव्यादयः पञ्च, सूक्ष्मबादरतया द्विभेदाः, प्रत्येकवनस्पतयः त्रसाश्चेति ।।**

तथा भवभावनावृत्तावप्युक्तं–'अणाइमं एस भवे, अणाइमं च जीवे, अणाई अ सामन्नेण तस्स नाणावरणाइकम्मसंजोगो, अपज्जवसिओ अभव्वाणं, सपज्जवसिओ उण भव्वाणं, विसेसओ उण मिच्छत्ताविरइपमायकसायजोगेहिं कम्मसंजोगो जायइत्ति । सव्वेसिंपि जीवाणं साईओ चेव, एसो जाओ अकामणिज्जराबालतवोकम्मसम्मत्तनाणविरइगुणेहिं अवस्समेव विहडइत्ति, सव्वेसिं सपज्जवसिओ चेव, तेण य कम्मपोग्गलसंजोअणाणुभावेणं वसंति सव्वेवि पाणिणो पुव्विं ताव अणंताणंतपोग्गलपरिअट्टे अणाइवणस्सइणिगोएसु, पीडिज्जंति तत्थेगणिगोअसरीरे अणंता, परिणमंति असंखणिगोअसमुदयणिप्फण्णगोलयभावेणं, समगमणंता जीवा ऊससंति, समगं णीससंति, समगं आहारेंति, समगं परिणामयंति, समगं उप्पज्जंति, समगं विपज्जन्ति, थीणद्धीमहाणिद्दागाढनाणावरणाइकम्मपोग्गलोदएणं न वेअंति अप्पाणं, न मुणंति परं, न सुणंति सद्दं, न पेच्छंति सरूवं, न अग्घायंति गंधं, न बुज्झंति रसं, न विंदंति फासं, न सरंति कयाकयं, मइपुव्वं न चलंति, न फंदंति, ण सीयमणुसरंति, नायवमुवगच्छंति, केवलं तिव्वविसयवेयणाभिभूअमज्जपाणमत्तमुच्छियपुरिसव्व जहुत्तरकालं तेसु वसिऊण कहमवि तहाभव्वत्तभविअव्वयाणिओगेणं किंपि तहाविहडिअकम्मपोग्गलसंजोगा तेहिंतो णिग्गंतुमुववज्जंति केइ साहारणवणस्सइसु अल्लय-सूरण-गज्जर-वज्जकंदाइरूवेण इत्यादि ।

तथा तत्रैव प्रदेशान्तरे प्रोक्तं – ततो बलिनरेन्द्रेणोक्तं 'स्वामिन्! तर्हीदमेव श्रोतुमिच्छामि, प्रसादं विधाय निवेदयन्तु भगवन्तः ।' ततः केवलिना प्रोक्तं–महाराज! सर्वायुषाऽप्येतत्कथयितुं न शक्यते, केवलं यदि भवतां कुतूहलं तर्हि समाकर्णयत्, संक्षिप्य किंचित्कथ्यते–इतोऽनन्तकालात्परतो भवान् किल चारित्रसैन्यसहायो भूत्वा मोहारिबलक्षयं करिष्यतीति कर्मपरिणामेनासंव्यवहारपुरान्निष्काश्य समानीतो व्यवहारनिगोदेषु, ततो विज्ञातैतद्व्यतिकरैर्मोहारिभिः प्रकुपितैर्विधृतस्तेष्वेव त्वमनन्तं कालम्, ततः पृथिव्यप्तेजोवायुवनस्पति-द्वित्रिचतुष्पञ्चेन्द्रियतिर्यक्षु

नरकेष्वनार्यमनुष्येषु चानीतस्त्वं कर्मपरिणामेन, पुनः पुनरनन्तवाराः कुपितैर्मोहादिभिर्व्यावर्त्य नीतोऽसि पश्चान्मुखो निगोदादिषु, एवं तावद् यावद् भावितोऽतिदुःखितस्तैरनन्तानन्तपुद्गलपरावर्त्तान् । ततश्चार्यक्षेत्रेऽपि लब्धं मनुष्यत्वमनन्तवाराः, किन्तु हारितं क्वचित् कुजातिभावेन, क्वापि कुलदोषेण, क्वचिज्जात्यन्धबधिरखञ्जत्वादिवैरूप्येण, क्वापि कुष्ठादिरोगैः, क्वचिदल्पायुष्कत्वेन, एवमनन्तवाराः(रम्), किन्तु धर्मस्य नामाप्यज्ञात्वा भ्रान्तस्तथैव पराङ्मुखो व्यावृत्त्यानन्तपुद्गलपरावर्त्तानेकेन्द्रियादिषु, ततोऽन्यदा श्रीनिलयनगरे धनतिलकश्रेष्ठिनो जातस्त्वं वैश्रमणनामा पुत्रः, तत्र च 'स्वजनधनभवनयौवनवनितातत्त्वाद्यनित्यमिदमखिलं ज्ञात्वाऽऽपत्त्राणसहं धर्मं शरणं भजत लोकाः' इति वचनश्रवणाज्जाता धर्मकरणबुद्धिः, केवलं साऽपि कुदृष्टिसंभवा महापापबुद्धिरेव परमार्थतः सञ्जाता, तद्वशीकृतेन च स्वयंभूनाम्नस्त्रिदण्डिनः शिष्यत्वं प्रतिपन्नम्, ततस्तदपि मानुषत्वं हारयित्वा व्यावर्त्तितो भ्रामितः संसारेऽनन्तपुद्गलपरावर्त्तानिति । ततोऽनन्तकालात्पुनरप्यन्तराऽन्तरा लब्धं मानुषत्वं, परं न निवृत्ताऽसौ कुधर्मबुद्धिः, शुद्धधर्मश्रवणाभावात्, तदभावोऽपि क्वापि सद्गुरुयोगाभावात्क्वचिदालस्यमोहादिहेतुकलापात्, क्वचिच्छुद्धधर्मश्रवणेऽपि न निवृत्ताऽसौ, शून्यतया तदर्थानवधारणात्, क्वचित्तत्त्वाश्रद्धानेन, ततः कुधर्मबुद्ध्युपदेशाद्धर्मच्छलेन पशुवधादिमहापापानि कृत्वा भ्रान्तस्तथैवानन्तपुद्गलपरावर्त्तानिति ।।'

तथा श्रावकदिनकृत्यवृत्तावप्युक्तं–'इह हि सदैव लोकाकाशप्रतिष्ठितानाद्यपर्यवसितभवचक्राख्यपुरोदरविपरिवर्त्ती जन्तुरनादिवनस्पतिषु सूक्ष्मनिगोदापरपर्यायेष्वनन्तानन्तपुद्गलपरावर्त्तान्समकाहारोच्छ्वासनिःश्वासोऽन्तर्मुहूर्त्तान्तर्जन्ममरणादिवेदनाव्रातमनुभवति' **इत्यादि । तथा** 'एवं च तथाविधभव्यजन्तुरप्यनन्तकालमव्यवहारराशौ स्थित्वा कर्मपरिणामनृपादेशात्तथाविधभवितव्यतानियोगेन व्यवहारराशिप्रवेशत उत्कर्षेण बादरनिगोदपृथिव्यप्तेजोवायुषु प्रत्येकं सप्तति(कोटा)कोटिसागरोपमाणि तिष्ठन्ति । एषा च क्रिया सर्वत्र योज्या, एतेष्वेव सूक्ष्मेष्वसंख्यलोकाकाशप्रदेशसमा उत्सर्पिण्यवसर्पिण्यः' **इत्यादि ।**

पुष्पमालाबृहद्वृत्तावप्युक्तं–'ननु कथमित्थं मनुष्यजन्म दुर्लभं प्रतिपाद्यते? उच्यते–समाकर्णय कारणम् -

अव्ववहारनिगोएसु ताव चिट्ठंति जंतुणो सव्वे ।
पढमं अणंतपोग्गलपरिअट्टे थावरत्तेणं ।।
तत्तो विणिग्गया वि हु ववहारवणस्सइंमि णिवसंति ।
कालमणंतपमाणं अणंतकायाइभावेणं ।।
तत्तोवि समुव्वट्टा पुढविजलानलसमीरमज्झंमि ।
अस्संखोसप्पिणिसप्पिणीओ णिवसंति पत्तेयं ।।
संखेज्जं पुण कालं वसंति विगलिंदिएसु पत्तेयं ।
एवं पुणो पुणो वि य भमंति ववहाररासिंमि ।।

तल्लघुवृत्तावप्युक्तम् –

आदौ सूक्ष्मनिगोदे जीवस्यानन्तपुद्गलविवर्त्तान् ।
तस्मात्कालमनन्तं व्यवहारवनस्पतौ वासः ।।
उत्सर्पिणीरसंख्याः प्रत्येकं भूजलाग्निपवनेषु ।
विकलेषु च संख्येयं कालं भूयो भ्रमणमेव ।।
तिर्यक्पंचेन्द्रियतां कथमपि मानुष्यकं ततोऽपीह ।
क्षेत्रकुलारोग्यायुर्बुद्ध्यादि यथोत्तरं तु दुरवापम् ।।

धर्मरत्नप्रकरणवृत्तावप्युक्तम् –

इभ्यस्तन्नमनार्थं प्रययौ नत्वा गुरून् समयविधिना ।
निषसाद यथास्थानकमथसूरिर्देशना चक्रे ।।
अव्यवहारिकराशौ भ्रमयित्वाऽनन्तपुद्गलविवर्त्तान् ।
व्यवहृतिराशौ कथमपि जीवोऽयं विशति तत्रापि ।।
बादरनिगोदपृथिवीजलदहनसमीरणेषु जलधीनाम् ।
सप्ततिकोटाकोट्यः कायस्थितिकाल उत्कृष्टः ।।
सूक्ष्मेष्वमीषु पञ्चस्ववसर्पिण्यो ह्यसंख्यलोकसमाः ।
सामान्यबादरेऽङ्गुलगणनातीतांशमानास्ताः ।। **इत्यादि ।**

संस्कृतनवतत्त्वसूत्रेऽप्युक्तम् –

निगोदा एव गदिता जिनैरव्यवहारिणः ।
सूक्ष्मास्तदितरे जीवास्तेऽन्येऽपि व्यवहारिणः ।।

तदेवंविधवचनैरनादिसूक्ष्मनिगोदस्यैवासांव्यवरहारिकत्वं, अन्येषां च व्यावहारिकत्वमिति स्थितौ परोक्ता युक्तिरेकावतिष्ठते, तत्र 'सिज्झंति जत्तिया किर' **इत्यादिना व्यवहारराशितः सिद्धानामनन्तगुणत्वं व्यवस्थाप्य तदनन्तगुणत्वेन बादरनिगोदजीवानामव्यावहारिकत्वं च व्यवस्थापितम्, तदसत्, ततः सिद्ध्यवच्छिन्नव्यवहारराश्यपेक्षया सिद्धानामनन्तगुणसिद्धावपि सामान्यापेक्षया तदसिद्धेः, व्यवहारित्व-भवनसिद्धिगमनयोरपर्यवसितत्वं चानादिसूक्ष्मनिगोदान्नियतव्यवहारित्वाभिमुखजीवानां निर्गमान्नानुपन्नम् । आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तमानत्वेन व्यावहारिकाणां सर्वेषां सिद्ध्यापत्तिस्तु स्यात्, तत्राभव्यस्य व्यावहारिकत्वानुरोधेन निगोदत्वेन तिर्यक्त्वनपुंसकत्वादिना च कायस्थितिप्रतिपादकानां सूत्राणां**

व्यावहारिकविशेषविषयत्वं वा कल्पनीयम्, अन्यो वा कश्चित् सूत्राभिप्राय इत्यत्र बहुश्रुता एव प्रमाणम्, अवश्यं च सूत्राभिप्रायः कोऽपि मृग्यः, अन्यथा बहवो भव्यास्तावदेतावतः कालात्सिध्यन्ति, अन्ये तु स्वल्पात्, अपरे तु स्वल्पतरात् यावत्केचिन्मरुदेवी स्वामिनीवत्स्वल्पेनैव कालेन सिध्यन्ति, अभव्यास्तु कदाचिदपि न सिध्यन्ति, भवभावनावृत्त्यादिवचनादभव्यानां भव्यानां च यदुक्ताधिकसंसारभेदभणनं तन्नोपपद्येत । यत्तुपरेणोक्तं-'यत्तु क्वचिदाधुनिकप्रकरणादौ प्रज्ञापनाद्यागम-विरुद्धानि वचनानि भवन्ति, तत्र तीर्थान्तर्वर्त्तिनामसद्ग्रहाभावादनाभोग एव कारणम्; तथा अभव्या न व्यवहारिणो नाप्यव्यवहारिणः, किन्तु व्यवहारित्वादिव्यपदेशबाह्या इति ते व्यावहारिकमध्ये न विविक्षितास्तेषां सम्यक्त्व-प्रतिपतितानामनन्तभागवर्त्तित्वेनाल्पत्वादि'**ति तदतिसाहसविजृम्भितम्, अभिप्रायमज्ञात्वा प्राचीनप्रकरण-विलोपे महाशातनाप्रसङ्गात् । अभव्यानामपि व्यावहारिकबहिर्भावे नियतकायस्थितिरूपसंसार-परिभ्रमणानुपपत्तेर्यादृच्छिककल्पनयाऽसमञ्जसत्वप्रसंगात्, नोव्यवहारित्वनोअव्यवहारित्वपरिभाषामात्रस्य चाभव्येष्विवोक्ताधिकसंसारिजीवेष्वपि कल्पयितुं वा शक्यत्वाच्च न किंचिदेतदिति दिग् ।।९।।**

ટીકાર્થ :-

उच्यते ..... न किंचिदेतदिति दिग् ।। પૂર્વપક્ષીના પ્રશ્નોના જવાબ આપતાં ગ્રંથકારશ્રી કહે છે – આ રીતે–'ननु'થી પ્રજ્ઞાપનાવૃત્તિનો પાઠ ગ્રહણ કરીને સ્થાપન કર્યું એ રીતે, પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયને અનુસરીને અભવ્યોનું જે અવ્યવહારિકપણું સ્થાપન કરાય છે તે શું વ્યાવહારિક લક્ષણના અયોગથી છે ? અથવા પરિભાષાન્તરના આશ્રયણથી છે?=શાસ્ત્રમાં વ્યવહારરાશિવાળા જીવોની જે પરિભાષા કરી છે તે પરિભાષા કરતાં અન્ય પરિભાષાના આશ્રયણથી છે ? આદ્ય વિકલ્પ બરાબર નથી=અભવ્યોમાં વ્યવહારિકના લક્ષણનો અયોગ છે તે વિકલ્પ બરાબર નથી; કેમ કે લોકવ્યવહારના વિષયરૂપ પ્રત્યેક શરીરવત્ત્વાદિરૂપ તેના લક્ષણનું અભવ્યોમાં પણ સત્ત્વ છે. અને અનંતદ્રવ્યક્રિયાના ગ્રહણ અને પરિત્યાગવાળા એવા તેઓને=અભવ્યોને, અવ્યવહારરાશિથી વિનિર્ગતપણારૂપે વ્યવહારિકત્વનું ઉપદેશપદ પ્રસિદ્ધપણું છે. અને તે રીતે તેનો=ઉપદેશપદનો, ગ્રંથ છે –

"જે કારણથી ભવમાં (૧) સકલ પણ દ્રવ્યલિંગ-ક્રિયા ભવમાં પ્રાયઃ અનંત અતીત થઈ. ત્યાં પણ=અનંત દ્રવ્યલિંગક્રિયામાં પણ આ=ધર્મબીજ, થયું નહિ જ."

આની વૃત્તિ=ઉપદેશપદ ગાથાની ટીકા, આ પ્રમાણે છે –

"જે કારણથી દ્રવ્યલિંગ ક્રિયા=પૂજાદિ અભિલાષથી અવ્યાવૃત્તમિથ્યાત્વાદિમોહના મલપણાને કારણે દ્રવ્યલિંગ પ્રધાન શુદ્ધશ્રમણભાવયોગ્ય પ્રત્યુપેક્ષણા પ્રમાર્જનાદિ ચેષ્ટા, ભવમાં અનંતા=અનંત નામક સંખ્યા વિશેષથી યુક્ત વ્યતિક્રાન્ત થઈ. સકલ પણ=તેવા પ્રકારની સામગ્રીના વશથી અર્થાત્ પ્રણિધાન આશય રહિત પરિપૂર્ણ ક્રિયાના અંગોનું સેવન કરી શકે તેવા પ્રકારના બોધાદિ સામગ્રીના વશથી, પરિપૂર્ણ પણ, સર્વ જીવોને પ્રાયઃ અનંતી વખત થઈ, એમ પૂર્વ સાથે સંબંધ છે.

તોપણ શું ? તેથી કહે છે –

ત્યાં પણ=તે સકલ દ્રવ્યલિંગ ક્રિયામાં પણ, આ=ધર્મબીજ ઇત્યાદિ, થયું નહિ જ. અહીં પ્રાયઃ કહેવાથી અવ્યવહારિક રાશિમાં રહેલા અને અલ્પકાળથી જ તેમાંથી નીકળેલા જીવોને છોડીને સર્વ જીવોને અનંતી વખત દ્રવ્ય ક્રિયા થઈ છે, તે બતાવવા માટે પ્રાયઃ શબ્દ કહેલ છે."

'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે પૃથ્વી આદિ વ્યવહારના યોગથી તેઓને=અભવ્યોને, વ્યવહારિકપણામાં પણ આવલિકાના અસંખ્યભાગ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારવાળાપણું હોવાને કારણે વ્યવહારિકપણું નથી તે પ્રમાણે પરિભાષાન્તરનો આશ્રય કરાય છે. એથી બીજો પક્ષ સ્વીકારાય છે. તે પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે – સ્વીકાર કરાઓ=આવું પારિભાષિક અવ્યવહારીપણું અભવ્યમાં તારા વડે સ્વીકાર કરાઓ, જો બહુશ્રુતો પ્રમાણ કરે છે. આ રીતે=પારિભાષિક અવ્યવહારીપણું પૂર્વપક્ષી સ્વીકારે એ રીતે, અમને કોઈ ક્ષતિ નથી=અમે અભવ્યને આભિગ્રહિકમિથ્યાત્વ સ્વીકારીએ તેમાં કોઈ ક્ષતિ નથી; કેમ કે મુખ્ય વ્યવહારિકલક્ષણના પરિત્યાગથી તેઓને=અભવ્યને અવ્યક્ત મિથ્યાત્વના નિયમના સ્વીકારાદિની વિરુદ્ધ પ્રક્રિયાની અસિદ્ધિ છે. 'હિ'=જે કારણથી, પરિભાષા વસ્તુના સ્વરૂપનો ત્યાગ કરાવતી નથી.

'ઇતિ' શબ્દ 'ઉચ્યતે'થી પ્રારંભ કરાયેલા ગ્રંથકારશ્રીના કથનની સમાપ્તિ માટે છે.

આના દ્વારા=ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીને ઉત્તર આપતાં કહ્યું કે અભવ્યમાં વ્યવહારિકત્વના લક્ષણનો અયોગ હોવાથી કે પરિભાષાના આશ્રયણથી શું અભવ્ય અવ્યવહારી છે ? તેમાં પ્રથમ વિકલ્પ સંગત નથી તે બતાવ્યું અને પરિભાષાના આશ્રયણથી અભવ્યમાં અવ્યવહારિકપણું સ્વીકારવામાં કોઈ ક્ષતિ નથી તેમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું એના દ્વારા, બાદરનિગોદ જીવોના વ્યવહારિકત્વનો નિષેધ પણ નિરાકૃત કરાયો; કેમ કે પરિભાષામાત્રથી=પૂર્વપક્ષીએ પરિભાષા કરીને અભવ્યમાં અવ્યવહારિકપણું સ્થાપન કર્યું એટલામાત્રથી, લક્ષણસિદ્ધ વ્યવહારિકત્વને નિષેધ કરવા માટે અશક્યપણું છે=વ્યવહારિકત્વના લક્ષણથી સિદ્ધ એવું બાદરનિગોદના જીવોમાં રહેલા વ્યવહારિકપણાનો નિષેધ કરવો અશક્ય છે.

બાદરનિગોદના જીવોમાં લક્ષણસિદ્ધ વ્યવહારિકપણું છે તે બતાવવા અન્ય હેતુ કહે છે –

પ્રાપ્ત સૂક્ષ્મનિગોદથી ઇતર પર્યવસિત અનુગત પૃથ્વીઆદિ વિવિધવ્યવહારના યોગિત્વરૂપ એવા તેનું=લક્ષણસિદ્ધ વ્યવહારિકનું, અનાદિ સૂક્ષ્મનિગોદથી ઇતર સર્વ જીવોમાં વૃત્તિપણું છે. વળી ચક્ષુગ્રાહ્ય શરીરપણું એ ઉપલક્ષણ છે, લક્ષણ નથી. એ પ્રમાણે આપણે બંનેને=પૂર્વપક્ષી અને ગ્રંથકારશ્રીને સમાન છે; કેમ કે અન્યથા=ઉપલક્ષણ ન સ્વીકારવામાં આવે તો, અમને સૂક્ષ્મ પૃથ્વીકાયાદિમાં અવ્યાપ્તિ છે. એની જેમ તારા મતમાં બાદરનિગોદમાં અતિવ્યાપ્તિનો પણ પ્રસંગ છે. વળી, પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયથી પણ બાદરનિગોદના જીવોનું વ્યવહારીપણું પ્રતીત થાય છે; કેમ કે "જે વળી અનાદિ કાળથી માંડીને નિગોદ અવસ્થાને પામેલા જ રહે છે, તેઓ વ્યવહાર પથથી અતીત હોવાને કારણે અસંવ્યવહારિકો છે." એ પ્રમાણેના વચનથી જ અનાદિ વનસ્પતિ જીવોને જ અવ્યવહારિકત્વનું અભિધાન છે.

વળી, પ્રજ્ઞાપનાવૃત્તિના અભિધાનથી જ બાદરનિગોદના જીવોનું વ્યવહારીપણું છે તે સ્થાપન કરવા માટે અન્ય હેતુ કહે છે –

"ત્યાં=પ્રજ્ઞાપનામાં, આ સૂત્ર સંવ્યવહારિકને આશ્રયીને જાણવું=આવલિકાના અસંખ્યભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત વનસ્પતિની ઉત્કૃષ્ટ સ્થિતિ છે" તેમ કહેનારું સૂત્ર સાંવ્યવહારિકોને આશ્રયીને જાણવું. અસાંવ્યવહારિકોને આશ્રયીને નહિ. આ સ્વબુદ્ધિથી વિજૃમ્ભિત નથી જે કારણથી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ (વિશેષણવતીમાં) કહે છે –

"કાયસ્થિતિના કાલાદિ પણ શેષ જીવોને આશ્રયીને છે. અનાદિ વનસ્પતિને આશ્રયીને નહિ. જે સંવ્યવહાર બાહ્ય છે."

"અહીં આદિ શબ્દથી=વિશેષણવતીના ઉદ્ધરણમાં આદિ શબ્દથી, સર્વ પણ જીવો વડે અનંતી વખત શ્રુતજ્ઞાનનો બોધ કરાયો તેનું ગ્રહણ છે, ઇત્યાદિ. જે આ જ પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેવાશે. અને પૂર્વમાં જે કહેવાયું તેનો પરિગ્રહ છે તેથી કોઈ દોષ નથી." એ પ્રમાણે આગળમાં=પૂર્વમાં પ્રજ્ઞાપનાનો જે પાઠ આપ્યો તેનાથી આગળમાં, વ્યક્ત જ અનાદિ વનસ્પતિથી અતિરિક્તોને વ્યવહારિત્વનું અભિધાન છે. તેથી બાદરનિગોદના જીવોનું વ્યવહારિત્વ પ્રતીત થાય છે. એમ પૂર્વની સાથે જોડાણ છે. અને અનાદિ વનસ્પતિ એ પ્રમાણે સૂક્ષ્મનિગોદનું જ અભિધાન છે=પ્રજ્ઞાપનાના પાઠમાં સૂક્ષ્મનિગોદનું જ અભિધાન છે, બાદરનિગોદનું નહીં. ગ્રંથાંતરમાં પણ આ જ અભિપ્રાય જણાય છે=બાદરનિગોદના જીવો વ્યવહારરાશિવાળા છે એ જ અભિપ્રાય જણાય છે.

લઘુઉપમિતિભવપ્રપંચ ગ્રંથમાં શ્રીચંદ્રસૂરિના શિષ્ય દેવેન્દ્રસૂરિજી વડે કહેવાયું છે –

આ લોકમાં અનંત જીવથી યુક્ત યથાર્થ નામવાળું અસંવ્યવહાર નામનું વિખ્યાત નગર છે. ત્યાં=અસંવ્યવહાર નગરમાં અનાદિ વનસ્પતિ નામના કુલપુત્રો વસે છે. કર્મપરિણામ રાજા વડે નિયુક્ત કરાયેલા તીવ્ર મોહોદય અને અત્યંત અબોધ નામના મહત્તમ અને બલાધ્યક્ષ સદા સ્થાયિ ત્યાં=અસંવ્યવહાર નગરમાં, રહે છે. તે બંને દ્વારા=તીવ્ર મોહોદય અને અત્યંત અબોધ દ્વારા કર્મપરિણામ મહારાજાની આજ્ઞાથી અસંખ્ય નિગોદ નામના ખંડોમાં (ઓરડાઓમાં) દિવસરાત નાંખીને સંપીડન કરીને તે સર્વ પણ કુલપુત્રકો પ્રસુપ્તની જેમ, મૂર્ચ્છિતની જેમ, મત્તની જેમ, મૃતની જેમ ધારણ કરાય છે. તે કુલપુત્રકો સ્પષ્ટ ચેષ્ટા, ચૈતન્ય ભાષાથી વર્જિત, છેદ, ભેદ, પ્રતિઘાત, દાહાદિને પ્રાપ્ત કરતા નથી જ. વળી, અપર સ્થાનના ગમન વગેરે અન્ય પણ કોઈ લોકવ્યવહાર ક્યારેય તેઓ વડે કરાતો નથી. સંસારી જીવ એવી સંજ્ઞાવાળા વાસ્તવ્ય એવા કુટુંબી સાથે મારા વડે પણ પૂર્વમાં ત્યાં=અસંવ્યવહાર નગરમાં અનંતકાળ પસાર કરાયો. **(આ સાક્ષીપાઠમાં વ્યવહારરાશિવાળા જીવો છેદ, ભેદ, પ્રતિઘાત, દાહાદિને પ્રાપ્ત કરતા નથી એમ કહ્યું. તેનાથી અવ્યવહારરાશિવાળા સૂક્ષ્મનિગોદના જીવ છે તેમ સિદ્ધ થાય છે; કેમ કે બાદરનિગોદના જીવોને છેદ-ભેદની પ્રાપ્તિ છે.)**

અને અહીં જ=લઘુઉપમિતિભવપ્રપંચ ગ્રંથમાં જ, કંઈક અંતરમાં=અન્ય સ્થાનમાં, કહેવાયું છે –

ત્યાં એકાક્ષનિવાસ નામના નગરમાં પ્રથમ આમના વડે જવા યોગ્ય છે. અને તમારા બેને પણ તે સ્વીકારવું જોઈએ. તે બે વડે પણ=તીવ્ર મોહોદય અને અત્યંત અબોધ વડે પણ, તે પ્રમાણે કહેવાયે છતે=અમે જવા ઇચ્છીએ છીએ એમ કહેવાયે છતે, તે સર્વ પણ=સંસારી જીવો અને તીવ્ર મોહોદય અને અત્યંત અબોધ તે સર્વ પણ, તે નગરમાં ગયા, અને તે નગરમાં મહાન એવા પાંચ પાડાઓ છે. હે તન્વંગી=હે અગૃહીતસંકેતા ! આગળ રહેલા એક પાડાને અંગુલીથી બતાવતાં તીવ્ર મોહોદયે મને આ પ્રમાણે કહ્યું.

શું કહ્યું ? તે સ્પષ્ટ કરે છે –

હે ભદ્ર ! આ પાડામાં વિશ્વસ્તમાનસવાળો એવો તું રહે. પૂર્વના નગરની સાથે તુલ્યપણું હોવાથી=સંસારી જીવ જે પૂર્વમાં સૂક્ષ્મનિગોદમાં હતો, તે નગરની સાથે તુલ્યપણું હોવાથી, આ=નવો પાડો તને ધૃતિને દેનારો થશે.

કઈ રીતે પાશ્ચાત્ય નગરની તુલ્ય આ નવો પાડો છે ? તે 'यथाहि'થી સ્પષ્ટ કરે છે –

ત્યાં=પાશ્ચાત્ય નગરમાં, પ્રાસાદના ગર્ભાગારમાં રહેલા લોકો અનંતા પિંડિત અંગવાળા છે. તે પ્રમાણે જ આ પણ પાડામાં છે. ફક્ત તેઓ=પાશ્ચાત્ય નગરના લોકો, લોકવ્યવહાર પરાડમુખ વર્તે છે. તે કારણથી બુદ્ધિમાનો વડે અસંવ્યવહારી કહેવાયા છે. વળી, આ=નવા પાડામાં રહેલા લોકો, ગમનાગમનાદિ લોકવ્યવહારને સર્વદા કરે છે. તે કારણથી સંવ્યવહારિક કહેવાય છે. 'અનાદિ વનસ્પતિ' એ પ્રમાણે તેઓનું=પાશ્ચાત્ય નગરમાં રહેનારા લોકોનું, નામ છે. વળી આમનું=નવા પાડામાં રહેનારા લોકોનું, વનસ્પતિ એ પ્રમાણે નામ છે. જે પ્રમાણે આ બીજો ભેદ છે. **(આ ઉદ્ધરણથી એ સિદ્ધ થાય કે સંસારી જીવ અનાદિ સૂક્ષ્મ વનસ્પતિમાં હતો. ત્યાંથી નીકળીને પ્રથમ વાર બાદરનિગોદમાં આવે છે અને તે પાડામાં જીવો અનંતા સંપિંડિત છે. તેથી નક્કી થાય છે કે બાદરનિગોદ વ્યવહારરાશિ છે.)**

વૃદ્ધ ઉપમિતિભવપ્રપંચ ગ્રંથમાં પણ આ પ્રમાણે જ=બાદરનિગોદના જીવો વ્યવહારરાશિવાળા છે એ પ્રમાણે જ, કહેવાયેલું છે, તે આ પ્રમાણે –

આકાલપ્રતિષ્ઠિત અનંતજીવોથી યુક્ત અસંવ્યવહાર નામનું નગર આ લોકમાં=સંસારમાં છે. ત્યાં સર્વ નગરમાં=અસંવ્યવહાર નામના સર્વ નગરમાં કુલપુત્રકો છે – ઇત્યાદિ=ત્યાર પછીનો ઉપમિતિનો પાઠ ઇત્યાદિથી સંગ્રહ કરવો.

ભવિતવ્યતા વડે મહત્તમ અને બલાધિકૃત કહેવાયા. મારા વડે અને તમારા બે વડે આ બધા જીવોની સાથે જવું જોઈએ=અનાદિ વનસ્પતિમાંથી નીકળીને અન્ય પાડામાં જવું જોઈએ. જે કારણથી ભર્તુ છે દેવતા જેને એવી નારી છે તેથી મારા વડે=ભવિતવ્યતા વડે, સંસારી જીવ મુકાવો જોઈએ નહિ. અને જે કારણથી તમારા બંનેએ પણ=તીવ્ર મોહોદય અને અત્યંત અબોધે પણ, એકાક્ષ નામનું નગર રક્ષણ કરવા યોગ્ય છે. ત્યાં=તે નગરમાં આ લોકો વડે પ્રથમ જવા યોગ્ય છે=આ લોકોને પ્રથમ જવાનું છે. તેથી તમારા બે સાથે આમને=આ જીવોને ત્યાં રહેવું યુક્ત છે, અન્યથા નહીં. ત્યાર પછી જે કારણથી "ભવિતવ્યતા જાણે છે" એ પ્રમાણે કહીને તેમનું=ભવિતવ્યતાનું વચન મહત્તમ અને બલાધિકૃત વડે સ્વીકારાયું. સર્વ પણ પ્રવૃત્ત થયા=અનાદિ વનસ્પતિમાંથી નીકળીને અન્ય ભવમાં જવા માટે પ્રવૃત્ત થયા, તે એકાક્ષનિવાસ નામના નગરમાં આવ્યા, તે નગરમાં મોટા પાંચ પાડાઓ વિદ્યમાન છે. ત્યાર પછી એક પાડાને કરના અગ્રભાગ વડે બતાવતા તીવ્ર મોહોદય વડે હું કહેવાયો. હે ભદ્ર ! સંસારી જીવ ! તું આ પાડામાં રહે. જે કારણથી આ પાડો અસંવ્યવહાર નગરથી બહુતર સમાન વર્તે છે. અહીં રહેતા તને ધૃતિ થશે'. **ઇત્યાદિથી ત્યાંથી આગળનો પાઠ ગ્રહણ કરવો.** ત્યાર પછી હું જ્યારે તે અસંવ્યવહાર નગરમાં હતો, ત્યારે મને આયુષ્યની પૂર્વ પૂર્વ

ગુટિકા જીર્ણ થયે છતે અપર અપર ગુટિકા ભવિતવ્યતા આપતી હતી. કેવલ સૂક્ષ્મ જ મારું રૂપ એકાકાર તેના પ્રયોગથી=ગુટિકાના પ્રયોગથી સર્વદા કરતી હતી. વળી ત્યાં એકાક્ષ નિવાસ નગરમાં આવેલા તીવ્ર મોહોદય અને અત્યંત અબોધને જાણે કુતૂહલ બતાવતી ન હોય તે રીતે ગુટિકાના પ્રયોગથી મારા અનેક આકારવાળા સ્વરૂપને પ્રગટ કરતી હતી. ઇત્યાદિ **(આ સર્વ કથનમાં પ્રથમ અનાદિ વનસ્પતિ નામના કુલપુત્રો કહ્યા. ત્યાર પછી કહ્યું કે પૂર્વમાં મારું એક આકારવાળું સૂક્ષ્મ સર્વદારૂપ કરતી હતી. તેથી નક્કી થાય કે અનાદિ વનસ્પતિમાં સૂક્ષ્મ એકાકારવાળું રૂપ સૂક્ષ્મનિગોદના જીવોને છે. તે અસંવ્યવહાર નામનું નગર છે. અને ત્યાંથી એકેન્દ્રિયના પાડામાં લાવ્યા પછી અનેક આકાર ભવિતવ્યતા કરે છે. તેનાથી ફલિત થાય છે કે બાદરનિગોદના જીવો અને સૂક્ષ્મનિગોદના જીવો પરસ્પર પરાવર્ત પામતા વ્યવહારરાશિવાળા જીવો છે; કેમ કે ત્યાં કહેલ કે આ પાડો અસંવ્યવહાર નગર સાથે બહુતર તુલ્ય છે.)**

સમયસારવૃત્તિમાં પણ કહેવાયું છે –

'અથવા સંવ્યવહારિક અને અસંવ્યવહારિક જીવો છે.'

અને તેની ટીકા આ પ્રમાણે છે –

'અથવા' એ દ્વૈવિધ્યના જ પ્રકારાન્તર દ્યોતના માટે છે.

આને જ સ્પષ્ટ કરતાં કહે છે=દ્વૈવિધ્યને સ્પષ્ટ કરતાં કહે છે –

ત્યાં=સંસારી જીવોમાં, જે અનાદિ કાળથી આરંભીને સૂક્ષ્મનિગોદમાં રહે છે ક્યારે ત્રસાદિ ભાવને પામ્યા નથી તે અસંવ્યવહારી છે. જે વળી સૂક્ષ્મનિગોદથી નિર્ગત શેષ જીવોમાં ઉત્પન્ન થયેલા છે તે સંવ્યવહારી છે. તે વળી=સંવ્યવહારી બનેલા તે વળી, સૂક્ષ્મનિગોદપણાને પ્રાપ્ત પણ સંવ્યવહારિક જ કહેવાય છે. આ=આગળ કહે છે એ, અહીં=પૂર્વના કથનમાં, હૃદય=તાત્પર્ય, છે. સર્વ સંસારીઓનું પ્રથમ અનાદિ કાળથી માંડીને સૂક્ષ્મનિગોદમાં જ અવસ્થાન છે. તેનાથી નીકળેલા શેષ જીવોમાં ઉત્પન્ન થયેલા પૃથ્વી આદિ વ્યવહારના યોગથી સંવ્યવહારિક છે. તે જોકે ક્યારેક ફરી પણ તે જ નિગોદમાં=સૂક્ષ્મનિગોદમાં જાય છે. પરંતુ ત્યાં પણ=સૂક્ષ્મનિગોદમાં પણ સંવ્યવહારિક જ છે; કેમ કે વ્યવહારપતિતપણું છે=વ્યવહારને પ્રાપ્તપણું છે, જેઓ ક્યારે પણ તેમાંથી=સૂક્ષ્મનિગોદથી, નીકળ્યા નથી 'અત્થિ' ઇત્યાદિ વિશેષણવતીના વચનથી ત્યાં જ=સૂક્ષ્મનિગોદમાં જ, ઉત્પત્તિ-વ્યયવાળા છે. તેઓ તથાવિધ વ્યવહારથી અતીતપણું હોવાને કારણે=અન્યાન્ય ભવોમાં ગમનરૂપ વ્યવહારથી અતીતપણું હોવાના કારણે અસંવ્યવહારિક જ છે.

વિશેષણવતીના પાઠનો અર્થ આ પ્રમાણે છે –

"અનંતા જીવો છે, જેઓએ ત્રસાદિ પરિણામ પ્રાપ્ત કર્યો નથી. અનંતાનંત એવા તેઓ પણ નિગોદવાસને અનુભવે છે."

ત્યાં જ=સમયસાર વૃત્તિમાં જ, આગળ કહેવાયું છે –

"તેર પ્રકારના જીવો છે. જેમકે એક-સૂક્ષ્મનિગોદરૂપ અસંવ્યવહાર ભેદ છે. અને બાર પ્રકારના સંવ્યવહારિકો છે. પૃથ્વી, અપ, તેજ, વાયુ, નિગોદ-સૂક્ષ્મ-બાદરપણાથી બે બે ભેદો અને પ્રત્યેક વનસ્પતિકાય તથા ત્રસ." **સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિકપણા વડે જીવોનું દ્વૈવિધ્ય પહેલાં બતાવ્યું. ત્યાં અસાંવ્યવહારિક નામનો એક જ**

રાશિ છે; કેમ કે સૂક્ષ્મનિગોદોનું જ અસાંવ્યવહારિકપણું છે. અને તે આ-પૃથ્વી આદિ પાંચ સૂક્ષ્મ બાદરપણાથી બે ભેદવાળા છે. તેથી ૧૦ ભેદ પ્રાપ્ત થાય અને પ્રત્યેક વનસ્પતિ અને ત્રસ. એમ બાર ભેદ છે.

અને ભવભાવના વૃત્તિમાં પણ કહેવાયું છે –

"અનાદિનો આ ભવ છે અને અનાદિનો આ જીવ છે. તથા સામાન્યથી તેને=જીવને, અનાદિનો જ્ઞાનાવરણીયાદિ કર્મનો સંયોગ છે. અપર્યવસિત અભવ્યોને છે. સપર્યવસિત વળી ભવ્યોને છે. વિશેષથી=કર્મ સામાન્યરૂપે નહિ, પરંતુ વર્તમાનમાં વિદ્યમાનરૂપ વિશેષથી, વળી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગો વડે કર્મોનો સંયોગ થાય છે. એથી સર્વ પણ જીવોને સાદિ જ છે=જ્ઞાનાવરણીયાદિ કર્મનો સંયોગ સાદિ જ છે. થયેલો એવો આ=મિથ્યાત્વાદિ ભાવોથી થયેલો એવો આ કર્મનો સંયોગ, અકામનિર્જરા, બાલતપકર્મ, સમ્યક્ત્વ, જ્ઞાન અને વિરતિના ગુણો વડે અવશ્ય વિઘટન પામે છે. તેથી સપર્યવસિત જ છે=સર્વ જીવોનો કર્મનો સંયોગ સપર્યવસિત જ છે, અને તે કારણથી કર્મ પુદ્ગલના સંયોગના અનુભાવથી=કર્મ પુદ્ગલના સંયોગના વિપાકથી સર્વ પણ જીવો પૂર્વમાં અનંતાનંત પુદ્ગલપરાવર્ત અનાદિ વનસ્પતિ નિગોદોમાં વસે છે. ત્યાં=અનાદિ વનસ્પતિમાં, એક નિગોદ શરીરમાં અનંતા પિંડિત થાય છે. અસંખ્ય નિગોદના સમુદાયથી નિષ્પન્ન ગોલક ભાવરૂપે પરિણમન પામે છે. એક સાથે અનંતા જીવો ઉચ્છ્વાસ લે છે. સાથે નિઃશ્વાસ લે છે, સાથે આહાર કરે છે, સાથે આહારને પરિણમન પમાડે છે, સાથે ઉત્પન્ન થાય છે, સાથ મૃત્યુ પામે છે, થીણદ્ધિમહાનિંદ્રા અને ગાઢ જ્ઞાનાવરણીય આદિ કર્મ પુદ્ગલના ઉદયથી પોતાને વેદન કરતા નથી, પરને જાણતા નથી, શબ્દને સાંભળતા નથી, સ્વરૂપને જોતા નથી, ગંધને સૂંઘતા નથી, રસને જાણતા નથી, સ્પર્શને જાણતા નથી, કૃતાકૃતનું સ્મરણ કરતા નથી, બુદ્ધિપૂર્વક ચાલતા નથી, સ્પંદન કરતા નથી, શીતને અનુસરતા નથી, ગરમીને અનુસરતા નથી. કેવલ તીવ્ર વિષયવેદનાથી અભિભૂત મદ્યપાનથી મત્ત થયેલા મૂર્ચ્છિત મનુષ્યની જેમ યથોત્તર કાલ તેઓમાં વસીને કોઈક રીતે તથાભવ્યત્વના અને ભવિતવ્યતાના નિયોગથી કોઈક રીતે તેવા પ્રકારના વિઘટિત કર્મ પુદ્ગલના સંયોગથી ત્યાંથી નીકળીને કેટલાક જીવો સાધારણ વનસ્પતિમાં આદુ, સૂરણ, ગાજર, વજ્રકંદાદિરૂપે ઉત્પન્ન થાય છે." **ઈત્યાદિથી આગળનો પાઠ લેવો.**

અને ત્યાં જ=ભવભાવનામાં, પ્રદેશાન્તરમાં કહેવાયું છે –

"ત્યાર પછી બલિ રાજા વડે કહેવાયું, હે સ્વામિન્ ! તો આ જ સાંભળવા ઇચ્છું છું, કૃપા કરીને આપ નિવેદન કરો. ત્યાર પછી કેવલિ વડે કહેવાયું –હે મહારાજ ! સર્વ આયુષ્ય વડે આ કહેવા માટે શક્ય નથી. કેવલ જો તને કુતૂહલ છે તો સાંભળ, સંક્ષેપ કરીને કંઈક કહેવાય છે. અત્યારથી અનંત કાલ પૂર્વે ખરેખર તું "ચારિત્ર સૈન્યના સહાયવાળો થઈને મોહરૂપી શત્રુના બળને ક્ષય કરીશ", એથી કર્મપરિણામ વડે અસંવ્યવહાર નગરથી બહાર કાઢીને વ્યવહાર નિગોદમાં લવાયો. ત્યાર પછી વિજ્ઞાત એવા આ વ્યતિકરવાળા અને પ્રકુપિત એવા મોહ શત્રુઓ વડે તેમાં જ=વ્યવહાર નિગોદમાં અનંતકાળ તું ધારણ કરાયો. ત્યાર પછી પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેન્દ્રિય, નરકોમાં, અનાર્ય એવા મનુષ્યોમાં કર્મપરિણામ વડે તું લવાયો. વળી, વળી અનંત વાર કુપિત થયેલા એવા મોહાદિ વડે વ્યાવર્તન કરાવીને તેઓ વડે=મોહાદિ વડે, અતિદુઃખિત જ્યાં સુધી ભાવિત થયો ત્યાં સુધી અનંત પુદ્ગલપરાવર્ત સુધી નિગોદાદિમાં તું પશ્ચાન્મુખ લઈ જવાયો. ત્યાર પછી આર્યક્ષેત્રમાં પણ મનુષ્યપણું અનંત વાર પ્રાપ્ત કરાયું. પરંતુ ક્યારેક કુજાતિભાવથી નિષ્ફળ કરાયું. ક્યારેક કુલદોષથી નિષ્ફળ કરાયું. ક્યારેક જાતિ અંધ,

બધિર, ખોડ-ખાંપણ આદિ વૈરૂપ્યથી નિષ્ફળ કરાયું. ક્યારેક કુષ્ઠાદિ રોગોથી નિષ્ફળ કરાયું. ક્યારેક અલ્પ આયુષ્યપણાથી નિષ્ફળ કરાયું. આ રીતે અનંત વાર મનુષ્યપણું પ્રાપ્ત કરાયું. પરંતુ ધર્મનું નામ પણ જાણ્યા વગર તે પ્રમાણે જ પરાઙ્મુખ ફરીને અનંત પુદ્ગલપરાવર્ત એકેંદ્રિયાદિમાં ફર્યો, ત્યાર પછી એક વખત શ્રી નિલય નગરમાં ધનતિલક શ્રેષ્ઠીનો વૈશ્રમણ નામનો પુત્ર તું થયો. અને ત્યાં સ્વજન, ધન, ભવન, યૌવન, સ્ત્રી તત્ત્વાદિરૂપ આ અખિલ જગતને અનિત્ય જાણીને આપત્માં ત્રાણ કરવામાં સમર્થ એવા શરણરૂપ ધર્મને હે લોકો ! તમે ભજો. એ પ્રમાણે વચનના શ્રવણથી ધર્મ કરવાની બુદ્ધિ થઈ. તે પણ કેવલ કુદૃષ્ટિથી થયેલી પરમાર્થથી મહાપાપબુદ્ધિ જ થઈ. અને તેનાથી વશ થયેલા એવા તારા વડે સ્વયંભૂ નામના ત્રિદંડીનું શિષ્યપણું સ્વીકારયું. ત્યાર પછી તે પણ મનુષ્યપણું નિષ્ફળ કરીને, સંસારમાં અનંત પુદ્ગલ પરાવર્તોને વ્યાવર્તિત એવો તું ભ્રમણ કરાયો. ત્યાર પછી અનંત કાલ સુધી ફરી ફરી વચ-વચમાં મનુષ્યપણું પ્રાપ્ત કરાયું. પરંતુ આ કુધર્મબુદ્ધિ નિવર્તન થઈ નહિ; કેમ કે શુદ્ધ ધર્મના શ્રવણનો અભાવ હતો. તેનો અભાવ પણ=શુદ્ધ ધર્મ . શ્રવણનો અભાવ પણ, ક્યારેક સદ્ગુરુના યોગના અભાવથી, ક્યારેક આળસરૂપ મોહાદિ હેતુના સમૂહથી હતો. ક્યારેક શુદ્ધ ધર્મના શ્રવણમાં પણ આ=કુધર્મની બુદ્ધિ નિવૃત્ત થઈ નહીં; કેમ કે શૂન્યપણાને કારણે તેના અર્થનું અનવધારણ હતું. ક્યારેક તત્ત્વનું અશ્રદ્ધાન હતું. તેથી ધર્મના ઉદ્દેશથી ધર્મના છલ વડે પશુવધાદિ મહાપાપોને કરીને તે પ્રમાણે જ અનંત પુદ્ગલપરાવર્ત તું ભમ્યો."

અને શ્રાવકદિનકૃત્યવૃત્તિમાં પણ કહેવાયું છે –

"અહીં જ સદા લોકાકાશપ્રતિષ્ઠિતઅનાદિઅપર્યવસિતભવચક્ર નામના નગરના ઉદરમાં વર્તનારો જંતુ સૂક્ષ્મનિગોદ અપર પર્યાયવાળા અનાદિ વનસ્પતિમાં અનંત-અનંત પુદ્ગલપરાવર્ત સુધી સાથે આહાર, ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, અંતર્મુહૂર્તની અંદર જન્મ-મરણની વેદનાસમુદાયને અનુભવે છે. ઇત્યાદિ. અને એ રીતે તેવા પ્રકારના ભવ્ય જીવો પણ અનંત કાળ સુધી અવ્યવહારરાશિમાં રહીને કર્મપરિણામ રાજાના આદેશથી તેવા પ્રકારની ભવિતવ્યતાના નિયોગથી વ્યવહારરાશિમાં પ્રવેશથી ઉત્કર્ષથી બાદરનિગોદ, પૃથ્વી, અપ, તેઉ, વાયુમાંથી પ્રત્યેકમાં ૭૦ કોટાકોટિ સાગરોપમ રહે છે. અને આ ક્રિયા સર્વત્ર જોડવી આ જ સૂક્ષ્મમાં=નિગોદાદિ સૂક્ષ્મમાં અસંખ્ય લોકાકાશ પ્રદેશ સમાન ઉત્સર્પિણી-અવસર્પિણી રહે છે."

પુષ્પમાલા બૃહદ્વૃત્તિમાં પણ કહેવાયું છે –

"આ પ્રમાણે મનુષ્યજન્મ દુર્લભ કેવી રીતે પ્રતિપાદિત કરાય છે ? તે કહેવાય છે. કારણ સાંભળ=તેનું કારણ સાંભળ.

અવ્યવહાર નિગોદમાં ત્યાં સુધી સર્વ જંતુઓ પ્રથમ અનંત પુદ્ગલપરાવર્ત સ્થાવરપણા વડે રહે છે. ત્યાર પછી નીકળેલા પણ વ્યવહાર વનસ્પતિમાં અનંતકાલ પ્રમાણ અનંતકાય આદિ ભાવથી રહે છે. ત્યાંથી પણ બહાર નીકળેલા પૃથ્વી, જલ, તેજ, વાયુ દરેકમાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી વસે છે. સંખ્યાત કાળ વિકલેંદ્રિય આદિ પ્રત્યેકમાં વસે છે. આ રીતે ફરી ફરી વ્યવહારરાશિમાં ભમે છે."

પુષ્પમાલાની લઘુવૃત્તિમાં કહેવાયું છે – "આદિમાં સૂક્ષ્મનિગોદમાં જીવના અનંત પુદ્ગલપરાવર્તો કાળ છે. ત્યાંથી અનંત કાલ વ્યવહાર વનસ્પતિમાં વાસ છે. ભૂમિ, જલ, અગ્નિ, પવનમાં પ્રત્યેકમાં અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણી અને વિકલેન્દ્રિયમાં સંખ્યાત કાળ ફરી ફરી ભ્રમણ જ છે. કોઈ રીતે તિર્યંચ પંચેન્દ્રિય, કોઈ રીતે

મનુષ્યપણાને, પ્રાપ્ત કરે છે. ત્યાર પછી પણ અહીં=સંસારમાં, ક્ષેત્ર, કુલ, આરોગ્ય, આયુ, બુદ્ધિ આદિ યથોત્તર દુષ્પ્રાપ્ય છે."

ધર્મરત્ન પ્રકરણની વૃત્તિમાં પણ કહેવાયું છે – "શ્રેષ્ઠિ તેના નમન માટે ગયો અને શાસ્ત્રવિધિથી ગુરુને નમીને યથાસ્થાને બેઠો. હવે સૂરિએ દેશના કરી. અવ્યવહારરાશિમાં અનંત પુદ્ગલપરાવર્તો ભમીને આ જીવ વ્યવહારરાશિમાં કોઈ પણ રીતે પ્રવેશ કરે છે. ત્યાં પણ=વ્યવહારરાશિમાં પણ બાદરનિગોદ, પૃથ્વી, જલ, તેજ, વાયુ આદિમાં ૭૦ કોટાકોટિ સાગરોપમ ઉત્કૃષ્ટ કાલ વસે છે. આ પાંચ સૂક્ષ્મમાં અસંખ્ય લોક સમાન અવસર્પિણી રહે છે. સામાન્ય બાદરમાં અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ=અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ આકાશપ્રદેશ પ્રમાણ, ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ રહે છે." **ઈત્યાદિ.**

સંસ્કૃત નવતત્ત્વમાં પણ કહેવાયું છે –

"જિનેશ્વરો વડે સૂક્ષ્મનિગોદો જ અવ્યવહારી કહેવાયા છે. તેનાથી ઇતર=અવ્યવહારરાશિથી ઇતર, તે=સૂક્ષ્મનિગોદના જીવો, અને અન્ય પણ જીવો વ્યવહારી કહેવાયા છે."

પ્રસ્તુત ગાથામાં ગ્રંથકારશ્રીએ અભવ્યોને આભિગ્રહિકમિથ્યાત્વ છે તે બતાવવા માટે આભિગ્રહિકમિથ્યાત્વના છ વિકલ્પો બતાવ્યા. તેમાં નવીન કલ્પના કરનારે કહ્યું કે અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ હોતું નથી અને તેનું સ્થાપન કરવા માટે નવીન કલ્પના કરનારે પ્રજ્ઞાપનાવૃત્તિનો પાઠ આપ્યો. અને તેના બળથી અભવ્યોમાં અવ્યક્ત મિથ્યાત્વ છે તેમ સ્થાપન કરવા યત્ન કરેલ અને તેની પુષ્ટિ કરતાં કહેલ કે બાદરનિગોદના જીવો પણ અવ્યવહારરાશિમાં સ્વીકારવા જોઈએ. ત્યાર પછી પૂર્વપક્ષીએ ત્રણ અનુમાન કરેલ (૧) બાદરનિગોદના જીવો વ્યવહારી નથી. (૨) અનાદિમાન એવા સૂક્ષ્મ-બાદરના જીવો અવ્યવહારી જ છે. (૩) સંવ્યવહારિકવાળા જીવો અવશ્ય સિદ્ધ થાય છે; કેમ કે આવલિકાના અસંખ્ય ભાગ પુદ્ગલપરાવર્તના સમયના પરિમાણ તુલ્ય પરિમિત સંખ્યાવાળા છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી અનેક પ્રકરણ ગ્રંથની સાક્ષી આપીને સ્થાપન કર્યું કે બાદરનિગોદના જીવો અવ્યવહારરાશિવાળા નથી, પરંતુ અનાદિ સૂક્ષ્મનિગોદના જીવો જ અવ્યવહારરાશિવાળા છે. હવે તે સર્વ કથનનું નિગમન કરતાં કહે છે –

તે કારણથી આવા પ્રકારનાં વચનો વડે અનાદિ સૂક્ષ્મનિગોદનું જ અસંવ્યવહારિકપણું છે. અને અન્યોનું=અનાદિ સૂક્ષ્મનિગોદથી અન્ય જીવોનું, વ્યવહારિકપણું છે. તે પ્રમાણે સ્થિત હોતે છતે પર વડે કહેવાયેલી=નવીન કલ્પના કરનાર વડે કહેવાયેલી, એક યુક્તિ બાકી રહે છે. "ત્યાં જેટલા સિદ્ધ થાય છે." **ઈત્યાદિ દ્વારા વ્યવહારરાશિથી સિદ્ધોનું અનંતગુણપણું વ્યવસ્થાપન કર્યું અને તેનાથી બાદરનિગોદનું અનંતગુણપણું હોવાને કારણે=સિદ્ધો કરતાં અનંતગુણપણું હોવાને કારણે બાદરનિગોદના જીવોનું અવ્યવહારીપણું વ્યવસ્થાપન કરાયું=પૂર્વપક્ષી દ્વારા સ્થાપન કરાયું તે અસત્ છે.**

કેમ અસત્ છે ? તેમાં યુક્તિ બતાવે છે –

તેનાથી=જેટલા સિદ્ધ થાય છે તેટલા અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે એ પ્રકારના શાસ્ત્રવચનથી, સિદ્ધિ અવચ્છિન્ન વ્યવહારરાશિની અપેક્ષાથી=જેટલા સિદ્ધ થયા છે તેનાથી નીકળીને વર્તમાનમાં વ્યવહારરાશિમાં આવ્યા છે. તેવા વ્યવહારરાશિના જીવોની અપેક્ષાથી, સિદ્ધોનું અનંતગુણ સિદ્ધ હોવા છતાં પણ સામાન્ય અપેક્ષાએ=વ્યવહારરાશિમાં વર્તતા સર્વ જીવોની અપેક્ષાએ, તેની અસિદ્ધિ છે=વ્યવહારરાશિના કરતાં સિદ્ધોના અનંતગુણપણાની અસિદ્ધિ છે,

આ રીતે પૂર્વપક્ષીને જે એક યુક્તિ હતી, તે પણ અસત્ કેમ છે ? તે બતાવ્યું. હવે પૂર્વપક્ષીએ ત્રણ અનુમાન કરેલ, તેમાંથી બીજા અનુમાનમાં કહેલ કે અનાદિમાન્ એવા સૂક્ષ્મ-બાદરનિગોદના જીવો અવ્યવહારી જ છે. તેઓને અવ્યવહારી ન સ્વીકારવામાં આવે તો જીવો અવ્યવહારરાશિમાંથી વ્યવહારી બને છે અને સિદ્ધિમાં ગમન કરે છે તે અપર્યવસિત ઉપપન્ન થાય નહીં. તેનો ઉત્તર આપતાં કહે છે –

વ્યવહારિત્વનું ભવન અને સિદ્ધિગમનનું અપર્યવસિતપણું અનાદિ સૂક્ષ્મનિગોદથી નિયત વ્યવહારિત્વના અભિમુખ જીવોના નિર્ગમનથી અનુપપન્ન નથી.

વળી પૂર્વપક્ષીએ ત્રીજું અનુમાન કરેલ કે સાંવ્યવહારિક જીવો અવશ્ય સિદ્ધ થાય છે; કેમ કે વ્યવહારરાશિમાં રહેલા જીવોનું આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્તના જે સમયો છે તેટલા પરિમાણપણું હોવાના કારણે પરિમિતપણું છે. અને કાયસ્થિતિ સ્તોત્રમાં બતાવેલ કે વ્યવહારરાશિમાં આવેલા જીવો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત સંસારમાં ભમે છે. તેથી તેટલા કાળ પછી અવશ્ય તેઓ સિદ્ધ થશે. કેમ સિદ્ધ થાય ? તેનો ખુલાસો કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વ્યવહારી જીવોનું આવલિકાના અસંખ્યાતભાગપ્રમાણપુદ્ગલપરાવર્તમાનપણું હોવાને કારણે સર્વ વ્યવહારી જીવોની સિદ્ધિની આપત્તિ થાય. ત્યાં=સર્વ વ્યવહારીની સિદ્ધિની આપત્તિ છે તે કથનમાં, અભવ્યના વ્યવહારિકત્વના અનુરોધને કારણે નિગોદપણાથી, તિર્યંચપણાથી, નપુંસકપણાથી કાયસ્થિતિ પ્રતિપાદક સૂત્રોનું વ્યવહારિકવિશેષવિષયપણું કલ્પવું જોઈએ. અથવા સૂત્રનો અન્ય કોઈ અભિપ્રાય છે=કાયસ્થિતિ પ્રતિપાદક સૂત્રનો અભિપ્રાય છે, એ વિષયમાં બહુશ્રુતો જ પ્રમાણ છે. સૂત્રનો અભિપ્રાય અવશ્ય કોઈ વિચારવો જોઈએ, અન્યથા=સૂત્રનો અભિપ્રાય વિચાર્યા વગર કાયસ્થિતિ પ્રતિપાદકસૂત્રના વચનોને ગ્રહણ કરીને તેનાં વચનોથી ઉપલબ્ધ થતો સામાન્ય અર્થ ગ્રહણ કરીને આવલિકાના અસંખ્યભાગ પુદ્ગલપરાવર્તમાં સર્વ વ્યવહારી જીવોને સિદ્ધિની પ્રાપ્તિ છે એમ કહેવામાં આવે તો, ઘણા ભવ્ય જીવો આટલા કાળથી સિદ્ધ થશે. વળી અન્ય સ્વલ્પ કાળથી સિદ્ધ થશે. વળી બીજા સ્વલ્પતર કાળથી સિદ્ધ થશે. વળી કેટલાક મરુદેવી માતાની જેમ સ્વલ્પ જ કાળથી સિદ્ધ થશે. વળી અભવ્ય ક્યારે પણ સિદ્ધ થશે નહિ. ભવભાવનાવૃત્તિઆદિના વચનથી, અભવ્યોને ભવ્યોને જે ઉક્ત અધિક સંસારના ભેદનું કથન છે=આવલિકાના અસંખ્યાતભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારના ભેદનું કથન છે, તે ઉપપન્ન થાય નહિ.

જે વળી, પર વડે=નવીન કલ્પના કરનાર વડે, કહેવાયું –

"જે વળી કોઈક ઠેકાણે ક્વચિત્ આધુનિક પ્રકરણાદિમાં પ્રજ્ઞાપનાદિ આગમના વિરુદ્ધ વચનો છે. ત્યાં તીર્થાન્તરવર્તીઓને અસદ્ગ્રહનો અભાવ હોવાથી અનાભોગ જ કારણ છે. અને અભવ્યો વ્યવહારી નથી અને અવ્યવહારી પણ નથી, પરંતુ વ્યવહારિત્વાદિ વ્યપદેશથી બાહ્ય છે. તેથી તેઓ વ્યવહારિકમાં વિવક્ષિત નથી; કેમ કે તેઓનું=અભવ્યોનું સમ્યક્ત્વપ્રતિપતિતજીવોથી અનંતભાગવર્તીપણું હોવાના કારણે અલ્પપણું છે". **તે અતિ સાહસ વિજૃમ્ભિત છે; કેમ કે અભિપ્રાયને જાણ્યા વગર પ્રાચીન પ્રકરણના વિલોપમાં મહાઆશાતનાનો પ્રસંગ છે. અભવ્યોના પણ વ્યવહારિકના બહિર્ભાવમાં=પૂર્વપક્ષે કહ્યું એ પ્રમાણે અભવ્યોને વ્યવહારિત્વથી બાહ્ય સ્વીકારવામાં આવે તો, નિયત કાયસ્થિતિરૂપ સંસારના પરિભ્રમણની અનુપપત્તિ છે.**

અહીં પૂર્વપક્ષી કહે કે નિયત કાયસ્થિતિ બતાવનારાં સૂત્રો ભવ્યને આશ્રયીને છે, અભવ્યને આશ્રયીને નથી. તેથી નિયત કાયસ્થિતિરૂપ સંસારના પરિભ્રમણની અનુપપત્તિનો દોષ આવશે નહિ.

તેથી ત્રીજો હેતુ કહે છે – યાદૃચ્છિક કલ્પના વડે અસમંજસત્વનો પ્રસંગ છે=નિયત કાયસ્થિતિ પ્રતિપાદક સૂત્રો ભવ્યને આશ્રયીને છે, અભવ્યને આશ્રયીને નથી એ પ્રકારની યાદૃચ્છિક કલ્પનાથી અસમંજસત્વનો પ્રસંગ આવશે.

કેમ અસમંજસત્વનો પ્રસંગ આવશે ? તેથી ચોથો હેતુ કહે છે –

નોવ્યવહારિત્વ-નોઅવ્યવહારિત્વપરિભાષામાત્રનું અભવ્યની જેમ ઉક્ત અધિક સંસારવાળા જીવોમાં પણ=પ્રકરણકારોએ આવલિકાના અસંખ્યભાગ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારમાં પરિભ્રમણ કરનારા વ્યવહારરાશિવાળા જીવો બતાવ્યા છે તેવા જીવોમાં પણ, કલ્પના કરવું શક્યપણું છે. આ=ગાથાની ટીકાના પ્રારંભમાં નવીન કલ્પના કરનાર મતનો પ્રારંભ કર્યો એ, કંઈ અર્થવાળું નથી. એ પ્રમાણે દિશા છે." ॥૯॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષી પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયને અનુસરીને અભવ્યોને અવ્યવહારી સ્થાપન કરે છે. ત્યાં ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને પ્રશ્ન કરે છે કે વ્યવહારરાશિવાળા જીવોનું જે લક્ષણ છે તે લક્ષણ અભવ્યોમાં ઘટતું નથી. માટે અભવ્ય અવ્યવહારી છે ? કે અભવ્યને અવ્યવહારી સ્વીકારવા માટે અવ્યવહારીપણાની નવી પરિભાષાનું પૂર્વપક્ષી આશ્રયણ કરે છે માટે અભવ્ય અવ્યહારી છે ? આ બે વિકલ્પો અભવ્યને અવ્યવહારી સ્વીકારવા માટે સંભવે. તેમાં પહેલો વિકલ્પ સંગત નથી; કેમ કે લોકવ્યવહારના વિષયભૂત પ્રત્યેક શરીરપણું આદિ વ્યવહારીપણાનું લક્ષણ અભવ્યમાં છે. વળી ઉપદેશપદમાં સ્પષ્ટ શબ્દોમાં અભવ્ય વ્યવહારરાશિ અંતર્ગત છે તેમ કહેલ છે. માટે અભવ્યમાં વ્યવહારિત્વ લક્ષણનો અયોગ સ્વીકારી શકાય નહિ. હવે જો પૂર્વપક્ષી નવી પરિભાષા કરે કે આવલિકાના અસંખ્યભાગ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારવાળા જે હોય તે અવ્યવહારી છે. તેવી પરિભાષાથી અભવ્યોને અવ્યવહારી સ્વીકારી શકાય પરંતુ તે પરિભાષા જો બહુશ્રુતો સ્વીકારે તો તેવી પરિભાષાથી અભવ્ય અવ્યવહારી સિદ્ધ થવા છતાં અવ્યક્ત મિથ્યાત્વવાળા છે તે સિદ્ધ થઈ શકે નહિ.

અને પૂર્વપક્ષીએ અનુમાન કરેલ કે અભવ્ય અવ્યક્ત મિથ્યાત્ववાળા છે, અવ્યવહારરાશિવાળા હોવાથી સંપ્રતિપન્ન નિગોદના જીવોની જેમ. તે સ્થાનમાં પરિભાષા કરાયેલા અવ્યવહારિત્વના બળથી અવ્યક્ત મિથ્યાત્વ સિદ્ધ થઈ શકે નહિ. પરંતુ અનાદિ વનસ્પતિમાં ઘટતું એવું અવ્યવહારીપણું હોય તો અભવ્ય અવ્યક્ત મિથ્યાત્વવાળા સિદ્ધ થઈ શકે. માટે પરિભાષાથી સ્વીકારાયેલા અભવ્યમાં અવ્યવહારીની સાથે ગ્રંથકારશ્રીને કોઈ વિરોધ નથી.

વળી, પૂર્વપક્ષીએ પ્રજ્ઞાપનાના પાઠના બળથી સ્થાપન કરેલ કે બાદરનિગોદના જીવોને વ્યવહારરાશિવાળા સ્વીકારી શકાય નહિ, તે પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં પણ જો પૂર્વપક્ષી અભવ્યમાં પારિભાષિક અવ્યવહારિત્વ સ્વીકારે તો તેના બળથી શાસ્ત્રસંમત એવા લક્ષણથી સિદ્ધ વ્યવહારીપણાનો નિષેધ કરી શકાય નહિ. અને બાદરનિગોદના જીવોમાં શાસ્ત્રસંમત એવું લક્ષણસિદ્ધ વ્યવહારીપણું છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે કે પૃથ્વી આદિ વિવિધ વ્યવહારમાં જે જનારા હોય તે વ્યવહારી કહેવાય. અને તેવું વ્યવહારીપણું સૂક્ષ્મનિગોદના જીવોથી અન્ય સર્વજીવોમાં ઘટે છે. માટે બાદરનિગોદના જીવોને વ્યવહારરાશિ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. વળી પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયથી પણ બાદરનિગોદના જીવો વ્યવહારરાશિમાં છે તેમ ગ્રંથકારશ્રી યુક્તિથી બતાવે છે.

વળી ઉપમિતિ આદિ અનેક ગ્રંથોના બળથી ગ્રંથકારશ્રીએ બતાવેલ કે બાદરનિગોદના જીવો વ્યવહારરાશિમાં છે. તેથી જ્યારે અનેક પ્રકરણકારોના વચનથી સિદ્ધ થતું હોય કે અનાદિ સૂક્ષ્મનિગોદના જીવો જ અસંવ્યવહારિક છે અને અન્ય સર્વ જીવો વ્યવહારિક છે, ત્યારે બાદરનિગોદના જીવોને અવ્યવહારરાશિમાં સ્વીકારી શકાય નહિ. ફક્ત પૂર્વપક્ષીએ પૂર્વમાં ત્રણ અનુમાનો કરેલ, તેમાંથી પહેલા અનુમાનમાં કહેલ કે બાદરનિગોદના જીવો વ્યવહારી નથી તેનું નિરાકરણ થાય છે. આમ છતાં તેને યુક્તિ આપેલ કે "જેટલા સિદ્ધ થાય છે તેટલા અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે." એ વચન પ્રમાણે વ્યવહારરાશિમાં રહેલા જીવો કરતાં સિદ્ધોનું અનંતગણું પ્રાપ્ત થાય; કેમ કે જે જીવો વર્તમાનમાં વ્યવહારરાશિમાં છે. તેઓ સિદ્ધના ગમનથી અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવેલા છે. અને સિદ્ધમાં ગયેલા જીવો પણ કોઈક સિદ્ધના ગમનથી અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવીને સિદ્ધિમાં ગયા છે. તેથી વ્યવહારરાશિ કરતાં સિદ્ધોનું અનંતગુણુ સ્વીકારવું પડે. અને બાદરનિગોદના જીવો સિદ્ધ કરતાં અનંતગુણા છે. માટે બાદરનિગોદના જીવોને વ્યવહારરાશિવાળા સ્વીકારી શકાય નહિ. આ પ્રકારની પૂર્વપક્ષીની એક યુક્તિ પ્રાપ્ત થાય છે તે પણ ઉચિત નથી. તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

વ્યવહારરાશિમાં રહેલા જીવો બે પ્રકારના છે. (૧) સિદ્ધિમાં ગયેલા જીવોથી અવચ્છિન્ન. કે જેની અપેક્ષાએ સિદ્ધના જીવો અનંતગુણા છે. અને (૨) જેઓ કોઈ પણ જીવના સિદ્ધિના ગમનથી વ્યવહારરાશિમાં આવેલા નથી તેવા સામાન્યથી બાદરનિગોદમાં રહેલા અને લોકપથના વ્યવહારમાં આવેલા એવા જીવોને ગ્રહણ કરીને સર્વ વ્યવહારરાશિથી સિદ્ધના જીવો અનંતગુણા નથી. આનાથી એ ફલિત થાય કે જેમ અનાદિથી સંસાર છે તેમ અનાદિથી સૂક્ષ્મનિગોદ અને બાદરનિગોદ છે. અને બાદરનિગોદમાં આવેલા જીવો

વ્યવહારપથમાં આવનારા છે. છેદન-ભેદનાદિને પ્રાપ્ત કરનારા છે. તેઓ પણ અનાદિકાળથી બાદર-સૂક્ષ્મનિગોદોમાં જા-આવ કરે છે. તેઓ વ્યવહારરાશિવાળા છે. અને જેઓ કોઈક સિદ્ધના ગમનથી અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવેલા છે. તેવા વ્યવહારરાશિવાળા જીવો સિદ્ધિમાં ગયેલા જીવોથી અવચ્છિન્ન છે. અને તેઓ વ્યવહારરાશિમાં અનંત હોવા છતાં તેઓ કરતાં અનંતગુણા સિદ્ધના જીવો છે.

વળી પૂર્વપક્ષીએ ત્રીજું અનુમાન કરેલ કે સાંવ્યવહારિક જીવો આવલિકાના અસંખ્યાતમાભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્તના સમયના પરિમાણવાળા હોવાથી પરિમિત છે માટે સાંવ્યવહારિક રાશિમાં રહેલા બધા જ જીવો અવશ્ય સિદ્ધ થાય છે. તેનું સમાધાન કરતાં કહે છે કે પૂર્વપક્ષીએ આપેલી આ આપત્તિ પ્રાપ્ત થાય પરંતુ અભવ્ય વ્યવહારરાશિમાં છે તે શાસ્ત્રસિદ્ધ છે અને તેઓ ક્યારેય મોક્ષે જતા નથી તે શાસ્ત્રસંમત છે. તેથી કાયસ્થિતિ પ્રતિપાદક સૂત્રો જે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બતાવે છે તે નિગોદ રૂપે, તિર્યંચરૂપે કે નપુંસકાદિરૂપે વ્યાવહારિક વિશેષ વિષયવાળા છે તેમ કલ્પના કરવી જોઈએ. અથવા સૂત્રનો કોઈ અન્ય જ અભિપ્રાય છે તે વિષયમાં બહુશ્રુતો પ્રમાણ છે.

આશય એ છે કે પૂર્વે બતાવેલ કાયસ્થિતિ સૂત્રમાં કહેલ કે "તિર્યંચગતિ, અસંજ્ઞી પંચેન્દ્રિય, વનસ્પતિમાં હે નાથ ! ઉત્કૃષ્ટથી હું આવલિકાના અસંખ્યભાગ પુદ્ગલપરાવર્ત ભમ્યો." તે કથનને તિર્યંચરૂપે કે નપુંસકરૂપે ગ્રહણ કરીને વિશેષ વ્યવહારરાશિમાં રહેલા જીવોને આશ્રયીને છે પરંતુ વ્યવહારરાશિમાં રહેલા સર્વજીવોને આશ્રયીને નથી, એ પ્રમાણે જે જે કાયસ્થિતિના પ્રતિપાદક સૂત્રો છે તે સર્વ વ્યવહારી જીવોને આશ્રયીને નથી પરંતુ વ્યવહારરાશિમાં રહેલા નિગોદના જીવો કે કોઈક અન્ય જીવોને આશ્રયી છે તેમ માનવું જોઈએ. અને સૂત્રનો અભિપ્રાય કોઈક વિશેષ છે તેનો વિચાર અવશ્ય કરવો જોઈએ. અને ન કરવામાં આવે તો ભવભાવનાવૃત્તિઆદિના વચનથી અભવ્યોને અને ભવ્ય જીવોને આવલિકાના અસંખ્યભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારનું કથન છે તે ઘટે નહિ.

વળી જે પૂર્વપક્ષીએ કહેલ કે આધુનિક પ્રકરણાદિમાં પ્રજ્ઞાપનાદિ આગમના વિરુદ્ધ વચનો દેખાય છે ત્યાં આધુનિક પ્રકરણકાર ભગવાનના શાસનમાં રહેલા હોવાથી તેઓને ભગવાનના વચનથી વિપરીત કહેવાનો પરિણામ નથી તોપણ અનાભોગથી જ તેઓએ વિપરીત કહેલું છે. વળી પૂર્વપક્ષીએ કહેલ કે "અભવ્યો વ્યવહારી કે અવ્યવહારી નથી પરંતુ વ્યવહારિત્વાદિ વ્યપદેશથી બહાર છે." તે પૂર્વપક્ષીનું અતિસાહસ વિજૃમ્ભિત છે; કેમ કે પ્રાચીન પ્રકરણકારોનો અભિપ્રાય શો છે ? તે જાણ્યા વગર તેઓનાં રચાયેલાં પ્રકરણો પ્રમાણભૂત નથી તેમ કહેવામાં મહાઆશાતનાનો પ્રસંગ છે. વળી, અભવ્યોને વ્યવહારિકથી બાહ્ય સ્વીકારવામાં આવે તો કાયસ્થિતિ પ્રતિપાદકસૂત્રાનુસાર નિયતકાયસ્થિતિરૂપ સંસારના પરિભ્રમણની અભવ્યોને અનુપપત્તિ થશે અર્થાત્ સૂક્ષ્મનિગોદમાંથી નીકળ્યા પછી અભવ્ય પણ નિયત કાયસ્થિતિને કહેનારા વચન અનુસાર તે તે કાયમાં ભમે છે તે તેમાં સંગત થાય નહીં; કેમ કે કાયસ્થિતિ પ્રતિપાદક સૂત્રો વ્યવહારરાશિમાં આવેલા જીવોને આશ્રયીને છે. અહીં પૂર્વપક્ષી કહે કે કાયસ્થિતિના પ્રતિપાદક સૂત્રો વ્યવહારરાશિમાં રહેલા ભવ્ય જીવોને આશ્રયીને છે. અભવ્યને આશ્રયીને નથી. તેને ગ્રંથકારશ્રી

કહે છે. પોતાની ઇચ્છાનુસાર કલ્પના કરવામાં અસમંજસ સ્વીકારની પ્રાપ્તિ થાય; કેમ કે કાયસ્થિતિ પ્રતિપાદક સૂત્રો અભવ્યને આશ્રયીને નથી, ભવ્યને આશ્રયીને છે. તેવો નિર્ણય છદ્મસ્થ કરી શકે નહિ. વળી, પૂર્વપક્ષી જેમ અભવ્યને નોવ્યવહારી નોઅવ્યવહારી સ્વીકારે છે. તેમ જે ભવ્યોને આવલિકાના અસંખ્યભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર છે તેઓને પણ નોવ્યવહારી-નોઅવ્યવહારી છે તેવી કલ્પના થઈ શકે. માટે સ્વઇચ્છાનુસાર કલ્પના કરવી ઉચિત નથી. ॥૯॥

अवतरणिका :-

तदेवमभव्यस्याप्याभिग्रहिकं मिथ्यात्वं भवतीति प्रदर्शयितुमाभिग्रहिकस्य षड्भेदा उक्ताः, अथानाभिग्रहिकादीनामपि सामान्येन बहुप्रकारत्वं निर्दिशन्नेतेषु गुरुलघुभावं विवेचयति –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વગાથામાં બતાવ્યું તે રીતે, અભવ્યને પણ આભિગ્રહિકમિથ્યાત્વ થાય છે. તે બતાવવા માટે આભિગ્રહિકમિથ્યાત્વના છ ભેદો કહેવાયા. હવે અનાભિગ્રહિકાદિ પણ મિથ્યાત્વનું સામાન્યથી બહુ પ્રકારપણું બતાવતા આમાં=પાંચ મિથ્યાત્વમાં ગુરુ-લઘુભાવને=કયું મિથ્યાત્વ અધિક અનર્થકારી છે અને કયું મિથ્યાત્વ સમ્યક્ત્વને સન્મુખભાવવાળું છે ? એવા ગુરુ-લઘુભાવનું વિવેચન કરે છે –

ગાથા :-

अणभिग्गहिआईणवि आसयभेएण हुंति बहुभेआ ।
लहुआइं तिण्णि फलओ एएसुं दुन्नि गरुआइं ।।१०।।

છાયા :-

अनाभिग्रहिकादीनामप्याशयभेदेन भवन्ति बहुभेदाः ।
लघूनि त्रीणि फलतो एतेषु द्वे गुरुणी ।।१०।।

अन्वयार्थ :-

अणभिग्गहिआईणवि=અનાભિગ્રહિકાદિ મિથ્યાત્વના પણ, आसयभेएण=આશયના ભેદથી, बहुभेआ हुंति=બહુ ભેદો થાય છે. एएसुं=આમાં=આ પાંચે મિથ્યાત્વોમાં, फलओ=ફળથી, तिण्णि=ત્રણ મિથ્યાત્વ, लहुआइं=લઘુ છે, અને दुन्नि=બે મિથ્યાત્વ, गरुआइं=ગુરુ છે. ॥૧૦॥

ગાથાર્થ :-

અનાભિગ્રહિકાદિ મિથ્યાત્વના પણ આશયના ભેદથી બહુ ભેદો થાય છે. આમાં=આ પાંચે મિથ્યાત્વોમાં, ફળથી ત્રણ મિથ્યાત્વ લઘુ છે અને બે મિથ્યાત્વ ગુરુ છે. ॥૧૦॥

ટીકા :-

अणभिग्गहिआईणवित्ति । अनाभिग्रहिकादीनामपि मिथ्यात्वानां आशयभेदेन=परिणामविशेषेण बहवो भेदा भवन्ति, तथाहि–अनाभिग्रहिकं किंचित्सर्वदर्शनविषयं यथा 'सर्वाणि दर्शनानि शोभनानि इति । किंचिद्देशविषयं यथा 'सर्व एव श्वेतांबरदिगंबरादिपक्षाः शोभनाः' इत्यादि । आभिनिवेशिकमपि मतिभेदाभिनिवेशादिमूलभेदादनेकविधं जमालिगोष्ठामाहिलादीनाम्, उक्तं च व्यवहारभाष्ये –

मइभेएण जमाली पुव्विं वुग्गाहिएण गोविंदो ।

संसग्गीए भिक्खू गोट्ठामाहिल अहिणिवेसा ।। **त्ति**

सांशयिकमपि सर्वदर्शनजैनदर्शनतदेकदेशपदवाक्यादिसंशयभेदेन बहुविधम् । अनाभोगोऽपि सर्वांशविषयाव्यक्तबोधस्वरूपो विवक्षितकिंचिदंशाव्यक्तबोधस्वरूपश्चेत्यनेकविधः न खलु महा-मोहशैलूषस्यैको नर्त्तनप्रकारोस्तीति । एतेष्वाभिग्रहिकादिषु मिथ्यात्वेषु मध्ये त्रीण्यनाभिग्रहिक-सांशयिकानाभोगरूपाणि फलतः प्रज्ञापनीयतारूपं गुरुपारतन्त्र्यरूपं च फलमपेक्ष्य लघूनि, विपरीता-वधारणरूपविपर्यासव्यावृत्तत्वेनैतेषां क्रूरानुबन्धफलकत्वाभावात् । द्वे आभिग्रहिकाभिनिवेशलक्षणे मिथ्यात्वे गुरू (गुरुणी) विपर्यासरूपत्वेन सानुबन्धक्लेशमूलत्वात् । उक्तं चोपदेशपदे –

एसो अ एत्थ गुरुओ णाऽणज्झवसायसंसया एवं ।

जम्हा असप्पवित्ती एत्तो सव्वत्थणत्थफला ।।

दुष्प्रतीकारोऽसत्प्रवृत्तिहेतुत्वेनैव विपर्यासोऽत्र गरीयान् दोषः, न त्वनध्यवसायसंशयावेवंभूतौ, अतत्त्वाभिनिवेशाभावेन तयोः सुप्रतीकारत्वेनात्यन्तानर्थसंपादकत्वाभावादित्येतत्तात्पर्यार्थः ।।१०।।

ટીકાર્થ :-

अनाभिग्रहिकादीनामपि ..... तात्पर्यार्थः ।। 'अणभिग्गहिआईणवित्ति' પ્રતીક છે. અનાભિગ્રહિકાદિ પણ મિથ્યાત્વના આશયના ભેદથી=પરિણામવિશેષથી, ઘણા ભેદો છે. તે આ પ્રમાણે –

અનાભિગ્રહિક પણ કોઈક સર્વ દર્શન વિષયક હોય છે. જેમકે "સર્વ દર્શન સુંદર છે." કોઈક દેશ વિષયક અનાભિગ્રહિક હોય છે. જેમકે સર્વ શ્વેતાંબર-દિગંબરાદિ પક્ષો સુંદર છે. ઇત્યાદિથી દેશ વિષયક અન્ય વિકલ્પોનું ગ્રહણ છે. જમાલી, ગોષ્ઠામાહિલ આદિનું આભિનિવેશિક પણ મતિભેદના અભિનિવેશાદિમૂલકભેદથી અનેક પ્રકારનું છે. અને વ્યવહાર ભાષ્યમાં કહેવાયું છે –

"મતિભેદથી જમાલીને અભિનિવેશમિથ્યાત્વ હતું, પૂર્વવ્યુદ્ગ્રાહિતપણાથી ગોવિંદને આભિનિવેશિક હતું. સંસર્ગથી ભિક્ષુને આભિનિવેશિક હતું અને અભિનિવેશથી ગોષ્ઠામાહિલને આભિનિવેશિક હતું."

'इति' શબ્દ વ્યવહારભાષ્યના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

સાંશયિક પણ સર્વ દર્શન, જૈનદર્શન, તેના એક દેશ, એક પદ, એક વાક્યાદિમાં સંશયના ભેદથી ઘણા પ્રકારનું છે. અનાભોગ પણ સર્વાંશવિષયઅવ્યક્તબોધસ્વરૂપ અને વિવક્ષિત કિંચિત્ અંશ વિષયક અવ્યક્તબોધસ્વરૂપ એ પ્રમાણે અનેક પ્રકારનું છે.

અનાભિગ્રહિકાદિ ચાર મિથ્યાત્વના અનેક પ્રકારો બતાવ્યા અને આભિગ્રહિકમિથ્યાત્વના છ ભેદો પૂર્વની ગાથામાં બતાવ્યા. આ રીતે મિથ્યાત્વના અનેક ભેદો કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

મહામોહરૂપી નટના નર્તનનો પ્રકાર એક નથી. 'ઇતિ' શબ્દ મિથ્યાત્વના અવાંતર અનેક ભેદોમાં હેતુની ની સમાપ્તિ માટે છે.એથી આ આભિગ્રહિકાદિ મિથ્યાત્વમાં અનાભિગ્રહિક, સાંશયિક, અનાભોગરૂપ ત્રણ ફલથી=પ્રજ્ઞાપનીયતારૂપ અથવા ગુરુ પારતંત્ર્યરૂપ ફળની અપેક્ષાએ, લઘુ છે; કેમ કે વિપરીત અવધારણરૂપ વિપર્યાસના વ્યાવૃતપણાને કારણે ક્રૂરઅનુબંધરૂપ ફલકપણાનો અભાવ છે. આભિગ્રહિક અને આભિનિવેશિકરૂપ બે મિથ્યાત્વ ગુરુ છે; કેમ કે વિપર્યાસરૂપ હોવાને કારણે સાનુબંધ ક્લેશમૂલપણું છે. અને ઉપદેશપદમાં કહેવાયું છે –

"અને આ=વિપર્યાસ, અહીં ગુરુ છે. અનધ્યવસાય અને સંશય એવા નથી, જે કારણથી આનાથી=વિપર્યાસથી સર્વઅનર્થફલવાળી અસત્પ્રવૃત્તિ થાય છે."

અસત્પ્રવૃત્તિના હેતુપણારૂપે જ દુષ્પ્રતિકારવાળો એવો વિપર્યાસ અહીં=સંશય, અનધ્યવસાય અને વિપર્યાસમાં મોટો દોષ છે પરંતુ અનધ્યવસાય અને સંશય આવા પ્રકારના નથી; કેમ કે અતત્ત્વના અભિનિવેશના અભાવના કારણે તે બેનું=સંશય અને અનધ્યવસાયનું, સુપ્રતીકારપણું હોવાને કારણે અત્યંત અનર્થ સંપાદકત્વનો અભાવ છે. એ પ્રકારે આનો=ઉપદેશપદની સાક્ષીપાઠનો તાત્પર્યાર્થ છે. ॥૧૦॥

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં આભિગ્રહિકમિથ્યાત્વના અવાંતર છ ભેદો બતાવ્યા. હવે પ્રસ્તુત ગાથામાં બાકીના ચાર મિથ્યાત્વના અવાંતર ભેદો બતાવે છે.

(૨) અનાભિગ્રહિકમિથ્યાત્વના પ્રકારો :-

અનાભિગ્રહિકમિથ્યાત્વના પરિણામના ભેદથી ઘણા ભેદો થાય છે. જેમ કેટલાક જીવો યોગમાર્ગની રુચિ થવાથી યોગ વિષયક પ્રવૃત્તિ કરે છે. અને સર્વ દર્શનોના યોગમાર્ગને જાણવા યત્ન કરે છે. અને વિશેષ પ્રજ્ઞા ન હોવાથી વિચારે છે કે સર્વ દર્શનકારો મોક્ષની વાતો કરે છે, ત્યાગ-તપની વાતો કરે છે. અહિંસાદિ ધર્મ કહે છે. તેથી સર્વ દર્શનો સુંદર છે. આ પ્રકારનું સર્વજ્ઞ કથિત ધર્મ અને લૌકિક ધર્મ સર્વને સુંદર કહેવાનો અધ્યવસાય (૧) અનાભિગ્રહિકમિથ્યાત્વ છે. વળી કેટલાક જીવો જૈનદર્શનને સ્વીકારતા હોય. અન્યદર્શનને સુંદર ન માનતા હોય તોપણ જૈનદર્શનના સ્થાનકવાસી, શ્વેતાંબરાદિ સર્વ ભેદોમાં સમાનપણાની બુદ્ધિ થવાથી આ સર્વ દર્શનો સુંદર છે. એ દેશ વિષયક (૨) અનાભિગ્રહિકમિથ્યાત્વ છે. એ રીતે અન્ય-અન્ય રીતે દેશ વિષયક અનાભિગ્રહિકના અનેક ભેદો થઈ શકે છે.

(૩) આભિનિવેશિકમિથ્યાત્વના પ્રકારો :-

આભિનિવેશિકમિથ્યાત્વ પણ મતિભેદાદિથી અનેક પ્રકારનું છે. જેમ જમાલીને મતિભેદથી આભિનિવેશિકમિથ્યાત્વ થયેલ; કેમ કે "સંથારો પથરાતો હતો ત્યારે સંથારો પથરાઈ ગયો" એ વચનથી જમાલીને મતિભેદ થયેલો. અને તેના કારણે પોતાના બોલાયેલા વચનમાં આદરરૂપ અભિનિવેશથી મિથ્યાત્વ થયેલ. વળી, ગોવિંદાચાર્ય પૂર્વમાં વ્યુદ્ગ્રાહિત હોવાથી આભિનિવેશિકમિથ્યાત્વ હતું. ગોવિંદાચાર્ય બૌદ્ધ દર્શનના વિદ્વાન પુરુષ હતા અને સ્યાદ્વાદીથી પોતાનો પરાજય થતો હોવાને કારણે સ્યાદ્વવાદના અધ્યયનના આશયથી દીક્ષા ગ્રહણ કરેલ, તોપણ તેઓમાં પૂર્વે સ્યાદ્વાદ દર્શન તત્ત્વને કહેનારું નથી એવું વિપરીત ગ્રહણ હતું. તેથી સ્યાદ્વાદ ભણવા છતાં ક્ષણિકવાદ સત્ય છે તેવો બોધ હતો. તેથી ક્ષણિકવાદ પ્રત્યે જે તેમનો અભિનિવેશ હતો તે પૂર્વમાં વ્યુદ્ગ્રાહિતપણાને કારણે હતો. અને જ્યારે શાસ્ત્રના અધ્યયન કરતાં કરતાં કોઈક શાસ્ત્રનાં વચનોથી પૂર્વે જે વિપરીત ગ્રહણ હતું તે નિવર્તન પામે છે. તેથી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા તે મહાત્મા બને છે. વળી, સંસર્ગથી ભિક્ષુકને આભિનિવેશિકમિથ્યાત્વ હતું. ભિક્ષુ નામના કોઈક સાધુને અન્યદર્શનીના સંસર્ગને કારણે તે દર્શન પ્રત્યે સુંદરતાની બુદ્ધિરૂપ આભિનિવેશિકમિથ્યાત્વ હતું. વળી, ગોષ્ઠામાહિલને કોઈક સ્થાનમાં વિપરીત અભિનિવેશને કારણે આભિનિવેશિકમિથ્યાત્વ હતું.

(૪) સાંશયિકમિથ્યાત્વના પ્રકારો :-

વળી સાંશયિકમિથ્યાત્વ પણ અનેક પ્રકારનું છે. જેમ કેટલાક તત્ત્વના અર્થી જીવો સર્વ દર્શનનો અભ્યાસ કરતા હોય અને સર્વ દર્શનોના પદાર્થમાં કોઈક કોઈક સ્થાને યુક્તિથી પદાર્થનો નિર્ણય ન કરી શકે તો સંશય થાય કે આ સર્વ દર્શનો તત્ત્વને બતાવનારાં છે છતાં આ સ્થાનમાં તેઓનું વચન યથાર્થ છે કે નહિ ? તેવા જીવોને સર્વ દર્શન વિષયક સંશય થવાને કારણે અર્થાત્ આ સર્વ દર્શનોમાંથી કોઈક દર્શન સર્વજ્ઞથી પ્રરૂપિત છે કે નહિ ? એ પ્રકારનો સંશય થવાથી સાંશયિકમિથ્યાત્વ વર્તે છે. વળી કેટલાક જીવોને જૈનદર્શન જ સર્વજ્ઞ કથિત છે તેવો નિર્ણય હોય અને તત્ત્વના અર્થી એવા તે જીવોને જૈનદર્શનના વચનમાં ક્યાંક સંશય થાય અને તેથી ભગવાનના વચનમાં સંદેહ ઉત્પન્ન થાય કે આ વચન યથાર્થ છે કે નહિ ? તો તે સાંશયિકમિથ્યાત્વ બને. વળી કેટલાકને જૈનદર્શનના એક દેશમાં કે ભગવાને કહેલાં શાસ્ત્રોના એક પદમાં, વાક્યમાં સંશય થાય તો તે પણ સાંશયિકમિથ્યાત્વ છે. આ રીતે સાંશયિકમિથ્યાત્વના અનેક ભેદો પડે છે.

(૫) અનાભોગમિથ્યાત્વના પ્રકારો :-

અનાભોગમિથ્યાત્વ પણ અનેક પ્રકારનું છે – જેમ કેટલાક જીવોને તત્ત્વમાર્ગ વિષયક કોઈ વિચારણા જ હોતી નથી. તેથી આત્મકલ્યાણ માટે શું કરવું અને શું ન કરવું જોઈએ ? તે વિષયમાં સર્વથા અનાભોગ વર્તે છે. તેથી યોગમાર્ગમાં વિષયમાં સર્વાંશમાં જેઓને અવ્યક્ત બોધ છે, તેઓને સર્વાંશ વિષયક અનાભોગ વર્તે છે. વળી કેટલાક જીવો તત્ત્વના અર્થી હોય છે. અને તત્ત્વને જાણવા માટે સ્વશક્તિ અનુસાર ઉદ્યમ કરે છે. તોપણ ભગવાનના વચનના પારમાર્થિક રહસ્યની પ્રાપ્તિ વિષયક કોઈક સ્થાનમાં અવ્યક્ત બોધ વર્તે છે. માટે સમ્યક્ત્વમાં અપેક્ષિત જઘન્ય બોધમાં પણ કોઈક સ્થાનનો તે ઊહ કરી શકતા નથી. તેથી તેવા

જીવોને વિવક્ષિત એવા કોઈક તત્ત્વ વિષયક અનાભોગ છે, જે અનાભોગને કારણે તેઓમાં સમ્યક્ત્વ નથી. આ પ્રકારનો સમ્યક્ત્વની પ્રાપ્તિમાં વ્યાઘાતક એવો અવ્યક્ત બોધ ભિન્ન ભિન્ન સ્થાનને આશ્રયીને અનેક વિકલ્પવાળો બને છે. તેથી અનાભોગમિથ્યાત્વના પણ અનેક પ્રકારો છે.

આ રીતે પાંચે મિથ્યાત્વના અવાંતર અનેક ભેદો બતાવ્યા. ત્યાં પ્રશ્ન થાય કે મિથ્યાત્વ વિપરીત રુચિરૂપ છે. તેથી તેના અનેક ભેદો કેમ છે ? વિપરીત રુચિરૂપ એક ભેદ કેમ નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે – જીવને મહામોહરૂપી નટના નચાવવાના અનેક પ્રકારો છે. એક પ્રકાર નથી. તેથી જીવમાં વર્તતું મિથ્યાત્વમોહનીય-જીવને કર્મરૂપ નટ એક સ્વરૂપે નચાવતો નથી પરંતુ કોઈક ને કોઈક સ્વરૂપે નચાવે છે તો કોઈકને અન્ય સ્વરૂપે નચાવે છે. તે મહામોહના નર્તનને કારણે જ જીવને મિથ્યાત્વના જુદા જુદા પરિણામો થાય છે. તેથી મિથ્યાત્વના અનેક ભેદો પડે છે.

આ પાંચ મિથ્યાત્વમાંથી અનાભિગ્રહિક, સાંશયિક અને અનાભોગરૂપ ત્રણ મિથ્યાત્વો ઉપદેશાદિની સામગ્રી મળે તો જે જીવો પ્રજ્ઞાપનીય હોય અને ગુણવાન ગુરુનું પારતંત્ર્ય મળે તો તે મિથ્યાત્વ નિવર્તન પામે તેમ હોય તે જીવોની અપેક્ષાએ લઘુ છે. અર્થાત્ તેઓમાં રહેતો વિપરીત બોધ અતિદૃઢ નથી પરંતુ સામગ્રી પામીને નિવર્તન પામે તેવો છે. તેથી તે મિથ્યાત્વકાળમાં તત્સહવર્તી અનંતાનુબંધી કષાયના ઉદયને કારણે અનંતસંસારની પ્રાપ્તિ થાય તેવો અનુબંધ હોવા છતાં તે અનુબંધ અતિક્રૂર નથી અર્થાત્ તે અનુબંધ સોપક્રમ હોવાથી નિવર્તન પામે તેવો છે.

આશય એ છે કે જીવમાં વર્તતો વિપર્યાસ ઉત્તરોત્તરના વિપર્યાસને નિષ્પન્ન કરીને જીવોને દીર્ઘકાલ સુધી સંસારના પરિભ્રમણનું કારણ બને છે. આમ છતાં આ ત્રણ મિથ્યાત્વમાં રહેલો વિપર્યાસ શિથિલ મૂળવાળો હોવાથી તે જીવો પ્રજ્ઞાપનીય હોય છે. તેથી ઉપદેશક ન મળે તોપણ તેઓમાં દૃઢવિપર્યાસ ન હોવાથી તેઓનું અત્યંત અહિત થતું નથી અને ઉપદેશક મળે તો ગુણવાનનું પારતંત્ર્ય સ્વીકારીને નિવર્તન પામે છે. તેથી પૂર્વે વિપર્યાસને કારણે જે અનુબંધ ચલાવે તેવાં કર્મ બંધાયેલાં તે પણ શિથિલ મૂળવાળું હોવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી નાશ પામે છે.

વળી આભિગ્રહિક અને આભિનિવેશિકમિથ્યાત્વ ગુરુ છે; કેમ કે તત્કાલ નિવર્તન પામે તેવાં નથી. માટે સાનુબંધ ક્લેશનાં કારણ છે. જ્યાં સુધી નિવર્તન પામે તેવા શિથિલ મિથ્યાત્વવાળાં થાય નહીં ત્યાં સુધી તેઓથી બંધાયેલાં કર્મો ઉત્તરોત્તરના ક્લેશની વૃદ્ધિનાં કારણ બને તેવાં હોય છે. આમ છતાં તેવા પણ જીવોનો તે વિપર્યાસ જ્યારે શિથિલ મૂળવાળો બને છે ત્યારે નિવર્તન પામે છે. આથી જ આભિગ્રહિકમિથ્યાત્વને પામેલ એવી કાલીદેવીનો જીવ પૂર્વે યથાછંદના કાળમાં અનિવર્તનીય વિપર્યાસવાળો હતો છતાં પાછળથી તે મિથ્યાત્વ શિથિલ થવાથી કાલી દેવીના ઉત્તરના ભવમાં તે જીવ મોક્ષની પ્રાપ્તિ કરશે. આભિનિવેશિકમિથ્યાત્વી એવા જમાલી પણ ૧૫-૧૬ ભવ પછી તે મિથ્યાત્વ શિથિલ થવાથી સમ્યક્ત્વને પામીને મોક્ષને પ્રાપ્ત કરશે. માટે આભિનિવેશિકમિથ્યાત્વ ગુરુ હોવા છતાં પાછળથી તે ભવમાં કે અન્ય ભવમાં શિથિલ થાય તો આભિનિવેશિકમિથ્યાત્વકાળમાં સાનુબંધ ક્લેશની શક્તિ જે હતી તે નિવર્તન પામે છે. **॥૧૦॥**

પૂર્વગાથા સાથે અવતરણિકાનો સંબંધ :-

પૂર્વગાથામાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અનાભિગ્રહિક, સાંશયિક અને અનાભોગ ત્રણ મિથ્યાત્વ ફલથી લઘુ છે. ત્યાં સાંશયિકમિથ્યાત્વમાં સંશય છે માટે મિથ્યાત્વ છે. અનાભોગમિથ્યાત્વમાં અનાભોગ છે માટે મિથ્યાત્વ છે. છતાં સાંશયિક અને અનાભોગમિથ્યાત્વમાં વર્તતા મિથ્યાત્વને ગ્રંથકારશ્રીએ લઘુ કહ્યાં. પરંતુ તે મિથ્યાત્વને લઘુ કહેવું ઉચિત નથી એ પ્રકારની દૃષ્ટિને સામે રાખીને 'ननु'થી કોઈ શંકા કરે છે –

अवतरणिका :-

नन्वत्र माषतुषादीनां चारित्रिणामेव संशयानध्यवसाययोरसत्प्रवृत्त्याननुबन्धित्वमुक्तं, तच्च युक्तं, तेषां मिथ्यात्वमोहनीयानन्तानुबन्धिनां प्रबलबोधविपर्यासकारिणां प्रबलक्रियाविपर्यासकारिणां च तृतीय-कषायादीनामभावात्, मिथ्यादृशां संशयानध्यवसाययोश्च न तथात्वं युक्तं, विपर्यासशक्तियुक्तत्वा-त्तेषाम्, अतः शुभपरिणामोऽपि तेषां फलतोऽशुभ एवोक्तः श्रीहरिभद्रसूरिभिः, तथाहि –

गलमच्छभवविमोअगविसन्नभोईण जारिसो एसो ।

मोहा सुहोवि असुहो तप्फलओ एवमेसोत्ति ।। **(उप. पद. १८८)**

'गलेत्यादि-गलो नाम प्रान्तन्यस्तामिषो लोहमयः कण्टको मत्स्यग्रहार्थं जलमध्ये संचारितः, तद्ग्रसनप्रवृत्तो मत्स्यस्तु प्रतीत एव, ततो गलेनोपलक्षितो मत्स्यो गलमत्स्यः । भवाद् दुःखबहुलकुयोनिलक्षणाद् दुःखितजीवान् काकशृगालपिपीलिकादीन् तथाविधकुत्सितवचनसंस्काारात्प्राणव्यपरोपणेन मोचयत्युत्तारयतीति भवविमोचकः पाखण्डविशेषः, विषेण मिश्रमन्नं तद् भुङ्क्ते तच्छीलश्च यः स तथाविधः ततो गलमत्स्यश्च भवविमोचकश्च विषान्नभोजी चेति द्वन्द्वः, तेषां यादृश एष=परिणामः प्रत्यपायफल एव, कुतः? मोहादज्ञानात्पर्यन्तदारुणतया शुभोऽपि स्वकल्पनया, स्वरुचिमन्तरेण तेषां तथा प्रवृत्तेरयोगात्सुन्दरोऽपि सन् अशुभः=संक्लिष्टः एव, कुतः? इत्याह-तत्फलतः=भावप्रधानत्वान्निर्देशस्य तत्फलत्वाद्=अशुभपरिणामफलत्वाद् । अथ प्रकृते योजयन्नाह - एवं=गलमत्स्यादिपरिणामवत्, एषोऽपि=जिनाज्ञोल्लङ्घनेन धर्मचारिपरिणामः तत्फलत्वादशुभ एव, आज्ञा-परिणामशून्यतयोभयत्रापि समानत्वेन तुल्यमेव किल फलम्' **इत्येतदाशङ्कायामाह –**

अवतरणिकार्थ :-

અહીં=ઉપદેશપદમાં, ચારિત્રી જ એવા માષતુષાદિના સંશયનું અને અનધ્યવસાયનું અસત્ પ્રવૃત્તિના અનનુબંધીપણું કહેવાયું છે=માષતુષાદિમાં વર્તતો સંશય અને અનધ્યવસાય ભગવાનના વચનથી વિરુદ્ધ પ્રવૃત્તિના ફલવાળો નથી તેમ કહેવાયું છે. અને તે યુક્ત છે; કેમ કે માષતુષાદિ મુનિઓને પ્રબલ બોધના વિપર્યાસકારી એવા મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધીનો અભાવ છે. અને પ્રબલ ક્રિયાના વિપર્યાસકારી એવા ત્રીજા કષાયાદિનો અભાવ છે. મિથ્યાદૃષ્ટિઓના સંશયનું અને અનધ્યવસાયનું

તથાપણું યુક્ત નથી=માષતુષાદિમુનિના જેવું પ્રબલ બોધના વિપર્યાસકારીપણાનું અભાવપણું યુક્ત નથી; કેમ કે તેઓનું=સાંશયિક અને અનાભોગ મિથ્યાદૃષ્ટિનું, વિપર્યાસશક્તિયુક્તપણું છે=તેઓના સંશયમાં અને અનધ્યવસાયમાં વિપર્યાસશક્તિયુક્તપણું છે. આથી તેઓનો શુભ પરિણામ પણ=મિથ્યાત્વીઓનો શુભ પરિણામ પણ, હરિભદ્રસૂરિ વડે ફલથી અશુભ જ કહ્યો છે તે આ પ્રમાણે –

"ગલમત્સ્ય, ભવવિમોચક, વિષાન્ન ભોજીના જેવા પ્રકારનો આ=પરિણામ શુભ પણ તત્ફલથી અશુભ જ છે. એ રીતે આ પણ=મિથ્યાદૃષ્ટિનો શુભ પરિણામ પણ, તત્ફલથી અશુભ જ છે" **એમ અન્વય છે. (ઉપદેશપદ, ગાથા-૧૮૮)**

'ઈતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

ઉપદેશપદનો અર્થ ટીકાકાર સ્પષ્ટ કરે છે –

"ગલ=છેડામાં સ્થાપન કરાયેલા માંસવાળો લોહમય કાંટો, જે મત્સ્યના ગ્રહણ માટે જલમાં સંચારણ કરાયેલો હોય છે. તેના=માંસના ખાવા માટે પ્રવૃત્ત એવો મત્સ્ય પ્રતીત જ છે. ત્યાર પછી=ગલ અને મત્સ્યનો અર્થ કર્યા પછી, ગલમત્સ્યનો સમાસ સ્પષ્ટ કરે છે. ગલથી ઉપલક્ષિત એવો મત્સ્ય એ ગલમત્સ્ય. (આ સમાસથી એ પ્રાપ્ત થાય કે માછીમાર દ્વારા કાંટા ઉપર માંસ લગડિલું હોય, અને તે કાંટો જલમાં નંખાયેલો હોય, અને તે માંસ ખાવા જે મત્સ્ય પ્રવૃત્ત હોય તે મત્સ્ય ગલમત્સ્ય કહેવાય.) ભવથી=દુઃખબહુલ એવા કુયોનિરૂપ ભવથી, કાગડો, શિયાળ, કીડીઓ આદિ દુઃખિત જીવોને તેવા પ્રકારના કુત્સિત વચનના સંસ્કારથી="કોઈએ કહેલું હોય કે આવા દુઃખિત જીવોને મારી નાંખવાથી તેઓને દુઃખથી મુક્ત કરાય છે તે તેઓ પ્રત્યેની દયા છે". તેવા કુત્સિત વચનના સંસ્કારથી, પ્રાણના નાશ વડે જેઓ મુકાવે છે, એ ભવવિમોચક પાખંડ વિશેષ છે. વિષથી મિશ્ર એવું અન્ન, તેને જે ખાય, તેના સ્વભાવવાળો જે તે તેવો છે=વિષાન્નભોજી છે. ત્યાર પછી=ગલમત્સ્ય, ભવવિમોચક અને વિષાન્નભોજીનો અર્થ કર્યા પછી, ત્રણેનો સમાસ સ્પષ્ટ કરે છે – ગલમત્સ્ય, ભવવિમોચક અને વિષાન્નભોજીનો દ્વન્દ્વસમાસ છે. તેઓને=ગલમત્સ્યાદિને જેવો આ=પ્રત્યપાય ફળવાળો જ પરિણામ છે=અનર્થ ફળવાળો જ પરિણામ છે.

કેમ ? તેથી કહે છે –

મોહને કારણે=અજ્ઞાનને કારણે, પર્યંત દારૂણપણું હોવાથી સ્વકલ્પનાથી શુભ પણ=તેઓનો શુભ પરિણામ પણ, અશુભ જ=સંક્લિષ્ટ જ, છે.

તેઓના સ્વકલ્પનાથી શુભ પરિણામ કઈ રીતે છે ? તે કહે છે –

કેમ કે સ્વરુચિ વગર તેઓને તે પ્રકારની પ્રવૃત્તિનો અયોગ છે.

સ્વકલ્પનાથી સુંદર પણ પરિણામ સંક્લિષ્ટ જ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

તેના ફલથી એ કથનમાં નિર્દેશનું=તત્ફલતઃ એ પ્રકારના નિર્દેશનું, ભાવપ્રધાનપણું હોવાથી, તત્ફલતઃનો અર્થ તત્ફલત્વાત્ કરવાનો છે. અર્થાત્ અશુભ પરિણામનું ફલપણું છે. હવે પ્રકૃતમાં યોજનને કરે છે=ઉપદેશપદના

ઉદ્ધરણમાં ગલમત્સ્યાદિનો અર્થ કર્યા પછી ગાથાના અંતમાં જે પ્રકૃત કથન છે તેમાં તે ગલમત્સ્યાદિ પદાર્થનું યોજન કરતાં કહે છે – આ રીતે=ગલમત્સ્યાદિપરિણામની જેમ આ પણ=જિનાજ્ઞાના ઉલ્લંઘનથી ધર્મના આચારનો પરિણામ પણ, તત્ફલપણાથી=અશુભ ફલપણાથી અશુભ જ છે; કેમ કે આજ્ઞા પરિણામના શૂન્યપણાને કારણે ઉભયત્ર પણ=ધર્મની આચરણમાં અને ગલમત્સ્યાદિની પ્રવૃત્તિમાં પણ, સમાનપણું હોવાને કારણે સમાન જ ફલ છે." **એ પ્રકારની આ આશંકામાં=ઉદ્ધરણની પૂર્વે કહ્યું કે માષતુષાદિને સંશય અને અનધ્યવસાય પ્રબલ વિપર્યાસકારી નથી પરંતુ સાંશયિક અને અનાભોગ મિથ્યાદૃષ્ટિને તો સંશય અને અનધ્યવસાય વિપર્યાસ શક્તિ યુક્ત હોવાથી લઘુ કહી શકાય નહિ. એ પ્રકારની આ આશંકામાં, કહે છે –**

ભાવાર્થ :-

માષતુષાદિ મુનિઓ ચારિત્રના પરિણામવાળા છે તેથી નિયમા સમ્યગ્દૃષ્ટિ છે, તેથી ભગવાનના વચનમાં સંશય કે અનધ્યવસાય નથી. પરંતુ સ્થિર નિર્ણય છે કે સંસારથી નિસ્તારનો ઉપાય સર્વજ્ઞનું વચન છે અને સર્વજ્ઞના વચનથી કરાયેલી પ્રવૃત્તિ જ સંસારથી નિસ્તારનું કારણ છે અને સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણનારા ગુણવાન ગુરુ છે, તેવો સ્થિર નિર્ણય છે. તેથી સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરવા માટે ગુણવાન ગુરુના વચનથી જ સર્વ પ્રવૃત્તિ કરે છે, આમ છતાં ગુણવાન ગુરુ તેમની ભૂમિકાનુસાર ઉચિત બોધ કરાવવા અર્થે જે કંઈ ઉપદેશ આપે તે ઉપદેશવચનથી ગુરુ શું કહેવા માંગે છે ? તેવો નિર્ણય કોઈક સ્થાનમાં ન થાય તો માષતુષાદિ મુનિઓને સંશય પણ થાય છે કે ગુરુ આમ કહે છે કે આમ કહે છે અને કોઈ સ્થાનમાં ગુરુ જે કહે છે તેના વિષયમાં સ્પષ્ટ બોધ ન થાય તો અનાભોગ પણ વર્તે છે. તોપણ ભાવથી ચારિત્રના પરિણામવાળા એવા માષતુષાદિ મુનિના સંશય અને અનાભોગને લઘુ કહી શકાય. પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવોને તો જિનવચનમાં જ સંશય કે અનધ્યવસાય છે. તેથી સાંશયિક કે અનાભોગ મિથ્યાદૃષ્ટિ જીવોમાં જે સંશય છે તે ફલથી લઘુ છે એમ જે ગ્રંથકારશ્રીએ પૂર્વગાથામાં કહ્યું તે યુક્ત નથી; કેમ કે ઉપદેશપદમાં હરિભદ્રસૂરિ મહારાજા ગલમત્સ્યાદિના પરિણામ જેવો મિથ્યાદૃષ્ટિનો શુભ પરિણામ પણ ફલથી અશુભ જ છે તેમ કહેલ છે. માટે સાંશયિક અને અનાભોગ મિથ્યાદૃષ્ટિમાં વર્તતો સંશય અને અનાભોગ ફલથી લઘુ છે તેમ કહી શકાય નહિ. એ પ્રકારની કોઈકની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

मज्झत्थत्तं जायइ जेसिं मिच्छत्तमंदयाए वि ।
ण तहा असप्पवित्ती सदंधणाएण तेसिंपि ।।११।।

છાયા :-

मध्यस्थत्वं जायते येषां मिथ्यात्वमन्दतयाऽपि ।
न तथाऽसत्प्रवृत्तिः सदन्धज्ञातेन तेषामपि ।।११।।

અન્વયાર્થ :-

જેસિં=જેઓને, મિચ્છત્તમંદયાए વિ=મિથ્યાત્વની મંદતાથી પણ, મજ્ઝત્થત્તં જાયइ=મધ્યસ્થપણું થાય છે, તેસિંપિ=તેઓની પણ, સદંધણાएण=સદંધજ્ઞાતથી, તહા=તે પ્રકારે असप्पवित्ती ण=અસત્પ્રવૃત્તિ નથી=જે પ્રકારે અન્ય મિથ્યાત્વીઓની છે તે પ્રકારે અસત્પ્રવૃત્તિ નથી. ।।૧૧।।

ગાથાર્થ :-

જેઓને મિથ્યાત્વની મંદતાથી પણ મધ્યસ્થપણું થાય છે તેઓની પણ સદંધજ્ઞાતથી તે પ્રકારે અસત્પ્રવૃત્તિ નથી=જે પ્રકારે અન્ય મિથ્યાત્વીઓની છે તે પ્રકારે અસત્પ્રવૃત્તિ નથી. ।।૧૧।।

ટીકા :-

मज्झत्थत्तंति । 'मध्यस्थत्वं' रागद्वेषरहितत्वं, 'जायते येषां मिथ्यात्वमन्दतयाऽपि, किंपुनस्तत्क्षयोपशमादित्यपिशब्दार्थः, तेषामपि मन्दमिथ्यात्ववतामपि किं पुनः सम्यग्दृष्ट्यादीनाम्, न तथा दृढविपर्यासनियतप्रकारेण असत्प्रवृत्तिः स्यात्, केन? सदन्धज्ञातेन=समीचीनान्धदृष्टान्तेन, यथा हि सदन्ध सातवेद्योदयादनाभोगेनापि मार्ग एव गच्छति, तथा निर्बीजत्वेन निर्बीजभावाभिमुखत्वेन वा मोहापकर्षजनितमन्दरागद्वेषभावोऽनाभोगवान्मिथ्यादृष्टिरपि जिज्ञासादिगुणयोगान्मार्गमेवानुसरतीत्युक्तम्, उक्तं च ललितविस्तरायाम्–'अनाभोगतोऽपि मार्गगमनमेव सदन्धन्यायेन इत्यध्यात्मचिन्तकाः' इदमत्र हृदयं–यः खलु मिथ्यादृशामपि केषाञ्चित्स्वपक्षनिबद्धोद्धुरानुबन्धानामपि प्रबलमोहत्वे सत्यपि कारणान्तरादुपजायमानो रागद्वेषमन्दतालक्षण उपशमो भूयानपि दृश्यते, स पापानुबन्धिपुण्यबन्धहेतुत्वात्पर्यन्तदारुण एव, तत्फलसुखव्यामूढानां तेषां पुण्याभासकर्मोपरमे नरकादिपातावश्यंभावादित्यसत्प्रवृत्तिहेतुरेवायम्, यश्च गुणवत्पुरुषप्रज्ञापनाऽर्हत्वेन जिज्ञासादिगुणयोगान्मोहापकर्षप्रयुक्तरागद्वेषशक्तिप्रतिघातलक्षण उपशमः, स तु सत्प्रवृत्तिहेतुरेव, आग्रहविनिवृत्तेः सदर्थपक्षपातसारत्वादिति ।।११।।

ટીકાર્થ :-

'मध्यस्थत्वं' ..... सारत्वादिति ।। 'मज्झत्थत्तंति' પ્રતીક છે. મધ્યસ્થપણું=રાગદ્વેષરહિતપણું, જેઓને મિથ્યાત્વના મંદપણાથી પણ થાય છે. વળી તેના ક્ષયોપશમથી=મિથ્યાત્વના ક્ષયોપશમથી, તો મધ્યસ્થપણું થાય છે. તેનું શું કહેવું ? તે 'अपि' શબ્દનો અર્થ છે. તેઓને પણ=મંદ મિથ્યાત્વવાળાને પણ, વળી સમ્યક્ત્વીને શું કહેવું ? તેઓને પણ=મંદ મિથ્યાત્વવાળાને પણ, તે પ્રકારે=દૃઢ વિપર્યાસ સાથે નિયત પ્રકારે, અસત્પ્રવૃત્તિ થતી નથી.

કઈ રીતે થતી નથી ? તે કહે છે –

સદંધના દૃષ્ટાંતથી=સમીચીન એવા અંધ પુરુષના દૃષ્ટાંતથી અસત્પ્રવૃત્તિ થતી નથી.

તે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવ 'યથા'થી સ્પષ્ટ કરે છે –

જે પ્રકારે સદંધ પુરુષ શાતાવેદનીયના ઉદયને કારણે અનાભોગથી પણ માર્ગમાં જ જાય છે, તે પ્રકારે નિર્બીજપણું હોવાથી અથવા નિર્બીજભાવને અભિમુખપણું હોવાથી, મોહના અપકર્ષજનિત મંદ રાગદ્વેષના ભાવવાળો એવો અનાભોગવાળો મિથ્યાદૃષ્ટિ પણ જિજ્ઞાસાદિ ગુણના યોગને કારણે માર્ગને જ અનુસરે છે, એ પ્રમાણે કહેવાયું છે. અને લલિતવિસ્તરામાં કહેવાયું છે કે "અનાભોગથી પણ સદંધ ન્યાયથી માર્ગગમન જ છે. એ પ્રમાણે અધ્યાત્મચિંતકો કહે છે."

અહીં=ગાથાના કથનનું અત્યાર સુધી ટીકાનું વર્ણન કર્યું તેમાં, આ હૃદય છે=આ તાત્પર્ય છે – ખરેખર સ્વપક્ષમાં અત્યંત આગ્રહવાળા પણ કેટલાક મિથ્યાદૃષ્ટિઓને પણ પ્રબલ મોહપણું હોતે છતે પણ કારણાન્તરથી થતો જે રાગ-દ્વેષની મંદતારૂપ ઉપશમ ઘણી વખત પણ દેખાય છે, તે પાપાનુબંધી-પુણ્યબંધનું હેતુપણું હોવાથી પર્યંતમાં દારુણ જ છે.

કેમ પર્યંત દારુણ છે ? તેમાં હેતુ કહે છે –

તેના ફલના સુખમાં વ્યામૂઢ એવા તેઓને=કોઈક રીતે થયેલા રાગદ્વેષની મંદતારૂપ ઉપશમના ફલના સુખમાં વ્યામૂઢ એવા તે મિથ્યાદૃષ્ટિઓને, પુણ્યાભાસ કર્મોનો ઉપરમ થયે છતે નરકાદિ પાતનો અવશ્યંભાવ છે. એથી=ગાઢ મિથ્યાદૃષ્ટિઓનો ઉપશમ પણ પર્યંત દારુણ છે એથી, અસત્ પ્રવૃત્તિનો હેતુ જ આ છે=ઉપશમ છે. અને ગુણવાન પુરુષના પ્રજ્ઞાપનાને યોગ્યપણાથી જિજ્ઞાસાદિગુણના યોગથી મોહના અપકર્ષથી પ્રયુક્ત એવા રાગ-દ્વેષની શક્તિના પ્રતિઘાતરૂપ જે ઉપશમ તે વળી સત્પ્રવૃત્તિનો હેતુ જ છે; કેમ કે આગ્રહની નિવૃત્તિને કારણે સદર્થના પક્ષપાતનું પ્રધાનપણું છે. 'ઇતિ' શબ્દ 'ઇદમત્ર હૃદયં'થી શરૂ કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૧૧॥

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે માષતુષાદિ મુનિઓ જેવા મહાત્માઓને કોઈક ઠેકાણે સંશય કે અનધ્યવસાય હોય તેને લઘુદોષ કહી શકાય; કેમ કે જ્ઞાનાવરણીયાદિના ઉદયને કારણે તે પ્રકારે શાસ્ત્રના પદાર્થમાં કોઈક ઠેકાણે સ્પષ્ટ નિર્ણય ન થવાથી સંશય કે અનધ્યવસાય થાય છે. પરંતુ સાંશયિક કે અનાભોગ મિથ્યાદૃષ્ટિ જીવોને જે સંશય કે અનધ્યવસાય છે તે વિપર્યાસનું કારણ હોવાથી લઘુભૂત કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે જે જીવોમાં મિથ્યાત્વની મંદતાને કારણે પણ રાગ-દ્વેષ રહિતપણારૂપ મધ્યસ્થપણું થાય છે તેવા જીવોમાં પણ સદંધ ન્યાયથી તેઓનું મિથ્યાત્વ તે પ્રકારે અસત્પ્રવૃત્તિનો હેતુ થતો નથી. તેથી સાંશયિક મિથ્યાદૃષ્ટિમાં કે અનાભોગ મિથ્યાદૃષ્ટિમાં જે વિપર્યાસ છે તે અસત્પ્રવૃત્તિનો હેતુ હોવા છતાં અત્યંત અસત્પ્રવૃત્તિનો હેતુ નથી પરંતુ સદંધ ન્યાયથી તેઓ સમ્યક્ત્વને સન્મુખ જનારા છે. માટે તેઓના મિથ્યાત્વને પણ ગ્રંથકારશ્રીએ લઘુભૂત કહેલ છે.

વળી, જે આભિગ્રહિકાદિ અન્ય મિથ્યાદૃષ્ટિઓ છે તેઓમાં મિથ્યાત્વની મંદતા નહીં હોવાને કારણે તપ-સંયમની આચરણા દ્વારા થયેલો ઉપશમનો પરિણામ પણ પાપાનુબંધીપુણ્યનો હેતુ હોવાથી સંસારના પરિભ્રમણનું અતિશય કારણ બને છે. આવા જીવોને સામે રાખીને ઉપદેશપદમાં ગલમત્સ્ય, ભવવિમોચક અને વિષાન્નભોજી જેવો તેઓનો શુભભાવ પણ ફલથી અશુભ જ છે, તેમ અવતરણિકામાં કહેલ છે.

વળી જેઓનો મિથ્યાત્વનો પરિણામ મંદ થયો છે તેવા જીવો સમ્યક્ત્વને સન્મુખ છે અને મિથ્યાત્વની મંદતાને કારણે તેઓમાં જિજ્ઞાસાદિ ગુણો પ્રગટયા છે અને તેવા જીવોમાં સદંધ ન્યાયથી માર્ગને અભિમુખ પ્રવૃત્તિ થાય છે.

જેમ કોઈ આંધળો પુરુષ કોઈ નગરે જતો હોય અને તે પુરુષનો શાતાવેદનીયનો ઉદય વર્તતો હોય તેના કારણે ઉન્માર્ગગમનકૃત અશાતા તેને પ્રાપ્ત ન થાય તેમ હોય, તેવો જીવ જે ઇષ્ટ નગરમાં જવાનું હોય તે નગરનો માર્ગ રસ્તામાં જતાં તેવા જ પુરુષોને પૂછે છે જેથી તેને તે નગરમાં જવાનો યથાર્થ માર્ગ જ પ્રાપ્ત થાય. તેમ માર્ગાભિમુખ ભદ્રકપ્રકૃતિવાળા મંદ મિથ્યાત્વી જીવો તેવા જ યોગીઓને શોધીને માર્ગની પૃચ્છા કરે છે જેથી પોતાને ઇષ્ટ એવા કલ્યાણની પરંપરાનું કારણ એવો સન્માર્ગ તેઓને પ્રાપ્ત થાય છે. તેથી જેમ શાતાવેદનીયના ઉદયવાળો જીવ ઉન્માર્ગગમનરૂપ ક્લેશ વગર ઇષ્ટ નગરે પહોંચે છે તેમ મિથ્યાત્વની મંદતાને પામેલા જિજ્ઞાસાદિ ગુણોવાળા ભદ્રકપ્રકૃતિ જીવો સદ્ઉપદેશકને પ્રાપ્ત કરીને ઇષ્ટ એવા મોક્ષપથને પ્રાપ્ત કરે છે. વળી આ મંદ મિથ્યાત્વી જીવોમાંથી કેટલાક જીવોનું મિથ્યાત્વ નિર્બીજભાવવાળું હોય છે અને કેટલાક જીવોનું મિથ્યાત્વ નિર્બીજ નથી પરંતુ નિર્બીજભાવને અભિમુખ છે તેઓમાં મિથ્યાત્વરૂપી મોહના અપકર્ષથી જનિત મંદ રાગદ્વેષનો પરિણામ છે. આવા મિથ્યાદૃષ્ટિ જીવો તત્ત્વના વિષયમાં કોઈક સ્થાનમાં અજ્ઞાનવાળા હોય તોપણ તેવા જીવોને તત્ત્વને જાણવાની જિજ્ઞાસા વર્તે છે અને શક્તિ અનુસાર યોગીઓ પાસેથી તત્ત્વ જાણવા યત્ન કરે છે. આવા જીવો મોક્ષમાર્ગને સન્મુખ જ યત્ન કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તેથી તેવા મંદ મિથ્યાદૃષ્ટિ જીવોને આશ્રયીને પૂર્વગાથામાં ગ્રંથકારશ્રીએ સાંશયિક અને અનાભોગને લઘુ કહેલ છે.

અહીં મિથ્યાદૃષ્ટિના બે ભેદ પાડ્યા. જેઓમાંથી કેટલાક નિર્બીજ ભાવવાળા છે અને કેટલાક નિર્બીજ અભિમુખભાવવાળા છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓનું મિથ્યાત્વ નાશ પામ્યું નથી તોપણ નાશ પામવાની તૈયારીવાળું છે તેથી મિથ્યાત્વની પરંપરાનું બીજ તેમાંથી નષ્ટ થયેલું છે. તેથી તેવા જીવોને સ્વાભાવિક કે ઉપદેશાદિની સામગ્રીને પામીને શીઘ્ર માર્ગની પ્રાપ્તિ થાય છે; કેમ કે તેઓનું મિથ્યાત્વમોહનીયકર્મ ક્ષીણપ્રાય હોવાથી નષ્ટપ્રાય છે અને તેના કારણે તત્ત્વને જોવાની દૃષ્ટિ ઘણી સ્પષ્ટ થયેલી છે. આવા જીવો સ્વશક્તિ અનુસાર સંસારના સ્વરૂપને હેતુ, સ્વરૂપ અને ફળથી સદા ઊહ કરનારા હોય છે. વળી સંસારથી અતીત એવા મોક્ષના સ્વરૂપને પણ હેતુ, સ્વરૂપ અને ફળથી સદા ઊહ કરનારા હોય છે. તેથી તેઓમાં તત્ત્વના વિષયમાં જે કાંઈ અજ્ઞાન વર્તે છે તે પણ માર્ગાનુસારી ઊહાપોહને કારણે શીઘ્ર નિવારણ પામે તેમ છે.

જેઓનું મિથ્યાત્વ નિર્બીજભાવને પામ્યું નથી તોપણ નિર્બીજભાવને અભિમુખ પરિણામવાળા છે તેથી સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિના અર્થી થયા છે અને યોગ્ય ઉપદેશક મળે તો શીઘ્ર માર્ગને પ્રાપ્ત કરે તેવા છે તેવા જીવોને તત્ત્વમાં અનાભોગ વર્તે છે. તોપણ તેઓ માર્ગને અભિમુખ જ ગમન કરનારા છે. ફક્ત નિર્બીજભાવવાળા જીવો કરતાં નિર્બીજભાવને અભિમુખભાવવાળા જીવો કંઈક વિશેષ સામગ્રીના બળથી માર્ગને પામી શકે છે, નિર્બીજ પરિણામવાળાની જેમ તેઓ સુખપૂર્વક માર્ગને પ્રાપ્ત કરી શકતા નથી.

વળી જેઓ તીવ્ર અસદ્ગ્રહથી યુક્ત છે, તેથી યોગ્ય ઉપદેશક દ્વારા પ્રજ્ઞાપનીય નથી તેવા જીવો સાધુવેશમાં હોય અને માસક્ષમણના પારણે માસક્ષમણાદિ દુષ્કર અનુષ્ઠાન કરતા હોય અને નિર્દોષ ભિક્ષાચર્યાદિ કરતા હોય, તેઓની વિષયોમાં પ્રવૃત્તિ નહીં હોવાથી રાગ-દ્વેષની મંદતારૂપ ઉપશમ પણ કોઈક નિમિત્તથી ઉત્પન્ન થયેલો છે. જેને કારણે તેઓ પુણ્ય બાંધે છે તોપણ તે પુણ્ય પાપના અનુબંધવાળું હોવાથી દુર્ગતિના પાતરૂપ વિનાશનું જ કારણ છે. ॥૧૧॥

અવતરણિકા :-

यत एव मिथ्यात्वमन्दताकृतं माध्यस्थ्यं नाऽसत्प्रवृत्त्याधायकमत एव तदुपष्टम्भकमनाभिग्रहिक-मिथ्यात्वमपि शोभनमित्याह –

અવતરણિકાર્થ :-

જે કારણથી જ મિથ્યાત્વની મંદતાકૃત મધ્યસ્થપણું અસત્ પ્રવૃત્તિનું આધાયક નથી, આથી જ તેનું ઉપષ્ટંભક=મધ્યસ્થતાનું ઉપષ્ટંભક, અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ સુંદર છે. એને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૦ના અંતે ગ્રંથકારશ્રીએ કહેલ કે આભિગ્રહિક, સાંશયિક, અનાભોગરૂપ ત્રણ મિથ્યાત્વ પ્રજ્ઞાપનીયતારૂપ અને ગુરુપારતંત્ર્યરૂપ ફલને આશ્રયીને લઘુ છે. ત્યાં સાંશયિક અને અનાભોગમિથ્યાત્વ કઈ રીતે લઘુ છે ? તેની સ્પષ્ટતા ગાથા-૧૧માં કરી. હવે જેમ સાંશયિકમિથ્યાત્વમાં અને અનાભોગમિથ્યાત્વમાં મિથ્યાત્વની મંદતાકૃતમધ્યસ્થપણું હોવાથી અસત્પ્રવૃત્તિનું કારણ બનતા નથી, તેમ માધ્યસ્થ્યપરિણામકૃત અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ શોભન છે, તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

इत्तो अणभिग्गहियं भणिअं हियकारि पुव्वसेवाए ।
अण्णायविसेसाणं पढमिल्लयधम्ममहिगिच्च ।।१२।।

છાયા :-

इतोऽनाभिग्रहिकं भणितं हितकारि पूर्वसेवायाम् ।
अज्ञातविशेषाणां प्रथमधर्ममधिकृत्य ।।१२।।

અન્વયાર્થ :-

इत्तो=આથી=પૂર્વગાથામાં કહ્યું કે મિથ્યાત્વની મંદતાથી મધ્યસ્થપણું થાય છે આથી, अण्णाय-विसेसाणं=અજ્ઞાતવિશેષ છે જેમને એવા જીવોનું, अणभिग्गहियं=અનાભિગ્રહિકમિથ્યાત્વ, पढमिल्लय-धम्ममहिगिच्च=પ્રથમભૂમિકાના ધર્મને આશ્રયીને, पुव्वसेवाए=પૂર્વસેવામાં हियकारी=હિતકારી, भणिअं=કહેવાયું છે. ।।૧૨।।

ગાથાર્થ :-

આથી=પૂર્વગાથામાં કહ્યું કે મિથ્યાત્વની મંદતાથી મધ્યસ્થપણું થાય છે આથી, અજ્ઞાતવિશેષ છે જેમને એવા જીવોનું અનાભિગ્રહિકમિથ્યાત્વ પ્રથમભૂમિકાના ધર્મને આશ્રયીને પૂર્વસેવામાં હિતકારી કહેવાયું છે. ।।૧૨।।

ટીકા :-

इत्तोत्ति । इतः=पूर्वोक्तकारणात्, अज्ञातविशेषाणां=देवगुर्वादिविशेषपरिज्ञानाभाववतां, प्राथमिकं धर्ममधिकृत्य=प्रथमारब्धस्थूलधर्ममाश्रित्य, पूर्वसेवायां योगप्रासादप्रथमभूमिकोचिताचाररूपायां अनाभिग्रहिकं सर्वदेवगुर्वादिश्रद्धानलक्षणं मिथ्यात्वं, हितकारि भणितं, अनुषङ्गतः सद्विषयभक्ति-हेतुत्वाद् विशेषश्रद्धानस्यापि दशाभेदेन गुणत्वात् । तदुक्तं योगबिन्दौ –

अथ देवपूजाविधिमाह –

पुष्पैश्च बलिना चैव वस्त्रैः स्तोत्रैश्च शोभनैः ।
देवानां पूजनं ज्ञेयं शौचश्रद्धासमन्वितम् ।।११६।।

पुष्पैर्जातिशतपत्रकादिसंभवैः, बलिना पक्वान्नफलाद्युपहाररूपेण, वस्त्रैः=वसनैः स्तोत्रैश्च शोभनैः स्तवनैः चशब्दौ चैवशब्दश्च समुच्चयार्थाः । शोभनैरादरोपहितत्वेन सुन्दरैः देवानामाराध्यतमानां पूजनं ज्ञेयम् । कीदृशं? इत्याह–शौचश्रद्धासमन्वितम्, शौचेन शरीरवस्त्रद्रव्यव्यवहारशुद्धिरूपेण, श्रद्धया च=बहुमानेन, समन्वित=युक्तमिति ।।११६।।

अविशेषेण सर्वेषामधिमुक्तिवशेन वा ।
गृहिणां माननीया यत्सर्वे देवा महात्मनाम् ।।११७।।

अविशेषेण=साधारणवृत्त्या सर्वेषां=पारगत-सुगत-हर-हरि-हिरण्यगर्भादीनां, पक्षान्तरमाह-अधिमुक्तिवशेन वा-अथवा यस्य यत्र देवतायामतिशयेन श्रद्धा तद्वशेन, कुतः ? इत्याह-गृहिणां=अद्यापि कुतोऽपि मतिमोहादनिर्णीत-देवताविशेषाणां, माननीयाः=गौरवार्हाः, यद्=यस्मात् सर्वे देवा उक्तरूपाः, महात्मनां=परलोकप्रधानतया प्रशस्तात्मनामिति ।।११७।।

एतदपि कथम्? इत्याह –

सर्वान्देवान्नमस्यन्ति नैकं देवं समाश्रिताः ।

जितेन्द्रिया जितक्रोधा दुर्गाण्यतितरन्ति ते ।।११८।।

सर्वान् देवान् नमस्यन्ति=नमस्कुर्वते, व्यतिरेकमाह-नैकं=कंचन देव समाश्रिताः=प्रतिपन्ना वर्त्तन्ते, येन ते जितेन्द्रियाः=निगृहीतहृषीकाः जितक्रोधाः=अभिभूतकोपाः, दुर्गाणि=नरकपातादीनि व्यसनानि अतितरन्ति= व्यतिक्रामन्ति, ते=सर्वदेवनमस्कर्त्तारः ।।११८।।

ननु नैव ते लोके व्यवहियमाणाः सर्वेऽपि देवा मुक्तिपथप्रस्थितानामनुकूलाचरणा भवन्तीति कथमविशेषेण नमस्करणीयाः ? इत्याशङ्क्याह-

चारिसञ्जीवनीचारन्याय एष सतां मत ।

नान्यथाऽत्रेष्टसिद्धिः स्याद्विशेषेणादिकर्मणाम् ।।११९।।

चारेः प्रतीतरूपाया मध्ये सञ्जीवनी-औषधिविशेषश्चारिसञ्जीवनी, तस्याश्चारश्चरणं स एव न्यायो दृष्टान्तश्चारिसञ्जीवनीचारन्यायः एषोऽविशेषेण देवतानमस्करणीयतोपदेशः सतां=शिष्टानां मतोऽभिप्रेतः ।

भावार्थस्तु कथागम्यः सा चेयमभिधीयते ।

अस्ति स्वस्तिमती नाम नगरी नागराकुला ।।

तस्यामासीत्सुता काचिद् ब्राह्मणस्य तथा सखी ।

तस्या एव परं पात्रं सदा प्रेम्णो गतावधेः ।।

तयोर्विवाहवशतो भिन्नस्थाननिवासिता ।

जज्ञेऽन्यदा द्विजसुता जाता चिन्तापरायणा ।।

कथमास्ते सखीत्येवं ततः प्राघूर्णिका गता ।

दृष्टा विषादजलधौ निमग्ना सा तया ततः ।।

पप्रच्छ किंत्वमत्यन्तविच्छायवदना सखि! ।

तयोचे पापसद्माऽहं पत्युर्दुर्भगतां गता ।।

मा विषीद विषादोऽयं निर्विशेषो विषात्सखि! ।
करोम्यनड्वाहमहं पतिं ते मूलिकाबलात् ।।
तस्याः सा मूलिकां दत्त्वा संनिवेशं निजं ययौ ।
अप्रीतमानसा तस्य प्रायच्छत्तामसौ ततः ।।
अभूद्गौरुद्धुरस्कन्धो झगित्येव च सा हृदि ।
विद्राणाथ(णैष) कथं सर्वकार्याणामक्षमोऽभवत् ।।
गोयूथान्तर्गतो नित्यं बहिश्चारयितुं सकः ।
तयाऽऽरब्धो वटस्याध सोऽन्यदा विश्रमं गतः ।।
तच्छाखायां नभश्चारिमिथुनस्य कथंचन ।
विश्रान्तस्य मिथो जल्पप्रक्रमे रमणोऽब्रवीत् ।।
नात्रैष गौः स्वभावेन किन्तु वैगुण्यतोऽजनि ।
पत्नी प्रतिबभाषे सा पुनर्नाऽसौ कथं भवेत् ।।
मूल्यन्तरोपयोगेन क्वास्ते? साऽस्य तरोरधः ।
श्रुत्वैतत्सा पशोः पत्नी पश्चात्तापितमानसा ।।
अभेदज्ञा ततश्चारिं सर्वां चारयितुं सकम् ।
प्रवृत्ता मूलिकाऽऽभोगात्सद्योऽसौ पुरुषोऽभवत् ।।
अजानाना यथा भेदं मूलिकायास्तया पशुः ।
चारितः सर्वतश्चारिं पुनर्नृत्वोपलब्धये ।।
तथा धर्मगुरुः शिष्यं पशुप्रायं विशेषतः ।
प्रवृत्तावक्षमं ज्ञात्वा देवपूजादिके विधौ ।।
सामान्यदेवपूजादौ प्रवृत्तिं कारयन्नपि ।
विशिष्टसाध्यसिद्ध्यर्थं न स्याद्दोषी मनागपि ।। इति ।

विपक्षे बाधमाह - न=नैव, अन्यथा=चारिसञ्जीवनीचारन्यायमन्तरेण अत्र=देवपूजनादौ प्रस्तुते, इष्टसिद्धिः विशिष्टमार्गावताररूपा स्याद्=भवेत् । अयं चोपदेशो यथा येषां दातव्यस्तदाह विशेषेण सम्यग्दृष्ट्याद्युचितदेशनापरिहाररूपेण, आदिकर्मणाम्=प्रथममेवारब्धस्थूलधर्माचाराणाम् । ते ह्यत्यन्तमुग्धतया कंचन देवताविशेषमजानाना न विशेषप्रवृत्तेरद्यापि योग्याः किन्तु सामान्यरूपाया एवेति ।।११९।।

तर्हि कदा विशेषे प्रवृत्तिरनुमन्यते? इत्याशङ्क्याह –

गुणाधिक्यपरिज्ञानाद्विशेषेऽप्येतदिष्यते । अद्वेषेण तदन्येषां वृत्ताधिक्ये तथात्मनः ।।१२०।।

गुणाधिक्यपरिज्ञानात्=देवतान्तरेभ्यो गुणवृद्धेरवगमात्, विशेषेऽप्यर्हदादौ किं पुनः सामान्येन एतत्पूजनमिष्यते । कथम्? इत्याह – अद्वेषेण=अमत्सरेण तदन्येषां=पूज्यमानदेवताव्यतिरिक्तानां देवतान्तराणां, वृत्ताधिक्ये=आचाराधिक्ये, सति, तथा इति विशेषणसमुच्चये, आत्मनः=स्वस्य देवतान्तराणि प्रतीत्येति ।।१२०।।

अत्र ह्यादिधार्मिकस्य विशेषाज्ञानदशायां साधारणी देवभक्तिरेवोक्ता, दानाधिकारे पात्रभक्तिरप्यस्य विशेषाज्ञाने साधारण्येव, तज्ज्ञाने च विशेषत उक्ता तथाहि –

व्रतस्था लिङ्गिनः पात्रमपचास्तु विशेषतः । स्वसिद्धान्ताविरोधेन वर्त्तन्ते ये सदैव हि ।।१२२।।

व्रतस्था हिंसाऽनृतादिपापस्थानविरतिमन्तः लिङ्गिनो व्रतसूचकतथाविधनैपथ्यवन्तः पात्रमविशेषेण वर्त्तते । अत्रापि विशेषमाह – अपचास्तु स्वयमेवापाचकाः, पुनरुपलक्षणात्परैरपाचयितारः पच्यमाननननुमन्तारो लिङ्गिन एव विशेषेण पात्रम्, तथा स्वसिद्धान्ताविरोधेन स्वशास्त्रोक्तक्रियाऽनुल्लङ्घनेन वर्त्तन्ते चेष्टन्ते सदैव हि सर्वकालमेवेति ।।१२२।।

टीकार्थ :-

इतः पूर्वोक्तकारणात् ..... सर्वकालमेवेति । 'इत्तोत्ति' प्रतीक छे. आथी=पूर्वोक्त कारणथी=पूर्वगाथामां कह्युं ए प्रमाणे मिथ्यात्वनी मंदताथी मध्यस्थपणुं थाय छे तेना कारणे ते प्रकारनी असत् प्रवृत्ति थती नथी ए रूप पूर्वोक्त कारणथी, अज्ञातविशेषवाळा जीवोने=देव-गुरु आदि विशेषना परिज्ञानना अभाववाळा जीवोने, प्राथमिक धर्मने आश्रयीने=प्रथम भूमिकाना आरंभ एवा स्थूल धर्मने आश्रयीने, योगरूप प्रासादनी प्रथम भूमिकाने उचित आचाररूप पूर्वसेवामां सर्व देव-गुरु आदिनी श्रद्धारूप अनाभिग्रहिकमिथ्यात्व हितकारी कहेवायुं छे; केम के अनुषंगथी=सर्व देवादिने नमस्कारादि करवाना अनुषंगथी, सुदेवादिविषयक पण भक्तिनुं हेतुपणुं छे.

अहीं प्रश्न थाय के सर्व देवो सुदेव नथी, सर्वगुरु सुगुरु नथी अने सर्वधर्म सुधर्म नथी. तेथी सर्व देव, गुरु आदिमां श्रद्धान हितकारी कई रीते थई शके ? माटे विशेषमां ज श्रद्धान हितकारी छे एम स्वीकारवुं जोईए. ए प्रकारनी शंकाना निवारण माटे बीजो हेतु कहे छे –

विशेष श्रद्धाननुं पण="आ ज देव, आ ज गुरु अने आ ज धर्म सुंदर छे" ए प्रकारना विशेष श्रद्धाननुं पण, दशाभेदथी=सूक्ष्मप्रज्ञारूप दशाभेदथी, गुणपणुं छे. ते=पूर्वसेवामां सर्व देवगुरु आदि श्रद्धानरूप अनाभिग्रहिकमिथ्यात्व हितकारी छे एम पूर्वमां कह्युं ते, योगबिंदुमां कह्युं छे.

हवे देव-पूजाविधिने कहे छे –

"शोभन पुष्प, बलि, वस्त्र अने स्तोत्रो वडे देवोनुं शौच-श्रद्धाथी समन्वित एवुं पूजन जाणवुं."।।११६।।

જાતિ, શતપત્રાદિથી ઉત્પન્ન થયેલાં એવાં પુષ્પો વડે, પક્વાન્ન ફલાદિ ઉપહારરૂપ બલિ વડે, વસ્ત્રો વડે અને સ્તોત્રરૂપ સ્તવનો વડે પૂજન જાણવું એમ અન્વય છે. શ્લોકમાં બે 'च' શબ્દ અને 'चेव' શબ્દ સમુચ્ચય અર્થમાં છે=પુષ્પાદિ સર્વના સમુચ્ચય કરવા માટે છે.

વળી પુષ્પાદિ શોભન જોઈએ એમ કહ્યું તે શોભનનો અર્થ કરે છે –

આદરથી ઉપહિતપણા વડે સુંદર એવાં પુષ્પાદિ સર્વ વડે પૂજન કરવું જોઈએ.

કોનું પૂજન કરવું જોઈએ ? એથી કહે છે –

આરાધ્યમાન એવા દેવતાઓનું પૂજન જાણવું.

કેવું પૂજન ? એથી કહે છે –

શૌચ અને શ્રદ્ધાથી યુક્ત પૂજન જાણવું. શૌચથી=શરીર, વસ્ત્ર, દ્રવ્ય અને વ્યવહારશુદ્ધિરૂપ શૌચથી, અને શ્રદ્ધાથી=બહુમાનથી, સમન્વિત=યુક્ત, પૂજન જાણવું. ।।૧૧૬।।

"અવિશેષથી અથવા અધિમુક્તિના વશથી સર્વ દેવોનું પૂજન જાણવું, એમ શ્લોક-૧૧૬ સાથે સંબંધ છે. જે કારણથી મહાત્મા એવા ગૃહસ્થોને સર્વ દેવો માનનીય છે."।।૧૧૭।।

અવિશેષથી=સાધારણ વૃત્તિથી=કોઈ દેવમાં પક્ષપાત કર્યા વગર સમાન પ્રવૃત્તિથી, સર્વ દેવોને=પારગત, સુગત, હર, હરિ, હિરણ્યગર્ભાદિરૂપ સર્વ દેવોનું પૂજન જાણવું, એમ શ્લોક-૧૧૬ સાથે સંબંધ છે. પક્ષાન્તરને કહે છે=પૂર્વમાં સર્વદેવને અવિશેષથી પૂજન કહ્યું એના કરતાં અન્ય પક્ષને કહે છે. અથવા અધિમુક્તિના વશથી=જેને જે દેવમાં અતિશય શ્રદ્ધા છે તેના વશથી, સર્વ દેવોનું પૂજન જાણવું, એમ શ્લોક-૧૧૬ સાથે સંબંધ છે.

કેમ બધાં દેવોને પૂજવા જોઈએ ? એથી કહે છે –

यद्=જે કારણથી, ગૃહસ્થોને=હજી પણ કોઈ પણ પ્રકારના મતિમોહને કારણે અનિર્ણીત દેવતાવિશેષવાળા ગૃહસ્થ એવા મહાત્માઓને=પરલોક પ્રધાનપણાને કારણે પ્રશસ્ત આત્માઓને, ઉક્ત સ્વરૂપવાળા સર્વ દેવો માનનીય છે= ગૌરવ કરવા યોગ્ય છે. ।।૧૧૭।।

આ પણ=સર્વ દેવોને ગૃહસ્થોએ પૂજવા જોઈએ એ પણ, એવું કેમ ? એથી કહે છે –

જેઓ સર્વ દેવોને નમસ્કાર કરે છે, એક દેવને સમાશ્રિત નથી તેઓ જિતેન્દ્રિય, જિતક્રોધવાળા એવા તેઓ દુર્ગોને=નરકાદિ પાતોને તરે છે.।।૧૧૮।।

જેઓ સર્વ દેવોને નમસ્કાર કરે છે, વ્યતિરેકને કહે છે. કોઈ એક દેવને સમાશ્રિત વર્તતા નથી. જે કારણથી જિત ઇન્દ્રિય-વાળા=નિગ્રહ કરેલી ઇન્દ્રિયોવાળા, જિતક્રોધવાળા=અભિભવ કરાયેલા કોપવાળા એવા તેઓ=સર્વ દેવને નમસ્કાર કરનારા, દુર્ગોને=નરકાદિ પાતાદિરૂપ આપત્તિઓને. અતિતરે છે=ઓળંગે છે. ।।૧૧૮।।

'ननु'થી શંકા કરે છે કે લોકમાં વ્યવહારને પામતા='આ દેવ છે' એ પ્રકારે વ્યવહારને પામતા, એવા તે સર્વ પણ દેવો મુક્તિપથમાં પ્રસ્થિત એવા જીવોને અનુકૂલ આચરણાવાળા નથી જ. એથી કેવી રીતે અવિશેષથી નમસ્કરણીય છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

"ચારિ સંજીવની ચાર ન્યાય આ=અવિશેષથી દેવતાના નમસ્કરણીયતાનો ઉપદેશ, સંતોને અભિમત છે. અન્યથા=ચારિ સંજીવની ચાર ન્યાય વગર, અહીં=દેવતા પૂજનાદિમાં, ઈષ્ટ સિદ્ધિ ન થાય વિશેષથી આદિધાર્મિકોને આ ઉપદેશ આપવો જોઈએ." ।।૧૧૯।।

પ્રતીતરૂપ એવી ચારિની મધ્યમાં સંજીવની=ઔષધિવિશેષ, ચારિસંજીવની છે. તેનો ચાર=તેનું ચરણ, તે જ ન્યાય=દૃષ્ટાંત, છે. તે ચારિસંજીવનીચારન્યાય. એવો આ=અવિશેષથી સર્વ દેવતાના નમસ્કરણીયતાનો ઉપદેશ, સંતોને=શિષ્ટોને, અભિમત છે. શ્લોકના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી તેનો બોધ કરાવવા અર્થે કહે છે કે ભાવાર્થ કથાગમ્ય છે. અને તે કથા આ કહેવાય છે –

"સ્વસ્તિમતી નામની મનુષ્યોથી યુક્ત નગરી છે. તેમાં કોઈક બ્રાહ્મણીની પુત્રી હતી. તેણીનું જ=બ્રાહ્મણીની પુત્રીનું જ, ગતઅવધિવાળા=અત્યંત, પ્રેમનું સદા પરમ પાત્ર સખી હતી. તે બંનેના વિવાહના વશથી ભિન્ન સ્થાનમાં નિવાસીપણું થયું. એક વખત દ્વિજપુત્રી "કેવી રીતે સખી રહે છે ?" એ પ્રમાણે ચિંતાપરાયણ થઈ. એથી મહેમાન થઈને ગઈ. અને વિષાદજલધિમાં નિમગ્ન એવી તે=સખી, તેણી વડે=બ્રાહ્મણપુત્રી વડે, જોવાઈ. તેથી હે સખી ! તું કેમ અત્યંત ચિંતાતુર વદનવાળી છે ? તેમ પુછાયું. તેણી વડે=સખી વડે, કહેવાયું "પાપના ઘર જેવી હું પતિની દુર્ભગતાને પામેલી છું". "હે સખી ! તું વિષાદ કર નહિ, આ વિષાદ વિષથી નિર્વિશેષ=સમાન છે. તારા પતિને મૂલિકાના બળથી હું બળદ કરું છું". તેણીને તે મૂલિકા આપીને પોતાના ઘરે ગઈ. ત્યાર પછી દુઃખી માનસવાળી એવી આ=સખીએ, તેને=મૂલિકાને, તેને=પતિને, આપી. ત્યાર પછી ઊંચા સ્કંધવાળો બળદ તેનો પતિ થયો. અને તરત જ તે સખી હૃદયમાં વિષાદ પામી કે સર્વ કાર્યમાં અસમર્થ એવો આ પતિ કેવી રીતે થાય ? અને ગાયના સમુદાયની અંદર બહાર ચરાવવા માટે તે=પતિ, હંમેશાં તેણી વડે આરંભ કરાયો. એક દિવસ વડની નીચે તે=તેનો પતિ વિશ્રામ પામ્યો. તે વડની શાખામાં કોઈક રીતે વિશ્રાન્ત થયેલા નભશ્ચારિ મિથુનના પરસ્પર વાતના પ્રક્રમમાં પુરુષે કહ્યું. "અહીં=વૃક્ષ નીચે, આ બળદ સ્વભાવથી નથી પરંતુ વૈગુણ્યથી કરાયો છે." તેની પત્નીએ પૂછ્યું, "ફરી આ બળદ પુરુષ કેવી રીતે થાય ?" "બીજી મૂલિકાના ઉપયોગથી." (આ બળદ પુરુષ થાય.) "તે મૂલિકા ક્યાં છે?" "આ વૃક્ષની નીચે છે." આ સાંભળીને=વિદ્યાધરના વચનને સાંભળીને, પશ્ચાત્તાપિત માનસવાળી પશુની તે પત્ની અભેદજ્ઞાનને કારણે સર્વ પણ ચારાને તેને=બળદને, ચરાવવા માટે પ્રવૃત્ત થઈ. મૂલિકાના ભોગથી તરત આ પુરુષ થયો. જેમ મૂલિકાના ભેદને નહીં જાણતી એવી તેણી વડે ફરી મનુષ્યપણાની પ્રાપ્તિ માટે પશુ સર્વથી ચારો ચરાવાયો. તેમ ધર્મગુરુ પશુપ્રાયઃ એવા શિષ્યને દેવપૂજાદિ વિધિમાં વિશેષથી પ્રવૃત્તિમાં અક્ષમ જાણીને વિશિષ્ટ સાધ્યની સિદ્ધિ માટે સામાન્ય દેવપૂજાદિમાં પ્રવૃત્તિને કરાવતા પણ ધર્મગુરુ થોડા પણ દોષભાગી ન થાય. 'ઇતિ' શબ્દ કથાનકની સમાપ્તિ માટે છે.

ગાથાના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી હવે અવશેષ ભાગને અર્થ કરે છે –

વિપક્ષમાં=ચારિ સંજીવની ચાર ન્યાયથી સર્વ દેવતાના નમસ્કારનો ઉપદેશ ન આપવામાં આવે એ રૂપ વિપક્ષમાં, બાધને કહે છે – અન્યથા=ચારિસંજીવનીચારન્યાય વગર, અહીં=પ્રસ્તુત એવા દેવપૂજાદિમાં, વિશિષ્ટ માર્ગમાં અવતારરૂપ ઈષ્ટસિદ્ધિ ન જ થાય. આ ઉપદેશ જે પ્રમાણે જેઓને=જે જીવોને, આપવો જોઈએ, તેને કહે છે – વિશેષથી=સમ્યગ્દૃષ્ટિ આદિ ઉચિત દેશનાના પરિહારરૂપ વિશેષથી, આદિધાર્મિકોને=પ્રથમ જ આરંભ કરાયેલા સ્થૂલ ધર્માચારવાળા જીવોને, આ ઉપદેશ આપવો જોઈએ, એમ અન્વય છે.

કેમ તેઓને સમ્યગ્દૃષ્ટિ આદિ ઉચિત દેશનાના પરિહારથી ઉપદેશ આપવો જોઈએ ? તેથી કહે છે –

તેઓ=આદિધાર્મિક જીવો, અત્યંત મુગ્ધપણાને કારણે કોઈ દેવતાવિશેષને નહીં જાણતા વિશેષ પ્રવૃત્તિને હજુ પણ યોગ્ય નથી=સુદેવાદિને જ નમસ્કાર કરવા જોઈએ, અન્યને નહીં એ પ્રકારની વિશેષ પ્રવૃત્તિને હજી યોગ્ય નથી, પરંતુ સામાન્યરૂપ જ પ્રવૃત્તિ યોગ્ય છે=સુદેવ=કુદેવાદિ વિભાગ વગર સામાન્યરૂપ જ નમસ્કારાદિ પ્રવૃત્તિને યોગ્ય છે. ॥૧૧૯॥

તો ક્યારે વિશેષથી=સુદેવ અને કુદેવના વિભાગરૂપ વિશેષથી, પ્રવૃત્તિ સ્વીકારાય છે ? એ પ્રમાણે આશંકા કરીને કહે છે –

ગુણાધિક્યના પરિજ્ઞાનથી અને પોતાના આચારનું અધિકપણું હોતે છતે તેનાથી=અરિહંતાદિથી, અન્ય એવા દેવોના અદ્વેષથી વિશેષમાં પણ=અરિહંતાદિમાં પણ, આ=પૂજન, ઇચ્છાય છે. ॥૧૨૦॥

ગુણાધિક્યના પરિજ્ઞાનથી=દેવતાન્તરથી ગુણવૃદ્ધિનો અવગમ હોવાથી=અન્યદર્શનના દેવો કરતાં અરિહંતાદિમાં ઘણા ગુણોનો અવગમ હોવાથી, વિશેષમાં પણ=અરિહંતાદિમાં પણ, આ=પૂજન, ઇચ્છાય છે. વળી સામાન્યથી શું કહેવું ? આદિધાર્મિક જીવોને સામાન્યથી આ પૂજન ઇચ્છાય છે. એનું શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ કર્યો છે.

કેવી રીતે વિશેષમાં આ પૂજન ઇચ્છાય છે ? તેથી કહે છે –

તદન્યોના=પૂજ્યમાન એવા તીર્થંકર દેવતાથી વ્યતિરિક્ત એવા બુદ્ધાદિ દેવતાન્તરોના, અદ્વેષથી=અમત્સરથી, આ પૂજન ઇચ્છાય છે, એમ અન્વય છે. 'तथा' શબ્દ વિશેષણના સમુચ્ચય માટે છે. તે વિશેષણ બતાવે છે – આત્માનું=પોતાનું, દેવતાન્તરોને આશ્રયીને આચારનું અધિકપણું હોતે છતે અન્ય દેવોના અમત્સરથી આ પૂજન ઇચ્છાય છે, એમ અન્વય છે. ॥૧૨૦॥

અહીં=શ્લોક-૧૨૦માં, આદિધાર્મિકને વિશેષની અજ્ઞાનદશામાં=અન્ય દેવો કરતાં તીર્થંકરના વિશેષની અજ્ઞાન દશામાં, સાધારણ દેવભક્તિ જ કહેવાઈ છે. દાનાધિકારમાં પાત્ર ભક્તિ પણ આની=આદિધાર્મિકની, વિશેષના અજ્ઞાનમાં=સુપાત્ર અને કુપાત્રરૂપ વિશેષના અજ્ઞાનમાં, સાધારણ જ કહેવાઈ છે=સર્વ દર્શનવાળા ત્યાગીઓની સાધારણ ભક્તિ જ કહેવાઈ છે. અને તેના જ્ઞાનમાં=કુપાત્ર કરતા સુપાત્રના ભેદના જ્ઞાનમાં, વિશેષથી કહેવાઈ છે=સુપાત્રની જ ભક્તિ કરવી જોઈએ એ પ્રમાણે વિશેષથી ભક્તિ કહેવાઈ છે, તે આ પ્રમાણે –

વ્રતમાં રહેલા, લિંગિ=સાધુ વેશમાં રહેલા પાત્ર છે=અવિશેષથી પાત્ર છે=કોઈ પણ દર્શનમાં રહેલા હોય તો આદિધાર્મિકને ભક્તિને પાત્ર છે, વળી વિશેષથી સ્વસિદ્ધાંતના અવિરોધથી જેઓ સદા જ વર્તે છે તેઓ પાત્ર છે. ॥૧૨૨॥

વ્રતમાં રહેલા=હિંસા, અનૃતાદિ પાપસ્થાનકની વિરતિવાળા, લિંગી=વ્રત સૂચક તેવા પ્રકારના વસ્ત્રવાળા પાત્ર છે=અવિશેષથી ભક્તિને પાત્ર છે. આમાં પણ=વ્રતધારીની ભક્તિમાં પણ, વિશેષને કહે છે. અપાચક=સ્વયં પાકને નહીં કરનારા, વળી ઉપલક્ષણથી બીજા દ્વારા પાકને નહીં કરાવનારા અને પાક કરનારાની અનુમોદના નહીં કરનારા એવા લિંગી જ વિશેષથી પાત્ર છે. અને સ્વસિદ્ધાંતના અવિરોધથી=જૈન શાસ્ત્રમાં કહેવાયેલી ક્રિયાના અનુલ્લંઘનથી જેઓ સદા જ=સર્વકાલ જ, વર્તે છે=પ્રવૃત્તિ કરે છે, તેઓ ભક્તિને પાત્ર છે. ॥૧૨૨॥

ભાવાર્થ :-

જે જીવોમાં મિથ્યાત્વની મંદતા છે અને તેના કારણે તત્ત્વની જિજ્ઞાસાદિ ગુણો થયા છે તેવા જીવો

જ્યાં સુધી દેવ-ગુરુ આદિનું વિશેષ સ્વરૂપ જાણતા ન હોય ત્યાં સુધી તેઓને માટે સર્વ દેવના નમસ્કાર કરવારૂપ અને સર્વ ગુરુઓની ભક્તિ કરવારૂપ અને સર્વ દર્શનમાં જે તપ-ત્યાગાદિનાં વચનો છે તે રૂપ ધર્મ પ્રત્યે રુચિ કરવારૂપ જે અનાભિગ્રહિકમિથ્યાત્વ છે તે તેઓને હિતકારી છે; કેમ કે યોગમાર્ગની પ્રથમ ભૂમિકાને ઉચિત આચારરૂપ પૂર્વસેવામાં તે પ્રકારની આચરણા જીવના હિતનું કારણ બને છે.

કેમ હિતનું કારણ બને છે ? તે કહે છે –

તે ભૂમિકામાં સર્વ દેવોને નમસ્કાર કરવાથી આનુષંગિકરૂપે વીતરાગ પ્રત્યે પણ ભક્તિ થાય છે. અને તે ભૂમિકામાં સર્વ દેવો પ્રત્યે રુચિ કરવાથી મધ્યસ્થભાવ વૃદ્ધિ પામે છે. અને વિશેષનો બોધ નહીં હોવા છતાં સ્વ-સ્વ કુલાચાર પ્રમાણે પક્ષપાત કરવાથી મધ્યસ્થ ભાવ નાશ પામે છે. માટે વિશેષની અજ્ઞાન દશામાં તેવા જીવોને સર્વ દેવોની પૂજા કરવાથી લાભ થાય છે. તેની પુષ્ટિ કરવા અર્થે યોગબિંદુમાં કહેલ છે કે વિશેષની અજ્ઞાન દશાવાળા જીવોએ અવિશેષથી સર્વ દેવોની ઉપાસના કરવી જોઈએ અને કોઈ જીવને પોતપોતાને અભિમત એવા દેવ પ્રત્યે અધિક શ્રદ્ધા હોય તો તે દેવની વિશેષ પૂજા કરે તોપણ સામાન્યથી સર્વ દેવોની પૂજા કરવી જોઈએ; કેમ કે આદ્યભૂમિકાવાળા જીવો માટે સર્વ દેવો ઉપાસ્યરૂપે માન્ય છે. અને તે પ્રકારે સર્વ દેવોની ઉપાસના કરવાથી વિચાર્યા વગર સ્વ-સ્વ દર્શનના પક્ષપાતનો પરિણામ દૂર થાય છે. અને મધ્યસ્થતાપૂર્વક આ દેવ ગુણસંપન્ન છે માટે હું તેમની ભક્તિ કરીને ગુણની વૃદ્ધિ કરું તેવો આશય થવાથી તેઓ ઇન્દ્રિય અને કષાયના વિજયવાળા બને છે. જેથી નરકપાતાદિથી રક્ષણને પ્રાપ્ત કરે છે. માટે આદ્ય ભૂમિકાવાળા જીવોને ચારિસંજીવનીચારન્યાયથી સર્વ દેવોને નમસ્કાર કરવા જોઈએ. ઉપદેશકોએ પણ તેવા જીવોને સમ્યગ્દૃષ્ટિ આદિ ઉચિત દેશનાના પરિહારપૂર્વક સર્વ દેવોને નમસ્કાર કરવાનો ઉપદેશ આપવો જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે જીવોમાં સુદેવ-કુદેવના સ્વરૂપનો નિર્ણય કરવા માટે બુદ્ધિનો વિકાસ થયેલો છે અને યોગ્ય ઉપદેશક તેમની ભૂમિકાનુસાર સુદેવ-કુદેવના સ્વરૂપનો બોધ કરાવે તો તેઓ સમ્યક્ત્વાદિ ગુણોને પ્રાપ્ત કરે તેવા છે તે જીવોને સુદેવ-સુગુરુ-સુધર્મનું સ્વરૂપ ઉપદેશકે બતાવવું જોઈએ. પરંતુ જેઓ અત્યંત મુગ્ધ મતિવાળા છે તેઓ સુદેવાદિના ભેદને સમજી શકે તેવા નથી તેવા જીવોને ગુણ પ્રત્યે પક્ષપાત કરાવવા અર્થે અને મધ્યસ્થતાપૂર્વક ગુણને જાણવા માટે યત્ન કરે તેવા કરાવવા અર્થે સર્વ દેવોને નમસ્કાર કરવાનું જ યોગ્ય ઉપદેશક કહે છે જેથી સર્વ દેવોમાં વર્તતા સંસારથી અતીતભાવરૂપ ગુણોને ખ્યાલમાં રાખીને તેઓ પ્રત્યે આદરવાળા તે જીવો થાય છે.

સર્વ દેવો સાધના કરીને સંસારથી અતીત અવસ્થાને પામેલા છે. આથી જ તેઓ સંસારના કારણરૂપ હિંસાદિ પાપોના ત્યાગનો અને અહિંસાદિ ધર્મના સેવનનો ઉપદેશ આપે છે. અને સ્વયં તે ધર્મને સેવીને તેઓ મુક્ત થયા છે તેમ તે તે દર્શનવાળા માને છે. માટે તેઓની ઉપાસના કરીને હું પણ ઇન્દ્રિય અને કષાયોનો જય કરીને આત્મહિત સાધું તેવી બુદ્ધિ કરીને તે જીવો કલ્યાણને પ્રાપ્ત કરે છે. વળી આદિધાર્મિક જીવો સર્વ દેવ-ગુરુના પરિચયના બળથી જ્યારે અન્ય સર્વ દેવો કરતાં અરિહંતાદિના ગુણાધિક્યનું પરિજ્ઞાન કરે છે ત્યારે તેઓ સર્વ દેવોની ઉપાસના છોડીને અરિહંતની જ ઉપાસના કરે અને સુગુરુની જ ભક્તિ કરે

તે ઉચિત છે. તે પૂર્વે સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ અનાભિગ્રહિકમિથ્યાત્વ છે, તે પણ તેઓને મધ્યસ્થ ગુણની વૃદ્ધિ દ્વારા હિતનું કારણ છે. માટે મિથ્યાત્વમંદતામાં વર્તતો મધ્યસ્થભાવ સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ બને છે.

ટીકા :-

इत्थं चास्यानाभिग्रहिकमपि गुणकारि सम्पन्नम् तथा चानाभिग्रहिकमप्याभिग्रहिककल्पत्वात्तीव्रमेवेति 'सुनिश्चितमित्यादि' (अयोग व्य० द्वा. २७) संमतिप्रदर्शनपूर्वं यः प्राह तन्निरस्तं, मुग्धानां स्वप्रतिपत्तौ तस्य गुणत्वात्, सुनिश्चितमित्यादिना विशेषज्ञस्यापि मायादिना माध्यस्थ्यप्रदर्शनस्यैव दोषत्वप्रतिपादनाद् न चास्याविशेषप्रतिपत्तिः सम्यग्दृष्टेरिव दुष्टेति शङ्कनीयं, अवस्थाभेदेन दोषव्यवस्थानाद्, अन्यथा साधोरिव सम्यग्दृशः साक्षाद्देवपूजादिकमपि दुष्टं स्यादिति विभावनीयम् एतेन पृथिव्याद्यारंभप्रवृत्तापेक्षया निजनिजदेवाराधनप्रवृत्तानामध्यवसायः शोभनः, देवादिशुभगतिहेतुत्वात्, इत्यसत्, तथाभूताध्यवसायस्य शोभनत्वे सम्यक्त्वोच्चारे 'णो कप्पइ अण्णउत्थिए वा०' इत्यादिरूपेण मिथ्यात्वप्रत्याख्यानानुपपत्तिप्रसक्तेः न हि शुभाध्यवसायस्य तद्धेतोर्वा प्रत्याख्यानं संभवति, ततः शुभाध्यवसायोऽपि तेषां पापानुबन्धिपुण्यप्रकृतिहेतुत्वेन नरकादिनिबन्धनत्वान्महानर्थहेतुरेव, न ह्यत्रापेक्षिकमपि शुभत्वं घटते, स्वस्त्रीसङ्गपरित्यागेन परस्त्रीसङ्गप्रवृत्तस्येव बहुपापपरित्यागमन्तरेणाल्पपापपरित्यागस्याशुभत्वाद्, अत एव पृथिव्याद्यारंभप्रवृत्तस्यापि सम्यग्दृशोऽन्यतीर्थिकदेवाद्याराधनपरित्यागोपपत्तिः इति परस्यैकान्ताभिनिवेशो निरस्तः, उत्कटमिथ्यात्ववन्तं पुरुषं प्रतीत्य निजनिजदेवाद्याराधनाप्रवृत्तेर्महाऽनर्थहेतुत्वेऽप्यनाग्रहिकमादिधार्मिकं प्रति तथात्वस्याभावात्, तस्याविशेषप्रवृत्तेर्दुर्गतरणहेतुत्वस्य हरिभद्रसूरिभिरेवोक्तत्वात्, प्रत्याख्यानं च पूर्वभूमिकायां शुभाध्यवसायहेतोरप्युत्तरभूमिकायां स्वप्रतिपन्नविशेषधर्मप्रतिबन्धकरूपेण भवति, नैतावता पूर्वभूमिकायामपि तस्य विलोपो युक्तः, यथा हि—प्रतिपन्नकृत्स्नसंयमस्य जिनपूजायाः साक्षात्करणनिषेधात्, तस्य स्वप्रतिपन्नचारित्रविरोधिपुष्पादिग्रहणरूपेण तत्प्रत्याख्यानेऽप्यकृत्स्नसंयमवतां श्राद्धानां न तदनौचित्यं, तथा प्रतिपन्नसम्यग्दर्शनानां स्वप्रतिपन्नसम्यक्त्वप्रतिबन्धकविपर्यासहेतुत्वेनाविशेषप्रवृत्तेः प्रत्याख्यानेऽपि नादिधार्मिकाणां तदनौचित्यमिति विभावनीयम् । नन्वेवमादिधार्मिकस्य देवादिसाधारणभक्तेः पूर्वसेवायामुचितत्वे जिनपूजावत्साधूनां साक्षात्तदकरणव्यवस्थायामपि तद्वदेवानुमोद्यत्वापत्तिरिति चेत् ? न, सामान्यप्रवृत्तिकारणतदुपदेशादिना तदनुमोद्यताया इष्टत्वात्, केवलं सम्यक्त्वाद्यनुगतं कृत्यं स्वरूपेणाप्यनुमोद्यमितरच्च मार्गबीजत्वादिनेत्यस्ति विशेष इत्येतच्चाग्रे सम्यग् विवेचयिष्यामः ।।१२।।

ટીકાર્થ :-

इत्थं चास्यानाभिग्रहिकमपि ..... विवेचयिष्यामः ।। અને આ રીતે=પૂર્વે યોગબિંદુની સાક્ષીથી સ્પષ્ટતા કરી એ રીતે, આનું=આદિધાર્મિકનું, અનાભિગ્રહિક પણ ગુણકારી પ્રાપ્ત થયું. અને તે રીતે=અનાભિગ્રહિકમિથ્યાત્વ ગુણકારી છે તે રીતે, અનાભિગ્રહિક પણ આભિગ્રહિક તુલ્યપણું હોવાથી તીવ્ર જ છે. એ પ્રમાણે 'सुनिश्चितमित्यादि' ગાથાની સંમતિ બતાવવાપૂર્વક જે કહે છે, તે નિરસ્ત જાણવું; કેમ કે મુગ્ધ જીવોને પોતાના સ્વીકારમાં તેનું=અનાભિગ્રહિકમિથ્યાત્વનું, ગુણપણું છે.

અહીં પ્રશ્ન થાય કે તો પછી અયોગવ્યવચ્છેદબત્રીશીમાં 'સુનિશ્ચિત' ઇત્યાદિ દ્વારા સર્વ દર્શન પ્રત્યેના માધ્યસ્થ્યને દોષરૂપ કેમ કહેલ છે ? તેના સમાધાનરૂપે હેતુ કહે છે –

'સુનિશ્ચિત' ઇત્યાદિ શ્લોક દ્વારા વિશેષ જાણનારના માયાદિ દ્વારા માધ્યસ્થ્યના પ્રદર્શનનું જ દોષપણાનું પ્રતિપાદન છે. અને આની=આદિધાર્મિકની, સમ્યગ્દૃષ્ટિની જેમ અવિશેષ પ્રતિપત્તિ=સર્વ દર્શનો સારાં છે એ પ્રકારનો અવિશેષ સ્વીકાર, દુષ્ટ છે. એમ શંકા ન કરવી; કેમ કે અવસ્થાના ભેદથી=આદિધાર્મિક કરતાં સમ્યક્તત્ત્વની પ્રાપ્તિરૂપ અવસ્થાના ભેદથી, દોષનું વ્યવસ્થાપન છે=સર્વ દર્શનોને સુંદર સ્વીકારવામાં મિથ્યાત્વરૂપ દોષનું કથન છે, અન્યથા=અવસ્થાના ભેદથી સર્વ દર્શન સુંદર છે એમ સ્વીકારવામાં દોષની પ્રાપ્તિ ન હોય તો, સાધુની જેમ સમ્યગ્દૃષ્ટિને સાક્ષાત્ દેવ-પૂજાદિ પણ દુષ્ટ થાય એમ વિભાવન કરવું. આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે આ રીતે આદિધાર્મિકનું અનાભિગ્રહિકમિથ્યાત્વ ગુણકારી પ્રાપ્ત થયું એના દ્વારા, પરનો એકાંત અભિનિવેશ=પર એવા કોઈક પૂર્વપક્ષીનો 'અન્ય એવા દર્શનના દેવોને નમસ્કાર કરવો એકાંતે દુષ્ટ છે' એ પ્રકારનો અભિનિવેશ, નિરસ્ત જાણવો, એમ અન્વય છે.

પરનો એકાંત અભિનિવેશ શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

પૃથ્વી આદિની આરંભની પ્રવૃત્તિની અપેક્ષાએ પોતપોતાના દેવોની આરાધનામાં પ્રવૃત્ત એવા જીવોનો અધ્યવસાય શોભન છે; કેમ કે દેવાદિ શુભગતિનું હેતુપણું છે. એમ કહીને સર્વ દેવતાઓને નમસ્કાર કરવાની ક્રિયા સુંદર છે એમ જેઓ કહે છે તે અસત્ છે.

સર્વ દેવોને નમસ્કાર કરવાનો અધ્યવસાય કેમ સુંદર નથી ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે –

તેવા પ્રકારના અધ્યવસાયનું=પોતપોતાના દેવની આરાધનાની પ્રવૃત્તિના અધ્યવસાયનું, શોભનપણું હોતે છતે સમ્યક્ત્વના ઉચ્ચારણના કાળમાં 'णो कप्पइ अण्ण उत्थिए वा' ઇત્યાદિ આલાવાથી મિથ્યાત્વના પ્રત્યાખ્યાનની અનુપપત્તિની પ્રસક્તિ છે=મિથ્યાત્વનું પચ્ચક્ખાણ કરાય છે તે સંગત થાય નહિ.

કેમ સમ્યક્ત્વ ઉચ્ચરાવતી વખતે સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ મિથ્યાત્વનું પચ્ચક્ખાણ સંગત થાય નહિ ? તેમાં યુક્તિ બતાવે છે –

"શુભ અધ્યવસાયનું અથવા શુભ અધ્યવસાયના હેતુનું=સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ શુભ અધ્યવસાયનું કે સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ શુભ અધ્યવસાયના હેતુરૂપ પ્રવૃત્તિનું પ્રત્યાખ્યાન થાય

નહિ. તેથી=સમ્યક્ત્વ ઉચ્ચરાવવાના કાળમાં સર્વ દેવોને નમસ્કાર નહિ કરવાનું પચ્ચક્ખાણ કરાય છે તેથી, તેઓનો શુભ અધ્યવસાય પણ=મિથ્યાદૃષ્ટિઓને પોતાના દેવતાઓને નમસ્કાર કરવાનો શુભ અધ્યવસાય પણ, પાપાનુબંધી પુણ્યપ્રકૃતિનું હેતુપણું હોવાને કારણે નરકાદિનું કારણપણું હોવાથી મહાઅનર્થનો હેતુ જ છે. અહીં=પોતપોતાના દેવોને નમસ્કાર કરવામાં, આપેક્ષિક પણ શુભપણું ઘટતું નથી; કેમ કે સ્વસ્ત્રીના સંગના પરિત્યાગથી પરસ્ત્રીના સંગમાં પ્રવૃત્ત પુરુષની જેમ બહુ પાપના પરિત્યાગ વગર અલ્પ પાપના પરિત્યાગનું અશુભપણું છે=પોતપોતાના દેવોને નમસ્કાર કરવારૂપ બહુ પાપના પરિત્યાગ વગર પૃથ્વી આદિના આરંભરૂપ અલ્પ પાપના પરિત્યાગનું અશુભપણું છે. આથી જ=મિથ્યાદૃષ્ટિ દેવોને નમસ્કાર કરવો એ પૃથ્વી આદિ આરંભ કરતાં અધિક પાપ છે આથી જ, પૃથ્વી આદિ આરંભમાં પ્રવૃત્ત એવા પણ સમ્યગ્દૃષ્ટિ જીવોની અન્યતીર્થિક દેવાદિની આરાધનાના પરિત્યાગની ઉપપત્તિ છે" એ પ્રમાણે પરનો એકાંત અભિનિવેશ નિરસ્ત છે; કેમ કે ઉત્કટ મિથ્યાત્વવાળા પુરુષને આશ્રયીને પોતપોતાના દેવતાદિની આરાધનાની પ્રવૃત્તિનું મહાઅનર્થનું હેતુપણું હોવા છતાં પણ અનાભિગ્રહિક આદિધાર્મિકને આશ્રયીને તથાત્વનો અભાવ છે=મિથ્યાદૃષ્ટિ દેવોને કરાયેલા નમસ્કારનો મહા અનર્થનો અભાવ છે.

કેમ આદિધાર્મિકની મિથ્યાદૃષ્ટિ દેવોને નમસ્કારની પ્રવૃત્તિ મહા અનર્થનો હેતુ નથી ? એમાં યુક્તિ બતાવે છે –

તેની=આદિધાર્મિકની, અવિશેષથી પ્રવૃત્તિનું=સર્વ દેવોને નમસ્કારરૂપ અવિશેષથી પ્રવૃત્તિનું, દુર્ગતરણના હેતુત્વનું=નરકપાતાદિ દુર્ગતરણના હેતુત્વનું, હરિભદ્રસૂરિ વડે ઉક્તપણું છે. અને પૂર્વ ભૂમિકામાં શુભ અધ્યવસાયના હેતુનું પચ્ચક્ખાણ ઉત્તર ભૂમિકામાં પોતે સ્વીકારેલા વિશેષ ધર્મના પ્રતિબંધકરૂપે થાય છે. એટલાથી ઉત્તરભૂમિકામાં પોતે સ્વીકારેલા વિશેષ ધર્મના પ્રતિબંધકરૂપે જેનું પ્રત્યાખ્યાન થતું હોય એટલામાત્રથી, પૂર્વ ભૂમિકામાં પણ તેનો વિલોપ કરવો યુક્ત નથી. જે પ્રમાણે સ્વીકારાયેલા સંપૂર્ણ સંયમવાળા સાધુને જિનપૂજાના સાક્ષાત્કરણનો નિષેધ હોવાથી તેને=સાધુને, પોતે સ્વીકારેલા ચારિત્રના વિરોધી એવા પુષ્પાદિના ગ્રહણરૂપે તેનું પ્રત્યાખ્યાન હોવા છતાં પણ દેશ સંયમવાળા શ્રાવકોને તેનું=જિનપૂજાનું, અનુચિતપણું નથી, તે પ્રમાણે સ્વીકારેલા સમ્યગ્દર્શનવાળા જીવોને પોતાના વડે સ્વીકારાયેલા સમ્યક્ત્વના પ્રતિબંધક એવા વિપર્યાસના હેતુપણાથી અવિશેષથી પ્રવૃત્તિનું=સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ અવિશેષથી પ્રવૃત્તિનું, પ્રત્યાખ્યાન હોવા છતાં પણ આદિધાર્મિક જીવોને તેનું અનુચિતપણું=અવિશેષથી સર્વ દેવોને નમસ્કાર કરવાની પ્રવૃત્તિનું અનુચિતપણું, નથી, એ પ્રમાણે વિભાવન કરવું.

'ननु'થી શંકા કરે છે કે આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે, આદિધાર્મિકને દેવાદિ સાધારણ ભક્તિનું=સર્વ દેવોને પૂજવારૂપ સાધારણ ભક્તિનું, પૂર્વસેવામાં ઉચિતપણું હોતે છતે શ્રાવકોની જિનપૂજાની જેમ સાધુને સાક્ષાત્ તેની અકરણવ્યવસ્થામાં પણ=સાક્ષાત્ પૂજાની અકરણની મર્યાદામાં

પણ તેની જેમ=સાધુને જિનપૂજાની અનુમોદના છે તેની જેમ, અનુમોદ્યત્વની આપત્તિ છે=આદિધાર્મિકની સર્વ દેવોને નમસ્કાર કરવાની ક્રિયાની સમ્યગ્દૃષ્ટિ આદિને અનુમોદ્યત્વની આપત્તિ છે. એ પ્રમાણે કોઈક કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ નહિ કહેવું; કેમ કે સામાન્ય પ્રવૃત્તિના કારણ એવા તેના ઉપદેશાદિ દ્વારા=સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ સામાન્ય પ્રવૃત્તિના કારણ એવા આદિધાર્મિકને અપાતા એવા ઉપદેશાદિ દ્વારા, તેની અનુમોદનાનું=આદિધાર્મિકની સર્વ દેવોને નમસ્કાર કરવાની પ્રવૃત્તિની અનુમોદનાનું, ઇષ્ટપણું છે. ફક્ત સમ્યક્ત્વાદિ અનુગત કૃત્ય=સમ્યક્ત્વનું પોષક એવું દેવપૂજાનું કૃત્ય, સ્વરૂપથી પણ અનુમોદ્ય છે=સાધુ વડે સ્વરૂપથી પણ અનુમોદ્ય છે, અને ઇતર=સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ ઇતર કૃત્ય, માર્ગ બીજત્વાદિથી અનુમોદ્ય છે. સ્વરૂપથી અનુમોદ્ય નથી. એ પ્રમાણે વિશેષ છે. એને આગળ અમે સમ્યગ્ વિવેચન કરીશું. ॥૧૨॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે આદિધાર્મિકમાં વર્તતું અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ ગુણકારી છે=સર્વ દેવોને નમસ્કાર કરવા દ્વારા વર્તતો સર્વ દેવો પ્રત્યે મધ્યસ્થભાવ તત્ત્વની જિજ્ઞાસારૂપ ગુણને કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ ગુણને કરનારો થાય છે. આ કથનથી આગળમાં જે ગ્રંથકારશ્રી કહે છે તે કથનનો નિરાસ થાય છે. અને તે કથન એ છે કે અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં કહ્યું છે કે "જે જીવો ભગવાનના અને અન્યદર્શનના દેવોમાં સમાનતાને જોનારા છે તેઓ કાચ અને મણિને સમાન જોનારા છે. માટે તેઓ ભગવાન પ્રત્યે મત્સરવાળા છે." આ પ્રકારના વચનની સાક્ષી આપીને કોઈક પૂર્વપક્ષી કહે છે કે અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવો પણ સર્વદેવોને સમાન માનનારા છે માટે આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવો જેવું જ અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ તીવ્ર જ છે. આ મત અનાભિગ્રહિકમિથ્યાત્વ ગુણકારી છે. એમ કહેવાથી નિરસ્ત થાય છે; કેમ કે અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવો મુગ્ધ અને તત્ત્વના જિજ્ઞાસુ હોય છે. વિશેષ બોધના અભાવને કારણે મધ્યસ્થતાપૂર્વક સર્વ દેવોને મોક્ષપ્રાપ્તિ અર્થે ઉપાસ્ય સ્વીકારે છે. તેથી તત્ત્વના અર્થી એવા તેઓની સર્વ દેવોની ઉપાસના ગુણને કરનારી થાય છે.

અહીં પ્રશ્ન થાય કે અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં સર્વ દેવો પ્રત્યેના માધ્યસ્થ્યને દોષરૂપ કેમ કહેલ છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

જેઓની પાસે વિશેષ પ્રજ્ઞા છે તેઓ અન્ય દેવો કરતાં વીતરાગ દેવની વિશેષતાને જાણનારા છે છતાં માયાદિ દ્વારા સર્વ દેવો પ્રત્યે માધ્યસ્થ્ય બતાવે છે. તેઓના મધ્યસ્થભાવને દ્વાત્રિંશિકામાં દોષરૂપ કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવોને સર્વ દેવોને નમસ્કાર કરવાનો પરિણામ જેમ દુષ્ટ છે તેમ આદિધાર્મિકને પણ સર્વ દેવોને નમસ્કાર કરવાનો પરિણામ દુષ્ટ સ્વીકારવો જોઈએ. તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

અવસ્થાભેદથી દોષની પ્રાપ્તિ છે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો અન્ય દેવો કરતાં વીતરાગના સ્વરૂપના ભેદને જાણી શકે એવી નિર્મળ દૃષ્ટિવાળા છે તેથી તેઓને સર્વ દેવોને તુલ્ય સ્વીકારવા દોષરૂપ બને પરંતુ

આદિધાર્મિક જીવો અન્યદર્શનના દેવો કરતાં વીતરાગના સ્વરૂપને વિશેષથી જાણી શકે તેવી નિર્મળ દૃષ્ટિવાળા નથી પરંતુ સર્વ દેવોએ સંસારના ઉચ્છેદ અર્થે મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે અને સ્વયં મોક્ષમાર્ગની સાધના કરીને મોક્ષમાં ગયા છે માટે તેઓ ઉપાસ્ય છે તેવો સામાન્ય બોધ વર્તે છે. તેથી મધ્યસ્થતાપૂર્વક સર્વ દેવોને નમસ્કાર કરે તેમાં દોષ નથી. જેમ જિનની ઉપાસના કરનાર પણ ઋષભદેવ ભગવાન કે વીર ભગવાન આદિ ૨૪ તીર્થંકરોની સમાનરૂપે ઉપાસના કરે તેમાં દોષ નથી તેમ મોક્ષના અર્થી એવા આદિધાર્મિક માટે પણ સર્વ દેવોને નમસ્કાર કરવામાં દોષની પ્રાપ્તિ નથી. જો એવું ન માનવામાં આવે અને કહેવામાં આવે કે અન્યદર્શનના દેવો સુદેવ નથી માટે તેઓને નમસ્કાર કરવાથી આદિધાર્મિક જીવોને પણ દોષની જ પ્રાપ્તિ છે, તો સાધુને સાક્ષાત્ દેવપૂજાદિ કૃત્યો દુષ્ટ છે તેમ સમ્યગ્દૃષ્ટિને પણ સાક્ષાત્ દેવપૂજાદિ કૃત્યો દુષ્ટ છે તેમ માનવું પડે. તેથી જેમ સાધુને માટે સાક્ષાત્ દેવપૂજાદિ કૃત્યો દુષ્ટ હોવા છતાં સમ્યગ્દૃષ્ટિને માટે સાક્ષાત્ દેવપૂજાદિ કૃત્યો ગુણકારી છે તેમ સમ્યગ્દૃષ્ટિને સર્વ દેવોને નમસ્કાર કરવો દુષ્ટ હોવા છતાં આદિધાર્મિકને સર્વ દેવોને નમસ્કાર કરવો એ ગુણકારી છે.

આના દ્વારા=પૂર્વે સ્થાપન કર્યું કે આભિગ્રહિકમિથ્યાત્વ ગુણકારી છે તેના દ્વારા, પરનો એકાંત અભિનિવેશ નિરસ્ત છે, તેમ અન્વય છે. અને તે પરનો એકાંત અભિનિવેશ બતાવતાં કહે છે. પર માને છે કે અન્યદર્શનના દેવને નમસ્કાર કરવો એ એકાંત દુષ્ટ છે.

કેમ અન્યદર્શનના દેવને નમસ્કાર કરવો એકાંત દુષ્ટ છે ? એ સ્થાપન કરવા અર્થે પર કહે છે –

જેઓ અન્યદર્શનના દેવોને નમસ્કારની ક્રિયા શુભ માને છે તેઓ કહે કે પૃથ્વી આદિના આરંભ પ્રવૃત્તિની અપેક્ષાએ પોતપોતાને અભિમત એવા બુદ્ધાદિ દેવતાની આરાધનમાં પ્રવૃત્ત એવા જીવોનો અધ્યવસાય સુંદર છે; કેમ કે દેવાદિ શુભગતિનો હેતુ છે. આ પ્રકારનું તેઓનું કથન અસત્ છે.

પૂર્વપક્ષનો આશય એ છે કે જેઓ તીર્થંકર સિવાય અન્ય પોતપોતાને અભિમત એવા દેવતાઓની આરાધના માટે પ્રવૃત્ત હોય ત્યારે તેઓ પૃથ્વી આદિ આરંભની પ્રવૃત્તિ કરતા નથી અને જે જીવો પૃથ્વીના આરંભ આદિની પ્રવૃત્તિ કરે છે તે જીવોની આરંભની પ્રવૃત્તિ કરતાં પોતપોતાના ઉપાસ્ય દેવની આરાધનાની પ્રવૃત્તિનો અધ્યવસાય સુંદર છે; કેમ કે ઉપાસ્ય એવા દેવની ભક્તિના અધ્યવસાયથી દેવાદિ શુભગતિની પ્રાપ્તિ થાય છે. તેમ કહીને સર્વ દેવોને નમસ્કાર કરવાની પ્રવૃત્તિ ઉચિત છે એમ જેઓ સ્થાપન કરે છે તેઓનું તે કથન મિથ્યા છે.

કેમ મિથ્યા છે ? તેમાં યુક્તિ બતાવતાં પૂર્વપક્ષી કહે છે –

સર્વ દેવોને નમસ્કાર કરવાનો અધ્યવસાય જો સુંદર હોય તો જે જીવો સમ્યક્ત્વનું ઉચ્ચરણ કરે છે તે જીવો 'णो कप्पइ अण्ण उत्थिए वा' ઇત્યાદિ આલાવા દ્વારા જે મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન કરે છે તે સંગત થાય નહિ. કેમ સંગત થાય નહિ ? તેમાં યુક્તિ બતાવતાં કહે છે કે શુભ અધ્યવસાયનું કે શુભ અધ્યવસાયના કારણીભૂત ઉચિત પ્રવૃત્તિનું પચ્ચક્ખાણ કરાતું નથી. તેથી સર્વ દેવોને નમસ્કાર કરવામાં જે શુભ અધ્યવસાય છે તે સર્વ દેવોને નમસ્કાર કરનારા જીવોને પાપાનુબંધી પુણ્યપ્રકૃતિના બંધનો હેતુ છે. માટે તે શુભ

અધ્યવસાયથી તુચ્છ દેવાદિ ભવની પ્રાપ્તિ પછી નરકાદિ ભવોની પ્રાપ્તિ થશે. માટે સર્વ દેવોને નમસ્કાર કરવાનો અધ્યવસાય મહા અનર્થનો હેતુ જ છે. માટે સર્વ દેવોને નમસ્કાર કરવાનો અધ્યવસાય શુભ કહી શકાય નહિ. આથી જ સમ્યક્ત્વ ઉચ્ચરાવતી વખતે તેનું પચ્ચક્ખાણ કરાય છે. અહીં કોઈક કહે કે સર્વ દેવોને નમસ્કાર કરવાનો અધ્યવસાય સમ્યગ્દૃષ્ટિ જીવોની અપેક્ષાએ અશુભ હોવા છતાં આદિધાર્મિક જીવોની અપેક્ષાએ શુભ છે. તેનું નિરાકરણ કરતાં પૂર્વપક્ષી કહે છે કે સર્વ દેવોને નમસ્કાર કરવાના અધ્યવસાયમાં આપેક્ષિક શુભપણું પણ ઘટતું નથી. જેમ કોઈ સ્વસ્ત્રીના સંગનો પરિત્યાગ કરે અને પરસ્ત્રીના સંગમાં પ્રવૃત્તિ કરે, તે પુરુષને સ્વસ્ત્રીના સંગના પરિત્યાગનો શુભ અધ્યવસાય છે તેમ કહી શકાય નહીં તેમ પૃથ્વી આદિના આરંભનો ત્યાગ કરીને કુદેવની ઉપાસના કરવાનો અધ્યવસાય સુંદર છે તેમ કહી શકાય નહિ; કેમ કે ઘણાં પાપના પરિત્યાગ વગર અલ્પ પાપના ત્યાગનું શુભપણું નથી અર્થાત્ કુદેવને નમસ્કારરૂપ ઘણાં પાપના ત્યાગ વગર કુદેવના નમસ્કારકાળમાં પૃથ્વી આદિ આરંભરૂપ અલ્પ પાપનો પરિત્યાગ અશુભ જ છે. આથી જ=કુદેવને નમસ્કારની પ્રવૃત્તિ પૃથ્વી આદિ આરંભ કરતાં પણ અધિક પાપરૂપ છે આથી જ, પૃથ્વી આદિની આરંભની પ્રવૃત્તિ કરનારા પણ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો અન્ય દેવોની આરાધનાનો પરિત્યાગ કરે તે સંગત થાય છે. આ પ્રકારનો પરનો એકાંત અભિનિવેશ છે. અર્થાત્ અન્ય દેવોની આરાધના કરવી એ એકાંત અસુંદર છે એવો અભિનિવેશ છે. તે પૂર્વના કથનથી નિરાકૃત થાય છે; કેમ કે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જિજ્ઞાસાદિ ગુણોવાળા જીવોને સર્વ દેવોના નમસ્કાર કરવારૂપ અનાભિગ્રહિક મિથ્યાત્વ છે તે પણ સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ હોવાથી ગુણકારી છે. માટે દેવના વિશેષ સ્વરૂપને જાણનારા એવા સમ્યગ્દૃષ્ટિ જીવોને સર્વ દેવોને નમસ્કાર કરવાનો અધ્યવસાય અસુંદર છે તોપણ આદ્યભૂમિકાવાળા મુગ્ધ જીવોને સર્વ દેવોને નમસ્કાર કરવાનો અધ્યવસાય મધ્યસ્થ પરિણતિનું કારણ હોવાથી સુંદર છે.

વળી પૂર્વપક્ષનો એકાંત અભિનિવેશ ઉચિત નથી તેમાં યુક્તિ આપતાં ગ્રંથકારશ્રી કહે છે. ઉત્કટ મિથ્યાત્વવાળા પુરુષને આશ્રયીને પોતપોતાના દેવતાની આરાધનાની પ્રવૃત્તિનું મહા અનર્થનું હેતુપણું છે તોપણ અનાભિગ્રહિક એવા આદિધાર્મિક જીવને આશ્રયીને સર્વ દેવતાના આરાધનાની પ્રવૃત્તિ અનર્થનો હેતુ નથી; કેમ કે તેવા જીવો પક્ષપાત વગર સર્વ દેવોને નમસ્કાર કરે તેનાથી જ તેઓ નરકપાતાદિ દુર્ગના તરણને પ્રાપ્ત કરે છે એમ હરિભદ્રસૂરિએ કહ્યું છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓ ઉત્કટ મિથ્યાત્વવાળા છે તેઓ અતત્ત્વના અનિવર્તનીય આગ્રહવાળા છે. અને તેવા જીવો કદાચ વીર ભગવાનની ઉપાસના કરતા હોય કે બુદ્ધાદિ અન્ય દેવોની ઉપાસના કરતા હોય તોપણ તેઓને અતત્ત્વનો પક્ષપાત હોવાથી તેઓની પોતપોતાના દેવોની આરાધનાની પ્રવૃત્તિ મહા અનર્થનો હેતુ છે; કેમ કે દેવની ઉપાસનાકાળમાં પણ અતત્ત્વ પ્રત્યેનો તેઓને ઉત્કટ રાગ છે. અને જેઓ તત્ત્વજિજ્ઞાસાદિ ગુણોવાળા છે અને કયા દેવો સુદેવ છે ? અને કયા દેવો કુદેવ છે તેનો વિશેષ નિર્ણય જેઓને નથી તેવા જીવો સર્વ દેવો પ્રત્યે મધ્યસ્થવૃત્તિ રાખીને ઉપાસ્ય દેવ તરીકે સર્વ દેવોને પૂજે. ત્યારે પણ

ગુણસંપન્ન પુરુષની ઉપાસનાનો અધ્યવસાય હોવાથી સર્વ દેવોની ઉપાસના દ્વારા તેઓ ગુણના પક્ષપાતી જ બને છે. તેથી સર્વ દેવોની પૂજાદિ પ્રવૃત્તિ દ્વારા પણ તેઓ નરકપાતાદિ દુર્ગોને તરે છે. માટે તેવા જીવોની સર્વ દેવોને નમસ્કાર કરવાની ક્રિયા તેઓના કલ્યાણનો હેતુ છે.

અહીં પ્રશ્ન થાય કે જો સર્વ દેવોને નમસ્કાર કરવાની ક્રિયા શુભ હોય તો સમ્યક્ત્વના ઉચ્ચરણ વખતે તેનો ત્યાગ કરવામાં કેમ આવે છે ? તેથી કહે છે –

પૂર્વભૂમિકામાં શુભ અધ્યવસાયના હેતુનું ઉત્તરની ભૂમિકામાં પ્રત્યાખ્યાન કરાય છે તેનું કારણ સર્વ દેવોને નમસ્કાર કરવાની પ્રવૃત્તિ પોતે સ્વીકારેલા વિશેષ ધર્મ પ્રત્યે પ્રતિબંધક છે. તેથી ઉત્તર ભૂમિકામાં જેનું પચ્ચક્ખાણ કરાય તેને પૂર્વભૂમિકામાં પણ સુંદર નથી તેમ કહી શકાય નહિ. આશય એ છે કે આદિધાર્મિકરૂપ પૂર્વ ભૂમિકામાં સર્વ દેવોને નમસ્કાર કરવાનો અધ્યવસાય મધ્યસ્થભાવથી ગુણ પ્રત્યેના પક્ષપાતરૂપ છે. તેથી સર્વ દેવોને નમસ્કારની ક્રિયા આદિધાર્મિક જીવોને માટે શુભ અધ્યવસાયનો હેતુ છે. અને આદિધાર્મિક જીવો કરતાં ઉત્તરની ભૂમિકામાં રહેલા એવા સમ્યગ્દૃષ્ટિ જીવો માટે સર્વ દેવોને નમસ્કાર કરવાના નિષેધરૂપ પચ્ચક્ખાણ સમ્યગ્દૃષ્ટિ જીવોએ સ્વીકારેલા સુદેવને નમસ્કાર કરવાના પરિણામરૂપ ધર્મનું પ્રતિબંધક છે. માટે તેનું પચ્ચક્ખાણ કરાય છે.

સમ્યગ્દૃષ્ટિને જે પ્રવૃત્તિ ગુણકારી ન હોય તે પ્રવૃત્તિ તેની પૂર્વભૂમિકામાં પણ ગુણકારી નથી તેમ કહીને તેનો અપલાપ કરવો યુક્ત નથી. તે જ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે – જેમ સંપૂર્ણ સંયમ સ્વીકારનાર સાધુને જિનપૂજાના સાક્ષાત્ કરણનો નિષેધ છે; કેમ કે સાધુએ સ્વીકારેલા ચારિત્રનો વિરોધી એવો પુષ્પાદિ ગ્રહણનો પરિણામ છે. તેથી સાધુ પુષ્પાદિ ગ્રહણના પ્રત્યાખ્યાનને કરે છે તોપણ દેશસંયમવાળા શ્રાવકોને સાક્ષાત્ પુષ્પાદિથી જિનપૂજા કરવી અનુચિત નથી. તે પ્રમાણે જેઓએ સમ્યગ્દર્શનનો સ્વીકાર કર્યો છે તેઓને માટે પોતે સ્વીકારેલા સમ્યગ્દર્શનમાં પ્રતિબંધક એવા વિપર્યાસનો હેતુ સર્વ દેવોને નમસ્કાર કરવાની ક્રિયા છે, માટે સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વ દેવોને નમસ્કાર કરતા નથી અને સર્વ દેવોને નમસ્કાર નહિ કરવાના પચ્ચક્ખાણ કરે છે, તોપણ આદિધાર્મિક જીવોને સર્વ દેવોને નમસ્કાર કરવો અનુચિત નથી. આ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી સમાલોચન કરવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે સાધુ પુષ્પાદિથી ભગવાનની પૂજા કરતા નથી તે દૃષ્ટાંતના બળથી સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વ દેવોને નમસ્કાર કરતા નથી તેમ સ્થાપન કરીને દેશવિરતિધર શ્રાવકોને જેમ ભગવાનની પૂજા ઉચિત છે તેમ આદિધાર્મિક જીવોને સર્વ દેવોને નમસ્કાર કરવો ઉચિત છે તેમ તમે સ્થાપન કરશો તો સાધુ સાક્ષાત્ જિનપૂજા નહીં કરતા હોવા છતાં વિવેકસંપન્ન શ્રાવકની જિનપૂજાની સાધુ અનુમોદના કરે છે અને કહે છે કે આ શ્રાવકોનો મનુષ્યભવ સફળ છે. જેથી આ રીતે લોકોત્તમ પુરુષની ભક્તિ કરીને પોતાનું હિત સાધે છે. તેમ સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ આદિધાર્મિક જીવોની સર્વ દેવને નમસ્કાર કરવાની ક્રિયાની અનુમોદના કરવાની આપત્તિ આવે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવોએ પણ કહેવું જોઈએ કે આ જીવો સર્વ દેવને નમસ્કાર કરીને પોતાનો જન્મ સફળ કરે છે.

વસ્તુતઃ સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વ દેવોને કરાતી નમસ્કારની ક્રિયાની અનુમોદના કરતા નથી માટે સાધુની ભગવાનની પૂજાની અપ્રવૃત્તિના દૃષ્ટાંતથી આદિધાર્મિકની સર્વ દેવોની નમસ્કારની ક્રિયા સુંદર છે તેમ કહેવું ઉચિત નથી. એ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે સુસાધુઓ પણ આદિધાર્મિક જીવોને તેઓની ભૂમિકાનુસાર સર્વ દેવોને નમસ્કાર કરવો જોઈએ તે પ્રકારનો ઉપદેશ આપે છે. તેના દ્વારા આદિધાર્મિકની સર્વ દેવોને નમસ્કારની ક્રિયા અનુમોદ્ય છે તેમ સિદ્ધ થાય છે. ફક્ત સમ્યક્ત્વયુક્ત એવું દેવપૂજાદિ કૃત્યનું સાધુ સ્વરૂપથી અનુમોદન કરે છે અને આદિધાર્મિકનું સર્વદેવનમસ્કારરૂપ કૃત્ય સ્વરૂપથી અનુમોદ્ય નથી તોપણ માર્ગપ્રાપ્તિનું બીજ હોવાથી અનુમોદન કરવા યોગ્ય છે.

આશય એ છે કે શ્રાવકો ઉત્તમ દ્રવ્યથી ભગવાનની ભક્તિ કરે છે. તે ભગવાનની ભક્તિની ક્રિયા વીતરાગ પ્રત્યેના બહુમાનથી જન્ય હોવાથી સાધુને તે પૂજાની ક્રિયા સ્વરૂપથી અનુમોદ્ય છે. અને આદિધાર્મિક જીવો સર્વ દેવને નમસ્કાર કરે છે તે નમસ્કારની ક્રિયા, કુદેવને નમસ્કારરૂપ હોવાથી સ્વરૂપથી અનુમોદ્ય નથી, તોપણ સર્વ દેવોને નમસ્કાર કરવા દ્વારા મધ્યસ્થ પરિણતિને પ્રાપ્ત કરીને તે આદિધાર્મિક જીવો માર્ગ પ્રાપ્ત કરશે તેથી સર્વ દેવોને નમસ્કારની ક્રિયા આદિધાર્મિક જીવોને માટે માર્ગપ્રાપ્તિનું બીજ હોવાથી સાધુને અનુમોદ્ય છે. **॥૧૨॥**

अवतरणिका :-

अनाभिग्रहिकस्य शोभनत्वमेव गुणान्तराधायकत्वेन समर्थयति –

અવતરણિકાર્થ :-

અનાભિગ્રહિકમિથ્યાત્વનું ગુણાન્તર આધાયકપણું હોવાથી શોભનપણાનું જ સમર્થન કરે છે –

ગાથા :-

इत्तो अ गुणट्ठाणं पढमं खलु लद्धजोगदिट्ठीणं ।
मिच्छत्तेवि पसिद्धं परमत्थगवेसणपराणं ।।१३।।

छाया :-

इतश्च गुणस्थानं प्रथमं खलु लब्धयोगदृष्टीनाम् ।
मिथ्यात्वेऽपि प्रसिद्धं परमार्थगवेषणपराणाम् ।।१३।।

अन्वयार्थ :-

इत्तो अ=અને આથી=અનાભિગ્રહિકમિથ્યાત્વ હિતકારી છે એમ પૂર્વમાં કહ્યું આથી, लद्धजोगदिट्ठीणं= લબ્ધયોગદૃષ્ટિવાળા, परमत्थगवेसणपराणं=પરમાર્થ ગવેષણમાં તત્પર એવા જીવોના, मिच्छत्तेवि=મિથ્યાત્વમાં

પણ, પઢમં खलु गुणट्ठाणं पसिद्धं=પ્રથમ ગુણસ્થાનક પ્રસિદ્ધ છે=યોગની પ્રાપ્તિના પ્રબલકારણ ગુણીગુણસ્થાનકરૂપ પ્રથમ ગુણસ્થાનક પ્રસિદ્ધ છે. ।।૧૩।।

ગાથાર્થ :-

અને આથી=અનાભિગ્રહિકમિથ્યાત્વ હિતકારી છે એમ પૂર્વમાં કહ્યું આથી, લબ્ધયોગદૃષ્ટિવાળા, પરમાર્થ ગવેષણમાં તત્પર એવા જીવોના મિથ્યાત્વમાં પણ પ્રથમ ગુણસ્થાનક પ્રસિદ્ધ છે=યોગની પ્રાપ્તિના પ્રબલકારણ ગુણીગુણસ્થાનકરૂપ પ્રથમ ગુણસ્થાનક પ્રસિદ્ધ છે. ।।૧૩।।

ટીકા :-

इतश्चानाभिग्रहिकस्य हितकारित्वादेव च मिथ्यात्वेऽपि खल्विति निश्चये, लब्धयोगदृष्टीनां=मित्रादिप्रथमदृष्टिचतुष्टयप्राप्तिमतां, परमार्थगवेषणपराणां=मोक्षैकप्रयोजनानां योगिनां, प्रथमं गुणस्थानमन्वर्थं प्रसिद्धम् । अयं भावः—मिथ्यादृष्टयोऽपि परमार्थगवेषणपराः सन्तः पक्षपातं परित्यज्य-अद्वेषादिगुणस्थाः खेदादिदोषपरिहाराद् यदा संवेगतारतम्यमाप्नुवन्ति तदा मार्गाभिमुख्यात्तेषामिक्षुरसकक्कबगुडकल्पा मित्रा तारा बला दीप्रा चेति चतस्रो योगदृष्टय उल्लसन्ति, भगवत्पतञ्जलिभदन्तभास्करादीनां तदभ्युपगमात् । तत्र मित्रायां दृष्टौ स्वल्पो बोधो, यमो योगाङ्गं, देवकार्यादावखेदो, योगबीजोपादानं, भवोद्वेगसिद्धान्तलेखनादिकं, बीजश्रुतौ परमश्रद्धा, सत्संगमश्च भवति, चरमयथाप्रवृत्तकरणसामर्थ्येन कर्ममलस्याल्पीकृतत्वात् । अत एवेदं चरमयथाप्रवृत्तकरणं परमार्थतोऽपूर्वकरणमेवेति योगविदो विदन्ति । उक्तं च –

अपूर्वासन्नभावेन व्यभिचारवियोगतः ।
तत्त्वतोऽपूर्वमेवेदमिति योगविदो विदुः ।।३९।।

अस्यां चावस्थायां मिथ्यादृष्टावपि गुणस्थानपदस्य योगार्थघटनोपपद्यते, उक्तं च –

प्रथमं यद्गुणस्थानं सामान्येनोपवर्णितम् ।
अस्यां तु तदवस्थायां मुख्यमन्वर्थयोगतः ।।४०।।

तारायां तु मनाक्स्पष्टं दर्शनं, शुभा नियमाः, तत्त्वजिज्ञासा, योगकथास्वविच्छिन्ना प्रीतिः, भावयोगिषु यथाशक्त्युपचारः, उचितक्रियाऽहानिः, स्वाचारहीनतायां महात्रासः, अधिककृत्यजिज्ञासा च भवति, तथाऽस्यां स्थितः स्वप्रज्ञाकल्पिते विसंवाददर्शनान्नानाविधमुमुक्षुप्रवृत्तेः कात्स्न्र्येन ज्ञातुमशक्यत्वाच्च शिष्टाचरितमेव पुरस्कृत्य प्रवर्त्तते । उक्तं च –

नास्माकं महती प्रज्ञा सुमहान् शास्त्रविस्तरः ।
शिष्टाः प्रमाणमिह तदित्यस्यां मन्यते सदा ।।४८।।

बलायां दृष्टौ दृढं दर्शनं, स्थिरसुखमासनं, परमा तत्त्वशुश्रूषा, योगगोचरोऽक्षेपः, स्थिरचित्ततया योगसाधनोपायकौशलं च भवति । दीप्रायां दृष्टौ प्राणायामः, प्रशान्तवाहितालाभाद् योगोत्थानविरहः, तत्त्वश्रवणं, प्राणेभ्योपि धर्मस्याधिकत्वेन परिज्ञानं, तत्त्वश्रवणतो गुरुभक्तेरुद्रेकात्समापत्त्यादिभेदेन तीर्थकृद्दर्शनं च भवति ।

तथा मित्रादृष्टिस्तृणाग्निकणोपमा न तत्त्वतोऽभीष्टकार्यक्षमा, सम्यक्प्रयोगकालं यावदनवस्थानाद्, अल्पवीर्यतया ततः पटुस्मृतिबीजसंस्काराधानानुपपत्तेः, विकलप्रयोगभावाद् भावतो वन्दनादिकार्यायोगादिति । तारादृष्टिर्गोमयाग्निकणसदृशी, इयमप्युक्तकल्पैव, तत्त्वतो विशिष्टस्थितिवीर्यविकलत्वाद्, अतोऽपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धेः, तदभावे प्रयोगवैकल्यात्, ततस्तथाकार्याभावादिति । बलादृष्टिः काष्ठाग्निकणतुल्या, ईषद्विशिष्टोक्तबोधद्वयात्, तद् भवतोऽत्र मनाक्स्थितिवीर्येऽतः पटुप्राया स्मृतिरिह प्रयोगसमये तद्भावे चार्थप्रयोगमात्रप्रीत्या यत्नलेशभावादिति । दीप्रादृष्टिर्दीपप्रभासदृशी, विशिष्टतरोक्तवीर्यबोधत्रयाद्, अतोऽत्रोदग्रे स्थितिवीर्ये, तत्पट्व्यपि प्रयोगसमये स्मृतिः, एवं भावतोऽप्यत्र द्रव्यप्रयोगो वन्दनादौ, तथाभक्तितो यत्नभेदप्रवृत्तेरिति प्रथमगुणस्थानप्रकर्ष एतावानिति समयविदः इत्थं चोक्तस्य योगदृष्टिसमुच्चयग्रन्थार्थस्यानुसारेण मिथ्यादृष्टीनामपि मित्रादिदृष्टियोगेन तथागुणस्थानकत्वसिद्धेः तथाप्रवृत्तेरनाभिग्रहिकस्य संभवादनाभिग्रहिकत्वमेव तेषां शोभनमित्यापन्नम् ।।१३।।

टीकार्थ :-

इतश्चानाभिग्रहिकस्य ..... शोभनमित्यापन्नम् ।। અને આથી=અનાભિગ્રહિકમિથ્યાત્વનું હિતકારીપણું હોવાથી જ, લબ્ધયોગદૃષ્ટિવાળા=મિત્રાદિ પ્રથમ ચાર દૃષ્ટિની પ્રાપ્તિવાળા, પરમાર્થ ગવેષણમાં પરાયણ=મોક્ષ એક પ્રયોજનવાળા, યોગીઓને મિથ્યાત્વ હોવા છતાં પણ નક્કી અન્વર્થ એવું પ્રથમ ગુણસ્થાનક પ્રસિદ્ધ છે. આ ભાવ છે=ગાથાનું આ તાત્પર્ય છે. મિથ્યાદૃષ્ટિઓ પણ પરમાર્થ ગવેષણામાં તત્પર છતાં પક્ષપાતને છોડીને અદ્વેષાદિ ગુણમાં રહેલા, ખેદાદિ દોષના પરિહારથી જ્યારે સંવેગના તારતમ્યને પ્રાપ્ત કરે છે ત્યારે માર્ગાભિમુખપણાથી તેઓમાં ઈક્ષુ, રસ, કક્કબ અને ગુડ જેવી મિત્રા, તારા, બલા, દીપ્રા એ પ્રકારની ચાર યોગદૃષ્ટિઓ ઉલ્લાસ પામે છે; કેમ કે ભગવદ્ પતંજલિ, ભદંત ભાસ્કરાદિને તેનો=યોગદૃષ્ટિનો, સ્વીકાર છે. ત્યાં=ચાર દૃષ્ટિમાં, મિત્રાદૃષ્ટિમાં સ્વલ્પ બોધ છે, યમ નામનો યોગાંગ છે, દેવ કાર્યાદિમાં અખેદ છે, યોગના બીજનું ગ્રહણ છે, ભવનો ઉદ્વેગ અને સિદ્ધાંત લેખનાદિ છે. બીજશ્રુતિમાં=યોગબીજના વર્ણનમાં પરં શ્રદ્ધા છે=પ્રકૃષ્ટ રુચિ છે. સત્નો સંગમ=ઉત્તમ પુરુષોનો સમાગમ છે.

કેમ મિત્રાદૃષ્ટિમાં આ બધા ભાવો છે ? તેમાં હેતુ કહે છે –

ચરમયથાપ્રવૃત્તિકરણના સામર્થ્યથી=ચરમાવર્તમાં અપૂર્વકરણનું કારણ બને તેવા પ્રકારના યથા-પ્રવૃત્તિકરણના સામર્થ્યથી કર્મમૂલનું અલ્પીકૃતપણું છે=કર્મો અલ્પ થયેલાં છે. આથી જ=મિત્રાદૃષ્ટિમાં આવા ગુણો પ્રગટ થાય છે આથી જ, આ ચરમયથાપ્રવૃત્તિકરણ=મિત્રાદૃષ્ટિમાં પ્રગટ થતું ચરમયથાપ્રવૃત્તિકરણ, પરમાર્થથી અપૂર્વકરણ જ છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે.

અને યોગદૃષ્ટિમાં કહેવાયું છે – "અપૂર્વ આસન્ન ભાવને કારણે=અપૂર્વકરણના આસન્ન ભાવને કારણે વ્યભિચારનો વિયોગ હોવાથી=અપૂર્વકરણની પ્રાપ્તિમાં અકારણ બને એ પ્રકારના વ્યભિચારનો વિયોગ હોવાથી તત્ત્વથી આ=ચરમયથાપ્રવૃત્તિકરણ, અપૂર્વ જ છે. એ પ્રકારે યોગના જાણનારાઓ જાણે છે."

અને આ અવસ્થામાં=મિત્રાદૃષ્ટિની અવસ્થામાં, મિથ્યાદૃષ્ટિમાં પણ ગુણસ્થાનક પદની યોગાર્થ ઘટના ઉપપન્ન થાય છે=ગુણસ્થાનક પદનો વ્યુત્પત્તિઅર્થ સંગત થાય છે. અને કહેવાયું છે –

"પ્રથમ ગુણસ્થાનકનું સામાન્યથી જે વર્ણન કરાયું છે=શાસ્ત્રમાં કહેવાયું છે, આ અવસ્થામાં જ અન્વર્થ યોગથી=ગુણસ્થાનકની વ્યુત્પત્તિના યોગથી, તે મુખ્ય છે."

વળી તારામાં=તારા દૃષ્ટિમાં, કંઈક સ્પષ્ટ દર્શન છે, નિયમો શુભ છે, તત્ત્વજિજ્ઞાસા છે, યોગકથામાં અવિચ્છિન્ન પ્રીતિ છે=યોગકથા સાંભળતાં પ્રીતિનો ક્યારેય વિચ્છેદ થતો નથી, પરંતુ યોગકથામાં અત્યંત પ્રીતિ હોય છે. ભાવયોગીમાં=બાહ્ય આચરણાથી નહીં પરંતુ શાસ્ત્રાનુસારી યોગમાર્ગને પામેલા એવા ભાવયોગીમાં, યથાશક્તિ ઉપચાર છે=પોતાની શક્તિ અનુરૂપ આહારદાનાદિની પ્રવૃત્તિ છે. ઉચિત ક્રિયાની અહાનિ=પોતાની ભૂમિકા અનુસાર જે ઉચિત ક્રિયાઓ હોય તેનું સમ્યક્ સેવન કરે, પોતાના આચારની હીનતામાં મહાત્રાસ=પોતે જે ધર્માનુષ્ઠાન સેવે તેમાં જે સ્ખલનાદિ થાય તેને જોઈને 'હું વિરાધક છું.' એ પ્રમાણે ચિત્તમાં તે દોષો પ્રત્યે દ્વેષભાવ થાય, અધિક કૃત્યોની જિજ્ઞાસા થાય છે=સ્વ ભૂમિકાનુસાર પોતે જે ધર્મકૃત્યો સેવે છે તેનાથી વિશેષ-વિશેષ પ્રકારનાં કૃત્યો પોતે કઈ રીતે કરી શકે ? તેની જિજ્ઞાસા થાય છે. આ દૃષ્ટિમાં રહેલ યોગી, પોતાની પ્રજ્ઞાથી કલ્પિત પદાર્થમાં વિસંવાદનું દર્શન હોવાથી=પૂર્વે પોતે જે પદાર્થનું સ્વરૂપ વિચારેલ તે સ્વરૂપ અયથાર્થ છે તેવું પાછળથી વિસંવાદ દેખાતો હોવાથી, અને જુદા જુદા પ્રકારની મુમુક્ષુઓની પ્રવૃત્તિઓનું સંપૂર્ણથી જાણવું અશક્ય હોવાથી શિષ્ટ આચરિતને આગળ કરીને, પ્રવર્તે છે. અને કહેવાયું છે –

"અમારી મહાન પ્રજ્ઞા નથી, સુમહાન શાસ્ત્રવિસ્તાર છે, તે કારણથી અહીં=યોગમાર્ગના પ્રસંગમાં, શિષ્ટ પુરુષો પ્રમાણ છે, એ પ્રમાણે આ દૃષ્ટિમાં સદા જીવ માને છે."

બલાદૃષ્ટિમાં દૃઢ દર્શન છે=યોગમાર્ગ ઉપર કઈ રીતે પ્રયાણ કરવું તેનો કંઈક સ્પષ્ટ બોધ છે, સ્થિર સુખાસન છે=અસત્ તૃષ્ણાનો અભાવ થવાથી સ્થિરતાપૂર્વક ધર્માનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરી શકે તેવું સુખાસન છે, પરમ તત્ત્વશુશ્રૂષા=તત્ત્વને સાંભળવાની ઉત્કટ ઇચ્છા, યોગવિષયક અક્ષેપ=ક્ષેપ દોષનો પરિહાર, આ દૃષ્ટિમાં હોય છે, સ્થિરચિત્તપણું હોવાથી યોગના સાધનના ઉપાયમાં કૌશલ્ય થાય છે,

દીપ્રાદૃષ્ટિમાં પ્રાણાયામ હોય છે=અશુભ ભાવોનું રેચન, શુભભાવોનું પૂરણ અને આત્મામાં પુરાયેલા શુભ ભાવોના સ્થિરકરણરૂપ કુંભનાત્મક પ્રાણાયામ હોય છે. પ્રશાન્તવાહિતાનો લાભ હોવાને કારણે યોગની પ્રવૃત્તિમાં ઉત્થાન દોષનો વિરહ છે, તત્ત્વનું શ્રવણ છે=યોગમાર્ગના પરમાર્થને બતાવનાર તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી ઊહપૂર્વક તત્ત્વનું શ્રવણ છે, પ્રાણથી પણ ધર્મનું અધિકપણાથી પરિજ્ઞાન, તત્ત્વશ્રવણથી ગુરુભક્તિનો ઉદ્રેક થવાને કારણે સમાપત્તિ આદિના ભેદથી તીર્થંકરનું દર્શન થાય છે.

વળી મિત્રાદિ દૃષ્ટિના યોગનું સ્વરૂપ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

અને મિત્રાદૃષ્ટિ તૃણના અગ્નિના કણની ઉપમાવાળી છે=તૃણનો અગ્નિ અત્યંત અલ્પ માત્રામાં હોય છે તેમ મિત્રાદૃષ્ટિમાં કલ્યાણનું કારણ બને તેવો યોગમાર્ગ વિષયક બોધ અતિ અલ્પ માત્રામાં હોય છે.

પરમાર્થથી અભીષ્ટ કાર્યક્ષમ નથી. જેમ ગાઢ અંધકારમાં તૃણનું તણખલું સહેજ બળતું હોય તેટલામાત્ર પ્રકાશથી ઈષ્ટ સ્થાને જવા માટે પુરુષ પ્રયત્ન કરી શકે નહિ તેમ મિત્રાદૃષ્ટિના બોધથી ઈષ્ટ કાર્ય કરવાનું સામર્થ્ય નથી.

કેમ અભીષ્ટ કાર્યક્ષમ નથી ? તેથી કહે છે –

પ્રયોગકાળ સુધી સમ્યગ્ અનવસ્થાન છે=મિત્રાદૃષ્ટિમાં તૃણ જેવો જે અલ્પ બોધ થયેલો તે અલ્પ બોધ હોવાથી ટકતો નથી.

અહીં પ્રશ્ન થાય કે મિત્રાદૃષ્ટિનો બોધ પ્રવૃત્તિકાળ સુધી કેમ ટકતો નથી ? તેથી કહે છે –

અલ્પવીર્યપણું હોવાથી, તેનાથી=મિત્રાદૃષ્ટિના બોધથી, પટુસ્મૃતિના કારણરૂપ એવા સંસ્કારના આધાનની અનુપપત્તિ છે. તેથી વિકલ પ્રયોગ થવાને કારણે=યોગમાર્ગની પ્રવૃત્તિ બોધથી વિકલ થવાને કારણે ભાવથી વંદનાદિ કાર્યનો અયોગ છે. 'ઇતિ' શબ્દ મિત્રા દૃષ્ટિના બોધના કથનની સમાપ્તિ માટે છે.

તારાદૃષ્ટિ ગોમયના અગ્નિના કણ સદૃશ છે. આ પણ=બીજી દૃષ્ટિ પણ, ઉક્ત કલ્પ જ છે=મિત્રાદૃષ્ટિ તુલ્ય જ છે,=જેમ મિત્રાદૃષ્ટિ અભીષ્ટ કાર્યક્ષમ ન હતી. તેમ આ દૃષ્ટિ પણ મિત્રાદૃષ્ટિ કરતાં કંઈક અધિક બોધવાળી હોવા છતાં અભીષ્ટ કાર્યક્ષમ નથી; કેમ કે તત્ત્વથી વિશિષ્ટ સ્થિતિ અને વીર્યથી વિકલ છે=મિત્રાદૃષ્ટિના બોધ કરતાં કંઈક અધિક સ્થિતિ અને અધિક વીર્ય હોવા છતાં આત્મકલ્યાણાર્થે વંદનાદિ ક્રિયામાં ભાવથી યત્ન થઈ શકે તેવી વિશિષ્ટ બોધની સ્થિતિ અને બોધકાળમાં વીર્યનું વિકલપણું છે, આનાથી પણ=તારાદૃષ્ટિના બોધથી પણ, પ્રયોગકાળમાં=આત્મકલ્યાણાર્થે વંદનાદિની ક્રિયાકાળમાં, સ્મૃતિના પાટવની અસિદ્ધિ છે. સ્મૃતિના પાટવની અસિદ્ધિને કારણે તેના અભાવમાં= પ્રયોગકાળમાં સ્મૃતિના અભાવમાં, પ્રયોગનું વિકલપણું છે. વંદનાદિ ક્રિયાકાળમાં પ્રયોગનું વિકલપણું

હોવાથી, તેનાથી=તારાદૃષ્ટિમાં કરાયેલી વંદનાદિ ક્રિયાથી, તે પ્રકારના કાર્યનો અભાવ છે=ભાવથી વંદનાદિનું ફળ મળે તે પ્રકારના કાર્યનો અભાવ છે.

'इति' શબ્દ તારા દૃષ્ટિના બોધની સમાપ્તિ માટે છે.

બલાદૃષ્ટિ કાષ્ઠના અગ્નિના કણ તુલ્ય છે. ઉક્ત બોધદ્વયથી ઈષત્ વિશિષ્ટ છે=મિત્રા-તારાના બોધથી બલાદૃષ્ટિ થોડી વિશિષ્ટ છે, તેથી અહીં=ત્રીજી દૃષ્ટિમાં, થોડી સ્થિતિ અને વીર્ય છે=થોડી બોધની સ્થિતિ છે અને બોધકાળમાં સ્મૃતિનું કારણ બને તેવું વીર્ય છે, આથી પટુપ્રાયઃ સ્મૃતિ છે; કેમ કે અહીં=ત્રીજી દૃષ્ટિમાં પ્રયોગ સમયમાં=પોતાના બોધ દ્વારા ઉચિત ક્રિયાના પ્રયોગ સમયમાં, તેનો ભાવ હોતે છતે=સ્મૃતિનો સદ્ભાવ હોતે છતે, અર્થ પ્રયોગમાત્રમાં પ્રીતિ હોવાથી=સંસાર સમુદ્રમાંથી બહાર નીકળવાને અનુકૂળ સમ્યક્ પ્રયત્ન થાય તેવા પ્રકારના પરિણામવાળી ક્રિયા કરવામાં પ્રીતિ હોવાથી, યત્ન લેશનો ભાવ છે.

'इति' શબ્દ બલાદૃષ્ટિના બોધની સમાપ્તિ માટે છે.

દીપ્રાદૃષ્ટિ દીવાની પ્રભા સદૃશ છે. ઉક્ત એવા વીર્યબોધ ત્રયથી વિશિષ્ટતર છે=પહેલી ત્રણ દૃષ્ટિમાં યોગમાર્ગને અનુકૂળ જે બોધ અને વીર્ય છે તેના કરતાં વિશિષ્ટતર બોધ અને વીર્ય ચોથી દૃષ્ટિમાં છે. આથી=ચોથી દૃષ્ટિમાં પહેલી ત્રણ દૃષ્ટિ કરતાં વિશિષ્ટતર વીર્ય અને બોધ છે આથી, અહીં=ચોથી દૃષ્ટિમાં, ઉદગ્ર સ્થિતિ અને વીર્ય છે=તીવ્ર કોટિની બોધની સ્થિતિ છે અને બોધ અનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિને અનુકૂળ એવું સંચિત વીર્ય છે, તે કારણથી પ્રયોગ સમયમાં=ચોથી દૃષ્ટિના બોધથી નિયંત્રિત ઉચિત ક્રિયા કરવાના સમયમાં, પટ્વી પણ સ્મૃતિ છે. અર્થાત્ ક્વચિત્ અપટુ સ્મૃતિ હોય તો ક્વચિત્ પટ્વી પણ સ્મૃતિ હોય. આ રીતે=પૂર્વમાં કહ્યું કે ચોથી દૃષ્ટિમાં ઉદગ્ર સ્થિતિ-વીર્ય છે તેથી વંદનાદિ ક્રિયાકાળમાં પટ્વી સ્મૃતિ પણ છે એ રીતે, ભાવથી પણ અહીં=ચોથી દૃષ્ટિમાં, વંદનાદિ વિષયક દ્રવ્ય પ્રયોગ છે; કેમ કે તેવા પ્રકારની ભક્તિને કારણે=સમ્યગ્દૃષ્ટિ જેવી ભાવથી વંદનાદિની પ્રવૃત્તિ કરતાં વિલક્ષણ એવી ભક્તિ હોવાને કારણે, યત્નભેદની પ્રવૃત્તિ છે=સમ્યગ્દૃષ્ટિ જીવ કરતાં અલ્પ માત્રાના ભાવવાળી વંદનાદિની ક્રિયાની પ્રવૃત્તિ છે, 'इति' શબ્દ ચોથી દૃષ્ટિના સ્વરૂપની સમાપ્તિ માટે છે. પ્રથમ ગુણસ્થાનકનો પ્રકર્ષ આટલો છે=પ્રથમ દૃષ્ટિથી માંડીને ચોથી દૃષ્ટિ સુધી છે, એ પ્રમાણે શાસ્ત્રના જાણનારાઓ કહે છે. અને આ રીતે=પ્રસ્તુત ગાથામાં મિત્રાદિ ચાર દૃષ્ટિઓનું વર્ણન કર્યું એ રીતે, કહેવાયેલા યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથના અર્થના અનુસારથી મિથ્યાદૃષ્ટિઓને પણ મિત્રાદિદૃષ્ટિના યોગથી તેવા પ્રકારના ગુણસ્થાનકત્વની સિદ્ધિ હોવાથી=મોક્ષનું કારણ બને તેવા પારમાર્થિક ગુણોના સ્થાનકપણાની સિદ્ધિ હોવાથી, અનાભિગ્રહિકને તેવા પ્રકારની પ્રવૃત્તિનો સંભવ હોવાને કારણે=અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિને ગુણનિષ્પત્તિનું કારણ બને તેવા પ્રકારની દેવ-ગુરુની ભક્તિની પ્રવૃત્તિનો સંભવ હોવાને કારણે, તેઓનો અનાભિગ્રહિકપણું જ શોભન છે=તેવા જીવમાં પક્ષપાત વગર સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ અનાભિગ્રહિકપણું જ શોભન છે, તે પ્રમાણે પ્રાપ્ત થયું. ॥૧૩॥

ભાવાર્થ :-

ગાથા-૧૨ની અવતરણિકામાં કહ્યું કે અનાભિગ્રહિકમિથ્યાત્વવાળા જીવોમાં મિથ્યાત્વની મંદતાને કારણે સર્વ દેવો પ્રત્યે પક્ષપાત વગર પૂજનનો પરિણામ હોય છે. જે મિથ્યાત્વરૂપ હોવા છતાં મિથ્યાત્વની મંદતાને કારણે ગુણના પક્ષપાતવાળો હોવાથી શોભન છે. અને તેની પુષ્ટિ કરતાં જ પ્રસ્તુત ગાથામાં બતાવે છે કે અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવો પરમાર્થની ગવેષણા કરવામાં તત્પર હોય છે. અને મોક્ષના એક પ્રયોજનવાળા હોય છે. તેથી તેઓમાં મિત્રાદિ ચાર દૃષ્ટિઓમાંથી ભૂમિકાનુસાર દૃષ્ટિઓ વર્તે છે. અને તે દૃષ્ટિઓને કારણે તે મહાત્માઓ ગ્રંથિભેદના કારણીભૂત અપૂર્વકરણના આસન્ન ભાવવાળા છે. તેથી તે મહાત્માઓ સામગ્રી પામીને અવશ્ય સમ્યક્ત્વ પામશે. તેથી તેઓનું અનાભિગ્રહિકપણું પણ ગુણનિષ્પત્તિનું કારણ હોવાથી શોભન છે.

પ્રસ્તુત ગાથામાં મિત્રાદિ ચાર દૃષ્ટિઓનું કંઈક સ્વરૂપ બતાવેલ છે. જેનું વિશેષ વર્ણન યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથના અમારા કરાયેલા વિવેચનથી જાણવું. **॥૧૩॥**

અવતરણિકા :-

ननु योगदृष्ट्यापि मिथ्यादृशां कथं गुणभाजनत्वम्? जैनत्वप्राप्तिं विना गुणलाभासंभवाद्, दृष्टिविपर्यासस्य दोषस्य सत्त्वाद् । अत एवोक्तं –

मिथ्यात्वं परमो रोगो मिथ्यात्वं परमं तमः ।

मिथ्यात्वं परमः शत्रुर्मिथ्यात्वं पदमापदाम् ।। **इत्याशंक्याह –**

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે. યોગદૃષ્ટિ હોવા છતાં=પૂર્વ ગાથામાં બતાવ્યું એ પ્રમાણે અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિઓને મિત્રાદિ દૃષ્ટિરૂપ યોગદૃષ્ટિ હોવા છતાં, પણ મિથ્યાદૃષ્ટિઓને=અનાભિગ્રહિક એવા મિથ્યાદૃષ્ટિઓને, કેવી રીતે ગુણભાજનપણું હોઈ શકે ? અર્થાત્ મોક્ષને અનુકૂળ એવું ગુણનું ભાજનપણું મિથ્યાત્વીઓને સંભવે નહિ; કેમ કે જૈનત્વની પ્રાપ્તિ વગર=જિનની ઉપાસનારૂપ જૈનત્વની પ્રાપ્તિ વગર, ગુણલાભનો અસંભવ છે. વળી દૃષ્ટિવિપર્યાસરૂપ દોષનું વિદ્યમાનપણું છે. આથી જ=મિથ્યાદૃષ્ટિ ગુણનું ભાજન નથી આથી જ, કહેવાયું છે –

"મિથ્યાત્વ પરમ રોગ છે, મિથ્યાત્વ પરમ અંધકાર છે. મિથ્યાત્વ પરમ શત્રુ છે. મિથ્યાત્વ આપત્તિઓનું સ્થાન છે."

આ પ્રકારની આશંકા કરીને કહે છે –

ગાથા :-

गलिआसग्गहदोसा अविज्जसंविज्जपयगया तेवि ।
सव्वण्णुभिच्चभावा जइणत्तं जंति भावेणं ।।१४।।

છાયા :-

गलितासद्ग्रहदोषा अवेद्यसंवेद्यपदगतास्तेऽपि ।
सर्वज्ञभृत्यभावात् जैनत्वं यान्ति भावेन ।।१४।।

અન્વયાર્થ :-

गलितासग्गहदोसा=ગલિત અસદ્ગ્રહદોષવાળા, अविज्जसंविज्जपयगया=અવેદ્યસંવેદ્યપદમાં રહેલા એવા, तेवि=તેઓ પણ=અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવો પણ, सव्वण्णुभिच्चभावा=સર્વજ્ઞનું સેવકપણું હોવાને કારણે, भावेणं जइणत्तं जंति=ભાવથી જૈનત્વને પામે છે. ।।૧૪।।

ગાથાર્થ :-

ગલિત અસદ્ગ્રહદોષવાળા, અવેદ્યસંવેદ્યપદમાં રહેલા એવા તેઓ પણ=અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવો પણ, સર્વજ્ઞનું સેવકપણું હોવાને કારણે ભાવથી જૈનત્વને પામે છે. ।।૧૪।।

ટીકા :-

गलिआसग्गहदोसत्ति । ते लब्धयोगदृष्टयो मिथ्यात्ववन्तोऽवेद्यसंवेद्यपदगता अपि तत्त्वश्रवणपर्यन्तगुणलाभेऽपि कर्मवज्रविभेदलभ्यानन्तधर्मात्मकवस्तुपरिच्छेदरूपसूक्ष्मबोधाभावेन वेद्यसंवेद्यपदाधस्तनपदस्थिता अपि भावेन जैनत्वं यान्ति । वेद्यसंवेद्याऽवेद्यसंवेद्यपदयोर्लक्षणमिदं –

वेद्यं संवेद्यते यस्मिन्नपायादिनिबन्धनम् ।
पदं तद्वेद्यसंवेद्यमन्यदेतद्विपर्ययात् ।। **इति । (योग.समु.७३)**

अस्यार्थः – वेद्यं वेदनीयं वस्तुस्थित्या, तथाभावयोगिसामान्येनाविकल्पज्ञानग्राह्यमित्यर्थः, संवेद्यते क्षयोपशमानुरूपं विज्ञायते यस्मिन् आशयस्थाने, अपायादिनिबन्धनं नरकस्वर्गादिकारणं स्त्र्यादि तद् वेद्यसंवेद्यपदं निश्चितागमतात्पर्यार्थयोगिनां भवति, अन्यदवेद्यसंवेद्यपदम्, एतद्विपर्ययात्=उक्तलक्षणव्यत्ययात्, स्थूलबुद्धीनां भवति ।।

कथं ते भावजैनत्वं यान्ति? इत्यत्र हेतुमाह–सर्वज्ञभृत्यभावात्=सर्वत्र धर्मशास्त्रपुरस्कारेण तद्वक्तृसर्वज्ञसेवकत्वाभ्युपगमात् । नन्वेवमुच्छिन्ना जैनाऽजैनव्यवस्था, बाह्यैरपिसर्वैर्नाममात्रेण सर्वज्ञाभ्युपगमात् तेषामपि जैनत्वप्रसङ्गाद्, इत्यतस्तेषां विशेषमाह–गलितासद्ग्रहदोषा इति । येषां ह्यसद्ग्रहदोषात्स्वस्वाभ्युपगतार्थपुरस्कारस्तेषां रागद्वेषादिविशिष्टकल्पितसर्वज्ञाभ्युपगन्तृत्वेऽपि न भावजैनत्वम् । येषां तु माध्यस्थ्यावदातबुद्धीनां विप्रतिपत्तिविषयप्रकारांशे नाग्रहस्तेषां मुख्यसर्वज्ञाभ्युपगन्तृत्वाद् भावजैनत्वं स्यादेवेति भावः । मुख्यो हि सर्वज्ञस्तावदेक एव, निरतिशयगुणवत्त्वेन तत्प्रतिपत्तिश्च यावतां तावतां तद्भक्तत्वमविशिष्टमेव, सर्वविशेषाणां छद्मस्थेनाग्रहाद्, दूरासन्नादिभेदस्य च भृत्यत्वजात्यभेदकत्वादिति । तदुक्तं योगदृष्टिसमुच्चये (श्लो० १०२-१०९) –

न तत्त्वतो भिन्नमताः सर्वज्ञा बहवो यतः ।
मोहस्तदधिमुक्तीनां तद्भेदाश्रयणं ततः ।।
सर्वज्ञो नाम यः कश्चित्पारमार्थिक एव हि ।
स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ।।
प्रतिपत्तिस्ततस्तस्य सामान्येनैव यावताम् ।
ते सर्वेऽपि तमापन्ना इति न्यायगतिः परा ।।
विशेषस्तु पुनस्तस्य कार्त्स्न्येनासर्वदर्शिभिः ।
सर्वैर्न ज्ञायते तेन तमापन्नो न कश्चन ।।
तस्मात्सामान्यतोऽप्येनमभ्युपैति य एवं हि ।
निर्व्याजं तुल्य एवासौ तेनांशेनैव धीमताम् ।।
यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः ।
दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ।।
सर्वज्ञतत्त्वाभेदेन तथा सर्वज्ञवादिनः ।
सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ।।
न भेद एव तत्त्वेन सर्वज्ञानां महात्मनाम् ।
तथा नामादिभेदेऽपि भाव्यमेतन्महात्मभिः ।। **इति ।**

न च परेषां सर्वज्ञभक्तेरेवानुपपत्तिः, तेषामप्यध्यात्मशास्त्रेषु चित्राचित्रविभागेन भक्तिवर्णनात्, संसारिणां विचित्रफलार्थिनां नानादेवेषु चित्रभक्तेरेकमोक्षार्थिनां चैकस्मिन् सर्वज्ञेऽचित्रभक्त्युपपादनात् । तथा च हारिभद्रं वचः (योगदृष्टि. ११०-११२)

चित्राचित्रविभागेन यच्च देवेषु वर्णिता ।
भक्तिः सद्योग(शैवयोग)शास्त्रेषु ततोप्येवमिदं स्थितम् ।।
संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम् ।
तदतीते पुनस्तत्त्वे तदतीतार्थयायिनाम् ।।
चित्रा चाद्येषु तद्रागतदन्यद्वेषसङ्गता ।
अचित्रा चरमे त्वेषा शमसाराखिलैव हि ।। **इति ।**

प्राप्यस्य मोक्षस्य चैकत्वात् तदर्थिनां गुणस्थानपरिणतितारतम्येऽपि न मार्गभेद इति तदनुकूल-सर्वज्ञभक्तावप्यविवाद एव तेषाम् । उक्तं च (१२७-१३३) –

प्राकृतेष्विह भावेषु येषां चेतो निरुत्सुकम् ।
भवभोगविरक्तास्ते भवातीतार्थयायिनः ।।
एक एव तु मार्गोऽपि तेषां शमपरायणः ।
अवस्थाभेदभेदेऽपि जलधौ तीरमार्गवत् ।।
संसारातीततत्त्वं तु परं निर्वाणसंज्ञितम् ।
तद्ध्येकमेव नियमाच्छब्दभेदेऽपि तत्त्वतः ।।
सदाशिवः परंब्रह्म सिद्धात्मा तथातेति च ।
शब्दैस्तदुच्यतेऽन्वर्थादेकमेवैवमादिभिः ।।
तल्लक्षणाविसंवादान्निराबाधमनामयम् ।
निष्क्रियं च परं तत्त्वं यतो जन्माद्ययोगतः ।।
ज्ञाते निर्वाणतत्त्वेऽस्मिन्नसंमोहेन तत्त्वतः ।
प्रेक्षावतां न तद्भक्तौ विवाद उपपद्यते ।।
सर्वज्ञपूर्वकं चैतन्नियमादेव यत्स्थितौ ।
आसन्नोऽयमृजुमार्गस्तद्भेदस्तत्कथं भवेत् ।। **इति ।**

ननु देशनाभेदान्नैकः सर्वज्ञ इति सर्वेषां योगिनां नैकसर्वज्ञभक्तत्वमिति चेद्? न, विनेयानुगुण्येन सर्वेषां देशनाभेदोपपत्तेः, एकस्या एव तस्या वक्तुरचिन्त्यपुण्यप्रभावेन श्रोतृभेदेन भिन्नतया परिणतेः कपिलादीनामृषीनामेव वा कालादियोगेन नयभेदात्तद्वैचित्र्योपपत्तेः तन्मूलसर्वज्ञप्रतिक्षेपस्य महापापत्वात् । उक्तं च (योग० समु० १३४-१४२) –

चित्रा तु देशनैतेषां स्याद्विनेयानुगुण्यतः ।
यस्मादेते महात्मानो भवव्याधिभिषग्वराः ।।
यस्य येन प्रकारेण बीजाधानादिसंभवः ।
सानुबन्धो भवत्येते तथा तस्य जगुस्ततः ।।
एकापि देशनैतेषां यद्वा श्रोतृविभेदतः ।
अचिन्त्यपुण्यसामर्थ्यात्तथा चित्रावभासते ।।

यथाभव्यं च सर्वेषामुपकारोऽपि तत्कृतः ।
जायतेऽवन्ध्यताऽप्येवमस्याः सर्वत्र सुस्थिता ।।
यद्वा तत्तन्नयापेक्षा तत्तत्कालादियोगतः ।
ऋषिभ्यो देशना चित्रा तन्मूलैषापि तत्त्वतः ।।
तदभिप्रायमज्ञात्वा न ततोऽर्वाग्दृशां सताम् ।
युज्यते तत्प्रतिक्षेपो महानर्थकरः परः ।।
निशानाथप्रतिक्षेपो यथान्धानामसङ्गतः ।
तद्भेदपरिकल्पश्च तथैवार्वाग्दशामयम् ।।
न युज्यते प्रतिक्षेपः सामान्यस्यापि तत्सताम् ।
आर्यापवादस्तु पुनर्जिह्वाछेदाधिको मतः ।।
कुष्ट्यादि च नोसन्तो भाषन्ते प्रायशः क्वचित् ।
निश्चितं सारवच्चैव किन्तु सत्त्वार्थकृत्सदा ।।

ननु यद्येवंविधं माध्यस्थ्यं परेषां स्यात् तदा मार्गाभाव(वे) जैनत्वं भवेत्, तदेव तु व्यवहारतो जैनमार्गाऽनाश्रयणे दुर्घटमिति न तेषां माध्यस्थ्यमिति चेद्? न, मोहमान्द्ये परेषामपि योगिनामेतादृश-माध्यस्थ्यस्येष्टत्वाद्, यदयं कालातीतवचनानुवादो योगबिन्दौ (श्लोक ३००-३०८) –

माध्यस्थ्यमवलम्ब्यैवमैदम्पर्यव्यपेक्षया ।
तत्त्वं निरूपणीयं स्यात्कालातीतोऽप्यदोऽब्रवीत् ।।
अन्येषामप्ययं मार्गो मुक्ताविद्यादिवादिनाम् ।
अभिधानादिभेदेन तत्त्वनीत्या व्यवस्थितः ।।
मुक्तो बुद्धोऽर्हन् वाऽपि यदैश्वर्येण समन्वितः ।
तदीश्वरः स एव स्यात्संज्ञाभेदोऽत्र केवलम् ।।
अनादिशुद्ध इत्यादिर्यो भेदो यस्य कल्प्यते ।
तत्तत्तन्त्रानुसारेण मन्ये सोऽपि निरर्थकः ।।
विशेषस्यापरिज्ञानाद् युक्तीनां जातिवादतः ।
प्रायो विरोधतश्चैव फलाभेदाच्च भावतः ।।

अविद्याक्लेशकर्मादि यतश्च भवकारणम् ।

ततः प्रधानमेवैतत्संज्ञाभेदमुपागतम् ।।

अत्रा(स्या)पि यो परो भेदश्चित्रोपाधिस्तथातथा ।

गीयतेऽतीतहेतुभ्यो धीमतां सोऽप्यपार्थकः ।।

ततोऽस्थानप्रयासोऽयं यत्तद्भेदनिरूपणम् ।

सामान्यमनुमानस्य यतश्च विषयो मतः ।।

साधु चैतद् यतो नीत्या शास्त्रमत्र प्रवर्त्तकम् ।

तथाभिधानभेदात्तु भेदः कुचितिकाग्रहः ।। **इत्यादि ।।१४।।**

ટીકાર્થ :-

ते लब्धयोगदृष्टयो ..... इत्यादि ।। 'गलिआसग्गहदोसत्ति' प्रतीक छे. तेओ=अनाभिग्रहिक मिथ्यादृष्टि जीवो, लब्धयोगदृष्टिवाळा, मिथ्यात्ववाळा अवेद्यसंवेद्यपदमां रहेला पण तत्त्वश्रवणपर्यंतगुणनो लाभ होते छते पण कर्मवज्जना विभेदथी लभ्य एवा अनंत धर्मात्मक वस्तुना परिच्छेदरूप सूक्ष्म बोधना अभावने कारणे वेद्यसंवेद्यपदथी नीचेना पदमां रहेला पण भावथी जैनपणाने पामे छे. वेद्यसंवेद्य अने अवेद्यसंवेद्यपदनुं लक्षण आ छे – अपायादिनुं कारण एवुं वेद्य स्त्री आदिनुं संवेदन थाय छे जेमां ते वेद्यसंवेद्यपद छे. आना विपर्ययथी=वेद्यसंवेद्यपदना विपर्ययथी अन्य छे=अवेद्यसंवेद्यपद छे.

आनो अर्थ=योगदृष्टि समुच्चयना श्लोकनो अर्थ आ प्रमाणे छे –

वेद्य=वस्तुस्थितिथी वेदनीय. तेवा प्रकारना भावयोगी सामान्यथी=तत्त्वना परमार्थने जाणनारा एवा सम्यग्दृष्टि, देशविरतिधर अने सर्व विरतिधर एवा भावयोगी सामान्यथी, अर्थात् तेवा प्रकारना सर्व भावयोगीथी अविकल्पज्ञानग्राह्य=समानज्ञानथी ग्राह्य एवो जे अर्थ, ते वेद्य छे, अने आवुं वेद्यनुं संवेदन थाय छे जेमां=क्षयोपशमने अनुरूप जणाय छे जेमां=जे आशयस्थानमां, ते वेद्यसंवेद्यपद छे.

ते वेद्य आशयस्थानमां केवुं जणाय छे ? ते स्पष्ट करे छे –

अपायादिनुं कारण=नरक-स्वर्गादिनुं कारण, एवा स्त्री आदि जणाय छे जेमां, ते वेद्यसंवेद्यपद निश्चित आगमना तात्पर्यार्थने जाणनारा योगीओने थाय छे, अन्य अवेद्यसंवेद्यपद छे.

शेनाथी अवेद्यसंवेद्यपद थाय छे ? ते स्पष्ट करे छे –

आना विपर्ययथी=उक्त लक्षणवाळा वेद्यसंवेद्यपदना व्यत्ययथी, स्थूलबुद्धिवाळा जीवोने थाय छे=अवेद्यसंवेद्यपद थाय छे.

केवी रीते तेओ=योगदृष्टिवाळा अनाभिग्रहिकमिथ्यात्वी जीवो, भावजैनत्व पामे छे ? तेमां हेतु कहे छे –

સર્વજ્ઞનું સેવકપણું હોવાથી=સર્વ પ્રવૃત્તિઓમાં ધર્મશાસ્ત્રને આગળ કરીને તેના વક્તા અર્થાત્ ધર્મશાસ્ત્રના વક્તા, એવા સર્વજ્ઞપણાનું સેવકપણું સ્વીકારેલું હોવાથી, તેઓ ભાવજૈન છે.

'ननु'થી શંકા કરે છે – આ રીતે=સર્વ દર્શનોને સમાન સ્વીકારનાર પર દર્શનમાં રહેલા અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિમાં ભાવજૈનત્વ છે તેમ સ્વીકાર્યું એ રીતે, જૈનાજૈનની વ્યવસ્થા ઉચ્છિન્ન થશે; કેમ કે બાહ્ય એવા સર્વ વડે=જૈનદર્શનથી અન્ય એવા સર્વ વડે, નામમાત્રથી સર્વજ્ઞનો સ્વીકાર કરેલો હોવાથી=તેઓના ઉપાસ્ય દેવને સર્વજ્ઞરૂપે સ્વીકાર કરેલો હોવાથી, તેઓના પણ જૈનત્વનો પ્રસંગ છે. એથી તેઓના=સર્વજ્ઞના સેવકના, વિશેષને ગાથામાં કહે છે – ગલિત અસદ્ગ્રહદોષવાળા એવા તેઓ ભાવથી જૈનત્વને પામે છે, એમ અન્વય છે.

ગલિત અસદ્ગ્રહદોષનો અર્થ સ્પષ્ટ કરે છે –

જેઓને અસદ્ગ્રહના દોષથી સ્વ-સ્વાભ્યુપગત અર્થનો પુરસ્કાર છે. તેઓને રાગ-દ્વેષાદિ વિશિષ્ટ કલ્પિત-સર્વજ્ઞનું અભ્યુપગન્તૃપણું હોવા છતાં પણ ભાવ જૈનપણું નથી. વળી માધ્યસ્થ્યથી અવદાત બુદ્ધિવાળા એવા જેઓને વિપ્રતિપત્તિના વિષયના પ્રકારઅંશમાં=પોતાના દ્વારા સ્વીકારાયેલા પદાર્થ કરતાં અન્ય વડે સ્વીકારાયેલા પદાર્થમાં વિપરીત નિર્ણય છે તેવા વિષયના પ્રકારઅંશમાં, આગ્રહ નથી તેઓનું મુખ્ય સર્વજ્ઞનું અભ્યુપગન્તૃપણું હોવાથી ભાવજૈનપણું થાય જ, એ પ્રકારનો ભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે જેઓ ગલિત અસદ્ગ્રહદોષવાળા છે તેઓનું મુખ્ય સર્વજ્ઞનું અભ્યુપગન્તૃપણું કેમ છે ? તે કહે છે –

મુખ્ય સર્વજ્ઞ એક જ છે. અને નિરતિશયગુણવાનપણારૂપે તેની પ્રતિપત્તિ=સર્વજ્ઞનો સ્વીકાર, જેટલા જીવોને છે તેટલા જીવોને તેનું ભક્તપણું-સર્વજ્ઞનું ભક્તપણું, અવિશિષ્ટ જ છે; કેમ કે સર્વ વિશેષોનું=સર્વજ્ઞમાં રહેલ સર્વ વિશેષ ધર્મોનું, છદ્મસ્થ વડે અગ્રહણ છે. અને દૂર-આસન્નાદિ ભેદનું=સર્વજ્ઞના સ્વીકારમાં દૂરવર્તિતા અને આસન્નવર્તિતાદિ ભેદનું, ભૃત્યત્વ જાતિનું અભેદકપણું છે=સેવકત્વ જાતિ એક છે, 'इति' શબ્દ ગલિત અસદ્ગ્રહદોષના તાત્પર્યની સમાપ્તિ માટે છે. તે=ગલિત અસદ્ગ્રહદોષવાળા એક સર્વજ્ઞના સેવક છે એમ પૂર્વમાં કહેવાયું છે તે, યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહેવાયું છે –

"તત્ત્વથી સર્વજ્ઞો ભિન્ન અભિપ્રાયવાળા નથી, જે કારણથી ઘણા છે તે કારણથી સર્વજ્ઞ પ્રત્યે અતિશય શ્રદ્ધાવાળાઓને સર્વજ્ઞના ભેદનો સ્વીકાર એ મોહ છે. ।।૧૦૨।। પારમાર્થિક જ જે કોઈ સર્વજ્ઞ છે. વ્યક્તિનો ભેદ હોતે છતે પણ તે તત્ત્વથી સર્વક્ષેત્ર અને સર્વકાળમાં એક જ છે. ।।૧૦૩।। પારમાર્થિક સર્વજ્ઞ એક છે તે કારણથી સર્વજ્ઞની સામાન્યથી જ જેટલાઓને પ્રતિપત્તિ છે તેઓ સર્વે પણ મુખ્ય સર્વજ્ઞને પામેલા છે, એ પ્રકારે સર્વોચ્ચ યુક્તિ છે. ।।૧૦૪।। વળી સર્વજ્ઞનો સંપૂર્ણ રીતે વિશેષ જ સર્વ છદ્મસ્થો વડે જણાતો નથી, તે કારણથી સર્વજ્ઞને કોઈ પામેલો નથી. ।।૧૦૫।। છદ્મસ્થ વિશેષથી સર્વજ્ઞને જાણતા નથી તે કારણથી, સામાન્યથી પણ સર્વજ્ઞને જે નિર્વ્યાજ જ સ્વીકારે છે, તે અંશથી જ આ=સર્વ ઉપાસકો, બુદ્ધિમાનોને સમાન જ છે. ।।૧૦૬।। જેમ જ દૂરાસન્નાદિ ભેદ હોતે છતે પણ, એક

રાજાને ઘણા પણ આશ્રિતો સર્વ જ તે રાજાના સેવકો છે. ।।૧૦૭।। તે પ્રકારે સર્વજ્ઞ તત્ત્વનો અભેદ હોવાને કારણે. ભિન્ન આચારમાં રહેલા પણ સર્વ સર્વજ્ઞવાદીઓ સર્વજ્ઞ તત્ત્વ તરફ જનારા જાણવા. ।।૧૦૮।। તે પ્રકારના નામાદિનો ભેદ હોવા છતાં પણ તત્ત્વથી સર્વજ્ઞ મહાત્માઓનો ભેદ જ નથી, એ મહાત્માઓએ ભાવન કરવું જોઈએ. ।।૧૦૯।।"

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને પર જીવોને=અન્યદર્શનમાં રહેલા જીવોને, સર્વજ્ઞની ભક્તિની જ અનુપપત્તિ નથી.

સર્વજ્ઞની ભક્તિની જ અનુપપત્તિ કેમ નથી ? તેમાં હેતુ કહે છે –

તેઓના પણ=અન્યદર્શનના જીવોના પણ, અધ્યાત્મ શાસ્ત્રોમાં ચિત્રાચિત્રના વિભાગ વડે ભક્તિનું વર્ણન છે.

અન્યદર્શનમાં કયા પ્રકારે ચિત્રાચિત્ર વિભાગની ભક્તિ છે ? તેમાં હેતુ કહે છે –

વિચિત્ર ફળના અર્થી એવા સંસારીઓની જુદા જુદા દેવોને વિષે ચિત્રભક્તિનું=અનેક પ્રકારની ભક્તિનું, અને એકમોક્ષના અર્થીઓની એકસર્વજ્ઞમાં અચિત્રભક્તિનું=ભેદ વિનાની ભક્તિનું, ઉપપાદન છે. અને તથા=તે રીતે=અન્યદર્શના જીવોના અધ્યાત્મશાસ્ત્રોમાં ચિત્રાચિત્ર વિભાગ વડે ભક્તિનું વર્ણન હોવાથી અન્યદર્શનના જીવોને સર્વજ્ઞની ભક્તિની જ અનુપપત્તિ નથી તે રીતે, હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં કહ્યું છે –

"અને જે કારણથી લોકપાલ-મુક્તાદિ દેવોમાં ચિત્ર, અચિત્રના વિભાગથી અર્થાત્ લોકપાલમાં ચિત્ર અને મુક્તાદિમાં અચિત્ર એવા વિભાગથી, ભક્તિ શૈવદર્શનના અધ્યાત્મચિંતા શાસ્ત્રમાં વર્ણન કરાઈ, તેથી પણ આ=પ્રસ્તુત શ્લોક-૧૦૯માં કહ્યું એ પ્રમાણે વ્યવસ્થિત છે. ।।૧૧૦।। સંસારી દેવોની કાયામાં જનારાઓની ભક્તિ સંસારી દેવોમાં છે, વળી સંસારથી અતીત અર્થમાં જનારાઓની ભક્તિ સંસારથી અતીત તત્ત્વમાં છે. ।।૧૧૧।। અને સંસારી દેવોમાં સ્વાભીષ્ટ દેવતાનો રાગ અને અન્ય દેવના દ્વેષથી સહિત એવી ચિત્રા ભક્તિ છે. વળી સંસારથી અતીત તત્ત્વમાં અચિત્રા બધી જ ભક્તિ શમપ્રધાન છે. ।।૧૧૨।।"

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અને પ્રાપ્ય એવા મોક્ષનું એકપણું હોવાથી તેના અર્થીઓનાં=મોક્ષના અર્થીઓનાં, ગુણસ્થાનકની પરિણતિનું તારતમ્ય હોવા છતાં પણ માર્ગભેદ નથી. એથી તેને=મોક્ષને, અનુકૂલ સર્વજ્ઞ ભક્તિમાં પણ તેઓનો અવિવાદ જ છે. અને યોગદૃષ્ટિમાં કહ્યું છે –

"સંસારમાં જેઓનું ચિત્ત પ્રાકૃત ભાવોમાં નિરુત્સક છે, ભવભોગથી વિરક્ત એવા તેઓ, ભવથી અતીત એવા મોક્ષમાર્ગમાં જનારા છે. ।।૧૨૭।। સમુદ્રમાં કિનારાના માર્ગની જેમ, અવસ્થાવિશેષનો ભેદ હોવા છતાં પણ ભવાતીત માર્ગમાં જનારાઓનો શમપરાયણ માર્ગ પણ એક જ છે. ।।૧૨૮।। સંસારથી અતીત તત્ત્વ વળી પ્રધાન નિર્વાણસંજ્ઞાવાળું છે, શબ્દનો ભેદ હોવા છતાં પણ પરમાર્થથી નક્કી તે નિર્વાણપદ એક જ છે. ।।૧૨૯।। સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા, તથાતા એ વગેરે શબ્દો વડે અન્વર્થથી નિર્વાણ એક જ કહેવાય છે. ।।૧૩૦।। જે કારણથી જન્માદિનો અયોગ છે, તેથી સંસારથી અતીત તત્ત્વ બાધારહિત, રોગરહિત અને ક્રિયારહિત છે. ।।૧૩૧।। પરમાર્થથી

અસંમોહ વડે આ નિર્વાણ તત્ત્વ જણાયે છતે વિચારકોને નિર્વાણ તત્ત્વની ઉપાસનામાં વિવાદ ઉત્પન્ન થતો નથી. ।।૧૩૨।। અને જે કારણથી નિર્વાણ નામનું અધિકૃત તત્ત્વ નિયમથી જ સર્વજ્ઞપૂર્વક રહેલું છે અને આ ઋજુમાર્ગ નિર્વાણની નજીક છે, તે કારણથી સર્વજ્ઞનો ભેદ કેવી રીતે થાય ? ।।૧૩૩।।"

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

'ननु'થી શંકા કરે છે કે દેશનાના ભેદથી ભિન્ન ભિન્ન દર્શનકારો વડે અપાયેલી ક્ષણિકવાદ કે નિત્યવાદરૂપ દેશનાના ભેદથી, એક સર્વજ્ઞ નથી એથી સર્વ યોગીઓનું એક સર્વજ્ઞ ભક્તપણું નથી, એ પ્રમાણે જો શંકાકાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે શિષ્યની ભૂમિકાના અનુસારથી સર્વ દર્શનકારોના દેશનાના ભેદની ઉપપત્તિ છે. અથવા એક જ એવી તેનું=એક જ એવી સર્વજ્ઞની દેશનાનું, વક્તાના અચિંત્ય પુણ્યપ્રભાવના કારણે=તીર્થંકરરૂપ વક્તાના તીર્થંકરનામકર્મરૂપ અચિંત્ય પુણ્યના પ્રભાવના, કારણે, શ્રોતૃના ભેદથી ભિન્નપણાથી પરિણતિ છે. અથવા કાલાદિના યોગને કારણે નયભેદથી કપિલાદિ ઋષિઓના જ તેના વૈચિત્ર્યની ઉપપત્તિ છે=ક્ષણિકવાદને કહેનાર અને નિત્યવાદને કહેનાર દેશનાના વૈચિત્ર્યની ઉપપત્તિ છે, તેથી તન્મૂલ સર્વજ્ઞના પ્રતિક્ષેપનું=દેશનાના ભેદમૂલ સર્વજ્ઞના પ્રતિક્ષેપનું, મહાપાપપણું છે. અને યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં કહ્યું છે –

"વળી કપિલ, સુગતાદિની જુદા જુદા પ્રકારની દેશના શિષ્યોના અનુરૂપપણાથી હોય, જે કારણથી આ સર્વજ્ઞ મહાત્માઓ ભવરૂપ વ્યાધિનો નાશ કરવામાં શ્રેષ્ઠ વૈદ્યો છે=જે કારણથી કપિલાદિ મહાત્માઓ ભવરોગને મટાડવા શ્રેષ્ઠ વૈદ્યો છે. ।।૧૩૪।। તે કારણથી જેને જે પ્રકારે બીજાધાનાદિનો સંભવ છે અને જે પ્રકારે બીજાધાનાદિ સાનુબંધ થાય છે, તે પ્રકારે આ સર્વજ્ઞોએ તે જીવને કહ્યું છે. ।।૧૩૫।। અથવા સર્વજ્ઞ એવા કપિલ, સુગતાદિની એક પણ દેશના, અચિંત્ય પુણ્યના સામર્થ્યને કારણે શ્રોતાના ભેદથી નિત્યાદિ પ્રકારે વિવિધ પ્રકારની ભાસે છે. ।।૧૩૬।। અને સર્વ શ્રોતાઓને ભવ્ય સદૃશ=ભવ્યત્વને અનુરૂપ દેશનાકૃત ઉપકાર પણ થાય છે, એ રીતે દેશનાની સર્વ શ્રોતાઓમાં અવંધ્યતા પણ સુસંગત છે. ।।૧૩૭।। અથવા દુષમાદિના યોગથી તે તે નયની અપેક્ષાવાળા જુદી જુદી દેશના ઋષિઓથી આપાયેલી છે, ઋષિઓથી જુદી જુદી અપાયેલી દેશના પણ પરમાર્થથી સર્વજ્ઞમૂલક છે. ।।૧૩૮।। કપિલાદિની દેશનાનો ભેદ કેમ છે ? તે પૂર્વમાં સ્પષ્ટ કર્યું તે કારણથી, સર્વજ્ઞના અભિપ્રાયને જાણ્યા વગર, છદ્મસ્થ એવા સત્પુરુષોનો પ્રકૃષ્ટ મહાઅનર્થને કરનાર એવો સર્વજ્ઞનો અપલાપ યોગ્ય નથી. ।।૧૩૯।। જે પ્રમાણે આંધળાઓનો ચંદ્રનો પ્રતિક્ષેપ અને ચંદ્રના ભેદની પરિકલ્પના અસંગત છે, તે પ્રમાણે જ છદ્મસ્થોનો સર્વજ્ઞનો પ્રતિક્ષેપ અને સર્વજ્ઞના ભેદની પરિકલ્પના અસંગત છે. ।।૧૪૦।। સામાન્ય એવા કોઈ પુરુષાદિનો પણ, તેના કોઈક વિશેષ સ્વરૂપથી લોકોમાં તે વિખ્યાત હોય તે પુરુષ તેવો નથી તેમ કહેવું એ રૂપ પ્રતિક્ષેપ, યોગ્ય નથી, તે કારણથી મુનિઓનો સર્વજ્ઞનો પરિભવ વળી જિહ્વાછેદથી અધિક કહેવાયો છે. ।।૧૪૧।। મુનિઓ ઘણું કરીને ક્યારેય કુદૃષ્ટાદિ બોલતા નથી, પરંતુ હંમેશાં પરના ઉપકારને કરનારું, નિર્ણીત અને સારવાળું જ બોલે છે. ।।૧૪૨।।"

'ननु'થી શંકા કરે છે કે આવા પ્રકારનું માધ્યસ્થ્ય=પૂર્વમાં વર્ણન કર્યું તેવા પ્રકારનું માધ્યસ્થ્ય બીજાઓમાં હોય તો માર્ગના અભાવમાં=સર્વજ્ઞકથિતથી અન્ય એવા પર દર્શનરૂપ માર્ગના અભાવમાં

જૈનપણું થાય. વળી તે જ=મધ્યસ્થપણું જ, વ્યવહારથી જૈનમાર્ગના અનાશ્રયણમાં=વ્યવહારથી જૈનમાર્ગના અસ્વીકારમાં દુર્ઘટ છે. એથી તેઓને=પર દર્શનવાળાઓને, મધ્યસ્થપણું નથી, એ પ્રમાણે જો કોઈ કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તે બરાબર નથી; કેમ કે મોહના મંદપણામાં પર એવા યોગીઓને આવા પ્રકારનું મધ્યસ્થપણાનું=ગલિત અસદ્ગ્રહને કારણે તત્ત્વ તરફ જવાને અનુકૂળ યત્ન કરે તેવા પ્રકારના મધ્યસ્થપણાનું, ઈષ્ટપણું છે. જે કારણથી યોગબિંદુમાં આ=આગળ કહેવાશે એ, કાલાતીત ઋષિના વચનનો અનુવાદ છે –

"આ રીતે=યોગબિંદુના પૂર્વના શ્લોકોમાં બતાવેલું છે એ પ્રકારની યુક્તિથી, માધ્યસ્થ્યનું અવલંબન લઈને ઐદંપર્યની અપેક્ષાથી=પરમાર્થના પર્યાલોચનથી, દેવતાદિરૂપ તત્ત્વનું નિરૂપણ કરવું જોઈએ.=વિચારવું જોઈએ. કાલાતીતે પણ આ=ગ્રંથકારશ્રીએ કહ્યું છે એ, કહ્યું છે. ।।૩૦૦।। અભિધાનાદિના ભેદથી મુક્તાદિ-અવિદ્યાદિવાદી એવા અન્યોનો પણ તત્ત્વનીતિથી આ માર્ગ વ્યવસ્થિત છે=દેવતાદિ વિષયક જે કાલાતીત કહે છે એ માર્ગ વ્યવસ્થિત છે. ।।૩૦૧।। જે કારણથી મુક્ત, બુદ્ધ, અરિહંત જે ઐશ્વર્યથી સમન્વિત છે, તે કારણથી તે જ ઈશ્વર થાય. અહીં=મુક્તાદિના કથનમાં, કેવલ સંજ્ઞાભેદ છે. ।।૩૦૨।। તે તે શાસ્ત્રાનુસારથી આનો=ઈશ્વરનો, જે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદ કલ્પાય છે. તે પણ નિરર્થક છે, એમ હું માનું છું. ।।૩૦૩।।

અનાદિશુદ્ધ આદિ ભેદકલ્પના કેમ નિરર્થક છે ? તેમાં હેતુ કહે છે –

વિશેષનું અપરિજ્ઞાન હોવાથી=મુક્તાદિ દેવતા વિષયક અનાદિ શુદ્ધ ઇત્યાદિ વિશેષનું અપરિજ્ઞાન હોવાથી, યુક્તિઓનો જાતિવાદ હોવાથી, પ્રાયઃ વિરોધ હોવાથી અને ભાવથી ફલનો અભેદ હોવાથી=પૂર્ણ પુરુષની ઉપાસના કરનારને પરમાર્થથી અનાદિ શુદ્ધની ઉપાસના કરે કે સાદિ શુદ્ધની ઉપાસના કરે તેમાં ફલની પ્રાપ્તિમાં અભેદ હોવાથી, અનાદિ શુદ્ધ ઇત્યાદિ કલ્પના નિરર્થક છે એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ।।૩૦૪।।

આ રીતે ઈશ્વરમાં સર્વ દર્શનોનો અભેદ છે તેમ બતાવીને ભવના કારણમાં પણ માત્ર નામભેદ છે તે બતાવવા અર્થે કહે છે –

અને જે કારણથી અવિદ્યા, ક્લેશ, કર્માદિ ભવનું કારણ છે તે કારણથી આ=ભવનું કારણ, પ્રધાન જ સંજ્ઞાભેદને પામેલું છે=કાલાતીત ઋષિ જેને પ્રધાન કહે છે તે સંજ્ઞાભેદને પામેલું છે. ।।૩૦૫।। આનો પણ=પ્રધાનનો પણ, જે તે તે પ્રકારે=તે તે દર્શનાભેદથી તે તે પ્રકારે, જે ચિત્ર-ઉપાધિરૂપ અપર ભેદ કહેવાય છે તે પણ અતીત હેતુઓથી=શ્લોક ૩૦૪માં બતાવેલ હેતુઓથી, બુદ્ધિમાનોને અપાર્થક=નિરર્થક છે. ।।૩૦૬।। તે કારણથી=ઈશ્વર અને ભવના કારણ વિષયક વિશેષ ભેદ અપાર્થક છે તે કારણથી, જે તેના ભેદનું નિરૂપણ એ અસ્થાન પ્રયાસ છે. અને જે કારણથી અનુમાનનો સામાન્ય વિષય મનાયો છે. ।।૩૦૭।। અને આ=કાલાતીતે કહ્યું તે, સુંદર છે. જે કારણથી નીતિથી=પરમાર્થની ચિંતારૂપ નીતિથી, અહીં=દેવતાદિ વિષયમાં, પ્રવર્તક શાસ્ત્ર છે. તે પ્રકારના નામના ભેદથી ભેદ=દેવતાદિનો ભેદ, કુચિંતિકાગ્રહ=કુત્સિતાગ્રહ, છે. ।।૩૦૮।।" **ઇત્યાદિ. ।।૧૪।।**

ભાવાર્થ :-

આ ગાથાનો ભાવાર્થ ગંભીર છે. તેથી તેનો અર્થ અમારા યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના તે તે ગાથા અનુસાર જાણવો. **।।૧૪।।**

અવતરણિકા :-

अथैतेषां भावजैनत्वे आज्ञासम्भवमाह –

અવતરણિકાર્થ :-

પૂર્વગાથામાં કહેલા એવા મધ્યસ્થપરિણતિવાળા યોગીઓનું ભાવજૈનપણું હોતે છતે આજ્ઞાના સંભવને કહે છે=તેવા યોગીઓમાં ભગવાનની આજ્ઞાના સંભવને કહે છે –

ગાથા :-

दव्वाणा खलु तेसिं भावाणाकारणत्तओ नेया ।
जं अपुणबंधगाणं चित्तमणुट्ठाणमुवइट्ठं ।।१५।।

છાયા :-

द्रव्याज्ञा खलु तेषां भावाज्ञाकारणत्वतो ज्ञेया ।
यदपुनर्बन्धकानां चित्रमनुष्ठानमुपदिष्टम् ।।१५।।

અન્વયાર્થ :-

तेसिं=तेओने=गाथा-१४માં કહ્યું તેવા પ્રકારના ગલિત અસદ્ગ્રહદોષવાળા અન્યદર્શનમાં રહેલા ભાવજૈનત્વને પામેલા જીવોને, भावाणाकारणत्तओ=ભાવઆજ્ઞાના કારણપણાથી, दव्वाणा खलु नेया= દ્રવ્યઆજ્ઞા જાણવી. जं=જે કારણથી, अपुणबंधगाणं=અપુનર્બંધક જીવોને, चित्तमणुट्ठाणमुवइट्ठं=ચિત્ર પ્રકારનું અનુષ્ઠાન ઉપદિષ્ટ છે. ।।૧૫।।

ગાથાર્થ :-

તેઓને=ગાથા-૧૪માં કહ્યું તેવા પ્રકારના ગલિત અસદ્ગ્રહદોષવાળા અન્યદર્શનમાં રહેલા ભાવજૈનત્વને પામેલા જીવોને, ભાવઆજ્ઞાના કારણપણાથી દ્રવ્યઆજ્ઞા જાણવી. જે કારણથી અપુનર્બંધક જીવોને ચિત્ર પ્રકારનું અનુષ્ઠાન ઉપદિષ્ટ છે. ।।૧૫।।

ટીકા :-

दव्वाणत्ति । तेषामवेद्यसंवेद्यपदस्थानां भावजैनानां खलु इति निश्चये भावाज्ञायाः सम्यग्दर्शनादि-रूपायाः कारणत्वतो द्रव्याज्ञा ज्ञेयाऽपुनर्बन्धकोचिताचारस्य पारम्पर्येण सम्यग्दर्शनादिसाधकत्वात् तदुक्तं चोपदेशपदे (२५३-२५६)-

गंठिगसत्ताऽपुणबंधगाइआणंपि दव्वओ आणा ।
णवरमिह दव्वसद्दो भइअव्वो समयणीईए ।।

एगो अप्पाहन्ने केवलए चेव वट्टई एत्थ ।

अंगारमद्दगो जह दव्वायरिओ सयाऽभव्वो ।।

अन्नो पुण जोग्गत्ते चित्ते णयभेअओ मुणेअव्वो ।

वेमाणिओववाओत्ति दव्वदेवो जहा साहू ।।

तत्थाभव्वादीणं गंठिगसत्ताणमप्पहाणत्ति ।

इयरेसिं जोग्गयाए भावाणाकारणत्तेणं ।।

अत्र हि द्रव्यशब्दस्य द्वावर्थौ-प्रधानभावकारणभावांशविकलं केवलमप्राधान्यम्, संग्रहव्यवहारनय-विशेषाद् विचित्रमेकभविकबद्धायुष्काभिमुखनामगोत्रलक्षणं तत्तत्पर्यायसमुचितभावरूपं योग्यत्वं च ।

तत्र प्रथमार्थेनाभव्यसकृद्बन्धकादीनां द्रव्यक्रियाभ्यासपराणां द्रव्याज्ञा, द्वितीयार्थेन चापुनर्बन्धका-दीनामिति वृत्तितात्पर्यार्थः ।

ટીકાર્થ :-

तेषामवेद्यसंवेद्यपदस्थानां ..... वृत्तितात्पर्यार्थः । 'दव्वाणत्ति । ' પ્રતીક છે. તેઓને=અવેદ્યસંવેદ્યપદમાં રહેલા ભાવજૈનોને નક્કી સમ્યગ્દર્શનાદિરૂપ ભાવાજ્ઞાના કારણપણાથી દ્રવ્યાજ્ઞા જાણવી; કેમ કે અપુનર્બંધકને ઉચિત આચારનું પરંપરાથી સમ્યગ્દર્શનાદિનું સાધકપણું છે. અને તે=પૂર્વમાં કહ્યું કે અવેદ્યસંવેદ્યપદમાં રહેલા ભાવજૈનોને દ્રવ્યાજ્ઞા છે તે, ઉપદેશપદમાં કહેવાયું છે –

"ગ્રંથિદેશમાં રહેલા અપુનર્બંધકાદિને પણ દ્રવ્યાજ્ઞા છે. કેવલ અહીં=આજ્ઞાના વિષયમાં, સમયનીતિથી=શાસ્ત્રમર્યાદાથી, દ્રવ્ય શબ્દની ભજના કરવી જોઈએ. ।।૨૫૩।। અહીં=દ્રવ્યાજ્ઞાના વિષયમાં, એક=એક દ્રવ્યશબ્દ, કેવલ જ અપ્રધાન અર્થમાં વપરાય છે. જેમ સદા અભવ્ય એવા અંગારમર્દક દ્રવ્યાચાર્ય છે. ।।૨૫૪।। વળી, અન્ય=અન્ય દ્રવ્યાજ્ઞા શબ્દ, નયના ભેદથી ચિત્રયોગ્યતામાં જાણવો. જે પ્રમાણે વૈમાનિકમાં ઉપપાત છે એથી સાધુ દ્રવ્યદેવ છે. ।।૨૫૫।। ત્યાં=બે પ્રકારની દ્રવ્યાજ્ઞામાં, ગ્રંથિમાં રહેલા અભવ્યાદિઓને અપ્રધાનદ્રવ્યાજ્ઞા છે. ઇતરને=અપુનર્બંધકને, યોગ્યપણું હોવાને કારણે ભાવાજ્ઞાના કારણપણાથી દ્રવ્યાજ્ઞા છે. ।।૨૫૬।।"

અહીં=આજ્ઞાના વિષયમાં, દ્રવ્ય શબ્દના બે અર્થો છે. પ્રધાન ભાવના કારણ એવા ભાવ અંશ વિકલ=મોક્ષનું સાક્ષાત્ કારણ બને એવા પ્રધાન ભાવના કારણ એવા ભાવ=પરિણામ, અંશથી વિકલ કેવલ અપ્રાધાન્ય છે અને સંગ્રહનયના અને વ્યવહારનયના, વિશેષથી=ભેદથી, એકભવિક, બદ્ધાયુષ્ક, અભિમુખનામગોત્રરૂપ વિચિત્ર તે તે પર્યાયને સમુચિત ભાવરૂપ=જે જે કાર્ય વિવક્ષિત હોય તે તે કાર્યરૂપ પર્યાયને અનુકૂળ એવા સમુચિત ભાવરૂપ, યોગ્યત્વ છે. ત્યાં=બે પ્રકારના દ્રવ્ય શબ્દના અર્થમાં, પ્રથમ અર્થથી=અપ્રધાનરૂપ દ્રવ્ય શબ્દના અર્થથી દ્રવ્ય ક્રિયાભ્યાસપરાયણ એવા અભવ્ય અને સકૃદ્બંધકાદિને દ્રવ્યઆજ્ઞા છે. અને બીજા અર્થથી=યોગ્યત્વના અર્થમાં વપરાયેલ

પ્રધાન અર્થથી, અપુનર્બંધકાદિને દ્રવ્યઆજ્ઞા છે. એ પ્રમાણે વૃત્તિનો તાત્પર્યાર્થ છે=ઉપદેશપદની વૃત્તિનો તાત્પર્યાર્થ છે.

ભાવાર્થ :-

અન્યદર્શનવાળા જીવો અવેદ્યસંવેદ્યપદમાં રહેલા હોવા છતાં ગલિત અસદ્ગ્રહવાળા હોય છે ત્યારે ભાવ જૈન હોય છે. તેઓને ભાવાજ્ઞાનું કારણ એવી પ્રધાન દ્રવ્યાજ્ઞા હોય છે; કેમ કે અપુનર્બંધક જીવો, જે ઉચિતાચાર પાળે છે તે પરંપરાએ સમ્યગ્દર્શનાદિના સાધક છે.

આશય એ છે કે જેઓનું મિથ્યાત્વ મંદ થયું છે આમ છતાં ગ્રંથિનો ભેદ થયો નથી તેથી વિપરીત બોધવાળા છે માટે તેઓ અવેદ્યસંવેદ્યપદમાં રહેલા છે. છતાં મિથ્યાત્વની મંદતાને કારણે જિનપણા પ્રત્યે તેઓને રાગ છે. આથી તેઓ જિનપણાના ઉપાસક હોવાથી ભાવજૈન કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવોએ ગ્રંથિનો ભેદ કરેલો છે. તેથી સર્વજ્ઞે બતાવેલા માર્ગનો તેઓને સૂક્ષ્મ બોધ છે. આવા જીવો સ્વશક્તિ અનુસાર સર્વજ્ઞના વચનને વિશેષ વિશેષ જાણવા સદા યત્ન કરે છે. માર્ગાનુસારી સૂક્ષ્મપ્રજ્ઞા હોવાને કારણે તેઓને શાસ્ત્રાભ્યાસથી જે કાંઈ બોધ થાય છે તે સર્વ સમ્યગ્ પરિણમન પામે છે. માટે આગમના વચનરૂપ આજ્ઞા તેઓને ભાવથી પરિણમન પામેલી છે તેમ કહેવાય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવો ભાવાજ્ઞાને પામેલા છે. આવી ભાવાજ્ઞા અવેદ્યસંવેદ્યપદમાં રહેલા ભાવજૈનને પ્રાપ્ત થઈ નથી તોપણ અપુનર્બંધકદશાને ઉચિત જે આચારો તેઓ પાળે છે તે પરંપરાથી સમ્યગ્દર્શનાદિના સાધક હોવાને કારણે ભાવાજ્ઞાના કારણ છે.

તેમાં ગ્રંથકારશ્રીએ ઉપદેશપદની સાક્ષી આપીને કહ્યું કે દ્રવ્યાજ્ઞામાં રહેલ દ્રવ્ય શબ્દ બે અર્થમાં છે : (૧) અપ્રધાન અર્થમાં (૨) યોગ્ય અર્થમાં. તેમાં યોગ્યરૂપ દ્રવ્યાજ્ઞા અપુનર્બંધકાદિને છે અને અપ્રધાનાર્થક દ્રવ્યાજ્ઞા અભવ્યને અને સકૃદ્બંધકને છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે અભવ્યના જીવો કે સકૃદ્બંધકાદિ જીવો જિનપૂજાદિ કે ચારિત્રનું અનુષ્ઠાન પાળે છે તે સર્વ આચરણા અપ્રધાનદ્રવ્યાજ્ઞા છે; કેમ કે મોક્ષપ્રાપ્તિનું કારણ બને તેવો પ્રધાનભાવ સમ્યગ્દર્શનાદિરૂપ છે અને તે ભાવનું કારણ બને તેવા ભાવાંશથી વિકલ તેઓની સર્વ ક્રિયા છે. માટે તેઓની તે દ્રવ્યક્રિયા સમ્યગ્દર્શનાદિનું સર્વથા અકારણ છે. તેથી અપ્રધાનદ્રવ્યાજ્ઞા છે.

વળી અપુનર્બંધકાદિ જીવો જે દ્રવ્યાજ્ઞા પાળે છે તે સર્વ ભાવાજ્ઞાનું કારણ બને તેવી છે માટે પ્રધાન દ્રવ્યાજ્ઞા છે. તે પ્રધાન દ્રવ્યાજ્ઞાના ત્રણ ભેદ છે. (૧) એકભવિક (૨) બદ્ધાયુષ્ક (૩) અભિમુખનામગોત્ર. આ ત્રણે પ્રકારના પરિણામવાળી દ્રવ્યક્રિયા સમ્યગ્દર્શનાદિરૂપ પર્યાયની પ્રાપ્તિને અનુકૂળ એવા સમુચિત ભાવરૂપ છે. તેથી તેવા ભાવથી યુક્ત એવી તે ક્રિયા ક્રમે કરીને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિનું કારણ બનશે.

આનાથી એ પ્રાપ્ત થાય કે અપુનર્બંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિત આ ત્રણ અવસ્થા સમ્યક્ત્વની પ્રાપ્તિની પૂર્વાવસ્થા છે. તેમાં અપુનર્બંધક જીવોને એકભવિક દ્રવ્યાજ્ઞા હોય છે, માર્ગાભિમુખ જીવોને બદ્ધાયુષ્કરૂપ દ્રવ્યાજ્ઞા હોય છે અને માર્ગપતિત જીવોને અભિમુખનામગોત્રરૂપ દ્રવ્યાજ્ઞા હોય છે. આ અપુનર્બંધકાદિ ત્રણે અવસ્થા યોગની પહેલી ચાર દૃષ્ટિવાળી અવસ્થા છે. તેમાં જે જીવો પહેલી દૃષ્ટિમાં આવ્યા છે તેઓને

એકભવિક દ્રવ્યાજ્ઞા હોય છે; કેમ કે કંઈક અંશથી ભાવાજ્ઞાનું કારણ બને તેવી દ્રવ્યાજ્ઞાની પ્રાપ્તિ તેઓને થઈ છે, પરંતુ સર્વથા ભાવશૂન્ય ક્રિયા નથી. બીજી દૃષ્ટિમાં જે જીવો આવ્યા છે તેઓ માર્ગને અભિમુખ થયેલા છે. તેથી 'चक्खुदयाणं' શબ્દથી 'नमुत्थुणं'માં તેઓનો સંગ્રહ કરેલો છે. આવા જીવો બદ્ધાયુષ્કવાળી યોગ્યતાને પામેલા છે; કેમ કે પ્રથમ દૃષ્ટિ કરતાં કંઈક વિશેષ ભાવથી યુક્ત તેઓની દ્રવ્યાજ્ઞા છે. પરંતુ ભાવશૂન્ય દ્રવ્યાજ્ઞા નથી. વળી જેઓ ત્રીજી તથા ચોથી દૃષ્ટિમાં છે તેઓ માર્ગપતિત છે અર્થાત્ મોક્ષમાર્ગમાં આવીને રહેલા છે. તેઓને અભિમુખનામગોત્રરૂપ દ્રવ્યાજ્ઞા છે; કેમ કે ત્રીજી દૃષ્ટિથી અર્થમાત્ર પ્રયોગમાં પ્રીતિવાળું અનુષ્ઠાન થાય છે. તેથી પહેલી બે દૃષ્ટિ કરતાં અતિશય સંવેગથી યુક્ત ધર્માનુષ્ઠાન હોય છે.

અહીં વિશેષ એ છે કે તીર્થંકરનો આત્મા ભાવતીર્થંકરની પૂર્વના ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મ નિકાચિત કરે છે ત્યારે એકભવિક યોગ્યતાવાળા દ્રવ્યતીર્થંકર છે. ત્યાંથી દેવભવમાં જાય છે અને તીર્થંકરના ભવનું આયુષ્ય બાંધે છે ત્યારે બદ્ધાયુષ્ક યોગ્યતાવાળા દ્રવ્યતીર્થંકર છે અને દેવભવમાંથી આવીને તીર્થંકરરૂપે ચરમ ભવમાં આવે છે ત્યારે અભિમુખનામગોત્રરૂપ યોગ્યતાવાળા દ્રવ્યતીર્થંકર છે તથા કેવળજ્ઞાન પામે છે ત્યારે ભાવતીર્થંકર બને છે. તેમ પહેલી દૃષ્ટિવાળા જીવો કંઈક સંવેગથી યુક્ત ધર્માનુષ્ઠાન કરે છે. તેથી તેઓનું ધર્માનુષ્ઠાન એકભવિક યોગ્યતાવાળું છે. બીજી દૃષ્ટિવાળા જીવો પ્રથમ દૃષ્ટિ કરતાં કંઈક વિશેષથી ધર્માનુષ્ઠાન કરે છે અને તેઓને અનુષ્ઠાનના પરમાર્થને જોવાને અનુકૂળ કંઈક ચક્ષુ પ્રાપ્ત થઈ છે. તેથી તેઓનું ધર્માનુષ્ઠાન બદ્ધાયુષ્કયોગ્યતાવાળું છે. વળી ત્રીજી દૃષ્ટિવાળા જીવો માર્ગને પામેલા છે તેથી ક્રિયાઓમાં પરિણામ નિષ્પન્ન થાય તેવા કંઈક યત્નપૂર્વક ધર્માનુષ્ઠાન કરે છે. અને ચોથી દૃષ્ટિ તો તત્ત્વને પ્રાપ્તિને અત્યંત અભિમુખ છે. તેથી ત્રીજી અને ચોથી દૃષ્ટિવાળા જીવોનું ધર્માનુષ્ઠાન અભિમુખનામગોત્રરૂપ યોગ્યતાવાળું છે. જ્યારે જીવ સમ્યગ્દર્શન પામે છે ત્યારે ભગવાનનું વચન તે મહાત્માને સમ્યગ્ પરિણમન પામેલું હોવાથી ભાવાજ્ઞાની પ્રાપ્તિ થાય છે.

ટીકા :-

नन्वेवमपुनर्बन्धकानां द्रव्याज्ञा व्यवस्थिता, तथाऽपि भिन्नमार्गस्थानां मध्यस्थानामपि मिथ्यादृशां कथमेषा संभवति ? जैनमार्गक्रिययैवाव्युत्पन्नदशायामपुनर्बन्धकत्वसिद्धेः, बीजाधानस्यैव तल्लिङ्गत्वात्, तस्य च सर्वज्ञवचनानुसारिजिनमुनिप्रभृतिपदार्थकुशलचित्तादिलक्ष्यत्वाद् । तदुक्तमुपदेशपदवृत्तिकृता-

आणापरतंतेहिं ता बीआहाणमेत्थ कायव्वं ।
धम्मंमि जहासत्ती परमसुहं इच्छमाणेहिं ।।२२५।।

इति गाथां विवृण्वता, धर्मबीजानि चैवं शास्त्रान्तरे (योगदृष्टिसमुच्चये) परिपठितानि दृश्यन्ते-

जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं योगबीजमनुत्तमम् ।।२३।।

उपादेयधियात्यन्तं संज्ञाविष्कंभणान्वितम् ।

फलाभिसन्धिरहितं संशुद्धं ह्येतदीदृशम् ।।२५।।

आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।

वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ।।२६।।

भवोद्वेगश्च सहजो द्रव्याभिग्रहपालनम् ।

तथा सिद्धान्तमाश्रित्य विधिना लेखनादि च ।।२७।।

लेखना पूजना दानं श्रवणं वाचनोद्ग्रहः ।

प्रकाशनाथ स्वाध्यायश्चिन्तना भावनेति च ।।२८।।

दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च ।

औचित्यात्सेवनं चैव सर्वत्रैवाविशेषतः ।।३२।। **इति ।**

ललितविस्तरायामप्युक्तं–'एतत्सिद्ध्यर्थं तु यतितव्यमादिकर्मणि, परिहर्त्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंत(ह)तिः भवितव्यमेतत्तन्त्रेण, प्रवर्त्तितव्यं दानादौ, कर्त्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, प्रवर्त्तितव्यं विधानतो, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयाऽऽयतिः, अवलोकनीयो मृत्युः, परिहर्त्तव्यो विक्षेपमार्गः, यतितव्यं योगसिद्धौ, कारयितव्या भगवत्प्रतिमा, लेखनीयं भुवनेश्वरवचनं, कर्तव्यो मंगलजापः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदनीयं कुशलं, पूजनीया मन्त्रदेवता, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञातेन, एवम्भूतस्य येह प्रवृत्तिः सा सर्वैव साध्वी, मार्गानुसारी ह्ययं नियमादपुनर्बन्धकादिः, तदन्यस्यैवंभूतगुणसंपदोऽभावात्' **इत्यत आह–यद् यस्मादपुनर्बन्धकानां चित्रमनेकविधमनुष्ठानमुपदिष्टं, अतो भिन्नाचारस्थितानामपि तेषां द्रव्याज्ञाया नानुपपत्तिरिति ।**

इदमत्र हृदयं–न ह्यादिधार्मिकस्य विधिः सर्व एव सर्वत्रोपयुज्यते, किन्तु क्वचित्कश्चिदेव, इति भिन्नाचारस्थितानामप्यन्तःशुद्धिमतामपुनर्बन्धकत्वमविरुद्धं, अपुनर्बंधकस्य हि नानास्वरूपत्वात् तत्तत्तन्त्रोक्तापि मोक्षार्था क्रिया घटते, सम्यग्दृष्टेश्च स्वतंत्रक्रियैवेति व्यवस्थितत्वात् । तदुक्तं योगबिन्दुसूत्रवृत्त्योः –

अपुनर्बंधकस्यैवं सम्यग्नीत्योपपद्यते ।

तत्तत्तन्त्रोक्तमखिलमवस्थाभेदसंश्रयात् ।।२५१।।

अपुनर्बंधकस्योक्तरूपस्यैवमुक्तरूपेण सम्यग्नीत्या शुद्धयुक्तिरूपया उपपद्यते=घटते, किमित्याह – तत्तत्तन्त्रोक्तं कापिलसौगतादिशास्त्रप्रणीतं मुमुक्षुजनयोग्यमनुष्ठानं, अखिलं समस्त कुतः? इत्याह अवस्थाभेदसंश्रयात्

अपुनर्बंधकस्यानेकस्वरूपाङ्गीकरणत्वात् अनेकस्वरूपाभ्युपगमे ह्यपुनर्बंधकस्य किमप्यनुष्ठानं कस्यामप्यवस्थायामवतरतीति ।।२५१।।

अथापुनर्बंधकोत्तरं यद्भवति तद्दर्शयति –

स्वतंत्रनीतितस्त्वेव ग्रन्थिभेदे तथा सति ।

सम्यग्दृष्टिर्भवत्युच्चैः प्रशमादिगुणान्वितः ।।२५२।।

स्वतंत्रनीतितस्त्वेव जैनशास्त्रनीतेरेव न पुनस्तन्त्रान्तराभिप्रायेणापि, ग्रन्थिभेदे रागद्वेषमोहपरिणामस्यातीवदृढस्य विदारणे तथा यथाप्रवृत्त्यादिकरणप्रकारेण सति विद्यमाने किम्? इत्याह–सम्यगदृष्टिः शुद्धसम्यक्त्वधरो भवति संपद्यते । कीदृशः? इत्याह उच्चैः अत्यर्थं प्रागवस्थातः सकाशात् प्रशमादिगुणान्वितः उपशम-संवेग-निर्वेदाऽनुकंपाऽऽस्तिक्याभिव्यक्तियुक्त इति ।।२५२।।

एवं परेषामपि माध्यस्थ्ये द्रव्याज्ञासद्भावः सिद्धः ।।१५।।

ટીકાર્થ :-

नन्वेवमपुनर्बन्धकानां ..... सिद्धः ।। 'ननु'થી ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે – આ રીતે=પૂર્વે કહ્યું કે અવેદ્યસંવેદ્યપદમાં રહેલા ભાવજૈનને પ્રધાન દ્રવ્યાજ્ઞા છે એ રીતે, અપુનર્બંધકને દ્રવ્યાજ્ઞા વ્યવસ્થિત છે. તોપણ ભિન્ન માર્ગમાં રહેલા=જૈનદર્શનથી અન્યદર્શનના આચારોને પાળનારા, મધ્યસ્થ, પણ મિથ્યાદૃષ્ટિઓને કેવી રીતે આ=પ્રધાન દ્રવ્યાજ્ઞા, સંભવે ? અર્થાત્ તેઓને પ્રધાન દ્રવ્યાજ્ઞા સંભવે નહિ; કેમ કે જૈનમાર્ગની ક્રિયાથી જ અવ્યુત્પન્ન દશામાં=જૈનમાર્ગની ક્રિયાના મર્મને સ્પર્શનાર સૂક્ષ્મબોધના અભાવરૂપ અવ્યુત્પન્ન દશામાં, અપુનર્બંધકપણાની સિદ્ધિ છે.

અહીં પ્રશ્ન થાય કે જૈનમાર્ગની ક્રિયાથી જ અપુનર્બંધકપણાની સિદ્ધિ છે. અન્ય માર્ગની ક્રિયાથી અપુનર્બંધકની સિદ્ધિ નથી તેમ કેમ કહી શકાય ? તેથી બીજો હેતુ કહે છે –

બીજાધાનનું જ તદ્ લિંગપણું છે=અપુનર્બંધકદશાનું લિંગપણું છે. અને તેનું=બીજાધાનનું, જ સર્વજ્ઞ વચનાનુસારી જિન, મુનિ વિગેરે પદાર્થ વિષયક કુશલચિત્તાદિથી લક્ષ્યપણું છે. (માટે જૈનમાર્ગની ક્રિયાથી જ અપુનર્બંધકત્વની સિદ્ધિ છે. એમ પૂર્વ સાથે સંબંધ છે.) તે=માર્ગની ક્રિયાથી જ અપુનર્બંધકત્વની સિદ્ધિ છે એમ પૂર્વમાં કહ્યું તે, ઉપદેશપદની વૃત્તિકાર વડે કહેવાયું છે –

"તે કારણથી પરમ સુખને ઇચ્છનારા આજ્ઞા પરતંત્ર એવા પુરુષ વડે આ ધર્મમાં યથાશક્તિ બીજાધાન કરવું જોઈએ."

આ પ્રકારે ગાથાનું વિવરણ કરનાર વૃત્તિકાર વડે કહેવાયું છે. અને આ રીતે ધર્મબીજો આ પ્રમાણે શાસ્ત્રાન્તરમાં (યોગદૃષ્ટિસમુચ્ચયમાં) કહેવાયેલાં દેખાય છે –

"જિનોમાં સંશુદ્ધ એવું કુશલચિત્ત, જિનોને નમસ્કાર અને પ્રણામાદિ અનુત્તમ યોગબીજ છે. ।।૨૩।। અત્યંત

ઉપાદેય બુદ્ધિને કારણે=ભગવાનની ભક્તિ કરે છે તેમાં અત્યંત ઉપાદેય બુદ્ધિ હોવાને કારણે, સંજ્ઞાના ઉદયના અભાવથી યુક્ત, ફલાભિસંધિ રહિત, સંશુદ્ધ એવું કુશલચિત્ત ફલપાક આરંભ સદૃશ છે. 'હિ' પાદપૂર્તિ માટે છે. ॥૨૫॥ ભાવયોગી એવા આચાર્યાદિમાં પણ વિશુદ્ધ એવું કુશલચિત્તાદિ યોગબીજ છે, અને શુદ્ધઆશયવિશેષથી વિધિયુક્ત વૈયાવચ્ચ યોગબીજ છે. ॥૨૬॥ અને સહજ એવો ભવને ઉદ્વેગ, દ્રવ્ય અભિગ્રહનું પાલન અને સિદ્ધાંતને આશ્રયીને વિધિપૂર્વક લેખનાદિ યોગબીજ છે. ॥૨૭॥ લેખના, પૂજના, દાન, શ્રવણ, વાચના, વિધિપૂર્વક શાસ્ત્રનું ગ્રહણ, પ્રકાશન, સ્વાધ્યાય, અર્થનું ચિંતવન અને ભાવના એ યોગબીજ છે. ॥૨૮॥ દુઃખિતોમાં અત્યંત દયા, ગુણવાનોમાં અદ્વેષ અને દીનાદિ સર્વમાં જ સામાન્ય રીતે ઔચિત્યથી સેવન." ॥૩૨॥

ललितविस्तरामां पण कहेवायुं छे –

"આની=ચૈત્યવંદનની, સિદ્ધિ માટે આદિકર્મોમાં યત્ન કરવો જોઈએ.

તે આદિકર્મો જ બતાવે છે –

અકલ્યાણમિત્રનો પરિહાર કરવો જોઈએ. કલ્યાણમિત્રનો પરિચય કરવો જોઈએ, ઉચિતસ્થિતિનું ઉલ્લંઘન કરવું જોઈએ નહિ. લોકમાર્ગ=શિષ્ટ લોકોના આચારની, અપેક્ષા રાખવી જોઈએ=શિષ્ટ લોકોના આચારનું ઉલ્લંઘન કરવું જોઈએ નહિ. ગુરુવર્ગને માન આપવું જોઈએ=ગુણસંપન્ન પુરુષોનો આદરસત્કાર કરવો જોઈએ. એમના પરતંત્રથી વર્તવું જોઈએ, દાનાદિ ઉચિત કૃત્યોમાં પ્રયત્ન કરવો જોઈએ, ભગવાનની ઉદાર પૂજા કરવી જોઈએ=શક્તિ અનુસાર વૈભવપૂર્વક પૂજા કરવી જોઈએ, સાધુવિશેષનો પરિચય કરવો જોઈએ, વિધિપૂર્વક ધર્મશાસ્ત્રો સાંભળવાં જોઈએ, મહાયત્નથી ભાવન કરવું જોઈએ=સાંભળેલાં ધર્મશાસ્ત્રોના પદાર્થોનું ભાવન કરવું જોઈએ, વિધાનથી=વિધિથી, યત્ન કરવો જોઈએ=ધર્મશાસ્ત્રને સાંભળ્યા પછી તેનાથી નિર્ણીત થયેલા પદાર્થાનુસાર સ્વભૂમિકા પ્રમાણે વિધિથી યત્ન કરવો જોઈએ, ધૈર્યનું અવલંબન લેવું જોઈએ=શાસ્ત્રપ્રવૃત્તિ અનુસાર પ્રવૃત્તિ દુષ્કર જણાય તોપણ નિરુત્સાહી થયા વગર ધૈર્યપૂર્વક યત્ન કરવો જોઈએ, ભવિષ્યનું પર્યાલોચન કરવું જોઈએ=વર્તમાનમાં જો હું ધૈર્યપૂર્વક યત્ન કરીશ નહિ, તો ભવિષ્યમાં હિત થશે નહિ, માટે ભવિષ્યનું પર્યાલોચન કરીને પણ ઉત્સાહથી પ્રયત્ન કરવો જોઈએ, મૃત્યુનું અવલોકન કરવું જોઈએ=પ્રાપ્ત થયેલો મનુષ્ય ભવ મૃત્યુ તરફ જઈ રહ્યો છે તેથી મૃત્યુની પ્રાપ્તિ પૂર્વે હું મારા આત્માનું હિત સાધી લઉં તે પ્રકારના વીર્યનો ઉલ્લાસ થાય તેમ મૃત્યુનું અવલોકન કરવું જોઈએ. વિક્ષેપમાર્ગનો પરિહાર કરવો જોઈએ=યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિક્ષેપ કરે તેવી પ્રવૃત્તિઓનો પરિહાર કરવો જોઈએ, યોગસિદ્ધિમાં યત્ન કરવો જોઈએ=તે તે ક્રિયાઓ દ્વારા આત્મામાં મોક્ષને અનુકૂળ એવા યોગમાર્ગની સિદ્ધિ થાય તેવો યત્ન કરવો જોઈએ. ભગવાનની પ્રતિમા કરાવવી જોઈએ=ભગવાનના વીતરાગતાદિ ગુણોને સ્મૃતિમાં લાવીને તેમની પ્રતિમા કરાવવી જોઈએ. ભુવનેશ્વર એવા તીર્થંકરોનું વચન લખાવવું જોઈએ, મંગલ અર્થે જાપ કરવો જોઈએ=આત્મામાં મંગલનું કારણ બને તેવા ઉત્તમ સંસ્કારનું આધાન થાય તે પ્રકારે જાપ કરવો જોઈએ, અરિહંતાદિ ચારનું શરણું સ્વીકારવું જોઈએ, દુષ્કૃતોની ગર્હા કરવી જોઈએ, કુશલનું અનુમોદન કરવું જોઈએ=સર્વ જીવોનાં કુશલ કર્મોનું અનુમોદન કરવું જોઈએ, મંત્રપૂર્વક દેવતાની પૂજા કરવી જોઈએ, ઉત્તમ પુરુષોનાં ચારિત્ર સાંભળવાં જોઈએ, ઔદાર્યનું ભાવન કરવું જોઈએ, ઉત્તમ દૃષ્ટાંતથી પ્રવૃત્તિ કરવી જોઈએ. આવા પ્રકારના જીવની જે અહીં પ્રવૃત્તિ છે તે સર્વ જ સુંદર છે. માર્ગાનુસારી આ અપુનર્બંધકાદિ નિયમથી છે; કેમ કે તેનાથી અન્યને=અપુનર્બંધકાદિથી અન્યને, આવા પ્રકારની ગુણસંપત્તિનો અભાવ છે."

એથી='નનુ'થી શંકા કરીને ઉપદેશપદની સાક્ષી આપી અને લલિત વિસ્તરાના કથનથી સ્થાપિત કર્યું છે જૈનમાર્ગમાં રહેલા જીવો જ અપુનર્બંધક આદિ હોય છે તેનાથી અન્ય નહીં, એ સર્વ શંકાથી, ગાથાના ઉત્તરાર્ધથી કહે છે – જે કારણથી અપુનર્બંધકાદિને ચિત્ર પ્રકારનું=અનેક પ્રકારનું અનુષ્ઠાન ઉપદિષ્ટ છે. આથી ભિન્નાચારમાં રહેલા પણ તેઓને=અન્યદર્શનના આચાર પાળનાર પણ અપુનર્બંધકાદિને દ્રવ્યાજ્ઞાની અનુપપત્તિ નથી.

'ઇતિ' શબ્દ ગાથાના ઉત્તરાર્ધથી અપાયેલા ઉત્તરની સમાપ્તિ માટે છે.

અહીં=ગાથાના ઉત્તરાર્ધના કથનમાં, આ તાત્પર્ય છે – આદિધાર્મિકની સર્વ જ વિધિ સર્વત્ર ઉપયોગી નથી=સર્વ જ અપુનર્બંધક જીવોમાં અપુનર્બંધકદશાને સ્થિર કરવા ઉપયોગી નથી, પરંતુ કોઈકને જ ઉચિત ઉપયોગી છે. એથી ભિન્નાચારમાં રહેલા પણ અંતઃશુદ્ધિવાળા જીવોનું અપુનર્બંધકપણું અવિરુદ્ધ છે; કેમ કે અપુનર્બંધકનું નાના રૂપપણું હોવાથી=અનેક પ્રકાનું સ્વરૂપ હોવાથી, તે તે શાસ્ત્રમાં કહેવાયેલી પણ મોક્ષાર્થ ક્રિયા ઘટે છે=અપુનર્બંધકમાં ઘટે છે. અને સમ્યગ્દૃષ્ટિને સ્વદર્શનની ક્રિયા જ ઘટે છે એ પ્રમાણે વ્યવસ્થિતપણું છે. તે યોગબિંદુનાં સૂત્રમાં અને વૃત્તિમાં કહેવાયું છે –

"આ રીતે સમ્યગ્ નીતિથી અપુનર્બંધકને તે તે દર્શનમાં કહેવાયેલું અખિલ અનુષ્ઠાન ઘટે છે; કેમ કે અવસ્થાભેદનો આશ્રય છે=અપુનર્બંધકની અનેક અવસ્થાઓનો સ્વીકાર છે. ।।૨૫૧।।

આ રીતે=યોગબિંદુની ૨૫૧મી ગાથા પૂર્વે જે વિષયશુદ્ધાદિ અનુષ્ઠાનોનું સ્વરૂપ બતાવ્યું એ રીતે, કહેવાયેલા સ્વરૂપવાળા અપુનર્બંધકને શુદ્ધ યુક્તિરૂપ સમ્યગ્ નીતિથી તે તે દર્શનમાં કહેવાયેલું=કપિલ, સૌગતાદિ શાસ્ત્રમાં કહેવાયેલું, મુમુક્ષુજન્ય સમસ્ત અનુષ્ઠાન ઘટે છે.

કેમ ઘટે છે ? તેથી કહે છે –

અવસ્થાભેદનો આશ્રય છે=અપુનર્બંધકનાં અનેક સ્વરૂપનો સ્વીકાર છે. જે કારણથી અપુનર્બંધકનાં અનેક સ્વરૂપના સ્વીકારમાં કોઈપણ અવસ્થામાં કોઈ પણ અનુષ્ઠાન ઘટે છે. ।।૨૫૧।।

અને અપુનર્બંધકના ઉત્તરમાં જે થાય છે તે કહે છે –

સ્વતંત્ર નીતિથી જ=ભગવાનના વચનને અનુસાર કરાયેલી પ્રવૃત્તિથી જ, તે પ્રકારે ગ્રંથિભેદ થયે છતે અત્યંત પ્રશમાદિ ગુણથી અન્વિત સમ્યગ્દૃષ્ટિ થાય છે.

સ્વતંત્ર નીતિથી જ=જૈનશાસનની નીતિથી જ, પરંતુ અન્યદર્શનના અભિપ્રાયથી પણ નહિ. તે પ્રકારે=યથાપ્રવૃત્તિકરણ આદિ પ્રકારથી, ગ્રંથિભેદ થયે છતે=રાગ, દ્વેષ મોહના પરિણામની અતિદૃઢ એવી ગ્રંથિનું વિદારણ થયે છતે, શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરનાર એવો સમ્યગ્દૃષ્ટિ થાય છે.

તે કેવો છે ? તેથી કહે છે –

પૂર્વાવસ્થાથી અત્યંત પ્રશમાદિ ગુણથી અન્વિત છે=ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિથી યુક્ત છે. ।।૨૫૨।।"

'ઇતિ' શબ્દ યોગબિંદુની ટીકાની સમાપ્તિ માટે છે.

આ રીતે=ગાથાના ઉત્તરાર્ધની ટીકામાં અત્યાર સુધી બતાવ્યું એ રીતે, પરને પણ=અન્યદર્શનમાં રહેલા જીવને પણ, મધ્યસ્થપણું હોતે છતે=તત્ત્વ પ્રત્યેના પક્ષપાતરૂપ મધ્યસ્થપણું હોતે છતે, દ્રવ્યાજ્ઞાનો સદ્‌ભાવ સિદ્ધ છે. ।।૧૫।।

ભાવાર્થ :-

'નનુ'થી પૂર્વપક્ષીએ શંકા કરેલ કે ભાવાજ્ઞાનું કારણ એવી દ્રવ્યાજ્ઞા અપુનર્બંધકને સંભવે છે પરંતુ અન્યદર્શનમાં રહેલા મધ્યસ્થ એવા પણ મિથ્યાદૃષ્ટિને દ્રવ્યાજ્ઞા સંભવે નહિ. તેમાં યુક્તિ આપેલ કે અપુનર્બંધક જીવો શાસ્ત્રથી વ્યુત્પન્ન મતિવાળા નહીં હોવાને કારણે સમ્યક્ત્વ પામ્યા નથી તોપણ જૈનમાર્ગની ક્રિયા પ્રત્યે રુચિવાળા છે તેથી તેઓ બીજાધાન કરે છે. અને જેઓ દ્રવ્યાજ્ઞાવાળા હોય તેઓ અવશ્ય મોક્ષને અનુકૂળ બીજાધાન કરતા હોય છે. માટે અન્યદર્શનવાળા જીવોમાં મોક્ષને અનુકૂળ એવી પ્રધાન દ્રવ્યાજ્ઞા સંભવે નહિ. અને તેમાં સાક્ષીરૂપે ઉપદેશપદની ટીકામાં બીજાધાન કરતા જીવોનું સ્વરૂપ બતાવેલ છે. તેથી સ્થૂલથી જણાય કે જૈન શાસનની જ ક્રિયા કરનાર જીવોને બીજાધાન સંભવે અને તેઓ જ પ્રધાન દ્રવ્યાજ્ઞાવાળા હોય છે.

વળી લલિતવિસ્તરામાં પણ ચૈત્યવંદનની પ્રાપ્તિ અર્થે અપુનર્બંધક જીવોએ શું કરવું જોઈએ ? તેનું વર્ણન કરેલ છે. તેથી પણ જણાય કે જૈન શાસનમાં રહેલા ભાવથી ચૈત્યવંદનની નિષ્પત્તિ અર્થે જે જીવો લલિત વિસ્તરા વચનાનુસાર અકલ્યાણ મિત્રનો પરિહારાદિ કરે છે, તેઓને જ પ્રધાન દ્રવ્યાજ્ઞા છે. આમ છતાં જૈનદર્શનમાં ન રહેલા હોય અને અન્યદર્શનની ક્રિયા કરતા હોય તેવા અપુનર્બંધક જીવોને પણ પ્રધાન દ્રવ્યાજ્ઞા સંભવે છે. તે બતાવવા અર્થે ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે – અપુનર્બંધકાદિ જીવોને ચિત્ર પ્રકારનું અનુષ્ઠાન શાસ્ત્રમાં સ્વીકારાયેલું છે. તેથી ભગવાનના શાસનમાં રહેલા અને ભગવાનના શાસનના વચનથી વ્યુત્પન્ન નથી તેવા જીવોને જેમ પ્રધાન દ્રવ્યાજ્ઞા સંભવે છે તેમ અન્યદર્શનમાં રહેલા પણ જીવો વિશેષ સામગ્રીના અભાવને કારણે સૂક્ષ્મ બોધવાળા ન હોય તોપણ મધ્યસ્થતાથી આત્મકલ્યાણાર્થે તે તે દર્શનના આચારો પાળે છે, તેઓને પણ પ્રધાન દ્રવ્યાજ્ઞા છે.

આનાથી એ ફલિત થાય કે સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિના વિષયમાં સંક્ષેપથી કે વિસ્તારથી જેઓની મતિ જિનવચનાનુસાર વ્યુત્પન્ન થયેલી છે તેઓ સંસારના ઉચ્છેદના ઉપાયને સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારા છે. તેવા જીવો સમ્યગ્‌દૃષ્ટિ છે. અને તેવી સૂક્ષ્મ દૃષ્ટિવાળા સમ્યગ્‌દૃષ્ટિ જીવો જૈનદર્શનની જ ક્રિયા કરે, અન્યદર્શનની ક્રિયા કરે નહિ; કેમ કે જૈનદર્શનની સર્વ ક્રિયા પૂર્ણ વિવેકથી યુક્ત હોવાથી વ્યુત્પન્નમતિવાળા તે ક્રિયાને સેવીને તીવ્ર ઉપયોગવાળા બને તો ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન જ પામે છે. જેમ જિનવચનથી વ્યુત્પન્નમતિવાળા નાગકેતુને જિનવચનાનુસાર પૂજા કરતાં કરતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ, તેથી વ્યુત્પન્નમતિવાળાને ભગવાનના શાસનની સર્વ ક્રિયાઓ કઈ રીતે વીતરાગતાનું કારણ છે ? તેનું એકવાક્યતાથી અનુસંધાન હોય છે માટે તેઓને અન્યદર્શનની ક્રિયા તેવી વિવેકયુક્ત નહિ જણાવાથી ક્યારેય ઉપાદેય જણાતી નથી. પરંતુ જિનશાસનમાં રહેલા અને જિનશાસનની દરેક ક્રિયાઓ કઈ રીતે એકવાક્યતાથી વીતરાગતાનું

કારણ છે ? તેવું પ્રતિસંધાન જેઓ કરી શકતા નથી તેવા અવ્યુત્પન્ન જીવો જૈનશાસનની ક્રિયા કરતા હોય તોપણ અપુનર્બંધક છે, અને જૈનશાસનમાં રહેલા અપુનર્બંધક જીવો જૈનશાસનની ક્રિયા કરીને યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને તેવાં બીજાધાનો કરે છે તેમ ભદ્રકપ્રકૃતિવાળા અન્યદર્શનમાં રહેલા પણ મોક્ષ અર્થે તે તે દર્શનના આચારો પાળીને યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને તેવા બીજાધાનને કરે છે. **॥૧૫॥**

अवतरणिका :-

ननु द्रव्याज्ञापि सिद्धान्तोदितक्रियाकरणं विनापि कथं परेषां स्यात्? इत्यत आह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે કે સિદ્ધાંતમાં કહેલી ક્રિયાના સેવન વગર પણ=જૈનશાસનમાં બતાવેલી ક્રિયાના સેવન વગર પણ, અન્યદર્શનમાં રહેલા જીવોને દ્રવ્યાજ્ઞા પણ=ભાવાજ્ઞાનું કારણ બને એવી દ્રવ્યાજ્ઞા પણ, કેવી રીતે સંભવે ? અર્થાત્ સંભવે નહિ. એથી કહે છે –

गाथा :-

मग्गाणुसारिभावो आणाए लक्खणं मुणेयव्वं ।
किरिया तस्स ण णियया पडिबंधे वा वि उवगारे ।।१६।।

छाया :-

मार्गानुसारिभाव आज्ञाया लक्षणं ज्ञातव्यम् ।
क्रिया तस्य न नियता प्रतिबंधे वाप्युपकारे ।।१६।।

अन्वयार्थ :-

आणाए लक्खणं=આજ્ઞાનું લક્ષણ, मग्गाणुसारिभावो=માર્ગાનુસારીભાવ, मुणेयव्वं=જાણવો. तस्स=તેના=માર્ગાનુસારીભાવના, पडिबंधे=પ્રતિબંધમાં, वा=અથવા, उवगारे वि=ઉપકારમાં પણ, किरिया=ક્રિયા, णियया ण=નિયત નથી. ॥૧૬॥

ગાથાર્થ :-

આજ્ઞાનું લક્ષણ માર્ગાનુસારી ભાવ જાણવો. તેના=માર્ગાનુસારીભાવના, પ્રતિબંધમાં અથવા ઉપકારમાં પણ ક્રિયા નિયત નથી. ॥૧૬॥

टीका :-

मग्गाणुसारिभावोत्ति । मार्गानुसारिभावो='निसर्गतस्तत्त्वानुकूलप्रवृत्तिहेतुः परिणामः' आज्ञाया लक्षणं मुणेयव्वं ति ज्ञातव्यं, क्रिया स्वसमयपरसमयोदिताचाररूपा, तस्य=मार्गानुसारिभावस्य, उपकारे

प्रतिबन्धे वा न नियता, स्वसमयोदितक्रियाकृतमुपकारं विनापि मेघकुमारजीवहस्त्यादीनां तथाभव्यत्व-परिपाकाहिताऽनुकम्पादिमहिम्ना मार्गानुसारित्वसिद्धेः, परसमयक्रियायां च सत्यामपि समुल्लसित-योगदृष्टिमहिम्नां पतञ्जल्यादीनां मार्गानुसारित्वाप्रतिघातात् । अत्र कश्चिदाह—ननु पतञ्जल्यादीनां मार्गानुसारित्वमशास्त्रसिद्धम्, उच्यते—नैतदेवं, योगदृष्टिसमुच्चयग्रन्थ एव योगदृष्ट्यभिधानात् तेषां मार्गानुसारित्वसिद्धेः । 'उक्तं च=निरूपितं पुनः, योगमार्गज्ञैरध्यात्मविद्भिः पतंजलिप्रभृतिभिः तपोनिर्धूत-कल्मषैः=प्रशमप्रधानेन तपसा क्षीणप्रायमार्गानुसारिबोधबाधकमोहमलैरिति' उक्तं च योगमार्गज्ञैस्तपोनिर्धूतकल्मषैः' इति प्रतीकं विवृण्वता योगबिन्दुवृत्तिकृताऽपि तेषां तदभिधानाच्च ।

अयमिह परमार्थः—अव्युत्पन्नानां विपरीतव्युत्पन्नानां वा परसमयस्थानां जैनाभिमतक्रिया यथा-ऽसद्ग्रहपरित्याजनद्वारा द्रव्यसम्यक्त्वाद्यध्यारोपेन मार्गानुसारिताहेतुस्तथा सद्ग्रहप्रवृत्तानां तेषामुभया-भिमतयमनियमादिशुद्धस्वरूपक्रियाऽपि पारमार्थिकवस्तुविषयपक्षपाताधानद्वारा तथा, हेयोपादेयविषय-मात्रपरीक्षाप्रवणत्वादध्यात्मविदाम् । तथा च नियतक्रियाया मार्गानुसारिभावजनने नैकान्तिकत्व-मात्यन्तिकत्वं वा, तथा च जैनक्रियां विनापि भावजैनानां परेषां मार्गानुसारित्वादाज्ञासम्भवोऽविरुद्ध इति । युक्तं चैतद्, न चेदेवं तदा जैनक्रियां विना भावलिङ्गबीजाभावाद् भावलिंगस्यापि परेषाम-नुपपत्तावन्यलिंगसिद्धादिभेदानुपपत्तेः ।

ટીકાર્થ :-

मार्गानुसारिभावो ..... सिद्धादिभेदानुपपत्तेः । 'मग्गाणुसारिभावोत्ति' પ્રતીક છે. માર્ગાનુસારીભાવ= નિસર્ગથી અર્થાત્ સ્વભાવથી તત્ત્વાનુકૂલ પ્રવૃત્તિનો હેતુ એવો પરિણામ અર્થાત્ જીવના પારમાર્થિક એવા શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાને અનુકૂલ એવા વ્યાપારનો હેતુરૂપ પરિણામ, આજ્ઞાનું લક્ષણ જાણવું. સ્વસમય-પરસમયમાં કહેવાયેલા આચારરૂપ ક્રિયા તેના=માર્ગાનુસારીભાવના, ઉપકારમાં કે પ્રતિબંધમાં=માર્ગાનુસારી ભાવને અતિશય કરવામાં કે માર્ગાનુસારી ભાવને અટકાવવામાં નિયત નથી; કેમ કે સ્વશાસ્ત્રમાં કહેવાયેલી ક્રિયા કૃત ઉપકાર વગર પણ મેઘકુમારના જીવ હસ્તિ આદિને તથાભવ્યત્વના પરિપાકથી આહિત એવી અનુકંપાદિના મહિમાથી=મોક્ષગમનને અનુકૂળ એવું ભવ્યત્વ ફલોન્મુખ થવાથી ઉલ્લસિત થયેલ અનુકંપાદિના મહિમાથી, માર્ગાનુસારિત્વની સિદ્ધિ છે. અને પરસમયની ક્રિયા હોતે છતે પણ સમુલ્લસિત એવી યોગદૃષ્ટિના મહિમાવાળા પતંજલિ આદિને માર્ગાનુસારિત્વનો અપ્રતિઘાત છે.

અહીં=પતંજલિ આદિને માર્ગાનુસારીભાવ સ્વીકારવામાં કોઈક કહે છે – પતંજલિ આદિને માર્ગાનુસારીપણું અશાસ્ત્રસિદ્ધ છે. તેને ગ્રંથકારશ્રી ઉત્તર આપતાં કહે છે –

આ=પૂર્વપક્ષીએ કહ્યું એ, એ પ્રમાણે નથી; કેમ કે યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં જ યોગની દૃષ્ટિઓનું

અભિધાન હોવાથી=પતંજલિ આદિ મુનિઓમાં યોગની દૃષ્ટિઓનું અભિધાન હોવાથી, તેઓને=પતંજલિ આદિ ઋષિઓને, માર્ગાનુસારીપણાની સિદ્ધિ છે.

"અને યોગમાર્ગના જાણનારા=અધ્યાત્મના જાણનારા, એવા તપથી નિર્ધૂત-કલ્મષવાળા=પ્રશમપ્રધાન તપ દ્વારા ક્ષીણપ્રાયઃ છે માર્ગાનુસારી બોધના બાધક એવા મોહમલવાળા, પતંજલિ વગેરે વડે કહેવાયું છે=નિરૂપણ કરાયું છે." **એ પ્રકારના="उक्तं च योगमार्गज्ञैस्तपोनिधूर्तकल्मषैः" એ પ્રકારના, પ્રતીકનું વિવરણ કરતા એવા યોગબિંદુના વૃત્તિકાર વડે પણ તેઓને=પતંજલિ આદિઓને, તેનું=માર્ગાનુસારીપણાનું, અભિધાન છે.**

અહીં=અન્યદર્શનવાળા જીવોને માર્ગાનુસારી ભાવ છે તેમાં, આ પરમાર્થ છે. અવ્યુત્પન્ન અને વિપરીત વ્યુત્પન્ન એવા જીવોને=મોક્ષમાર્ગને અનુકૂળ ઉચિત દિશામાં યત્ન કરવા વિષયક જેઓની મતિ અવ્યુત્પન્ન છે અથવા વિપરીત વ્યુત્પન્ન છે તેવા પરસમયમાં રહેલા જીવોને, જૈનમતની ક્રિયા જે પ્રમાણે અસદ્ગ્રહના પરિત્યાજન દ્વારા દ્રવ્યસમ્યક્ત્વના આરોપણથી માર્ગાનુસારિતાનો હેતુ છે તે પ્રમાણે સદ્ગ્રહમાં પ્રવૃત્ત એવા અન્યદર્શનવાળાઓને ઉભય અભિમત જૈનદર્શનને અને અન્યદર્શનને અભિમત એવા યમ-નિયમાદિ શુદ્ધ સ્વરૂપવાળી ક્રિયા પણ પારમાર્થિક વસ્તુ વિષયક પક્ષપાત આધાન દ્વારા=સર્વ કર્મોથી રહિત મુક્તાવસ્થાના કારણભૂત એવા પારમાર્થિક પરિણામ વિષયક પક્ષપાત આધાન દ્વારા, તે પ્રકારની છે=માર્ગાનુસારિતાનો હેતુ છે; કેમ કે અધ્યાત્મના જાણનારાઓનું હેય-ઉપાદેયના વિષયમાત્રની પરીક્ષામાં સમર્થપણું છે=મોક્ષપ્રાપ્તિ માટે આત્માને શું હેય અને શું ઉપાદેય છે ? તે વિષયમાત્રમાં વિવેકપૂર્વકની પરીક્ષામાં સમર્થપણું છે. તે રીતે=સદ્ગ્રહપ્રવૃત્ત અન્યદર્શનવાળા પણ પારમાર્થિક વસ્તુ વિષય પક્ષપાતના આધાન દ્વારા માર્ગાનુસારીભાવને પ્રાપ્ત કરે છે તે રીતે, નિયત ક્રિયાનું=જૈનશાસનની નિયત ક્રિયાનું, માર્ગાનુસારીભાવજનનમાં એકાંતિકપણું અને આત્યંતિકપણું નથી. અને તે રીતે=માર્ગાનુસારીભાવજનનમાં નિયત ક્રિયા એકાંતે હેતુ નથી તે રીતે, જૈની ક્રિયા વગર પણ ભાવજૈન એવા અન્યદર્શનવાળાને માર્ગાનુસારીપણું હોવાથી આજ્ઞાનો સંભવ અવિરુદ્ધ છે. અને આ યુક્ત છે=અન્યદર્શનવાળાને આજ્ઞાનો સંભવ છે એ યુક્ત છે, અને એ પ્રમાણે=અન્યદર્શનવાળાને આજ્ઞાનો સંભવ છે એ પ્રમાણે, ન માનો તો ભાવલિંગના બીજના અભાવને કારણે=રત્નત્રયીરૂપ ભાવલિંગના કારણીભૂત એવી જૈનશાસનની ક્રિયાનો અભાવ હોવાને કારણે, ભાવલિંગની પણ અન્યદર્શનવાળાને અનુપપત્તિ હોતે છતે=મોક્ષની પ્રાપ્તિના કારણીભૂત એવી રત્નત્રયીની પરિણતિરૂપ ભાવલિંગની પણ અન્યદર્શનવાળાને અનુપપત્તિ હોતે છતે, અન્યલિંગ સિદ્ધાદિ ભેદની અનુપપત્તિ છે.

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે ભગવાનના શાસનમાં બતાવેલી ક્રિયાના સેવન વગર પણ અન્યદર્શનવાળા જીવોને ભગવાનના વચનની પરિણતિરૂપ પ્રધાન દ્રવ્યાજ્ઞા કઈ રીતે સંભવી શકે ? તેનું સમાધાન કરતાં

ગ્રંથકારશ્રી કહે છે – જીવમાં સ્વાભાવિક આત્માના શુદ્ધ સ્વભાવને પ્રગટ કરવાનું કારણ બને તેવી ઉચિત પ્રવૃત્તિનું કારણ એવો જે પરિણામ છે તે માર્ગાનુસારી ભાવ છે. અને આવો માર્ગાનુસારી ભાવ ભગવાનની આજ્ઞાના પરિણમનનું લક્ષણ છે. અને સ્વશાસ્ત્રની ક્રિયા કે પરશાસ્ત્રની ક્રિયા આવી આજ્ઞાના પરિણામના ઉપકારમાં કે પ્રતિબંધમાં નિયત નથી.

આશય એ છે કે ભગવાનની આજ્ઞાના પરિણામરૂપ માર્ગાનુસારી ભાવ સ્વશાસ્ત્રની ક્રિયાથી જ થાય. અન્ય શાસ્ત્રની ક્રિયાથી નહિ તેવું નિયત નથી અને અન્ય શાસ્ત્રની ક્રિયા કરવામાં આવે તો માર્ગાનુસારી ભાવ ન થાય તેવું પણ નિયત નથી. તેથી એ પ્રાપ્ત થાય કે સ્વશાસ્ત્રની ક્રિયા કરનારા પણ જીવો જો ભદ્રકપ્રકૃતિવાળા ન હોય તો જૈન ક્રિયા કરીને પણ માર્ગાનુસારી ભાવ પામતા નથી અને અન્યદર્શનવાળા પોતાના દર્શનની ઉચિત ક્રિયા કરતા હોય તો તે ક્રિયા માર્ગાનુસારી ભાવની નિષ્પત્તિમાં પ્રતિબંધક થાય તેવો પણ એકાંત નિયમ નથી. આથી જ ભગવાનના શાસ્ત્રમાં બતાવાયેલી ક્રિયાકૃત ઉપકાર વગર પણ મેઘકુમારનો જીવ એવો હાથી તેવા પ્રકારની તેની યોગ્યતા પરિપાકને પામેલી હોવાથી તેના કારણે થયેલ અનુકંપાદિને કારણે માર્ગાનુસારી ભાવને પામે છે. વળી, ઉલ્લસિત થયેલી છે યોગદૃષ્ટિ જેમને એવા પાતંજલિ આદિને અન્યદર્શનની ક્રિયા હોવા છતાં પણ માર્ગાનુસારી ભાવનો વ્યાઘાત થતો નથી. માટે અન્યદર્શનમાં રહેલા જીવો નિસર્ગથી તત્ત્વાનુકૂલ પ્રવૃત્તિના કારણ એવા પરિણામને પામે તો તેઓમાં ભગવાનની આજ્ઞાનો સંભવ છે.

અહીં કોઈક શંકા કરે છે કે પતંજલિ આદિઓને માર્ગાનુસારી ભાવ જ શાસ્ત્રસિદ્ધ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં પતંજલિ આદિ ઋષિઓને યોગની દૃષ્ટિઓ છે તેમ કહેલું છે. યોગની દૃષ્ટિ એ સંવેગના પરિણામરૂપ છે. તેથી સ્વાભાવિક મોક્ષને અનુકૂલ એવી પ્રવૃત્તિના પરિણામરૂપ છે. માટે પતંજલિ આદિને માર્ગાનુસારી ભાવ છે; કેમ કે કદાગ્રહ વગરના એવા તેઓ મોક્ષમાર્ગના ઉપાસક હતા.

વળી યોગબિંદુના વૃત્તિકારે પણ કહેલું છે કે પતંજલિ આદિ ઋષિ યોગમાર્ગના જાણનારા હતા. પ્રશમપ્રધાન એવા તપથી ક્ષીણપ્રાય થયેલો છે માર્ગાનુસારી બોધનો બાધક એવો મોહમલ જેને તેવા છે. તેથી પણ ફલિત થાય છે કે પતંજલિ આદિ ઋષિમાં માર્ગાનુસારી ભાવ છે. અન્યદર્શનમાં રહેલા પતંજલિ આદિ ઋષિને ભગવાનની આજ્ઞાનો પરિણામ છે. આથી જ તેઓને ભાવજૈન શાસ્ત્રકારો સ્વીકારે છે. અર્થાત્ ભાવથી જિનના ઉપાસક છે તેમ સ્વીકારે છે.

અન્યદર્શનવાળામાં પણ માર્ગાનુસારી ભાવ છે તેનો પરમાર્થ સ્પષ્ટ કરતાં ટીકાકાર કહે છે –

જેમ કોઈક પરદર્શનમાં રહેલા હોય અને તત્ત્વના માર્ગમાં અવ્યુત્પન્નમતિવાળા હોય અર્થાત્ સ્વપ્રજ્ઞાથી આત્મહિત કરવા માટે શું ઉચિત પ્રયત્ન કરવો જોઈએ ? તે વિષયમાં તેઓની મતિ વ્યુત્પન્ન ન હોય અથવા તો પરસમયમાં રહેલા હોય અને આત્મહિતની પ્રવૃત્તિ વિપરીત કરીને વિપરીત પ્રવૃત્તિમાં વ્યુત્પન્ન હોય તેવા જીવોને યોગ્ય ઉપદેશક ઉપદેશ આપીને તેઓ સંયમ ગ્રહણ કરવા તત્પર થાય તો જૈનશાસનનો સાધુવેશ આપે ત્યારે તેમાં દ્રવ્યસમ્યક્ત્વનું આરોપણ કરે અને દ્રવ્યથી પાંચ મહાવ્રતોનું આરોપણ કરે. વળી,

ભગવાનના શાસનની સમ્યક્ત્વની ક્રિયા અને ચારિત્રની ક્રિયા કઈ રીતે કરવાની છે ? તેનો બોધ કરાવીને તે ક્રિયા દ્વારા તેઓમાં વર્તતા અસદ્ગ્રહનો પરિત્યાગ કરાવે છે, જેનાથી તેઓમાં માર્ગાનુસારી ભાવ પ્રગટે છે. અર્થાત્ ચારિત્રનો પરિણામ પ્રગટે છે.

તે જ રીતે અન્યદર્શનમાં રહેલા પણ જેઓ અસદ્ગ્રહમાં પ્રવૃત્ત નથી પરંતુ સદ્ગ્રહમાં પ્રવૃત્ત છે અર્થાત્ મોક્ષના કારણભૂત ઉચિત ક્રિયા જ તેઓને આત્મહિતરૂપે જણાય છે તેવા યોગ્ય જીવો જૈનદર્શન અને અન્યદર્શનસાધારણને અભિમત એવી યમ-નિયમાદિની શુદ્ધ ક્રિયાઓ કરે છે. આવી ક્રિયા દ્વારા તેઓને આત્માના પારમાર્થિક સ્વરૂપ વિષયક પક્ષપાત વધે છે. તેથી સદ્ગ્રહપ્રવૃત્ત એવા અન્યદર્શનવાળા જીવો પણ માર્ગાનુસારી ભાવને પ્રાપ્ત કરે છે.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનવાળા જીવોમાં પારમાર્થિક વસ્તુ વિષયક પક્ષપાતનું આધાન કેમ થાય છે ? તેથી કહે છે –

અધ્યાત્મના જાણનારાઓ હેય-ઉપાદેયના વિષયમાત્રની પરીક્ષા કરવામાં કુશળ હોય છે. તેથી અધ્યાત્મના પરમાર્થને જાણનારા એવા તેઓ મોક્ષપ્રાપ્તિ માટે શું હેય છે ? અને શું ઉપાદેય છે ? તેને ઃ નિપુણ પ્રજ્ઞાથી જાણવા યત્ન કરે છે. અને જેમ જેમ હેયોપાદેયના વિષયમાં તેઓ અધિક-અધિક બોધવાળા થાય છે તેમ તેમ તેઓમાં પારમાર્થિક વસ્તુ વિષયક પક્ષપાત વધે છે. તેથી ઉભયને અભિમત ક્રિયાથી પણ તેઓની શુદ્ધિ થાય છે.

આ કથનથી શું ફલિત થાય છે ? તે બતાંવતાં કહે છે –

આત્મામાં મોક્ષને અનુકૂલ એવી પરિણતિની નિષ્પત્તિરૂપ માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિમાં જૈન શાસનની ક્રિયાનું એકાંતિક હેતુપણું કે આત્યંતિક હેતુપણું નથી અર્થાત્ જૈનશાસનની ક્રિયા કરે તો જ માર્ગાનુસારી ભાવ થાય તેવો એકાંતિક નિયમ નથી અને જૈનશાસનની ક્રિયા જ માર્ગાનુસારી ભાવ પ્રત્યે અત્યંત કારણ છે, અન્ય કોઈ ક્રિયા અત્યંત કારણ નથી તેવો એકાંત નિયમ નથી. માટે જૈન ક્રિયાને નહીં કરનારા એવા પણ ભાવથી જૈન એવા અન્યદર્શનવાળા જીવોમાં માર્ગાનુસારીપણું હોવાથી ભગવાનની આજ્ઞાનો સંભવ અવિરુદ્ધ છે.

વળી અન્યદર્શનમાં રહેલા જીવોમાં ભગવાનની આજ્ઞાના સંભવને સ્વીકારવામાં શાસ્ત્રીય યુક્તિ બતાવે છે. શાસ્ત્રમાં અન્યલિંગસિદ્ધ, ગૃહસ્થલિંગસિદ્ધાદિ સિદ્ધના ૧૫ ભેદો કહ્યા છે. જીવ જે કોઈપણ લિંગથી સિદ્ધ થાય તેઓમાં રત્નત્રયીની પરિણતિરૂપ ભાવલિંગ અવશ્ય હોય છે. આ રત્નત્રયીની પરિણતિરૂપ ભાવલિંગનું કારણ જૈનશાસનના સાધ્વાચારરૂપ ક્રિયા છે. જેઓ અન્યલિંગસિદ્ધ થાય છે તેઓ જૈનશાસનની ક્રિયા કર્યા વગર ભાવલિંગને પામીને સિદ્ધ થાય છે તેમ સ્વીકારીએ તો જ અન્યલિંગ સિદ્ધાદિ ભેદની સંગતિ થાય. તેથી જેમ જૈનશાસનની ચારિત્રની ક્રિયા વગર ભાવચારિત્ર પ્રાપ્ત થાય છે તેમ જૈનશાસનની ક્રિયા વગર પણ માર્ગાનુસારીભાવરૂપ પરિણામ અન્યદર્શનવાળા જીવોને થઈ શકે છે તેમ સ્વીકારવું જોઈએ.

ટીકા :-

यः पुनराह (सर्वज्ञशतक-६८) – 'परसमयानभिमतस्वसमयाभिमतक्रियैव असद्ग्रहविनाशद्वारा मार्गानुसारिताहेतुः' **इति तदसत्, उभयाभिमताकरणनियमादिनैव पतञ्जल्यादीनां मार्गानुसारिताऽभिधानात्, व्युत्पन्नस्य मार्गानुसारितायां तत्त्वजिज्ञासामूलविचारस्यैव हेतुत्वात्, अव्युत्पन्नस्य तस्यां गुरुपारतन्त्र्याधानद्वारा स्वसमयाभिमतक्रियाया हेतुत्वे परसमयानभिमतत्वप्रवेशे प्रमाणाभावाच्च ।**

भवाभिनन्दिदोषप्रतिपक्षा गुणा एव हि नियता मार्गानुसारिताहेतवः, क्रिया तु क्वचिदुभयाभिमता, क्वचिच्च स्वसमयाभिमतेत्यनियता हेतुः, परकीयसंमतेर्निजमार्गदार्ढ्यहेतुत्वं चाऽव्युत्पन्नमभिनिविष्टं वा प्रति, न तु व्युत्पन्नमनभिनिविष्टं च प्रतीति । 'यत्तु निश्चयतः परसमयबाह्यानामेव संगमनयसाराम्बडप्रमुखानां मार्गानुसारित्वं स्यात्, नान्येषाम्' **इति केषाञ्चिन्मतं (सर्वज्ञशतक० श्लो. ६९), तत्तेषामेव प्रतिकूलं, सद्ग्रहप्रवृत्तिजनितनैश्चयिकपरसमयबाह्यतया पतञ्जल्यादीनामप्यम्बडादीनामिव मार्गानुसारित्वाप्रतिघातात् । इयानेव हि विशेषो यदेकेषामपुनर्बन्धकत्वेन तथात्वं, अपरेषां तु श्राद्धत्वादिनेति ।।१६।।**

ટીકાર્થ :-

यः पुनराह..... श्राद्धत्वादिनेति ।। જે વળી કોઈક કહે છે 'પર દર્શનને અનભિમત અને જૈનદર્શનને અભિમત એવી ક્રિયા જ અસદ્ગ્રહના વિનાશ દ્વારા માર્ગાનુસારિતાનો હેતુ છે.' **'इति' શબ્દ પરના કથનની સમાપ્તિ માટે છે. તે=પરનું તે કથન, અસત્ છે; કેમ કે ઉભય અભિમત એવા અકરણનિયમાદિથી જ પતંજલિ આદિ ઋષિઓને માર્ગાનુસારીપણાનું અભિધાન છે.**

પૂર્વે કહ્યું તે ઉભયાભિમત અકરણનિયમાદિથી જ પતંજલિ આદિ ઋષિઓને માર્ગાનુસારીપણાની પ્રાપ્તિ છે. હવે પૂર્વપક્ષીએ કહેલ કે પરસમય અનભિમત સ્વસમય અભિમત ક્રિયાથી જ માર્ગાનુસારીપણાની પ્રાપ્તિ થાય છે. ત્યાં અનભિમત વિશેષણ નિરર્થક છે તે બતાવીને ઉભયાભિમત અકરણનિયમથી માર્ગાનુસારી ભાવ થઈ શકે છે. તે બતાવવા અર્થે હેતુ કહે છે –

વ્યુત્પન્નને માર્ગાનુસારિતામાં તત્ત્વજિજ્ઞાસામૂલવિચારનું જ હેતુપણું હોવાથી અને અવ્યુત્પન્નને તેમાં=માર્ગાનુસારિતામાં, ગુરુ પારતંત્ર્ય આધાન દ્વારા સ્વસમયઅભિમતક્રિયાના હેતુપણામાં પરસમય અનભિમતત્વના પ્રવેશમાં પ્રમાણનો અભાવ છે. આ રીતે અન્યદર્શનવાળાને પણ માર્ગાનુસારી ભાવ સંભવે છે તેમ સ્થાપન કર્યું.

હવે જીવોને માર્ગાનુસારી ભાવ પારમાર્થિક કઈ રીતે થઈ શકે છે ? અને તેમાં ક્રિયા કઈ રીતે હેતુ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ભવાભિનંદીદોષના પ્રતિપક્ષ ગુણો જ નિયત માર્ગાનુસારિતામાં હેતુઓ છે=જેટલા અંશથી ભવાભિનંદીદોષો ક્ષીણ થાય છે તેટલા તેટલા અંશથી માર્ગાનુસારિતા પ્રગટ થાય છે. વળી, ક્રિયા=માર્ગાનુસારિતાની

પ્રાપ્તિનું કારણ એવી ક્રિયા, ક્વચિત્ ઉભય અભિમત છે અને ક્વચિત્ સ્વસમય અભિમત છે. એથી અનિયત હેતુ છે.

અહીં પ્રશ્ન થાય કે સ્વસમયાભિમત કહેવાથી અન્યદર્શનને અભિમત ન કહીએ તોપણ ચાલે; કેમ કે માત્ર પરસમયાભિમત ક્રિયા માર્ગાનુસારિતાનો હેતુ નથી અને સ્વસમયાભિમત હોય તે ક્રિયા પરને અભિમત હોય કે ન પણ હોય તેનાથી કાંઈ વિશેષતા પ્રાપ્ત થતી નથી. આમ છતાં ક્વચિત્ ઉભયાભિમત ક્રિયા માર્ગાનુસારિતાનો હેતુ છે તેમ કેમ કહ્યું ? તેથી કહે છે –

અને પરકીયસંમતિનું નિજમાર્ગના દાઢર્યનું હેતુપણું અવ્યુત્પન્ન અને અભિનિવિષ્ટ જીવો પ્રત્યે છે પરંતુ વ્યુત્પન્ન અને અનભિનિવિષ્ટ જીવો પ્રત્યે નથી.

'इति' શબ્દ માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિમાં ક્રિયા કઈ રીતે હેતુ છે ? તેની સમાપ્તિ માટે છે.

વળી, 'નિશ્ચયથી પરસમય બાહ્ય જ એવા સંગમ, નયસાર, અંબડ વગેરેને માર્ગાનુસારીપણું થાય, અન્યોને નહીં.' **એ પ્રમાણે જે કેટલાકનો મત છે તે તેઓને જ પ્રતિકૂળ છે; કેમ કે અંબડાદિની જેમ સદ્ગ્રહ પ્રવૃત્તિ જનિત નૈશ્ચયિક પરસમય બાહ્યપણારૂપે પતંજલિ આદિઓને પણ માર્ગાનુસારિતાનો અપ્રતિઘાત છે. આટલો જ વિશેષ છે, જે એકને=પતંજલિ આદિને અપુનર્બંધકપણાથી તથાપણું=માર્ગાનુસારીપણું, છે, વળી, બીજાઓને=અંબડાદિને, શ્રદ્ધાળુપણાઆદિથી=ભગવાનના વચનમાં રુચિપણું અને ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાપણું હોવાથી, માર્ગાનુસારીપણું છે. ॥૧૬॥**

ભાવાર્થ :-

સર્વજ્ઞશતકકાર ધર્મસાગરજી મહારાજ માને છે કે જૈનદર્શનની ક્રિયા જ માર્ગાનુસારિતામાં હેતુ છે, અન્યદર્શનની ક્રિયા કરનારામાં માર્ગાનુસારિતા નથી. આને સ્થાપન કરવા માટે તે મહાત્મા કહે છે કે પરસમયઅનભિમત અને સ્વસમયઅભિમત એવી ક્રિયા જ અતત્ત્વના પક્ષપાતરૂપ અસદ્ગ્રહનો નાશ કરે છે. અતત્ત્વના પક્ષપાતરૂપ અસદ્ગ્રહ જેમ જેમ અલ્પ થાય છે તેમ તેમ માર્ગાનુસારિતા પ્રગટે છે. માટે અન્યદર્શનની ક્રિયા કરનારા એવા પતંજલિ આદિને માર્ગાનુસારિતા સંભવે નહિ.

આ પ્રકારનું સર્વજ્ઞશતકનું કથન અસત્ છે તેમ ગ્રંથકારશ્રી કહે છે. તેમાં યુક્તિ આપે છે કે જૈનદર્શન અને પરદર્શન એમ ઉભયને સંમત એવા પાપઅકરણના નિયમાદિના સેવનથી પતંજલિ આદિ ઋષિઓમાં માર્ગાનુસારિતા છે એમ શાસ્ત્રમાં કહેલું છે. એથી પરસમયાનભિમત એવી જૈનદર્શનની ક્રિયા જ માર્ગાનુસારિતાનો હેતુ છે તેમ કહી શકાય નહિ. પરંતુ જૈનદર્શન જેને સ્વીકારે છે એવી પરસમયને અભિમત પાપઅકરણની ક્રિયા પણ માર્ગાનુસારિતાનો હેતુ છે.

અહીં પ્રશ્ન થાય કે પરસમયની ક્રિયા પૂર્ણ વિવેકવાળી નથી અને જૈનદર્શનની ક્રિયા અત્યંત વિવેકવાળી છે તેથી પરસમયની વિવેકવાળી પણ કંઈક અવિવેકથી યુક્ત ક્રિયા કઈ રીતે માર્ગાનુસારિતાનો હેતુ થશે ? તેથી કહે છે – પરદર્શનમાં પણ જેઓની મતિ તત્ત્વને જોવા માટે વ્યુત્પન્ન છે તેવા પતંજલિ આદિ ઋષિઓને સંસારથી અતીત તત્ત્વની પ્રાપ્તિ થાય તેવા તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક તત્ત્વાતત્ત્વના વિષયમાં વિચાર

પ્રવર્ત્તે છે. તે તત્ત્વજિજ્ઞાસામૂલ વિચાર જ માર્ગાનુસારિતામાં હેતુ છે; કેમ કે તત્ત્વની જિજ્ઞાસાથી થતા વિચાર દ્વારા જ બધા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. તેથી તેવા પતંજલિ આદિ મહાત્માઓ સ્વમતિ અનુસાર અસદ્ગ્રહનો ત્યાગ કરીને મોહનો નાશ થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરનારા છે. તેથી તેઓની પોતાના દર્શન અનુસાર કરાતી પાપઅકરણનિયમાદિ ક્રિયા માર્ગાનુસારિતામાં હેતુ છે.

વળી, જેઓ અન્યદર્શનમાં છે પરંતુ વ્યુત્પન્ન નથી તેથી તેઓમાં તત્ત્વજિજ્ઞાસા હોવા છતાં તત્ત્વજિજ્ઞાસામૂલક વિચાર સ્ફુરાયમાન થતો નથી તેવા જીવો જૈનદર્શનના સુગુરુને પ્રાપ્ત કરીને ગુરુને પરતંત્ર થઈને જૈનદર્શનની ક્રિયા કરે તો ગુણવાન ગુરુના ઉપદેશના બળથી તે અવ્યુત્પન્ન પણ કલ્યાણના અર્થી જીવો માર્ગાનુસારિતાને પ્રાપ્ત કરે છે. આમ છતાં માર્ગાનુસારિતાની પ્રાપ્તિ પ્રત્યે જૈનદર્શનની ક્રિયા જ હેતુ છે, પરદર્શનને અભિમત ક્રિયા નહીં તે પ્રકારની બુદ્ધિથી જે સર્વજ્ઞશતકકાર પરસમયઅનભિમત સ્વસમયઅભિમત ક્રિયાને જ માર્ગાનુસારિતાનો હેતુ કહે છે તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી.

અહીં પ્રશ્ન થાય કે જીવમાં માર્ગાનુસારિતાની પરિણતિ પ્રત્યે ક્રિયા કઈ રીતે હેતુ છે ? કેમ કે જૈનદર્શનની ક્રિયા કરનારામાં પણ ઘણા જીવોમાં માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત થતો નથી. તેથી કહે છે – ભવાભિનંદીદોષોના પ્રતિપક્ષ એવા ગુણો જ માર્ગાનુસારિતાના હેતુ તરીકે નિયત છે. વળી ક્રિયા ક્યારેક ઉભયાભિમત હેતુ છે. ક્યારેક સ્વસમયાભિમત હેતુ છે. એથી ક્રિયા નિયત હેતુ નથી.

આશય એ છે કે ભવના કારણ પ્રત્યે જે રાગ, તે ભવાભિનંદીભાવ છે. જેઓને ભવના કારણ પ્રત્યેનો લેશ પણ રાગ નથી, કેવલ ભવના ઉચ્છેદનો રાગ છે તેવા જીવો સંપૂર્ણ ભવાભિનંદીદોષ રહિત છે અને તેઓ સમ્યગ્દૃષ્ટિ છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવને ભોગની ઇચ્છા થાય છે, પરંતુ ભોગ પ્રત્યે રાગ નથી જેમ વિવેકી એવા સંસારી જીવોને ખણજ કરવાની ઇચ્છા થાય છે, પરંતુ ખણજ પ્રત્યે રાગ નથી. આથી જ વિવેકી જીવોને ખણજની ઇચ્છા થાય, ખણજની પ્રવૃત્તિ કરે તોપણ આરોગ્ય પ્રત્યે જ રાગ વર્તે છે. તેથી આરોગ્યના ઉપાયભૂત ઔષધ પ્રત્યે પણ રાગ વર્તે છે. તેમ સમ્યગ્દૃષ્ટિ જીવોને ભોગની ઇચ્છા થાય, ભોગની પ્રવૃત્તિ કરે તોપણ ભવના કારણભૂત ભોગો પ્રત્યે રાગ નથી પરંતુ ભાવઆરોગ્ય પ્રત્યે રાગ છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો સદા ભવના કારણોને અલ્પ, અલ્પતર કરવા યત્ન કરે છે. જેઓ સમ્યક્ત્વ પામ્યા નથી તેવા જીવોમાં ભવાભિનંદીદોષો છે આમ છતાં જેઓનું મિથ્યાત્વ મંદ થયું છે તેવા યોગની દૃષ્ટિવર્તી જીવોમાં ભવાભિનંદીદોષોના પ્રતિપક્ષ ગુણો જેટલા-જેટલા પ્રગટ થાય છે તેટલી-તેટલી માર્ગાનુસારિતા પ્રગટ થાય છે. સ્વસમય-પરસમયને અભિમત પાપઅકરણનિયમાદિની ક્રિયા ક્યારેક ભવાભિનંદીદોષોની ન્યૂનતામાં કારણ બને છે તેથી માર્ગાનુસારિતામાં હેતુ બને છે અને ક્યારેક જૈનદર્શનની ક્રિયા ભવાભિનંદીદોષોના નાશનો હેતુ બને છે તેથી માર્ગાનુસારિતાનો હેતુ બને છે.

અહીં પ્રશ્ન થાય કે ઉભય સંમત ક્રિયા માર્ગાનુસારિતાનો હેતુ છે તેમ ન કહેતાં સ્વસમયાભિમત ક્રિયા જ માર્ગાનુસારિતાનો હેતુ છે, તેમ કહેવાથી પણ પરસમયને અભિમત ક્રિયાનો સંગ્રહ થાય છે; કેમ કે તે પરસમયને અભિમત છે માટે માર્ગાનુસારિતાનો હેતુ નથી પરંતુ ઉભયને સંમત હોવાથી જૈનદર્શનને

અભિમત છે માટે માર્ગાનુસારિતાનો હેતુ છે. તેના સમાધાન માટે ગ્રંથકારશ્રી કહે છે – જે જીવો અવ્યુત્પન્ન છે અથવા અભિનિવિષ્ટ છે તેવા જીવોને પરકીય સંમતિ બતાવવાથી ભગવાનના માર્ગમાં દૃઢતા થાય છે. તેથી તેવા જીવો દૃઢ યત્ન કરીને ઉભય સંમત ક્રિયા દ્વારા માર્ગાનુસારી ભાવને પ્રાપ્ત કરી શકે.

આશય એ છે કે જેઓ અન્યદર્શનમાં રહેલા છે અને તત્ત્વજિજ્ઞાસાથી સદ્‌ગુરુ પાસે તત્ત્વ સાંભળવા આવેલા છે અને તત્ત્વના વિષયમાં માર્ગાનુસારી વિચાર કરી શકે તેવી વ્યુત્પન્ન મતિ નથી તેઓ અવ્યુત્પન્ન છે. કેટલાક તત્ત્વજિજ્ઞાસાથી સદ્‌ગુરુ પાસે તત્ત્વ સાંભળવા આવેલા છે આમ છતાં સ્વદર્શન પ્રત્યે કંઈક પક્ષપાતરૂપ અભિનિવેશ છે. તેવા જીવોને કહેવામાં આવે કે આ પાપઅકરણનિયમાદિની ક્રિયા જેમ જૈનદર્શનને સંમત છે તેમ અન્યદર્શનવાળા એવા પતંજલિ આદિને પણ સંમત છે. તે સાંભળીને જે અવ્યુત્પન્ન છે તેવા જીવોને થાય કે અમારા દર્શનમાં પણ જે પાપઅકરણનિયમ કહ્યા છે તે જ પાપઅકરણ-નિયમાદિને ધર્મરૂપે આ મહાત્મા કહે છે. તેથી તે પાપઅકરણનિયમની ક્રિયા પ્રત્યે તે મહાત્માને દૃઢ પક્ષપાત થાય છે.

વળી જે કાંઈક સ્વદર્શનમાં અભિનિવેશવાળા છે તેઓને સુગુરુ કહે કે આ પાપઅકરણનિયમાદિની ક્રિયા જેમ અમને અભિમત છે તેમ તમારા પતંજલિ ઋષિ આદિને પણ અભિમત છે. તેથી સ્વદર્શન પ્રત્યેના કંઈક અભિનિવેશવાળાને પણ જૈનદર્શનને સંમત એવા પાપઅકરણનિયમની ક્રિયામાં દૃઢતા થાય છે. અને પાપઅકરણનિયમ પ્રત્યેના દૃઢ રાગવાળા એવા તેઓ પાપઅકરણનિયમની જૈનશાસનની સૂક્ષ્મ દૃષ્ટિને સુગુરુ પાસેથી સાંભળીને અન્યદર્શન કરતાં પણ જૈનદર્શનની પાપઅકરણની ક્રિયા સૂક્ષ્મ તત્ત્વને સ્પર્શનારી છે તેવા બોધવાળા થાય છે. અને તે સૂક્ષ્મબોધપૂર્વકની ક્રિયાઓ કરીને વિશેષ-વિશેષ માર્ગાનુસારી બોધ પ્રાપ્ત કરે છે.

વળી, જેઓ વ્યુત્પન્ન મતિવાળા છે અને પોતાના દર્શન પ્રત્યે અભિનિવિષ્ટ નથી, તેવા જીવોને આ પાપઅકરણનિયમની ક્રિયા ઉભય સંમત છે તેમ કહેવાની આવશ્યકતા રહેતી નથી; કેમ કે વ્યુત્પન્ન મતિવાળા અને કોઈ દર્શન પ્રત્યે જેઓને અભિનિવેશ નથી તેવા જીવો સંસારથી અતીત તત્ત્વ કેવું છે તેને જાણનારા હોય છે અને તેઓને ઉપદેશક કહે કે ભગવાનના શાસનમાં પાપઅકરણના નિયમાદિની ક્રિયાઓ આ પ્રકારે બતાવાયેલી છે અને તે ક્રિયાઓ આ રીતે સંસારના ઉચ્છેદનું કારણ છે. તે સાંભળીને તેઓ સ્વાભાવિક રીતે તે ક્રિયાઓ પ્રત્યે રાગવાળા થાય છે. પરંતુ આ અકરણનિયમ ક્રિયા અન્યદર્શનને પણ સંમત છે તેમ કહેવાથી તેઓને કોઈ વિશેષ પરિણામ થતો નથી. તેથી તેઓ પ્રત્યે પાપઅકરણનિયમમાં પરદર્શનની સંમતિ છે તેમ બતાવવાનું કોઈ પ્રયોજન નથી.

વળી, જે કોઈ કહે છે કે નિશ્ચયથી પરસમયમાં બાહ્ય જ એવા સંગમ, નયસાર, અંબડાદિને માર્ગાનુસારીપણું હોય, પરંતુ પરસમયમાં રહેલા એવા પતંજલિ આદિને માર્ગાનુસારીપણું હોઈ શકે નહિ; કેમ કે પતંજલિ આદિ તો અન્યદર્શનમાં જ રહેલા છે અને તે દર્શનના આચારોને મોક્ષનું કારણ માને છે. જ્યારે શાલિભદ્રનો જીવ સંગમ તો સુસાધુ પ્રત્યે ભક્તિવાળો છે આથી જ અતિ ક્લેશથી પ્રાપ્ત

થયેલ એવા પરમાન્નને સાધુને વહોરાવે છે. તેથી નિશ્ચયથી સંગમનો જીવ પરદર્શનમાં રહ્યો નથી. વળી, નયસાર પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે કોઈ દર્શનમાં રહેલ નથી. આથી જ કોઈ મહાત્મા પધારે તો તેઓને ભોજન આપીને 'ભોજન કરું' તેવો પરિણામ ધરાવે છે. મહાત્મા તરીકે જૈન સાધુને જોઈને પણ નયસારને આ સાધુ તો અન્યદર્શનના છે, આપણા નથી, તેવી બુદ્ધિ થતી નથી. તેથી નયસાર નિશ્ચયથી પરદર્શન બાહ્ય છે. વળી અંબડ પરિવ્રાજકનો વેષ ધારણ કરે છે, તોપણ ભગવાનના વચનથી ભાવિત હોવાને કારણે શ્રાવકના આચાર પાળે છે, તેથી વેશથી પરદર્શનમાં હોવા છતાં અંબડ શ્રાવક નિશ્ચયનયથી પરદર્શન બાહ્ય છે. માટે તેઓમાં માર્ગાનુસારીપણું હોઈ શકે. જ્યારે પતંજલિ ઋષિ આદિ તો પોતાને અભિમત સાંખ્ય દર્શનને જ પ્રમાણભૂત માને છે, તેથી તેઓમાં માર્ગાનુસારીપણું સંભવે નહિ, એ પ્રકારનો સર્વજ્ઞ શતકનો આશય છે. તે તેઓના જ વચનને પ્રતિકૂળ છે, એમ ગ્રંથકારશ્રી કહે છે. તેમાં યુક્તિ બતાવે છે કે જેમ અંબડાદિમાં માર્ગાનુસારી ભાવ છે તેમ સદ્ગ્રહપ્રવૃત્તિથી જનિત નૈશ્ચયિક પરસમય બાહ્યપણું પતંજલિ આદિમાં હોવાથી તેઓમાં પણ માર્ગાનુસારીપણું છે.

આશય એ છે કે પતંજલિ આદિ પોતપોતાને અભિમત દર્શનને જ પ્રમાણભૂત માને છે. આમ છતાં મોક્ષને અનુકૂલ તત્ત્વ પ્રત્યેના પક્ષપાતવાળા છે. તેથી પોતાના દર્શનનાં જે જે વચનો મોક્ષને અનુકૂલ ક્રિયાઓને બતાવનારાં છે તેના પ્રત્યે જ તેઓને આગ્રહ છે. તેથી પરદર્શનમાં રહેલી મોક્ષને અનુકૂળ એવી ક્રિયાઓ પ્રત્યે જ આગ્રહ હોવાથી તેઓમાં સદ્ગ્રહપ્રવૃત્તિથી જનિત નૈશ્ચયિક પરસમય બાહ્યપણું છે. ફક્ત જેમ અંબડ શ્રાવક વેશથી પરસમયમાં છે તેમ પતંજલિ ઋષિ પણ બાહ્યથી પરસમયમાં છે. છતાં જેમ નિશ્ચયથી અંબડ શ્રાવક જૈનદર્શનમાં છે, તેમ પતંજલિ ઋષિ પણ નિશ્ચયથી જૈનશાસનમાં છે; કેમ કે જિનપણાના ઉપાસક છે. ફક્ત અંબડાદિમાં અને પતંજલિ આદિમાં આટલો ભેદ છે – પતંજલિ આદિને અપુનર્બંધકપણાથી પરસમય બાહ્યપણું છે. અને અંબડ આદિને ભગવાનના વચનમાં શ્રદ્ધા હોવાથી શ્રાદ્ધપણાદિથી પરસમય બાહ્યપણું છે. **॥૧૬॥**

અવતરણિકા :-

अयं मार्गानुसारिभावः कदा स्यात्? इत्येतत्कालमानमाह –

અવતરણિકાર્થ :-

આ=પૂર્વગાથામાં કહ્યો એ, માર્ગાનુસારિભાવ ક્યારે પ્રાપ્ત થાય છે ? તેથી એના=માર્ગાનુસારી ભાવના, કાલમાનને કહે છે –

ગાથા :-

मग्गाणुसारिभावो जायइ चरमंमि चेव परिअट्टे ।
गुणवुड्ढीए विगमे भवाभिनंदीणदोसाणं ।।१७।।

છાયા :-

मार्गानुसारिभावो जायते चरम एव परावर्त्ते ।
गुणवृद्ध्या विगमे भवाभिनन्दिदोषाणाम् ।।१७।।

અન્વયાર્થ :-

चरमंमि चेव परिअट्टे=ચરમ જ પરાવર્તમાં=ચરમ જ પુદ્ગલપરાવર્તમાં, भवाभिनंदीणदोसाणं= ભવાભિનંદી-દોષોનું, विगमे=વિગમન થયે છતે, गुणवुड्ढीए=ગુણની વૃદ્ધિથી, मग्गाणुसारिभावो जायइ= માર્ગાનુસારીભાવ થાય છે. ।।૧૭।।

ગાથાર્થ :-

ચરમ જ પરાવર્તમાં=ચરમ જ પુદ્ગલપરાવર્તમાં, ભવાભિનંદીદોષોનું વિગમન થયે છતે ગુણની વૃદ્ધિથી માર્ગાનુસારીભાવ થાય છે. ।।૧૭।।

ટીકા :-

मग्गाणुसारिभावोत्ति । भवाभिनन्दिनां दोषाणां

क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ।। **(योगदृष्टि० ७६, योगबिन्दु० ८७)**

इति श्लोकोक्तानां, विगमे सति गुणवृद्ध्या चरमे पुद्गलपरावर्त्त एव मार्गानुसारिभावो भवति, अपुनर्बंधकादेर्मार्गानुसारिप्रौढप्रज्ञानुगतत्ववचनात्, तस्य चैतावत्कालमानत्वात् । अत एव वचनौषध-प्रयोगकालश्चरमपुद्गलपरावर्त्त एवोक्तो व्यवहारतः, निश्चयतस्तु ग्रन्थिभेदकालः, तत्रापि ग्रन्थिभेदकाल एव न्यूनत्वेन पुरस्कृतः । तथा चोपदेशपदसूत्रवृत्ती (४३२-४३३) –

घणमिच्छत्तो कालो एत्थ अकालो उ होइ णायव्वो ।
कालो उ अपुणबंधगपभिई धीरेहिं णिद्दिट्ठो ।।
णिच्छयओ पुण एसो विन्नेओ गंठिभेअकालोउ ।
एयंमि विहिसयपालणाउ आरोग्गमेयाओ ।।

घनं=महामेघावलुप्तसकलनक्षत्रादिप्रभाप्रसरभाद्रपदाद्यमावास्यामध्यभागसमुद्भूतान्धकारनिबिडं मिथ्यात्वं तत्त्वविपर्यासलक्षणं यत्र स तथा, कालश्चरमपुद्गलपरावर्त्तव्यतिरिक्तशेषपुद्गलपरावर्त्तलक्षणोऽत्र वचनौषध-प्रयोगेऽकालस्तु अकाल एव भवति ज्ञातव्यः चरमपुद्गलपरावर्त्तलक्षणस्तु तथाभव्यत्वपरिपाकतो बीजाधानो-द्भेदपोषणादिषु स्यादपि काल इति । अत एवाह-कालस्त्ववसरः पुनः अपुनर्बंधकप्रभृतिः, तत्राऽपुनर्बन्धकः

'पावं ण तिव्वभावा कुणइ...' (पंचा० ३-४) इत्यादिलक्षणः, आदिशब्दान्मार्गाभिमुखमार्गपतितौ गृह्येते । तत्र मार्गो ललितविस्तरायामनेनैव शास्त्रकृतेत्थंलक्षणो निरूपितः 'मग्गदयाणं' इत्याद्यालापकव्याख्यायां, 'मार्गश्चेतसोऽवक्रगमनं, भुजंगमनलिकायामतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रवणः स्वरसवाही क्षयोपशमविशेषो हेतुस्वरूपफलशुद्धा सुखेत्यर्थः' तत्र पतितो भव्यविशेषो मार्गपतित इत्युच्यते, तदादिभावापन्नश्च मार्गाभिमुख इति, एतौ च चरमयथाप्रवृत्तकरणभागभाजावेव विज्ञेयौ, अपुनर्बन्धकोऽपुनर्बन्धककालः प्रभृतिर्यस्य स तथा, धीरैस्तीर्थकरादिभिः निर्दिष्टो व्यवहारत इति ।। निश्चयतो निश्चयनयमतेन पुनरेष वचनौषधप्रयोगकालो विज्ञेयः कः? इत्याह– ग्रन्थिभेदकालस्तु=ग्रन्थिभेदकाल एव यस्मिन् कालेऽपूर्वकरणानिवृत्तिकरणाभ्यां ग्रन्थिर्भिन्नो भवति तस्मिन्नेवेत्यर्थः । कुतः? यत एतस्मिन् ग्रन्थिभेदे सति विधिना अवस्थोचितकृत्यकरणलक्षणेन सदा सर्वकालं या पालना च वचनौषधस्य, तया कृत्वाऽऽरोग्यं संसारव्याधिरोधलक्षणं, एतस्माद् वचनौषधप्रयोगाद् भवति । अपुनर्बन्धकप्रभृतिषु वचनप्रयोगः क्रियमाणोऽपि न तथा सूक्ष्मबोधविधायकः, अनाभोगबहुलत्वात्तत्कालस्य, भिन्नग्रन्थ्यादयस्तु व्यावृत्तमोहत्वेन निपुणबुद्धितया तेषु कृत्येषु वर्त्तमानास्तत्कर्मव्याधिसमुच्छेदका जायन्त इति, ग्रन्थिभेदमेव पुरस्कुर्वन्नाह –

इहरावि हंदि एअंमि एस आरोग्गसाहगो चेव । पोग्गलपरिअट्टद्धं जम्णमेअंमि संसारो ।।४३४।।

इतरथाऽपि=विधेः सदापालनमन्तरेणापि, हन्दीति पूर्ववत् एतस्मिन्=ग्रन्थिभेदे कृते सति एषः=वचनप्रयोगः आरोग्यसाधकश्चैव=भावारोग्यनिष्पादक एव सम्पद्यते । तथा च पठ्यते –

लब्ध्वा मुहूर्त्तमपि ये परिवर्जयन्ति, सम्यक्त्वरत्नमनवद्यपदप्रदायि ।

यास्यन्ति तेऽपि न चिरं भववारिराशौ, तद्बिभ्रतां चिरतरं किमिहास्ति वाच्यम् ।। ()

अत्र हेतुमाह–पुद्गलानामौदारिक-वैक्रिय-तैजस-भाषाऽऽनप्राण-मनः-कर्मग्रहणपरिणतानां विवक्षितकालमादौ कृत्वा यावतां सामस्त्येनैकजीवस्य ग्रहनिसर्गौ सम्पद्येते स कालः पुद्गलपरावर्त्त इत्युच्यते पुद्गलग्रहणनिसर्गाभ्यां परिवर्त्तन्ते परापरपरिणतिं लभन्तेऽस्मिन्निति व्युत्पत्तेः, तस्यार्द्धं यावद्, यद् यस्माद्, ऊनं किंचिद्धीनं, एतस्मिन् ग्रन्थिभेदे सति संसारो जीवानां तीर्थकराद्याशातनाबहुलानामपि । अत्र दृष्टान्ताः कूलवालकगोशालकादयो वाच्याः' **इति ।**

टीकार्थ :–

भवाभिनन्दिनां ..... वाच्याः इति । 'मग्गाणुसारिभावोत्ति' प्रतीक छे.

"क्षुद्र, लाभमां रति, दीन=अदृष्ट कल्याणवाळा, मत्सरवाळा, भयवाळा=सात प्रकारना भयथी सदा विह्वळ, शठ, अज्ञ=आत्माना पारमार्थिक विषयमां मूर्ख, निष्फल आरंभथी युक्त=आत्माना कल्याणनुं कारण बने तेवा सफल आरंभथी रहित, भवाभिनंदी छे." **(योगदृष्टिसमुच्चय श्लोक-७६, योगबिंदु प्रकरण श्लोक-८७)**

એ પ્રમાણે યોગદૃષ્ટિ અને યોગબિંદુ પ્રકરણના શ્લોકમાં કહેલ ભવાભિનંદીના દોષોનો નાશ થયે છતે ગુણની વૃદ્ધિ થવાથી ચરમપુદ્ગલપરાવર્તમાં જ માર્ગાનુસારી ભાવ થાય છે; કેમ કે અપુનર્બંધકાદિને

માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞા અનુગતપણાનું વચન છે. અને તેનું=અપુનર્બંધકાદિનું, આટલું જ કાલમાનપણું છે=એક પુદ્ગલપરાવર્ત કાલમાન છે, આથી જ=ભવાભિનંદીના દોષોના વિગમનથી ચરમાવર્તમાં માર્ગાનુસારી ભાવ થાય છે આથી જ, વચન ઔષધના પ્રયોગનો કાળ=ભાવરોગના ઔષધરૂપ ભગવાનના વચનના પ્રદાનનો કાળ વ્યવહારથી ચરમપુદ્ગલપરાવર્ત જ કહેવાયો છે. વળી નિશ્ચયથી ગ્રંથિભેદ કાળ જ છે. ત્યાં પણ=વચનૌષધ પ્રયોગના વ્યવહારથી-નિશ્ચયથી બતાવેલા બે પ્રકારના કાલમાં પણ, ગ્રંથિભેદ કાળ જ ન્યૂનપણાને કારણે પુરસ્કાર કરાયો છે=સંસારના પરિભ્રમણના કાળનું અપુનર્બંધક કરતાં ન્યૂનપણું હોવાને કારણે વચનૌષધ પ્રયોગ માટે અધિક મહત્ત્વ અપાયું છે, અને તે પ્રમાણે=વચનૌષધના પ્રયોગનો કાળ વ્યવહારથી અપુનર્બંધકનો છે અને નિશ્ચયથી ગ્રંથિભેદ કાળ છે તે પ્રમાણે, ઉપદેશપદની સૂત્ર અને વૃત્તિ છે –

અહીં=વચનૌષધ પ્રયોગમાં, ઘન મિથ્યાત્વનો કાલ અકાલ જ્ઞાતવ્ય છે. વળી, અપુનર્બંધકાદિવાળો કાળ ધીર પુરુષો વડે એ વચનૌષધના પ્રયોગમાં કાળ કહેવાયો છે. ॥૪૩૨॥

નિશ્ચયથી વળી, આ=વચનૌષધ પ્રયોગનો કાળ, ગ્રંથિભેદ કાળ જાણવો. આ હોતે છતે=ગ્રંથિભેદ હોતે છતે, પોતાની અવસ્થા ઉચિત કૃત્યકરણરૂપ વિધિથી સદા વચનૌષધની પાલના વડે આનાથી=વચનૌષધથી, આરોગ્ય થાય છે. ॥૪૩૩॥

ઘન=મહામેઘથી અવલુપ્ત એવા સકલ નક્ષત્રાદિની પ્રભાના પ્રસરવાળી ભાદરવાદિના અમાવસ્યાની રાત્રિના મધ્યભાગમાં સમુદ્ભુત થયેલા અંધકાર જેવું નિબિડ, તત્ત્વવિપર્યાસ લક્ષણ મિથ્યાત્વ છે જેમાં તે તેવો છે=ઘન મિથ્યાત્વવાળો છે, અને તે ઘન મિથ્યાત્વવાળો કાળ=ચરમ પુદ્ગલપરાવર્તથી વ્યતિરિક્ત શેષ પુદ્ગલપરાવર્ત લક્ષણ કાળ, અહીં=વચનૌષધ પ્રયોગમાં, અકાળ જ જ્ઞાતવ્ય છે. વળી, ચરમપુદ્ગલપરાવર્ત લક્ષણ કાળ તથાભવ્યત્વના પરિપાકથી બીજાધાનના ઉદ્ભેદ-પોષણાદિમાં કાલ થાય પણ=વચનૌષધ પ્રયોગનો કાલ થાય પણ, આથી જ=પૂર્વમાં કહ્યું કે, ચરમાવર્ત લક્ષણ વચનૌષધ પ્રયોગનો કાલ થાય પણ આથી જ, ઉપદેશપદમાં કહે છે – વળી, અપુનર્બંધકાદિ કાલ છે=વચનૌષધ પ્રયોગનો અવસર છે, ત્યાં=અપુનર્બંધકાદિમાં, પાપ તીવ્ર ભાવે કરી નહિ ઈત્યાદિ લક્ષણ અપુનર્બંધક છે. આદિ શબ્દથી=અપુનર્બંધકાદિમાં રહેલા આદિ શબ્દથી, માર્ગાભિમુખ અને માર્ગપતિત ગ્રહણ કરાય છે. ત્યાં=માર્ગાભિમુખ અને માર્ગપતિતમાં, રહેલ માર્ગ લલિતવિસ્તરામાં આ જ શાસ્ત્રકાર વડે=ઉપદેશપદના જ શાસ્ત્રકાર વડે, 'मग्गादयाणं' ઈત્યાદિ આલાપકની વ્યાખ્યામાં આવા લક્ષણવાળો=આગળ બતાવે છે તેવા લક્ષણવાળો કહેવાયો છે. ચિત્તનું અવક્રગમન=તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂલ ચિત્તનું અવક્રગમન, માર્ગ છે. જે માર્ગ સાપના નલિકાના ગમન તુલ્ય છે. વિશિષ્ટ ગુણસ્થાનકની અવાપ્તિમાં પ્રવણ=સમર્થ, જીવના સ્વરસને વહન કરનાર ક્ષયોપશમવિશેષરૂપ હેતુ, સ્વરૂપ અને ફલ શુદ્ધ સુખા છે=માર્ગપ્રાપ્તિનો જે હેતુ એવો જે માર્ગાભિમુખ ભાવ તેના પ્રગટ થયેલ હેતુરૂપ સુખા છે. અને ૩-૪થી દૃષ્ટિમાં વર્તતા જીવો તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂલ જે ઊહ કરે છે, તે સ્વરૂપ શુદ્ધ સુખા છે. અને માર્ગગમનથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિરૂપ જે ભાવમાર્ગની પ્રાપ્તિ થાય છે તે ફલ શુદ્ધ સુખા છે=જીવને સુખ આપે તેવો સુંદર પરિણામ છે. ત્યાં=માર્ગમાં, પડેલો=રહેલો, ભવ્ય વિશેષ માર્ગપતિત એ પ્રમાણે કહેવાય છે. અને તેના આદિ ભાવને પામેલો=માર્ગના આદિ ભાવને પામેલો માર્ગાભિમુખ કહેવાય છે. 'इति' શબ્દ માર્ગપતિત અને માર્ગાભિમુખના સ્વરૂપના કથનની સમાપ્તિ માટે છે. અને આ=માર્ગપતિત અને માર્ગાભિમુખ એ ચરમ યથાપ્રવૃત્તકરણમાં રહેનારા જાણવા.

વળી ગાથાનો અર્થ કરતાં કહે છે –

અપુનર્બંધક=અપુનર્બંધક કાલ વગેરે જેને છે તે તેવા છે=અપુનર્બંધક વગેરે છે, અને તેવા અપુનર્બંધક વગેરેના કાલ ધીર એવા તીર્થંકર વડે કાલ=વચન ઔષધ પ્રયોગનો કાલ, કહેવાયો છે.

વળી નિશ્ચયથી=નિશ્ચયનયના મતથી, આ=આગળમાં કહેવાય છે તે, વચનૌષધ પ્રયોગનો કાળ જાણવો.

કયો જાણવો ? એથી કહે છે –

ગ્રંથિભેદ કાળ જ જાણવો=જે કાળમાં અપૂર્વકરણ, અનિવૃત્તિકરણથી ગ્રંથિ ભેદાયેલી થાય છે. તે કાળ જ જાણવો.

કેમ ગ્રંથિભેદ કાળ જ વચનૌષધ પ્રયોગનો કાળ જ જાણવો ? તેથી કહે છે –

જે કારણથી ગ્રંથિભેદ થયે છતે અવસ્થા ઉચિત કૃત્યકરણરૂપ વિધિથી સદા=સર્વકાલ, વચનૌષધની જે પાલના તેનાથી કરીને સંસારવ્યાધિના રોધરૂપ આરોગ્ય આ વચનૌષધના પ્રયોગથી થાય છે. અપુનર્બંધકાદિમાં કરાતો પણ વચનપ્રયોગ=અપાતો પણ ઉપદેશ, તે પ્રકારે=જે પ્રકારે સમ્યગ્દૃષ્ટિને સૂક્ષ્મ બોધ વિધાયક છે તે પ્રકારે સૂક્ષ્મબોધ વિધાયક નથી. તત્કાલનું=અપુનર્બંધકાદિ કાલનું, અનાભોગબહુલપણું છે=વચનમાંથી કંઈક તત્ત્વનો બોધ થવા છતાં ઘણા અંશમાં તત્ત્વનો બોધ થતો નથી.

વળી, ભિન્નગ્રંથી આદિ જીવો વ્યાવૃત્તમોહપણાને કારણે નિપુણબુદ્ધિપણું હોવાથી તે તે કૃત્યોમાં વર્તમાન=પ્રવર્તતા તે તે કર્મરૂપ વ્યાધિના સમુચ્છેદક થાય છે. એથી ગ્રંથિભેદને જ પુરસ્કાર કરતાં=ગ્રંથિભેદનું જ મહત્ત્વ બતાવતાં, કહે છે – ઇતરથા પણ=વિધિપૂર્વક સદાજ્ઞાપાલન વગર પણ, આ કરાયે છતે=ગ્રંથિભેદ કરાયે છતે, આ=વચન પ્રયોગ, આરોગ્યસાધક જ=ભાવારોગ્યનિષ્પાદક જ, થાય છે. અને તે રીતે=ઉદ્ધરણની ગાથામાં કહ્યું કે વિધિથી સદાજ્ઞાપાલન વગર પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે આ વચનપ્રયોગ આરોગ્યસાધક થાય છે તે રીતે, કહેવાય છે.

"અનવદ્યપદને દેનારું=સંપૂર્ણ સુખરૂપ મોક્ષપદને દેનારું સમ્યક્ત્વરત્ન મુહૂર્ત પણ પ્રાપ્ત કરીને જેઓ ત્યાગ કરે છે=સમ્યક્ત્વનું વમન કરે છે, તેઓ પણ ભવરૂપી સમુદ્રમાં ચિરકાલ સુધી ભમતા નથી, ચિરતર=લાંબો કાળ તેને ધારણ કરનારા=સમ્યક્ત્વને ધારણ કરનારા, જીવોનું અહીં=સંસારમાં, શું કહેવા જેવું છે.

આમાં=સમ્યક્ત્વવમન કરવા છતાં પણ સમ્યક્ત્વ પામેલા જીવો સંસારમાં બહુ પરિભ્રમણ કરતા નથી એમાં, હેતુને કહે છે –

ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મગ્રહણપરિણતપુદ્ગલોનો વિવક્ષિત કાળ આદિ કરીને જેટલા કાળમાં સમસ્તપણાથી એક જીવના ગ્રહણ-નિસર્ગ થાય છે તે પુદ્ગલપરાવર્ત કાળ એ પ્રમાણે કહેવાય છે; કેમ કે પુદ્ગલના ગ્રહણ અને નિસર્ગ દ્વારા પરિવર્તન પામે છે=પરાપરપરિણતિને પ્રાપ્ત કરે છે જેમાં, એ પ્રમાણેની વ્યુત્પત્તિ છે=પુદ્ગલપરાવર્ત શબ્દની વ્યુત્પત્તિ છે. તેના અર્દ્ધ સુધી=પુદ્ગલપરાવર્તના અર્ધ સુધી, જે કારણથી કાંઈક હીન આ હોતે છતે=ગ્રંથિભેદ હોતે છતે, તીર્થંકરાશાતના બહુલ પણ જીવોનો સંસાર છે. આમાં=ગ્રંથિભેદ થવા છતાં પણ કંઈક ન્યૂન સંસારપરિભ્રમણમાં, કૂલવાલક, ગોશાલાદિ દૃષ્ટાંત કહેવાં." **ઇત્યાદિ.**

ભાવાર્થ :-

જીવમાં મોક્ષપ્રાપ્તિનું કારણ બને એવું દ્રવ્યમાર્ગાનુસારીપણું ક્યારે થાય ? અને ભાવમાર્ગાનુસારીપણું ક્યારે થાય ? તેનું કાલમાન બતાવતાં કહે છે –

જીવનો અનાદિ કાળથી ભવાભિનંદીપણાનો સ્વભાવ છે. અર્થાત્ બાહ્ય પદાર્થોના સંયોગરૂપ ભવમાંથી જ આનંદ લેવાનો સ્વભાવ છે. અને તેવા જીવોમાં જે દોષો વર્તે છે તે દોષોને કારણે તે જીવો ભવના ઉચ્છેદ માટે લેશ પણ યત્ન કરતા નથી, તેવા જીવો ભવાભિનંદી જીવો છે. અને જે જીવમાં જેટલા અંશમાં ભવાભિનંદી દોષ ન્યૂન થાય તેટલા અંશમાં તેઓ તત્ત્વને પામી શકે તેવી ભૂમિકાને પ્રાપ્ત કરે છે. તેથી ચરમપુદ્ગલપરાવર્તમાં ભવાભિનંદી દોષોના કંઈક વિગમનથી ગુણવૃદ્ધિ થવાને કારણે જીવ માર્ગાનુસારી ભાવવાળો થાય છે. અને તેવા જીવો આદ્ય ભૂમિકામાં અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત હોય છે. અને જ્યારે ભવાભિનંદી દોષો સર્વથા જાય છે ત્યારે જીવ સમ્યક્ત્વ પામે છે. સમ્યક્ત્વ પામેલો જીવ ચારિત્ર મોહનીય બળવાન ન હોય તો નિયમા સર્વવિરતિ ગ્રહણ કરે અને સર્વવિરતિની શક્તિ ન હોય તો દેશવિરતિ ગ્રહણ કરે અને દેશવિરતિની શક્તિ ન હોય તોપણ સદા સ્વભૂમિકાનુસાર સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. અને ભગવાનના વચનૌષધના પ્રયોગનો કાળ વ્યવહારથી ચરમાવર્ત કહ્યો છે. તેથી ભગવાનનું વચન ચરમાવર્તમાં આવેલા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને તો અવશ્ય સમ્યક્ પરિણમન પામે છે. પરંતુ જેઓ સમ્યક્ત્વ પામ્યા નથી અને ભવાભિનંદી દોષોના કંઈક વિગમનને કારણે ચરમાવર્તમાં આવેલા છે અને અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત અવસ્થાવાળા છે તેઓને પણ ભગવાનના વચન રૂપી ઔષધથી કંઈક ભાવરોગ દૂર થાય છે. એથી ભાવરોગને કંઈક દૂર કરી શકે તેવો દ્રવ્યમાર્ગાનુસારી ભાવ અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત જીવોમાં છે.

સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર, સર્વવિરતિધર જીવો તો સંપૂર્ણ ભવાભિનંદીદોષોથી રહિત છે. અને સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદ માટે બલવાન યત્ન કરનારા છે. એવા જીવોને ભગવાનનાં વચન રૂપી ઔષધ જેમ જેમ પ્રાપ્ત થાય છે. તેમ તેમ ભાવઆરોગ્ય વધે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં ભાવરોગના નાશ માટે અત્યંત કારણ બને એવો ભાવમાર્ગાનુસારી ભાવ છે. આથી જ જેઓએ ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું છે, તેઓ અવિરતિના ઉદયવાળા હોય તોપણ પોતાની અવસ્થાને ઉચિત એવા કૃત્યના કરણરૂપ વિધિ દ્વારા ભગવાનના વચનૌષધનું સદા પાલન કરીને સંસારવ્યાધિનો સતત નાશ કરે છે. વળી અપુનર્બંધકાદિ ત્રણ જીવો સ્વભૂમિકાનુસાર ભગવાને બતાવેલી ક્રિયાઓ કરતા હોય તોપણ તેઓને ભગવાનના વચનરૂપ ઔષધ તે પ્રકારે સૂક્ષ્મ બોધ કરનારો થતો નથી. તેથી તે ક્રિયાઓ દ્વારા તેઓ કંઈક કંઈક ભાવઆરોગ્ય પ્રાપ્ત કરે છે. તોપણ સમ્યગ્દૃષ્ટિ જીવો જેવું ભાવઆરોગ્ય તેઓ પ્રાપ્ત કરી શકતા નથી.

ટીકા :-

एवं च–'उत्कर्षतोऽप्यपार्धपुद्गलपरावर्त्तावशेषसंसारस्यैव मार्गानुसारित्व'**मिति यत्केनचिदुक्तं तत्केनाभिप्रायेणेति विचारणीयं मध्यस्थैः, न ह्येवमपुनर्बन्धकापेक्षया कालभेदेन ग्रन्थिभेदस्य पुरस्करणमुपपद्यते, पराभिप्रायेणापार्द्धपुद्गलावर्त्तकालमानस्योभयत्राविशेषाद्, एवं वदतो भ्रान्तिमूलं तावच्चरम-**

यथाप्रवृत्तकरणविभागभाजामेवापुनर्बन्धकादीनामधिकारित्वभणनम्, तादृशानां तेषां सम्यक्त्वसंनिहित-त्वाद् । अत एव –

'भवहेऊ नाणमेयस्स पायसोऽसप्पवित्तिभावेणं ।

तह तयणुबंधओ च्चिय तत्तेयरनिंदणाइओ ।।४४६।।'

'भवहेतुः संसारनिबन्धनं, ज्ञानं शास्त्राभ्यासजन्यो बोधः, एतस्य मिथ्यादृष्टेः, कथं? इत्याह – प्रायशो बाहुल्येन, असत्प्रवृत्तिभावेन विपर्यस्तचेष्टाकरणात्तस्य, यदिह प्रायोग्रहणं तद् यथाप्रवृत्तकरणचरमविभागभाजां संनिहितग्रन्थिभेदानामत्यन्तजीर्णमिथ्यात्वज्वराणां केषाञ्चिद्दुःखितदयागुणवददवेषसमुचिताचारप्रवृत्तिसाराणां सुन्दरप्रवृत्तिभावेन व्यभिचारवारणार्थम्, तथेति हेत्वन्तरसमुच्चये, तदनुबन्धत एवासत्प्रवृत्त्यनुबन्धादेव । एतदपि कुतः? इत्याह तत्त्वेतरनिन्दनादितः, स हि मिथ्यात्वोपघातात्समुपात्तविपरीतरुचिः, तत्त्वं च सद्भूतदेवतादिक-मर्हत्त्वादिलक्षणं निंदति, इतरच्चातत्त्वं तत्कुयुक्तिसमुपन्यासेन पुरस्करोति ततस्तत्त्वेतरनिन्दनादितो दोषाद् भवान्तरेऽ-प्यसत्प्रवृत्तिरनुबन्धयुक्तैव स्याद्' **इत्युपदेशपदवचनान्तरं (श्लो. ४४६) अनुसृत्य 'अत्रानादि-प्रवाहपतितस्य यथाप्रवृत्तकरणस्य चरमविभागः सम्यक्त्वप्राप्तिहेतुकर्मक्षयोपशमलक्षितावस्थाविशेषस्तद्वतां संनिहितग्रन्थिभेदानां स्वल्पकालप्राप्तव्यसम्यक्त्वानामत्यन्तजीर्णमिथ्यात्वज्वराणां सुन्दरप्रवृत्तिरिति भणनेन तद्व्यतिरिक्तानां तु सर्वेषामपि मिथ्यादृशामसुन्दरप्रवृत्तिरेवोक्तेति सूक्ष्मदृशा पर्यालोच्यमि'ति तेनोक्तम् ।**

तत्रेदं विचारणीयं – चरमत्वं यथाप्रवृत्तकरणस्यानन्तपुद्गलपरावर्त्तभाविनश्चरमैकावर्त्तमात्रेणापि निर्वाह्यं, संनिहितग्रन्थिभेदत्वस्य तु न स्वल्पकालप्राप्तव्यसम्यक्त्वाक्षेपकता ।

'आसन्ना चेयमस्योच्चैश्चरमावर्त्तिनो यतः । भूयांसोऽमी व्यतिक्रान्तास्तदेकोऽत्र न किंचन ।।१७६।।

आसन्ना=चाभ्यर्णवर्तिन्येव इयं=मुक्तिः अस्योच्चैरतीव चरमावर्त्तिनश्चरमपुद्गलपरावर्त्तभाजो जीवस्य, यतः कारणाद् भूयांसोऽतीवबहवः अमी=आवर्त्ता व्यतिक्रान्ता=अनादौ संसारे व्यतीताः, तत्र तद् एकोऽपश्चिमः अत्र न किंचन=न किञ्चिद्भयस्थानमेष इत्यर्थः' **इति योगबिन्दुसूत्रवृत्तिवचनाच्चरमावर्त्तिन आसन्नसिद्धिकत्वस्यापि स्वल्पकालप्राप्तव्यसिद्ध्याक्षेपकत्वापत्तेः, आपेक्षिकासन्नतया समाधानं चोभयत्र सुघटमिति ।**

टीकार्थ :-

एवं च ..... सुघटमिति । અને આ રીતે=પૂર્વે વર્ણન કર્યું કે અપુનર્બંધકનો ઉત્કૃષ્ટ કાળ એક પુદ્ગલપરાવર્ત છે અને સમ્યક્ત્વ પામ્યા પછી મિથ્યાત્વને પામે તોપણ સંસારપરિભ્રમણનો કાળ ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત છે એ રીતે, "ઉત્કર્ષથી પણ અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન અવશેષ સંસારવાળા જીવોનું જ માર્ગાનુસારીપણું છે" **એ પ્રમાણે કોઈના વડે જે કહેવાયું તે કયા અભિપ્રાયથી**

છે તે મધ્યસ્થ પુરુષે વિચારવું જોઈએ અર્થાત્ તેનું તે કથન ઉચિત નથી તે મધ્યસ્થ પુરુષે વિચારવું જોઈએ.

કેમ તે કથન ઉચિત નથી ? તેથી કહે છે –

એ રીતે=પૂર્વપક્ષી કહે છે એ પ્રમાણે ઉત્કર્ષથી અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સંસારવાળાને જ માર્ગાનુસારી ભાવ સ્વીકારીએ એ રીતે, અપુનર્બંધકની અપેક્ષાએ કાલભેદથી ગ્રંથિભેદનું પુરસ્કરણ ઘટતું નથી અર્થાત્ અપુનર્બંધકનો ઉત્કૃષ્ટ કાળ એક પુદ્ગલપરાવર્ત છે અને ગ્રંથિભેદવાળા જીવનો ઉત્કૃષ્ટ સંસાર કાળ અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન છે. એ પ્રકારના કાલભેદથી જે સમ્યગ્દૃષ્ટિનું મહત્ત્વ ગ્રંથકારશ્રીએ બતાવ્યું તે સંગત થતું નથી; કેમ કે પરના અભિપ્રાયથી અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સંસારનું બંનેમાં=અપુનર્બંધકમાં અને સમ્યક્ત્વીમાં, અવિશેષ છે. આ રીતે કહેતાં=ઉત્કર્ષથી અર્ધપુદ્ગલ-પરાવર્તથી ન્યૂન સંસારવાળાને માર્ગાનુસારી ભાવ છે એ રીતે કહેતાં, પૂર્વપક્ષીનું ચરમયથાપ્રવૃત્તિકરણ વિભાગવાળા જ અપુનર્બંધકાદિનું અધિકારીનું ભણન=શાસ્ત્રના અધિકારીનું ભણન, ભ્રાન્તિમૂલ છે=ભ્રાન્તિમૂલક છે.

કેમ ભ્રાન્તિમૂલક છે ? તેમાં હેતુ કહે છે –

તેવા પ્રકારના તેઓનું=ચરમયથાપ્રવૃત્તિકરણવાળા અપુનર્બંધકાદિનું, સમ્યક્ત્વનું સંનિહિતપણું છે અર્થાત્ તેઓ ભાવથી સમ્યક્ત્વને સંનિહિત છે, પરંતુ સમ્યક્ત્વને પામેલા નથી. માટે સમ્યક્ત્વીનો જેટલો ઉત્કૃષ્ટ સંસારપરિભ્રમણનો કાળ હોય તેટલો જ સંસારપરિભ્રમણનો ઉત્કૃષ્ટ કાળ તેઓને છે એ આશયથી નથી, પરંતુ વર્તમાનનું યથાપ્રવૃત્તિકરણ યોગબીજના આધાન દ્વારા અવશ્ય એક પુદ્ગલપરાવર્તકાળની અંદરમાં તે જીવને મોક્ષપ્રાપ્તિનું કારણ બનશે. તેથી સમ્યગ્દર્શન પામેલા અને સમ્યગ્દર્શન નહિ પામેલા એવા અપુનર્બંધકનો ઉત્કૃષ્ટ સંસારપરિભ્રમણકાળ સમાન કહેવો તે ભ્રાન્તિમૂલ કથન છે.

કઈ રીતે પૂર્વપક્ષીનું આ કથન ભ્રાન્તિમૂલ છે ? તે સ્પષ્ટ કરવા ગ્રંથકારશ્રી કહે છે –

આથી જ ઉપદેશપદના વચનનું અનુસરણ કરીને તેના વડે કહેવાયું છે, એમ આગળ સાથે અન્વય છે.

ઉપદેશપદમાં કહેલું છે કે "આમનું=મિથ્યાત્વીનું, જ્ઞાન પ્રાયઃ અસત્ પ્રવૃત્તિનો ભાવ હોવાને કારણે ભવનો હેતુ છે. અને તેનો અનુબંધ હોવાને કારણે જ મિથ્યાત્વીનું જ્ઞાન ભવનો હેતુ છે, એમ અન્વય છે.

કેમ અસત્પ્રવૃત્તિના અનુબંધનો હેતુ છે ? તેમાં હેતુ કહે છે –

તત્ત્વેતરનિંદનાદિથી અસત્પ્રવૃત્તિના અનુબંધનો હેતુ છે. ॥૪૪૬॥"

"આમનો=મિથ્યાદૃષ્ટિનો, જ્ઞાન=શાસ્ત્રાભ્યાસજન્ય બોધ, ભવનો હેતુ=સંસારનું કારણ છે.

કેમ સંસારનું કારણ છે ? તેથી કહે છે –

પ્રાયઃ=બહુલતાથી, તેનું=મિથ્યાદૃષ્ટિનું, અસત્પ્રવૃત્તિના ભાવથી વિપરીત ચેષ્ટાકરણ છે=ભગવાને બતાવેલી ક્રિયાઓ જે રીતે વીતરાગતાનું કારણ છે તેનાથી વિપરીત ભાવનું કારણ બને તે રીતે ધર્મની પ્રવૃત્તિ કરે છે. જે અહીં=ગાથામાં પ્રાયઃનું ગ્રહણ છે તે, યથાપ્રવૃત્તિકરણના ચરમ વિભાગવાળા, સંનિહિત ગ્રંથિભેદવાળા, અત્યંત જીર્ણ મિથ્યાત્વ જ્વરવાળા કેટલાકને દુઃખિત જીવોમાં દયા, ગુણવાન જીવોમાં અદ્વેષ, સમુચિત આચારપ્રવૃત્તિમાં પરાયણ એવા જીવોમાં સુંદર પ્રવૃત્તિનો ભાવ હોવાથી વ્યભિચાર વારણ માટે છે. 'તથા' એ પ્રમાણે ઉદ્ધરણના ગાથામાં છે એ હેત્વન્તર સમુચ્ચયમાં છે. તેના અનુબંધને કારણે જ=અસત્ પ્રવૃત્તિના અનુબંધને કારણે જ, મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન ભવનો હેતુ છે, એમ અન્વય છે. આ પણ કેમ?=મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અસત્પ્રવૃત્તિના અનુબંધવાળું કેમ છે ? એથી કહે છે – તત્ત્વ અને ઇતરના નિંદનાદિથી અનુબંધવાળું છે.

તત્ત્વેતરનિંદનનો અર્થ સ્પષ્ટ કરે છે –

તે=મિથ્યાદૃષ્ટિ, મિથ્યાત્વના ઉપઘાતથી પ્રાપ્ત થયેલી વિપરીત રુચિવાળો તત્ત્વની=અરિહંતાદિરૂપ સદ્‌ભૂત દેવતાદિની નિંદા કરે છે, અને ઇતર=અતત્ત્વને, તેની કુયુક્તિના સમુપન્યાસથી આગળ કરે છે=મહત્ત્વ આપે છે, તેથી તત્ત્વેતરનિંદાદિના દોષથી ભવાંતરમાં પણ અસત્પ્રવૃત્તિના અનુબંધથી યુક્ત જ તે મિથ્યાત્વી થાય".

એ પ્રકારે ઉપદેશપદના વચનાન્તરને અનુસરણ કરીને=ઉપદેશપદના માર્ગાનુસારી પ્રવૃત્તિને કહેનારાં અન્ય વચનોથી પ્રસ્તુત ઉદ્ધરણરૂપે બતાવેલ વચનાન્તરને અનુસરીને તેના વડે=પૂર્વપક્ષી વડે, કહેવાયું એમ અન્વય છે.

શું કહેવાયું ? તે સ્પષ્ટ કરે છે –

"અહીં=ઉપદેશપદમાં, અનાદિપ્રવાહપતિત એવા યથાપ્રવૃત્તિકરણનો ચરમ વિભાગ સમ્યક્ત્વપ્રાપ્તિનો હેતુ એવા કર્મના ક્ષયોપશમથી લક્ષિત એવી અવસ્થાવિશેષ છે=સમ્યક્ત્વપ્રાપ્તિનું કારણ બને એવા મિથ્યાત્વની મંદતાથી સહકૃત એવા જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમથી લક્ષિત એવી જીવની અવસ્થાવિશેષ છે. તદ્વાન=તેવી અવસ્થાવાળા, સંનિહિત ગ્રંથિભેદવાળા સ્વલ્પકાળમાં પ્રાપ્તવ્ય સમ્યક્ત્વવાળા, અત્યંત જીર્ણ મિથ્યાત્વજ્વરવાળા જીવોની સુંદર પ્રવૃત્તિ છે એ પ્રકારના કથનથી=એ પ્રકારના ઉપદેશપદના કથનથી, વળી તેનાથી વ્યતિરિક્ત સર્વ મિથ્યાત્વી જીવોની=સમ્યક્ત્વની પ્રાપ્તિના હેતુ એવા કર્મક્ષયોપશમથી લક્ષિત અવસ્થાવિશેષવાળા જીવોથી વ્યતિરિક્ત સર્વ પણ મિથ્યાદૃષ્ટિ જીવોની, અસુંદર પ્રવૃત્તિ જ કહેવાઈ છે=ઉપદેશપદમાં કહેવાઈ છે, એ પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિથી પર્યાલોચન કરવું જોઈએ. એમ પૂર્વપક્ષી વડે કહેવાયું છે."

ત્યાં=પૂર્વપક્ષીના કથનમાં, આ=આગળ કહેવાય છે એ, વિચારણીય છે.

અનંત પુદ્‌ગલપરાવર્તભાવી એવા યથાપ્રવૃત્તિકરણનું ચરમપણું એ ચરમ એક આવર્તમાત્રથી પણ નિર્વાહ્ય છે. પરંતુ સંનિહિત ગ્રંથિભેદત્વની સ્વલ્પકાલ પ્રાપ્તવ્ય સમ્યક્ત્વની આક્ષેપકતા નથી.

કેમ આક્ષેપકતા નથી ? તેમાં હેતુ કહે છે –

તેમાં યોગબિંદુનું ઉદ્ધરણ બતાવતાં કહે છે –

"આ ચરમાવર્તી જીવને આ=મુક્તિ, અત્યંત આસન્ન છે. જે કારણથી આ=આવર્તો, ઘણા વ્યતિક્રાન્ત કરાયા. તે કારણથી અહીં=ચરમાવર્તમાં, એક=એક આવર્ત, કંઈ નથી."

"આ ચરમાવર્તવર્તીને=ચરમ પુદ્ગલપરાવર્તવાળા જીવને, આ=મુક્તિ, અત્યંત આસન્ન છે=નજીક જ છે, જે કારણથી આ=આવર્તો, ઘણા=અતિ બહુ, વ્યતિક્રાન્ત કરાયા=અનાદિ સંસારમાં પસાર કરાયા, તેથી ત્યાં=પુદ્ગલ-પરાવર્તમાં, એક=અપશ્ચિમ આ આવર્ત, અહીં=સંસારમાં, કંઈ નથી=કોઈ ભયનું સ્થાન નથી."

એ પ્રમાણે યોગબિંદુ સૂત્રની વૃત્તિના વચનથી ચરમાવર્તી એવા આસન્નસિદ્ધિકપણાનું પણ સ્વલ્પકાળ પ્રાપ્તવ્ય એવી સિદ્ધિના આક્ષેપકત્વની આપત્તિ છે. (તેથી જેમ એક પુદ્ગલપરાવર્તકાળવાળા જીવને સિદ્ધિ તરત નથી, પરંતુ અનંતકાળ પછી થઈ શકે છે. તેમ ચરમયથાપ્રવૃત્તિકરણ પણ ગ્રંથિભેદના કાલને અતિ આસન્ન નથી, પરંતુ ઘણા કાળ પછી ગ્રંથિભેદ થઈ શકે છે. માટે ચરમ આવર્તમાં થનારા યથાપ્રવૃત્તિકરણને ચરમયથાપ્રવૃત્તિકરણ કહી શકાય, તેમ પૂર્વના કથન સાથે સંબંધ છે.)

અહીં પૂર્વપક્ષી કહે કે યોગબિંદુમાં ચરમાવર્તવાળા જીવને મુક્તિ અતિ આસન્ન કહી છે તે આપેક્ષિક છે, પરંતુ બે ચાર ભવમાં થનારી નથી. તેના ઉત્તરરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે આપેક્ષિક આસન્નપણાથી સમાધાન=મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ એવો પ્રાથમિક પરિણામ ચરમાવર્તમાં છે એ પ્રકારનું આપેક્ષિક સમાધાન, ઉભયત્ર સુઘટ છે. સમ્યક્ત્વને આસન્ન ચરમયથાપ્રવૃત્તિકરણમાં અને મોક્ષને આસન્ન એક પુદ્ગલપરાવર્તમાં સુઘટ છે=ગ્રંથિભેદને આસન્ન એવો પરિણામ ચરમયથાપ્રવૃત્તિકરણમાં છે અને મોક્ષપ્રાપ્તિનો કારણ બને એવો એક પુદ્ગલપરાવર્તનરૂપ આસન્ન પરિણામ ચરમપુદ્ગલપરાવર્તમાં છે, એ પ્રકારનું બંને સ્થાનમાં સમાધાન થઈ શકે છે.

ભાવાર્થ :-

પૂર્વે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે અપુનર્બંધકનો સંસારપરિભ્રમણનો કાળ ઉત્કૃષ્ટથી, પુદ્ગલપરાવર્ત છે. ત્યાં અન્ય કોઈ કહે છે કે ઉત્કર્ષથી અર્ધ પુદ્ગલપરાવર્તથી ન્યૂન સંસાર હોય તેવા જીવોમાં જ માર્ગાનુસારી ભાવ આવે.

અન્યનું તે કથન ઉચિત નથી. તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે – જો અર્ધ પુદ્ગલ ન્યૂન સંસારવાળાને માર્ગાનુસારી ભાવ સ્વીકારીએ તો ગ્રંથિભેદ થયા પછી અર્ધ પુદ્ગલપરાવર્ત ન્યૂન સંસાર છે એમ કહેનાર શાસ્ત્રવચન છે તે સંગત થાય નહિ. માટે પૂર્વપક્ષીનું તે કથન ઉચિત નથી. વળી, ઉપદેશપદની ગાથાની ટીકાનું અનુસરણ કરીને પૂર્વપક્ષીને આ પ્રકારનો ભ્રમ થયો છે; કેમ કે તે ગાથામાં કહ્યું કે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પ્રાયઃ અસત્ પ્રવૃત્તિનો હેતુ છે. અહીં પ્રાયઃ કહેવાથી કોની વ્યાવૃત્તિ થાય છે તેની સ્પષ્ટતા ટીકાકારે કરેલ છે કે જેઓ સંનિહિત ગ્રંથિભેદવાળા છે, ચરમયથાપ્રવૃત્તિકરણવાળા છે, અત્યંત જીર્ણ મિથ્યાત્વવાળા છે, તેઓને દુઃખીમાં અત્યંત દયા, ગુણવાનમાં અદ્વેષ અને ઉચિત આચારની પ્રવૃત્તિ સ્વરૂપ સુંદર પ્રવૃતિ થાય છે. તે સિવાયના મિથ્યાત્વીનું જ્ઞાન સંસારનો હેતુ છે. આ વચનથી પૂર્વપક્ષીને ભ્રમ થયેલો છે કે

ગ્રંથિભેદની નજીકમાં રહેલા જીવોમાં જ માર્ગાનુસારી ભાવ આવે છે. માટે ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલપરાવર્તકાળ ન્યૂન સંસારવાળા જીવોને જ માર્ગાનુસારી ભાવ સંભવી શકે.

ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષીના આ કથનમાં આ પ્રમાણે વિચારણા કરવા જેવી છે. ચરમયથાપ્રવૃત્તિકરણ ચરમાવર્તવાળા જીવોને જ થાય છે, તેના પહેલાં નહિ. તેઓ સંનિહિત ગ્રંથિભેદવાળા છે એ પ્રકારનું જે ઉપદેશપદનું વચન છે તે તત્કાલ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે કે અતિ નજીકમાં જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તે અપેક્ષાએ નથી પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિના પરિણામની નજીકનો પરિણામ ચરમયથાપ્રવૃત્તિકરણકાળમાં છે. તેથી ઉત્કર્ષથી પુદ્ગલપરાવર્ત સંસારવાળા જીવો પણ ચરમયથાપ્રવૃત્તિ કરે તે વખતે મોક્ષને અનુકૂળ તેવો કોઈક ભાવ કરે છે જે ભાવ, સમ્યક્ત્વની પ્રાપ્તિનું અવંધ્યકારણ છે. તેથી જો કોઈ વિઘ્ન ઉત્પન્ન ન થાય તો તેવા જીવો એ ભવમાં કે બે-ચાર ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે પરંતુ ચરમયથાપ્રવૃત્તિકરણવાળા બધા જ જીવો નિયમા બે-ચાર ભવમાં જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે તેવો નિયમ સ્વીકારીને ચરમયથાપ્રવૃત્તિકરણવાળા અપુનર્બંધક જીવોને ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલપરાવર્તકાળ ન્યૂન જ સંસાર હોય છે, માટે તેઓને માર્ગાનુસારી ભાવ હોય છે તેવો નિયમ એકાંતે સ્વીકારી શકાય નહિ.

જેમ યોગબિંદુની વૃત્તિમાં કહ્યું છે કે 'ચરમાવર્તવર્તી જીવોને મોક્ષ આસન્ન છે' તે વચન પણ બે-ચાર ભવમાં સિદ્ધિ છે તેમ સ્થાપન કરતું નથી, પરંતુ ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્તમાં અવશ્ય સિદ્ધિ છે તેમ સ્થાપન કરે છે. તે રીતે ચરમયથાપ્રવૃત્તિકરણવાળા જીવો સંનિહિત ગ્રંથિભેદવાળા છે. તે કથન બે-ચાર ભવમાં ગ્રંથિભેદ અવશ્ય કરશે તેમ બતાવતું નથી પરંતુ ચરમયથાપ્રવૃત્તિકરણ વખતે થયેલો ભાવ સમ્યક્ત્વના પરિણામનું અવંધ્યકરણ હોવાને કારણે ઉપદેશપદમાં ચરમયથાપ્રવૃત્તિકરણવાળા જીવોને ગ્રંથિભેદ આસન્ન છે તેમ કહેલું છે. તેથી જેઓ ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્ત સંસારમાં ભમે તેવા અપુનર્બંધક જીવો જે ચરમયથાપ્રવૃત્તિકરણ કરે છે અને તેના કારણે જે સુંદર પ્રવૃત્તિ કરે છે તેઓ પણ ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર અવશેષ હોય તેના પૂર્વે સમ્યક્ત્વ પામી શકે નહિ. માટે ચરમાવર્તમાં ચરમયથાપ્રવૃત્તિકરણ જીવ અનેક વખત કરે છે. તેમ પણ સંભવે અને કોઈક જીવ ચરમયથાપ્રવૃત્તિકરણ કરીને તત્કાલ સમ્યક્ત્વ પામે તેમ પણ સંભવે, માટે ચરમયથાપ્રવૃત્તિકરણ એટલે છેલ્લું યથાપ્રવૃત્તિકરણ તેવો અર્થ કરવો નહિ, પરંતુ મોક્ષપ્રાપ્તિને અનુકૂળ એવા ઉત્તમ અધ્યવસાયો જેમાં હોય તે ચરમયથાપ્રવૃત્તિકરણ છે. તેવો અર્થ કરીને ચરમયથાપ્રવૃત્તિકરણવાળા જીવોને ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્તકાળ પણ સંભવી શકે અને ત્યારે તેઓને માર્ગાનુસારી ભાવ થઈ શકે છે તેમ સ્વીકારવું જોઈએ. અને સમ્યગ્દૃષ્ટિ જીવોને ઉત્કૃષ્ટથી ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત-કાળ સંસાર છે, તેમ સ્વીકારવું જોઈએ.

ટીકા :-

अथैकभविकाद्युचितयोग्यतानियतत्वाद् द्रव्याज्ञायाः सम्यक्त्वप्राप्त्यपेक्षया तदधिकव्यवधाने मिथ्यादृशो न मार्गानुसारितेति निश्चीयते इति चेत्? न, असति प्रतिबंधे परिपाके वाऽपुनर्बन्धकादेर्मार्गानुसारिणो भावाज्ञाऽव्यवधानेऽपि सति, प्रतिबन्धादौ तद्व्यवधानस्यापि संभवात्, तत्कालेपि भावाज्ञाबहुमाना-

ऽप्रतिघातादुचितप्रवृत्तिसारतया द्रव्याज्ञाया अविरोधाद्, अन्यथा चारित्रलक्षणाद् भावस्तवादेकभविकाद्यधिकव्यवधाने द्रव्यस्तवस्याप्यसंभवप्रसङ्गात्, भावस्तवहेतुत्वेनैव द्रव्यस्तवत्वप्रतिपादनात् । तदुक्तं पञ्चाशके –

ता भावत्थयहेऊ जो सो दव्वत्थओ इहं इट्ठो ।
जो उण णेवंभूओ स अप्पहाणो परं होइ ।। **इति ।**

यदि च भावलेशयोगाद् व्यवहितस्यापि द्रव्यस्तवत्वमविरुद्धं तदा तत एव तादृशस्य मार्गानुसारिणो द्रव्याज्ञाप्यविरुद्धैव । यथा हि निर्निदानं सूत्रविधिलक्षणेन भावस्तवानुरागलक्षणेन वा प्रकारेण जिनभवनाद्युचितानुष्ठानस्य द्रव्यस्तवत्वमव्याहतम्, एकान्तेन भावशून्यस्यैव विपरीतत्वात्, तथा अपुनर्बन्धकस्यापि भावाज्ञानुरागभावलेशयुक्तस्य व्यवधानेऽपि द्रव्याज्ञाया न विरोध इति । अत एव भवाभिष्वङ्गानाभोगासङ्गतत्वादन्यावर्त्तापेक्षया विलक्षणमेव चरमावर्त्ते गुरुदेवादिपूजनं व्यवस्थितम्, तदुक्तं योगबिन्दौ (श्लो. १५२-१६२) –

एतद्युक्तमनुष्ठानमन्यावर्त्तेषु तद् ध्रुवम् ।
चरमे त्वन्यथा ज्ञेयं सहजाल्पमलत्वतः ।।
एकमेव ह्यनुष्ठानं कर्तृभेदेन भिद्यते ।
सरुजेतरभेदेन भोजनादिगतं यथा ।।
इत्थं चैतद् यतः प्रोक्तं सामान्येनैव पञ्चधा ।
विषादिकमनुष्ठानं विचारेऽत्रैव योगिभिः ।।
विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम् ।
गुर्वादिपूजाऽनुष्ठानमपेक्षादिविधानतः ।।
विषं लब्ध्याद्यपेक्षात इदं सच्चित्तमारणात् ।
महतोऽल्पार्थनाद् ज्ञेयं लघुत्वापादनात्तथा ।।
दिव्यभोगाभिलाषेण गरमाहुर्मनीषिणः ।
एतद्विहितनीत्यैव कालान्तरनिपातनात् ।।
अनाभोगवतश्चैतदननुष्ठानमुच्यते ।
सम्प्रमुग्धं मनोऽस्येति ततश्चैतद् यथोदितम् ।।
एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः ।
सदनुष्ठानभावस्य शुभभावांशयोगतः ।।

जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः ।

संवेगगर्भमत्यन्तममृतं मुनिपुंगवाः ।।

एवं च कर्तृभेदेन चरमेऽन्यादृशं स्थितम् ।

पुद्गलानां परावर्त्ते गुरुदेवादिपूजनम् ।।

यतो विशिष्टः कर्त्ताऽयं तदन्येभ्यो नियोगतः ।

तद्योगयोग्यताभेदादिति सम्यग्विचिन्त्यताम् ।।

अत्र पूर्वं ह्येकान्तेन योगाऽयोग्यस्यैव देवादिपूजनमासीत्, चरमावर्त्ते तु समुल्लसितयोगयोग्यभावस्येति चरमावर्त्तदेवादिपूजनस्याऽन्यावर्त्तदेवादिपूजनादन्यादृशत्वमिति वृत्तिकृद् विवृतवान् । एतेन यत्त्वन्यतीर्थिकाभिमताऽकरणनियमादेः सुन्दरत्वेन भणनं तद् हिंसाद्यासक्तजनस्य मनुष्यत्वस्येव स्वरूपयोग्यतया व्यवहारतो मन्तव्यं, निश्चयतस्तु मिथ्यादृगकरणनियमो हिंसाद्यासक्तजनमनुष्यत्वं वेत्युभयमपि संसारकारणत्वेनानर्थहेतुत्वादसुन्दरमेवेति यत्केनचिदुक्तं तदपास्तं, न ह्येतादृशं वचनमभिनिवेशं विना संभवति, यतः पूर्वसेवापि मुक्त्यद्वेषादिसङ्गता चरमावर्त्तभाविनी निश्चयतः प्राच्यावर्त्तभावितद्विलक्षणा योगयोग्यतयाऽऽचार्यैरतिशयितोक्ता, किं पुनरकरणनियमस्य साक्षाद् योगाङ्गस्य वक्तव्यमिति । न हि मनुष्यत्वसदृशमकरणनियमादिकं, अन्येषामपि सदाचाररूपस्य तस्य सामान्यधर्मप्रविष्टत्वात्, सामान्यधर्मस्य च भावलेशसङ्गतस्य विशेषधर्मप्रकृतित्वात्, मनुष्यत्वं चानीदृशम् । किञ्च हिंसाद्यासक्तमनुष्यत्वस्थानीयं यदि मिथ्यात्वविशिष्टमकरणनियमादिकं तदा मेघकुमारजीवहस्त्यादिदयापि तादृशी स्याद्, उत्कटमिथ्यात्वविशिष्टस्य तस्य तथात्वे चेष्टापत्तिः, अपुनर्बन्धकादीनामुत्कटमिथ्यात्वाभावात्पूर्वसेवायामपि च तेषामेवाधिकृतत्वात् । तदुक्तं –

अस्यैषा मुख्यरूपा स्यात्पूर्वसेवा यथोदिता ।

कल्याणाशययोगेन शेषस्याप्युपचारतः ।।१७९।। **इति ।**

न चापुनर्बन्धकादेरपि न सम्यगनुष्ठानमिति शङ्कनीयम् –

"सम्माणुट्ठाणं चिय ता सव्वमिणंति तत्तओ णेयं ।

ण य अपुनबंधगाइं मुत्तुं एयं इहं होइ ।।९९६।।"

"सम्यगनुष्ठानमेव=आज्ञानुकूलाचरणमेव तत्=तस्मात् सर्वं त्रिप्रकारमपीदमनुष्ठानं तत्त्वतः=पारमार्थिकव्यवहारनयदृष्ट्या, ज्ञेयम्, अत्र हेतुमाह–न च नैव यतोऽपुनर्बन्धकमार्गाभिमुखमार्गपतितान्मुक्त्वा एतदनुष्ठानमिहैतेषु जीवेषु भवति, अपुनर्बन्धकादयश्च सम्यगनुष्ठानवन्त एव" **इत्युपदेशपदसूत्रवृत्तिवचनादपुनर्बन्धकादेः**

सम्यगनुष्ठाननियमप्रतिपादनात् । त्रिप्रकारं ह्यनुष्ठानं सततताभ्यासविषयाभ्यासभावाभ्यासभेदात्, तत्र नित्यमेवोपादेयतया लोकोत्तरगुणावाप्तियोग्यतापादकमातापितृविनयादिवृत्तिः सततताभ्यासः, विषये-ऽर्हल्लक्षणे मोक्षमार्गस्वामिनि वा विनयादिवृत्तिः स विषयाभ्यासः, दूरं भवादुद्विग्नस्य सम्यग्दर्शनादीनां भावानामभ्यासश्च भावाभ्यास इति । तच्च निश्चयतो मोक्षानुकूलभावप्रतिबद्धत्वाद् विषयगतमेव, इत्यपुनर्बन्धकादिः सम्यगनुष्ठानवानेवेति योगमार्गोपनिषद्विदः ।

ટીકાર્થ :-

अथैकभविकाद्युचित ..... योगमार्गोपनिषद्विदः । પૂર્વપક્ષી અર્ધપુદ્ગલપરાવર્ત ન્યૂન સંસારવાળાને જ માર્ગાનુસારી ભાવ સ્વીકારે છે અને તેની પુષ્ટિ અર્થે 'અથ'થી કહે છે – સમ્યક્ત્વપ્રાપ્તિની અપેક્ષાથી દ્રવ્યાજ્ઞાનું એકભવિકાદિ ઉચિત યોગ્યતાની સાથે નિયતપણું હોવાથી તેનાથી અધિક વ્યવધાનમાં=સમ્યક્ત્વ-પ્રાપ્તિમાં બે-ત્રણ ભવથી અધિક વ્યવધાનમાં મિથ્યાદૃષ્ટિને માર્ગાનુસારિતા નથી, એ પ્રમાણે નિર્ણય થાય છે. એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે પ્રતિબંધ ન હોતે છતે અથવા અપરિપાક નહિ હોતે છતે=ઉપર ઉપરની ભૂમિકામાં જવાની યોગ્યતા અપરિપાકવાળી નહિ હોતે છતે, અપુનર્બંધકાદિ એવા માર્ગાનુસારીને ભાવાજ્ઞાનું અવ્યવધાન હોતે છતે પણ=ભાવાજ્ઞાની પ્રાપ્તિમાં બે-ત્રણ ભવથી અધિક વ્યવધાન નહીં હોતે છતે પણ, પ્રતિબંધાદિમાં=દ્રવ્યાજ્ઞા દ્વારા ભાવાજ્ઞાની પ્રાપ્તિ થવામાં પ્રતિબંધક એવાં બલવાન કર્મોની વિદ્યમાનતામાં કે ભાવાજ્ઞાની પ્રાપ્તિને અનુકૂળ યોગ્યતામાં પરિપાકના અભાવમાં, તેના વ્યવધાનનો પણ સંભવ છે=ભાવાજ્ઞાની પ્રાપ્તિના વ્યવધાનનો પણ સંભવ છે,

અહીં પ્રશ્ન થાય કે જે દ્રવ્યાજ્ઞા દ્વારા ભાવાજ્ઞાની પ્રાપ્તિમાં ઘણા ભવોનું વ્યવધાન હોય તેવી દ્રવ્યાજ્ઞાને એકભવિકાદિ ઉચિત યોગ્યતાવાળી દ્રવ્યાજ્ઞા કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

તે કાલમાં પણ=ભાવાજ્ઞાની પ્રાપ્તિના વ્યવધાનવાળી એવી દ્રવ્યાજ્ઞાના પાલનના કાળમાં પણ, ભાવાજ્ઞાના બહુમાનનો અપ્રતિઘાત હોવાથી ઉચિત પ્રવૃત્તિ પ્રધાનપણાને કારણે દ્રવ્યાજ્ઞાનો અવિરોધ છે. એવું ન માનો તો ચારિત્રરૂપ ભાવસ્તવથી એકભવિકાદિથી અધિક વ્યવધાનમાં દ્રવ્યસ્તવના પણ અસંભવનો પ્રસંગ છે; કેમ કે ભાવસ્તવના હેતુપણાથી જ દ્રવ્યસ્તવત્વનું પ્રતિપાદન છે. તે=ભાવસ્તવનું કારણ દ્રવ્યસ્તવ છે તે, પંચાશકમાં કહેવાયું છે –

"તે કારણથી જે ભાવસ્તવનો હેતુ છે તે જ અહીં દ્રવ્યસ્તવ જાણવો. અને જે વળી આવા પ્રકારનો=ભાવસ્તવનો હેતુ નથી, તે કેવલ અપ્રધાન જાણવો."

વળી સમ્યક્ત્વની સાથે ઘણા કાળના વ્યવધાનવાળા પણ અપુનર્બંધક જીવમાં માર્ગાનુસારી ભાવ સ્વીકારી શકાશે. તે તર્કથી સ્પષ્ટ કરે છે –

અને જો ભાવ લેશના યોગથી વ્યવહિતનું પણ દ્રવ્યસ્તવપણું અવિરુદ્ધ છે તો તેનાથી જ=ભાવસ્તવની

સાથે વ્યવહિત એવા દ્રવ્યસ્તવથી જ, તેવા પ્રકારના માર્ગાનુસારી જીવને=ભાવાજ્ઞા પ્રત્યે બહુમાનવાળા એવા માર્ગાનુસારી જીવને, દ્રવ્યાજ્ઞા પણ અવિરુદ્ધ જ છે. જે પ્રમાણે નિદાન રહિત, સૂત્રવિધિરૂપ પ્રકારથી અથવા ભાવસ્તવ અનુરાગરૂપ પ્રકારથી જિનભવનાદિ ઉચિત અનુષ્ઠાનનું દ્રવ્યસ્તવપણું અવ્યાહત છે; કેમ કે એકાંતથી ભાવશૂન્યનું જ વિપરીતપણું છે. તે પ્રમાણે ભાવાજ્ઞાના અનુરાગના ભાવલેશથી યુક્ત એવા અપુનર્બંધકને પણ વ્યવધાનમાં પણ=ભાવાજ્ઞાની પ્રાપ્તિના વ્યવધાનમાં પણ, દ્રવ્યાજ્ઞાનો વિરોધ નથી. 'इति' શબ્દ તર્કની સમાપ્તિ માટે છે.

આથી જ=ભાવાજ્ઞાની સાથે વ્યવધાન હોવા છતાં પણ અપુનર્બંધકને દ્રવ્યાજ્ઞાનો વિરોધ નથી આથી જ, ભવાભિષ્વંગ અને અનાભોગના અસંગતપણાથી=રહિતપણાથી, અન્યાવર્તની અપેક્ષાએ વિલક્ષણ જ ગુરુદેવાદિ પૂજન ચરમાવર્તમાં વ્યવસ્થિત છે. તે=ચરમાવર્તમાં અન્યાવર્ત કરતાં વિલક્ષણ જ ગુરુદેવાદિ પૂજન છે તે, યોગબિંદુમાં કહેવાયું છે –

"આનાથી યુક્ત=ભવાભિષ્વંગથી અને અનાભોગથી યુક્ત અનુષ્ઠાન, અન્યાવર્તમાં તે=પૂર્વસેવારૂપે કહેલું અનુષ્ઠાન ધ્રુવ છે. વળી, ચરમાવર્તમાં અન્ય પ્રકારનું જાણવું; કેમ કે સહજ અલ્પમલપણું છે. ।।૧૫૨।। એક જ અનુષ્ઠાન કર્તૃના ભેદથી ભેદ પામે છે. જે રીતે સરોગી અને ઈતરના ભેદથી ભોજનગત અનુષ્ઠાન ભેદ પામે છે. ।।૧૫૩।। અને આ રીતે આ છે=અનુષ્ઠાનના ભેદનું સ્વરૂપ છે, જે કારણથી આ જ વિચારમાં, યોગીઓ વડે સામાન્યથી જ વિષાદિ અનુષ્ઠાન પાંચ પ્રકારનું કહેવાયેલું છે. ।।૧૫૪।। વિષ, ગર, અનનુષ્ઠાન, તદ્ધેતુ અને પ્રકૃષ્ટ એવું અમૃત. ગુર્વાદિ પૂજાનુષ્ઠાન અપેક્ષાદિના વિધાનથી છે. ।।૧૫૫।। લબ્ધિ આદિની અપેક્ષાથી આ=અનુષ્ઠાન, વિષ થાય છે; કેમ કે સચ્ચિત્તનું મારણ છે. અને મહાન અનુષ્ઠાનનું અલ્પ અર્થન હોવાથી લઘુત્વનું આપાદન છે. ।।૧૫૬।। દિવ્યભોગના અભિલાષથી મનીષીઓ આને=દેવતાદિ પૂજનાદિ અનુષ્ઠાનને ગર અનુષ્ઠાન કહે છે. કારણકે વિહિત નીતિથી જ=સચ્ચિત્ત મારણાદિરૂપ વિહિત નીતિથી જ, કાલાંતરમાં નિપાત છે. ।।૧૫૭।। અનાભોગવાળાનું આ=ગુરુદેવાદિ અનુષ્ઠાન, અનનુષ્ઠાન કહેવાય છે; કેમ કે આને=અનાભોગવાળાને, સંપ્રમુગ્ધ મન છે. 'इति' શબ્દ પાદપૂર્તિ માટે છે. અને તેથી=મન સંપ્રમોહને કારણે, આ=દેવ-પૂજાદિ અનુષ્ઠાન, યથોદિત છે=પૂર્વે કહ્યું એવું અનાભોગવાળું છે, ।।૧૫૮।। આના રાગથી=સદનુષ્ઠાનના ભાવબહુમાનથી, આ=આદિધાર્મિકકાલભાવી દેવ-પૂજાદિ અનુષ્ઠાન, સદનુષ્ઠાનભાવનો શ્રેષ્ઠ હેતુ યોગના જાણનારાઓ કહે છે; કેમ કે શુભભાવના અંશનો યોગ છે. ।।૧૫૯।। વળી, 'જિન વડે કહેવાયેલું છે,' એ પ્રકારના ભાવપ્રધાન અત્યંત સંવેગગર્ભ આ=અનુષ્ઠાન, અમૃત તીર્થંકરો કહે છે. ।।૧૬૦।। અને આ રીતે=પૂર્વે વર્ણન કર્યું એ રીતે, પાંચ પ્રકાનું અનુષ્ઠાન હોતે છતે, કર્તૃના ભેદથી પુદ્ગલોના ચરમ પરાવર્તમાં અન્ય પ્રકારનું=અચરમાવર્ત કરતાં અન્ય પ્રકારનું, ગુરુદેવાદિ પૂજન પ્રતિષ્ઠિત છે. ।।૧૬૧।। જે કારણથી આ=ચરમાવર્તવર્તી જીવ, તેનાથી અન્ય જીવો કરતાં=ચરમાવર્તથી અન્ય જીવો કરતાં, વિશિષ્ટ કર્તા નિયમથી છે; કેમ કે તેના યોગની યોગ્યતાનો ભેદ છે, એમ સમ્યગ્ વિચાર કરવો. ।।૧૬૨।।"

અહીં=યોગબિંદુના શ્લોકોમાં, વૃત્તિકારે વિવરણ કર્યું છે, એમ અન્વય છે.

શું વર્ણન કર્યું છે ? તે સ્પષ્ટ કરે છે –

પૂર્વમાં=ચરમાવર્તથી પૂર્વમાં, એકાંતથી યોગને અયોગ્ય એવા જીવનું જ=મોક્ષપ્રાપ્તિના કારણભૂત

એવા યોગમાર્ગને સેવવા માટે અયોગ્ય એવા જીવનું જ, દેવાદિ પૂજન હતું. વળી ચરમાવર્તમાં સમુલ્લસિતયોગયોગ્યભાવવાળા જીવનું=ઉલ્લાસ પામેલી છે યોગની યોગ્યતા જેનામાં એવા જીવનું, દેવાદિ પૂજન છે. એ પ્રમાણે ચરમાવર્તમાં દેવાદિ પૂજનનું અન્યાવર્તના દેવાદિ પૂજનથી અન્યાદૃશપણું છે. એ પ્રમાણે યોગબિંદુના વૃત્તિકારે વિવરણ કરેલું છે.

આના દ્વારા=પૂર્વે યોગબિંદુના વૃત્તિકારના વચનથી કહ્યું કે ચરમાવર્તમાં અચરમાવર્ત કરતાં અન્યાદૃશ દેવાદિ પૂજન છે એના દ્વારા, કોઈના વડે જે કહેવાયું તે અપાસ્ત છે એમ અન્વય છે.

કોઈના વડે શું કહેવાયું ? તે બતાવે છે –

અન્યતીર્થિક અભિમત અકરણનિયમાદિનું જે વળી સુંદરપણાથી કથન છે તે હિંસાદિઆસક્ત મનુષ્યના મનુષ્યપણાની જેમ સ્વરૂપ યોગ્યતાને કારણે વ્યવહારથી માનવું. વળી નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિનો અકરણનિયમ અથવા હિંસાદિઆસક્ત મનુષ્યનું મનુષ્યપણું એ બંને પણ સંસારના કારણપણાને કારણે અનર્થનું હેતુપણું હોવાથી અસુંદર જ છે એ પ્રમાણે કોઈના વડે જે કહેવાયું તે અપાસ્ત છે; કેમ કે આવા પ્રકારનું વચન=અન્યદર્શનના અકરણનિયમાદિ પરમાર્થથી સુંદર નથી એવા પ્રકારનું વચન, અભિનિવેશ વગર સંભવે નહિ. જે કારણથી મુક્તિઅદ્વેષાદિથી યુક્ત ચરમાવર્તભાવી પૂર્વસેવા પણ નિશ્ચયથી પ્રાચ્ય આવર્તભાવી પૂર્વસેવાથી વિલક્ષણ યોગયોગ્યપણારૂપે અતિશયવાળી આચાર્ય વડે કહેવાઈ છે. વળી, સાક્ષાત્ યોગાંગ એવા અકરણનિયમનું શું કહેવું ? મનુષ્યત્વ સદૃશ અકરણનિયમાદિ નથી; કેમ કે અન્યદર્શનવાળાઓનું પણ સદાચારરૂપ એવા તેનું=પાપાકરણનિયમનું, સામાન્ય ધર્મપ્રવિષ્ટપણું છે. અને ભાવલેશથી યુક્ત એવા સામાન્ય ધર્મનું વિશેષ ધર્મની પ્રકૃતિપણું છે=વિશેષ ધર્મનું કારણપણું છે. અને મનુષ્યપણું આવું નથી=અકરણનિયમ જેવું નથી.

વળી, હિંસાદિઆસક્ત મનુષ્યત્વસ્થાનીય જો મિથ્યાત્વ વિશિષ્ટ અકરણનિયમાદિ હોય તો મેઘકુમારના જીવ હસ્તિ આદિની દયા પણ તેવી થાય=હિંસાદિઆસક્ત મનુષ્યત્વસ્થાનીય થાય, અને ઉત્કટ મિથ્યાત્વવિશિષ્ટ એવા તેના=અકરણનિયમાદિના તથાપણામાં=હિંસાદિઆસક્ત મનુષ્યત્વસ્થાનીય-પણામાં, ઈષ્ટાપત્તિ છે; કેમ કે અપુનર્બંધકાદિને ઉત્કટ મિથ્યાત્વનો અભાવ છે અને પૂર્વસેવામાં પણ તેઓનું=અપુનર્બંધકાદિનું જ, અધિકારીપણું છે, તે કહેવાયું છે=પૂર્વસેવામાં અપુનર્બંધકાદિ અધિકારી છે, એમ પૂર્વમાં કહ્યું તે કહેવાયું છે –

"કલ્યાણ આશયનો યોગ હોવાને કારણે આને=અપુનર્બંધકને, યથોદિત એવી આ પૂર્વસેવા=જે પ્રકારે પૂર્વમાં કહેવાઈ છે એવી આ પૂર્વસેવા, મુખ્યરૂપ થાય. શેષને=સકૃદ્બંધકાદિને ઉપચારથી થાય."

અને અપુનર્બંધકાદિનું પણ અનુષ્ઠાન સમ્યગ્ નથી તે પ્રમાણે શંકા કરવી નહિ; કેમ કે "सम्यग् अनुष्ठानं चिय..." એ પ્રકારના ઉપદેશપદના સૂત્રની વૃત્તિના વચનથી અપુનર્બંધકાદિને સમ્યગ્ અનુષ્ઠાનના નિયમનું પ્રતિપાદન છે, એમ અન્વય છે.

ઉપદેશપદની ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

"તે કારણથી સર્વ પણ આ તત્ત્વથી સમ્યગ્ અનુષ્ઠાન જ જાણવું. (જે કારણથી) અપુનર્બંધકાદિને મૂકીને આ અનુષ્ઠાન અહીં થતું નથી."

ઉપદેશપદની ગાથાની વૃત્તિનો અર્થ આ પ્રમાણે છે –

"તે કારણથી સર્વ પણ આ=ત્રણ પ્રકારનું પણ અનુષ્ઠાન તત્ત્વથી=પારમાર્થિક વ્યવહારનયની દૃષ્ટિથી સમ્યગ્ અનુષ્ઠાન જ જાણવું=ભગવાનની આજ્ઞાને અનુકૂળ આચરણ જ જાણવું, આમાં=આ ત્રણે અનુષ્ઠાનો સમ્યગ્ અનુષ્ઠાનો છે તેમાં, હેતુને કહે છે. જે કારણથી અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિતને છોડીને અહીં=સંસારમાં, આ અનુષ્ઠાન આ જીવોમાં થતા નથી અને અપુનર્બંધકાદિ સમ્યગ્ અનુષ્ઠાનવાળા છે."

એ પ્રમાણે ઉપદેશપદના સૂત્રની વૃત્તિના વચનથી અપુનર્બંધકાદિના સમ્યગ્ અનુષ્ઠાનના નિયમનું પ્રતિપાદન હોવાથી અપુનર્બંધકાદિ સમ્યગ્ અનુષ્ઠાનવાળા નથી એમ શંકા ન કરવી, એમ પૂર્વ સાથે જોડાણ કરવું.

વળી ત્રણ પ્રકારનું સદ્ અનુષ્ઠાન બતાવે છે –

સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસના ભેદથી ત્રણ પ્રકારનું અનુષ્ઠાન છે. ત્યાં=ત્રણ પ્રકારના અનુષ્ઠાનમાં, ઉપાદેયપણાથી=આદર બુદ્ધિથી, નિત્ય જ લોકોત્તર ગુણની પ્રાપ્તિની યોગ્યતાની આપાદક એવી માતા-પિતાની વિનયાદિની બુદ્ધિ સતતાભ્યાસ છે. વિષયમાં=ભક્તિને યોગ્ય એવા વિષયમાં અથવા મોક્ષમાર્ગના સ્વામી એવા અરિહંતના વિષયમાં, જે વિનયાદિની વૃત્તિ તે વિષયાભ્યાસ છે. ભવથી અત્યંત ઉદ્વિગ્નને સમ્યગ્દર્શનાદિ ભાવોનો અભ્યાસ ભાવાભ્યાસ છે. અને તે=ત્રણ પ્રકારનું અનુષ્ઠાન, નિશ્ચયથી મોક્ષને અનુકૂળ ભાવ સાથે પ્રતિબદ્ધપણું હોવાથી વિષયગત જ છે=ભગવાનની આજ્ઞાને અનુસાર વિષયગત જ છે, એથી અપુનર્બંધકાદિ સમ્યગ્ અનુષ્ઠાનવાળા જ છે. એ પ્રમાણે યોગમાર્ગના રહસ્યને જાણનારાઓ કહે છે.

ભાવાર્થ :-

પૂર્વે પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે ઉત્કર્ષથી અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સંસારવાળાને જ માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત થાય છે. તેનું નિરાકરણ કરીને ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે એક પુદ્ગલપરાવર્ત શેષ સંસારવાળા એવા અપુનર્બંધકને માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત થઈ શકે છે. ત્યાં 'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત કરેલા જીવોને પ્રધાન દ્રવ્યાજ્ઞાની પ્રાપ્તિ છે. પ્રધાન દ્રવ્યાજ્ઞા એકભવિક, બદ્ધાયુષ્ક, અભિમુખ નામગોત્ર એમ ત્રણ પ્રકારની છે. આવી પ્રધાન દ્રવ્યાજ્ઞા સમ્યક્ત્વની પ્રાપ્તિમાં ઘણું વ્યવધાન હોય તો થઈ શકે નહિ. માટે અર્ધ પુદ્ગલથી અધિક સંસારવાળા એવા મિથ્યાત્વી જીવોને માર્ગાનુસારી ભાવ સંભવે નહિ. એ પ્રકારે પ્રધાન દ્રવ્યાજ્ઞાના સ્વરૂપને કહેનારા શાસ્ત્રવચનથી નિર્ણય થાય છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જે જીવોને એકભવિકાદિ પ્રધાન દ્રવ્યાજ્ઞા પ્રાપ્ત થઈ છે તેઓ અપુનર્બંધક છે. તેવા અપુનર્બંધક જીવોને પ્રતિબંધ પ્રાપ્ત થાય નહિ તો અલ્પકાળમાં અવશ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. આવા અપુનર્બંધક જીવોને આશ્રયીને કહી શકાય કે ઉત્કર્ષથી આ જીવોને અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર નથી, પરંતુ કેટલાક અપુનર્બંધક જીવો એક પુદ્ગલપરાવર્ત સંસાર ભટકે તેવા છે. તેવા જીવોને કોઈક રીતે માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત થાય ત્યારે એકભવિકાદિ પ્રધાન દ્રવ્યાજ્ઞાની પ્રાપ્તિ થાય છે. આમ છતાં માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિના નાશ કરનારાં કર્મો વિપાકમાં આવે છે ત્યારે તેઓમાં સમ્યક્ત્વનો સન્મુખભાવ નાશ પામે છે. અને તેવા જીવો ઘણા વ્યવધાન પછી પણ સમ્યક્ત્વ પામી શકે છે. તેથી તેવા જીવોને આશ્રયીને ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્ત સંસાર શેષ છે તેમ સ્વીકારવામાં કોઈ બાધ નથી.

અહીં ટીકામાં કહ્યું કે જે અપુનર્બંધક જીવોને પ્રતિબંધ ન હોય અથવા અપરિપાક ન હોય તેવા જીવો માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત કર્યા પછી અલ્પ કાળમાં ભાવાજ્ઞા પ્રાપ્ત કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે અપુનર્બંધક જીવો મેઘકુમારના હાથીના ભવની જેમ માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત કરે છે અને તે માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિ દ્વારા સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પ્રતિબંધ વિદ્યમાન ન હોય અર્થાત્=પ્રતિબંધ કરે તેવાં ક્લિષ્ટ કર્મો વિદ્યમાન ન હોય અથવા તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુકૂળ ભવ્યત્વનો અપરિપાક ન હોય તો તેઓ વ્યવધાન વગર ભાવાજ્ઞાને પ્રાપ્ત કરે છે, જેમ મેઘકુમારના જીવે હાથીના ભવ પછી તરત સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું. જેઓને પ્રતિબંધ કરે તેવાં કર્મો વિદ્યમાન હોય અથવા તેઓનું સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવે તેવું ભવ્યત્વ અપરિપાકવાળું હોય તો ઘણાં વ્યવધાન સુધી પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય નહિ. તોપણ જેઓને માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત થયો છે તે જીવોને માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિકાળમાં, સમ્યક્ત્વપ્રાપ્તિકાલીન જે ભગવાનની ભાવાજ્ઞા છે તેના પ્રત્યે અવશ્ય બહુમાન હોય છે.

વળી, ઘણાં વ્યવધાનથી સમ્યક્ત્વ પામનારા કે અલ્પ કાળમાં સમ્યક્ત્વ પામનારા જીવોની દ્રવ્યાજ્ઞા સમાન સ્વરૂપવાળી હોવાથી પ્રધાન દ્રવ્યાજ્ઞા જ છે. તેની પુષ્ટિ કરવા માટે યુક્તિ આપે છે કે જેમ વિવેકપૂર્વકનું કરાયેલું દ્રવ્યસ્તવ ચારિત્રના પરિણામરૂપ ભાવસ્તવની પ્રાપ્તિનું કારણ છે. ત્યાં પણ જે શ્રાવકો ચારિત્રના પારમાર્થિક બોધવાળા છે અને ચારિત્રની પ્રાપ્તિને લક્ષ્યરૂપે સામે રાખીને તેના ઉપાયરૂપે જિનવચનાનુસાર દ્રવ્યસ્તવ કરે છે તેઓ તે દ્રવ્યસ્તવના બળથી દેવભવમાં જાય છે. અને ઉત્તરના ભવમાં ભાવચારિત્રની પ્રાપ્તિ કરીને સુખપૂર્વક સંસારસાગર તરી જાય છે. આમ છતાં તત્સદૃશ જ દ્રવ્યસ્તવ કરનારા કેટલાક શ્રાવકો દ્રવ્યસ્તવ કરે છે તોપણ પ્રતિબંધક કર્મ વિદ્યમાન હોય તો અથવા ચારિત્રની પ્રાપ્તિને અનુકૂલ ભવ્યત્વ પરિપાકને પામેલું ન હોય તો તે દ્રવ્યસ્તવ કરીને કોઈક અન્ય તેવા ભવોમાં જાય છે કે જ્યાં સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ દુર્લભ બને છે અને ઘણા વ્યવધાન પછી પણ ભાવચારિત્રની પ્રાપ્તિ કરે. જેમ અષાઢી શ્રાવકે પૂર્વની ચોવીશીમાં શ્રાવકપણું પાળી જિનપ્રતિમાને ભરાવી તે વખતે એકભવિકાદિ દ્રવ્યસ્તવની પ્રાપ્તિ હતી છતાં કોઈક પ્રતિબંધક કર્મને કારણે સંસારમાં ઘણું ભટકીને પાર્શ્વનાથ ભગવાનના કાળમાં ચારિત્રને પાળીને મોક્ષને પ્રાપ્ત કર્યું.

વળી, વિવેકસંપન્ન શ્રાવક જેમ આ દ્રવ્યસ્તવ કરે છે તેમ અપુનર્બંધકદશાવાળા જીવો પણ સંસારના આશય વગર સ્વબોધાનુસાર સૂત્રવિધિથી દ્રવ્યસ્તવ કરતા હોય કે સ્વબોધાનુસાર ભાવસ્તવના અનુરાગપૂર્વક દ્રવ્યસ્તવ કરતા હોય તો તેઓનું પણ તે દ્રવ્યસ્તવ કંઈક વિલંબનથી પણ ભાવસ્તવનું કારણ બને છે. અને જેઓ એકાંતે ભાવશૂન્ય દ્રવ્યસ્તવ કરે છે તે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ નથી. તેવી રીતે અપુનર્બંધક જીવો પણ મોક્ષને અનુકૂળ પરિણતિરૂપ ભાવાજ્ઞાના અનુરાગના ભાવલેશથી યુક્ત દ્રવ્યાજ્ઞાનું પાલન કરતા હોય અને વ્યવધાનથી ભાવાજ્ઞાની પ્રાપ્તિ થતી હોય તોપણ તેને દ્રવ્યાજ્ઞા કહેવામાં વિરોધ નથી.

આની પુષ્ટિ કરવા અર્થે યોગબિંદુના વચનથી ગ્રંથકારશ્રી કહે છે કે શાસ્ત્રમાં પાંચ પ્રકારનું અનુષ્ઠાન કહેલું છે. તેમાં વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન, અનનુષ્ઠાન ચરમાવર્ત બહારના જીવો કરે છે; કેમ કે તેઓને મોક્ષને અભિમુખ લેશ પણ પરિણામ થતો નથી. અને ચરમાવર્તમાં આવેલા જીવો મોક્ષને અનુકૂળ કંઈક પરિણામપૂર્વક દેવપૂજાદિ અનુષ્ઠાન કરે છે ત્યારે તેઓમાં માર્ગાનુસારી ભાવ છે. આમ છતાં તેઓ ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્ત સંસારપરિભ્રમણ કરી શકે છે. માટે માર્ગાનુસારી ભાવ અર્ધ પુદ્ગલપરાવર્તથી ન્યૂન જ સંસાર હોય તેઓને જ પ્રાપ્ત થાય છે. એ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન યુક્ત નથી.

વળી કેટલાક કહે છે કે અન્યદર્શનવાળાના પાપઅકરણનિયમાદિને સુંદર કહેવામાં આવેલા છે તે હિંસાસક્ત મનુષ્યના મનુષ્યપણા જેવા સ્વરૂપથી યોગ્યતાની અપેક્ષાએ છે. વસ્તુતઃ મિથ્યાદૃષ્ટિ જીવોનો પાપાકરણનો નિયમ પણ સુંદર નથી. તેનું તે વચન એકાંતે સુંદર નથી; કેમ કે અસદ્ગ્રહથી દૂષિત એવા જીવોનું પાપાકરણનો નિયમ સ્થૂલથી સુંદર દેખાવા છતાં પરમાર્થથી સુંદર નથી. પરંતુ જેઓનું મિથ્યાત્વ કંઈક મંદ થયેલું છે તેના કારણે તત્ત્વ જોવાને અભિમુખ માર્ગાનુસારી ઊહ જેઓમાં વર્તે છે તેવા મિથ્યાદૃષ્ટિ જીવોનું પાપાકરણનિયમ સમ્યક્ત્વની પ્રાપ્તિનો હેતુ હોવાથી સુંદર જ છે. આથી અસદ્ગ્રહથી દૂષિત બાહ્યથી જૈનશાસનને પામેલા પણ અને દુષ્કર અનુષ્ઠાન કરનારા પણ જીવોનું અસદ્ગ્રહથી દૂષિત ચારિત્ર સુંદર નથી અને મંદ મિથ્યાત્વી અપુનર્બંધક જીવોનું સ્થૂલથી આચરાતું ચારિત્ર પણ સુંદર છે.

વળી અપુનર્બંધકાદિ જીવોને સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસના ભેદથી ત્રણ પ્રકારનું સમ્યગ્ અનુષ્ઠાન હોય છે.

(૧) સતતાભ્યાસઅનુષ્ઠાન :-

ઉપાદેય બુદ્ધિથી હંમેશાં માતા-પિતાદિના વિનયની પ્રવૃત્તિ સતતાભ્યાસ છે.

કેમ તે પ્રવૃત્તિ સતતાભ્યાસ છે ? તેથી કહે છે –

લોકોત્તર ગુણની પ્રાપ્તિની યોગ્યતાનું આપાદક તે અનુષ્ઠાન છે. આશય એ છે કે જેઓનું મિથ્યાત્વ મંદ થયું છે તેઓમાં ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિ પ્રગટે છે. વળી પોતાના જીવનમાં બાહ્ય રીતે ઉપકારી એવા માતા-પિતાની વિનયાદિની પ્રવૃત્તિ પ્રાથમિક ભૂમિકામાં ઉચિત પ્રવૃત્તિ છે. અને પ્રકૃતિ ભદ્રક જીવો તેવી ઉચિત પ્રવૃત્તિ જીવનમાં સતત સેવે છે. તેથી ઉચિત પ્રવૃત્તિના સેવનરૂપ સતતાભ્યાસ માતા-પિતાના વિનયાદિરૂપ છે.

(૨) વિષયાભ્યાસઅનુષ્ઠાન :-

વળી ગુણવાન પુરુષમાં અથવા મોક્ષમાર્ગને બતાવનારા પુરુષમાં વિનયાદિની પ્રવૃત્તિ તે વિષયાભ્યાસ છે=ગુણવાન પુરુષો પ્રત્યે ઓઘથી=વિશેષ બોધના અભાવકાળમાં સામાન્યથી, બહુમાનની પ્રવૃત્તિરૂપ છે, તેથી ગુણવાન વિષયક ગુણવૃદ્ધિને અનુકૂળ કંઈક અભ્યાસ સ્વરૂપ છે.

(૩) ભાવાભ્યાસઅનુષ્ઠાન :-

વળી જેઓ સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોઈને ભવથી ઉદ્વિગ્ન થયા છે અને ભવના નિસ્તારનો ઉપાય મોક્ષને અનુકૂળ એવા જીવના ભાવો છે તેવો નિર્ણય થવાથી ગુણવાન પુરુષોના અવલંબનથી કે સંયમની ઉચિત પ્રવૃત્તિ આદિના અવલંબનથી આત્મામાં મોક્ષને અનુકૂળ ભાવોને નિષ્પન્ન કરવાનો જે અભ્યાસ કરે છે તે ભાવાભ્યાસ છે.

આ ત્રણ પ્રકારના અભ્યાસમાંથી યથોચિત અનુષ્ઠાન અપુનર્બંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિતને હોય છે. તેથી અપુનર્બંધકાદિને સમ્યગ્ અનુષ્ઠાન નથી તેમ કહી શકાય નહિ.

ટીકા :-

येन चात्यन्तं सम्यक्त्वाभिमुख एव मिथ्यादृष्टिर्मार्गानुसारी गृह्यते तेनादिधार्मिकप्रतिक्षेपादपुनर्बन्धकादयस्त्रयो धर्माधिकारिण इति मूलप्रबन्ध एव न ज्ञातः, सम्यक्त्वाभिमुखस्यैवापुनर्बन्धकस्य पृथग्गणने चारित्राभिमुखादीनामपि पृथग्गणनापत्त्या विभागव्याघाताद्, तस्माद् यथा चारित्राद् व्यवहितस्यापि सम्यग्दृशः शमसंवेगादिना सम्यग्दृष्टित्वं निश्चीयते तथा सम्यक्त्वाद् व्यवहितस्यापुनर्बन्धकादेरपि तल्लक्षणैस्तद्भावो निश्चेयः, तल्लक्षणप्रतिपादिका चेयं पञ्चाशकगाथा (३-४)-

"पावं ण तिव्वभावा कुणइ ण बहुमन्नइ भवं घोरं ।

उचियट्ठिइं च सेवइ सव्वत्थ वि अपुणबंधो ।।"

एतद्वृत्तिर्यथा – 'पापमशुद्धं कर्म, तत्कारणत्वाद् हिंसाद्यपि पापं तद्, न=नैव, तीव्रभावाद्=गाढसंक्लिष्टपरिणामात् करोति=विधत्ते, अत्यन्तोत्कटमिथ्यात्वादिक्षयोपशमेन लब्धात्मनैर्मल्यविशेषत्वाद् । तीव्रेति विशेषणादापन्नमतीव्रभावात्करोत्यपि, तथाविधकर्मदोषात् । तथा न बहुमन्यते=न बहुमानविषयीकरोति, भवं=संसारं, घोरं=रौद्रं, तस्य घोरत्वावगमात् । तथोचितस्थितिं=अनुरूपप्रतिपत्तिं 'च'शब्दः समुच्चये, सेवते=भजते कर्मलाघवात्, सर्वत्रापि आस्तामेकत्र, देशकालावस्थापेक्षया समस्तेष्वपि देवातिथिमातापितृप्रभृतिषु, मार्गानुसारिताऽभिमुखत्वेन मयुरशिशुदृष्टान्तात्, अपुनर्बन्धक उक्तनिर्वचनो जीवः इत्येवंविधक्रियालिङ्गो भवतीति गाथार्थः ।।' **न चापुनर्बन्धकस्य क्वचिन्मार्गानुसारितायाः क्वचिच्च तदभिमुखत्वस्य दर्शनेन भ्रमकलुषितं चेतो विधेयं, द्रव्यभावयोगाभिप्रायेणोभयाभिधानाऽविरोधात् ।**

एतेन 'मार्गानुसारित्वात्' **इत्यत्र धर्मबिन्दुप्रकरणे (६-२२) मार्गस्य सम्यग्ज्ञानादेर्मुक्तिपथस्यानुवर्त्तनादिति व्याख्यानात् । वन्दारुवृत्तावपि** 'मग्गाणुसारिअ'त्ति **असद्ग्रहपरित्यागेनैव तत्त्वप्रतिपत्तिर्मार्गानुसारितेत्येवं व्याख्यानान्न मिथ्यादृष्टेरकरणनियमादिकारिणोऽपि मार्गानुसारित्वं - इत्यपास्तं, पराभिमतस्य सम्यक्त्वाभिमुखस्येवापुनर्बन्धकादेः सर्वस्यापि धर्माधिकारिणो योग्यतया तत्त्वप्रतिपत्तेर्मार्गानुसारिताया अप्रतिघातात्, मुख्यतत्त्वप्रतिपत्तेश्च मेघकुमारजीवहस्त्यादावपि वक्तुमशक्यत्वात् । तस्मात्संगमनयसारादिवदति-संनिहितसम्यक्त्वप्राप्तीनामेव मार्गानुसारित्वमिति मुग्धप्रतारणमात्रम्, अपुनर्बन्धकादिलक्षणवतामेव तथाभावाद्, अन्यथा तादृशसंनिहितत्वाऽनिश्चयेऽपुनर्बन्धकाद्युपदेशोऽप्युच्छिद्येतेति सकलजैनप्रक्रिया-विलोपापत्तिः ।**

ટીકાર્થ :-

येन चात्यन्तं ..... प्रक्रियाविलोपापत्तिः । **અને જેના વડે અત્યંત સમ્યક્ત્વને અભિમુખ જ મિથ્યાદૃષ્ટિ માર્ગાનુસારી ગ્રહણ કરાય છે. તેના વડે આદિધાર્મિકનો પ્રતિક્ષેપ થવાથી અપુનર્બંધક આદિ ત્રણ અધિકારી છે, એ પ્રકારનો મૂલ પ્રબંધ જ=એ પ્રકારનો શાસ્ત્રવચનનો મૂલવિભાગ જ, જ્ઞાત નથી; કેમ કે સમ્યક્ત્વના અભિમુખ જ અપુનર્બંધકને પૃથગ્ ગણનમાં=સમ્યક્ત્વના અભિમુખ જ એવા અપુનર્બંધકને સમ્યક્ત્વના અનભિમુખ એવા અપુનર્બંધકથી ધર્મના અધિકારીરૂપે પૃથગ્ ગણનમાં, ચારિત્રના અભિમુખ એવા જીવોનું પણ પૃથગ્ ગણનની આપત્તિ હોવાથી=ભાવસ્તવની પ્રાપ્તિને અનુકૂળ દ્રવ્યસ્તવ કરનારા ઘણા વ્યવધાનથી ચારિત્રને પ્રાપ્ત કરનારા જીવો છે તેનાથી જેઓ દ્રવ્યસ્તવ કરી રહ્યા છે અને ચારિત્રને અભિમુખ છે તેવા જીવોનું પૃથગ્ ગણન સ્વીકારવાની આપત્તિ હોવાથી, વિભાગનો વ્યાઘાત છે. તે કારણથી જે પ્રમાણે ચારિત્રથી વ્યવહિત પણ સમ્યગ્દૃષ્ટિનું શમ-સંવેગાદિ દ્વારા સમ્યક્ત્વનો નિશ્ચય કરાય છે તે પ્રમાણે સમ્યક્ત્વથી વ્યવહિત અપુનર્બંધકાદિનો પણ તેના લક્ષણ દ્વારા=અપુનર્બંધકાદિના લક્ષણ દ્વારા, તેનો ભાવ=માર્ગાનુસારી ભાવ, નિશ્ચય થાય છે.**

અને તેના=અપુનર્બંધકના, લક્ષણની પ્રતિપાદક આ પંચાશકની ગાથા છે –

"અપુનર્બંધક તીવ્ર ભાવોથી પાપ કરતો નથી, ઘોર એવા ભવને બહુ માનતો નથી અને સર્વત્ર પણ ઉચિત સ્થિતિને સેવે છે." **(પંચાશક-૩, ગાથા-૩)**

આની વૃત્તિ=પંચાશક ગાથાની વૃત્તિ, આ પ્રમાણે છે –

"પાપ અશુદ્ધ કર્મ છે. તેનું=અશુદ્ધ કર્મનું, કારણપણું હોવાથી હિંસાદિ પણ પાપ છે. તેને=હિંસાદિ પાપને, તીવ્ર ભાવથી=ગાઢ સંક્લિષ્ટ પરિણામથી નથી જ કરતો; કેમ કે અત્યંત ઉત્કટ મિથ્યાત્વાદિનો ક્ષયોપશમ હોવાને કારણે=અતિશય ઉત્કટ એવા મિથ્યાત્વ મોહનીય અને અવિરતિ-આપાદક કર્મનું ક્ષયોપશમપણું હોવાને કારણે, પ્રાપ્ત થયેલા આત્મનૈર્મલ્યનું વિશેષપણું છે. 'તીવ્ર' એ પ્રમાણે વિશેષણથી=તીવ્ર ભાવથી પાપ કરતો નથી એ પ્રકારના કથનમાં 'તીવ્ર' એ વિશેષણથી, પ્રાપ્ત અતીવ્રભાવથી કરે પણ છે=પાપ કરે પણ છે; કેમ કે તેવા પ્રકારના કર્મનો દોષ

છે=અતીવ્રભાવથી પાપ કરાવે તેવા પ્રકારના મંદ મિથ્યાત્વ અને અજ્ઞાનાદિ આપાદક જ્ઞાનાવરણીયાદિ કર્મનો દોષ છે. અને ઘોર=રૌદ્ર, એવા ભવને=સંસારને, બહુ માનતો નથી,=બહુમાનનો વિષય કરતો નથી; કેમ કે તેના=ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસારના, ઘોરત્વનો બોધ છે. અને ઉચિત સ્થિતિને=અનુરૂપ પ્રતિપત્તિને, સેવે છે; કેમ કે કર્મનું લઘુપણું છે=અનુચિત પ્રવૃત્તિના આપાદક કર્મના વિગમનને કારણે કર્મનું અલ્પપણું છે.

ક્યાં ઉચિત પ્રવૃત્તિ કરે છે ? તેથી કહે છે –

સર્વત્ર પણ અર્થાત્ કોઈ એક ઠેકાણે તો દૂર રહો સર્વત્ર પણ, અર્થાત્ દેશ, કાલ, અવસ્થાની અપેક્ષાએ સમસ્ત પણ દેવ, અતિથિ, માતા, પિતા વિગેરેમાં અનુરૂપ પ્રવૃત્તિ કરે છે, એ પ્રમાણે અન્વય છે; કેમ કે મયૂરશિશુના દૃષ્ટાંતથી માર્ગાનુસારિતાનું અભિમુખપણું છે.

કોણ આવો છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ઉક્ત નિર્વચનવાળો એવો અપુનર્બંધક જીવ આવા પ્રકારની ક્રિયાના લિંગવાળો થાય છે. એ પ્રમાણે ગાથાર્થ છે."

પૂર્વે ગ્રંથકારશ્રીએ અપુનર્બંધકમાં માર્ગાનુસારિતા છે તેમ કહ્યું અને પ્રસ્તુત પંચાશકના ઉદ્ધરણની ટીકામાં માર્ગાનુસારિતાનું અભિમુખપણું કહ્યું, તેથી કોઈને ભ્રમ થાય. તેના નિવારણ માટે કહે છે –

અને અપુનર્બંધકનું કોઈક સ્થાનમાં માર્ગાનુસારીપણાનું અને કોઈક સ્થાનમાં તેના=માર્ગાનુસારીપણાના, અભિમુખપણાનું દર્શન હોવાથી ભ્રમથી કલુષિત ચિત્ત કરવું નહિ; કેમ કે દ્રવ્ય અને ભાવ યોગના અભિપ્રાયથી=જ્યાં માર્ગાનુસારિતા કહી છે ત્યાં દ્રવ્યમાર્ગાનુસારિતાના યોગનો અભિપ્રાય છે. જ્યાં માર્ગાનુસારિતાની અભિમુખતાનું કથન છે ત્યાં ભાવમાર્ગાનુસારિતાના અભિમુખભાવના યોગનો અભિપ્રાય છે. તેનાથી ઉભયના અભિધાનનો અવિરોધ છે=અપુનર્બંધકમાં માર્ગાનુસારિતા અને માર્ગાનુસારિતાના અભિમુખપણાના અભિધાનનો અવિરોધ છે.

આનાથી=પૂર્વે "येन..."થી અત્યાર સુધી કહ્યું તે પ્રમાણે સમ્યક્ત્વને સન્મુખ ન હોય તેવા પણ અપુનર્બંધક જીવોમાં માર્ગાનુસારીપણું સ્થાપન કર્યું એનાથી, આગળમાં કહે છે તે કથન અપાસ્ત થાય છે. અને તે પૂર્વપક્ષીનું કથન આ પ્રમાણે છે – માર્ગાનુસારીપણું હોવાથી-એ પ્રકારના કથનમાં ધર્મબિંદુ પ્રકરણમાં સમ્યગ્ જ્ઞાનાદિ મુક્તિપથરૂપ માર્ગનું અનુવર્તન હોવાથી-એ પ્રમાણે વ્યાખ્યાન હોવાને કારણે, વંદારુ વૃત્તિમાં પણ માર્ગાનુસારી-એ પ્રમાણેના કથનમાં અસદ્ગ્રહના પરિત્યાગથી જ તત્ત્વની પ્રતિપત્તિ માર્ગાનુસારિતા છે, એ પ્રમાણે વ્યાખ્યાન હોવાને કારણે, અકરણનિયમાદિ કરનાર પણ મિથ્યાદૃષ્ટિને માર્ગાનુસારીપણું નથી. એમ જે પૂર્વપક્ષી કહે છે તે 'एतेन'થી અપાસ્ત છે; કેમ કે પરને અભિમત એવા સમ્યક્ત્વને અભિમુખની જેમ=પૂર્વપક્ષીને સંમત એવા સમ્યક્ત્વને સન્મુખ એવા માર્ગાનુસારીની જેમ ધર્મના અધિકારી એવા સર્વ પણ અપુનર્બંધકાદિને યોગ્યપણાથી=સમ્યક્ત્વની પ્રાપ્તિના યોગ્યપણાથી, તત્ત્વની પ્રતિપત્તિ હોવાથી માર્ગાનુસારિતાનો અપ્રતિઘાત છે=સમ્યક્ત્વને સન્મુખ કરતાં દૂરવર્તી એવા એક પુદ્ગલપરાવર્તવાળા અપુનર્બંધકાદિ જીવોમાં માર્ગાનુસારિતાનો અપ્રતિઘાત છે. અને મુખ્ય તત્ત્વ પ્રતિપત્તિનું=પૂર્વપક્ષીએ વન્દારુવૃત્તિના વચનને ગ્રહણ કરીને કહેલ કે

અસદ્ગ્રહના પરિત્યાગથી જ તત્ત્વની પ્રતિપત્તિ માર્ગાનુસારિતા છે. એ રૂપ મુખ્ય તત્ત્વની પ્રતિપત્તિનું મેઘકુમારના જીવ હસ્તિ આદિમાં પણ કહેવા માટે અશક્યપણું છે. તે કારણથી='एतेन'થી કહેલા કથનનું નિરાકરણ કરીને કહ્યું કે ધર્મના અધિકારી બધાં જ અપુનર્બંધકાદિને માર્ગાનુસારિતાનો અપ્રતિઘાત છે તે કારણથી, સંગમ-નયસારાદિની જેમ અતિ સંનિહિત સમ્યક્ત્વની પ્રાપ્તિવાળા જીવોને જ માર્ગાનુસારીપણું છે. એ પ્રમાણે મુગ્ધ જીવોનું પ્રતારણ માત્ર છે; કેમ કે અપુનર્બંધક આદિ લક્ષણવાળાઓનો જ તે પ્રકારનો ભાવ છે=માર્ગાનુસારી ભાવ છે. અન્યથા=સર્વ અપુનર્બંધકાદિ લક્ષણવાળા જીવોમાં=માર્ગાનુસારી ભાવ સ્વીકારવામાં ન આવે તો તેવા પ્રકારના સંનિહિતપણાનું= અલ્પકાળમાં અવશ્ય સમ્યક્ત્વ પામશે એવા પ્રકારના સંનિહિતપણાના અનિશ્ચયમાં અપુનર્બંધકાદિનો ઉપદેશ પણ ઉચ્છેદ પામે. તેથી સકલ જૈન પ્રક્રિયાના વિલોપની આપત્તિ છે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષી અત્યંત સમ્યક્ત્વને અભિમુખ એવા મિથ્યાત્વીને માર્ગાનુસારી સ્વીકારે છે. અને તેના બળથી માર્ગાનુસારીને અર્ધપુદ્ગલપરાવર્તકાલ ન્યૂન સંસાર છે તેમ સ્થાપન કરે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષી સમ્યક્ત્વને દૂર રહેલા એવા આદિધાર્મિકમાં માર્ગાનુસારીપણું નથી તેમ કહીને શાસ્ત્રમાં અપુનર્બંધકાદિ ત્રણ ધર્મના અધિકારી છે એ પ્રકારના મૂળ કથનને જ સમજ્યો નથી. અર્થાત્ શાસ્ત્રમાં કહેલ છે કે ધર્મના અધિકારી અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ અને વિરતિધર છે. તે શાસ્ત્રના વચનનું તાત્પર્ય જ પૂર્વપક્ષી જાણતો નથી.

કેમ જાણતો નથી ? તેમાં યુક્તિ આપતાં કહે છે –

સમ્યક્ત્વને સન્મુખ એવા અપુનર્બંધકને અન્ય અપુનર્બંધક કરતાં પૃથગ્ સ્વીકારીને તેને ધર્મનો અધિકારી પૂર્વપક્ષી સ્વીકારે તો ચારિત્રને અભિમુખ એવા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રને અનભિમુખ એવા સમ્યગ્દૃષ્ટિ કરતાં પૃથગ્ સ્વીકારીને ધર્મના અધિકારી તરીકે પૂર્વપક્ષીને સ્વીકારવો પડે; કેમ કે જેમ સમ્યક્ત્વને સન્મુખ નથી તેવા અપુનર્બંધકને "માર્ગાનુસારી" નથી તેમ કહેવામાં આવે તો જે સમ્યગ્દૃષ્ટિ જીવ ચારિત્રને સન્મુખ નથી તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ચારિત્રના ઉપદેશ માટે યોગ્ય નથી તેમ સ્વીકારવું પડે. અને તેમ સ્વીકારવામાં આવે તો શાસ્ત્રમાં જે અપુનર્બંધક આદિ ત્રણ ધર્મના અધિકારી કહ્યા છે તેના વિભાગનો વ્યાઘાત થાય. અને એમ માનવું પડે કે સમ્યક્ત્વને સન્મુખ થયેલા એવા અપુનર્બંધક જીવો માર્ગાનુસારી છે અને અન્ય અપુનર્બંધક જીવો માર્ગાનુસારી નથી, માટે ધર્મના અધિકારી નથી. ચારિત્રને અભિમુખ એવા સમ્યગ્દૃષ્ટિ જીવો ચારિત્ર ધર્મના અધિકારી છે અને ચારિત્રને અનભિમુખ એવા સમ્યગ્દૃષ્ટિ જીવો ચારિત્રના અધિકારી નથી પરંતુ સ્વભૂમિકાનુસાર ઉચિત ધર્મના અધિકારી છે. અને તેમ સ્વીકારવામાં આવે તો શાસ્ત્રમાં અપુનર્બંધક આદિ ત્રણ ધર્મના અધિકારી કહ્યા છે. તેના વિભાગનો વ્યાઘાત થાય. માટે જે પ્રમાણે ચારિત્રથી વ્યવહિત એવા પણ સમ્યગ્દૃષ્ટિનું શમ-સંવેગાદિથી સમ્યગ્દૃષ્ટિપણું નિશ્ચિત થાય છે. માટે

તેઓને ઉદ્દેશીને ચારિત્રનો ઉપદેશ અપાય છે. તે પ્રમાણે સમ્યક્ત્વથી વ્યવહિત એવા પણ અપુનર્બંધકાદિનું તેના લક્ષણ દ્વારા અપુનર્બંધકના ભાવનો નિશ્ચય થાય છે અને તેને અનુરૂપ તેઓને ઉપદેશ અપાય છે. તે અપુનર્બંધકનું લક્ષણ પંચાશકમાં કહેલ છે તે પ્રમાણે-જેઓ તીવ્ર ભાવથી પાપ કરતા નથી, ઘોર એવા ભવને બહુમાનનો વિષય કરતા નથી અને સર્વત્ર પણ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેઓ અપુનર્બંધક છે તેવો નિર્ણય કરીને ઉપદેશક તેઓની યોગ્યતાનુસાર ઉચિત ઉપદેશ આપે. આ પ્રકારની શાસ્ત્રમર્યાદા છે.

વળી અપુનર્બંધક જીવોના જે આ ત્રણ ભાવો બતાવ્યા તે ભાવો કોઈક અપુનર્બંધક જીવોમાં સ્પષ્ટ અભિવ્યક્ત થતા હોય. જ્યારે કોઈક અપુનર્બંધક જીવોમાં મંદ મંદ અભિવ્યક્ત થતા હોય. જેમ વંકચૂલ ચોરની પલ્લીમાં રહીને અનુચિત પ્રવૃત્તિ કરે છે ત્યારે આ સર્વ ભાવો વ્યક્ત દેખાતા નથી. આમ છતાં સાધુના ઉત્તમ આચારોને જોઈને સાધુ પ્રત્યેનો તેનો બહુમાનભાવ વ્યક્ત થતો હતો. તેથી ગીતાર્થ મહાત્મા જાણી શકે કે આ જીવને ત્યાગીઓ પ્રત્યે બહુમાનભાવ છે તેથી કંઈક માર્ગાનુસારી બુદ્ધિ છે. અને આથી જ નિમિત્તને પામીને પાપની વૃત્તિ વંકચૂલમાંથી નિવર્તન પામે છે. તેથી શાસ્ત્રથી પરિષ્કૃત મતિવાળા યોગીઓ જીવમાં રહેલી તેવી યોગ્યતારૂપ અપુનર્બંધકદશાને જોઈને તેઓને તેઓની ભૂમિકાનુસાર ઉચિત ઉપદેશ આપે છે.

વળી પૂર્વપક્ષી ધર્મબિંદુ પ્રકરણના વચનથી અને વન્દારુ વૃત્તિના વચનથી પોતાના પક્ષને દૃઢ કરવા કહે છે કે ધર્મબિંદુ પ્રકરણમાં માર્ગાનુસારીનો અર્થ કર્યો કે જેઓ સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ ચારિત્રને અનુસરે છે તેઓ માર્ગાનુસારી છે. તેથી રત્નત્રયીની પરિણતિવાળા જીવોને જ માર્ગાનુસારી સ્વીકારી શકાય. અને વન્દારુવૃત્તિમાં કહ્યું છે કે જે જીવો અસદ્ગ્રહના ત્યાગથી તત્ત્વનો સ્વીકાર કરે છે તેઓમાં માર્ગાનુસારિતા છે. તેથી ઉપદેશાદિને પામીને જેઓ તત્ત્વના સ્વીકાર માટે યત્ન કરી રહ્યા છે તેવા અપુનર્બંધકને માર્ગાનુસારિતા પ્રાપ્ત થાય, પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિથી દૂર રહેલા એવા અપુનર્બંધક જીવોમાં માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાય નહીં. માટે સમ્યક્ત્વની પ્રાપ્તિને આસન્ન એવા જીવોથી અન્ય જીવોમાં માર્ગાનુસારીપણું સ્વીકારી શકાય નહિ. આ પ્રકારના પૂર્વપક્ષના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષને અભિમત એવા સમ્યક્ત્વને સન્મુખ જીવમાં માર્ગાનુસારિતા છે તેમ ધર્મના અધિકારી એવા સર્વ પણ અપુનર્બંધકાદિમાં અર્થાત્ સમ્યક્ત્વને સન્મુખ કે સમ્યક્ત્વની પ્રાપ્તિને દૂરવર્તી એવા અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત જીવોમાં તત્ત્વ સ્વીકારવાની યોગ્યતા વિદ્યમાન છે. માટે માર્ગાનુસારિતાનો પ્રતિઘાત નથી.

આશય એ છે કે જે કેટલાક અપુનર્બંધકાદિ જીવો તત્કાલ સમ્યક્ત્વ પામે તેમ નથી તોપણ સામગ્રી મળે તો તેઓ સ્થૂલથી તત્ત્વનો સ્વીકાર કરે તેવી માર્ગાનુસારી પરિણતિવાળા છે. ફક્ત સ્થૂલથી પણ તત્ત્વપ્રાપ્તિની સામગ્રીના અભાવને કારણે તેઓ તત્ત્વની પ્રાપ્તિ કર્યા વગર અથવા સ્થૂલથી તત્ત્વની પ્રાપ્તિ કર્યા પછી પાતના કારણ કોઈ ક્લિષ્ટકર્મને કારણે સ્થૂલથી પ્રાપ્ત થયેલા તત્ત્વથી પણ પાત પામીને કોઈક રીતે ફરી સંસારના અભિમુખ ભાવવાળા થાય છે. જેથી દીર્ઘકાળ સંસારના પરિભ્રમણને કરીને જ્યારે ઉત્કર્ષથી અર્ધપુદ્ગલ સંસાર શેષ રહે ત્યારે સમ્યક્ત્વને પામે છે. તોપણ પૂર્વમાં જ્યારે માર્ગાનુસારી

ભાવ હતો ત્યારે, જે પ્રકારની સ્થૂલથી તત્ત્વ પ્રતિપત્તિની યોગ્યતા સમ્યક્ત્વને નજીક રહેતા જીવોમાં છે તેવી યોગ્યતા તે અપુનર્બંધક જીવોમાં પણ હતી. માટે તેઓમાં માર્ગાનુસારિતાનો અભાવ છે તેમ કહી શકાય નહીં. વળી વન્દારુ વૃત્તિમાં કહી તેવી જૈનદર્શનના આચારના સ્વીકારરૂપ મુખ્ય તત્ત્વની પ્રતિપત્તિ મેઘકુમારના જીવ હસ્તિ આદિમાં પણ ન હતી. છતાં જેમ મેઘકુમારનો જીવ હસ્તિ આદિના ઉત્તર ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તેથી મેઘકુમારના જીવમાં પૂર્વપક્ષીને માર્ગાનુસારિતા અભિમત છે તેમ અન્યદર્શનમાં રહેલા એવા પણ અપુનર્બંધકમાં માર્ગાનુસારિતા સ્વીકારવી જોઈએ.

વળી ધર્મબિંદુપ્રકરણના વચનના બળથી એક પુદ્ગલપરાવર્ત શેષ સંસારવાળા અપુનર્બંધક આદિ જીવોમાં ગુણોથી દેખાતી માર્ગાનુસારિતાનો અપલાપ કરવો જોઈએ નહિ. તેમજ અન્યદર્શનમાં રહેલા પાપઅકરણના પરિણામવાળા અપુનર્બંધકમાં રહેલ માર્ગાનુસારિતાનો પણ અપલાપ કરવો જોઈએ નહીં. માટે જેમ પૂર્વપક્ષી સંગમ, નયસારાદિની જેમ અતિ સંનિહિત સમ્યક્ત્વની પ્રાપ્તિવાળા જીવોમાં માર્ગાનુસારીપણું સ્વીકારે છે, તેમ અપુનર્બંધકાદિ લક્ષણવાળા બધા જીવોમાં માર્ગાનુસારીભાવ સ્વીકારવો જોઈએ. અન્યથા આ જીવ સમ્યક્ત્વને સંનિહિત છે કે નથી તેવો નિર્ણય ન થવાથી અપુનર્બંધકાદિને ઉચિત ઉપદેશ આપવાની જૈનશાસનની મર્યાદા છે. તેનો ઉચ્છેદ પ્રાપ્ત થાય તેથી જૈનશાસનની ઉપદેશ વિષયક જે કોઈ પ્રક્રિયા છે તે સર્વનો વિલોપ પ્રાપ્ત થાય; કેમ કે અતિશય જ્ઞાની જ નિર્ણય કરી શકે કે આ અપુનર્બંધક જીવ અવશ્ય તત્કાલ સમ્યક્ત્વ પામશે. જ્યારે સામાન્ય છદ્મસ્થ એવા ઉપદેશકો તો શાસ્ત્રવચનથી અપુનર્બંધકાદિ જીવોના લિંગોને જાણીને એવા જીવોમાં વર્તતા માર્ગાનુસારી ભાવને અનુરૂપ ઉચિત દેશના આપે છે.

ટીકા :-

किञ्च, बीजादीनां चरमपुद्गलपरावर्त्तभावित्वस्य तत्प्राप्तावुत्कर्षत एकपुद्गलपरावर्त्तकालमानस्य तेषां सान्तरेतरत्वभेदस्य च प्रतिपादनात्र सम्यक्त्वातिसंनिहितमेव मार्गानुसारित्वं भवतीति नियमः श्रद्धेयः । तदुक्तं पञ्चमविंशिकायाम्-

बीजाइकमेण पुणो जायइ एसुत्थ भव्वसत्ताणं ।
णियमा न अन्नहा वि हु(उ) इट्ठफलो कप्परुक्खुव्व ।।
बीजंविमस्स णेयं दट्ठूणं एयकारिणो जीवे ।
बहुमाणसंगयाए सुद्धपसंसाइ करणिच्छा ।।
तीए चेवणुबन्धो अकलंको अंकुरो इहं णेओ ।
कट्ठं पुण विण्णेया तदुवायन्नेसणा चित्ता ।।
तेसु पवित्ती य तहा चित्ता पत्ताइसरिसिगा होइ ।
तस्संपत्तीइ पुप्फं गुरुसंजोगाइरूवं तु ।।

तत्तो सुदेसणाईहिं होइ जा भावधम्मसंपत्ती ।

तं फलमिह विन्नेयं परमफलपसाहगं णियमा ।।

बीजस्सवि संपत्ती जायइ चरमंमि चेव परिअट्टे ।

अच्चंतसुंदरा जं एसावि तओ ण सेसेसु ।।

ण य एअंमि अणंतो जुज्जइ णेयस्स णाम कालुत्ति ।

ओसप्पिणी अणंता हुंति जओ एगपरिअट्टे ।।

बीजाइआ य एए तहा तहा संतरेतरा णेया ।

तहभव्वत्तक्खित्ता एगंतसहावबाहाए ।।

एतेन यदुच्यते केनचिद् 'बीजादिप्राप्तौ मार्गानुसार्यासम्यक्त्वोपलंभं संज्ञित्वमेव न व्यभिचरतीति तदपास्तं द्रष्टव्यं,'सण्णीणं पुच्छा-गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसतपुहुत्तं सातिरेगं' **इत्यागमवचनात्संज्ञिकालस्योत्कर्षतः सातिरेकसागरोपमशतपृथक्त्वमानत्वाद्, अपुनर्बन्धकपदस्यापुनर्बन्धकत्वेनोत्कृष्टकर्मस्थितिक्षपणार्थपर्यालोचनायामप्येतदधिकसंसारावश्यकत्वाद्, बीजादिप्राप्तावप्येकपुद्गलपरावर्त्तनियतानन्तोत्सर्पिण्यवसर्पिणीरूपकालमाननिर्देशात् । न च पञ्चमारके ज्ञानपञ्चकसद्भावाभिधानवद् बीजादिप्राप्तौ चरमपुद्गलपरावर्त्तकालमानाभिधानेऽपि नोत्कर्षतस्तावदन्तरं तस्य लभ्यत इति वाच्यं, बीजादिप्राप्तौ चरमावर्त्तमान एव संसार इति परिपाट्या व्यापककालस्यैव लाभादधिकरणकालमानाभिप्रायेणेत्थमभिधानासंभवाद्, अन्यथा सम्यक्त्वेऽप्येतावान् संसार इति वचनस्याप्यनवद्यत्वप्रसङ्गात् ।**

टीकार्थ :-

किञ्च, बीजादीनां ..... अनवद्यत्वप्रसङ्गात् । વળી, બીજાદિના ચરમપુદ્ગલપરાવર્તભાવિત્વનું, તેની પ્રાપ્તિમાં ઉત્કર્ષથી=બીજાદિની પ્રાપ્તિમાં ઉત્કર્ષથી, એક પુદ્ગલપરાવર્તકાલમાનનું અને તેઓનાં= બીજાદિનાં, સાન્તર-ઈતર ભેદત્વનું, પ્રતિપાદન હોવાથી સમ્યક્ત્વ સંનિહિત જ માર્ગાનુસારીપણું નથી. એ પ્રમાણે નિયમ શ્રદ્ધેય છે. તે='किञ्च'થી પૂર્વમાં કહ્યું તે, પાંચમી વિંશિકામાં કહેવાયું છે –

"ચરમાવર્તમાં વળી ભવ્ય જીવોને બીજાદિના ક્રમથી જ કલ્પવૃક્ષ જેવા ઈષ્ટ ફળવાળો ધર્મ નિયમથી થાય છે, પણ બીજાદિક્રમને છોડીને થતો નથી. ।। ધર્મને કરનારા જીવોને જોઈને બહુમાનથી યુક્ત એવી શુદ્ધ પ્રશંસાપૂર્વક કરવાની ઈચ્છા, ધર્મનું બીજ જ જાણવું. ।। ધર્મ કરવાની ઈચ્છારૂપ બીજનો જ પ્રવાહ ધર્મના વિષયમાં અકલંક અંકુરો જાણવો. વળી ચિત્ર પ્રકારના ધર્મના ઉપાયોની અન્વેષણા કાષ્ઠ જાણવું. ।। અને ધર્મની પ્રાપ્તિના ઉપાયોમાં તે પ્રકારની ચિત્ર પ્રવૃત્તિ પાંદડાદિ સદૃશ છે, વળી ગુરુ સંયોગાદિરૂપ ધર્મપ્રાપ્તિના ઉપાયોની પ્રાપ્તિ પુષ્પ છે. ।। ત્યાર

પછી=ગુરુસંયોગ આદિની પ્રાપ્તિ પછી, સુદેશના આદિ વડે જે ભાવધર્મની પ્રાપ્તિ થાય છે. તે અહીં સંસારમાં નિયમથી પરમફળનું પ્રસાધક એવું ફળ જાણવું. ।। ચરમપુદ્ગલપરાવર્તકાળમાં જ બીજની પણ પ્રાપ્તિ થાય છે. જે કારણથી બીજની પ્રાપ્તિ પણ અત્યંત સુંદર છે. તેથી શેષ આવર્તમાં બીજની પ્રાપ્તિ થતી નથી. ।। જે કારણથી એક પુદ્ગલપરાવર્તમાં અનંત અવસર્પિણી થાય છે તે કારણથી, બીજની પ્રાપ્તિ થયા પછી બીજની પ્રાપ્તિ કરનાર જીવને સંસારમાં અનંતકાળ ઘટતો નથી એમ નથી. ।। અને એકાંત સ્વભાવની બાધા હોવાને કારણે તથાભવ્યત્વથી આક્ષિપ્ત એવા આ બીજાદિ તે તે પ્રકારે સાંતર અને નિરંતર જાણવા. ।।"

આના દ્વારા=પૂર્વે કહ્યું કે બીજાદિનું ચરમપુદ્ગલપરાવર્ત ભાવિત્વ છે, તેની પ્રાપ્તિમાં ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્તકાલ સંસાર છે અને બીજાદિ સાન્તર-ઈતર ભેદવાળા છે આના દ્વારા, કોઈના વડે જે કહેવાયું કે બીજાદિની પ્રાપ્તિ થયે છતે માર્ગાનુસારી જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ સુધી સંજ્ઞિત્વનો ત્યાગ કરતો નથી તે કથન અપાસ્ત જાણવું.

કેમ અપાસ્ત છે ? તેમાં યુક્તિ આપે છે –

"સંજ્ઞીપણાની પૃચ્છા છે – હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત છે. ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમશતપૃથક્ત્વ છે=કંઈક અધિક સાગરોપમશતપૃથક્ત્વ સંજ્ઞીપણું છે." **તે પ્રકારના આગમવચનથી સંજ્ઞીકાળનું ઉત્કર્ષથી સાતિરેક સાગરોપમશતપૃથક્ત્વમાનપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે સંજ્ઞીપણાનું=ઉત્કર્ષથી સાતિરેક સાગરોપમશતપૃથક્ત્વમાનપણું હોય એટલામાત્રથી માર્ગાનુસારી જીવ બીજાદિ પ્રાપ્ત થયે છતે સંજ્ઞીપણાનો ત્યાગ કરતો નથી. એ કથન કઈ રીતે અપાસ્ત થાય ? તેથી બીજો હેતુ કહે છે –

અપુનર્બંધકપદનું અપુનર્બંધકપણારૂપે ઉત્કૃષ્ટથી કર્મસ્થિતિના ક્ષપણાર્થના પર્યાલોચનમાં પણ આનાથી અધિક=સાતિરેક સાગરોપમશતપૃથક્ત્વથી અધિક, સંસારનું આવશ્યકપણું છે.

અહીં પ્રશ્ન થાય કે અપુનર્બંધક જીવ બીજાદિની પ્રાપ્તિ થયા પછી અપુનર્બંધકપણારૂપે ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમશતપૃથક્ત્વમાનથી અધિક સંસારમાં રહે છે. તે કેવી રીતે નક્કી થાય ? તેમાં હેતુ કહે છે –

બીજાદિની પ્રાપ્તિમાં પણ એક પુદ્ગલપરાવર્ત નિયત અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાલમાનનો નિર્દેશ છે=અપુનર્બંધક જીવનો ઉત્કર્ષથી સંસારના કાલમાનનો નિર્દેશ છે, અને પાંચમા આરામાં જ્ઞાનપંચકના સદ્ભાવના અભિધાનની જેમ બીજાદિ પ્રાપ્ત થયે છતે ચરમ પુદ્ગલપરાવર્તકાલમાનના અભિધાનમાં પણ=અપુનર્બંધકના ઉત્કર્ષથી ચરમપુદ્ગલપરાવર્તકાલમાનના અભિધાનમાં પણ, ઉત્કર્ષથી તેટલું અંતર=સાતિરેક સાગરોપમશતપૃથક્ત્વમાનથી અધિક અંતર, તેને=બીજાદિ પ્રાપ્તિવાળા અપુનર્બંધક જીવને, પ્રાપ્ત થતું નથી. એ પ્રમાણે ન કહેવું; કેમ કે બીજાદિની પ્રાપ્તિ થયે છતે ચરમાવર્તમાન જ સંસાર છે એ પ્રકારની પરિપાટીથી=એ પ્રકારના વચનની પરિપાટીથી, વ્યાપક કાલનો જ લાભ

હોવાથી=એક પુદ્ગલપરાવર્તરૂપ વ્યાપક કાલનો જ લાભ હોવાથી, અધિકરણ કાલમાનનો અભિપ્રાય હોવાથી=બીજાદિ પ્રાપ્તિવાળા અપુનર્બંધકનું ચરમાવર્ત એ અધિકરણ કાલમાન છે એ પ્રકારનો અભિપ્રાય હોવાથી, આ રીતે=બીજાદિ પ્રાપ્તિ થયા પછી સંજ્ઞીપણાનો ત્યાગ થતો નથી એ રીતે, અભિધાનનો અસંભવ છે. અન્યથા=બીજાદિ પ્રાપ્તિ થયા પછી એક પુદ્ગલપરાવર્તરૂપ વ્યાપકકાલ ઉત્કર્ષથી અપુનર્બંધક જીવ સંસારમાં રહે છે એમ સ્વીકારવામાં ન આવે અને અપુનર્બંધક જીવનો અધિકરણ કાળમાન ચરમાવર્ત છે એમ સ્વીકારવામાં આવે તો, સમ્યક્ત્વમાં પણ એટલો સંસાર છે=એક પુદ્ગલપરાવર્તકાલમાન સંસાર છે, એ વચનના પણ અનવદ્યત્વનો પ્રસંગ આવે. અર્થાત્ એ પ્રકારનું વચન કહેવામાં પણ વિરોધ નથી એમ સ્વીકારવાનો પ્રસંગ આવે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષી "બીજાદિની પ્રાપ્તિ પછી અપુનર્બંધક જીવ અલ્પકાળમાં અવશ્ય સમ્યક્ત્વ પામે છે" તેમ સ્વીકારીને માર્ગાનુસારિતાનો ઉત્કૃષ્ટ કાળમાન અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સ્વીકારે છે તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી અનેક રીતે કર્યું. અને આવું સ્વીકારવામાં અન્ય દોષ બતાવવા અર્થે 'किञ्च'થી કહે છે –

બીજાદિનું ચરમપુદ્ગલપરાવર્તભાવિપણું છે અને બીજાદિની પ્રાપ્તિ પછી ઉત્કર્ષથી તે જીવ એક પુદ્ગલપરાવર્તકાળમાન સંસારમાં રહી શકે છે. અને બીજાદિની પ્રાપ્તિ સાન્તર-ઇતર ભેદવાળી છે. એ પ્રમાણે શાસ્ત્રમાં કહેલ છે. માટે સમ્યક્ત્વને અતિસંનિહિત જ માર્ગાનુસારીપણું થાય છે. તેના પૂર્વે નહીં એવો નિયમ સ્વીકારી શકાય નહિ; કેમ કે બીજાદિની પ્રાપ્તિ કેટલાક જીવો આંતરાથી કરનારા છે અને તે આંતરું અનેક વખત પડી શકે છે. એટલું જ નહિ પણ એક વખત બીજાદિ પ્રાપ્ત કર્યા પછી ઘણા દીર્ઘકાળ સુધી આંતરું પડી શકે છે. જેથી બીજાદિના ક્રમથી તાત્કાલિક તેવા જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકે નહિ. પરંતુ જે જીવો આંતરા વગર=સમ્યક્ત્વની પ્રાપ્તિમાં આંતરા વગર, બીજાદિ પ્રાપ્ત કરે છે. અથવા અલ્પકાળના આંતરાથી બીજાદિ પ્રાપ્ત કરે છે. તે જીવો સમ્યક્ત્વને સંનિહિત છે તેમ કહી શકાય. માટે અપુનર્બંધક જીવનો ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્તકાળમાન સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

પૂર્વે કહ્યું કે બીજાદિની પ્રાપ્તિ પછી જીવ એક પુદ્ગલપરાવર્તકાળ સંસારમાં રહી શકે છે. અને આ બીજાદિની પ્રાપ્તિ સાંતર-ઇતર ભેદવાળી છે. તેમાં વિંશિકાની સાક્ષી આપે છે. તે પ્રમાણે અપુનર્બંધક જીવને બીજાદિની પ્રાપ્તિ થયા પછી પણ એક પુદ્ગલપરાવર્ત સંસાર થઈ શકે છે તેમ સિદ્ધ થાય છે. એ કથન દ્વારા અન્ય કોઈ કહે છે કે બીજાદિની પ્રાપ્તિ પછી માર્ગાનુસારી જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ સુધી સંજ્ઞીપણામાં જ રહે છે, અસંજ્ઞીમાં જતો નથી. તેનું નિરાકરણ થાય છે; કેમ કે આગમમાં કહ્યું છે કે સંજ્ઞીનો ઉત્કૃષ્ટ કાળ સાતિરેક શતપૃથક્ત્વ છે જ્યારે અપુનર્બંધકનો ઉત્કૃષ્ટથી સંસારનો કાળ એક પુદ્ગલપરાવર્ત છે. તેથી બીજાદિની પ્રાપ્તિ પછી અપુનર્બંધક જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ સુધી અસંજ્ઞીમાં ન જાય તેમ સ્વીકારીએ તો કોઈ અપુનર્બંધક જીવને ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્તમાન સંસાર ઘટી શકે નહિ. તેથી અપુનર્બંધક જીવને

ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્તમાન સંસાર સ્વીકારનાર શાસ્ત્રવચનના બળથી સ્વીકારવું જોઈએ કે બીજાદિની પ્રાપ્તિ પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ પહેલાં પણ જીવ અસંજ્ઞી થઈ શકે છે.

અહીં પૂર્વપક્ષી કહે કે શાસ્ત્રમાં પાંચમા આરામાં મતિ આદિ પાંચ જ્ઞાનોનો સદ્ભાવ હોય છે તેમ કહેલું છે. તોપણ તે મતિ આદિ પાંચ જ્ઞાનો પૂર્ણપણે પાંચમા આરામાં પ્રાપ્ત થતા નથી. પરંતુ પાંચમા આરાના પ્રારંભમાં જ પ્રાપ્ત થાય છે. તેથી પાંચમો આરો પાંચ જ્ઞાનના અધિકરણનો કાળ છે. તેમ બીજની પ્રાપ્તિ પછી ચરમપુદ્ગલપરાવર્તકાળમાનનું કથન છે તે પણ બીજપ્રાપ્તિનો અધિકરણ કાળ હોવાથી સંજ્ઞીપણાના ઉત્કૃષ્ટ કાળમાન સુધીમાં અવશ્ય સમ્યક્ત્વપ્રાપ્તિનું કારણ બને છે, તેમ સ્વીકારી શકાશે; કેમ કે બીજાદિની પ્રાપ્તિ પછી જે એક પુદ્ગલપરાવર્તનું કથન છે તે અધિકરણ કાળને આશ્રયીને છે. અર્થાત્ પરિભ્રમણનો કાળ નથી પરંતુ છેલ્લા આવર્તરૂપ અધિકરણમાં બીજાધાન પ્રાપ્ત થાય છે અને ત્યારપછી તરત જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – બીજપ્રાપ્તિ પછી ઉત્કૃષ્ટથી ચરમાવર્તમાન જ સંસાર છે તે પ્રકારના વચનની પ્રાપ્તિ હોવાથી એક પુદ્ગલપરાવર્તરૂપ વ્યાપક કાળનો જ લાભ છે. માટે પાંચમા આરામાં જ્ઞાનપંચકના સદ્ભાવના દૃષ્ટાંતથી બીજપ્રાપ્તિ પછી ચરમપુદ્ગલપરાવર્ત એ અધિકરણકાળ છે એ અભિપ્રાય ગ્રહણ કરીને બીજપ્રાપ્તિ પછી અલ્પકાળમાં સમ્યક્ત્વ મળે છે તે પ્રકારનું કથન થઈ શકે નહિ. જો ચરમપુદ્ગલપરાવર્ત એ બીજપ્રાપ્તિનો અધિકરણ કાળ છે તેમ સ્વીકારવામાં આવે તો ચરમપુદ્ગલપરાવર્ત એ સમ્યક્ત્વનો અધિકરણકાળ છે તેમ સ્વીકારી શકાય. ચરમપુદ્ગલપરાવર્ત એ સમ્યક્ત્વનો અધિકરણકાળ છે તેમ સ્વીકારવામાં આવે તો શાસ્ત્રમાં જેમ બીજપ્રાપ્તિ પછી એક પુદ્ગલ-પરાવર્તમાન સંસાર છે તેમ કહેલ છે તેમ સમ્યક્ત્વપ્રાપ્તિ પછી પણ એક પુદ્ગલપરાવર્તમાન સંસાર છે તેમ કહેવાનો પ્રસંગ આવે. પરંતુ શાસ્ત્રમાં તો સમ્યગ્દૃષ્ટિને ઉત્કર્ષથી અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સંસાર છે અને અપુનર્બંધકને ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્ત સંસાર છે તેમ કહેલ છે. તેથી અધિકરણ કાળમાનના અભિપ્રાયથી બીજપ્રાપ્તિ પછી એક પુદ્ગલપરાવર્તમાન સંસાર છે તેમ જે પૂર્વપક્ષી કહે છે તે વચન સંગત નથી.

ટીકા :-

किञ्च –

अचरिमपरिअट्टेसुं कालो भवबालकालमो भणिओ ।

चरिमो अ(उ)धम्मजुव्वणकालो तह चित्तभेओत्ति ।।१९।।

ता बीजपुव्वकालो णेओ भवबालकाल एवेह ।

इयरो उ धम्मजुव्वणकालो विह(हि) लिंगगम्मुत्ति ।।१६।।

इत्येतच्चतुर्थपञ्चमविंशिका गाथाद्वयार्थविचारणया बीजकालस्य चरमावर्त्तमानत्वमेव सिध्यति ।।

अपि च –

नवनीतादिकल्पस्तत्तद्भावेऽत्र निबन्धनम् ।

पुद्गलानां परावर्त्तश्चरमो न्यायसंगतम् ।।९६।।

इति योगबिन्दुवचनाच्चरमावर्त्तस्य घृतादिपरिणामस्थानीये योगे म्रक्षणादिस्थानीयत्वसिद्धौ सत्यन्यकारणसाम्राज्येऽपार्द्धपुद्गलपरावर्तमध्ये सम्यक्त्वादिगुणानामिव चरमावर्त्तमध्ये बीजोचित-गुणानामप्युत्पत्तिः कदाप्यविरुद्धैव, कालप्रतिबन्धाभावादिति व्यक्तमेव प्रतीयते, अत एव हि भोगाद्यर्थं यमनियमाराधनरूपां कापिलादिभिरभ्युपगतां पूर्वसेवां

अत एवेह निर्दिष्टा पूर्वसेवापि या परैः ।

सासन्नान्यगता मन्ये भवाभिष्वङ्गभावतः ।।९७।।

इतिग्रन्थेन चरमावर्त्तासन्नान्यतरपरावर्त्तवर्त्तिनीं हरिभद्रसूरिरभ्यधात्, तात्त्विकपूर्वसेवाया अपार्द्धपुद्गल-परावर्त्तादिमानत्वे चासन्नतोपलक्षणाय तत्पूर्वकालनियतामेवैनामवक्ष्यद् ग्रन्थकार इति ।

टीकार्थ :-

किंच ..... इति । वळी, "अचरमपरावर्त काळ भवबाळकाळ कहेवायो छे. वळी तेवा प्रकारना चित्रभेदवाळो चरमावर्त धर्मयौवनकाळ એ प्रमाणे कहेवाय छे. ।। तात्=ते कारणथी=पांचमी विंशिकानी गाथा-६मां बताव्या प्रमाणे बीजनी प्राप्ति चरमावर्तमां ज थाय छे ते कारणथी, बीजप्राप्ति पूर्वनो काळ अहीं=संसारमां, भवबालकाळ ज जाणवो. वळी इतर=बीजप्राप्तिनो काळ लिंगथी गम्य धर्मनो यौवनकाळ ज जाणवो. ।।" **એ प्रकारनी आ चतुर्थ-पंचम विंशिकानी गाथाद्वयना अर्थनी विचारणाथी बीजकालनुं चरमावर्तकाळपणुं ज सिद्ध थाय छे.**

वळी, "तद्=ते कारणथी, तद्भावे=तेना भावमां=अध्यात्मादि परिणामમાં, नवनीतादि कल्प पुद्गलोनो चरम परावर्त हेतु अहीं=योगविचारमां, न्यायसंगत छे." **એ प्रकारे योगबिंदुना वचनथी "घृतादि परिणाम स्थानीय योगमां चरमावर्तना म्रक्षणादि स्थानीयत्वनी सिद्धि थये छते अन्य कारणना साम्राज्यमां अपार्धपुद्गलपरावर्तमां सम्यक्त्वादि गुणोनी जेम चरमावर्तमां बीजउचित गुणोनी उत्पत्ति क्यारे पण अविरुद्ध छे; केम के कालना प्रतिबंधनो अभाव छे." એ प्रमाणे व्यक्त ज प्रतीत थाय छे. आथी ज=चरमावर्तमां बीजने उचित गुणोनी उत्पत्ति थाय छे आथी ज, भोगादि माटे=अतत्त्वभूत એवा स्वपक्षना बद्ध रागरूप भोगादि माटे, कपिलादि वडे स्वीकारायेली यम-नियमादि आराधनारूप पूर्वसेवाने योगबिंदु श्लोक-९७ ना "अत एव...." એ प्रकारना ग्रंथ वडे चरमावर्तना आसन्न अन्यतर परावर्तवर्तिनी पूर्वसेवा छे. એम हरीभद्रसूरि महाराजाએ कहेल छे.**

योगबिंदुनो श्लोकार्थ आ प्रमाणे छे –

"આથી જ=ચરમાવર્તમાં અધ્યાત્મનો ભાવ હોવાથી જ, અહીં=યોગની વિચારણામાં, જે પૂર્વસેવા પણ પર વડે કહેવાઈ છે=ભોગાદિ માટે યમ-નિયમની આરાધના માટે પૂર્વસેવા પણ પર વડે કહેવાઈ છે, તે ભવાભિષ્વંગના ભાવને કારણે આસન્ન એવા અન્ય પુદ્ગલપરાવર્તગત છે=ચરમપુદ્ગલપરાવર્તથી નજીકના અન્ય પુદ્ગલપરાવર્તગત છે, એમ હું માનું છું."

અને તાત્ત્વિક પૂર્વસેવાનું અપાર્ધપુદ્ગલપરાવર્તમાનપણું હોતે છતે આસન્નતાને જણાવવા માટે તેના પૂર્વકાલનિયત જ=અર્ધ પુદ્ગલપરાવર્તના પૂર્વકાલ નિયત જ, આને=કપિલાદિની પૂર્વસેવાને, ગ્રંથકારશ્રી કહેત.

ભાવાર્થ :-

ચોથી અને પાંચમી વિંશિકામાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અચરમપુદ્ગલપરાવર્તનો કાળ ભવબાળકાળ છે. અને ચરમ પુદ્ગલપરાવર્તકાળ ધર્મનો યૌવનકાળ છે અને ભવબાળકાળ બીજનો પૂર્વકાળ છે. ધર્મનો યૌવનકાળ એ બીજનો કાળ છે. તેથી ફલિત થાય કે અચરમાવર્તમાં વર્તતા જીવો ભવના પરિભ્રમણને અનુકૂળ પ્રવૃત્તિ કરે તેવો બાળકાળ છે. તેથી તે વખતે જીવો આત્મહિતના કારણભૂત યોગમાર્ગનાં બીજો પ્રાપ્ત કરતા નથી. માટે તે બીજનો પૂર્વકાળ છે. જેમ યૌવનકાળમાં અર્થોપાર્જનાદિ હિત માટે જીવો પ્રવૃત્તિ કરે છે તેમ ચરમાવર્તમાં આત્મહિત અર્થે યોગબીજોની પ્રાપ્તિ માટે જીવો ઉદ્યમ કરે છે. માટે બીજનિષ્પત્તિનો કાળ પૂર્ણ ચરમાવર્ત છે. માટે બીજાધાનવાળો જીવ ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્ત સંસારમાં રહી શકે તેમ સિદ્ધ થાય છે. માટે પૂર્વપક્ષી કહે છે કે ઉત્કર્ષથી અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સંસારવાળામાં માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત થાય છે, તે વચન યુક્ત નથી. વળી, યોગબિંદુના વચનથી સિદ્ધ થાય છે કે ઘી આદિના પરિણામ જેવો અધ્યાત્મ યોગ છે. તેની પ્રાપ્તિમાં કારણ એવા માખણાદિ સ્થાનીય ચરમાવર્ત છે. ઉપદેશાદિની કારણની સામગ્રી પ્રાપ્ત થાય તો અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સંસારમાં જેમ સમ્યક્ત્વાદિ ગુણો થઈ શકે છે તેમ ચરમાવર્તમાં બીજાધાનને ઉચિત ગુણોની પ્રાપ્તિ થઈ શકે છે. તેમાં અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસારરૂપ કાળ પ્રતિબંધક થતો નથી, પરંતુ એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર હોય તો તે કાળ પ્રતિબંધક થઈ શકે છે.

વળી, ચરમાવર્તમાં ગમે તે કાળમાં યોગબીજો થઈ શકે છે તેની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી યોગબિંદુનાં વચનો બતાવે છે કે કપિલાદિ ઋષિઓ યમનિયમની આરાધનારૂપ પૂર્વસેવા સેવતા હતા તોપણ ભવના અભિષ્વંગને કારણે તેઓની તે પૂર્વસેવા ભોગાર્થ હતી, પરંતુ બીજાધાનનું કારણ ન હતી. આથી તે પૂર્વસેવા ચરમાવર્તના નજીકના કોઈક અન્યાવર્તવાળી છે તેમ હું માનું છું એ પ્રમાણે હરિભદ્રસૂરિ મહારાજા કહે છે. જો અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસારવાળા જીવોમાં યોગબીજો પ્રાપ્ત થતાં ન હોય તો કપિલાદિની પૂર્વસેવાને અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક કોઈક આસન્ન ભાવવર્તિની પૂર્વસેવા છે એમ હરિભદ્રસૂરિ મહારાજા કહેત.

અહીં વિશેષ કહે છે કે જે પૂર્વસેવામાં અસદ્ગ્રહ નિવર્તનીય છે અને તત્ત્વનો કંઈક રાગ વર્તે છે તે પૂર્વસેવા યોગનાં બીજોનું કારણ છે અને તે ચરમાવર્તમાં પ્રાપ્ત થાય છે. જે જીવોને ભોગનો ઉત્કટ રાગ છે

તે જીવો ક્વચિત્ ઇન્દ્રિયોના વિષયોમાં ઉત્કટ ભોગના રાગી હોય તો ક્વચિત પોતપોતાના દર્શનના અતત્ત્વભૂત પદાર્થ પ્રત્યે ઉત્કટ રાગી હોય તેઓમાં પોતાના પક્ષને સ્થિર કરવા માટે અવિચારક રાગ વર્તતો હોય છે. તેથી સ્વપક્ષનો રાગ એ પણ ભોગનો રાગ છે. કપિલ ઋષિને તે પ્રકારનો પોતાના સ્વપક્ષનો રાગ હતો તેથી જ દેવભવમાં ગયા પછી પણ પોતાના પક્ષને પુષ્ટ કરવા અર્થે શિષ્યને સહાયતા કરી છે. તેથી કપિલને ભવાભિષ્વંગનો ભાવ હતો અને તેના બળથી હરિભદ્રસૂરિ મહારાજા કહે છે કે કપિલ ઋષિની જે પૂર્વસેવાની આચરણા હતી તે ભોગાર્થ હતી માટે કપિલ ઋષિ ચરમાવર્ત બહારની પૂર્વસેવા કરનારા છે, એમ હું માનું છું.

ટીકા :-

अपि च 'मनागपि हि तन्निवृत्तौ तस्यापुनर्बन्धकत्वमेव स्याद्' **इति वचनान्मनागपि संसारासंगनिवृत्तौ जीवस्यापुनर्बंधकत्वं सिद्ध्यति, तन्निवृत्तिश्च मुक्त्यद्वेषेणापि स्यात्, तस्य च चरमपुद्गलपरावर्त्तव्यवधानेनापि मोक्षहेतुत्वमुक्तम् । तथा च योगबिन्दुसूत्रवृत्ती –**

नास्ति येषामयं तत्र तेऽपि धन्याः प्रकीर्त्तिताः ।

भवबीजपरित्यागात्तथाकल्याणभागिनः ।।४०।।

न=नैव, अस्ति=विद्यते, येषां=भव्यविशेषाणां, अयं=द्वेषः, तत्र=मुक्तौ, तेऽपि किंपुनस्तत्रानुरागभाज इति 'अपि' शब्दार्थः, धन्याः=धर्मधनलब्धारः, प्रकीर्त्तिताः । पुनरपि कीदृशाः ? इत्याह–भवबीजपरित्यागात्=मनाक्स्वगतसंसारयोग्यतापरिहाणेः सकाशात्, तथा=तेन प्रकारेण चरमपुद्गलपरावर्त्तव्यवधानादिना, कल्याणभागिनः= तीर्थकरादिपदप्राप्तिद्वारेण शिवशर्मभाज इति ।।' **तथा च चरमपुद्गलपरावर्त्तवर्त्तिनां मुक्त्यद्वेषतद्रागाऽक्षुद्रतादिगुणवतां गलितकदाग्रहाणां सम्यक्त्वप्राप्तिसांनिध्यव्यवधानविशेषेऽपि सर्वेषामपुनर्बन्धकादीनामविशेषेण मार्गानुसारित्वमङ्गीकर्त्तव्यम् ।**

यत्तु 'पढमकरणोवरि तहा अणहिनिविट्ठाण संगया एसा' **इति वचनात्** 'प्रथमकरणोपरि वर्त्तमानानामपुनर्बन्धकादीनां शुद्धवन्दना भवति' **इत्यभिधाय**

णो भावओ इमीए परोवि हु अवड्ढपोग्गला अहिगो ।

संसारो जीवाणं हंदि पसिद्धं जिणमयंमि ।। **(पंचा. ३-३२)**

इत्यनेन ग्रन्थेन शुद्धाध्यवसायशुद्धायां वन्दनायां, सत्यामुत्कृष्टोऽप्यपार्द्धपुद्गलावर्त्ताधिकः संसारो जीवानां न भवतीति पञ्चाशके प्रोक्तं, तदपुनर्बन्धकस्यावस्थाभेदेन विचित्रत्वाद् विधिशुद्धजैनक्रियाऽऽराधकमपुनर्बन्धकमधिकृत्यावसेयं, सर्वस्यापुनर्बन्धकस्य, प्रागुक्तयुक्त्यैतावत्कालमानाऽनियमाद्, भावशुद्धजैनक्रियाया एव एतावत्कालनियतत्वाद् । अत एवास्मिन्नर्थे (आव.नि. ८५३)

कालमणंतं च सुए अद्धापरिअट्टओ उ देसूणो ।

आसायणबहुलाणं उक्कोसं अंतरं होइ ।।

इति सम्मतितयोद्भावितं वृत्तिकृता, मोक्षार्थितया क्रियमाणा हि विधिशुद्धा जैनक्रियोत्कर्षत एतावत्कालव्यवधानेन मोक्षं प्रापयतीति विषयविशेष एषः भवति च भावाविशेषेऽपि विषयविशेषात्फलविशेषः, सामान्यसाधुभगवद्दानादौ तद्दर्शनादिति श्रद्धेयम् न चेदेवं तदा स्वतन्त्रान्यतन्त्रसिद्धक्रियाकार्यपुनर्बन्धकभेदो न स्यादिति भावनीयं सुधीभिः ।

यदपि 'बीजाधानमपि ह्यपुनर्बन्धकस्य, न चास्यापि पुद्गलपरावर्त्तः संसारः' **इति** 'भगवतां सर्वसत्य-(भव्य)नाथत्वेऽन्यतरस्माद् भगवतो बीजाधानादिसिद्धेरल्पेनैव कालेन सर्वभव्यमुक्तिः स्याद्' **इत्यत्र हेतुतयोक्तं तदपि भगवत्प्रदेयविचित्रबीजापेक्षया, अत एव पूर्वसेवादेः पृथग्गणनया बीजाधाने पुद्गलपरावर्त्ता-भ्यन्तरसंसारभणनोपपत्तिः, अन्यथाल्पतरकालाक्षेपकतया** 'न चास्याप्यपार्द्धपुद्गलपरावर्त्ताधिकः संसारः' **इत्येवोपन्यसनीयं स्यादिति सूक्ष्मधिया विभावनीयम् ।**

टीकार्थ :-

अपि च ..... विभावनीयम् । વળી, થોડા પણ તેની નિવૃત્તિમાં=ભવાભિષ્વંગભાવની નિવૃત્તિમાં, તેનું=સંસારી જીવનું, અપુનર્બંધકપણું જ થાય. એ પ્રકારના વચનથી થોડા પણ સંસારના આસંગની નિવૃત્તિ થયે છતે જીવનું અપુનર્બંધકપણું સિદ્ધ થાય છે. અને તેની નિવૃત્તિ=સંસારના આસંગની નિવૃત્તિ મુક્તિ અદ્વેષથી પણ થાય. અને તેનું=મુક્તિ અદ્વેષનું ચરમપુદ્ગલપરાવર્તથી પણ મોક્ષહેતુપણું કહેવાયું છે. અને તે પ્રમાણે=ચરમપુદ્ગલપરાવર્ત વ્યવધાનથી પણ મોક્ષહેતુપણું કહેવાયું છે. અને ચરમપુદ્ગલપરાવર્ત વ્યવધાનથી મુક્તિનો અદ્વેષ મોક્ષનો હેતુ છે એમ પૂર્વે કહ્યું તે પ્રમાણે, યોગબિંદુ સૂત્રની વૃત્તિમાં છે –

"જેઓને=જે જીવોને, તેમાં=મોક્ષમાં, આ=દ્વેષ નથી. તેઓ પણ ભવબીજના પરિત્યાગથી તે પ્રકારના કલ્યાણના ભાગી ધન્ય કહેવાયા છે."

જેઓને=ભવ્ય વિશેષોને,=ચરમપુદ્ગલપરાવર્તવર્તી એવા ભવ્ય વિશેષોને, ત્યાં=મુક્તિમાં, આ=દ્વેષ, નથી જ=વિદ્યમાન નથી જ, તેઓ પણ ધન્ય કહેવાય છે=ધર્મધનને પ્રાપ્ત કરનારા કહેવાયા છે.

'तेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

વળી ત્યાં=મુક્તિમાં અનુરાગવાળાનું શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે.

વળી પણ તેઓ કેવા છે ? એથી કહે છે –

ભવબીજના પરિત્યાગથી=કંઈક સ્વગત સંસારની યોગ્યતાની પરિહાનિથી તે પ્રકારથી=ચરમપુદ્ગલપરાવર્ત વ્યવધાનાદિ પ્રકારથી, કલ્યાણભાગી છે=તીર્થંકરાદિ પદની પ્રાપ્તિ દ્વારા મોક્ષસુખને પામનારા છે.

તથા=અને તે રીતે=યોગબિંદુ સૂત્રની વૃત્તિમાં કહ્યું તે રીતે, ચરમપુદ્ગલપરાવર્તવર્તી, મુક્તિ અદ્વેષ, મુક્તિરાગ, અક્ષુદ્રતાદિ ગુણવાળા, ગલિત કદાગ્રહવાળા જીવોને, સમ્યક્ત્વની પ્રાપ્તિના સાંનિધ્યના વ્યવધાનવિશેષમાં પણ=સમ્યક્ત્વ પ્રાપ્તિના સાંનિધ્યથી ઘણો વ્યવધાન હોવા છતાં પણ, સર્વ અપુનર્બંધકાદિ જીવોને અવિશેષથી માર્ગાનુસારીપણું સ્વીકારવું જોઈએ.

વળી, "તથા=અને, પ્રથમ કરણના ઉપરમાં=યથાપ્રવૃત્તિકરણરૂપ પ્રથમકરણના ઉપરમાં, આ=શુદ્ધ વંદના, સંગત છે." **એ પ્રકારનું વચન હોવાથી** 'પ્રથમકરણની ઉપર વર્તતા અપુનર્બંધકાદિ જીવોને શુદ્ધ વંદના થાય છે.' **એ પ્રકારે કહીને** 'ભાવથી આ થયે છતે=શુદ્ધ વંદના થયે છતે, જીવોને પર પણ=ઉત્કૃષ્ટ પણ, અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર નથી. જિનમતમાં આ પ્રસિદ્ધ છે. એ ગ્રંથથી શુદ્ધ અધ્યવસાયથી શુદ્ધ વંદના હોતે છતે=જિનગુણના કંઈક બોધપૂર્વક જિનગુણની પ્રાપ્તિના શુદ્ધ અધ્યવસાયથી શુદ્ધ વંદના હોતે છતે, ઉત્કૃષ્ટ પણ અપાર્ધપુદ્ગલથી અધિક સંસાર થતો નથી.' **એ પ્રમાણે પંચાશકમાં જે કહેવાયું છે તે અપુનર્બંધકની અવસ્થાભેદને કારણે વિચિત્રપણું હોવાથી વિધિ શુદ્ધ જૈન ક્રિયા આરાધક અપુનર્બંધકને આશ્રયીને જાણવું; કેમ કે પૂર્વમાં કહેલી યુક્તિથી=એક પુદ્ગલપરાવર્તવાળા જીવોને યોગબીજ થાય છે. એ પ્રમાણે પૂર્વે કહેવાયેલી યુક્તિથી, સર્વ અપુનર્બંધકને આટલું કાળમાનનું=અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન કાલમાનનો અનિયમ છે.**

કેમ સર્વ અપુનર્બંધકને અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન કાલમાનનો અનિયમ છે ? તેમાં હેતુ કહે છે –

ભાવશુદ્ધ જૈન ક્રિયાનું જ આટલા કાળમાનની સાથે નિયતપણું છે.

આથી જ=વિશુદ્ધ એવી જૈન ક્રિયા કરનારા અપુનર્બંધકને આશ્રયીને ઉત્કૃષ્ટથી અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર છે આથી જ, આ અર્થમાં=જૈની શુદ્ધ ક્રિયા કરનારને અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર છે. એ અર્થમાં, "દેશોનઅર્ધપુદ્ગલપરાવર્તરૂપ અનંતકાળ શ્રુતમાં આશાતના બહુલને ઉત્કૃષ્ટ અંતર છે." **એ પ્રમાણે સંમતિપણાથી વૃત્તિકાર વડે ઉદ્ભાવન કરેલ છે. મોક્ષાર્થીપણાથી કરાતી વિધિ શુદ્ધ જૈની ક્રિયા ઉત્કર્ષથી આટલા કાલના વ્યવધાનથી મોક્ષ પ્રાપ્ત કરાવે છે. એ પ્રમાણેના વિષયવિશેષવાળો આ છે=એ પ્રકારના જૈન શાસનના વિષયવિશેષવાળો અપુનર્બંધક છે. અને ભાવોના અવિશેષમાં પણ વિષયવિશેષથી ફલવિશેષ થાય છે=દાનાદિના વિષયભૂત એવા મહામુનિરૂપ વિષયવિશેષથી નિર્જરારૂપ ફલવિશેષ થાય છે; કેમ કે સામાન્યસાધુના અને ભગવાનના દાનાદિમાં એ પ્રકારનું દર્શન છે, એ પ્રમાણે શ્રદ્ધા કરવી અને જો આ પ્રમાણે ન હોય=વિષયવિશેષને કારણે ફલભેદ ન હોય તો સ્વતંત્રને=જૈનદર્શનને, અને અન્યતંત્રને=અન્યદર્શનને, સિદ્ધ એવી ક્રિયાને કરનાર અપુનર્બંધકનો ભેદ ન થાય એ પ્રમાણે બુદ્ધિમાને ભાવન કરવું જોઈએ.**

"બીજાધાન પણ અપુનર્બંધકને છે. અને આને પણ=અપુનર્બંધકને પણ, પુદ્ગલપરાવર્ત સંસાર નથી." **એ પ્રમાણે** "ભગવાનનું સર્વભવ્યોનું નાથપણું હોતે છતે અન્યતર એવા ભગવાનથી=અનંત કાળચક્રમાં અત્યાર સુધી થયેલા અનંત તીર્થંકરોમાંથી કોઈક તીર્થંકરથી, બીજાધાનાદિની સિદ્ધિ હોવાને કારણે=સર્વ ભવ્ય જીવોમાં બીજાધાનાદિની સિદ્ધિ હોવાને કારણે, અલ્પ જ એવા કાળથી=બીજાધાનાદિનો જે ઉત્કૃષ્ટ સંસાર કાળમાન છે તે રૂપ અલ્પ જ

કાળમાનથી, સર્વ ભવ્યોની મુક્તિ થાય." **એ પ્રકારની શંકામાં જે પણ હેતુપણાથી કહેવાયું, તે પણ ભગવત્ પ્રદેય વિચિત્ર બીજાધાનની અપેક્ષાએ છે. અર્થાત્ ભગવાનના શાસનમાં રહેલા અપુનર્બંધકની જે શુદ્ધ ક્રિયા છે અને અન્યદર્શનવાળાની જે બીજાધાનનું કારણ એવી જે ક્રિયા છે તે સર્વરૂપ ભગવત્પ્રદેય વિચિત્ર બીજાધાનની અપેક્ષાએ છે. આથી જ=અન્યદર્શનવાળાને ભગવત્ પ્રદેય બીજાધાન કરતાં જૈનદર્શનમાં રહેલા અપુનર્બંધકને ભગવત્ પ્રદેય બીજાધાન વિલક્ષણ છે આથી જ, પૂર્વસેવાદિની પૃથગ્ ગણના વડે=જૈનદર્શનની પૂર્વસેવાદિ કરતાં અન્યદર્શનના અપુનર્બંધકની પૂર્વસેવાદિની પૃથગ્ ગણના વડે, બીજાધાનમાં પુદ્ગલપરાવર્ત અભ્યંતર સંસારના કથનની ઉપપત્તિ છે. અન્યથા=અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધકની પૂર્વસેવાદિ કરતાં જૈનદર્શનના અપુનર્બંધકની પૂર્વસેવાદિની પૃથગ્ ગણના કરવામાં ન આવે તો, અલ્પતર કાલનું આક્ષેપકપણું હોવાથી=અન્યદર્શનમાં રહેલા બીજાધાનને કરનારા એવા અપુનર્બંધકને પણ અલ્પતર કાલ આક્ષેપકપણું હોવાથી "આને પણ=અપુનર્બંધક જીવને પણ, અપાર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર નથી" એ પ્રમાણે જ ઉપન્યાસ કરવા યોગ્ય થાય તે રીતે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ.**

ભાવાર્થ :-

વળી ભવાભિષ્વંગથી સંસારની દીર્ઘતા છે અને થોડો પણ ભવાભિષ્વંગ નિવર્તન પામે છે ત્યારે જીવ અપુનર્બંધક થાય છે એ પ્રમાણેનું શાસ્ત્રવચન હોવાથી જે જીવોમાં થોડો પણ સંસારનો આસંગભાવ નિવર્તન થયો છે તે જીવોમાં અપુનર્બંધકપણાની સિદ્ધિ છે. વળી ભવના આસંગભાવની નિવૃત્તિ મુક્તિઅદ્વેષથી પણ થાય છે. તેથી જેઓને મુક્તિઅદ્વેષથી ભવનો આસંગભાવ નિવર્તન પામે છે. તેઓને ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્તના વ્યવધાનથી મુક્તિઅદ્વેષ મોક્ષનો હેતુ બને છે.

આશય એ છે કે જેમ નાના બાળકને કેડબરી આદિ પદાર્થો પ્રત્યે અત્યંત રાગ હોય છે તેથી તે કેડબરી આદિ પદાર્થ 'છી' છે એમ મા કહે તોપણ તે બાળક સ્વીકારતો નથી. પરંતુ કેડબરી આદિ માટે આગ્રહ રાખે છે. વળી તે જ બાળક વિષ્ટાદિમાં પણ હાથ નાંખે છે અને ક્વચિત્ ખાય પણ છે, છતાં કેડબરી જેવો અત્યંત રાગ વિષ્ટાદિમાં નથી. તેથી મા તેને 'છી' કહે તો 'છી' 'છી' કહીને તેનો ત્યાગ કરે છે. તેથી ફલિત થાય છે કે જેવો કેડબરીમાં બાળકને આસંગભાવ=આસક્તિ છે તેવી આસક્તિ વિષ્ટા પ્રત્યે નથી. આથી જ કેડબરીના ત્યાગ પ્રત્યે બાળકને દ્વેષ વર્તે છે અને વિષ્ટાના ત્યાગ પ્રત્યે બાળકને અદ્વેષ વર્તે છે. તેમ જે જીવોને મોક્ષના વિરોધી એવા સંસારના કોઈ પણ પદાર્થ પ્રત્યે ગાઢ રાગ હોય ત્યારે તેઓ તેના ત્યાગ પ્રત્યે દ્વેષવાળા હોય છે. મોક્ષ સંસારના સર્વભોગોથી રહિત છે. તેથી સંસારના ભોગોમાં જેને ગાઢ આસક્તિ છે તેઓને ભોગના ત્યાગરૂપ મુક્તિ પ્રત્યે દ્વેષ વર્તે છે અને જ્યારે ભોગનો રાગ કંઈક મંદ થાય છે ત્યારે ભોગના ત્યાગરૂપ મુક્તિ પ્રત્યે તે જીવોને અદ્વેષ પ્રગટે છે. બાળકને વિષ્ટાના ત્યાગ પ્રત્યે અદ્વેષ હોવાથી માના વચનથી વિષ્ટાના ત્યાગનો પરિણામ થાય છે. તેમ ભોગના કંઈક આસંગના નિવર્તનથી થયેલી મંદ આસક્તિને કારણે મુક્તિઅદ્વેષવાળા જીવોને ભોગના ત્યાગ પ્રત્યે ઉપદેશાદિ દ્વારા કંઈક-કંઈક આકર્ષણ

થાય છે. અને વિષ્ટાની જેમ આત્માને મલિન કરનારા ભોગો પ્રત્યે જેમ જેમ હેયબુદ્ધિ થાય છે તેમ તેમ મોક્ષમાર્ગમાં સમ્યગ્ યત્ન કરીને તે અપુનર્બંધક જીવો અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.

મુક્તિઅદ્વેષકાળમાં તે અપુનર્બંધક જીવો ઉત્કર્ષથી ચરમપુદ્ગલપરાવર્તના વ્યવધાનથી મોક્ષ પામે તેવી ભૂમિકાવાળા છે તેમાં ગ્રંથકારશ્રી યોગબિંદુ સૂત્રની વૃત્તિની સાક્ષી આપે છે. તે આ પ્રમાણે –

"જેઓ અપુનર્બંધકદશાને પામેલા છે તેઓમાં થોડાક અંશમાં સ્વગત સંસારની યોગ્યતાની હાનિ થયેલી છે અને તેના કારણે તે જીવો ચરમપુદ્ગલપરાવર્તના વ્યવધાનાદિ દ્વારા મોક્ષના ભાગી થાય છે."

આ કથનથી શું ફલિત થાય છે ? તે બતાવે છે –

જે જીવો ચરમપુદ્ગલપરાવર્તમાં આવેલા છે. તેના કારણે ભવનો આસંગ કંઈક ઘટેલો હોવાથી મુક્તિઅદ્વેષ અથવા કંઈક મુક્તિનો રાગ પ્રગટ્યો છે તેવા અને અક્ષુદ્રાદિ ગુણવાળા અને કદાગ્રહ જેમનો ગળી ગયો છે તેવા જીવો સમ્યક્ત્વની પ્રાપ્તિના સાંનિધ્યના ઘણા વ્યવધાનવાળા હોય તોપણ સર્વ અપુનર્બંધક જીવોમાં અવિશેષથી માર્ગાનુસારીપણું સ્વીકારવું જોઈએ.

વળી, કેટલાક અપુનર્બંધક જીવો શુદ્ધ વંદનાદિ કરે છે અને તેઓને અપાર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર નથી તેમ પંચાશકમાં કહ્યું છે. તેથી પૂર્વપક્ષીને જણાય કે સર્વ અપુનર્બંધક જીવોને અપાર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર ન હોય તેઓને જ માર્ગાનુસારીપણું આવે છે, અન્યને નહિ. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જે અપુનર્બંધક જીવો ભાવશુદ્ધ જૈનક્રિયા કરે છે તેઓ કોઈક નિમિત્તથી માર્ગભ્રષ્ટ થાય તોપણ અપાર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષને પામે જ. પરંતુ બધા અપુનર્બંધક જીવો માટે તેવો નિયમ નથી. આથી જ જે જીવોને જૈનદર્શનની પ્રાપ્તિ નથી છતાં તે તે દર્શનમાં રહીને પણ મોક્ષ અર્થે પ્રવૃત્તિ કરનારા છે તેવા અપુનર્બંધક જીવો ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્તકાળમાં સંસારનો અંત કરશે.

વળી, ગ્રંથકારશ્રીએ કહ્યું કે જૈનદર્શનમાં રહેલા વિધિશુદ્ધ ક્રિયા કરનારા અપુનર્બંધકને ઉત્કર્ષથી અપાર્ધપુદ્ગલપરાવર્ત છે. અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધકને ઉત્કર્ષથી અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર નથી. પરંતુ ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્ત સંસાર છે. આથી જ પંચાશકની વૃત્તિમાં એ અર્થનું સમર્થન કરવા માટે આવશ્યકનિર્યુક્તિનું ઉદ્ધરણ આપેલું છે. વસ્તુતઃ ભાવથી શ્રુતની પ્રાપ્તિ થયા પછી ઉત્કૃષ્ટ અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર છે, તેમ આવશ્યકનિર્યુક્તિમાં કહેલ છે. તે કથન સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી ભાવથી શ્રુતની પ્રાપ્તિ થાય છે તેને આશ્રયીને છે; છતાં વિધિશુદ્ધ જૈન ક્રિયા કરનારા અપુનર્બંધકને પણ ઉત્કર્ષથી તેટલો જ કાળ છે તે બતાવવા માટે વૃત્તિકારે આવશ્યકનિર્યુક્તિના કથનની સંમતિ બતાવી છે. તેથી ફલિત થાય છે કે મોક્ષ અર્થે જેઓ વિધિશુદ્ધ જૈનદર્શનની ક્રિયા કરે છે તેઓ ઉત્કર્ષથી અપાર્ધપુદ્ગલપરાવર્તમાં અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનના પણ અપુનર્બંધક જીવોમાં માર્ગાનુસારી પ્રજ્ઞા છે અને જૈનદર્શનમાં રહેલા પણ અપુનર્બંધક જીવોમાં માર્ગાનુસારી પ્રજ્ઞા છે. તેથી માર્ગાનુસારી પ્રજ્ઞાભાવ બંનેમાં સમાન હોવા

છતાં અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધક જીવોને ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્ત સંસાર છે અને જૈનદર્શનમાં રહેલા અપુનર્બંધક જીવોને ઉત્કર્ષથી અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર છે, તેવો ભેદ કેમ કરી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

બંને અપુનર્બંધક જીવોમાં માર્ગાનુસારીભાવ સમાન હોવા છતાં પણ જૈનદર્શનની ક્રિયા સર્વજ્ઞ કથિત છે. તેથી એ ક્રિયા કરનારા અપુનર્બંધક જીવોની પ્રવૃત્તિનો વિષય વિશેષ છે. અર્થાત્ અન્યદર્શનવાળા જીવોની પ્રવૃત્તિના વિષય કરતાં જૈનદર્શનની પ્રવૃત્તિ કરનારા જીવોની પ્રવૃત્તિનો વિષય વિશેષ છે. તેના કારણે જૈનદર્શનમાં રહેલા અપુનર્બંધક જીવોને વિશેષ પ્રકારની નિર્મળતારૂપ ફળવિશેષ પ્રાપ્ત થાય છે. તેથી અન્યદર્શનની ક્રિયા કરનારા કરતાં જૈનદર્શનની ક્રિયા કરનારા અપુનર્બંધકમાં ભેદની પ્રાપ્તિ છે. જેમ કોઈ આરાધક જીવને સામાન્ય સાધુનું દર્શન થાય અને તીર્થંકરનું દર્શન થાય તો તે દર્શનકૃત પરિણામના ભેદને કારણે નિર્જરાનો ભેદ થાય છે. તેમ માર્ગાનુસારી ભાવ બંને અપુનર્બંધક જીવોમાં સમાન હોવા છતાં પણ જૈનદર્શનની વિધિશુદ્ધ ક્રિયા કરનારને તે તે પ્રકારનો કંઈક વિશેષ ભાવ થાય છે. જેથી અન્યદર્શનના અપુનર્બંધક જીવોથી જૈનદર્શનની ક્રિયા કરનારા અપુનર્બંધકનો ભેદ પ્રાપ્ત થાય છે.

વળી કોઈક સ્થાને શંકા કરેલી છે કે ભગવાન સર્વ ભવ્યોના નાથ હોય તો અત્યાર સુધી ઘણા તીર્થંકરો થયા. તેમાંથી કોઈ ને કોઈ તીર્થંકરો દ્વારા સર્વ ભવ્યજીવોને બીજાધાનાદિની પ્રાપ્તિ થવી જોઈએ; કેમ કે 'નાથ' શબ્દનો અર્થ છે કે "યોગક્ષેમ કરનારા". તેથી જે ભવ્યજીવોને તીર્થંકરનો યોગ થયો છે તે ભવ્યજીવોમાં તીર્થંકરોએ બીજાધાનાદિનો યોગ અવશ્ય કર્યો હોય તેમ માનવું પડે. અને સર્વ ભવ્યજીવોને આટલા કાળમાં કોઈ ને કોઈ તીર્થંકર દ્વારા બીજાધાનાદિ થયું હોત તો અલ્પ એવા એક પુદ્ગલપરાવર્તકાળની અંદર સર્વ ભવ્ય જીવોની મુક્તિ થાય. એ પ્રકારની શંકા કરીને ઉત્તર આપતાં કહ્યું કે સર્વ ભવ્યજીવોને બીજાધાન થતું નથી. પરંતુ તીર્થંકરોના સાંનિધ્યથી પણ અપુનર્બંધકને જ બીજાધાન થાય છે. બીજાધાન થયેલ અપુનર્બંધકનો પુદ્ગલપરાવર્ત સંસાર નથી. તેથી કોઈને પ્રશ્ન થાય કે આ વચનથી સિદ્ધ થાય છે કે ભગવાનના વચનથી બીજાધાન થયેલા જીવોને પણ એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર નથી, માટે જૈનદર્શનની શુદ્ધ ક્રિયા કરનારને ઉત્કર્ષથી અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસારથી અધિક સંસાર નથી તેમ કેમ કહી શકાય ? તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે ભગવત્ પ્રદેય વિચિત્ર બીજની અપેક્ષાએ કોઈક જીવોને ઉત્કર્ષથી એક પુદ્ગલપરાવર્ત સંસાર છે. અને કોઈક જીવોને ઉત્કર્ષથી અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર છે. તેથી જેઓ જૈનદર્શનને પામ્યા વિના અપુનર્બંધકદશાને પામ્યા છે તેમના ભગવત્ પ્રદેય બીજ કરતાં જે અપુનર્બંધકદશાને પ્રાપ્ત જીવો જૈનદર્શનને પામેલા છે અને વિધિશુદ્ધ ક્રિયા કરે છે તેઓને પ્રાપ્ત થયેલું ભગવત્ પ્રદેય બીજ વિશેષ પ્રકારનું છે. માટે અન્ય અપુનર્બંધક કરતાં ભગવત્ પ્રદેય વિશેષ બીજને કારણે જૈનદર્શનમાં રહેલા અપુનર્બંધક જીવો બીજાધાન કર્યા પછી ઉત્કર્ષથી અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર પછી અવશ્ય મોક્ષને પામે છે. અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધક જીવોને ભગવત્પ્રદેય બીજ કરતાં જૈનદર્શનમાં રહેલા વિધિશુદ્ધ ક્રિયા કરનારા અપુનર્બંધક જીવોને ભગવત્પ્રદેય

બીજ વિશેષ પ્રકારનું છે. આથી જ પૂર્વસેવાદિની પૃથગ્ ગણના વડે બીજાધાનમાં પુદ્ગલપરાવર્ત અભ્યંતર સંસારની ઉપપત્તિ છે.

આશય એ છે કે અન્યદર્શનવાળા જીવો તે તે દર્શનની પૂર્વસેવા કરે છે અને જૈનદર્શનના જીવો પણ પૂર્વસેવાદિ કરે છે. તે પૂર્વસેવા જુદા પ્રકારની હોવાથી અન્યદર્શનના જીવોને પૂર્વસેવાદિથી બીજાધાન પ્રાપ્ત થયે છતે એક પુદ્ગલપરાવર્ત અભ્યંતર સંસાર છે એમ જે શાસ્ત્રમાં કહ્યું છે તે સંગત થાય છે. અને જો જૈનદર્શનની પૂર્વસેવા કરનારા જીવો અને અન્યદર્શનની પૂર્વસેવા કરનારા જીવો જે બીજાધાન કરે છે તે સમાન જ હોય તો અન્યદર્શનવાળા જીવોને પણ સંસારપરિભ્રમણનો અલ્પતર કાળ આક્ષેપ થાય. તેથી કહેવું જોઈએ કે અન્યદર્શનમાં બીજાધાન કરનારા જીવોને પણ અપાર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર નથી, અને તેમ સ્વીકારીએ તો શાસ્ત્રમાં અપુનર્બંધકને આશ્રયીને એમ જ કહેવું જોઈએ કે અપુનર્બંધક જીવોને અર્ધપુદ્ગલપરાવર્તકાળથી કાંઈક ન્યૂન જ સંસાર છે. જેમ સમ્યગ્દૃષ્ટિને આશ્રયીને તેમ કહેલ છે. પરંતુ શાસ્ત્રમાં તેમ કહેલ નથી માટે અન્યદર્શનવાળા જીવો બીજાધાન કરે છે તેના કરતાં જૈનદર્શનની વિધિશુદ્ધ ક્રિયા કરનારા જીવોનું બીજાધાન વિશેષ છે એ પ્રકારે સૂક્ષ્મબુદ્ધિથી આલોચન કરવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે કોઈપણ દર્શનના જીવો સંસારથી અતીત અવસ્થા પ્રત્યેના રાગવાળા થાય છે ત્યારે પોતાના ઉપાસ્ય એવા દેવને ગુણવાનરૂપે જાણીને તેમની ઉપાસના કરે છે તે વખતે તે જીવોને રાગાદિથી પર એવા ગુણવાન પ્રત્યે જે રાગ થાય છે તે વીતરાગ પ્રત્યેનો રાગ હોવાથી ભગવત્ પ્રદેય બીજાધાન છે. જૈનદર્શનમાં રહેલ પણ કદાગ્રહ વગર વીતરાગની ઉપાસના કરે છે તે ભગવત્પ્રદેય બીજાધાન છે, છતાં જૈનદર્શનની વિશિષ્ટ સામગ્રીના બળથી જૈનદર્શનમાં રહેલા અપુનર્બંધક જીવોને જે બીજાધાન થાય છે તે અન્યદર્શનના અપુનર્બંધક કરતાં વિશેષ કોટિનું નિર્મળ હોય છે. તેથી તેઓનો ઉત્કર્ષથી પણ અપાર્ધપુદ્ગલપરાવર્તન સંસાર છે.

ટીકા :-

ये तु वदन्ति मिथ्यादृष्टीनां मार्गानुसारित्वाभ्युपगमे तेषां गुणवत्त्वावश्यंभावाद् मिथ्यात्वेऽपि गुणश्रेण्यभ्युपगमप्रसङ्गः, न चैतदिष्टं, सम्यक्त्वप्रतिपत्तिमारभ्यैव कर्मग्रन्थादौ गुणश्रेण्यभिधानाद् इति तेषामृजुबुद्धीनां हरिभद्राचार्योपदर्शिताऽन्वर्थगुणस्थानपदप्रवृत्तिरेव मिथ्यात्वेऽपि गुणसद्भाव-साक्षिणी, गुणश्रेणी च धर्मपृच्छादौ मिथ्यादृशामपि सम्यक्त्वोत्पत्त्याद्युपलक्षितैव द्रष्टव्या । यदाहाचार-वृत्तिकृद्– (अ.४) 'इह मिथ्यादृष्टयो देशोनकोटीकोटिकर्मस्थितिकाश्च ग्रन्थिकसत्त्वास्ते कर्मनिर्जरामाश्रित्य तुल्याः, धर्मप्रच्छनोत्पन्नसंज्ञास्तेभ्योऽसंख्येयगुणनिर्जरकाः, ततोऽपि पिपृच्छिषुः सन्साधुसमीपं जिगमिषुः, तस्मादपि क्रियाऽऽविष्टः पृच्छन्, ततोऽपि धर्मं प्रतिपित्सुः, तस्मादपि क्रियाविष्टः प्रतिपद्यमानः, तस्मादपि पूर्वप्रतिपन्नोऽसंख्येयगुणनिर्जरकः इति सम्यक्त्वोत्पत्तिर्व्याख्यातेति ।' **यदि चैतद्वचनबलादेव चारित्रादाविव सम्यक्त्वेऽप्यभिमुखप्रतिपद्यमानप्रतिपन्नत्रयस्यैव गुणश्रेणीसद्भावात् सम्यक्त्वानभिमुखमिथ्यादृष्टेर्न मार्गानु-**

सारित्वमित्याग्रहस्तदा संगमनयसारादेरपि मार्गानुसारित्वं न स्याद् । न हि भवान्तरव्यवधानेऽपि गुणश्रेण्यनुकूलमाभिमुख्यं संभवति, इति सम्यक्त्वादिनियतगुणश्रेणीं विनापि मिथ्यादृशामप्यल्पमोह-मलानां संसारप्रतनुताकारिणी दयादानादिगुणपरिणतिर्मार्गानुसारितानिबन्धनं भवतीति प्रतिपत्तव्यम् अत एव –

भवाभिनन्दिदोषाणां प्रतिपक्षगुणैर्युतः ।

वर्धमानगुणप्रायो ह्यपुनर्बन्धको मतः ।।१७८।।

इति योगबिन्दावुक्तम्, अपुनर्बन्धकश्च प्रथमगुणस्थानावस्थाविशेष इति तत्र सर्वथा गुणप्रतिक्षेपवचनं निर्गुणानामेवेति मन्तव्यम् ।।१७।।

टीकार्थ :-

ये तु वदन्ति ..... निर्गुणानामेवेति मन्तव्यम् ।। જેઓ વળી કહે છે –

શું કહે છે ? તે બતાવે છે –

મિથ્યાદૃષ્ટિને માર્ગાનુસારીપણું સ્વીકારાયે છતે તેઓને=માર્ગાનુસરી જીવોને, ગુણવત્ત્વનો અવશ્યંભાવ હોવાથી મિથ્યાત્વમાં પણ ગુણશ્રેણીના સ્વીકારનો પ્રસંગ આવે અને આ=મિથ્યાદૃષ્ટિને ગુણશ્રેણીનો સ્વીકાર ઈષ્ટ નથી; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિથી માંડીને જ કર્મગ્રંથાદિમાં ગુણશ્રેણીનું અભિધાન છે. એ પ્રમાણે ઋજુબુદ્ધિવાળા તેઓને=પૂર્વે કહ્યું એ પ્રમાણે જેઓ કહે છે તેઓને, જીવોની હરિભદ્રાચાર્ય વડે બતાવાયેલ અન્વર્થ ગુણસ્થાનકપદની પ્રવૃત્તિ જ મિથ્યાત્વપણામાં પણ ગુણસદ્ભાવમાં સાક્ષિણી છે. અને ધર્મપૃચ્છાદિમાં મિથ્યાદૃષ્ટિને પણ સમ્યક્ત્વની ઉપપત્તિ આદિથી ઉપલક્ષિત જ ગુણશ્રેણી જાણવી. જે કારણથી આચારાંગસૂત્રના વૃત્તિકાર કહે છે –

"અહીં=સંસારમાં, મિથ્યાદૃષ્ટિઓ અને દેશોન કોટાકોટી કર્મસ્થિતિવાળા ગ્રંથિમાં રહેલા જીવો છે તેઓ કર્મનિર્જરાને આશ્રયીને તુલ્ય છે. ધર્મપૃચ્છાના ઉત્પન્ન સંજ્ઞાવાળા મિથ્યાદૃષ્ટિ જીવો તેઓથી=ગ્રંથિદેશમાં રહેલા જીવોથી અસંખ્ય ગુણ નિર્જરા કરનારા છે. તેનાથી પણ ધર્મની પૂછવાની ઇચ્છાવાળા છતાં સાધુ પાસે જવાની ઇચ્છાવાળા અસંખ્યગુણ નિર્જરા કરનારા છે. તેનાથી પણ=સાધુ પાસે ધર્મપૃચ્છાની ઇચ્છાવાળા મિથ્યાદૃષ્ટિ જીવો કરતાં પણ, ક્રિયાથી આવિષ્ટ પૂછતો=ધર્મને પૂછવાને માટે ઉચિત વિનયાદિ ક્રિયાથી યુક્ત ધર્મને પૂછતો મિથ્યાદૃષ્ટિ જીવ અસંખ્યગુણ નિર્જરા કરે છે. તેનાથી પણ ધર્મને સ્વીકારવાની ઇચ્છાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ અસંખ્યગુણ નિર્જરા કરે છે. તેનાથી પણ ક્રિયાવિષ્ટ પ્રતિપદ્યમાન=ધર્મને સ્વીકારવાને અનુકૂળ ઉચિત ક્રિયાથી યુક્ત ધર્મને સ્વીકારતો, અસંખ્યગુણ નિર્જરા કરે છે. તેનાથી પણ પૂર્વે સ્વીકારાયેલ ધર્મવાળો જીવ અસંખ્યગુણ નિર્જરા કરે છે. એ પ્રમાણે સમ્યક્ત્વની ઉત્પત્તિ વ્યાખ્યાત છે." **અને જો આ વચનના બળથી જ=આચારાંગસૂત્રના વૃત્તિકારના વચનના બળથી જ, ચારિત્રાદિની જેમ સમ્યક્ત્વમાં પણ અભિમુખ, પ્રતિપદ્યમાન અને પ્રતિપન્ન એ ત્રણને જ ગુણશ્રેણીનો સદ્ભાવ હોવાથી સમ્યક્ત્વને અનભિમુખ એવા મિથ્યાદૃષ્ટિનું માર્ગાનુસારીપણું નથી એવો આગ્રહ છે તો સંગમ,**

નયસારાદિને પણ માર્ગાનુસારીપણું ન થાય. આ પ્રકારના ગ્રંથકારશ્રીના વચનમાં પૂર્વપક્ષી કહે કે સંગમ અને નયસારાદિ જીવો કંઈક વ્યવધાન પછી સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુકૂળ ગુણશ્રેણી કરે છે. તેથી સંગમને શાલિભદ્રના ભવમાં સમ્યક્ત્વને અનુકૂળ ગુણશ્રેણીની પ્રાપ્તિ થઈ અને નયસારને સાધુને દાન આપ્યા પછી સાધુના ઉપદેશથી સમ્યક્ત્વને અનુકૂળ ગુણશ્રેણી થઈ. માટે કંઈક વ્યવધાનવાળા જીવોમાં માર્ગાનુસારીપણું સ્વીકારી શકાશે, પરંતુ ભવાંતરના વ્યવધાન છતાં ગુણશ્રેણીની અભિમુખભાવ નથી તેવા જીવોમાં માર્ગાનુસારી ભાવ સ્વીકારી શકાય નહિ. એ પ્રકારની પૂર્વપક્ષની શંકાના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે – ભવાંતરના વ્યવધાનમાં પણ ગુણશ્રેણીને અનુકૂળ અભિમુખભાવ સંભવતો નથી=કેટલાક માર્ગાનુસારી જીવોમાં સંભવતો નથી એથી સમ્યક્ત્વાદિ નિયત ગુણશ્રેણી વગર પણ અલ્પ મોહમલવાળા મિથ્યાદૃષ્ટિઓને પણ સંસારની અલ્પતાને કરનારી દયાદાનાદિ ગુણની પરિણતિ માર્ગાનુસારિતાનું કારણ છે તે પ્રમાણે સ્વીકારવું જોઈએ. આથી જ "ભવાભિનંદી દોષોના પ્રતિપક્ષ ગુણોથી યુક્ત વર્ધમાન ગુણોવાળો અપુનર્બંધક જીવ કહેવાયો છે." **એ પ્રમાણે યોગબિંદુમાં કહેવાયું છે અને અપુનર્બંધક પ્રથમ ગુણસ્થાનકની અવસ્થાવિશેષ છે. એથી ત્યાં=અપુનર્બંધકમાં, સર્વથા ગુણોના પ્રતિક્ષેપનું વચન નિર્ગુણોનું જ છે. એ પ્રમાણે જાણવું. ॥૧૭॥**

ભાવાર્થ :-

વળી જેઓ કહે છે કે મિથ્યાદૃષ્ટિને માર્ગાનુસારી સ્વીકારીએ તો તેઓમાં મોક્ષને અનુકૂળ એવું ગુણવાનપણું અવશ્ય સ્વીકારવું પડે. અને મિથ્યાદૃષ્ટિમાં મોક્ષને અનુકૂળ એવું ગુણવાનપણું અવશ્ય સ્વીકારીએ તો મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ ઉત્તરોત્તર ગુણવૃદ્ધિરૂપ ગુણશ્રેણી સ્વીકારવાની આપત્તિ આવે. અને કર્મગ્રંથાદિમાં સમ્યક્ત્વપ્રાપ્તિ પછી જ ગુણશ્રેણી સ્વીકારી છે. માટે મિથ્યાદૃષ્ટિમાં માર્ગાનુસારી ભાવ સ્વીકારી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે. હરિભદ્રસૂરિ મહારાજાએ મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ અન્વર્થ ગુણસ્થાનક પદ સ્વીકારેલ છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવોમાં મોક્ષને, અનુકૂલ એવા ગુણોની પ્રાપ્તિ છે. તેમ હરિભદ્રસૂરિ મહારાજાના વચનથી સ્વીકારવું જોઈએ. વળી જેમ મિથ્યાદૃષ્ટિમાં મોક્ષને અનુકૂલ ગુણનો સદ્ભાવ છે તેમ મિથ્યાદૃષ્ટિ જીવો ધર્મ પૃચ્છાદિમાં યત્ન કરે છે. ત્યારે સમ્યક્ત્વને આસન્ન-આસન્નતર થાય છે. ત્યારે તેઓમાં પણ ઉત્તરોત્તર ગુણવૃદ્ધિની પ્રાપ્તિરૂપ ગુણશ્રેણી છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે મિથ્યાદૃષ્ટિ જીવોને પણ ગુણશ્રેણીની પ્રાપ્તિ છે. તે આચારાંગના ટીકાકારે કહ્યું છે. તેમાં જેઓ મિથ્યાદૃષ્ટિ છે તેઓ અને દેશોન કોટાકોટિ કર્મની સ્થિતિવાળા ગ્રંથિદેશમાં રહેલા છે તે જીવો પોતાની ભૂમિકાનુસાર કર્મની નિર્જરા કરનારા છે. તેથી તેવા સર્વજીવો કર્મની નિર્જરા સમાન કરે છે. અને તેવા જીવોમાંથી કોઈક ગુણસંપન્ન જીવને યોગીઓ પાસેથી ધર્મ જાણવાની સંજ્ઞા ઉત્પન્ન થઈ. તે જીવોમાં ધર્મને અભિમુખ કંઈક વિશેષ પરિણામ થાય છે. તેથી મિથ્યાદૃષ્ટિ અને ગ્રંથિદેશમાં રહેલા જીવો કરતાં તેઓ અસંખ્યાતગુણી નિર્જરા કરે છે. અર્થાત્ તત્ત્વની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીયાદિ કર્મની નિર્જરા કરીને તે જીવો સમ્યક્ત્વની કંઈક નજીકની ભૂમિકા પ્રાપ્ત કરે છે. તે જીવો કરતાં પણ

જેઓને ધર્મ પૂછવાની ઇચ્છા ઉત્પન્ન થયેલી છે તેના કારણે સાધુ પાસે જવાની ઇચ્છાવાળા થયા છે તેવા જીવોને તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યેનો પરિણામ ધર્મને પૂછવાની ઉત્પન્ન થયેલી સંજ્ઞાવાળા જીવો કરતાં પણ અધિક છે. આથી જ તત્ત્વનિર્ણય કરવાને અર્થે તત્ત્વના જાણનારા એવા મહાત્મા પાસે જવાના અભિલાષવાળા થયા છે. તેઓને પૂર્વના જીવો કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. જેના કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે તેઓ નજીકની ભૂમિકાવાળા બને છે.

વળી જે જીવો સુસાધુ પાસે જઈને વિનયની ક્રિયાથી યુક્ત થઈને ધર્મની પૃચ્છા કરે છે, તેઓ પૂર્વના જીવો કરતાં પણ અધિક એવી અસંખ્યાતગુણી નિર્જરા કરે છે. અને તત્ત્વજિજ્ઞાસાથી તત્ત્વ જાણવાના કરાતા યત્નકાળમાં તેઓ સમ્યક્ત્વને અધિક આસન્નતર ભૂમિકાને પામે છે. વળી જે જીવો વિવેકપૂર્વક સુસાધુને ધર્મ પૂછી રહ્યા છે અને સુસાધુ દ્વારા જે સુધર્મ કહેવાઈ રહ્યો છે તેને સ્વપ્રજ્ઞાથી જાણીને સ્વીકારવાને અભિમુખ પરિણામવાળા થયા છે તેઓ પૂર્વના જીવો કરતાં પણ અસંખ્યાત ગુણી નિર્જરા કરે છે. આવા જીવો પ્રાયઃ ધર્મશ્રવણકાળમાં ગ્રંથિભેદને અનુકૂળ એવા અપૂર્વકરણના ભાવોને સ્પર્શનારા હોય છે. જેથી સમ્યક્ત્વની અતિ આસન્ન ભૂમિકામાં હોય છે. તેથી પૂર્વના જીવો કરતાં પણ અસંખ્યાત ગુણી નિર્જરા કરે છે. વળી સદ્‌ગુરુ પાસેથી ધર્મના યથાર્થ સ્વરૂપને સાંભળ્યા પછી ધર્મના સ્વીકારને અનુકૂળ ઉચિત ક્રિયાથી યુક્ત થઈને ધર્મનો સ્વીકાર કરી રહ્યા છે. તેઓ પૂર્વના જીવો કરતાં પણ અસંખ્યાત ગુણી નિર્જરા કરે છે. આવા જીવો અવશ્ય અનિવૃત્તિકરણ કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ ધર્મસ્વીકારકાળમાં કરે છે. આવા જીવો કરતાં પણ જેઓએ સદ્‌ગુરુ પાસેથી ધર્મ સ્વીકારી લીધો છે અને સ્વીકારાયેલા ધર્મની ઉચિત મર્યાદાનું સેવન કરી રહ્યા છે, તેઓ પૂર્વના જીવો કરતાં પણ અસંખ્યાત ગુણી નિર્જરા કરે છે. આ જીવો સમ્યક્ત્વના પરિણામથી યુક્ત ઉચિત ક્રિયા કરીને ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળા હોવાથી ધર્મને સ્વીકારતા એવા સમ્યગ્‌દૃષ્ટિ કરતાં પણ ઉપર-ઉપરની ભૂમિકામાં જનારા હોવાથી વિશેષ પ્રકારના નિર્મળ પરિણામવાળા છે. આ રીતે સમ્યક્ત્વની ઉત્પત્તિ સુધી મિથ્યાદૃષ્ટિ જીવોને પણ પૂર્વ-પૂર્વ કરતાં પણ અધિક અસંખ્યાતગુણ નિર્જરા થતી હોવાથી મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ ગુણશ્રેણીનો સ્વીકાર આચારાંગસૂત્રના વૃત્તિકારે કરેલ છે.

વળી આચારાંગની વૃત્તિના વચનને ગ્રહણ કરીને કોઈકને શંકા થાય કે સમ્યક્ત્વને અભિમુખ, સમ્યક્ત્વને સ્વીકારનાર અને સમ્યક્ત્વને સ્વીકારેલા જીવોને ગુણશ્રેણીનો સદ્‌ભાવ છે. જેમ ચારિત્રને સન્મુખ થયેલા, ચારિત્રને સ્વીકારતા અને ચારિત્રને સ્વીકારેલા જીવોમાં ગુણશ્રેણીનો સદ્‌ભાવ છે. આવો અર્થ આચારાંગના વૃત્તિકારના વચનથી ફલિત થાય છે. માટે જેઓ સમ્યક્ત્વને સન્મુખ છે તેવા જીવોમાં માર્ગાનુસારિતા છે, અન્ય મિથ્યાદૃષ્ટિ જીવોમાં માર્ગાનુસારિતા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે આવું સ્વીકારવાથી સંગમ-નયસારમાં માર્ગાનુસારિતા નથી તેમ સ્વીકારવાની આપત્તિ આવે. શાસ્ત્રકારોએ સંગમ, નયસારાદિને માર્ગાનુસારી સ્વીકારેલ છે. માટે જેમ સંગમનો જીવ ધર્મપૃચ્છાની ઉત્પન્ન સંજ્ઞાવાળો ન હતો છતાં પ્રકૃતિભદ્રકતાને કારણે તેનામાં માર્ગાનુસારિતા હતી તેમ જેઓ ધર્મની પૃચ્છાને અભિમુખ પરિણામવાળા થયા નથી છતાં પ્રકૃતિભદ્રકતા છે તેઓમાં માર્ગાનુસારિતા છે તેવું સ્વીકારવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે કે સંગમના જીવને સંગમના ભવમાં ધર્મપૃચ્છાને અભિમુખ ગુણશ્રેણીનો પરિણામ ન હતો. અને નયસારને પણ મહાત્માને દાન આપે છે તે વખતે ધર્મપૃચ્છાને અભિમુખ પરિણામ ન હતો. છતાં સંગમના જીવને ભવાંતરના વ્યવધાનથી ધર્મપૃચ્છાનો પરિણામ શાલિભદ્રના ભવમાં થાય છે. અને નયસારના જીવને મુનિને દાન આપ્યા પછી મુનિના હિતોપદેશના વચનથી ધર્માભિમુખ પરિણામ થાય છે. તેથી ભવાંતરના વ્યવધાનથી કે કંઈક કાલના વ્યવધાનથી જેઓને ગુણશ્રેણીને અનુકૂલ ભાવ છે તેઓમાં માર્ગાનુસારીપણું સ્વીકારી શકાય. પરંતુ જેઓને ઘણા કાલ વ્યવધાન પછી ગુણશ્રેણીને અનુકૂળ પરિણામપણું થવાનું છે તેઓમાં માર્ગાનુસારીપણું સ્વીકારી શકાય નહિ.

તેને ગ્રંથકારશ્રી કહે છે – જેઓમાં સંગમ-નયસાર આદિની જેમ માર્ગાનુસારીપણું છે તેઓને સંગમ, નયસાર આદિની જેમ નિયમા ભવાંતરના વ્યવધાનમાં ગુણશ્રેણીને અનુકૂલ પરિણામ થાય તેવો એકાંત નિયમ નથી. તેથી સમ્યક્ત્વાદિની નિયત ગુણશ્રેણીની પ્રાપ્તિ વગર પણ અલ્પ મોહમલવાળા તેવા મિથ્યાદૃષ્ટિ જીવોને સંસારને અલ્પ કરનાર એવી દયા-દાનાદિ ગુણપરિણતિ હોય છે. જે માર્ગાનુસારિતારૂપ છે તેમ સ્વીકારવું જોઈએ. આથી જ યોગબિંદુમાં કહેવાયું છે કે "જે જીવો ભવાભિનંદી દોષોના પ્રતિપક્ષ ગુણોથી યુક્ત છે અને વર્ધમાન ગુણવાળા છે તેઓ અપુનર્બંધક છે." તેથી ફલિત થાય કે જેઓ ગુણશ્રેણીને અભિમુખ નથી છતાં ભવાભિનંદી જીવોના ક્ષુદ્રાદિ દોષો જેઓમાં અલ્પ-અલ્પતર થઈ રહ્યા છે, અક્ષુદ્રાદિ ગુણો વર્તી રહ્યા છે અને ઉચિત દયા-દાનાદિ ગુણો દ્વારા વધતા ગુણોવાળા છે તેઓ અપુનર્બંધક છે. માટે અપુનર્બંધકદશા એ પ્રથમ ગુણસ્થાનકની અવસ્થાવિશેષ છે. એથી જેઓ અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધક જીવોમાં માર્ગાનુસારી ભાવરૂપ ગુણ નથી તેમ કહે છે એ નિર્ગુણ એવા તેઓનું સર્વથા ગુણના નિષેધનું વચન છે. અર્થાત્ ભગવાનના માર્ગને નહીં જાણનારા એવા જીવોનું તે પ્રકારનું વચન છે. **॥૧૭॥**

अवतरणिका :-

तदेवं मार्गानुसारिभावस्य कालमानमुक्तं, अथानेन सदाचारक्रियारूपेण ज्ञानदर्शनयोगायोगाभ्यां यथा चतुर्भंगी निष्पद्यते तथाऽऽह –

अवतरणिकार्थ :-

આ રીતે=પૂર્વે ગાથામાં બતાવ્યું એ રીતે, માર્ગાનુસારીભાવનું કાલમાન કહેવાયું. હવે સદાચાર ક્રિયારૂપ એવા આની સાથે=માર્ગાનુસારીભાવ સાથે, જ્ઞાન-દર્શનના યોગ-અયોગ દ્વારા જે પ્રમાણે ચતુર્ભંગી થાય છે તે પ્રમાણે કહે છે –

ગાથા :-

एअम्मि नाणदंसणजोगाजोगेहिं देससव्वकओ ।
चउभंगो आराहगविराहगत्तेसु सुअसिद्धो ।।१८।।

છાયા :-

एतस्मिन् ज्ञानदर्शनयोगायोगाभ्यां देशसर्वकृतः ।
चतुर्भंग आराधकविराधकत्वयोः श्रुतसिद्धः ।।१८।।

અન્વયાર્થ :-

એઅમ્મિ=આ હોતે છતે=માર્ગાનુસારીભાવ હોતે છતે, નાણદંસણજોગાજોગેહિં=જ્ઞાન-દર્શનના યોગ-અયોગથી, આરાહગવિરાહગત્તેસુ=આરાધક-વિરાધકના, દેસસવ્વકઓ=દેશ-સર્વકૃત, ચઉભંગો=ચાર ભાંગાઓ, સુઅસિદ્ધો=શ્રુતસિદ્ધ છે. ।।૧૮।।

ગાથાર્થ :-

આ હોતે છતે=માર્ગાનુસારીભાવ હોતે છતે, જ્ઞાન-દર્શનના યોગ-અયોગથી આરાધક-વિરાધકના દેશ-સર્વકૃત ચાર ભાંગાઓ શ્રુતસિદ્ધ છે. ।।૧૮।।

ટીકા :-

एअम्मित्ति । एतस्मिन्=मार्गानुसारिभावे सदाचारक्रियारूपे, ज्ञानदर्शनयोगायोगाभ्यामाराधकत्व-विराधकत्वयोर्देशसर्वकृतश्चतुर्भङ्गसमाहारः श्रुतसिद्धः । तथाहि-मार्गानुसारिक्रियावान् ज्ञानदर्शनहीनश्च देशाराधक इति प्रथमो भङ्गः १ । ज्ञानदर्शनसंपन्नः क्रियाहीनश्च देशविराधक इति द्वितीयः २ । ज्ञानदर्शनसंपन्नः क्रियासंपन्नश्च सर्वाराधक इति तृतीयः ३ । ज्ञानदर्शनासंपन्नः क्रियाहीनश्च सर्वविराधक इति चतुर्थः ।

तथा च भगवतीसूत्रं – (श. ८ उ.१०) एवं खलु मए चत्तारि पुरिसजाया पण्णत्ता । तं जहा-१ सीलसंपन्ने णामं एगे णो सुअसंपन्ने । २ सुअसंपन्ने णामं एगे णो सीलसंपन्ने । ३ एगे सीलसंपन्नेवि सुअसंपन्नेवि । ४ एगे णो सीलसंपन्ने णो सुअसंपन्ने । तत्थ णं जे से पढमे पुरिसजाए से णं पुरिसे सीलवं असुअवं, उवरए अविण्णायधम्मे, एस णं गोअमा ! मए पुरिसे देसाराहए पण्णत्ते १ । तत्थ णं जे से दुच्चे पुरिसजाए से णं पुरिसे असीलवं सुअवं, अणुवरए विण्णायधम्मे, एस णं गोअमा ! मए पुरिसे देसविराहए पण्णत्ते २ । तत्थ णं जे से तच्चे पुरिसजाए से णं पुरिसे सीलवं सुअवं, उवरए विण्णायधम्मे, एस णं गोयमा ! मएपुरिसे सव्वाराहए पण्णत्ते ३ । तत्थ णं जे से चउत्थे पुरिसजाए से णं पुरिसे असीलवं असुअवं, अणुवरए अविण्णायधम्मे, एस णं गोअमा मए पुरिसे सव्वविराहए पण्णत्ते ४।। **एतद्वृत्तिर्यथा**–एवमित्यादि । एवं=वक्ष्यमाणन्यायेन पुरिसजाएत्ति पुरुषप्रकाराः । सीलवं असुयवंति कोऽर्थः? उवरए अविण्णायधम्मेत्ति उपरतो निवृत्तः स्वबुद्ध्या पापात् अविज्ञातधर्मा भावतोऽनधिगतश्रुतज्ञानो बालतपस्वीत्यर्थः, गीतार्थाऽनिश्रिततपश्चरणनिरतोऽगीतार्थ इत्यन्ये । 'देसाराहए'त्ति देशं स्तोकमंशं मोक्षमार्गस्याराधयतीत्यर्थः, सम्यग्बोधरहितत्वात् क्रियापरत्वाच्चेति । असीलवं

सुअवं ति कोऽर्थः ? अणुवरए विण्णायधम्मेत्ति पापादनिवृत्तो विज्ञातधर्मा चाविरतसम्यग्दृष्टिरितिभावः । देसविराहएत्ति देशं स्तोकमंशं ज्ञानादित्रयरूपस्य मोक्षमार्गस्य तृतीयभागरूपं चारित्रं विराधयतीत्यर्थः, प्राप्तस्य तस्यापालनाद् अप्राप्तेर्वा । सव्वाराहएत्ति सर्वं त्रिप्रकारमपि मोक्षमार्गमाराधयतीत्यर्थः, श्रुतशब्देन ज्ञानदर्शनयोः संगृहीतत्वात्, न हि मिथ्यादृष्टिर्विज्ञातधर्मा तत्त्वतो भवति । एतेन समुदितयोः शीलश्रुतयोः श्रेयस्त्वमुक्तम्' **इति ।।१८।।**

ટીકાર્થ :-

एतस्मिन् ..... श्रेयत्वमुक्तम्' इति ।। "एअम्मित्ति" પ્રતીક છે. સદાચાર ક્રિયારૂપ આ માર્ગાનુસારી ભાવ હોતે છતે જ્ઞાન-દર્શનના યોગ અને અયોગ દ્વારા આરાધક-વિરાધકપણાના દેશ અને સર્વકૃત ચાર ભંગનો સમુદાય શ્રુતસિદ્ધ છે. તે આ પ્રમાણે-(૧) માર્ગાનુસારીક્રિયાવાળો અને જ્ઞાન-દર્શનથી હીન દેશઆરાધક છે. તે પ્રથમ ભંગ છે. (૨) જ્ઞાનદર્શનસંપન્ન અને ક્રિયાથી હીન દેશવિરાધક છે. તે બીજો ભંગ છે. (૩) જ્ઞાનદર્શનસંપન્ન અને ક્રિયાસંપન્ન સર્વઆરાધક છે. તે ત્રીજો ભંગ છે. (૪) જ્ઞાનદર્શનઅસંપન્ન અને ક્રિયાથી હીન સર્વવિરાધક છે. તે ચોથો ભંગ છે.

અને તે પ્રમાણે=આરાધક-વિરાધકના ચાર ભાંગા બતાવ્યા તે પ્રમાણે, ભગવતીસૂત્ર છે –

આ રીતે=આગળ કહે છે એ રીતે, મારા વડે=ભગવાન વડે, ચાર પુરુષનો સમુદાય કહેવાયો છે. તે આ પ્રમાણે - -(૧) કેટલાક શીલસંપન્ન છે, શ્રુતસંપન્ન નથી, (૨) કેટલાક શ્રુતસંપન્ન છે, શીલસંપન્ન નથી, (૩) કેટલાક શીલસંપન્ન પણ છે શ્રુતસંપન્ન પણ છે અને (૪) કેટલાક શ્રુતસંપન્ન નથી, શીલસંપન્ન નથી. ત્યાં=ચાર પ્રકારના પુરુષના સમુદાયમાં, જેઓ તે પ્રથમ પુરુષસમુદાય છે, તે પુરુષો શીલવાન છે અને અશ્રુતવાન છે=ઉપરત અને અવિજ્ઞાત ધર્મવાળા છે=પાપથી ઉપરત હોવાને કારણે શીલવાળા છે અને અવિજ્ઞાત ધર્મવાળા હોવાને કારણે અશ્રુતવાળા છે. હે ગૌતમ ! આ પુરુષનો સમુદાય મારા વડે દેશઆરાધક કહેવાયો છે. ત્યાં=ચાર પ્રકારના પુરુષના સમુદાયમાં, જે તે બીજો પુરુષસમુદાય છે તે પુરુષો અશીલવાન અને શ્રુતવાન છે=અનુપરત અને વિજ્ઞાતધર્મવાળો છે,=પાપથી અનુપરત હોવાને કારણે અશીલવાન અને વિજ્ઞાતધર્મવાળો હોવાને કારણે શ્રુતવાન છે. હે ગૌતમ ! આ પુરુષ મારા વડે દેશવિરાધક કહેવાયો છે. ત્યાં=ચાર પ્રકારના પુરુષના સમુદાયમાં, જે તે ત્રીજો પુરુષસમુદાય છે તે પુરુષો શીલવાન અને શ્રુતવાન છે=ઉપરત અને વિજ્ઞાતધર્મવાળો છે,=પાપથી ઉપરત હોવાને કારણે શીલવાન છે અને વિજ્ઞાતધર્મવાળો હોવાને કારણે શ્રુતવાન છે. હે ગૌતમ ! આ પુરુષ મારા વડે સર્વઆરાધક કહેવાયો છે. ત્યાં=ચાર પ્રકારના પુરુષના સમુદાયમાં, જે તે ચોથો પુરુષસમુદાય છે તે પુરુષો અશીલવાન અને અશ્રુતવાન છે=અનુપરત અને અવિજ્ઞાતધર્મવાળો છે=પાપથી અનુપરત હોવાને કારણે અશીલવાન અને અવિજ્ઞાત ધર્મવાળો હોવાને કારણે અશ્રુતવાન છે. હે ગૌતમ ! આ પુરુષ મારા વડે સર્વવિરાધક કહેવાયો છે.

આની વૃત્તિ=ભગવતીસૂત્રની ટીકા, આ પ્રમાણે છે –

એવં=વક્ષ્યમાણન્યાયથી=આગળ કહેવાશે એ પદ્ધતિથી, ચાર પ્રકારના પુરુષો કહેવાય છે, એમ સંબંધ છે. પુરુષજાત=પુરુષના પ્રકારો, ચાર ભાંગામાંથી પ્રથમ ભાંગામાં શીલવાન અને અશ્રુતવાન કહ્યું તેનો શો અર્થ છે ? તે સ્પષ્ટ કરે છે – ઉપરત અને અવિજ્ઞાત ધર્મવાળો છે.

શેનાથી ઉપરત છે ? તેથી કહે છે –

સ્વબુદ્ધિ વડે પાપથી ઉપરત છે=નિવૃત્ત છે. અવિજ્ઞાતધર્મવાળો છે=ભાવથી નહિ પ્રાપ્ત કરાયેલા શ્રુતજ્ઞાનવાળો છે.

પ્રથમ ભંગ કોણ છે ? તેથી કહે છે –

બાલતપસ્વી છે. અને ગીતાર્થને અનિશ્રિત, તપચારિત્રમાં નિરત એવો અગીતાર્થ સાધુ છે, એમ બીજાઓ કહે છે. દેશઆરાધક એટલે દેશ=સ્તોક અંશરૂપ મોક્ષમાર્ગનું આરાધન કરે છે, તે પ્રમાણે અર્થ છે.

કેમ દેશઆરાધક છે ? તેથી કહે છે –

સમ્યગ્ બોધરહિતપણું હોવાથી અને ક્રિયામાં તત્પરપણું હોવાને કારણે દેશઆરાધક છે.

અશીલવાન અને શ્રુતવાન એનો શો અર્થ છે ? એ કહે છે –

અનુપરત અને વિજ્ઞાતધર્મવાળો છે=પાપથી અનિવૃત્ત અને ભગવાને કહેલા શ્રુતના તાત્પર્યને જાણનારો છે. અને તે અવિરતસમ્યગ્દૃષ્ટિ છે. તે અવિરતસમ્યગ્દૃષ્ટિ દેશવિરાધક છે.

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

દેશ=થોડા અંશની=જ્ઞાનાદિત્રયરૂપ મોક્ષમાર્ગના ત્રીજા ભાગરૂપ ચારિત્રરૂપ થોડા અંશની, વિરાધના કરે છે; કેમ કે પ્રાપ્ત એવા તેનું અપાલન છે – સ્વીકારાયેલા વ્રતવાળા એવા સંવિગ્નપાક્ષિકને પ્રાપ્ત એવા ચારિત્રનું અપાલન છે. અથવા અપ્રાપ્તિ છે=સમ્યક્ત્વ પામેલ છે અને વિરતિ સ્વીકારી નથી તેવા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રરૂપ દેશની અપ્રાપ્તિ છે.

સર્વઆરાધક એટલે સર્વ=ત્રણે પ્રકારના મોક્ષમાર્ગનું આરાધન કરે છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રુત-શીલની ચતુર્ભંગીમાં બે પ્રકારના મોક્ષમાર્ગને કહેવાને બદલે ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ કેમ કહ્યો ? તેથી કહે છે –

શ્રુતશીલમાં રહેલા શ્રુત શબ્દથી જ્ઞાન-દર્શનનું સંગૃહીતપણું છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રુત-શીલમાં શ્રુત શબ્દથી જ્ઞાન-દર્શનનું સંગૃહીતપણું કેમ છે ? તેથી કહે છે –

હિ=જે કારણથી, મિથ્યાદૃષ્ટિ પરમાર્થથી વિજ્ઞાતધર્મવાળા થતા નથી તેથી શ્રુત અંતર્ગત સમ્યગ્દર્શનનો સંગ્રહ છે. એમ અન્વય છે. આનાથી=ત્રીજા ભાંગાથી, સમુદિત એવા શ્રુત-શીલનું શ્રેયપણું કહેવાયું.

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ॥૧૮॥

ભાવાર્થ :-

ગાથા-૧૭માં દ્રવ્યથી માર્ગાનુસારી ભાવ ચરમ પુદ્ગલપરાવર્તમાં બીજાધાન કરતા એવા અપુનર્બંધક જીવમાં છે તેમ બતાવ્યું તે માર્ગાનુસારી ભાવ દ્રવ્યમાર્ગાનુસારી ભાવ છે. જેઓ જિનવચનના પરમાર્થને જાણીને જિનવચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને જિનતુલ્ય થવા યત્ન કરે છે તેવા જીવોમાં ભાવમાર્ગાનુસારી ભાવ છે. આ દ્રવ્યમાર્ગાનુસારી ભાવ અને ભાવમાર્ગાનુસારી ભાવ અને માર્ગાનુસારી ભાવનો અભાવ

એ ત્રણને આશ્રયીને ભગવતીમાં શ્રુત-શીલની ચતુર્ભંગી બતાવી છે. તેને ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગાથામાં બતાવે છે –

(૧) દેશઆરાધક જીવો :-

સંસારવર્તી જે જીવો કંઈક પાપથી ભય પામેલા છે અને સ્વબુદ્ધિથી હિંસાદિ પાપોને પાપરૂપે જાણીને તેનાથી વિરામ પામેલા છે. પરંતુ ભગવાનના વચનના મર્મને સ્પર્શનારો બોધ નહીં હોવાથી શ્રુત વગરના છે. તેઓ દેશઆરાધકરૂપ પ્રથમ ભાંગામાં છે. આ ભાંગામાં અન્યદર્શનવાળા પણ જે ભદ્રકપ્રકૃતિવાળા છે અને યોગની ચાર દૃષ્ટિમાંથી કોઈક દૃષ્ટિમાં વર્તે છે તેવા બાલતપસ્વી જીવો પ્રાપ્ત થાય છે. વળી જેઓએ જૈનસાધુપણું સ્વીકાર્યું છે અને ગીતાર્થ સાધુની નિશ્રાવાળા નથી છતાં ભદ્રકપ્રકૃતિવાળા છે. તેથી જેઓ તપ-ચારિત્રમાં નિરત છે અને અગીતાર્થ છે તેઓ પણ પ્રથમ ભાંગામાં આવે છે.

(૨) દેશવિરાધક જીવો :-

વળી બીજા ભાંગામાં દેશવિરાધકજીવો હોય છે જેઓ અશીલવાળા અને શ્રુતવાળા છે. જોકે બીજા ભાંગામાં રહેલ અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ પોતાની ભૂમિકાનુસાર ભગવદ્ભક્તિ આદિ અનુષ્ઠાનો કરે છે, જે શીલરૂપ છે તોપણ જે પ્રકારે સૂક્ષ્મ બોધ અવિરતસમ્યગ્દૃષ્ટિને છે તે બોધથી નિયંત્રિત એવું શીલ દેશવિરતિના કે સર્વવિરતિના પાલનરૂપ છે. આવું શીલ અવિરતસમ્યગ્દૃષ્ટિમાં નથી અને ભગવાનના વચનાનુસાર સંક્ષેપથી કે વિસ્તારથી શ્રુતનો સૂક્ષ્મ બોધ છે. માટે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગના ચારિત્રરૂપ એક અંશસ્વરૂપ શીલના તેઓ વિરાધક છે.

અવિરતસમ્યગ્દૃષ્ટિપણાની પ્રાપ્તિ પણ બે રીતે થાય છે. જેઓએ સંયમ ગ્રહણ કર્યું છે અને સૂક્ષ્મ બોધને અનુરૂપ જેઓનું સંયમના આચારમાં સદ્વીર્ય ઉલ્લસિત થતું નથી તેથી સંયમવેશમાં રહેલા, સ્થૂલથી સંયમના આચાર પાળનારા એવા સંવિગ્નપાક્ષિક પ્રતિજ્ઞાથી પ્રાપ્ત એવા ચારિત્ર અંશનું અપાલન કરે છે તેથી દેશવિરાધક છે. વળી જેઓ ઉપદેશાદિની સામગ્રીથી સમ્યક્ત્વને પામેલા છે અને સૂક્ષ્મ બોધ હોવાને કારણે ભાવથી સર્વવિરતિ પ્રત્યે જ બદ્ધરાગવાળા છે, પરંતુ પોતાની વિરતિની શક્તિ નથી તેવું જણાવાથી વિરતિ સ્વીકારતા નથી. તેઓને વિરતિની અપ્રાપ્તિ હોવાથી રત્નત્રયીના એક અંશરૂપ ચારિત્રના વિરાધક છે.

(૩) સર્વઆરાધક જીવો :-

વળી, જેઓ ભગવાનના વચનના સૂક્ષ્મ બોધવાળા છે. તેથી સંક્ષેપથી કે વિસ્તારથી શ્રુતના તાત્પર્યને જાણનારા છે તેવા જીવો શ્રુતવાળા છે. અને શ્રુતનો મર્મસ્પર્શી બોધ હોવાથી સંસારમાં જીવની કર્મકૃત અવસ્થા જીવની વિડંબણારૂપ છે તેવો સ્પષ્ટ બોધ છે. સંસારના ઉચ્છેદ માટે ભાવથી સંગ વગરની જીવની પરિણતિ આવશ્યક છે. જેના ઉપાયરૂપે ભગવાને સામાયિકનો પરિણામ બતાવ્યો છે. તે સામાયિકના પરિણામનો પરમાર્થ જાણીને સામાયિકના પરિણામ પ્રત્યે જેઓને અત્યંત રાગ થયો છે. તેથી સર્વ બાહ્ય સંગનો ત્યાગ કરીને માત્ર સામાયિકના પરિણામના રાગથી ચારિત્ર ગ્રહણ કરેલ છે. સ્વ સત્ત્વ અનુસાર અપ્રમાદભાવથી ચારિત્રચારની ક્રિયા કરીને સામાયિકના પરિણામને પામેલા છે. આવા મહાત્માઓ પ્રાપ્ત

થયેલા સામાયિકના પરિણામને સતત અતિશય-અતિશયતર કરનારા હોવાથી શીલસંપન્ન અને શ્રુતસંપન્ન છે. માટે સર્વઆરાધક છે.

(૪) સર્વવિરાધક જીવો :-

વળી, જેઓ અસદ્ગ્રહથી દૂષિત મતિવાળા છે. કોઈક રીતે સંયમ ગ્રહણ હોય, આમ છતાં શ્રુતના પરમાર્થને પામ્યા નથી વળી માર્ગાનુસારી મતિ નહીં હોવાથી શીલસંપન્ન પણ નથી તેવા જીવો સર્વવિરાધક છે. અને સંસારવર્તી ભોગવિલાસ કરનારા અને સમ્યક્ત્વને નહીં પામેલા, દૃઢ વિપર્યાસ મતિવાળા સંસારી સર્વજીવો સર્વવિરાધક છે. **॥૧૮॥**

અવતરણિકા :-

अत्र प्रथमभङ्गस्वामिनं भगवतीवृत्त्यनुसारेणैव स्वयं विवृण्वन्नन्यमतं दूषयितुमुपन्यस्यति –

અવતરણિકાર્થ :-

અહીં=આરાધકવિરાધકચતુર્ભંગીમાં, પ્રથમ ભાંગાના સ્વામીને ભગવતીની વૃત્તિના અનુસારથી જ સ્વયં વિવરણ કરતાં ગ્રંથકારશ્રી અન્ય મતને દૂષિત કરવા માટે ઉપન્યાસ કરે છે –

ગાથા :-

पढमो बालतवस्सी गीयत्थाणिस्सिओ व अग्गीओ ।
अण्णे भणंति लिंगी सम्मग्गमुणिमग्गकिरियधरो ।।१९।।

છાયા :-

प्रथमो बालतपस्वी गीतार्थानिश्रितो वाऽगीतः ।
अन्ये भणन्ति लिङ्गी समग्रमुनिमार्गक्रियाधरः ।।१९।।

અન્વયાર્થ :-

પઢમો=પ્રથમ=પ્રથમ ભંગનો સ્વામી, બાલતવસ્સી વ ગીયત્થાણિસ્સિઓ અગ્ગીઓ=બાલતપસ્વી અથવા ગીતાર્થ અનિશ્રિત અગીતાર્થ, અણ્ણે=અન્ય=અન્ય કેટલાક, સમ્મગ્ગમુણિમગ્ગકિરિયધરો=સમગ્ર મુનિમાર્ગની ક્રિયાને ધારણ કરનાર એવા, લિંગી=લિંગી સાધુ, ભણંતિ=કહે છે=પ્રથમ ભંગના સ્વામી કહે છે. ।।૧૯।।

ગાથાર્થ :-

પ્રથમ=પ્રથમ ભંગનો સ્વામી, બાલતપસ્વી અથવા ગીતાર્થ અનિશ્રિત અગીતાર્થ છે. અન્ય=અન્ય કેટલાક, સમગ્ર મુનિમાર્ગની ક્રિયાને ધારણ કરનાર એવા લિંગી સાધુ કહે છે=પ્રથમ ભંગના સ્વામી કહે છે. ।।૧૯।।

ટીકા :-

પઢમોત્તિ । પ્રથમઃ પ્રથમભઙ્ગસ્વામી જ્ઞાનદર્શનરહિતઃ ક્રિયાપરશ્ચ દેશારાધકત્વેનાધિકૃતો બાલતપસ્વી પરતન્ત્રોક્તમુમુક્ષુજનોચિતાચારવાન્ વૃત્તિકૃન્મતે, ગીતાર્થાઽનિશ્રિતોઽગીતઃ પદૈકેદેશે પદસમુદાયોપચારાદગીતાર્થો વાઽન્યેષામાચાર્યાણાં મતે, અસ્મિંશ્ચ સામ્પ્રદાયિકમતદ્વયે નાતિભેદ ઇત્યગ્રે દર્શયિષ્યતે । અન્યે સંપ્રદાયબાહ્યા ભણન્તિ–લિઙ્ગી=કેવલલિઙ્ગભૃત્ સમગ્રમુનિમાર્ગક્રિયાધરો મિથ્યાદૃષ્ટિરેવ સન્ કુતશ્ચિન્નિમિત્તાદઙ્ગીકૃતજિનોક્તસાધુસામાચારીપરિપાલનપરાયણો દેશારાધકઃ પ્રથમભઙ્ગસ્વામીતિ । અયમેતેષામાશયઃ–શાક્યાદિમાર્ગસ્થઃ શીલવાનપિ ન દેશારાધકઃ, પ્રતિપન્નયદનુષ્ઠાનાકરણેન જિનાજ્ઞાયા વિરાધકત્વં તદનુષ્ઠાનકરણેનૈવ જિનાજ્ઞાયા આરાધકત્વમિતિ નિયમાત્, શાક્યાદિમાર્ગાનુષ્ઠાનસ્ય ચાનીદૃશત્વાત્ તદઙ્ગીકૃત્યાપિ તત્કરણાકરણાભ્યાં જિનાજ્ઞારાધનવિરાધનયોરભાવાદ્, અન્યથા તન્માર્ગાનુષ્ઠાનત્યાજનેન જૈનમાર્ગાનુષ્ઠાનવ્યવસ્થાપનાઽયુક્તત્વપ્રસઙ્ગાત્ । કિઞ્ચ મિથ્યાદૃષ્ટીનાં જ્ઞાનસ્યાપ્યજ્ઞાનત્વેનેવ તન્માર્ગપતિતશીલસ્યાપ્યશીલત્વેન પ્રજ્ઞપ્તત્વાદન્યમાર્ગસ્થાનાં શીલવત્ત્વમેવ ન, ઇતિ કુતસ્તેષાં દેશારાધકત્વમ્? અન્યભિક્ષવો હિ જીવાદ્યાસ્તિક્યરહિતાઃ સર્વથાઽચારિત્રિણ એવેતિ 'संति एगेहिं भिक्खुहिं गारत्था संजमुत्तरा' **(उत्तरा.૫/૨૦) ઇત્યાદિ બહુગ્રન્થપ્રસિદ્ધં, અન્યથાઽન્યતીર્થિકાભિમતદેવાદયોઽપિ દેવત્વાદિનાઽભ્યુપગન્તવ્યાઃ પ્રસજ્યેરન્, મોક્ષમાર્ગભૂતશીલસ્યોપદેષ્ટૃત્વાત્, તસ્માદ્ ભવ્યા અભવ્યાશ્ચ નિખિલજૈનસામાચાર્યનુષ્ઠાનયુક્તા મિથ્યાદૃષ્ટય એવ દેશારાધકા ગ્રાહ્યાઃ, તેષાં દ્રવ્યશીલસ્યાપિ માર્ગપતિત્વેન વ્યવહારનયાપેક્ષયા પ્રશસ્તત્વાદ્, અત એવારાધકાનાં સતામેતેષાં નવમગ્રૈવેયકં યાવદુપપાતો ન વિરુદ્ધઃ, અખંડસામાચારીપરિપાલનબલેન તત્રોત્પાદાત્ । યદાગમઃ –** 'अह भंते असंजयभविअदव्वदेवाणं भवणवासीसु उक्कोसेण उवरिमगेविज्जएसुं त्ति ।' **(ભગ૦ શ૦ ૧ ઉ૦ ૨) વૃત્ત્યેકદેશો યથા –** 'तस्मान्मिथ्यादृष्टय एवाभव्या भव्या वाऽसंयतभव्यद्रव्यदेवाः श्रमणगुणधारिणो निखिलसामाचार्यनुष्ठानयुक्तो द्रव्यलिङ्गधारिणो गृह्यन्ते । ते ह्यखिलसामाचारीकेवलक्रियाप्रभावत एवोपरितनग्रैवेयकेषूत्पद्यन्त इति, असंयताश्च ते, सत्यप्यनुष्ठाने चारित्रपरिणामशून्यत्वादिति ।' **इत्थं चैतदङ્ગીકર્તવ્યં–જિનોક્તમનુષ્ઠાનમન્તરેણારાધકત્વાભાવાદ્, મિથ્યાદૃષ્ટિત્વમન્તરેણ બાલતપસ્વિત્વાભાવાચ્ચેતિ ।।૧૯।।**

ટીકાર્થ :-

પ્રથમઃ ..... બાલતપસ્વિત્વાભાવાચ્ચેતિ ।। "પઢમોત્તિ" પ્રતીક છે. પ્રથમ=પ્રથમ ભંગના સ્વામી, જ્ઞાન-દર્શન રહિત અને ક્રિયામાં તત્પર=ધર્માનુષ્ઠાનની ક્રિયામાં તત્પર, દેશારાધકપણાથી સ્વીકારાયેલો બાલતપસ્વી, અન્યદર્શનમાં રહેલ ઉચિત આચારવાળો વૃત્તિકાર=ભગવતીસૂત્રના વૃત્તિકારના મતે છે. અથવા ગીતાર્થ અનિશ્રિત અગીત=પદૈક દેશમાં પદસમુદાયના ઉપચારથી અગીતાર્થ, અન્ય આચાર્યોના

મતે છે. અને આ સાંપ્રદાયિક મતદ્વયમાં અતિભેદ નથી તે પ્રમાણે આગળ ગ્રંથકારશ્રી દેખાડશે. અન્ય=સંપ્રદાયથી બાહ્ય, એવા કેટલાક કહે છે.

શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

લિંગી=કેવલ લિંગને ધારણ કરનારા=મોક્ષમાર્ગને અનુકૂળ માર્ગાનુસારી ભાવના સ્પર્શ વગર કેવલ સાધુવેશને ધારણ કરનારા, સમગ્ર મુનિમાર્ગની ક્રિયામાં તત્પર એવા મિથ્યાદૃષ્ટિ છતાં કોઈક નિમિત્તથી અંગીકાર કરાયેલા ભગવાને કહેલા સાધુ સામાચારીના પરિપાલન કરવામાં પરાયણ પ્રથમ ભંગના સ્વામી દેશારાધક છે.

એઓનો=સંપ્રદાય બાહ્ય એવા કેટલાકનો, આ આશય છે – શાક્યાદિ માર્ગમાં રહેલા શીલવાન પણ=અહિંસાદિ આચારોને પાળનારા પણ, દેશ-આરાધક નથી; કેમ કે સ્વીકારાયેલા જે અનુષ્ઠાનના અકરણથી જિનાજ્ઞાનું વિરાધકપણું છે, તે અનુષ્ઠાનના કરણથી જ જિનાજ્ઞાનું આરાધકપણું છે. એ પ્રકારનો નિયમ છે.

અહીં પ્રશ્ન થાય કે સ્વીકારાયેલા જે અનુષ્ઠાનના અકરણથી જિનાજ્ઞાનું વિરાધકપણું હોય તે અનુષ્ઠાનના કરણથી જિનાજ્ઞાનું આરાધકપણું છે. તે નિયમ સ્વીકારવાથી શાક્યાદિ માર્ગમાં રહેલા શીલવાન પણ દેશઆરાધક નથી. તે કેવી રીતે નક્કી થાય ? તેથી બીજો હેતુ કહે છે –

શાક્યાદિ માર્ગમાં રહેલા અનુષ્ઠાનનું અનીદૃશપણું છે; કેમ કે તેને અંગીકાર કરીને પણ, તેના=શાક્યાદિ માર્ગના, અનુષ્ઠાનના, કરણ-અકરણ દ્વારા જિનાજ્ઞાના આરાધન-વિરાધનનો અભાવ છે. અન્યથા=શાક્યાદિ માર્ગના અનુષ્ઠાનના સેવનથી જિનાજ્ઞાનું આરાધનપણું હોય તો, તેના માર્ગના અનુષ્ઠાનના ત્યાજનથી=શાક્યાદિ માર્ગના અનુષ્ઠાનના ત્યાજનથી, જૈન માર્ગના અનુષ્ઠાનના વ્યવસ્થાપનના અયુક્તપણાનો પ્રસંગ છે.

વળી, મિથ્યાદૃષ્ટિ જીવોના જ્ઞાનનું પણ અજ્ઞાનપણું હોવાથી જ તેમના માર્ગમાં પડેલા શીલનું પણ=મિથ્યાદૃષ્ટિ જીવોના માર્ગમાં રહેલા શીલનું પણ, અશીલપણાથી પ્રજ્ઞપ્તપણું હોવાથી=કહેલું હોવાથી, અન્ય માર્ગમાં રહેલા જીવોનું શીલપણું જ નથી, એથી તેઓનું=અન્ય માર્ગમાં રહેલા મિથ્યાદૃષ્ટિઓનું, દેશારાધકપણું ક્યાંથી હોય ? અર્થાત્ દેશારાધકપણું ન હોય.

કેમ દેશારાધકપણું ન હોય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

અન્ય ભિક્ષુઓ=અન્યદર્શનના ત્યાગીઓ, જીવાદિ આસ્તિક્યથી રહિત સર્વથા અચારિત્રી જ છે. એ પ્રમાણે – "કેટલાક ભિક્ષુઓથી ગૃહસ્થો સંયમમાં ઉત્તર છે=આચારમાં શ્રેષ્ઠ છે" (ઉત્તરાધ્યયનસૂત્ર અધ્યયન-૫, ગાથા-૨૦) ઈત્યાદિ બહુ વચનો ગ્રંથમાં પ્રસિદ્ધ છે.

અન્યથા=અન્યદર્શનવાળા ભિક્ષુઓને દેશારાધક સ્વીકારો તો, અન્યતીર્થિક અભિમત દેવાદિ પણ દેવપણાદિથી સ્વીકારવા જોઈએ, એ પ્રમાણે પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે મોક્ષમાર્ગભૂત શીલના

ઉપદેષ્ટાપણું છે=અન્યદર્શનના દેવ-ગુરુ આદિનું મોક્ષમાર્ગભૂત શીલનું ઉપદેશકપણું છે, તે કારણથી=અન્યદર્શનના ભિક્ષુઓમાં દેશારાધકપણું નથી તે કારણથી, સંપૂર્ણ જૈન સામાચારીના અનુષ્ઠાનથી યુક્ત ભવ્ય અને અભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જ દેશારાધક ગ્રહણ કરવા જોઈએ; કેમ કે તેઓનું દ્રવ્યશીલનું પણ માર્ગપતિતપણું હોવાથી વ્યવહારનય અપેક્ષાએ પ્રશસ્તપણું છે. આથી જ=ભવ્ય-અભવ્ય એવા મિથ્યાદૃષ્ટિની જૈન સામાચારી વ્યવહારનયની અપેક્ષાએ પ્રશસ્ત છે આથી જ, આરાધક છતાં એવા આમનો=જૈન સામાચારીની બાહ્યથી આચરણા કરતા એવા મિથ્યાદૃષ્ટિઓનો, નવમા ગ્રૈવેયક સુધીનો ઉપપાત વિરુદ્ધ નથી; કેમ કે અખંડ સામાચારીના પરિપાલનના બળથી=જૈન સાધુપણું ગ્રહણ કરીને બાહ્યથી પૂર્ણસામાચારીના પરિપાલનના બળથી, ત્યાં=ગ્રૈવેયક સુધીમાં, ઉપપાત છે. જે કારણથી આગમ છે –

"હે ભગવન્ ! અસંયત એવા ભવ્યદ્રવ્યદેવોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી યાવત્ ઉપરિતન ગ્રૈવેયકમાં ઉપપાત છે." **(ભગવતીસૂત્ર શતક-૧, ઉદ્દેશો-૨)**

વૃત્તિનો એક અંશ આ પ્રમાણે છે –

"તે કારણથી મિથ્યાદૃષ્ટિ જ અભવ્ય અને ભવ્ય અસંયત ભવ્ય દેવો છે. જેઓ શ્રમણગુણને ધારણ કરનારા, નિખિલ સામાચારીના અનુષ્ઠાનથી યુક્ત, દ્રવ્યલિંગને ધારણ કરનારા ગ્રહણ થાય છે. તેઓ જ અખિલ સામાચારીરૂપ કેવલ ક્રિયાના પ્રભાવથી જ ઉપરના ગ્રૈવેયકોમાં ઉત્પન્ન થાય છે. અને તેઓ અસંયત છે; કેમ કે સંયમનું અનુષ્ઠાન હોવા છતાં પણ ચારિત્રના પરિણામથી શૂન્યપણું છે=આત્માના શુદ્ધ ભાવોમાં જવાને અનુકૂળ એવા ચારિત્રના પરિણામથી સર્વથા શૂન્યપણું છે."

અને આ રીતે=પૂર્વે સંપ્રદાય બાહ્યના મતનું સ્થાપન કરતાં કહ્યું કે જૈનદર્શનમાં રહેલા ભવ્ય-અભવ્ય સંપૂર્ણ સાધ્વાચારને પાળનારા મિથ્યાદૃષ્ટિ જ દેશારાધક છે એ રીતે, આ સ્વીકારવું જોઈએ=સંપ્રદાય બાહ્ય એવા કેટલાકોએ કહ્યું એ સ્વીકારવું જોઈએ; કેમ કે જિનોક્ત અનુષ્ઠાન વગર આરાધકપણાનો અભાવ છે અને મિથ્યાદૃષ્ટિપણા વગર બાલતપસ્વીપણાનો અભાવ છે. ॥૧૯॥

ભાવાર્થ :-

ગાથા-૧૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે માર્ગાનુસારી ભાવ હોતે છતે જ્ઞાનદર્શનના યોગથી અને અયોગથી દેશ-સર્વકૃત આરાધક-વિરાધકના ભાંગા પ્રાપ્ત થાય છે. ત્યાર પછી તેમાં સાક્ષીરૂપે ભગવતીનું વચન બતાવ્યું. ભગવતીની વૃત્તિ અનુસાર દેશારાધક કોણ છે ? તે પ્રસ્તુત ગાથામાં પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રી બતાવે છે –

દેશઆરાધકનો પ્રથમ પ્રકાર : બાલતપસ્વી :-

તે પ્રમાણે જ્ઞાન-દર્શનના પરિણામથી રહિત અને ધર્મની ક્રિયામાં તત્પર એ દેશારાધક છે. તે દેશારાધક ભગવતીસૂત્રના વૃત્તિકારના મતાનુસાર અન્યદર્શનમાં રહેલ મોક્ષના અર્થી જીવો ઉચિત એવા આચારને કરનાર બાલતપસ્વી દેશારાધક છે. તેથી એ પ્રાપ્ત થાય કે અન્યદર્શનમાં રહેલા કેટલાક જીવો સંસારથી

ભય પામેલા છે અને મોક્ષમાં જવાની ઇચ્છાવાળા છે. તેથી મોક્ષના ઉપાયરૂપે તે તે દર્શનના વચનાનુસાર તપ-ત્યાગને સેવે છે. તે બાલતપસ્વી જીવો દેશારાધક છે. અહીં બાલતપસ્વી કહેવાથી એ પ્રાપ્ત થાય કે તપસ્વી હોવાને કારણે મોક્ષમાર્ગના આરાધક છે અને મોક્ષમાર્ગના આરાધકના વિષયક સ્થૂલ બોધવાળા હોવાથી બાલ છે.

દેશઆરાધકનો દ્વિતીય પ્રકાર : ગીતાર્થઅનિશ્રિતઅગીતાર્થ :-

વળી, અન્ય આચાર્યોના મતે ગીતાર્થની નિશ્રાનો ત્યાગ કરીને અગીતાર્થ એવા સાધુ જે જૈન શાસનના આચારો પાળે છે અને મોક્ષમાં જવાના અર્થી હોવાથી પોતાના સ્થૂલ બોધાનુસાર પાપની નિવૃત્તિને કરનારા છે તેવા સાધુઓ દેશારાધક છે. આ બંને સાંપ્રદાયિક મતો છે. અર્થાત્ બાલતપસ્વીને દેશારાધક સ્વીકાર્યા અને ગીતાર્થઅનિશ્રિત અગીતાર્થને દેશારાધક સ્વીકાર્યા આ બંને સાંપ્રદાયિક મત છે. આ બંનેમાં બહુ ભેદ નથી જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. તેથી એ પ્રાપ્ત થાય કે અન્યદર્શનમાં પણ સ્થૂલ બોધવાળા જીવો સંન્યાસ ગ્રહણ કરીને મોક્ષમાર્ગની આરાધના કરે છે અને જૈનદર્શનમાં રહેલા પણ સ્થૂલબોધવાળા સંયમની ક્રિયા કરીને મોક્ષમાર્ગની આરાધના કરે છે તે બંને પ્રકારના જીવો દેશારાધક છે.

સંપ્રદાયબાહ્યને માન્ય દેશારાધકનું સ્વરૂપ :-

આ રીતે ગાથાના પૂર્વાર્ધથી દેશારાધક કોણ છે ? તે ગ્રંથકારશ્રીએ બતાવ્યું. હવે જેઓ ભગવાનના માર્ગરૂપ સંપ્રદાયથી બાહ્ય છે અને સ્વમતિ અનુસાર શાસ્ત્રવચનનો અર્થ કરે છે તેઓ દેશારાધક કોને સ્વીકારે છે, તે ગાથાના ઉત્તરાર્ધથી બતાવે છે. તેઓનું તે વચન ઉચિત નથી તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે.

સંપ્રદાયબાહ્ય એવા સાધુઓ કહે છે કે જેમણે જૈન સાધુવેશ ગ્રહણ કરેલ છે, સમગ્ર મુનિમાર્ગની ક્રિયામાં તત્પર છે, આમ છતાં તે ક્રિયાઓ દ્વારા મોક્ષને અનુકૂળ વીતરાગગામી એવા ભાવને લેશ પણ સ્પર્શતા નથી માટે વીતરાગ થવાના કારણીભૂત એવા માત્ર લિંગને ધારણ કરનારા છે તેવા મિથ્યાદૃષ્ટિ જીવો જ દેશારાધક છે. પરંતુ બૌદ્ધ દર્શનાદિમાં રહેલા મોક્ષને અનુકૂળ ક્રિયા કરનારા પણ દેશારાધક નથી.

કેમ તેઓ દેશારાધક નથી ? તેમાં તેઓ યુક્તિ આપે છે કે પોતે જે વ્રત સ્વીકારેલું હોય અને તે વ્રતનું અનુષ્ઠાન ન કરવામાં આવે તો જિનાજ્ઞાનું વિરાધકપણું થાય અને પોતે જિનાજ્ઞાનુસાર સ્વીકારાયેલા અનુષ્ઠાનના કરણથી જ જિનાજ્ઞાનું આરાધકપણું થાય અને અન્યદર્શનવાળા જીવોનું અનુષ્ઠાન જિનાજ્ઞાનું અનુસાર નથી માટે અન્યદર્શનના વચનાનુસાર કોઈ તે અન્યદર્શનનું અનુષ્ઠાન કરે તો આરાધક અને અન્યદર્શનનું સ્વીકારેલું અનુષ્ઠાન ન કરે તો તે વિરાધક તેમ કહી શકાય નહિ; કેમ કે આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં જિનાજ્ઞા કરનારને આરાધક સ્વીકારેલ છે અને જિનાજ્ઞા સ્વીકાર્યા પછી તે આરાધના નહીં કરનારને વિરાધક સ્વીકારેલ છે. માટે અન્યદર્શનના અનુષ્ઠાનને કરનારને મોક્ષમાર્ગના દેશારાધક સ્વીકારી શકાય નહિ. જો અન્યદર્શનના જીવો મોક્ષમાર્ગના દેશની આરાધના કરે છે તેમ સ્વીકારીએ તો ઉપદેશકના

ઉપદેશથી પ્રતિબોધ પામેલા જીવોને ઉપદેશક અન્યદર્શનના અનુષ્ઠાનનો ત્યાગ કરાવીને જૈન માર્ગના અનુષ્ઠાનમાં તેઓનું વ્યવસ્થાપન કરે છે. તેને અયુક્ત સ્વીકારવાનો પ્રસંગ આવે; કેમ કે અન્યદર્શનવાળા જીવો પણ પોતાના દર્શનાનુસાર મોક્ષમાર્ગનું આરાધન કરતા હોય તો તે મોક્ષમાર્ગની ઉચિત આચરણાનો ત્યાગ કરાવવો ઉચિત ગણાય નહિ.

વળી, અન્યદર્શનવાળા મિથ્યાદૃષ્ટિમાં દેશારાધકપણું નથી તેમ સ્વીકારવા માટે સંપ્રદાયબાહ્ય એવા અન્ય યુક્તિ આપે છે – મિથ્યાદૃષ્ટિ જીવોનું જ્ઞાન અજ્ઞાન છે. તેથી અજ્ઞાની એવા અન્યદર્શનવાળાના માર્ગમાં રહેલા જીવોનું શીલ પણ પરમાર્થથી અશીલ જ છે. એથી તેઓને દેશારાધક સ્વીકારી શકાય નહિ; કેમ કે અન્યભિક્ષુઓ જીવાદિ આસ્તિક્ય રહિત છે. અર્થાત્ જીવ છે, આત્મા નિત્ય છે, સ્વ-પરનો કર્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. એ ૬ સ્થાનોની શ્રદ્ધા રહિત છે. માટે તેઓના શીલની આચરણા પણ સર્વથા અચારિત્રરૂપ છે. માટે તેઓને દેશારાધક સ્વીકારી શકાય નહિ. અને જો અન્યદર્શનવાળા પોતાના ઇષ્ટ દેવના વચનાનુસાર શીલની આચરણા કરે છે તે આચરણાને આશ્રયીને તેઓને મોક્ષમાર્ગના દેશથી આરાધક સ્વીકારીએ તો તેવું શીલ બતાવનાર તેઓના દેવ પણ ઉપાસ્ય છે તેમ સ્વીકારવા પડે; કેમ કે મોક્ષમાર્ગના કારણભૂત એવા શીલને બતાવનારા છે. અને અન્યદર્શનના દેવ અને ગુરુ ઉપાસ્યરૂપે શાસ્ત્રસંમત નથી. માટે તેઓએ બતાવેલું શીલ પણ મોક્ષમાર્ગરૂપ સ્વીકારી શકાય નહીં, માટે જૈન શાસનમાં રહેલા ભવ્યજીવ કે અભવ્ય જીવ સંપૂર્ણ સાધુ સામાચારીને પાળનારા છે અને મિથ્યાદૃષ્ટિ છે. તેઓ દેશારાધક છે; કેમ કે તેઓ જે જૈન સાધ્વાચારની ક્રિયાઓ કરે છે તે દ્રવ્યશીલ છે માટે વ્યવહારનય તેને પ્રશસ્ત સ્વીકારે છે, તેથી તેવા શીલના બળથી તેઓ દેશારાધક છે. આ પ્રકારનો સંપ્રદાયબાહ્ય એવા અન્યનો આશય છે. અને પોતાના અભિપ્રાયને સ્પષ્ટ કરતાં કહે છે કે આથી જ ભવ્યાભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જીવો જૈન સાધ્વાચારને પાળીને ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે. અને તે જીવો જૈન સાધ્વાચારની ક્રિયાઓ પાળે છે. તેથી નવમા ગ્રૈવેયકમાં જાય છે અને ભાવથી અસંયત છે. તેથી તેઓનું અનુષ્ઠાન ચારિત્રના પરિણામથી શૂન્ય છે. માટે તેઓ બાલતપસ્વી છે. અર્થાત્ ભગવાનના શાસનનું અનુષ્ઠાન કરે છે માટે તપસ્વી છે. અને મિથ્યાત્વી છે માટે બાલ છે. આ પ્રકારે જૈનદર્શનના સાધ્વાચાર પાળનાર મિથ્યાત્વીને દેશારાધક તરીકે સંપ્રદાયબાહ્ય એવા અન્ય સ્થાપન કરે છે. **॥૧૯॥**

અવતરણિકા :-

एतन्मतं दूषयति –

અવતરણિકાર્થ :-

આ મતને=ગાથા-૧૯ના ઉત્તરાર્ધથી સંપ્રદાયબાહ્ય એવા અન્ય જે કહે છે તે બતાવ્યું. તે મતને દૂષિત કરે છે –

ગાથા :-

तं मिच्छा जं फलओ मुक्खं आराहगत्तमिह पगयं ।
तं च ण एगंतेणं किरियाए भावसुन्नाए ।।२०।।

છાયા :-

तन्मिथ्या यत्फलतो मुख्यमाराधकत्वमिह प्रकृतम् ।
तच्च नैकान्तेन क्रियया भावशून्यया ।।२०।।

અન્વયાર્થ :-

तं=તે મત, मिच्छा=મિથ્યા છે=ગાથા-૧૯ના ઉત્તરાર્ધમાં કહેલ સંપ્રદાયબાહ્યનો કહેવાયેલો મત મિથ્યા છે, जं=જે કારણથી, इह=અહીં=પ્રકૃત ચતુર્ભંગી પ્રતિપાદક ભગવતીસૂત્રમાં, फलओ मुक्खं आराहगत्तम्=ફળથી મુખ્ય આરાધકપણું=ફળરૂપ મોક્ષને આશ્રયીને મુખ્ય આરાધકપણું, पगयं=પ્રકૃત છે. तं च=અને તે મુખ્ય આરાધકપણું, एगंतेण=એકાંતથી, भावसुन्नाए किरियाए=ભાવશૂન્ય એવી ક્રિયા વડે ण=નથી. ।।૨૦।।

ગાથાર્થ :-

તે મત મિથ્યા છે=ગાથા-૧૯ના ઉત્તરાર્ધમાં કહેલ સંપ્રદાયબાહ્યનો કહેવાયેલો મત મિથ્યા છે, જે કારણથી અહીં=પ્રકૃત ચતુર્ભંગી પ્રતિપાદક ભગવતીસૂત્રમાં, ફળથી મુખ્ય આરાધકપણું=ફળરૂપ મોક્ષને આશ્રયીને મુખ્ય આરાધકપણું, પ્રકૃત છે. અને તે મુખ્યારાધકપણું એકાંતથી ભાવશૂન્ય એવી ક્રિયા વડે નથી. ।।૨૦।।

ટીકા :-

तं मिच्छत्ति । तत्=सम्प्रदायबाह्योक्तं मतं, मिथ्या यद्=यस्मात् इह=प्रकृतचतुर्भङ्गीप्रतिपादक-भगवतीसूत्रे, मुख्यं=मोक्षानुकूलं, आराधकत्वं प्रकृतं, ज्ञानक्रियाऽन्यतरमोक्षकारणवादिनामन्यतीर्थिकानां मतनिरासार्थं तत्समुच्चयवादविशदीकरणायैतत्सूत्रप्रवृत्तेः, प्रत्येकं ज्ञानक्रिययोः स्वल्पसामर्थ्यस्य समुदित-योश्च तयोः संपूर्णसामर्थ्यस्य प्रदर्शनार्थं देशाराधकादिचतुर्भङ्ग्युपन्यासस्य सार्थक्यात्, प्रत्येकस्वल्प-सामर्थ्यस्याभावे च सिकतासमुदायात्तैलस्येव तत्समुदायादपि मोक्षस्यानुपपत्तेः । तदिदमाहाक्षेपसमा-धानपूर्वं भाष्यकारः–

पत्तेयमभावाओ णिव्वाणं समुदियासु ण जुत्तं ।
नाणकिरियासु वोत्तुं सिकतासमुदाये तेल्लं व ।।

वीसुं ण सव्वह च्चिय सिकतातेल्लं व साहणाभावो ।

देसोवगारिया जा सा समवायंमि संपुण्णा ।। **(विशे० भा० श्लोक-११६३-६४)**

अग्रिमगाथार्थो यथा – न च विष्वक्=पृथक्, सर्वथैव सिकताकणानां तैल इव साध्ये ज्ञानक्रिययोर्मोक्षं प्रति साधनत्वाभावः, किन्तु या च यावती च तयोर्मोक्षं प्रति देशोपकारिता प्रत्येकावस्थायामप्यस्ति सा च समुदाये संपूर्णा भवत्येतावान् विशेषः, अतः संयोग एव ज्ञानक्रिययोः कार्यसिद्धिरिति । **तच्च मुख्यमाराधकत्वमसंयतभव्यद्रव्यदेवानामेकान्तेन भावशून्यया क्रियया न सम्भवतीति । यदि च देशाराधकत्वमभ्युदयापेक्षया व्याख्येयं तदा सर्वाराधकत्वमप्यभ्युदयापेक्षयैव पर्यवस्येदिति न काचित्परस्यप्रयोजनसिद्धिः, प्रत्युत प्रत्येकपक्षविशेषसङ्घटनानुपपत्तिः । किञ्च, 'शीलवानश्रुतवान् देशाराधकः इत्यत्र योग्यताबलादपि मार्गानुसारिबालतपस्व्येव गृहीतुं युज्यते नान्यः, तद्गतभावशून्यक्रियायाः समुदायादेशत्वादपुनर्बन्धकादिक्रियायामेव मोक्षसमुचितशक्तिसमर्थनाद्, अनुपचितशक्तिकोपादानकारणस्यैव देशत्वेन शास्त्रे व्यवहाराद्, अत एव मृद्द्रव्यमेव घटदेशो न तु तन्त्वादिर्दण्डादिर्वा, मोक्षोपादानत्वं च क्रियायां योगरूपायामुपयोगरूपायां वेत्यन्यदेतत् ।।२०।।**

टीकार्थ :-

तत् सम्प्रदायबाह्योक्तं ..... वेत्यन्यदेतत् ।। 'तं मिच्छत्ति' प्रतीक छे. ते=संप्रदायबाह्य वडे कहेवायेलो मत, मिथ्या छे. जे कारणथी अहीं=प्रकृत चतुर्भंगी प्रतिपादक भगवतीसूत्रमां, मुख्य=मोक्षानुकूल आराधकपणुं प्रकृत छे; केम के ज्ञान-क्रिया अन्यतर मोक्षना कारणवादी एवा अन्यतीर्थिकोना मतनिरास अर्थे तेना समुच्चयवादना विशदीकरण माटे=ज्ञान-क्रियानो समुच्चय मोक्षनुं कारण छे ए प्रमाणे स्वीकारनार जे स्याद्वाद तेनो विशद बोध करावववा माटे, आ सूत्रनी प्रवृत्ति छे=भगवतीसूत्रना आराधक-विराधक प्रतिपादक सूत्रनी प्रवृत्ति छे.

अहीं प्रश्न थाय के ज्ञानक्रियानो समुच्चयवाद बतावववानुं शुं प्रयोजन छे ? तेथी अन्य हेतु कहे छे –

प्रत्येक एवा ज्ञान-क्रियाना स्वल्प सामर्थ्यनुं अने समुचित एवा ते बेना=ज्ञान-क्रियाना, संपूर्ण सामर्थ्यना प्रदर्शन माटे देशाराधकादि चतुर्भंगीना उपन्यासनुं सार्थकपणुं छे.

अहीं प्रश्न थाय के ज्ञान-क्रियानो समुदाय मोक्षनुं कारण होवा छतां तेमांनुं प्रत्येक मोक्षनुं कारण नथी तेम स्वीकारवाने बदले मोक्ष प्रत्ये ज्ञान-क्रियामांथी प्रत्येक स्वल्प सामर्थ्यवाळुं छे. तेम केम कह्युं ? तेमां हेतु कहे छे –

अने प्रत्येकना स्वल्प सामर्थ्यना अभावमां=ज्ञान-क्रियामांथी प्रत्येकना स्वल्प सार्मथ्यना अभावमां, रेतीना समुदायथी तेलनी जेम तेना समुदायथी पण=ज्ञान-क्रियाना समुदायथी पण, मोक्षनी अनुपपत्ति

છે. તે આ=ગ્રંથકારશ્રીએ કહ્યું કે જ્ઞાનક્રિયાના પ્રત્યેકમાં સ્વલ્પ સામર્થ્ય છે. માટે સમુદાયમાં પૂર્ણ સામર્થ્ય છે તે આ, આક્ષેપ-સમાધાનપૂર્વક ભાષ્યકાર કહે છે=વિશેષાવશ્યકભાષ્યકાર કહે છે –

"પ્રત્યેકને આશ્રયીને અભાવ હોવાથી=જ્ઞાન-ક્રિયામાંથી પ્રત્યેકને આશ્રયીને મોક્ષના કારણનો અભાવ હોવાથી રેતીના સમુદાયમાં તેલની જેમ સમુદિત એવી જ્ઞાન-ક્રિયાથી નિર્વાણ કહેવા માટે યુક્ત નથી. ॥૧૧૬૩॥

સિક્તામાં તેલની જેમ=રેતીના સમુદાયમાં સાધ્ય એવા તેલના અભાવની જેમ, પૃથક્ એવાં જ્ઞાન-ક્રિયામાં સર્વથા જ સાધનનો અભાવ નથી=મોક્ષની કારણતાનો અભાવ નથી, જે દેશોપકારિતા છે=પૃથક્ એવાં જ્ઞાન-ક્રિયામાં જે દેશોપકારિતા છે, તે સમવાયમાં=જ્ઞાન-ક્રિયાના સમુદાયમાં સંપૂર્ણ છે. ॥૧૧૬૪॥"

અગ્રિમ ગાથાનો અર્થ=વિશેષાવશ્યકભાષ્યની બે ગાથામાંથી બીજી ગાથાનો અર્થ 'યથા'થી બતાવે છે – "અને સર્વથા જ રેતીના કણિયાઓમાં સાધ્ય એવા તેલની જેમ વિષ્વક્=પૃથગ્ એવાં જ્ઞાન-ક્રિયામાં મોક્ષ પ્રતિ સાધનપણાનો અભાવ નથી પરંતુ જે અને જેટલી તે બંનેની મોક્ષ પ્રત્યે દેશોપકારિતા છે, તે પ્રત્યેક અવસ્થામાં પણ છે અને સમુદાયમાં સંપૂર્ણ છે એટલો વિશેષ છે=જ્ઞાન-ક્રિયાનો દેશ અને જ્ઞાન-ક્રિયાના સમુદાય વચ્ચે ભેદ છે. આથી જ્ઞાન-ક્રિયાના સંયોગથી જ કાર્યની સિદ્ધિ છે."

આ રીતે પ્રસ્તુત ગ્રંથની ગાથાના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કરે છે –

અને તે મુખ્ય આરાધકપણું અસંયત એવા ભવ્યદ્રવ્યદેવોને એકાંતથી ભાવશૂન્ય ક્રિયા હોવાને કારણે સંભવતું નથી 'इति' શબ્દ ગાથાસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.

ગાથાસ્પર્શી ટીકા દ્વારા સ્પષ્ટ કર્યું કે એકાંતભાવશૂન્ય એવી ક્રિયાથી મુખ્ય આરાધકપણું નિખિલ સાધુ સામાચારી કરનાર ભવ્ય-અભવ્ય મિથ્યાદૃષ્ટિમાં સિદ્ધ થતું નથી અને તેને જ તર્ક દ્વારા પુષ્ટ કરવા અર્થે કહે છે –

જો દેશારાધકપણું અભ્યુદયની અપેક્ષાએ વ્યાખ્યેય થાય તો સર્વ આરાધકપણું પણ અભ્યુદયની અપેક્ષાએ પર્યવસાન પામે. (અને સર્વ આરાધકપણું અભ્યુદયની અપેક્ષાએ નથી. માટે દેશારાધકપણું પણ અભ્યુદયની અપેક્ષાએ સ્વીકારી શકાય નહીં.) એથી પરના=સંપ્રદાયબાહ્ય પક્ષના, કોઈ પ્રયોજનની સિદ્ધિ નથી=જ્ઞાન-ક્રિયામાંથી માત્ર ભાવશૂન્ય નિખિલ સામાચારીરૂપ ક્રિયા કરનાર દેશારાધક છે એ પ્રકારના પરના સ્વીકારના પ્રયોજનની કોઈ સિદ્ધિ નથી; ઊલટું પ્રત્યેક પક્ષવિશેષના સંઘટ્ટનની અનુપપત્તિ છે=જ્ઞાન અને ક્રિયારૂપ પ્રત્યેક પક્ષના ભેદના સંઘટ્ટનની અનુપપત્તિ છે, (પૂર્વપક્ષીના વચનાનુસાર ક્રિયારૂપ પક્ષ અભ્યુદયનું કારણ સ્વીકારવામાં આવે અને જ્ઞાનરૂપ પક્ષ મોક્ષનું કારણ સ્વીકારવામાં આવે તો તે બંને પક્ષનું સંઘટ્ટન કરવાથી મોક્ષની પૂર્ણ કારણતા તે બેમાં પ્રાપ્ત થાય નહિ.)

વળી, શીલવાળો અને અશ્રુતવાળો દેશારાધક છે એ પ્રકારના ભાંગામાં યોગ્યતાના બળથી પણ=મોક્ષમાં જવાની યોગ્યતાના બળથી પણ, માર્ગાનુસારી બાલતપસ્વીને જ ગ્રહણ કરવો યોગ્ય છે, અન્યને નહિ; કેમ કે તદ્ગતભાવશૂન્યક્રિયાનું=માર્ગાનુસારીથી અન્ય એવા ચારિત્રની ક્રિયા કરનારા ગત-ભાવશૂન્ય એવી ક્રિયાના સમુદાયનું અદેશપણું છે.

અહીં પ્રશ્ન થાય કે માર્ગાનુસારી જીવ સિવાય અન્ય જીવની ભાવશૂન્ય ક્રિયાસમુદાયનું અદેશપણું કેમ છે ? અર્થાત્ તે ક્રિયા પણ જ્ઞાન, ચારિત્રરૂપ સમુદાયના એક દેશ એવા દ્રવ્યચારિત્રરૂપ છે તેમ સ્વીકારવું જોઈએ. તેના નિરાકરણ માટે અન્ય હેતુ કહે છે –

અપુનર્બંધકાદિની ક્રિયામાં જ મોક્ષની સમુચિત શક્તિનું સમર્થન છે.

અહીં પ્રશ્ન થાય કે અપુનર્બંધકની ક્રિયામાં જ મોક્ષની સમુચિત શક્તિ છે. અન્યની ક્રિયામાં નહિ. તે કેમ નક્કી થાય ? તેથી કહે છે –

અનુપચિત શક્તિક ઉપાદાનકારણનું જ=અલ્પ પ્રમાણમાં સંચિત શક્તિવાળા ઉપાદાનકારણના જ દેશપણાથી શાસ્ત્રમાં વ્યવહાર છે. આથી જ=અનુપચિત શક્તિવાળા ઉપાદાનકારણનું જ દેશપણું હોવાને કારણે જ, મૃદ્ દ્રવ્ય જ ઘટ દેશ છે, પરંતુ તંતુ આદિ અથવા દંડાદિ નથી.

અહીં પ્રશ્ન થાય કે અપુનર્બંધકની ક્રિયામાં ઉપાદાનકારણપણું કઈ રીતે છે ? તેથી કહે છે –

યોગરૂપ અથવા ઉપયોગરૂપ એવી ક્રિયામાં મોક્ષનું ઉપાદાનપણું છે, એ અન્ય છે. ॥૨૦॥

ભાવાર્થ :-

ગાથા-૧૯ ના ઉત્તરાર્ધમાં ગ્રંથકારશ્રીએ સંપ્રદાયબાહ્ય એવા અન્યનો મત બતાવ્યો. તેઓ કહે છે કે ભવ્ય-અભવ્ય જીવો ભગવાનના વચનથી સંયમની સર્વ બાહ્ય ક્રિયા કરતા હોય તેવા મિથ્યાદૃષ્ટિ દેશારાધક છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે તેઓનું તે વચન મિથ્યા છે; કેમ કે મોક્ષને અનુકૂળ મુખ્ય આરાધકપણાને બતાવવા ભગવતીસૂત્રની આરાધક-વિરાધક ચતુર્ભંગીનું પ્રયોજન છે. તેથી જેઓ મોક્ષને અનુકૂળ એવી જ્ઞાન-ક્રિયામાંથી અન્યતર એવી મોક્ષના કારણીભૂત ક્રિયા કરતા હોય તેઓને જ દેશારાધકરૂપે સ્વીકારેલ છે.

વળી જ્ઞાન-ક્રિયા અન્યતર મોક્ષના કારણવાદી એવા અન્યતીર્થિકના મતનો નિરાસ કરીને સમુદિત એવાં જ્ઞાન-ક્રિયા મોક્ષનું કારણ છે તેને સ્પષ્ટ કરવા માટે ભગવતી સૂત્રની પ્રવૃત્તિ છે. તેથી જે ક્રિયા લેશ પણ મોક્ષનું કારણ ન હોય તેવી ક્રિયાને ગ્રહણ કરીને તેઓને દેશારાધક સ્વીકારી શકાય નહિ. પરંતુ જે જ્ઞાન-ક્રિયા સમુચિત હોય અર્થાત્ મિલિત હોય તેવી જ્ઞાન-ક્રિયા કરનાર સર્વારાધક છે. આવા સર્વારાધકમાંથી જેઓ દેશથી મોક્ષનું કારણ બને તેવી ક્રિયા કરે છે તેઓની ક્રિયાને આશ્રયીને તેઓને દેશારાધક સ્વીકારી શકાય, અન્યને નહિ. તેમાં યુક્તિ બતાવે છે કે મોક્ષના કારણભૂત એવાં જે જ્ઞાન-ક્રિયા છે તેમાંથી પ્રત્યેક મોક્ષપ્રાપ્તિ પ્રત્યે સ્વલ્પ સામર્થ્યવાળા છે અને સમુચિત એવાં તે બંને સંપૂર્ણ સામર્થ્યવાળાં છે તે બતાવવા માટે ભગવતીમાં દેશારાધક આદિ ચતુર્ભંગીનો ઉપન્યાસ કર્યો છે.

હવે જો પૂર્વપક્ષી સ્વીકારે છે તેમ સર્વથા મોક્ષનું અકારણ એવી અભવ્યાદિની ક્રિયાને ગ્રહણ કરીને દેશારાધક સ્વીકારીએ તો અભવ્યાદિની તે ક્રિયામાં મોક્ષને અનુકૂળ સ્વલ્પ પણ સામર્થ્ય નથી. તેથી રેતીના કણિયામાં જેમ તેલ નથી માટે રેતીના સમુદાયમાં પણ તેલ પ્રાપ્ત થાય નહીં તેમ જે જ્ઞાન-ક્રિયામાંથી પ્રત્યેકમાં મોક્ષને અનુકૂળ સ્વલ્પ સામર્થ્ય ન હોય તેના સમુદાયથી પણ મોક્ષની પ્રાપ્તિ થઈ નહિ. માટે જેમ

તલના એક કણિયામાં સ્વલ્પ તેલ છે અને સમુદાયમાં પૂર્ણ તેલ છે તેમ જ્ઞાન-ક્રિયામાંથી પ્રત્યેકમાં મોક્ષનું સ્વલ્પ સામર્થ્ય છે. માટે મોક્ષને અનુકૂળ એવી કેવલ ક્રિયા કરનારા જીવોને દેશારાધક સ્વીકાર્યા છે અને મોક્ષને અનુકૂલ માત્ર જ્ઞાનવાળા જીવોને દેશવિરાધક સ્વીકાર્યા છે. વળી, જેમ તલના સમુદાયમાં પૂર્ણ તેલ છે તેમ જ્ઞાન-ક્રિયાના સમુદાયમાં મોક્ષનું પૂર્ણ આરાધકપણું છે. આથી જ્ઞાન-ક્રિયાના સંયોગથી મોક્ષરૂપ કાર્ય સિદ્ધ થાય છે અર્થાત્ જેમ એક તલમાં અલ્પ તેલ છે અને તલના સમુદાયમાં પૂર્ણ તેલ છે તેમ જ્ઞાન-ક્રિયામાંથી એકમાં અલ્પ આરાધકપણું છે અને જ્ઞાન-ક્રિયાના સંયોગમાં પૂર્ણ આરાધકપણું છે. તેથી જ્ઞાનક્રિયાના સંયોગથી મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ થાય છે.

અહીં વિશેષ એ છે કે જ્ઞાન-ક્રિયાનો પૂર્ણ સંયોગ જિનવચનથી નિયંત્રિત અપ્રમાદભાવથી સંયમની ક્રિયા કરનાર સાધુમાં છે; કેમ કે તેમનામાં જિનવચનાનુસાર શ્રુતજ્ઞાન છે અને જિનવચનાનુસાર સર્વ ક્રિયા હોવાથી શીલ છે. આવા જ્ઞાન-ક્રિયાવાળા મુનિ જિનવચનાનુસાર ક્રિયાના બળથી અસંગભાવને પામે છે અને અસંગાનુષ્ઠાનના બળથી ક્ષપકશ્રેણીને પામે છે ત્યારે કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે. કેવલજ્ઞાનના બળથી જ્યારે યોગનિરોધને પ્રાપ્ત કરે છે ત્યારે તે મહાત્મા પૂર્ણજ્ઞાન અને સર્વસંવરની ક્રિયાવાળા હોય છે જેનાથી મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ થાય છે. તેથી ફલિત થાય કે શ્રુત અને શીલ બંનેના સંયોગથી તે મહાત્મા સર્વઆરાધક બને છે અને સર્વસંવરથી મોક્ષને પ્રાપ્ત કરે છે.

સંપ્રદાયબાહ્ય પક્ષવાળા એવા અન્ય, ભાવશૂન્ય સંયમની ક્રિયા કરનારને દેશઆરાધક સ્વીકારે છે અને તેનાથી ઉત્કૃષ્ટથી અભ્યુદયરૂપ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિને સ્વીકારે છે. તેવી ભાવશૂન્ય ક્રિયામાં દેશારાધકપણું સ્વીકારવું યુક્ત નથી તે તર્કથી સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જો પૂર્વપક્ષી અભ્યુદયની અપેક્ષાએ ભાવશૂન્ય એવી ક્રિયામાં દેશારાધકપણું સ્વીકારે તો જ્ઞાન-ક્રિયાના સમુદાયમાં સર્વ આરાધકપણું પણ અભ્યુદયની અપેક્ષાએ જ પર્યવસાન પામે; કેમ કે જે દેશમાં જે શક્તિ હોય તેના સમુદાયમાં તેની પૂર્ણ શક્તિ આવે. તેથી ક્રિયારૂપ દેશમાં માત્ર અભ્યુદયની શક્તિ હોય તો જ્ઞાન-ક્રિયાના સમુદાયમાં પણ અભ્યુદયની શક્તિ સ્વીકારવી પડે. તેથી દેશથી આરાધના કરનાર દેશથી અભ્યુદયને પામે અને સર્વ આરાધના કરનાર પૂર્ણ અભ્યુદયને પામે તેમ સિદ્ધ થાય. ભગવતીસૂત્રમાં મોક્ષમાર્ગની આરાધનાની અપેક્ષાએ ચતુર્ભંગી કરેલ છે. તેથી અભ્યુદયની અપેક્ષાએ દેશારાધકપણું સ્વીકારીએ તો પરના કોઈ પ્રયોજનની સિદ્ધિ થાય નહિ; કેમ કે પરને પણ મોક્ષની અપેક્ષાએ જ સર્વઆરાધકપણું સંમત છે. આ રીતે પૂર્વપક્ષી દેશઆરાધક સ્વીકારે તો ઊલટા દોષની પ્રાપ્તિ થાય.

કયા દોષની પ્રાપ્તિ થાય ? તે બતાવે છે –

જો પર અભ્યુદયની અપેક્ષાએ દેશારાધકપણું સ્વીકારે તો જ્ઞાન-ક્રિયારૂપ બંને પક્ષવિશેષના સંઘટ્ટનની અનુપપત્તિ થાય.

આશય એ છે કે એક તલના કણિયામાં જે તેલ છે તે જ તલના સમુદાયમાં પ્રચુર છે. તેથી તલના સમુદાયથી પ્રચુર તેલની પ્રાપ્તિ થાય છે. તેમ ક્રિયામાં પણ મોક્ષને અનુકૂળ આરાધકપણું હોય અને જ્ઞાનમાં

પણ મોક્ષને અનુકૂલ આરાધકપણું હોય તો બંને પક્ષના સંઘટનથી મોક્ષને અનુકૂલ સર્વ આરાધકપણાની સિદ્ધિ થાય પરંતુ ક્રિયામાં અભ્યુદયની અપેક્ષાએ દેશઆરાધકપણું સ્વીકારવામાં આવે અને જ્ઞાનમાં મોક્ષની અપેક્ષાએ-સર્વઆરાધકપણું સ્વીકારવામાં આવે તો જ્ઞાન અને ક્રિયાના સંઘટનથી સર્વ આરાધકપણાની ઉપપત્તિ થાય નહીં; કેમ કે ક્રિયામાં મોક્ષને અનુકૂલ આરાધકપણું નથી માટે તેના સમુચ્ચયથી સર્વઆરાધકપણાની સિદ્ધિ થઈ શકે નહિ.

વળી, શીલવાન અને અશ્રુતવાન દેશારાધક છે એ કથનમાં મોક્ષમાર્ગની યોગ્યતાના બળથી પણ માર્ગાનુસારી ભાવવાળો જ બાળતપસ્વી ગ્રહણ થઈ શકે; કેમ કે માર્ગાનુસારી બુદ્ધિ હોવાથી મોક્ષમાર્ગના દેશની આરાધના કરે છે તેમ કહી શકાય. પરંતુ જેઓમાં માર્ગાનુસારી ભાવ નથી તેવા બાલતપસ્વીને ગ્રહણ કરી શકાય નહીં.

આશય એ છે કે સંપ્રદાયબાહ્ય પક્ષવાળા કહે છે કે ભગવાને કહેલ સામાચારીનું પાલન કરનાર અને મોક્ષને અનુકૂલ ભાવશૂન્ય જેઓ છે તેઓ બાલતપસ્વી છે; કેમ કે મોક્ષનો અનુકૂલ ભાવના લેશનો પણ બોધ નથી માટે બાલ છે, અને સંયમની ક્રિયાઓ કરે છે માટે તપસ્વી છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે તેવા બાલતપસ્વીને દેશારાધક સ્વીકારી શકાય નહીં; પરંતુ માર્ગાનુસારી એવા બાલતપસ્વીને જ દેશારાધક સ્વીકારી શકાય; કેમ કે સર્વથા ભાવશૂન્ય સંયમની ક્રિયા કરનારની ક્રિયામાં સમુદાયના દેશપણાનો અભાવ છે અર્થાત્ જ્ઞાન-ક્રિયાના સમુદાયના દેશપણાનો અભાવ છે. અપુનર્બંધકાદિની ક્રિયામાં જ મોક્ષને અનુકૂળ એવી સમુચિત શક્તિનું સમર્થન શાસ્ત્રકારોએ કર્યું છે. તેથી અપુનર્બંધકાદિની ક્રિયામાં જ દેશઆરાધકપણું સ્વીકારી શકાય. વળી જેમાં ઉપાદાનકારણની શક્તિનો ઉપચય થયો નથી તેમાં જ દેશત્વનો શાસ્ત્રીય વ્યવહાર છે. તેથી અપુનર્બંધક જીવોમાં જે મોક્ષને અનુકૂલ ભાવો છે તે ભાવો અનુપચિત શક્તિવાળા ઉપાદાનકારણરૂપ છે. માટે અપુનર્બંધક જીવોને જ દેશારાધકરૂપે સ્વીકારી શકાય.

આશય એ છે કે અપુનર્બંધક જીવોમાં પ્રાથમિક ભૂમિકાનો જે માર્ગાનુસારી ભાવ છે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે. તેથી અપુનર્બંધકાદિ જીવોનો પ્રાથમિક ભૂમિકાનો માર્ગાનુસારી ભાવ મોક્ષ પ્રત્યે ઉપાદાનકારણ છે. છતાં સમ્યગ્દૃષ્ટિ જીવોને જેવો મોક્ષ પ્રત્યેનો માર્ગાનુસારી ભાવ છે તેવો માર્ગાનુસારી ભાવ અપુનર્બંધકમાં નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોનો માર્ગાનુસારી ભાવ ઉપચિત શક્તિવાળો છે અને અપુનર્બંધક જીવોમાં માર્ગાનુસારી ભાવ અનુપચિત શક્તિવાળો છે. વળી, અનુપચિત શક્તિવાળા માર્ગાનુસારી ભાવને શાસ્ત્રકારોએ દેશારાધક સ્વીકારેલ છે. આથી મૃદ્ દ્રવ્ય જ ઘટનો દેશ છે, તંતુ આદિ ઘટનો દેશ નથી તેમ અનુપચિત શક્તિવાળો માર્ગાનુસારી ભાવરૂપ ઉપાદાનકારણને મોક્ષમાર્ગનો દેશ સ્વીકારી શકાય પણ જેમ તંતુ આદિને કે દંડાદિને ઘટનાં કારણ સ્વીકારી ન શકાય તેમ મોક્ષને અનુકૂળ ભાવથી શૂન્ય એવી સાધુસામાચારીને મોક્ષમાર્ગના આરાધકપણાનો દેશ સ્વીકારી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે અપુનર્બંધકમાં મોક્ષને અનુકૂલ ઉપાદાનભાવ કઈ રીતે છે ? અર્થાત્ ભાવશૂન્ય એવી ક્રિયા મોક્ષ પ્રત્યે ઉપાદાનકારણ નથી તેમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કહ્યું છે. તેથી જિજ્ઞાસા થાય કે જો અભવ્યાદિની સંયમક્રિયામાં મોક્ષનું ઉપાદાનપણું નથી તો અપુનર્બંધકની ક્રિયામાં મોક્ષનું ઉપાદાનપણું કઈ રીતે છે ? તેના સમાધાનરૂપે કહે છે – યોગરૂપ કે ઉપયોગરૂપ એવી ક્રિયામાં મોક્ષનું ઉપાદાનપણું છે, એ કથન અન્ય છે.

આશય એ છે કે અભવ્યાદિ ભાવશૂન્ય જે ક્રિયા કરે છે તે ક્રિયા મોક્ષના કારણ એવા યોગરૂપ નથી. અપુનર્બંધકાદિ જીવો સંસારથી કંઈક વિમુખ ભાવવાળા થયા છે, તેથી સંસારના ઉચ્છેદનું કારણ બને તેવી ક્રિયાઓ કરે છે. આથી અપુનર્બંધકાદિ જીવોની ક્રિયા મોક્ષના કારણ એવા યોગરૂપ છે. માટે શીલરૂપ ક્રિયાની આચરણામાં મોક્ષનું ઉપાદાનપણું પ્રાપ્ત થાય છે. અથવા ઉપયોગરૂપ ક્રિયામાં મોક્ષનું ઉપાદાનપણું પ્રાપ્ત થાય છે અર્થાત્ અપુનર્બંધકાદિ જીવો જે શીલરૂપ ક્રિયાઓ કરે છે તે ક્રિયામાં તદર્થઆલોચનાદિ ઉપયોગ વર્તે છે. તેથી તે ક્રિયામાં વર્તતા તદર્થઆલોચનાદિ ઉપયોગને કારણે તેઓની ક્રિયા મોક્ષનું કારણ બને છે. જ્યારે અભવ્યાદિ તો અખંડ સાધુ સામાચારી પાળતા હોય ત્યારે પણ મન-વચન-કાયાના યોગો ક્રિયામાં હોવા છતાં તે ક્રિયાના પારમાર્થિક ભાવને સ્પર્શે તેવા તદર્થઆલોચનાદિ લેશ પણ નથી. તેથી અભવ્યાદિના સંયમનું પાલન માનસવ્યાપારવાળું હોય તોપણ તદર્થઆલોચનાદિના ઉપયોગના અભાવવાળું હોવાથી તેઓની ક્રિયામાં મોક્ષનું ઉપાદાનપણું નથી. **॥૨૦॥**

અવતરણિકા :-

અમુખ્યારાધકત્વાઙ્ગીકારેઽપિ દોષાન્તરમાહ –

અવતરણિકાર્થ :-

અમુખ્યારાધકત્વના સ્વીકારમાં પણ=અભ્યુદયની અપેક્ષાએ અભવ્યાદિનો આરાધક તરીકે સ્વીકાર કરાયે છતે પણ, દોષાન્તરને કહે છે –

ભાવાર્થ :-

અભવ્યાદિ જીવો સંપૂર્ણ જૈન સામાચારી પાળીને નવમા ગ્રૈવેયકમાં જાય છે તેઓને સંપ્રદાયબાહ્ય મતવાળા દેશારાધક સ્વીકારે છે. તેને ગ્રંથકારશ્રીએ ગાથા-૨૦માં કહ્યું કે મુખ્યારાધકપણાની અપેક્ષાએ ભગવતીસૂત્રમાં ચતુર્ભંગી પ્રકૃત છે. માટે અમુખ્યારાધકત્વની અપેક્ષાએ અભવ્યાદિની ચારિત્રાચારના પાલનની ક્રિયામાં દેશારાધકપણું સ્વીકારી શકાય નહિ. તેમાં દોષ આપ્યો કે જેમ રેતીના અવયવોમાં તેલ નથી તો તેના સમુદાયમાં પણ તેલ સ્વીકારી શકાય નહિ, તેમ જે અભવ્યની ક્રિયામાં મોક્ષને અનુકૂલ લેશ પણ ભાવ નથી તે ક્રિયાને અને જ્ઞાનને ગ્રહણ કરીને સર્વારાધકપણાની સિદ્ધિ થાય નહિ, તે રૂપ દોષ આપ્યા પછી હવે સંપ્રદાયબાહ્ય પક્ષની માન્યતા અનુસાર અભવ્યાદિની ક્રિયામાં અમુખ્ય આરાધકપણું સ્વીકારીએ તો જે અન્ય દોષની પ્રાપ્તિ છે, તે બતાવે છે –

ગાથા :-

जइणीए किरियाए दव्वेणाराहगत्तपक्खे य ।
सव्वाराहगभावो होज्ज अभव्वाइलिङ्गीणं ।।२१।।

છાયા :-

जैन्या क्रियया द्रव्येणाराधकत्वपक्षे च ।
सर्वाराधकभावो भवेद् अभव्यादिलिङ्गिनाम् ।।२१।।

અન્વયાર્થ :-

जइणीए किरियाए य=અને જૈની ક્રિયાથી, दव्वेणाराहगत्तपक्खे=દ્રવ્યરૂપે આરાધકત્વના પક્ષમાં, अभव्वाइलिङ्गीणं=અભવ્યાદિ દ્રવ્યલિંગીઓને, सव्वाराहगभावो=સર્વારાધકત્વનો ભાવ, होज्ज=થાય. ।।૨૧।।

ગાથાર્થ :-

અને જૈની ક્રિયાથી દ્રવ્યરૂપે આરાધકત્વના પક્ષમાં અભવ્યાદિ દ્રવ્યલિંગીઓને સર્વારાધકત્વનો ભાવ થાય. ।।૨૧।।

ટીકા :-

जइणीएत्ति । जैन्या क्रियया निखिलसाधुसामाचार्यनुष्ठानरूपया, द्रव्येणाराधकत्वाभ्युपगमे चाभव्यादिलिङ्गिनां=अभव्यादीनां द्रव्यलिङ्गधारिणां, सर्वाराधकभावो भवेत्, कुतोऽपि प्रयोजनात्तेषां निखिलसाधुसामाचारीग्रहणे तस्याः पञ्चाचाररूपत्वाद् द्रव्यतश्चारित्रस्येव द्रव्यतो ज्ञानदर्शनयोरप्याराधकत्वस्य तेषां बलादुपनिपातात् । न हि 'ते सम्यक्त्वांशेऽनाराधका एव चारित्रांशे त्वाराधकाः' इत्यर्धजरतीयन्यायाश्रयणं प्रेक्षावतां घटते, सम्यक्त्वांशे भावतः सम्यक्त्वाभावेनोत्सूत्रभाषणव्रतभङ्गाद्यभावेन चाराधकविराधकस्वभावाभावादनाराधकत्वस्येव चारित्रांशेऽपि भावतश्चारित्राभावेन प्राणातिपातादिव्रतभङ्गाद्यभावेन चाराधकविराधकस्वभावाभावादनाराधकत्वस्याविशेषाद् द्रव्यतश्चोभयाराधकत्वाविशेषादिति । यत्तु तेषां द्रव्यतोऽपि स्वेच्छाविशेषाद् व्रतांशस्यैव ग्रहणं न तु श्रद्धानांशस्य इति परस्य मतं तदुन्मत्तप्रलपितं, अखंडसामाचारीपालनबलेनैव तेषां ग्रैवेयकोत्पादाभिधानादिति ।।२१।।

ટીકાર્થ :-

जैन्या क्रियया ..... ग्रैवेयकोत्पादाभिधानादिति ।। 'जइणीएत्ति' પ્રતીક છે. અને નિખિલ સાધુ સામાચારીના

અનુષ્ઠાનરૂપ જૈની ક્રિયાથી દ્રવ્યરૂપે આરાધકપણું સ્વીકાર કરાયે છતે અભવ્યાદિ લિંગીઓને=અભવ્યાદિ દ્રવ્યલિંગધારીઓને, સર્વારાધકનો ભાવ થાય; કેમ કે કોઈક પણ પ્રયોજનથી તેઓની નિખિલ સાધુ-સામાચારીના ગ્રહણમાં તેનું=નિખિલ સાધુસામાચારીનું, પંચાચારરૂપપણું હોવાથી દ્રવ્યથી ચારિત્રની જેમ અર્થાત્ દ્રવ્યથી ચારિત્રના આરાધકપણાની જેમ, દ્રવ્યથી જ્ઞાન-દર્શનના પણ આરાધકત્વનો તેઓને=અભવ્યાદિ દ્રવ્યલિંગીઓને, બલાત્ ઉપનિપાત છે.

કેમ અભવ્યાદિ દ્રવ્યલિંગીઓને દ્રવ્યથી જ્ઞાન-દર્શનના પણ આરાધકત્વની બલાત્ પ્રાપ્તિ છે ? તે સ્પષ્ટ કરે છે –

તેઓ=અભવ્યાદિ દ્રવ્યલિંગીઓ, સમ્યક્ત્વ અંશમાં અનારાધક જ છે, વળી ચારિત્ર અંશમાં આરાધક છે એ પ્રકારે અર્ધજરતીન્યાયનું આશ્રયણ વિચારકોને ઘટતું નથી જ.

પૂર્વે કહ્યું કે અભવ્યાદિ દ્રવ્યલિંગીઓને સમ્યક્ત્વ અંશમાં અનારાધક અને ચારિત્ર અંશમાં આરાધક સ્વીકારવારૂપ અર્ધજરતીન્યાયનું આશ્રયણ યુક્ત નથી. કેમ યુક્ત નથી ? તે સ્પષ્ટ કરે છે –

સમ્યક્ત્વ અંશમાં ભાવથી સમ્યક્ત્વનો અભાવ હોવાને કારણે=અભવ્યાદિ દ્રવ્યલિંગીઓમાં ભાવથી સમ્યક્ત્વનો અભાવ હોવાને કારણે, અને ઉત્સૂત્રભાષણ અને વ્રતભંગાદિનો અભાવ હોવાને કારણે આરાધક-વિરાધક સ્વભાવનો અભાવ હોવાથી અનારાધકપણાની જેમ=દ્રવ્યલિંગીમાં સમ્યક્ત્વના અનારાધકપણાની જેમ, ચારિત્ર અંશમાં પણ ભાવથી ચારિત્રનો અભાવ હોવાને કારણે અને પ્રાણાતિપાત આદિ વ્રતભંગનો અભાવ હોવાને કારણે આરાધક-વિરાધક સ્વભાવનો અભાવ હોવાથી=અભવ્યાદિ દ્રવ્યલિંગીમાં આરાધક-વિરાધક સ્વભાવનો અભાવ હોવાથી, અનારાધકત્વનો અવિશેષ હોવાને કારણે=જેમ સમ્યક્ત્વ અંશમાં અનારાધકપણું છે તેમ ચારિત્ર અંશમાં પણ અનારાધકપણું છે તે રૂપ અવિશેષ હોવાને કારણે, દ્રવ્યથી ઉભયના આરાધકત્વનો અવિશેષ છે=દ્રવ્યથી સમ્યક્ત્વ અને ચારિત્રના આરાધકપણાનો અભેદ છે, (માટે અભવ્યોને ક્રિયાને આશ્રયીને દેશારાધક સ્વીકારીએ તો જ્ઞાન-દર્શનને આશ્રયીને દેશારાધક સ્વીકારવા જોઈએ. તેથી અભવ્યાદિને સર્વારાધક સ્વીકારવાનો પ્રસંગ આવે, એમ યોજન છે.)

વળી, તેઓનું=અભવ્યાદિ દ્રવ્યલિંગીઓનું, દ્રવ્યથી પણ સ્વઈચ્છા વિશેષ હોવાને કારણે=સંયમની બાહ્ય ક્રિયાપાલન વિષયક ઈચ્છા વિશેષ હોવાને કારણે, વ્રતાંશનું જ ગ્રહણ છે=અભવ્યાદિ દ્રવ્યલિંગીઓ દ્વારા ચારિત્ર અંશનું જ ગ્રહણ છે, પરંતુ શ્રદ્ધા અંશને નહીં=અભવ્યાદિ દ્રવ્યલિંગીઓને દ્રવ્યથી ભગવાનના વચનના શ્રદ્ધાંશનું ગ્રહણ નથી, એ પ્રમાણે જે પરનો મત છે તે ઉન્મત્ત પ્રલપિત છે; કેમ કે અખંડસામાચારી પાલન વડે જ તેઓને ગ્રૈવેયકના ઉત્પાદનું અભિધાન છે. (માટે જેમ તેઓને દ્રવ્યથી ચારિત્રાચારપાલનની ઈચ્છા છે તેમ દ્રવ્યથી દર્શનાચારપાલનની પણ ઈચ્છા છે. માટે જેમ તેઓએ વ્રતાંશો ગ્રહણ કર્યા છે તેમ શ્રદ્ધાંશનું પણ ગ્રહણ કરેલ છે. તેથી વ્રતાંશ અને શ્રદ્ધાંશને આશ્રયીને તેઓને સર્વારાધક સ્વીકારવાની આપત્તિ આવે, એમ યોજન છે.) ॥૨૧॥

ભાવાર્થ :-

ભાવશૂન્ય સર્વવિરતિની સંપૂર્ણ સામાચારી પાલન કરનારને દ્રવ્યથી આરાધક સ્વીકારીને અભવ્યાદિ દ્રવ્યલિંગવાળા સાધુઓને પૂર્વપક્ષી કહે છે તેમ દેશારાધક સ્વીકારીએ તો પરમાર્થથી તેઓને સર્વારાધક સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે સાધુવેશમાં રહીને પૂર્ણ સામાચારી પાળનારા અભવ્યાદિ જીવો પંચાચારનું પૂર્ણ પાલન કરે છે. તેથી ચારિત્રાચારના પાલનને આશ્રયીને તેઓને પૂર્વપક્ષી દેશારાધક સ્વીકારે તો જ્ઞાનાચાર, દર્શનાચારના પાલનના બળથી તેઓને જ્ઞાનાચાર અને દર્શનાચારના આરાધક પણ સ્વીકારવા પડે. તેથી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સંપૂર્ણ મોક્ષમાર્ગના તેઓ આરાધક છે તેમ માનવાની આપત્તિ આવે.

વળી, પૂર્વપક્ષી કહે કે સમ્યક્ત્વ અંશમાં તેઓને ભાવથી સમ્યક્ત્વ નથી તથા ઉત્સૂત્રભાષણ કરતા નથી. અને સંયમ ગ્રહણ કરતી વખતે જે સમ્યક્ત્વવ્રત ગ્રહણ કરેલ છે તેનું સમ્યક્ પાલન કરે છે. તેથી અભવ્યાદિ જીવોને આરાધક-વિરાધક ભાવનો અભાવ સ્વીકારી શકાશે અર્થાત્ ભાવથી સમ્યક્ત્વ નથી તેથી આરાધક નથી. ઉત્સૂત્રભાષણ કરતા નથી અને સ્વીકારેલા સમ્યક્ત્વવ્રતના ભંગને કરતા નથી તેથી વિરાધક નથી. માટે સમ્યક્ત્વ અંશથી અભવ્યાદિને અનારાધક સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે તે રીતે સંપૂર્ણ સામાચારી પાળનારા અભવ્યાદિ જીવો ભાવથી આત્માના અસંગભાવમાં જવા લેશ પણ યત્ન કરતા નથી. માટે ચારિત્રનો અભાવ છે. તેથી ચારિત્રના આરાધક નથી અને પ્રાણાતિપાતાદિ સ્વીકારેલા વ્રતનો ભંગ કરતા નથી. તેથી ચારિત્રના વિરાધક નથી તેમ સ્વીકારીને અભવ્યાદિને સંપૂર્ણ અનારાધક સ્વીકારી શકાય પરંતુ અભવ્યાદિ દ્રવ્ય સામાચારી પાળે છે માટે દેશારાધક છે તેમ સ્વીકારી શકાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે અભવ્યાદિ જીવો સંસારના સુખના અર્થી હોવાથી તેના ઉપાયભૂત ચારિત્ર ગ્રહણ કરવાની તેઓને ઇચ્છા વિશેષ થાય છે. તેથી ચારિત્ર ગ્રહણ કરીને દ્રવ્યથી ચારિત્રનું પાલન કરે છે. પરંતુ ભગવાને સંસારનું સ્વરૂપ કેવું બતાવ્યું છે ? અને સંસારથી પર એવા મોક્ષનું સ્વરૂપ કેવું બતાવ્યું છે ? અને મોક્ષના ઉપાયરૂપે જે સર્વ યોગમાર્ગ બતાવ્યો છે તેના વિષયમાં તેઓને લેશ પણ શ્રદ્ધાન નથી. માટે ચારિત્ર અંશથી જ તેઓને દેશારાધક સ્વીકારી શકાય, શ્રદ્ધાઅંશથી સમ્યક્ત્વના આરાધક તેઓને સ્વીકારી શકાય નહિ. તેથી પૂર્ણ સામાચારી પાળનારા અભવ્યાદિને સર્વારાધક સ્વીકારવાની આપત્તિ આવશે નહિ.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે આ કથન ઉન્મત્તનું પ્રલપિત છે; કેમ કે અખંડ સામાચારીના પાલનથી જ તેઓને ગ્રૈવેયકના ઉત્પાદનું કથન છે. તેથી અભવ્યાદિ જેમ ચારિત્રાચારની સામાચારી પૂર્ણ પાળે છે તેમ દર્શનાચારની સામાચારી પણ પૂર્ણ પાળે છે. આમ છતાં તેઓમાં મોક્ષને અનુકૂળ કોઈ ભાવ નથી માટે જ શાસ્ત્રકારોએ તેઓને દેશારાધક સ્વીકાર્યા નથી પરંતુ સર્વવિરાધક સ્વીકાર્યા છે. તેથી તેઓની પૂર્ણ સામાચારીનું પાલન પણ પરમાર્થથી મોક્ષમાર્ગની વિરાધનાસ્વરૂપ જ છે, આરાધનાસ્વરૂપ નથી. માટે તેઓને શીલના આરાધક સ્વીકારીને દેશારાધક કહેવું તે સંપ્રદાયબાહ્યનું વચન અસંગત છે. **॥૨૧॥**

અવતરણિકા :-

દોષાન્તરમપ્યાહ –

અવતરણિકાર્થ :-

દોષાન્તરને પણ કહે છે –

ભાવાર્થ :-

અમુખ્યારાધકત્વને આશ્રયીને અભવ્યાદિને દેશારાધક સ્વીકારવામાં આવે તો અન્ય દોષને પણ કહે છે –

ગાથા :-

तह णिण्हवाण देसाराहगभावो अवट्ठिओ हुज्जा ।
तो परिभासा जुत्ता वित्तिं परिगिज्झ वुत्तुं जे ।।२२।।

છાયા :-

तथा निह्नवानां देशाराधकभावोऽवस्थितो भवेत् ।
ततः परिभाषा युक्ता वृत्तिं परिगृह्य वक्तुम् ।।२२।।

અન્વયાર્થ :-

तह णिण्हवाण=અને નિહ્નવોને, देसाराहगभावो=દેશારાધકભાવ, अवट्ठिओ=અવસ્થિત, हुज्जा=થાય, तो=તેથી, वित्तिं परिगिज्झ=વૃત્તિને ગ્રહણ કરીને=ભગવતીસૂત્રની ટીકાને ગ્રહણ કરીને, परिभासा=પરિભાષા, वुत्तुं=કહેવા માટે जुत्ता=યુક્ત છે. 'जे' શબ્દ પાદપૂરણ અર્થમાં છે. ।।૨૨।।

ગાથાર્થ :-

અને નિહ્નવોને દેશારાધકભાવ અવસ્થિત થાય તેથી વૃત્તિને ગ્રહણ કરીને=ભગવતીસૂત્રની ટીકાને ગ્રહણ કરીને, પરિભાષા કહેવા માટે યુક્ત છે. 'जे' શબ્દ પાદપૂરણ અર્થમાં છે. ।।૨૨।।

ટીકા :-

तहत्ति । तथेति दोषान्तरसमुच्चये । एकान्तद्रव्यक्रिययैवाराधकत्वाभ्युपगमे निह्नवानामभिनिवेशादिना त्यक्तरत्नत्रयाणां सर्वविराधकत्वकालेऽपि देशाराधकभावोऽवस्थितो भवेद्, यथाप्रतिज्ञातद्रव्यक्रियाया अपरित्यक्तत्वात् । इष्टापत्तौ को दोषः? इति चेत्? व्यवहारविरोध एव, न हि सर्वविराधको देशाराधकश्च कोऽपि व्यवहियते । अथ द्रव्यक्रियामाश्रित्यैवाराधकत्वविराधकत्वव्यवस्थाकरणात्सर्व-विराधकत्वं निह्नवानां नेष्यते एव, प्रतिपन्नचारित्रविषयकद्रव्याज्ञाभङ्गाभावाद्देशाराधकत्वं, उत्सूत्रभाषणेन

सम्यक्त्वविषयकप्रतिपन्नजिनाज्ञापरित्यागाद्देशविराधकत्वं चाविरुद्धमेव, अंशभेदादेकत्रैव सप्रतिपक्षोभयधर्मसमावेशाऽविरोधादिति चेत्, न, एवं सत्यसंयतभव्यद्रव्यदेवानां निह्नवानामभव्यादीनां चोपपत्तिमधिकृत्य साम्याभावप्रसङ्गात् । अथ नास्त्येव तेषामुपपातसाम्यं, ग्रैवेयकेष्वपि निह्नवस्य देवदुर्गततयोत्पादाद्, देवदुर्गतत्वं च न केवलं देवकिल्बिषिकत्वादिनैव, तत्र तेषामभावाद्, किन्तु संमोहत्वेन स च देवदुर्गतस्ततश्च्युतोऽनन्तकालं संसारे परिभ्रमति यदागमः –

कंदप्पदेवकिब्बिस अभिओगा आसुरी य संमोहा ।

ता देवदुग्गईओ मरणंमि विराहिआ हुंति ।। **त्ति**

आतुरप्रत्याख्यानप्रकीर्णके, व्याख्यादेशो यथा–'संमोहत्ति संमोहयन्ति उन्मार्गदेशनादिना मोक्षमार्गाद् भ्रंशयन्ति ये ते संमोहाः, संयता अप्येवंविधा देवत्वेनोत्पन्ना संमोहा, एवंरूपा दुर्गतयो मरणेऽपध्यानादिना विराधितानां भवन्ति; ततश्च्युता अनंतसंसारं परिभ्रमन्ति' **इति चेत्? न, अभव्यादीनामप्यकालवचनौषधप्रयोगात् प्राप्तग्रैवेयकोत्पादानां संमोहप्राबल्येन लुप्तसुखानां देवदुर्गतत्वाऽविशेषाद् ।' उक्तं चोपदेशपदे (४३८-४४२) –**

कह णु अकालपओगे इत्तो गेविज्जगाइसुहसिद्धी ।

णणु साऽहिगओसहजोगसोक्खतुल्ला मुणेयव्वा ।।

कुणइ जह संणिवाए सदोसहंजोग सोक्खमित्तं तु ।

तह एयं विण्णेयं अणोरपारंमि संसारे ।।

ण य तत्तओ तयंपि हु सोक्खं मिच्छत्तमोहिअमइस्स ।

जह रोद्दवाहिगहिअस्स ओसहाओ वि तब्भावे ।।

जह चेवोवहयनयणो सम्मं रूवं ण पासई पुरिसो ।

तह चेव मिच्छदिट्ठी विउलं सोक्खं ण पावेइ ।।

असदभिणिवेसवं सो, णिओगओ ता ण तत्तओ भोगो ।

सव्वत्थ तदुवघाया विसघारियभोगतुल्लो त्ति ।।

एतस्माद्धि वचनादभव्यादीनामेव निह्नवाद्यपेक्षयाऽप्यकालवचनौषधप्रयोगेण मिथ्याभिनिवेशदार्ढ्यादतिदुःखितत्वेन क्लिष्टतरदेवदुर्गतत्वं प्रतीयते, परेण त्वभव्यनिह्नवानामनाराधकत्वविराधकत्वाभ्यां वैपरीत्यमङ्गीकृतं, प्रसज्यते च तत्प्रक्रियया द्रव्याज्ञापेक्षयाऽभव्यादीनामपि सर्वाराधकत्वात् तात्त्विकसुदेवत्वमेवेति यत्किञ्चिदेतत् ।

ટીકાર્થ :-

तथेति दोषान्तरसमुच्चये ..... यत्किञ्चिदेतत् । 'तहत्ति' પ્રતીક છે. 'તથા' એ દોષાન્તરના સમુચ્ચયમાં છે. એકાંત દ્રવ્યક્રિયાથી આરાધકપણાના સ્વીકારમાં અભિનિવેશાદિ વડે ત્યક્ત રત્નત્રયવાળા એવા નિહ્નવાદિને સર્વવિરાધકત્વના કાળમાં પણ દેશારાધક ભાવ અવસ્થિત થાય; કેમ કે યથાપ્રતિજ્ઞાત દ્રવ્યક્રિયાનું અપરિત્યક્તપણું છે. ઈષ્ટાપત્તિમાં=નિહ્નવોને દેશારાધક સ્વીકારવારૂપ ઈષ્ટાપત્તિમાં, શું દોષ છે ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – વ્યવહારનો વિરોધ જ છે. હિ=જે કારણથી, સર્વવિરાધક દેશઆરાધક છે એ પ્રમાણે કોઈ પણ વ્યવહાર કરતું નથી. 'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે દ્રવ્યક્રિયાને આશ્રયીને જ આરાધકત્વ-વિરાધકત્વની વ્યવસ્થાનું કરણ હોવાથી સર્વવિરાધકપણું નિહ્નવોને ઇચ્છાતું નથી જ; કેમ કે પ્રતિપન્ન ચારિત્ર વિષયક દ્રવ્યાજ્ઞાના ભંગનો અભાવ હોવાથી દેશારાધકપણું છે, અને ઉત્સૂત્રભાષણ દ્વારા સમ્યક્ત્વ વિષયક સ્વીકારાયેલી જિનાજ્ઞાના પરિત્યાગથી દેશવિરાધકપણું અવિરુદ્ધ જ છે.

કેમ નિહ્નવોમાં દેશવિરાધકનો અવિરોધ છે ? તેમાં હેતુ કહે છે –

અંશના ભેદથી=ચારિત્રરૂપ અને સમ્યક્ત્વરૂપ અંશના ભેદથી, એકત્ર જ=નિહ્નવરૂપ એક જ વ્યક્તિમાં, સપ્રતિપક્ષ ઉભયધર્મના સમાવેશનો અવિરોધ છે=દેશારાધકત્વ અને દેશવિરાધકત્વરૂપ પ્રતિપક્ષ એવા ઉભયધર્મના સમાવેશનો અવિરોધ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે - તારી વાત બરાબર નથી; કેમ કે આમ હોતે છતે='અથ'થી પૂર્વપક્ષીએ કહ્યું એ પ્રમાણે નિહ્નવોને ચારિત્રપાલનની અપેક્ષાએ દેશારાધકત્વ અને ઉત્સૂત્રભાષણની અપેક્ષાએ દેશવિરાધકત્વ છે એમ હોતે છતે, અસંયત ભવ્યદ્રવ્યદેવ એવા નિહ્નવોને અને અભવ્યાદિઓને ઉપપત્તિને આશ્રયીને=ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી ઉપપત્તિને આશ્રયીને, સામ્યના અભાવનો પ્રસંગ આવે.

'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે તેઓને=અભવ્યાદિને અને નિહ્નવોને, ઉપપાતનું સામ્ય નથી જ; કેમ કે નિહ્નવોને ગ્રૈવેયકમાં પણ દેવદુર્ગતપણાથી ઉપપાત છે અર્થાત્ અભવ્યોને દેવદુર્ગતપણું નથી જ્યારે નિહ્નવોને ગ્રૈવેયકમાં પણ દેવદુર્ગતપણાથી ઉપપાત છે. અને દેવદુર્ગતપણું કેવલ દેવકિલ્બિષિકપણાદિથી જ નથી; કેમ કે ત્યાં=ગ્રૈવેયકમાં, તેઓનો=દેવકિલ્બિષિકનો અભાવ છે. પરંતુ સંમોહપણાથી દેવદુર્ગતત્વ છે. તે દેવદુર્ગત=નિહ્નવરૂપ દેવદુર્ગત, ત્યાંથી ચ્યવીને અનંતકાળ સંસારમાં પરિભ્રમણ કરે છે. જે કારણથી આગમ છે – "કંદર્પદેવ, કિલ્બિષિક, આભિયોગિકદેવ, આસુરીદેવ, સંમોહદેવ - તે દેવદુર્ગતિઓ=ગાથાના પૂર્વાર્ધમાં બતાવેલી દેવદુર્ગતિઓ, મરણમાં વિરાધિત જીવોને થાય છે."

આતુરપ્રત્યાખ્યાનપ્રકીર્ણકમાં વ્યાખ્યાનો આદેશ આ પ્રમાણે છે – 'સંમોહ એટલે ઉન્માર્ગ દેશનાદિ દ્વારા મોક્ષમાર્ગથી બીજાને સંમોહિત કરે છે=ભ્રષ્ટ કરે છે, જેઓ તે સંમોહ છે=તેવા સાધુઓ સંમોહવાળા છે. સંયત પણ આવા પ્રકારના દેવપણાથી ઉત્પન્ન થયેલા સંમોહરૂપ જ છે. અને આવી દુર્ગતિઓ મરણમાં અપધ્યાનાદિ વડે વિરાધિત જીવોને થાય છે. ત્યાંથી ચ્યુત થયેલા તેઓ અનંતસંસારમાં પરિભ્રમણ કરે છે.' **એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો**

ગ્રંથકારશ્રી કહે છે તારી વાત બરાબર નથી; કેમ કે અકાલ વચનૌષધના પ્રયોગથી પ્રાપ્ત ગ્રૈવેયકના ઉત્પાતવાળા સંમોહપ્રાબલ્ય હોવાને કારણે લુપ્તસુખવાળા એવા અભવ્યાદિનું પણ દેવદુર્ગતપણું અવિશેષ છે. અને ઉપદેશપદમાં કહેવાયું છે –

"કેવી રીતે અકાલ પ્રયોગમાં આનાથી=સંયમથી, ગ્રૈવેયકાદિ સુખની સિદ્ધિ છે ? તેનો ઉત્તર આપતાં કહે છે – તે=ગ્રૈવેયકાદિ સુખની સિદ્ધિ, ખરેખર અધિકૃત ઔષધના યોગના સૌખ્ય તુલ્ય જાણવી=સંયમરૂપ ઔષધના યોગથી થયેલા સુખ તુલ્ય જાણવી. જે પ્રમાણે સંનિપાતમાં સદ્ઔષધયોગ સૌખ્યમાત્રને કરે છે=ઔષધના યોગકાળમાં સૌખ્યમાત્રને કરે છે, તે પ્રમાણે અંત વગરના સંસારમાં આ જાણવું=ગ્રૈવેયકનું સુખ જાણવું. અને મિથ્યાત્વથી મોહિતમતિવાળા જીવને તત્ત્વથી તે પણ સુખ નથી, જે પ્રમાણે રૌદ્ર વ્યાધિથી ગૃહીત જીવને ઔષધથી પણ તેના ભાવમાં=ક્ષણિક સુખના ભાવમાં, તત્ત્વથી સુખ નથી. જે પ્રમાણે હણાયેલા ચક્ષુવાળો પુરુષ સમ્યક્ રૂપને જોતો નથી તે પ્રમાણે જ મિથ્યાદૃષ્ટિ જીવ વિપુલ સુખને પામતો નથી તે કારણથી અસદ્ અભિનિવેશને કારણે તે=ગ્રૈવેયકનું સુખ, નક્કી તત્ત્વથી ભોગ નથી. સર્વત્ર તેના ઉપઘાતને કારણે=અસદ્ અભિનિવેશના ઉપઘાતને કારણે, વિષધારિત ભોગ તુલ્ય છે."

આ વચનથી અભવ્યાદિને જ નિહ્નવાદિની અપેક્ષાએ અકાલવચનૌષધના પ્રયોગથી મિથ્યાભિનિવેશનું દૃઢપણું થવાથી અતિદુઃખિતપણારૂપે ક્લિષ્ટતર દેવદુર્ગતપણું પ્રતીત થાય છે=નિહ્નવાદિની અપેક્ષાએ અધિક ક્લિષ્ટ એવું દેવદુર્ગતપણું પ્રતીત થાય છે. વળી, પર વડે=સંપ્રદાયબાહ્ય એવા 'અથ'થી જે કથન કરે છે તે કથન કરનાર પૂર્વપક્ષી વડે, અભવ્યને અનારાધકપણાથી અને નિહ્નવોને વિરાધકપણાથી વિપરીતપણું સ્વીકાર્યું છે. અને તેની પ્રક્રિયાથી=પૂર્વપક્ષીની પ્રક્રિયાથી, દ્રવ્યાજ્ઞાની અપેક્ષાએ અભવ્યાદિને પણ સર્વારાધકપણું હોવાથી=અભવ્યાદિને પંચાચારના પાલનરૂપ પૂર્ણ સામાચારીના પાલનના બળથી સર્વારાધકપણું હોવાથી, તાત્ત્વિક સુદેવત્વ જ પ્રાપ્ત થાય=અભવ્યાદિને તાત્ત્વિક સુદેવપણું જ પ્રાપ્ત થાય. એથી કરીને આ=પૂર્વપક્ષીએ 'અથ'થી કહ્યું કે અભવ્યાદિ અને નિહ્નવોના ઉપપાતનું સામ્યપણું નથી એ, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે.

ભાવાર્થ :-

ભગવતીસૂત્રમાં આરાધક-વિરાધક ચતુર્ભંગી છે તે શ્રુત અને શીલને આશ્રયીને છે. તેમાં શીલરૂપ જે દ્રવ્યક્રિયા છે તે મોક્ષને અનુકૂલ ભાવ રહિત હોવા છતાં પણ તેવી એકાંત દ્રવ્યક્રિયાના બળથી પૂર્વપક્ષી જો અભવ્યમાં દેશારાધકપણું સ્વીકારે તો અભિનિવેશવાળા એવા નિહ્નવો જ્યારે ભાવથી રત્નત્રયી વગરના છે તે વખતે સર્વવિરાધક છે ત્યારે પણ તે નિહ્નવોને દેશારાધક સ્વીકારવા પડે; કેમ કે વ્રત ગ્રહણ કરતી વખતે જે પ્રમાણે પ્રતિજ્ઞા કરેલી તે પ્રમાણે દ્રવ્યક્રિયાઓનું તેઓ પાલન કરે છે. અહીં પૂર્વપક્ષી કહે કે નિહ્નવોને દેશારાધક સ્વીકારવા અમને ઇષ્ટ જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – નિહ્નવોને દેશારાધક સ્વીકારવામાં વ્યવહારનો વિરોધ છે; કેમ કે શાસ્ત્રકારોએ નિહ્નવોને રત્નત્રયીના સર્વથા વિરાધક કહેલા હોવાથી નિહ્નવોને દેશવિરાધક સ્વીકારવામાં શાસ્ત્રીય વ્યવહારનો બાધ છે.

'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે દ્રવ્યક્રિયાઓને આશ્રયીને જ આરાધક-વિરાધકપણાની વ્યવસ્થા શાસ્ત્રકારોએ કરી છે. માટે નિહ્નવો સર્વવિરાધક નથી જ; કેમ કે સ્વીકારાયેલા ચારિત્ર વિષયક દ્રવ્યાજ્ઞાનો ભંગ કર્યો નથી માટે દેશારાધક છે. અને ઉત્સૂત્રભાષણ કર્યું છે તેથી સમ્યક્ત્વ વિષયક જે પ્રતિજ્ઞા કરેલી તેનો ભંગ કર્યો હોવાથી દેશવિરાધક છે. માટે નિહ્નવોમાં સમ્યક્ત્વ અંશથી વિરાધકપણું અને દ્રવ્યચારિત્રના પાલન અંશથી આરાધકપણું છે તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રમાણેનું પૂર્વપક્ષીનું વચન ઉચિત નથી; કેમ કે તેમ સ્વીકારીએ તો જે અભવ્યાદિના જીવો પૂર્ણ પંચાચારનું પાલન કરે છે તેઓ જેમ ચારિત્ર અંશથી દેશારાધક છે તેમ દ્રવ્યથી દર્શનાચારના પાલનને કારણે સમ્યક્ત્વઅંશથી પણ આરાધક હોવાથી અને નિહ્નવો દર્શનઅંશથી વિરાધક હોવાથી નિહ્નવોને અને અભવ્યોને ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિરૂપ સામ્યભાવની પ્રાપ્તિ થઈ શકે નહિ; કેમ કે નિહ્નવો સમ્યક્ત્વઅંશથી વિરાધક છે અને પંચાચારનું પાલન કરનારા અભવ્યો સમ્યક્ત્વઅંશથી પણ વિરાધક નથી. વસ્તુતઃ શાસ્ત્રકારોએ સાધુસામાચારીનું પાલન કરનારા અભવ્યોને અને નિહ્નવોને ઉત્કૃષ્ટથી સમાન રીતે નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ સ્વીકારેલી છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે નિહ્નવોને પૂર્ણ સામાચારી પાલન કરનારા અભવ્યોની સાથે ગ્રૈવેયકમાં ઉપપાતમાં સામ્યપણું નથી; કેમ કે નિહ્નવોને ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે તે દેવદુર્ગતપણાથી પ્રાપ્તિ થાય છે અને પૂર્ણ સામાચારી પાળનારા અભવ્યાદિને દેવદુર્ગતપણાની પ્રાપ્તિ નથી. દેવદુર્ગતપણું એટલે માત્ર દેવકિલ્બિષિકાદિપણું નથી, પરંતુ સંમોહપણાથી પણ છે. નવમા ગ્રૈવેયકમાં કિલ્બિષિકાદિપણું નહીં હોવા છતાં નિહ્નવોને સંમોહ હોવાથી દેવદુર્ગતપણું છે જેના કારણે તેઓ અનંતસંસાર ભટકશે.

તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીનું આ વચન ઉચિત નથી; કેમ કે જેમ નિહ્નવોને ચારિત્રની સામાચારીના પાલનના બળથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે. તેમ અભવ્યાદિ જીવોને પણ જે ચારિત્રાચારના પાલનના બળથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે. તે દેવદુર્ગતત્વરૂપ જ છે; કેમ કે નિહ્નવો કરતાં પણ અભવ્યના જીવો કે ચરમાવર્ત બહારના જીવો જે સામાચારીના બળથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ કરે છે, તેઓમાં નિહ્નવો કરતાં પણ સંમોહનું પ્રાબલ્ય છે.

કેમ સંમોહનું પ્રાબલ્ય છે ? તેથી કહે છે –

ચરમાવર્તના બહારનો કાળ વચનૌષધનો અકાળ હોવાથી અકાળમાં કરાયેલા વચનૌષધથી મોહ અતિશયિત થાય છે. અને નિહ્નવો તો ચરમાવર્તમાં આવેલા હોવાથી ઉત્સૂત્રભાષણ કરીને જે દેવદુર્ગતપણું પામે છે તેના કરતાં પણ ચરમાવર્ત બહારના જીવો સામાચારી પાલન કરીને પણ અધિક દેવદુર્ગતપણાને પામે છે. જ્યારે પૂર્વપક્ષીના કથન પ્રમાણે નિહ્નવોને દ્રવ્યચારિત્રના પાલનના બળથી દેશારાધક સ્વીકારીએ તો અભવ્ય આદિને દ્રવ્યચારિત્રના પાલનના બળથી અને દ્રવ્યસમ્યક્ત્વની સામાચારીના પાલનના બળથી તાત્ત્વિક સુદેવત્વની પ્રાપ્તિ જ સ્વીકારવી પડે.

વસ્તુતઃ નિહ્નવોના દેવદુર્ગતત્વ કરતાં પણ અકાળે ઔષધ સેવન કરનારા અભવ્યાદિ જીવોને તાત્ત્વિક દેવત્વની પ્રાપ્તિ તો નથી, પરંતુ નિહ્નવો કરતાં પણ અધિક દેવદુર્ગતત્વની પ્રાપ્તિ છે. માટે નિહ્નવોને સમ્યક્ત્વના વિરાધક સ્વીકારીને અને દ્રવ્યચારિત્રના આરાધક સ્વીકારીને દેશારાધક પૂર્વપક્ષી કહે છે, તે ઇષ્ટ નથી.

અહીં વિશેષ એ છે કે કેટલાક સાધુઓ સુવિશુદ્ધ સંયમ પાળીને સર્વ કર્મનો નાશ ન કરી શકે તો નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે. તેઓનો નવમા ગ્રૈવેયકમાં ઉપપાત તાત્ત્વિક સુદેવત્વરૂપ છે; કેમ કે સંમોહ વગર ચારિત્ર પાળીને નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયા પછી મનુષ્યાદિ ભવોને પામીને તેઓ મુક્તિને પામશે.

વળી, નિહ્નવો સ્વીકારાયેલા ચારિત્રાચારનું સમ્યક્ પાલન કરીને નવમા ગ્રૈવેયકમાં જાય છે. તેઓએ સંયમકાળમાં જે ઉત્સૂત્રભાષણ કરેલ તેનાથી બંધાયેલા ક્લિષ્ટ મિથ્યાત્વના કારણે નવમા ગ્રૈવેયકમાં હિતાહિતને અનુકૂળ માર્ગાનુસારી ઊહ થતો નથી, પરંતુ પ્રાપ્ત થયેલા ભોગોમાં તેઓ મૂઢ બને છે તેથી ઉત્સૂત્રભાષણથી બંધાયેલા કર્મને કારણે ભોગોમાં તેઓ મૂઢ થઈને દીર્ઘ સંસાર ભટકે છે. તેથી તેઓની નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ દેવદુર્ગતત્વરૂપ છે. વળી, અભવ્યના જીવો કે ચરમાવર્ત બહારના જીવો પ્રચુર ભાવમલવાળા હોય છે. તેથી ભગવાનના વચનરૂપ ઔષધ માટે તેઓ અયોગ્ય છે. તેથી જેમ પ્રબલ જ્વરનો ઉદય હોય તે વખતે જ્વર સંબંધનું ઔષધ ગુણકારી થતું નથી પરંતુ જ્વરનું કંઈક શમન કરીને શરીરમાં રહેલા ધાતુના વિકારની વૃદ્ધિનું કારણ બને છે, તેથી અકાળે અપાયેલું જ્વરનું ઔષધ રોગીને માટે અહિતકર છે, તેમ પ્રચુર ભાવમલવાળા ચરમાવર્ત બહારના જીવો કે અભવ્યના જીવો ભગવાનના વચનના સેવનરૂપ ઔષધ માટે અયોગ્ય છે. અને જે વખતે ભગવાનના વચનના સેવનરૂપ ઔષધનો અકાળ વર્તતો હોય તે વખતે કોઈક નિમિત્તથી સંયમ ગ્રહણ કરીને તેઓ પૂર્ણ પંચાચારનું પાલન કરે તોપણ તે પંચાચારના પાલનથી મોહની મંદતારૂપ કોઈ ગુણ થતો નથી, પરંતુ તે ઔષધના સેવનથી નવમા ગ્રૈવેયકનું તુચ્છ સુખ મળે છે. તે વખતે ભાવરોગ અતિશય વૃદ્ધિ પામે છે. જેમ પ્રબલ જ્વરમાં જ્વરશમનનું ઔષધ આપવાથી ક્ષણિક જ્વરનું શમન થાય છે, ત્યાર પછી તે ઔષધથી અંદરની ધાતુઓમાં ઘણી વિક્રિયા થવાથી પૂર્વ કરતાં પણ અધિક દોષની પ્રાપ્તિ થાય છે, તેમ અકાળે ભગવાનના વચનરૂપ ઔષધના સેવનથી ક્ષણિક સુખરૂપ ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે; તોપણ તે ભોગોમાં અતિસંમોહ થવાને કારણે ક્લિષ્ટતર સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે. તેથી અકાળે સેવાયેલા વચનૌષધથી ક્લિષ્ટતર દેવદુર્ગતત્વની પ્રાપ્તિરૂપ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ છે.

ટીકા :-

अथ चारित्रापेक्षयाऽऽराधकत्वं द्रव्यप्रतिपत्त्यैव परिभाष्यते, ज्ञानदर्शनापेक्षया तु भावप्रतिपत्त्या, ततोऽभव्यादीनां द्रव्यलिंगिनां देशाराधकत्वमेव, निह्नवानां च देशाराधकत्वं देशविराधकत्वं च । ततो देशाराधकत्वापेक्षयोपपातसाम्यं, दुर्गतित्वनिबन्धनं चैकस्य साहजिकं मिथ्यात्वमपरस्य च

विराधनाजन्यमिति परिभाषायां को दोष इति चेत्? नन्वेवं परिभाषाऽऽश्रयणावश्यकत्वे वृत्तिकृत् स्वारस्येनैव साऽऽश्रणीयेत्यभिप्रायवानाह–तत्=तस्माद् वृत्तिं परिगृह्य परिभाषा वक्तुं युक्ता । जे इति पादपूरणार्थो निपातः । वृत्तौ हि श्रुतशब्देन ज्ञानदर्शनयोः शीलशब्देन च प्राणातिपातादि-निवृत्तिक्रियाया एव परिभाषणादश्रुतवान् शीलवांश्च मार्गानुसार्येव बालतपस्वी पर्यवस्यतीति भावः, न हि द्रव्यलिङ्गधरोऽभव्यादिर्व्यवहारेण बालतपस्वी वक्तुं युज्यते । 'ता एते बालतवस्सिणो दट्ठव्वा' इति महानिशीथे नागिलवचनं कुशीलेषु बालनिश्चयाभिप्रायकमेवेति, न चैकस्मिन्नेव वाक्ये देशाराधकत्वमशुद्धव्यवहारात्, तदुपपादकं बालतपस्वित्वं च निश्चयादिति वक्तुं युक्तम्, सन्दर्भविरोधात्, किन्तु निश्चयप्रापकाद्-व्यवहाराद्देशाराधकत्वं तदुपपादकं च मार्गानुसारियमनियमादिक्रियावत्त्वं बालतपस्वित्वमित्येवं सन्दर्भाऽविरोधः, न च व्यवहारे निश्चयप्रापकत्वाऽप्रापकत्वाभ्यां विशेषः शास्त्रासिद्ध इति व्यामूढधिया शङ्कनीयं, योगबिन्दूपदेशपदादावेतद्विशेषप्रसिद्धेः, नन्वस्यामपि परि-भाषायां कथं बालतपस्विनो देशाराधकत्वं, तद्गतमार्गानुसारिक्रियाया अपि मोक्षमार्गत्वाभावात्, तदंशचारित्रक्रियाया एवांशत्वादिति चेत्? न, संग्रहनयादेशादनुयोगद्वारप्रसिद्धदृष्टान्तेन स्वदेश-देशस्यापि स्वदेशत्वाविरोधादिति सूक्ष्ममीक्षणीयम् ।।२२।।

ટીકાર્થ :-

अथ चारित्रापेक्षया ..... सूक्ष्ममीक्षणीयम् ।।

ગાથાના પૂર્વાર્ધસ્પર્શી ટીકા સમાપ્ત કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે –

'अथ'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે ચારિત્રની અપેક્ષાએ આરાધકપણું દ્રવ્યસ્વીકારથી જ પરિભાવન કરાય છે. વળી જ્ઞાન-દર્શનની અપેક્ષાએ આરાધકપણું ભાવપ્રતિપત્તિથી જ પરિભાવન કરાય છે. તેથી=દ્રવ્યચારિત્રની અપેક્ષાએ જ દેશારાધકપણું છે તેથી, અભવ્યાદિ દ્રવ્યલિંગીઓનું દેશારાધકપણું જ છે અને નિહ્નવોનું દેશારાધકપણું અને દેશ વિરાધકપણું છે. તેથી=અભવ્યોને અને નિહ્નવોને દેશારાધકપણું છે તેથી, દેશારાધકપણાની અપેક્ષાએ ઉપપાતનું સામ્યપણું છે=નિહ્નવોનું અને અભવ્યોનું દેવદુર્ગતપણારૂપે નવમા ગ્રૈવેયકમાં ઉપપાતનું સામ્યપણું છે. અને એકનું=અભવ્યનું, દુર્ગતિનું નિબંધન એવું સાહજિક મિથ્યાત્વ છે. અને અપરનું=નિહ્નવનું, વિરાધનાજન્ય મિથ્યાત્વ છે. એ પ્રમાણેની પરિભાષા કરાયે છતે=એ પ્રમાણેની આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં દેશારાધકની પરિભાષા કરાયે છતે, શું દોષ છે ? એથી કહે છે. આ રીતે પરિભાષાના આશ્રયણનું આવશ્યકપણું હોતે છતે=અભવ્યને અને નિહ્નવોને થતા દેવદુર્ગતત્વને સ્વીકારીને દેશારાધકત્વ સ્વીકારવા માટે આ પ્રકારે પરિભાષાના આશ્રયણનું આવશ્યકપણું હોતે છતે, વૃત્તિકારના સ્વારસથી જ=ભગવતીસૂત્રના વૃત્તિકારના સ્વારસથી જ તે આશ્રયણીય છે=પરિભાષા આશ્રયણીય છે. એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

તે કારણથી=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે બાહ્યક્રિયાને આશ્રયીને આરાધકપણું સ્વીકારવામાં આવે તો નિહ્નવોને પણ દેશારાધકપણું પ્રાપ્ત થાય અને તે ઇષ્ટ નથી તે કારણથી, વૃત્તિને=ભગવતીસૂત્ર ઉપરની આરાધક-વિરાધક ચતુર્ભંગીની ટીકાને, ગ્રહણ કરીને પરિભાષા કરવા માટે યુક્ત છે. શ્લોકમાં 'જે' શબ્દ છે તે પાદપૂરણ અર્થમાં નિપાત છે.

વૃત્તિમાં વળી શ્રુત-શબ્દથી જ્ઞાન-દર્શનનું અને શીલ-શબ્દથી પ્રાણાતિપાતાદિ નિવૃત્તિની ક્રિયાનું જ પરિભાષણ હોવાથી=આ પ્રકારની પરિભાષા જ કરી હોવાથી, અશ્રુતવાન અને શીલવાનરૂપ પ્રથમ ભાંગાનો સ્વામી માર્ગાનુસારી બાલતપસ્વી જ પર્યવસાન પામે છે, એ પ્રકારનો ભાવ છે. પરંતુ દ્રવ્યલિંગને ધારણ કરનાર અભવ્યાદિ વ્યવહારથી બાલતપસ્વી કહેવા માટે સંગત થતા નથી.

પૂર્વે કહ્યું કે દ્રવ્યલિંગધારી અભવ્યાદિને વ્યવહારથી બાલતપસ્વી કહી શકાય નહિ. ત્યાં પ્રશ્ન થાય કે મહાનિશીથમાં નાગિલનું વચન છે, તે સ્થાનમાં ચરમાવર્ત બહારના જૈન સાધુવેશમાં રહેલા જીવોને આશ્રયીને બાલતપસ્વી કહેલ છે. તેથી દ્રવ્યલિંગધારી અભવ્યાદિને વ્યવહારથી બાલતપસ્વી સ્વીકારવા જોઈએ. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –

"તે આ બાલતપસ્વી જાણવા." તે પ્રમાણે મહાનિશીથમાં નાગિલનું વચન કુશીલ એવા તે ચાર મહાત્માઓમાં બાલનિશ્ચયાભિપ્રાયક જ છે=દેશારાધકરૂપ બાલતપસ્વીના અભિપ્રાયક નથી, પરંતુ અમાર્ગાનુસારી એવા બાલજીવોના નિશ્ચયના અભિપ્રાયક જ છે. એથી વ્યવહારથી બાલતપસ્વીરૂપ દેશારાધક તેઓ છે તેમ કહી શકાય નહીં, તેમ પૂર્વના કથન સાથે સંબંધ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં શીલવાન્ અશ્રુતવાન્ પ્રથમ ભાંગો છે, તેમાં અશુદ્ધ વ્યવહારથી દેશારાધકપણું અને નિશ્ચયથી બાલતપસ્વીપણું સ્વીકારી શકાશે. તેથી દ્રવ્યલિંગી એવા અભવ્યાદિને પણ દેશારાધક સ્વીકારવામાં વિરોધ નથી. તેનું નિરાકરણ કરતાં કહે છે –

અને એક જ વાક્યમાં=શીલવાન્-અશ્રુતવાન્ એ રૂપ ચતુર્ભંગીના એક જ વાક્યમાં દેશારાધકપણું અશુદ્ધવ્યવહારથી છે અને તદુપપાદક બાલતપસ્વીપણું=અશુદ્ધ વ્યવહારથી સ્વીકારાયેલા દેશઆરાધકત્વનું ઉપપાદક બાલતપસ્વીપણું, નિશ્ચયથી છે તે પ્રમાણે કહેવું યુક્ત નથી; કેમ કે સંદર્ભનો વિરોધ છે=મોક્ષમાર્ગના આરાધક કોણ છે ? તે બતાવવાના સંદર્ભથી કરાયેલા દેશારાધકમાં અશુદ્ધ વ્યવહારથી દેશારાધકત્વ સ્વીકારીને તેઓને નિશ્ચયથી બાલતપસ્વી કહીને મોક્ષમાર્ગને અનનુરૂપ ક્રિયા કરનારા છે તેમ કહેવારૂપ સંદર્ભનો વિરોધ છે, પરંતુ નિશ્ચયપ્રાપક એવા વ્યવહારથી દેશારાધકપણું અને તેનો ઉપપાદક=નિશ્ચયપ્રાપક વ્યવહારનયને અભિમત દેશારાધકને ઉપપાદક, માર્ગાનુસારી યમ-નિયમાદિ ક્રિયાવત્ત્વરૂપ બાલતપસ્વીપણું છે એ પ્રકારના સંદર્ભનો અવિરોધ છે. અને વ્યવહારમાં નિશ્ચય પ્રાપકત્વ-અપ્રાપકત્વ દ્વારા વિશેષ=ભેદ, શાસ્ત્રઅસિદ્ધ છે. એ પ્રમાણે વ્યામૂઢ વૃત્તિથી શંકા કરવી નહિ; કેમ કે યોગબિંદુ, ઉપદેશપદાદિમાં આના વિશેષની=નિશ્ચય પ્રાપકત્વ અને અપ્રાપકત્વ દ્વારા વ્યવહારના વિશેષની પ્રસિદ્ધિ છે.

'ननु'થી શંકા કરે છે – આ પણ પરિભાષામાં=આરાધક-વિરાધકની ચતુર્ભંગીમાંના પ્રથમ ભાંગામાં મોક્ષમાર્ગના દેશારાધકને જ દેશારાધક સ્વીકાર્યા છે. એ પ્રકારની પણ પરિભાષામાં, બાલતપસ્વીઓનું દેશારાધકપણું કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહિ; કેમ કે તદ્ગત માર્ગાનુસારી ક્રિયાનું પણ=બાલતપસ્વીગત માર્ગાનુસારી ક્રિયાના પણ, મોક્ષમાર્ગત્વનો અભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે તેઓની માર્ગાનુસારી ક્રિયા પણ મોક્ષમાર્ગત્વનો અભાવ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

तदंश चारित्रक्रियानुं ज=શ્રુત અને શીલમાંથી શીલ અંશરૂપ ચારિત્રક્રિયાનું જ, अंशपणुं छे=શ્રુત-શીલમાંથી શીલરૂપ એક અંશપણું છે. તે પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તેમ ન કહેવું; કેમ કે संग्रहनयना आदेशथी अनुयोग द्वार प्रसिद्ध दृष्टांत द्वारा=અનુયોગ દ્વારમાં-પ્રદેશ વિષયક જે પ્રસિદ્ધ દૃષ્ટાંત છે તેના દ્વારા, સ્વદેશના દેશનું પણ સ્વદેશત્વ અવિરોધ છે. એ પ્રમાણે સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ. ॥૨૨॥

ભાવાર્થ :-

ગાથાના પૂર્વાર્ધમાં ગ્રંથકારશ્રીએ સંપ્રદાયબાહ્યવાળાને આપત્તિ આપી કે જો સંપૂર્ણ સાધુ સામાચારીના બળથી અભવ્યાદિને દેશારાધક સ્વીકારવામાં આવે તો નિહ્નવોને પણ દેશારાધક સ્વીકારવાની આપત્તિ આવે. અને નિહ્નવોને દેશારાધક સ્વીકારી ન શકાય તેની સ્પષ્ટતા ટીકામાં ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી કરી. ત્યાં કોઈક કહે કે દ્રવ્યચારિત્રના પાલનથી જ ચારિત્રનું આરાધકપણું પરિભાષણ કરાય અને ભાવની પરિણતિથી જ જ્ઞાન-દર્શનનું આરાધકપણું પરિભાષણ કરાય તો અભવ્યાદિ દ્રવ્યલિંગીઓને દેશારાધકપણું પ્રાપ્ત થાય; કેમ કે તેઓ પૂર્ણ પંચાચારનું પાલન કરે છે. અને નિહ્નવોને દેશારાધકપણું અને દેશવિરાધકપણું પ્રાપ્ત થાય; કેમ કે નિહ્નવો ઉત્સૂત્રભાષણ દ્વારા દર્શનાચારની વિરાધના કરે છે અને અન્ય આચારનું પાલન કરે છે. તેથી અભવ્યાદિ દ્રવ્યલિંગીઓ અને નિહ્નવોમાં જે દેશારાધકપણું છે તેની અપેક્ષાએ અભવ્યાદિ અને નિહ્નવોને નવમા ગ્રૈવેયકમાં ઉપપાતનું સામ્ય છે. અભવ્યાદિને જે દેવદુર્ગતત્વ પ્રાપ્ત થાય છે તેમાં દુર્ગતત્વનું કારણ સાહજિક મિથ્યાત્વ છે=અનાદિકાળથી સહજ રીતે વર્તતું મિથ્યાત્વ છે. અને નિહ્નવોને ઉત્સૂત્રભાષણ કરવારૂપ વિરાધનાથી જન્ય મિથ્યાત્વ છે. આ રીતે પરિભાષા કરવામાં શું દોષ છે ? કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રકારની પરિભાષા કરવામાં ભગવતીસૂત્રની આરાધક-વિરાધક ચતુર્ભંગી ઉપર જે ટીકા છે તેની ઉપેક્ષા થાય માટે તેનું આશ્રયણ યુક્ત નથી. તે બતાવવાના અભિપ્રાયથી ગાથાના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે – ભગવતીસૂત્રકારે મોક્ષમાં જવાને અનુકૂળ એવી આચરણા કરનારા જીવોને આશ્રયીને આરાધક-વિરાધકની પરિભાષા કરેલ છે. તેથી ભગવતીના ટીકાકારે શ્રુત શબ્દથી જ્ઞાન-દર્શન અને શીલ શબ્દથી પ્રાણાતિપાતાદિ નિવૃત્તિની ક્રિયાને જ ગ્રહણ કરીને અશ્રુતવાળા અને શીલવાળા એવા માર્ગાનુસારી બાલતપસ્વીને ગ્રહણ કરેલ છે.

જોકે અભવ્યાદિ પણ સંયમની ક્રિયા કરે છે. ત્યારે સ્થૂલથી પ્રાણાતિપાતાદિની નિવૃત્તિની ક્રિયાનું સમ્યક્ પાલન કરે છે. તોપણ જે પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ રત્નત્રયીને લેશ પણ અભિમુખ પરિણામવાળી નથી તેવી પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ પરમાર્થથી શીલરૂપ નથી. માટે માર્ગાનુસારી શીલ પાળનારા બાળ તપસ્વી જ દેશારાધકથી ગ્રહણ થઈ શકે. પણ દ્રવ્યલિંગને ધારણ કરનારા અભવ્યાદિને બાલતપસ્વી કહી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે મહાનિશીથમાં નાગિલનું વચન સંભળાય છે કે નાગિલ અને સુમતિ બે ભાઈઓ હતા અને પોતાની દરિદ્રાવસ્થા થવાને કારણે તેઓ અન્યત્ર જતા હતા. રસ્તામાં ચાર સાધુઓનો યોગ થયો. જેઓ છઠ્ઠના પારણે છઠ્ઠ અને અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરતા હતા. તેનાથી પ્રભાવિત થઈને સુમતિ દીક્ષા લેવા તૈયાર થાય છે. ત્યારે નાગિલ તેને કહે છે કે "આ સાધુઓ બાલતપસ્વી છે, તેઓ દર્શન કરવા યોગ્ય પણ નથી અને આ ૪ સાધુઓ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારપરિભ્રમણ કરનારા છે." તેથી નક્કી થાય છે કે ચરમાવર્ત બહારના સંયમની ક્રિયા કરનારા છે. મહાનિશીથસૂત્રમાં તેમને બાલતપસ્વી કહ્યા છે. અને તેઓ દેશારાધક છે; કેમ કે ભગવતીસૂત્રમાં બાલતપસ્વીને દેશારાધક કહેલ છે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે – મહાનિશીથમાં "આ બાલતપસ્વી છે." એવું જે નાગિલનું વચન છે તે કુશીલ એવા સાધુઓમાં બાલના નિશ્ચયના અભિપ્રાયવાળું છે અર્થાત્ દેશારાધક છે એ અભિપ્રાયવાળું નથી પરંતુ કુશીલ એવા આ સાધુ બાલ છે એવા નિર્ણયને બતાવનારું છે. માટે મહાનિશીથના વચનના બળથી અભવ્યાદિને બાલતપસ્વી સ્વીકારીને દેશારાધક કહી શકાય નહિ.

અહીં વિશેષ એ છે કે ભાવનું કારણ હોય એવી દ્રવ્યક્રિયાને પણ દ્રવ્યક્રિયા કહેવાય છે. અને ક્યારેક અસાર ક્રિયાને પણ દ્રવ્યક્રિયા કહેવાય છે. આથી જ સર્વથા અસાર ક્રિયા કરતા હોય ત્યારે નિંદા અર્થક કહેવાય છે કે આ દ્રવ્યક્રિયા છે, જેનું કોઈ ફળ નથી. તેમ બાલતપસ્વી શબ્દ પણ આદ્ય ભૂમિકાના બાળ જેવા મોક્ષમાર્ગની આરાધના કરનાર માટે વપરાય છે; કેમ કે તપસ્વી શબ્દથી તેઓ આરાધક છે એમ ફલિત થાય છે. અને અજ્ઞાનતા હોવાને કારણે તેઓની આરાધના બાળ જેવી છે. તે બતાવવા માટે બાલ શબ્દનો પ્રયોગ થાય છે. માટે બાલતપસ્વી શબ્દથી આદ્યભૂમિકાના આરાધક જીવોનું ગ્રહણ થાય છે. અને નાગિલના વચનમાં નિંદાર્થક બાલતપસ્વી છે. અર્થાત્ તેઓ સંયમની ક્રિયાઓ કરે છે, તોપણ અત્યંત અજ્ઞાનયુક્ત છે. તેથી અસાર એવી સંયમની ક્રિયાઓ કરનારા હોવાથી નાગિલે તેઓને બાલતપસ્વી કહ્યા છે. જે નિંદાર્થક વચન પ્રયોગ છે. પણ દેશારાધક બતાવવાર્થે વચનપ્રયોગ નથી.

આ રીતે ગ્રંથકારશ્રીએ ભગવતીની વૃત્તિ અનુસાર માર્ગાનુસારી બાલતપસ્વીને જ દેશારાધક સ્થાપિત કર્યા. હવે તેમ સ્વીકારવું જ ઉચિત છે તે બતાવવા અર્થે કહે છે – આરાધક-વિરાધક ચતુર્ભંગીમાંથી શીલવાન્-અશ્રુતવાનરૂપ એક વાક્યમાં અશુદ્ધ વ્યવહારથી દેશારાધકપણું સ્વીકારીને ચરમાવર્ત બહારના જીવોની ચારિત્રની ક્રિયાને ગ્રહણ કરીને નાગિલે જેમ અસાર ક્રિયા કરનારને બાલતપસ્વી કહ્યા તેમ

ભગવતીના વૃત્તિકારે પણ અશુદ્ધ વ્યવહારથી ચારિત્રની ક્રિયા કરનારાને દેશારાધક કહ્યા છે. તેમ પૂર્વપક્ષીના વચન અનુસાર સ્વીકારવામાં આવે અને નાગિલે ચરમાવર્ત બહારના જીવોને બાલતપસ્વી કહ્યા તે આ જીવો બાળ છે, આરાધક નથી એ પ્રકારના અભિપ્રાયવાળું છે તે નિશ્ચયના અભિપ્રાયવાળું છે એમ જે ગ્રંથકારશ્રીએ કહ્યું તેમ પૂર્વપક્ષી સ્વીકારી લે અને કહે કે તેમ સ્વીકારવાથી નિહ્નવોને અને અભવ્યાદિને દેશારાધક સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રમાણે કહેવું યુક્ત નથી; કેમ કે આ પ્રકારે અર્થ કરવામાં સંદર્ભનો વિરોધ છે. અર્થાત્ મોક્ષમાર્ગના આરાધકને ગ્રહણ કરીને કોણ દેશથી આરાધક છે ? કોણ સર્વથી આરાધક છે ? એ પ્રકારના સંદર્ભથી ચતુર્ભંગીનો અર્થ કરતી વખતે જેઓ લેશ પણ મોક્ષમાર્ગની આરાધના કરતા નથી તેવા જીવોને અશુદ્ધ વ્યવહારથી દેશારાધક કહેવા અને ત્યાર પછી તેઓ બાલતપસ્વી છે એમ કહીને મોક્ષમાર્ગના સર્વથા વિરાધક છે તેમ કહેવા અર્થે નિશ્ચયનયનું આશ્રયણ કરીને 'આ બાળ છે' અર્થાત્ આરાધક નથી માટે બાલતપસ્વી છે એમ કહેવામાં સંદર્ભનો વિરોધ છે. તો કઈ રીતે અર્થ કરવાથી આરાધક-વિરાધક ચતુર્ભંગીમાંથી પ્રથમ ભાંગામાં સંદર્ભનો વિરોધ પ્રાપ્ત થાય નહિ ? તે બતાવવા અર્થે કહે છે – નિશ્ચયનયને પ્રાપક એવા વ્યવહારનયથી દેશારાધકપણું સ્વીકારવામાં આવે અને તેવા શુદ્ધ વ્યવહારથી પ્રાપ્ત થયેલા દેશારાધકની ઉપપાદક એવી માર્ગાનુસારી યમ-નિયમાદિ ક્રિયાવાળા જીવોને બાલતપસ્વી કહેવામાં આવે તો સંદર્ભનો વિરોધ થાય નહીં.

આશય એ છે કે નિશ્ચયનય મોક્ષને અનુકૂળ એવા જીવના પરિણામને કારણ કહે છે. અને તેવા નિશ્ચયનયના પરિણામને પ્રાપ્ત કરાવે એવી વ્યવહારનયની યમ-નિયમની આચરણા જે કરતા હોય તે જીવોને દેશારાધક સ્વીકારી શકાય. જેમ તામલિ તાપસાદિ તે તે દર્શનની યમ-નિયમની આચરણા કરતા હતા. જેના બળથી સમ્યક્ત્વાદિ ભાવો તેમને પ્રાપ્ત થાય છે. તેથી નિશ્ચયનયને અભિમત એવા પરિણામને પ્રાપક એવી વ્યવહારનયની ક્રિયા કરનારાને દેશારાધક કહેવામાં આવે છે તેમ સ્વીકારવામાં આવે અને તેવું દેશારાધકપણું જેઓમાં હોય તેવા જીવોને બાલતપસ્વી કહેવામાં આવે તો તે કથનમાં સંદર્ભનો વિરોધ થાય નહીં.

અહીં કોઈને પ્રશ્ન થાય કે વ્યવહારનયની ક્રિયામાં "આ વ્યવહારનયની ક્રિયા નિશ્ચયપ્રાપક છે અને આ વ્યવહારનયની ક્રિયામાં નિશ્ચય પ્રાપક નથી." એ પ્રકારનો ભેદ શાસ્ત્રસિદ્ધ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – એમ વ્યામૂઢ બુદ્ધિથી શંકા કરવી નહિ; કેમ કે યોગબિંદુ, ઉપદેશપદાદિમાં આ ભેદની પ્રસિદ્ધિ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જે જીવો ભવથી કંઈક વિમુખ થયા છે અને ભવના ઉચ્છેદના અર્થે યમ-નિયમાદિની આચરણા કરે છે, તેઓની યમ-નિયમની આચરણા ભવ પ્રત્યેના સંગને અલ્પ-અલ્પતર કરીને નિશ્ચયનયને અભિમત એવા અસંગભાવની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી તેવી વ્યવહારનયની ક્રિયાઓ નિશ્ચયનયના પરિણામની પ્રાપક છે. અને જે જીવોને ભવપ્રાપ્તિનો સંગ અત્યંત છે. અથવા જે જીવોને ભવ પ્રત્યેનો સંગ ઉપદેશાદિથી કંઈક ન્યૂન થાય તેવો હોવા છતાં ઉપદેશક તે પ્રકારના ઉપદેશ દ્વારા ભવના સંગને ઘટાડવા કોઈ યત્ન ન કરે તો ભવ પ્રત્યેના અત્યંત સંગવાળા જીવો વ્યવહારનયની ક્રિયાઓ કરીને

પોતાના ભવનો સંગ ઘટાડે નહિ. પરંતુ તે ક્રિયાથી જ ભવના સંગની વૃદ્ધિ કરે. તેવા જીવોની વ્યવહારનયની ક્રિયા નિશ્ચયપ્રાપક નથી. આથી જ ઉપદેશક ઉપદેશ દ્વારા યોગ્ય શ્રોતામાં ભવ પ્રત્યેનો વિરક્તભાવ ઉત્પન્ન કરીને તે વિરક્તભાવ પુષ્ટ થાય તે પ્રકારની ક્રિયા તે શ્રોતાને બતાવે છે. જેથી તે ક્રિયા કરીને તે શ્રોતા ક્રમે કરીને નિશ્ચયનયના પરિણામને પ્રાપ્ત કરે છે. તેવી ક્રિયા નિશ્ચયપ્રાપક છે.

વળી ભગવતીસૂત્રકારે જે દેશારાધકની પરિભાષા કરી છે, તે પરિભાષાનુસાર બાલતપસ્વી કઈ રીતે દેશારાધક થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે તે બાલતપસ્વી જે માર્ગાનુસારી ક્રિયા કરે છે, તે માર્ગાનુસારી ક્રિયામાં પણ મોક્ષમાર્ગનો અભાવ છે. કેમ મોક્ષમાર્ગનો અભાવ છે ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ બતાવે છે. આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં જે શ્રુત અને શીલ એ બે અંશો ગ્રહણ કર્યા, તેમાંથી શીલરૂપ અંશ ચારિત્રની ક્રિયા છે. તથા શ્રુત અને શીલમાંથી ચારિત્રરૂપ અંશ બાલતપસ્વીની ક્રિયામાં નથી; કેમ કે બાલતપસ્વી જે યમ-નિયમાદિ આચરણા કરે છે તે જિનવચનાનુસાર ચારિત્રરૂપ નથી. આ પ્રકારની કોઈની શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – બાલતપસ્વીની જે યમ-નિયમની આચરણા છે તે ચારિત્રરૂપ નહિ હોવા છતાં ચારિત્રનો એક દેશ છે. અને અનુયોગ દ્વારમાં પ્રસિદ્ધ દૃષ્ટાંતથી સંગ્રહનયના વચનાનુસાર શ્રુત-શીલમાંથી જે શીલરૂપ ચારિત્ર છે તેના એક દેશરૂપ યમ-નિયમાદિની ક્રિયા છે તેને પણ શીલરૂપે ગ્રહણ કરીને ભગવતીમાં બાલતપસ્વીને દેશારાધક સ્વીકારેલ છે.

આશય એ છે કે અનુયોગ દ્વારમાં પ્રદેશનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. અને ત્યાં પ્રશ્ન કરેલ છે કે કોને પ્રદેશ છે ? તેના ઉત્તરમાં નયોનું યોજન કરેલ છે. તેમાં સંગ્રહનયથી કહેલ છે કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને તેઓના દેશના એમ કુલ ૬ના પ્રદેશો છે. એ પ્રમાણે સંગ્રહનય સ્વીકારે છે. તેથી ધર્માસ્તિકાય આદિ પાંચ અને તેના દેશોના પ્રદેશને પ્રદેશ સ્વીકારીને તે સ્થાપન કર્યું કે ધર્માસ્તિકાય આદિ પાંચનો જે દેશ અને તેનો પણ જે દેશ તેને સંગ્રહનય સ્વીકારે છે. આથી જ ધર્માસ્તિકાયાદિ પાંચના દેશના દેશને પ્રદેશરૂપે સ્વીકારે છે. તેમ પ્રસ્તુતમાં શીલ-શ્રુતમાંથી જે શીલ દેશ છે તેના પણ દેશને સ્વીકારીને ભગવતીમાં દેશારાધક કહ્યા છે. અને બાલતપસ્વીની ક્રિયા શીલરૂપ દેશનો દેશ આ રીતે છે. જે શીલ મુનિ પાળે છે તે ભાવ ચારિત્રરૂપ શ્રુત-શીલનો દેશ છે. અને તે શીલની પ્રાપ્તિનું કારણ સ્થૂલ આચરણારૂપ યમ-નિયમની આચરણા બાલતપસ્વી એવા અન્યદર્શનના જીવો અથવા ગીતાર્થને અપરતંત્ર માર્ગાનુસારીભાવવાળા જીવો, કરે છે. આથી જ તે બાલતપસ્વી યમ-નિયમની આચરણા કરીને જ્યારે સમ્યક્ત્વ પામે છે ત્યારે અનંતાનુબંધીના વિગમનકૃત વિશેષ પ્રકારના શીલને પામે છે. અને સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિના ક્રમથી સર્વવિરતિ પામે છે ત્યારે વિશેષ શીલને પ્રાપ્ત કરે છે. અને તે વિશેષ શીલની પ્રાપ્તિ પ્રત્યે દૂર-દૂરવર્તી બાલતપસ્વીની માર્ગાનુસારી ક્રિયા કારણ છે. તેથી શીલનો દેશ છે. અને અભવ્યાદિ કે નિહ્નવોની ચારિત્રાચારની ક્રિયા છે. તે દૂર-દૂરવર્તી પણ ચારિત્રરૂપ શીલનું કારણ નથી. માટે તેઓની ક્રિયાને આશ્રયીને ભગવતીકારે તેઓને દેશારાધક સ્વીકાર્યા નથી. આ પ્રમાણે સૂક્ષ્મ અવલોકન કરવું. **॥૨૨॥**

અવતરણિકા :-

નન્વન્યમાર્ગસ્થશીલાદિક્રિયાયા અપિ જૈનમાર્ગાનુષ્ઠાનત્વાભાવાત્કથં તયા દેશારાધકત્વમ્? ઇત્યત્રાહ -

અવતરણિકાર્થ :-

'નનુ'થી શંકા કરે છે કે અન્યમાર્ગમાં રહેલા જીવોની શીલાદિ ક્રિયાનું પણ, જૈનમાર્ગના અનુષ્ઠાનપણાનો અભાવ હોવાથી તેનાથી=અન્ય માર્ગની શીલાદિની ક્રિયાથી કેવી રીતે દેશારાધકપણું થાય ? અર્થાત્ થાય નહિ. એ પ્રકારની શંકામાં કહે છે –

ગાથા :-

मग्गाणुसारिकिरिया जइणि च्चिय भावओ उ सव्वत्थ ।
जेणं जिणोवएसो चित्तो अपमायसारो वि ।।२३।।

છાયા :-

मार्गानुसारिक्रिया जैन्येव भावतस्तु सर्वत्र ।
येन जिनोपदेशश्चित्रोऽप्रमादसारोऽपि ।।२३।।

અન્વયાર્થ :-

સવ્વત્થ=સર્વત્ર=સર્વ દર્શનોમાં, મગ્ગાણુસારિકિરિયા=માર્ગાનુસારીક્રિયા, ભાવઓ=ભાવથી, જઇણિ=જૈની, ચ્ચિય=જ છે. જેણં=જે કારણથી, અપમાયસારો=અપ્રમાદસાર વિ=પણ, જિણોવએસો=જિનનો ઉપદેશ, ચિત્તો=ચિત્ર=અનેક પ્રકારનો છે. ।।૨૩।।

ગાથાર્થ :-

સર્વત્ર=સર્વ દર્શનોમાં, માર્ગાનુસારીક્રિયા ભાવથી જૈની જ છે. જે કારણથી અપ્રમાદસાર પણ જિનનો ઉપદેશ ચિત્ર=અનેક પ્રકારનો છે. ।।૨૩।।

ટીકા :-

मग्गाणुसारिकिरियत्ति । मार्गानुसारिणी क्रिया शीलदयादानादिरूपा सर्वत्र भावतस्तु जैन्येव, आदितो भगवत्प्रणीताया एव तस्याः सर्वत्रोपनिबन्धात्, मार्गानुसारिणां च तन्मात्र एव तात्पर्यात् ।

ते हि क्षीरनीरविवेककृतो हंसा इव निसर्गत एव शुद्धाशुद्धक्रियाविशेषग्राहिण इति । कथमियं जैनी? इत्यत्र हेतुमाह-यद्=यस्माद् अप्रमादसारोऽपि=परमोपेयाऽप्रमादमुख्योद्देशोऽपि, जिनोपदेशः चित्रः=पुरुषविशेषापेक्षयोचितगुणाधायकतया नानाप्रकारो, यो यत्प्रमाणोपदेशयोग्यस्तस्य तावत्प्रमाण-गुणाधानपर्यवसन्न इति यावत् । तदुक्तमुपदेशपदे (९३३) –

एवं जिणोवएसो उचियाविक्खाइ चित्तरूवोत्ति ।

अपमायसारयाएवि तो सविसयमो मुणेयव्वो ।।

एतद्वृत्तिर्यथा-'एवं=गुरुकर्मणां प्रव्रज्याप्रतिपत्त्यसहिष्णुत्वे सति, जिनोपदेशः सर्वज्ञप्रज्ञापनारूपः उचितापेक्षया यो यत्प्रमाणस्योपदेशस्य योग्यस्तदपेक्षया चित्ररूपो नानारूपतया प्रवर्त्तत इति प्राग्वत् । अप्रमादसारतायामपि= अप्रमादः सारः करणीयतया यत्र जिनोपदेशे स तथा तस्या भावस्तत्ता तस्यामपि, तत्=तस्मात्, सविषयः= सगोचरः, मो इतिपूर्ववत् मुणेयव्वोत्ति मुणितव्यः । यदा हि जिनोपदेशश्चित्ररूपतया व्यवस्थितोऽप्रमादसारोऽपि तदापुनर्बन्धकादीन् निर्वाणमार्गप्रज्ञापनायोग्यानधिकृत्य केचित्सामान्यदेशनायाः केचित्सम्यग्दृष्टिगुणयोग्यप्रज्ञापनायाः केचिद्देशविरतिगुणस्थानकार्हप्ररूपणायाः केचिन्निर्धूतचारित्रमोहमालिन्या अप्रमत्ततारूपप्रव्रज्यादेशनाया योग्या इति नाऽविषयाऽप्रमत्तताप्रज्ञापनेति' **ततश्च मार्गानुसारिक्रियापि भगवत्सामान्यदेशनार्थ इति भावतो जैन्येवेति प्रतिपत्तव्यम् ।।२३।।**

ટીકાર્થ :-

मार्गानुसारिणी क्रिया ..... प्रतिपत्तव्यम् ।। 'मग्गाणुसारिकिरियत्ति' પ્રતીક છે. શીલ-દાન-દયાદિરૂપ માર્ગાનુસારી ક્રિયા સર્વત્ર=સર્વદર્શનોમાં, ભાવથી જૈની જ છે; કેમ કે આદિથી ભગવત્પ્રણીત એવી તેનું જ=પ્રારંભથી સર્વજ્ઞ વડે કહેવાયેલી જ એવી શીલ, દાનાદિ ક્રિયાનું, સર્વત્ર=સર્વ દર્શનોમાં, ઉપનિબંધન છે.

અહીં પ્રશ્ન થાય કે સર્વ દર્શનોમાં ભગવત્પ્રણીત માર્ગાનુસારી ક્રિયાનું ઉપનિબંધન હોય એટલામાત્રથી અન્યદર્શનની ક્રિયા કરનારા ભાવથી જૈની જ ક્રિયા કરે છે, એમ કેમ કહી શકાય ? કેમ કે અન્યદર્શનમાં ભગવત્પ્રણીત ક્રિયાથી અન્ય ક્રિયા પણ ઉપનિબદ્ધ છે. તેથી બીજો હેતુ કહે છે –

અને માર્ગાનુસારી જીવોનું તન્માત્રમાં જ=સર્વજ્ઞપ્રણીત ક્રિયામાત્રમાં જ, તાત્પર્ય છે=સર્વજ્ઞના વચનાનુસાર મોહનાશને અનુકૂળ યત્નમાં તાત્પર્ય છે.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનમાં ભગવત્પ્રણીત ક્રિયા જેમ ઉપનિબદ્ધ છે તેમ ભગવત્પ્રણીતથી વિપરીત ક્રિયા પણ મિશ્રરૂપે ઉપનિબદ્ધ છે, તેથી અન્યદર્શનની ક્રિયા કરનારા માર્ગાનુસારી જીવો ભાવથી જૈની જ ક્રિયા કરે છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

અને તેઓ જ=માર્ગાનુસારી જીવો જ, ક્ષીર-નીર વિવેક કરનાર હંસની જેમ નિસર્ગથી જ શુદ્ધ-અશુદ્ધ ક્રિયાના વિશેષને ગ્રહણ કરનારા છે.

'इति' શબ્દ માર્ગાનુસારી ક્રિયા ભાવથી જૈની જ છે એ કથનની સમાપ્તિ માટે છે.

કેવી રીતે આ=અન્યદર્શનની ક્રિયા, જૈની થાય=જિન સંબંધી થાય ? એ પ્રમાણેની શંકામાં હેતુ કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી હેતુને કહે છે – જે કારણથી અપ્રમાદસાર પણ=પરમ ઉપેય વિષયક

અપ્રમાદ મુખ્ય ઉદ્દેશ પણ=ધર્માનુષ્ઠાનથી સાધ્ય પ્રકૃષ્ટ ઉપેય એવો જે મોહનાશને અનુકૂલ વ્યાપાર તદ્વિષયક અપ્રમાદ છે મુખ્ય જેમાં એવા ઉદ્દેશવાળો પણ, ચિત્ર=પુરુષવિશેષની અપેક્ષાએ ઉચિત ગુણઆધાયકપણાથી જુદા જુદા પ્રકારવાળો, જિનનો ઉપદેશ જે જીવ જેટલા પ્રમાણવાળા ઉપદેશને યોગ્ય છે તે જીવને તેટલા પ્રમાણવાળા ગુણના આધાનમાં પર્યવસાન પામેલો છે.

ઉપદેશપદમાં તે કહેવાયેલું છે=જિનનો ઉપદેશ ચિત્ર પ્રકારનો અપ્રમાદસાર છે. એમ જે પૂર્વે કહેવાયેલું છે તે ઉપદેશપદમાં કહેવાયેલું છે –

"આ રીતે અપ્રમાદસારતા હોતે છતે પણ જિનનો ઉપદેશ ઉચિત પુરુષની અપેક્ષાએ ચિત્ર રૂપવાળો છે. તે કારણથી સવિષય જાણવો."

આની વૃત્તિ=ઉપદેશપદની વૃત્તિ, આ પ્રમાણે છે –

"આ રીતે=ભારે કર્મવાળા જીવોનું પ્રવ્રજ્યા સ્વીકારવામાં અસહિષ્ણુપણું હોતે છતે, સર્વજ્ઞની પ્રજ્ઞાપનારૂપ જિનનો ઉપદેશ ઉચિતની અપેક્ષાએ=જે જીવ જે પ્રમાણેના ઉપદેશને યોગ્ય છે તેની અપેક્ષાએ, અપ્રમાદસારતા હોતે છતે પણ=અપ્રમાદ કરણીયપણાથી સાર છે જે જિનોપદેશમાં તે તેવો છે=અપ્રમાદસાર છે, તેનો ભાવ તે અપ્રમાદસારતા. તે હોતે છતે પણ, ચિત્ર રૂપવાળો છે=જુદા જુદા સ્વરૂપથી પ્રવર્તે છે. તે કારણથી સવિષયક=સગોચર, જાણવો. ઉદ્ધરણમાં 'મો' શબ્દ પૂર્વની જેમ=પૂર્વમાં જેમ, પાદપૂર્તિ અર્થે કહેલ તેમ જાણવો. જ્યારે જિનનો ઉપદેશ અપ્રમાદસાર પણ અનેકરૂપપણાથી વ્યવસ્થિત છે, ત્યારે નિર્વાણમાર્ગમાં પ્રજ્ઞાપના યોગ્ય એવા અપુનર્બંધકાદિને=મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવવા યોગ્ય એવા અપુનર્બંધકાદિને, આશ્રયીને કેટલાક અપુનર્બંધક સામાન્ય દેશનાના, કેટલાક અપુનર્બંધકાદિને, સમ્યગ્દૃષ્ટિ ગુણ યોગ્ય પ્રજ્ઞાપનાના, કેટલાક અપુનર્બંધક દેશવિરતિ ગુણસ્થાનક યોગ્ય પ્રરૂપણાના, કેટલાક અપુનર્બંધક નિર્ધૂત ચારિત્રમોહમાલિન્યવાળી અપ્રમાદરૂપ પ્રવ્રજ્યાની દેશનાને યોગ્ય છે. એથી અવિષયવાળી અપ્રમત્તતાની પ્રજ્ઞાપના નથી."

અને તેથી માર્ગાનુસારી ક્રિયા પણ ભગવત્ સામાન્ય દેશનાનો અર્થ છે, એથી ભાવથી જૈની જ છે=અન્યદર્શની માર્ગાનુસારી ક્રિયા ભાવથી જૈની જ છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. ॥૨૩॥

ભાવાર્થ :-

સર્વ દર્શનોમાં જે શીલ, દયા, દાનાદિ ક્રિયા છે તે માર્ગાનુસારી ક્રિયા છે. તેથી કોઈ પણ દર્શનમાં રહેલા જીવો સંસારથી ભય પામેલા હોય અને સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિના અર્થી હોય અને તેના ઉપાયરૂપે શીલ પાળતા હોય, જીવોની દયા કરતા હોય અને ઉચિત દાનાદિ કરતા હોય તે સર્વ ક્રિયા કરનારા જીવો ભાવથી જૈન જ છે; કેમ કે ધર્મના સ્થાપન કાળમાં ભગવાન વડે અપાયેલી દેશનામાંથી જ ગ્રહણ કરીને અન્યદર્શનકારોએ મોક્ષના ઉપાયરૂપ તે તે ક્રિયાઓ બતાવેલ છે.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનકારોએ જેમ શીલ, દયા, દાનાદિ ક્રિયાઓ બતાવી છે તેમ મોક્ષના અકારણીભૂત એવા અન્ય આચારો પણ બતાવ્યા છે. તેથી તે દર્શનમાં રહેલા જીવોને જેમ શીલ, દયા, દાનાદિ ક્રિયાઓ પ્રત્યે રુચિ છે, તેમ મોક્ષના અકારણીભૂત આચારો પ્રત્યે પણ રુચિ થવાથી તેઓ ભાવથી

જિનના ઉપાસક છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે – અન્યદર્શનમાં પણ જે માર્ગાનુસારી જીવો છે તેઓને મોક્ષના કારણીભૂત તેવી માર્ગાનુસારી ક્રિયામાં જ તાત્પર્ય છે. અર્થાત્ તેવી માર્ગાનુસારી ક્રિયાને સેવવાના જ આશયવાળા છે. આથી જ તે તે દર્શનની ક્રિયાઓ કરીને પણ રાગાદિનું શમન થાય તે પ્રકારે જ તેઓ યત્ન કરે છે, પરંતુ કદાગ્રહથી સ્વપક્ષના પક્ષપાતી નથી.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનવાળા માર્ગાનુસારી જીવો આ ક્રિયા કષાયના ઉપશમનું કારણ છે અને આ ક્રિયા કષાયના ઉપશમનું કારણ નથી તેવો વિભાગ કઈ રીતે કરી શકે ? તેથી કહે છે – માર્ગાનુસારી જીવો ક્ષીર-નીરના વિભાગને કરનારા હંસની જેમ સ્વભાવથી જ શુદ્ધાશુદ્ધ ક્રિયાના વિશેષને ગ્રહણ કરનારા છે. તેથી અન્યદર્શનમાં પણ રહેલા માર્ગાનુસારી જીવો જે જે યમ-નિયમાદિની આચરણા કરે છે તેનાથી જિનના વીતરાગભાવને અભિમુખ એવા આત્માના સંસ્કારોને આધાન કરે છે. અને જેઓ માર્ગાનુસારી બુદ્ધિવાળા નથી તેઓ જૈનદર્શનની સામાયિકાદિની ક્રિયા કરતા હોય તોપણ શુદ્ધાશુદ્ધ ક્રિયાના વિશેષને ગ્રહણ કરનારા નહીં હોવાથી જિનની ઉપાસના કરનારા નથી.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનવાળા જીવો જે ક્રિયા કરે છે તે ક્રિયા ભાવથી જૈનદર્શનની ક્રિયા છે તેમ કેમ કહ્યું ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે – ભગવાનનો અપ્રમાદસાર મુખ્ય ઉપદેશ છે. અર્થાત્ પરમ ઉપેય એવા વીતરાગભાવને અનુકૂળ અપ્રમાદ મુખ્ય ઉપદેશ છે. અને તે ઉપદેશ પુરુષના ભેદને આશ્રયીને જુદા જુદા પ્રકારનો છે. તેથી જે જીવને જે ભૂમિકામાં જે પ્રકારનો યત્ન ઉચિત ગુણો આધાયક બને તે જીવને આશ્રયીને તે પ્રકારનો અપ્રમાદ કરવાનો ભગવાનનો ઉપદેશ છે. તેથી અન્યદર્શનવાળા જીવો પણ કદાગ્રહ રહિત પોતાને અભીષ્ટ એવા દેવતા પૂર્ણ પુરુષ છે, તેમ માનીને તેઓની ઉપાસના કરે તેનાથી પૂર્ણ પુરુષ પ્રત્યેના પક્ષપાતરૂપ ઉચિત ગુણનું આધાન થાય તેવી અપ્રમાદભાવવાળી તે ઉપાસના બને છે. માટે તે તે દર્શનના જીવો પણ પોતપોતાના દર્શનને અભિમત ક્રિયાઓ કરીને પરમ ઉપેય એવા વીતરાગભાવને અનુકૂળ અપ્રમાદભાવ કરી શકતા હોય તો તેઓની તે ક્રિયા જિન થવાને અનુકૂળ વ્યાપારરૂપ હોવાથી ભાવથી જૈની ક્રિયા જ છે. અર્થાત્ દ્રવ્યથી અન્યદર્શનની ક્રિયા છે, ભાવથી જૈનદર્શનની જ ક્રિયા છે.

તેમાં ઉપદેશપદની સાક્ષી આપતાં બતાવે છે – જેઓ સંસારથી વિરક્ત થયેલા હોય, મોક્ષના અર્થી હોય આમ છતાં ભારે કર્મવાળા હોવાને કારણે સંયમ પાળવા માટે અસમર્થ હોય તેવા જીવોને તેઓની યોગ્યતાનુસાર જુદા-જુદા પ્રકારનો અપ્રમાદનો ઉપદેશ છે.

આનાથી અર્થથી એ પ્રાપ્ત થાય કે જેમ સર્વવિરતિ માટે અસમર્થને તેની ભૂમિકાનુસાર અપ્રમાદપ્રધાન ઉપદેશ અપાય છે, તેમ અન્યદર્શનમાં રહેલા પણ માર્ગાનુસારી જીવો તે તે ભૂમિકાનુસાર પરમ ઉપેય એવા વીતરાગભાવ વિષયક અપ્રમાદ કરતા હોય તો તેઓની તે ક્રિયા જિનવચનના ઉપદેશાનુસાર છે. વળી ભગવાનનો ઉપદેશ અપ્રમાદસાર પણ અનેક પ્રકારનો છે. તેથી કેટલાક અપુનર્બંધકાદિ જીવોને આશ્રયીને તેઓ સામાન્ય દેશનાને જ યોગ્ય છે તેમ નક્કી થાય છે. જેમ કેટલાક અપુનર્બંધક જીવો સ્થૂલબોધવાળા

હોય છે. અને સંસારના ઉચ્છેદ માટે મહાપરાક્રમ ફોરવી શકે તેવા પણ નથી. પરંતુ ભોગવિલાસપ્રધાન માનસવાળા છે. તેવા જીવોને ભોગના ત્યાગીઓ પ્રત્યે ભક્તિ કરવાના પરિણામ વિષયક ઉપદેશ આપવામાં આવે તો એ જીવો ત્યાગી પ્રત્યેના બહુમાન દ્વારા જ સ્વભૂમિકાનુસાર અપ્રમાદ કરી શકે છે. વળી કેટલાક અપુનર્બંધક જીવો સૂક્ષ્મ બુદ્ધિવાળા હોય તેઓને સંસારનું વાસ્તવિક સ્વરૂપ, સંસારથી પર એવી મુક્તાવસ્થાનું પારમાર્થિક સ્વરૂપ, જિનવચનાનુસાર બતાવવામાં આવે અને તેની પ્રાપ્તિનો ઉપાય અઢાર હજાર શીલાંગ સ્વરૂપ ચારિત્ર કારણ છે તેનો મર્મસ્પર્શી ઉપદેશ આપવામાં આવે તો તે જીવો સમ્યગ્દૃષ્ટિ બની શકે તેવા છે. તેવા જીવોને સમ્યક્ત્વપ્રાપ્તિને અનુકૂળ અપ્રમાદસાર ઉપદેશ આપવો જોઈએ.

વળી કેટલાક અપુનર્બંધક જીવો પણ દેશવિરતિ ગુણસ્થાનકને યોગ્ય હોય છે. તેવા યોગ્ય જીવોને સુદેવ-સુગુરુ-સુધર્મનું સ્વરૂપ બતાવીને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી સર્વવિરતિ સાથે કારણ ભાવરૂપે શ્રાવકધર્મ કઈ રીતે સંલગ્ન છે ? તેનો પારમાર્થિક બોધ કરાવવામાં આવે તો તે જીવો સ્વભૂમિકાનુસાર અપ્રમાદભાવથી દેશવિરતિનું પાલન કરી શકે તેવી યોગ્યતાવાળા છે. વળી કેટલાક અપુનર્બંધક જીવોમાં ચારિત્ર મોહ-માલિન્ય નષ્ટપ્રાયઃ થયું છે. તેઓને અપ્રમત્તતારૂપ પ્રવ્રજ્યાની દેશના આપવામાં આવે છે. જેમ ૧૫૦૦ તાપસ અપુનર્બંધકદશામાં હતા અને ગૌતમ સ્વામીના ઉપદેશને પામીને મોહના ઉન્મૂલનને અનુકૂલ અપ્રમત્તતારૂપ પ્રવ્રજ્યાને પામીને કેવલજ્ઞાનને પામ્યા. તેથી અપ્રમત્તતા વિષયક ઉપદેશ અનેક પ્રકારનો છે. માટે અન્યદર્શનમાં રહેલી માર્ગાનુસારી ક્રિયા પણ મોહનાશને અનુકૂલ પ્રારંભિક વ્યાપારરૂપ હોવાથી ભગવાનની સામાન્ય દેશનારૂપ જ છે. માટે અન્યદર્શનમાં રહેલા માર્ગાનુસારી જીવો ભાવથી જૈની ક્રિયા જ કરે છે. **॥૨૩॥**

અવતરણિકા :-

નન્વેવં ભાગવતીં સામાન્યદેશનામનુસૃત્ય પ્રવર્ત્તમાનાનાં મિથ્યાદૃશામપિ સા માર્ગાનુસારિણી ક્રિયા સિદ્ધ્યનુ(કુલ)દયાદાનાદિકા જૈની, પતઞ્જલ્યાદ્યુક્તમનુસૃત્ય પ્રવર્ત્તમાનાનાં તુ સા કથં જૈની? જિનદેશનાનુસન્ધાનમૂલપ્રવૃત્ત્યનુપહિતત્વાદિત્યાશઙ્કાયામાહ –

અવતરણિકાર્થ :-

'નનુ'થી શંકા કરતાં કહે છે – આ રીતે=ગાથા-૨૩ની ટીકામાં કહ્યું કે જિનનો ઉપદેશ અપુનર્બંધકને આશ્રયીને પણ હોય છે તેમાં કેટલાક સામાન્ય દેશનાને યોગ્ય હોય છે એ રીતે, ભગવાનની સામાન્ય-દેશનાને અનુસરીને પ્રવર્તતા મિથ્યાદૃષ્ટિઓને પણ મોક્ષને અનુકૂલ એવી દયા-દાનાદિ તે માર્ગાનુસારી ક્રિયા જૈની છે. પણ પતંજલિ આદિ વડે કહેવાયેલને અનુસરીને પ્રવર્તતા જીવોની તે=માર્ગાનુસારી ક્રિયા, કઈ રીતે જૈની થાય ? અર્થાત્ થાય નહિ; કેમ કે જિનદેશનાના અનુસંધાન-મૂલક પ્રવૃત્તિથી અનુપહિતપણું છે=જિનદેશનાના અનુસંધાનમૂલક પ્રવૃત્તિ નથી, એ પ્રમાણેની આશંકામાં કહે છે –

ગાથા :-

अण्णत्थवि जमभिण्णं अत्थपयं तं जिणिंदसुअमूलं ।
अण्णोवि तयणुसारी तो देसाराहगो जुत्तो ।।२४।।

છાયા :-

अन्यत्रापि यदभिन्नमर्थपदं तज्जिनेन्द्रश्रुतमूलम् ।
अन्योऽपि तदनुसारी ततो देशाराधको युक्तः ।।२४।।

અન્વયાર્થ :-

अण्णत्थवि=અન્યત્ર પણ=પાતંજલાદિ શાસ્ત્રમાં પણ, जमभिण्णं अत्थपयं=જે અભિન્ન અર્થવાળું પદ છે=ભગવાનના વચનથી અભિન્ન અર્થને કહેનારું વચન છે, तं जिणिंदसुअमूलं=તે જિનેન્દ્રશ્રુતમૂલક છે. तो=તેથી, तयणुसारी=તેને અનુસરનાર=જિનવચનથી અભિન્ન અર્થને કહેનારા વચનને અનુસરનાર, अण्णोवि=અન્ય પણ=અન્યદર્શનમાં રહેલ પણ, देसाराहगो जुत्तो=દેશારાધક યુક્ત છે. ।।૨૪।।

ગાથાર્થ :-

અન્યત્ર પણ=પાતંજલાદિ શાસ્ત્રમાં પણ, જે અભિન્ન અર્થવાળું પદ છે=ભગવાનના વચનથી અભિન્ન અર્થને કહેનારું વચન છે, તે જિનેન્દ્રશ્રુતમૂલક છે. તેથી તેને અનુસરનાર=જિનવચનથી અભિન્ન અર્થને કહેનારા વચનને અનુસરનાર, અન્ય પણ=અન્યદર્શનમાં રહેલ પણ, દેશારાધક યુક્ત છે. ।।૨૪।।

ટીકા :-

अण्णत्थवि त्ति । अन्यत्रापि=पातञ्जलादिशास्त्रेऽपि, यदर्थपदं=पुरुषार्थोपयोगिवचनं, अभिन्नं=भगवद्वचनैकार्थं, तज्जिनेन्द्रश्रुतमूलं, तदनुसारेणैव तत्र तदुपनिबन्धात् तथा च ततोऽपि जायमाना मार्गानुसारिणी क्रिया वस्तुतो भगवद्देशनाविषयत्वेन भावतो जैन्येव, नहि मध्यस्थस्यान्योक्तत्वज्ञानं तत्फलप्रतिबन्धकं, दृष्टिरागसहकृतस्यैव तस्य तथात्वात्, अत एव नाभिन्नार्थेऽन्योक्तत्वमात्रेण सर्वनयवादसंग्रहहेतुचिन्ताज्ञानापादितमाध्यस्थ्यगुणानां साधुश्रावकाणां प्रद्वेषः, तत्प्रद्वेषस्य तन्मूलदृष्टिवाद-प्रद्वेषमूलत्वेन महापापत्वात् । तदुक्तमुपदेशपदसूत्रवृत्त्योः (६९३)-

जं अत्थओ अभिन्नं अण्णत्था सद्दओवि तह चेव ।
तंमि पओसो मोहो विसेसओ जिणमयठिआणं ।।

यद्वाक्यमर्थतो वचनभेदेऽप्यर्थमपेक्ष्य अभिन्नमेकाभिप्रायं तथा अन्वर्थाद्=अनुगतार्थात्, शब्दतोऽपि=शब्दसन्दर्भ-मपेक्ष्य, तथैव=अभिन्नमेव, इह परसमये द्विधा वाक्यान्युपलभ्यन्ते, कानिचिदर्थत एवाभिन्नानि –

अप्पा णई वेयरणी अप्पा मे कूडसामली ।

अप्पा कामदुधा धेणू अप्पा मे नंदणं वनं ।। (उत्तरा. २०-३६)

इत्यादिभिर्वाक्यैर्यथा भारतोक्तानि –

इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ ।

निगृहीतविशि(सृ)ष्टानि स्वर्गाय नरकाय च ।।

आपदां प्रथितः पन्था इन्द्रियाणामसंयमः ।

तज्जयः संपदामग्रे येनेष्टं तेन गम्यताम् ।।

इत्यादीनीति । कानिचिच्छब्दतोऽर्थतश्च–'जीवदया सच्चवयणं' इत्यादिभिः प्रसिद्धैरेव वाक्यैः सह, यथा –

पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।

अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ।।

इत्यादीनि । एवं स्थिते तस्मिन्नभिन्नार्थेऽकरणनियमादौ वाक्ये विशिष्टक्षयोपशमादिवाक्येन सह, प्रद्वेषः 'परसमयप्रज्ञापनेयं' इर्तीर्ष्या मोहो मूढभावलक्षणो वर्त्तते बौद्धादिसामान्यजनस्यापि, विशेषतो जिनमतस्थितानां सर्वनयवादसङ्ग्रहान्मध्यस्थभावानीतहृदयाणां साधुश्रावकाणाम्' अत एवान्यत्राप्यनेनोक्तं –

गुणतस्तुल्ये तत्त्वे संज्ञाभेदागमान्यथादृष्टिः ।

भवति यतोऽसावधमो दोषः खलु दृष्टिसंमोहः ।। (षो. ४-११) इति ।

एतत्समर्थयन्नाह –

सव्वप्पवायमूलं दुवालसंगं जओ समक्खायं । रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तंमि ।।६९४।।

सर्वप्रवादमूलं=भिक्षुकणभक्षाक्षपादादितीर्थान्तरीयदर्शनप्रज्ञापनानामादिकारणं, किं तद्? इत्याह – द्वादशाङ्गं द्वादशानामाचारादीनामङ्गानां प्रवचनपुरुषावयवभूतानां समाहारो, यतः कारणात् समाख्यातं=सम्यक्प्रज्ञप्तं सिद्धसेनदिवाकरादिभिः यतः पठ्यते –

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।

न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः ।।

'अत एव रत्नाकरतुल्यं=क्षीरोदधिप्रभृतिजलनिधिनिभं, खलु निश्चये, तद्=तस्मात् सर्वं=अपरिशेषं सुन्दरं यत्किञ्चित्प्रवादान्तरेषु समुपलभ्यते तत्तत्र समवतारणीयम् । इत्यकरणनियमादीन्यपि वाक्यानि तेषु तेषु योगशास्त्रेषु व्यासकपि(लका)लातीतपतञ्जल्यादिप्रणीतानि जिनवचनमहोदधिमध्यलब्धोदयान्येव दृश्यानीति तेषामवज्ञाकरणे सकलदुःखमूलभूताया भगवदवज्ञायाः प्रसङ्गात् न काचित्कल्याणसिद्धिः' **इति ।**

ટીકાર્થ :-

अन्यत्रापि ..... कल्याणसिद्धिरिति । 'अण्णत्थवि त्ति' प्रतीक छे. अन्यत्र पण=पातंजलादि शास्त्रमां पण, जे अर्थपद=जे पुरुषार्थोपयोगी वचन, अभिन्न छे=भगवत् वचन साथे એક અર्थवाळा छे, ते जैनेन्द्र श्रुतमूल छे=ते वचनो भगवाने कहेला श्रुतज्ञानमांथी अन्यत्र गयेला छे; केम के तेना अनुसारथी=भगवानना वचनानुसारथी ज त्यां=अन्यदर्शनमां, तेनुं उपनिबंधन छे=ते वचनोनुं कथन छे, अने ते रीते=अन्यत्र पण केटलांक वचनो जिनवचनानुसार छे ते रीते, तेनाथी पण=अन्यदर्शनना वचनथी पण, करातो मार्गानुसारी क्रिया वस्तुतः भगवद्-देशनाना विषयपणांथी= भगवद्-देशना अनुसारपणाथी, भावथी जैनी ज छे=अंतःपरिणामथी जिनवचनानुसार मोहना उन्मूलनना व्यापाररूप ज छे.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનવાળા જીવો અન્યદર્શનની ક્રિયા કરે છે. તેથી તે ક્રિયા ભગવાને કહેલી ક્રિયાના ફળની પ્રાપ્તિનું કારણ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

मध्यस्थ पुरुषने अन्य उक्तत्वनुं ज्ञान=जिनवचनानुसार એવી अन्यदर्शनमां विद्यमान क्रियामां अन्य उक्तत्वनुं ज्ञान, तेना फळनुं प्रतिबंधक=ते क्रियाना फळनुं प्रतिबंधक, थतुं नथी; केम के दृष्टिराग सहकृत ज એવા पुरुषना ज=स्वदर्शनना अविचारक पक्षपातवाळा पुरुषना ज, तेनुं=अन्य उक्तत्वना ज्ञाननुं, तथापणुं छे=ते क्रियाना फळनुं प्रतिबंधकपणुं छे. आथी ज=मध्यस्थ पुरुषने जे क्रिया अर्थथी जिनवचनानुसार छे ते क्रियामां अन्य उक्तत्वनुं ज्ञान होवा छतां ते क्रिया कल्याणनुं कारण जणाय छे आथी ज, अभिन्न अर्थमां अन्य उक्तत्वमात्रथी सर्वनयवाद संग्रहना हेतु એવા चिन्ता ज्ञानथी आपादित माध्यस्थ्यगुणवाळा साधु-श्रावकोने द्वेष थतो नथी=आ क्रियाओ असार छे तेवी बुद्धि थती नथी; केम के तेना द्वेषनुं=जिनवचनानुसार अन्यदर्शनमां रहेली क्रियाओना द्वेषनुं, तन्मूल दृष्टिवाद द्वेष मूलपणुं होवाथी=ते क्रियानुं मूळ એवुं जे दृष्टिवाद तेना द्वेषमूलक अन्यदर्शननी क्रियामां द्वेष होवाथी, महापापपणुं छे. उपदेशपद सूत्र अने वृत्तिमां ते कहेवायुं छे=जिनवचनानुसार अन्यदर्शननी क्रियामां द्वेषनुं दृष्टिवादना द्वेषमूलक छे એम पूर्वे जे कह्युं ते उपदेशपद अने तेनी टीकामां कहेवायुं छे –

"જે અર્થથી અભિન્ન છે=અન્યદર્શનનાં જે વચનો અર્થને આશ્રયીને અભિન્ન છે=જિનવચનની સાથે અભિન્ન છે. અન્વર્થને કારણે શબ્દથી પણ=સમાન અર્થ હોવાને કારણે શબ્દથી પણ તેવા જ છે=અભિન્ન જ છે, તેમાં પ્રદ્વેષ=અન્યદર્શનના તે વચનમાં પ્રદ્વેષ મોહ છે. વિશેષથી જિનમતમાં રહેલા જીવોનો મોહ છે."

"જે વાક્ય અર્થથી=વચનભેદમાં પણ અર્થની અપેક્ષાએ, અભિન્ન છે=એક અભિપ્રાયવાળું છે=સર્વજ્ઞના વચન સાથે એક અભિપ્રાયવાળું છે, અને અન્વર્થ હોવાને કારણે=અનુગત અર્થ હોવાને કારણે=જિનવચન સાથે સમાન અર્થ હોવાને કારણે, શબ્દથી પણ=શબ્દસંદર્ભની અપેક્ષાએ પણ, તેવું જ છે=અભિન્ન છે=જિનવચન સાથે અભિન્ન જ છે, અહીં=સંસારમાં પરસમયમાં બે પ્રકારનાં વાક્યો પ્રાપ્ત થાય છે.

(૧) કેટલાંક અર્થથી અભિન્ન હોય છે. "આત્મા વૈતરણી નદી છે, આત્મા કૂટશાલ્મલી છે, આત્મા કામધેનુ ગાય છે. મારો આત્મા જ નંદનવન છે." ઇત્યાદિ વાક્યોની સાથે ભારત=મહાભારત, ઉક્ત વાક્યો અર્થથી અભિન્ન છે.

અને તે વાક્યો બતાવે છે –

"ઇન્દ્રિયો જ તે સર્વ છે. જે સ્વર્ગ અને નરક ઉભય છે. નિગૃહીત અને વિસૃષ્ટ ઇન્દ્રિયો=નિગ્રહ કરાયેલી અને સ્વચ્છંદ પ્રવર્તતી ઇન્દ્રિયો સ્વર્ગ અને નરક માટે છે." "ઇન્દ્રિયોનો અસંયમ આપત્તિઓનો પ્રથિત માર્ગ છે. તેનો જય=ઇંદ્રિયોનો જય, સંપત્તિનો પ્રથિત=વિસ્તૃત, પંથ છે. આગળ જેનાથી ઇષ્ટ છે તેના વડે તમે જાઓ." ઇત્યાદિ.

'इति' શબ્દ સ્વદર્શનની સાથે અર્થથી અન્યદર્શનના અભિન્ન અર્થને કહેનારાં વચનોની સમાપ્તિ માટે છે.

(૨) કેટલાંક શબ્દથી અને અર્થથી સમાન છે.

તે બતાવે છે –

જીવદયા, સત્યવચન ઇત્યાદિ પ્રસિદ્ધ વાક્યોની સાથે કેટલાક શબ્દથી અને અર્થથી અભિન્ન છે. જે આ પ્રમાણે - "સર્વ ધર્મચારીઓને આ પાંચ પવિત્ર છે. અહિંસા, સત્ય અસ્તેય, ત્યાગ=નિષ્પરિગ્રહ, મૈથુનવર્જન" ઇત્યાદિ.

આમ સ્થિત હોતે છતે તેમાં=વિશિષ્ટ ક્ષયોપશમાદિ વાક્યોની સાથે અભિન્ન અર્થવાળાં અકરણનિયમ આદિ વાક્યમાં, પ્રદ્વેષ='પરસમય પ્રજ્ઞાપના આ છે' એ પ્રકારની ઈર્ષ્યા, મૂઢભાવ લક્ષણ મોહ બૌદ્ધાદિ સામાન્ય જનને પણ વર્તે છે. વિશેષથી જિનમતમાં રહેલા સર્વનયવાદનો સંગ્રહ હોવાથી મધ્યસ્થભાવ પામેલા હૃદયવાળા સાધુ-શ્રાવકોને મોહ વર્તે છે."

આથી જ=ભગવાનના વચન સાથે એકવાક્યતાવાળા અન્યદર્શનનાં વાક્યોમાં દ્વેષ એ મોહ છે આથી જ, અન્યત્ર પણ=ષોડશકમાં પણ, આમના વડે=હરિભદ્રસૂરિ મહારાજા વડે, કહેવાયું છે – "ગુણથી તુલ્ય તત્ત્વ હોતે છતે સંજ્ઞાભેદને કારણે આગમમાં અન્યથા દૃષ્ટિ જેનાથી થાય છે એ અધમ દોષ ખરેખર દૃષ્ટિસંમોહ છે." આના સમર્થન માટે કહે છે=ઉપદેશપદની ગાથા-૬૯૩માં જે ગ્રંથકારશ્રીએ કહ્યું કે જિનમતમાં રહેલા સાધુ-શ્રાવકોને અન્યદર્શનના અભિન્નાર્થવાળાં વચનોમાં જે પ્રદ્વેષ છે તે વિશેષથી મોહ છે. એનું સમર્થન કરતાં કહે છે – "સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગી જે કારણથી કહેવાય છે. આથી રત્નાકર તુલ્ય છે. તે કારણથી સર્વ સુંદર તેમાં છે=દ્વાદશાંગીમાં છે."

સર્વ પ્રવાદનું મૂલ=ભિક્ષુ, કણભક્ષ, અક્ષપાદાદિ તીર્થાંતરીય દર્શનના પ્રજ્ઞાપનાનું આદિકારણ, દ્વાદશાંગી=પ્રવચન પુરુષના અવયવભૂત બાર આચારાદિનાં અંગોનો સમુદાય, જે કારણથી કહેવાયું છે=સિદ્ધસેનદિવાકરસૂરિ આદિ વડે સમ્યગ્ પ્રજ્ઞપ્ત છે.

જે કારણથી કહેવાયું છે=સિદ્ધસેનદિવાકરસૂરિ આદિ વડે અન્યત્ર કહેવાયું છે –

"હે નાથ ! તમારામાં સર્વ દૃષ્ટિઓ સમુદીર્ણ છે, જેમ સમુદ્રમાં સર્વ નદીઓ. તેઓમાં=સર્વ દૃષ્ટિઓમાં તમે દેખાતા નથી. જેમ પ્રવિભક્ત એવી નદીઓમાં સમુદ્ર દેખાતો નથી." આથી જ=સર્વ પ્રવાદનું મૂલ દ્વાદશાંગી કહેવાયું છે આથી જ, નક્કી રત્નાકર તુલ્ય છે=ક્ષીરોદધિ વગેરે સમુદ્ર જેવું છે. તે કારણથી સર્વ=અપરિશેષ, જે કંઈ સુંદર પ્રવાદાન્તરોમાં પ્રાપ્ત થાય છે તે તેમાં=દ્વાદશાંગીમાં, સમવતારણીય છે. એથી વ્યાસ, કપિલ, કાલાતીત, પતંજલિ આદિ પ્રણીત

અકરણનિયમાદિ પણ વાક્યો તે તે યોગશાસ્ત્રોમાં છે, તે જિનવચનરૂપી સમુદ્રમધ્યલબ્ધ ઉદયવાળા જ જાણવા, એથી તેઓના અવજ્ઞાકરણમાં=અન્યદર્શનને સંમત એવા અકરણનિયમાદિના અવજ્ઞાકરણમાં, સકલ દુઃખના મૂલભૂત ભગવાનની અવજ્ઞાનો પ્રસંગ હોવાથી કોઈ કલ્યાણની સિદ્ધિ નથી.

'इति' શબ્દ ઉદ્ધરણની ટીકાની સમાપ્તિ માટે છે.

ભાવાર્થ :-

પાતંજલાદિ અન્ય શાસ્ત્રોમાં પણ આત્માના હિતના કારણભૂત, એવા પુરુષાર્થના ઉપયોગી વચનરૂપ જે અર્થપદો ભગવાનના વચનની સાથે એક અર્થવાળાં છે તે સર્વજ્ઞે કહેલ દ્વાદશાંગ રૂપ શ્રુતમૂલક જ છે; કેમ કે યુગલિકધર્મનો અંત થયો ત્યાર પછી પ્રથમ ધર્મની સ્થાપના આદિનાથ ભગવાને કરી. ત્યારે તેમના વચનાનુસારથી મોક્ષમાર્ગને ઉપયોગી એવાં સુંદર વચનો તે તે દર્શનકારોએ પોતપોતાને અભિમત નયદૃષ્ટિથી એકાંતે સ્વીકારીને પોતાના શાસ્ત્રમાં ઉપનિબંધન કર્યા છે. તેથી જે વચનો આત્મકલ્યાણના કારણીભૂત છે. તેવાં વચનોથી અન્યદર્શનવાળા જે આત્મકલ્યાણને અનુરૂપ ક્રિયાઓ કરે છે તે સર્વ માર્ગાનુસારી ક્રિયા છે. આથી તે સર્વ ક્રિયા ભાવથી જિન થવાને અનુકૂળ વ્યાપારરૂપ હોવાથી જિનની ઉપાસનારૂપ જ ક્રિયા છે.

અન્યદર્શનની માર્ગાનુસારી ક્રિયા જિન થવાનું કારણ કેમ છે ? તે યુક્તિથી બતાવતાં કહે છે –

કોઈ જીવ મધ્યસ્થ હોય અને મધ્યસ્થતાથી સર્વ દર્શનોનો અભ્યાસ કરતો હોય અને અન્યદર્શનનાં પણ વીતરાગ થવાને અનુકૂળ એવાં જે વચનો હોય અને તે વચનો અનુસાર તે પુરુષ તે ક્રિયાઓમાં યત્ન કરે તો મધ્યસ્થ એવા તે પુરુષને આ ક્રિયા અન્યદર્શનકારથી કહેવાયેલી છે એવું જ્ઞાન થાય એટલામાત્રથી તે ક્રિયાના ફલનો પ્રતિબંધ થાય નહિ. જેમ અન્યદર્શનવાળાએ કહ્યું છે કે "નિગૃહીત ઇન્દ્રિયો સ્વર્ગનું અને અનિગૃહીત ઇન્દ્રિયો નરકનું કારણ છે." તે વચન સાંભળીને કલ્યાણનો અર્થી પુરુષ ઇન્દ્રિયોના નિગ્રહ માટે ઉદ્યમ કરે તો ઇન્દ્રિયના નિગ્રહનું ફળ તે પુરુષને અવશ્ય પ્રાપ્ત થાય છે. પરંતુ આ વચન અન્યદર્શનનું છે તેવું જ્ઞાન થવાથી તે ક્રિયાનું ફળ પ્રાપ્ત થતું અટકતું નથી. પરંતુ દૃષ્ટિરાગ સહકૃત એવા વ્યક્તિને જ અન્યોક્તત્વના જ્ઞાનથી સેવાતા અનુષ્ઠાનનું ફળ પ્રાપ્ત થતું નથી. આથી જ કોઈ દૃષ્ટિરાગી જીવ માર્ગાનુસારી એવા પણ અન્યના વચન પ્રત્યે દ્વેષને ધારણ કરે તો જિનવચનાનુસાર જે અન્ય ક્રિયા પોતે કરે છે તેના પણ ફળની તેને પ્રાપ્તિ થતી નથી. જેમ જમાલીને જિનના એક વચનના દ્વેષને કારણે અન્ય સર્વ સંયમની ક્રિયાનું ફળ પ્રાપ્ત થતું નથી. તેમ દૃષ્ટિરાગથી સેવાયેલી સક્રિયાઓ પણ નિષ્ફળ છે. આથી જ સર્વનયવાદના સંગ્રહનો હેતુ એવું ચિન્તાજ્ઞાન જેઓએ પ્રાપ્ત કર્યું છે એવા મધ્યસ્થ ગુણવાળા સાધુ-શ્રાવકોને સર્વજ્ઞના વચન સાથે અભિન્ન અર્થવાળા પુરુષાર્થને ઉપયોગી એવા વચન પ્રત્યે દ્વેષ થતો નથી; કેમ કે પુરુષાર્થને ઉપયોગી એવા અન્યદર્શનનાં વચનો પ્રત્યે કરાયેલો દ્વેષ તત્ત્વથી દૃષ્ટિવાદ પ્રત્યેના દ્વેષરૂપ છે. તેથી મહાપાપનું કારણ છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનના શાસનને પામેલા સાધુ કે શ્રાવક પ્રાયઃ સ્વશક્તિ અનુસાર જિનવચનને જાણવા અવશ્ય યત્ન કરે છે. તેથી શક્તિ અનુસાર શાસ્ત્રાધ્યયનને કારણે તેઓને સર્વનયવાદના સંગ્રહનો

હેતુ એવું ચિન્તાજ્ઞાન પ્રાયઃ પ્રાપ્ત થાય છે. જેઓને એવું ચિન્તાજ્ઞાન પ્રગટ થાય તેઓ કોઈ દર્શન પ્રત્યેના પક્ષપાતવાળા થતા નથી, પરંતુ તત્ત્વના જ પક્ષપાતી બને છે. તેથી તેઓમાં સર્વદર્શનોમાં રહેલા તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત રહે તેવો માધ્યસ્થ્ય ગુણ પ્રગટે છે. જેથી તેવા સાધુને કે શ્રાવકને, તત્ત્વને કહેનારા અન્યદર્શનનાં વચનો પ્રત્યે પ્રદ્વેષ થાય નહિ. આ કથનના સમર્થન માટે ગ્રંથકારશ્રીએ ઉપદેશપદની સાક્ષી આપી. તે વચનથી પણ ફલિત થાય છે કે જેમ ઉત્તરાધ્યયનના વચનથી ભાવિત થઈને કોઈ વિચારે કે ઇન્દ્રિયોને વશ થયેલો આત્મા વૈતરણી નદી છે, કૂટશાલ્મલી છે અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરીને વીતરાગ થવાને અનુકૂળ વ્યાપારવાળો આત્મા કામદુગ્ધા ધેનુ છે અને નંદનવન છે. તે વચનના ભાવનથી યોગ્ય જીવોનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. તેમ મહાભારત ઉક્ત વચનોને ગ્રહણ કરીને કોઈ ઇન્દ્રિયોનો જય કરે તો તે વચનો દ્વારા પણ તેનું હિત થાય છે. માટે અન્યદર્શનના અકરણનિયમાદિ કહેનારાં વાક્યો પ્રત્યે દ્વેષ કરવો જોઈએ નહિ.

અહીં ટીકામાં કહ્યું કે વિશિષ્ટ ક્ષયોપશમાદિવાળાં વાક્યોની સાથે અભિન્ન અર્થવાળાં અકરણનિયમાદિ વાક્યોમાં પ્રદ્વેષ એ મોહ છે. એ કથનથી એ પ્રાપ્ત થાય કે સર્વજ્ઞનાં વચનો જે તાત્પર્યથી પ્રરૂપાયેલાં છે તે તાત્પર્યનો જેઓને યથાર્થ બોધ છે તે જીવોની અપેક્ષાએ તે વચનો વિશિષ્ટ ક્ષયોપશમવાળાં બને છે. તે વાક્યોની સાથે અભિન્ન અર્થને કહેનારાં વાક્યો તે પ્રકારના વિશિષ્ટ ક્ષયોપશમને પ્રાપ્ત કરાવે તેવાં નથી છતાં તેના સામાન્ય અર્થને કહેનારાં છે તે વાક્ય પ્રત્યે દ્વેષ છે તે મોહ છે.

આશય એ છે કે ભગવાનના દર્શનનાં સર્વ વાક્યો ઐદંપર્યથી વિચારીએ તો મોક્ષરૂપ ફળનાં નિર્વાહક છે; કેમ કે જિનવચનનું એક પણ વાક્ય સર્વ નયસાપેક્ષ છે. સર્વ નયથી તેનું યોજન કરવામાં આવે તો તે જિનવચન તે વાક્યથી થતા બોધ દ્વારા કઈ રીતે મોક્ષની પ્રાપ્તિ થાય છે ? તેના સૂક્ષ્મ પરમાર્થને જણાવે છે. આથી જ સદ્‌ગુરુના ઉપદેશ દ્વારા માષતુષમુનિ 'મા તુષ મા રુષ' એ બે પદોના વિશિષ્ટ ક્ષયોપશમથી યુક્ત અર્થોને અવધારણ કરીને કેવળજ્ઞાન પામ્યા.

એક મહાવ્રતના સંપૂર્ણ પાલનમાં અન્ય મહાવ્રતોનું સંપૂર્ણ પાલન છે. આથી જ ૧૮,૦૦૦ શીલાંગમાંથી એક પણ શીલાંગ મ્લાન થાય તો સર્વ શીલાંગો મ્લાન થાય છે. એક પણ શીલાંગનું પરિપૂર્ણ પાલન હોય તો ૧૮૦૦૦ શીલાંગોનું પાલન છે. માટે સર્વજ્ઞનાં દરેક વચનો યોગનિરોધ સાથે એકવાક્યતાથી પ્રતિબદ્ધ છે અને તેવા વિશિષ્ટ ક્ષયોપશમવાળાં વાક્યોની સાથે અન્યદર્શનનાં જે વાક્યો છે તે વિશિષ્ટ ક્ષયોપશમવાળાં નહીં હોવાથી યોગનિરોધ સાથે એકવાક્યતાથી જોડાયેલાં નથી તોપણ તેઓના અકરણ-નિયમાદિ યોગની ચોથી દૃષ્ટિ સુધીના વિકાસનું કારણ છે. માટે મોક્ષમાર્ગની પ્રાપ્તિ પ્રત્યે દૂરવર્તી કારણ ભાવવાળાં છે. તેથી તેઓ પ્રત્યે પ્રદ્વેષ કરવો તે મોહ છે.

વળી, ટીકામાં કહ્યું કે ભગવાનનું શાસન સર્વપ્રવાદનું મૂલ છે આથી જ રત્નાકર તુલ્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેટલા નયવાદો છે તે નયવાદો સ્વસ્થાનમાં મોક્ષમાર્ગને બતાવનારા છે અને તે મોક્ષમાર્ગને બતાવનારા સર્વ નયવાદો દ્વાદશાંગીમાં સંગૃહીત છે. આથી જેમ ક્ષીરોદધિસમુદ્ર વગેરે અનેક ઉત્તમ રત્નોની

નિષ્પત્તિનું સ્થાન છે તેમ ભગવાને બતાવેલ દ્વાદશાંગીરૂપ પ્રવચન મોક્ષને અનુકૂળ એવા સર્વ ગુણોની નિષ્પત્તિનું કારણ છે. માટે ગુણોરૂપી રત્નોનું સ્થાન એવું દ્વાદશાંગીરૂપ પ્રવચન છે. અન્યદર્શનમાં પણ જે કાંઈ સુંદર દેખાય છે તે સર્વ ભગવાનના પ્રવચનમાં અવતરણીય છે. માટે અન્યદર્શનમાં જે અકરણ-નિયમાદિ છે જેના અવલંબનથી યોગીઓ પાપના અકરણનિયમને સેવીને આત્મામાં યોગમાર્ગની નિષ્પત્તિ કરે છે, તેવા અકરણનિયમાદિમાં "આ પરદર્શનના છે", તેમ કહીને અવજ્ઞા કરવામાં આવે તો ભગવાનની જ અવજ્ઞાની પ્રાપ્તિ થાય. માટે કોઈ કલ્યાણની પ્રાપ્તિ થાય નહિ.

ટીકા :-

अत्र कश्चिदाह—जैनानामकरणनियमपरिहारशङ्कानिरासार्थमेव तीर्थान्तरीयवर्णितत्वमुपवर्णितं, न त्वन्यतीर्थिकेष्वकरणनियमोऽस्तीति भणितम् वर्णनं च वर्णनीयवस्तुविषयकयथार्थज्ञानसापेक्षमेव, अन्यथा च तथाभूतवर्णनं सम्यगेव स्यात्, तथा च तद्दर्शनेऽपि धर्मसद्भावप्रसङ्गः, इत्थं च कपिलस्य पुरस्तात्, 'मनागिहापि धर्मोऽस्ति' इति परिव्राजकदर्शनमधिकृत्य मरीचिवचनमुत्सूत्रं न स्याद् इति, तदसत्, तीर्थान्तरीयाणामपि सद्भूताकरणनियमवर्णनस्य शुभभावविशेषसापेक्षत्वेन मार्गानुसारितया तेषु सामान्यधर्मसिद्धेः, शुभभावविशेषसापेक्षत्वं च तस्य

इत्तो अकरणनियमो अण्णेहि वि वण्णिओ ससत्थंमि ।

सुहभावविसेसाओ ण चेवमेसो ण जुत्तोत्ति ।।६९२।।

इत्युपदेशपदवचनेनैव प्रसिद्धम् । न चैवंविधस्तेषां शुभाध्यवसायस्तथाभूतज्ञानावरणीयमोहनीय-क्षयोपशमजनितत्वेन स्वयमेवोक्तो निरनुबन्धशुभप्रकृतिहेतुत्वादनर्थहेतुरेवेति परेण वक्तुं युक्तं, निरुपधि-भवबीजप्रहाणेच्छागोचरमार्गानुसारिशुभाध्यवसायस्य शुभानुबन्धिपुण्यनिमित्तत्वेनोक्तत्वात् । तदुक्तमपुनर्बन्धकाधिकारे योगबिन्दौ (१९३-९४)-

क्रोधाद्यबाधितः शान्त उदात्तस्तु महाशयः ।

शुभानुबन्धिपुण्याच्च विशिष्टमतिसङ्गतः ।।

ऊहतेऽयमतः प्रायो भवबीजादिगोचरम् ।

कान्तादिगतगेयादि तथा भोगीव सुन्दरम् ।।

अत एव परेषामकरणनियमवर्णनहेतुः शुभभावविशेषो वज्रवदभेद्यः प्रशस्तपरिणामभेद उपदेशपदवृत्तौ विवृतः, अयमेव ह्यस्य विशेषो यद्विशेषदेशनाप्रतिसंधानं विनापि तद्विषयपर्यवसायित्वमिति । अत एव मार्गानुसारिणां परेषां जैनाभिमतप्रकारेण जीवाद्यनभ्युपगमात्र नास्तिकत्वं, विप्रतिपन्नांशे पक्षपात-परित्यागे सति वस्तुतस्तदभ्युपगमपर्यवसानाद्, अत एव च शुभभावविशेषादकरणनियमवर्णनं मार्गा-

नुसारिणामेव, यदृच्छाप्रणयनप्रवृत्तानामर्वाचीनानां च प्रवाहपतितत्वेन घुणाक्षरन्यायेनैवेति जिनवचन-विषयकपरोपनिबन्धेऽप्यस्ति विशेषः । तदिदमुक्तं धर्मबिन्दुवृत्तौ (१-श्लोक ३) 'यच्च यदृच्छाप्रणयनप्रवृत्तेषु तीर्थान्तरीयेषु रागादिमत्स्वपि घुणाक्षरोत्किरणव्यवहारेण क्वाचित्किंचिदविरुद्धमपि वचनमुपलभ्यते, मार्गानुसारिबुद्धौ वा प्राणिनि क्वचित्तदपि जिनप्रणीतमेव, तन्मूलत्वात्तस्येति' **। एतेन घुणाक्षरन्यायेन जैनाभिमतवस्तुवर्णनानुकारि वर्णनमन्यतीर्थिकेषु भवत्यपीति प्रवचने प्रतीतमेवेति तेषामकरणनियमवचनमाकृतिमात्रमेवेति अपास्तं, मार्गानुसारिदृष्ट्या तद्वर्णनस्य घुणाक्षरविलक्षणत्वात्, औघिकयोगदृष्ट्या सर्वविशेषावगाहिसम्यक्त्वा-भावेऽपि सामान्यधर्मप्रदर्शनाविरोधात्, सामान्यधर्मसत्ता च तेषु 'बौद्धादिसामान्यधार्मिकजनस्यापी'तिवदत उपदेशपदवृत्तिकर्त्तुरेव वचनाद् व्यक्तं प्रतीयते । एवं सति 'मनागिहापि धर्मोऽस्ती'ति मरीचिवचनस्योत्सूत्रत्वं न स्यादिति त्वसमीक्षिताभिधानं, स्वतंत्रप्रमाणप्रतिपत्त्यनुबन्धिविषयतयाऽन्यदर्शने मनाग् धर्मस्याप्यभावेन तद्वचनस्योत्सूत्रत्वात्, तद्वृत्तिसामान्यधर्मेऽपि भगवद्वचनस्यैव स्वतन्त्रप्रमाणत्वात्, अथवा कपिलस्य बालत्वादन्यलिंगमेवान्यदर्शनत्वेन तेन प्रतीतं, तत्र च स्वनिरूपितकारणताविशेषेण न कोऽपि धर्मोऽस्तीति भावाऽसत्यत्वात् तद्वचनस्योत्सूत्रत्वाव्याघात इति यथातन्त्रं विभावनीयम् ।**

ટીકાર્થ :-

अत्र कश्चिदाह..... विभावनीयम् । અહીં=પૂર્વમાં કહ્યું કે અન્યદર્શનમાં પણ જે અકરણનિયમાદિનાં વાક્યો છે તેમાં અવજ્ઞા કરવાથી ભગવાનની અવજ્ઞાનો પ્રસંગ છે એમાં, કોઈક કહે છે – જૈનોના અકરણના નિયમના પરિહારની શંકાના નિરાસ માટે જ=જૈનોને પાપનો અકરણનિયમ નથી એ પ્રકારની શંકાના નિરાસ માટે જ, તીર્થાંતરીયો વડે વર્ણિતપણું=તીર્થાંતરીયોએ અકરણનિયમનું વર્ણન કર્યું છે એ પ્રમાણેનું કથન, ઉપવર્ણિત છે=જૈનશાસ્ત્રોમાં કથન છે, પરંતુ અન્યતીર્થિકોમાં અકરણનિયમ છે=અન્યદર્શનના આચાર પાળનારા સંન્યાસીઓમાં પાપના અસેવનરૂપ અકરણનિયમ છે, એ પ્રમાણે ભણિત નથી=જૈનશાસ્ત્રોમાં કહેવાયું નથી.

કેમ અન્યદર્શનમાં અકરણનિયમ નથી ? એથી કહે છે –

અને વર્ણન=પાપના અકરણનિયમનું વર્ણન, વર્ણનીય વસ્તુવિષયક યથાર્થજ્ઞાન સાપેક્ષ જ છે=પાપના અકરણનિયમના વચનથી વર્ણનીય એવું પાપના પરિહારરૂપ વસ્તુ, તેના વિષયક યથાર્થજ્ઞાન સાપેક્ષ જ છે. અને અન્યથા=અકરણનિયમનું વર્ણન વર્ણનીય વસ્તુ વિષયક યથાર્થજ્ઞાન સાપેક્ષ ન સ્વીકારવામાં આવે તો, તેવા પ્રકારનું વર્ણન=શબ્દમાત્રથી અન્યદર્શનમાં કરાયેલું વર્ણન, સમ્યગ્ જ થાય. અને તે રીતે=વર્ણનીય અર્થ નિરપેક્ષ શબ્દમાત્રથી અકરણનિયમનું વર્ણન અન્યદર્શનમાં સમ્યગ્ છે તેમ સ્વીકારવામાં આવે તે રીતે, તે દર્શનમાં પણ=જૈનદર્શનથી અન્યદર્શનમાં પણ, ધર્મના સદ્ભાવનો પ્રસંગ છે. અને એ રીતે=અકરણનિયમના વર્ણનમાત્રથી અન્યદર્શનમાં ધર્મનો સ્વીકાર કર્યો એ રીતે, કપિલની આગળ 'થોડો અહીં પણ ધર્મ છે,' એ પ્રકારના પરિવ્રાજક દર્શનને આશ્રયીને

મરીચિનું વચન ઉત્સૂત્ર ન થાય. 'ઇતિ' શબ્દ 'કશ્ચિત્'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તે અસત્ છે='કશ્ચિત્'થી કોઈકે કહ્યું કે અન્યદર્શનમાં અકરણનિયમ નથી તે અસત્ છે; કેમ કે તીર્થાંતરીયોનું પણ સદ્‌ભૂત અકરણનિયમના વર્ણનનું શુભભાવવિશેષથી સાપેક્ષપણું હોવાને કારણે માર્ગાનુસારીપણાથી તેઓમાં સામાન્ય ધર્મની સિદ્ધિ છે. અને તેઓનું=અન્યદર્શનવાળાઓનું તેનું શુભભાવવિશેષનું સાપેક્ષપણું "આ કારણથી શુભભાવ વિશેષને કારણે અકરણનિયમ સ્વશાસ્ત્રમાં અન્ય વડે પણ વર્ણન કરાયું છે. એ રીતે=તીર્થાંતરીયો વડે કહેવાયું છે એ રીતે, આ=અકરણનિયમ, યુક્ત નથી એમ નહિ." એ પ્રકારના ઉપદેશપદના વચનથી જ પ્રસિદ્ધ છે.

અને તેવા પ્રકારના જ્ઞાનાવરણીય અને મોહનીયના ક્ષયોપશમથી જનિતપણારૂપે સ્વયં જ કહેવાયેલો=ભાવચારિત્રની પ્રાપ્તિના કારણીભૂત એવા જ્ઞાનાવરણીય અને મોહનીયના ક્ષયોપશમથી જનિતપણારૂપે અન્યો વડે સ્વયં જ કહેવાયેલો, તેઓનો=અન્યદર્શનવાળાઓનો, આવા પ્રકારનો શુભાધ્યવસાય=સ્વદર્શનના બોધાનુસાર સ્થૂલથી પાપના અકરણના પરિણામરૂપ શુભાધ્યવસાય, નિરનુબંધ શુભ પ્રકૃતિનું હેતુપણું હોવાથી="અસાર એવા પુણ્યબંધનું હેતુપણું હોવાથી, અનર્થનો હેતુ જ છે." એ પ્રમાણે પર વડે કહેવું યુક્ત નથી=અન્યદર્શનવાળા ભાવજૈન નથી એ પ્રમાણે સ્વીકારનારા એવા પર વડે કહેવું યુક્ત નથી; કેમ કે નિરુપધિ એવા ભવબીજના ત્યાગની ઇચ્છા વિષયક માર્ગાનુસારી શુભાધ્યવસાયનું શુભાનુબંધિપુણ્યના નિમિત્તપણારૂપે ઉક્તપણું છે. યોગબિંદુ ગ્રંથની અંદર અપુનર્બંધક અધિકારમાં તે=પૂર્વમાં કહ્યું કે માર્ગાનુસારી શુભાધ્યવસાય શુભાનુબંધિપુણ્યનું નિમિત્ત છે તે, કહેવાયું છે. "ક્રોધાદિ અબાધિત, શાંત, ઉદાત્ત, મહાશય, શુભાનુબંધિ પુણ્યને કારણે વિશિષ્ટમતિથી સંગત એવો આ=અપુનર્બંધક જીવ, આથી=વિશિષ્ટમતિ સંગતપણું હોવાથી, જે પ્રમાણે સુંદર એવા કાંતાદિ ગત ગેયાદિને ભોગી વિચારે છે. તે પ્રકારે ભવબીજાદિ વિષયક ઊહ કરે છે."

આથી જ=અપુનર્બંધકાદિ જીવોના માર્ગાનુસારી શુભાધ્યવસાયનું શુભાનુબંધી પુણ્યનું નિમિત્તપણું છે આથી જ, પરના અકરણનિયમના વર્ણનનો હેતુ શુભભાવવિશેષ વજ્રની જેમ અભેદ્ય પ્રશસ્ત પરિણામનો ભેદ છે એ પ્રમાણે ઉપદેશપદ વૃત્તિમાં કહેવાયું છે. આ જ આનો=પરના અકરણનિયમનો, વિશેષ છે. જે વિશેષ દેશનાના પ્રતિસંધાન વગર પણ-સર્વજ્ઞના વચનરૂપ સ્યાદ્વાદની જે વિશેષ દેશના છે તેના પ્રતિસંધાન વગર પણ, તેના વિષયમાં પર્યવસાયીપણું છે=ભગવાને બતાવેલા મુનિના પાપ અકરણના વિષયમાં પર્યવસાયીપણું છે, આથી જ=અન્યદર્શનમાં સ્વીકારાયેલા અકરણનિયમનો એ જ વિશેષ છે કે ભગવાનની દેશનાના પ્રતિસંધાન વગર પણ ભગવાને કહેલા પાપના અકરણમાં જ પર્યવસાયીપણું છે આથી જ, માર્ગાનુસારી એવા પરદર્શનવાળાઓને જૈન અભિમત પ્રકારથી જીવાદિનો અનભ્યુપગમ હોવાથી નાસ્તિકપણું નથી; કેમ કે વિપ્રતિપત્તિ અંશમાં પક્ષપાતનો પરિત્યાગ હોતે છતે=ભગવાનના શાસનથી અન્યદર્શનનો જે વિપરીત સ્વીકારરૂપ અંશ છે તેમાં માર્ગાનુસારી જીવોને અનિવર્તનીય પક્ષપાતનો પરિત્યાગ હોતે છતે વસ્તુતઃ તેના સ્વીકારમાં પર્યવસાન છે. અને આથી જ=અન્યદર્શનવાળા પણ માર્ગાનુસારી જીવોને વિપ્રતિપત્તિ અંશમાં કદાગ્રહનો પરિત્યાગ છે

આથી જ, શુભભાવ વિશેષથી માર્ગાનુસારી જીવોનું જ અકરણનિયમનું વર્ણન છે. અને યદૃચ્છાથી પ્રણયનમાં પ્રવૃત્ત એવા અર્વાચીનોનું=સ્વેચ્છાનુસાર શાસ્ત્ર રચવામાં પ્રવૃત્ત એવા અર્વાચીનોનું, પ્રવાહપતિતપણાથી ઘુણાક્ષરન્યાય વડે જ અકરણનિયમનું વર્ણન છે. એ પ્રમાણે વિશેષ=ભેદ=ફરક, જિનવચન વિષયક પરના ઉપનિબંધનમાં પણ છે. તે આ=પૂર્વમાં કહ્યું કે માર્ગાનુસારી જીવોનું શુભભાવવિશેષથી અને યદૃચ્છા પ્રણયનમાં પ્રવૃત્ત એવા જીવોનું ઘુણાક્ષરન્યાયથી અકરણનિયમનું વર્ણન છે તે આ, ધર્મબિંદુની વૃત્તિમાં કહેવાયું છે –

"અને યદૃચ્છા પ્રણયનમાં પ્રવૃત્ત એવા રાગાદિવાળા પણ તીર્થાંતરીયોમાં=સ્વેચ્છા પ્રમાણે શાસ્ત્રરચના કરવામાં પ્રવૃત્ત અને સ્વદર્શન પ્રત્યે બદ્ધ રાગવાળા પણ તીર્થાંતરીયોમાં, ઘુણાક્ષરના ઉત્કરણના વ્યવહારથી ક્યાંક કંઈક જે અવિરુદ્ધ પણ વચન પ્રાપ્ત થાય છે અર્થાત્ માર્ગાનુસારી બુદ્ધિવાળા પ્રાણીમાં ક્વચિત્ કંઈક જે અવિરુદ્ધ પણ વચન પ્રાપ્ત થાય છે તે પણ=તે અવિરુદ્ધ વચન પણ, જિનપ્રણીત જ છે; કેમ કે તેનું-તે અવિરુદ્ધ વચનનું, તન્મૂલપણું છે=જિનવચનનું મૂલપણું છે."

'ઇતિ' શબ્દ ધર્મબિંદુની વૃત્તિના કથનની સમાપ્તિ માટે છે.

આના દ્વારા=પૂર્વમાં ધર્મબિંદુનું ઉદ્ધરણ આપ્યું તેના દ્વારા, "ઘુણાક્ષરન્યાયથી જૈનમતના વસ્તુના વર્ણનને અનુસરનાર વર્ણન અન્યતીર્થિકોમાં થાય જ છે. એ પ્રમાણે પ્રવચનમાં પ્રતીત છે. એથી તેઓનું અકરણનિયમ વચન આકૃતિ માત્ર જ છે=અન્યદર્શનના અકરણનિયમ વચન શબ્દથી કથન માત્ર છે, અંતરંગ પરિણામથી પાપના અકરણરૂપ નથી. એ અપાસ્ત છે."; કેમ કે માર્ગાનુસારી દૃષ્ટિથી=ભાવમાર્ગની પ્રાપ્તિનું કારણ બને તેવી નિર્મળ દૃષ્ટિથી, તેના વર્ણનનું=પાપના અકરણના નિયમના વર્ણનનું, ઘુણાક્ષરથી વિલક્ષણપણું છે=ઘુણાક્ષરન્યાયથી જે પાપ અકરણનિયમનું વર્ણન છે તેનાથી વિલક્ષણ એવી અંતરંગ નિર્મળ પરિણતિથી અકરણનિયમનું વર્ણન છે.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનમાં જેઓ ઘુણાક્ષરથી પાપના અકરણનું કથન કરે છે, તેના સદૃશ જ માર્ગાનુસારી દૃષ્ટિવાળા પણ પાપના અકરણનું કથન કરે છે. તેથી તેઓમાં ઘુણાક્ષરન્યાયથી વિલક્ષણપણું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

ઔધિક યોગદૃષ્ટિ હોવાને કારણે=ઓઘદૃષ્ટિથી સંવલિત એવી પ્રથમની ચાર દૃષ્ટિમાંથી કોઈક દૃષ્ટિ હોવાને કારણે, સર્વવિશેષાવગાહિસમ્યક્ત્વનો અભાવ હોવા છતાં પણ સામાન્ય ધર્મના પ્રદર્શનનો અવિરોધ છે=મોક્ષને અનુકૂલ એવા સામાન્ય ધર્મના પ્રદર્શનરૂપ અકરણનિયમનું તેઓનું કથન છે. અને સામાન્ય ધર્મની સત્તા તેઓમાં=અન્યદર્શનમાં "बौद्धादिसामान्यधार्मिकजनस्यापि" એ પ્રમાણે કહેતાં ઉપદેશપદની વૃત્તિકારના વચનથી જ વ્યક્ત પ્રતીત થાય છે=અન્યદર્શનમાં સમ્યક્ત્વ નહિ હોવા છતાં સામાન્ય ધર્મની સત્તા છે એ સિદ્ધ થાય છે. આમ હોતે છતે=અન્યદર્શનના માર્ગાનુસારી જીવોમાં સામાન્ય ધર્મની સત્તા છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એમ હોતે છતે, "મનાગ્ અહીં પણ=પરિવ્રાજકપણામાં પણ, ધર્મ છે." એ પ્રકારના મરીચિના વચનનું ઉત્સૂત્ર ન થાય, એ પ્રમાણે વળી અસમીક્ષિત કથન

છે=એ પ્રમાણે પૂર્વપક્ષનું અવિચારિત કથન છે; કેમ કે સ્વતંત્ર પ્રમાણ પ્રતિપત્તિના અનુબંધી વિષયપણાથી અન્યદર્શનમાં થોડા પણ ધર્મનો અભાવ હોવાથી તદ્વચનનું ઉત્સૂત્રપણું છે=મરીચિના વચનનું ઉત્સૂત્રપણું છે.

કેમ મનાગ્ ધર્મનું ઉત્સૂત્રવચન છે ? તે સ્પષ્ટ કરવા અર્થે હેતુ કહે છે –

તદ્વૃત્તિ સામાન્ય ધર્મમાં પણ=પરિવ્રાજક વેષમાં વૃત્તિ એવા સામાન્ય ધર્મમાં પણ ભગવાનના વચનનું જ સ્વતંત્ર પ્રમાણપણું છે.

અથવાથી મરિચિનું વચન ઉત્સૂત્ર કેમ છે ? તે અન્ય રીતે સ્પષ્ટ કરતાં કહે છે –

કપિલનું બાલપણું હોવાથી અન્યલિંગ જ અન્યદર્શનપણાથી તેના વડે પ્રતીત થયું અને ત્યાં અન્યલિંગમાં સ્વનિરૂપિતકારણતાવિશેષથી=અન્યલિંગ નિરૂપિત ધર્મની કારણતા વિશેષથી કોઈ પણ ધર્મ નથી, એથી ભાવઅસત્યપણું હોવાથી તેના=મરીચિના, વચનનું ઉત્સૂત્રપણું અવ્યાઘાત જ છે. એ પ્રમાણે યથાતંત્ર=યથાગમ, વિભાવન કરવું.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અન્યદર્શનમાં પણ જે અકરણનિયમાદિનાં વચનો છે તે જિનવચનાનુસાર હોવાથી તેઓની અવજ્ઞા કરણમાં ભગવાનની અવજ્ઞાનો પ્રસંગ છે. ત્યાં કોઈક કહે છે – જૈનોને અકરણનિયમનો પરિહાર છે. અર્થાત્ જૈનદર્શનમાં અકરણનિયમ નથી. એવી શંકાના નિરાસ માટે જ તીર્થાંતરીયોએ જે અકરણનિયમનું વર્ણન કર્યું છે. તેને જ જૈન શાસ્ત્રકારોએ ગ્રહણ કરીને વર્ણન કર્યું છે. પરંતુ અન્યદર્શનમાં અકરણનિયમ નથી.

કેમ અન્યદર્શનમાં અકરણનિયમ નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

કોઈ પણ વસ્તુનું વર્ણન વર્ણનીય વસ્તુ વિષયક યથાર્થ જ્ઞાન સાપેક્ષ હોય તો જ તે વર્ણન કહેવાય. અને અન્યદર્શનમાં અકરણનિયમ શબ્દનો ઉપયોગ કર્યો છે. પરંતુ તે શબ્દથી વાચ્ય ક્રિયા પાપના અકરણરૂપ નથી. માટે અન્યદર્શનમાં રહેલા કોઈપણ મહાત્માઓ તે તે દર્શનને અનુસરીને પોતાની ક્રિયા કરતા હોય અને માને કે અમે પાપ અકરણની ક્રિયા કરીએ છીએ, પરંતુ તે પાપ-અકરણની ક્રિયા નથી તે પ્રકારનો પૂર્વપક્ષનો આશય છે. જો તેવું ન માનો તો પરમાર્થથી પાપના સ્પર્શ વગરની એવી તેઓની ક્રિયા નહીં હોવા છતાં પોતાની યથાતથા ક્રિયાને તેઓ પાપ અકરણનિયમ કહે તો તેને પણ સમ્યગ્ ક્રિયા છે તેમ માનવું પડે. અને તેમ સ્વીકારીએ તો તે દર્શનની ક્રિયા કરનારા જીવોમાં પણ ધર્મનો સદ્ભાવ પ્રાપ્ત થાય. અને અન્યદર્શનમાં ધર્મનો સદ્ભાવ સ્વીકારીએ તો કપિલની આગળ મરીચિએ કહેલ કે પરિવ્રાજક દર્શનમાં કંઈક ધર્મ છે તે વચન ઉત્સૂત્ર છે એમ શાસ્ત્રકારો કહે છે તે સંગત થાય નહિ. માટે અન્યદર્શનમાં પરમાર્થથી પાપઅકરણનિયમરૂપ ધર્મ નથી. તેથી અન્યદર્શનમાં રહેલા તે તે દર્શનની ક્રિયા કરનારાઓને માર્ગાનુસારી સ્વીકારીને દેશારાધક છે તેમ કહી શકાય નહિ એ પ્રકારનો પૂર્વપક્ષનો આશય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે - તારું આ વચન સંગત નથી.

કેમ સંગત નથી ? તે બતાવતાં કહે છે –

ભગવાનના શાસનને પામેલા સુસાધુઓ ત્રણ ગુપ્તિપૂર્વક જે તપ-સંયમની ક્રિયા કરે છે, તે ક્રિયાઓ અંતરંગ રીતે ક્ષમાદિભાવોને અનુકૂળ યત્નરૂપ હોવાથી પાપના અકરણરૂપ છે. અને તેવા શુભભાવ વિશેષ સાપેક્ષ એવું અકરણનિયમનું વર્ણન અન્યદર્શનવાળા કરે છે. તેથી તે પ્રકારના અકરણનિયમનું પાલન કરીને તેઓ માર્ગાનુસારીભાવવાળા હોવાથી તેઓમાં સામાન્ય ધર્મની સિદ્ધિ છે.

આશય એ છે કે મુનિઓનો પાપઅકરણનિયમ જિનવચનાનુસાર હોવાથી સાક્ષાત્ મોક્ષ સાથે કે મોક્ષના કારણભૂત એવા યોગનિરોધ સાથે એક કારણપણાથી સંબદ્ધ છે. તેથી તેવા મહાત્માઓ સંયમના બળથી અસંગભાવને અભિમુખ જાય છે. જે અસંગભાવ પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ છે. એવા અસંગભાવને જ અન્યદર્શનવાળા પણ અકરણનિયમરૂપે સ્વીકારે છે. અન્યદર્શનમાં પણ જેઓ મોક્ષના અર્થી છે તેઓ સર્વથા સંગ વગરના પરિણામને જ અકરણનિયમરૂપે સ્વીકારે છે અને તદર્થે સ્વદર્શનના સંયમના આચારો પાળે છે. આમ છતાં સ્યાદ્વાદ દૃષ્ટિના મર્મને નહીં પામેલા તે તે દર્શન અનુસાર એકાંતવાદને સ્વીકારનાર અન્યદર્શનકારો પણ મોક્ષના અર્થી હોવાથી એકાંતવાદમાં અનિવર્તનીય અસદ્ગ્રહવાળા નથી. તેથી સામગ્રીને પામીને સ્યાદ્વાદની દૃષ્ટિને પામે તેવા છે. તેથી સમ્યક્ત્વની અપ્રાપ્તિને કારણે તેઓના પાપાકરણનિયમના પરિણામમાં સામાન્ય ધર્મની સિદ્ધિ છે. મુનિ જેવા શુભભાવ વિશેષની સિદ્ધિ નથી તોપણ તેઓનો તે પાપઅકરણનિયમ પરંપરાએ તો મુનિભાવનું કારણ છે, માટે તેઓમાં સર્વથા ધર્મ નથી તેમ કહી શકાય નહિ.

આ કથનને જ સ્પષ્ટ કરવા અર્થે ટીકાકાર કહે છે કે મુનિઓ જે પાપઅકરણનિયમનું પાલન કરે છે તે જિનવચનાનુસાર સુભટની જેમ મોહના ઉન્મૂલનનું કારણ બને તેવા પ્રકારના જ્ઞાનાવરણીય અને મોહનીયના ક્ષયોપશમથી જનિત છે. અને તે સ્વરૂપે સ્વયં જ ભગવાન વડે કહેવાયેલો પાપના અકરણનો નિયમ અન્યદર્શનવાળાઓના સામાન્ય પ્રકારના શુભ અધ્યવસાયરૂપ છે. આમ છતાં પૂર્વપક્ષી કહે કે અન્યદર્શનવાળા યોગીઓ વડે કરાતી અકરણનિયમની પ્રવૃત્તિ વિવેક વગરની હોવાથી નિરનુબંધ શુભ પ્રકૃતિનો હેતુ છે. અર્થાત્ અસાર એવા તુચ્છ પુણ્યબંધનું કારણ છે. માટે સંસારના પરિભ્રમણરૂપ અનર્થનો હેતુ છે. આમ કહીને તેઓમાં લેશ પણ મોક્ષમાર્ગનું આરાધકપણું નથી તેમ પૂર્વપક્ષી સ્થાપન કરે છે તે યુક્ત નથી; કેમ કે અન્યદર્શનમાં પણ જે ભદ્રકપ્રકૃતિવાળા છે, તેઓમાં કદાગ્રહ નથી તેથી ભવના કારણીભૂત જે સંગનો પરિણામ છે તેના ત્યાગની ઇચ્છાવાળા માર્ગાનુસારી જીવો છે તેઓ શુભભાવવાળા છે. તેથી તેઓ યોગની પ્રથમની ચાર દૃષ્ટિ સુધીમાં વર્તે છે. તેના કારણે તે તે દર્શનની કદાગ્રહ વગરની કરાયેલી અકરણનિયમની પ્રવૃત્તિથી મોક્ષનું કારણ બને તેવા શુભાનુબંધી પુણ્યને બાંધે છે. આથી જ યોગબિંદુમાં કહ્યું કે અન્યદર્શનમાં રહેલા પણ અપુનર્બંધક જીવો ક્રોધાદિથી અબાધિત, શાંત પ્રકૃતિવાળા, ઉદાત્ત મહાશયવાળા છે અર્થાત્ પોતાની ભૂમિકાથી ઉપર-ઉપરની ભૂમિકામાં જવા યત્ન કરે તેવા ઉદાત્ત મહાશયવાળા છે. વળી શુભાનુબંધી પુણ્ય હોવાને કારણે તત્ત્વને જોનારી વિશિષ્ટમતિથી યુક્ત છે. અને તેના કારણે પ્રાયઃ કરીને તેઓ ભવના

કારણોનો અને મોક્ષના કારણોનો સમ્યક્ ઊહ કરે છે. તેથી તેઓમાં પાપનો અકરણનિયમ નથી તેમ કહીને તેઓ દેશારાધક નથી એમ જે પૂર્વપક્ષી કહે છે તે વચન સંગત નથી. આની જ પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે વજ્રની જેમ અભેદ્ય એવા શુભભાવવિશેષરૂપ જે પ્રશસ્ત પરિણામ છે તે મુનિઓને છે અને તેવા શુભભાવવિશેષનો હેતુ અન્યદર્શનમાં બતાવાયેલા અકરણના નિયમનું વર્ણન છે. તેથી તે વર્ણનને સાંભળીને અન્યદર્શનવાળા જે અકરણના નિયમનું પાલન કરે છે તે પરંપરાએ મુનિભાવનું કારણ છે.

વળી, અન્યદર્શનના યોગીઓનો અકરણનિયમ માર્ગાનુસારી ભાવરૂપ કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – આ જ તેઓનો વિશેષ છે કે ભગવાનની વિશેષદેશનાના પ્રતિસંધાન વગર પણ ભગવાનના કહેલા અકરણનિયમમાં તેઓના અકરણનિયમનું પર્યવસાનપણું છે.

આશય એ છે કે ભગવાનના શાસનને પામેલા યોગીઓ શાસ્ત્રાભ્યાસ કરીને સર્વ નયોની દૃષ્ટિથી પરિષ્કૃત મતિવાળા થાય છે. તેથી ભગવાનની વિશેષ દેશનાના પ્રતિસંધાનપૂર્વક અસંગભાવમાં જવા યત્ન કરે છે. તેથી તેઓમાં તત્ત્વના સ્વીકાર પ્રત્યે પરમ મધ્યસ્થભાવ વર્તે છે અને જગતના સર્વભાવ પ્રત્યે પણ પરમ મધ્યસ્થભાવ વર્તે છે. તેના કારણે સંસારમાં ક્યાંય સંગ રાખ્યા વગર આત્માના શુદ્ધ ભાવમાં સંગને ધારણ કરનારા છે. તેથી ભગવાનના શાસનના પરમાર્થને પામેલા મુનિઓ સર્વથા પાપના અકરણના પરિણામવાળા છે. વળી અન્યદર્શનમાં પણ જે માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવો છે તેઓને ભગવાનની વિશેષ દેશના પ્રાપ્ત થયેલી નથી તેથી વિશેષ દેશનાના પ્રતિસંધાન વગર પણ તે-તે દર્શનના કોઈક એક નયથી વાસિત હોવા છતાં કદાગ્રહ વગર ભવનું સ્વરૂપ અને મોક્ષનું સ્વરૂપ સમ્યગ્ સમાલોચન કરનારા છે. તેથી તેઓને પણ સર્વ સંગ વગરની અવસ્થા જ મોક્ષનું કારણ દેખાય છે. છતાં એકાંતવાદનો કંઈક પક્ષપાત છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ નથી તોપણ તેઓની માર્ગાનુસારી પ્રજ્ઞાને કારણે તે એકાંતવાદનો પક્ષપાત શિથિલમૂલવાળો છે અને મોક્ષના કારણભૂત અસંગભાવ પ્રત્યેનો પક્ષપાત બલવાન છે. તે પક્ષપાતપૂર્વક તે-તે દર્શનની પાપઅકરણની પ્રવૃત્તિ દ્વારા પણ તેઓ ભગવાને કહેલા અકરણનિયમના વિષયને અભિમુખ જ જનારા છે. આથી જ ૧૫૦૦ તાપસો મોક્ષના અત્યંત અર્થી હતા અને મિથ્યાત્વની ભૂમિકામાં હતા છતાં કદાગ્રહ વગરના હોવાથી ગૌતમસ્વામીને પામીને ભગવાને કહેલા ભાવચારિત્રના પરિણામરૂપ પાપ અકરણના પરિણામને શીઘ્ર પામ્યા.

વળી અન્યદર્શનવાળા જીવોમાં માર્ગાનુસારી ભાવ છે તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

કેટલાક કહે છે કે ભગવાને કહેલાં જીવાદિ નવ તત્ત્વો અન્યદર્શનવાળા સ્વીકારતા નથી માટે તેઓ નાસ્તિક છે. તેઓનું તે વચન અન્યદર્શનના કદાગ્રહી એકાંતવાદીઓને આશ્રયીને સંગત છે. પરંતુ જેઓ માર્ગાનુસારી છે તેઓને નાસ્તિક કહી શકાય નહિ; કેમ કે અન્યદર્શનના તે તે નયના કથનમાં જે પરસ્પર વિપરીત અંશરૂપ સ્વીકાર છે તેઓમાં તેઓને અનિવર્તનીય પક્ષપાત નથી. પરંતુ ઉચિત ઉપદેશની સામગ્રી મળે તો તેનો પરિત્યાગ કરે તેમ છે. તેથી પરમાર્થથી તેના સ્વીકારમાં જ તેઓની રુચિ પર્યવસાન પામે છે. આથી જ અન્યદર્શનના માર્ગાનુસારી જીવો સંસારના ઉચ્છેદના ઉપાયોને અને સંસારના પરિભ્રમણના

ઉપાયોને સ્વપ્રજ્ઞાનુસાર ઊહ કરીને તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત ધારણ કરે છે. તેથી ભવનું કારણ આશ્રવ તેઓને હેય જણાય છે અને મોક્ષનું કારણ સંવર તેઓને ઉપાદેય જણાય છે. છતાં જે જે અંશમાં બોધ નથી ત્યાં સ્થૂલથી આશ્રવના ત્યાગની અને સંવરના સેવનની રુચિ છે. તેથી અર્થથી તેઓ નવે તત્ત્વને સ્વીકારે છે માટે તેઓને નાસ્તિક કહી શકાય નહિ.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ અન્યદર્શનવાળા જીવો નવે તત્ત્વોનો જિનવચનાનુસાર બોધ ધરાવતા નથી તોપણ તેના સ્વીકારના અભિમુખ પરિણામવાળા હોવાથી નાસ્તિક નથી, તેમ જે અન્યદર્શનવાળા જીવો જિનવચનાનુસાર પાપઅકરણના બોધવાળા નથી તોપણ તેના સ્વીકારના અભિમુખ પરિણામવાળા હોવાથી તેઓમાં સામાન્ય ધર્મરૂપ પાપઅકરણનો નિયમ છે માટે તેઓને દેશારાધક સ્વીકારવા જોઈએ. આની જ પુષ્ટિ કરવા અર્થે કહે છે -- આથી જ શુભભાવવિશેષથી અકરણનિયમનું વર્ણન માર્ગાનુસારી જીવોને જ છે અને યદૃચ્છાથી રચવામાં પ્રવૃત્ત અર્વાચીનોને પ્રવાહપતિતપણાથી ઘુણાક્ષરન્યાયથી અકરણનિયમનું વર્ણન છે. જોકે આ બંનેનું વર્ણન જેવું જિનવચનમાં અકરણનિયમનું વર્ણન છે તત્સદૃશ છે. તોપણ માર્ગાનુસારી જીવોનું અને સ્વમતિ અનુસાર બોલનારા જીવોના તે અકરણનિયમના વર્ણનમાં ભેદ છે.

આશય એ છે કે માર્ગાનુસારી જીવો મોક્ષના અર્થી છે અને તેના ઉપાયરૂપે સંસારના સર્વ ભાવો પ્રત્યે સંગ ન કરવો તે પાપના અકરણનો નિયમ છે તેમ કહે છે. સર્વજ્ઞના શાસનમાં પણ સંસારના સર્વ સંગથી પર થવારૂપ શુભભાવવિશેષથી પાપના અકરણનિયમનું વર્ણન છે. તોપણ જૈન શાસનના વર્ણન કરનારા ઋષિઓ સર્વ નયથી વિશુદ્ધ એવા પાપના અકરણનિયમને સ્વીકારે છે. તેથી તેઓ અકરણનિયમનો પરિણામ અસંગભાવવાળા અપ્રમત્ત મુનિઓને સંભવે અને માર્ગાનુસારી અન્યદર્શનવાળા જીવો સૂક્ષ્મ બોધવાળા નહીં હોવાથી તથા એક નયની દૃષ્ટિથી વાસિત હોવાથી અસંગભાવરૂપ જે પાપઅકરણનિયમ કહે છે તે પણ પહેલી ચાર દૃષ્ટિ સુધીના નિર્લેપ મુનિઓમાં સંભવે. અને સ્વમતિ અનુસાર શાસ્ત્ર રચવામાં પ્રવૃત્ત એવા અર્વાચીનો સ્વ-સ્વ મતના આગ્રહી હોવાથી જે પાપ અકરણનિયમનું કથન કરે છે તે સ્વદર્શનોના પ્રવાહમાં પતિતપણાથી પ્રાપ્ત થયેલા અકરણનિયમને ઘુણાક્ષરન્યાયથી ગ્રહણ કરે છે. પરંતુ તેઓ જે અસંગભાવરૂપ પાપના અકરણનિયમને કહે છે, છતાં સ્વાગ્રહથી દૂષિતમતિવાળા હોવાથી તેઓમાં પાપના અકરણનિયમનો પરિણામ નથી. પરંતુ અભવ્યાદિ જીવો જેમ બાહ્યથી પાપના અકરણનિયમને સેવીને ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી જાય છે, છતાં પણ તેઓનો પાપઅકરણનિયમ લેશ પણ મોક્ષનું કારણ નથી. તેવું યદૃચ્છાપ્રણયનપ્રવૃત્ત અર્વાચીનોનો પાપઅકરણનિયમ છે; કેમ કે અસદ્ગ્રહને કારણે ગાઢ મિથ્યાત્વનો ઉદય વર્તે છે.

આ કથનથી એ ફલિત થાય કે અન્યદર્શનમાં પણ જેઓ માર્ગાનુસારી દૃષ્ટિથી અકરણનિયમનું વર્ણન કરે છે તે વર્ણન ઘુણાક્ષરન્યાયથી અકરણનિયમના વર્ણનથી વિલક્ષણ છે; કેમ કે અન્યદર્શનમાં રહેલા માર્ગાનુસારી જીવોને સર્વનયની દૃષ્ટિથી વિશેષને અવગાહન કરનાર સમ્યક્ત્વ નહીં હોવા છતાં ઔઘિક યોગદૃષ્ટિ છે. અર્થાત્ પહેલી ચાર દૃષ્ટિમાં રહેલા હોવાથી યોગદૃષ્ટિ છે અને પહેલી ચાર દૃષ્ટિમાં વિપર્યાસ

હોવાથી ઓઘદૃષ્ટિ છે. તેથી ઔઘિક યોગદૃષ્ટિથી તેઓના અકરણનિયમના વર્ણનમાં સામાન્યધર્મના પ્રદર્શનનો અવિરોધ છે. વળી, જેઓ માર્ગાનુસારી નથી અને સ્વ-સ્વ દર્શનમાં બદ્ધાગ્રહવાળા છે. આમ છતાં ઘુણાક્ષરન્યાયથી તેઓ પાપ અકરણનિયમનું વર્ણન કરે છે. તેઓના પાપ અકરણનિયમના વર્ણનમાં માત્ર ઓઘદૃષ્ટિ જ છે. યોગદૃષ્ટિ નથી. તેથી તેઓનું અકરણનિયમનું વર્ણન આકૃતિ માત્ર જ છે. પરમાર્થથી શુભાનુબંધીપુણ્યનું કારણ નથી. માટે તેઓના અકરણનિયમમાં સામાન્ય ધર્મ પણ નથી.

વળી, અન્યદર્શનમાં પણ સામાન્ય ધર્મની સત્તા છે એ વચન ઉપદેશપદની વૃત્તિકારના વચનથી સિદ્ધ થાય છે; કેમ કે ઉપદેશપદના વૃત્તિકારે કહ્યું છે કે અન્યદર્શનમાં રહેલા અકરણનિયમાદિમાં ધર્મ નથી એ પ્રકારનું દ્વેષનું વચન બૌદ્ધાદિ સામાન્ય ધાર્મિકજનનો પણ મૂઢભાવરૂપ છે માટે જે બૌદ્ધાદિ સામાન્ય ધાર્મિક છે તેઓ પણ અન્યદર્શનના અકરણનિયમાદિમાં પ્રદ્વેષ કરતા નથી. તેથી જણાય છે કે તેવા બૌદ્ધાદિ સામાન્ય ધાર્મિક જનો કોઈપણ દર્શનમાં પોતાને અભિમત પાપને અન્ય શબ્દથી પાપ કહેતા હોય અને તેની નિવૃત્તિનો ઉપદેશ આપતા હોય તે વચન પ્રત્યે સામાન્ય ધાર્મિકજનને પ્રદ્વેષ થતો નથી, પરંતુ પક્ષપાત થાય છે. માટે તત્ત્વના પક્ષપાતરૂપ સામાન્ય ધર્મની સત્તા અન્યદર્શનવાળા માર્ગાનુસારી જીવોમાં છે તેમ ફલિત થાય છે.

પૂર્વમાં 'कश्चिदाह'થી જે પક્ષ બતાવ્યો તેમાં પૂર્વપક્ષીએ કહેલ કે અન્યદર્શનમાં પરમાર્થથી અકરણનિયમ નથી, પરંતુ શબ્દમાત્રરૂપ અકરણનિયમ છે, માટે તેવા અકરણનિયમને સેવનારા બાલતપસ્વીને દેશારાધક કહી શકાય નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી અનેક શાસ્ત્રોનાં વચનોથી અન્યદર્શનમાં પણ સામાન્ય ધર્મનો સદ્ભાવ છે તેમ સ્થાપન કરીને માર્ગાનુસારી એવા અન્યદર્શનવાળા જીવોમાં દેશારાધકપણું છે તેમ સ્થાપન કર્યું.

વળી પૂર્વપક્ષીએ કહેલ જો અન્યદર્શનમાં ધર્મનો સદ્ભાવ સ્વીકારશો તો કપિલની આગળ મરીચિએ કહેલ કે 'થોડો અહીં પણ ધર્મ છે.' તે વચન ઉત્સૂત્ર કહી શકાશે નહીં. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે – અન્યદર્શનમાં સ્વતંત્રપ્રમાણથી પ્રતિપત્તિના અનુબંધિવિષયપણાથી થોડો પણ ધર્મ નથી. પરંતુ તેમનામાં વર્તતા સામાન્ય ધર્મમાં પણ ભગવાનના વચનનું જ સ્વતંત્ર પ્રમાણપણું છે.

આશય એ છે કે ધર્મ પ્રત્યક્ષનો વિષય નથી, અનુમાનનો વિષય નથી પરંતુ સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે. સર્વજ્ઞ કેવળજ્ઞાનથી 'કઈ ઉચિત પ્રવૃત્તિ મોક્ષનું કારણ છે ?' તેનો નિર્ણય કરીને ઉપદેશ આપે છે. તેથી ભગવાનનું વચન ધર્મના વિષયમાં સ્વતંત્ર પ્રમાણ છે. વળી તે ભગવાનનું વચન સ્વીકારીને ધર્મની પ્રવૃત્તિ કરવામાં આવે તો તે ધર્મપ્રવૃત્તિ ઉત્તરોત્તરના ધર્મની પ્રાપ્તિનું કારણ બને તેવી સાનુબંધી હોય છે. માટે તે વચનાનુસાર કરાયેલી ધર્મની પ્રવૃત્તિ પૂર્ણ ધર્મની પ્રાપ્તિનું કારણ બને છે તેવી સાનુબંધ ધર્મની પ્રવૃત્તિનું વર્ણન અન્યદર્શનમાં નથી. માટે અન્યદર્શનમાં થોડો પણ ધર્મનો ભાવ નથી, તેથી તેવા ધર્મને ધર્મરૂપે કહેવો તે ઉત્સૂત્રરૂપ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જિનવચનાનુસાર કરાયેલી સમ્યગ્દૃષ્ટિની કે દેશવિરતિધરની કરાયેલી ધર્મની પ્રવૃત્તિમાં થોડો ધર્મ છે તેમ કહી શકાય; કેમ કે તે ધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પૂર્ણ ધર્મમાં વિશ્રાન્ત થાય છે. જિનવચનાનુસાર સર્વવિરતિમાં જેઓ ઉદ્યમ કરે છે તેમાં પૂર્ણ ધર્મ છે પરંતુ થોડો ધર્મ છે તેમ કહી શકાય નહિ; કેમ કે સર્વવિરતિધર સાધુ પોતાના મન-વચન-કાયારૂપ ત્રણે યોગોના પૂર્ણ સામર્થ્યથી ધર્મ સેવે છે જે પ્રકર્ષને પામીને યોગનિરોધકાળમાં પૂર્ણ ધર્મમાં વિશ્રાન્ત થાય છે.

વળી અન્યદર્શનમાં માર્ગાનુસારી જીવો જે સામાન્ય ધર્મનું સેવન કરે છે તેમાં ભગવાનના વચનનું જ સ્વતંત્ર પ્રમાણપણું છે; કેમ કે તેઓ પણ ભગવાને કહેલા વચનાનુસાર અસદ્ગ્રહનો ત્યાગ કરીને નિર્મળ બુદ્ધિથી સંસારનાં કારણોનો અને મોક્ષનાં કારણોનો ઊહ કરે છે. ફક્ત તેઓને સર્વવિશેષને બતાવનારા ભગવાનનાં વચનો પ્રાપ્ત થયાં નથી, પરંતુ ભગવાને બતાવેલી કોઈક એક નય દૃષ્ટિથી તેઓ તે પ્રકારની માર્ગાનુસારી બુદ્ધિવાળા થયા છે. તેથી તેઓના સામાન્યધર્મમાં પણ સ્વતંત્ર પ્રમાણ ભગવાનનું વચન જ છે, તેઓનું દર્શન નથી. માટે તે દર્શનમાં થોડો ધર્મ છે તેમ કહી શકાય નહીં, પરંતુ તે દર્શનમાં રહેલા મધ્યસ્થ પુરુષો કદાગ્રહ વગર જે ઉચિત યમ-નિયમ સેવે છે તે જિનવચનાનુસાર છે. તેથી તેમાં ધર્મ છે તેમ કહી શકાય. આથી જ યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં કહ્યું કે સાંખ્યદર્શનવાળા આત્માને જે રીતે કૂટસ્થનિત્ય માને છે તે વચનાનુસાર યોગમાર્ગની પ્રવૃત્તિ કરનારા તે દર્શનના યોગીઓ વિચારે છે કે આપણો આત્મા આ ભવ પૂરતો નથી પરંતુ શાશ્વત છે. માટે શાશ્વત આત્માના હિત અર્થે પૂર્ણ પુરુષની ઉપાસના કરવી જોઈએ. ભવનું કારણ જે પ્રધાન અર્થાત્ પ્રકૃતિ છે તેનો નાશ કરવાથી સંસારની વિડંબના દૂર થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આત્મા એકાંતનિત્ય છે એ બાબતમાં નિવર્તન ન પામે તે પ્રકારે કદાગ્રહ વગર એક નયની દૃષ્ટિથી તત્ત્વના રાગી પુરુષો જે કપિલદર્શનના યોગમાર્ગને સેવે છે તે કપિલને પૂર્ણ પુરુષ માનીને સેવતા હોય તોપણ સર્વજ્ઞના જ ઉપાસક છે. માટે તેઓમાં વર્તતો સામાન્ય ધર્મ પણ ભગવાનના વચનાનુસાર હોવાથી ધર્મરૂપ બને છે; કેમ કે સામગ્રીને પામીને અન્ય નયનો પણ સ્વીકાર થાય તેવી મધ્યસ્થદૃષ્ટિ તેઓમાં વર્તે છે. તેથી તેઓના સેવાતા ધર્મમાં પણ ભગવાનનું વચનાનુસાર કંઈક ઉચિત પ્રવૃત્તિ છે તેને આશ્રયીને તે પ્રવૃત્તિ પ્રમાણ છે.

અથવા મરીચિનું વચન ઉત્સૂત્ર કેમ છે ? તેનું સમાધાન ગ્રંથકારશ્રી અન્ય રીતે કરે છે –

કપિલ બાલ હોવાથી અન્ય લિંગને જ તે અન્યદર્શનરૂપે માને છે અને તે લિંગમાં સ્વનિરૂપિતકારણતા-વિશેષથી કોઈ ધર્મ નથી, છતાં મરીચિએ ત્યાં ધર્મ છે તેમ કહ્યું તે ભાવઅસત્યરૂપ છે. માટે મરીચિનું વચન ઉત્સૂત્રરૂપ છે.

આશય એ છે કે બાલજીવો બાહ્ય આચરણારૂપ લિંગને જ ધર્મ માને છે. કપિલ બાલ હોવાથી સંન્યાસીના લિંગને અને સંન્યાસીની તે તે આચરણાને જ ધર્મરૂપે માને છે. મરીચિએ પરિવ્રાજકના વેશની કલ્પના કરતી વખતે વિચારેલું કે સાધુ કર્મબંધના કારણભૂત મનદંડ-વચનદંડ-કાયદંડથી વિરત છે અને હું

તેવો વિરત નથી જેના પ્રતીકરૂપે તેણે ત્રિદંડના વેશની કલ્પના કરેલ. તેથી તે વેશથી અથવા તે વેશમાં કરાતી આચરણાથી નિરૂપિતકારણતાવિશેષથી તે વેશમાં અને તે વેશમાં કરાતી આચરણામાં કોઈ ધર્મ નથી; કેમ કે તે વેશમાં અને તે વેશમાં કરાતી આચરણામાં ત્રણ દંડની અવિરતિ હોવાથી તેમાં ધર્મ છે તેમ કહી શકાય નહીં, છતાં મરીચિએ તેમ કહ્યું તે અધર્મમાં ધર્મ કહેવાના પરિણામરૂપ હોવાથી ભાવથી અસત્ય છે, તેથી મરીચિના વચનમાં ઉત્સૂત્રપણું છે.

જેમ સાવદ્યાચાર્યે કહેલું કે ભગવાનનું વચન સ્યાદ્વાદમય છે તેથી એકાંત ગ્રહણ કરવો નહિ તે વચન, વચનરૂપે સત્ય છે. તેમ મરીચિનું વચન પણ તેના પરિવ્રાજક લિંગમાં થોડોક ધર્મ છે તે વચન, વચનરૂપે સત્ય છે; તોપણ જેમ સાવદ્યાચાર્યે પોતાના પ્રમાદસેવનના સ્થાનમાં અનેકાંતનો બોધ કરાવવા અર્થે કહેલું વચન ભાવથી અસત્ય છે તેમ પરિવ્રાજક વેશમાં ધર્મ નથી તેની અભિવ્યક્તિરૂપે કલ્પાયેલ ત્રિદંડી વેશમાં ધર્મબુદ્ધિ કરાવવાના આશયથી કહેવાયેલું મરીચિનું વચન ભાવથી અસત્ય છે, માટે ઉત્સૂત્ર છે.

ટીકા :-

अथैवमन्यदर्शने क्वचित्सत्यत्वं क्वचिच्चाऽसत्यत्वमिति मिश्रत्वं स्याद् नत्वेकान्तमिथ्यात्वं, न चैवमिष्यते, तस्यैकान्तमिथ्यारूपस्यैवाभ्युपगमात् । तदुक्तं दशवैकालिकनिर्युक्तौ (अ. ७) –

सम्मदिट्ठी उ सुअंमि अणुवउत्तो अहेउअं चेव ।

जं भासइ सा मोसा मिच्छदिट्ठी विय तहेवत्ति ।।

एतद्वृत्तिर्यथा – 'सम्यग्दृष्टिरेव श्रुते=आगमेऽनुपयुक्तः प्रमादाद्यत्किंचिदहेतुकं चैव युक्तिविकलं चैव यद् भाषते तन्तुभ्यः पट एव भवतीत्येवमादि सा मृषा, विज्ञानादेरपि तत एव भावादिति मिथ्यादृष्टिरपि तथैवेत्युपयुक्तोऽनुपयुक्तो वा यद्भाषते सा मृषैव घुणाक्षरन्यायेन संवादेऽपि 'सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत्' इति गाथार्थः, **इति चेत्? न, अभिनिविष्टं प्रत्यन्यदर्शनस्य सर्वस्यैव फलतोऽप्रामाण्यात्, मार्गानुसारिणं प्रति च सुन्दरवचनस्य जैनवचनपर्यवसिततयाऽवशिष्टस्यान्यदर्शनस्यैकान्तमिथ्यात्वतादवस्थ्यात् ।**

कश्चित्तु दृढदृष्टिरागविलुप्तबुद्धिः पातञ्जलादिगताकरणनियमादिवाक्यानां जिनवचनमूलत्वमनभिमन्यमानः 'सव्वप्पवायमूलं....' **इत्याद्युपदेशपद (६९४) गाथायामिमामनुपपत्तिमुद्भावयति–** 'सर्वप्रवादानां मूलं द्वादशाङ्गम्' **इत्यत्रप्रवादा नयवादविशेषास्ते च सर्वग्रहणेन शुभा अशुभाश्च ग्राह्याः, तत्र शुभा जीवरक्षाद्यभिप्रायघटिताः, अशुभाश्च ततो विलक्षणाः, तेषां च मूलं द्वादशाङ्गं श्रीवीरवचनोद्बोधितश्रीसुधर्मस्वामिसंबन्धि न भवति, अशुभानामपि प्रवादानां प्रवृत्तेर्जिनवचनमूलकत्वप्रसक्त्या शुभानामिवोपादेयता स्यादिति । ते च प्रवादाः शुभाशुभरूपा अपि संख्यया वचनसंख्याकाः । तदुक्तं –** 'जावइआ वयणपहा (तावइया चेव हुंति नयवाया)' **इत्यादि, तेषां प्रवृत्ति-**

रनादिप्रवाहपतिता कथं जिनवचनमूलिका संभवति? प्रत्यक्षबाधात् । किञ्च तेषां सर्वेषामप्यवज्ञाकरणेन जिनावज्ञाऽभ्युपगमे 'जीवो हन्तव्यः' इत्यादिनयप्रवादानामप्यवज्ञाकरणे तथात्वापत्तिरिति एतदन्यभावं कल्पयति–द्वादशाङ्गं हि सर्वोत्कृष्टं श्रुतज्ञानं केवलज्ञानदिवाकरस्य प्रकाशभूतं केवलज्ञानमिव प्रत्यात्मवर्त्तित्वादधिकरणभेदेन भिन्नमपि स्वरूपतो न भिन्नं, किन्तु केवलज्ञानमिवैकमेव, तुल्यविषयकत्वात् तुल्यसंबन्धित्त्वाच्च, उदयमधिकृत्य तु स्वरूपतोऽपि भिन्नमेव, तत्कारणस्य क्षयोपशमस्य प्रत्यात्मभिन्नत्वात्, श्रुतज्ञानोदयस्य च क्षायोपशमिकत्वात्, ते च प्रवादा निजनिजद्वादशाङ्गमूलका अपि सामान्यतो द्वादशाङ्गमूलका एवोच्यन्ते । यथा नानाजलसंभूतान्यपि कमलानि सामान्यतो जलजान्येव, अत एव सर्वप्रवादानां मूलं द्वादशाङ्गमेवेति सामान्यतोऽभिहितं, सर्वस्यापि द्वादशाङ्गस्य सर्वोत्कृष्टश्रुतत्वेन सर्वाक्षरसंनिपातात्मकत्वात्, प्रवादा अप्यक्षरात्मका एव, अत एव द्वादशाङ्गं रत्नाकरतुल्यं रत्नाकरस्येव तस्याप्यनेकजातीयशुभाशुभनयलक्षणवस्तूनामाश्रयत्वात् । परं मिथ्यादृशां यद्द्वादशाङ्गं तत्स्वरूपत एव सर्वनयात्मकं, सत्तामात्रवर्त्तित्वात्, न पुनः फलतोऽपि, कस्यापि मिथ्यादृशः कदाचिदपि सर्वांशक्षयोपशमाभावात्, मिथ्यादृष्टिमात्रस्योत्कृष्टतोऽपि क्षयोपशमः सर्वांशक्षयोपशमलक्षणसमुद्रापेक्षया बिन्दुकल्पो भवति । यदुक्तं (षड्दर्शनसमुच्चयवृत्ति) –

जयति विजितरागः (केवलालोकशाली, सुरपतिकृतसेवः श्रीमहावीरदेवः ।
यदसमसमयाब्धेश्चारुगाम्भीर्यभाजः, सकलनयसमूहा बिन्दुभावं भजन्ते ।।) इत्यादि ।

सम्यग्दृशां तु केषांचित्संयतानां फलतोऽपि द्वादशाङ्गस्य सर्वनयात्मकत्वं, सर्वांशक्षयोपशमस्य संभवाद्, अत एव गौतमादयः सर्वाक्षरसंनिपातिनः प्रवचने भणिताः, परं तेषां संयतानां सकलमपि द्वादशाङ्गं शुभनयात्मकत्वेनैव परिणमति, सावद्यनयविषयकानुज्ञादिवचनप्रवृत्तेरप्यभावाद् । एतेन सर्वेऽपि शाक्यादिप्रवादा जैनागमसमुद्रसंबंधिनो बिन्दव इति भ्रान्तिरपि निरस्ता, 'षट्शतानि नियुज्यन्ते, पशूनां मध्यमेऽहनि' इत्यादिप्रवादानामपि जैनागममूलकत्वापत्त्या संयतानां सावद्यभाषाप्रवृत्तिप्रसक्तेः । तस्मात्सर्वांशक्षयोपशमसमुत्थद्वादशाङ्गलक्षणसमुद्रस्य पुरस्तादन्यतिर्थिकाभिमतप्रवादाः समुदिता अपि बिन्दूपमा इत्यर्थो युक्तः, अन्यथा 'बिन्दुभावं भजन्ते' इति प्रयोगानुपपत्तिः स्यात्, अवयवाऽवयविनोरुपमानोपमेयभावेन वर्णने निजावयवापेक्षया महत्त्वेऽप्यवयविनो गौरवाभावाद्, न ह्यङ्गुष्ठो हस्तावयवभावं भजन्ते इति हस्तस्य स्तुतिः संभवति । किञ्च समुद्रस्य बिन्दव इति भणनमप्यसङ्गतं, समुद्रप्रभवा हि वेलाकल्लोलोर्म्यादयो भवन्ति, न पुनर्बिन्दवः, तेषां चोत्पत्तिर्मेघाद् हस्तवस्त्रादिव्यापाराद्वा स्यादिति सर्वानुभवसिद्धम्, अन्यथा समुद्रान्निर्गतबिन्दुभिः समुद्रस्य न्यूनत्वापत्त्या तस्य गांभीर्यहानिः स्याद्, इत्येवं स्थिते वृत्तिव्याख्यानसङ्गतिरियम्–

यद्=यस्मात् कारणाद् द्वादशाङ्गं रत्नाकरोपमया शुभाशुभसर्वप्रवादमूलं, तस्मात्कारणात्स्वरूपतः फलतश्च यावत्सुन्दरमात्मनिष्ठाकरणनियमादिवाच्यवाचकं वाक्यादिकं तत्तस्मिन् द्वादशाङ्गे, एवकारो गम्यः, द्वादशाङ्ग एव समवतारणीयं, तत्र वर्त्तत एवेत्यर्थः, द्वादशाङ्गस्य सर्वोत्कृष्टश्रुतत्वेन तद्-व्यापकभूतस्य सर्वसुन्दरात्मकत्वस्यावश्यंभावात्, परं सम्यग्दृशां यावत्सुन्दरं तावत्सर्वमपि द्वादशाङ्ग-मूलकमुदितं भवति, फलतोऽपि शुभत्वात्, तदाराधनविधिपरिज्ञानाच्च तच्च सानुबन्धपुण्यप्रकृति-हेतुः, मिथ्यादृशां तु स्वरूपतः क्वचिदंशे शुभत्वेऽपि फलतोऽशुभत्वमेव इति विरुद्धस्वरूपपरिणतयो-रुभयोः सम्यग्मिथ्यादृशोरकरणनियमयोरभेदेन भणनमुदितस्याकरणनियमस्यावज्ञया जिनावज्ञा स्यात्, सा चानन्तसंसारहेतुरिति भणितम् । यथा मोक्षाङ्गं स्वरूपतः शुभमपि मनुष्यत्वं संयतजनस्य फलतोऽपि शुभमेव, मोक्षप्राप्तिपर्यन्तं सुगतिहेतुत्वात्, तदेव मनुष्यत्वं व्याधादेः फलतोऽशुभमेव, जीवघाताद्यसंयमहेतुत्वेन दुर्गतिहेतुत्वात् । एवं सत्यपि भेदे द्वयोरपि मनुष्यत्वयोस्तुल्यतया भणनं संयतजनमनुष्यत्वस्यावज्ञया जिनावज्ञैव, जिनेनैव भेदेनाभिधानात्, दृश्यते च लोकेऽपि लक्षणोपेत-तदनुपेतयोर्मण्योस्तुल्यतया भणने लक्षणोपेतमणेरवज्ञया तत्परीक्षकस्यावज्ञैवेति ।

ટીકાર્થ :-

અથૈવમન્યદર્શને ..... તત્પરીક્ષકસ્યાવજ્ઞૈવેતિ । 'અથ'થી પૂર્વપક્ષી કહે છે – આ રીતે=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે અન્યદર્શનમાં પણ સામાન્ય ધર્મ છે એ રીતે, અન્યદર્શનમાં કોઈક સ્થાનમાં સત્યપણું છે, કોઈક સ્થાનમાં અસત્યપણું છે. અર્થાત્ જે સ્થાનમાં ધર્મપણું છે તે સ્થાનમાં સત્યપણું છે, અને જે સ્થાનમાં ધર્મપણું નથી ત્યાં ધર્મપણું સ્વીકારે છે માટે અસત્યપણું છે. તેથી મિશ્રપણું થાય પરંતુ એકાંત મિથ્યાત્વપણું ન થાય. અને એ પ્રમાણે=અન્યદર્શનમાં એકાંત મિથ્યાત્વ નથી એ પ્રમાણે, ઇચ્છાતું નથી; કેમ કે એકાંત મિથ્યારૂપ જ તેને=અન્યદર્શનના ધર્મને, સ્વીકારેલ છે.

દશવૈકાલિક નિર્યુક્તિમાં તે=અન્યદર્શનના ધર્મને એકાંત મિથ્યાત્વરૂપ કહ્યું તે, કહેવાયું છે –

"સમ્યગ્દૃષ્ટિ જ શ્રુતમાં અનુપયુક્ત અહેતુક જે બોલે છે તે મૃષા છે=મૃષાવચન છે, મિથ્યાદૃષ્ટિ પણ તે પ્રમાણે જ=ઉપયુક્તાનુપયુક્ત જે કાંઈ બોલે છે તે સર્વ તે પ્રમાણે જ છે અર્થાત્ મૃષા જ છે."

આની વૃત્તિ=દશવૈકાલિકનિર્યુક્તિની વૃત્તિ 'યથા'થી બતાવે છે –

"સમ્યગ્દૃષ્ટિ શ્રુતમાં=આગમમાં, પ્રમાદથી અનુપયુક્ત જે કંઈ અહેતુક અને યુક્તિવિકલ જે બોલે છે તે મૃષા જ છે, એમ અન્વય છે.

સમ્યગ્દૃષ્ટિ આગમમાં અનુપયુક્ત યુક્તિ વિકલ શું બોલે છે ? તે બતાવે છે –

તંતુઓથી પટ જ થાય છે વિગેરે યુક્તિવિકલ બોલે છે તે મૃષા છે; કેમ કે તેનાથી જ=તંતુઓથી જ, વિજ્ઞાનાદિનો પણ ભાવ છે. એ રીતે મિથ્યાદૃષ્ટિ પણ તેવો જ છે=ઉપયુક્ત કે અનુપયુક્ત જે બોલે છે તે મૃષા જ બોલે છે; કેમ

કે ઘુણાક્ષરન્યાયથી સંવાદમાં પણ=મિથ્યાદૃષ્ટિનું કોઈક વચન યથાર્થ હોવા છતાં પણ, 'સદ્-અસદ્નો અવિશેષ હોવાને કારણે યદૃચ્છા ઉપલબ્ધિ છે, ઉન્મત્તની જેમ' એ પ્રમાણે દશવૈકાલિક નિર્યુક્તિની ગાથાનો અર્થ છે."

એ પ્રમાણે='અથ'થી જે પૂર્વપક્ષીએ કહ્યું એ પ્રમાણે, જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તેનું કથન બરાબર નથી; કેમ કે અભિનિવિષ્ટ પ્રત્યે અન્યદર્શનના સર્વનું જ=અન્યદર્શનના સર્વ વચનનું જ, ફલથી અપ્રમાણપણું છે. અને માર્ગાનુસારી પ્રત્યે સુંદર વચનનું જૈનવચનમાં પર્યવસિતપણું હોવાને કારણે અવશિષ્ટ એવા અન્યદર્શનનું=સુંદર વચનથી અવશિષ્ટ એવા અન્યદર્શનના વચનનું, એકાંત મિથ્યાત્વ તાદવસ્થ્ય છે.

વળી, કોઈક દૃઢ દૃષ્ટિરાગથી વિલુપ્ત બુદ્ધિવાળો પાતંજલાદિગત અકરણનિયમાદિ વાક્યોને જિનવચન મૂલપણું નહીં માનતો "સર્વપ્રવાદ મૂલં" ઈત્યાદિ ઉપદેશપદની ગાથામાં આ અનુપપત્તિને= અસંગતિને ઉદ્ભાવન કરે છે. અને તે અસંગતિ જ બતાવે છે – 'સર્વ પ્રવાદોનું મૂલ દ્વાદશાંગી છે.' એ પ્રકારના કથનમાં પ્રવાદો નયવાદવિશેષ છે. અને તે સર્વ ગ્રહણથી શુભાશુભ ગ્રાહ્ય થાય છે. ત્યાં=શુભ-અશુભ પ્રવાદરૂપ નયવાદવિશેષમાં, શુભ પ્રવાદો જીવરક્ષાદિ અભિપ્રાયથી ઘટિત છે. અને અશુભ પ્રવાદ તેનાથી વિલક્ષણ છે=જીવરક્ષાદિ અભિપ્રાયથી અઘટિત છે. તેઓનું મૂલ=શુભાશુભ સર્વપ્રવાદોનું મૂલ દ્વાદશાંગ=વીરવચનથી ઉદ્બોધિત સુધર્માસ્વામી સંબંધી દ્વાદશાંગી થાય નહીં. અશુભ પણ પ્રવાદોની પ્રવૃત્તિની જિનવચનમૂલકત્વની પ્રસક્તિ હોવાને કારણે શુભ પ્રવાદોની જેમ ઉપાદેયતા થાય. ઇતિ=એ હેતુથી સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગી ન થાય એમ અન્વય છે. અને તે શુભાશુભરૂપ પણ પ્રવાદો સંખ્યાથી વચનસંખ્યા જેટલા છે=જેટલા વચનપ્રયોગો સંભવી શકે તેટલી સંખ્યાવાળા છે. અને તે કહેવાયું છે=જેટલા વચનમાર્ગો સંભવી શકે તેટલા પ્રવાદો છે. તે કહેવાયું છે – 'જેટલા વચનપંથો છે, (તેટલા જ નયવાદ હોય છે.)' ઈત્યાદિ. ઈત્યાદિથી જેટલા વચનપંથો છે એ વચનના અવશેષ ભાગનો સંગ્રહ છે. તેઓની પ્રવૃત્તિ=સર્વ પ્રવાદોની પ્રવૃત્તિ, અનાદિ પ્રવાહપતિત કેવી રીતે જિનવચનમૂલક સંભવે ? અર્થાત્ સંભવે નહિ; કેમ કે પ્રત્યક્ષ બાધ છે. વળી, તે સર્વના પણ=પૂર્વમાં વર્ણન કર્યું તે સર્વ પ્રવાદોના પણ, અવજ્ઞાકરણથી જિનની અવજ્ઞા સ્વીકાર કરાયે છતે 'જીવો હણવા જોઈએ.' ઈત્યાદિ નયપ્રવાદોના પણ અવજ્ઞાકરણમાં તથાત્વની આપત્તિ છે=જિનની અવજ્ઞાની આપત્તિ છે, એથી='સર્વપ્રવાદ મૂલ' એ ઉપદેશપદના વચનનો અર્થ ટીકાકારે કર્યો છે એ પ્રકારે સ્વીકારવામાં જિનની અવજ્ઞાની પ્રાપ્તિ છે એથી, આના અન્યભાવને='સર્વપ્રવાદમૂલ' એ પ્રકારના ઉપદેશપદના અન્ય અર્થને, પૂર્વપક્ષી કલ્પે છે – દ્વાદશાંગી સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાન છે. જે શ્રુતજ્ઞાન કેવલજ્ઞાન દિવાકરના=સૂર્યના, પ્રકાશભૂત એવું સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાન કેવલજ્ઞાનની જેમ પ્રતિઆત્મવર્તીપણું હોવાથી અધિકરણના ભેદથી ભિન્ન, પણ સ્વરૂપથી ભિન્ન નથી, પરંતુ કેવલજ્ઞાનની જેમ એક જ છે; કેમ કે તુલ્ય વિષયકપણું છે અર્થાત્ ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વના જ્ઞાનના વિષયનું સમાનપણું છે. અને તુલ્ય સંબંધીપણું છે=તીર્થંકર સંબંધીપણું સર્વ ઉત્કૃષ્ટ ચૌદપૂર્વમાં તુલ્ય છે. વળી, ઉદયને આશ્રયીને સ્વરૂપથી પણ=શ્રુતજ્ઞાનના ક્ષયોપશમથી

પ્રગટીકરણરૂપ ઉદયને આશ્રયીને વળી સ્વરૂપથી પણ, ભિન્ન જ છે; કેમ કે તત્કારણ એવા ક્ષયોપશમનું પ્રતિઆત્મભિન્નપણું છે=શ્રુતજ્ઞાનના પ્રગટીકરણના કારણરૂપ ક્ષયોપશમનું દરેક આત્મામાં તરતમતાથી અધિક-અલ્પ માત્રાદિવાળું છે, અને શ્રુતજ્ઞાનના ઉદયનું ક્ષાયોપશમિકપણું છે. અને તે પ્રવાદો=અન્યદર્શનના પ્રવાદો નિજ-નિજ દ્વાદશાંગમૂલક હોવા છતાં પણ=ઉત્કૃષ્ટ ચૌદપૂર્વરૂપ જે દ્વાદશાંગી છે તે દ્વાદશાંગી શક્તિરૂપે તે તે દર્શનકારોમાં પણ વિદ્યમાન છે અને તે રૂપ પોતપોતાની દ્વાદશાંગીમૂલક હોવા છતાં પણ, સામાન્યથી દ્વાદશાંગમૂલક કહેવાય છે. જે પ્રમાણે જુદા જુદા જલથી પણ થયેલાં કમળો સામાન્યથી જલમાંથી થયેલાં જ કહેવાય છે. (તે પ્રમાણે જ પોતપોતાની દ્વાદશાંગીમાંથી થયેલા પણ પ્રવાદો સામાન્યથી દ્વાદશાંગીમૂલક જ કહેવાય છે. એમ અન્વય છે.) આથી જ=સર્વ પ્રવાદો નિજ નિજ દ્વાદશાંગમૂલક છે આથી જ, સર્વ પ્રવાદોનું મૂલ દ્વાદશાંગ છે. એ પ્રમાણે સામાન્યથી કહેવાયું=ઉપદેશપદમાં કહેવાયું છે.

સર્વ પ્રવાદો દ્વાદશાંગમૂલક કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સર્વ પણ દ્વાદશાંગનું=ગણધરોથી થયેલ દ્વાદશાંગનું કે તે તે જીવમાં શક્તિરૂપે રહેલ દ્વાદશાંગનું, સર્વ ઉત્કૃષ્ટ શ્રુતપણું હોવાને કારણે સર્વાક્ષર સંનિપાતાત્મકપણું હોવાથી (સર્વ પ્રવાદો દ્વાદશાંગરૂપ છે.) અને પ્રવાદો પણ=અન્યદર્શનના પ્રવાદો પણ, અક્ષરાત્મક જ છે. તેથી અન્યદર્શનના પ્રવાદો પણ દ્વાદશાંગમૂલક છે, એમ અન્વય છે. આથી જ=સર્વ દ્વાદશાંગી સર્વ અક્ષરના સંનિપાતાત્મક છે આથી જ, રત્નાકર તુલ્ય છે; કેમ કે રત્નાકરની જેમ=સમુદ્રની જેમ તેનું પણ=દ્વાદશાંગીનું પણ, અનેક જાતીય શુભાશુભ નય લક્ષણ વસ્તુનું આશ્રયપણું છે. પરંતુ મિથ્યાદૃષ્ટિઓનું જે દ્વાદશાંગ છે તે સ્વરૂપથી જ સર્વ નયાત્મક છે; કેમ કે સત્તામાત્રવર્તીપણું છે=સર્વ જીવોમાં શક્તિરૂપે સત્તામાત્રરૂપે છે. પરંતુ ફલથી પણ નહિ=મિથ્યાદૃષ્ટિઓનું દ્વાદશાંગ ફલથી પણ સર્વનયાત્મક નથી; કેમ કે કોઈપણ મિથ્યાદૃષ્ટિને ક્યારે પણ સર્વાંશના ક્ષયોપશમનો અભાવ છે=દ્વાદશાંગીના દરેક નયોના અંશોના ક્ષયોપશમનો અભાવ છે.

કેમ મિથ્યાદૃષ્ટિને ક્યારે પણ સર્વાંશક્ષયોપશમનો અભાવ છે ? તેથી કહે છે –

મિથ્યાદૃષ્ટિમાત્રનો=બધા મિથ્યાદૃષ્ટિનો, ઉત્કૃષ્ટથી ક્ષયોપશમ સર્વાંશક્ષયોપશમલક્ષણસમુદ્રની અપેક્ષાએ=પૂર્ણ દ્વાદશાંગીના ક્ષયોપશમરૂપ સર્વાંશક્ષયોપશમલક્ષણસમુદ્રની અપેક્ષાએ, બિંદુ કલ્પ છે. જે કારણથી કહેવાયું છે – "વીતરાગ, કેવલાલોકશાલી, સુરપતિકૃત સેવાવાળા શ્રીમહાવીરદેવ જય પામે છે. સુંદર ગાંભીર્યવાળા સકલ નયના સમૂહો જેમના અસાધારણ સમયરૂપી સમુદ્રના બિંદુભાવને ભજે છે." ઇત્યાદિ.

વળી, સમ્યગ્દૃષ્ટિ એવા કેટલાક સંયત સાધુઓને ફલથી પણ દ્વાદશાંગનું સર્વનયાત્મકપણું છે; કેમ કે સર્વાંશ ક્ષયોપશમનો=ઉત્કૃષ્ટ ૧૪ પૂર્વના ક્ષયોપશમનો, સંભવ છે. આથી જ=સમ્યગ્દૃષ્ટિ કેટલાક સાધુઓને સર્વાંશ ક્ષયોપશમનો સંભવ છે આથી જ, ગૌતમાદિ સર્વાક્ષરસંનિપાતિ પ્રવચનમાં કહેવાય છે. પરંતુ તે સંયતોને સકલ પણ દ્વાદશાંગ શુભનયાત્મકપણા વડે જ પરિણામ પામે છે; કેમ કે

સાવદ્યનય વિષયક અનુજ્ઞાદિ વચનની પ્રવૃત્તિનો પણ અભાવ છે. આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે મિથ્યાદૃષ્ટિઓનું દ્વાદશાંગ સ્વરૂપથી જ સર્વનયાત્મક છે, ફલથી નહિ. અને તેની પુષ્ટિ કરવા માટે કહ્યું કે મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટથી સર્વાંશલક્ષણક્ષયોપશમની અપેક્ષાએ બિંદુકલ્પ છે એના દ્વારા, સર્વ પણ શાક્યાદિ પ્રવાદો જૈનાગમ સંબંધી બિંદુઓ છે એ પ્રકારની ભ્રાંતિપણ નિરસ્ત થઈ; કેમ કે "મધ્ય દિવસે છસો પશુઓનો હોમ કરવો." ઈત્યાદિ પ્રવાદોની પણ જૈનાગમ મૂલકત્વની પ્રાપ્તિ થવાથી સંયતોને સાવદ્યભાષાની પ્રવૃત્તિની પ્રસક્તિ થશે. તે કારણથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે મિથ્યાદૃષ્ટિઓનું દ્વાદશાંગ સ્વરૂપથી સર્વનયાત્મક છે, ફલથી સર્વનયાત્મક નથી તેની પુષ્ટિ કરતાં કહ્યું કે મિથ્યાદૃષ્ટિ માત્રનો ઉત્કૃષ્ટથી ક્ષયોપશમ સંપૂર્ણ દ્વાદશાંગના ક્ષયોપશમરૂપ સમુદ્રની અપેક્ષાએ બિંદુ જેવો છે તે કારણથી, સર્વાંશક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા દ્વાદશાંગી સમુદ્રની આગળ અન્યતીર્થિકાભિમત પ્રવાદો સમુદિત પણ બિંદુની ઉપમાવાળો છે એ અર્થ યુક્ત છે. અન્યથા=તેવો અર્થ ન કરવામાં આવે અને સર્વ દર્શનરૂપ બિંદુના સમૂહરૂપ ભગવાનની દ્વાદશાંગી છે તેવો અર્થ ટીકાકારશ્રીએ કર્યો તેમ કરવામાં આવે તો, "બિંદુભાવને ભજે છે." એ પ્રયોગની અનુપપત્તિ થાય; કેમ કે અવયવ-અવયવીના ઉપમાન-ઉપમેયભાવથી વર્ણનમાં=અન્યદર્શનો અવયવો છે અને ભગવાનની દ્વાદશાંગી અવયવી છે એ પ્રકારના કથન દ્વારા અન્યદર્શનને બિંદુની ઉપમા આપવામાં આવે અને તેના ઉપમેયભાવથી ભગવાનની દ્વાદશાંગીના વર્ણનમાં, નિજ અવયવની અપેક્ષાએ મહત્ત્વ હોવા છતાં પણ=ભગવાનની દ્વાદશાંગીના અવયવરૂપ અન્યદર્શનની અપેક્ષાએ ભગવાનની દ્વાદશાંગીનું મહાનપણું હોવા છતાં પણ, અવયવીના ગૌરવનો અભાવ છે=ભગવાનની દ્વાદશાંગીના ગૌરવનો અભાવ છે. હિ=જે કારણથી, અંગૂઠો હાથના અવયવ ભાવને ભજે છે એ કથનથી હાથની સ્તુતિ સંભવતી નથી.

વળી સમુદ્રનાં બિંદુઓ છે=જૈનશાસન રૂપી સમુદ્રના શાક્યાદિ પ્રવાદો બિંદુઓ છે, એ પ્રમાણે કહેવું સંગત નથી. જે કારણથી સમુદ્રથી પ્રભવ વેલા, કલ્લોલ, ઊર્મિ આદિ હોય છે=સમુદ્રની ભરતી, સમુદ્રના કલ્લોલ, સમુદ્રની ઊર્મિઓ ઉત્પન્ન થાય છે, પરંતુ બિંદુઓ ઉત્પન્ન થતા નથી અને તેઓની=સમુદ્રનાં બિંદુઓની ઉત્પત્તિ મેઘથી થાય છે અથવા હસ્ત, વસ્ત્રાદિના વ્યાપારથી થાય છે એ પ્રકારે સર્વના અનુભવથી સિદ્ધ છે. અન્યથા=તેવું ન માનો પરંતુ સમુદ્રનાં જ બિંદુઓ છે તેમ માનો તો, સમુદ્રથી નિર્ગત બિંદુઓથી સમુદ્રની ન્યૂનતાની આપત્તિ હોવાને કારણે તેના ગાંભીર્યની હાનિ થાય એ પ્રકારની સ્થિતિ વ્યવસ્થિત હોતે છતે વૃત્તિના વ્યાખ્યાનની સંગતિ='સર્વપ્રવાદ મૂલ' એ પ્રકારના ઉપદેશપદની ગાથાની જે ટીકા છે તેના વ્યાખ્યાનની સંગતિ, આ પ્રકારે છે=ટીકાકારે કહ્યું છે તે પ્રકારે નથી પરંતુ પૂર્વપક્ષ આગળ બતાવે છે તે પ્રમાણે છે.

જે કારણથી દ્વાદશાંગ રત્નાકર ઉપમાથી શુભાશુભ સર્વ પ્રવાદનું મૂલ છે. તે કારણથી સ્વરૂપથી અને ફલથી જેટલું સુંદર આત્મનિષ્ઠ અકરણનિયમાદિ વાચ્યનું વાચક એવું વાક્યાદિ=જેટલી પાપના નહીં કરવારૂપ સુંદર આચરણા કોઈ પુરુષમાં હોય તે રૂપ અકરણનિયમાદિ વાચ્ય છે તેના વાચક

એવાં વાક્યાદિ, તે દ્વાદશાંગીમાં જ સમવતરણીય છે. ઉપદેશપદની ગાથામાં એવકાર અધ્યાહાર છે. તેથી દ્વાદશાંગીમાં સમવતરણીય છે તેમ ન કહેતાં દ્વાદશાંગીમાં જ સમવતરણીય છે, એમ કહેલ છે. ત્યાં જ=દ્વાદશાંગીમાં જ, વર્તે છે, એ પ્રકારનો અર્થ છે.

સર્વ સુંદર દ્વાદશાંગીમાં જ કેમ વર્તે છે ? તેમાં હેતુ કહે છે –

દ્વાદશાંગીનું સર્વોત્કૃષ્ટ શ્રુતપણું હોવાને કારણે તેના વ્યાપકભૂતસર્વસુંદરાત્મકત્વનું અવશ્યંભાવ છે=દ્વાદશાંગીમાં અવશ્યંભાવ છે, પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવોને જે સુંદર છે તે સર્વ પણ દ્વાદશાંગમૂલક ઉદિત થાય છે=દ્વાદશાંગમૂલક શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે; કેમ કે ફલથી પણ શુભપણું છે=સમ્યગ્દૃષ્ટિનું શ્રુતજ્ઞાનનું ફલથી પણ શુભપણું છે. અને તેની આરાધનાવિધિનું પરિજ્ઞાન છે=શ્રુતજ્ઞાનની આરાધનાવિધિનું પરિજ્ઞાન છે, અને તે=સમ્યગ્દૃષ્ટિનું દ્વાદશાંગમૂલક ઉદિત એવું શ્રુતજ્ઞાન, સાનુબંધ પુણ્યપ્રકૃતિનો હેતુ છે. વળી, મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપથી કંઈક અંશમાં શુભપણું હોવા છતાં પણ= પાપઅકરણનિયમાદિના કથનરૂપ હોવાથી શુભપણું હોવા છતાં પણ, ફલથી અશુભ જ છે, એથી વિરુદ્ધ સ્વરૂપવાળા અને પરિણતવાળા સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બંનેના અકરણનિયમોનું અભેદથી કથન ઉદિત એવા અકરણનિયમની અવજ્ઞાથી=સર્વજ્ઞ વડે કહેવાયેલા અકરણનિયમની અવજ્ઞાથી, જિનની અવજ્ઞા થાય અને તે=જિનની અવજ્ઞા અનંતસંસારનો હેતુ છે એ પ્રમાણે કહેવાયું છે.

અન્યદર્શનના અકરણનિયમ અને જૈનદર્શનના અકરણનિયમને સમાન કહેવું ઉચિત નથી તે દૃષ્ટાંતથી બતાવે છે –

જે પ્રમાણે સ્વરૂપથી શુભ પણ મોક્ષનું અંગ એવું મનુષ્યપણું સંયત જનનું ફલથી પણ શુભ જ છે; કેમ કે મોક્ષપ્રાપ્તિ સુધી સુગતિનું હેતુપણું છે. તે જ=સ્વરૂપથી શુભ પણ મોક્ષનું અંગ એવું તે જ, મનુષ્યપણું શિકારી આદિનું ફલથી અશુભ જ છે; કેમ કે જીવઘાતાદિ અસંયમનું હેતુપણું હોવાને કારણે દુર્ગતિનું હેતુપણું છે. એમ હોતે છતે પણ બંનેના પણ મનુષ્યપણાના ભેદમાં તુલ્યપણાથી કહેવું=બંનેનું મનુષ્યપણું સમાન છે તેમ કહેવું, સંયતજનના મનુષ્યપણાની અવજ્ઞાથી જિનની અવજ્ઞા જ છે; કેમ કે જિન વડે જ ભેદથી અભિધાન છે=સંયત અને અસંયત જીવોના મનુષ્યપણામાં ભેદથી અભિધાન છે. લોકમાં પણ લક્ષણથી ઉપેત અને લક્ષણથી અનુપેત એવા બે મણિના તુલ્યપણાથી કથનમાં લક્ષણોપેત મણિની અવજ્ઞાથી તેના પરીક્ષકની અવજ્ઞા જ દેખાય છે.

'ઇતિ' શબ્દ પૂર્વપક્ષીના કથનની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે અન્યદર્શનના યોગીઓમાં પણ કંઈક ધર્મ છે અને કંઈક અંશે અધર્મ છે. આવું સ્વીકારવામાં આવે તો અન્યદર્શનમાં જે અંશમાં ધર્મનું નિરૂપણ છે એ અંશમાં સત્યપણું છે અને જે અંશમાં અસંબદ્ધ રીતે ધર્મનું નિરૂપણ છે તે અંશમાં અસત્યપણું છે. એથી અન્યદર્શનમાં મિશ્રપણું

થશે=ધર્માધર્મનું મિશ્રપણું થશે, પરંતુ અધર્મમાં ધર્મબુદ્ધિરૂપ એકાંત મિથ્યાપણું થશે નહિ. અને અન્યદર્શનમાં ધર્માધર્મનું મિશ્રપણું શાસ્ત્રમાં સ્વીકારાયેલું નથી; કેમ કે અન્યદર્શનમાં એકાંત મિથ્યાત્વનો જ સ્વીકાર છે અર્થાત્ તેઓનાં સર્વવચનો એકાંત મિથ્યા છે એ પ્રમાણે શાસ્ત્રકારો સ્વીકારે છે એમ પૂર્વપક્ષી કહે છે અને તેમાં દશવૈકાલિકનિર્યુક્તિની સાક્ષી આપી. તેનાથી એ પ્રાપ્તિ થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ આગમમાં અનુપયુક્ત પ્રમાદથી જે કાંઈ અસંબદ્ધ વચન કે યુક્તિવિકલ વચન કહે તે સર્વ મિથ્યા વચન છે. મિથ્યાદૃષ્ટિ વળી ઉપયોગપૂર્વક કે અનુપયોગપૂર્વક કહે તોપણ મિથ્યાદૃષ્ટિની એકાંતવાદની દૃષ્ટિ હોવાથી અનેકાંતાત્મક પદાર્થના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શનારો તેઓને બોધ નહીં હોવાથી તેઓનાં સર્વ વચનો મિથ્યા જ છે અર્થાત્ ઘુણાક્ષરન્યાયથી સ્થૂલથી યથાર્થ વચન દેખાય તોપણ એકાંત દૃષ્ટિ હોવાથી તેઓનાં સર્વ વચનો મિથ્યારૂપ જ છે. આ પાઠથી એ સિદ્ધ થાય કે અન્યદર્શનવાળા જે કાંઈ બોલે છે તે એકાંતથી બોલે છે માટે અસત્ય જ છે. આમ છતાં અન્યદર્શનવાળા જે ધર્મનું સ્વરૂપ બતાવે છે તે ધર્મને સેવનારા એવા બાલતપસ્વી દેશારાધક છે તેમ સ્વીકારવામાં આવે તો તે દર્શનમાં ધર્મને કહેનારાં વચનો સત્ય છે અને અધર્મને ધર્મરૂપે કહેનારાં વચનો અસત્ય છે તેમ માનવું પડે. આવું સ્વીકારવાથી દશવૈકાલિકના વચન સાથે વિરોધ આવે; કેમ કે તેઓનાં સર્વ વચનને દશવૈકાલિકમાં મૃષારૂપે જ સ્વીકારેલ છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષનું આ કથન બરાબર નથી; કેમ કે અન્યદર્શનમાં જેઓ સ્વદર્શન પ્રત્યે અભિનિવિષ્ટ છે તેઓની અન્યદર્શનની સર્વ જ પ્રવૃત્તિનું ફલથી અપ્રમાણપણું છે. અર્થાત્ અસદ્ગ્રહથી દૂષિત થયેલી હોવાથી તેઓની યમ-નિયમની આચરણા આત્મકલ્યાણનું કારણ નહીં હોવાથી ફલથી અધર્મરૂપે હોવાને કારણે તેને ધર્મરૂપે કહેવું અપ્રમાણભૂત વચન છે અર્થાત્ મૃષા વચન છે.

વળી માર્ગાનુસારી જીવોને આશ્રયીને અન્યદર્શનના યમ-નિયમને કહેનારા સુંદર વચનનું જૈન વચનમાં પર્યવસિતપણું હોવાથી ફલથી પ્રમાણપણું છે; કેમ કે માર્ગાનુસારી જીવો કદાગ્રહ વગરના હોવાથી યમ-નિયમની આચરણા કરીને સંસારથી પર થવાને અનુકૂળ એવા વીતરાગભાવને અભિમુખ જાય છે. તેથી પોતાના ઇષ્ટ દેવની ઉપાસના કરીને પણ પૂર્ણ પુરુષની ઉપાસના કરે છે. તેથી તેઓની તે પ્રવૃત્તિ આત્મ-કલ્યાણનું કારણ હોવાથી ભગવાનના વચનમાં જ પર્યવસાન પામે છે. તેથી ફલને આશ્રયીને તે પ્રવૃત્તિઓ પ્રમાણભૂત છે. અને જે એકાંતવાદનાં અવશિષ્ટ વચનો છે, તે વચનો એકાંત મિથ્યારૂપ હોવાથી મૃષારૂપ જ છે. માટે માર્ગાનુસારી જીવોને આશ્રયીને સુંદર વચનો સત્યરૂપ છે અને અસુંદર વચનો અસત્યરૂપ છે. તેમ કહેવામાં કોઈ વિરોધ નથી.

અહીં વિશેષ એ છે કે દશવૈકાલિક નિર્યુક્તિમાં મિથ્યાદૃષ્ટિનાં દરેક વચનોને જે મૃષા કહેલ છે તે અભિનિવિષ્ટ વક્તાને આશ્રયીને છે અને જેઓ અનભિનિવિષ્ટ છે તેઓનાં તે વચનો જિનવચનાનુસાર હોવાથી પરમાર્થથી સ્યાદ્વાદને સ્પર્શનારાં છે માટે મૃષારૂપ નથી; કેમ કે માર્ગાનુસારી જીવોને અભિનિવેશ નહીં હોવાથી જિનવચનથી વિપરીત એવો જે એક નય દૃષ્ટિનો એકાંતથી બોધ છે. તે નિવર્તન પામીને સ્યાદ્વાવાદના બોધની પ્રાપ્તિનું કારણ છે.

વળી, અન્ય કોઈ દૃઢ દૃષ્ટિરાગથી વિલુપ્ત બુદ્ધિવાળા 'સર્વ પ્રવાદમૂલ' એ પ્રકારની ઉપદેશપદની ગાથાનો અર્થ જે પ્રકારે ટીકાકાર કરે છે તેમાં અનુપપત્તિનું ઉદ્ભાવન કરે છે. તેઓ કહે છે કે પાતંજલાદિગત અકરણનિયમાદિનાં વાક્યો જિનવચનમૂલક નથી, પરંતુ મિથ્યાદર્શનનાં વચન હોવાથી તે વચનાનુસાર અકરણનિયમમાં યત્ન કરનારા જીવોને દેશારાધક સ્વીકારી શકાય નહિ. પોતાના કથનને સ્પષ્ટ કરવા અર્થે તેઓ કહે છે કે સર્વપ્રવાદોનું મૂલ દ્વાદશાંગ છે તે કથનમાં પ્રવાદો નયવિશેષ છે. 'સર્વ પ્રવાદો' કહેવાથી સર્વ નયોનું ગ્રહણ થાય અને તે નયવિશેષ શુભાશુભ બંને ગ્રહણ થાય. તેમાં જીવરક્ષાદિ અભિપ્રાયથી ઘટિત જે પ્રવાદો છે તે શુભ છે અને તેનાથી વિપરીત જે જીવરક્ષાદિ અભિપ્રાયથી ઘટિત નથી તે અશુભ છે. તેનું મૂળ=શુભાશુભ સર્વપ્રવાદોનું મૂળ, ભગવાનની દ્વાદશાંગી થઈ શકે નહિ. જો સર્વ પ્રવાદોનું મૂળ દ્વાદશાંગી કહેવામાં આવે તો અશુભ પ્રવાદોને પણ ઉપાદેય સ્વીકારવા પડે માટે સર્વપ્રવાદોનું મૂળ દ્વાદશાંગી કહી શકાય નહિ.

વળી પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે તે શુભાશુભ પ્રવાદો પણ સંખ્યાથી જેટલાં વચનોની સંખ્યા છે તેટલા પ્રમાણમાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેટલા વચનપ્રયોગો થઈ શકે તે વચનો શુભ કે અશુભ હોય તે સર્વ નયવાદરૂપ છે; કેમ કે શાસ્ત્રમાં કહેવાયું છે કે જેટલા વચનપથો છે તેટલા નયવાદો છે. વળી, તેવા શુભાશુભ પ્રવાદોની પ્રવૃત્તિ અનાદિપ્રવાહપતિત છે. તેથી તે સર્વ પ્રવાદોને જિનવચનમૂલક કહી શકાય નહિ. વળી તે સર્વ પ્રવાદોની અવજ્ઞા કરવાથી જિનની અવજ્ઞા થાય છે એમ જે ઉપદેશપદની ગાથાની ટીકામાં કહેલ છે તેમ સ્વીકારવામાં આવે તો "જીવને હણવો જોઈએ" એ પ્રકારના નયવાદના પણ અવજ્ઞાકરણમાં જિનની અવજ્ઞા પ્રાપ્ત થાય. માટે 'સર્વપ્રવાદમૂલ' એ વચનનો ટીકાકારશ્રીએ જે અર્થ કર્યો તેના કરતાં અન્યભાવ પૂર્વપક્ષી કલ્પના કરે છે. તે આ પ્રમાણે –

દ્વાદશાંગ એ સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાન છે અને તીર્થંકરના કેવલજ્ઞાનના પ્રકાશભૂત છે. વળી, કેવલજ્ઞાન બધા કેવલીઓનું સમાન હોવા છતાં દરેક કેવલીઓમાં અધિકરણના ભેદથી ભિન્ન છે, પરંતુ સ્વરૂપથી ભિન્ન નથી. તેમ સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગ અધિકરણના ભેદથી ભિન્ન હોવા છતાં સ્વરૂપથી ભિન્ન નથી; કેમ કે ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનનું સમાન વિષયપણું છે અને સમાન રીતે તીર્થંકર સંબંધીપણું છે. વળી, આ ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન દરેક જીવોમાં શક્તિરૂપે વિદ્યમાન છે. પરંતુ ઉદયને આશ્રયીને=ક્ષયોપશમભાવને આશ્રયીને દરેક જીવોને સમાન હોતું નથી. તેથી ઉદયને આશ્રયીને સ્વરૂપથી પણ તે શ્રુતજ્ઞાન દરેક જીવોને ભિન્ન જ છે; કેમ કે પ્રગટરૂપે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં જે ક્ષયોપશમ કારણ છે, તે ક્ષયોપશમ દરેક આત્માને આશ્રયીને ભિન્ન ભિન્ન પ્રકારનો છે. તેથી અન્યદર્શનવાળા જીવોમાં પણ શક્તિરૂપે ઉત્કૃષ્ટ દ્વાદશાંગ વિદ્યમાન હોવા છતાં વર્તમાનમાં ક્ષયોપશમ ભાવરૂપે કંઈક શ્રુતજ્ઞાન પ્રગટ થયેલું છે. તેથી તે-તે દર્શનવાળા જીવોમાં જે શક્તિરૂપે ઉત્કૃષ્ટ દ્વાદશાંગ છે, તદ્મૂલક વર્તમાનમાં વિદ્યમાન એવા તે તે નયોના બોધરૂપ દ્વાદશાંગ પ્રગટ થયેલું છે. માટે અન્યદર્શનના જીવોમાં વર્તતું શ્રુતજ્ઞાન પણ પોતપોતાના દ્વાદશાંગમૂલક હોવા છતાં સામાન્ય દ્વાદશાંગમૂલક કહેવાય છે. જેમ જુદા જુદા જળમાંથી ઉત્પન્ન થયેલાં

કમળોને પણ સામાન્યથી જળમાં થનારાં કહેવાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે અન્યદર્શનમાં રહેલા જીવોમાં જે શક્તિરૂપે ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગી રહેલી છે તેમાંથી તેઓને વર્તમાનમાં સ્વમતિ અનુસાર શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ થયો છે. અને તે દ્વાદશાંગી તીર્થંકરમૂલક નથી. પરંતુ પોતાનામાં વિદ્યમાન ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ શ્રુતજ્ઞાનરૂપ છે.

અહીં પ્રશ્ન થાય કે જો અન્યદર્શનવાળાઓનું શ્રુતજ્ઞાન તીર્થંકરના વચનમૂલક ન હોય તો તે દ્વાદશાંગમૂલક કેમ કહેવાય ? તેથી પૂર્વપક્ષી કહે છે કે સર્વજ્ઞના વચનમાંથી ઉત્પન્ન થયેલી દ્વાદશાંગી સર્વોત્કૃષ્ટ શ્રુતરૂપ છે. અને તે સર્વોત્કૃષ્ટ શ્રુત સર્વ અક્ષરોના સંનિપાતરૂપ છે. અને અન્ય પ્રવાદો પણ અક્ષર દ્વારા જ પોતાના અભિપ્રેત પદાર્થો કહે છે. તેથી તે દર્શનનાં વચનો પણ દ્વાદશાંગીમાં અંતર્ભાવ પામે છે. અને આથી જ દ્વાદશાંગીને રત્નાકર તુલ્ય કહેલ છે. જેમ રત્નાકર અર્થાત્ દરિયો રત્નો અને પત્થરોનો આશ્રય છે, તેમ દ્વાદશાંગી પણ અનેક જાતના શુભ-અશુભ નય-વસ્તુઓનો આશ્રય છે; કેમ કે સર્વઅક્ષર સંનિપાતમાં શુભ નયોનો પણ પ્રવેશ થાય અને અશુભ નયોનો પણ પ્રવેશ થાય. વળી, મિથ્યાદૃષ્ટિ જીવોનું જે સત્તામાં રહેલું સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગ છે, તે સ્વરૂપથી જ સર્વનયાત્મક છે; કેમ કે મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ સર્વનયોનો બોધ કરવાની શક્તિ પ્રગટ થઈ શકે તેવું સત્તારૂપે શ્રુતજ્ઞાન વિદ્યમાન છે. પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવોને ફલથી સર્વનયાત્મક બોધ હોતો નથી. આથી જ સર્વજ્ઞે બતાવેલ સર્વનયાત્મક બોધ સ્વરૂપ શ્રુતજ્ઞાન કોઈ મિથ્યાદૃષ્ટિને પ્રગટ થતું નથી તેથી મિથ્યાદૃષ્ટિ માત્રના ઉત્કૃષ્ટ ક્ષયોપશમને પણ સર્વાંશક્ષયોપશમરૂપ સમુદ્ર તુલ્ય જિનવચનની અપેક્ષાએ બિંદુકલ્પ હોય છે.

આનાથી એ ફલિત થાય કે અન્યદર્શનવાળા જીવોને બધા નયોનો પરસ્પર સાપેક્ષ બોધ નથી. તેથી તે જીવોને જે શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ છે, તે ક્ષયોપશમ આત્મકલ્યાણનું કારણ બને તેવો નથી. માટે ફલથી તેઓનું શ્રુતજ્ઞાન સર્વજ્ઞના વચનાનુસાર નથી. વળી, જે સમ્યગ્દૃષ્ટિ એવા કેટલાક સંયતો છે, તેઓને ફલથી પણ દ્વાદશાંગ સર્વનયાત્મક છે; કેમ કે સર્વજ્ઞે જે પ્રમાણે કહેલ છે, તે જ પ્રમાણે સર્વાંશ શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ તેઓને સંભવે છે. આથી જ ગૌતમાદિ મહામુનિઓ સર્વાંશ સંનિપાતવાળા પ્રવચનમાં કહેવાયા છે. અને તે સંયત મહાત્માઓને સકલ પણ દ્વાદશાંગ શ્રુતજ્ઞાનાત્મક જ પરિણમન પામે છે; કેમ કે સંયત એવા મહાત્માઓ સાવદ્ય નય વિષયક અનુજ્ઞાદિ વચનની પ્રવૃત્તિ પણ કરતા નથી. જ્યારે અન્ય પ્રવાદો તો સાવદ્ય વચન કહેનારા પણ છે. માટે સર્વ પ્રવાદમૂલ દ્વાદશાંગનો અર્થ એ જ કરી શકાય કે જેમ ભગવાને દ્વાદશાંગી કહી છે તેમ તે તે દર્શનવાળા જીવોમાં રહેલી પોતપોતાની શક્તિરૂપે રહેલી દ્વાદશાંગી છે. તેમાંથી તેઓના પ્રવાદો ઊઠ્યા છે. અને તે પ્રવાદો અશુભ પણ છે. માટે વીરવચન સંબંધી દ્વાદશાંગીમૂલક સર્વપ્રવાદો છે તેવો અર્થ કરી શકાય નહીં. આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

વળી, પોતાની વાતની પુષ્ટિ કરવા માટે પૂર્વપક્ષી કહે છે કે સર્વ પણ શાક્યાદિ પ્રવાદો જૈનાગમ સંબંધી સમુદ્રનાં બિંદુઓ છે એ પ્રકારે જેઓ કહે છે તે વચન ભ્રાન્ત જ છે; કેમ કે પશુઓના હોમને કહેનારા વચનને પણ જૈનાગમમૂલક કહેવાની આપત્તિ આવે. માટે સર્વાંશક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ દ્વાદશાંગીરૂપ

જે સમુદ્ર છે તેની આગળ અન્યદર્શનને અભિમત પ્રવાદો સમુદિત થાય તોપણ બિંદુ જેટલા જ છે એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. આ રીતે 'સર્વપ્રવાદના મૂલ'નો અર્થ વૃત્તિકારે કર્યો તેના કરતાં અન્ય પ્રકારે પૂર્વપક્ષીએ કર્યો. હવે વૃત્તિના વ્યાખ્યાનની સંગતિ કઈ રીતે થઈ શકે તે બતાવતાં પૂર્વપક્ષી કહે છે –

જે કારણથી દ્વાદશાંગ રત્નાકરની ઉપમા દ્વારા શુભાશુભ સર્વ પ્રવાદનું મૂલ છે. તે કારણથી સ્વરૂપથી અને ફલથી સુંદર એવું જીવોની આચરણારૂપ જે અકરણીય નિયમાદિ કૃત્યો છે, તેના વાચક એવાં જે વચનો છે તે સર્વનો દ્વાદશાંગીમાં જ અવતાર કરવો જોઈએ; કેમ કે દ્વાદશાંગી સર્વોત્કૃષ્ટ શ્રુત છે. તે શ્રુત વ્યાપકીભૂત સર્વસુંદરાત્મક દ્વાદશાંગીમાં અવશ્ય અતંર્ભાવ પામે છે. વળી, સમ્યગ્દૃષ્ટિઓનું જે કંઈ સુંદર છે તે સર્વ પણ દ્વાદશાંગીમૂલક ઉદિત છે; કેમ કે ફલથી પણ શુભ છે. સમ્યગ્દૃષ્ટિ જીવોને શ્રુતની આરાધનાવિધિનું પરિજ્ઞાન છે એથી સમ્યગ્દૃષ્ટિનું તે શ્રુતજ્ઞાન સાનુબંધ પુણ્યપ્રકૃતિનો હેતુ છે.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવો મોક્ષના અત્યંત અર્થી હોય છે. મોક્ષનો ઉપાય ભગવાનનું વચન અને ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ છે એવી તેમને સ્થિર બુદ્ધિ હોય છે. તેથી તેઓને જે કાંઈ શ્રુતનો બોધ છે. તે સર્વજ્ઞ કથિત દ્વાદશાંગીમૂલક ઉદિત છે=સર્વજ્ઞએ કહેલા દ્વાદશાંગીમાંથી પ્રગટ થયેલ છે; કેમ કે ફલથી પણ શુભ છે અર્થાત્ ભગવાને વીતરાગ થવાના ઉદ્દેશથી દ્વાદશાંગી બતાવેલ છે, તે પ્રકારનો બોધ સમ્યગ્દૃષ્ટિ જીવો હોવાના કારણે તે શ્રુતથી આત્માને ભાવિત કરીને સમ્યગ્દૃષ્ટિ જીવો વીતરાગતાને અનુકૂળ સુંદર ભાવો કરે છે. માટે ફલથી પણ શુભ છે. વળી, સમ્યગ્દૃષ્ટિ જીવોને કઈ રીતે શ્રુતજ્ઞાનની આરાધના કરવાથી આત્માનું હિત થાય છે તેનું પરિજ્ઞાન છે. માટે સમ્યગ્દૃષ્ટિનું પ્રગટ થયેલું શ્રુતજ્ઞાન દ્વાદશાંગીમૂલક છે. અને તે શ્રુતજ્ઞાનના બળથી સમ્યગ્દૃષ્ટિ જીવો સાનુબંધ પુણ્યપ્રકૃતિ બાંધે છે.

વળી, મિથ્યાદૃષ્ટિ જીવોને પ્રગટ થયેલું શ્રુતજ્ઞાન કોઈક અંશમાં સ્વરૂપથી શુભ હોવા છતાં પણ ફલથી અશુભ જ છે; કેમ કે વિપર્યસ્ત બુદ્ધિવાળા છે. અને શ્રુતજ્ઞાનની આરાધનાની વિધિનું પરિજ્ઞાન નથી. એથી સમ્યગ્દૃષ્ટિને અકરણનિયમ જે પ્રમાણે પરિણમન પામે છે, તેના કરતાં મિથ્યાદૃષ્ટિને અકરણનિયમ વિરુદ્ધ સ્વરૂપે પરિણમન પામે છે. તેથી સમ્યગ્દૃષ્ટિના અને મિથ્યાદૃષ્ટિના અકરણનિયમને સમાન કહેવાથી સર્વજ્ઞના વચનથી ઉત્પન્ન થયેલા અકરણનિયમની અવજ્ઞા થાય છે. ભગવાનના વચનથી ઉત્પન્ન થયેલા અકરણનિયમની અવજ્ઞા કરવાથી સર્વજ્ઞની અવજ્ઞા થાય છે. સર્વજ્ઞની અવજ્ઞા અનંતસંસારનો હેતુ છે. આમ કહીને પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે અન્યદર્શનના જીવો જે અકરણનિયમનું સેવન કરે છે તેને આશ્રયીને તેઓને દેશારાધક કહી શકાય નહિ, પરંતુ તેઓ તો સર્વવિરાધક જ છે. જેઓ અભવ્ય છે, દુર્ભવ્ય છે કે મિથ્યાત્વથી વાસિત મતિવાળા છે, આમ છતાં સર્વજ્ઞએ કહેલા ચારિત્રનું અનુષ્ઠાન સેવે છે, તેઓને દેશારાધક કહી શકાય.

વળી, અન્યદર્શનવાળા જીવોના અકરણનિયમો ફલથી સુંદર નથી. તે કથન પૂર્વપક્ષી દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે – જે પ્રમાણે મોક્ષના અંગભૂત એવું સ્વરૂપથી શુભ પણ મનુષ્યપણું સંયમી જીવોને ફલથી પણ શુભ જ છે; કેમ કે મોક્ષ પ્રાપ્તિ સુધી તે મનુષ્યનો ભવ સુગતિનો હેતુ છે. વળી, સ્વરૂપથી શુભ પણ મનુષ્યપણું

શિકારી આદિનું ફલથી અશુભ જ છે; કેમ કે હિંસાદિ દ્વારા દુર્ગતિનો હેતુ છે. આમ છતાં તે બંને મનુષ્યપણાને સમાન કહેવાથી સંયમી સાધુના મનુષ્યપણાની અવજ્ઞા થાય છે અને તેના કારણે ભગવાનની જ અવજ્ઞા થાય છે; કેમ કે ભગવાને બંનેના મનુષ્યપણાને સમાન કહ્યા નથી તેમ સમ્યગ્દૃષ્ટિ દ્વારા સેવાયેલા અકરણનિયમને અને મિથ્યાદૃષ્ટિ દ્વારા સેવાયેલા અકરણનિયમને સમાન કહેવાથી ભગવાનની જ અવજ્ઞા પ્રાપ્ત થાય છે.

વળી અનુભવથી પણ પોતાના કથનને સ્પષ્ટ કરે છે –

જેમ લક્ષણથી યુક્ત અને લક્ષણ રહિત મણિને સમાન કહેવાથી લક્ષણયુક્ત મણિની અવજ્ઞા થાય છે અને લક્ષણયુક્ત મણિની અવજ્ઞા કરવાથી તેના પરીક્ષકની પણ અવજ્ઞા થાય છે, તેમ અન્યદર્શનના અકરણનિયમને અને સર્વજ્ઞે કહેલા અકરણનિયમને સમાન કહેવાથી સર્વજ્ઞ કથિત અકરણનિયમની અવજ્ઞા થાય છે અને તેના દ્વારા સર્વજ્ઞની અવજ્ઞા થાય છે. માટે અન્યદર્શનમાં અકરણનિયમને સેવનારા બાલતપસ્વીને દેશારાધક સ્વીકારવાથી સર્વજ્ઞની અવજ્ઞા થાય છે જે અનંતસંસારનો હેતુ છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

ટીકા :-

तदिदमखिलमकाण्डतुण्डताण्डवाडम्बरमात्रं, अनुपपत्तेरेवाभावात्, द्वादशाङ्गस्य विधिनिषेधविधया स्वसमयपरसमयप्रज्ञापनाविधया वा शुभाशुभसर्वप्रवादमूलत्वे दोषाभावात्, न चाशुभानामपि प्रवादानां ततः प्रवृत्तेस्तन्मूलकतयोपादेयताप्रसङ्गः, तज्जन्यप्रतिपत्तिविषयत्वरूपस्य तन्मूलकत्वस्योपादेयत्वाप्रयोजकत्वात्, जिनवचनविहितत्वस्यैवोपादेयतायां तन्त्रत्वात्, सर्वेषामपि परवादानामवज्ञाकरणे च न जिनावज्ञाऽभ्युपगम्यते, किन्तु तद्गतसुन्दरप्रवादानामेव, इति 'जीवो हन्तव्यः' **इत्यादिनयप्रवादानामवज्ञायां जिनावज्ञाऽऽपादनमसङ्गतमेवेति, ततो भावान्तरकल्पनं निर्मूलकमेवाऽसङ्गततरं च, अन्योक्ताकरणनियमावज्ञापरिहारार्थं प्रकृतगाथोपन्यासात्परकल्पितभावस्य च तद्विपरीतत्वात्, तदनुसारेणोभयाकरणनियमवर्णनाभेदे भगवदवज्ञाप्रसङ्गात्, तद्भेदव्यक्तयेऽन्याकरणनियमवर्णनावज्ञाया एव न्याय्यत्वप्रसङ्गादिति ।**

ટીકાર્થ :-

तदिदमखिल ..... न्याय्यत्वप्रसङ्गादिति । તે આ અખિલ=દૃષ્ટિરાગથી વિલુપ્ત બુદ્ધિવાળા કોઈકે 'सर्वप्रवादमूल' ગાથાનો અર્થ ટીકાકારથી અન્ય રીતે કર્યો તે આ અખિલ, અકાંડતુંડતાંડવના આડંબરમાત્ર છે=અકાળે પ્રચંડ તાંડવ કરનારા મેઘના આડંબરમાત્ર છે; કેમ કે અનુપપત્તિનો અભાવ છે=ટીકાકારશ્રીએ કરેલા અર્થમાં અનુપપત્તિનો અભાવ છે.

કેમ અનુપપત્તિ નથી ? તેમાં હેતુ કહે છે –

દ્વાદશાંગીના=સર્વજ્ઞે કહેલી દ્વાદશાંગીના, વિધિ-નિષેધ પ્રકારથી અથવા સ્વસમય-પરસમય પ્રજ્ઞાપનાના પ્રકારથી શુભાશુભ સર્વપ્રવાદના મૂલપણામાં દોષાભાવ છે. અને જિનવચનથી અશુભ પણ પ્રવાદોની

પ્રવૃત્તિ હોવાથી તન્મૂલકપણાને કારણે=જિનવચનમૂલકપણાને કારણે, ઉપાદેયતાનો પ્રસંગ છે તેમ ન કહેવું; કેમ કે તજ્જન્ય પ્રતિપત્તિના વિષયત્વરૂપ તન્મૂલકત્વનું=સર્વજ્ઞ વચનજન્ય પ્રતિપત્તિના વિષયત્વરૂપ દ્વાદશાંગી મૂલકત્વનું ઉપાદેયત્વમાં અપ્રયોજકપણું છે.

સર્વજ્ઞ વચનમૂલક અન્ય પ્રવાદોના ઉપાદેયત્વનું અપ્રયોજકપણું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

જિનવચન વિહિતત્વનું જ ઉપાદેયતામાં તંત્રપણું છે=નિયામકપણું છે. અને સર્વ પણ પરપ્રવાદોના અવજ્ઞાકરણમાં જિનઅવજ્ઞા સ્વીકારાતી નથી. પરંતુ તદ્‌ગત સુંદર પ્રવાદોની જ અવજ્ઞાકરણમાં જિનઅવજ્ઞા સ્વીકારાય છે. એથી "જીવો હણવા જોઈએ." ઇત્યાદિ નયપ્રવાદોની અવજ્ઞામાં જિનની અવજ્ઞાનું આપાદન અસંગત જ છે. એ હેતુથી તેનાથી=ટીકાકારે 'સર્વપ્રવાદમૂલ' ગાથાનો જે અર્થ કર્યો તેનાથી, ભાવાંતરનું કલ્પન=પૂર્વપક્ષીએ જે અન્ય ભાવની કલ્પના કરી તે નિર્મૂલ જ છે અને અસંગતતર જ છે; કેમ કે અન્યના કહેવાયેલા અકરણનિયમની અવજ્ઞાના પરિહાર માટે પ્રકૃત ગાથાનો ઉપન્યાસ છે. અને પરકલ્પિત ભાવનું તેનાથી વિપરીતપણું છે='સર્વપ્રવાદમૂલ' ગાથાના પૂર્વપક્ષીએ કલ્પિત અર્થનું અન્યોક્ત અકરણનિયમની અવજ્ઞાના પરિહારરૂપ પ્રયોજનથી વિપરીતપણું છે.

વળી, ટીકાકારે જે અર્થ કર્યો તેનાથી ભાવાન્તરની કલ્પના અસંગતતર કેમ છે ? તેમાં અન્ય યુક્તિ બતાવે છે –

તેના અનુસારથી=પૂર્વપક્ષીએ અર્થ કર્યો તેના અનુસારથી, ઉભયના અકરણનિયમની વર્ણનાના ભેદમાં=સર્વજ્ઞના વચનાનુસાર અકરણનિયમની વર્ણના અને અન્યદર્શન વચનાનુસાર અકરણનિયમની વર્ણનાના ભેદમાં, ભગવાનની અવજ્ઞાનો પ્રસંગ છે.

કેમ ભગવાનની અવજ્ઞાનો પ્રસંગ છે ? તેથી કહે છે –

તેના ભેદની વ્યક્તિ માટે=જિનવચનાનુસાર અકરણનિયમ સુંદર છે અને અન્યદર્શનવચનાનુસાર અકરણનિયમ શબ્દથી જ સુંદર છે. ફલથી સુંદર નથી. એ પ્રકારના ભેદની અભિવ્યક્તિ માટે, અન્યના અકરણનિયમની વર્ણનાની અવજ્ઞાના જ ન્યાયત્વનો પ્રસંગ છે અર્થાત્ સર્વપ્રવાદોનું મૂલ દ્વાદશાંગી છે તેમ કહેવું ન્યાય્ય નથી, પરંત અન્યદર્શનકારોના અકરણનિયમો અનુચિત છે, તે પ્રકારે સૂત્રકારે કહેવું ઉચિત છે.

ભાવાર્થ :-

દૃઢ દૃષ્ટિરાગથી વિલુપ્ત બુદ્ધિવાળા કોઈક પૂર્વપક્ષીએ એમ કહ્યું કે 'સર્વપ્રવાદમૂલ' ઇત્યાદિ ગાથાનો અર્થ જે પ્રમાણે ટીકાકારે કર્યો છે તે સંગત નથી તેનું અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ ઉદ્‌ભાવન કર્યું. તે પૂર્વપક્ષીનું અખિલ કથન અકાળે ઊઠેલા મેઘગર્જનાને કરનારા વાદળાના આડંબર જેવું અસાર છે અર્થાત્ તે સર્વ વચન તત્ત્વનું સ્થાપક નથી પરંતુ અસંબદ્ધ પ્રલાપમાત્ર છે.

કેમ અસંબદ્ધ પ્રલાપ માત્રરૂપ છે ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

ટીકાકારે 'સર્વપ્રવાદમૂલ' એ ગાથાનો જે અર્થ કર્યો તેમાં કોઈ અનુપપત્તિ નથી. માટે ટીકાકારના તે કથનને અસંબદ્ધ કહેવું એ અસાર વચન છે.

અહીં પ્રશ્ન થાય કે દ્વાદશાંગ એ સર્વપ્રવાદનું મૂલ સ્વીકારીએ તો દ્વાદશાંગ શુભાશુભ સર્વ પ્રવાદોનું કારણ કઈ રીતે થઈ શકે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

વિધિનિષેધરૂપપણાથી કે સ્વસમય-પરસમય પ્રજ્ઞાપનાના પ્રકારથી દ્વાદશાંગીને સર્વ પ્રવાદનું મૂલ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

આશય એ છે કે અન્યદર્શનમાં પણ જે શુભ પ્રવાદો છે તેનો દ્વાદશાંગી વિધિરૂપે સ્વીકાર કરે છે અને અશુભ પ્રવાદો છે તેનો નિષેધરૂપે સ્વીકાર કરે છે તેમ સ્વીકારી શકાય; કેમ કે સર્વજ્ઞના વચનમાંથી તે તે દર્શનોનો જ્યારે ઉદ્ભવ થયો ત્યારે જે શુભ વચનોથી તે તે દર્શનની નયદૃષ્ટિ પ્રવર્તી તે વિધિરૂપ છે અને જે જે નયદૃષ્ટિ એકાંત આગ્રહથી પ્રવર્તી તે નિષેધરૂપ છે. અથવા સર્વ જીવોને હણવા જોઈએ ઇત્યાદિ અશુભ વચનો છે તે જિનવચનમાં નિષેધરૂપ છે. તેથી સર્વજ્ઞના વચનમૂલક સર્વપ્રવાદો હોવા છતાં જે શુભ પ્રવાદો છે તે કલ્યાણનું કારણ છે માટે વિધિરૂપ છે અને જે અશુભ પ્રવાદો છે તે અકલ્યાણનું કારણ છે માટે નિષેધરૂપ છે. અથવા જે શુભ પ્રવાદો છે તે સ્વસમયની પ્રજ્ઞાપના=સર્વજ્ઞની પ્રજ્ઞાપના, છે અને જે અશુભ પ્રવાદો છે તે પર સમયની પ્રજ્ઞાપના છે તેમ સ્વીકારીને દ્વાદશાંગીમાંથી સર્વ પ્રવાદોના ઉદ્ભવને સ્વીકારવામાં કોઈ દોષ નથી.

વળી, અશુભ પ્રવાદો પણ સર્વજ્ઞના વચનમાંથી પ્રવર્ત્યા છે. માટે સર્વજ્ઞના વચનમૂલક હોવાથી ઉપાદેય માનવા પડશે. એ પ્રકારનો જે પ્રસંગ પૂર્વપક્ષીએ આપેલો તે સંગત નથી; કેમ કે સર્વજ્ઞના વચનથી જે વિષયોનો બોધ થયો હોય તે સર્વજ્ઞના વચનમૂલક કહેવાય. સર્વજ્ઞ વચનમૂલક એવો સર્વ બોધ ઉપાદેયત્વમાં પ્રયોજક નથી, પરંતુ જિનવચનથી વિહિતત્વ જ ઉપાદેયતામાં પ્રયોજક છે. આથી જ ઉત્સર્ગમાર્ગ સાધુનો કેવા પ્રકારનો છે ? તેવો બોધ જિનવચનથી જ થયેલો હોવા છતાં જે વખતે અપવાદનો અવસર હોય તે વખતે તે અપવાદવચન જ પ્રવર્તક બને છે.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે સર્વપ્રવાદોને દ્વાદશાંગીમૂલક સ્વીકારવામાં આવે તો સર્વ પણ પરપ્રવાદોની અવજ્ઞા કરવામાં જિનની અવજ્ઞાની પ્રાપ્તિ થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે સર્વ પણ પરપ્રવાદોની અવજ્ઞા કરવામાં જિનની અવજ્ઞા સ્વીકારાતી નથી પરંતુ પરપ્રવાદોગત જે સુંદર પ્રવાદો છે તેની અવજ્ઞાકરણમાં જ જિનની અવજ્ઞા સ્વીકારાઈ છે. તેથી "જીવને હણવા જોઈએ" ઇત્યાદિ નયપ્રવાદોની અવજ્ઞાથી જિનની અવજ્ઞાની પ્રાપ્તિ થશે એ પ્રકારે પૂર્વપક્ષીએ જે આપાદન કર્યું તે અસંગત જ છે. આ રીતે ટીકાકારનું વચન સંગત થતું હોવાથી 'સર્વપ્રવાદ મૂલ' ગાથાનો અર્થ પૂર્વપક્ષી જે અન્ય રીતે કલ્પના કરે છે તે નિર્મૂલ જ છે અને અસંગતતર જ છે.

પૂર્વપક્ષીનું કથન નિર્મૂલ કેમ છે ? તેમાં યુક્તિ આપે છે –

અન્યદર્શનકારોએ કહેલા અકરણનિયમની અવજ્ઞાના પરિહાર માટે ઉપદેશપદમાં 'સવ્વપવાયમૂલં'-ઇત્યાદિ ગાથાનો ઉપન્યાસ કરેલો છે અને પૂર્વપક્ષીએ કલ્પના કરેલો ભાવ તેનાથી વિપરીત છે, માટે પૂર્વપક્ષીનું કથન નિર્મૂલ છે.

વળી પૂર્વપક્ષીનું કથન અસંગતતર કેમ છે ? તેમાં હેતુ કહે છે –

જે પ્રકારે પૂર્વપક્ષીએ અન્યદર્શનના અકરણનિયમના વર્ણનને અને જૈનદર્શનના અકરણનિયમના વર્ણનને ભેદરૂપે બતાવ્યું તેમ સ્વીકારવાથી ભગવાનની અવજ્ઞાનો પ્રસંગ પ્રાપ્ત થાય. માટે પૂર્વપક્ષીનું કથન અસંગતતર છે.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વપક્ષીના વચનાનુસાર જૈનદર્શનના અકરણનિયમના વર્ણનને અને અન્યદર્શનના અકરણનિયમના વર્ણનને ભિન્ન સ્વીકારીએ તો ભગવાનની અવજ્ઞા કેમ થાય ? તેમાં હેતુ કહે છે –

જિનવચનના અકરણનિયમ કરતાં અન્યદર્શનના અકરણનિયમો ભિન્ન પ્રકારના છે માટે સુંદર નથી. તેમ બતાવવા માટે અન્યના અકરણનિયમોની અવજ્ઞા કરવી એ જ ન્યાયરૂપ છે તેમ સ્વીકારવાનો પ્રસંગ આવે. પરંતુ ઉપદેશપદમાં તો અન્યના અકરણનિયમની અવજ્ઞાના પરિહાર માટે પ્રસ્તુત ગાથા કહી છે; કેમ કે ભદ્રકપ્રકૃતિવાળા જીવો અન્યદર્શનના અકરણનિયમના સેવનથી પણ પાપની નિવૃત્તિ કરીને તત્ત્વ તરફ જનારા છે. આથી તામલીતાપસે અન્યદર્શનના આચારો સેવીને જ ઇન્દ્રપદવીને પ્રાપ્ત કરેલ છે. તેથી સર્વજ્ઞના વચનાનુસાર અન્યદર્શનના પાપઅકરણનિયમ છે એમ ફલિત થાય છે અને તેની અવજ્ઞા કરવામાં આવે તો સર્વજ્ઞની અવજ્ઞાનો પ્રસંગ છે.

દૃઢ દૃષ્ટિરાગથી વિલુપ્ત બુદ્ધિવાળો કોઈક પૂર્વપક્ષી 'સર્વપ્રવાદમૂલ'નો અર્થ ઉપદેશપદના ટીકાકારે જે રીતે કર્યો છે તેમાં અસંગતિ ઉદ્ભાવન કરીને અન્ય પ્રકારે કરે છે. તે પૂર્વપક્ષીનું વચન સંગત નથી તેમ અત્યાર સુધી બતાવ્યું. હવે 'તથાઽપિ'થી તે પૂર્વપક્ષીના વચનમાં શું અસંબદ્ધતા છે ? તે બતાવતાં કહે છે –

ટીકા :-

तथाऽपि तत्र किञ्चिदुच्यते – द्वादशाङ्गं हि सर्वोत्कृष्टश्रुतज्ञानं सन्तानभेदाविवक्षया गृह्यते, तच्छुद्धज्ञानमेव ज्ञानाज्ञानसाधारणं वा? आद्ये तस्य सर्वप्रवादमूलत्वानुपपत्तिः, शुद्धाऽशुद्धयोरैक्या-योगाद् । अन्त्ये च संग्रहनयाश्रयणेन द्वादशांगसामान्यस्य वस्तुतः सर्वनयप्रवादात्मकत्वसिद्धावपि व्यक्त्यनुपसङ्ग्राहापत्तिः । न हि यथा नानाजलोत्पन्नानि जलजानि जलजत्वेनोच्यन्ते तथा 'जलं सर्वजलजोत्पादकमित्यपि व्यवहारः क्रियते, एवमेव हि 'सर्वप्रवादमूलं द्वादशाङ्गम्' इत्यपि न स्यात् । यदि चैकवचनेनापि व्यक्त्युपसंग्रहः क्रियते, भेदविवक्षयैव च मिथ्यादृशां द्वादशाङ्गमत्यल्प-क्षयोपशमात्मकं सर्वांशक्षयोपशमशुद्धसम्यग्दृष्टिद्वादशाङ्गरत्नाकरापेक्षया बिन्दुतुल्यं व्यवस्थाप्यते

तदा केयं वाचोयुक्तिः?' 'सर्वेऽपि शाक्यादिप्रवादा जैनागमसमुद्रसम्बन्धिनो बिन्दव इति भ्रान्तिः' इति, ज्ञानवाक्ययोर्मिथ्यारूपयोरविशिष्टयोरेकत्र जैनागमसम्बन्धित्वमपरत्र नेत्यत्र प्रमाणाभावात्, प्रत्युत वाक्यमुत्सर्गतो न प्रमाणं न वाऽप्रमाणं, अर्थापेक्षया तु तत्र प्रामाण्यमप्रामाण्यं वा व्यवतिष्ठत इति कल्पभाष्यप्रसिद्धार्थानुसारेणोदासीनेषु वाक्यरूपपरप्रवादेषु तत्सम्बन्धित्वं नात्यसुन्दरं, साक्षात्प्रतिपक्षभूतेषु मिथ्याज्ञानरूपेषु प्रवादेषु च तदत्यन्तासुन्दरमिति, भावभेदे च सति वाक्यरचनायां न विशेषः, 'सम्यग्दृष्टिपरिगृहीतं मिथ्याश्रुतमपि सम्यक्श्रुतं, मिथ्यादृष्टिपरिगृहीतं च सम्यक्श्रुतमपि मिथ्याश्रुतं' **इति सिद्धान्तव्यवस्थितत्वात् । शाक्यादिप्रवादेषु जैनागमोद्गतत्वरूपतत्संबन्धित्वाभ्युपगमस्य तदेकानुपूर्वीकरचनारूपसंबन्धाभावेन खण्डनं त्वपाण्डित्यविजृंभितमेव, न ह्येवंभूतसंबन्धेन साधूनां तद्वचनादसंयतत्वापत्तिः, *शुद्धाशुद्धविवेकेनैव साधुभिस्तत्परिग्रहात्* । न च** 'शाक्यादिप्रवादा जैनागमसमुद्रसम्बन्धिनो बिन्दवः' **इति प्रवाहपतितमेव वचनं । (धन. पञ्चा. ४१)**

पावंति जसं असमंजसावि वयणेहिं जेहिं परसमया ।

तुह समयमहोअहिणो ते मंदा बिंदुणिस्संदा ।।

इति परमश्रावकेण धनपालपण्डितेनापीत्थमभिधानात् । किञ्च –

जं काविलं दरिसणं एअं दव्वट्ठिअस्स वत्तव्वं ।

सुद्धोअणतणयस्स उ परिसुद्धो पज्जवविअप्पो ।।

दोहि वि णएहिं णीअं सत्थमुलूएण तहवि मिच्छत्तं ।

जं सविसयपहाणत्तणेण अण्णुण्णणिरवेक्खं ।।

इत्यादि सम्मतिग्रन्थेऽपि (३-४८/४९) शाक्यादिप्रवादानां जैनागममूलत्वं सुप्रसिद्धम्, तस्य द्रव्यार्थिकपर्यायार्थिकोभयनयरूपत्वात् । यच्च सिद्धसेनः (संमति १-३)

तित्थयरवयणसंगहविसेसपत्थारमूलवागरणी ।

दव्वट्ठिओ अ पज्जवणओ अ सेसा विअप्पा सिं ।।

इति । यच्चोक्तं–'बिन्दुभावं भजन्ते' **इति प्रयोगानुपपत्तिः, अवयवावयविनोरुपमानोपमेयभावे गौरवाभावादिति-तदसत्, न ह्यत्र हस्ताद्यवयवसाधारणमवयवत्वं, किन्तु समुदितेषु परप्रवादेषु तदेकदेशार्थत्वमिति गौरवाऽप्रतिघातात् । यच्चोक्तं 'समुद्रस्य बिन्दव इति भणनमप्यसंगतं' इत्यादि, तदप्यसत् समुद्रस्थानीयजैनमहाशास्त्रप्रभवकल्लोलस्थानीयावान्तरशास्त्रेभ्यः सामान्यदृष्टिपवनप्रेरितपरसमयबिन्दूद्गमस्याविरोधात् ।** 'समुद्रान्निर्गतबिन्दुभिः समुद्रस्य गांभीर्यहानिः' **इति तु न पामरस्यापि**

संमतमिति यत्किञ्चिदेतत् । एवकाराद्यध्याहारेण वृत्तिसङ्घटना तु वृत्तिकृदभिप्रायेणैव विरुद्धा, 'अन्यत्र न सुन्दरं' **इत्यस्यार्थस्य वृत्तिकृदनभिप्रेतत्वात्, उदितानुदितयोरकरणनियमयोरभेदेन भणनं च यद्युदितस्याकरणनियमस्यावज्ञा तद्भेदवादिभगवदवज्ञापर्यवसायिनी स्यात्तदा तद्भेदवर्णनमपि सामान्याकरणनियमावज्ञा तदभेदवादिभगवदवज्ञापर्यवसायिनी स्यात्, न हि तद्भेदमेव भगवान् वदति नत्वभेदमित्येकान्तोऽस्ति, भेदाभेदवादित्वात्तस्य, इति वक्रतां परित्यज्य विचारणीयं** 'परगुणद्वेष एव भगवतामवज्ञा' **इति । एतदर्थसमर्थनायैव हि** 'सर्वप्रवादमूलं द्वादशाङ्गं रत्नाकरतुल्यं' **इत्यत्र** 'उदधाविव' **इत्यादिसंमतितयोद्भावितं वृत्तिकृता ।**

ટીકાર્થ :-

तथाऽपि ..... वृत्तिकृता । તોપણ=પૂર્વપક્ષીનું અખિલ વચન અસંગતતર છે તોપણ, ત્યાં=પૂર્વપક્ષીના વચનમાં, કંઈક કહેવાય છે=પૂર્વપક્ષીએ કરેલા કથનમાં પરસ્પર જે અસંબદ્ધતા છે, તે અસંબદ્ધતા કંઈક કહેવાય છે, સંતાનના ભેદની અવિવક્ષાથી=તે તે વ્યક્તિમાં રહેલ દ્વાદશાંગ પરસ્પર ભિન્ન હોવા છતાં તેના ભેદની વિવક્ષા કર્યા વગર, સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાન દ્વાદશાંગ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી દ્વારા ગ્રહણ કરાય છે તે શુદ્ધ જ્ઞાન જ છે ? કે જ્ઞાન-અજ્ઞાન સાધારણ છે ? એ પ્રકારે ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને પ્રશ્ન કરે છે.

આદ્ય વિકલ્પમાં=સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગી શુદ્ધજ્ઞાન જ છે એ વિકલ્પમાં, તેના સર્વપ્રવાદ-મૂલત્વની જ અનુપપત્તિ છે; કેમ કે શુદ્ધાશુદ્ધ એવા તે બેના એકપણાનો અયોગ છે=સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાન શુદ્ધ છે અને સર્વ પ્રવાદો અશુદ્ધ છે તેમ સ્વીકારવામાં આવે તો તે બેના ઐક્યનો અયોગ છે, અને અંત્યમાં=બીજા વિકલ્પમાં, સંગ્રહનયના આશ્રયણથી=સર્વ જીવોમાં શક્તિરૂપે રહેલ દ્વાદશાંગી છે તે સર્વ દ્વાદશાંગીનો સંગ્રહ કરે તેવા નયના આશ્રયણથી, દ્વાદશાંગસામાન્યનું=સર્વ જીવોમાં વર્તતું સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગીસામાન્યનું, વસ્તુતઃ સર્વનય પ્રવાદાત્મકત્વ સિદ્ધ થયે છતે પણ વ્યક્તિના અનુપસંગ્રહની આપત્તિ છે=તે તે વ્યક્તિરૂપે ક્ષયોપશમભાવથી પ્રગટ થયેલ દ્વાદશાંગીના અનુપસંગ્રહની આપત્તિ છે.

કેમ વ્યક્તિના અનુપસંગ્રહની આપત્તિ છે ? તે સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે જુદા જુદા જલમાં ઉત્પન્ન થયેલાં કમળો કમળપણાથી કહેવાય છે, તે પ્રમાણે જલ સર્વકમળોનું ઉત્પાદક છે એ પ્રમાણે પણ વ્યવહાર થતો નથી અર્થાત્ કેટલાંક કમળો જળ વગર ઉત્પન્ન થનારાં છે. તેથી જલ સર્વ કમળોનું ઉત્પાદક છે એ પ્રમાણે વ્યવહાર થતો નથી. એ રીતે જ સર્વપ્રવાદમૂળ દ્વાદશાંગ છે એ પ્રમાણે પણ થાય નહિ=દ્વાદશાંગરૂપ વ્યક્તિનો અનુપસંગ્રહ હોવાથી સર્વપ્રવાદનું મૂળ દ્વાદશાંગ છે એ પ્રમાણે પણ થાય નહિ. અને જો એક વચનથી પણ વ્યક્તિનો

ઉપસંગ્રહ કરાય છે અને ભેદવિવક્ષાથી જ=એક જ દ્વાદશાંગી મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિની જુદી છે એ પ્રકારની ભેદવિવક્ષાથી જ, મિથ્યાદૃષ્ટિઓનું દ્વાદશાંગ અતિ અલ્પ ક્ષયોપશમાત્મક સર્વાંશક્ષયોપશમશુદ્ધ સમ્યગ્દૃષ્ટિના દ્વાદશાંગ રત્નાકરની અપેક્ષાએ બિંદુતુલ્ય વ્યવસ્થાપન કરાય છે. તો "સર્વ પણ શાક્યાદિ પ્રવાદો જૈનાગમ સમુદ્ર સંબંધી બિંદુઓ છે એ કથન ભ્રાન્તિ છે." એ પ્રમાણે કઈ આ વચનની તારી યુક્તિ છે ? અર્થાત્ અસંબદ્ધ વચનરૂપ છે; કેમ કે મિથ્યારૂપ અવિશિષ્ટ એવા જ્ઞાન-વાક્યમાં=મિથ્યાદૃષ્ટિમાં વર્તતા દ્વાદશાંગના ક્ષયોપશમરૂપ જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિના શાક્યાદિ પ્રવાદોરૂપ વાક્યો બંને અવિશિષ્ટ મિથ્યારૂપમાં, એક સ્થાનમાં=મિથ્યાદૃષ્ટિના જ્ઞાનમાં, જૈનાગમ સંબંધીપણું અને અપરત્ર=મિથ્યાદૃષ્ટિના શાક્યાદિ પ્રવાદોરૂપ વાક્યોમાં, જૈનાગમ સંબંધીપણું નથી. એ પ્રકારના આમાં=પૂર્વપક્ષીના સ્વીકારમાં, પ્રમાણનો અભાવ છે. ઊલટું, ઉત્સર્ગથી વાક્ય પ્રમાણ નથી કે અપ્રમાણ નથી, પરંતુ અર્થની અપેક્ષાએ ત્યાં=વાક્યમાં, પ્રામાણ્ય કે અપ્રમાણ્ય રહે છે. એ પ્રમાણે કલ્પભાષ્ય પ્રસિદ્ધ અર્થાનુસારથી ઉદાસીન એવા વાક્યરૂપ પરપ્રવાદમાં તત્સંબંધીપણું= જૈનાગમસંબંધીપણું, અતિ અસુંદર નથી. અને સાક્ષાત્ પ્રતિપક્ષભૂત=સર્વજ્ઞના વચનના પ્રતિપક્ષભૂત, મિથ્યાજ્ઞાનરૂપ પ્રવાદોમાં તે અત્યંત-અસુંદર છે=જિનાગમ સંબંધીપણું અત્યંત અસુંદર છે, એ હેતુથી પૂર્વપક્ષીની "આ કઈ વચનયુક્તિ છે ?" એમ પૂર્વ સાથે સંબંધ છે.

વળી, પૂર્વપક્ષીનું તે વચન અસંગત છે, તેને દૃઢ કરવા માટે કહે છે –

અને ભાવભેદ હોતે છતે=સમ્યગ્દૃષ્ટિપણું અને મિથ્યાદૃષ્ટિપણારૂપ ભાવભેદ હોતે છતે, વાક્યરચનામાં વિશેષ નથી; કેમ કે સમ્યગ્દૃષ્ટિ પરિગૃહીત મિથ્યાશ્રુત પણ સમ્યક્શ્રુત છે અને મિથ્યાદૃષ્ટિ પરિગૃહીત સમ્યક્શ્રુત પણ મિથ્યાશ્રુત છે, એ પ્રમાણે સિદ્ધાંતનું વ્યવસ્થિતપણું છે.

વળી, શાક્યાદિ પ્રવાદોમાં જૈનાગમઉદ્ગતત્વસ્વરૂપ તત્સંબંધિપણાના સ્વીકારનું તદેકાનુપૂર્વી રચનારૂપ સંબંધનો અભાવ હોવાને કારણે=જૈનાગમની જે પ્રકારની રચનાની પદ્ધતિ છે તે પ્રકારની રચનારૂપ સંબંધનો અભાવ હોવાને કારણે, ખંડન અપાંડિત્ય વિજૃંભિત જ છે; કેમ કે આવા પ્રકારના સંબંધથી=ભગવાનના આગમની સાથે એક આનુપૂર્વીરૂપ સંબંધ નહીં હોવા છતાં અર્થની દૃષ્ટિએ એકરૂપ સંબંધ છે એવા પ્રકારના સંબંધથી, સાધુઓને તેમના વચનથી=શાક્યાદિ પ્રવાદોના વચનના સ્વીકારથી, અસંયતપણાની આપત્તિ નથી; કેમ કે શુદ્ધાશુદ્ધ વિવેકથી જ=શાક્યાદિ પ્રવાદોમાં જે વચન જિનવચનાનુસાર શુદ્ધ છે અને જે વચન જિનવચનાનુસાર અશુદ્ધ છે તેના વિભાગથી જ, સાધુ વડે તે વચનોનો સ્વીકાર છે=શાક્યાદિ પ્રવાદોનાં શુદ્ધ વચનોનો સ્વીકાર છે.

વળી, શાક્યાદિ પ્રવાદો જૈનાગમ સંબંધી છે. તે બતાવવા માટે અન્ય યુક્તિ બતાવે છે –

અને "શાક્યાદિ પ્રવાદો જૈનાગમસમુદ્ર સંબંધી બિંદુઓ છે" એ પ્રવાહપતિત જ વચન છે=જૈન સંપ્રદાયમાં આવેલા પ્રવાહમાં પતિત વચન જ છે. પ્રમાણભૂત વચન નથી, એમ ન કહેવું; કેમ કે

"જેઓનાં વચનો વડે અસમંજસ એવા પરસમયો યશને પ્રાપ્ત કરે છે. તમારા સમયરૂપ મહોદધિના તે મંદ એવા બિંદુનાં નિઃસ્યંદનો છે." **એ પ્રમાણે પરમશ્રાવક ધનપાલ પંડિત વડે પણ આ રીતે કથન કરેલ છે=શાક્યાદિ પ્રવાદો જૈનાગમ-સમુદ્રનાં બિંદુઓ છે એ રીતે કથન કરેલ છે.**

"જે આ કાપિલદર્શન છે તે દ્રવ્યાર્થિકનું વક્તવ્ય છે. વળી શુદ્ધોદનના પુત્ર એવા બૌદ્ધનું પરિશુદ્ધ પર્યાયનો વિકલ્પ છે. ઉલૂક વડે=નૈયાયિક વડે, બંને પણ નયોથી કરાયેલું શાસ્ત્ર છે. તોપણ મિથ્યાત્વ છે – મિથ્યારૂપ છે, જે કારણથી સ્વવિષયના પ્રધાનપણાથી બંને પણ નયોના પ્રધાનપણાથી, અન્યોન્ય નિરપેક્ષ છે=ઉલૂકનું શાસ્ત્ર અન્યોન્ય નિરપેક્ષ છે." **(સમ્મતિતર્કપ્રકરણ કાંડ-૩, ગાથા-૪૮/૪૯)**

ઇત્યાદિ સંમતિ ગ્રંથમાં પણ શાક્યાદિ પ્રવાદોનું જૈનાગમ મૂલપણું સુપ્રસિદ્ધ છે; કેમ કે તેનું= જૈનાગમનું, દ્રવ્યાર્થિકનય-પર્યાયાર્થિકનય ઉભય નયરૂપત્વ છે.

અને જે કારણથી, સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજા કહે છે – "તીર્થંકરનાં વચનનો સંગ્રહ અને વિશેષ તેનો પ્રસ્તાર, તેના મૂલવ્યાકરણી=મૂલને કરનાર, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય છે. અને શેષ વિકલ્પો આ બેના છે=દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયના છે."

અને "બિંદુભાવને ભજે છે=અન્યદર્શનનો સમૂહ જૈનાગમ સંબંધી બિંદુભાવને ભજે છે. એ પ્રયોગની અનુપપત્તિ છે; કેમ કે અવયવ-અવયવીના ઉપમાન-ઉપમેયના ભાવમાં ગૌરવનો અભાવ છે." એ પ્રમાણે જે પૂર્વપક્ષી વડે કહેવાયું તે અસત્ છે; કેમ કે અહીં=અન્યદર્શનનો સમૂહ બિંદુભાવને ભજે છે – એ કથનમાં, હસ્તાદિઅવયવસાધારણ એવું અવયવપણું નથી જ=હસ્તાદિમાં જે પ્રકારનું અવયવ-અવયવીપણું છે, તેવું નથી જ, પરંતુ સમુદિત એવા પરપ્રવાદોમાં તદ્ એકદેશાર્થપણું છે=જૈનાગમ સંબંધી એકદેશાર્થપણું છે, એથી ભગવાનના શાસનના ગૌરવનો અપ્રતિઘાત છે. અને 'સમુદ્રનાં બિંદુઓ છે એ પ્રકારનું કહેવું પણ અસંગત છે' ઇત્યાદિ જે પૂર્વપક્ષી વડે કહેવાયું તે પણ અસત્ છે; કેમ કે સમુદ્રસ્થાનીય જૈન મહાશાસ્ત્રથી પ્રભવ એવા=તીર્થંકરથી પ્રભવ સમુદ્રસ્થાનીય દ્વાદશાંગીરૂપ જૈન મહાશાસ્ત્રથી પ્રભવ એવા, કલ્લોલસ્થાનીય અવાંતર શાસ્ત્રોથી=દ્વાદશાંગીમાંથી ઉત્પન્ન થયેલા અન્ય સુવિહિત આચાર્યોના અવાંતર શાસ્ત્રોથી, સામાન્ય દૃષ્ટિના પવનથી પ્રેરિત એવા પરસમયના ઉદ્ગમના=સ્યાદ્વાદની વિશેષ દૃષ્ટિથી રહિત એવી સામાન્ય દૃષ્ટિના પવનથી પ્રેરિત પરસમયના ઉદ્ગમનાં, બિંદુનો અવિરોધ છે.

વળી, "સમુદ્રથી નિર્ગત બિંદુઓ વડે સમુદ્રના ગાંભીર્યની હાનિ છે." એ પ્રમાણે પૂર્વપક્ષીએ કહેલું તે પામરોને પણ સંમત નથી=અલ્પ બુદ્ધિવાળાને પણ સંગત જણાય તેમ નથી તેથી એ=પૂર્વપક્ષીએ કહ્યું કે ભગવાનના પ્રવચનરૂપ સમુદ્રના ગાંભીર્યની હાનિ થશે એ, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે.

'સર્વપ્રવાદમૂલ'નો અર્થ જે પ્રમાણે ટીકાકારે કર્યો છે તેમાં અનુપપત્તિનું ઉદ્ભાવન કરીને પૂર્વપક્ષીએ કહેલું કે વૃત્તિના વ્યાખ્યાનની સંગતિ આ પ્રમાણે છે –

અને તે સંગતિ બતાવતાં પૂર્વપક્ષીએ કહેલ કે "જે કારણથી દ્વાદશાંગ રત્નાકર ઉપમાથી શુભાશુભ સર્વપ્રવાદનું મૂલ છે. તે કારણથી સ્વરૂપથી અને ફલથી જે કાંઈ સુંદર આત્મનિષ્ઠ અકરણનિયમાદિ વાચ્યના વાચક એવાં વાક્યાદિ છે તે દ્વાદશાંગમાં જ સમવતરણ કરવાં જોઈએ. અને ત્યાં 'એવકાર' અધ્યાહારથી ગ્રહણ કરવો જોઈએ." તે વચન યુક્ત નથી. તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

એવકારાદિ અધ્યાહારથી='સર્વપ્રવાદમૂલ' સૂત્રમાં 'એવકાર'ના અધ્યાહારથી, અને 'આદિ'પદથી યસ્માત્-તસ્માત્ના યોજનથી વૃત્તિની સંઘટના વળી='સર્વપ્રવાદમૂલ' એ ગાથાની વૃત્તિનું પૂર્વપક્ષીએ કરેલું યોજન વળી, વૃત્તિકારના અભિપ્રાયથી વિરુદ્ધ છે; કેમ કે 'અન્યત્ર સુંદર નથી.'=અન્યદર્શનમાં અકરણનિયમાદિનું વર્ણન સુંદર નથી, એ પ્રકારના આના અર્થનું=એ પ્રકારે પૂર્વપક્ષીએ કરેલા અર્થનું, વૃત્તિકાર વડે અનભિપ્રેતપણું છે='સર્વપ્રવાદમૂલ' એ ગાથાના વૃત્તિકારને અનભિપ્રેત છે.

અન્યદર્શનવાળા જીવોમાં અકરણનિયમ અનુદિત છે અને જૈનદર્શનને પામેલા જીવોમાં અકરણનિયમ ઉદિત છે. તે બંનેનો અભેદ કરવાથી ભગવાનની અવજ્ઞાની પ્રાપ્તિ છે. એમ જે પૂર્વપક્ષીએ કહેલ તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

અને ઉદિત-અનુદિત અકરણનિયમના અભેદથી કથનરૂપ ઉદિત અકરણનિયમની અવજ્ઞા તેના ભેદવાદી ભગવાનની અવજ્ઞામાં પર્યવસાન પામનારી છે=ઉદિતાનુદિત અકરણનિયમના ભેદને કહેનાર એવા ભગવાનની અવજ્ઞામાં પર્યવસાન પામનારી છે, તો તેના ભેદનું વર્ણન પણ=ઉદિતાનુદિત અકરણનિયમના ભેદનું વર્ણન પણ, સામાન્ય અકરણનિયમની અવજ્ઞારૂપ તેના અભેદવાદી ભગવાનની અવજ્ઞામાં પર્યવસાન થાય=અન્યદર્શન અને સ્વદર્શનના સામાન્ય અકરણનિયમના અભેદવાદી ભગવાનની અવજ્ઞામાં પર્યવસાન થાય. હિ=જે કારણથી, તેના ભેદને જ=સ્વદર્શન-પરદર્શનના અકરણનિયમના ભેદને જ, ભગવાન કહે છે, વળી, અભેદને નહીં. એ પ્રમાણે એકાંત નથી; કેમ કે તેનું=ભગવાનનું, ભેદાભેદવાદીપણું છે. એ પ્રમાણે='તો પણ ત્યાં કંઈક કહેવાય છે.' ઈત્યાદિથી પરના કથનમાં જે દોષો ગ્રંથકારશ્રીએ બતાવ્યા એ પ્રમાણે, વક્તાને છોડીને વિચારવું જોઈએ=પૂર્વપક્ષીએ વિચારવું જોઈએ; કેમ કે પરગુણનો દ્વેષ જ ભગવાનની અવજ્ઞા છે. એથી આ અર્થના સમર્થન માટે જ=અન્યદર્શનમાં રહેલાં ઉચિત વચનોને દ્વેષ વગર સ્વીકારવાં જોઈએ એ અર્થના સમર્થન માટે જ, 'સર્વપ્રવાદમૂલ દ્વાદશાંગ રત્નાકર તુલ્ય છે.' એ પ્રકારના કથનમાં 'ઉદ્ઘાવિવ' ઈત્યાદિ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાની ગાથાને સંમતિપણાથી વૃત્તિકાર વડે ઉદ્ભાવન કરાયેલ છે.

ભાવાર્થ :-

'સર્વ પ્રવાદ મૂલ' એ પ્રકારના ઉપદેશપદની ગાથાના અર્થમાં અસંગતિ ઉદ્ભાવન કરીને સ્વરુચિ અનુસાર તે ગાથાનો અર્થ પૂર્વપક્ષીએ બતાવ્યો. પૂર્વપક્ષીનું તે વચન સંગત નથી તેમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું. હવે 'તથાઽપિ'થી પૂર્વપક્ષી વડે કરાયેલા અર્થો કઈ રીતે અસંગત છે ? તે ક્રમસર બતાવે છે –

પૂર્વપક્ષીએ સર્વોત્કૃષ્ટરૂપ શ્રુતજ્ઞાન દ્વાદશાંગીને સંતાનભેદની વિવક્ષા વગર ગ્રહણ કરેલ છે. અર્થાત્ દરેક જીવોમાં દ્વાદશાંગી પૃથગ્ પૃથગ્ છે, તેથી ભિન્ન છે; છતાં તેની વિવક્ષા કર્યા વગર સર્વ જીવોમાં કેવલજ્ઞાનની જેમ દ્વાદશાંગી પણ શક્તિરૂપે રહેલ છે. તે સદૃશ શક્તિરૂપ દ્વાદશાંગીને ગ્રહણ કરેલ છે. તેને ગ્રંથકારશ્રી પ્રશ્ન કરે છે કે સર્વ જીવોમાં શક્તિરૂપે રહેલ તે સર્વોત્કૃષ્ટરૂપ દ્વાદશાંગી શુદ્ધ જ્ઞાન છે કે જ્ઞાન-અજ્ઞાન સાધારણ છે ? એમ બે વિકલ્પ થઈ શકે. (૧) તેમાં જો પૂર્વપક્ષી સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગને શુદ્ધજ્ઞાનરૂપ સ્વીકારે તો તેના વચનાનુસાર દ્વાદશાંગી સર્વપ્રવાદનું મૂલ થઈ શકે નહિ; કેમ કે પૂર્વપક્ષીના વચનાનુસાર સર્વપ્રવાદો શુદ્ધાશુદ્ધ સ્વરૂપ છે. તેથી શુદ્ધજ્ઞાનરૂપ દ્વાદશાંગી સર્વપ્રવાદનું મૂલ છે, તે વચન પૂર્વપક્ષીના મતે અસંગત થાય. (૨) હવે જો પૂર્વપક્ષી સર્વ જીવોમાં શક્તિરૂપે રહેલ સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગને જ્ઞાન-અજ્ઞાન સાધારણ સ્વીકારે તો=યથાર્થ જ્ઞાન અને વિપરીત જ્ઞાન સાધારણ સ્વીકારે તો, સર્વ જીવોમાં શક્તિરૂપે રહેલ સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનને સંતાનભેદની અવિવક્ષા કરવા માટે સંગ્રહનયનો આશ્રય કરવો પડે. સંગ્રહનયનો આશ્રય કરીને સંતાનભેદની અવિવક્ષા પૂર્વપક્ષી સ્વીકારે તો સર્વ જીવોમાં શક્તિરૂપે રહેલ દ્વાદશાંગ-સામાન્યનું=સર્વજીવોમાં વર્તતી દ્વાદશાંગીસામાન્યનું, સર્વનય પ્રવાદાત્મકત્વ સિદ્ધ થાય; પરંતુ વ્યક્તિના અનુપસંગ્રહની આપત્તિ આવે=કોઈક જીવમાં પ્રગટ થયેલ એવી દ્વાદશાંગીના અનુપસંગ્રહની આપત્તિ આવે.

વ્યક્તિના અનુપસંગ્રહની આપત્તિને કારણે શું દોષ પ્રાપ્ત થાય ? તે બતાવતાં કહે છે –

જે પ્રમાણે જુદા જુદા તળાવોમાં ઉત્પન્ન થયેલાં કમળોને કમળરૂપે કહેવાય છે. તે પ્રમાણે પાણી સર્વ કમળોનું ઉત્પાદક છે, એ પ્રમાણે પણ વ્યવહાર થતો નથી. એ રીતે જ સર્વપ્રવાદનું મૂળ દ્વાદશાંગી છે, એ પણ થાય નહિ.

આશય એ છે કે 'સર્વપ્રવાદનું મૂળ દ્વાદશાંગી છે' એ વચનનો અર્થ પૂર્વપક્ષી કરે છે કે દરેક જીવોમાં ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગી શક્તિરૂપે વિદ્યમાન છે. તે દ્વાદશાંગી તે તે વ્યક્તિને આશ્રયીને પૃથગ્ છે. અન્યદર્શનવાળા જીવોમાં શક્તિરૂપે રહેલ ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનના ક્ષયોપશમરૂપ જે દ્વાદશાંગી છે તેમાંથી યત્કિંચિત્ નયવાદરૂપ તે તે પ્રવાદો ઉત્પન્ન થયા છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે તે દ્વાદશાંગી જ્ઞાન અને વિપરીત જ્ઞાન સાધારણ સ્વીકારીને શક્તિરૂપે રહેલ ઉત્કૃષ્ટ ક્ષયોપશમરૂપ દ્વાદશાંગીને ગ્રહણ કરવી હોય તો સંગ્રહનયનો આશ્રય કરવો પડે. તે સંગ્રહનયથી સર્વજીવોમાં શક્તિરૂપે રહેલ ઉત્કૃષ્ટ ક્ષયોપશમરૂપ દ્વાદશાંગસામાન્યનું સર્વનયપ્રવાદાત્મકપણું છે તેમ સિદ્ધ થઈ શકે; કેમ કે જ્ઞાન-અજ્ઞાન સાધારણ દ્વાદશાંગને પૂર્વપક્ષી ગ્રહણ કરે છે. પરંતુ કોઈ જીવમાં પ્રગટ થયેલી દ્વાદશાંગી સંગ્રહનયના આશ્રયણથી ગ્રહણ થાય નહિ. તેથી જેમ પાણી સર્વ કમલોનું ઉત્પાદક છે તેમ વ્યવહાર થઈ શકતો નથી એ રીતે જ સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગી છે તેમ કહી શકાય નહિ. અર્થાત્ સર્વનયપ્રવાદાત્મક દ્વાદશાંગી છે તેમ કહી શકાય. પરંતુ સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગી છે તેમ કહી શકાય નહિ. તેથી પૂર્વપક્ષીએ દરેક જીવોમાં વર્તતી ભિન્ન ભિન્ન દ્વાદશાંગીને ગ્રહણ કરીને સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગી છે એમ જે કહ્યું તે અસંબદ્ધ વચન સિદ્ધ થાય.

અહીં વિશેષ એ છે કે પૂર્વપક્ષીને સર્વપ્રવાદનું મૂળ દ્વાદશાંગી છે તેમ કહીને તે તે જીવોમાં રહેલી શક્તિરૂપ દ્વાદશાંગીને સર્વપ્રવાદનું મૂળ સ્થાપન કરવું છે. તેમ કહીને અન્યદર્શનના પ્રવાદોનું મૂળ સુધર્માસ્વામીની દ્વાદશાંગી નથી તેમ સ્થાપન કરવું છે. તેમ સ્થાપન કરીને અન્યદર્શનના જીવોમાં શક્તિરૂપે રહેલ દ્વાદશાંગીમાંથી ઉત્પન્ન થયેલા પ્રવાદો સુંદર નથી માટે તે પ્રવાદો અનુસાર આચરણા કરનારને દેશારાધકરૂપે સ્વીકારી શકાય નહીં તેવું સ્થાપન કરવું છે. પૂર્વપક્ષીનું તે વચન અસંબદ્ધ છે તે બતાવતાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જેમ સર્વજીવોમાં શક્તિરૂપે કેવલજ્ઞાન રહેલું છે તેમ સર્વ જીવોમાં ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન પણ શક્તિરૂપે રહેલ છે જેનું ગ્રહણ સંગ્રહનયથી થઈ શકે. સંગ્રહનયથી સર્વ જીવોમાં વર્તતી શક્તિરૂપ દ્વાદશાંગી સામાન્યને સર્વનયપ્રવાદાત્મક કહી શકાય પરંતુ સર્વપ્રવાદનું મૂળ દ્વાદશાંગને કહેવું હોય તો વ્યક્તિરૂપ=પ્રગટ થયેલ, દ્વાદશાંગીને જ ગ્રહણ કરવી પડે. જેમ યુગલિયાના કાળમાં કોઈ ધર્માધર્મની વ્યવસ્થા ન હતી અને ઋષભદેવ ભગવાને ધર્મની સ્થાપના કરી ત્યારે ગણધરોને ઉત્કૃષ્ટ ક્ષયોપશમરૂપ દ્વાદશાંગી અભિવ્યક્ત થઈ. તે દ્વાદશાંગીને અવલંબીને જ તેમના શિષ્યો આદિ માર્ગની પ્રરૂપણા કરતા હતા. તેમાંથી જ તે તે દર્શનના એકાંત પ્રવાદો ઉત્પન્ન થયા. તેથી સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગી છે તેમ કહી શકાય. જ્યારે જીવમાં વર્તતી શક્તિરૂપ દ્વાદશાંગીને સર્વપ્રવાદનું મૂલ કહી શકાય નહિ. ફક્ત કેટલાક કમળો પાણીથી થાય છે તેમ કોઈકને જિનવચનના અવલંબન વગર પણ કોઈક પ્રવાદની પ્રાપ્તિ થઈ શકે, છતાં બધા પ્રવાદો તો ભગવાન દ્વારા બતાવાયેલ દ્વાદશાંગીથી જ થઈ શકે; કેમ કે ભગવાનના ઉપદેશનું અવલંબન લઈને તે તે નયથી તે તે દર્શનની પ્રવૃત્તિ થઈ છે. આથી જ યુગલિકના કાળમાં તે સર્વપ્રવાદો વિદ્યમાન હતા નહીં.

વળી પૂર્વપક્ષીના કથનમાં અન્ય દોષ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે – જો પૂર્વપક્ષી એક વચનથી પણ વ્યક્તિનો ઉપસંગ્રહ કરે=સંગ્રહનયથી દ્વાદશાંગી સામાન્યનો તો ઉપસંગ્રહ કરે, પરંતુ 'સર્વપ્રવાદમૂલ દ્વાદશાંગ' એ કથનમાં રહેલ એકવચનથી પ્રગટ થયેલી દ્વાદશાંગીનો પણ ઉપસંગ્રહ કરે અને સમ્યગ્દૃષ્ટિમાં તથા મિથ્યાદૃષ્ટિમાં રહેલ દ્વાદશાંગીના ભેદની વિવક્ષાથી કહે કે મિથ્યાદૃષ્ટિઓનું દ્વાદશાંગ અલ્પક્ષયોપશમાત્મક છે અને સર્વાંશ ક્ષયોપશમથી શુદ્ધ=ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનના ક્ષયોપશમથી શુદ્ધ, સમ્યગ્દૃષ્ટિનું દ્વાદશાંગ રત્નાકર તુલ્ય છે. માટે મિથ્યાદૃષ્ટિનું અલ્પ ક્ષયોપશમાત્મક દ્વાદશાંગ બિંદુ તુલ્ય છે. આ રીતે કહ્યા પછી પૂર્વપક્ષીએ કહેલ કે સર્વ પણ શાક્યાદિ પ્રવાદો જૈનાગમ સંબંધી બિંદુઓ છે એમ જેઓ કહે છે તે ભ્રાન્ત વચન છે. પૂર્વપક્ષનાં આ બે કથનો વિરોધી વચનો છે.

પૂર્વપક્ષનાં આ બે કથનો વિરોધી વચનો કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે –

મિથ્યાદૃષ્ટિની જ્ઞાનાત્મક દ્વાદશાંગી સમ્યગ્દૃષ્ટિની ઉત્કૃષ્ટ દ્વાદશાંગી આગળ બિંદુ તુલ્ય છે. તેમ સ્વયં કહ્યા પછી શબ્દાત્મક શાક્યાદિ પ્રવાદોને જૈનાગમ-સમુદ્ર સંબંધી બિંદુઓ છે, એ પ્રકારના સુવિહિતના વચનને ભ્રાન્ત કહેવું તે અપ્રમાણરૂપ છે; કેમ કે જો મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને બિંદુ તુલ્ય સ્વીકારી શકાય તો મિથ્યાદૃષ્ટિના વાક્યાત્મક શાક્યાદિ પ્રવાદોને પણ પૂર્વપક્ષીએ બિંદુ તુલ્ય સ્વીકારવા જોઈએ.

આશય એ છે કે પૂર્વપક્ષી ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગી સર્વજીવોમાં જુદી જુદી છે. તે દ્વાદશાંગીને 'सव्वपवायमूलं दुवालसंगं' એ પ્રકારના ઉપદેશપદના વચનથી ગ્રહણ કરવા ઇચ્છે તો સંગ્રહનયના આશ્રયથી

જ ગ્રહણ થઈ શકે. તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો સર્વનયપ્રવાદાત્મક દ્વાદશાંગી છે તેમ સ્વીકારી શકાય. પરંતુ 'સર્વપ્રવાદમૂલ દ્વાદશાંગી છે' તેમ કહી શકાય નહીં. આ પ્રકારનો દોષ જ્ઞાન-અજ્ઞાન સાધારણ સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગ સ્વીકારવાથી પૂર્વપક્ષીને પ્રાપ્ત થાય છે તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. તે કથનમાં કહેલું કે પ્રગટ થયેલી દ્વાદશાંગીના અનુપસંગ્રહની આપત્તિ આવે છે. તે અનુપસંગ્રહની આપત્તિના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે એકવચનથી પણ સર્વ જીવોમાં પ્રગટ થયેલા શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગી સ્વરૂપ વ્યક્તિનો ઉપસંગ્રહ કરાય છે. તેથી જગતમાં જે કાંઈ શ્રુતજ્ઞાન વર્તે છે. તે સર્વ એકવચનના પ્રયોગથી ગ્રહણ થાય છે. ત્યારપછી પૂર્વપક્ષી ભેદની વિવક્ષા કરીને કહે કે જેઓને ઉત્કૃષ્ટ ૧૪ પૂર્વનો ક્ષયોપશમ છે તેવા સમ્યગ્દૃષ્ટિ જીવોની દ્વાદશાંગી રત્નાકર તુલ્ય છે અને મિથ્યાદૃષ્ટિ જીવોમાં જે પ્રગટ શ્રુતજ્ઞાન વર્તે છે તે અલ્પ ક્ષયોપશમાત્મક દ્વાદશાંગ છે. તેથી સમ્યગ્દૃષ્ટિના ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ બિંદુ તુલ્ય છે. આ પ્રમાણે જીવોમાં વર્તતા ક્ષયોપશમભાવરૂપ શ્રુતજ્ઞાનને ગ્રહણ કરીને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગીની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિઓનું શ્રુતજ્ઞાન અલ્પ ક્ષયોપશમાત્મક બિંદુ જેવું છે. તેમ પૂર્વપક્ષી સ્વયં સ્થાપન કરે છે અને ત્યારપછી સુવિહિતોએ જે કહેલું છે કે સર્વ શાક્યાદિ પ્રવાદો જૈનાગમ સમુદ્ર સંબંધી બિંદુ જેવા છે અર્થાત્ જૈનાગમ સંબંધી ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન છે, તેની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ એવા શાક્યાદિનું વાક્યાત્મક શ્રુતજ્ઞાન બિંદુ જેવું છે. એ કથનને પૂર્વપક્ષી ભ્રાન્ત કહે છે. તે કથન તેના જ વચન સાથે વિરોધી છે; કેમ કે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિનું વાક્ય બંને અવિશિષ્ટ વિપર્યાસરૂપ છે. છતાં મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને જૈનાગમ સંબંધી બિંદુ તુલ્ય પૂર્વપક્ષી સ્વયં સ્વીકારે છે. મિથ્યાદૃષ્ટિનાં વાક્યને જૈનાગમ સંબંધી કહેવાં ઉચિત નથી તેમ પૂર્વપક્ષી કહે છે. તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી.

વળી આ પૂર્વપક્ષીનું કથન અત્યંત અસંબદ્ધ છે તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ઉત્સર્ગથી વાક્ય પ્રમાણ પણ નથી અને અપ્રમાણ પણ નથી. પરંતુ એ વાક્યથી કહેવાયેલો અર્થ જો યથાર્થ હોય તો તે વાક્ય પ્રમાણ બને છે અને અર્થ અયથાર્થ હોય તો વાક્ય અપ્રમાણ બને છે. આ પ્રકારે કલ્પભાષ્યમાં પ્રસિદ્ધ અર્થ છે અને તે અનુસારે ઉદાસીન એવા વાક્યરૂપ પરપ્રવાદોમાં જૈનાગમ સંબંધીપણું કહેવું અતિ અસુંદર નથી. અને સાક્ષાત્ જૈનાગમથી પ્રતિપક્ષભૂત મિથ્યાજ્ઞાનરૂપ પરપ્રવાદોમાં જૈનાગમ સંબંધીપણું સ્વીકારવું અત્યંત અસુંદર છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈ વચનાત્મક પ્રયોગ કરવામાં આવે અને તે વચનપ્રયોગ અનેકાંતની મર્યાદાથી કહેવામાં આવે તો તે વચનપ્રયોગ પ્રમાણ બને છે. જેમ 'ઘટોઽસ્તિ' એ વચનપ્રયોગ 'સ્યાત્'કારના અધ્યાહારપૂર્વક કહેવામાં આવે તો તે વચનપ્રયોગ પ્રમાણ બને છે; કેમ કે પૂર્વવર્તી વિદ્યમાન ઘટ કથંચિત્ ઘટ છે, કથંચિત્ દ્રવ્ય, કથંચિત્ પુદ્ગલરૂપ છે. વળી સ્વ-સ્વરૂપે ઘટ છે, પર સ્વરૂપે નથી. તે સર્વ 'સ્યાત્'કાર પ્રયોગથી સંગૃહીત થાય છે માટે તે વચન અર્થની અપેક્ષાએ પ્રમાણ બને છે.

વળી એકનું એક વચન યથાર્થ અર્થને કહેનારું ન હોય તો અપ્રમાણ બને છે. જેમ 'ઘટોઽસ્તિ' એવો વચનપ્રયોગ કર્યા પછી એકાંત ઘટ છે એવા અર્થની ઉપસ્થિતિ થાય તો તે અપ્રમાણ બને છે. માટે કોઈ પણ

વચનપ્રયોગ ઉત્સર્ગથી=સામાન્યથી, પ્રમાણ કે અપ્રમાણ નથી. તેનાથી વાચ્ય અર્થ યથાર્થ હોય તો પ્રમાણ કહેવાય અને તેનાથી વાચ્ય અર્થ અયથાર્થ હોય તો અપ્રમાણ કહેવાય.

વળી, અન્યદર્શનનાં વાક્યો અર્થ બતાવવામાં ઉદાસીન છે. તેથી જો તે જ વાક્યોને ઉચિત રીતે ગ્રહણ કરવામાં આવે તો યથાર્થ બોધ કરાવનારાં છે. અને ઉચિત રીતે ગ્રહણ ન કરવામાં આવે તો અયથાર્થ બોધ કરાવનારાં છે. માટે તેવા વાક્યરૂપ પરપ્રવાદોને જૈનાગમ સંબંધી કહેવું અતિ અસુંદર નથી છતાં પૂર્વપક્ષી સર્વ શાક્યાદિ પ્રવાદો જૈનાગમ સંબંધી બિંદુ છે એ કથનને ભ્રાન્ત કહીને અસુંદર કહે છે. મિથ્યાદૃષ્ટિ જીવોમાં વર્તતા મિથ્યાજ્ઞાનરૂપ પરપ્રવાદો છે જે અત્યંત અસુંદર છે. તે જ્ઞાનને જૈનાગમ સંબંધી બિંદુ કહે છે. તે અત્યંત અનુચિત છે. વળી વાક્યાત્મક પરપ્રવાદોને જૈનાગમ સંબંધી બિંદુ તુલ્ય કહેવું તે અનુચિત નથી. તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – ભાવભેદ હોતે છતે વાક્યરચનામાં કોઈ ભેદ નથી; કેમ કે સમ્યગ્દૃષ્ટિ પરિગૃહીત મિથ્યા શ્રુત પણ સમ્યક્ શ્રુત છે, એ પ્રમાણે સિદ્ધાંત વ્યવસ્થિત છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે વાક્યાત્મક પરપ્રવાદો શબ્દની અપેક્ષાએ પ્રમાણરૂપ પણ નથી અને અપ્રમાણરૂપ પણ નથી. આથી જ સમ્યગ્દૃષ્ટિ તે વચનોને ગ્રહણ કરે તો તેને સમ્યક્ શ્રુતરૂપે તે વાક્યો પરિણમન પામે છે. વળી જૈનદર્શનના સમ્યક્ શ્રુતને મિથ્યાદૃષ્ટિ ગ્રહણ કરે તો તેને તે શ્રુત મિથ્યારૂપે પરિણમન પામે છે. માટે જૈનદર્શનનાં વાક્યો એકાંત સમ્યક્ શ્રુતરૂપ છે. અન્યદર્શનનાં વાક્યો એકાંત મિથ્યાશ્રુતરૂપ છે તેવો વિભાગ નથી પરંતુ તે વાક્યોથી જેને યથાર્થ બોધ થાય છે તેને સમ્યક્ શ્રુત પ્રાપ્ત થાય છે. જેને વિપરીત બોધ થાય છે તેને મિથ્યાશ્રુત પ્રાપ્ત થાય છે. માટે વાક્યાત્મક શાક્યાદિ પ્રવાદોને જૈનાગમ સંબંધી બિંદુ કહેવામાં વિરોધ નથી; છતાં તેને ભ્રાન્ત કહે છે તે પૂર્વપક્ષીનું કથન અત્યંત અસંબદ્ધ છે.

વળી, પૂર્વપક્ષી કહે કે વચનાત્મક શાક્યાદિ પ્રવાદો જૈનાગમની જે રચનાની આનુપૂર્વી છે તેના સદૃશ રચનાવાળા નથી માટે તે સર્વપ્રવાદોને જૈનાગમ સંબંધી બિંદુ તુલ્ય કહી શકાય નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન અજ્ઞાનતાનું વિજૃંભિત છે; કેમ કે જૈન સાધુઓ પણ જૈનાગમની આનુપૂર્વી કરતાં અન્ય આનુપૂર્વીથી અન્યદર્શનનાં વચન બોલે એટલામાત્રથી તેઓને અસંયતપણાની પ્રાપ્તિ નથી. પરંતુ શુદ્ધાશુદ્ધ વિવેકપૂર્વક જ સાધુઓ અન્યદર્શનનાં વચનોનું ગ્રહણ કરે છે. માટે વચનાત્મક અન્ય પ્રવાદોને જૈનાગમ સંબંધી બિંદુ નથી તેમ કહેવું એ અત્યંત અસંબદ્ધ કથન છે.

વળી, પૂર્વપક્ષી કહે કે શાક્યાદિ પ્રવાદો જૈનાગમ-સમુદ્ર સંબંધી બિંદુઓ છે એ વચન જૈન સંપ્રદાયના પ્રવાહમાં કોઈક રીતે આવીને પડેલું વચન છે જે પ્રમાણભૂત નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – મહા વિદ્વાન્ એવા ધનપાલ પંડિતે પણ આ પ્રમાણે જ કહેલ છે, જેઓ પરમ શ્રાવક હતા. માટે શાક્યાદિ પ્રવાદોને જૈનાગમ સંબંધી બિંદુ કહેવામાં કોઈ વિરોધ નથી.

વળી, શાક્યાદિ પ્રવાદો જૈનાગમ સંબંધી બિંદુ છે. એ વચનની પુષ્ટિ કરવા અર્થે 'किञ्च'થી સંમતિતર્કપ્રકરણ ગ્રંથની સાક્ષી આપે છે. અને તે સંમતિતર્કપ્રકરણના વચનથી સિદ્ધ થાય છે કે શાક્યાદિ પ્રવાદોનું ઉત્પત્તિસ્થાન

જૈનાગમ જ છે; કેમ કે જૈનાગમ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયરૂપ છે અને તેમાંથી સ્વ સ્વ રુચિ અનુસાર નયને ગ્રહણ કરીને તે તે દર્શન ઉત્પન્ન થયાં છે.

વળી પૂર્વપક્ષીએ કહેલ કે 'અન્યદર્શનનો સમૂહ જૈનાગમના બિંદુભાવને ભજે છે.' એ પ્રયોગની અનુપપત્તિ છે; કેમ કે અવયવ-અવયવીના ઉપમાન-ઉપમેયભાવમાં ગૌરવનો અભાવ છે. આ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન અસત્ છે; કેમ કે પૂર્વપક્ષીએ જે રીતે કહેલ કે હસ્ત આદિના અવયવો અંગુષ્ઠાદિ છે તેમ કહેવાથી હસ્તની સ્તુતિ થતી નથી તેમ ભગવાનના શાસનના અવયવ અન્યદર્શન છે તેમ કહેવાથી ભગવાનના શાસનની સ્તુતિ નથી. તે વચન સંગત નથી; કેમ કે જૈનશાસનરૂપ સમુદ્ર આગળ અન્યદર્શન બિંદુભાવ જેવા છે. તે વચનથી એ પ્રાપ્ત થાય છે કે સમુદિત એવાં પણ બધાં દર્શનોમાં જૈનશાસનનું એક દેશપણું જ છે. માટે જૈનશાસન સમુદ્ર તુલ્ય છે અને અન્યદર્શનનું સર્વવચન બિંદુ તુલ્ય છે. એથી ભગવાનના શાસનની સ્તુતિનો કોઈ વિરોધ નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના શાસનમાં મોક્ષમાર્ગના યથાર્થ નિરૂપણ માટે જે દ્વાદશાંગીની રચના થઈ છે તે શાબ્દબોધની મર્યાદાથી જે યોગમાર્ગનો બોધ કરાવી શકે, તે પૂર્ણ યોગમાર્ગના યથાર્થ નિરૂપણ તુલ્ય છે. અન્યદર્શનનાં વચનો એક-એક નયને અવલંબીને ચાલનારાં હોવાથી જે કંઈ પણ યોગમાર્ગનો બોધ કરાવે છે તે સર્વદર્શનોના યોગમાર્ગના બોધનો સમુચ્ચય કરવામાં આવે તોપણ જૈનશાસનના વચનના બોધથી થતા યોગમાર્ગના બોધની આગળ અન્ય સર્વ દર્શનના વચનથી થતો યોગમાર્ગનો બોધ બિંદુ તુલ્ય છે. તે બોધ સન્માર્ગનો સ્થાપક હોવાથી કલ્યાણનું કારણ છે તોપણ જે પ્રકારે જૈનાગમરૂપી રત્નાકર કલ્યાણનું કારણ છે તત્તુલ્ય અન્યદર્શનનાં વચનોથી થતો બોધ કલ્યાણનું કારણ નથી. આથી જ, અન્યદર્શનમાં રહેલા તત્ત્વના અર્થી પણ જીવો તે તે દર્શનના બળથી યોગની ચાર દૃષ્ટિ સુધી જ યોગમાર્ગને પ્રાપ્ત કરી શકે છે. જ્યારે સર્વજ્ઞના વચનને પામેલા યોગીઓ સર્વજ્ઞના વચનના બળથી યોગની આઠ દૃષ્ટિ સ્વરૂપ પૂર્ણ યોગમાર્ગના પરમાર્થને પ્રાપ્ત કરી શકે છે.

વળી પૂર્વપક્ષીએ કહેલ કે અન્યપ્રવાદો સમુદ્રનાં બિંદુઓ છે એ પ્રમાણે કહેવું પણ સંગત નથી; કેમ કે સમુદ્રથી ભરતી, કલ્લોલ, ઊર્મિ આદિ થાય છે, સમુદ્રમાંથી બિંદુ થતા નથી. બિંદુઓ તો મેઘથી કે હસ્ત, વસ્ત્રાદિના વ્યાપારથી ઉત્પન્ન થાય છે. પૂર્વપક્ષીનું તે વચન પણ અસંગત છે; કેમ કે સમુદ્રસ્થાનીય જૈન મહાશાસ્ત્ર છે. તેનાથી પ્રભવ એવા કલ્લોલસ્થાનીય અવાંતર શાસ્ત્ર=અન્ય સુવિહિત સાધુઓએ રચેલાં શાસ્ત્રો છે. તે શાસ્ત્રોમાંથી સામાન્ય દૃષ્ટિરૂપ પવનથી પ્રેરિત એવા પરસમયરૂપ બિંદુઓનો ઉદ્ગમ થાય છે. તેથી એ ફલિત થાય કે ગણધરોએ જે દ્વાદશાંગીની રચના કરી તે સમુદ્ર તુલ્ય છે. તેના ગાંભીર્યને જાણીને યોગ્ય જીવોના ઉપકારાર્થે જે મહાપુરુષોએ અવાંતર શાસ્ત્રો રચ્યાં, તે કલ્લોલો છે. તેમાં સર્વ નયોની દૃષ્ટિઓ ગૂંથાયેલી છે. તે શાસ્ત્રોમાંથી સામાન્ય તત્ત્વને જોનારી દૃષ્ટિરૂપ પવનથી પ્રેરિત પરસમયોનો ઉદ્ગમ થયો છે. તેથી તે તે દર્શનમાં પણ મોક્ષમાર્ગને અનુકૂળ જે યથાર્થ પદાર્થનું નિરૂપણ પ્રાપ્ત થાય છે તે પ્રારંભિક ભૂમિકાના સામાન્ય તત્ત્વમાર્ગને બતાવનાર છે. તેથી જૈનાગમ સંબંધી તત્ત્વ આગળ બિંદુ તુલ્ય તેઓના તત્ત્વનું નિરૂપણ છે.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે અન્યપ્રવાદો જૈનદર્શનની દ્વાદશાંગીરૂપી સમુદ્રમાંથી નીકળેલાં બિંદુઓ છે. તેમ કહેવાથી સમુદ્રના ગાંભીર્યની હાનિ થશે. અર્થાત્ તેટલા અંશમાં જૈનદર્શનની દ્વાદશાંગીની ન્યૂનતા થશે. તે વચન અત્યંત અસંબદ્ધ છે; કેમ કે સમુદ્રમાંથી બિંદુઓ નીકળે તેટલા અંશમાં સમુદ્ર ન્યૂન થાય તેમ ભગવાનના વચનમાંથી અન્યદર્શનના પ્રવાદરૂપ બિંદુઓ નીકળે, તેથી ભગવાનની દ્વાદશાંગીની તેટલા અંશમાં ન્યૂનતા થાય તેવું કોઈ વિચારકને જણાય નહિ. પરંતુ ભગવાનનાં વચનો જેટલા જગતમાં વિસ્તાર પામે તેટલું ભગવાનનું જ શાસન વિસ્તાર પામે છે. તેવું અનુભવથી દેખાતું હોવા છતાં દૃષ્ટાંતને અસમંજસ રીતે પૂર્વપક્ષી જોડે છે તે સંગત નથી.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે વૃત્તિકારના વ્યાખ્યાનની સંગતિ આ પ્રમાણે કરવી. તે સંગતિ બતાવતાં કહ્યું કે જે કારણથી દ્વાદશાંગ રત્નાકરની ઉપમાથી શુભાશુભ સર્વ પ્રવાદનું મૂલ છે તે કારણથી, સ્વરૂપથી અને ફલથી જે કાંઈ સુંદર અકરણનિયમાદિ શબ્દથી વાચ્ય ભાવો આત્મનિષ્ઠ છે તેના વાચક એવા વાક્યાદિને તેમાં જ=દ્વાદશાંગીમાં જ, અવતાર કરવો જોઈએ. અને ત્યાં એવકારનો પ્રયોગ અધ્યાહારથી ગ્રહણ કરવો. તેથી દ્વાદશાંગમાં જ તેનો અવતાર કરવો જોઈએ, અન્યત્ર નહીં એવો અર્થ પ્રાપ્ત થાય. તેમ સ્વીકારવાથી અન્યદર્શનમાં કોઈ સુંદર વચનો નથી એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – એવકારાદિના અધ્યાહારથી વૃત્તિનું યોજન વૃત્તિકારના અભિપ્રાયથી જ વિરુદ્ધ છે; કેમ કે અન્યદર્શનમાં કંઈ સુંદર નથી એ પ્રકારનો અર્થ વૃત્તિકારને સંમત નથી. તેથી વૃત્તિનું સ્વમતિ અનુસાર યોજન કરીને અર્થાંતર કરવું એ પૂર્વપક્ષીને ઉચિત નથી.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે જૈનદર્શનમાં વર્તતા સમ્યગ્દૃષ્ટિ જીવોને ઉદિત અકરણનિયમની પ્રાપ્તિ છે. અર્થાત્ સાક્ષાત્ આત્મામાં પ્રગટ થયેલા અકરણનિયમની પ્રાપ્તિ છે જ્યારે અન્યદર્શનના મિથ્યાદૃષ્ટિ જીવોમાં આ અકરણનિયમ શબ્દથી જ છે, પરંતુ ઉદિત નથી. તેથી ઉદિત અને અનુદિત એવા અકરણનિયમને અભેદ કરીને કહેવામાં આવે કે અન્યદર્શનમાં પણ પાપના અકરણનિયમાદિ છે. તેમ કહીને તેમને દેશારાધક સ્વીકારવામાં આવે તો ઉદિત અકરણનિયમાદિની અવજ્ઞાની પ્રાપ્તિ થાય; કેમ કે અસાર એવા અન્યદર્શનના અકરણનિયમને ભગવાનના વચનાનુસાર તથા સુંદર અકરણનિયમને સમાન કહેવાથી સુંદર અકરણનિયમની આશાતના થાય છે. તે ઉદિત અકરણનિયમની અવજ્ઞા અન્યદર્શનના અને જૈનદર્શનના અકરણનિયમના ભેદને કહેનારા ભગવાનની અવજ્ઞામાં પર્યવસાન પામે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – જો આ રીતે પૂર્વપક્ષી અન્યદર્શનના અને જૈનદર્શનના અકરણનિયમને અભેદ કહેવાથી ભગવાનની આશાતના થાય છે તેમ કહે તો તેના ભેદનું વર્ણન પણ સામાન્ય અકરણનિયમની અવજ્ઞારૂપ છે અર્થાત્ ઉદિત-અનુદિત અકરણનિયમના ભેદનું વર્ણન પણ સામાન્ય અકરણનિયમની અવજ્ઞારૂપ છે. તેથી સામાન્ય અકરણનિયમને આશ્રયીને ભગવાને તે બંનેને અભેદ કહ્યા છે. માટે ઉદિત-અનુદિત અકરણનિયમને અભેદ કહેનારા ભગવાનના વચનમાં પર્યવસાન પામશે; કેમ કે ભગવાને અન્યદર્શનના અકરણનિયમ અને જૈનદર્શનના અકરણનિયમમાં એકાંત ભેદનું કે એકાંત અભેદનું કથન કરેલ નથી, પરંતુ ભેદાભેદનું કથન કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સ્યાદ્વાદને પામેલા વિવેકસંપન્ન મુનિઓ જે પાપ અકરણનિયમ કરે છે તે

વિવેકથી યુક્ત હોવાને કારણે સાનુબંધ છે. તેથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષરૂપ ફલમાં પર્યવસાન પામનાર છે.

અન્યદર્શનના ભદ્રકપ્રકૃતિવાળા જીવો જે પાપ અકરણનિયમનું સેવન કરે છે તે સ્યાદ્વાદની નિર્મળદૃષ્ટિથી વિવેકયુક્ત નહીં હોવાને કારણે સાનુબંધ નથી તેથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષરૂપ ફલમાં શીઘ્ર પર્યવસાન પામે તેવા નથી. તે અપેક્ષાએ અન્યદર્શનના જીવોના અકરણનિયમને અને જૈનદર્શનના વિવેકસંપન્ન યોગીના અકરણનિયમને ભગવાને ભેદથી કહેલ છે, તોપણ અન્યદર્શનના ભદ્રકપ્રકૃતિવાળા જીવો જે પાપ અકરણનિયમનું સેવન કરે છે તે પ્રારંભિક કક્ષાનો સામાન્ય અકરણનિયમ છે. તેથી કંઈક પાપના અકરણનિયમનું સ્વરૂપ પરદર્શનના અકરણનિયમમાં અને વિવેકસંપન્ન સાધુના અકરણનિયમમાં સમાન છે. તે અપેક્ષાએ ભગવાને તે બંને અકરણનિયમમાં અભેદનું પણ કથન કરેલ છે. આથી જ પરદર્શનના ભદ્રકપ્રકૃતિવાળા જીવોથી સેવાયેલ અકરણનિયમ પણ ક્રમસર સમ્યક્ત્વની પ્રાપ્તિ આદિ દ્વારા મોક્ષનું કારણ બને છે. આથી જ પરદર્શનના અકરણનિયમ સેવનારા જીવોને પણ ભગવાને દેશારાધક સ્વીકારેલ છે. આ પ્રમાણે સ્વપક્ષના કદાગ્રહરૂપ વક્રતાનો ત્યાગ કરીને પૂર્વપક્ષીએ વિચારવું જોઈએ; કેમ કે પરદર્શનમાં રહેલા યોગ્ય જીવોમાં વર્તતા ગુણનો દ્વેષ જ ભગવાનની અવજ્ઞા છે અને પરમાં રહેલા ગુણો પ્રત્યેનો દ્વેષ ભગવાનની અવજ્ઞા છે. તેના સમર્થન માટે જ સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગ રત્નાકર તુલ્ય છે એ પ્રકારના કથનમાં 'उदधाविव' ઇત્યાદિ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજના વચનને સંમતિપણાથી વૃત્તિકારે ઉદ્ભાવન કરેલ છે. માટે વૃત્તિકારે કરેલા અર્થથી અન્ય પ્રકારનો જે અર્થ પૂર્વપક્ષી કરે છે, તે ઉચિત નથી.

ટીકા :-

अत्र परः प्राह-यत्तु 'सर्वप्रवादानां मूलं द्वादशांगं रत्नाकरतुल्यं' **इति समर्थनाय टीकाकारेण** 'उदधाविव सर्वसिन्धवः' **इत्यादिरूपं श्रीसिद्धसेनदिवाकरवचनं संमतितयोद्भावितं तच्च विचार्यमाणमसङ्गतमिवाभाति । तथाहि – यदि द्वादशाङ्गं रत्नाकरतुल्यं तर्हि नदीतुल्याः प्रवादा न भवेयुः, समुद्रान्नदीनामुत्पत्तेरभावात्, समुद्रस्य च नदीपितृत्वापत्त्या** 'नदीपतिः समुद्रः' **इति कविसमयव्याहतिप्रसक्तेः, समुद्रस्य गांभीर्यहानिप्रसक्तेश्च तस्मात्स्तुतिकर्त्तुरभिप्रायोऽयं–हे नाथ ! त्वयि सर्वज्ञे दृष्टयोऽन्यतीर्थिकानां निजनिजमार्गश्रद्धानलक्षणाः, समुदीर्णाः सम्यगुदयं प्राप्ताः, तद्विषयो भगवान् जात इत्यर्थः । अयं भावः–यत्किञ्चिदकरणनियमादिकं जिनेन सुन्दरतया भणितं तदन्यतीर्थिकैरपि तथैव प्रतिपन्नम्, एतच्च साम्प्रतमपि नालिकेरादिफलाहारेणैकादशीपर्वोपवासं कुर्वाणा जैनाभिमतोपवासं सम्यक्तया मन्यन्ते, जैनाश्च तदुपवासं लेशतोऽपि न मन्यन्ते, अत एव च** 'न च तासु भवान् प्रदृश्यते' **इति तासु अन्यतीर्थिकदृष्टिषु** 'भवान् न प्रदृश्यते'=**अन्यतीर्थिकश्रद्धानविषयीभूतं धार्मिकानुष्ठानं गङ्गास्नानादिकं भवान् लेशतोऽपि न मन्यत इत्यर्थः । अन्यतीर्थिकानां दृष्टयो भगवति वर्त्तन्ते, तत्र दृष्टान्तमाह–यथोदधौ सर्वाः सिन्धवः समुदीर्णा भवन्ति=सम्यगुदयं प्राप्ताः स्युः, लोकेऽपि भर्तृसंबन्धेन स्त्रिय**

उदिता भवन्तीति प्रसिद्धेः, 'तासु च भवान्नास्ति' इत्यत्र दृष्टान्तमाह – यथा प्रविभक्तासु सरित्सु नदीषु समुद्रो नास्ति=तासु च समुद्रो नावतरतीत्यर्थः । अनेनाभिप्रायेण स्तुतिः, न पुनरर्हदुपदिष्ट-प्रवचनद्वाराऽर्हत्सकाशादन्यतीर्थिकदृष्टयः समुत्पन्ना इत्यभिप्रायेणेति –

तदसत्, प्राचीनाचार्यव्याख्यामुल्लङ्घ्य विपरीतव्याख्यानस्यापसिद्धान्तत्वात्, तदाहुः श्रीहेमचन्द्र-सूरयः (अयोग. द्वा. १६) –

यदार्जवादुक्तमयुक्तमन्यैस्तदन्यथाकारमकारि शिष्यैः ।

न विप्लवोऽयं तव शासनेऽभूदहोऽधृष्या तव शासनश्रीः ।। **इति ।**

न चेदमुपदेशपदवृत्तिकृत एव दूषणदानं, किन्तु 'एक एव तु मार्गोऽपि तेषां शमपरायणः ।।' **(योगदृष्टि० १२८) इत्यादि वदतां श्रीहरिभद्रसूरीणां,** 'समाख्यातं' **इति पदसूचितग्रन्थकृदेकवाक्यताशालिश्री-सिद्धसेनदिवाकराणां तदनुसारिणामन्येषां चेत्यतिदुरन्तोऽयं कोऽपि मोहमहिमा, या चानुपपत्तिरुद्भाविता** 'यदि द्वादशाङ्गं रत्नाकरतुल्यं' **इत्यादिना साऽनुपपन्ना, समुद्राज्जलं गृहीत्वा मेघो वर्षति, ततश्च नद्यः प्रवृद्धा भवन्तीति प्रसिद्धेः परप्रवादानामपि नदीतुल्यानां जैनागमसमुद्रगृहीतार्थजलादांशिकक्षयोपशम-मेघात्प्रवृद्धिसंभवात्, एवं नदीतुल्यानां परप्रवादानां जैनागमसमुद्रमूलत्वे लोकनीत्यापि बाधकाभावात्, अत एव न समुद्रस्य नदीपितृत्वापत्तिदोषोऽपि, लोकनीत्यापि तदनुपपत्तेः, यदि चोपमानबललभ्यधर्मेण तत्सहचरितानभिमतधर्मापत्तिः स्यात् तदा चन्द्रोपमया मुखादौ कलंकितत्वाद्यापत्तिरपि स्यादिति, न चैवं मेघात्प्राग् नदीनामिव जैनागमानुसारिक्षयोपशमात् प्राक् परवादानामनुपचितावस्थत्वप्रसङ्गः, इष्टत्वात्, जैनागमानुसारिनयपरिज्ञानं विनाऽनुपनिबद्धमिथ्यात्वरूपतयैव तेषां स्थितत्वात्, न चैवं जिनदेशनाया उपचितमिथ्यात्वमूलत्वेनानर्थमूलत्वापत्तिः, विश्वहितार्थिप्रवृत्तावनुषङ्गतस्तदुपस्थितावपि दोषाभावाद्, भावस्यैव प्राधान्यात् । तदुक्तमष्टके (२८-८) –**

इत्थं चैतदिहेष्टव्यमन्यथा देशनाऽप्यलम् ।

कुधर्मादिनिमित्तत्वाद् दोषायैव प्रसज्यते ।। **इति ।**

पराभिप्रायेण प्रकृतस्तुतिवृत्तव्याख्याने च 'त्वत्तः समुदीर्णाः' **इति वाच्ये** 'त्वयि समुदीर्णाः' **इति पाठस्य क्लिष्टत्वापत्तिः । किञ्च,** 'एवं परेषां भगवदभिहितार्थश्रद्धानं भगवतश्च तल्लेशस्याप्यश्रद्धानं' **एतावताभगवत्यतिशयालाभः । सांप्रदायिके त्वर्थे** 'भगवत्यन्यदृष्टयः समवतरन्ति, भवांस्तु न तासु' **इत्येवं स्वेतरसकलदर्शनार्थव्याप्यार्थकप्रवचनवक्तृत्वरूपातिशयलाभ इत्युपमया व्यतिरेकालंकाराक्षेपात् पुष्टार्थकत्वं काव्यस्य स्यात् ।**

किञ्च, एवमपि परेषां जिनाभिहितार्थश्रद्धानाभ्युपगमे सत्प्रशंसारूपबीजलाभाभ्युपगमप्रसङ्गः, न च तेषां क्वचिद् यथार्थजिनोक्तश्रद्धानेऽपि तत्प्रणेतर्यर्हति देवत्वेन भावाभावाद् 'देवो रागद्वेषरहितः सर्वज्ञ एव भवति, नापरः, स चास्मदभिमतः सुगतादिरेव' **इति शाक्यादीनां** 'देवोऽर्हन्नैव परमस्मन्मार्गप्रणेता' **इत्यादि च मिथ्यात्वबीजं दिगम्बरादीनामस्त्येवेति न तेषु धर्मबीजसंभव इति वाच्यम्, तथापि तादृशपक्षपातरहितानां** 'यः कश्चिद् रागादिरहितो विशिष्टपुरुषः स देवः' **इत्यादि संमुग्धश्रद्धानवतां भगवदभिहितकतिपयसुन्दरार्थग्राहिणां धर्मबीजसद्भावस्य प्रतिहन्तुमशक्यत्वात्, औघिकयोगदृष्ट्या तत्प्रणीतवाक्येषु सुन्दरार्थमुपलभ्यान्यस्याप्यादिधार्मिकत्वोपपत्तेश्चेत्यध्यात्मदृष्ट्या विचारणीयं, तां विना वादप्रतिवादादिव्यापारात् तत्त्वाप्रतिपत्तेः । तदुक्तं योगबिन्दौ (६७-६८) –**

वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ।।
अध्यात्ममत्र परम उपायः परिकीर्तितः ।
गतौ सन्मार्गगमनं यथैव ह्यप्रमादिनः ।। **इति ।**

अन्योऽपि=व्यवहारेणान्यमार्गस्थोऽपि, तदनुसारी=जिनेन्द्रश्रुतमूलार्थपदानुसारी, तत्=तस्मात्कारणात्, देशाराधको युक्त इति ।

नन्वेतदयुक्तं, मिथ्यादृशां प्राणातिपातादिविनिवृत्तेरप्यधर्मपक्षे निवेशितत्वात् तया तेषां देशाराधकत्वाभावात् । तदुक्तं सूत्रकृताङ्गे (२-२-१९) 'अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिज्जइ, जे इमे भवंति आरण्णिआ' **इत्यादि यावत्** 'जाव असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहु' **त्ति । एतद्वृत्त्येकदेशो यथा** 'अत्र चाधर्मपक्षेण युक्तो धर्मपक्षो मिश्र इत्युच्यते, तत्राऽधर्मस्येव भूयिष्ठत्वादधर्मपक्ष एवायं द्रष्टव्यः ।' एतदुक्तं भवति–यद्यपि मिथ्यादृष्टयः काञ्चित्तथाप्रकारां प्राणातिपातादिविनिवृत्तिं विदधति तथाप्याशयस्याशुद्धत्वादभिनवे पित्तोदये सति शर्करामिश्रक्षीरपानवदूषरप्रदेशे वृष्टिवद्विविवक्षितार्थाऽसाधकत्वान्निरर्थकतामापद्यते, ततो मिथ्यात्वानुभावान्मिश्रपक्षोऽप्यधर्मपक्ष एवावगन्तव्य इति' **इत्यादि इति चेत्?**

सत्यं, न हि वयमपि सन्मार्गगर्हादिहेतुप्रबलमिथ्यात्वविशिष्टया प्राणातिपातादिविनिवृत्तिक्रियया देशाराधकत्वं ब्रूमः, किन्तु रागद्वेषासद्ग्रहादिमान्द्येन मार्गानुसारिण्यैव तया, सा च सामान्यधर्मपर्यवसन्नापि धर्मपक्षे न समवतरति, तत्र भावविरतेरेव परिगणनात्, तदभावे बालत्वात्, तदुक्तं 'अविरइं पडुच्च बाले आहिज्जइ' **त्ति । एतद्वृत्तिर्यथा–**'येयमविरतिरसंयमरूपा सम्यक्त्वाभावान्मिथ्यादृष्टेर्द्रव्यतो विरतिरप्यविरतिरेव, तां प्रतीत्य=आश्रित्य, बालवद् बालोऽज्ञः, सदसद्विवेकविकलत्वात्, इत्येवमाधीयते व्यवस्थाप्यते वेति' । **द्रव्यविरतिश्च मिथ्यात्वप्राबल्येऽप्राधान्येन तन्मान्द्ये च मार्गानुसारित्वरूपा प्राधान्येनापि**

संभवतीत्येवं विषयविभागपर्यालोचनायां न कोऽपि दोष इति, अवश्यं चैतदङ्गीकर्तव्यं, अन्यथा परस्य मार्गानुसारिणो मिथ्यादृष्टेर्विलोपापत्तिः, मिथ्यात्वसहिताया अनुकंपादिक्रियाया अप्यकिञ्चित्करत्वाद् । यदीयानन्तानुबन्धिनां जीर्णत्वेन न सम्यक्त्वप्राप्तिप्रतिबन्धकत्वं तेषां मार्गानुसारित्वं, ते च सम्यक्त्वाभिमुखत्वेन सम्यग्दृष्टिवदेवावसातव्याः-इति त्वावयोः समानमिति, न चेदेवं तदादिधार्मिकविधिः सर्वोऽप्युच्छिद्येतेति सर्वथाऽभिनिविष्टचित्तानां मिथ्यादृशां दयादिकं दुष्टं, अनभिनिविष्टानां तु मार्गानुसारितानिमित्तमिति ध्येयं, सामान्यधर्मस्यापि सद्धर्मबीजप्ररोहत्वेनोक्तत्वात् । तदुक्तं धर्मबिन्दौ (अ.२) –

प्रायः सद्धर्मबीजानि गृहिष्वेवंविधेष्वलम् ।
रोहन्ति विधिनोप्तानि यथा बीजानि सत्क्षितौ ।। **इति ।**

एतेन –

जे याबुद्धा महाभागा वीरा असम्मत्तदंसिणो ।
असुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो ।।

इति सूत्रकृताऽष्टमाध्ययनगाथायां (२२) 'तेषां च बालानां यत्किमपि तपोदानाध्ययनयमनियमादिषु पराक्रान्तमुद्यमः कृतस्तदशुद्धं अविशुद्धकारि प्रत्युत कर्मबन्धाय, भावोपहतत्वात्सनिदानत्वाद्वेति, कुवैद्यचिकित्सावद् विपरीतानुबन्धीति । तच्च तेषां पराक्रान्तं सह फलेन कर्मबन्धेन वर्त्तत इति सफलम् । सर्वश इति-सर्वा अपि तत्क्रियास्तपोऽनुष्ठानादिकाः कर्मबन्धायैव' **इत्युत्तरार्द्धव्याख्यानात् पण्डितानामपि त्यागादिभिर्लोकपूज्यानामपि सुभटवादं वहतामपि सम्यक्तत्त्वपरिज्ञानविकलानां सर्वक्रियावैकल्याद् न मिथ्यादृशां केषामपि क्रियावतामपि लेशतोऽप्याराधकत्वं इत्यपास्तम्, एतेन भवाभिनन्दिनां, मिथ्यादृशां सर्वक्रियावैफल्यसिद्धावपि तद्विलक्षणानां भावानुपहतत्वेन देशाराधकत्वाप्रतिघातात्, एतेन** 'मिथ्यादृशां सर्वं कृत्यं निरर्थकं' **इत्यादीन्यपि वचनानि व्याख्यातानि, विशिष्टफलाभावापेक्षयापि निरर्थकत्ववचनदर्शनात् । पठ्यते च (उप.मा.४२५) –**

नाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहूणं ।
संजमहीणं च तवं जो चरइ णिरत्थयं तस्स ।। **इत्यादि ।**

अथ पोषमासे वटवृक्षाम्रवृक्षयोः सहकारफलं प्रत्यकारणत्ववचनयोर्यथा स्वरूपयोग्यतासहकारियोग्यताऽभावेन विशेषस्तथा मिथ्यादृक्कृत्यचारित्रहीनज्ञानादिनिरर्थकतावचनयोरपि स्फुट एव विशेष इति चेत्? तर्ह्ययमपरोपि विशेषः परिभाव्यताम्, सहकारफलस्थानीयं मोक्षं प्रति भवाभिनन्दि-

मिथ्यादृक्कृत्यं वटवृक्षवदयोग्यं अपुनर्बंधकादिकृत्यं तु सहकाराङ्कुरवत्पारंपर्येण योग्यमिति सर्वमिदं निपुणं निभालनीयम् ।।२४।।

ટીકાર્થ :-

अत्र परः प्राह ..... निपुणं निभालनीयम् ।। અહીં='सर्वप्रवादमूल' ઈત્યાદિ ગાથાના વૃત્તિકારના વચનમાં, પર=પૂર્વપક્ષી, કહે છે – "વળી, सर्वप्रवादोनुं मूल द्वादशांग रत्नाकर तुल्य छे." એ પ્રકારના સમર્થન માટે ટીકાકાર વડે "उदधाविव सर्वसिन्धवः" ઈત્યાદિરૂપ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાનું વચન જે સંમતિપણાથી ઉદ્ભાવન કરાયું તે વિચારાતું અસંગત જેવું જણાય છે. તે આ પ્રમાણે - જો દ્વાદશાંગ રત્નાકર તુલ્ય હોય તો નદી તુલ્ય પ્રવાદો થાય નહીં; કેમ કે સમુદ્રથી નદીઓની ઉત્પત્તિનો અભાવ છે. સમુદ્રના નદીપિતૃત્વની પ્રાપ્તિ હોવાથી=સમુદ્રમાંથી નદીઓ ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારીએ તો સમુદ્રના નદીપિતૃત્વની પ્રાપ્તિ હોવાથી, નદીપતિ સમુદ્ર છે=સર્વ નદીઓ સમુદ્રમાં જાય છે, માટે નદીપતિ સમુદ્ર છે, એ પ્રકારના કવિના કથનની વ્યાહતિની પ્રસક્તિ છે=કવિનું કથન અસંગત થાય અને સમુદ્રના ગાંભીર્યની હાનિની પ્રસક્તિ છે=સમુદ્રમાંથી નદીઓ નીકળે છે તેમ સ્વીકારીએ તો સમુદ્રમાં પાણીની અલ્પતા થવાને કારણે સમુદ્રના પાણીના ઊંડાણની હાનિની પ્રાપ્તિ થાય. તે કારણથી=પૂર્વમાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે ટીકાકારે 'उदधाविव सर्वसिन्धवः' ઈત્યાદિરૂપ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાનું વચન સંમતિપણાથી ઉદ્ભાવન કર્યું તે અસંગત જેવું ભાસે છે. અને તે કઈ રીતે અસંગત છે ? તે 'तथाहि'થી સ્પષ્ટ કર્યું. તે કારણથી, સ્તુતિકારનો=સિદ્ધસેન-દિવાકરસૂરીશ્વરજી મહારાજાનો, આ અભિપ્રાય છે – હે નાથ ! અન્યતીર્થિકોની પોતપોતાના માર્ગમાં શ્રદ્ધાનરૂપ દૃષ્ટિઓ સર્વજ્ઞ એવા તમારામાં સમુદીર્ણ છે=સમ્યગ્ ઉદયને પામેલી છે. તે વિષયવાળા ભગવાન થયા=અન્યદર્શનની જે દૃષ્ટિઓ હતી તે સમ્યગ્ રીતે ભગવાનમાં પ્રાપ્ત થવાથી તે દૃષ્ટિના વિષયવાળા ભગવાન થયા. આ ભાવ છે=પૂર્વપક્ષીએ જે અર્થ કર્યો તેનો આ ભાવ છે – જે કંઈ અકરણનિયમાદિ જિન વડે જે સુંદરપણારૂપે કહેવાયું છે તે અન્યતીર્થિક વડે પણ તે પ્રમાણે જ=સુંદરપણારૂપે જ, સ્વીકારાયું છે. અને આ=ભગવાન વડે જે સુંદરપણારૂપે કહેવાયું છે તે અન્ય વડે પણ સુંદરપણારૂપે જ, સ્વીકારાયું છે એ, હમણાં પણ છે – નાલિકેરાદિ ફલાહાર દ્વારા એકાદશી પર્વના ઉપવાસને કરતા એવા અન્યદર્શનીઓ જૈન અભિમત ઉપવાસને સમ્યગ્પણારૂપે માને છે અને જૈનો તેના ઉપવાસને લેશથી પણ માનતા નથી. અને આથી જ=જૈનો અન્યદર્શનના ઉપવાસને લેશથી પણ ઉપવાસ માનતા નથી આથી જ, તેઓમાં તમે દેખાતા નથી=અન્યતીર્થિક દૃષ્ટિવાળા એવા તેઓમાં ભગવાન દેખાતા નથી.

તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

અન્યતીર્થિકના શ્રદ્ધાના વિષયીભૂત ગંગાસ્નાનાદિક ધાર્મિક અનુષ્ઠાનને તમે લેશથી પણ માનતા

નથી=ધાર્મિક અનુષ્ઠાનરૂપે માનતા નથી, એ પ્રકારનો અર્થ છે="તેઓમાં તમે દેખાતા નથી" એ સ્તુતિવચનનો અર્થ છે.

અન્યતીર્થિકોની દૃષ્ટિઓ ભગવાનમાં વર્તે છે. તેમાં દૃષ્ટાંતને કહે છે –

જે પ્રમાણે સમુદ્રમાં સર્વ નદીઓ સમુદીર્ણ થાય છે=સમ્યગ્ ઉદયને પ્રાપ્ત થાય છે=આ સમુદ્રમાં આ બધી નદીઓ પ્રવેશ પામે છે, એ પ્રકારની ખ્યાતિને પ્રાપ્ત થાય છે; કેમ કે લોકમાં પણ ભર્તૃ સંબંધથી સ્ત્રીઓ ઉદિત થાય છે=ખ્યાતિને પ્રાપ્ત કરે છે, એ પ્રકારની પ્રસિદ્ધિ છે. અને તેઓમાં=અન્ય દૃષ્ટિઓમાં, તમે નથી, એ પ્રકારના કથનમાં દૃષ્ટાંતને કહે છે – જે પ્રમાણે પ્રવિભક્ત એવી નદીઓમાં સમુદ્ર નથી અને તેઓમાં=નદીઓમાં, સમુદ્ર અવતાર પામતો નથી, એ પ્રકારનો અર્થ છે. આ અભિપ્રાયથી સ્તુતિ છે=સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાએ કરેલી ભગવાનની સ્તુતિ છે, પરંતુ અરિહંતથી ઉપદિષ્ટ પ્રવચન દ્વારા અરિહંતમાંથી અન્યતીર્થિકની દૃષ્ટિઓ ઉત્પન્ન થઈ છે એ અભિપ્રાયથી નથી તે અસત્ છે=સ્તુતિકર્તાનો આ અભિપ્રાય છે ત્યારથી માંડીને અત્યાર સુધી કહ્યું તે અસત્ છે; કેમ કે પ્રાચીનાચાર્યના વ્યાખ્યાનનું ઉલ્લંઘન કરીને વિપરીત વ્યાખ્યાનનું અપસિદ્ધાન્તપણું છે. તેને=પ્રાચીનાચાર્યના વ્યાખ્યાનનું ઉલ્લંઘન કરીને વિપરીત વ્યાખ્યાનનું અપસિદ્ધાન્તપણું છે તેને, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકામાં કહે છે –

"જે આર્જવથી અન્યો વડે અયુક્ત કહેવાયું, તે શિષ્યો વડે અન્યથા કરાયું, આ વિપ્લવ તમારા શાસનમાં થયો નથી. આશ્ચર્ય છે કે તમારા શાસનની શ્રી અધૃષ્યા છે=પરાભવ પામે તેવી નથી."

અને આ=પૂર્વપક્ષીએ જે સ્તુતિકારનો અભિપ્રાય અન્યથા કર્યો એ, ઉપદેશપદની વૃત્તિકારને જ દૂષણદાન નથી પરંતુ "તેઓનો શમપરાયણ માર્ગ પણ એક જ છે." ઈત્યાદિને કહેતાં હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાને દૂષણદાન છે. અને 'समाख्यातं' એ પદથી='सव्वण्णवाय मूलं' એ ગાથામાં રહેલ 'समक्खायं' એ પદથી સૂચિત ગ્રંથકારશ્રીની સાથે એકવાક્યતાશાલિ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાને દૂષણદાન છે. અને તેને અનુસરનારા અન્યોને=સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાના વચનને અનુસરનારા અન્યોને, આ દૂષણદાન છે, એમ સર્વત્ર અન્વય છે. એથી અતિદુરન્ત એવો આ=પૂર્વપક્ષીએ જે દૂષણદાન આપ્યું એ, કોઈ પણ મોહનો મહિમા છે. અને "જો દ્વાદશાંગ રત્નાકર તુલ્ય છે." ઈત્યાદિ દ્વારા જે અનુપપત્તિ ઉદ્ભાવન કરાઈ=પૂર્વપક્ષી દ્વારા ઉદ્ભાવન કરાઈ. તે અનુપપન્ન છે; કેમ કે સમુદ્રમાંથી જલને ગ્રહણ કરીને મેઘ વર્ષે છે. અને તેનાથી=મેઘના વરસવાથી, નદીઓ પ્રવૃદ્ધ થાય છે, એ પ્રકારની પ્રસિદ્ધિ હોવાથી જૈનાગમરૂપી સમુદ્રથી ગૃહીત અર્થરૂપ જલ, જલસ્વરૂપ આંશિક ક્ષયોપશમરૂપ મેઘ, તેનાથી નદીતુલ્ય એવા પરપ્રવાદોની પણ પ્રવૃદ્ધિનો સંભવ છે. આ રીતે=પૂર્વમાં કહ્યું કે નદી તુલ્ય પરપ્રવાદોની આંશિક ક્ષયોપશમરૂપ મેઘથી પ્રવૃદ્ધિનો સંભવ છે એ રીતે, નદી તુલ્ય એવા પરપ્રવાદોના જૈનાગમરૂપી સમુદ્રના મૂલપણામાં લોકનીતિથી પણ બાધકનો અભાવ છે. આથી જ=પરપ્રવાદોનું જૈનાગમ-સમુદ્રના મૂલ છે આથી જ, સમુદ્રને નદીપિતૃત્વની આપત્તિરૂપ દોષ પણ

નથી; કેમ કે લોકનીતિથી પણ તેની અનુપપત્તિ છે=સમુદ્રના નદીપિતૃત્વની અનુપપત્તિ છે, અને જો ઉપમાનના બલથી લભ્ય ધર્મથી=દ્વાદશાંગને રત્નાકર તુલ્ય અને અન્યદર્શનોને નદી તુલ્ય કહેવારૂપ ઉપમાનના બળથી સમુદ્રની વિશાળતાની જેમ ભગવાનના શાસનની વિશાળતા અને નદીની જેમ અન્યદર્શનની અલ્પતારૂપ લભ્ય એવા ધર્મથી, તત્સહચરિત અનભિમત ધર્મની આપત્તિ થાય=સમુદ્ર અને નદીની ઉપમા સાથે સહચરિત એવા ગાંભીર્યહાનિરૂપ અનભિમત ધર્મની આપત્તિ થાય, તો ચંદ્રની ઉપમાથી મુખાદિમાં કલંકિતત્વની આપત્તિ પણ થાય.

અને આ રીતે='સર્વ પ્રવાદોનું મૂલ દ્વાદશાંગ રત્નાકર તુલ્ય છે' એ પ્રમાણે ઉપમા આપી એ રીતે, મેઘથી પૂર્વે નદીઓની જેમ જૈનાગમાનુસારી ક્ષયોપશમથી પૂર્વે પરપ્રવાદોનો અનુપચિત અવસ્થાપણાનો પ્રસંગ છે એમ ન કહેવું; કેમ કે ઈષ્ટપણું છે=જૈનાગમાનુસારી ક્ષયોપશમ પૂર્વે પરપ્રવાદો તે તે નયદૃષ્ટિથી અનુપચિત અવસ્થાવાળા છે એ ઈષ્ટ છે.

અહીં પ્રશ્ન થાય કે જૈનાગમાનુસારી ક્ષયોપશમથી પૂર્વે પરપ્રવાદો અનુપચિત અવસ્થાવાળા કેમ છે ? તેમાં હેતુ કહે છે –

જૈનાગમાનુસારી નય પરિજ્ઞાન વગર અનુપનિબદ્ધ મિથ્યાત્વરૂપપણાથી જ=પોતાના તે તે નયની દૃષ્ટિના વિષયમાં પણ સૂક્ષ્મ બોધથી અનુપનિબદ્ધ એવા મિથ્યાત્વરૂપપણાથી જ, તેઓનું=પરપ્રવાદીઓનું, સ્થિતપણું છે. અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે જૈનાગમાનુસારી ક્ષયોપશમ પૂર્વે પરપ્રવાદો અનુપચિત મિથ્યાત્વવાળા હોય છે એ રીતે, જિનદેશનાનું ઉપચિત મિથ્યાત્વનું મૂલપણું હોવાને કારણે અનર્થમૂલત્વની આપત્તિ છે=જિનદર્શનને અનર્થમૂલ સ્વીકારવાની આપત્તિ છે, એમ ન કહેવું; કેમકે વિશ્વની હિતાર્થી પ્રવૃત્તિમાં અનુષંગથી તેની ઉપસ્થિતિ હોવા છતાં પણ=ઉપચિત મિથ્યાત્વની ઉપસ્થિતિ હોવા છતાં પણ, દોષનો અભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનની દેશનાથી કોઈનું મિથ્યાત્વ ઉપચિત થતું હોય અને તેનાથી તેનું અહિત થતું હોય તો દોષનો અભાવ છે, એમ કેમ કહ્યું ? તેથી જ કહે છે –

ભાવનું જ પ્રધાનપણું છે=જગતના જીવોનું હિત કરવાના શુભ ભાવથી પ્રવર્તેલી ભગવાનની દેશનાથી યોગ્ય જીવોમાં થતા મોક્ષને અનુકૂલ ભાવોનું જ પ્રધાનપણું છે. તે=ભગવાનની દેશનાથી યોગ્ય જીવોને થતા ભાવનું જ પ્રધાનપણું છે તે, અષ્ટકપ્રકરણમાં કહેવાયું છે –

"અને આ રીતે=ગુરુતર અનર્થ નિવારકત્વરૂપ ભગવાનના રાજ્યપ્રદાન આદિ છે એમ અષ્ટકની પૂર્વગાથામાં કહ્યું એ રીતે, આ=ભગવાને રાજ્ય પ્રદાનાદિ કર્યું એ, અહીં=પ્રક્રમમાં, સ્વીકારવું જોઈએ. અન્યથા=અધિક અનર્થનિવારણ માટે ભગવાને રાજ્ય આપ્યું એ ઉચિત છે એમ સ્વીકારવામાં ન આવે તો, દેશના પણ અત્યંત દોષ માટે જ પ્રાપ્ત થાય; કેમ કે કુધર્માદિનું નિમિત્તપણું છે."

અને પરના અભિપ્રાયથી પ્રકૃત સ્તુતિના વૃત્તના=તાત્પર્યના, વ્યાખ્યાનમાં 'त्वत्तः समुदीर्णाः' એ પ્રમાણે વાચ્ય હોતે છતે=સ્તુતિના શ્લોકમાં વાચ્ય હોતે છતે, 'त्वयि समुदीर्णाः' એ પ્રકારના પાઠના=સ્તુતિકારે

સ્તુતિમાં કહેલા પાઠના, ક્લિષ્ટત્વની આપત્તિ છે અર્થાત્ સ્તુતિકારે 'त्वयि' એ પ્રકારે પ્રયોગ કર્યો છે. તે અર્થ ઉપસ્થિતિ કરવામાં ક્લિષ્ટ બને છે. તેથી પૂર્વપક્ષીના અભિપ્રાય અનુસાર સ્તવનકારને સ્તુતિ ઇષ્ટ હોત તો 'त्वयि'ના સ્થાને 'त्वत्तः'નો પ્રયોગ કરત.

વળી, 'આ રીતે=પૂર્વપક્ષીએ કહ્યું એ રીતે, પરને ભગવદ્ અભિહિત અર્થનું શ્રદ્ધાન છે અને ભગવાનને તેના લેશનું પણ અશ્રદ્ધાન છે.' આટલા કથનથી ભગવાનમાં અતિશયનો અલાભ છે=પરે કહેલું કે ભગવાનના ઉપવાસને અન્યદર્શનવાળા ઉપવાસરૂપે સ્વીકારે છે એ રીતે પરને ભગવાને કહેલા અર્થમાં શ્રદ્ધાન છે. વળી પૂર્વપક્ષીએ કહેલ કે જૈનો અન્યદર્શનના ઉપવાસને લેશ પણ ઉપવાસરૂપે સ્વીકારતા નથી એ રીતે ભગવાનનું અન્યદર્શનના આચારમાં લેશથી પણ અશ્રદ્ધાન છે. આ પ્રકારના કથનથી ભગવાનની દ્વાદશાંગી અતિશયવાળી છે તેવો લાભ થતો નથી.

વળી, સાંપ્રદાયિક અર્થ કરાયે છતે=પૂર્વપક્ષીએ કર્યો તેના કરતાં વિપરીત સંપ્રદાયમાં પ્રસિદ્ધ એવા સ્તુતિકારનો અર્થ કરાયે છતે, ભગવાનમાં અન્યદૃષ્ટિઓ સમવતાર પામે છે અને ભગવાન તેઓમાં સમવતાર પામતા નથી. એ રીતે સ્વ-ઇતર સકલ દર્શનના અર્થમાં વ્યાપ્ય એવા અર્થને કહેનાર પ્રવચનના વક્તૃત્વરૂપ અતિશયનો લાભ છે. એથી ઉપમા વડે વ્યતિરેક અલંકારનો આક્ષેપ થવાથી કાવ્યનું પુષ્ટાર્થકપણું થશે=કાવ્યના પૂર્વાર્ધમાં કહેવાયેલા અર્થનું કાવ્યના ઉત્તરાર્ધથી પુષ્ટાર્થકપણું થશે.

વળી, આ રીતે પણ=પૂર્વપક્ષીએ કહેલ કે અન્યદર્શનવાળા ભગવાને કહેલ ઉપવાસને સમ્યક્પણા વડે માને છે એ રીતે પણ, પરને=અન્યદર્શનવાળાને, જિનાભિહિત અર્થનું શ્રદ્ધાન કરાયે છતે સત્પ્રશંસારૂપ બીજલાભના અભ્યુપગમનો પ્રસંગ છે=ભગવાને કહેલ સુંદર તપાદિ ક્રિયાઓની પ્રશંસારૂપ યોગબીજનો પરને લાભ થાય છે એ પ્રકારના સ્વીકારનો પ્રસંગ છે. (તેથી પૂર્વપક્ષી અન્યદર્શનવાળાને દેશારાધક સ્વીકારતો નથી, પરંતુ તેના જ વચનથી અન્ય જીવોને યોગબીજનો લાભ થતો હોવાથી દેશારાધક સ્વીકારવાનો પ્રસંગ છે.) અને તેઓને=અન્યદર્શનવાળાઓને, ક્વચિત્ યથાર્થ જિનોક્તશ્રદ્ધાનમાં પણ=કોઈક સ્થળમાં ભગવાને કહેલા ઉપવાસાદિ સુંદર છે ઇત્યાદિરૂપ સર્વજ્ઞના વચનના શ્રદ્ધાનમાં પણ, તેના કહેનારા અરિહંતમાં દેવપણાથી ભાવનો અભાવ હોવાથી=બહુમાનનો અભાવ હોવાથી, 'દેવ રાગ-દ્વેષ રહિત સર્વજ્ઞ જ છે, અન્ય નહિ અને તે અન્ય અભિમત સુગતાદિ જ છે.' એ પ્રકારે શાક્યાદિ દર્શનવાળાઓનું મિથ્યાત્વનું બીજ અને 'દેવ અરિહંત જ છે, પરંતુ અમારા માર્ગના પ્રણેતા જ છે.' ઇત્યાદિરૂપ દિગંબરોનું મિથ્યાત્વનું બીજ છે જ. એથી તેઓમાં ધર્મબીજનો સંભવ નથી, એ પ્રમાણે ન કહેવું; કેમ કે તોપણ=પૂર્વપક્ષીએ કહ્યું તેવા અસદ્ગ્રહથી દૂષિત શાક્યાદિને કે દિગંબરાદિને ધર્મબીજનો સંભવ નથી તોપણ, તેવા પક્ષપાતથી રહિત "જે કોઈ રાગાદિ રહિત વિશિષ્ટ પુરુષ છે તે દેવ છે." ઇત્યાદિ સંમુગ્ધ શ્રદ્ધાવાળા, અને ભગવાનથી કહેવાયેલ કેટલાક સુંદર અર્થને ગ્રહણ કરનારા જીવોના ધર્મબીજના સદ્ભાવનું પ્રતિહનન કરવા માટે અશક્યપણું છે.

અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનવાળા શાક્યાદિ કે દિગંબરાદિ કદાગ્રહ વગરના હોય તોપણ પોતપોતાના ઇષ્ટ દેવને દેવ તરીકે સ્વીકારી પોતપોતાની માન્યતા અનુસાર ભગવાનની માન્યતાથી વિપરીત માન્યતામાં પણ ધર્મબુદ્ધિ ધરાવે છે. તેથી તેઓમાં ધર્મબીજની પ્રાપ્તિ કઈ રીતે થાય ? તેથી અન્ય હેતુ કહે છે –

ઔધિક એવી યોગદૃષ્ટિથી=ઓઘદૃષ્ટિથી યુક્ત એવી યોગદૃષ્ટિથી, તત્પ્રણીત વાક્યોમાં=સુગતાદિથી પ્રણીત એવાં વાક્યોમાં, સુંદરાર્થને પ્રાપ્ત કરીને=સર્વજ્ઞ વચનાનુસાર એવા સુંદર અર્થોને પ્રાપ્ત કરીને, અન્યને પણ=અન્યદર્શનવાળાઓને પણ, આદિધાર્મિકપણાની ઉપપત્તિ છે. 'ઇતિ'=એ પ્રકારે='ન ચ'થી 'વાચ્યમ્' સુધીમાં જે પૂર્વપક્ષીનું કથન હતું તેમાં 'તથાપિ'થી ગ્રંથકારશ્રીએ બે હેતુ બતાવ્યા એ પ્રકારે, અધ્યાત્મદૃષ્ટિથી વિચારવું જોઈએ; કેમ કે તેના વગર=અધ્યાત્મદૃષ્ટિ વગર, વાદ-પ્રતિવાદ આદિના વ્યાપારથી તત્ત્વની અપ્રતિપત્તિ છે. તે=અધ્યાત્મ વગર વાદ-પ્રતિવાદ આદિથી તત્ત્વની અપ્રાપ્તિ છે તે, યોગબિંદુમાં કહેવાયું છે –

"નિશ્ચિત એવા વાદ અને પ્રતિવાદને કહેતા તે તે દર્શનકારો ગતિ હોતે છતે તલ પીલનાર બળદની જેમ તે પ્રકારે તત્ત્વના અંતને પ્રાપ્ત કરતા નથી જ. અહીં=તત્ત્વ પ્રતિપત્તિમાં અધ્યાત્મ પરમ ઉપાય કહેવાયો છે. જે પ્રમાણે જ ગતિમાં=વિશિષ્ટ એવા નગરની પ્રાપ્તિમાં, અપ્રમાદિનું સન્માર્ગગમન ઉપાય કહેવાયો છે."

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

ગાથાના પૂર્વાર્ધનું કથન અનેક યુક્તિઓ દ્વારા ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કર્યું. તેનાથી એ ફલિત થયું કે અન્યદર્શનમાં પણ જે અભિન્ન એવાં અર્થપદો છે તે જિનેન્દ્રશ્રુતમૂલ છે. આ રીતે ગાથાના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કરે છે –

તે કારણથી=અન્યત્ર પણ ભગવાનના વચનથી અભિન્ન અર્થપદો જિનેન્દ્રશ્રુતમૂલ છે તે કારણથી, અન્ય પણ=વ્યવહારનયથી અન્ય માર્ગમાં રહેલો પણ, તેને અનુસરનાર=જિનેન્દ્રશ્રુતમૂલ એવા અર્થપદને અનુસરનાર, દેશારાધક યુક્ત છે.

'ઇતિ' શબ્દ મૂળ ગાથાના કથનની સમાપ્તિ માટે છે.

'નનુ'થી પૂર્વપક્ષી કહે છે કે આ=અન્યદર્શનમાં રહેલ દેશારાધક છે એમ પૂર્વમાં કહ્યું એ, અયુક્ત છે; કેમ કે મિથ્યાદૃષ્ટિ જીવોની પ્રાણાતિપાતાદિ નિવૃત્તિનું પણ અધર્મપક્ષમાં નિવેશિતપણું હોવાથી તેનાથી=પ્રાણાતિપાતાદિની નિવૃત્તિથી, તેઓના દેશારાધકત્વનો અભાવ છે. તે=મિથ્યાદૃષ્ટિ જીવોની પ્રાણાતિપાતાદિ નિવૃત્તિનું અધર્મ પક્ષમાં છે એમ પૂર્વમાં કહ્યું તે, સૂત્રકૃતાંગસૂત્રમાં કહેવાયું છે –

"હવે બીજા ત્રીજા સ્થાનરૂપ મિશ્રપક્ષનો વિભંગ=વિકલ્પ, આ પ્રમાણે કહેવાય છે. જે આ આરણિકો છે. ઇત્યાદિથી માંડીને યાવત્ અસર્વ દુઃખપ્રક્ષીણમાર્ગ એકાંત મિથ્યા અસાધુ છે=અમોક્ષમાર્ગ એકાંત મિથ્યા એવો અસુંદર છે."

આની વૃત્તિનો એકદેશ 'યથા'થી બતાવે છે –

"અને અહીં=સૂત્રકૃતાંગના કથનમાં અધર્મપક્ષથી યુક્ત એવો ધર્મપક્ષ મિશ્ર એ પ્રમાણે કહેવાય છે. ત્યાં=મિશ્ર

પક્ષમાં, અધર્મનું જ અત્યંતપણું હોવાથી અધર્મપક્ષ જ આ જાણવો. આ=આગળમાં કહેવાય છે એ, કહેવાયેલું=સૂત્રકૃતાંગના વચનથી કહેવાયેલું, થાય છે. જોકે મિથ્યાદૃષ્ટિઓ કોઈક તે પ્રકારની પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ કરે છે. તોપણ આશયનું અશુદ્ધપણું હોવાથી=મિથ્યાદૃષ્ટિ જીવોના આશયનું મિથ્યાત્વને કારણે મલિનપણું હોવાથી, અભિનવ એવા પિત્તનો ઉદય થયે છતે શર્કરામિશ્ર ક્ષીર પાનની જેમ, ઊષર પ્રદેશમાં=ઊખર ભૂમિમાં, વરસાદની જેમ વિવક્ષિત અર્થનું અસાધકપણું હોવાથી=પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ દ્વારા મોક્ષને અનુકૂલ ભાવની નિષ્પત્તિરૂપ વિવક્ષિત અર્થનું અસાધકપણું હોવાથી, નિરર્થકતાને પામે છે=પ્રાણાતિપાતની નિવૃત્તિ નિષ્ફળ બને છે. તેથી મિથ્યાત્વના અનુભાવને કારણે મિશ્ર પક્ષમાં અધર્મ પક્ષ જ જાણવો."

'ઇતિ' શબ્દ સૂત્રકૃતાંગની વૃત્તિની સમાપ્તિ માટે છે.

એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

તારી વાત સાચી છે=સૂત્રકૃતાંગમાં મિથ્યાદૃષ્ટિનો મિશ્રપક્ષ અધર્મ પક્ષમાં કહ્યો છે, તે વચન તારું સાચું છે, અમે પણ સન્માર્ગગર્હાદિ હેતુ પ્રબલમિથ્યાત્વથી વિશિષ્ટ પ્રાણાતિપાતાદિ વિનિવૃત્તિ ક્રિયાથી દેશારાધકપણું કહેતા જ નથી. પરંતુ રાગ-દ્વેષ-અસદ્ગ્રહાદિના મંદપણાથી માર્ગાનુસારી એવી જ પ્રાણાતિપાતાદિવિનિવૃત્તિક્રિયાથી દેશારાધકપણું કહીએ છીએ. અને તે=પ્રાણાતિપાતાદિ વિનિવૃત્તિની ક્રિયા, સામાન્ય ધર્મમાં પર્યવસન હોવા છતાં પણ ધર્મપક્ષમાં અવતાર પામતી નથી; કેમ કે ત્યાં=સૂત્રકૃતાંગમાં સ્વીકારાયેલા ધર્મપક્ષમાં, ભાવથી વિરતિધર્મનું જ પરિગણન છે=વિરતિ આપાદક ગુણસ્થાનક સ્પર્શી એવી વિરતિનું જ પરિગણન છે, તેના અભાવમાં=ભાવથી વિરતિના અભાવમાં, બાલપણું છે. તે=ભાવથી વિરતિના અભાવમાં બાલપણું છે તે, કહેવાયું છે – "અવિરતિને આશ્રયીને બાલ થાય છે."

આની વૃત્તિ=સૂત્રકૃતાંગના સાક્ષીપાઠની વૃત્તિ, 'યથા'થી બતાવે છે – "જે આ અસંયમરૂપ અવિરતિ સમ્યક્ત્વના અભાવને કારણે મિથ્યાદૃષ્ટિની દ્રવ્યથી વિરતિ પણ અવિરતિ છે. તેને આશ્રયીને બાલની જેમ બાલ છે=અજ્ઞ છે; કેમ કે સદ્ અસદ્ વિવેક વિકલપણું છે. એ પ્રમાણે આધાન કરાય છે. અથવા વ્યવસ્થાપન કરાય છે."

'ઇતિ' શબ્દ સૂત્રકૃતાંગની વૃત્તિની સમાપ્તિ માટે છે.

અને દ્રવ્યથી વિરતિ મિથ્યાત્વના પ્રાબાલ્યમાં અપ્રધાનપણાથી સંભવે છે અને તેના મંદપણામાં= મિથ્યાત્વના મંદપણામાં, માર્ગાનુસારીપણારૂપ દ્રવ્યવિરતિ પ્રધાનપણાથી પણ સંભવે છે, એ રીતે વિષયવિભાગની પર્યાલોચનામાં=સૂત્રકૃતાંગના કથનના વિષયમાં વિષયવિભાગથી પર્યાલોચન કરાયે છતે, કોઈ પણ દોષ નથી=અન્યદર્શનવાળા મિથ્યાદૃષ્ટિ જીવોને દેશારાધક સ્વીકારવામાં કોઈ પણ દોષ નથી. અને આ=અન્યદર્શનમાં રહેલા મિથ્યાદૃષ્ટિ જીવોને દેશારાધક સ્વીકાર્યા એ, અવશ્ય સ્વીકારવું જોઈએ. અન્યથા પર એવા માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિના વિલોપની આપત્તિ આવે; કેમ કે મિથ્યાત્વ સહિત અનુકંપાદિ ક્રિયાનું પણ અકિંચિત્કરપણું છે.

જેઓના અનંતાનુબંધી કષાયનું જીર્ણપણું હોવાને કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પ્રતિબંધકપણું નથી તેઓનું માર્ગાનુસારીપણું છે. અને તેઓ સમ્યક્ત્વને અભિમુખ હોવાથી સમ્યગ્દૃષ્ટિની જેવા જાણવા. એ પ્રમાણે વળી આપણા બેનું સમાન જ છે=પૂર્વપક્ષીનો અને ગ્રંથકારશ્રીનો સમાન જ

અભિપ્રાય છે, અને જો આ પ્રમાણે નથી=અનંતાનુબંધીની મંદતાવાળા જીવો સમ્યક્ત્વને અભિમુખ હોવાથી સમ્યગ્દૃષ્ટિ જેવા છે એ પ્રમાણે પૂર્વપક્ષીને અભિમત નથી, તો સર્વ પણ આદિધાર્મિકવિધિ ઉચ્છેદ પામે. એથી સર્વથા અભિનિવિષ્ટ ચિત્તવાળા મિથ્યાદૃષ્ટિઓના દયાદિક દુષ્ટ છે. વળી, અનભિનિવિષ્ટ ચિત્તવાળા મિથ્યાદૃષ્ટિઓના દયાદિક માર્ગાનુસારિતાનું નિમિત્ત છે એ પ્રમાણે જાણવું; કેમ કે સામાન્ય ધર્મનું પણ સદ્ધર્મબીજના પ્રરોહપણાથી ઉક્તપણું છે. તે=પૂર્વમાં કહ્યું કે સામાન્ય ધર્મનું પણ સદ્ધર્મબીજના પ્રરોહપણાથી ઉક્તપણું છે તે, ધર્મબિંદુમાં કહેવાયું છે –

"આવા પ્રકારના ગૃહસ્થમાં=ધર્મબિંદુમાં પ્રસ્તુત શ્લોકથી પૂર્વના શ્લોકોમાં વર્ણન કરાયેલા ઉચિત આચાર કરનાર ગૃહસ્થોમાં, વિધિપૂર્વક વપન કરાયેલાં સદ્ધર્મબીજો પ્રરોહ પામે છે. જે પ્રમાણે સુંદર ભૂમિમાં વપન કરાયેલાં બીજો પ્રરોહ પામે છે."

આના દ્વારા=અનભિનિવિષ્ટ એવા મિથ્યાદૃષ્ટિ જીવોનું દયાદિક કૃત્ય માર્ગાનુસારિતાનું નિમિત્ત છે. એમ પૂર્વમાં કહ્યું એના દ્વારા, પૂર્વપક્ષીનું વક્ષ્યમાણ કથન અપાસ્ત છે. એમ અન્વય છે. હવે પૂર્વપક્ષીનું તે કથન બતાવે છે – "જે અબોધવાળા, મહાભાગ=લોકપૂજ્ય, વીર=તપ-ત્યાગાદિ કૃત્યોમાં પરાક્રમવાળા, અસમ્યક્ત્વને જોનારા=વિપર્યાસવાળા છે. તેઓનું પરાક્રમ=ઉદ્યમ, અશુદ્ધ સફલ=કર્મના બંધવાળું સર્વથી થાય છે." **એ પ્રમાણે સૂત્રકૃતાંગના આઠમા અધ્યાયની ગાથામાં –**"અને તેઓનો=બાલ એવા તેઓનો, જે કંઈ પણ તપ, દાન, અધ્યયન, યમ, નિયમાદિમાં પરાક્રમ કરાયું=ઉદ્યમ કરાયો, તે અશુદ્ધ છે=અવિશુદ્ધકારી છે=જીવની અશુદ્ધિને કરનારું છે, ઊલટું કર્મબંધ માટે છે; કેમ કે ભાવથી ઉપહતપણું છે=વિપર્યાસરૂપ મલિન ભાવથી તે અનુષ્ઠાનનું ઉપહતપણું છે, અથવા સનિદાનપણું છે=તે અનુષ્ઠાનમાં આલોકાદિની આશંકારૂપ નિદાનપણું છે, એથી કુવૈદ્યની ચિકિત્સાની જેમ વિપરીત અનુબંધી છે=વિપરીત ફલવાળું છે, અને તે તેઓનું પરાક્રમ ફલની સાથે=કર્મરૂપ ફલની સાથે, વર્તે છે. તેથી સફલ છે. સર્વશઃ=સર્વ પણ, તેની ક્રિયા, તપ, અનુષ્ઠાનાદિ કર્મબંધ માટે જ છે." **એ પ્રકારે ઉત્તરાર્ધનું વ્યાખ્યાન હોવાથી=સૂત્રકૃતાંગના ઉદ્ધરણના ઉત્તરાર્ધનું વ્યાખ્યાન હોવાથી, પંડિતો પણ ત્યાગાદિ દ્વારા લોકપૂજ્યો પણ, સુભટભાવને વહન કરાનારાઓ પણ, એવા સમ્યક્ તત્ત્વના પરિજ્ઞાનથી વિકલ જીવોની સર્વ ક્રિયાનું વિફલપણું હોવાથી કોઈ પણ ક્રિયાવાળા પણ મિથ્યાદૃષ્ટિનું લેશથી પણ આરાધકપણું નથી. એ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન અપાસ્ત છે=આના દ્વારા અપાસ્ત છે, એમ અન્વય છે.**

કેમ પૂર્વના કથન દ્વારા અપાસ્ત છે ? તેમાં હેતુ કહે છે –

આના દ્વારા=પૂર્વપક્ષીએ જે સૂત્રકૃતાંગના વચનની સાક્ષી આપી એના દ્વારા, ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિ જીવોની સર્વક્રિયાના વૈફલ્યની સિદ્ધિ હોવા છતાં પણ તેનાથી વિલક્ષણ=ભવાભિનંદીથી વિલક્ષણ, એવા યોગમાર્ગને સન્મુખ થયેલા મિથ્યાદૃષ્ટિ જીવોના ભાવનું અનુપહતપણું હોવાથી=યોગમાર્ગને અનુકૂળ એવા ભાવનું અનુપહતપણું હોવાથી, દેશારાધકત્વનો અપ્રતિઘાત છે=તેવા જીવોમાં દેશારાધકપણું વિદ્યમાન છે. આનાથી=પૂર્વમાં કહ્યું કે ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિ જીવોની સર્વક્રિયા વિફલ હોવા છતાં

પણ તેનાથી વિલક્ષણ મિથ્યાદૃષ્ટિમાં દેશારાધકપણું છે એનાથી, 'મિથ્યાદૃષ્ટિ જીવોનું સર્વ કૃત્ય નિરર્થક છે.' ઇત્યાદિ વચનો પણ વ્યાખ્યાન કરાયાં; કેમ કે વિશિષ્ટ ફલાભાવની અપેક્ષાથી પણ નિરર્થકપણાના વચનનું દર્શન છે. અને કહેવાય છે –

"ચારિત્રહીન જ્ઞાન, દર્શનવિહીન લિંગગ્રહણ અને સંયમ વગરનું તપ જે સેવે છે તેનું નિરર્થકપણું છે=તેના તે જ્ઞાનાદિ નિરર્થક છે." **(ઉપદેશમાલા ગાથા-૪૨૫)**

ઇત્યાદિથી તેવાં અન્ય સાક્ષીવચનો ગ્રહણ કરવાં.

'અથ'થી પૂર્વપક્ષી કહે છે – જે પ્રમાણે પોષમાસમાં વટવૃક્ષ અને આમ્રવૃક્ષના સહકારફલ પ્રત્યે અકારણત્વના વચનનું સ્વરૂપયોગ્યતાના અને સહકારીયોગ્યતાના અભાવથી વિશેષ છે=વટવૃક્ષમાં સ્વરૂપયોગ્યતાના અભાવથી છે અને આમ્રવૃક્ષમાં સહકારીયોગ્યતાના અભાવથી છે, એ પ્રમાણે ભેદ છે, એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિના કૃત્ય અને ચારિત્રહીનના જ્ઞાનાદિ નિરર્થકતાના વચનનો પણ સ્પષ્ટ જ ભેદ છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો આ બીજો પણ વિશેષ પરિભાવન કરો=ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિ અને મંદ મિથ્યાદૃષ્ટિ એ બેના કૃત્યના નિરર્થકતાના વચનમાં સ્પષ્ટ ભેદ છે એ પ્રકારનો બીજો પણ ભેદ પરિભાવન કરો.

અને તે બીજા ભેદનું પરિભાવન જ સ્પષ્ટ કરવા કહે છે –

સહકારફલસ્થાનીય મોક્ષ પ્રત્યે ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિનું કૃત્ય વટવૃક્ષની જેમ અયોગ્ય છે. વળી, અપુનર્બંધકાદિનું કૃત્ય સહકારના અંકુરની જેમ પરંપરાથી યોગ્ય છે, એ પ્રમાણે આ સર્વને=મિથ્યાદૃષ્ટિના મોક્ષને અનુકૂલકૃત્યને અને અનનુકૂલકૃત્યોને, નિપુણ રીતે વિચારવું જોઈએ. ॥૨૪॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ભગવાન ભેદાભેદવાદી છે. તેથી અન્યદર્શનમાં રહેલ ઉદિત-અનુદિત અકરણનિયમને કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ સ્વીકારીને કહેલ છે. તેથી જે અપુનર્બંધક જીવો અન્યદર્શનના અકરણનિયમો સેવે છે, તેઓના અકરણનિયમમાં સામાન્ય અકરણનિયમને ગ્રહણ કરીને ભગવાનના અકરણનિયમ સાથે ભગવાને અભેદ બતાવ્યો છે. અને મુનિઓના વિશેષ અકરણનિયમની અપેક્ષાએ અન્યદર્શનના અકરણનિયમમાં ભેદ બતાવ્યો છે. અને એના સમર્થન માટે જ વૃત્તિકારે સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગ રત્નાકર તુલ્ય છે, તેને બતાવવા અર્થે 'उदधाविव' ઇત્યાદિ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાની ગાથા સંમતિરૂપે બતાવી છે.

આ પ્રકારના ગ્રંથકારશ્રીના કથનમાં પૂર્વપક્ષી કહે છે –

સર્વપ્રવાદનું મૂલ દ્વાદશાંગ રત્નાકર તુલ્ય છે. તેના સમર્થન માટે ઉદધિમાં સર્વસિન્ધુઓ ઇત્યાદિરૂપ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાનું વચન ટીકાકારે સંમતિરૂપે ઉદ્ભાવન કર્યું છે તે યથાર્થ રીતે વિચાર કરવામાં આવે તો અસંગત જણાય છે.

કેમ અસંગત જણાય છે ? તે સ્પષ્ટ કરતાં પૂર્વપક્ષી કહે છે –

દ્વાદશાંગને રત્નાકર તુલ્ય કહીએ તો અન્યદર્શનના પ્રવાદોને નદી તુલ્ય કહી શકાય નહીં; કેમ કે સમુદ્રમાંથી નદીઓની ઉત્પત્તિ નથી. અને દ્વાદશાંગને રત્નાકર તુલ્ય કહીને તેમાંથી ઊઠેલા પ્રવાદો છે તેમ કહીએ તો રત્નાકર જેવું ભગવાનનું વચન અન્ય પ્રવાદરૂપ નદીનું ઉત્પત્તિ સ્થાન છે તેમ માનવાનો પ્રસંગ આવે. સમુદ્રમાંથી નદીઓ ઉત્પન્ન થતી નથી માટે તે વચન અનુભવવિરુદ્ધ છે.

વળી રત્નાકર તુલ્ય દ્વાદશાંગમાંથી નદીઓ તુલ્ય અન્ય પ્રવાદો ઉત્પન્ન થાય છે તેમ કહીએ તો સમુદ્રને નદીનો પિતા માનવાની આપત્તિ આવે. અને તેમ સ્વીકારીએ તો બધી નદીઓ સમુદ્રમાં પ્રવેશ પામે છે માટે કવિઓ સમુદ્રને નદીપતિ કહે છે તે વચન સંગત થાય નહીં. માટે ભગવાનના વચનમાંથી સર્વપ્રવાદો ઉત્પન્ન થયા છે તેમ કહેવું અનુચિત છે એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

વળી, સમુદ્રમાંથી નદીઓ ઉત્પન્ન થાય છે તેમ માનીએ તો સમુદ્રના ગાંભીર્યની હાનિની પ્રાપ્તિ થાય; કારણ કે સમુદ્રમાંથી નદીઓ નીકળે છે તેમ સ્વીકારીએ તો એટલો જલનો પ્રવાહ સમુદ્રમાંથી ઓછો થાય. વળી, અનુભવથી વિચારીએ તો નદીઓ સમુદ્રમાં મળે છે, સમુદ્રમાંથી નીકળતી નથી. માટે રત્નાકર તુલ્ય એવા દ્વાદશાંગમાંથી અન્ય પ્રવાદો નીકળે છે તેમ કહેવું સંગત થાય નહિ. માટે સ્તુતિ કરનાર સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાનો અભિપ્રાય પૂર્વપક્ષી નીચે પ્રમાણે બતાવે છે :

અન્યતીર્થિકોની પોતપોતાના માર્ગની શ્રદ્ધાનરૂપ દૃષ્ટિઓ છે તે સર્વજ્ઞ એવા ભગવાનમાં સમ્યગ્ ઉદયને પામેલ છે અર્થાત્ અન્યદર્શનમાં જે પોતપોતાના માર્ગની શ્રદ્ધાનરૂપ દૃષ્ટિઓ છે. તે દૃષ્ટિઓ અન્યદર્શનમાં વિવેક વગરની હતી અને તે જ દૃષ્ટિ ભગવાનના શાસનમાં વિવેકસંપન્ન થઈ. માટે અન્યદર્શનની દૃષ્ટિઓ ભગવાનના શાસનમાં સમ્યગ્ ઉદયને પામેલ છે. જેમ અન્યદર્શનવાળા ઉપવાસ કરે છે છતાં તે ઉપવાસમાં ફળાહાર કરે છે તેથી તેઓનો ઉપવાસ વિવેક વગરનો છે, જ્યારે ભગવાનના શાસનમાં સર્વાહારના ત્યાગરૂપ વિવેકવાળો ઉપવાસ દેખાય છે. માટે અન્યતીર્થિકોના આચારોમાં "તમે નથી=ભગવાન નથી", અને ભગવાનના આચારમાં એ લોકોના દર્શનના આચારો યથાર્થરૂપે વણાયેલા છે. તેથી "ભગવાનના બતાવાયેલા આચારોમાં અન્યદર્શન છે". માટે અન્યદર્શનના અસંબદ્ધ આચારોને જાણીને તે આચારને સેવનારા દેશારાધક છે તેમ કહેવું ઉચિત નથી એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

વળી, પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે અન્યતીર્થિકની દૃષ્ટિઓ ભગવાનમાં વર્તે છે. તેમાં પૂર્વપક્ષી દૃષ્ટાંતને કહે છે – 'જે પ્રમાણે સમુદ્રમાં બધી નદીઓ ઉદયને પામે છે=સમુદ્રમાં બધી નદીઓ અંતર્ભાવ થતી હોવાથી ખ્યાતિને પ્રાપ્ત કરે છે, તેમ અન્યદર્શનમાં પાપ અકરણનિયમાદિ દૃષ્ટિઓ ભગવાનના દ્વાદશાંગરૂપી સમુદ્રમાં સમ્યગ્ ઉદયને પામે છે. જે પ્રમાણે પ્રવિભક્ત નદીઓમાં સમુદ્ર નથી તે પ્રમાણે અન્યદર્શનમાં તમે નથી' આ અભિપ્રાયથી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાએ સ્તુતિ કરી છે. પરંતુ ભગવાનના પ્રવચનમાંથી અન્યતીર્થિકની દૃષ્ટિઓ ઉત્પન્ન થઈ છે એ અભિપ્રાયથી સિદ્ધસેનદિવાકર-સૂરીશ્વરજી મહારાજાએ ભગવાનની સ્તુતિ કરી નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષનું આ કથન અસંબદ્ધ છે; કેમ કે પ્રાચીન આચાર્યના વ્યાખ્યાનનું ઉલ્લંઘન કરીને વિપરીત વ્યાખ્યાનનું અપસિદ્ધાંતપણું છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પૂર્વના આચાર્યોએ પરંપરાથી સર્વજ્ઞના વચનનું જે તાત્પર્ય પ્રાપ્ત કર્યું છે એ પ્રમાણે તેઓએ વ્યાખ્યાન કર્યું હોય. તેનું ઉલ્લંઘન કરીને સ્વમતિ અનુસાર પદાર્થનું યોજન કરીને પરંપરાથી વિપરીત પોતાનું વ્યાખ્યાન કરવું તે અપસિદ્ધાંતપણું છે. પરંતુ પ્રાચીન આચાર્યોનું કોઈક વક્તવ્ય સર્વજ્ઞના વચનને અનુપાતી ન હોય તો તે પ્રાચીન આચાર્યથી પૂર્વના કોઈક સમર્થ પુરુષના વચનને ગ્રહણ કરીને તે પ્રાચીન આચાર્યનો મત સર્વજ્ઞ વચન અનુપાતી નથી તેમ સ્વયં ગ્રંથકારશ્રીએ પણ કોઈક કોઈક ઠેકાણે સ્પષ્ટ કરેલ છે. તેથી તે પ્રકારે કરવાથી તો સર્વજ્ઞનાં જ વચનનું સ્થાપન થાય છે તેથી તેમ કરવામાં અપસિદ્ધાંતની પ્રાપ્તિ નથી. વળી, પ્રાચીન આચાર્યના વ્યાખ્યાનથી વિપરીત વ્યાખ્યાન કરવું ઉચિત નથી તેમાં પૂ. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના વચનની સાક્ષી આપે છે –

હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકામાં કહેલ છે કે "સરળભાવથી કોઈક વડે અયુક્ત કહેવાયું હોય તો તેમના શિષ્ય વડે અન્યથા કરાયું છે. પરંતુ ભગવાનના શાસનમાં આ વિપ્લવ નથી." તેથી ફલિત થાય છે કે ભગવાનના શાસનમાં જે કોઈ સુવિહિત આચાર્યો છે તે સ્વમતિથી કહેતા નથી, સર્વજ્ઞના વચનાનુસાર કહેનારા છે. માટે જિનવચનાનુસાર કહેવાયેલા પૂર્વાચાર્યના કથનનું કોઈ અન્ય સુવિહિત આચાર્ય નિરાકરણ કરતા નથી પરંતુ જિનવચનથી જે કાંઈ અન્યથા કથન કોઈક આચાર્યથી થાય છે તે કથન તત્ત્વથી ભગવાનના શાસનનું કથન નથી. તેથી ભગવાનની ભક્તિ અર્થે તે અન્યથા કથનનું સુવિહિતો નિરાકરણ પણ કરે છે.

પૂર્વપક્ષીનું કથન ફક્ત ઉપદેશપદના વૃત્તિકારને જ દૂષણ આપવારૂપ નથી, પરંતુ યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહેલ છે કે "અન્યદર્શનવાળાઓનો એક શમપરાયણ માર્ગ છે" એ પ્રકારના કહેનારા હરિભદ્રસૂરિ મહારાજાને દૂષણ આપવારૂપ છે. 'સર્વપ્રવાદમૂલ' એ ગાથામાં કહેલ 'સમાખ્યાત' પદથી સૂચિત, ગ્રંથકારશ્રી એવા હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સાથે એકવાક્યતાશાલી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાને દૂષણ આપવારૂપ છે અને તેઓને અનુસરનારા અન્યને દૂષણ આપવારૂપ છે. માટે પૂર્વપક્ષીનું આ પ્રકારનું કથન અત્યંત મોહથી કહેવાયેલું છે.

આશય એ છે કે પૂર્વપક્ષી અન્યદર્શનવાળાને દેશારાધક સ્વીકારતો નથી તેથી ઉપદેશપદની વૃત્તિકારના કરાયેલા અર્થને અસંગત કહે છે. વળી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા અન્યદર્શનવાળા જે મોક્ષમાર્ગ સેવે છે તેઓનો જૈનદર્શન સાથે શમપરાયણ એક માર્ગ છે તેમ કહીને અન્યદર્શનવાળા માર્ગાનુસારી જીવોને ભાવથી જૈન કહે છે. તેને પણ પૂર્વપક્ષી દૂષિત કરે છે.

વળી, ઉપદેશપદમાં સર્વપ્રવાદમૂલ દ્વાદશાંગી સમાખ્યાત છે. એ કથનમાં સમાખ્યાત પદથી સૂચવનાર સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાની સાથે હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનું વચન એકવાક્યતાવાળું છે. તેથી પણ નક્કી થાય છે કે સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાના અભિપ્રાયાનુસાર અને તેઓને અનુસરનારા

મહાત્માઓના વચનાનુસાર અન્યદર્શનના માર્ગાનુસારી જીવો દેશારાધક છે. તે સર્વને પૂર્વપક્ષી અસંબદ્ધરૂપે કહે છે. માટે પૂર્વપક્ષીનું તે વચન ખરાબ ફળવાળો મોહનો પરિણામ છે.

વળી, પૂર્વપક્ષીએ જે અનુપપત્તિ ઉદ્ભાવન કરી કે જો દ્વાદશાંગ રત્નાકર તુલ્ય હોય તો તેમાંથી પ્રવાદો ઉત્પન્ન થઈ શકે નહિ, તે કથન પૂર્વપક્ષીનું અનુપપન્ન છે; કેમ કે સમુદ્રમાંથી જલને ગ્રહણ કરીને મેઘ વરસે છે અને મેઘથી નદીઓ પ્રવૃદ્ધ થાય છે. એથી નદી તુલ્ય એવા પરપ્રવાદો પણ જૈનાગમસમુદ્રમાંથી અર્થરૂપ જલને ગ્રહણ કરનાર આંશિક ક્ષયોપશમરૂપ મેઘથી પ્રવૃદ્ધિને પામે છે.

આશય એ છે કે જેમ સમુદ્રમાંથી જલને ગ્રહણ કરીને મેઘ બને છે અને મેઘની વર્ષાથી નદીઓ વૃદ્ધિને પામે છે તેમ ભગવાનના સ્યાદ્વાદરૂપ સમુદ્રમાંથી અર્થોને ગ્રહણ કરીને તે તે નયના એક અંશરૂપ ક્ષયોપશમના પરિણામથી તે તે દર્શનો પ્રવૃદ્ધિને પામે છે. માટે ભગવાનના વચનમાંથી સર્વપ્રવાદો નીકળ્યા છે અને વૃદ્ધિ પામે છે તેમ કહેવામાં કોઈ વિરોધ નથી. આથી જ સમુદ્રને નદીના પિતા કહેવામાં દોષ નથી; કેમ કે સમુદ્રના પાણીથી જ મેઘની નિષ્પત્તિ દ્વારા નદીઓની ઉત્પત્તિ થાય છે.

વળી પૂર્વપક્ષીએ દોષ આપેલ કે દ્વાદશાંગીને સમુદ્ર કહેવામાં આવે અને તેમાંથી નદીઓ ઉત્પન્ન થાય છે તેમ કહેવામાં આવે તો, સમુદ્રમાંથી પાણી ન્યૂન થવાને કારણે સમુદ્રના ગાંભીર્યની હાનિ પ્રાપ્ત થાય. તેને ગ્રંથકારશ્રી કહે છે કે જે અર્થમાં ઉપમાન દ્વારા ઉપમેયનો બોધ કરાવવાનું તાત્પર્ય હોય તે તાત્પર્યને છોડીને ઉપમાનમાં રહેનાર એવા અનભિમત ધર્મની આપત્તિ આપવામાં આવે તો ચંદ્રની ઉપમાથી મુખનું વર્ણન કરવામાં આવે ત્યારે ચંદ્રના કલંકિત ધર્મને કારણે મુખને કલંકિત કહેવાની આપત્તિ આવે. માટે સમુદ્રમાંથી નદીઓ નીકળે છે તેમ ભગવાનના વચનમાંથી અન્ય પ્રવાદો નીકળ્યા છે તે કથનમાં ભગવાનના વચનમાં ગાંભીર્યની હાનિ થશે તેમ કહેનારું પૂર્વપક્ષીનું વચન અસંગત છે.

વળી, પૂર્વપક્ષી કહે કે જો મેઘથી નદી ઉત્પન્ન થાય છે તેમ કહીએ તો મેઘની વર્ષા પૂર્વે જેમ નદીઓ સૂકી હોય છે તેમ અન્યદર્શનવાળા જીવોને જૈનાગમાનુસારી ક્ષયોપશમની પ્રાપ્તિ પૂર્વે 'અનુપચિત અવસ્થાવાળા' કહેવાનો પ્રસંગ આવશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અમને તે ઇષ્ટ જ છે; કેમ કે ભગવાનના વચનાનુસારી મોક્ષમાર્ગને બતાવનાર નિર્મળ નયદૃષ્ટિના પરિજ્ઞાન વગર અન્યદર્શનવાળા અનુપનિબદ્ધ મિથ્યાત્વ રૂપવાળા હોય છે અર્થાત્ મોક્ષને અનુકૂળ એવો મોક્ષમાર્ગ જેમાં લેશ પણ ઉપનિબદ્ધ નથી તેવા મિથ્યાત્વવાળા હોય છે. તેથી તેઓની તે દર્શનની ક્રિયા અસાર હોય છે. પરંતુ તેઓને પણ જૈનાગમાનુસારી મોક્ષને અનુકૂળ એવી નયદૃષ્ટિનું કંઈક પરિજ્ઞાન થયેલું છે. આમ છતાં સર્વનયોની દૃષ્ટિ જિનવચનાનુસાર પ્રગટ થયેલી નથી. તેથી સર્વનયદૃષ્ટિના બોધરૂપ સમ્યક્ત્વ તેઓમાં નથી તોપણ કોઈક યથાર્થ નયદૃષ્ટિથી નિર્મળ પ્રજ્ઞા ખૂલેલી હોવાથી તે નયપ્રજ્ઞાથી ઉપનિબદ્ધ તેઓનું મિથ્યાત્વ હોવાથી તેઓમાં માર્ગાનુસારી પ્રજ્ઞા છે માટે તેઓ દેશારાધક છે.

વળી, પૂર્વપક્ષી કહે છે કે જો આ રીતે સ્વીકારવામાં આવે તો ભગવાનની દેશનામાંથી જે પરપ્રવાદો ઉત્પન્ન થાય છે તેઓને જૈનાગમાનુસારી નય પરિજ્ઞાન થતું નથી. તેઓ ગાઢ મિથ્યાત્વવાળા હોવાથી

યોગમાર્ગને અયોગ્ય છે તેમ તમે જો સ્વીકારશો તો ભગવાનની દેશના ઉપચિતમિથ્યાત્વનું મૂલ હોવાને કારણે=તેવા જીવોના ગાઢ મિથ્યાત્વનું કારણ હોવાને કારણે, ભગવાનની દેશના તેવા જીવોને આશ્રયીને અનર્થનું કારણ છે, તેમ કહેવું પડશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – ભગવાન વિશ્વના હિતને માટે ઉપદેશની પ્રવૃત્તિ કરે છે ત્યારે ગાઢ વિપર્યાસથી દૂષિત મતિવાળા જીવોને ભગવાનના વચનથી મિથ્યાત્વની વૃદ્ધિની પ્રાપ્તિ થવા છતાં પણ ભગવાનની દેશનામાં દોષ નથી; કેમ કે ભગવાનની દેશનાથી ઘણા જીવોને હિત પ્રાપ્તિરૂપ ઉત્તમ ભાવો થાય છે તે ભાવની જ પ્રધાનતા છે. માટે જે દેશનાથી ઘણા જીવોને લાભ થતો હોય અને અયોગ્ય જીવોનું યત્કિંચિત્ અહિત થતું હોય તે અહિત અશક્યપરિહારરૂપ હોવાથી દોષરૂપ નથી.

વળી, ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષીના અભિપ્રાય પ્રમાણે સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાની 'उदधाविव' સ્તુતિનો અર્થ કરવામાં આવે તો તે સ્તુતિમાં 'त्वयि समुदीर्णाः' પાઠ છે તેના સ્થાને 'त्वत्तः समुदीर्णाः' પાઠ હોવો જોઈએ. 'त्वयि समुदीर्णाः' પાઠ સ્વીકારીને પૂર્વપક્ષી અર્થ કરે છે તે પ્રમાણે અર્થ કરવામાં આવે તો અર્થની પ્રાપ્તિમાં ક્લિષ્ટતાની પ્રાપ્તિ છે અર્થાત્ સુગમતાથી તે અર્થ પ્રાપ્ત થતો નથી. તેથી પૂર્વપક્ષીના વચનાનુસાર તે અર્થ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાને અભિમત હોત તો તેઓ 'त्वयि"ને સ્થાને 'त्वत्तः"નો પ્રયોગ કરત.

વળી બીજો દોષ પણ ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને બતાવે છે –

પૂર્વપક્ષીએ કર્યો તેવો અર્થ સ્વીકારીએ તો ભગવાને કહેલા ઉપવાસાદિ અર્થોનું અન્યદર્શનવાળા શ્રદ્ધાન કરે છે અને કહે છે કે જૈનોનો ઉપવાસ સુંદર છે. અને ભગવાન તે અન્યદર્શનવાળાના અર્થોનો લેશ પણ સ્વીકાર કરતા નથી. એટલો જ ભગવાનના વચનમાં અતિશયતાનો લાભ થાય.

વળી સંપ્રદાયવાળા જે અર્થ કરે છે તે અનુસાર ભગવાનમાં અન્ય દૃષ્ટિઓ સમવતાર પામે છે અને ભગવાનનું વચન અન્ય દૃષ્ટિઓમાં સમવતાર પામતું નથી તેમ સ્વીકારવાથી ભગવાનનું વચન સ્વ-ઇતર સકલ દર્શનના મોક્ષમાર્ગને અનુકૂળ કહેનારા અર્થની સાથે વ્યાપ્ય અર્થને કહેનારું વચન છે અને તેના કર્તા ભગવાન છે તે રૂપ ભગવાનમાં અતિશયતાની પ્રાપ્તિ થાય છે. તેથી પૂર્વપક્ષીના વચનાનુસાર અર્થ સ્વીકારવા કરતાં સાંપ્રદાયિક જે સ્તુતિનો અર્થ કરે છે તે જ ઉચિત છે.

વળી, ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને દોષ આપતાં કહે છે કે જે પ્રમાણે પૂર્વપક્ષી સ્તુતિનો અર્થ કરે છે તે પ્રમાણે સ્વીકારીએ તોપણ અન્યદર્શનવાળા ભગવાને કહેલાં ઉપવાસાદિ સુંદર અર્થોનું શ્રદ્ધાન કરે છે તેવો અર્થ પ્રાપ્ત થાય. અને તે રીતે સ્વીકારીને જો અન્યદર્શનવાળા ભગવાનના વચનની પ્રશંસા કરે તો યોગબીજનો લાભ તેઓને થાય છે તેમ પૂર્વપક્ષીને સ્વીકારવું પડે અને જો પૂર્વપક્ષી તેવું સ્વીકારે તો અન્યદર્શનવાળા પણ દેશારાધક છે તેમ પૂર્વપક્ષીને સ્વીકારવું પડે.

અહીં પૂર્વપક્ષી કહે કે તેઓને કોઈક સ્થાનમાં ભગવાને કહેલા તત્ત્વનું શ્રદ્ધાન હોવા છતાં પણ તે તત્ત્વને કહેનારા દેવમાં દેવબુદ્ધિ નથી અને તેઓ માને છે કે દેવ રાગ-દ્વેષ રહિત સર્વજ્ઞ જ છે, અન્ય નથી, તોપણ તેવા દેવ અમને અભિમત એવા સુગતાદિ છે. વળી કેટલાક દિગંબરો અરિહંતદેવ સ્વીકારે છે, તોપણ

પોતાના દિગંબરમતને કહેનારા જ અરિહંત છે, શ્વેતાંબર મતને કહેનારા નથી, તેમ માને છે. તેથી તેઓમાં મિથ્યાત્વનું બીજ પડેલું છે. તેથી તેવા જીવો સત્પ્રશંસાદિ કરે તોપણ ધર્મબીજનો સંભવ નથી. માટે અન્યદર્શનમાં રહેલા જીવો ભગવાનના કોઈક વચનની પ્રશંસા કરે તોપણ તેઓમાં બીજાધાન થતું નહીં હોવાથી તેઓને દેશારાધક સ્વીકારી શકાય નહિ.

તેને ગ્રંથકારશ્રી કહે છે – અન્યદર્શનવાળા જેઓ તેવા પ્રકારના પક્ષપાત વગરના છે=પોતાના સુગતાદિ પ્રત્યે અવિચારક રાગ ધરાવનારા નથી, પરંતુ અજ્ઞાનને કારણે રાગાદિ રહિત વિશિષ્ટ પુરુષરૂપ સુગતાદિ જણાય છે અને દિગંબરના મતમાં રહેલાને પણ જણાય છે કે રાગાદિ રહિત પુરુષે જ અમારા મતમાં રહેલા પદાર્થની પ્રરૂપણા કરી છે માટે પોતાના મતને માને છે; છતાં સામગ્રી મળે તો તેઓનો વિપરીત બોધ નિવર્તન પામે તેવો છે, તેવા સંમુગ્ધ શ્રદ્ધાવાળા જીવોને ભગવાને કહેલા કેટલાક સુંદર અર્થો પ્રત્યે આદર થાય છે. આવા જીવોને તે સત્પ્રશંસાથી ધર્મબીજની પ્રાપ્તિ થાય છે; કેમ કે અન્યદર્શનમાં રહેલા ઓઘદૃષ્ટિથી યુક્ત યોગદૃષ્ટિવાળા હોય છે. તેઓમાં પ્રથમ ચાર દૃષ્ટિ સુધીનો માર્ગાનુસારી બોધ છે અને તત્સહવર્તી ઓઘદૃષ્ટિ હોવાથી કંઈક વિપર્યાસ પણ છે. તોપણ પોતાના દર્શનના પ્રણેતાના સુંદર અર્થને કહેનારાં વાક્યોને પ્રાપ્ત કરીને તેઓને તે સુંદર અર્થ પ્રત્યે રુચિ થાય છે માટે તેઓ આદિધાર્મિક છે. તેથી મિથ્યાત્વ અવસ્થામાં હોવા છતાં દેશારાધક છે. એ પ્રકારે અધ્યાત્મની પારમાર્થિક દૃષ્ટિથી પૂર્વપક્ષીએ વિચારવું જોઈએ.

અધ્યાત્મની પારમાર્થિક દૃષ્ટિ વગર વાદ-પ્રતિવાદના વ્યાપારથી ક્યારેય તત્ત્વની પ્રાપ્તિ થતી નથી, તેથી જો પૂર્વપક્ષી અધ્યાત્મની દૃષ્ટિનો વિચાર કર્યા વગર જૈનદર્શનમાં રહેલા જ દેશારાધક હોઈ શકે, અન્ય હોઈ શકે નહિ, તેવો નિર્ણય કરીને પોતાના પક્ષના સ્થાપન માટે વાદ-પ્રતિવાદાદિ વ્યાપાર કરે કે ભગવાનના શાસ્ત્રનું અધ્યયન કરે તોપણ તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે નહિ.

આ રીતે પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધનો અર્થ અનેક યુક્તિઓથી અત્યાર સુધી સ્પષ્ટ કર્યો. હવે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કરતાં કહે છે –

અત્યાર સુધી વર્ણન કર્યું, તેથી ફલિત થયું કે વ્યવહારનયથી અન્યદર્શનમાં રહેલા પણ કેટલાક જીવો ભગવાને કહેલા શ્રુતજ્ઞાનાનુસાર જે મોક્ષને અનુકૂળ ભાવો છે તે પ્રમાણે તે તે દર્શનની ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેઓ દેશારાધક છે. અહીં વ્યવહારનયથી અન્ય માર્ગમાં રહેલ કહેવાથી એ પ્રાપ્ત થાય કે નિશ્ચયનયથી તો તેઓ જિનની ઉપાસના કરનાર હોવાથી ભગવાનના જ માર્ગમાં રહેલ છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે ગાથાના ઉત્તરાર્ધથી જે ગ્રંથકારશ્રીએ કહ્યું કે વ્યવહારથી અન્ય માર્ગમાં રહેલ પણ દેશારાધક છે. એ કથન અયુક્ત છે; કેમ કે અન્યદર્શનમાં રહેલા મિથ્યાદૃષ્ટિ જીવો યમ-નિયમના પાલન દ્વારા જે પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ કરે છે તેને આગમમાં અધર્મ પક્ષમાં ગ્રહણ કરેલ છે. તેથી તેવી યમ-નિયમની આચરણા દ્વારા તેઓને દેશારાધક કહી શકાય નહિ. તેમાં પૂર્વપક્ષ સૂત્રકૃતાંગની સાક્ષી આપે

છે અને સૂત્રકૃતાંગના ટીકાકારના વચન દ્વારા સ્પષ્ટ કરે છે કે મિથ્યાદૃષ્ટિ જીવો જે પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ કરે છે તે સર્વ અધર્મ પક્ષમાં જ અંતર્ભાવ પામે છે. માટે અન્યદર્શનવાળા મિથ્યાદૃષ્ટિ જીવોને દેશારાધક સ્વીકારી શકાય નહિ.

તેને ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે – જેઓ સન્માર્ગની ગર્હાદિના કારણ એવા પ્રબલ મિથ્યાત્વવાળા છે અને પ્રાણાતિપાતાદિ નિવૃત્તિની ક્રિયા કરે છે તેને અમે દેશારાધક કહેતા નથી, પરંતુ જેઓમાં રાગ-દ્વેષ અને અસદ્ગ્રહ આદિ દોષો મંદ થયા છે અને તેના કારણે માર્ગાનુસારી પરિણતિવાળા છે. તેવા અન્યદર્શનવાળાને અમે દેશારાધક કહીએ છીએ. તે જીવોમાં રહેલ સામાન્ય ધર્મને પણ સૂત્રકૃતાંગમાં ધર્મ પક્ષમાં સમવતાર કરેલ નથી; કેમ કે ભાવથી વિરતિની પરિણતિને ગ્રહણ કરીને જ સૂત્રકૃતાંગસૂત્રમાં ધર્મ પક્ષને ગ્રહણ કરેલ છે. તેથી ભાવથી વિરતિનો અભાવ હોય તેવા સર્વ જીવોની બાલ તરીકે વિવક્ષા સૂત્રકૃતાંગસૂત્રમાં કરેલ છે. વળી, સૂત્રકૃતાંગસૂત્રમાં બાલથી ગ્રહણ કરાયેલા બધા જીવોને અમે દેશારાધક સ્વીકારતા નથી, પરંતુ જેઓનું મિથ્યાત્વ મંદ થયું છે. તેઓમાં માર્ગાનુસારિતારૂપ દ્રવ્યવિરતિ છે, જે સમ્યક્ત્વની પ્રાપ્તિ દ્વારા ભાવથી વિરતિનું કારણ છે. તેથી પ્રધાનથી દ્રવ્યવિરતિ છે તેને આશ્રયીને અમે અન્યદર્શનવાળાને દેશારાધક કહીએ છીએ માટે અમારા કથનમાં કોઈ દોષ નથી.

વળી, પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે જો અન્યદર્શનમાં રહેલા માર્ગાનુસારીમાં પ્રધાનપણે દ્રવ્યવિરતિ ન સ્વીકારવામાં આવે તો અન્યદર્શનવાળા માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિ છે એ વચનના વિલોપની પ્રાપ્તિ થાય; કેમ કે મિથ્યાત્વ સહિત અનુકંપાદિ ક્રિયાને પણ શાસ્ત્રકારોએ અકિંચિત્કર કહી છે. છતાં જેઓમાં માર્ગાનુસારી ભાવ છે તેઓની અનુકંપાદિ ક્રિયાઓ પરંપરાએ ચારિત્રની પ્રાપ્તિનું કારણ છે. માટે તેઓની ક્રિયાને અકિંચિત્કર કહી શકાય નહિ.

વળી, સ્વકથનની પુષ્ટિ અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે જેઓનો અનંતાનુબંધી કષાય જીર્ણ થયો છે અર્થાત્ અતિશિથિલ થયો છે તેઓને તે અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પ્રતિબંધક નથી. તેઓ માર્ગાનુસારી જીવ છે. તેઓ મિથ્યાદૃષ્ટિ હોવા છતાં સમ્યક્ત્વને અભિમુખ હોવાને કારણે સમ્યગ્દૃષ્ટિ જેવા જ જાણવા. એ પ્રમાણે ગ્રંથકારશ્રીને અને પૂર્વપક્ષીને સમાન રીતે જ અભિમત છે; કેમ કે તેમ ન સ્વીકારવામાં આવે તો કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે નહિ. મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તેઓ આદ્યભૂમિકાની ધાર્મિક આચરણા દ્વારા પ્રાયઃ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે માટે મંદ મિથ્યાદૃષ્ટિ જીવોમાં દેશારાધકપણું સ્વીકારવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે જેઓનો અનંતાનુબંધી કષાય અતિમંદ થયેલો છે તે જીવો તત્ત્વાતત્ત્વને જાણવા માટે સમ્યક્ ઊહ કરનારા છે. તેથી તેઓમાં વર્તતો અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વની પ્રાપ્તિનો પ્રતિબંધક બનતો નથી, પરંતુ અનંતાનુબંધી કષાયની મંદતાને કારણે વર્તતો તત્ત્વનો રાગ સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી જેમ સમ્યગ્દૃષ્ટિ જીવ તત્ત્વાતત્ત્વનો યથાર્થ વિભાગ કરીને વિશેષ પ્રકારના સમ્યક્ત્વની શુદ્ધિ કરે છે તેમ માર્ગાનુસારી જીવો મિથ્યાત્વ અવસ્થામાં પણ તત્ત્વાતત્ત્વના વિભાગ દ્વારા સમ્યક્ત્વને

સન્મુખ, સન્મુખતર જ થાય છે. માટે તેવા માર્ગાનુસારી જીવો સમ્યગ્દૃષ્ટિ જેવા જ જાણવા એમ ગ્રંથકારશ્રીએ કહેલ છે.

આ કથનથી શું ફલિત થાય છે ? તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

સર્વથા અભિનિવિષ્ટ ચિત્તવાળા મિથ્યાદૃષ્ટિ જીવોનાં દયાદિ કૃત્યો દુષ્ટ છે અર્થાત્ સંસારફળવાળાં જ છે. અર્થાત્ અસાર પુણ્ય બંધાવીને સંસારના પરિભ્રમણનું કારણ છે. અનભિનિવિષ્ટ ચિત્તવાળા જીવોનાં દયાદિ કૃત્યો માર્ગાનુસારિતાનું નિમિત્ત છે અર્થાત્ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિનું કારણ છે; કેમ કે મિથ્યાત્વની મંદતામાં જે સામાન્યરૂપ દયાદિ છે તે, તે જીવોમાં વર્તતા સદ્ધર્મરૂપી બીજના પ્રરોહરૂપ છે.

ગ્રંથકારશ્રીએ યુક્તિથી સમાધાન કર્યું કે અન્યદર્શનના માર્ગાનુસારી જીવો મિથ્યાત્વની મંદતાવાળા હોવાથી દેશારાધક છે. એ કથન દ્વારા સૂત્રકૃતાંગનું વચન ગ્રહણ કરીને પૂર્વપક્ષી કહે છે કે મિથ્યાદૃષ્ટિની કોઈપણ ધર્મની ક્રિયા હોય તોપણ તેઓમાં લેશથી આરાધકપણું નથી તે કથનનું નિરાકરણ થાય છે; કેમ કે ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિ જીવોની ધર્મની સર્વ ક્રિયા વિફલ હોવા છતાં પણ જેઓમાં ભવાભિનંદીદોષો નાશ પામી રહ્યા છે તેવા જીવોની ક્રિયાઓ દુષ્ટભાવથી અનુપહત હોવાથી તેઓમાં દેશારાધકપણું છે. આ કથન દ્વારા કેટલાક કહે છે કે મિથ્યાદૃષ્ટિનાં સર્વ કૃત્યો નિરર્થક છે તેનું પણ તાત્પર્ય સ્પષ્ટ કરાયું; કેમ કે શાસ્ત્રમાં વિશિષ્ટ ફલાભાવની અપેક્ષાએ પણ કેટલાક કૃત્યોને નિરર્થક કહેવામાં આવે છે. તેથી કેટલાક સ્થાને માર્ગાનુસારીનાં કૃત્યોને પણ સમ્યગ્દૃષ્ટિ જેવાં વિશિષ્ટ ફલવાળાં તે કૃત્યો નહીં હોવાથી નિરર્થક કહેવાય છે. જેમ તામલીતાપસના ૬૦ હજાર વર્ષના તપને પણ બાલતપ કહ્યું છે. વસ્તુતઃ તે તપના પ્રભાવથી જ તામલીતાપસ ઇન્દ્ર થઈને એકાવતારી થયા છે.

'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે પોષ મહિનામાં વડવૃક્ષમાં પણ આમ્રફળ આવતું નથી અને આમ્રવૃક્ષમાં પણ આમ્રફળ આવતું નથી. તોપણ વટવૃક્ષમાં આમ્રફળની પ્રાપ્તિની સ્વરૂપયોગ્યતાનો અભાવ છે. અને આમ્રવૃક્ષમાં આમ્રફળની યોગ્યતા હોવા છતાં પોષ મહિનામાં સહકારીયોગ્યતાનો અભાવ છે, તેથી તે બંનેમાં ભેદ છે. તેમ મિથ્યાદૃષ્ટિનું કૃત્ય વટવૃક્ષ જેવું છે, તેથી તેના જ્ઞાનાદિ સર્વથા નિરર્થક છે અને ચારિત્રહીન એવા સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનાદિ ભાવિમાં ચારિત્રની પ્રાપ્તિનું કારણ હોવાથી આમ્રવૃક્ષ જેવા સહકારીયોગ્યતાના અભાવને કારણે વર્તમાનમાં ચારિત્રીની જેમ વિશેષ ફળનું કારણ બનતા નથી, તોપણ ભાવિમાં ચારિત્રની પ્રાપ્તિનું કારણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે તે રીતે જ ગાઢ મિથ્યાદૃષ્ટિ જીવોનાં દાનાદિ કૃત્યો વટવૃક્ષ જેવાં સર્વથા નિષ્ફળ છે અને અપુનર્બંધકાદિ જીવોનાં દાનાદિ કૃત્યો પરંપરાએ ચારિત્રની પ્રાપ્તિનું કારણ છે, માટે સર્વથા નિષ્ફળ નથી. માટે અન્યદર્શનમાં રહેલા માર્ગાનુસારી જીવોને દેશારાધક સ્વીકારવા જોઈએ. **॥૨૪॥**

અવતરણિકા :–

तदेवं 'शीलवानश्रुतवांश्च बालतपस्वी देशाराधकः' इति वृत्तिगतः प्रथमपक्षः समर्थितः, अथ तद्गतं द्वितीयं पक्षं समर्थयति –

અવતરણિકાર્થ :-

આ રીતે=ગાથા-૧૯થી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, શીલવાન્ અશ્રુતવાન્ બાલતપસ્વી દેશારાધક છે એ પ્રકારે, ગાથા-૧૮માં કહેલ આરાધક-વિરાધક ચતુર્ભંગી વિષયક ભગવતીસૂત્રના પાઠમાં બતાવાયેલ વૃત્તિગત પ્રથમ પક્ષ=ચાર ભાંગામાંથી પ્રથમ ભાંગાના જે બે પક્ષો છે તેમાંથી બાલતપસ્વીરૂપ પ્રથમ પક્ષ, સમર્થન કરાયો. હવે તદ્ગત=પ્રથમ ભાંગાગત, દેશારાધકના બીજા પક્ષનું સમર્થન કરે છે –

ગાથા :-

पक्खंतरम्मि भणिओ गीयत्थाणिस्सिओ अगीओ सो ।
जोऽणभिणिविट्ठचित्तो भीरू एगंतसुत्तरुई ।।२५।।

છાયા :-

पक्षान्तरे भणितो गीतार्थानिश्रितोऽगीतः सः ।
योऽनभिनिविष्टचित्तो भीरुरेकान्तसूत्ररुचिः ।।२५।।

અન્વયાર્થ :-

પક્ખંતરમ્મિ=પક્ષાંતરમાં=ભગવતીના દેશારાધક વિષયક અન્ય આચાર્યોના વ્યાખ્યાનમાં, ગીયત્થાણિસ્સિઓ અગીઓ=ગીતાર્થઅનિશ્રિત અગીતાર્થ, સો=તે=દેશારાધક ભણિઓ=કહેવાયો છે, જોઽણભિણિવિટ્ઠચિત્તો=જે અનભિનિવિષ્ટ ચિત્તવાળો, ભીરૂ=ભીરુ=પાપભીરુ, અને એગંતસુત્તરુઈ=એકાંત સૂત્રરુચિવાળો છે. ।।૨૫।।

ગાથાર્થ :-

પક્ષાંતરમાં=ભગવતીના દેશારાધક વિષયક અન્ય આચાર્યોના વ્યાખ્યાનમાં, ગીતાર્થઅનિશ્રિત અગીતાર્થ તે=દેશારાધક કહેવાયો છે. જે અનભિનિવિષ્ટ ચિત્તવાળો, ભીરુ=પાપભીરુ, અને એકાંત સૂત્રરુચિવાળો છે. ।।૨૫।।

ટીકા :-

पक्खंतरम्मित्ति । पक्षान्तरे=अन्येषामाचार्याणां व्याख्याने, गीतार्थानिश्रितोऽगीतार्थः स देशाराधको भणितः योऽनभिनिविष्टचित्तः=आत्मोत्कर्ष-परद्रोह-गुरु-गच्छादिप्रद्वेषमूलासद्ग्रहाऽकलङ्कितचित्तः, भीरुः=कुतोऽपि हेतोरेकाकिभावमाश्रयन्नपि स्वेच्छानुसारेण प्रवर्तमानोऽपि स्वारसिकजिनाज्ञा(भङ्ग)भयः (भयवान्), एकान्तसूत्ररुचिः=अव्याकृतसूत्रमात्रानुसारी । अयं भावः–एकाकिनस्तावत्प्रायश्चारित्रासंभव एव, स्वयं गीतार्थस्य तन्निश्रितागीतार्थस्य वा चारित्रसंभवात्, न हि चारित्रपरिणामे सति गुरुकुल-वासमोचनादिकमसमञ्जसमापद्यते । उक्तं च पञ्चाशके (११-१५/१७) –

"ता ण चरणपरिणामे एयं असमंजसं इहं होइ ।
आसन्नसिद्धियाणं जीवाण तहा य भणियमिणं ।।
नाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य ।
धन्ना आवकहाए गुरुकुलवासं ण मुंचंति ।।"

ततः कष्टविहारिणोऽप्येकाकिनो गुरुकुलवासैकाकिविहारयोर्गुणदोषविपर्यासमवबुध्यमानस्य स्वाभिनिवेशात्तपोरतस्यानागमिकत्वेनैकाकित्वेन च प्रवचननिन्दाकारिणः शेषसाधुषु पूजाविच्छेदाभिप्रायतश्च प्रायो बह्वसमीक्षितकारित्वेनाभिन्नग्रन्थित्वाद् बाह्यवदसाधुत्वम् । तदुक्तं (पंचा. ११-३७/३८)-

जे उ तह विवज्जत्था सम्मं गुरुलाघवं अयाणंता ।
सग्गाहा किरियरया पवयणखिंसावहा खुद्दा ।।
पायं अभिन्नगंठी तमाउ तह दुक्करंपि कुव्वंता ।
बज्झा व ण ते साहू धंखाहरणेण विन्नेया ।। **त्ति ।**

तथापि न सर्वेषां सदृशः परिणाम इति यस्यैकाकिनो विहारिणो नातिक्रूरः परिणाम;, किन्तु मृगपर्षदन्तर्गतस्य साधोरपवादादिभीरुतयैव तथाविधकर्मवशाद् गच्छवासभीरुतयैवैकाकित्वं संपन्नं, सूत्ररुचिश्च न निवृत्ता, तस्य स्वमत्यनुसारेण सदाप्रवृत्तेर्बह्वज्ञानकष्टे पतति । किञ्चित्तु कदाचित्परिणामविशेषवशादागमानुपात्यपि स्यात् । तदुक्तमुपदेशमालायां (४२५)-

"अपरिणिच्छियसुयणिहसस्स केवलमभिन्नसुत्तचारिस्स ।
सव्वुज्जमेण वि कयं अन्नाणतवे बहुं पडइ ।।" **इति ।**

एतद्वृत्तिर्यथा–'अपरिनिश्चितः=सम्यगपरिच्छिन्नः, श्रुतनिकष=आगमसद्भावो, येन स तथा तस्य, केवलमभिन्नमविवृतार्थं यत्सूत्रं विशिष्टव्याख्यानरहितं सूत्रमात्रमित्यर्थः, तेन चरितुं तदनुसारेणानुष्ठानं कर्त्तुं धर्मो यस्य सोऽभिन्नसूत्रचारी तस्य, सर्वोद्यमेनापि समस्तयत्नेनापि कृतमनुष्ठानं अज्ञानतपसि पञ्चाग्निसेवनादिरूपे बहु पतति, स्वल्पमेवागमानुसारि भवति, विषयविभागविज्ञानशून्यत्वादिति ।।' **यद्यपि स्वमत्या प्रवर्त्तमानानां घुणाक्षरन्यायात्समागतं किञ्चिच्छुद्धमपि कृत्यं नागमानुपाति, अन्यथा निह्नवानामपि तदापत्तेः, तथाऽपि शुद्धक्रियाजन्यनिर्जराप्रतिबन्धकस्वमतिविकल्पे** 'यत्किञ्चिदागमानुपाति शिष्टसंमतं च तत्प्रमाणं न तु मन्मतानुसारित्वेनैवागमः प्रमाणं' **इत्येवंविधोऽनभिनिवेशविकल्प उत्तेजक इति न दोषः । तदेवंविधो गीतार्थाऽनिश्रिततपश्चरणरतोऽगीतार्थः बालतपस्वी च शीलवानश्रुतवान् मार्गानुसारित्वेन देशाराधक इत्युभयोः पक्षयोर्नातिविशेष इति द्रष्टव्यम् ।।२५।।**

ટીકાર્થ :-

पक्खंतरम्मित्ति ..... इति द्रष्टव्यम् ।। 'पक्खंतरम्मित्ति' પ્રતીક છે. પક્ષાંતરમાં=અન્ય આચાર્યના વ્યાખ્યાનમાં=આરાધકવિરાધકચતુર્ભંગીની વૃત્તિમાં દેશારાધક વિષયક અન્ય આચાર્યના વ્યાખ્યાનમાં, ગીતાર્થઅનિશ્રિતઅગીતાર્થ તે દેશઆરાધક કહેવાયા છે. જે અનભિનિવિષ્ટ ચિત્તવાળા છે=આત્માનો ઉત્કર્ષ, પરનો દ્રોહ, ગુરુ-ગચ્છાદિનો પ્રદ્વેષ, તદ્મૂલક અસદ્ગ્રહથી અકલંકિત ચિત્તવાળા છે, ભીરુ છે=કોઈ પણ હેતુથી એકાકીભાવને આશ્રય કરનાર પણ, સ્વેચ્છા અનુસારથી પ્રવર્તમાન પણ સ્વારસિક જિનાજ્ઞાભંગના ભયવાળો છે, એકાંતસૂત્રરુચિવાળો છે=અવ્યાકૃત સૂત્રમાત્રના અનુસારી છે=સૂત્રના પરમાર્થના ઉચિત સ્થાનનો વિભાગ કર્યા વગર સૂત્રસામાન્યને અનુસારી છે, આ ભાવ છે=ગાથામાં કહેલા અર્થનો આ ભાવ છે – એકાકીને=એકાકીવિહાર કરનાર સાધુને, પ્રાયઃ ચારિત્રનો અસંભવ જ છે; કેમ કે સ્વયં ગીતાર્થને કે ગીતાર્થનિશ્રિતઅગીતાર્થને ચારિત્રનો સંભવ છે. હિ=જે કારણથી અને ચારિત્રનો પરિણામ હોતે છતે ગુરુકુલવાસ મોચનાદિ=ગુણસંપન્ન એવા ગુરુની નિશ્રાના ત્યાગાદિ અસમંજસ થાય નહિ. અને પંચાશક-૧૧, ગાથા-૧૫ અને ૧૭માં કહેવાયું છે –

"તે કારણથી અહીં=સંયમજીવનમાં, ચરણપરિણામ હોતે છતે આસન્નસિદ્ધિક જીવોને અસમંજસ એવું આ=ગુરુકુલવાસના ત્યાગરૂપ કૃત્ય, થાય નહિ. અને તે પ્રમાણે=ચારિત્રના પરિણામવાળા જીવો અસમંજસ કૃત્ય કરે નહિ તે પ્રમાણે, આ=આગળની ગાથામાં કહે છે તે કહેવાયું છે."

"ધન્ય જીવો જ્ઞાનના ભાગી થાય છે. દર્શન અને ચારિત્રમાં સ્થિરતર થાય છે. (તેથી) યાવત્કાળ ગુરુકુલવાસનો ત્યાગ કરતા નથી."

તેથી=ગુરુકુલવાસના ત્યાગ કરનારને ચારિત્રનો પરિણામ નથી તેથી, કષ્ટવિહારી પણ=સંયમના કષ્ટોને કરીને જીવનારા પણ, એકાકી, ગુરુકુલવાસ અને એકાકીવિહારના ગુણ-દોષના વિપર્યાસને જાણનારા=ગુરુકુલવાસમાં જે ગુણ છે તેને દોષરૂપે જાણનારા અને એકાકીવિહારમાં જે દોષ છે તેને ગુણરૂપે જાણનારા, સ્વાભિનિવેશને કારણે તપમાં રતનું=ગુણવૃદ્ધિનું કારણ ન બને પરંતુ પોતાની મનસ્વી વૃત્તિ અનુસાર તપ કરનારાનું, અનાગમિકપણું હોવાથી અને એકાકીપણું હોવાથી પ્રવચનની નિંદાને કરનારા, શેષ સાધુઓમાં પૂજાના વિચ્છેદના અભિપ્રાયવાળા હોવાને કારણે પ્રાયઃ બહુ અસમીક્ષિતકારીપણું હોવાથી=બહુલતાએ ભગવાનના વચનનિરપેક્ષ સ્વમનસ્વી પ્રવૃત્તિ હોવાથી, અભિન્નગ્રંથિપણું હોવાના કારણે, જૈનશાસનથી બાહ્યની જેમ અસાધુપણું જ છે. તે=એકાકીવિહાર કરનારા મિથ્યાદૃષ્ટિ છે એમ પૂર્વે કહ્યું તે, કહેવાયું છે –

"જેઓ વળી તે પ્રકારના વિપર્યસ્ત છે=ઉત્તમ ગુરુકુલવાસનો ત્યાગ કરીને સ્વમતિ અનુસાર જીવવામાં કલ્યાણ દેખાય છે એ પ્રકારના વિપર્યસ્ત છે, ગુરુ-લાઘવને સમ્યગ્ નહીં જાણનારા છે, સ્વાગ્રહથી ક્રિયામાં રત છે, પ્રવચનની હિલનાને કરનારા છે=જિનવચનથી વિપરીત પ્રવૃત્તિ કરીને ભગવાનના શાસનની અવહેલના કરનારા છે, ક્ષુદ્ર પ્રકૃતિવાળા છે, પ્રાયઃ અભિન્નગ્રંથિવાળા છે, અજ્ઞાનને કારણે તે પ્રકારના દુષ્કર તપને કરનારા તે સાધુઓ કાગડાના ઉદાહરણથી અન્યદર્શનવાળા અવિવેકી જીવો જેવા જાણવા." **(પંચાશક-૧૧, ગાથા-૩૭-૩૮)**

તો પણ=પૂર્વે કહ્યું તેવા કષ્ટ વિહારી એકાકી સાધુ સર્વથા વિરાધક છે તોપણ, સર્વ એકાકીવિહારીઓને સદૃશ પરિણામ નથી. એથી જે એકાકીવિહારી અતિક્રૂર પરિણામવાળા નથી, પરંતુ મૃગપર્ષદા અંતર્ગત એવા સાધુનું અપવાદાદિ ભીરુપણું હોવાને કારણે જ=જેમ મૃગલાઓ અત્યંત ભયસ્વભાવવાળા હોય છે તેવા મૃગલાઓના સમુદાયમાં રહેનારા એવા સાધુનું અપવાદિક ભિક્ષાદિના દોષનું સેવન કરવાથી પોતાનું સંયમ નાશ પામશે એ પ્રકારના ભીરુપણાને કારણે જ, તેવા પ્રકારના કર્મના વશથી ગચ્છવાસનું ભીરુપણું હોવાથી જ=શાસ્ત્રના સૂક્ષ્મ પદાર્થને સ્પર્શી શકે તેના બાધક એવા કર્મના વશથી ગચ્છવાસમાં વિરાધના થશે એ પ્રકારની બુદ્ધિથી ભીરુપણું હોવાથી જ, એકાકીપણું સંપન્ન છે. અને સૂત્રરુચિ નિવૃત્ત નથી=ભગવાને કહેલા સંયમાનુસાર આચરણા કરવાની રુચિ નિવૃત્ત નથી, તેની=તેવા એકાકી સાધુની, સ્વમતિ અનુસારથી સદા પ્રવૃત્તિ હોવાને કારણે=ગીતાર્થને પરતંત્ર વગર સ્વમતિ અનુસારથી હંમેશાં સંયમની પ્રવૃત્તિ હોવાને કારણે, ઘણા અજ્ઞાનકષ્ટમાં પડે છે, પરંતુ કંઈક ક્યારેક પરિણામવિશેષના વશથી આગમાનુપાતી પણ થાય છે=અજ્ઞાનમાં ઘણું પડવા છતાં કોઈક ક્રિયા સદા નહિ, પરંતુ ક્યારેક પ્રકૃતિભદ્રક પરિણામને કારણે મોક્ષને અનુકૂળ એવી કોઈક પરિણતિની નિષ્પત્તિનું કારણ બને તેવી આગમાનુપાતી પણ થાય છે.

તે=કેટલાક એકાકીવિહારી સાધુઓને ઘણો અશુભ ભાવ થવા છતાં કંઈક આગમાનુપાતી પણ ભાવ થાય છે તે, ઉપદેશમાલામાં કહેવાયું છે –

"અપરિચ્છિન્ન શ્રુતનિકષવાળા=શ્રુતજ્ઞાનના પારમાર્થિક તાત્પર્યને નહીં સ્પર્શનારા, કેવલ અભિન્નસૂત્રચારી એવા સાધુનું=સૂત્રોના શબ્દથી પ્રાપ્ત થતા સામાન્ય અર્થાનુસાર બાહ્ય ચારિત્રના આચારોને કરનારા સાધુનું, સર્વ ઉદ્યમથી પણ કરાયેલું ઘણું અજ્ઞાન તપમાં પડે છે."

આની વૃત્તિ=ઉપદેશમાલાના ઉદ્ધરણની વૃત્તિ, 'યથા'થી બતાવે છે –

"અપરિનિશ્ચિત=સમ્યગ્ અપરિચ્છિન્ન, શ્રુતનિકષ=આગમનો સદ્ભાવ છે જેના વડે તે તેવા છે=અપરિચ્છિન્નશ્રુત-નિકષવાળા છે, તેનું.

વળી, તે અપરિચ્છિન્નશ્રુતનિકષવાળા કેવા છે ? તે બતાવે છે –

કેવલ અભિન્ન=અવિવૃતાર્થવાળું, જે સૂત્ર અર્થાત્ વિશિષ્ટ વ્યાખ્યાન રહિત સૂત્રમાત્ર, તેનાથી આચરણા માટે=વિશિષ્ટ વ્યાખ્યાન રહિત સૂત્રમાત્રથી આચરણા માટે=તેના અનુસાર અનુષ્ઠાન કરવા માટે, ધર્મ છે જેનો=યત્ન છે જેનો, તે અભિન્નસૂત્રમાત્રચારી, તેવા સાધુનું સર્વ ઉદ્યમથી પણ=સૂત્રના વચનાનુસાર પૂર્ણ શક્તિ અનુસાર કરાયેલા યત્નથી પણ કરાયેલું અનુષ્ઠાન, પંચાગ્નિસેવનાદિરૂપ અજ્ઞાનતપમાં બહુ પડે છે. થોડું જ આગમાનુસારી થાય છે=તેઓની સંયમની આચરણા થોડી જ આગમાનુસારી થાય છે; કેમ કે વિષયવિભાગના વિજ્ઞાનથી શૂન્યપણું છે."

જો કે સ્વમતિથી પ્રવર્તનારા સાધુને ઘુણાક્ષરન્યાયથી પ્રાપ્ત કંઈક શુદ્ધ પણ કૃત્ય આગમાનુસારી નથી અન્યથા નિહ્નવોને પણ તેની આપત્તિ છે. તોપણ શુદ્ધ ક્રિયાજન્ય નિર્જરાના પ્રતિબંધક

સ્વમતિવિકલ્પમાં "જે કંઈ આગમાનુપાતી શિષ્ટ સંમત છે તે પ્રમાણ છે. પરંતુ મારા મતાનુસારીપણાથી જ આગમ પ્રમાણ નથી." **આવા પ્રકારનો અનભિનિવિષ્ટ વિકલ્પ જ ઉત્તેજક છે. એથી દોષ નથી.**

દેશારાધક ભાંગાનું સ્પષ્ટીકરણ ગાથા-૧૯થી અત્યાર સુધી કર્યું. તે સર્વ કથનનું નિગમન કરે છે –

તે કારણથી આવા પ્રકારનો=અનભિનિવિષ્ટ પરિણામવાળો, ગીતાર્થઅનિશ્રિત તપ, ચારિત્રમાં રત અગીતાર્થ અને બાલતપસ્વી શીલવાન્ અને અશ્રુતવાન્ માર્ગાનુસારીપણું હોવાથી દેશારાધક છે. તેથી ઉભયપક્ષમાં=અન્યદર્શનના અને જૈનદર્શનના દેશારાધકરૂપ ઉભયપક્ષમાં, અતિવિશેષ નથી=બહુ મોટો ભેદ નથી. ॥૨૫॥

ભાવાર્થ :-

ગાથા-૧૮માં ગ્રંથકારશ્રીએ ભગવતીસૂત્રની આરાધકવિરાધકની ચતુર્ભંગી બતાવી અને તેમાં દેશારાધક કોણ છે ? તે બતાવતાં અન્યદર્શનવાળા કેવા બાલતપસ્વી દેશારાધક હોય છે ? તેની અત્યાર સુધી સ્પષ્ટતા કરી. હવે કેવા પ્રકારના ગીતાર્થઅનિશ્રિત અગીતાર્થ સાધુ દેશારાધક હોય છે તેની સ્પષ્ટતા કરે છે –

જે સાધુ સંસારથી ભય પામીને આત્મકલ્યાણાર્થે દીક્ષા ગ્રહણ કર્યા પછી કોઈક કારણથી ગીતાર્થને છોડીને એકાકી વિહરે છે, છતાં અનભિનિવિષ્ટ ચિત્તવાળા છે તેઓ દેશારાધક છે.

અનભિનિવિષ્ટ ચિત્તવાળા તેઓ કેવા પ્રકારના છે ? તે બતાવે છે –

પોતાના ઉત્કર્ષમાં અભિનિવિષ્ટ ચિત્તવાળા નથી અર્થાત્ અમે જ સારું સંયમ પાળનારા છીએ એવું માનીને પોતાની માનખ્યાતિ માટે ઉદ્યમ કરનારા નથી, અન્ય કોઈનો દ્રોહ કરનારા નથી, ગુરુ-ગચ્છાદિનો પ્રદ્વેષ કરનારા નથી, પરંતુ તથાપ્રકારની સ્થૂલબુદ્ધિને કારણે ગુરુ, ગચ્છાદિની પાસે નિર્દોષ આચારો પાળવા અશક્ય જણાવાથી નિર્દોષ આચાર પાળવાને માટે એકાકી વિચરનારા છે, પરંતુ ગુરુ=ગચ્છાદિ પ્રત્યે પ્રદ્વેષ ધારણ કરનારા નથી, તેથી આત્મોત્કર્ષાદિ જે અસદ્ગ્રહના મૂળ છે તેનાથી અકલંકિત ચિત્તવાળા છે. માટે તેવા અનભિનિવિષ્ટ ચિત્તવાળા જીવોને સ્વારસિક જિનાજ્ઞાભંગનો ભય વર્તતો હોય છે. આમ છતાં એકાંતસૂત્રરુચિવાળા હોવાથી અર્થાત્ સૂત્રના પારમાર્થિક તાત્પર્યને ગ્રહણ કરનારા નહીં હોવાથી એકાકી વિહરે છે.

આશય એ છે કે જો તેઓ સૂત્રના પારમાર્થિક તાત્પર્યને ગ્રહણ કરનાર હોય તો ગીતાર્થ સાધુ પાસે રોજ નવા નવા સૂત્રના અધ્યયન દ્વારા જે સંવેગની વૃદ્ધિ થાય છે તેના દ્વારા પોતાના સંયમના કંડકની જે અંતરંગ વૃદ્ધિ થાય છે તેને ગૌણ કરીને સૂત્રમાં કહેલી બાહ્ય આચરણામાત્રમાં તેઓ રત બને નહીં. તેથી અજ્ઞાનને વશ મહાકલ્યાણકારી એવી ગીતાર્થની નિશ્રાને છોડીને એકાંત સૂત્રાનુસારી બાહ્યક્રિયામાં રુચિવાળા છે, છતાં અનભિનિવિષ્ટ ચિત્તવાળા હોવાથી દેશારાધક છે.

આ પ્રકારે ગાથાનું તાત્પર્ય સ્પષ્ટ કર્યા પછી ટીકાકાર તેનો ભાવ સ્પષ્ટ કરે છે – એકાકી સાધુને પ્રાયઃ ચારિત્રનો સંભવ નથી જ; કેમ કે ગીતાર્થ હોય અને શાસ્ત્રવિધિ અનુસાર વિહરે તો જ ચારિત્ર

સંભવે માટે જે ગીતાર્થ નથી તેઓ જો ચારિત્રના પરિણામવાળા હોય તો જે ગુરુકુલવાસમાં ચારિત્રી વૃદ્ધિને અનુકૂળ સદા સંવેગની વૃદ્ધિનું કારણ બને તેવું જ્ઞાન પ્રાપ્ત થતું હોય, તેને છોડીને ક્યારેય અસમંજસ કાર્ય કરે નહિ. તેથી જેઓ સંયમની કઠોર આચરણા કરનારા છે અને એકાકી વિચરનારા છે તેઓને ગુરુકુલવાસમાં રહેવાથી જે નવું નવું શ્રુત પ્રાપ્ત થાય છે, તેનાથી જે સંવેગની વૃદ્ધિ થાય છે, તેના દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિની પ્રાપ્તિ થાય છે તે વિષયમાં વિપર્યાસ છે અને એકાકીવિહારમાં જે દોષો છે તેના વિષયમાં વિપર્યાસ છે. આથી જ ગુરુકુલવાસનો ત્યાગ સંયમનાશનું પ્રબળ કારણ હોવા છતાં તેઓને સંયમવૃદ્ધિનું કારણ જણાય છે. વળી, તેઓ સ્વમતિ અનુસાર તપમાં રત રહે છે. વળી, શાસ્ત્રમાં ગુણવાનના પારતંત્ર્યને સ્વીકારવાનું વિધાન છે અને એકાકી રહેવાનો નિષેધ છે, છતાં આગમ વિરુદ્ધ એવા એકાકી રહીને જેઓ પ્રવચનની નિંદા કરનારા છે અર્થાત્ કહે છે કે અભિમાની એવા સાધુઓ નવું નવું શ્રુત ભણે છે પરંતુ શ્રુતનું ફળ જે સંયમ છે તેની ઉપેક્ષા કરે છે અને પોતે શુદ્ધ સંયમ પાળે છે તેવું અભિમાન ધારણ કરે છે. આવું કહીને જે એકાકીવિહારી સાધુઓ છે તેઓ સુવિહિત સાધુઓની નિંદા કરીને પ્રવચનની લોકો આગળ નિંદા કરે છે અને શેષ સુસાધુની પૂજાના વિચ્છેદના અભિપ્રાયવાળા છે. તેથી જ લોકો આગળ તેઓને અસાધુ તરીકે સ્થાપન કરે છે. આવા જીવો પ્રાયઃ બહુ અસમીક્ષિત કરનારા છે માટે મિથ્યાદૃષ્ટિ છે. તેથી અન્યદર્શનના કદાગ્રહી સાધુની જેમ અસાધુ છે. તેવા જીવો જેમ અન્યદર્શનના કદાગ્રહી સાધુ દેશારાધક નથી તેમ ભગવાનના શાસનની દીક્ષા ગ્રહણ કરીને બાહ્ય કઠોર આચરણામાં પોતે સુસાધુ છે તેવું અભિમાન ધારણ કરનારા પણ દેશારાધક નથી.

એકાકીવિહાર કરનારા બધા સદૃશ પરિણામવાળા નથી. તેથી કેટલાક સાધુઓ આત્મોત્કર્ષ, પરદ્રોહ, ગુરુ-ગચ્છાદિનો પ્રદ્વેષ, તદ્મૂલક અસદ્ગ્રહથી અકલંકિત પરિણામવાળા છે. આમ છતાં મૃગલા જેવા ભય પામવાના સ્વભાવવાળા હોવાથી અપવાદથી દોષિત ભિક્ષાદિની પ્રવૃત્તિ સમુદાયમાં થતી હોય તેને જોઈને પોતાનું સંયમ નાશ પામશે એ પ્રકારના ભયથી જ જેઓ ગચ્છવાસને છોડીને એકાકી થયા છે તેઓમાં તે પ્રકારની સૂક્ષ્મબુદ્ધિનું આવારક કર્મ જ કારણ છે. આથી જ ગચ્છવાસમાં જે શ્રુતઅધ્યયનથી સંવેગની વૃદ્ધિ થાય છે તેને તેઓ જાણી શકતા નથી અને એકાકી રહીને સંયમની આરાધના કરે છે. છતાં ભગવાનના વચનાનુસાર અનુષ્ઠાન કરવાની તેઓને રુચિ છે પરંતુ સૂક્ષ્મ બોધ નહીં હોવાથી તેઓની સંયમની આચરણા બહુ અજ્ઞાનકષ્ટમાં પડે છે તોપણ શાસ્ત્રવચનાનુસાર જે ક્રિયાઓ કરે છે તેમાં ક્યારેક મોક્ષને અનુકૂળ કોઈક પરિણામને કરે છે. તેથી તેઓની કેટલીક પરિણતિ આગમાનુસારી પણ થાય છે; કેમ કે ભગવાને સર્વ ક્રિયાઓ કરીને તત્ત્વ પ્રત્યેનો રાગ વૃદ્ધિ પામે તે પ્રકારે જ સર્વ ઉચિત ક્રિયા કરવાની કહી છે. તેથી ભદ્રકપ્રકૃતિવાળા એકાકીવિહારી સાધુ પણ જે અંશથી મોક્ષને અનુકૂળ ભાવો કરે છે તે અંશથી દેશારાધક છે.

આ કથનમાં ગ્રંથકારશ્રીએ ઉપદેશપદનો સાક્ષીપાઠ આપ્યો. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે દેશારાધક સાધુઓ છે તેઓ સૂત્રના શબ્દાર્થને આશ્રયીને યથાર્થ અર્થ કરે છે અને તે પ્રમાણે સંયમની આચરણા કરે છે. આથી જ વસતિશુદ્ધિ, આહારની શુદ્ધિ, સંયમની બાહ્ય આચરણાઓ શાસ્ત્રવિધિ અનુસાર કરે છે પરંતુ

ભગવાને કહેલાં સર્વ અનુષ્ઠાનો કઈ રીતે અંતરંગ પરિણતિની શુદ્ધિ દ્વારા અસંગ ભાવનું કારણ બને છે ? તેનો મર્મસ્પર્શી બોધ નહીં હોવાને કારણે તેઓની તે સંયમની સર્વ કષ્ટકારી આચરણા અજ્ઞાનતપમાં પડે છે. જેમ પંચાગ્નિનું સેવન કરનારા અન્યદર્શનના ત્યાગીઓનું સર્વ અનુષ્ઠાન અજ્ઞાનતપઆત્મક છે છતાં તેમની કોઈક પ્રવૃત્તિ જિનમતના આગમાનુસારી થાય છે. તેથી તે તે આચરણાથી કંઈક સંવેગના પરિણામને પ્રાપ્ત કરે છે માટે તેઓ દેશારાધક છે.

આ સર્વ કથનનો સંક્ષેપથી ફલિતાર્થ બતાવતાં કહે છે – કોઈક સાધુ સ્વમતિથી સંયમની ક્રિયાઓ કરતા હોય અને ઘુણાક્ષરન્યાયથી કંઈક શુદ્ધ કૃત્ય થાય એટલામાત્રથી તે આગમાનુપાતી નથી; કેમ કે આગમાનુસારી દરેક પ્રવૃત્તિ તત્ત્વના રાગથી તત્ત્વ તરફ જવાને અનુકૂળ અંતરંગ વ્યાપારથી યુક્ત આચરણારૂપ છે. જેઓ સ્વમતિ અનુસાર આગમનાં વચનોને લઈને બાહ્યથી કોઈ શુદ્ધ કૃત્ય કરે એટલામાત્રથી આગમને અપેક્ષિત એવી પરિણતિ થતી નથી. આથી જ નિહ્નવો બાહ્ય ક્રિયા શુદ્ધ કરે છે તોપણ વીતરાગના વચનથી વિપરીત ભાવમાં અભિનિવિષ્ટ હોવાથી તેઓ દેશારાધક નથી. પરંતુ જેઓ ભદ્રકપ્રકૃતિવાળા છે તેઓ શુદ્ધ ક્રિયાથી જન્ય જે નિર્જરા, તેના પ્રતિબંધક એવા સ્વમતિ વિકલ્પવાળી પ્રવૃત્તિ કરે છે તોપણ તેઓમાં અસદ્ગ્રહ અનિવર્તનીય નહીં હોવાથી તેઓ માને છે કે જે કાંઈ આગમાનુસારી છે અને શિષ્ટ સંમત છે તે જ પ્રમાણ છે, પરંતુ મારી રુચિ અનુસારી આગમ પ્રમાણ નથી. તેઓને આગમાનુસારી કૃત્ય કરવા પ્રત્યે રાગ અતિશય છે અને સ્વમતિ અનુસારી કરાતી પ્રવૃત્તિમાં સ્વમતિનો રાગ નિવર્તનીય છે. તેથી જેમ પ્રતિબંધકના સદ્ભાવમાં શુદ્ધ ક્રિયાજન્ય નિર્જરા થઈ શકે નહીં તેમ ઉત્તેજકના સદ્ભાવમાં કંઈક શુદ્ધ ક્રિયાજન્ય નિર્જરા થાય છે.

દેશારાધકના આખા કથનનું નિગમન કરતાં કહે છે – ગાથા-૨૫માં બતાવ્યું એ પ્રકારનો ગીતાર્થઅનિશ્રિત, તપ-ચારિત્રમાં રત એવો અગીતાર્થ સાધુ અને તેના પૂર્વની ગાથાઓમાં બતાવ્યો તેવો બાલતપસ્વી, શીલવાન્ અને અશ્રુતવાન્ છે તેથી માર્ગાનુસારી છે, માટે તે બંને દેશારાધક છે. તેથી અન્યદર્શનમાં રહેલા બાલતપસ્વી દેશારાધક અને સાધુવેશમાં રહેલા દેશારાધક એ બે પક્ષમાં બહુ ભેદ નથી. **॥૨૫॥**

અવતરણિકા :-

ननु लौकिकमिथ्यात्वाल्लोकोत्तरमिथ्यात्वं बलीय इति हेतोरुभयोर्महाभेद एव इत्यत आह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે કે લૌકિક મિથ્યાત્વથી લોકોત્તર મિથ્યાત્વ બળવાન છે એ હેતુથી ઉભયનો=બાલતપસ્વી અને ગીતાર્થઅનિશ્રિત તપ-ચરણમાં રત અગીતાર્થનો, મહાન ભેદ જ છે. એથી કહે છે –

ભાવાર્થ :-

અન્યદર્શનવાળા લૌકિક ધર્મનું સેવન કરીને વિપરીત બુદ્ધિવાળા હોવાથી લૌકિક મિથ્યાત્વી છે અને

ભગવાનના શાસનને પામેલા ભગવાનના વચનથી વિપરીત રુચિવાળા જીવોમાં લોકોત્તર મિથ્યાત્વ છે. અન્યદર્શનના જીવોને ભગવાનનું શાસન નહીં મળેલું હોવાથી વિપરીત રુચિ છે, જ્યારે ભગવાનના શાસનને પામીને વિપરીત રુચિવાળા જીવોનું મિથ્યાત્વ તેઓના કરતાં બલવાન છે. એથી અન્યદર્શનમાં રહેલા બાલતપસ્વીને અને જૈનદર્શનમાં રહેલા સ્વચ્છંદવિહારી સાધુને સમાન કહી શકાય નહિ, પરંતુ અન્યદર્શનના મિથ્યાત્વી કરતાં જૈનદર્શનના મિથ્યાદૃષ્ટિ અધિક ખરાબ હોવાથી દેશારાધક કહી શકાય નહિ. એ પ્રકારની શંકામાં કહે છે –

ગાથા :-

लोइअमिच्छत्ताओ लोउत्तरियं तयं महापावं ।
इअ णेगंतो जुत्तो जं परिणामा बहुविगप्पा ।।२६।।

છાયા :-

लौकिकमिथ्यात्वाल्लोकोत्तरिकं तन्महापापम् ।
इत्येकान्तो न युक्तो यत्परिणामा बहुविकल्पाः ।।२६।।

અન્વયાર્થ :-

लोइअमिच्छत्ताओ=લૌકિક મિથ્યાત્વથી, लोउत्तरियं=લોકોત્તર, तयं=તે=મિથ્યાત્વ, महापावं=મહાપાપ છે, इअ=એ પ્રમાણે एगंतो जुत्तो ण=એકાંત યુક્ત નથી. जं=જે કારણથી, परिणामा=પરિણામો=મિથ્યાત્વના પરિણામો, बहुविगप्पा=બહુ વિકલ્પવાળા છે. ।।૨૬।।

ગાથાર્થ :-

લૌકિક મિથ્યાત્વથી લોકોત્તર તે=મિથ્યાત્વ, મહાપાપ છે એ પ્રમાણે એકાંત યુક્ત નથી. જે કારણથી પરિણામો=મિથ્યાત્વના પરિણામો, બહુ વિકલ્પવાળા છે. ।।૨૬।।

ટીકા :-

लोइअमिच्छत्ताओत्ति । लौकिकमिथ्यात्वाल्लोकोत्तरिकं तत्=मिथ्यात्वं, महापापं इत्येकान्तो न युक्तः, यत्परिणामा बहुविकल्पा=नानाभेदाः, संभवन्ति, तथा च यथा लौकिकं मिथ्यात्वं तीव्रमन्दादिभेदान्नानाविध तथा लोकोत्तरमपीति न विशेषः, प्रत्युत ग्रन्थिभेदानन्तरमल्पबन्धापेक्षया लोकोत्तरमेवाल्पपापमिति । तदुक्तं योगबिन्दुसूत्रवृत्त्योः –

"भिन्नग्रन्थेस्तृतीयं तु सम्यग्दृष्टेरतो हि न ।
पतितस्याप्यते बन्धो ग्रन्थिमुल्लङ्घ्य देशितः ।।२६६।।

व्याख्या-भिन्नग्रन्थेस्तृतीयं तु अनिवृत्तिकरणं पुनर्भवति, एवं सति यत्सिद्धं तदाह-सम्यग्दृष्टेर्जीवस्य अतो हि=अत एव, करणत्रयलाभादेव हेतोः न=नैव, पतितस्य=तथाविधसङ्कलेशात्सम्यक्त्वात्परिभ्रष्टस्य, आप्यते=लभ्यते, बन्धो ज्ञानावरणादिपुद्गलग्रहणरूपः, कीदृशोऽयं? इत्याह- ग्रन्थिं=ग्रन्थिभेदकालभाविनीं कर्मस्थितिमित्यर्थः, उल्लङ्घ्य=अतिक्रम्य, देशितः=सप्ततिकोट्यादिप्रमाणतया प्रज्ञप्तः, 'बंधेण ण वोलइ कयाइ' इत्यादि वचनप्रामाण्यात् ।।२६६।।

एवं सामान्यतो ज्ञेयः परिणामोऽस्य शोभनः ।

मिथ्यादृष्टेरपि सतो महाबन्धविशेषतः ।।२६७।।

एवं=ग्रन्थेरुल्लङ्घनेन बन्धाभावात्, सामान्यतः न विशेषेण, ज्ञेयः परिणामोऽस्य सम्यग्दृशः शोभनः=प्रशस्तो, मिथ्यादृष्टेरपि सतः तथाविधमिथ्यात्वमोहोदयात्, कुतः? इत्याह-महाबन्धविशेषतः, इह द्विधा बन्धः, महाबन्ध इतरबन्धश्च, तत्र मिथ्यादृष्टेर्महाबन्धः शेषश्चेतरस्य, ततो महाबन्धस्य विशेषतो=अवस्थान्तरविशेषात् । इदमुक्तं भवति-लब्धसम्यक्त्वस्य प्राणिनो मिथ्यादृष्टित्वेऽपि न सामान्यमिथ्यादृष्टेरिव बन्धः, किन्तु कश्चिदत्यन्तन्यूनः ।।२६७।।

तद्विशेष एव कुतः? इत्याह -

सागरोपमकोटीनां कोट्यो मोहस्य सप्ततिः ।

अभिन्नग्रन्थिबन्धो यद् न त्वेकापीतरस्य तु ।।२६८।।

सागरोपमकोटीनां कोट्यो मोहस्य सप्ततिः कर्मग्रन्थे प्रसिद्धा, अभिन्नग्रन्थेर्जीवस्योत्कर्षतो बन्धो यद्=यस्मात्कारणात्, न तु=न पुनः, एकापि सागरोपमकोटाकोटीबन्धः इतरस्य तु=भिन्नग्रन्थेः पुनर्मिथ्यादृष्टेरपि सतः ।।२६८।।

अथोपसंहरन्नाह-

तदत्र परिणामस्य भेदकत्वं नियोगतः ।

बाह्यं त्वसदनुष्ठानं प्रायस्तुल्यं द्वयोरपि ।।२६९।।

यतो ग्रन्थिमतिक्रम्यास्य न बन्धः तत्=तस्माद्, अत्र=अनयोर्भिन्नग्रन्थीतरयोर्जीवयोर्विषये, परिणामस्य=अन्तः-करणस्य, भेदकत्वं=भेदकभावो, नियोगतः=नियोगेन, बाह्यं तु=बहिर्भवं पुनः, असदनुष्ठानमर्थोपार्जनादि प्रायो बाहुल्येन तुल्यं समं द्वयोरप्यनयोरिति ।।२६९।।"

सैद्धान्तिकमतमेतद् । येऽपि कार्मग्रन्थिका भिन्नग्रन्थेरपि मिथ्यात्वप्राप्तावुत्कृष्टस्थितिबन्धमिच्छन्ति, तेषामपि मतेन तथाविधरसाभावात् तस्य शोभनपरिणामत्वे न विप्रतिपत्तिः । यद्यपि अल्पबन्धेऽपि भिन्नग्रन्थेरशुभानुबन्धान्मिथ्यात्वप्राबल्येऽनन्तसंसारित्वं संभवति, तथापि मन्दीभूतं लोकोत्तरमिथ्यात्वं संनिहितमार्गावतारणबीजं स्यादिति विशेषः, न चैवं 'लौकिकमिथ्यात्वाल्लोकोत्तरमिथ्यात्वं शोभनं'

इत्येकान्तोऽपि ग्राह्यः, लोकोत्तरस्यापि भिन्नग्रन्थीतरसाधारणत्वात्, मुग्धानां परेषां मिथ्यात्ववृद्धि-जनकतया लोकोत्तरमिथ्यात्वस्यापि महापापत्वेनोक्तत्वाच्च । यदागमः –

"जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अण्णो ।

वड्ढेइ य मिच्छत्तं परस्स संकं जणेमाणो ।।" **(पिण्डनिर्युक्ति १८६) इति ।**

तस्मादत्रानेकान्त एव श्रेयानिति ।।२६।।

टीकार्थ :-

लौकिकमिथ्यात्वाल्लोकोत्तरिकं ..... श्रेयानिति ।। 'लोइअमिच्छत्ताओत्ति' प्रतीक छे. लौकिकमिथ्यात्वथी लोकोत्तरिक એવું તે=મિથ્યાત્વ, મહાપાપ છે. એ પ્રકારનો એકાંત યુક્ત નથી જે કારણથી પરિણામો= મિથ્યાત્વના તરતમતાના પરિણામો, બહુ વિકલ્પવાળા=અનેક ભેદવાળા સંભવે છે. અને તે રીતે=મિથ્યાત્વના પરિણામો બહુ વિકલ્પવાળા છે તે રીતે, જે પ્રમાણે લૌકિક મિથ્યાત્વ તીવ્ર-મંદાદિભેદથી અનેક પ્રકારનું છે. તે પ્રમાણે લોકોત્તર પણ મિથ્યાત્વ અનેક પ્રકારે છે. એથી ભેદ નથી. ઊલટું ગ્રંથિભેદ અનંતર અલ્પબંધની અપેક્ષાએ લોકોત્તર જ=લોકોત્તર મિથ્યાત્વ જ, અલ્પ પાપવાળું છે=અલ્પ પાપબંધનું કારણ છે, તે=લોકોત્તર મિથ્યાત્વ અલ્પ પાપવાળું છે તે, યોગબિંદુ સૂત્ર અને વૃત્તિમાં કહેવાયું છે –

"ભિન્નગ્રંથિ જીવને ત્રીજું=અનિવૃત્તિકરણ, થાય છે. આથી જ=કરણત્રયના લાભરૂપ હેતુથી જ, પતિત એવા સમ્યગ્દૃષ્ટિને કહેવાયેલો બંધ=ઉત્કૃષ્ટસ્થિતિબંધ, ગ્રંથિને ઓળંગીને પ્રાપ્ત થતો નથી. ।।૨૬૬।।

વ્યાખ્યા :- ભિન્નગ્રંથિને વળી ત્રીજું અનિવૃત્તિકરણ થાય છે. આમ હોતે છતે=અનિવૃત્તિકરણ થયે છતે, જે સિદ્ધ થાય છે તેને કહે છે – સમ્યગ્દૃષ્ટિ જીવને આથી જ=કરણત્રય લાભરૂપ હેતુથી જ, પતિતને=તેવા પ્રકારના સંક્લેશને કારણે સમ્યક્ત્વથી પરિભ્રષ્ટને જ્ઞાનાવરણાદિ પુદ્ગલના ગ્રહણરૂપ બંધ પ્રાપ્ત થતો નથી જ.

કેવા પ્રકારનો બંધ પ્રાપ્ત થતો નથી ? એ કહે છે –

ગ્રંથિભેદકાલભાવિ કર્મસ્થિતિને ઓળંગીને કહેવાયેલો=૭૦ કોટાકોટિ આદિ પ્રમાણરૂપે કહેવાયેલો, બંધ પ્રાપ્ત થતો નથી, એમ અન્વય છે; કેમ કે બંધથી ક્યારેય ઉલ્લંઘન કરતો નથી=ગ્રંથિભેદકાલીન સત્તામાં રહેલી કર્મસ્થિતિનું બંધથી ક્યારેય ઉલ્લંઘન કરતો નથી, એ પ્રકારે વચનનું પ્રમાણપણું છે. ।।૨૬૬।।

આ રીતે મહાબંધનો વિશેષ હોવાને કારણે=મિથ્યાત્વ અવસ્થામાં થતા બંધમાં ભેદ હોવાને કારણે, મિથ્યાદૃષ્ટિ પણ છતાં આને=સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલાને, સામાન્યથી શોભન પરિણામ જાણવો. ।।૨૬૭।।

વ્યાખ્યા :- આ રીતે=ગ્રંથિને ઓળંગીને બંધનો અભાવ હોવાથી સમ્યગ્દૃષ્ટિને ક્યારે પણ ઉત્કૃષ્ટ બંધ થતો નથી એ રીતે, સામાન્યથી=સમ્યક્ત્વ-મિથ્યાત્વ ઉભય સાધારણથી, વિશેષથી નહિ=સમ્યક્ત્વકાલીન અવસ્થાવિશેષથી નહિ, આને=સમ્યગ્દૃષ્ટિને, શોભન=પ્રશસ્ત, પરિણામ જાણવો.

કેવા સમ્યક્ત્વીને પ્રશસ્ત પરિણામ જાણવો ? એથી કહે છે –

મિથ્યાદૃષ્ટિ હોવા છતાં પણ=તેવા પ્રકારનો મિથ્યાત્વ મોહનો ઉદય હોવા છતાં પણ=આકર્ષ માત્રથી પાતરૂપ નહિ, પરંતુ ક્લિષ્ટ ભાવરૂપ મિથ્યાત્વ મોહનો ઉદય હોવા છતાં પણ.

તેવા પ્રકારના મિથ્યાત્વના મોહનો ઉદય હોવા છતાં પણ કેમ શોભન પરિણામ છે ? એથી હેતુ કહે છે –

મહાબંધનો ભેદ છે=સમ્યક્ત્વ નહિ પામેલા મિથ્યાત્વી જીવો કરતાં સમ્યક્ત્વ પામેલા મિથ્યાદૃષ્ટિ જીવમાં મહાબંધનો ભેદ છે, અહીં=સંસારમાં, બે પ્રકારનો બંધ છે : મહાબંધ અને ઇતરબંધ=જે બંધ ક્ષીણ શક્તિ વગરનો હોય તે મહાબંધ, અને જે બંધ ક્ષીણ શક્તિવાળો હોય તે ઇતરબંધ. ત્યાં=બે પ્રકારના બંધમાં, મિથ્યાદૃષ્ટિને મહાબંધ છે, ઇતરને=સમ્યક્ત્વી આદિને, ઇતરબંધ છે. ત્યાર પછી=મહાબંધનો અર્થ કર્યો ત્યાર પછી, મહાબંધનો વિશેષ છે. એ પ્રકારનો સમાસ છે= મહાબંધની અવસ્થાન્તર વિશેષ છે=સમ્યક્ત્વ નહીં પામેલા જીવો કરતાં સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા મિથ્યાદૃષ્ટિના મહાબંધની અલ્પતારૂપ અવસ્થાન્તરનો ભેદ છે. આ કહેવાયેલું થાય છે='મહાબંધવિશેષથી' એ વચનથી આગળમાં કહેવાય છે એ કહેવાયેલું થાય છે – પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વવાળા જીવનું મિથ્યાદૃષ્ટિપણું હોવા છતાં પણ સામાન્ય મિથ્યાદૃષ્ટિના જેવો બંધ નથી=સમ્યક્ત્વ નહીં પામેલા મિથ્યાદૃષ્ટિ જેવો બંધ નથી, પરંતુ કંઈક અત્યંત ન્યૂન છે. ॥૨૬૭॥

તેનો વિશેષ જ=બંધનો ભેદ જ, કેમ છે ? એથી કહે છે –

જે કારણથી અભિન્નગ્રંથિનો બંધ મોહની ૭૦ કોટાકોટિ સાગરોપમ છે, વળી ઇતરનો=ગ્રંથિભેદને કરેલ મિથ્યાદૃષ્ટિનો, એક કોટાકોટિ સાગરોપમ પણ નથી. ॥૨૬૮॥

વ્યાખ્યા :- મોહનો (ઉત્કૃષ્ટ સ્થિતિબંધ) ૭૦ કોટાકોટિ સાગરોપમ કર્મગ્રંથ પ્રસિદ્ધ છે. જે કારણથી અભિન્નગ્રંથિ જીવનો ઉત્કૃષ્ટથી બંધ ૭૦ કોટોકોટિ સાગરોપમ છે. એમ અન્વય છે. પરંતુ ઇતરનો=મિથ્યાદૃષ્ટિ પણ છતાં ભિન્નગ્રંથિનો એક કોટાકોટી સાગરોપમ પણ નથી. ॥૨૬૮॥

હવે ઉપસંહાર કરતાં કહે છે=પતિત થયેલા સમ્યગ્દૃષ્ટિને અન્ય મિથ્યાદૃષ્ટિ કરતાં સુંદર પરિણામ છે તેમ યોગબિંદુની સાક્ષીથી અત્યાર સુધી સ્પષ્ટ કર્યું. તેનો ઉપસંહાર કરતાં કહે છે –

તે કારણથી=ગાથા-૨૬૮માં કહ્યું કે, અભિન્નગ્રંથિ કરતાં ભિન્નગ્રંથિ મિથ્યાદૃષ્ટિનો બંધ કોટાકોટિ પણ નથી તે કારણથી, આમાં=અભિન્નગ્રંથિ મિથ્યાદૃષ્ટિ અને ભિન્નગ્રંથિ મિથ્યાદૃષ્ટિમાં, નક્કી પરિણામનું ભેદકપણું છે. વળી, બાહ્ય અસદ્ અનુષ્ઠાન બંનેનું પણ પ્રાયઃ તુલ્ય છે. ॥૨૬૯॥

વ્યાખ્યા :- જે કારણથી ગ્રંથિને અતિક્રમીને આને=ભિન્નગ્રંથિ એવા મિથ્યાદૃષ્ટિને, બંધ નથી. તે કારણથી આમાં= ભિન્નગ્રંથિ અને ઇતર એવા આ બે જીવોના વિષયમાં, પરિણામનું=અંતઃકરણનું, નિયોગથી ભેદકપણું છે=નક્કી ભેદકભાવ છે, પણ બાહ્ય=બહિઃ થનારું, અસદ્ અનુષ્ઠાન=અર્થોપાર્જનાદિ, પ્રાયઃ=બહુલતાથી, આ બંનેનું પણ તુલ્ય=સમાન, છે. ॥૨૬૯॥

આ=પૂર્વમાં બતાવ્યું એ, સૈદ્ધાન્તિક મત છે.

જે પણ કાર્મગ્રંથિકો ભિન્નગ્રંથિને પણ મિથ્યાત્વની પ્રાપ્તિમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ઇચ્છે છે તેઓના પણ મતથી તેવા પ્રકારના રસનો અભાવ હોવાથી=અભિન્નગ્રંથિક જીવને જેવો ઉત્કૃટ રસ બંધાય છે તેવા પ્રકારના ઉત્કટ રસનો અભાવ હોવાથી, તેના શોભન પરિણામપણામાં=ભિન્નગ્રંથિ મિથ્યાદૃષ્ટિના

શોભન પરિણામપણામાં, વિપ્રતિપત્તિ નથી. જોકે અલ્પબંધમાં પણ ભિન્નગ્રંથિને અશુભ અનુબંધથી મિથ્યાત્વના પ્રાબલ્યમાં અનંતસંસારીપણું સંભવે છે તોપણ મંદીભૂત એવું લોકોત્તરમિથ્યાત્વ સંનિહિત માર્ગાવતારણનું બીજ થાય છે, એ પ્રમાણે વિશેષ છે. અને આ રીતે=મંદીભૂત લોકોત્તરમિથ્યાત્વ માર્ગાવતારણનું બીજ થાય છે એ રીતે, લૌકિક મિથ્યાત્વથી લોકોત્તર મિથ્યાત્વ શોભન છે એ પ્રમાણે એકાંત પણ ગ્રહણ કરવો નહિ; કેમ કે લોકોત્તરનું પણ ભિન્નગ્રંથિઈતરનું સાધારણપણું છે=ભિન્નગ્રંથિ-અભિન્નગ્રંથિ સાધારણપણું છે, અને મુગ્ધ એવા પરને મિથ્યાત્વની વૃદ્ધિનું જનકપણું હોવાથી લોકોત્તર મિથ્યાત્વનું પણ મહાપાપપણાથી ઉક્તપણું છે. જે કારણથી આગમ છે=પિંડનિર્યુક્તિ આગમમાં કહ્યું છે –

"જે યથાવાદ કરતો નથી=જે સાધુ શાસ્ત્રમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે કરતો નથી, તેનાથી અન્ય કોણ મિથ્યાત્વી છે ? અર્થાત્ તે જ મહામિથ્યાદૃષ્ટિ છે.

કેમ મહામિથ્યાત્વી છે ? તેથી કહે છે –

પરને શંકા નિષ્પન્ન કરતો=આ મહાત્મા જે આચરણા કરે છે તે જિનવચનાનુસાર છે કે અન્ય સુવિહિત સાધુઓ કરે છે તે જિનવચનાનુસાર છે એ પ્રમાણે શંકાને નિષ્પન્ન કરતો મિથ્યાત્વને વધારે છે=અન્ય જીવોમાં મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે. ॥૧૮૬॥ " **(પિંડનિર્યુક્તિ ગાથા ૧૮૬)**

તે કારણથી=ટીકામાં અત્યાર સુધી સ્પષ્ટતા કરી તે કારણથી, લૌકિક મિથ્યાત્વ અને લોકોત્તર મિથ્યાત્વમાં અનેકાંત જ શ્રેય છે અર્થાત્ કોઈક અપેક્ષાએ લૌકિક મિથ્યાત્વ શોભન છે અને કોઈક અપેક્ષાએ લોકોત્તર મિથ્યાત્વ શોભન છે એ પ્રકારે અનેકાંત જ આશ્રયણીય છે.

ભાવાર્થ :-

લૌકિક મિથ્યાત્વ અને લોકોત્તર મિથ્યાત્વ તે બંનેમાં ભિન્ન-ભિન્ન પરિણામને આશ્રયીને અનેકાંત છે. તેથી કોઈક દૃષ્ટિથી લૌકિક મિથ્યાત્વ અધિક ખરાબ છે અને લોકોત્તર મિથ્યાત્વ ઓછું ખરાબ છે, જ્યારે કોઈક દૃષ્ટિથી લોકોત્તર મિથ્યાત્વ અધિક ખરાબ છે અને લૌકિક મિથ્યાત્વ ઓછું ખરાબ છે. આથી જ જેમણે ગ્રંથિનો ભેદ કર્યો નથી તેવા જીવોની અપેક્ષાએ ગ્રંથિભેદને પ્રાપ્ત કર્યા પછી મિથ્યાત્વને પામેલા જીવોમાં પૂર્વના જેવો ઉત્કૃષ્ટ સંક્લેશ થતો નથી. તેથી તે દૃષ્ટિથી લૌકિક મિથ્યાત્વ કરતાં લોકોત્તર મિથ્યાત્વ શોભન છે. વળી લોકોત્તર મિથ્યાત્વી જીવો પણ અનિવર્તનીય અસદ્ગ્રહવાળા થાય ત્યારે મિથ્યાત્વના પ્રાબલ્યને કારણે અનંતસંસાર અર્જન કરે છે. કોઈક લૌકિક મિથ્યાત્વી જીવ તેવા મિથ્યાત્વના પ્રાબલ્યવાળા ન હોય તો લોકોત્તર મિથ્યાત્વી કરતાં લૌકિક મિથ્યાત્વી શોભન છે તેમ કહી શકાય.

વળી, ભગવાનના શાસનમાં રહેલા તત્ત્વના અર્થી લોકોત્તર મિથ્યાદૃષ્ટિ પણ મિથ્યાત્વની મંદતાવાળા હોવાથી ભગવાનના શાસનની પ્રાપ્તિનું કારણ પણ તેઓનું લોકોત્તર મિથ્યાત્વ બને છે. તેથી જ તેવા જીવોનું લોકોત્તર મિથ્યાત્વ અન્યદર્શનના મંદ મિથ્યાત્વી કરતાં પણ સારું છે; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિની સામગ્રી વિદ્યમાન છે.

વળી, લોકોત્તર મિથ્યાત્વવાળા પણ કેટલાક જીવો પૂર્વમાં ક્યારેય ગ્રંથિભેદ કર્યો નથી તેવા પણ છે અને કેટલાક પૂર્વમાં ગ્રંથિભેદ કર્યો છે તેવા છે. તેથી પૂર્વમાં ગ્રંથિભેદ કર્યો નથી તેવા લોકોત્તર મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટ સંક્લેશ થઈ શકે તેમ છે અને ગ્રંથિભેદને કરેલા અન્યદર્શનમાં રહેલા લૌકિક મિથ્યાદૃષ્ટિને તેવો સંક્લેશ થઈ શકે તેમ નથી. તે અપેક્ષાએ લોકોત્તર મિથ્યાત્વ કરતાં લૌકિક મિથ્યાત્વી શોભન છે.

વળી, કેટલાક લોકોત્તર મિથ્યાત્વી જીવો સ્વરુચિ અનુસાર ભગવાનની સંયમની ક્રિયાઓ કરીને અન્ય મુગ્ધ જીવોને શંકા ઉત્પન્ન કરે છે કે આ મહાત્માઓ ક્રિયાઓ કરે છે તે કલ્યાણનું કારણ છે કે અન્ય સુવિહિત સાધુઓ ક્રિયા કરે છે તે કલ્યાણનું કારણ છે ? આ પ્રમાણે શંકા ઉત્પન્ન કરીને લોકોત્તર મિથ્યાત્વી જીવો મુગ્ધ જીવોમાં મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે, જ્યારે અન્યદર્શનવાળા લૌકિક મિથ્યાદૃષ્ટિ જીવો તેવી વૃદ્ધિ કરાવતા નથી. તે અપેક્ષાએ લૌકિક મિથ્યાત્વ કરતાં પણ લોકોત્તર મિથ્યાત્વ અધિક પાપરૂપ છે.

આ રીતે લૌકિક મિથ્યાત્વ અને લોકોત્તર મિથ્યાત્વવાળા જીવોમાં ભિન્ન ભિન્ન પરિણામને આશ્રયીને ઘણા વિકલ્પો થાય છે. માટે લૌકિક મિથ્યાત્વ એકાંતે મહાપાપરૂપ છે કે લોકોત્તર મિથ્યાત્વ એકાંતે મહાપાપરૂપ છે તેવો વિભાગ નથી. **॥૨૬॥**

અવતરણિકા :-

ગીતાર્થનિશ્રિતમપિ દેશારાધકમાહ –

અવતરણિકાર્થ :-

ગીતાર્થનિશ્રિત પણ દેશારાધકને કહે છે –

ભાવાર્થ :-

અહીં 'અપિ'થી એ કહેવું છે કે ગીતાર્થઅનિશ્રિત તો દેશારાધક છે, પણ ગીતાર્થનિશ્રિત પણ સૂક્ષ્મ પ્રજ્ઞાના અભાવને કારણે દેશારાધક છે. તેને કહે છે –

ગાથા :-

पढमकरणभेएणं गंथासन्नो जई व सड्ढो वा ।
णेगमणयमयभेआ इह देसाराहगो णेओ ।।२७।।

છાયા :-

प्रथमकरणभेदेन ग्रन्थ्यासन्नो यतिर्वा श्राद्धो वा ।
नैगमनयमतभेदादिह देशाराधको ज्ञेयः ।।२७।।

અન્વયાર્થ :-

પઢમકરણભેએણં=પ્રથમ કરણના ભેદથી, ગંથાસન્નો= ગ્રંથિઆસન્ન, જઈ વ સડ્ઢો વા=યતિને અથવા શ્રાવકને, ણેગમણયમયભેઆ=નૈગમનયના મતના ભેદથી, ઇહ=અહીં=આરાધકવિરાધકની ચતુર્ભંગીમાં, દેસારાહગો ણેઓ=દેશારાધક જાણવો. ॥૨૭॥

ગાથાર્થ :-

પ્રથમ કરણના ભેદથી ગ્રંથિઆસન્ન યતિને અથવા શ્રાવકને નૈગમનયના મતના ભેદથી અહીં=આરાધકવિરાધકની ચતુર્ભંગીમાં, દેશારાધક જાણવો. ॥૨૭॥

ટીકા :-

पढमत्ति । प्रथमकरणभेदेन=यथाप्रवृत्तकरणावस्थाविशेषेण, ग्रन्थ्यासन्नो=ग्रन्थिनिकटवर्त्ती, अपुनर्बंधकादिभावशाली यतिर्वा श्राद्धो वेह=प्रकृतविचारे, नैगमनयमतभेदात्=प्रस्थकन्यायेन विचित्रावस्थाऽभ्युपगन्तृनैगमनयमतविशेषाश्रयणाद्देशाराधको ज्ञेयः । अयं भावः–गीतार्थास्तावत् प्रकृतिभद्रकत्वादिगुणवतां प्राणिनां योग्यताविशेषमवगम्य केषाञ्चिज्जिनपूजा-तपोविशेष-प्रतिक्रमण-सामायिकादिश्रावकधर्मं समर्पयन्ति, केषाञ्चिच्च प्रव्रज्यामपि, तेषां चाव्युत्पन्नदशायां सदनुष्ठानरागमात्रेण तदनुष्ठानं धर्ममात्रहेतुतया पर्यवस्यति । तदुक्तं पूजामधिकृत्य विंशिकायां (८-८) –

"पढमकरणभेएणं गंथासन्नस्स धम्ममित्तफला ।

साहुज्जुगाइभावो जायइ तह नाणुबंधुत्ति ।।"

तपोविशेषमाश्रित्योक्तं पञ्चाशके (१९-२७) –

"एवं पडिवत्तीए इत्तो मग्गाणुसारिभावाओ ।

चरणं विहिअं बहवे पत्ता जीवा महाभागा ।।"

तथा प्रव्रज्यामाश्रित्य तत्रैवोक्तं (पंचा०२-४४) –

"दिक्खाविहाणमेअं भाविज्जंतं तु तंतणीईए ।

सइअपुणबधगाणं कुग्गहविरहं लहुं कुणइ ।।"

एतद्वृत्तिर्यथा– 'दीक्षाविधानं=जिनदीक्षाविधिः, एतद्=अनन्तरोक्तं, भाविज्जंतं तुत्ति भाव्यमानमपि=पर्यालोच्यमानमपि, आस्तमासेव्यमानं, सकृद्बन्धकापुनर्बन्धकाभ्यामिति गम्यम् । अथवा भाव्यमानमेव नाऽभाव्यमानमपि 'तु'शब्दो 'अपि' शब्दार्थ एवकारार्थो वा तन्त्रनीत्या=आगमन्यायेन, कयोः? इत्याह सकृदेकदा न पुनरपि च बन्धो मोहनीयकर्मोत्कृष्टस्थितिबन्धनं ययोस्तौ सकृदपुनर्बन्धकौ तयोः, सकृद्बन्धकस्यापुनर्बन्धकस्य चेत्यर्थः, तत्र 'यो

यथाप्रवृत्तकरणेन ग्रन्थिप्रदेशमागतोऽभिन्नग्रन्थिः सकृदेवोत्कृष्टां सागरोपमकोटाकोटिसप्ततिलक्षणां स्थितिं भन्त्स्यति असौ सकृद्बन्धक उच्यते' 'यस्तु तां तथैव क्षपयन् ग्रन्थिप्रदेशमागतः पुनर्न तां भन्त्स्यति भेत्स्यति च ग्रन्थिं सोऽपुनर्बन्धक उच्यते', एतयोश्चाभिन्नग्रन्थित्वेन कुग्रहः संभवति, न पुनरविरतसम्यग्दृष्ट्यादीनां, मार्गाभिमुखमार्गपतितयोस्तु कुग्रहसंभवेऽपि तत्त्याग एतद्भावनामात्रासाध्य इत्यत उक्तं सकृद्बन्धकापुनर्बन्धकयोरिति । एतयोश्च भावसम्यक्त्वाभावाद्दीक्षायां द्रव्यसम्यक्त्वमेवमारोप्यते इति । कुग्रहविरहं=असदभिनिवेशवियोगं, लघु=शीघ्रं, करोति=विधत्ते । (इह विरहशब्देन हरिभद्राचार्यकृतत्वं प्रकरणस्यावेदितं विरहाङ्कत्वात्तस्येत्येवं सर्वत्रेति गाथार्थः ।।४४।।)' **इति ।**

तथा च धर्ममात्रफलानुष्ठानवतां गीतार्थनिश्रितसाधुश्रावकाणामपि भावतोऽनधिगतश्रुतज्ञानत्वाच्छीलवत्त्वाच्च देशाराधकत्वमेव, तथैव परिभाषणात्, चारित्रमोहनीयक्षयोपशमविशेषाद् भावतोऽधिगतश्रुतज्ञानानां शीलवतां द्रव्यतोऽल्पश्रुतानामपि माषतुषादीनां त्वेवं सर्वाराधकत्वमेव परिशिष्यते इति दृष्टव्यम् ।।२७।।

टीकार्थ :-

प्रथमकरणभेदेन ..... इति दृष्टव्यम् ।। 'पढमत्ति' प्रतीक छे. प्रथम करणना भेदथी=यथाप्रवृत्तिकरणनी अवस्थाविशेषथी=सम्यक्त्वप्राप्तिनां त्रण करणो अंतर्गत जे अनादिकालमां थतुं यथाप्रवृत्तिकरण छे तेना करतां अवस्थाविशेषवाळा यथाप्रवृत्तिकरणथी, ग्रंथिआसन्न=ग्रंथिनिकटवर्ती, अपुनर्बंधक आदि भावशाली यति अथवा श्राद्ध अहीं=प्रकृत विचारमां=आराधकविराधकनी चतुर्भंगीना विचारमां, नैगमनयना मतना भेदथी=प्रस्थकन्याय द्वारा विचित्र अवस्था स्वीकारनार नैगमनयना मतना विशेषना आश्रयणथी, देशाराधक जाणवा.

आ भाव छे – गीतार्थो प्रकृतिभद्रकत्वादि गुणवाळा प्राणीओनी योग्यताविशेषने जाणीने केटलाकने जिनपूजा, तपोविशेष, प्रतिक्रमण, सामायिकादि श्रावकधर्म आपे छे अने केटलाकने प्रव्रज्या पण आपे छे. अने तेओने=श्रावकोने अने साधुओने, अव्युत्पन्नदशामां सदनुष्ठानना रागमात्रथी ते अनुष्ठान धर्ममात्रना हेतुपणाथी पर्यवसान पामे छे=धर्मसामान्यना हेतुपणाथी पर्यवसान पामे छे. ते=अव्युत्पन्नदशामां देशविरति के सर्वविरति धर्म सामान्यनो हेतु बने छे ते, पूजाने आश्रयीने विंशिकामां कहेलुं छे –

"प्रथम करणना भेदथी=यथाप्रवृत्तिकरणना विशेषथी, ग्रंथिआसन्न जीवोने धर्ममात्र फळवाळी पूजा होय छे. (अने) साधुयोगादिभाव ते प्रकारना अनुबंधवाळो थतो नथी. ।।८।।" **(विंशति विंशिका-८/८)**

तपोविशेषने आश्रयीने पंचाशकमां कहेवायुं छे –

"आ रीते=पंचाशकनी पूर्वनी गाथाओमां कह्युं के कुशलादि अनुष्ठानोमां साधर्मिक देवताओना निरुपसर्गपणादि हेतुथी तप कराय छे ए रीते, प्रतिपत्ति द्वारा=तपनी आचरणा द्वारा, आना कारणे=पूर्वमां कह्युं ए रीते कषायादिनो

નિરોધ થવાને કારણે, માર્ગાનુસારીભાવ થવાથી=મોક્ષપથને અનુકૂળ અધ્યવસાય થવાથી, વિહિત એવું ચારિત્ર ઘણા મહાભાગ્યશાલી જીવોએ પ્રાપ્ત કર્યું." **(પંચાશક-૧૯, ગાથા-૨૭)**

અને પ્રવ્રજ્યાને આશ્રયીને ત્યાં જ=પંચાશકમાં જ, કહેવાયું છે –

"આ દીક્ષાવિધાન તંત્રનીતિથી ભાવ્યમાન પણ સકૃદ્બંધકના અને અપુનર્બંધકના કુગ્રહવિરહને શીઘ્ર કરે છે." **(પંચાશક-૨, ગાથા-૪૪)**

આની વૃત્તિ=પંચાશકના ઉદ્ધરણની ટીકા 'યથા'થી બતાવે છે –

"દીક્ષાનું વિધાન=જિનદીક્ષાની વિધિ, આ=અનંતરમાં કહેવાયેલી=પંચાશકની પૂર્વની ગાથામાં કહેવાયેલી, સકૃદ્બંધક-અપુનર્બંધક દ્વારા ભાવન કરાતી પણ=પર્યાલોચન કરાતી પણ, અથવા ભાવ્યમાન જ, અભાવ્યમાન નહિ.

કઈ રીતે ભાવ્યમાન ? એથી કહે છે –

તંત્રનીતિથી=આગમન્યાયથી, ભાવ્યમાન જ સકૃદબંધક અને અપુનર્બંધકના કુગ્રહનો નાશ કરે છે, એમ અન્વય છે.

સકૃદબંધકનું સ્વરૂપ બતાવે છે –

સકૃદ્ એટલે એક વખત. અથવા ફરી પણ બંધ નથી=મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ નથી જેમને તે બેનો કુગ્રહ નાશ કરે છે એમ અન્વય છે. તેમાં=સકૃદ્બંધક અને અપુનર્બંધકમાં, જે યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિપ્રદેશે આવેલો અભિન્નગ્રંથિ એક વખત જ ઉત્કૃષ્ટ ૭૦ કોટાકોટિ સાગરોપમ સ્થિતિને બાંધશે તે સકૃદ્બંધક કહેવાય. વળી, જે તેને=ઉત્કૃષ્ટ સ્થિતિને તે પ્રકારે જ ક્ષપણા કરતો ગ્રંથિપ્રદેશમાં આવેલો ફરી ક્યારેય તેને=ઉત્કૃષ્ટ સ્થિતિને, બાંધશે નહીં અને ગ્રંથિને ભેદશે તે અપુનર્બંધક છે. આ બંનેને અભિન્નગ્રંથિપણું હોવાથી કુગ્રહ સંભવિત છે. વળી, અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને કુગ્રહ સંભવિત નથી. વળી, માર્ગાભિમુખ, માર્ગપતિતમાં કુગ્રહનો સંભવ હોવા છતાં પણ તેનો ત્યાગ=કુગ્રહનો ત્યાગ, આની ભાવનામાત્રથી અસાધ્ય છે=દીક્ષાવિધિના ભાવન-માત્રથી અનિવર્તનીય છે, તેથી સકૃદ્બંધક અને અપુનર્બંધકને કુગ્રહ વિરહ થાય છે એમ કહેલ છે. અને આમનામાં=સકૃદ્બંધક અને અપુનર્બંધકમાં, ભાવસમ્યક્ત્વનો અભાવ હોવાથી દીક્ષા આપતી વખતે દ્રવ્યસમ્યક્ત્વ જ આરોપણ કરાય છે. અને કુગ્રહનો વિરહ=અસદ્અભિનિવેશનો વિયોગ શીઘ્ર કરે છે".

'ઇતિ' શબ્દ પંચાશકની વૃત્તિની સમાપ્તિ માટે છે.

અને તે રીતે=અવ્યુત્પન્ન દશામાં કેટલાક જીવોને પ્રવ્રજ્યા પણ ધર્મમાત્રના હેતુપણાથી પર્યવસાન પામે છે એમ પૂર્વમાં કહ્યું અને તેમાં પૂજાને આશ્રયીને, તપવિશેષને આશ્રયીને, અને પ્રવ્રજ્યાને આશ્રયીને જે વિધાન છે તેની સાક્ષી આપી તે રીતે, ધર્મમાત્રના ફલ-અનુષ્ઠાનવાળા ગીતાર્થનિશ્રિત સાધુ, શ્રાવકોનું પણ ભાવથી અનધિગત શ્રુતજ્ઞાનપણું હોવાથી=દ્રવ્યથી શાસ્ત્રાભ્યાસ હોવા છતાં શાસ્ત્રના પરમાર્થને સ્પર્શે તે પ્રકારના ભાવથી અનધિગત શ્રુતજ્ઞાનપણું હોવાથી અને શીલવાનપણું હોવાથી દેશારાધકપણું છે; કેમ કે તે પ્રકારે જ પરિભાષણ છે=દેશારાધક સ્વીકારવામાં ભાવથી શ્રુતજ્ઞાન વગરનાનું અને શીલવાનનું જ પરિભાષણ છે. વળી ચારિત્રમોહનીયના ક્ષયોપશમવિશેષથી

ભાવથી અધિગત શ્રુતજ્ઞાનવાળા અને શીલવાળા દ્રવ્યથી અલ્પશ્રુતવાળા પણ માષતુષાદિનું, આ રીતે=પૂર્વમાં કહ્યું કે ભાવથી અનધિગત શ્રુતજ્ઞાનવાળા અને શીલવાળા દેશારાધક છે એ રીતે, સર્વારાધકપણું જ પરિશેષ રહે છે એ પ્રમાણે જાણવું. ॥૨૭॥

ભાવાર્થ :-

ગીતાર્થનિશ્રિત દેશારાધક સાધુ અને શ્રાવક કેવા સ્વરૂપવાળા હોય છે ? તેનું વર્ણન પ્રસ્તુત ગાથામાં કરેલ છે. જે જીવો યથાપ્રવૃત્તિકરણની અવસ્થાવિશેષને પામેલા છે જેના કારણે સામગ્રી આદિની પ્રાપ્તિ થાય તો ઉપદેશાદિના બળથી તથા પ્રકારના માર્ગાનુસારી ઊહના બળથી ગ્રંથિનો ભેદ કરી શકે તેવા અપુનર્બંધક આદિ ભાવવાળા છે અર્થાત્ અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત ભાવવાળા છે. આવા ભાવવાળા જીવોમાંથી કોઈક સાધુવેશમાં તો કોઈક શ્રાવકવેશમાં છે. તેઓ દેશારાધક જાણવા.

અહીં પ્રશ્ન થાય કે સાધુવેશને ઉચિત ક્રિયાઓ કરવા છતાં કે શ્રાવકને અનુરૂપ વ્રતોના આચાર પાળવા છતાં જેઓ તે તે ક્રિયાઓ દ્વારા સાધુપણાના કે દેશવિરતિના ભાવો કરી શકતા નથી તેઓને દેશારાધક કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

પ્રસ્થકન્યાયથી વિચિત્ર અવસ્થાને સ્વીકારનાર નૈગમનયના મતવિશેષના આશ્રયણથી તેઓ દેશારાધક છે.

આશય એ છે કે પ્રસ્થક બનાવવાનો અર્થી પુરુષ કુહાડો લઈને પ્રસ્થક અર્થે લાકડું કાપવા જતો હોય તે વખતે જંગલ તરફ જવાની ક્રિયાને નૈગમનય પ્રસ્થક બનાવવાની ક્રિયા સ્વીકારે છે તેમ જેઓ ગ્રંથિનિકટવર્તી અપુનર્બંધકાદિ ભૂમિકાને પામેલા જીવો છે અને સાધુવેશમાં રહીને કે શ્રાવકાચાર પાળીને ઉચિત ક્રિયાઓ કરે છે તેઓની તે સાધુની કે શ્રાવકની ક્રિયા અપેક્ષિત વિરતિના કે દેશવિરતિના ભાવો પ્રગટ કરવા સમર્થ નથી તોપણ દૂર-દૂરવર્તી તે ભાવોની પ્રાપ્તિનું કારણ છે. માટે તે અપુનર્બંધકાદિ જીવો દેશારાધક છે.

કેમ દેશારાધક છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ગીતાર્થ સાધુઓ પ્રકૃતિભદ્રકત્વાદિ ગુણવાળા પ્રાણીની યોગ્યતાવિશેષને જાણીને=આ જીવો દ્રવ્યથી દેશવિરતિનું પાલન કરીને ક્રમસર ભાવથી દેશવિરતિને પાલન કરશે તેવી યોગ્યતાવિશેષને જાણીને, કેટલાક જીવોને ભગવાનની પૂજા, તપવિશેષ, પ્રતિક્રમણ, સામાયિકાદિ આપે છે અને કેટલાકને પ્રવ્રજ્યા પણ આપે છે. આમ છતાં અવ્યુત્પન્ન મતિવાળા એવા તેઓ દેશવિરતિ કે સર્વવિરતિરૂપ સદનુષ્ઠાનના રાગમાત્રથી તે અનુષ્ઠાન કરે છે. તેથી તેઓનું સદનુષ્ઠાન સામાન્યધર્મમાં પર્યવસાન પામે છે, પરંતુ તે તે અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ગુણોના ભાવોમાં પર્યવસાન પામતું નથી. તે આ પ્રમાણે –

ગીતાર્થ યોગ્ય જીવોને ધર્મદેશના આપે તે સાંભળીને કોઈ યોગ્ય જીવ ભવથી વિરક્ત થાય અને તેને 'ભવના ક્ષયાર્થે પૂર્ણધર્મને સેવીને મારે આત્મહિત સાધવું છે' તેવી મતિવાળો જાણીને ગીતાર્થ દીક્ષા આપે. આમ છતાં તે યોગ્ય જીવ અવ્યુત્પન્ન દશામાં હોય ત્યારે સંયમની ક્રિયા દ્વારા સામાયિકના પરિણામો કઈ રીતે ઉલ્લસિત થઈ શકે ? તેનો મર્મ જાણી શકતો નથી છતાં તે ઉચિત અનુષ્ઠાન પ્રત્યે તેને રાગ વર્તે છે.

આવા રાગપૂર્વકની તે સંયમની ક્રિયા તે જીવમાં સામાન્યધર્મ નિષ્પન્ન કરે છે. ગીતાર્થની નિશ્રાપૂર્વકની તેની સંયમની ક્રિયા ઉપદેશાદિની સામગ્રીના બળથી શીઘ્ર કુગ્રહનો વિરહ કરે છે. અર્થાત્ સામાયિકના પરિણામના સૂક્ષ્મ રહસ્યના બોધમાં પ્રતિબંધક એવા મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષય થવાથી સામાયિકના પરમ રહસ્યને જાણીને તે સદનુષ્ઠાન દ્વારા સામાયિકભાવની નિષ્પત્તિને અનુકૂળ વ્યાપાર કરવા સમર્થ બને છે. તેથી તેવા જીવો અવ્યુત્પન્ન દશામાં દેશારાધક છે અને વ્યુત્પન્નદશાને પામ્યા પછી અપ્રમાદથી સદનુષ્ઠાનને સેવે તો ભાવચારિત્રને પણ પ્રાપ્ત કરે.

ગીતાર્થના ઉપદેશને સાંભળીને જેઓ ધર્મને અભિમુખ થયા છે અને પ્રકૃતિભદ્રક પરિણામવાળા છે; વળી, ઉચિત ક્રિયાઓ કરીને આત્મહિત સાધવાના અર્થી છે, આમ છતાં સર્વભોગોનો ત્યાગ કરીને સાધુજીવન જીવવાને અભિમુખ પરિણામવાળા થયા નથી તેવા જીવોને ગીતાર્થ સાધુ તેઓની યોગ્યતાનુસાર ભગવાનની પૂજા, તપવિશેષ, પ્રતિક્રમણ, સામાયિકાદિરૂપ શ્રાવક ધર્મનો મર્મસ્પર્શી બોધ કરાવે છે. જેથી જિનપૂજાદિ અનુષ્ઠાનો કરીને તેઓ સર્વવિરતિની શક્તિને અનુકૂલ સંચિતવીર્યવાળા બને. આમ છતાં તે ભદ્રકપ્રકૃતિવાળા જીવો હજુ અતિ વ્યુત્પન્નમતિ ન હોય ત્યારે ઉપદેશક તેમને "જિનનું સ્વરૂપ અને તેવા જિનની પૂજા શ્રાવકે કઈ રીતે કરવી જોઈએ ? વળી તપોવિશેષ પણ કઈ રીતે કરવા જોઈએ ? સામાયિકાદિ છ આવશ્યકો કઈ રીતે કરવાથી ગુણનિષ્પત્તિ થાય છે ?" ઇત્યાદિ શ્રોતાની ભૂમિકાનુસાર સમજાવે, છતાં અવ્યુત્પન્નદશામાં ભગવાનના ચારિત્રગુણના મર્મને જાણનારા નહીં હોવાથી તે જીવો જિનપૂજા પણ સદનુષ્ઠાનના રાગમાત્રથી કરે છે અને સામાયિકાદિ પણ સામાન્યથી સદનુષ્ઠાનના રાગમાત્રથી કરે છે. તેથી તેઓની તે ક્રિયા સામાન્યધર્મમાત્રમાં પર્યવસાન પામે છે, છતાં તેવા જીવો ગીતાર્થની નિશ્રાવાળા હોવાથી ગીતાર્થના ઉપદેશને વારંવાર પ્રાપ્ત કરીને ભગવાનના અસંગભાવની પરિણતિરૂપ ચારિત્રના પરિણામને, વીતરાગતાના ભાવને અને ભગવાનની શુદ્ધ મુદ્રામાં રહેલ તત્ત્વકાય અવસ્થાના પરમાર્થને જ્યારે જાણે છે ત્યારે તેઓનું મિથ્યાત્વ નાશ પામે છે. તેથી તેવા જીવો શીઘ્ર કુગ્રહના વિરહને પ્રાપ્ત કરીને દેશવિરતિ આદિ ગુણસ્થાનકને પણ પ્રાપ્ત કરે છે.

આ કથનમાં પુષ્ટિરૂપે ગ્રંથકારશ્રીએ પૂજાવિંશિકાની, તપવિશેષને આશ્રયીને પંચાશકની અને દીક્ષાવિધિને આશ્રયીને પંચાશકની, સાક્ષી આપી. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે જીવો યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિને આસન્ન થયેલા છે અને આત્મકલ્યાણ અર્થે ધર્મ કરવા તત્પર થયા છે તેઓ ભગવાનની પૂજા કરે, તપવિશેષ કરે કે દીક્ષા ગ્રહણ કરે તોપણ જ્યાં સુધી ગ્રંથિનો ભેદ કરીને ભાવચારિત્રી એવા સાધુ અંતરંગ કેવી પરિણતિવાળા હોય છે ? તેના મર્મને સ્પર્શી શકે તેવા ક્ષયોપશમવાળા ન થાય ત્યાં સુધી દેશારાધક જ છે.

વળી, પ્રવ્રજ્યાવિધિના સાક્ષીપાઠથી જે સકૃદ્બંધકનું અને અપુનર્બંધકનું ગ્રહણ કર્યું તેની સ્પષ્ટતા ટીકાકારશ્રીએ કરી કે આ સકૃદ્બંધક અને અપુનર્બંધક અભિન્નગ્રંથિવાળા હોવાથી કુગ્રહવાળા છે છતાં

દીક્ષાવિધિના ભાવનથી તેઓનો કુગ્રહ નાશ પામે છે. વળી, અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર, સર્વવિરતિધર મુનિઓ કુગ્રહ વગરના છે. તેથી દીક્ષાવિધિના ભાવનથી કે સેવનથી તેઓ વિશેષ પ્રકારના ગુણસ્થાનકની પ્રાપ્તિ કરે છે.

માર્ગાભિમુખ અને માર્ગપતિત જીવો કુગ્રહવાળા પણ છે અને તેઓ દીક્ષાના ભાવનમાત્રથી કુગ્રહનો વિરહ કરી શકે તેવા નથી. તે કથનથી એ પ્રાપ્ત થાય કે જે જીવો નગરના બહારના ભાગમાં છે, પણ તે નગરને અભિમુખ ભાવવાળા છે. આ જીવો માર્ગાભિમુખ છે. વળી કોઈક જીવો તે નગરના દ્વાર પાસે આવીને રહેલા છે, પણ નગરની બહાર છે, આ જીવો માર્ગપતિત છે. વળી કોઈક જીવોએ નગરની અંદર પ્રવેશ કરેલો છે, પણ આદ્યભૂમિકામાં છે, આ જીવો સકૃદબંધક છે. વળી કોઈક જીવોએ તેનાથી આગળ નગરની અંદર પ્રવેશ કરેલો છે, પરંતુ તે નગરમાં રહેલ રાજાના સુંદર મહેલથી દૂર છે, આ જીવો અપુનર્બંધક છે.

આ ચારે પ્રકારના જીવો અભિન્નગ્રંથિવાળા હોવાથી મિથ્યાદૃષ્ટિ છે, તોપણ માર્ગાભિમુખ અને માર્ગપતિત જીવોમાં મિથ્યાત્વનો અંશ અધિક છે. તેથી દીક્ષાવિધિના ભાવનમાત્રથી કુગ્રહનો વિરહ પ્રાપ્ત કરી શકતા નથી. સકૃદ્બંધક અને અપુનર્બંધક મિથ્યાદૃષ્ટિ હોવા છતાં મિથ્યાત્વની કંઈક મંદતાને પામેલા છે. તેથી ગીતાર્થની દેશનાના શ્રવણથી દીક્ષાવિધિનું ભાવન કરીને શીઘ્ર કુગ્રહનો વિરહ કરી શકે છે. અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને કુગ્રહ નહીં હોવાથી અને ભગવાનના શાસનના પરમાર્થને પામેલા હોવાથી દીક્ષાવિધિના પારમાર્થિક સ્વરૂપને સદા જોનારા છે અને તેના ભાવન દ્વારા ભાવથી દીક્ષાની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મોને તેઓ નાશ કરે છે.

પૂજાવિંશિકાના ઉદ્ધરણમાં કહ્યું કે દેશઆરાધક જીવોને સાધુયોગાદિનો ભાવ તે પ્રકારનો અનુબંધવાળો થતો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મ સામાન્ય ફળ છે જેને એવી ક્રિયા કરનારા શ્રાવકોને ગીતાર્થ સાધુનો યોગ થાય તોપણ જે પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવો ગીતાર્થના ઉપદેશના પરમાર્થને જાણીને ઉત્તરોત્તર વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે સાનુબંધ અનુષ્ઠાન સેવે છે, તે પ્રકારે સાનુબંધ અનુષ્ઠાન ગ્રંથિની નજીક રહેલા જીવો ગીતાર્થના ઉપદેશ દ્વારા પણ સેવી શકતા નથી, તોપણ ગીતાર્થના ઉપદેશના બળથી કંઈક સાનુબંધ સેવીને શીઘ્ર સમ્યક્ત્વને પામે છે.

આખી ગાથાના કથનથી શું ફલિત થાય છે ? તે બતાવતાં કહે છે –

ધર્મસામાન્ય ફલવાળા અનુષ્ઠાનને કરનારા ગીતાર્થનિશ્રિત સાધુનું કે શ્રાવકનું પણ દેશારાધકપણું છે; કેમ કે અવ્યુત્પન્નદશા હોવાને કારણે ગીતાર્થ પાસેથી તે તે અનુષ્ઠાન વિષયક ઉપદેશ સાંભળવા છતાં તે તે અનુષ્ઠાન કઈ રીતે સંયમના પરિણામની વૃદ્ધિ કરી શકે છે ? તે પ્રકારના મર્મનો બોધ થાય તે રીતે ભાવથી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ નથી અને કલ્યાણના અર્થી હોવાથી શ્રાવકાચાર કે સાધ્વાચારના પાલનરૂપ શીલને પાળે છે, માટે દેશારાધક છે.

વળી, માષતુષ જેવા કેટલાક મહાત્માઓ દ્રવ્યથી અલ્પશ્રુતવાળા હોવા છતાં ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થયેલો હોવાથી આત્માના શુદ્ધ ભાવોમાં જવા માટે સંયમના અનુષ્ઠાનથી કઈ રીતે ઉદ્યમ કરવો આવશ્યક છે ? તેના પરમાર્થને સ્પર્શનાર હોવાથી ભાવથી શ્રુતજ્ઞાનવાળા છે અને તે શ્રુતથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ કરીને ચારિત્રના કંડકોની વૃદ્ધિ કરનારા છે તેથી શીલવાળા છે. આવા સાધુઓ સર્વારાધક જ છે. ॥૨૭॥

અવતરણિકા :-

विवेचितः प्रथमो भङ्गोऽथ द्वितीयं भङ्गं विवेचयन्नाह –

અવતરણિકાર્થ :-

પ્રથમ ભાંગો વિવેચન કરાયો. હવે બીજો ભાંગો વિવેચન કરતાં કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૮માં ભગવતીસૂત્રના વચનને ગ્રહણ કરીને આરાધકવિરાધકની ચતુર્ભંગી બતાવેલી. તેમાંથી દેશારાધકરૂપ પ્રથમ ભાંગો ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી વિવેચન કર્યો. હવે દેશવિરાધકરૂપ બીજા ભાંગાનું વિવેચન કરતાં કહે છે –

ગાથા :-

देसस्स भंगओ वा अलाहओ वा विराहगो बीओ ।
संविग्गपक्खिओ वा सम्मद्दिट्ठी अविरओ वा ।।२८।।

છાયા :-

देशस्य भङ्गतो वाऽलाभतो वा विराधको द्वितीयः ।
संविग्नपाक्षिको वा सम्यग्दृष्टिरविरतो वा ।।२८।।

અન્વયાર્થ :-

देसस्स भंगओ वा अलाहओ वा=દેશના ભંગથી અથવા અલાભથી=દેશની રત્નત્રયીને અનુકૂળ પરિણતિના ભંગથી અથવા અલાભથી, बीओ=બીજો, विरागहो=વિરાધક=દેશવિરાધક, संविग्गपक्खिओ वा अविरओ सम्मद्दिट्ठी वा=સંવિગ્નપાક્ષિક અથવા અવિરતસમ્યગ્દૃષ્ટિ છે. ॥૨૮॥

ગાથાર્થ :-

દેશના ભંગથી અથવા અલાભથી=દેશની રત્નત્રયીને અનુકૂળ પરિણતિના ભંગથી અથવા અલાભથી, બીજો દેશવિરાધક સંવિગ્નપાક્ષિક અથવા અવિરતસમ્યગ્દૃષ્ટિ છે. ॥૨૮॥

ટીકા :-

देसस्सत्ति । देशस्य मोक्षमार्गतृतीयांशभूतस्य चारित्रस्य गृहीतस्य, भङ्गादलाभाद्वा देशस्य विराधको ज्ञेयः, स च देशभङ्गापेक्षया संविग्नपाक्षिको देशाऽप्राप्त्यपेक्षया चाविरतसम्यग्दृष्टिः, तथा च 'ज्ञानदर्शनवत्त्वे सति चारित्रभङ्गाप्राप्त्यन्यतरवत्त्वं देशविराधकत्वमि'ति परिभाषितं भवति ।

इत्थं च जिनोक्तानुष्ठानमधिकृत्यैव कृतप्रतिज्ञानिर्वहणाद्देशाराधकः विरतिपरित्यागेनैव चाविरत-सम्यग्दृष्टिरपि देशविराधकः, 'प्राप्तस्य तस्यापालनाद्' इति वचनात्, इत्युभयोरपि प्रकारयोः सविषयत्वेन प्रामाण्ये सिद्धे यद् 'अप्राप्तेर्वा' इति विकल्पेन व्याख्यानं तत्केनाभिप्रायेण ? इति संशये सम्यग्वक्तृवचनं वयमपि श्रोतुकामाः स्म इति बोध्यं, यतो यद्यप्राप्तिमात्रेण विराधकत्वं स्यात् तर्हि चरकपरिव्राजकादीनां ज्योतिष्कादूर्ध्वमुपपाताभावः प्रसज्येत, मोक्षकारणभूतानां सम्यग्ज्ञानादीनां त्रयाणां लेशतोऽप्यभावेन देशविरतिसर्वविरत्योर्युगपद्विराधकत्वात्, तथा 'द्वादशाङ्गपर्यन्तनानाश्रुतावधिप्रवृत्त्यप्राप्तिमान् छद्मस्थ-संयतो दूरे, केवल्यप्यप्राप्तजिनकल्पादेर्विराधकः प्रसज्येत' – इति यत्परेण प्राचीनग्रन्थदूषणरसिकेण प्रोक्तं तत्परिभाषाज्ञानाभावविजृम्भितमिति द्रष्टव्यम्, 'यो यदप्राप्तिमान् स तद्विराधक' इति व्याप्तावत्र तात्पर्याभावात्; किन्तूक्तपरिभाषायामेव तात्पर्यात् ।

ટીકાર્થ :-

देशस्य ..... तात्पर्यात् । 'देसस्सत्ति' પ્રતીક છે. દેશના=મોક્ષમાર્ગના તૃતીય અંશભૂત ગૃહીત એવા ચારિત્રરૂપ દેશના, ભંગથી અથવા અલાભથી=ચારિત્રના અલાભથી, દેશવિરાધક જાણવો. અને તે=દેશવિરાધક દેશના ભંગની અપેક્ષાએ=રત્નત્રયીના એક દેશરૂપ ચારિત્રના ભંગની અપેક્ષાએ, સંવિગ્નપાક્ષિક છે. અને દેશની અપ્રાપ્તિની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિ છે. અને તે રીતે=દેશવિરાધકનું સ્વરૂપ પૂર્વમાં બતાવ્યું તે રીતે, જ્ઞાન-દર્શનવાનપણું હોતે છતે ચારિત્રના ભંગ અને ચારિત્રની અપ્રાપ્તિ અન્યતરવાનપણું દેશવિરાધકપણું છે, એ પ્રમાણે પરિભાષિત થાય છે. અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે દેશભંગની અપેક્ષાએ સંવિગ્નપાક્ષિક દેશવિરાધક છે અને દેશ અપ્રાપ્તિની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિ દેશવિરાધક છે એ રીતે, ભગવાને કહેલા અનુષ્ઠાનને આશ્રયીને જ=સર્વજ્ઞે બતાવેલ મોક્ષમાર્ગના ઉચિત ઉપાયરૂપ રત્નત્રયીના સેવનને અનુકૂલ એવા અનુષ્ઠાનને આશ્રયીને જ, કૃતપ્રતિજ્ઞાના નિર્વાહણથી દેશારાધક છે. અને વિરતિના પરિત્યાગથી જ=પોતે સ્વીકારેલ વિરતિના પરિત્યાગથી જ, અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ દેશવિરાધક છે; કેમ કે "પ્રાપ્ત એવા તેનું અપાલન છે=સમ્યક્ત્વના કારણે વિરતિની થયેલી રુચિથી પ્રાપ્ત એવી વિરતિનું અપાલન હોવાથી" એ પ્રકારનું વચન છે. એ પ્રકારના ઉભય પણ પ્રકારનું=દેશારાધક-દેશવિરાધકરૂપ ઉભય પણ પ્રકારનું, સવિષયપણાથી પ્રામાણ્ય સિદ્ધ થયે છતે=દેશારાધક અને દેશવિરાધકના સ્વતંત્ર વિષયપણાથી પ્રામાણ્ય સિદ્ધ થયે છતે, જે 'અપ્રાપ્તિ હોવાથી' એ પ્રકારના વિકલ્પથી વ્યાખ્યાન છે=ભગવતીસૂત્રમાં આરાધક-વિરાધક ચતુર્ભંગીની વૃત્તિમાં

વ્યાખ્યાન છે તે કયા અભિપ્રાયથી છે ? એ પ્રકારનો સંશય થયે છતે સમ્યગ્ વક્તાના વચનને=આ સંશયના નિવારણ માટે યથાર્થ વચન કહેનારા વક્તાના વચનને, અમે પણ સાંભળવાની ઇચ્છાવાળા છીએ, એ પ્રમાણે પણ જાણવું, એ પ્રમાણે ધર્મસાગરજી કટાક્ષથી કહે છે અને તેમાં હેતુ કહે છે – "જે કારણથી જો અપ્રાપ્તિમાત્રથી વિરાધકપણું થાય તો ચરક-પરિવ્રાજકાદિને જ્યોતિષ્કથી ઊર્ધ્વમાં ઉપપાતનો અભાવ થાય; કેમ કે મોક્ષના કારણીભૂત ત્રણનો લેશથી પણ અભાવ હોવાને કારણે=ચરક-પરિવ્રાજકાદિમાં રત્નત્રયીનો લેશથી પણ અભાવ હોવાને કારણે, દેશવિરતિ-સર્વવિરતિનું યુગપદ્ વિરાધકપણું છે. અને દ્વાદશાંગીપર્યંત જુદા જુદા પ્રકારના શ્રુતના અધ્યયનની અવધિ સુધીની પ્રવૃત્તિમાં અપ્રાપ્તિમાન છદ્મસ્થસંયત તો દૂર રહો, કેવલી પણ અપ્રાપ્તજિનકલ્પાદિનો વિરાધક થાય." એ પ્રમાણે પ્રાચીન ગ્રંથના દૂષણમાં રસિક એવા જે પર વડે=ધર્મસાગરજી વડે, કહેવાયું તે પરિભાષાના જ્ઞાનના અભાવનું વિજૃંભિત છે=આરાધકવિરાધક ચતુર્ભંગીની જે ભગવતીકારની પરિભાષા છે તેના જ્ઞાનનો અભાવ ધર્મસાગરજીને છે તેનું કાર્ય છે, તેમ જાણવું; કેમ કે 'જે જેનો અપ્રાપ્તિમાન્ છે, તે તેનો વિરાધક છે.' એ પ્રકારની વ્યાપ્તિમાં અહીં=ચતુર્ભંગીના બીજા ભાંગામાં, તાત્પર્યનો અભાવ છે. પરંતુ ઉક્ત પરિભાષામાં જ તાત્પર્ય છે=સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વવિરતિનો અત્યંત અભિલાષવાળો હોવા છતાં સર્વવિરતિની તેને અપ્રાપ્તિ હોય તો દેશવિરાધક છે, એ પ્રકારની પરિભાષામાં જ તાત્પર્ય છે.

ભાવાર્થ :-

દેશવિરાધકરૂપ બીજા ભાંગાનું સ્વરૂપ પ્રસ્તુત ગાથામાં ગ્રંથકારશ્રી બતાવે છે. મોક્ષમાર્ગ રત્નત્રયીરૂપ છે, તેના ત્રણ અંશો છે : સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન સમ્યક્ચારિત્ર. તેમાંથી ત્રીજા અંશરૂપ ચારિત્રનું ગ્રહણ કરીને જેઓ સમ્યગ્ પાલન કરી શકતા નથી તેવા સંવિગ્નપાક્ષિક દેશવિરાધક છે. અને સંસારથી ઉદ્વિગ્ન થયેલા મોક્ષના અત્યંત અર્થી એવા સમ્યગ્દૃષ્ટિ જીવોને મોક્ષના ઉપાયભૂત જે રત્નત્રયી દેખાય છે તે રત્નત્રયીમાંથી જ્ઞાન, દર્શનનું સેવન કરનારા છે. પરંતુ પ્રબલ ચારિત્રમોહનીયકર્મના ઉદયને કારણે પોતે ચારિત્ર ગ્રહણ કરવા સમર્થ નથી તેથી દેશવિરતિ કે સર્વવિરતિનો સ્વીકાર કરતા નથી. આવા અવિરત-સમ્યગ્દૃષ્ટિ જીવો ચારિત્રરૂપ દેશના વિરાધક હોવાથી દેશવિરાધક છે.

આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે –

ચારિત્રરૂપ દેશના ભંગની અપેક્ષાએ સંવિગ્નપાક્ષિક દેશવિરાધક છે અને ચારિત્રરૂપ દેશની અપ્રાપ્તિની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિ દેશવિરાધક છે. આનાથી એ ફલિત થાય કે જે મહાત્મા સંસારથી ભય પામેલા છે અને સર્વવિરતિનો સ્વીકાર કરીને સર્વવિરતિમાં જિનવચનાનુસાર ઉદ્યમ કરીને સતત ચારિત્રની વિશુદ્ધિને પામી રહ્યા છે, નવું નવું શ્રુત ભણે છે, શ્રુતથી આત્માને વાસિત કરીને સંયમની પરિણતિની વૃદ્ધિ કરે છે અને ચારિત્રાચારની સર્વક્રિયાઓ દ્વારા સમભાવની વૃદ્ધિ કરે છે તેવા મહાત્માઓને પણ કર્મનો ઉદય થાય ત્યારે તેઓ સંયમની ક્રિયાઓ અભ્યુત્થિત થઈને કરતા નથી. છતાં તેઓને સંયમનો રાગ વિદ્યમાન છે

તેથી પોતાની પ્રમાદની આચરણા પ્રત્યે જુગુપ્સા છે. આવા જીવો સ્વીકારેલ ચારિત્રના ભંગવાળા છે. આવા સંવિગ્નપાક્ષિક જીવો દેશવિરાધક છે.

વળી, ઉપદેશાદિને પામીને સંસારનું યથાર્થ સ્વરૂપ જાણનાર, મોક્ષનું પારમાર્થિક સ્વરૂપ જાણનાર અને મોક્ષના ઉપાયભૂત રત્નત્રયીની પરિણતિને પણ યથાર્થ જાણીને તેની પ્રાપ્તિના અત્યંત અર્થી એવો સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનું વિરતિનું સત્ત્વ ન જણાય તેથી વિરતિને ગ્રહણ ન કરે તો તે રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગનો દેશથી વિરાધક છે. આ પ્રકારનું દેશવિરાધકનું પારિભાષિક સ્વરૂપ ભગવતીસૂત્રમાં કહેલ છે. તે ભગવતીસૂત્રની પરિભાષાને ગ્રંથકારશ્રી સંક્ષેપથી બતાવે છે.

સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનપણું હોતે છતે ચારિત્રનો ભંગ કે ચારિત્રની અપ્રાપ્તિ એ બેમાંથી અન્યતરવાનપણું દેશવિરાધકપણું છે એ પ્રકારનું પારિભાષિક દેશવિરાધકપણું છે. આ પ્રકારનું પારિભાષિક દેશવિરાધકપણું સ્વીકારવાથી પ્રાચીન ગ્રંથના દૂષણમાં રસિક એવા પર વડે કહેવાયું છે તે દેશવિરાધકની પરિભાષાના અજ્ઞાનનું વિજૃંભિત છે.

પૂર્વપક્ષી શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

જેઓ અન્યદર્શનમાં છે તેઓ દેશઆરાધક નથી અને દેશવિરાધક પણ નથી. ભગવાને કહેલા અનુષ્ઠાનને આશ્રયીને જ જેઓએ કોઈક અનુષ્ઠાન કરવાની પ્રતિજ્ઞા કરેલી હોય અને તે અનુષ્ઠાનની પ્રતિજ્ઞાનો નિર્વાહ કરે તો તેઓ દેશઆરાધક છે; કેમ કે સર્વપાપની નિવૃત્તિરૂપ સર્વવિરતિની આરાધના કરનારા નથી. છતાં ભગવાને કહેલ કોઈક અનુષ્ઠાનને સ્વીકારીને તે પ્રતિજ્ઞાનુસાર તેની આરાધના કરે છે, માટે દેશારાધક છે. આ વચનાનુસાર અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ સ્વીકારાયેલા અનુષ્ઠાનનું સમ્યગ્ પાલન કરે તો તે દેશારાધક કહેવાય. આથી જ ત્રિકાળ જિનપૂજાની પ્રતિજ્ઞા કરીને તે પ્રતિજ્ઞાનો નિર્વાહ કરે તો તે દેશારાધક જ કહેવાય અને મિથ્યાદૃષ્ટિ પણ જીવ અથવા અભવ્ય પણ ભગવાનના ધર્મને સ્વીકારીને ચારિત્ર પાળે તો તે દેશારાધક જ કહેવાય.

વળી પોતે સ્વીકાર્યા પછી તે અનુષ્ઠાનનું સમ્યગ્ પાલન ન કરે તો તે દેશવિરાધક કહેવાય. તેથી કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવે દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરેલ હોય અને તેનો પરિત્યાગ કરે તો તેવો અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ દેશવિરાધક કહેવાય; કેમ કે પ્રતિજ્ઞાથી પ્રાપ્ત એવી વિરતિનું તેણે પાલન કર્યું નથી. આ રીતે દેશારાધક અને દેશવિરાધક સ્વવિષયવાળા બને છે અને તે સ્વરૂપે જ તે પ્રમાણભૂત છે તેમ યુક્તિથી સિદ્ધ થાય છે. આમ છતાં ભગવતીસૂત્રના વૃત્તિકારે 'अप्राप्तेर्वा' એ વિકલ્પ દ્વારા અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશવિરાધક કહેલ છે. તે કયા અભિપ્રાયથી છે ? એ પ્રકારનો વિચારકને સંશય થાય. તે સંશયને નિવર્તન કરનારું સમ્યગ્ વક્તાનું વચન અમે પણ સાંભળવા ઇચ્છીએ છીએ. એ પ્રકારે પૂર્વપક્ષીને કહીને ભગવતીસૂત્રકારનું 'अप्राप्तेर्वा' વિકલ્પ ઉચિત નથી, તેમ કહે છે.

તેમાં યુક્તિ આપે છે –

જો અપ્રાપ્તિમાત્રથી અવિરતસમ્યગ્દૃષ્ટિને વિરાધકપણું સ્વીકારવામાં આવે તો ચરક-પરિવ્રાજકાદિ જીવો જ્યોતિષથી ઊર્ધ્વમાં પાંચમા દેવલોક સુધી જઈ શકે છે, તે જવા જોઈએ નહિ; કેમ કે તેઓમાં રત્નત્રયીનો સર્વથા અભાવ હોવાથી દેશવિરતિચારિત્ર અને સર્વવિરતિચારિત્રનું યુગપદ્ વિરાધકપણું છે. અર્થાત્ જેમ અપ્રાપ્ત ચારિત્રવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિમાં દેશવિરતિ-સર્વવિરતિનું વિરાધકપણું છે તેમ ચરક-પરિવ્રાજકમાં પણ દેશવિરતિ-સર્વવિરતિનું વિરાધકપણું છે.

આશય એ છે કે ભગવતીસૂત્રમાં કહેલ છે કે અન્યદર્શનવાળા ચરક-પરિવ્રાજક તેઓના સંન્યાસનું પાલન કરીને પાંચમા દેવલોક સુધી જાય છે. સ્વીકારેલા વ્રતનું સમ્યગ્ પાલન ન કરે અને દેવલોકમાં જાય તો જ્યોતિષથી ઊર્ધ્વ જાય નહિ; કેમ કે સ્વીકારેલા વ્રતના દેશથી વિરાધક છે. જો ભગવતીસૂત્રના વૃત્તિકાર 'अप्राप्तेर्वा' એ વિકલ્પથી પ્રતિજ્ઞા નહીં લેનાર અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશવિરતિ-સર્વવિરતિના વિરાધક સ્વીકારીને દેશવિરાધક સ્વીકારે તો તે નિયમાનુસાર ચરકપરિવ્રાજકપણું યથાર્થ પાળનારા ચરકપરિવ્રાજક પણ દેશવિરતિ-સર્વવિરતિની અપ્રાપ્તિ હોવાથી વિરાધક છે. અને વિરાધક એવા તેઓ ભગવતીસૂત્રના વચનાનુસાર જ્યોતિષથી ઉપર ઉત્પન્ન થવા જોઈએ નહીં. જેથી ભગવતીસૂત્રમાં જ ચરક-પરિવ્રાજકને તેઓના વ્રતના પાલનથી પાંચમા દેવલોકનો ઉપપાત કહેલો છે, તે સંગત થાય નહીં. માટે 'अप्राप्तेर्वा' એ મુજબનો ટીકાકારનો વિકલ્પ ઉચિત નથી, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

વળી, 'अप्राप्तेर्वा' એ વિકલ્પમાં પૂર્વપક્ષી અન્ય દોષ બતાવે છે –

છદ્મસ્થ સાધુઓ દીક્ષા ગ્રહણ કર્યા પછી નવું નવું શ્રુત ભણે છે. તેમાં કેટલાક સાધુઓ ૧૧ અંગના અધ્યયનની પ્રવૃત્તિ કર્યા પછી આગળના શ્રુતાધ્યયનની પ્રવૃત્તિમાં અપ્રાપ્તિમાન છે જેમ શાલિભદ્રાદિ. વળી, કેટલાક જિનકલ્પ સ્વીકારનાર સાડા નવ પૂર્વથી કંઈક અધિક ભણીને આગળના શ્રુતાધ્યયનની પ્રવૃત્તિમાં અપ્રવૃત્ત છે તેથી અપ્રાપ્તિમાન છે. તેવા છદ્મસ્થ સંયતોને પણ વિશેષ શ્રુતની અપ્રાપ્તિ હોવાથી વિશેષશ્રુતના વિરાધક સ્વીકારવાની આપત્તિ આવે. વળી, કેવલી પણ જિનકલ્પાદિના સ્વીકાર કર્યા વગરના હોવાથી તેઓને જિનકલ્પ આદિની અપ્રાપ્તિ છે. માટે કેવલીને પણ જિનકલ્પાદિના વિરાધક સ્વીકારવાની આપત્તિ આવે. તેથી અપ્રાપ્તિથી વિરાધકપણું સ્વીકારી શકાય નહિ, પરંતુ સ્વીકારાયેલા વ્રતના પરિત્યાગથી જ વિરાધકપણું સ્વીકારી શકાય.

આ પ્રકારનું જે પૂર્વપક્ષીનું કથન છે તે ભગવતીસૂત્રની પરિભાષાના અજ્ઞાનનું જ કાર્ય છે; કેમ કે 'જે જેની અપ્રાપ્તિવાળો હોય તે તેનો વિરાધક હોય.' એ પ્રકારનો અર્થ ગ્રહણ કરીને પૂર્વપક્ષીએ જે દોષો આપ્યા તે સર્વ અસંગત છે.

કેમ અસંગત છે ? તેથી કહે છે –

જે જેની અપ્રાપ્તિવાળો હોય તે તેનો વિરાધક હોય એ પ્રકારનું ભગવતીસૂત્રનું તાત્પર્ય નથી, પરંતુ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ છે તેનો જે ચારિત્રરૂપી અંશ છે, તેની ઉત્કટ રુચિ હોવા છતાં શક્તિના અભાવને

કારણે વ્રત સ્વીકાર્યાં નથી અને તે ચારિત્ર અંશની જેઓ આરાધના કરતા ન હોય તે જીવો તે ચારિત્ર અંશના વિરાધક છે. એ પ્રકારની પરિભાષામાં જ 'अप्राप्तेर्वा' એ પ્રકારના વચનનું ભગવતીસૂત્રનું તાત્પર્ય છે.

ટીકા :-

तत्फलं च देशविराधकत्वेन देशद्वयाराधकत्वाक्षेपः, तथा च पूर्वभङ्गादाधिक्यं लभ्यते, तेन देशविराधकत्वेऽविरतसम्यग्दृष्टेर्देशाराधकादप्यधमत्वं स्यादित्यपास्तं, परिभाषितस्य विराधकत्वस्याधमत्वाप्रयोजकत्वात्, प्रत्युत देशद्वयाराधकत्वाक्षेपकतयोत्कर्षप्रयोजकत्वात्, न च परिभाषा न सूत्रनीतिरिति शङ्कनीयं, 'सव्वामगंधं परिच्चज्ज निरामगंधो परिव्वए' **इत्यादीनां परिभाषासूत्राणामपि तन्त्रे व्यवस्थापितत्वाद्, यदि च देशविराधकत्वं नैवं पारिभाषिकमङ्गीक्रियेत तदाऽनुपात्तव्रतः सम्यग्दृष्टिः कस्मिन् भङ्गेऽवतारणीयः? न च नावतारणीय एव, सर्वाराधकादन्यत्र सहकारियोग्यताभावाभिधानाय त्रिभिरेव भङ्गैः सर्वेषां तद्विलक्षणानां च सङ्ग्राह्यत्वादिति सूक्ष्ममीक्षणीयम् ।।२८।।**

ટીકાર્થ :-

तत्फलं च ..... सूक्ष्ममीक्षणीयम् ।। **અને તેનું ફલ=રત્નત્રયીના ચારિત્રરૂપ અંશના વિરાધકને દેશવિરાધક છે એ પ્રકારની પરિભાષા કરી તેનું ફલ, દેશવિરાધકપણાથી દેશદ્વયના આરાધકત્વનો આક્ષેપ છે=સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનરૂપ દેશદ્વયના આરાધકત્વનો આક્ષેપ છે. અને તે રીતે=દેશવિરાધક દ્વારા દેશદ્વયના આરાધકત્વનો આક્ષેપ છે તે રીતે, પૂર્વના ભંગથી=દેશઆરાધકત્વરૂપ પ્રથમ ભાંગાથી આધિક્ય પ્રાપ્ત થાય છે. તેના દ્વારા=પ્રથમ ભાંગાથી દેશવિરાધકરૂપ બીજા ભાંગામાં આધિક્યની પ્રાપ્તિ થઈ તેના દ્વારા, "દેશવિરાધકત્વમાં અવિરતસમ્યગ્દૃષ્ટિનું દેશારાધકપણાથી પણ અધમપણું થાય." એ અપાસ્ત છે; કેમ કે પરિભાષિત વિરાધકત્વનું અધમત્વનું અપ્રયોજકપણું છે. ઊલટું, દેશદ્વય આરાધકત્વનું આક્ષેપકપણું હોવાથી ઉત્કર્ષનું પ્રયોજકપણું છે. અને પરિભાષા સૂત્રનીતિ નથી. એ પ્રમાણેની શંકા ન કરવી; કેમ કે** "सर्व આમગંધનો પરિત્યાગ કરીને=વિષ્ટાની ગંધવાળા ભોજનનો=આધાકર્મી આદિ દોષવાળા ભોજનનો, ત્યાગ કરીને, સાધુ નિરામગંધવાળો=ભિક્ષાના આધાકર્મી આદિ દોષવાળા ભોજનનો ત્યાગવાળો, વિચરે." **ઇત્યાદિ પરિભાષાવાળા સૂત્રોનું પણ તંત્રમાં વ્યવસ્થાપિતપણું છે. અને જો દેશવિરાધકપણું આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, પારિભાષિક સ્વીકારવામાં ન આવે તો નહિ સ્વીકારાયેલા વ્રતવાળો સમ્યગ્દૃષ્ટિ કયા ભાંગામાં અવતરણ કરાય ? અને અવતારણીય જ નથી એમ નહિ; કેમ કે સર્વારાધકથી અન્યત્ર સહકારીયોગ્યતાના ભાવને કહેવા માટે=સર્વારાધકના ભાંગાથી અન્ય એવા દેશારાધક અને દેશવિરાધક ભાંગામાં સર્વારાધક થવાની સહકારીયોગ્યતાનો ભાવ છે તે બતાવવા માટે, ત્રણ જ ભાંગા વડે=દેશારાધક, દેશવિરાધક અને સર્વારાધકરૂપ ત્રણ જ ભાંગા વડે, સર્વોનું=મોક્ષમાર્ગના સર્વારાધકોનું, અને તદ્વિલક્ષણ જીવોનું=મોક્ષમાર્ગના વિરાધક જીવોનું, સંગ્રાહ્યપણું છે=ચતુર્ભંગી દ્વારા સર્વ જીવોનું સંગ્રાહ્યપણું છે, તે પ્રમાણે સૂક્ષ્મ અવલોકન કરવું. ।।૨૮।।**

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સંવિગ્નપાક્ષિક અને અવિરતસમ્યગ્દૃષ્ટિ દેશવિરાધક છે એ પ્રકારની પરિભાષામાં ભગવતીસૂત્રનું તાત્પર્ય છે.

હવે તે પ્રકારની પરિભાષાનું શું ફળ પ્રાપ્ત થાય છે ? તે બતાવતાં કહે છે –

સંવિગ્નપાક્ષિક અને અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશવિરાધક સ્વીકારવાથી રત્નત્રયીના દેશદ્વયના તેઓ આરાધક છે એ પ્રકારનો આક્ષેપ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંવિગ્નપાક્ષિક અને અવિરતસમ્યગ્દૃષ્ટિ ભગવાનના વચનરૂપ શ્રુતજ્ઞાન અને ભગવાનના વચન પ્રત્યે પોતાની જે સ્થિર શ્રદ્ધા છે તેને અતિશાયિત કરવા માટે સદા ઉદ્યમ કરે છે. તેના માટે જ્ઞાનવૃદ્ધિ અને દર્શન શુદ્ધિના ઉપાયો પ્રધાનરૂપે સેવે છે અને શક્તિ અનુસાર ચારિત્રની શક્તિસંચય અર્થે સદા ઉદ્યમ કરે છે. માટે દેશદ્વયના આરાધક છે. અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશદ્વયના આરાધક સ્વીકારવાથી દ્રવ્યશીલના આરાધકને જે દેશારાધક કહેલ તેના કરતાં દેશવિરાધક જીવો યોગમાર્ગમાં અધિક આગળ છે તેમ પ્રાપ્ત થાય છે. તેથી કોઈકને શંકા થાય કે અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશવિરાધક સ્વીકારવાથી દેશારાધક કરતાં પણ તેઓ અધમ છે, તે શંકા દૂર થાય છે.

વસ્તુતઃ પારિભાષિક વિરાધકપણું અધમત્વનું પ્રયોજક નથી. પરંતુ દેશારાધક કરતાં ઉત્કર્ષત્વનું પ્રયોજક છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ કોઈ પણ વ્રત ગ્રહણ કરીને તેની વિરાધના કરે તે વિરાધના અધમત્વનું પ્રયોજક છે. પરંતુ અવિરતસમ્યગ્દૃષ્ટિ તો તેવા વિરાધક નથી. આથી જ સંવિગ્નપાક્ષિક પણ તેવા વિરાધક નથી. પરંતુ પોતે સ્વીકારેલી સર્વવિરતિ પ્રત્યેનો બદ્ધ રાગ રાખીને સદા સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે તોપણ મોક્ષમાર્ગના એકદેશરૂપ ચારિત્રની આરાધના કરતા નથી તે રૂપ દેશના વિરાધક છે એ પ્રકારની પરિભાષા આરાધક-વિરાધકની ચતુર્ભંગીમાં કહેલ છે.

અહીં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ચતુર્ભંગીમાં દેશવિરાધક પારિભાષિક છે. ત્યાં કોઈ શંકા કરે કે પરિભાષા એ સૂત્રનીતિ નથી. પરંતુ જે શબ્દો જે અર્થના વાચક હોય તે અર્થથી જ દેશવિરાધકનો સ્વીકાર કરવો જોઈએ. અને ગ્રહણ કરાયેલા વ્રતની દેશથી વિરાધના કરે ત્યાં જ દેશવિરાધક શબ્દ રૂઢ છે. માટે પારિભાષિક દેશવિરાધક સ્વીકારવું ઉચિત નથી.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શાસ્ત્રમાં વિશેષ પ્રકારના બોધના પ્રયોજનથી પરિભાષા કરવાનો વ્યવહાર છે. આથી જ સાધુને આધાકર્મી આદિ દોષો પ્રત્યે જુગુપ્સા કરાવવા અર્થે આચારાંગમાં આમગંધવાળા ભોજનની પરિભાષા કરીને કહ્યું છે કે સાધુ વિષ્ટાના ગંધવાળા સર્વ આધાકર્મી આદિ ભોજનનો ત્યાગ કરીને સંયમની વૃદ્ધિના કારણભૂત એવા નિરામગંધવાળા ભોજનને ગ્રહણ કરીને વિચરે.

વળી, ગ્રંથકારશ્રી તર્કથી અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશવિરાધક સ્વીકારવાની યુક્તિ બતાવે છે. જો પારિભાષિક એવું દેશવિરાધકપણું અવિરતસમ્યગ્દૃષ્ટિમાં ન સ્વીકારવામાં આવે તો વ્રત નહીં ગ્રહણ કરેલા એવા સમ્યગ્દૃષ્ટિ જીવનો આ ચાર ભાંગામાંથી કોઈમાં અવતાર થાય નહિ. વસ્તુતઃ ચતુર્ભંગી ગ્રહણ કરવાનું

પ્રયોજન એ છે કે સર્વ આરાધકથી અન્ય એવા દેશવિરાધકમાં અને દેશારાધકમાં સર્વવિરતિની સહકારીયોગ્યતાનો ભાવ છે. તેથી દેશઆરાધક જીવ પણ દેશારાધનાના સહકારના બળથી ક્રમે કરીને અવશ્ય સર્વારાધક બનશે અને દેશવિરાધક એવા સમ્યગ્દૃષ્ટિ પણ અવશ્ય સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના સહકારના બળથી ક્રમે કરીને સર્વારાધક બનશે. તેથી દેશારાધક, દેશવિરાધક અને સર્વારાધકરૂપ ત્રણ ભાંગાથી સર્વારાધકોનો સંગ્રહ કરેલ છે અને સર્વ વિરાધકથી ભગવાનના શાસનની ક્રિયા કરનારા પણ મોક્ષને અનુકૂળ ભાવથી રહિત જીવોનો અને અન્ય સર્વસંસારી જીવોનો સંગ્રહ કરેલ છે. **॥૨૮॥**

અવતરણિકા :-

तृतीयचतुर्थभङ्गौ विवेचयति –

અવતરણિકાર્થ :-

ત્રીજો અને ચોથો ભાંગો વિવેચન કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૮માં આરાધક-વિરાધકની ચતુર્ભંગી બતાવી. તેમાંથી બે ભાંગાનું અત્યાર સુધી વિવેચન કર્યું. હવે સર્વારાધકરૂપ ત્રીજા અને સર્વવિરાધકરૂપ ચોથા ભાંગાનું વિવેચન કરે છે –

ગાથા :-

तइए भंगे साहू सुअवंतो चेव सीलवंतो अ ।
उवयारा सड्ढोवि य भवाभिणंदी चउत्थंमि ।।२९।।

છાયા :-

तृतीये भङ्गे साधुः श्रुतवांश्चैव शीलवांश्च ।
उपचारात् श्राद्धोऽपि च भवाभिनंदी चतुर्थे ।।२९।।

અન્વયાર્થ :-

तइए भंगे=ત્રીજા ભાંગામાં, सुअवंतो चेव सीलवंतो अ=શ્રુતવાન અને શીલવાન એવા, साहू=સાધુ છે, उवयारा सड्ढोवि=ઉપચારથી દેશવિરતિધર શ્રાવક છે, य भवाभिणंदी चउत्थंमि=અને ચોથા ભાંગામાં ભવાભિનંદી જીવ છે. ॥૨૯॥

ગાથાર્થ :-

ત્રીજા ભાંગામાં શ્રુતવાન અને શીલવાન એવા સાધુ છે, ઉપચારથી દેશવિરતિધર શ્રાવક છે અને ચોથા ભાંગામાં ભવાભિનંદી જીવ છે. ॥૨૯॥

ટીકા :-

तइए भंगेत्ति । श्रुतवाँश्चैव साधुस्तृतीयभङ्गे सर्वाराधकलक्षणे समवतारणीयः, उपरतत्वाद् भावतो विज्ञातधर्मत्वाच्च त्रिप्रकारस्यापि मोक्षमार्गस्याराधकत्वात्, श्राद्धोऽपि चोपचारात् तृतीयभङ्ग एव, देशविरतौ सर्वविरत्युपचारात् ज्ञानदर्शनयोश्चाप्रतिहतत्वात् तत्र च चतुर्थे भङ्गे सर्वविराधकलक्षणे भवाभिनंदी क्षुद्रत्वादिदोषवान् देशतोऽप्यनुपरतो मिथ्यादृष्टिरिति ।।२९।।

ટીકાર્થ :-

श्रुतवाँश्चैव ..... मिथ्यादृष्टिरिति ।। 'तइए भंगेत्ति' પ્રતીક છે. **શ્રુતવાળા સાધુ સર્વ આરાધકરૂપ ત્રીજા ભાંગામાં સમવતાર કરવા યોગ્ય છે; કેમ કે ઉપરતપણું છે=સર્વ પાપવ્યાપારથી ઉપરતપણું છે, અને ભાવથી વિજ્ઞાતધર્મપણું છે=શ્રુત ધર્મ કઈ રીતે સંસારના ઉચ્છેદનું કારણ છે તેના મર્મને સ્પર્શનાર એવું શ્રુતજ્ઞાનવાનપણું છે, આથી ત્રણ પ્રકારના પણ મોક્ષમાર્ગનું આરાધકપણું છે=સમ્યગ્ બોધ, સમ્યગ્ રુચિ અને સમ્યગ્ યત્નરૂપ મોક્ષમાર્ગનું આરાધકપણું છે, અને શ્રાવક પણ ઉપચારથી ત્રીજા ભાંગામાં જ સમવતારણીય છે; કેમ કે દેશવિરતિમાં સર્વવિરતિનો ઉપચાર છે. અને જ્ઞાન-દર્શનનું અપ્રતિહતપણું છે. અને ત્યાં=ચતુર્ભંગીમાં, સર્વવિરાધક લક્ષણ ચોથા ભાંગામાં ભવાભિનંદી જીવ સમવતારણીય છે.**

કેવો ભવાભિનંદી ? તે સ્પષ્ટ કરે છે –

ક્ષુદ્રત્વાદિ દોષવાળો, દેશથી પણ અનુપરત મિથ્યાદૃષ્ટિ ચોથા ભાંગામાં સમવતારણીય છે. એમ અન્વય છે. ।।૨૯।।

ભાવાર્થ :-

જે સાધુને ભગવાનના શ્રુતના પારમાર્થિક સ્વરૂપનો બોધ છે તેથી તેનું શ્રુતજ્ઞાન સર્વ ઉદ્યમથી જિનવચનનું દૃઢ અવલંબન લઈને સંસારના ઉચ્છેદ માટે તેમને પ્રવર્તાવે છે તેવા મહાત્માના મન-વચન-કાયાના યોગો સદા જિનવચનનું સ્મરણ કરીને આત્માના સામાયિકના પરિણામને અતિશય કરવાના વ્યાપારવાળા છે. આવા મહાત્માઓ સર્વ પાપવ્યાપારથી ઉપરત હોવાથી સર્વારાધકરૂપ ત્રીજા ભાંગામાં અવતાર પામે છે.

વળી, શ્રાવક સંપૂર્ણ પાપવ્યાપારથી ઉપરત નથી તોપણ સર્વથા પાપવ્યાપારના ઉપરમના ઉપાયરૂપે જ શ્રાવક દેશવિરતિમાં યત્ન કરે છે. આથી જ વિવેકસંપન્ન શ્રાવક સર્વવિરતિની શક્તિ આસન્ન-આસન્નતર થાય તે રીતે જ ભગવદ્ પૂજા, સુસાધુની ભક્તિ અને અણુવ્રતો આદિનું પાલન કરે છે. તેથી સર્વવિરતિરૂપ કાર્યમાં દેશવિરતિરૂપ કારણનો ઉપચાર કરીને શ્રાવકને પણ સર્વ પાપવ્યાપારથી ઉપરત સ્વીકારેલ છે. તેથી શ્રાવક પણ ત્રીજા ભાંગામાં અવતાર પામે છે; કેમ કે દેશવિરતિરૂપ કારણમાં સર્વવિરતિરૂપ કાર્યનો ઉપચાર કરીને અને જ્ઞાન-દર્શન વિદ્યમાન હોવાથી શાસ્ત્રકારોએ તેને સર્વારાધક સ્વીકારેલ છે.

વળી, સર્વવિરાધકરૂપ ચોથા ભાંગામાં પરિણામને આશ્રયીને લેશથી પણ પાપથી ઉપરત થયેલા ન હોય તેવા ક્ષુદ્રત્વાદિ દોષવાળા મિથ્યાદૃષ્ટિ જીવો છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારી સર્વ જીવો જેઓ ધર્મને વિમુખ છે તેઓ સર્વવિરાધક છે જ. પરંતુ જેઓ મોક્ષને અનુકૂળ લેશ પણ પરિણામને સ્પર્શતા નથી તેવા અન્યદર્શનના સંન્યાસીઓ, જૈનદર્શનના સાધુઓ કે જૈનદર્શનના શ્રાવકાચાર પાળનારા શ્રાવકો સર્વવિરાધક છે; કેમ કે સંસારથી પર મોક્ષને અનુકૂળ એવા પરિણામથી નિરપેક્ષ અને અસદ્ગ્રહથી દૂષિત જીવોનો બાહ્ય સંયમનો આચાર પણ પરમાર્થથી પાપના વિરામરૂપ નથી, માટે તેઓ સર્વવિરાધક છે. **॥૨૯॥**

અવતરણિકા :-

अत्र केचिद्वदन्ति–यो मिथ्यादृष्टिरन्यमार्गस्थः स सर्वविराधको भवतु, यस्तु जैनमार्गस्थः स भवाभिनन्द्यपि न तथा, व्यवहारस्य बलवत्त्वात् 'ववहारो वि हु बलवं' **इति वचनप्रामाण्यादिति तन्मतनिराकरणार्थमाह –**

અવતરણિકાર્થ :-

અહીં=આરાધકવિરાધકની ચતુર્ભંગી અત્યાર સુધી બતાવી એમાં જે સર્વવિરાધકનો ભાંગો બતાવ્યો એમાં, કોઈક કહે છે – જે અન્ય માર્ગસ્થ મિથ્યાદૃષ્ટિ છે તે સર્વવિરાધક હો, પરંતુ જે જૈનમાર્ગસ્થ છે તે ભવાભિનંદી પણ તેવો નથી=તે સર્વવિરાધક નથી; કેમ કે વ્યવહારનું બલવાનપણું છે.

કેમ વ્યવહારનું બલવાનપણું છે ? તેમાં હેતુ કહે છે –

"વ્યવહારનું પણ બલવાનપણું છે." **એ પ્રમાણે વચનનું પ્રમાણપણું છે. એ પ્રકારના તેના મતનું=પૂર્વપક્ષીના મતનું, નિરાકરણ કરવા માટે કહે છે –**

ગાથા :-

भावो जेसिमसुद्धो ते ववहारट्ठियावि एरिसया ।
णिच्छयपरंमुहो खलु ववहारो होइ उम्मग्गो ।।३०।।

છાયા :-

भावो येषामशुद्धस्ते व्यवहारस्थिता अपीदृशकाः ।
निश्चयपराङ्मुखः खलु व्यवहारो भवत्युन्मार्गः ।।३०।।

અન્વયાર્થ :-

जेसिमसुद्धो भावो=જેઓનો ભાવ અશુદ્ધ છે, ते=તેઓ, ववहारट्ठियावि=વ્યવહારમાં રહેલા પણ=વ્યવહારથી સંયમની ક્રિયા કરનારા પણ, एरिसया=આવા પ્રકારના છે=સર્વવિરાધક છે.

કેમ સર્વવિરાધક છે ? તેથી કહે છે –

णिच्छयपरंमुहो खलु ववहारो उम्मग्गो होइ=નિશ્ચય પરાઙ્મુખ એવો વ્યવહાર ઉન્માર્ગ છે. ।।૩૦।।

ગાથાર્થ :-

જેઓનો ભાવ અશુદ્ધ છે તેઓ વ્યવહારમાં રહેલા પણ=વ્યવહારથી સંયમની ક્રિયા કરનારા પણ, આવા પ્રકારના છે=સર્વવિરાધક છે.

કેમ સર્વવિરાધક છે ? તેથી કહે છે –

નિશ્ચય પરાઙ્મુખ એવો વ્યવહાર ઉન્માર્ગ છે. ।।૩૦।।

ટીકા :-

भावोत्ति । भावः=चित्तपरिणामो, येषामशुद्धः=अपुनर्बन्धकाद्युत्तीर्णत्वेन लेशेनापि निश्चयास्पर्शी, ते व्यवहारस्थिता अपि=स्वाभिमतैहिकप्रयोजनार्थं व्यवहारमाश्रिता अपि, ईदृशकाः=सर्वविराधका एव, निश्चयपराङ्मुखः खलु व्यवहार उन्मार्गो भवतीति न तेषां क्लिष्टकर्मणां स त्राणायेति । यस्तु व्यवहारो बलवानभ्यधायि प्रवचने स निश्चयप्रापको न तु तदप्रापकः, अत एव 'अविधिनाप्यभ्यासो विधेयः, दुषमायां विधेर्दुर्लभत्वात्, तस्यैव चाश्रयणे मार्गोच्छेदप्रसङ्गात्' इत्याद्यशास्त्रीयाभिनिवेशपरित्यागार्थं विधियत्न एव व्यवहारशुद्धिहेतुः शास्त्रे कर्तव्यतयोपदर्शितः । तदुक्तं पञ्चाशके (३-४९) –

"आलोइऊण एवं तंतं पूव्वावरेण सूरीहिं ।
विहिजत्तो कायव्वो मुद्धाण हियट्ठया सम्मं ।।" **इति ।**

एतद्वृत्तिर्यथा – "आलोच्य=विमृश्य, एवं=पूर्वोक्तन्यायेन, तन्त्रं=प्रवचनं, कथं? इत्याह-पूर्वश्च=तन्त्रस्य पूर्वो भागः, अपरश्च=तस्यैवापरो भागः, पूर्वापरं तेन सप्तम्यर्थे वा 'एन प्रत्यये सति पूर्वापरेणेति स्यात्, पूर्वापरभावयोरित्यर्थः, तयोरविरोधेनेति यावत्, अनेन चालोचनमात्रस्य व्यवच्छेदः, तस्य तत्त्वावबोधासमर्थत्वादिति, सूरिभिः=आचार्यैः पण्डितैर्वा, विधौ=विधाने, वंदनागते वेलाद्याराधनरूपे यत्न=उद्यमो विधियत्नः, स कर्त्तव्यो=विधातव्यो, विमुक्तालस्यैः स्वयं विधिना वन्दना कार्या, अन्येऽपि विधिनैव तां विधापयितव्या इत्यर्थः । किमर्थमेतदेवं? इत्याह-मुग्धानां=अव्युत्पन्नबुद्धीनां, हितं=श्रेयः, तद्रूपो योऽर्थः=वस्तु, स हितार्थस्तस्मै हितार्थाय सम्यगविपरीततया । यदा हि गीतार्था विधिना स्वयं वन्दनां विदधन्त्यांश्च तथैव विधापयन्ति, तदा मुग्धबुद्धयोऽपि तथैव प्रवर्त्तन्ते, प्रधानानुसारित्वान्मार्गाणाम् । आह च –

जो उत्तमेहिं मग्गो पहओ सो दुक्करो न सेसाणं ।
आयरियंमि जयंते तयणुचरा के णु सीयंति ।।

तथा –

जे जत्थ जया जइआ बहुस्सुआ चरणकरणउज्जुत्ता ।

जं ते समायरंती आलंबण तिव्वसद्धाणं ।।

जयत्ति दुःषमादौ, जइअत्ति दुर्भिक्षादाविति । तथाप्रवृत्ताश्च ते वन्दनाराधनाजन्यं हितमासादयन्ति, तद्विराधनाजन्यप्रत्यपायेभ्यश्च मोचिता भवन्तीति । अयं चोपदेशोऽसमञ्जसतया स्वयं वन्दनां विदधानाँस्तथाऽनवाप्तापुनर्बन्धकाद्यवस्थेभ्यस्तथाविधजिज्ञासादितल्लिङ्गविकलेभ्यो जनेभ्यस्तां प्रयच्छतः सूरीन् वीक्ष्याचार्येण विहितः, एवं हि तत्प्रवृत्तौ तेषामन्येषां चानर्थोऽसमञ्जसक्रियाजन्या च शासनाप्रभ्राजना मा भूदित्यभिप्रायेणेति गाथार्थः ।।४९।।' **इति ।**

अत एव च कालानुभावाज्जैनप्रवचनेऽप्यल्पस्यैव जनस्याराधकस्य दर्शनात् जिनाज्ञारुचिशुद्धेष्वेव भक्तिबहुमानादि कार्यमिति पूर्वाचार्या वदन्ति । उक्तं चोपदेशपदे(८३४) –

"एवं पाएण जणा कालाणुभावा इहंपि सव्वेवि ।

णो सुंदरत्ति तम्हा आणासुद्धेसु पडिबंधो ।।" **त्ति ।**

एतद्वृत्तिर्यथा – "एवं=अनन्तरोक्तोदाहरणवत्, प्रायेण=बाहुल्येन, जना=लोकाः, कालानुभावाद्=वर्त्तमानकालसामर्थ्याद्, इहापि=जैनमतेऽपि, सर्वेऽपि=साधवः श्रावकाश्च, नो=नैव, सुन्दराः=शास्त्रोक्ताचारसारा, वर्त्तन्ते, किन्त्वना-भोगादिदोषाच्छास्त्रप्रतिकूलप्रवृत्तयः, इति=पूर्ववत्, तस्मात्कारणादाज्ञाशुद्धेषु=सम्यगधीतजिनागमाचारवशाच्छुद्धि-मागतेषु साधुषु श्रावकेषु च, प्रतिबन्धो=बहुमानः कर्त्तव्य" **इति ।।३०।।**

ટીકાર્થ :-

भावश्चित्तपरिणामो ..... कर्तव्य इति ।। 'भावोत्ति' પ્રતીક છે. જેઓનો ભાવ=ચિત્તનો પરિણામ અશુદ્ધ છે=અપુનર્બંધકાદિ અવસ્થાથી ઉત્તીર્ણપણું હોવાને કારણે લેશથી પણ નિશ્ચયનો અસ્પર્શી છે=નિશ્ચય નયને અભિમત એવા મોક્ષને અનુકૂલ ભાવોનો અસ્પર્શી છે, તેઓ વ્યવહારમાં રહેલા પણ=પોતાને અભિમત ઐહિક પ્રયોજન માટે વ્યવહારને આશ્રિત પણ, આવા પ્રકારના છે=સર્વવિરાધક જ છે. નિશ્ચય પરાઙ્મુખ એવો વ્યવહાર ઉન્માર્ગ જ છે. એથી ક્લિષ્ટ કર્મવાળા એવા તેઓને તે=ઉન્માર્ગરૂપ વ્યવહારની આચરણા, ત્રાણ માટે નથી=સંસારસમુદ્રમાં ડૂબતાને રક્ષણ કરવાનું કારણ નથી, એથી તેઓ સર્વવિરાધક જ છે, એમ અન્વય છે. વળી, જે વ્યવહાર પ્રવચનમાં બલવાન કહેવાયો છે, તે નિશ્ચયપ્રાપક વ્યવહાર કહેવાયો છે. પરંતુ તેનો અપ્રાપક નહીં=નિશ્ચય નયને અભિમત એવા પરિણામનો અપ્રાપક એવો વ્યવહાર નહીં. આથી જ=નિશ્ચય પ્રાપક વ્યવહાર જ બલવાન છે અન્ય નહિ આથી જ, "અવિધિથી પણ અભ્યાસ કરવો જોઈએ; કેમ કે દુઃષમા આરામાં વિધિનું દુર્લભપણું છે. અને તેના જ=વિધિના જ, આશ્રયણમાં માર્ગના ઉચ્છેદનો પ્રસંગ છે." ઇત્યાદિ

અશાસ્ત્રીય અભિનિવેશના પરિત્યાગ માટે વિધિયત્ન જ વ્યવહારશુદ્ધિનો હેતુ શાસ્ત્રમાં કર્તવ્યપણાથી બતાવાયો છે. પંચાશકમાં તે=વિધિમાં યત્ન કરવો જોઈએ તે, કહેવાયું છે –

"આ રીતે પૂર્વાપરભાવથી તંત્રનું આલોચન કરીને=કઈ રીતે સેવાયેલી ક્રિયાઓ મોક્ષને અનુકૂલ કારણ બનશે ? એ પ્રકારના પૂર્વાપર ભાવથી આલોચન કરીને, મુગ્ધ જીવોના હિત માટે સૂરિએ વિધિમાં સમ્યગ્ યત્ન કરવો જોઈએ." **(પંચાશક-૩, ગાથા-૪૯)**

આની વૃત્તિ=ટીકા 'યથા'થી બતાવે છે –

"આ રીતે=પૂર્વોક્ત ન્યાયથી=પંચાશકમાં પૂર્વમાં કહેલા દૃષ્ટાંતથી, તંત્રનું=પ્રવચનનું, આલોચન કરીને.

કેવી રીતે આલોચન કરીને ? તેથી કહે છે –

તંત્રનો પૂર્વભાગ અને તેનો અપર ભાગ તે પૂર્વાપર ભાગ, તેનાથી અથવા સપ્તમી અર્થમાં તૃતીયા છે. તેથી પૂર્વાપર ભાવમાં અવિરોધથી આલોચન કરીને. એમ અન્વય છે. અને આના દ્વારા=પૂર્વાપર ભાવમાં વિષયક અવિરોધથી આલોચન કરીને. એમ કહ્યું એના દ્વારા, આલોચન માત્રનો વ્યવચ્છેદ છે; કેમ કે તેનું=આલોચન માત્રનું, અવબોધમાં અસમર્થપણું છે.

પૂર્વાપરના અવિરોધથી આલોચન કરીને શું કરવું જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

સૂરિએ=આચાર્યે, અથવા બુદ્ધિમાન પુરુષે, વિધિમાં=વંદનાદિગત વેલાદિ આરાધનારૂપ વિધિમાં, યત્ન=ઉદ્યમ, તે વિધિ યત્ન, તે કરવો જોઈએ=વિમુક્ત આળસવાળા એવા સૂરિ વડે સ્વયં વિધિથી વંદના કરવી જોઈએ. અન્યોને પણ વિધિથી જ તે=વંદના, કરાવવી જોઈએ. કયા અર્થે આ આમ છે ?=સ્વયં વિધિથી કરવી જોઈએ અને અન્યને કરાવવી જોઈએ એ પ્રમાણે કેમ છે ? એથી કહે છે – મુગ્ધ જીવોનું=અવ્યુત્પન્ન બુદ્ધિવાળા જીવોનું, હિત=શ્રેય, તે રૂપ જે અર્થ=વસ્તુ, તે હિતાર્થ, તેના માટે=સમ્યગ્=અવિપરીતપણાથી, હિતાર્થ માટે, વિધિપૂર્વક વંદન કરવું જોઈએ એમ અન્વય છે. જ્યારે ગીતાર્થો સ્વયં વિધિથી વંદનાને કરે છે અને અન્યોને=શિષ્યોને, તે પ્રમાણે જ કરાવે છે ત્યારે મુગ્ધબુદ્ધિવાળા પણ જીવો તે પ્રકારે જ=ગીતાર્થ સ્વયં કરે છે અને અન્યોને કરાવે છે તે પ્રકારે જ, પ્રવર્તે છે=વંદનાદિ ક્રિયા કરે છે; કેમ કે માર્ગગામી જીવોનું પ્રધાનનું અનુસારીપણું છે.

અને કહે છે –

"જે ઉત્તમો વડે માર્ગ પ્રહત છે=સેવાયો છે, તે શેષ જીવોને દુષ્કર નથી; આચાર્ય યતમાન હોતે છતે તેના અનુચરો કઈ રીતે સીદાય ?"

અને

"જેઓ જે વિષયમાં જ્યારે=દુષમાદિમાં, જ્યારે=દુર્ભિક્ષાદિમાં, બહુશ્રુત અને ચરણકરણમાં ઉદ્યત હોય, તેઓ જે આચરે છે તે તીવ્ર શ્રદ્ધાવાળાઓનું આલંબન છે."

સાક્ષી પાઠમાં આપેલ 'जया'નો અર્થ 'દુઃષમાદિમાં' છે અને 'जइआ'નો અર્થ 'દુર્ભિક્ષાદિમાં' છે.

'इति' શબ્દ ઉદ્ધરણના કઠિન શબ્દના અર્થની સમાપ્તિ માટે છે.

ઉદ્ધરણ પૂર્વે કહેલું કે મુગ્ધબુદ્ધિવાળા જીવો ગીતાર્થના આચાર પ્રમાણે જ પ્રવર્તે છે. હવે તેઓ કઈ રીતે હિત પ્રાપ્ત કરે છે ? તે સ્પષ્ટ કરે છે –

અને તે રીતે પ્રવૃત્ત એવા તેઓ=ગીતાર્થો દ્વારા કરાયેલી પ્રવૃત્તિ અનુસાર પ્રવૃત્ત એવા મુગ્ધબુદ્ધિવાળા જીવો, વંદનાની આરાધનાજન્ય હિતને પ્રાપ્ત કરે છે. અને તેમની વિરાધનાજન્ય=વંદ્ય એવા તીર્થંકરાદિની વિરાધનાજન્ય અનર્થોથી મુકાયેલા થાય છે. અને અસમંજસપણાથી સ્વયં વંદનાને કરતા અને નહીં પ્રાપ્ત થયેલી અપુનર્બંધક અવસ્થાવાળા અને તેવા પ્રકારની જિજ્ઞાસાદિ તલ્લિંગોથી વિકલ=આત્મકલ્યાણના અર્થીપણાથી વંદનાદિની વિધિ વિષયક જિજ્ઞાસાદિ અપુનર્બંધકાદિના લિંગથી વિકલ, એવા જીવોને વંદના આપતા સૂરિને જોઈને આચાર્યે=દુઃષમાદિમાં અને દુર્ભિક્ષાદિમાં ઈત્યાદિ ત્રીજા પંચાશકની ૪૯મી ગાથામાં અપાયેલો ઉપદેશ આચાર્યે, કર્યો છે. અને "આ રીતે તેમની પ્રવૃત્તિમાં=હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ જે ઉપદેશ આપ્યો તે રીતે આચાર્યાદિની પ્રવૃત્તિમાં, તેઓને અને અન્યોને=આચાર્યને અને અન્ય મુગ્ધ જીવોને, અનર્થ ન થાઓ અને અસમંજસક્રિયાજન્ય શાસનની અપભ્રાજના ન થાઓ." એ પ્રકારના અભિપ્રાયથી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપદેશ કર્યો છે, એ પ્રમાણે પંચાશકનો ગાથાર્થ છે. ॥૪૯॥"

"इति" શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અને આથી જ=અવિધિથી કરાયેલી વંદનાની ક્રિયાથી પાપની પ્રાપ્તિ અને શાસનની અપભ્રાજના થાય છે આથી જ, કાલના અનુભાવથી જૈન પ્રવચનમાં પણ=ભગવાનના શાસનમાં પણ, અલ્પ જ આરાધક જીવોનું દર્શન હોવાથી જિનાજ્ઞારુચિથી શુદ્ધ જ જીવોમાં ભક્તિ-બહુમાનાદિ કરવું જોઈએ, એ પ્રમાણે પૂર્વાચાર્યો કહે છે. અને ઉપદેશપદમાં કહેવાયું છે=જિનાજ્ઞાશુદ્ધમાં જ ભક્તિ-બહુમાન કરવું જોઈએ એ પ્રમાણે ઉપદેશપદમાં કહેવાયું છે –

"આ રીતે પ્રાયઃ કરીને કાલ અનુભાવથી અહીં પણ=જૈનમતમાં પણ, સર્વે લોકો પણ સુંદર નથી તે કારણથી આજ્ઞાશુદ્ધમાં પ્રતિબંધ=બહુમાન, કરવું જોઈએ." **(ઉપદેશપદ ગાથા-૮૩૪)**

આની વૃત્તિ=ઉપદેશપદની વૃત્તિ, 'યથા'થી બતાવે છે – "આ રીતે=ઉપદેશપદમાં પૂર્વની ગાથામાં કહેલા ઉદાહરણની જેમ, પ્રાયઃ=બાહુલ્યથી, લોકો કાલના અનુભાવથી=વર્તમાનકાળના સામર્થ્યથી, અહીં પણ=જૈનમતમાં પણ, સર્વ પણ=સાધુ અને શ્રાવકો સર્વ પણ, સુંદર=શાસ્ત્રોક્તાચારવાળા, વર્તતા નથી જ, પરંતુ અનાભોગાદિ દોષથી શાસ્ત્રપ્રતિકૂળ પ્રવૃત્તિવાળા છે. તે કારણે આજ્ઞાશુદ્ધમાં=સમ્યગ્ રીતે ભણેલા જિનાગમના આચારના વશથી શુદ્ધિને પામેલા સાધુઓમાં અને શ્રાવકોમાં, પ્રતિબંધ=બહુમાન, કરવું જોઈએ."

"इति" શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૩૦॥

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે જૈનદર્શનમાં રહેલ અને જૈનમતાનુસાર ક્રિયા કરનારને સર્વવિરાધક કહી શકાય નહિ; કેમ કે વ્યવહાર બલવાન છે. તેથી વ્યવહારથી જેઓ જૈનમતની ક્રિયા કરે છે તેઓને તેટલા અંશથી આરાધક સ્વીકારવા જોઈએ. તેનો ઉત્તર આપતાં કહે છે – જેઓની ક્રિયામાં મોક્ષને

અનુકૂળ લેશ પણ ભાવ નથી તેઓની ક્રિયા નિશ્ચયનયને અભિમત પરિણામના સ્પર્શ વગરની હોવાથી મોક્ષનું કારણ નથી. માટે એવા ક્લિષ્ટ કર્મવાળા જીવો વ્યવહારની સર્વક્રિયાઓ કરતા હોય તોપણ તે ક્રિયાથી તેઓનું લેશ પણ આ સંસારસમુદ્રમાં રક્ષણ નથી. વળી શાસ્ત્રમાં વ્યવહાર બલવાન છે તેમ જે કહ્યું છે તે નિશ્ચયપ્રાપક વ્યવહાર છે. તેથી એ ફલિત થાય કે જે વ્યવહારનયની ક્રિયા પરિણામના લક્ષ્યની સાથે બદ્ધ થઈને કરવામાં આવે છે તે ક્રિયાથી તત્કાલ જ નિશ્ચયનયને અભિમત ભાવો અવશ્ય થાય છે તેવો વ્યવહારનય બલવાન છે. જેમ ભગવાનના ગુણના પ્રણિધાનપૂર્વક કોઈ શ્રાવક ભગવાનની ભક્તિ કરતો હોય ત્યારે ભગવાનની ભક્તિકાળમાં ચારિત્રનાં પ્રતિબંધક કર્મોનું વિગમન થાય તેવા નિશ્ચયનયને અભિમત પરિણામ થાય છે. આથી જ કોઈ સાધુ જિનવચનના સ્મરણપૂર્વક ભિક્ષાની વિધિથી ભિક્ષા લાવેલા હોય તો તે ભિક્ષા લાવવાની ક્રિયા વિધિશુદ્ધ હોવાથી સંયમવૃદ્ધિનું કારણ છે, તેથી કેવલીને તે ભિક્ષા કેવલજ્ઞાનમાં અશુદ્ધ જણાય તોપણ તે ભિક્ષાને કેવલી વાપરે છે. પરંતુ આ ભિક્ષા અશુદ્ધ છે તેમ કહેતા નથી.

વળી, ભાવને અનુકૂળ વ્યવહારમાં યત્ન કરવો જોઈએ તેની જ પુષ્ટિ કરવા અર્થે શાસ્ત્રકારોએ કહ્યું છે કે કોઈ અવિચારક જીવો કહે છે કે અવિધિથી પણ સામાયિકાદિ ક્રિયા કરવી જોઈએ; કેમ કે દુષમા કાળમાં વિધિનું દુર્લભપણું છે અને વિધિનું આશ્રયણ કરવામાં આવશે તો પ્રાયઃ ક્રિયા કરનારા જીવોની અપ્રાપ્તિ થવાથી માર્ગનો ઉચ્છેદ થશે. તેઓનાં તે વચનો ભગવાનના શાસનથી વિપરીત છે તે બતાવવા માટે વ્યવહારની શુદ્ધિનો હેતુ એવી વિધિમાં જ યત્ન કરવો જોઈએ. એમ પંચાશકમાં હરિભદ્રસૂરિ મહારાજાએ કહ્યું છે.

પંચાશકના કથનનું તાત્પર્ય એ છે કે પ્રસ્તુત ઉદ્ધરણની પૂર્વની ગાથામાં કહ્યું એ પ્રમાણે સૂરિએ વંદનાદિ ક્રિયા વિષયક પૂર્વાપર ભાવનું આલોચન કરવું જોઈએ. અર્થાત્ કારણભાવ પૂર્વભાવ છે અને કાર્યભાવ અપર ભાવ છે. તેથી વંદનાદિની ક્રિયામાં તે પ્રકારના પૂર્વભાવમાં યત્ન કરવો જોઈએ. જેથી તે ક્રિયાથી નિષ્પાદ્ય એવો ઉત્તરભાવ પ્રગટ થાય અને અન્ય જીવોને પણ તે પ્રકારે જ કરાવવું જોઈએ. જેથી અવ્યુત્પન્ન એવા મુગ્ધ જીવો પણ તે આચાર્યાદિ દ્વારા કરાતી વંદનાદિની ક્રિયાને જોઈને તે પ્રમાણે જ કરવાના પરિણામવાળા થાય. જોકે મુગ્ધ જીવો અવ્યુત્પન્ન બુદ્ધિવાળા હોવાથી જે પ્રકારે આચાર્ય સ્વયં વંદના કરે છે અને વ્યુત્પન્ન બુદ્ધિવાળા શિષ્યો પાસેથી કરાવે છે તે પ્રમાણે પૂર્ણરૂપે કરી શકતા નથી, તોપણ આચાર્યાદિના વચનનું અનુસરણ કરીને કંઈક અંશથી તે ભાવો નિષ્પન્ન થાય તેવો યત્ન કરે છે. જેથી તે ક્રિયા કરીને જ ક્રમસર વ્યુત્પન્ન બુદ્ધિવાળા પણ બને છે.

આ સર્વ કથનથી એ ફલિત થાય કે કાળના દોષને કારણે જૈનશાસનની ક્રિયા કરનારા જીવોમાં પણ અલ્પ જીવો જ આરાધક દેખાય છે. તેથી ભગવાનની આજ્ઞાનુસાર કરવાની રુચિથી શુદ્ધ એવા જીવોમાં જ ભક્તિ-બહુમાનાદિ કરવું જોઈએ, પરંતુ સ્વમતિ અનુસાર ક્રિયા કરનારાઓની ભક્તિ-બહુમાનાદિ કરવાથી કલ્યાણની પ્રાપ્તિ થાય નહિ. **॥૩૦॥**

અવતરણિકા :-

નન્વેવં વિધિવિકલવ્યવહારસ્યારાધકત્વાપ્રયોજકત્વેઽપિ વિધિશુદ્ધવ્યવહારસ્ય ભાવહીનસ્યાપ્યારાધકત્વપ્રયોજકત્વે કિં બાધકં? પરં પ્રતિ તસ્ય નિશ્ચયપ્રાપકત્વાદ્, ઇત્યત આહ –

અવતરણિકાર્થ :-

આ રીતે=ગાથા-૩૦માં કહ્યું એ રીતે, વિધિવિકલ વ્યવહારનું આરાધકપણામાં અપ્રયોજકપણું હોતે છતે પણ ભાવહીન=મોક્ષને અનુકૂલ એવા ભાવલેશથી પણ હીન, એવા વિધિશુદ્ધ વ્યવહારના આરાધકપણાના પ્રયોજકપણામાં શું બાધક છે ? અર્થાત્ બાધક નથી; કેમ કે બીજાના પ્રત્યે તેનું= વિધિશુદ્ધ વ્યવહારનું, નિશ્ચય પ્રાપકપણું છે. તેથી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૩૦માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સર્વથા વિધિથી રહિત એવી ક્રિયાથી જીવોને આરાધક સ્વીકારી શકાય નહિ એ રીતે સર્વથા વિધિથી વિકલ એવી ક્રિયાથી વ્યવહારની ક્રિયા આરાધક થવામાં કારણ નથી. તોપણ કોઈ જીવ મોક્ષને અનુકૂલ ભાવથી રહિત બાહ્ય વિધિશુદ્ધ ક્રિયા કરે તેને આરાધક સ્વીકારવો જોઈએ; કેમ કે તેની વિધિશુદ્ધ ક્રિયાને જોઈને અન્ય જીવો તેવી ક્રિયાને કરીને નિશ્ચયને અનુકૂળ એવા પરિણામને પ્રાપ્ત કરી શકશે, જેમ અંગારમર્દકના શિષ્યો અંગારમર્દકની ક્રિયાને જોઈને ભાવથી સંયમની પરિણતિને પામ્યા. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરતાં કહે છે –

ગાથા :-

भावुज्झियववहारा ण किंपि आराहगत्तणं होइ ।
भावो उ बोहिबीजं सव्वण्णुमयंमि थोवोवि ।।३१।।

છાયા :-

भावोज्झितव्यवहारान्न किमप्याराधकत्वं भवति ।
भावस्तु बोधिबीजं सर्वज्ञमते स्तोकोऽपि ।।३१।।

અન્વયાર્થ :-

भावुज्झियववहारा=ભાવથી રહિત એવી વ્યવહારની ક્રિયાથી, किंपि आराहगत्तणं ण होइ=કંઈ પણ આરાધકપણું થતું નથી. उ=વળી, सव्वण्णुमयंमि=સર્વજ્ઞના મતમાં, थोवोवि भावो=થોડો પણ ભાવ=તે તે ક્રિયામાં અપેક્ષિત તે તે ક્રિયાથી જન્ય થોડો પણ ભાવ, बोहिबीजं=બોધિનું બીજ છે. ।।૩૧।।

ગાથાર્થ :-

ભાવથી રહિત એવી વ્યવહારની ક્રિયાથી કંઈ પણ આરાધકપણું થતું નથી. વળી, સર્વજ્ઞના મતમાં થોડો પણ ભાવ=તે તે ક્રિયામાં અપેક્ષિત તે તે ક્રિયાથી જન્ય થોડો પણ ભાવ, બોધિનું બીજ છે. ।।૩૧।।

ટીકા :-

भावुज्झिअत्ति । भावोज्झितव्यवहाराद्=भवाभिनन्दिनां द्रव्यव्रतधारिणां विधिसमग्रादपि, न किमप्याराधकत्वं भवति, परं प्रति निश्चयप्रापकस्यापि तस्य स्वकार्याऽकारित्वाद्, भावस्तु सर्वज्ञमते स्तोकोऽपि बोधिबीजं, विशेषधर्मविषयस्य स्तोकस्यापि भावस्य विशेषफलत्वाद्, अत एवापूर्वा धर्मचिन्तापि प्रथमं समाधिस्थानमुक्तं । तदुक्तं समवायाङ्गे (१०) –

"धम्मचिंता वा से असमुप्पण्णपुव्वा समुप्पज्जेज्जा सव्वं धम्मं जाणित्तए" **त्ति ।**

एतद्वृत्तिर्यथा – "तत्र धर्मा=जीवादिद्रव्याणां उपयोगोत्पादादय स्वभावास्तेषां चिन्ता=अनुप्रेक्षा, धर्मस्य वा श्रुतचारित्रात्मकस्य सर्वज्ञभाषितस्य 'हरिहरादिनिगदितधर्मेभ्य प्रधानोऽयं' इत्येवं चिन्ता धर्मचिन्ता, वाशब्दो वक्ष्यमाणसमाधिस्थानापेक्षया विकल्पार्थः, से इति यः कल्याणभागी तस्य साधोः, असमुत्पन्नपूर्वा=पूर्वस्मिन्ननादावतीते कालेऽनुपजाता, तदुत्पादे ह्यपार्द्धपुद्गलपरावर्त्तान्ते कल्याणस्यावश्यंभावात्, समुत्पद्येत जायते । किंप्रयोजना चेयं? अत आह–सर्वं=निरवशेषं, धर्मं=जीवादिद्रव्यस्वभावमुपयोगोत्पादादिकं श्रुतादिरूपं वा, जाणित्तए=ज्ञपरिज्ञया ज्ञातुं, ज्ञात्वा च प्रत्याख्यानपरिज्ञया परिहरणीयधर्मं परिहर्त्तुम् । इदमुक्तं भवति–धर्मचिन्ता धर्मज्ञानकरणभूता जायते इति ।।"

अत्रापूर्वधर्मचिन्ताया उत्कर्षतोऽपार्द्धपुद्गलपरावर्त्तव्यवधानेन कल्याणकारणत्वमुक्तं, अन्यत्र च मुक्त्यद्वेषादिगुणानां चरमपुद्गलपरावर्त्तव्यवधानेनेति प्रवचनपूर्वापरभावपर्यालोचनया गुणसामान्यस्य चरमावर्त्तमानत्वमस्माभिरुन्नीयते । यदि चैवमपि स्वतन्त्रपरतन्त्रसाधारणापुनर्बन्धकादिगुणानामपार्द्धपुद्गलपरावर्त्तमानत्वमेव सकलगीतार्थसंमतं स्यात्तदा नास्माकमाग्रह इत्यस्यां परीक्षायामुपयुक्तैर्भवितव्यं गीतार्थैः=प्रवचनाशातनाभीरुभिः ।।३१।।

ટીકાર્થ :-

भावोज्झितव्यवहाराद् ..... प्रवचनाशातनाभीरुभिः ।। भावुज्झिअत्ति પ્રતીક છે. ભાવથી રહિત એવા વ્યવહારથી=વ્યવહારનયને અભિમત એવી ક્રિયાથી, ભવાભિનંદી દ્રવ્યવ્રતધારી જીવોનું વિધિ સમગ્રથી પણ=વ્યવહારનયની બાહ્ય સર્વ ક્રિયાવિધિથી પૂર્ણ હોય તોપણ, કંઈ પણ આરાધકપણું નથી; કેમ કે પર પ્રત્યે નિશ્ચયપ્રાપક એવી પણ તેનું=બીજા જીવો પ્રત્યે નિશ્ચય નયને અભિમત એવા પરિણામની

પ્રાપ્તિનું કારણ બને તેવી પણ વિધિયુક્ત ક્રિયાનું, સ્વકાર્ય અકારીપણું છે=સ્વનિષ્ઠ મોક્ષને અનુરૂપ એવા ગુણરૂપ બીજનું અકારીપણું છે, વળી, ભાવ=ક્રિયાકાળમાં દશે સંજ્ઞાના વિષ્કંભણને કારણે ઉત્તર ઉત્તરના ગુણની પ્રાપ્તિનું કારણ અને તેવો ભાવ, થોડો પણ સર્વજ્ઞના મતમાં બોધિનું બીજ છે; કેમ કે વિશેષ ધર્મના વિષયવાળા=ભગવાને કહેલા મોક્ષસાધક અનુષ્ઠાનરૂપ વિશેષ ધર્મના વિષયવાળા, થોડા પણ ભાવનું વિશેષ ફળપણું છે=મોક્ષને અનુકૂળ એવી નિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્યરૂપ વિશેષ ફળપણું છે, આથી જ=થોડો પણ ભાવ વિશેષફળવાળો છે આથી જ, અપૂર્વ ધર્મચિંતા પણ પ્રથમ સમાધિસ્થાન કહેવાયું છે=આદ્ય ભૂમિકાની મોક્ષને અનુકૂળ રાગાદિ અનાકુળતારૂપ આત્માની સ્વસ્થતાસ્વરૂપ સમાધિ-સ્થાન કહેવાયું છે.

તે સમવાયાંગમાં કહેવાયું છે –

"તેને પૂર્વમાં નહિ પેદા થયેલી એવી=અનાદિકાળમાં પૂર્વે નહિ પેદા થયેલી એવી, ધર્મચિંતા થાય છે. (તે ધર્મ ચિંતા) સર્વધર્મને જાણવા માટે યત્ન કરાવે છે." **(સમવાય-૧૦)**

આની વૃત્તિ 'યથા'થી બતાવે છે –

"ત્યાં=ધર્મચિંતાના વિષયમાં, ધર્મ જીવાદિ દ્રવ્યોનો ઉપયોગ અને ઉત્પાદાદિ સ્વભાવ. તેની ચિંતા=અનુપ્રેક્ષા, અથવા શ્રુત ચારિત્રાત્મક સર્વજ્ઞભાષિત ધર્મની 'હરિહરાદિ વડે કહેવાયેલ ધર્મથી આ પ્રધાન છે.' એ પ્રકારની ચિંતા ધર્મચિંતા છે=અન્યદર્શનના ધર્મ કરતાં ભગવાનના શ્રુત-ચારિત્રધર્મમાં જે પ્રકારની વિશેષતા છે તે પ્રકારની વિશેષતાનો કંઈક બોધ થવાથી તે સ્વરૂપે તેનું ચિંતન તે ધર્મચિંતા છે. 'વા' શબ્દ વક્ષ્યમાણ સમાધિસ્થાનોની અપેક્ષાથી વિકલ્પ અર્થવાળો છે અર્થાત્ અન્ય પણ પ્રથમ સમાધિસ્થાનો છે તેમ ધર્મચિંતા પણ પ્રથમ સમાધિસ્થાન છે એ વિકલ્પ અર્થને બતાવનાર છે.

ઉદ્ધરણમાં 'સે' શબ્દનો અર્થ કરે છે –

જે કલ્યાણભાગી છે તે સાધુને, પૂર્વમાં અનાદિ એવા અતીત કાળમાં અનુત્પન્ન એવી અસમુત્પન્નપૂર્વા ધર્મચિંતા થાય છે, એમ અન્વય છે.

આ ધર્મચિંતા પૂર્વે કેમ ઉત્પન્ન થઈ નથી ? તેમાં હેતુ કહે છે –

તેના ઉત્પાદમાં=આવી ધર્મચિંતાના ઉત્પાદમાં, અર્ધ પુદ્ગલપરાવર્ત અંદરમાં કલ્યાણનો અવશ્યંભાવ છે=મોક્ષની અવશ્ય પ્રાપ્તિ છે.

શું પ્રયોજનવાળી આ ધર્મચિંતા છે ? એથી કહે છે –

સર્વ=નિરવશેષ, એવા જીવાદિ દ્રવ્યના સ્વભાવ અને ઉપયોગ, ઉત્પાદાદિરૂપ ધર્મને અથવા શ્રુતાદિરૂપ ધર્મને જ્ઞ પરિજ્ઞાથી જાણવા માટે અને જાણીને પ્રત્યાજ્ઞાન પરિજ્ઞાથી પરિહરણ કરવા યોગ્ય એવા ધર્મનો પરિહાર કરવા માટે ધર્મચિંતા થાય છે. આ કહેવાયેલું થાય છે=ઉદ્ધરણથી આ કહેવાયેલું થાય છે, ધર્મચિંતા ધર્મના જ્ઞાનના કરણભૂત થાય છે=ધર્મ બોધરૂપે અને પ્રત્યાખ્યાનરૂપે પરિણમન પામે તેમાં હેતુભૂત થાય છે."

અહીં=સમવાયાંગના ઉદ્ધરણમાં અપૂર્વ ધર્મચિંતાનું ઉત્કર્ષથી અપાર્ધ પુદ્ગલપરાવર્તના વ્યવધાનથી કલ્યાણનું=મોક્ષનું, કારણપણું કહેવાયું છે, અને અન્યત્ર=અન્ય ગ્રંથોમાં મુક્તિ અદ્વેષાદિ ગુણોનું ચરમપુદ્ગલપરાવર્તના વ્યવધાનથી મોક્ષનું કારણપણું કહેવાયું છે. તેથી પ્રવચનના પૂર્વાપરભાવના પર્યાલોચનથી=શાસ્ત્રવચનના તાત્પર્યના પર્યાલોચનાથી, ગુણ સામાન્યનું=પ્રથમ કક્ષાના ગુણનું, ચરમાવર્તમાનપણું અમારા વડે નક્કી કરાય છે. અને આ રીતે પણ=સમવાયાંગના ઉદ્ધરણમાં કહ્યું કે ધર્મચિંતા થયા પછી અપાર્ધપુદ્ગલપરાવર્ત પછી અવશ્ય મોક્ષ થાય છે=એ રીતે પણ, જો સ્વદર્શન-પરદર્શન સાધારણ એવા અપુનર્બંધકાદિ ગુણોનું અપાર્ધપુદ્ગલપરાવર્તમાનપણું સકલ ગીતાર્થને સંમત થાય તો અમને આગ્રહ નથી. એથી પ્રવચન આશાતનાના ભીરુ એવા ગીતાર્થોએ આ પરીક્ષામાં ઉપયુક્ત થવું જોઈએ. ॥૩૧॥

ભાવાર્થ :-

બાહ્ય સંપૂર્ણ વિધિથી યુક્ત અને મોક્ષને અનુકૂલ એવો ભાવ લેશ પણ જેમાં પ્રગટ્યો નથી એવી ક્રિયા કરનારા જીવો સર્વથા વિરાધક છે; કેમ કે તેઓની બાહ્ય જિનવચનાનુસાર ક્રિયાને જોઈને કોઈ અન્ય જીવોને મોક્ષને અનુકૂળ પરિણામયુક્ત ક્રિયાની પ્રાપ્તિ થાય તોપણ તે ક્રિયા કરનાર જીવને તેનાથી લેશ પણ મોક્ષને અનુકૂળ નિર્જરા કે પુણ્યબંધ થતો નથી. માટે તે જીવ સંપૂર્ણ વિરાધક જ છે. વળી, સંસારાવસ્થાથી કંઈક પરઅવસ્થા તરફ જતો એવો થોડો પણ ભાવ હોય તો તે સર્વજ્ઞના મતમાં બોધિનું બીજ છે અર્થાત્ સમ્યક્ત્વનું કારણ છે; કેમ કે ભગવાને બતાવેલ વિશેષ ધર્મવિષયક=વિશેષ પ્રકારના પરિણામયુક્ત એવી ક્રિયા વિષયક, થોડો પણ ભાવવિશેષ ફલવાળો છે. તેથી પ્રાપ્ત થયેલો તેવો ભાવ સામગ્રીને પ્રાપ્ત કરીને શીઘ્ર બોધિની નિષ્પત્તિ કરે છે. વળી થોડો પણ ભાવ બોધિબીજનું કારણ છે. આથી જ સમવાયાંગસૂત્રમાં અપૂર્વ ધર્મચિંતાને પણ પ્રથમ સમાધિસ્થાન કહેવાયું છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંસારથી પરાઙ્મુખ થયેલ અને ધર્મના પરમાર્થને જાણવાને અનુકૂળ જે વિચારણા ઉત્પન્ન થાય છે તે મોક્ષપ્રાપ્તિને અનુકૂળ એવા સમાધિસ્થાનોમાંથી પ્રથમ ભૂમિકાનું સમાધિસ્થાન છે. આવી સમાધિ જે જીવોને પ્રાપ્ત થાય તે જીવો અર્ધપુદ્ગલપરાવર્તમાં અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે. આ ધર્મચિંતાનું ફળ ધર્મના પરમાર્થને જાણીને તે ધર્મને તે જીવ અવશ્ય સેવે છે. આથી ધર્મચિંતા પ્રગટ્યા પછી કોઈ તીર્થંકરાદિની આશાતના કે અન્ય કોઈ મોટું પાપ ન કરે તો થોડા જ ભવોમાં અવશ્ય મોક્ષને પામે છે.

ભાવથી રહિત વિધિશુદ્ધ દ્રવ્યક્રિયા કરનાર પણ સર્વવિરાધક છે તેમ સ્થાપન કર્યા પછી ગ્રંથકારશ્રીને સ્મરણ થયું કે સમવાયાંગમાં પ્રથમ ધર્મસ્થાનની પ્રાપ્તિકાળમાં જીવ ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ સંસારમાં રહે છે એમ કહ્યું છે અને અન્યત્ર પ્રથમ ભૂમિકાના ગુણવાળા જીવો ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્ત સંસારમાં રહે છે તેમ કહ્યું. તેથી શાસ્ત્રવચનના પૂર્વાપરપર્યાલોચનથી ગ્રંથકારશ્રીને ગુણસામાન્યની પ્રાપ્તિ પછી જીવનો સંસાર એક પુદ્ગલપરાવર્ત છે તેમ જણાય છે. આમ છતાં સમવાયાંગના વચનાનુસાર સ્વદર્શનના કે

પરદર્શનના અપુનર્બંધકાદિ ગુણવાળા જીવોને અપાર્ધપુદ્ગલપરાવર્ત ઉત્કૃષ્ટ સંસાર છે તેમ બધા ગીતાર્થોને સંમત હોય તો ગ્રંથકારશ્રીને પોતાના મતમાં આગ્રહ નથી. પરંતુ પ્રવચનના આશાતનાભીરુ ગીતાર્થ પુરુષોએ આ વિષયમાં ઉપયુક્ત થઈને નિર્ણય કરવો જોઈએ. **॥૩૧॥**

અવતરણિકા :-

तदेवं विवेचिता चतुर्भंगी, अथास्यां को भङ्गोऽनुमोद्यः? को वा न? इति परीक्षते –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ચતુર્ભંગી=આરાધક-વિરાધક ચતુર્ભંગી, વિવેચન કરાઈ, હવે આમાં=ચતુર્ભંગીમાં, કયો ભાંગો અનુમોદ્ય છે ? અથવા કયો નથી ? એ પરીક્ષા કરાય છે.

ગાથા :-

तिण्णि अणुमोयणिज्जा एएसुं णो पुणो तुरियभंगो ।
जेणमणुमोयणिज्जो लेसोवि हु होइ भावस्स ।।३२।।

છાયા :-

त्रयोऽनुमोदनीया एतेषु न पुनस्तुरीयभङ्गः ।
येनानुमोदनीयो लेशोऽपि हि भवति भावस्य ।।३२।।

અન્વયાર્થ :-

एएसुं=આમાં=ચતુર્ભંગીમાં, तिण्णि=ત્રણ ભાંગા, अणुमोयणिज्जा=અનુમોદનીય છે. पुण=વળી, तुरियभंगो=ચોથો ભાંગો णो=નથી=અનુમોદનીય નથી, जेणं=જે કારણથી, भावस्स=ભાવનો, लेसोवि=લેશ પણ हु अणुमोयणिज्जो=ખરેખર અનુમોદનીય होइ=થાય છે. ॥૩૨॥

ગાથાર્થ :-

આમાં=ચતુર્ભંગીમાં, ત્રણ ભાંગા અનુમોદનીય છે. વળી, ચોથો ભાંગો નથી=અનુમોદનીય નથી, જે કારણથી ભાવનો લેશ પણ ખરેખર અનુમોદનીય થાય છે. ॥૩૨॥

ટીકા :-

तिण्णित्ति । एतेषु देशाराधकादिषु चतुर्षु भङ्गेषु, त्रयो भङ्गाः देशाराधक-देशविराधक-सर्वाराधकलक्षणा, अनुमोदनीयाः न पुनस्तुरीयो भङ्गः सर्वविराधकलक्षणः, येन कारणेन भावस्य लेशोऽपि ह्यनुमोदनीयः, न चासौ सर्वविराधके संभवति, देशाराधकादिषु तु मार्गानुसारिभावविशेषसंभवात् तदनुमोदनीयत्वे तद्द्वारा तेषामप्यनुमोदनीयत्वमावश्यकमिति भावः ।।३२।।

ટીકાર્થ :-

એતેષુ ..... ભાવઃ ।। 'तिण्णित्ति' પ્રતીક છે. આ દેશારાધકાદિ ચાર ભાંગાઓમાં ત્રણ ભાંગા=દેશારાધક, દેશવિરાધક, સર્વારાધકરૂપ ત્રણ ભાંગા અનુમોદનીય છે. વળી, સર્વ વિરાધકરૂપ ચોથો ભાંગો અનુમોદનીય નથી.

કેમ ચોથો ભાંગો અનુમોદનીય નથી ? તેથી કહે છે –

જે કારણથી ભાવનો લેશ પણ=મોક્ષને અનુકૂળ એવા ભાવનો લેશ પણ, અનુમોદનીય છે, અને આ=ભાવલેશ, સર્વવિરાધક ભાંગમાં સંભવતો નથી. વળી, દેશારાધકાદિ જીવોમાં માર્ગાનુસારીભાવવિશેષનો સંભવ હોવાથી=દેશારાધકમાં દ્રવ્યમાર્ગાનુસારી ભાવનો સંભવ છે. દેશવિરાધકમાં ભાવ માર્ગાનુસારી ભાવનો સંભવ છે, સર્વારાધકમાં પૂર્ણ રત્નત્રયીના પાલનરૂપ વિશેષ માર્ગાનુસારી ભાવનો સંભવ છે તેથી, તેના અનુમોદનીયપણામાં=માર્ગાનુસારીભાવવિશેષના અનુમોદનીયપણામાં, તેના દ્વારા= માર્ગાનુસારીભાવવિશેષ દ્વારા, તેઓનું પણ=દેશારાધકાદિ જીવોનું પણ, અનુમોદનીયપણું આવશ્યક છે, એ પ્રકારનો ભાવ છે. ॥૩૨॥

ભાવાર્થ :-

મોક્ષમાર્ગના આરાધકનું સ્વરૂપ બતાવવા અર્થે આરાધક-વિરાધકની ચતુર્ભંગી ભગવતીમાં બતાવાઈ છે. તેમાંથી દેશારાધક જીવો, દેશવિરાધક જીવો અને સર્વારાધક જીવો અનુમોદના કરવા યોગ્ય છે; કેમ કે મોક્ષને અનુકૂળ એવા તેમના ગુણની અનુમોદના કરવાથી પોતાને પણ તે તે ભાવોનાં પ્રતિબંધક કર્મોના નાશની પ્રાપ્તિ થાય છે. વળી, સર્વવિરાધક જીવો શ્રાવકાચાર કે સાધ્વાચાર પાળતા હોય, વ્યવહારની વિધિશુદ્ધ ક્રિયા કરતા હોય તોપણ તેઓમાં ભવનિર્વેદાદિ મોક્ષને અનુકૂળ ભાવ લેશ પણ નથી. તેથી તેઓની સંયમની ક્રિયાની પણ અનુમોદના થાય નહિ.

કેમ તેઓના બાહ્ય આચારની અનુમોદના થાય નહિ ? તેથી કહે છે –

મોક્ષને અનુકૂળ ભાવ લેશ જ અનુમોદનીય છે. પણ ભાવનિરપેક્ષ માત્ર દ્રવ્યક્રિયા જેમ સેવનીય નથી તેમ અનુમોદનીય પણ નથી. અને સર્વવિરાધક જીવોમાં મોક્ષને અનુકૂળ ભાવ લેશ નથી. વળી, દેશારાધકાદિ જીવોમાં સ્વ-સ્વ ભૂમિકાનુસાર માર્ગાનુસારી ભાવ છે. જેમ દેશારાધક જીવને મોક્ષને અનુકૂળ કંઈક રુચિ પૂર્વકની માર્ગાનુસારી ક્રિયાઓ છે. તેથી રત્નત્રયીરૂપ ભાવમાર્ગના કારણીભૂત એવો દ્રવ્યમાર્ગાનુસારીભાવ દેશારાધક જીવોમાં છે. દેશવિરાધક જીવોમાં ચારિત્રની વિરાધના હોવા છતાં જ્ઞાન-દર્શનની સમ્યક્ આચરણા છે. તેથી જિનવચનાનુસાર સંસારના ઉચ્છેદને અનુકૂળ અંતરંગ ઉદ્યમ સ્વરૂપ ભાવ માર્ગાનુસારી ભાવ છે. અને સર્વારાધક જીવોમાં પ્રાપ્ત થયેલા મનુષ્યભવની સર્વશક્તિઓ દ્વારા સંસારના ઉચ્છેદને અનુકૂળ પ્રકર્ષવાળો ભાવ માર્ગાનુસારીભાવ છે. માટે દેશારાધકાદિ ત્રણે જીવોના સુંદર ભાવને આશ્રયીને ત્રણે ભાંગામાં રહેલા જીવોનું પણ અનુમોદનીયપણું છે. **॥૩૨॥**

અવતરણિકા :-

અથ કિમનુમોદનીયત્વમ્? કા ચાનુમોદના? ઇત્યેતલ્લક્ષણમાહ –

અવતરણિકાર્થ :-

હવે શું અનુમોદનીયપણું છે ? અને અનુમોદના શું છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં અનુમોદનાનાં લક્ષણ બતાવે છે –

ગાથા :-

अणुमोअणाइ विसओ जं तं अणुमोअणिज्जयं होइ ।
सा पुण पमोअमूलो वावारो तिण्ह जोगाणं ।।३३।।

છાયા :-

अनुमोदनाया विषयो यत्तदनुमोदनीयं भवति ।
सा पुनः प्रमोदमूलो व्यापारस्त्रयाणां योगानाम् ।।३३।।

અન્વયાર્થ :-

અણુમોઅણાઇ=અનુમોદનાનો, જં વિસઓ=જે વિષય, તં અણુમોઅણિજ્જયં હોઇ=તે અનુમોદનીય છે. પુણ=વળી, સા=તે=અનુમોદના, તિણ્હ જોગાણં=ત્રણ યોગોનો=મન-વચન-કાયારૂપ ત્રણ યોગોનો, પમોઅમૂલો વાવારો=પ્રમોદમૂલ વ્યાપાર છે. ।।૩૩।।

ગાથાર્થ :-

અનુમોદનાનો જે વિષય તે અનુમોદનીય છે. વળી, તે=અનુમોદના, ત્રણ યોગોનો=મન-વચન-કાયારૂપ ત્રણ યોગોનો, પ્રમોદમૂલ વ્યાપાર છે. ।।૩૩।।

ટીકા :-

अणुमोअणाइत्ति । अनुमोदनाया विषयो यद्वस्तु तदनुमोदनीयं भवति, तद्विषयत्वं च –

(१) भावस्य साक्षाद्, भावप्रधानत्वात्साधूनाम् । तदुक्तमोघनिर्युक्तौ –

'परमरहस्समिसीणं समत्तगणिपिडगझरिअसाराणं ।
परिणामियं पमाणं णिच्छयमवलंबमाणाणं ।।७६०।।' ति ।

(२) तत्कारणक्रियायाश्च तदुत्पादनद्वारा, यद् हारिभद्रं वचः –

'कज्जं इच्छंतेण अणंतरं कारणंपि इट्ठंति ।

जह आहारजतित्तिं इच्छंतेणेहमाहारो ।।' **(पंचा.६/३४)**

(३) पुरुषस्य च तत्सम्बन्धितया, इति तत्त्वतः सर्वत्र भावापेक्षमेवानुमोदनीयत्वं पर्यवस्यति । सानुमोदना पुनः प्रमोदमूलो हर्षपूर्वकः त्रयाणां योगानां कायवाङ्मनसां व्यापारो रोमाञ्चोद्गम-प्रशंसाप्रणिधानलक्षणो, न तु मानसव्यापार एव, करणकारणयोरिवानुमोदनाया अपि योगभेदेन त्रिविधाया सिद्धान्ते प्रतिपादनात्, मानसव्यापारस्यैवानुमोदनात्वे प्रशंसादिसंवलनादनुमोदनाफल-विशेषानुपपत्तेश्च न च यथा नैयायिकैकदेशिनां मङ्गलत्वादिकं मानसत्वव्याप्या जातिस्तथा-ऽस्माकमनुमोदनात्वमपि तथा, इति त्रयाणामपि योगानां हर्षमूलो व्यापारोऽनुमोदनेति वस्तुस्थितिः, यश्चानुमोदनाव्यपदेशः क्वचिच्चित्तोत्साहे एव प्रवर्त्तते स सामान्यवाचकपदस्य विशेषपरत्वात्, निश्चयाश्रयणाद्वेत्यवधेयम् ।।३३।।

ટીકાર્થ :-

अनुमोदनाया ..... अवधेयम् ।। 'अणुमोअणाइत्ति' अनुमोदनानो विषय જે वस्तु, ते अनुमोदनीय छे. अने तेनुं विषयपणुं=अनुमोदनानुं विषयपणुं,

(१) भावनुं साक्षात् छे; केम के साधुओनुं भावप्रधानपणुं छे.

ते=साधु भावने प्रधान करीने ज क्रियाओमां प्रवृत्ति करे छे ते, ओघनिर्युक्तिमां कहेवायुं छे –

"समस्तगणिपीटकक्षरितसारवाळा=समस्त द्वादशांगीना परमार्थने जाणनारा, निश्चयनयनुं अवलंबन करनारा ऋषिओनुं परम रहस्य पारिणामिकभाव प्रमाण छे."

(२) अने तत्कारण એવી क्रियानुं=मोक्षने अनुकूल એવા भावनुं कारण એવી क्रियानुं, तद् उत्पादन द्वारा=मोक्षने अनुकूल भाव उत्पादन द्वारा, अनुमोदनानुं विषयपणुं छे.

જે कारणथी हरिभद्रसूरीश्वरजी महाराजानुं वचन छे –

"कार्यने ईच्छता मनुष्य वडे अनंतर कारण पण ईष्ट छे. जे प्रमाणे आहारथी थनारी तृप्तिने ईच्छता पुरुषने अहीं=संसारमां, आहार ईष्ट छे." **(पंचाशक-૬, गाथा-૩૪)**

(३) अने पुरुषनुं तद्संबंधीपणाथी=भावना संबंधीपणाथी अथवा भावनी निष्पत्तिनुं कारण बने तेवी क्रियाना संबंधीपणाथी, अनुमोदनानुं विषयपणुं छे. એથી तत्त्वथी=परमार्थथी, सर्वत्र=त्रणे विकल्पमां भावनी अपेक्षाએ ज अनुमोदनीयपणुं पर्यवसान पामे छे. वळी, ते अनुमोदना प्रमोदमूल हर्षपूर्वकनो काया, वाणी अने मनरूप त्रणे योगोनो रोमांचनो उद्गम, प्रशंसा अने प्रणिधानरूप व्यापार छे. परंतु मानसव्यापार ज नहि; केम के करण अने करावणनी जेम अनुमोदनानुं पण

યોગના ભેદથી ત્રિવિધતાનું સિદ્ધાંતમાં પ્રતિપાદન છે. અને માનસવ્યાપારનું જ અનુમોદનાપણું હોતે છતે પ્રશંસાદિના સંવલનથી=પ્રશંસા અને રોમાંચ ઉદ્ગમરૂપ વાચિક અને કાયિક વ્યાપારના યુક્તપણાથી, અનુમોદનાના ફલવિશેષની અનુપપત્તિ થાય. અને જે પ્રમાણે નૈયાયિકએકદેશીઓના=કેટલાક નૈયાયિકોના, મતે મંગલત્વાદિ માનસત્વવ્યાપ્ય જાતિ છે તે પ્રમાણે અમોને=અમારા મતે, અનુમોદનત્વ પણ તે પ્રકારે નથી=માનસત્વવ્યાપ્ય જાતિ નથી, એથી ત્રણે પણ યોગોનો=મન-વચન-કાયારૂપ ત્રણે પણ યોગોનો હર્ષમૂલક વ્યાપાર અનુમોદના છે, એ પ્રમાણે વસ્તુસ્થિતિ છે. અને કોઈક ઠેકાણે ચિત્તના ઉત્સાહમાં જ અનુમોદનાનો વ્યપદેશ પ્રવર્તે છે. તે સામાન્યવાચક પદનું=મન, વચન, કાયાના ત્રણે વ્યાપારમાં અનુમોદનારૂપ સામાન્યવાચક પદનું, વિશેષપરપણું છે=વિશેષમાં પ્રયોગ કરાયેલો છે. અથવા નિશ્ચયનયના આશ્રયણથી છે, એ પ્રમાણે જાણવું. ॥૩૩॥

ભાવાર્થ :-

આરાધક-વિરાધક વિષયમાં આરાધકની અનુમોદના થાય છે તેનો વિષય ત્રણ વસ્તુ છે :

(૧) ભાવ સાક્ષાત્ અનુમોદનાનો વિષય છે, ક્રિયા સાક્ષાત્ અનુમોદનાનો વિષય નથી.

(૨) ભાવની નિષ્પત્તિનું કારણ હોવાથી જે સંયમાદિની ક્રિયા મોક્ષને અનુકૂલ ભાવ ઉત્પન્ન કરે છે, તે ભાવ દ્વારા તે ક્રિયા પણ અનુમોદનીય બને છે. આથી જ ભગવાનની જે ભક્તિમાં લેશ પણ મોક્ષને અનુકૂળ ભાવ ન હોય તેવી ઉત્તમ દ્રવ્યોથી કરાયેલી ભગવાનની ભક્તિની અનુમોદના શિષ્ટ પુરુષો કરતા નથી.

(૩) વળી, જે પુરુષમાં મોક્ષને અનુકૂળ ભાવ વર્તતો હોય અથવા મોક્ષને અનુકૂળ ભાવ થાય તેવી ક્રિયા કરતા હોય તે પુરુષ મોક્ષને અનુકૂળ ભાવ સાથે સંબંધિત હોવાથી અથવા મોક્ષને અનુકૂળ ભાવ થાય તેવી ક્રિયા સાથે સંબંધિત હોવાથી અનુમોદનીય બને છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સાક્ષાત્ કોઈ ક્રિયા ન હોય તોપણ મોક્ષને અનુકૂળ જેટલો ભાવ છે એ ભાવ અનુમોદનીય છે. આથી જ પ્રત્યેકબુદ્ધ બાહ્યલિંગ ગ્રહણ કર્યા વગર ભાવથી અસંગ પરિણતિવાળા બને છે ત્યારે તેઓમાં વર્તતો મોક્ષને અનુકૂળ ભાવ સાક્ષાત્ અનુમોદનીય છે.

વળી, ભાવ સાક્ષાત્ અનુમોદનીય છે, તેમાં હેતુ કહ્યો કે સાધુઓને ભાવની પ્રધાનતા છે. તેથી એ ફલિત થાય કે સાધુને સંયમની ક્રિયાની પ્રધાનતા નથી પણ ભાવની પ્રધાનતા છે. તેથી મોક્ષને અનુકૂળ ભાવ પ્રત્યેના રાગથી સંયમની ક્રિયામાં પ્રયત્ન કરે છે. માટે મોક્ષનો ઉપાય મોક્ષને અનુકૂલ ભાવ જ છે. તેથી સાક્ષાત્ અનુમોદનીય છે. આથી જ ઓઘનિર્યુક્તિમાં કહ્યું કે જેઓ દ્વાદશાંગીના અધ્યયનથી દ્વાદશાંગીના સારને પામ્યા છે તેવા ઋષિઓ નિશ્ચયનયનું અવલંબન કરનારા હોય છે. નિશ્ચયનય મોક્ષને અનુકૂળ ભાવને જ મોક્ષનો ઉપાય સ્વીકારે છે. તેવા ઋષિઓને પોતે બાહ્ય અનુષ્ઠાન કેટલું કરે છે ? તે મોક્ષના ઉપાયરૂપે અભિમત નથી, પરંતુ મોક્ષને અનુકૂળ જે અસંગ પરિણતિ પોતે કરી શકે છે તે પરિણતિ જ તેમને પ્રમાણભૂત દેખાય છે.

વળી, ભાવનો અર્થી જીવ ભાવના ઉપાયભૂત ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે. તેથી જે ક્રિયાઓ મોક્ષને અનુકૂળ જેટલા જેટલા અંશથી અસંગ ભાવને પ્રગટ કરે છે તેટલા-તેટલા અંશથી તેના કારણરૂપે તે ક્રિયા પણ અનુમોદનીય છે. વળી, ક્રિયા કરનાર વ્યક્તિમાં વર્તતો મોક્ષને અનુકૂળ ભાવ અને મોક્ષને અનુકૂળ ક્રિયા હોવાથી તે પુરુષ પણ શિષ્ટ પુરુષોને અનુમોદનીય બને છે. આ રીતે ભાવની, ભાવના ઉપાયરૂપ ક્રિયાની અને ભાવ સાથે સંબંધિત પુરુષની, અનુમોદના કરવાથી પોતાનામાં પણ તે તે ગુણના પ્રતિબંધક કર્મનો નાશ થાય છે.

આ અનુમોદના શું છે ? તે સ્પષ્ટ કરે છે –

મોક્ષને અનુકૂળ તે તે ગુણોના સમ્યગ્ બોધપૂર્વક કોઈક જીવોમાં વર્તતા તે ગુણોને જોઈને આત્મામાં થયેલો પ્રમોદનો પરિણામ, તદ્મૂલક હર્ષપૂર્વકનો મન-વચન-કાયાનો વ્યાપાર તે અનુમોદના છે. તે અનુમોદનામાં તે ગુણોના સ્મરણથી જે રોમાંચકનો ઉદ્ગમ થાય છે તે કાયિક વ્યાપાર છે. તે ગુણોને જોઈને પ્રશંસાનાં વચનો નીકળે છે તે વાણીનો વ્યાપાર છે. અને તે ગુણો પ્રાપ્ત કરવાનો જે પ્રણિધાનરૂપ વ્યાપાર છે અર્થાત્ "તે ગુણો મને પ્રાપ્ત થાઓ" તેવો બદ્ધ રાગનો પરિણામ તે મનોવ્યાપાર છે. પરંતુ માત્ર મનોવ્યાપારરૂપ જ અનુમોદના નથી; કેમ કે ધર્માનુષ્ઠાનનું કરણ મન-વચન-કાયાથી થાય છે, માત્ર મનોવ્યાપારથી થતું નથી. ધર્મનું કરાવણ પણ ત્રણે યોગોથી થાય છે તેમ અનુમોદના પણ ત્રણે યોગોથી થાય છે.

આશય એ છે કે જ્યારે વિવેકી પુરુષ ધર્મનું અનુષ્ઠાન કરે છે ત્યારે ભગવદ્ પૂજાદિ બાહ્યકૃત્ય કાયાથી થાય છે તે કાયયોગથી કરણ છે. તે પૂજાદિ કરણકાળમાં અન્તર્જલ્પાકારરૂપે કે સ્તુતિ આદિરૂપે જે ગુણોની વિચારણા કરાય છે તે વાગ્યોગથી કરણ છે. ભગવાનના ગુણોને અવલંબીને વીતરાગતાના ભાવોને સ્પર્શે તે પ્રકારના અંતરંગ ઉદ્યમકાળમાં જે માનસવ્યાપાર છે તે મનોયોગથી કરણ છે.

તે રીતે કોઈ મહાત્મા શિષ્યાદિને સાધ્વાચારનાં ઉચિત અનુષ્ઠાનો કરાવતા હોય ત્યારે કાયાથી તે તે પ્રકારનો નિર્દેશ કરે છે તે કાયાથી કરાવણ છે. શિષ્યાદિને તે તે અનુષ્ઠાન બતાવતી વખતે જે વચનપ્રયોગ કરે છે તે વાગ્યોગથી કરાવણ છે. અને કાયાથી અને વચનથી શિષ્યને ઉચિત અનુષ્ઠાન બતાવતી વખતે શિષ્યાદિને તે તે અનુષ્ઠાનો દ્વારા અંતરંગ કઈ રીતે મોક્ષને અનુકૂળ ભાવો થાય અને તે ભાવોની નિષ્પત્તિમાં બહિરંગ ક્રિયા કઈ રીતે નિમિત્ત બને છે તે બતાવતા હોય ત્યારે ગુરુને જે અંતરંગ પરિણામ વર્તે છે કે "આ શિષ્યાદિ જીવો મોહનું ઉન્મૂલન કરીને આ અનુષ્ઠાનથી હિતની પ્રાપ્તિ કરે", આ પ્રકારના પરિણામને અનુકૂળ જે અંતરંગ–વ્યાપાર વર્તે છે તે મનોયોગથી કરાવણ છે. તે રીતે કોઈ મહાત્માનાં ઉચિત કૃત્યોને જોઈને દેહમાં રોમાંચનો ઉદ્ગમ થાય છે, તે કાયિક અનુમોદના છે. પ્રશંસાના ઉદ્ગારો નીકળે છે તે વાચિક અનુમોદના છે. અને તે ગુણોની પ્રીતિને કારણે તે ગુણોની પ્રાપ્તિનો જે અંતરંગ અભિલાષ થાય છે, તેને અનુકૂળ જે માનસવ્યાપારરૂપ પ્રણિધાન છે તે માનસિક અનુમોદના છે.

વળી, માનસવ્યાપારરૂપ જ અનુમોદના સ્વીકારવામાં આવે તો પ્રશંસા અને રોમાંચ વગરની માનસવ્યાપારરૂપ જ અનુમોદનાથી જે ફળની પ્રાપ્તિ થાય છે તેના કરતાં પ્રશંસા અને રોમાંચના વ્યાપારથી યુક્ત એવા

માનસવ્યાપારથી થતી અનુમોદનાથી જે ફળ વિશેષ પ્રાપ્ત થાય છે તે સંગત થાય નહિ, પરંતુ એમ જ કહેવું પડે કે માનસવ્યાપારને અનુરૂપ જ અનુમોદનાનું ફળ છે. વસ્તુતઃ માત્ર માનસવ્યાપારથી થતી અનુમોદનામાં જેવો પરિણામ છે તેના કરતાં ત્રણે યોગથી થતી અનુમોદનામાં અનુમોદનનો પરિણામ વિશેષ છે. તેથી ત્રણે યોગથી થતી અનુમોદનાથી વિશેષ પ્રકારની નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે એ પ્રકારનો અનુભવસિદ્ધ વ્યવહાર છે.

વળી, નૈયાયિક અંતર્ગત કેટલાક વિચારકો કહે છે કે ગ્રંથરચનાદિ અર્થે મંગલ કરાય છે અને ગુણની પ્રાપ્તિ અર્થે ભગવાનની પૂજા કરાય છે તે સર્વમાં મંગલત્વ અને પૂજાત્વ જાતિ છે તે માનસવ્યાપારરૂપ છે. તેથી માનસના અનેક વ્યાપારોમાંથી અમુક પ્રકારનો માનસવ્યાપાર મંગલત્વ જાતિ છે અને અમુક પ્રકારનો માનસવ્યાપાર એ પૂજાત્વ જાતિ છે. માટે માનસત્વવ્યાપ્ય જાતિવિશેષ મંગલત્વાદિ છે, પણ મંગલ કે પૂજા કાયિક ક્રિયારૂપ કે વાચિક ક્રિયારૂપ નથી, પરંતુ માનસવ્યાપારરૂપ છે. આવી અનુમોદનાત્વ જાતિ જૈનો માનતા નથી પરંતુ ત્રણે યોગોના વ્યાપારરૂપ અનુમોદના જૈનો માને છે. તેથી આત્મામાં હર્ષ છે મૂલમાં જેને એવો મન, વચન, કાયાના યોગોનો વ્યાપાર તે અનુમોદના છે.

આ પ્રકારના કથનમાં ગ્રંથકારશ્રીને ઉપસ્થિતિ થઈ કે કોઈ કોઈ ઠેકાણે ચિત્તના ઉત્સાહમાં જ અનુમોદનાનો વ્યપદેશ કરેલો દેખાય છે તેથી મનોવ્યાપારરૂપ જ અનુમોદના છે તેમ તે તે વચનોથી સિદ્ધ થાય છે. તેના સમાધાન માટે કહે છે – સામાન્યવાચક પદનું વિશેષપરપણું હોવાથી તે તે શાસ્ત્રમાં ચિત્તઉત્સાહને અનુમોદના કહેલ છે.

આશય એ છે કે વૃક્ષ એ સામાન્યવાચક પદ છે. છતાં કોઈ પૂછે કે વૃક્ષ શું છે ? ત્યારે ઉત્તર મળે કે જે પેલા આંબાનું વૃક્ષ દેખાય છે તે વૃક્ષ છે. તે વખતે વૃક્ષસામાન્યવાચક પદનો વૃક્ષવિશેષરૂપ આંબાના વૃક્ષમાં પ્રયોગ કર્યો. તેમ ત્રણે યોગોના વ્યાપારરૂપ અનુમોદના હોવા છતાં પરના ગુણોને જોઈને જે પરના ગુણો પ્રત્યે ચિત્તનો ઉત્સાહ છે તે અનુમોદના છે તેમ કહેલ છે. તેથી ત્રણે યોગમાં અનુમોદના વર્તતી હોવા છતાં માનસવ્યાપારવિશેષમાં અનુમોદનાનો પ્રયોગ કરેલ છે અથવા નિશ્ચયનયના આશ્રયણથી ચિત્તઉત્સાહને અનુમોદના કહેલ છે. જેમ નિશ્ચયનયના આશ્રયણથી મંગલ, પૂજા માનસવ્યાપારરૂપ જ છે તેમ નિશ્ચયનયથી સર્વ ધર્મકૃત્યો માનસવ્યાપાર જ છે. તેથી અનુમોદનાનો પરિણામ પણ નિશ્ચયનયથી માનસવ્યાપારરૂપ જ છે; કેમ કે નિશ્ચયનય આત્માના પરિણામને જ ધર્મરૂપે કહે છે. તેથી ભગવાનની પૂજા પણ વીતરાગના ગુણોને અનુકૂળ અંતરંગ વ્યાપારરૂપ હોય તો જ તે ધર્મકૃત્યરૂપ બને છે. તેમ ગુણસંપન્ન વ્યક્તિના ગુણોને જોઈને તે ગુણો પ્રત્યેના રાગભાવનો પરિણામ તે અનુમોદના છે તેમ નિશ્ચયનય કહે છે. કાયાનો વ્યાપાર અંતરંગ પરિણામથી જન્ય તે તે પ્રકારની શરીરની ચેષ્ટારૂપ છે અને વચનવ્યાપાર તે તે પ્રકારના વચનના પુદ્ગલસ્વરૂપ છે. જ્યારે આત્માના ભાવને ગ્રહણ કરનાર નિશ્ચયનય તો આત્માના અંતરંગ પરિણામરૂપ ચિત્તના ઉત્સાહને જ અનુમોદના કહે છે, તોપણ વ્યવહારનયથી ત્રણે યોગરૂપ જ અનુમોદનાને સ્વીકારવી જોઈએ. **॥33॥**

અવતરણિકા :-

એવં સતિ યોઽનુમોદનાપ્રશંસયોર્વિષયભેદેન ભેદમેવાભ્યુપગચ્છતિ તન્મતનિરાસાર્થમાહ –

અવતરણિકાર્થ :-

આમ હોતે છતે=મન-વચન-કાયાના વ્યાપારરૂપ અનુમોદના હોતે છતે, જેઓ અનુમોદના અને પ્રશંસાના વિષયભેદથી ભેદને સ્વીકારે છે=અનુમોદના અને પ્રશંસાના ભેદને સ્વીકારે છે, તેના મતના નિરાસ માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

सामन्नविसेसत्ता भेओ अणुमोअणापसंसाणं ।
जह पुढवीदव्वाणं ण पुढो विसयस्स भेएणं ।।३४।।

છાયા :-

सामान्यविशेषत्वाद् भेदोऽनुमोदनाप्रशंसयोः ।
यथा पृथिवीद्रव्ययोर्न पृथग् विषयस्य भेदेन ।।३४।।

અન્વયાર્થ :-

જહ=જે પ્રમાણે, પુઢવીદવ્વાણં ભેઓ=પૃથ્વી અને દ્રવ્યનો ભેદ છે, (તે પ્રમાણે) સામન્નવિસેસત્તા= સામાન્ય-વિશેષપણાથી, અણુમોઅણાપસંસાણં ભેઓ=અનુમોદના અને પ્રશંસાનો ભેદ છે, વિસયસ્સ=વિષયના, ભેએણં=ભેદથી પુઢો=પૃથગ્=ભેદ, ણ=નથી. ।।૩૪।।

ગાથાર્થ :-

જે પ્રમાણે પૃથ્વી અને દ્રવ્યનો ભેદ છે, તે પ્રમાણે સામાન્ય-વિશેષપણાથી અનુમોદના અને પ્રશંસાનો ભેદ છે, વિષયના ભેદથી પૃથગ્=ભેદ, નથી. ।।૩૪।।

ટીકા :-

सामन्नविसेसत्तत्ति । अनुमोदनाप्रशंसयोः सामान्यविशेषत्वात्=सामान्यविशेषभावाद् भेदः यथा पृथिवीद्रव्ययोः, द्रव्यं हि सामान्यं पृथिवी च विशेषः, एवमनुमोदना सामान्यं, प्रशंसा च विशेष इत्येतावाननयोर्भेदः, न पुनः पृथग् विषयस्य भेदेनात्यन्तिको भेदः, प्रशंसाया अनुमोदनाभेदत्वेन तदन्यविषयत्वासिद्धेः, न हि घटप्रत्यक्षं प्रत्यक्षभिन्नविषयमिति विपश्चिता वक्तुं युक्तं, न च मानसोत्साहरूपानुमोदनाया अपि प्रशंसाया भिन्नविषयत्वनियमः, प्रकृतिसुन्दरस्यैव वस्तुनः सम्यग्दृशाम-नुमोदनीयत्वात्प्रशंसनीयत्वाच्च –

न च अनुमोदनायाः स्वेष्टसाधकमेव वस्तु विषयः, तादृशस्यैव तपः संयमादेरारंभपरिग्रहादेर्वा विरतैरविरतैश्चानुमोदनात्, न तु परेष्टसाधकमात्मनश्चानिष्टसाधनमपि, निजधनापहारस्याप्यनुमोदनीयत्वापत्तेः, प्रशंसायाश्चेष्टमनिष्टं च वस्तु विषयः, इष्टस्य धार्मिका-नुष्ठानस्यानिष्टस्य चाज्ञाबाह्यस्य वस्तुनः प्रशंसाव्यवस्थितेः, भवति हि निजकार्यादिनिमित्तमसद्गुणस्यापि प्रशंसा, अत एवायमागमोऽपि (स्था.४/३७०) –

"चउहिं ठाणेहिं असंते गुणे दीवेज्जा, अब्भासवत्तियं, परछंदाणुवत्तियं, कज्जहेउ, कयपडिकइए त्ति ।।"

सा चेयमनिष्टप्रशंसाऽतिचाररूपापि प्रयोजनविशेषेण कस्यचित्कादाचित्की स्याद् ~ इत्येतदपि वचनं शोभनं, स्वारसिकप्रशंसाया अनिष्टाऽविषयत्वात्, पुष्टालंबनकानिष्टप्रशंसाया अपीष्टविषयत्वपर्यवसानात्, न हि किञ्चिज्जात्येष्टमनिष्टं वा वस्तु विद्यते, किन्तु परिणामविशेषेण भजनीयमिति । यदुवाच कल्पाकल्पविभागमाश्रित्य वाचकमुख्यः –

"किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यादकल्प्यमपि कल्प्यम् ।

पिण्डः शय्या वस्त्र पात्रं वा भेषजाद्यं वा ।।" **इति । (प्रशमरति १४५)**

मोहप्रमादादिनाऽनिष्टविषयत्वं च प्रशंसाया इवानुमोदनाया अपि भवतीति न कोऽपि विषयभेदः, न चानिष्टविषयतावच्छेदेनोपचारानुपचारप्रवृत्त्याऽनयोरतिचारभङ्गभावाद् भेदः, अभिमतोपचारेणातिचारत्वाभावात्, अन्यथा

"संथरणंमि असुद्धं दोण्हवि गिण्हंतदिंतयाणहियं ।

आउरदिट्ठंतेणं तं चेव हियं असंथरणे ।।" **(पिण्डविशुद्धि)**

इत्यादौ कारणिकाशुद्धग्रहणप्रशंसाया अप्यतिचारत्वप्रसङ्गाद्, अनभिमतोपचारादतिचारभङ्गयोस्तु परिणामभेदः प्रयोजको न तु विषयभेद इति यत्किञ्चिदेतत् । शास्त्रेऽपि प्रशंसाऽनुमोदनाविशेष एव गीयते । तदुक्तं पञ्चाशकवृत्तिकृता 'जइणोवि हु दव्वत्थयभेओ अणुमोअणेण अत्थित्ति' **इति प्रतीकं विवृण्वता** 'यतेरपि=भावस्तवारूढसाधोरपि, न केवलं गृहिण एव, हु शब्दोऽलङ्कृतौ, द्रव्यस्तवविशेषः अनुमोदनेन=जिनपूजादिदर्शनजनितप्रमोदप्रशंसादिलक्षणयाऽनुमत्या, अस्ति=विद्यते, इति शब्दो वाक्यपरिसमाप्ताविति' **।।३४।।**

टीकार्थ :-

अनुमोदनाप्रशंसयोः ..... वाक्यपरिसमाप्ताविति ।। 'सामन्नविसेसत्तत्ति' प्रतीक छे. अनुमोदना अने प्रशंसानुं सामान्य-विशेषपणुं होवाथी=अनुमोदना त्रणे व्यापारરૂप छे माटे सामान्यपणुं छे अने प्रशंसा वाणीना व्यापारરૂप छे माटे विशेषपणुं छे तेथी सामान्य-विशेष भाव होवाथी, भेद छे. जे प्रमाणे पृथ्वीनो अने द्रव्यनो सामान्य-विशेषना भावथी भेद छे.

પૃથ્વી-દ્રવ્યનો સામાન્ય વિશેષ ભાવ સ્પષ્ટ કરે છે –

જે કારણથી દ્રવ્ય સામાન્ય છે. અને પૃથ્વી વિશેષ છે. એ રીતે=પૃથ્વી અને દ્રવ્યનો સામાન્ય-વિશેષથી ભેદ છે એ રીતે, અનુમોદના સામાન્ય છે અને પ્રશંસા વિશેષ છે, એટલો જ આ બેનો ભેદ છે પરંતુ વિષયના ભેદથી પૃથગ્ નથી=આત્યંતિક ભેદ નથી; કેમ કે પ્રશંસાનું અનુમોદનાના ભેદપણું હોવાને કારણે તેનાથી અન્યવિષયત્વની અસિદ્ધિ છે=પ્રશંસાના અનુમોદનાથી અન્યવિષયપણાની અસિદ્ધિ છે.

કેમ પ્રશંસા અને અનુમોદનાનો વિષયભેદ નથી ? એ સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

પ્રત્યક્ષ ભિન્ન વિષય ઘટ પ્રત્યક્ષ છે એ પ્રમાણે બુદ્ધિમાન વડે કહેવું યુક્ત નથી જ. અને માનસ ઉત્સાહરૂપ અનુમોદનાનો પણ પ્રશંસાથી ભિન્ન વિષયત્વનો નિયમ નથી; કેમ કે પ્રકૃતિ સુંદર જ વસ્તુનું સમ્યગ્દૃષ્ટિઓને અનુમોદનીયપણું છે અને પ્રશંસનીયપણું છે.

અનુમોદના અને પ્રશંસાનો ભિન્ન વિષય બતાવનાર પૂર્વપક્ષીનું કથન બતાવીને તે વચન પણ શોભન નથી. તેમ બતાવે છે –

અનુમોદનાનું સ્વ ઈષ્ટ સાધક જ વસ્તુ વિષય છે; કેમ કે તેવા જ તપ-સંયમાદિનું અથવા આરંભ-પરિગ્રહાદિનું વિરતિધર વડે કે અવિરતિધર વડે અનુમોદના થાય છે. પરંતુ પરના ઈષ્ટનું સાધક અને પોતાના અનિષ્ટનું સાધન પણ અનુમોદનીય નથી; કેમ કે પોતાના ધનના અપહારની પણ અનુમોદનાની આપત્તિ આવે. અને પ્રશંસાનું ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ વિષય છે; કેમ કે ઈષ્ટ એવા ધાર્મિકાનુષ્ઠાનની અને અનિષ્ટ એવા આજ્ઞાબાહ્ય વસ્તુની પ્રશંસાની વ્યવસ્થિતિ છે. હિ=જે કારણથી, પોતાના કાર્યાદિ નિમિત્ત અસદ્ગુણની પણ પ્રશંસા થાય છે. આથી જ આ આગમ પણ છે –

"ચાર સ્થાનોથી અવિદ્યમાન ગુણની પ્રશંસા કરવી જોઈએ. (૧) અભ્યાસ નિમિત્તે (૨) પરની ઇચ્છાના અનુવર્તન માટે (૩) પોતાનું કાર્ય કરાવવા માટે (૪) કૃતપ્રતિકૃતિથી."

અને તે આ અનિષ્ટપ્રશંસા અતિચારરૂપ પણ પ્રયોજનવિશેષથી કોઈકને ક્યારેક થાય. એ પ્રકારનું આ પણ વચન=પૂર્વપક્ષીનું આ પણ વચન, શોભન નથી, એમ પૂર્વમાં 'ન ચ'થી કરાયેલા પ્રારંભના 'ન' સાથે અન્વય છે; કેમ કે સ્વારસિક પ્રશંસાનું અનિષ્ટનું અવિષયપણું છે.

કેમ સ્વારસિક પ્રશંસાનું અનિષ્ટનું અવિષયપણું છે ? તેમાં હેતુ કહે છે –

પુષ્ટ આલંબનક અનિષ્ટપ્રશંસાનું પણ ઈષ્ટ વિષયત્વમાં પર્યવસાન છે=સંયમના રક્ષણના પ્રયોજનથી કે સંયમવૃદ્ધિના પ્રયોજનથી અવિદ્યમાન પણ ગુણોની પ્રશંસા સાધુ જે કરે છે તે પ્રશંસા પોતાને ઈષ્ટ એવા સંયમની વૃદ્ધિમાં કે સંયમના રક્ષણમાં પર્યવસાન પામે છે.

પૂર્વમાં કહ્યું કે પુષ્ટાલંબનવાળી અનિષ્ટની પ્રશંસા પણ ઇષ્ટ વિષયમાં પર્યવસાન પામે છે, તેમાં યુક્તિ બતાવે છે –

કોઈ વસ્તુ=કોઈ કૃત્યરૂપ વસ્તુ, જાતિથી ઈષ્ટ કે અનિષ્ટ નથી, પરંતુ પરિણામવિશેષથી=પોતાને ઈષ્ટની પ્રાપ્તિ થતી હોય તો ઈષ્ટ અને પોતાને અનિષ્ટની પ્રાપ્તિ થતી હોય તો અનિષ્ટ એ પ્રકારના પરિણામવિશેષથી, ભજનીય છે.

જે કારણથી કલ્પાકલ્પ વિભાગને આશ્રયીને વાચકમુખ્ય વડે કહેવાયું છે –

"કંઈક શુદ્ધ કલ્પ્ય અકલ્પ્ય થાય, અકલ્પ્ય પણ કલ્પ્ય થાય.

શું કલ્પ્ય-અકલ્પ્યાદિ થાય ? તે સ્પષ્ટ કરે છે –

પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર, ભેષજાદિ કલ્પ્ય-અકલ્પ્ય થાય." **(પ્રશમરતિ પ્રકરણ શ્લોક-૧૪૫)**

વળી, ગ્રંથકારશ્રી પ્રશંસા અને અનુમોદનાનો વિષયભેદ નથી તે સ્પષ્ટ કરે છે –

મોહથી કે પ્રમાદાદિથી અનિષ્ટવિષયપણું પ્રશંસાની જેમ અનુમોદનાનું પણ થાય છે, એથી કોઈ વિષયભેદ નથી=પ્રશંસા-અનુમોદનાનો વિષયભેદ નથી, અને અનિષ્ટવિષયતાઅવચ્છેદનથી=અનુમોદના કરવા યોગ્ય ન હોય તેવા કૃત્યના વિભાગથી, આ બેનું=અનુમોદના અને પ્રશંસાનું, ઉપચાર-અનુપચારની પ્રવૃત્તિથી અતિચારનો ભાવ અને ભંગનો ભાવ હોવાથી ભેદ છે એમ ન કહેવું; કેમ કે અભિમત ઉપચારથી અતિચારપણાનો અભાવ છે. અન્યથા=અનિષ્ટ વિષયમાં અભિમત ઉપચારથી કરાયેલી પ્રશંસામાં અતિચારનો અભાવ ન સ્વીકારવામાં આવે તો,

"સંસ્તરણમાં અશુદ્ધ આહાર ગ્રહણ કરનાર અને આપનાર બંનેનું પણ અહિત છે. આતુરના દૃષ્ટાંતથી=ગ્લાનના દૃષ્ટાંતથી, તે જ=અશુદ્ધ દાન, અસંસ્તરણમાં હિત છે." **(પિંડવિશુદ્ધિ પ્રકરણ)**

ઈત્યાદિ શાસ્ત્રીય વચનમાં કારણિક અશુદ્ધ ગ્રહણની પ્રશંસાના પણ અતિચારપણાનો પ્રસંગ છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રશંસામાં અભિમત ઉપચાર હોય ત્યારે અતિચાર થતો નથી, પરંતુ અનભિમત ઉપચાર હોય ત્યારે અતિચાર થાય છે અને અનુમોદનામાં અનભિમત ઉપચાર થાય=અનભિમત અનુમોદનાનો પરિણામ થાય, ત્યારે ભંગ થાય છે, માટે વિષયભેદની પ્રાપ્તિ થશે. તેના નિરાકરણ માટે કહે છે –

અનભિમત ઉપચારથી અતિચાર અને ભંગમાં=અનભિમત એવા દોષવાળા પાત્રમાં પ્રશંસાનો ઉપચાર કરવાથી કે અનુમોદનાનો પરિણામ કરવાથી પ્રશંસામાં અતિચારની અને અનુમોદનામાં ભંગની પ્રાપ્તિ થાય છે તેમાં, પરિણામભેદ પ્રયોજક છે=અનભિમત પ્રશંસાસ્થાનમાં માનાદિ કષાયને કારણે પ્રશંસા થાય છે તેથી અતિચાર થાય છે અને અનભિમત અનુમોદનામાં તે દોષો પ્રત્યેનો રુચિનો પરિણમન થાય છે માટે ભંગ છે એ રૂપ પરિણામભેદ પ્રયોજક છે, પરંતુ અનુમોદના અને પ્રશંસાના વિષયનો ભેદ નથી; એથી અનુમોદના અને પ્રશંસાનો વિષયભેદ છે એ કથન અર્થ વગરનું છે.

શાસ્ત્રમાં પણ "પ્રશંસા અનુમોદનાવિશેષ જ છે" એ પ્રમાણે કહેવાયું છે. તે=પ્રશંસા અનુમોદનાવિશેષ જ છે તે, પંચાશક વૃત્તિકાર વડે કહેવાયું છે –

"યતિને પણ દ્રવ્યસ્તવનો ભેદ અનુમોદનાથી છે." **એ પ્રકારના પ્રતીકને વિવરણ કરતાં ટીકાકાર વડે કહેવાયું છે કે** "યતિને પણ=ભાવસ્તવારૂઢ એવા સાધુને પણ=કેવલ ગૃહસ્થને નહિ પરંતુ સાધુને પણ, દ્રવ્યસ્તવ વિશેષ અનુમોદનાથી=જિનપૂજાદિ દર્શન જનિત પ્રમોદ, પ્રશંસાદિ લક્ષણ અનુમતિથી, છે. 'ઇતિ' શબ્દ વાક્યની પરિસમાપ્તિમાં છે." **॥૩૪॥**

ભાવાર્થ :-

અનુમોદના અંતરંગ પ્રીતિના પરિણામથી થતા માનસવ્યાપારરૂપ છે અને પ્રશંસા અંતરંગ પ્રીતિના પરિણામથી અભિવ્યક્ત થતા વચનવ્યાપારરૂપ છે. આ બેનો વિષયભેદ નથી, પરંતુ એક જ વિષય છે. ફક્ત અનુમોદના કહેવાથી અનુમોદનાસામાન્યનો સંગ્રહ થાય છે=કાયિક, વાચિક અને માનસિક અનુમોદનારૂપ અનુમોદનાસામાન્યનો સંગ્રહ થાય છે. જ્યારે પ્રશંસા કહેવાથી વાચિક અનુમોદનાનું ગ્રહણ થાય છે. તેથી જેમ પૃથ્વી અને દ્રવ્યમાં દ્રવ્યસામાન્ય છે અને પૃથ્વી એ દ્રવ્યવિશેષ છે તેમ અનુમોદના કહેવાથી ત્રણે યોગથી થતી અનુમોદનાનું ગ્રહણ થાય છે, માટે અનુમોદના સામાન્ય છે અને પ્રશંસા કહેવાથી વાચિક અનુમોદનાનું ગ્રહણ થાય છે, માટે પ્રશંસા એ અનુમોદનાવિશેષ છે. આ રીતે સામાન્ય-વિશેષરૂપ અનુમોદના-પ્રશંસાનો ભેદ છે, પરંતુ વિષયના ભેદથી અનુમોદના, પ્રશંસાનો આત્યંતિક ભેદ નથી; કેમ કે પ્રશંસાનું અનુમોદનાવિશેષપણું હોવાથી અન્ય વિષયના ભેદની પ્રાપ્તિ નથી.

વળી, અનુમોદનારૂપ જ પ્રશંસાવિશેષ છે તે બતાવવા યુક્તિ બતાવે છે –

પ્રત્યક્ષથી ભિન્ન વિષયવાળું ઘટપ્રત્યક્ષ નથી તેમ પ્રશંસારૂપ અનુમોદના એ અનુમોદનાસામાન્યથી ભિન્ન વિષયવાળી નથી. વળી, માનસઉત્સાહરૂપ અનુમોદના પણ પ્રશંસાથી ભિન્ન વિષયવાળી નથી; કેમ કે પ્રકૃતિથી સુંદર વસ્તુનું જ સમ્યગ્દૃષ્ટિને અનુમોદનીયપણું છે અને પ્રશંસનીયપણું છે.

આશય એ છે કે જેઓની ગુણને જોનારી સુંદર દૃષ્ટિ છે તેઓ પ્રકૃતિથી સુંદર વસ્તુની જ અનુમોદના અને પ્રશંસા કરે છે. જેમ ગુણને જોનારી સુંદર દૃષ્ટિ હોવાને કારણે કૃષ્ણ મહારાજાએ રસ્તામાં પડેલા અતિશય દુર્ગંધમય એવા કૂતરાના બે દાંતની જ અનુમોદના અને પ્રશંસા કરી, અન્ય કોઈ અવયવોની પ્રશંસા કરી નહિ. તે રીતે તત્ત્વને જોનારી દૃષ્ટિ જેઓની ખૂલી છે તેઓ મોક્ષને અનુકૂલ એવી આચરણામાં પણ મોક્ષને અનુકૂલ ભાવોને જ જોઈને તેની અનુમોદના અને પ્રશંસા કરે છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે પોતાને જે ઇષ્ટ હોય તેને સાધક જ વસ્તુ અનુમોદનાનો વિષય છે. તેથી વિરતિધર મહાત્માઓ પોતાને ઇષ્ટ એવા જિનવચનાનુસાર કરાતા જ તપ-સંયમાદિની અનુમોદના કરે છે અને અવિરતિવાળા સંસારી જીવો પોતાને ઇષ્ટ એવા આરંભ-પરિગ્રહાદિની અનુમોદના કરે છે. આથી જ કોઈ સંસારી જીવો કુશળતાપૂર્વક સંસારના આરંભો કરતા હોય ત્યારે તે કૃત્ય પોતાને ગમતું હોય તો તે કૃત્યની સંસારી જીવો અનુમોદના કરતા હોય છે, પરંતુ પરના ઇષ્ટનું સાધન અને પોતાનું અનિષ્ટનું સાધન હોય તેની કોઈ અનુમોદના કરતું નથી. આથી જ પોતાના ધનનું હરણ કરીને પર

પોતાનું ઇષ્ટ સાધતો હોય ત્યારે પોતાને અનિષ્ટ એવા પોતાના ધનના હરણની ક્રિયાની કોઈ અનુમોદના કરતું નથી. પ્રશંસા તો પોતાને ઇષ્ટ હોય કે પોતાને અનિષ્ટ હોય તેવી વસ્તુની પણ થાય છે. આથી જ પોતાને ઇષ્ટ એવા ધાર્મિકાનુષ્ઠાનની લોકો પ્રશંસા કરે છે અને આજ્ઞાબાહ્ય એવા અવિવેકવાળા અનુષ્ઠાનની પણ પ્રશંસા થાય છે.

અહીં પ્રશ્ન થાય કે આજ્ઞાબાહ્ય અનુષ્ઠાનની પ્રશંસા લોકો કેમ કરે છે ? તેથી કહે છે –

પોતાના કોઈક કાર્યાદિ નિમિત્તે સામેની વ્યક્તિમાં જેવા ગુણો ન હોય તેવા ગુણોની પણ લોકમાં પ્રશંસા થાય છે. તેથી ફલિત થાય છે કે અનુમોદના તો જે પોતાને ઇષ્ટ હોય તેની જ થાય, અનિષ્ટની ન થાય અને પ્રશંસા તો પોતાને ઇષ્ટ હોય તેની પણ થાય અને પોતાને ઇષ્ટ ન હોય તેની પણ પ્રશંસા પોતાના કોઈક કાર્યની સિદ્ધિ અર્થે થાય છે. માટે પ્રશંસાનો અને અનુમોદનાનો વિષયભેદ છે એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેમાં આગમના વચનથી અસદ્ ગુણની પણ પ્રશંસા થાય છે તે બતાવે છે – ચાર કારણોથી અસદ્ ગુણની પણ પ્રશંસા કરવી જોઈએ તેમ સ્થાનાંગમાં કહ્યું છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે અસદ્ ગુણની પ્રશંસા શાસ્ત્રમાં કેમ કહી છે ? પોતાના કથનની પુષ્ટિ અર્થે પૂર્વપક્ષી કહે છે કે ચાર કારણે અવિદ્યમાન ગુણની પ્રશંસા એ અતિચારરૂપ છે તોપણ પ્રયોજનવિશેષથી કોઈકને ક્યારેક થાય છે. આ પ્રમાણે અનુમોદના-પ્રશંસાનો વિષયભેદ પૂર્વપક્ષીએ બતાવ્યો. તેને ગ્રંથકારશ્રી કહે છે કે તારા વડે બતાવાયેલો અનુમોદના અને પ્રશંસાનો વિષયભેદ શોભન નથી. તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે – સ્વારસિક પ્રશંસાનું અનિષ્ટનું અવિષયપણું છે; કેમ કે પુષ્ટાલંબનક અનિષ્ટ પ્રશંસા પણ ઇષ્ટ વિષયમાં પર્યવસાન પામે છે.

આશય એ છે કે અસદ્ ગુણોની પ્રશંસા અપવાદિક કારણથી કોઈ સાધુ ક્યારેક કરે તો તે પ્રશંસા સ્વસંયમની વૃદ્ધિ કે રક્ષણ અર્થે કરે છે. તેથી પાર્શ્વસ્થાદિના અસદ્ ગુણોની પ્રશંસામાં પણ સંયમનાશરૂપ કે અસંયમના પોષણરૂપ અનિષ્ટવિષયપણું નથી; કેમ કે ભગવાનના વચનાનુસાર પુષ્ટ આલંબન ગ્રહણ કરીને પાર્શ્વસ્થાદિમાં અવિદ્યમાન ગુણોની પ્રશંસા અનિષ્ટ વિષયની પ્રશંસા હોવા છતાં પોતાને ઇષ્ટ એવા સંયમરક્ષણાદિના વિષયમાં પર્યવસાન પામે છે.

અહીં પ્રશ્ન થાય કે પાર્શ્વસ્થાદિમાં સાધુના ગુણો નથી, તેથી તેમની પ્રશંસા ઇષ્ટ કઈ રીતે બને ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જાતિથી કોઈ ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુ નથી. પરંતુ પરિણામવિશેષને આશ્રયીને ભજનીય બને છે અર્થાત્ ઇષ્ટ કે અનિષ્ટ બને છે.

આશય એ છે કે ગુણમાં રહેલ ગુણત્વજાતિથી ગુણની પ્રશંસા ઇષ્ટ છે અને દોષમાં રહેલ દોષત્વજાતિથી દોષની પ્રશંસા અનિષ્ટ છે એવો નિયમ નથી; કેમ કે ગુણવાનના ગુણોની પ્રશંસાથી પણ તેને માનાદિ થતા હોય તો તેના અહિતના રક્ષણ અર્થે પ્રશંસા કરવી ઉચિત નથી, અને દોષવાન વ્યક્તિની પણ પ્રશંસા

કરવાથી સંયમમાં વિઘ્નનો પરિહાર કે અન્ય કોઈ લાભ થતો હોય તો દોષની પ્રશંસા પણ ઇષ્ટ બને છે. તેથી પરિણામના ભેદથી દોષની પ્રશંસા પણ ઇષ્ટ કે ગુણની પ્રશંસા અનિષ્ટ બને છે. તેની પુષ્ટિ કરવા અર્થે કલ્પાકલ્પના વિભાગને આશ્રયીને વાચકમુખ્ય ઉમાસ્વાતિ મહારાજાના વચનની સાક્ષી આપેલ છે. તેથી જેમ અકલ્પ્ય પણ પિંડ, શય્યાદિ સંયમવૃદ્ધિનું કારણ બને તો ઇષ્ટ છે, તેમ પાર્શ્વસ્થાદિમાં વર્તતા અવિદ્યમાન ગુણોની પ્રશંસા પણ સંયમવૃદ્ધિનું કારણ બને તો ઇષ્ટ છે.

અહીં પૂર્વપક્ષીને ગ્રંથકારશ્રી કહે કે અનિષ્ટની પ્રશંસા મોહથી=અજ્ઞાનથી, અને પ્રમાદથી થાય છે અર્થાત્ આ ગુણો નથી, દોષ છે તેવા અજ્ઞાનથી પાર્શ્વસ્થની પ્રશંસા થાય છે. અથવા આ સાધુ શિથિલ છે તેનું જ્ઞાન હોવા છતાં તેના પ્રત્યેના રાગથી પ્રમાદને વશ તેની પ્રશંસા થાય છે. તેમ મોહથી અને પ્રમાદ આદિથી માનસઅનુમોદનાનો પરિણામ પણ થાય છે. માટે જે પ્રશંસાનો વિષય છે, તે જ અનુમોદનાનો વિષય છે. તેથી અનુમોદના અને પ્રશંસાનો વિષયભેદ નથી. આ કથનમાં પૂર્વપક્ષી કહે છે કે કોઈ વ્યક્તિ અસદ્ગુણોની પ્રશંસા કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે અને કોઈ વ્યક્તિ અસદ્ગુણોની અનુમોદના કરે ત્યારે ચારિત્રનો ભંગ થાય છે. માટે અનિષ્ટ એવા અવિદ્યમાન ગુણોની પ્રશંસામાં અતિચારની પ્રાપ્તિ અને અનુમોદનામાં ભંગની પ્રાપ્તિ હોવાથી પ્રશંસા-અનુમોદનામાં ભેદ છે.

આશય એ છે કે પાર્શ્વસ્થાદિમાં સંયમના ગુણો નથી છતાં માનાદિ કષાયના વશથી કોઈ સાધુ તેની પ્રશંસા કરે તો તે પ્રશંસામાં તેના સંયમમાં અતિચારની પ્રાપ્તિ થાય છે અને કોઈ સાધુને તે પાર્શ્વસ્થના ગુણો પ્રત્યે અનુમોદનાનો પરિણામ થાય તો સંયમના ભંગની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રશંસાનો અને અનુમોદનાનો ભેદ છે. તેમ પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

કોઈ સાધુ પાર્શ્વસ્થના ગુણોની પ્રશંસા સંયમની વૃદ્ધિ અર્થે કરે તો અતિચારનો અભાવ છે. જેમ કારણિક અશુદ્ધ ભિક્ષા ગ્રહણ કરનાર સુસાધુના ગુણની પ્રશંસા કરવામાં અતિચારની પ્રાપ્તિ નથી, માટે અનિષ્ટ એવા અવિદ્યમાન ગુણોની પ્રશંસામાં અતિચાર છે, એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન બરાબર નથી.

વળી, મોહાદિને વશ થઈને કોઈ પાર્શ્વસ્થાદિના ગુણની પ્રશંસા કરે ત્યારે તે અનભિમત ઉપચાર હોવાથી ક્યારેક અતિચારની અને ક્યારેક ભંગની પણ પ્રાપ્તિ થાય તેનું કારણ તે અનુમોદના કરનારા પરિણામનો ભેદ જ પ્રયોજક છે. તેથી પ્રશંસામાં અતિચાર લાગે અને અનુમોદનામાં ભંગની પ્રાપ્તિ છે ત્યાં પણ પરિણામનો ભેદ જ પ્રયોજક છે, વિષયભેદ પ્રયોજક નથી.

જેમ કોઈ સાધુ અવિદ્યમાન ગુણવાળા એવા પાર્શ્વસ્થના ગુણની પ્રશંસા કરે, તે પ્રશંસા અપવાદથી શાસ્ત્રસંમત ન હોય અને અનાભોગ-સહસાત્કારથી કરે તો અતિચાર લાગે, પરંતુ જો ભગવાનના વચનથી નિરપેક્ષ થઈને પાર્શ્વસ્થના ગુણની પ્રશંસા કરે તો ચારિત્રના ભંગની પ્રાપ્તિ થાય. તેમ કોઈ સાધુને પાર્શ્વસ્થાદિમાં વર્તતા અસંયમના પરિણામમાં બહુમાનનો ભાવ થાય તો અનુમોદનામાં પણ ભંગની પ્રાપ્તિ થાય. માટે પ્રશંસા-અનુમોદનાનો ભેદ નથી.

વળી શાસ્ત્રમાં પણ પ્રશંસાને અનુમોદનાવિશેષ જ કહેવાયેલ છે અર્થાત્ ત્રણ યોગથી થતી અનુમોદનામાંથી વાચિક અનુમોદનારૂપ જ પ્રશંસા કહેવાયેલ છે. તે શાસ્ત્રવચન સ્પષ્ટ કરતાં કહે છે – પંચાશકની વૃત્તિમાં સાધુને દ્રવ્યસ્તવની અનુમોદના હોય છે તેમ બતાવેલ છે. ત્યાં અનુમોદનાનો અર્થ કર્યો કે જિનપૂજાદિ દર્શન જનિત પ્રમોદ પ્રશંસાદિરૂપ અનુમતિથી સાધુને દ્રવ્યસ્તવ છે. તેથી જેમ પ્રમોદરૂપ અનુમોદના છે તેમ પ્રશંસારૂપ પણ અનુમોદના છે, તેમ સિદ્ધ થાય છે. ॥૩૪॥

અવતરણિકા :-

एवमनुमोदनाप्रशंसयोर्विषयभेदाभावे सिद्धेऽनुमोदनीयप्रशंसनीययोर्विषमव्याप्तिं परिहरन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=ગાથા-૩૩માં બતાવ્યું એ રીતે, અનુમોદના-પ્રશંસાના ભેદનો અભાવ સિદ્ધ થયે છતે અનુમોદનીય અને પ્રશંસનીય વસ્તુમાં વિષમ વ્યાપ્તિના પરિહારને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

तेणमणुमोअणिज्जं पसंसणिज्जं च होइ जाईए ।
सुद्धं किच्चं सव्वं भावविसिट्ठं तु अन्नंपि ।।३५।।

છાયા :-

तेनानुमोदनीयं प्रशंसनीयं च भवति जात्या ।
शुद्धं कृत्यं सर्वं भावविशिष्टं तु अन्यदपि ।।३५।।

અન્વયાર્થ :-

तेणं=તે કારણથી=અનુમોદના અને પ્રશંસાના વિષયના ભેદનો અભાવ છે તે કારણથી, सव्वं सुद्धं किच्चं=સર્વ શુદ્ધ કૃત્ય, जाईए=જાતિથી अणुमोअणिज्जं च पसंसणिज्जं होई=અનુમોદનીય અને પ્રશંસનીય છે. तु=વળી, अन्नंपि=અન્ય પણ=સ્વરૂપશુદ્ધ કૃત્ય ન હોય તેવું અન્ય પણ, भावविसिट्ठं=ભાવવિશિષ્ટ=મોક્ષને અનુકૂલ ઉત્તમ ભાવવિશિષ્ટ, (અનુમોદનીય અને પ્રશંસનીય છે, એમ અન્વય છે.) ॥૩૫॥

ગાથાર્થ :-

તે કારણથી=અનુમોદના અને પ્રશંસાના વિષયના ભેદનો અભાવ છે તે કારણથી, સર્વ શુદ્ધ કૃત્ય જાતિથી અનુમોદનીય અને પ્રશંસનીય છે. વળી, અન્ય પણ=સ્વરૂપશુદ્ધ કૃત્ય ન હોય તેવું અન્ય પણ, ભાવવિશિષ્ટ=મોક્ષને અનુકૂલ ઉત્તમ ભાવવિશિષ્ટ, (અનુમોદનીય અને પ્રશંસનીય છે, એમ અન્વય છે.) ॥૩૫॥

ટીકા :-

तेणं ति । तेन=अनुमोदनाप्रशंसयोर्विषयभेदाभावेन, अनुमोदनीयं प्रशंसनीयं च सर्वं शुद्धं=स्वरूपशुद्धं, कृत्यं दयादानशीलादिकं जात्या=स्वरूपयोग्यताऽवच्छेदकरूपेण, भवति, यद्रूपावच्छेदेन यत्र सुन्दरत्वज्ञानं तद्रूपविशिष्टप्रतिसन्धानस्य तद्रूपावच्छिन्नविषयकहर्षजनकत्वाद्, अत एव शुद्धाहारग्रहणदानादिव्यक्तीनां सर्वासामसुन्दरत्वेऽपि, कासाञ्चिच्चाशुद्धाहारग्रहणदानादिव्यक्तीनामप्यपवादकालभाविनीनां सुन्दरत्वेऽपि, 'साधोः शुद्धाहारग्रहणं सुन्दरं, श्रावकस्य च शुद्धाहारदानं' इत्ययमेवोपदेशो युक्तो, नत्वशुद्धाहारग्रहण-दानोपदेशोऽपि, सामान्यपर्यवसायित्वात्तस्य, सामान्यपर्यवसानस्य च स्वरूपशुद्ध एव वस्तुन्युचितत्वात्, स्वरूपशुद्धं हि वस्तु जात्याप्यनुमोद्यमानं हितावहमिति । भावविशिष्टं तु=अपुनर्बन्धकादिभावसंवलितं तु, अन्यदपि=विषयशुद्धादिकमपि वस्त्वनुमोद्यम्, 'भावविशिष्टा क्रिया सुन्दरा' इत्यादिप्रशंसया भावकारणत्वेन विषयशुद्धादावपि कृत्ये स्वोत्साहसंभवात्, न चैवमपुनर्बंधकोचितविषयशुद्धकृत्येऽपि साधोः प्रवृत्त्यापत्तिः, स्वाभिमततत्तद्धर्माधिकारीष्टसाधनत्वेन प्रतिसंहितेऽधस्तनगुणस्थानवर्त्यनुष्ठाने स्वोत्साहसंभवेऽपि स्वाधिकाराभावेन तत्राप्रवृत्तेः, अत एव 'शोभनमिदमेतावज्जन्मफलमविरतानां' इतिवचनलिङ्गगम्यस्वोत्साहविषयेऽपि जिनपूजादौ श्राद्धाचारे न साधूनां प्रवृत्तिरिति बोध्यम्, इत्थं च भावानुरोधादपुनर्बंधकादेरारभ्यायोगिकेवलिगुणस्थानं यावत्सर्वमपि धर्मानुष्ठानमनुमोदनीयं प्रशंसनीयं चेति सिद्धम् । उक्तं चोपदेशपदसूत्रवृत्त्योः –

"ता एअम्मि पयत्तो ओहेणं वीयरायवयणंमि ।

बहुमाणो कायव्वो धीरेहिं कयं पसंगेणं ।।२३४।।"

"तत्=तस्मात्, एतस्मिन्=धर्मबीजे प्रयत्नो=यत्नातिशयः, कर्त्तव्यो धीरैः इत्युत्तरेण योगः, किंलक्षणः प्रयत्नः कर्त्तव्यः ? इत्याशङ्क्याह–ओघेन=सामान्येन, वीतरागवचने=वीतरागागमप्रतिप्रादितेऽपुनर्बन्धकचेष्टाप्रभृत्ययोगि-केवलिपर्यवसाने तत्तच्चित्रशुद्धसमाचारे, बहुमानो=भावप्रतिबन्धः क्षयोपशमवैचित्र्यान्मृदुमध्याधिमात्रः, कर्त्तव्यो धीरैर्बुद्धिमद्भिः, उपसंहरन्नाह–कृतं प्रसंगेन=पर्याप्तं धर्मबीजप्रख्यापनेनेति" **। भावानुरोधेन ह्यनुष्ठानस्यानुमोदन-प्रशंसे विहिते, भावश्चापुनर्बन्धकाद्यनुष्ठाने नियत एव, अन्ततो मोक्षाशयस्यापि सत्त्वात्, तस्याप्य-चरमपुद्गलपरावर्त्ताभावित्वेन मोहमलमन्दतानिमित्तकत्वेन शुद्धत्वात् । तदुक्तं विंशिकायां –**

"मोक्खासओवि णण्णत्थ होइ गुरुभावमलपहावेणं ।

जह गुरुवाहिविगारे ण जाउ पत्थासओ सम्मं ।।१।।" **(विंशतिविंशिका-४/१) इति ।**

अन्यत्र=चरमपुद्गलपरावर्त्तादन्यत्र, ततो विषयशुद्धादिकं त्रिविधमप्यनुष्ठानं प्रशस्तमिति सिद्धम् । उक्तं च विंशिकायामेव –

"विसयसरुवणुबंधेण होइ सुद्धो तिहा इहं धम्मो ।

जं ता मुक्खासयाओ सव्वो किल सुन्दरो णेओ ।।" **(विंशतिविंशिका-३/२०) इति ।**

विषयशुद्धादिभेदश्चायं योगबिन्दावुपदर्शितः (२११) –

"विषयात्मानुबन्धैस्तु त्रिधा शुद्धमुदाहृतम् ।

अनुष्ठानं प्रधानत्वं ज्ञेयमस्य यथोत्तरम् ।।

आद्यं यदेव मुक्त्यर्थं क्रियते पतनाद्यपि ।

तदेव मुक्त्युपादेयलेशभावाच्छुभं मतम् ।।

द्वितीयं तु यमाद्येव लोकदृष्ट्या व्यवस्थितम् ।

न यथाशास्त्रमेवेह सम्यग्ज्ञानाद्ययोगतः ।।

तृतीयमप्यदः किन्तु तत्त्वसंवेदनानुगम् ।

प्रशान्तवृत्त्या सर्वत्र दृढमौत्सुक्यवर्जितम् ।।"

ટીકાર્થ :-

तेनानुमोदना ..... दृढमौत्सुक्यवर्जितम् ।। 'तेणं ति' प्रतीक छे. ते कारणथी=अनुमोदना-प्रशंसाना विषयभेदनो अभाव होवाथी, सर्वशुद्ध એવું=સ્વરૂપશુદ્ધ એવું, દયા, દાન, શીલાદિ કૃત્ય જાતિથી= સ્વરૂપયોગ્યતાવચ્છેદકરૂપથી, અનુમોદનીય અને પ્રશંસનીય છે; કેમ કે જે સ્વરૂપના અવચ્છેદનથી=જે ધર્મ સ્વરૂપથી, જેમાં=જે કૃત્યમાં, સુંદરપણાનું જ્ઞાન છે, तद्रूपविशिष्टप्रतिसंधाननुं=તે ધર્મથી વિશિષ્ટ એવી તે વસ્તુના પ્રતિસંધાનનું, तद्रूपावच्छिन्न विषयक=તે ધર્મવાળી વસ્તુ વિષયક, હર્ષજનકપણું છે. આથી જ=સ્વરૂપશુદ્ધ કૃત્ય જાતિથી અનુમોદ્ય છે આથી જ, સર્વશુદ્ધ આહારગ્રહણ-દાનાદિ વ્યક્તિનું અસુંદરપણું હોવા છતાં પણ, કેટલાક અપવાદકાલભાવિ અશુદ્ધ આહારગ્રહણ-દાનાદિ વ્યક્તિનું સુંદરપણું હોવા છતાં પણ, સાધુને=શુદ્ધ આહારગ્રહણ સુંદર છે અને શ્રાવકને શુદ્ધ આહારનું દાન સુંદર છે એ પ્રકારનો આ જ ઉપદેશ યુક્ત છે. પરંતુ અશુદ્ધ આહારગ્રહણ-દાનનો ઉપદેશ પણ યુક્ત નથી; કેમ કે તેનું=ઉપદેશનું, સામાન્ય પર્યવસાયિપણું છે=ઉત્સર્ગમાર્ગમાં પર્યવસાયિપણું છે, અને સામાન્ય પર્યવસાનનું સ્વરૂપશુદ્ધ વસ્તુમાં જ ઉચિતપણું છે. સ્વરૂપશુદ્ધ વસ્તુ જાતિથી પણ અનુમોદન કરાતું હિતાવહ છે. 'इति' શબ્દ જાતિથી અનુમોદનીય અને પ્રશંસનીયના કથનની સમાપ્તિ માટે છે.

ભાવવિશિષ્ટ વળી=અપુનર્બંધકાદિ ભાવથી યુક્ત વળી, અન્ય પણ વિષયશુદ્ધાદિ પણ વસ્તુ=વિષય શુદ્ધાદિ પણ અનુષ્ઠાન, અનુમોદ્ય છે; કેમ કે 'ભાવવિશિષ્ટ ક્રિયા સુંદર છે.' ઇત્યાદિ પ્રશંસાથી ભાવના

કારણપણાથી વિષયશુદ્ધાદિ પણ કૃત્યમાં સ્વોત્સાહનો સંભવ છે. અને આ રીતે=ભાવવિશિષ્ટ વિષયશુદ્ધાદિ પણ અનુષ્ઠાન અનુમોદ્ય છે એમ કહ્યું એ રીતે, અપુનર્બંધકોચિત વિષયશુદ્ધાદિ કૃત્યમાં પણ સાધુને પ્રવૃત્તિની આપત્તિ છે એમ ન કહેવું; કેમ કે સ્વાભિમત તે તે ધર્મના અધિકારીના ઈષ્ટ સાધનપણાથી પ્રતિસંધાન કરાયેલા નીચેના ગુણસ્થાનકવર્તી અનુષ્ઠાનમાં સ્વોત્સાહનો સંભવ હોવા છતાં પણ સ્વાધિકારનો અભાવ હોવાને કારણે ત્યાં=નીચેના ગુણસ્થાનકના અનુષ્ઠાનમાં, અપ્રવૃત્તિ છે=સાધુની અપ્રવૃત્તિ છે. આથી જ=સાધુને અનુમોદ્ય એવા પણ વિષય શુદ્ધાદિ અનુષ્ઠાન અધિકાર નહીં હોવાને કારણે કર્તવ્ય નથી આથી જ, 'આ શોભન છે.' 'અવિરત જીવોના જન્મનું આટલું જ ફળ છે.' એ પ્રકારના વચનના લિંગથી ગમ્ય સ્વોત્સાહના વિષય પણ જિનપૂજાદિરૂપ શ્રાવકના આચારમાં સાધુઓની પ્રવૃત્તિ નથી, એ પ્રમાણે જાણવું. અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે ભાવવિશિષ્ટ વિષયશુદ્ધાદિ અનુષ્ઠાન અનુમોદ્ય છે એ રીતે, ભાવના અનુરોધથી અપુનર્બંધકાદિથી માંડીને અયોગીકેવલીગુણસ્થાનક સુધી સર્વ પણ અનુષ્ઠાન અનુમોદનીય અને પ્રશંસનીય છે, એ પ્રમાણે સિદ્ધ છે. અને ઉપદેશપદની સૂત્ર અને વૃત્તિમાં કહેવાયું છે –

"તે કારણથી આ વીતરાગવચનમાં=ધર્મબીજરૂપ વીતરાગવચનમાં, ઓઘથી ધીર પુરુષે બહુમાનરૂપ પ્રયત્ન કરવો જોઈએ. પ્રસંગથી સર્યું." **(ઉપદેશપદ ગાથા-૨૩૪)**

"તે કારણથી=ઉપદેશપદની પૂર્વગાથામાં જે ગ્રંથકારશ્રીએ કહ્યું છે તે કારણથી, આમાં=ધર્મબીજમાં, પ્રયત્ન=યત્નાતિશય, ધીર પુરુષે કરવો જોઈએ. એ પ્રમાણે ગાથાના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે.

કેવા પ્રકારનો પ્રયત્ન કરવો જોઈએ ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ઓઘથી=સામાન્યથી, વીતરાગના વચનમાં=વીતરાગના આગમમાં કહેવાયેલા, અપુનર્બંધકની ચેષ્ટાથી માંડીને અયોગીકેવલી સુધીના તે તે ચિત્ર પ્રકારના શુદ્ધ આચારોમાં, ભાવ પ્રતિબંધરૂપ બહુમાન=ક્ષયોપશમના વૈચિત્ર્યથી મૃદુ, મધ્ય અને અધિમાત્રારૂપ ભાવ પ્રતિબંધરૂપ બહુમાન, ધીર પુરુષે=બુદ્ધિમાન પુરુષે કરવું જોઈએ. ઉપસંહાર કરતાં=ઉપદેશપદના ઉદ્ધરણમાં ઉપસંહાર કરતાં, કહે છે – પ્રસંગથી પર્યાપ્ત છે=ધર્મબીજ ખ્યાપનરૂપ પ્રસંગથી પર્યાપ્ત છે."

'ઇતિ' શબ્દ ઉપદેશપદની ટીકાની સમાપ્તિ માટે છે.

આ કથનથી શું ફલિત થાય છે ? તે કહે છે –

ભાવના અનુરોધથી અનુષ્ઠાનનું અનુમોદન અને પ્રશંસા વિહિત છે. અને ભાવ અપુનર્બંધકાનુષ્ઠાનમાં નિયત જ છે; કેમ કે અંતથી=અન્ય કોઈ ભાવ ન હોય તો છેવટે મોક્ષાશયનું પણ સત્ત્વ છે=વિષયશુદ્ધ અનુષ્ઠાનમાં મોક્ષાશયનું પણ સત્ત્વ છે.

તે ભાવ શુદ્ધ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

તેનું પણ=મોક્ષાશયનું પણ, અચરમપુદ્ગલપરાવર્તઅભાવિપણું હોવાને કારણે મોહમલમંદતા-નિમિત્તકપણું હોવાથી શુદ્ધપણું છે. તે=મોક્ષાશયનું શુદ્ધપણું છે તે, વિંશિકામાં કહેવાયું છે –

"મોક્ષાશય પણ અન્યત્ર=ચરમાવર્તથી અન્યાવર્તમાં ગુરુભાવમલના પ્રધાનપણાને કારણે=અત્યંત ભાવમલના પ્રધાનપણાને કારણે, થતો નથી. જે પ્રમાણે ગુરુવ્યાધિના વિકારમાં પથ્યનો આશય પણ સમ્યક્ થતો નથી." **(વિંશતિવિંશિકા ૪/૧)**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

વિંશિકાના ઉદ્ધરણમાં રહેલા 'अन्यत्र' શબ્દનો અર્થ કરે છે –

अन्यत्र=ચરમપુદ્ગલપરાવર્તથી અન્યત્ર.

તેથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે મોક્ષનો આશય પણ મોહમલની મંદતા નિમિત્તે થતો હોવાથી શુદ્ધ છે તેથી, વિષયશુદ્ધાદિ ત્રિવિધ પણ અનુષ્ઠાન પ્રશસ્ત છે, એ પ્રમાણે સિદ્ધ છે. અને વિંશિકામાં જ કહેવાયું છે –

"અહીં=સંસારમાં, વિષય, સ્વરૂપ અને અનુબંધ એમ ત્રણ પ્રકારથી શુદ્ધ ધર્મ થાય છે. જે કારણથી તે મોક્ષાશયથી સર્વ ખરેખર સુંદર જાણવું." **(વિંશતિવિંશિકા ૩/૨૦)**

'इति' શબ્દ વિંશિકાના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને વિષયશુદ્ધાદિનો ભેદ યોગબિંદુમાં આ બતાવાયો છે –

"વિષય, આત્મા=સ્વરૂપ, અને અનુબંધ વડે ત્રણ પ્રકારનું શુદ્ધ અનુષ્ઠાન કહેવાયું છે. આનું=અનુષ્ઠાનનું, યથોત્તર=પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરનું, પ્રધાનપણું જાણવું.

આદ્ય=વિષયશુદ્ધ, મુક્તિ આદિ માટે જે જ પતનાદિ પણ કરાય છે. મુક્તિના ઉપાદેયના લેશભાવથી તે જ શુભ કહેવાય છે.

બીજું વળી લોકદૃષ્ટિથી યમાદિ જ વ્યવસ્થિત છે. અહીં=બીજા અનુષ્ઠાનમાં, યથાશાસ્ત્ર જ નથી; કેમ કે સમ્યગ્જ્ઞાનાદિનો અયોગ છે.

વળી ત્રીજું પણ પ્રશાંતવૃત્તિ વડે સર્વત્ર દૃઢ ઔત્સુક્યથી વર્જિત આ=યમાદિ અનુષ્ઠાન, તત્ત્વસંવેદનથી યુક્ત જાણવું." **(યોગબિંદુ પ્રકરણ શ્લોક-૨૧૧)**

ભાવાર્થ :-

સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનરૂપ સર્વ કૃત્ય, જાતિથી અનુમોદ્ય અને પ્રશંસનીય છે. એ પ્રકારના કથનથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ કે સુસાધુઓ જે સ્વભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન ઉત્સર્ગમાર્ગથી કરે છે તે સર્વ અનુષ્ઠાન મોક્ષને અનુકૂલ એવી સ્વરૂપયોગ્યતાવાળું હોવાથી પ્રશંસનીય અને અનુમોદનીય છે. આ કથનથી એ ફલિત થાય કે સાધુ કે શ્રાવક અપવાદથી જે ઉચિત આચરણા કરે છે તે આચરણા મોક્ષને અનુકૂલ હોવા છતાં જાતિથી અનુમોદનીય નથી. આથી જ કોઈ સાધુ અપવાદથી અશુદ્ધ દાનાદિ ગ્રહણ કરતા હોય અને તેના દ્વારા સંયમના કંડકની વૃદ્ધિની પ્રાપ્તિ કરતા હોય તો તે કૃત્ય ભાવને આશ્રયીને આગળમાં કહેવાય છે તે રીતે અનુમોદ્ય છે, પરંતુ જાતિથી અનુમોદનીય નથી. આથી જ આગળમાં કહેવાશે તે પ્રમાણે વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન ભાવને આશ્રયીને અનુમોદ્ય

હોવા છતાં તે સર્વ અનુષ્ઠાનમાંથી જે અનુબંધશુદ્ધઅનુષ્ઠાન છે તે અનુષ્ઠાનમાંથી પણ જે ઉત્સર્ગમાર્ગની આચરણારૂપ છે તેટલું જ અનુષ્ઠાન જાતિથી અનુમોદ્ય છે, અન્ય અનુષ્ઠાન જાતિથી અનુમોદ્ય નથી. આથી જ જિનવચનાનુસાર કોઈ શ્રાવક કે સમ્યગ્દૃષ્ટિ દયા, દાન, શીલાદિક અનુષ્ઠાનનું સેવન કરતા હોય તે સર્વ મોક્ષને અનુકૂલ ભાવનિષ્પત્તિને માટે સ્વરૂપયોગ્ય હોવાથી અનુમોદ્ય છે અને તેવું અનુષ્ઠાન જેમ અનુમોદ્ય છે તેમ પ્રશંસનીય પણ છે.

વળી, ભાવવિશેષને આશ્રયીને જે અનુષ્ઠાન જાતિથી સુંદર નથી તે પણ અનુમોદ્ય છે અને જાતિથી સુંદર છે તે પણ અનુમોદ્ય છે. આથી જ ભાવથી યુક્ત એવું અપુનર્બંધકથી માંડીને અયોગીકેવલી સુધીનું સર્વ અનુષ્ઠાન અનુમોદ્ય છે. તેથી કલ્યાણના અર્થી જીવોએ અપુનર્બંધકથી માંડીને અયોગીકેવલી સુધીની અવસ્થાનું જે જે ઉચિત અનુષ્ઠાન છે તે સર્વ અનુષ્ઠાનમાં વર્તતા મોક્ષને અનુકૂલ એવા અસંગ પરિણામના અંશરૂપ ભાવને આશ્રયીને સર્વની અનુમોદના અને પ્રશંસા કરવી જોઈએ. અર્થાત્ વિષયશુદ્ધઅનુષ્ઠાનમાં મોક્ષના આશયરૂપ કંઈક અસંગ અવસ્થાનો રાગ છે, તે અંશથી તે અનુષ્ઠાન અનુમોદ્ય છે. સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનમાં મોક્ષના આશયથી યુક્ત કંઈક મોક્ષને અનુકૂલ એવી બાહ્ય યમાદિની આચરણા છે, તે અંશથી અનુમોદ્ય છે. અનુબંધશુદ્ધઅનુષ્ઠાન જિનવચનથી નિયંત્રિત સૂક્ષ્મ બોધથી સંવલિત સ્વભૂમિકાનુસાર સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોથી સેવાતું દયા, દાનાદિકથી માંડીને યાવત્ યોગનિરોધ સુધીનું અનુષ્ઠાન છે. તે અનુષ્ઠાનમાં જે કાંઈ અપવાદની આચરણા છે, તે જાતિથી અનુમોદ્ય નથી, પરંતુ ભાવને આશ્રયીને અનુમોદ્ય છે. જેમ વીર ભગવાને તાપસની અપ્રીતિના પરિહારાર્થે ચાતુર્માસમાં વિહાર કર્યો, તે ચાતુર્માસમાં સાધુના વિહારગમનની ક્રિયા જાતિથી અનુમોદ્ય નથી, પરંતુ તાપસની અપ્રીતિના પરિહારરૂપ ભાવને આશ્રયીને અનુબંધશુદ્ધ એવું પણ વીર પ્રભુનું અનુષ્ઠાન અનુમોદ્ય છે.

અહીં ઉપદેશપદની વૃત્તિમાં કહ્યું કે અપુનર્બંધકની ચેષ્ટાથી માંડીને અયોગીકેવલી અવસ્થા સુધીના તે તે પ્રકારના શુદ્ધ આચારોમાં બહુમાન કરવું જોઈએ. તે બહુમાનનો અર્થ સ્પષ્ટ કરતાં કહ્યું કે ક્ષયોપશમના વૈચિત્ર્યથી મૃદુ, મધ્ય અને અતિશય બહુમાન કરવું જોઈએ. તેનાથી એ પ્રાપ્ત થાય કે અપુનર્બંધકથી માંડીને અયોગીકેવલી અવસ્થા સુધીની કઈ કઈ આચરણાની ભૂમિકા છે તે આચરણાની ભૂમિકાનું પોતાના ક્ષયોપશમાનુસાર બોધ કરવા યત્ન કરવો જોઈએ. બોધ કર્યા પછી તે બોધને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ. એ બોધ સ્થિર થયા પછી વારંવાર તે સર્વ અવસ્થાઓ ઉત્તર-ઉત્તરની અવસ્થાની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિનું કારણ છે તેનું સૂક્ષ્મ પર્યાલોચન કરીને તે સર્વ અવસ્થા પ્રત્યે રાગનો અતિશય થાય તેવો યત્ન કરવો જોઈએ. આ પ્રકારનો કરાયેલો યત્ન પણ જીવના ક્ષયોપશમની વિચિત્રતાથી કોઈકને સામાન્ય બહુમાન, કોઈને મધ્યમ બહુમાન અને કોઈને શક્તિના ઉત્કર્ષથી બહુમાન થાય છે. તેથી સ્વશક્તિના સામર્થ્ય અનુસાર બહુમાન કરવું જોઈએ.

જેમ વીર ભગવાનને જોઈને જીર્ણ શેઠને શક્તિના ઉત્કર્ષથી બહુમાનનો ભાવ થયો. જેના બળથી ભગવાનના દાનના અભિલાષથી એ મહાત્મા ક્ષપકશ્રેણીની નજીકની ભૂમિકાને પામ્યા.

टीका :-

ननु भवतु विषयशुद्धाद्यनुष्ठानत्रयमपुनर्बन्धकादौ कथञ्चित्सुन्दरं, तथापि वीतरागवचनप्रतिपादितस्यैव तद्गतस्यानुष्ठानस्यानुमोद्यत्वं, नान्यस्य, 'जो चेव भावलेसो सो चेव भगवओ अणुमओ' **इत्यत्र भगवद्बहुमानरूपस्यैव भावलेशस्यानुमोद्यत्वप्रतिपादनादिति चेत्? न, अन्यत्रापि भवाभिनन्दिदोष-प्रतिपक्षमोक्षाशयभावस्य तत्त्वतो भगवद्बहुमानरूपत्वाद्,** 'भवनिर्वेदस्यैव भगवद्बहुमानत्वात्' **इति ललितविस्तरापञ्जिकावचनात्, स्वरूपशुद्धं चानुष्ठानं सर्वत्रापि तत्त्वतो भगवत्प्रणीतमेवेति तत्प्रशंसया भवत्येव भगवद्बहुमानः, व्युत्पन्ना ह्यन्यशास्त्रे कथञ्चिदुपनिबद्धानपि मार्गानुसारिगुणान् भगवत्-प्रणीतत्वेनैव प्रतियन्ति । तदाहुः श्रीसिद्धसेनसूरयः –**

सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु स्फुरन्ति याः काश्चन सूक्तसंपदः ।

तवैव ताः पूर्वमहार्णवोद्धृता जगत्प्रमाणं जिन! वाक्यविप्रुषः ।। **इति । (द्वात्रिंशद् द्वात्रिंशिका १/३०)**

नन्दिवृत्तावप्येवमेवोक्तं –

'परदर्शनशास्त्रेष्वपि हि यः कश्चित्समीचीनोऽर्थः संसारासारतास्वर्गापवर्गादिहेतुः प्राण्यहिंसादिरूपः स भगवत्-प्रणीतशास्त्रेभ्य एव समुद्धृतो वेदितव्यः, न खल्वतीन्द्रियार्थपरिज्ञानमन्तरेणातीन्द्रियः प्रमाणाबाधितार्थः पुरुषमात्रेणो-पदेष्टुं शक्यते, अविषयत्वाद्, न चातीन्द्रियार्थपरिज्ञानं परतीर्थिकानामस्तीत्येतदग्रे वक्ष्यामः, ततस्ते भगवत्प्रणीत-शास्त्रेभ्यो मौलं समीचीनमर्थलेशमुपादाय पश्चादभिनिवेशवशतः स्वस्वमत्यनुसारेण तास्ताः स्वस्वप्रक्रियाः प्रपञ्चितवन्तः, उक्तं च स्तुतिकारेण 'सुनिश्चितं इत्यादि ।।'

ननु दयादिवचनानि परमते तत्त्वतो जिनवचनमूलान्यपि स्वस्वमताधिदेवतावचनत्वेन परिगृहीतत्वादेव नानुमोदनीयानि, अत एव मिथ्यादृष्टिभिः स्वस्वदेवताबिम्बत्वेन परिगृहीताऽर्हत्प्रतिमाप्युपासकदशाङ्गा-दिष्ववन्द्यत्वेन प्रतिपादितेति चेत्? अत्र वदन्ति संप्रदायविदः –

"यथा मिथ्यादृक्परिगृहीता तीर्थकृत्प्रतिमा मिथ्यात्वाभिवृद्धिनिवारणाय न विशेषेण नमस्क्रियते, सामान्येन तु 'जं किंचि नाम तित्थं' इत्यादिना 'जावंति चेइआइं' इत्यादिना चाभिवन्द्यते एव, तत्त्वतस्तासामपि तीर्थत्वात् जिनबिम्बत्वाच्च, तथाऽत्रापि मिथ्यादृशां गुणाः 'सर्वेषां जीवानां दयाशीलादिकं शोभनं' इत्येवं सामान्यरूपेणानुमोद्यमानाः केन वारयितुं शक्यन्ते?' **इति, उक्तं चैतत् धर्मबिन्दुसूत्रवृत्त्योरपि (२-३) सद्धर्मदेशनाधिकारे साधारण्येन लोकलोकोत्तरगुणप्रशंसाप्रतिपादनात्, तथाहि–**'साधारणगुणप्रशंसा' इति, साधारणानां=लोकलोकोत्तरयोः सामान्यानां, गुणानां प्रशंसा=पुरस्कारो, देशनार्हस्याग्रतो विधेया । यथा-

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः, प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः ।

अनुत्सेको लक्ष्म्या निरभिभवसाराः परकथाः, श्रुते चासन्तोषः कथमनभिजाते निवसति ।।" **इति ।**

इयं च पुरुषविशेषानुपग्रहात्सामान्यप्रशंसैवेति । यद्यप्यत्रापि वाक्यार्थस्य विशेष एव पर्यवसानं, तथापि साधारणगुणानुरागस्यैवाभिव्यङ्ग्यत्वान्न मिथ्यात्वाभिवृद्धिरिति द्रष्टव्यम् ।

स्यादत्र परस्येयमाशङ्का –

'एवं सति मिथ्यादृष्टेः पुरुषविशेषस्य दयाशीलादिगुणपुरस्कारेण प्रशंसा न कर्त्तव्या स्यात्, अन्यतीर्थिकपरिगृहीतार्हत्प्रतिमाया विशेषेणावन्द्यत्ववदन्यतीर्थिकपरिगृहीतगुणानामपि विशेषतोऽप्रशंसनीयत्वात्, दोषवत्त्वेन प्रतिसन्धीयमाने पुरुषे तद्गतगुणप्रशंसायास्तद्गतदोषानुमतिपर्यवसितत्वात्, अत एव सुखशीलजनवन्दनप्रशंसयोस्तद्गतप्रमादस्थानानुमोदनापत्तिरुक्ता –

"किइकम्मं च पसंसा सुहसीलजणंमि कम्मबंधाय ।

जे जे पमायठाणा ते ते उवबूहिया हुंति ।।"

इत्यादिनाऽऽवश्यकादाविति । तत्र ब्रूमः–यदि नाम तद्गतदोषज्ञानमेव तत्प्रशंसायास्तदीयतद्दोषानुमतिपर्यवसायकमिति मिथ्यादृष्टिगुणप्रशंसात्यागस्तवाभिमतस्तदाऽविरतसम्यग्दृष्टेः सम्यक्त्वादिगुणप्रशंसाऽप्यकर्त्तव्या स्यात्, तद्गताविरतिदोषज्ञानात्तस्यास्तदनुमतिपर्यवसानात् ।

अथाविरतसम्यग्दृष्ट्यादावविरत्यादेर्न स्फुटदोषत्वं, स्फुटदोषप्रतिसन्धानमेव च तद्गतप्रशंसाया दोषानुमतिपर्यवसानबीजम्, अत एव शैलकराजर्षिप्रभृतीनां पार्श्वस्थत्वादिस्फुटदोषप्रतिसन्धाने हीलनीयत्वमेवोक्तं शास्त्रे, न तु गुणसामान्यमादाय प्रशंसनीयत्वं, तत्कालीनतत्प्रशंसाया दोषानुमतिरूपत्वाद्, इत्यविरतसम्यग्दृष्ट्यादीनां सम्यक्त्वादिगुणानुमोदने न दोष इति चेत्, तर्हि मार्गानुसारिणां मिथ्यादृशां मिथ्यात्वमपि न स्फुटो दोषः, तत्त्वेतरनिन्दनाद्युपहितप्रबलमिथ्यात्वस्यैव स्फुटदोषत्वादिति तद्गतगुणप्रशंसायामपि न दोषः, अवश्यं चैतदित्थं प्रतिपत्तव्यं, अन्यथा मेघकुमारजीवहस्तिनोऽपि दयागुणपुरस्कारेण प्रशंसानुपपत्तिरिति । अन्यतीर्थिकपरिगृहीतत्वं चार्हत्प्रतिमायामिव दयादिगुणेषु न स्फुटो दोषः, दयादिगुणानामभिनिविष्टान्यतीर्थिकसाक्षिकत्वाभावेन मिथ्यात्वाभावात्, प्रत्युत तत्त्वतो जिनप्रवचनाभिहितत्वप्रतिसन्धानेन तदस्फुटीकृतमेव, अतः 'स्तोकस्यापि भगवदभिमतस्य गुणस्योपेक्षा न श्रेयसी' इत्यध्यवसायदशायां तत्प्रशंसा गुणानुरागातिशयद्वारा कल्याणावहा, अत एव गुणानुरागसङ्कोचपरिहाराय स्तोकगुणालंबनेनापि भक्त्युद्भावनं विधेयमित्युपदिशन्ति पूर्वाचार्याः । तदुक्तं बृहत्कल्पभाष्यवृत्त्योः –

"दंसणनाणचरित्तं तवविणयं जत्थ जत्तियं पासे ।

जिणपन्नत्तं भत्तीए पूयए तं तहिं भावं ।।"

"दर्शनं च=निःशङ्कितादिगुणोपेतं सम्यक्त्वं, ज्ञानं=चाचारादि, चारित्रं च=मूलोत्तरगुणानुपालनात्मकं, दर्शनज्ञान-चारित्रं द्वन्द्वैकवद्भावः, एवं तपश्चानशनादि, विनयश्चाभ्युत्थानादिरूपस्तपोविनयम्, एतद्दर्शनादि यत्र पार्श्वस्थादौ पुरुषे यावत्=यत्परिमाणं स्वल्पं बहु वा, पश्येत्=जानीयात्, तत्र तमेव भावं जिनप्रज्ञाप्तं स्वचेतसि व्यवस्थाप्य तावत्यैव भक्त्या कृतिकर्मादिलक्षणया पूजयेद्" **इति । तेन मार्गानुसारिकृत्यं सर्वमपि भावयोगादनुमोदनीयं प्रशंसनीयं चेति सिद्धम् ।।३५।।**

टीकार्थ :-

ननु ..... चेति सिद्धम् ।। 'ननु'थी शंका करे छे – विषयशुद्धादि अनुष्ठानत्रय अपुनर्बंधकादि जीवोमां कोईक अपेक्षाओ सुंदर हो, तोपण वीतरागवचनप्रतिपादित ज तद्गत अनुष्ठाननुं= अपुनर्बंधकादिगत अनुष्ठाननुं, अनुमोद्यपणुं छे. अन्यनुं नहि=वीतरागवचनथी अप्रतिपादित अनुष्ठाननुं नहीं; केम के 'जे भावलेश छे=मोक्षने अनुकूळ भावलेश छे, ते ज भगवानने अनुमत छे.' **ओ प्रकारना कथनमां भगवानमां बहुमानरूप ज भावलेशना अनुमोद्यत्वनुं प्रतिपादन छे. ओ प्रमाणे जो पूर्वपक्षी कहे तो ग्रंथकारश्री कहे छे – तारी वात बराबर नथी; केम के अन्यत्र पण=अन्यदर्शनमां रहेला जीवोमां पण, भवाभिनंदीदोषना प्रतिपक्ष एवा मोक्षाशयरूप भावनुं तत्त्वथी भगवानना गुणमां बहुमानरूप-पणुं छे.**

अहीं प्रश्न थाय के मोक्षाशयरूप भावनुं तत्त्वथी भगवाननना गुणमां बहुमानपणुं छे ते केम नक्की थाय ? तेमां हेतु कहे छे –

'भवनिर्वेदनुं ज भगवाननुं बहुमानपणुं होवाथी.' **ओ प्रमाणे ललितविस्तरा उपरनी पंजिकानुं वचन छे. अने स्वरूपशुद्धअनुष्ठान सर्वत्र पण=जैनदर्शनमां के अन्यदर्शनमां रहेलुं सर्वत्र पण, तत्त्वथी भगवत्प्रणीत ज छे, एथी तेनी प्रशंसाथी भगवद्बहुमान थाय ज छे. हि=जे कारणथी, व्युत्पन्नमतिवाळा पुरुषो अन्य शास्त्रमां कोईक रीते उपनिबद्ध पण मार्गानुसारी गुणोने भगवत्प्रणीतपणाथी ज जाणे छे. तेने सिद्धसेनदिवाकरसूरीश्वरजी महाराजा कहे छे –**

"परतंत्रनी युक्तिओमां जे कोई सुंदर कहेवायेल संपत्तिओ अमने सुनिश्चित स्फुरे छे, ते=सुंदर कहेवायेली संपत्तिओ, हे जिन ! पूर्वरूपी महासमुद्रमांथी उद्धृत थयेल तमारा ज वाक्यनां बिंदुओ जगतमां प्रमाण छे." **(द्वात्रिंशद् द्वात्रिंशिका १/३०)**

नंदीसूत्रनी वृत्तिमां पण ते प्रमाणे ज कहेवायेलुं छे – "पर दर्शनशास्त्रोमां पण जे कांई समीचीन अर्थ संसारनी असारता अने स्वर्ग-अपवर्गादिनो हेतु एवा प्राणीनी अहिंसादिरूप छे, ते भगवत्प्रणीत शास्त्रोथी ज समुद्धृत जाणवो. खरेखर अतीन्द्रियार्थना परिज्ञान वगर अतीन्द्रिय अने प्रमाणथी अबाधित अर्थ पुरुषमात्रथी उपदेश आपवो शक्य नथी; केम के अविषयपणुं छे=छद्मस्थनुं अविषयपणुं छे. अने अतीन्द्रिय अर्थनुं परिज्ञान परतीर्थिकोने नथी ओ अमे आगळ कहीशुं. तेथी ते भगवत्प्रणीत शास्त्रोथी मूलभूत एवा समीचीन अर्थने ग्रहण करीने पाछळथी अभिनिवेश वशथी स्व-स्वमति अनुसारथी ते ते स्व-स्वप्रक्रियानुं वर्णन कर्युं. अने स्तुतिकार वडे "सुनिश्चितं..." इत्यादि द्वारा कहेवायुं छे."

'ननु'થી શંકા કરે છે – પરમતમાં તત્ત્વથી જિનવચનમૂલ પણ દયાદિ વચનો સ્વ સ્વ મતના અધિદેવતાના વચનથી=સ્વ સ્વ મતના સ્વીકૃત દેવતાના વચનપણાથી, પરિગૃહીતપણું હોવાને કારણે જ અનુમોદનીય નથી. આથી જ મિથ્યાદૃષ્ટિ વડે સ્વ સ્વ દેવતાના બિંબપણાથી પરિગૃહીત અર્હત્પ્રતિમા પણ ઉપાસકદશાંગાદિમાં અવંદ્યપણાથી પ્રતિપાદિત છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – આમાં=પૂર્વપક્ષીએ કરેલી શંકામાં, સંપ્રદાયના જાણનારાઓ કહે છે – "જે પ્રમાણે મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત તીર્થંકરની પ્રતિમા મિથ્યાત્વની અભિવૃદ્ધિના નિવારણ માટે વિશેષથી નમસ્કરણીય નથી=સાક્ષાત્ નમસ્કરણીય નથી, પરંતુ સામાન્યથી 'जं किंचि नाम तित्थं...' ઇત્યાદિ સૂત્રથી અને 'जावंति चेईआइं...' ઇત્યાદિ સૂત્રથી અભિવંદ્ય જ છે; કેમ કે તત્ત્વથી તેઓનું પણ=તે જિનપ્રતિમાઓનું પણ, તીર્થપણું છે=તારવાપણું છે, અને જિનબિંબપણું છે. તે પ્રમાણે અહીં પણ=અન્યદર્શનમાં રહેલા જીવોમાં પણ, મિથ્યાદૃષ્ટિ જીવોના ગુણો 'સર્વ જીવોના દયા-શીલાદિ શોભન છે.' એ રીતે સામાન્યરૂપથી અનુમોદન કરાતા કોના વડે વારણ કરી શકાય ?"

અને આ=અન્યદર્શનના ગુણો સામાન્યથી અનુમોદ્ય છે એ, ધર્મબિંદુ સૂત્ર અને વૃત્તિમાં પણ કહેવાયું છે; કેમ કે સદ્ધર્મદેશનાના અધિકારમાં સાધારણપણાથી લોક-લોકોત્તર ગુણની પ્રશંસાનું પ્રતિપાદન છે. તે આ પ્રમાણે –

"સાધારણ ગુણની પ્રશંસા કરવી જોઈએ=લોક-લોકોત્તર એવા સામાન્યરૂપ સાધારણ ગુણની દેશના યોગ્ય જીવની આગળ પ્રશંસા કરવી જોઈએ.

તે લોક-લોકોત્તર સામાન્ય ગુણ 'યથા'થી બતાવે છે –

પ્રચ્છન્ન દાન કરવું જોઈએ=ગુપ્ત દાન કરવું જોઈએ, ઘરે કોઈ પરોણા આવે છતે સંભ્રમવિધિ=ઉચિત સત્કારવિધિ, કરવી જોઈએ, પ્રિય કરીને મૌન ધારણ કરવું જોઈએ=કોઈના ઉપર ઉપકાર કરીને, 'મેં આ ઉપકાર કર્યો છે.' તેવું બતાવવું જોઈએ નહિ. ઉપકારનો=કોઈનાથી કરાયેલા ઉપકારનું સભામાં કથન કરવું જોઈએ, લક્ષ્મીનો અનુત્સેક ધારણ કરવો જોઈએ, કોઈનો અભિભવ ન થાય તેવી પરની કથા કરવી જોઈએ, શ્રુતમાં અસંતોષ ધારણ કરવો જોઈએ. અનભિજાતમાં=યોગ્યતા નહીં પામેલા જીવમાં આ સર્વ કેવી રીતે નિવેશ પામે?=કેવી રીતે પ્રગટ પામે?" **(ધર્મબિંદુ પ્રકરણ અધ્યાય-૨, સૂત્ર-૩ ટીકા)**

'इति' શબ્દ ધર્મબિંદુના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, પુરુષવિશેષને અનુપગ્રહ કરનાર હોવાથી=લોકોત્તર ધર્મને પામેલા સમ્યગ્દૃષ્ટિ આદિરૂપ પુરુષવિશેષને અનુપકાર કરનાર હોવાથી, સામાન્ય પ્રશંસા જ છે=સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિની પૂર્વભૂમિકાવાળા યોગ્ય જીવની પ્રશંસા જ છે, જોકે અહીં પણ=સાધારણ ગુણની પ્રશંસા કરી એમાં પણ, વાક્યાર્થનું=સાધારણ ગુણને કહેનારા વચનનું, વિશેષમાં જ પર્યવસાન છે=મિથ્યાદૃષ્ટિમાં આવા ગુણો હોય છે એ પ્રકારે વિશેષમાં જ પર્યવસાન છે. તોપણ સાધારણ ગુણના અનુરાગનું જ અભિવ્યંગ્યપણું હોવાથી=મિથ્યાદૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિ ઉભયસાધારણ એવા ગુણના અનુરાગનું જ અભિવ્યંગ્યપણું હોવાથી, મિથ્યાત્વની અભિવૃદ્ધિ નથી એ પ્રમાણે જાણવું.

અહીં=સામાન્ય ગુણની પ્રશંસા કરી એમાં, પરને આ પ્રમાણે આશંકા થાય – આમ હોતે છતે=પૂર્વમાં કહ્યું કે સાધારણ ગુણના અનુરાગનું જ અભિવ્યંગ્યપણું હોવાથી સામાન્ય ગુણની

પ્રશંસા વડે મિથ્યાત્વની અભિવૃદ્ધિ નથી એમ હોતે છતે, મિથ્યાદૃષ્ટિ પુરુષવિશેષના દયા-શીલાદિના ગુણના પુરસ્કારથી પ્રશંસા કર્તવ્ય થશે નહિ; કેમ કે અન્યતીર્થિક પરિગૃહીત અર્હત્પ્રતિમાના વિશેષથી અવંદ્યત્વની જેમ; અન્યતીર્થિક પરિગૃહીત ગુણોનું પણ વિશેષથી અપ્રશંસનીયપણું છે.

કેમ અન્યતીર્થિક પરિગૃહીત ગુણોનું પણ વિશેષથી અપ્રશંસનીયપણું છે ? તેમાં હેતુ કહે છે –

દોષવાનપણાથી પ્રતિસંધાન કરતા પુરુષમાં તદ્‌ગત ગુણની પ્રશંસાનું તદ્‌ગત દોષની અનુમતિમાં પર્યવસિતપણું છે. આથી જ=દોષવાન પુરુષમાં રહેલા ગુણની પ્રશંસા કરવી ઉચિત નથી આથી જ, સુખશીલ જનને વંદન અને પ્રશંસામાં=સુખશીલ એવા સાધુને વંદન અને પ્રશંસા કરવામાં તદ્‌ગત પ્રમાદસ્થાનની અનુમોદનાની આપત્તિ કહેવાઈ છે.

કયાં કહેવાઈ છે ? તે સ્પષ્ટ કરે છે –

"સુખશીલ એવા સાધુમાં કૃતિકર્મ=વંદન, અને પ્રશંસા કર્મબંધ માટે છે.

કેમ કર્મબંધ માટે છે ? તેથી કહે છે –

જે જે પ્રમાદસ્થાનો છે=તે સાધુમાં જે જે પ્રમાદસ્થાનો છે, તે તે ઉપબૃંહીત થાય છે." **ઈત્યાદિ દ્વારા આવશ્યકાદિમાં કહેવાયું છે, એમ પૂર્વ સાથે સંબંધ છે.**

ત્યાં=પૂર્વમાં પરની શંકા બતાવી ત્યાં, અમે કહીએ છીએ એમ ગ્રંથકારશ્રી કહે છે – જો તદ્‌ગત દોષોના જ્ઞાનનું જ તેની પ્રશંસાથી તેમના તે દોષની અનુમતિમાં પર્યવસાયકપણું છે, એથી મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસાનો ત્યાગ તને અભિમત છે. તો અવિરત સમ્યક્ત્વીના સમ્યક્ત્વાદિ ગુણની પ્રશંસા પણ અકર્તવ્ય થાય; કેમ કે તદ્‌ગત અવિરતિ દોષના જ્ઞાનથી=અવિરતસમ્યગ્‌દૃષ્ટિગત અવિરતિના દોષના જ્ઞાનથી, તેનું=તેની પ્રશંસાનું=અવિરત-સમ્યગ્‌દૃષ્ટિની પ્રશંસાનું, તેની અનુમતિમાં પર્યવસાન છે=અવિરતિની અનુમોદનામાં પર્યવસાન છે.

'અથ'થી પૂર્વપક્ષી કહે કે અવિરતસમ્યગ્‌દૃષ્ટિ આદિમાં અવિરતિ આદિનું સ્ફુટ દોષપણું નથી=પ્રગટ દોષપણું નથી. અને પ્રગટ દોષનું પ્રતિસંધાન જ તદ્‌ગત પ્રશંસાનું=તેમાં રહેલા ગુણોની પ્રશંસાનું, દોષ અનુમતિના પર્યવસાનનું બીજ છે. આથી જ=સ્પષ્ટ દોષનું પ્રતિસંધાન હોય ત્યાં તદ્‌ગત ગુણનું અનુમોદન નિષિદ્ધ છે આથી જ, શૈલકરાજર્ષિ વગેરેના પાર્શ્વસ્થાદિ સ્પષ્ટ દોષના પ્રતિસંધાનમાં હીલનીયપણું શાસ્ત્રમાં કહેવાયું છે. પરંતુ ગુણસામાન્યને ગ્રહણ કરીને પ્રશંસનીયપણું કહેવાયું નથી; કેમ કે તત્કાલીન તેમની પ્રશંસાનું=પાર્શ્વસ્થાદિ ભાવકાલીન શૈલકરાજર્ષિની પ્રશંસાનું, દોષની અનુમતિ-રૂપપણું છે, એથી અવિરતસમ્યગ્‌દૃષ્ટિ આદિના સમ્યક્ત્વાદિ ગુણના અનુમોદનમાં દોષ નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિઓનું મિથ્યાત્વ પણ સ્ફુટ દોષ નથી; કેમ કે તત્ત્વના અને ઈતરના નિંદનાદિથી=તત્ત્વની નિંદા અને અતત્ત્વની અનુમોદનાથી, ઉપહિત પ્રબલ મિથ્યાત્વનું જ સ્ફુટ દોષપણું છે, એથી તદ્‌ગત ગુણપ્રશંસામાં પણ=મિથ્યાદૃષ્ટિગત ગુણપ્રશંસામાં પણ દોષ નથી. અને આ=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિમાં સ્પષ્ટ દોષ નથી એ, એ પ્રમાણે અવશ્ય સ્વીકારવું જોઈએ. અન્યથા=એ પ્રમાણે

સ્વીકારવામાં ન આવે તો, મેઘકુમારના જીવ એવા હાથીના પણ દયાગુણના પુરસ્કારથી પ્રશંસાની અનુપપત્તિ થાય. અને અર્હત્પ્રતિમામાં અન્યતીર્થિક પરિગૃહીતપણાની જેમ દયાદિ ગુણોમાં સ્ફુટ દોષ નથી; કેમ કે દયાદિ ગુણોનું અભિનિવિષ્ટ અન્યતીર્થિક સાક્ષિકત્વનો અભાવ હોવાને કારણે મિથ્યાત્વનો અભાવ છે. ઊલટું=દયાદિ ગુણોમાં સ્ફુટ દોષ નથી ઊલટું, તત્ત્વથી જિનપ્રવચન અભિહિતત્વના પ્રતિસંધાનને કારણે તે અસ્ફુટીકૃત જ છે=અન્યતીર્થિક પરિગૃહીતત્વ અસ્ફુટીકૃત જ છે. આથી જ=અનભિનિવિષ્ટ મિથ્યાદૃષ્ટિના દયાદિ ગુણોમાં સ્ફુટ દોષ નથી આથી જ, 'થોડી પણ ભગવાને કહેલા ગુણની ઉપેક્ષા શ્રેયકારી નથી' એ પ્રકારના અધ્યવસાયની દશામાં તેની પ્રશંસા=દયાદિ ગુણોની પ્રશંસા, ગુણાનુરાગના અતિશય દ્વારા કલ્યાણને કરનાર છે, આથી જ ગુણાનુરાગના સંકોચના પરિહાર માટે થોડા પણ ગુણના અવલંબનથી પણ=કોઈ વ્યક્તિમાં થોડા પણ મોક્ષમાર્ગને અનુકૂલ ગુણો હોય તેના અવલંબનથી પણ, ભક્તિનું ઉદ્ભાવન કરવું જોઈએ= ભક્તિની અભિવ્યક્તિ કરવી જોઈએ, એ પ્રમાણે પૂર્વાચાર્યો કહે છે. તે=થોડા પણ જિનવચનાનુસાર ગુણનું અવલંબન લઈને ભક્તિનું ઉદ્ભાવન કરવું જોઈએ એમ પૂર્વમાં કહ્યું તે, બૃહત્કલ્પભાષ્ય અને વૃત્તિમાં કહેવાયું છે –

"જેમાં=જે પાર્શ્વસ્થાદિ પુરુષમાં, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય જેટલું=દેખાય, તેમાં=તે પુરુષમાં, જિનપ્રજ્ઞપ્ત એવા તે ભાવને ભક્તિથી પૂજે."

"દર્શન=નિઃશંકિતાદિગુણથી યુક્ત એવું સમ્યક્ત્વ, જ્ઞાન=આચારાંગાદિ સૂત્રનું જ્ઞાન, ચારિત્ર=મૂલ-ઉત્તર ગુણના અનુપાલનાત્મક, દર્શન, જ્ઞાન, ચારિત્ર એ દ્વંદ્વસમાસ હોવાથી એક વચન છે. એ રીતે=દર્શન, જ્ઞાન, ચારિત્રમાં દ્વંદ્વ સમાસને કારણે એક વચનનો ભાવ છે એ રીતે, તપ=અનશનાદિ, વિનય=અભ્યુત્થાનાદિ તે રૂપ તપ, વિનય, આ દર્શનાદિ જેમાં=જે પાર્શ્વસ્થાદિ પુરુષમાં, જેટલા પરિમાણવાળા સ્વલ્પ કે બહુ દેખાય, તેમાં=તે પુરુષમાં, જિનપ્રજ્ઞપ્ત તે જ ભાવને સ્વચિત્તમાં સ્થાપન કરીને તેટલી જ કૃતિકર્માદિરૂપ ભક્તિથી પૂજા કરવી જોઈએ." **તેથી=જિનવચનાનુસાર થોડો પણ ગુણ અનુમોદનીય છે તેથી, માર્ગાનુસારી કૃત્ય સર્વ પણ=સ્વરૂપશુદ્ધ અને અપવાદિક આચરણારૂપ સર્વ પણ, ભાવોના યોગથી=મોક્ષને અનુકૂળ ભાવોના યોગથી, અનુમોદનીય અને પ્રશંસનીય છે એ પ્રમાણે સિદ્ધ છે. ॥૩૫॥**

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે ભગવાનના શાસનમાં વ્યુત્પન્નમતિવાળા પુરુષો અન્ય શાસ્ત્રમાં કોઈ પણ રીતે ઉપનિબદ્ધ પણ માર્ગાનુસારી ગુણોને ભગવત્પ્રણીતપણારૂપે જ જાણે છે. તેમાં સાક્ષીરૂપે સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાનું વચન આપ્યું. ત્યાં કોઈ શંકા કરે છે કે પરમતમાં રહેલાં દયાદિ વચનો પરમાર્થથી જિનવચનમૂલક હોય તોપણ પરદર્શનવાળા પોતપોતાને અભિમત દેવતાનાં આ વચન છે એ રૂપે જ ગ્રહણ કરે છે, માટે અનુમોદનીય નથી. જેમ મિથ્યાદૃષ્ટિ જીવો ભગવાનના બિંબને ગ્રહણ કરીને પોતાના દેવ તરીકે પૂજતા હોય તે પ્રતિમાને અવંદ્યરૂપે શાસ્ત્રમાં કહેલ છે. આ પ્રકારની શંકામાં સંપ્રદાયને જાણનારા શું કહે છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે – મિથ્યાદૃષ્ટિથી ગ્રહણ કરાયેલી તીર્થંકરની પ્રતિમા અન્યદર્શનના જીવો પોતાના

દેવરૂપે પૂજતા હોય ત્યારે તે પ્રતિમાને પૂજવાથી તે દર્શનની માન્યતાને પ્રોત્સાહન મળે છે, માટે તેઓના મિથ્યાદર્શનની વૃદ્ધિ થાય છે. તેથી સાક્ષાત્ તે પ્રતિમાને વિવેકી શ્રાવક નમસ્કાર કરતા નથી, તોપણ 'જં કિંચિ નામ તિત્થં' સૂત્રથી કે 'જાવંતિ' સૂત્રથી તે પ્રતિમાને વંદન કરે જ છે; કેમ કે તે પ્રતિમા તીર્થંકરની હોવાથી તરવાનું કારણ છે, માટે જિનબિંબરૂપે સર્વ જિનપ્રતિમાઓને નમસ્કાર કરવામાં દોષ નથી.

આ રીતે પરમતનાં વચનોમાં પણ સર્વ જીવોના દયા-શીલાદિ શોભન છે, એ પ્રકારે સામાન્યથી અન્યદર્શનના ગુણોની અનુમોદના કરવામાં કોઈ દોષ નથી. આથી જ ધર્મબિંદુમાં ધર્મદેશનાના અધિકારમાં લોક-લોકોત્તર સાધારણગુણની પ્રશંસા કરવાનું કહેલ છે. તેથી પરદર્શનનાં પણ સુંદર વચનોને 'આ વચનો મોક્ષનાં કારણ છે' તે પ્રકારે પ્રતિસંધાન કરીને અનુમોદના કરવાથી દોષની પ્રાપ્તિ નથી. આ અનુમોદના કોઈ મિથ્યાદૃષ્ટિ પુરુષને ગ્રહણ કરીને કરાયેલી નથી, પરંતુ આ દયાદિ ગુણો મોક્ષનાં કારણ છે એ રીતે સામાન્યથી પ્રશંસા કરાયેલી છે. જોકે તે વચનો પરદર્શનનાં હોવાથી વિશેષમાં જ પર્યવસાન પામે છે. અર્થાત્ પરદર્શનનાં આ વચનો મોક્ષનાં કારણ છે એ પ્રકારે જ અભિવ્યક્ત થાય છે, તોપણ તે પ્રશંસામાં સાધારણ ગુણોનો અનુરાગ જ અભિવ્યક્ત થાય છે. માટે તે પ્રશંસાથી મિથ્યાત્વની વૃદ્ધિ થતી નથી આ પ્રકારે ગ્રંથકારશ્રીએ સ્પષ્ટતા કરી.

તેથી કોઈકને શંકા થાય કે જેમ અન્યતીર્થિક વડે ગ્રહણ કરાયેલી જિનપ્રતિમા સામાન્યથી વંદ્ય હોવા છતાં વિશેષથી અવંદ્ય છે તેમ અન્યદર્શનમાં રહેલા પુરુષમાં જે દયાદિ ગુણો છે, તેની સામાન્યથી પ્રશંસા થઈ શકે તોપણ અન્યદર્શનમાં રહેલા તે પુરુષને આશ્રયીને તે ગુણોની પ્રશંસા થઈ શકે નહિ; કેમ કે અન્યદર્શનવાળા જીવો મિથ્યાદૃષ્ટિ છે તેવું પ્રતિસંધાન થવા છતાં તેના ગુણોની પ્રશંસા કરવામાં આવે તો તેના દોષોની અનુમતિની પ્રાપ્તિ થાય. તેને ગ્રંથકારશ્રી કહે છે – જો આ રીતે કોઈના પણ ગુણોની પ્રશંસા કરવાથી તેના દોષની અનુમતિની પ્રાપ્તિ થતી હોય તો અવિરતસમ્યગ્દૃષ્ટિના સમ્યક્ત્વગુણની પ્રશંસા કરવાથી તેમાં રહેલા અવિરતિદોષની અનુમતિની પણ પ્રાપ્તિ થાય. તેથી એ ફલિત થાય કે સમ્યગ્દૃષ્ટિમાં રહેલા સમ્યક્ત્વની અનુમોદના કરવાથી તેની અવિરતિની અનુમોદના થતી નથી, પરંતુ તેના સમ્યક્ત્વ પ્રત્યેનો જ રાગભાવ વૃદ્ધિ પામે છે. તે જ રીતે અન્યદર્શનમાં રહેલા મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ સમ્યક્ત્વને અભિમુખ એવા માર્ગાનુસારીભાવને કારણે જે દયા-શીલાદિ ગુણો છે તેની અનુમોદના કરવાથી તેના મિથ્યાત્વની અનુમોદના થતી નથી પરંતુ તેઓમાં રહેલા સમ્યક્ત્વના અભિમુખ ભાવની જ અનુમોદના થાય છે.

જેમ કોઈ સાધુ સુખશીલભાવમાં વર્તતા હોય ત્યારે તેના સુખશીલભાવને જોઈને પણ તેને વંદના કરવામાં તેના પ્રમાદસ્થાનની અનુમોદનાની પ્રાપ્તિ છે; કેમ કે સંયમીને સંયમી તરીકે વંદન કરવાથી સંયમની અનુમોદના થાય, પરંતુ જે સંયમી, વેશથી સંયમી હોવા છતાં સંયમની આચરણામાં યત્ન કરતા નથી તેઓને સંયમી માનીને વંદન કરવાથી તેના અસંયમની અનુમોદના થાય છે. તેમ અન્યદર્શનના મિથ્યાદૃષ્ટિ જીવોને મિથ્યાદૃષ્ટિ તરીકે અનુમોદના કરાતી નથી પરંતુ સમ્યક્ત્વના સન્મુખ ભાવને આશ્રયીને અનુમોદના કરાય છે. માટે ત્યાં મિથ્યાત્વની અનુમોદના નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે સ્પષ્ટ દોષોનું પ્રતિસંધાન હોવા છતાં તેની પ્રશંસામાં દોષની અનુમતિની પ્રાપ્તિ છે. આથી જ શૈલકસૂરિ વગરે સ્પષ્ટ દોષવાળા હોવાને કારણે તેઓનું હીલનીયપણું કહેવાયું છે; કેમ કે પાર્શ્વસ્થાદિના સેવનકાળમાં જો તેમના ગુણની પ્રશંસા કરવામાં આવે તો તેમના પાર્શ્વસ્થાદિ દોષની અનુમતિની પ્રાપ્તિ થાય. જ્યારે અવિરતસમ્યગ્દૃષ્ટિમાં તો અવિરતિ અંશ સ્પષ્ટ દોષરૂપ નથી. માટે સમ્યક્ત્વની અનુમોદનામાં તેની અનુમોદનાની પ્રાપ્તિ નથી. આ પ્રકારે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે – માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિનું મિથ્યાત્વ પણ સ્પષ્ટ દોષ નથી; કેમ કે સમ્યક્ત્વના સન્મુખ ભાવવાળા છે. પરંતુ જેઓ તત્ત્વની નિંદા અને અતત્ત્વની અનુમોદના કરે છે તેવા પ્રબલ મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વમાં સ્પષ્ટ દોષ છે. તેથી તેવા મિથ્યાદૃષ્ટિના દયા-દાનાદિ ગુણની અનુમોદના થઈ શકે નહિ, પરંતુ સમ્યક્ત્વને સન્મુખ મિથ્યાદૃષ્ટિના દયા-દાનાદિ ગુણ સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ હોવાથી તેની પ્રશંસામાં મિથ્યાત્વની પ્રશંસા નથી.

વળી, ગ્રંથકારશ્રી પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે કહે છે – માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિના દયા-દાનાદિ ગુણોની અનુમોદનામાં દોષ નથી તેવું ન માનો તો મેઘકુમારના જીવ હાથીના દયા ગુણની પ્રશંસા પણ થઈ શકે નહિ. શાસ્ત્રકારોએ મેઘકુમારના જીવના દયાગુણની પ્રશંસા કરતાં કહ્યું છે કે મેઘકુમારના જીવે હાથીના ભવમાં પુણ્યાનુબંધીપુણ્ય અને સકામનિર્જરા પ્રાપ્ત કરી હતી.

વળી, અન્યતીર્થિકથી પરિગૃહીત અરિહંતની પ્રતિમાને વંદનમાં મિથ્યાત્વની પુષ્ટિ થવાથી જેવો સ્પષ્ટ દોષ થાય છે તેવો સ્પષ્ટ દોષ માર્ગાનુસારીના દયાદિ ગુણોની અનુમોદનામાં નથી; કેમ કે અભિનિવિષ્ટ અન્યતીર્થિકના દયાદિ ગુણોની અનુમોદનામાં મિથ્યાત્વની વૃદ્ધિ છે પરંતુ જેઓ અભિનિવેશ વગરના છે તેઓમાં વર્તતા દયાદિ ગુણોમાં સમ્યક્ત્વને સન્મુખ ભાવ હોવાથી મિથ્યાત્વનો અભાવ છે. એટલું જ નહિ પણ તેઓના દયાદિ પ્રશંસા કાળમાં જિનપ્રવચનથી અભિહિત 'આ દયાદિ ગુણો છે,' એ પ્રકારનું પ્રતિસંધાન હોવાને કારણે તેઓમાં રહેલ મિથ્યાત્વ દોષ અસ્પષ્ટ જ છે. માટે અનભિનિવિષ્ટ જીવોના દયાદિ ગુણોની પ્રશંસામાં સમ્યક્ત્વના અભિમુખ ભાવની પ્રશંસાની પ્રાપ્તિ છે. આથી જ થોડા પણ ભગવાનને અભિમત ગુણની ઉપેક્ષા શ્રેયકારી નથી. એવા અધ્યવસાયવાળા જીવોને મિથ્યાદૃષ્ટિના સમ્યક્ત્વને અભિમુખ એવા ગુણોની પ્રશંસામાં ગુણરાગ જ અતિશય થાય છે જે સર્વ કલ્યાણનું કારણ છે. આથી જ ગુણાનુરાગનો સંકોચ ન થાય માટે થોડા પણ ગુણના અવલંબનથી પ્રમાદી સાધુઓમાં પણ ભક્તિનું ઉદ્ભાવન કરવું જોઈએ, એ પ્રમાણે બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે. તેથી ફલિત થાય કે જે સાધુમાં દર્શન-જ્ઞાનાદિ જેટલા અંશમાં જિનવચનાનુસાર હોય તેનો લિંગ દ્વારા નિર્ણય કરીને તેના ગુણોને અનુરૂપ ભક્તિપૂર્વક તેઓને વંદન કરવું જોઈએ.

આ ગાથાથી શું ફલિત થાય છે ? તે બતાવતાં કહે છે – મોક્ષમાર્ગને અનુકૂળ સર્વ પણ કૃત્યો મોક્ષને અનુકૂળ એવા ભાવના યોગથી અનુમોદનીય અને પ્રશંસનીય છે, એ પ્રમાણે સિદ્ધ થાય છે. **॥૩૫॥**

ધર્મપરીક્ષા ભાગ-૧ સમાપ્ત

मग्गाणुसारिभावो आणाए लक्खणं मुणेयव्वं ।
किरिया तस्स ण णियया पडिबंधे वा वि उवगारे ॥

આજ્ઞાનું લક્ષણ માર્ગાનુસારી ભાવ જાણવો.
તેના=માર્ગાનુસારીભાવના, પ્રતિબંધમાં
અથવા ઉપકારમાં પણ ક્રિયા નિયત નથી.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680
9428500401